



ભાષાંતર કર્તા : પૂ. આ. શ્રી નરેન્દ્રસાગરસૂરિજી મ.
સંપાદક : પ્ર. પૂ. મુનિવર્ય મુનીન્દ્રસાગરજી મ.
ભાષાંતર લેખન : પૂ. મુનિ શ્રી મહાભદ્રસાગરજી મ.

卐 શ્રી જીનશાસનનભોમણી–મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજીગણિવરેભ્યો નમઃ 卐

શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી ગ્રંથમાલા ગ્રંથાંક–૯૩

—શ્રી—

તપાગચ્છીય અવિચ્છિન્ન સામાચારી સંરક્ષક–શ્રી તત્ત્વતરંગિણી આદિ અનેક પ્રૌઢ ગ્રંથોના રચયિતા–પરમગીતાર્થ–પૂ. મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર રચિત–

દ....શ....મ....તો....નું – ખં..ડ....ન....ક..ર....વા....રૂ....પ

—શ્રી—

# પ્રવચન પરીક્ષા ગ્રંથનો અનુવાદ ભાગ-૧લો

: અનુવાદકર્તા :

શ્રી વિજયદેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક–વાદિમદ ભંજક–શાસન પ્રભાવક–સમર્થ વિદ્વાન્–શાસનકંટકોદ્ધારક–પૂ. આચાર્યદેવશ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર–જ્યોતિર્વિદ્–અનેક ગ્રંથોના પ્રણેતા–શાસન રક્ષક–

**પૂ. આચાર્યશ્રી નરેન્દ્રસાગરસૂરિજી મહારાજ**

: પ્રકાશક :

**શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિજી જૈન જ્ઞાનમંદિર**

વ્ય. શા. જીતેન્દ્રકુમાર લહેરચંદ

જી. ભાવનગર = વાયા તલાજા = મુ. ઠળીયા = ૩૬૪૧૪૫

—શ્રી—

# પ્રવચન પરીક્ષા—ગ્રંથરત્નનો—અનુવાદ

## ભાગ ૧ લો

*


વીર સં. ૨૫૨૮ * વિક્રમ સં. ૨૦૫૮ * સને ૨૦૦૨

*



સર્વ હક્ક સ્વાધીન



પ્રથમાવૃત્તિ * કિં રૂા. ૨૫૦=૦૦ * નકલ ૫૦૦

પ્રાપ્તિસ્થાન

શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનશાળા

ઠે. ગિરિરાજ સોસાયટી—મુ. પાલીતાણા ૩૬૪૨૭૦

: મુદ્રક :

કહાન મુદ્રણાલય

સોનગઢ-૩૬૪૨૫૦

## સહાયકોની–શુભનામાવલી

| | | |
|---|---|---|
| રૂા. ૫૦૦૦=૦૦ | પૂ.આ.શ્રી નરદેવસાગરસૂરિજી મ.ના ઉપદેશથી<br>શ્રી શ્વેતામ્બર મૂર્તિ પૂજક જૈન સંઘ | શીરપુર |
| રૂા. ૨૫૦૦=૦૦ | પૂ.આ.શ્રી મહાયશસાગરસૂરિજી મ.ના ઉપદેશથી–<br>શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ | મુંબઇ |
| રૂા. ૧૦૦૦૦=૦૦ | પૂ.આ.શ્રી જિનચંદ્રસાગરસૂરિજી મ.ના ઉપદેશથી–<br>શ્રી શ્વેતામ્બર મૂર્તિ પૂજક જૈન સંઘ–માટુંગા | મુંબઇ |
| રૂા. ૧૦૦૦૦=૦૦ | પૂ. આ. શ્રી હેમચંદ્રસાગરસૂરિજી મ.ના ઉપદેશથી–<br>શ્રી પન્નારૂપા ધર્મશાળા ચાતુર્માસિક આરાધક સમિતિ | પાલીતાણા |
| રૂા. ૫૫૦૦=૦૦ | પૂ. મુનિશ્રી અમરેન્દ્રસાગરજી મ.ના ઉપદેશથી<br>શ્રી શ્રમણસ્થવિરાલય (ગિરિરાજ સોસાયટી) | પાલીતાણા |
| રૂા. ૫૫૦૦=૦૦ | પૂ. મુનિશ્રી મહાભદ્રસાગરજી મ.ના ઉપદેશથી<br>ઝવેરી પ્રવીણચંદ રતનચંદ હ. હિમાંશુભાઈ | મુંબઈ |
| રૂા. ૫૫૦૦=૦૦ | પૂ. પં. શ્રી નરચંદ્રસાગરજી મ.ના ઉપદેશથી–<br>તેઓશ્રીના ભક્તગણ તરફથી | મુંબઈ |
| રૂા. ૧૦૦૦૦=૦૦ | પૂ. મુનિશ્રી નયચંદ્રસાગરજી મ.ના ઉપદેશથી–<br>શ્રી ચોપાટી શ્વેતામ્બર મૂર્તિ પૂજક જૈન સંઘ | મુંબઇ |
| રૂા. ૨૫૦૦=૦૦ | પૂ. મુનિ શ્રી પૂર્ણચંદ્રસાગરજી મ.ના ઉપદેશથી–<br>તેઓશ્રીના ભક્તગણ તરફથી | પાલીતાણા |
| રૂા. ૨૫૦૦=૦૦ | પૂ. મુનિ શ્રી અક્ષયચંદ્રસાગરજી મ.ના ઉપદેશથી–<br>શ્રી મહાવીરનગર–શંકરગલ્લી જૈન સંઘ | કાંદીવલી |
| રૂા. ૧૫૦૦=૦૦ | પૂ. મુનિ શ્રી અક્ષયચંદ્રસાગરજી મ.ના ઉપદેશથી–<br>શ્રી ઝવેરચંદ પ્રતાપચંદ જૈન ઉપાશ્રય વાલકેશ્વર | મુંબઈ |

પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સાધ્વીજી
શ્રી વિદ્યાશ્રીજી મહારાજના ઉપદેશથી–

| | | |
|---|---|---|
| રૂા. ૫૫૦૦=૦૦ | શ્રી અંજનાશ્રીજી આરાધના ભુવનની આરાધક બહેનો | પાલીતાણા |
| રૂા. ૫૫૦૦=૦૦ | શા. વિનયચંદ કુંવરજી પરિવાર– | ભાવનગર |
| રૂા. ૫૫૦૦=૦૦ | શ્રી વિમળાબહેન નાનાલાલ લીંબડીવાળા | કોઈમતુર |
| રૂા. ૫૫૦૦=૦૦ | શ્રી ઘાટકોપર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ | મુંબઈ |
| રૂા. ૨૫૦૦=૦૦ | શ્રી પુષ્પાબહેન હરિષભાઈ (સુદામડાવાળા) | ચેન્નઈ |

| | | |
|---|---|---|
| રૂા. ૨૫૦૦=૦૦ | શ્રી મફતલાલ ચંદુલાલ જોગાણી (ખીમતવાળા) | નવસારી |
| રૂા. ૨૫૦૦=૦૦ | શ્રી રંભાબહેન જયંતિલાલ ગાંધી (ભદ્રાવળવાળા)<br>હ. તેમના પુત્રવધુઓ શ્રીમતી જ્યોતિબહેન તથા શ્રીમતી અરૂણાબેન | મુંબઈ |
| રૂા. ૧૦૦૮=૦૦ | શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ | વલ્લભીપુર |
| રૂા. ૧૦૦૮=૦૦ | શ્રી શ્રાવિકા ઉપાશ્રયની બહેનો | વલ્લભીપુર |
| રૂા. ૧૦૦૮=૦૦ | શેઠ શ્રી વેલચંદ ધારશીભાઈ | વલ્લભીપુર |
| રૂા. ૧૦૦૮=૦૦ | વોરા ધનજીભાઈ છગનલાલ | વલ્લભીપુર |
| રૂા. ૧૦૦૮=૦૦ | શેઠ શ્રી તલકચંદ ધારશીભાઈ | વલ્લભીપુર |
| રૂા. ૫૫૦૦=૦૦ | પૂ. સાધ્વીજી શ્રી નિરંજનાશ્રીજી મ.ના ઉપદેશથી–<br>શ્રી પ્રતાપ નિવાસની આરાધક બહેનો | પાલીતાણા |
| રૂા. ૫૫૦૦=૦૦ | પૂ. સાધ્વીજી શ્રી ગુણોદય શ્રીજી મ.ના ઉપદેશથી–<br>શ્રી રત્નત્રયી આરાધના ભવનની આરાધક બહેનો | પાલીતાણા |
| રૂા. ૫૫૦=૦૦ | પૂ. સાધ્વીજી શ્રી જિતેન્દ્રશ્રીજી મ.ના ઉપદેશથી–<br>શ્રી નિવૃત્ત નિવાસની આરાધક બહેનો | પાલીતાણા |
| રૂા. ૫૫૦૦=૦૦ | પૂ. સાધ્વીજી શ્રી હિતજ્ઞાશ્રીજી મ.ના ઉપદેશથી–<br>શ્રી ખાનપુર બહાઈ સેન્ટરની આરાધક બહેનો | અમદાવાદ |
| રૂા. ૨૫૦૦=૦૦ | પૂ. સાધ્વીજી શ્રી હિતજ્ઞાશ્રીજી મ.ના ઉપદેશથી–<br>શ્રી રેવાદાસની પોળના બહેનોના ઉપાશ્રય તરફથી | અમદાવાદ |
| રૂા. ૧૦૦૦=૦૦ | પૂ. સાધ્વીજી શ્રી પ્રશમરસાશ્રીજી મ.ના ઉપદેશથી–<br>શ્રી કેસરીયાનગરની આરાધક બહેનો | પાલીતાણા |
| રૂા. ૧૦૦૦=૦૦ | પૂ. સાધ્વીજી શ્રી અમિતાશ્રીજી મ.ના ઉપદેશથી–<br>શ્રી સર્વમંગલ એપાર્ટમેન્ટની આરાધક બહેનો | સુરત |
| રૂા. ૧૦૦૦=૦૦ | પૂ. સાધ્વીજી શ્રી નયપૂર્ણાશ્રીજી મ.ના ઉપદેશથી–<br>શ્રી નિવૃત્ત નિવાસની આરાધક બહેનો | પાલીતાણા |

શ્રી વિજયદેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક—વાદિમદ ભંજક—
ચારિત્ર ચૂડામણિ—પરમ શાસન પ્રભાવક—સમર્થ વક્તા—
શા...સ...ન...કં...ટ...કો...દ્ધા...ર...ક

# પૂ. આચાર્યદેવ શ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજા

**જન્મ :**
વિ. સં. ૧૯૫૪ના
કા. વ. ૬, ઠળિયા

**દીક્ષા :**
વિ. સં. ૧૯૮૭ના
કા. વ. ૩, મુંબઈ

**વડીદીક્ષા :**
વિ. સં. ૧૯૮૭ના
માગ. શુ. ૧, મુંબઈ

**બિરૂદાર્પણ :**
વિ. સં. ૨૦૦૭ના
મહા વદ ૫,
જૈન સંઘ પાલીતાણા



**ગણિપદ :**
વિ. સં. ૨૦૧૫ના
મહા વદિ ૧૧, ચાણસ્મા

**ઉપાધ્યાય પદ :**
વિ. સં. ૨૦૨૨ના
મહાવદ ૮, પાલીતાણા

**આચાર્યપદ :**
વિ. સં. ૨૦૨૯ના
માગ. શુદ ૨, તલાજા

**સ્વર્ગવાસ :**
વિ. સં. ૨૦૨૯ના
ચૈત્ર શુદિ ૧૩, ઠળિયા

જેઓશ્રીએ શ્રી પિંડનિર્યુક્તિ આગમગ્રંથનો અનુવાદ, શ્રી શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્રનો અનુવાદ, શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથનો અનુવાદ, શ્રી કુમતાહિવિષજાંગુલી મંત્ર તિમિર તરણીની સાનુવાદ રચના, શ્રી વિવિધ પ્રશ્નોત્તર શુદ્ધિ પ્રકાશ, શ્રી કલ્યાણ સમાધાન શુદ્ધિ પ્રકાશ આદિ અનેક ગ્રંથોની રચના કરી તેમજ વિદ્વદ્ભોગ્ય અનેક વિષયોના લેખો—પુસ્તકો દ્વારા શાસનની સેવા કરીને યાવત્ચંદ્ર દિવાકરૌ નામ અમર બનાવી ગયા છે.

# પ્રકાશકીય–નિવેદન

વિક્રમની સત્તરમી શતાબ્દિમાં તપાગચ્છને નામશેષ કરવા માટે જેમણે કમ્મર કસેલી હતી, તેવા દિગંબર-ખરતર-આંચલિક અને પૂનમીઆ આદિ દશ મતના નાયકો-સાધુઓ અને તેમના ભક્તોની સામે અડીખમ પર્વતની જેમ સ્થિર રહીને અને પોતાના જ સમુદાયના કે તપગચ્છવર્તી સાધુઓ આદિના સાથ સહકાર સિવાય એકલે હાથેજ તે તે મતવાદીઓનો આગમ, વ્યવહાર, નીતિ, યુક્તિ, પ્રયુક્તિ આદિવડે પરાભવ કરવા પૂર્વક, અરે! પંડિતોની સભામાં તથા રાજસભામાં પણ વાદ કરીને તેઓને સંપૂર્ણ ચૂપ કરી દેવાનું અદ્ભૂત સામર્થ્ય ધરાવનાર એવા **પૂજ્ય મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજે** સ્વોપજ્ઞવૃત્તિ સહિત રચેલો એવો આ **"પ્રવચન પરીક્ષા"** નામનો મહાગ્રંથ, જે સંસ્કૃત ભાષામાં છે, તેનો જો ગુજરાતી ભાષામાં ભાષાંતર કરીને પ્રગટ કરવામાં આવે તો—

જૈન શાસનના એક અપ્રતિહત યોદ્ધા એવા પૂજ્ય મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિપુંગવે શાસન-તપગચ્છ અને સ્વસમુદાય માટે આપેલા ભોગોની સામાન્યજનને પણ ખાત્રી થવા સાથે તેમની શાસન-શાસ્ત્ર અને તપગચ્છની સંરક્ષણતાની પણ પૂર્ણ ખાત્રી થાય.''

આવો સુંદર વિચાર પૂ.આ.શ્રી નરેન્દ્રસાગરસૂરિજી મહારાજની મનોભૂમિકાપર કેટલાય સમયથી અંકિત થયેલ હતો; પરંતુ ''પોતે સંસ્કૃતનું ગુજરાતી કરે અને તે પ્રમાણે જ સામે સાંભળનાર વ્યક્તિ લખવા લાગે, તો જ આ કાર્ય થાય તેમ હતું.''

તેવામાં એક પુણ્યપળે સ્વ. પૂ. ગચ્છાધિપતિ આ.મ.શ્રી હેમસાગર સૂરીશ્વરજી. મ. ના શિષ્ય **મુનિશ્રી મહાભદ્ર સાગરજી મહારાજે** પૂ.આ.મ શ્રી નરેન્દ્ર સાગરસૂરિજી. મ.ના પુણ્ય સંકલ્પને મૂર્તિમંત બનાવવા પોતાની શક્તિ કામે લગાડી, અને તેઓ દરરોજ એક દોઢ કલાકના સમયનો ભોગ આપી તેઓ જેમ ગુજરાતી અનુવાદ કરાવે તેમ ઝડપથી લખી, ફરી તેની કોપી કરી, બીજે દિવસે વાંચી સંભળાવે, અને તેમાં યોગ્ય સુધારા વધારા કરતાં ૯૦૦-પાનાની પ્રેસકોપી પણ તૈયાર કરી આપી.!!

આમ પૂ. મુનિરાજશ્રી મહાભદ્ર સાગરજી.મ. ના ભગીરથ લેખનના પ્રયત્નથી પૂજ્યશ્રીનો પુણ્ય સંકલ્પ વાસ્તવિક બન્યો. ત્યારબાદ આ પુસ્તકને ગ્રંથકારશ્રીએ આપેલા **"કુપક્ષકૌશિકસહસ્રકિરણ"** નામની સાન્વર્થકતા બતાવવા માટે, તેમ જ મોગલ બાદશાહે પોતાના પટ્ટહસ્તી પર આ ગ્રંથરત્નને પધરાવીને સંપૂર્ણ શહેરમાં શોભાયાત્રા કાઢી હતી. તેને જણાવતાં એવા ટાઈટલના બે ચિત્રો પણ બનાવી દીધા.

ત્યારપછી આ અનુવાદ ગ્રંથને સુવ્યવસ્થિત અને વધુ આકર્ષક બનાવવા માટે **ગણહિત ચિંતક પૂ. પ્રવર્તક મુનિરાજશ્રી મુનીન્દ્ર સાગરજી મહારાજે** અનેક કાર્યોની જવાબદારીમાં પણ આના માટે સમયનો સંપૂર્ણ ભોગ આપીને અને જોઈતી સામગ્રી પૂરી પાડી હતી. તેથી તેઓનો ઉપકાર જેટલો માનીયે તેટલો ઓછો છે.

પ્રાન્તે પૂ. આચાર્ય ભગવંતશ્રીને વિનંતિ કરવાની કે--પૂ. મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર્યે બનાવેલા બીજા બીજા પણ પ્રૌઢ ગ્રંથોનો અનુવાદ કરીને-કરાવીને જૈન સમાજના અભ્યાસી વર્ગને અર્પણ કરો, જે કાર્યથી કુપાક્ષિકો અને ઈતિહાસકારોએ પૂ. મહોપાધ્યાયશ્રી અંગે જૈન સમાજમાં જે ગેરસમજ ઊભી કરી છે તે દૂર થાય. અને પૂ. મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિના તેજસ્વી જાજરમાન ઓજસ્વી શાસ્ત્ર-શાસન અને તપગચ્છના સંરક્ષણ માટેના ભોગોને જાણી શકે એજ અભ્યર્થના.

❁

## प. पू. तपागणसौधस्तंभ–महोपाध्याय--श्री धर्मसागरगणिवर–स्त्युत्यष्टकम्

सिताम्बरे यो विमले तपागणे-ऽभवत् प्रभावान् नभसीव भास्करः ।
जिनाङ्गषड्दर्शनशास्त्रवेदिनं, नमामि तं वाचकधर्मसागरम् ॥१॥

आचार्यवर्यो विजयादिदानसत्-सूरीश्वरो वाचकसत्पदाङ्कितम् ।
चकार यं पीतजिनाऽऽगमाऽमृतं, नमामि तं वाचकधर्मसागरम् ॥२॥

श्रीकल्पसूत्रे किरणावली बुध-प्रिया सुवृत्ती रचिता सविस्तरा ।
तथाऽन्यशास्त्राण्यपि येन धीमता, नमामि तं वाचकधर्मसागरम् ॥३॥

जिनेन्द्रवाणीरसविद्धधातवे यस्मै नमस्यन्ति गुणानुरागिणः ।
जिनेशशास्त्रानुगवाक्यविस्तरं, नमामि तं वाचकधर्मसागरम् ॥४॥

यस्माद् भजन्ते स्म भयं कुपाक्षिकाः, चामुण्डिकाद्या हरिणा हरेरिव ।
उत्सूत्रदुःखकण्टकभेदनोद्यतं, नमामि तं वाचकधर्मसागरम् ॥५॥

यस्य प्रसिद्धो भुवने क्षमावतो, यशश्चयः शङ्खशशाङ्कनिर्मलः ।
षड्जीवकायाऽवनतत्परं सदा, नमामि तं वाचकधर्मसागरम् ॥६॥

शान्तत्वदान्तत्वमुमुक्षुतादयो, यस्मिन् गुणा रत्नवदर्णवे वराः ।
भावानुकम्पाञ्चितचारुचेतसं, नमामि तं वाचकधर्मसागरम् ॥७॥

इत्थं स्तुतो हर्षभराद् गणीश्वरः, स्तम्भायमानः तपगच्छमन्दिरे ।
श्रीमानुपाध्यायपदाङ्कितः सुधी--र्जयत्यजस्रं गणिधर्मसागरः ॥८॥

# 'पू महामहोपाध्याय श्री धर्मसागरगणि जीवन झरमर अने ते समयनी तपगच्छनी परिस्थिति

लेखक : 'शासनकंटकोद्धारक' सूरिशिशु नरेन्द्रसागरसूरि पालीताणा
२०५१ श्रावण वदी ६ बुधवार

शासननायक प्रभु श्री महावीर परमात्माना पांचमां गणधर श्री सुधर्मास्वामीजीनी अविच्छिन्न पट्टपरंपरागत तपागच्छमां आजथी साडा चारसो वर्ष पूर्वेना विद्वान महर्षीओमां प्रवर्त्तता अनेक महत्त्वना मतभेदोना आगमनीति अने आगमग्रन्थोनी साक्षी आपवा पूर्वकना टंकशाळी समाधानो आपनार अने ते ते मत–मतांतरोनी पराजय गाथाओ जेमां टंकारवामां आवे छे तेवा–'प्रवचनपरीक्षा, सर्वज्ञशतक, पर्युषणादशशतक, औष्टिकमतोत्सूत्र-प्रदीपिका–इर्यापथिकीषट्त्रिंशिका' आदि विद्वद् भोग्य ग्रन्थोनी रचयिता, शासनस्तंभ, विद्वद्शिरोमणिरत्न पूज्य महामहोपाध्यायश्री धर्मसागरजी महाराज विक्रमनी १७मी शताब्दीमां थया हता. के जे महापुरुष। तत्कालवर्ती समग्र पंडितो अने तार्किकोने विषे शिरोमणि हता.

जे महोपाध्यायश्री धर्मसागरजी महाराजे, 'ते काळे स्वसमुदायमांना पण अनेक तेजोद्वेषी तथा प्रतिस्पर्धीमुनिओ होवा छतां पण प्रभु महावीरदेवना सिद्धांतोनुं प्राणसटोसटपणे नीडरताथी संरक्षण कर्युं हतुं।' एम 'श्री हीरसौभाग्य महाकाव्य' तथा 'विजयप्रशस्ति' महाकाव्यमां पण तेमनी यशोगाथा गवायेल छे। तेओश्रीनी आ उज्वल यशोगाथाओथी तेमज तत्कालीन प्राप्त इतिहासना आधारे तेओश्रीना सत्तासमयना विद्वानोने अने त्यार पछीना आज सुधीना स्व-परपक्षीय एवा मध्यस्थविद्वानोने ते सत्य कबूल करवुं पडे तेम छे।

आवा शासनप्राण, शासनस्तंभ महापुरुषनो संपूर्ण इतिहास मळतो नथी ते कमनसीबी छे अने तेथी प्राप्त इतिहास आधारे जणाय छे के–तेओश्रीनो जन्म विक्रम संवत् १५७६मां प्रायः छे, तेओ वीशा ओशवाल हता। आजीवन विकृतिना त्यागी अने महासंवेगी एवा श्री जीवर्षिगणी, तेमना प्रतिबोधक हता अने तेओश्रीनी दीक्षा–वडीदीक्षा, वि सं १५९५ पहेलां तपागच्छाधिपति क्रियोद्धारक पू.आ.श्री आनंदविमलसूरि महाराजश्रीए आपेल, अने तेमना शिष्य आ. श्री वृद्धिसागरसूरीश्वरजी महाराज तेओश्रीना गुरु हता।

पू. महो० श्रीना गणिपद संबंधी कोइ स्पष्ट माहिती मळती नथी; परंतु वि. सं. १६०६ पहेलां तो अवश्य थइ छे। कारण के तेओश्री, हीरहर्ष (जगद्गुरु हीरसूरिजी) नी साथे देवगिरि न्यायशास्त्रनो अभ्यास करवा गया त्यारे गणिपदथी अलंकृत हता। त्यारबाद नाडलाइमां पू. गच्छाधिपति आ.श्री विजयदानसूरिजी महाराजे वि. सं. १६०८ना महा सुदि ५ गुरु–पुष्ययोगे तेओश्रीने उपाध्याय पदवी आपी हती। पू. महो० श्री धर्मसागरजी महाराजना हाडोहाडमां जिनबिंब-जिनागम-जिनशासन अने तदनुसारी तपोगच्छीया सामाचारी व्यापेली हती। वळी पोताना वडीलो प्रति पण उत्कटकोटीनो नैसर्गिक भक्तिभाव तथा पूज्यभाव हतो। आना कारणे ते ते वडीलोनां हृदयो तेओ प्रति एवा आकर्षित बनेल हतां के पू. आ श्री विजयदानसूरिजी म., पू. आ. श्री विजयहीरसूरिजी महाराज आदि पूज्यो क्रमे गच्छनायको थवा छतां पण पू. महो० श्री धर्मसागरजीगणिनी सलाह अने सूचनानो स्वीकार करवामां पोतानुं गौरव मानता अने तेमां ज गच्छनुं कल्याण, उन्नति तथा महत्ता देखता हता!!

आ स्थळे दृष्टांतरूपे जणाववुं उचित समजु छुं के–पू. गच्छनायक आ.श्री विजयदानसूरिजी महाराज पोताना परमप्रीतिपात्र एवा पं.राजविमलगणिने पोतानी पाटे स्थापवानी भावनावाळा हता अने समग्र समुदाय पण तेवी ज मान्यतावाळो हतो. ते समये पू. गच्छनायके पोताना हृदयनी भावना, महोपाध्यायश्रीने जणावतां समुदाय हितवत्सल एवा महोपाध्यायश्रीए पोतानी नापसंदगी व्यक्त करवा पूर्वक स्पष्ट जणावेल के–'हीरहर्षगणिने आचार्यपद आपी पाटे स्थापवाथी शासन अने समुदायनो उत्कर्ष थशे.' पू. महोपाध्यायश्री धर्मसागरजी गणिनी आ आप्तसलाहने ज मान्य राखीने पू. गच्छनायके पं. राजविमलने पदवी न आपता हीरहर्षगणिने आचार्यपदवी आपीने तेमज 'विजयहीरसूरि' नामस्थापना करीने पोतानी पाटे स्थापेल!

तेवी ज रीते गच्छनायक बनवा पामेला पू.आ. श्री विजयहीरसूरिजी महाराजे पण पोताना समुदायमांना समर्थ विद्वान अने दीर्घचारित्री एवा महोपाध्यायोने छोडी दइने पू. महोपाध्यायश्रीनी ज सलाह अने सूचनाने मान्य राखी बालमुनि 'जयविमल' ने आचार्य बनाव्या अने 'विजयसेनसूरिजी' एवुं नाम स्थापन करीने पोतानी पाटे स्थाप्या हता. आवुं गौरववंतु स्थान वडीलोना हृदयोमां फक्त पू. महोपाध्यायश्रीनुं ज हतुं।

आवुं पू. महोपाध्यायश्री धर्मसागरजी गणिनुं अलौकिक व्यक्तित्व, प्रभुत्व, वर्चस्व अने विस्तृत प्रतिभाबळ पांगरतुं जोइने प्रमुदित थवाने बदले समुदायमां अग्रेसर गणाता एवा पू. महोपाध्यायश्री सोमविजयजी महाराज तथा बीजा पू. महोपाध्यायोमां पू. महो० श्री धर्मसागजी म. प्रति असूयाभाव प्रकट्यो!जेना परिणामे पू. उ सकलचंद्र गणि, पू.उ.श्री कीर्त्तिविजयजीगणि, पू.उ.श्री धर्मविजयजी-गणि, पू.उ श्री रत्नचंद्रगणि, पं.श्री सिंहविमलगणि, कविश्री दर्शनविजयजी, उ.श्री विनयवि. आदि प्रतिस्पर्धी बनेला मुनिजूथनी आगेवानी पू. महो० श्री सोमविजयजीगणिए लीधी! अने शासन तथा समुदायना हितने लक्ष्यमां राखवाने बदले पोतानी मानेली मानहानिने आगळ करीने चालवा टेवायेला प्रतिस्पर्धी जूथना मोवडी एवा पू. महो० श्री सोमविजयजी महाराजे पू.महो० श्री धर्मसागरजी म.नी सामे विरोधी वातावरण वधु ने वधु केळववामां पोताना ज्ञानने अने व्यवहारनिपुणताने कामे लगाडी दीधी! जेना परिणामे तपागच्छना प्रतिस्पर्धी एवा खरतर--आंचलिक--पार्श्वचंद्र--पूनमीआ आदिनो पण ते प्रतिस्पर्धीजूथने साथ मळवा लाग्यो अने तेथी ते प्रतिस्पर्धीवर्गे 'पू. उपा.श्री धर्मसागजीने समुदाय बहार करी दीधा छे, तेमने माफीपत्रो लखी आपवा पड्या छे, पू. गच्छाधिपतिश्रीए तेमना बनावेला ग्रंथोने जलशरण कर्या छे' इत्यादि प्रकारनी जूठी वातो प्रचारवा मांडी अने जूथबळे पू. गच्छाधिपति पासे पट्टको फरजियात करावी छूटे हाथे प्रचारवा पण माड्या!

आम छतां सागरना जेवा दरियावदिलवाळा पू. महो० श्री धर्मसागरजी महाराजे पोताने बदनाम अने बेइज्जत करवावाळा ते प्रचारने लक्ष्यमां लीधा सिवाय शासनरक्षानां ज कामो चालु राख्यां! जेवां के--(१) राधनपुरमां कडुआमती श्रावकोनां कुंटुबोने प्रतिबोधीने तपगच्छनी शुद्धसामाचारी स्वीकारावी, (२) खरतरगच्छनो श्रावक अने नागोरी लोकामतनो प्रचारक एवा बीकानेरना देवा कोचरने (कोइपण जीती शकेल नहि, छतांय) तेनी साथे नित्यानित्यनी चर्चामां पराभवित करी चूप करेल! एटलुं ज नहि परंतु तेना आखा कुंटुंबने तपगच्छना श्रावक बनाव्या, (३) खरतर अने तपगच्छनी सामाचारीमां २६० बोलोनी तारवणी करीने खुद पू. गच्छनायकने खरतरनी तरफेणमां जता अटकावेल, (४) जेसलमेरथी चर्चा करवाने बदले पाटण तरफ नासी छूटेला खरतरना उपाध्याय धनराजनी पाछळोपाछळ पं. पद्मसागर गणि तथा जीतसागर गणिने विहार करावी फरजियात पाटण

रोकाव्या, (५) पाटण रोकायेला ते माथाभारी उपाध्याय धनराजे 'जेसलमेरी कामळीओ' आपीने ८४ गच्छना यतिओने पोताना पक्षपाती बनावी दीधा होवा छतां पण पू. महो० श्री धर्मसागरजी महाराजे जेसलमेरथी पाटण आवी जाहेरसभामां खरतरना आ.श्री जिनचंद्रसूरि तथा उ.श्री धनराजनी साथे वि. सं. १६१७मां जाहेर वाद करीने तेओने पराभवित कर्या अने 'पू. अभयदेवसूरिजी म., खरतरना नथी ज' ते साबित करवा पूर्वक तपगच्छनो विजयध्वज फरकावेल, (६) सं. १६१८मां पू. लब्धिसागर गणि आदि १५ने प्रतिबोधी दीक्षा आपी, (७) प्रतिस्पर्धी जूथनो जोरशोरथी विरोधी प्रचार होवा छतां पू. महो० श्री धर्मसागरजीगणिनां शासनप्रभावक कार्योथी रंजित बनेला मेडताना जैनसंघे पूज्यश्रीना सामैयामां ३००नेजा, ५०० बळदगाडा, १०८ बेडावाळीओ, पंचजन्य वाजिंत्रनाद पूर्वक भव्यातिभव्य नगरप्रवेश करावेल, (८) अमदावादमां गलाशेठ ५०० शेठीआओनी साथे दररोज व्याख्यान सांभळवा आवता अने पीरोजीनी प्रभावना थती हती!!

आम पू. महोपाध्यायश्रीनी अने तेमना परिवारनी अर्थात् सागरसमुदायनी दिन प्रतिदिन वृद्धि पामती एवी दिगन्तव्यापिनी कीर्त्तिने जोइने ते प्रतिस्पर्धीवर्गे पोतानी प्रवृत्ति आटोपी लेवाने बदले पू. गच्छाधिपतिश्री विजयहीरसूरिजी म. ना, पू.आ.श्री विजयसेनसूरिजी म.ना तेमज पू.आ.श्री विजयदेवसूरिजीम. ना सत्तासमय सुधी पू. महोपाध्यायश्रीने तेमज पू. सागरगीतार्थोने वगोववा अने पू. गच्छनायकोनी पण 'प्रमाणिक ग्रंथो' तरीकेनी महोरछाप लागेला ग्रंथोने अप्रमाणिक गणाववा माटेनी जोरदार झुंबेश चालु राखी होवानुं तत्कालीन इतिहास पण साक्षी पूरी रहेल छे ज।

प्रतिस्पर्धी उपाध्यायवर्गना जामेला आवा प्रचंड परिबळमां पण पू.आ.श्री विजयहीरसूरिजीम.नी पाटे आवेला पू. गच्छाधिपति आ.श्री विजयसेनसूरिजी महाराजे पण पू. महो० श्री धर्मसागरजीम.श्रीनी विद्यमानतामांज तेओश्रीना रचेला आ 'प्रवचनपरीक्षा' ग्रंथनुं ज आलंबन लइने विक्रमसंवत् १६४२ तथा १६४३मां खरतरोनी साथे महाराज हरराजनी सभामां तेमज अमदावादना मोगलसुबा-खानखानानी सभामां वाद करीने तपागच्छनो विजयध्वज फरकावेल अने जेना परिणामे खानखानाना शाहीवाजिंत्रोना नाद साथे हाथीनी अंबाडीमां 'प्रवचन परीक्षा' ग्रंथने पधराववा पूर्वक वरघोडो कढावेल हतो। आ वातने सजीवन बनावतुं चित्र, आ ग्रंथनी पाछळना कवरपेज उपर आपवामां आवेल छे। त्यारबाद सं. १६७२नी सालमां प्रतिस्पर्धीजूथना आक्रमक बळने दूर करवा माटे गीतार्थोनुं संमेलन भरीने पण 'सर्वज्ञशतक, प्रवचनपरीक्षा, इर्यापथिकीषट्त्रिंशिका, धर्मतत्वविचार, आदि ग्रंथोने सर्वसंमततया गच्छनायके 'प्रमाणिकग्रंथो' तरीके जाहेर करावेल! एटलुं ज नहि परंतु पू. महो० श्रीना ते ते टंकशाळी ग्रंथोनी हस्तलिखित प्रतो करावबा पूर्वक अमदावाद–पाटण–खंभात–गंधार आदि शहेरोना ज्ञानभंडारोमां पण मूकावी!! आथी तो वधु उश्केरायेला ते उपाध्यायपक्षमांना ज एक साध्वाभास मुनिए विषप्रयोग द्वारा पू. गच्छनायक श्री विजयसेनसूरिजी म. ने मोतना घाटे उतारेल!!!

त्यारबाद पू. विजयसेनसूरिजी म.नी पाटे आवेला अने वर्त्तमान 'देवसूरतपगच्छ'ना अधिपति एवा पू.आ.श्री विजयदेवसूरिजी महाराज, ते उपाध्यायपक्षथी वधु सावध अने सजाग रहेवा पूर्वक स्वसमुदायनुं सफल संचालन करवा लाग्या. एटलुं ज नहि परंतु प्रतिस्पर्धी जूथना मोवडी एवा पू. महो० श्री सोमविजयजी म. आदिनां प्रलोभक वाक्योथी लोभाया नहि होवानुं तेमज पू. सागरगीतार्थोनो साथ नहि ज छोड्यो होवानुं पण इतिहासप्रसिद्ध छे। सागरनो साथ नहि ज छोडवाथी तो खूब ज उश्केरायेला प्रतिस्पर्धीवर्गे

महो० श्रीना रचेला ग्रंथोने अने सागरगीतार्थोने अप्रमाणिक तथा खोटा तरीके राज्यद्वारा जाहेर कराववा माटे पू.आ.श्री सेनसूरिजी म.नी पाटे आवेला पू.आ.श्री विजयदेवसूरिजीना स्थाने पोते नवा बनावेल आ.श्री. विजयानंदसूरिने स्थापीने जहांगीर बादशाहना प्रीतिपात्र एवा उ.श्री भानुचंद्रगणि तथा उ.श्री सिद्धिचंद्रजी गणिद्वारा अवळी वातोनी रजूआत करवापूर्वक जहांगीर बादशाहने पण खूब उश्केरेल!

आथी छंछेडायेला बादशाहे वि. सं. १६७३मां खंभात चातुर्मास स्थित पू.आ.श्री विजयदेवसूरिजीने अने राधनपुरस्थित पू. महो० श्री नेमिसागरजीगणिने ताकीदे मांडवगढ हाजर थवाना हुकमो छोड्या! परिणामे भरचोमासामां अनेक मुश्केलीओ अने मुसीबतोनो सामनो करी बंने पूज्यवर्यो मांडवगढ आव्यां : पछी जहांगीर बादशाहनी राजसभामांज बादशाहना प्रकांडपंडितोनी हाजरीमां चालेला वादमां बंने पूज्योए ते प्रतिस्पर्धी उपाध्याय जूथने सखत पराभवित करवा पूर्वक 'सर्वज्ञशतक' ग्रंथने साचो तथा प्रमाणिक टरावी आपतां प्रतिस्पर्धी जूथनुं मुख मलीन थयुं अने विजयदेवसूरिजीम. तथा महो०श्री नेमिसागरजीम. आदि सागरपक्ष तेजस्वी बनेल।

एटलुं ज नहि परंतु आ वादमां पू. विजयदेवसूरिजीम. ना पक्षनी न्यायनिष्ठता अने सत्यप्रियताथी प्रमुदित बनेला जहांगीर बादशाहे पू.गच्छनायकने 'जहांगीरमहातपा' अने सागरगीतार्थ पू. महोपाध्यायने 'जगजीपक' नुं बिरूद आपेल। तेमज 'श्री हीरसूरीणां विजयसेनसूरीणां च एते (देवसूरयः) एव पट्टधराः सर्वाधिपत्यभाजो भवंतु, नापरः कोपि (तिलकसूर्यादिः) कूपमंडुकप्रायः'= श्री हीरविजयजीसूरिजी अने श्री विजयसेनसूरिजीना खरा पट्टधर अने सर्वनी उपर आधिपत्य भोगवनारा आ विजयदेवसूरिजी ज छे! ते सिवायनां कूवाना देडका जेवा बीजा कोइपण नथी।' एम कहीने विजयतिलकसूरि, आनंदसूरिजीने उत्तराधिकारित्वमांथी रदबातल करीने पोताना पट्टहस्तीनी अंबाडीमां प्रमाणिक टरावेला ते सर्वज्ञशतक ग्रंथने स्थापन करी पू.आ.श्री विजयदेवसूरिजीम.नी विजययात्रा मांडवगढमां कढावेल

आ बधी ऐतिहासिक बीनाओने तथा पू. गच्छनायकोना सत्योपासक भोगोने अने शासन शिरताज--महातार्किक पू. महामहो० श्री धर्मसागरजी महाराज तेमज ते पछीना पू. सागरगीतार्थोना शासनरक्षा माटेना अपूर्व खमीर, अपूर्व धगश, तपागच्छसंनिष्ठता, समुदायहितवत्सलतादि गुणोने येन केन प्रकारेण छावरवा पूर्वक ते पूज्योने विकृतरूपे जनता समक्ष रजू करवा माटे पू. उपा० श्री रत्नचंद्रगणि, पू. उपा० श्री भाववि. गणि, पू.पं.श्री सिंहविजय गणि, मुनिश्री दर्शनविजयजी तथा कवि ऋषभदास आदिए आणसूरपक्षे रहीने 'कुमताहिविषजांगुलीमंत्र, षट्त्रिंशज्जल्पविचार, सागरबावनी, विजयतिलकरास, बार बोलरास' आदि विविध कूट साहित्यनुं सर्जन करीने अने पू. गच्छनायक श्री विजयदेवसूरिजी महाराजनी पण शरम राख्या सिवाय समाजमां तेवुं साहित्य वहेतुं मूक्युं.

आथी तेना प्रतीकार माटे पू. गच्छाधिपति आ.श्री विजयदेवसूरिजी महाराजे पण पू. महो० श्री धर्मसागरजीम. नी शास्त्रीय प्ररूपणाओने जीवंत राखवा माटे वि. सं. १६८६ जेठ सुद-१३ शुक्रवारना रोज सात बोलनो पट्टक बहार पाडी जगतमां जाण करी। जे सात बोल आ प्रमाणे :—

"संवत १६८६ वर्षे श्री राजनगरे ज्ये. शु. १३ शुक्रे श्री विजयदेवसूरिभिः सपरिकर (रैलिख्यते) १ अपरं केवलीना योगथी जीवविराधना सर्वथा (न हुं) इ. श्री ठाणांग--भगवतीसूत्र प्रमुख समस्तग्रंथनी मेलइ ए प्रथमबोल॥२–तथा भगवती प्रमुख समस्त ग्रंथनइ अनुसारइं जमालिनइ अनंता भव कहीइ॥ द्वितीय

बोल।।३ –तथा मरीचीइं कविला इत्थंपि इहयंपि ए कपिला दुर्भाषित कहीइं पणि सर्वथा उत्सूत्र न कहीइं श्री आवश्यक निर्युक्तिप्रमुख ग्रंथनी मेलइं तृतीय बोल।।४–तथा उत्सूत्रभाषी अणआलोइं अणपडिक्कमइं काल करइ तेहनइ नियमा अनंतसंसार होइ पणि असंख्यातओ तथा संख्यात नहीं। गच्छाचार प्रमुख ग्रंथनी मेलइ चतुर्थ बोल.।।५–तथा मार्गानुसारी धर्मकर्त्तव्य अनुमोदवा जोग्य हुइ अन्यथा न हुइं. पंचाशकग्रंथनी मेलइं।। पंचम बोल।।५।। ६–तथा बृहत् कल्पादिकग्रंथनइं अनुसारिं मिथ्यादृष्टिग्रहीत चैत्य अवंदनीक हुइ, एहथी अन्यथा प्ररूपइ ते उत्सूत्रभाषी जाणीइं छइ सही. षष्टम बोल।।६।। ७–तथा मांसभक्षण करइ सही तेहनइ सम्यक्त्व न रहइ। सप्तम बोल।।७।। श्रीरस्तु।।श्री शुभं भवतु।।'' साथोसाथ गच्छाधिपति आ.श्री विजयदेवसूरिजी महाराजे वळते ज दिवसे पू.उ.श्री मुक्तिसागरजीगणिने 'राजसागरसूरि' नाम स्थापवापूर्वक आचार्यपद आप्युं.

पू. शासनस्तंभ–गीतार्थसार्वभौम–तार्किकमूर्धन्य महामहोपाध्याय श्री धर्मसागरजी महाराजे पोताना दीक्षापर्यायना ५६ वर्षना गाळामां–''खरतर–पायचंद–आंचलिक–पूनमीआ–लोंका–कडवामती–वीजामती आदि उत्सूत्रभाषीओनी साथे वादो करीने–चर्चा करीने तेओ बधायने बोलता बंध कर्या हता, ते-ते मतना पक्षकार एवा साधु अने श्रावकोनी मायाजाळमां फसाता एवा पूज्य गच्छनायकोने पण फसाता अटकाव्या हता. तदुपरान्त (१) प्रवचनपरीक्षा, (२) सर्वज्ञशतक, (३) सूत्रव्याख्यानविधिशतक, (४) पर्युषणादशशतक, (५) कल्प-किरणावली, (६) जंबूद्वीपप्रज्ञप्तिटीका, (७) इर्यापथिकी-षट्त्रिंशिका, (८) औष्ट्रिकमतोत्सूत्रप्रदीपिका, (९) धर्मतत्त्वविचार, (१०) तपगच्छपट्टावली, (११) नयचक्रटीका, (१२) औष्टिकमतोत्सूत्रोद्घाटनकुलक, (१३) गुरुपरिपाटी सटीक, (१४) महावीरविज्ञप्तिद्वात्रिंशिका सटीक, (१५) वीरजिनस्तोत्रावचूरि, (१६) षोडशश्लोकी, (१७) नवनिह्नवी सटीक, (१८) वीरजिनस्तोत्र आदि शासनमान्य अने विद्वद्भोग्य एवा तेमज नय--भंगीसभर ग्रंथरत्नोनुं नवसर्जन पण कर्युं हतुं.''

आ प्रमाणे शासन-शास्त्र-सामाचारी रक्षा काजे ज जे महापुरुषे आ अवनीतल उपर अवतार धारण करेल हतो अने ए रक्षाकार्य, पोताना-तन-मनना भोगे अने जानना पण भोगे दस-दस कुमतवादीओना तथा स्वसमुदायना पण परिबळनी सामे टक्कर झीलीने आजीवन कर्युं हतुं, ते सुगृहीत नामधेय–महासंयमी–गीतार्थ सार्वभौम पू. महामहोपाध्याय श्री धर्मसागरजी महाराज, छेल्ले अनशन स्वीकारीने अने पं.श्री लब्धिसागरजी गणि आदि द्वारा करावाती निर्यामणापूर्वक विक्रम संवत १६५३ना कारतक शुदि नोमना दिवसे खंभात बंदरे स्वर्गे सीधाव्या!!

आ पू. महो० श्री धर्मसागरजी गणिवर्यश्रीनी संघे काढेल स्मशासनयात्रानुं, पालखीनुं तेमज अग्निदाहस्थळे कामधेनुनुं आववुं, दूधनो काया उपर प्रक्षाल करवो आदिनुं रोमांचक वर्णन, तेओश्रीना रास उपरथी तथा ऐतिहासिक प्राचीन प्रतो उपरथी जनताए जाणी लेवुं आवा शासन संरक्षक--शासनप्राण--शासनाधार पूज्य महापुरुषोने कोटि कोटि वंदन हो!!

परम पूज्यपाद उपाध्यायश्री धर्मसागरजी गणिवर्य महाराजनो जन्म, उत्तर गुजरात-विजापुर पासे लाडोल गाममां वीशा ओसवाळ कुंटुबमां थयेल हतो. महेसाणामां तेओश्रीनुं मोसाळ हतुं.

❀❀❀❀

# 'પ્રવચન પરીક્ષા' ગ્રંથરત્નના કર્તા પૂ. મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર્યની જીવનઝરમરની સંક્ષિપ્ત અનુપૂર્તિ

લે. 'શાસનકંટકોદ્ધારક' સૂરિશિશુ—નરેન્દ્રસાગરસૂરિ.
પાલીતાણા—૨૦૫૭ ના અ. શુ-૧

વિક્રમ સંવત ૨૦૫૧ના શ્રાવણ વદી ૬ બુધવારના રોજ પૂ.આ.શ્રી કલ્યાણસાગરસૂરિજી મ.ની પ્રેરણા થતા મારાં તરફથી નિષ્પક્ષપાતભાવે વિક્રમની સત્તરમી શતાબ્દિમાં થયેલા શાસનસ્તંભ—મહાજ્યોતિર્ધર પૂજ્ય મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિના જીવનકવનને આલેખતી એવી **'પૂ. મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિ જીવનઝરમર અને તે સમયની તપગચ્છની વર્તમાન પરિસ્થિતિ'** એ નામની એક બુક બહાર પાડવામાં આવી હતી. આ બુકને સામાન્યતયા સુધારા વધારા કરવાપૂર્વક આ ગ્રંથરત્નમાં આ અનુપૂર્તિની પૂર્વે આપવામાં આવેલ છે; પરંતુ તે સમયે તપગચ્છની કેવી વિકટ પરિસ્થિતિ હતી? તે કાળે નવા ઉત્પન્ન થએલા દસ કુમતવાદીઓનું કેવું જોર હતું? અને તે કુમતવાદીઓની સાથે સ્વપક્ષીયમુનિઓ પણ ભાઈબંધી અને મૈત્રીસંબંધ રાખવા ખાતર તેમજ તે કુમતવાદીજૂથમાં સારા ગણાવવા ખાતર શાસનરક્ષક એવા આત્માર્થી આત્માઓના શાસનરક્ષાના કામોમાં કેવી રીતે આડખીલીરૂપ બનતા હતા? તેમજ તેવા શાસનસંરક્ષકોના સત્ય અવાજને યેનકેન દબાવી દઈને, તેઓ બોલતા પણ બંધ થાય તેવી રીતના ઉપાયો અજમાવતા હતા? તેનું પ્રત્યક્ષ ચિત્રસ્વરૂપ 'પૂ. મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.નું જીવનચરિત્ર છે' એમ કહું તો તે વાત, આ અનુપૂર્તિ વાંચ્યા પછી અતિશયોક્તિરૂપ સુજ્ઞજનોને નહિં જ લાગે તેમ માનું છું.

વિક્રમની સત્તરમી શતાબ્દિમાં આપણા તપગચ્છમાં પૂ. ગચ્છાધિપતિ શ્રી વિજયદાનસૂરિજી મહારાજ, પૂ.આ.શ્રી વિજયહીરસૂરિજી મહારાજ, પૂ.આ.શ્રી વિજયસેનસૂરિજી મહારાજ તથા પૂ.આ.શ્રી વિજયદેવસૂરિજી મ.ના સત્તા સમય સુધીમાં પ્રકાંડપંડિતો તરીકે જગવિખ્યાત એવા ઉપાધ્યાયો અને સાધુઓ વિદ્યમાન હતા! છતાં આ બધા પૂજ્યો, 'પૂ. મહો૦ શ્રી ધર્મસાગરજી મ.ની સત્ય સલાહ અને સુચનાનુસાર પૂ. ગચ્છનાયકો વર્તતા હતા. અને તેથી સ્વ-પરસમુદાયમાં મહો૦ શ્રીની વધતી કીર્ત્તિ, ખ્યાતિ આદિના કારણે' તે પૂ. ઉપાધ્યાય અને મુનિવર્ગના દિલમાં ઈર્ષ્યા અને અસૂયાએ સ્થાન લેતાં ડગલે અને પગલે તેમની નામોશી, જગતમાં કેમ થાય? તેઓ કજીયાખોર અને કલહકારી છે તેવી છાપ ઉપસાવવાના પ્રયત્નોમાં કેવી રીતે લાગી જઈને પોતાની પ્રકાંડ પંડિતાઈનો દુરૂપયોગ કરતા થયા હતા? તેમાં પણ વધુ પડતો રસ લીધો હોય કે ભાગ ભજવ્યો હોય તેવા મહાત્માઓ પૈકી મુખ્યતાએ કવિ સિંહવિજયજી, કવિ દીપવિજયજી, કવિ દર્શનવિજયજી, મહો૦ રત્નચંદ્રગણિ,

ૠષભદાસ કવિ આદિએ પૂ. મહો૰ શ્રી ધર્મસાગરજી ગણિને, તેમના સાહિત્યને, તેમના શિષ્ય-સમુદાયને નિંદવામાં, હલકો પાડવામાં, અછતા દોષારોપણ કરવામાં મહત્વનો ભાગ ભજવેલ છે એમ આ અનુપૂર્તિના વાચનથી સમજી શકાશે.

કાશીવાળા પૂ.આ.શ્રી વિજયધર્મસૂરિજી મ.ના સમુદાયના ઈતિહાસજ્ઞ પૂ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજે ૧૭મી સદીના કવિ દર્શન વિજયજીએ જે એકલા જૂઠાણાંઓથી અને સાગર પ્રતિના દ્વેષથી ભરપૂર એવો **'વિજયતિલકસૂરિરાસ'** નામે રાસ બનાવ્યો હતો. તેના **'નિરીક્ષણ'** એવા શીર્ષકતળે જે ૩૫ પેજ લખ્યા છે તેમાં પૃ.૪ ઉપર તેઓશ્રી લખે છે કે--

''આ પ્રસંગે એક બાબતનો ખુલાસો કરવો જરૂરનો છે. અને તે એ કે–રાસમાં વર્ણવેલા વિષયોના વિવેચનમાં કેટલેક સ્થળે અતિશયોક્તિ અને કેટલેક સ્થળે અસંભવિત વાતોનું પણ સંભવિતપણું અને તે ઉપરાંત તમામ પ્રસંગોમાં એક જ પક્ષનો–વિજયપક્ષનો જ વિજય બતાવી સાગરપક્ષને નિંદવામાં આવેલ છે. એનું કારણ માત્ર એટલું જ છે કે રાસકાર પોતે તે પક્ષના (વિજયપક્ષના) હતા. અને એ તો દેખીતું જ છે કે–એક પક્ષકાર પોતે જ્યારે કોઈપણ તકરારી વિષયનું વર્ણન લખે, ત્યારે તે પોતાના પક્ષનો વિજય પ્રત્યેક પ્રસંગમાં બતાવે એમાં કાંઈ નવાઈ નથી. એક તટસ્થ લેખક પાસેથી જે સત્ય આપણે મેળવી શકીએ, તે એક પક્ષકાર પાસેથી ન જ મેળવી શકીએ! અને કુદરતી નિયમ પ્રમાણે તેનું કર્તવ્ય ક્ષંતવ્ય જ ગણવું જોઈએ. હા, જેઓ તે સમયના ઈતિહાસોમાંથી–જે વર્ણનોમાંથી સત્ય તારવી કાઢવાની જિજ્ઞાસા ધરાવતા હોય ત્હેમની ફરજ છે કે–ત્હેમણે બન્ને પક્ષકારો તરફથી લખાએલાં પુસ્તકો અને મળતાં સાધનો પ્રાપ્ત કરી યથાતથ્ય હકીકત મેળવવા અથવા ચોકખો ઈતિહાસ તારવી કાઢવા પ્રયત્ન કરવો જોઈએ.''

ઈતિહાસજ્ઞ મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજના આ વચનોને ધ્યાનમાં રાખવા પૂર્વક મારા તારક ગુરૂદેવ **પૂ. શાસનકંટકોદ્ધારક હંસસાગર સૂરીશ્વરજી** મહારાજશ્રીએ સાગરપક્ષ તથા વિજયપક્ષના મુનિઓના રચેલાં પુસ્તકો અને તે સમયના પ્રાપ્ત ઈતિહાસનું તટસ્થદૃષ્ટિએ અવલોકન કરવાપૂર્વક વિક્રમ સંવત ૨૦૩૧ની સાલમાં **'પ્રાચીન-અર્વાચીન ઈતિહાસોની સમીક્ષા'** નામનો મહાકાય ગ્રંથ છપાવીને જૈન સમાજને વિક્રમની સત્તરમી શતાબ્દિ અંગેનો સત્ય ઈતિહાસ પીરસ્યો હતો. જેમાંના એકપણ વિષયને આજ સુધીના વિદ્વાનોએ ખોટો ગણાવેલ નથી.

આમ છતાં ખેદની વાત છે કે–આજના યુગમાં વર્તતો જૈનસમાજ, જાણવાની જિજ્ઞાસાવાળો હોવા છતાં 'સત્ય' શું છે અને અસત્ય શું છે?' તેનાં ઉંડાણમાં ઉતર્યા સિવાય ઉપલકદૃષ્ટિએ જ લેખો, નિબંધો, ઈતિહાસો અને પુસ્તકોને તપાસતો હોય છે, તેવી સ્થિતિમાં આ ભગીરથ ગ્રંથનું સાંગોપાંગ વાંચન કરી સત્ય વસ્તુપરિસ્થિતિનો જાણકાર બને જ ક્યાંથી? તેથી કરીને આ લઘુ અનુપૂર્તિ દ્વારા વિક્રમની સત્તરમી શતાબ્દિનું કલુષિત વાતાવરણ કેવા પ્રકારનું હતું તેની જૈન જગતને પીછાણ કરાવવા પૂરતો જ આ પ્રયાસ આદરેલ છે.

## ❋ આ અંગે ઈતિહાસવેત્તા પં.શ્રી કલ્યાણવિ. મ.ના ઉદ્ગાર ❋

સં. ૧૯૯૬માં બહાર પડેલા 'તપગચ્છ પટ્ટાવલી' ગ્રંથમાં **'ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજીનો જીવન પરિચય,** શીર્ષક લેખના પૃ.૧૯ ઉપર ઈતિહાસવેત્તા પૂ. પં.શ્રી કલ્યાણવિજયજી મ. લખે છે કે– ''તેમનો સમય પક્ષાપક્ષી અને વાડા-વાડીનો હતો. પોતાના મનમાં આવે તેવી પ્રરૂપણા કરી જુદો ચોકો જમાવવામાં આવતો. ધીમે ધીમે સંગઠનનું બળ તૂટતું ગયું અને નિર્નાયક જેવી પરિસ્થિતિ જન્મી. ખુદ શ્વેતાંબર મૂર્તિપૂજકમાંથી જુદા પડી લુંકામત, બીજામત વગેરે નૂતન મતો પ્રગટ્યા. શ્વેતાંબર સંપ્રદાયમાં પણ ખરતર અને તપાગચ્છ વચ્ચે વિરોધનો વંટોળ વધી પડ્યો. ઉપાધ્યાયશ્રી ધર્મસાગરજીએ 'તપાગચ્છ સાચો અને શુદ્ધ છે અને બાકીના બીજા ગચ્છો-મતો વાંધાવાળા છે' એમ પ્રતિપાદન કરવા માટે તત્ત્વતરંગિણી, પ્રવચનપરીક્ષા અને કુમતિકુદ્દાલ જેવા ગ્રંથોની રચના કરી. વિ. સં. ૧૬૧૭માં 'અભયદેવસૂરિ ખરતરગચ્છના ન હતા' એ સંબંધમાં પ્રબળ ને પ્રખર વાદ કરી પોતાનો પક્ષ મજબુત કર્યો હતો. **આ ચર્ચા પછી તેમના પ્રત્યે પ્રગટ રીતે વિરોધ વધી પડ્યો અને ખળભળી ઉઠેલ વાતાવરણને શાંત કરવા શ્રી વિજયદાનસૂરિજીને યોગ્ય પગલાં લેવા પડ્યાં.''**

**''આધુનિક સમયે વિદ્વાનવર્ગ ખંડન-મંડનની દલીલો પ્રત્યે વધુ રસ ધરાવતો નથી તેમજ આવી દૃષ્ટિએ થયેલ ગ્રંથરચનાની કિંમત પણ નજીવી ગણે છે;** પરંતુ તત્ત્વદૃષ્ટિએ તપાસ કરવામાં આવે તો આપણને ખરેખર સમજાશે કે–કેટલીક વખતે ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી જેવી પ્રકૃતિવાળા પુરૂષો અને તેમના વિચારો પોતાની આમ્નાયને અને જૈનસમાજને વિશેષ અનુકૂળ થઈ પડ્યા છે. પશ્ચિમાત્ય પ્રજાના સહચાર અને સંસર્ગથી આપણામાંથી ધર્માભિમાન ઓસરતું ગયું છે અને તેના પરિણામે આપણે લાગણીશૂન્ય અને ધર્માભિમાન વિનાના બન્યા છીએ.''

આ પેરેગ્રાફમાં ઈતિહાસવેત્તા પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજે જે–'આ ચર્ચા પૂછી તેમના પ્રત્યે પ્રગટ રીતે વિરોધ વધી પડ્યો અને ખળભળી ઉઠેલ વાતાવરણને શાંત કરવા શ્રી વિજયદાનસૂરિને યોગ્ય પગલાં લેવા પડ્યાં, એમ જે લખ્યું છે તે યથાર્થ છે. કારણ કે-બહુશ્રુત એવા મહો૦ શ્રી ધર્મસાગરજી મહારાજ અને તેમના વિરોધી બનેલા ઉપાધ્યાયજૂથ, આ બંનેમાં 'શાસનના હિતકર્તા કોણ છે?' તેની પૂરેપૂરી સમજણવાળા પૂ. ગચ્છનાયક આ.શ્રી વિજયદાનસૂરિજી મહારાજ પોતે મહો૦ શ્રીના વિરૂદ્ધ કોઇ પગલું લેવાની ઈચ્છાવાળા ન્હોતાજ; પરંતુ પ્રતિસ્પર્ધી બનેલા ઉપાધ્યાયવર્ગને અને તેઓએ ખોટી રીતે લોકોને ઉશ્કેરીને મહો૦ શ્રીનો વિરોધી બનાવેલા વર્ગને ઠંડો પાડવા ખાતર જ સં. ૧૬૧૯ની સાલમાં પ્રતિસ્પર્ધી જૂથના આગ્રહને વશ બની પગલું ભરવું પડ્યું હતું. જે પગલું ભરેલ તેને પાછળના ઈતિહાસકારોએ કેવી રીતે સીફતથી અને જુઠાણ ભર્યા વર્ણનથી લલકાર્યું છે તે હવે પછી સાધાર પૂરવાર કરવામાં આવશે.

પૂજ્ય શાસનસ્તંભ–મહાન્ જ્યોતિર્ધર - શાસનસંરક્ષક મહોપાધ્યાયશ્રી ધર્મસાગરજીગણિ તથા તેમના પ્રકાંડપંડિત શિષ્ય પ્રશિષ્યાદિવર્ગને શાસ્ત્ર, શાસન અને તપોગચ્છીયા અવિચ્છિન્ન સામાચારીના સંરક્ષણકાર્યમાં સ્વગચ્છીય પ્રતિસ્પર્ધી ઉપાધ્યાયવર્ગ તેમજ ખરતરાદિ પરગચ્છીયવર્ગ તરફથી પૂર્વે

જણાવેલ આક્ષેપ-વિક્ષેપ-પ્રતિકૂલાચરણ–કાનભંભેરણી આદિ અગ્નિપરીક્ષાઓમાંથી ઉત્તીર્ણ થવું પડેલ છે અને છતાંય શાસન પ્રતિનું અપૂર્વ આત્મખમીર વસાવી સ્વપ્રજ્ઞાબળે જે જે ટંકશાળી ગ્રંથોની રચના કરીને ખરતર-આંચલિક-દિગંબર-પૂનમીયા–ત્રણ થોયા આદિ કુમતવાદીઓને શાસ્ત્રના પાઠો આપવાપૂર્વક જાહેર રીતે ખોટા ઠરાવી તપાગચ્છનો વિજયધ્વજ ફરકાવ્યો હતો તેવા તે ટંકશાળી ગ્રંથોની પણ વિદ્યમાનતા ન રહેવા પામે, તેનો પ્રચાર પણ થવા ન પામે તે માટે વિદ્યમાન ગચ્છનાયકની કાનભંભેરણી કરીને તે પ્રતિસ્પર્ધી પૂજ્યોએ 'જલશરણ કરાવવા, અપ્રમાણિક ઠરાવવા' આદિના પ્રયત્નો કરવામાં અને મહો૦ શ્રીને 'કલેશકંકાસ વધારનારા, શાંતિ-સુલેહનો ભંગ કરનારા, ગચ્છબહાર થયેલા છે' ઇત્યાદિ પ્રચાર દ્વારા ઉતારી પાડવામાં કોઈ કમીના રાખી નથી તેમ તે વખતના ઈતિહાસથી પૂરવાર થાય છે. જે આગળ જણાવવામાં આવશે. ખરેખર–''શાસ્ત્રની, શાસનની, શુદ્ધ સામાચારીની કે સત્યની રક્ષા કરવા માટે કોઈ પુણ્યશાલી ખમીરવંત આત્મા તૈયાર થઈને તે તે કાર્યોની રક્ષા કરવા તત્પર થયેલો જાણીને પરગચ્છીઓ તો ઠીક, પણ સ્વગચ્છીય એવા પોતાના જ સમુદાયના સાધુ, સાધ્વીઓ તથા ભક્તગણ તરફથી કેવી રીતે તે આત્માને આક્રોશિત–અપમાનિત દશામાં મુકાવવું પડે છે?'' તે પૂર્વ મહાપુરૂષો અને વર્તમાન શાસન રક્ષક મહાપુરૂષોના જીવન-ચરિત્રોના અભ્યાસથી સ્પષ્ટ જણાઈ જ આવે છે.

શાસનરક્ષા કાજે પોતાનું જીવન હોડમાં મૂકનાર તે પૂ. મહોપાધ્યાયશ્રી ધર્મસાગરજી મ.ના પ્રતિસ્પર્ધી ઉપાધ્યાયવર્ગમાંના પૂ. ઉપાધ્યાય શ્રી ભાવવિજયજી ગણિ, પૂ. ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિ, પૂ. ઉપાધ્યાય શ્રી રત્નચંદ્રજીગણિ, પૂ. પં. શ્રી સિંહવિજયજી ગણિ, પૂ. મહો. શ્રી યશોવિજયજી ગણિ, કવિ શ્રી દર્શનવિજયજી, કવિ ઋષભદાસ આદિએ સત્યાસત્યની પરીક્ષા કરવા થોભાયા સિવાય પૂ. મહો. શ્રી ધર્મસાગરજી મહારાજને યેનકેન પ્રકારેણ હીનકક્ષાના આત્મા તરીકે ગણાવવા માટે પોતપોતાના રચેલ સાહિત્યોમાં ભવભય રાખ્યા સિવાય ખોટો જ ઈતિહાસ ખડો કરવા કમર કસી હોય તેવું તે તે સાહિત્ય વાંચતા આજે પણ આપણને જણાઈ આવે તેમ છે. આત્માર્થી આત્માઓ પણ ઈર્ષ્યા-અસૂયા-અદેખાઈ-અસહિષ્ણુતા આદિના કારણે પોતાની પંડિતાઈનો કેવો દુરૂપયોગ કરવા પ્રેરાય છે તેનું આ પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. આ બધી જ પરિસ્થિતિનું વિસ્તૃત વર્ણન, મારા તારકગુરૂદેવે સં. ૨૦૩૧માં બહાર પાડેલ **'પ્રાચીન-અર્વાચીન ઈતિહાસોની સમીક્ષા'** ગ્રંથમાં તેમજ 'કુમતાહિવિષજાંગુલી મંત્રતિમિરતરણિ' આદિ ગ્રંથોમાં જણાવેલ હોવાથી જિજ્ઞાસુઓએ તે ગ્રંથોનુ મનન પૂર્વક વાંચન કરવું. અહિં તો ફક્ત મહો. શ્રી ધર્મસાગરજી મહારાજ આદિ ઉપર કેવું વીતાવવામાં આવેલ હતું અને તેમના રચેલા ગ્રંથોને પૂ. ગચ્છાધિપતિઓએ પણ કેવું આત્મખમીર વસાવીને જીવિતદાન આપ્યું હતું તેને લગતું જ આ અનુપૂર્તિમાં આલેખન કરવામાં આવે છે. તેવી જ રીતે (૧) પાંચ બોલનો પટ્ટક (૨) તયરવાડામાં મહો. શ્રીએ આપેલ મિચ્છામિ દુક્કડં (૩) પૂ. મહો. શ્રીને સમુદાય બહાર જાહેર કર્યા (૪) બારબોલના પટ્ટક અંગે વિચારણા (૫) સર્વજ્ઞશતક ગ્રંથને અપ્રમાણિક ઠરાવ્યો (૬) પાંચ કુપાક્ષિકોને નિહ્નવો ગણાવ્યા અંગે મિચ્છામિ દુક્કડંની વાત (૭) ૧૬૭૯નો ૪૨ સહીવાળો પટ્ટક (૮) પ્રવચનપરીક્ષા અંગેનું જુઠાણું (૯) માંડવગઢની હારને જીતમાં ખપાવતા દર્શન વિ.નું નાટક

(૧૦) નવા આચાર્ય સ્થાપવાની પૂ.આ.શ્રી વિજયસેન સૂરિજી મહારાજે કરેલ ભલામણ વગેરે વાતો અંગેના સત્તરમી સદીના જુઠાણાંઓની પણ સમીક્ષા આ અનુપૂર્તિમાં કરાશે.

## ❋ સત્તરમી સદીનાં જુઠાણાંઓનો ઘટસ્ફોટ ❋

તે વખતના ઈતિહાસકારોના કથનાનુસાર સં. ૧૬૧૯માં પૂ. ગચ્છાધિપતિ આ.શ્રી વિજયદાનસૂરિજી મહારાજે જે પગલું ભર્યું હતું તેની ચર્ચા કે તે સંબંધની વાતનો ત્યારપછી વિજયપક્ષ કે સાગરપક્ષના ૧૬૭૩ સુધીના ઈતિહાસ સુધીમાં અક્ષર સુદ્ધાં કોઈએ પણ ઉલ્લેખ કરેલો હોય તેવું જણાતું નથી. છતાં આશ્ચર્યની વાત છે કે–એ વાત પછી ૫૧ વર્ષના વહાણાં વીત્યા બાદ તે તર્કટી વાતને સમાજમાં પ્રચલિત કરવા માટે અને મહો. શ્રી ધર્મસાગરજી ગણિને હલકા ચીતરવા માટે પૂ.આ.શ્રી હીરસૂરિજી મ.ના શિષ્ય પૂ. ઉપાધ્યાય શ્રી સુમતિ વિ.મ.ના શિષ્ય **કવિ સિંહવિજયજી**એ સં. ૧૬૭૪ના દીપાવલીના દિવસે બનાવેલી **'સાગરબાવની'** માં નીચે મુજબ ઓપ આપીને ઝલકાવી! જે આ પ્રમાણે હતી.

''પહિલું ધરમ રચિઉં ધર્મસાગર,–ગ્રંથ કરિઉં એક મોટો; ચુરાસી ગચ્છ તેહમાં નીંદ્યા, તત્ત્વતરંગિણી ખોટો ॥૨૨॥ ગલા વણાયગ આદિ શ્રાવક, સબલ સખાયત કીધા; શ્રી વિજયદાન સૂરિસંઘાતિ, ફિરી ફિરી ઝઘડા કીધા ॥૨૩॥ સુણયો શરઈ ન પોતઈ, સાગર રંકતણી પરિ રોળ્યા; કુમતિકુદ્દાલ ને તત્ત્વતરંગિણી, સંધિ પાણીમાંહિ બોલ્યા ॥૨૪॥'' આમ લખી સ્પષ્ટ મૃષાભાષી તે સિંહવિજયજી કવિની વાતને ૫૫–૫૫ વર્ષ સુધીના ગાળામાં પ્રતિસ્પર્ધી ઉપાધ્યાયવર્ગમાંની પણ એકાદ વ્યક્તિએ તેની નોંધ કેમ લીધી નહિ હોય? તે વિચારવા જેવી વાત છે.

## ❋ કવિના આ લખાણ અંગે ઊભા થતાં અનેક પ્રશ્નો ❋

૧–તત્ત્વતરંગિણીગ્રંથમાં તિથિવિચાર સિવાય કોઈ વાત નથી અને તે પણ ખરતર-તપાગચ્છને અંગેની જ છે. તેમાં એકપણ ગચ્છની નિંદા નથી તો પછી 'ચુરાસી ગચ્છ તિહમાં નિંદ્યા' એ કવિની વાત સત્ય કેવી રીતે માનવી?

૨–કવિ 'કુમતિકુદ્દાલ ને તત્ત્વતરંગિણી સંધિ પાણીમાંહે બોલ્યાં' એમ જે કહે છે તે અંગે જણાવવાનું કે-'કુમતિકુદ્દાલ' નામનો ગ્રંથ, પૂ. મહો. શ્રીએ કે તેમના શિષ્યોએ તો બનાવેલ નથી જ, પણ તેમની પૂર્વવર્ત્તિના કે સમવર્તીકાળમાં કોઈપણ સાગર મુનિએ તેવો ગ્રંથ બનાવ્યો જ નથી તો પછી ગચ્છનાયકે સંઘ પાસે પાણીમાં કેવી રીતે બોળાવ્યો?

૩–માની લઈએ કે-'ઉત્સૂત્રકંદકુદ્દાલ' ગ્રંથને કવિ 'કુમતિકુદ્દાલ' ગ્રંથ તરીકે જણાવવા માંગે છે તો તે વાત, પણ ખોટી છે. કારણ કે–ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથ પૂ. મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.નો કરેલો છે જ નહિ. એ ગ્રંથ તો વડીપોષાળના ૪૪ મા પટ્ટધર પૂ.આ.શ્રી ક્ષેમકીર્ત્તિસૂરિજીના **પ્રકાંડ પંડિત શ્રી નયપ્રભજીએ પ્રાયઃ વિક્રમ સં. ૧૩૩૫માં રચેલ છે.** અર્થાત્ ૩૭૫ વર્ષ પુરાણા અને બીજાના બનાવેલા ગ્રંથને પાણીમાં બોળવાનો અધિકાર પૂ. ગચ્છનાયકને કે વીસલપુરના સંઘને આપ્યો કોણે?

૪–તત્ત્વતરંગિણી ગ્રંથ બનાવ્યા પછી પૂ. મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજે સંશોધન માટે પૂ. ગચ્છનાયક આ.શ્રી વિજયદાનસૂરિજી મ.ને સુપરત કર્યો અને પૂ. ગચ્છનાયકે–''**इति सुविहिताग्रणि श्रीमत्तपोगणनभोमणिविजयदानसूरीश्वरशिष्योपाध्यायश्रीधर्मसागरगणिविरचितस्वोपज्ञतत्त्वतरंगिणीवृत्तिः समाप्ता शोधिता च श्री विजयदानसूरीश्वराणामाज्ञामवाप्य श्री विजयदानसूरीश्वरसमीपस्थैः सुराणागच्छीयोपाध्याय श्रीनयशेखरैः**'' આ ઉલ્લેખાનુસાર સુરાણાગચ્છીય ઉપાધ્યાય શ્રી નયશેખરગણિને આજ્ઞા આપી અને તેઓએ સંશોધન કરી સુપરત કર્યા બાદ તે તત્ત્વતરંગિણી ગ્રંથને પ્રમાણિક ગણાવી સં. ૧૬૧૮માં પ્રચારવાની પણ આજ્ઞા આપી હતી.

તો પછી એક જ વર્ષના ગાળા બાદ એવું ક્યું મહત્વનું કારણ ઉપસ્થિત થયું કે-'જે તત્ત્વતરંગિણીને સંશોધિત કરાવી પ્રમાણિક ગ્રંથ તરીકે સં. ૧૬૧૮માં જાહેર કરનાર તે જ પૂ. ગચ્છાધિપતિ વિજયદાનસૂરિજીએ સં. ૧૬૧૯માં પાણીમાં બોળી દેવાની સંઘને આજ્ઞા પણ પાઠવી દીધી?

૫–જ્યારે પૂ. ગચ્છનાયકે ઉપાધ્યાય શ્રી નયશેખર ગણિ પાસે સં. ૧૬૧૮માં તત્વતરંગિણી ગ્રંથનું સંશોધન કરાવ્યું તે વખતે પૂ. ગચ્છનાયક શ્રી દાનસૂરિજી મ.ને 'કોઈ ગચ્છની નિંદા કર્યાનું કે ઈતર ગચ્છોની કડક સમાલોચના કર્યાનું કે તે સમયની તપગચ્છની આચરણા વિરૂદ્ધનું' કોઈ લખાણ દેખાયું ન્હોતું અને એક વર્ષ બાદ જ તે બધું ગચ્છનાયકને ક્યાંથી દેખાઈ આવ્યું? આ બધી વાતોનો વિચાર કરતાં સ્પષ્ટ જણાઈ આવે તેમ છે કે-'પુસ્તકજલશરણ' કર્યાની વાત તદ્દન બોગસ છે અને એ બોગસ વાત, પ્રતિસ્પર્ધી ઉપાધ્યાયવર્ગના કોઈક ભેજાબાજ મુનિની ઉભી કરેલી અને પૂ. ગચ્છનાયકના નામે ચગાવેલી છે.

જુઠાણાંથી ભરપૂર એવા વિજયતિલક સૂરિરાસમાંના

## ❋ કવિશ્રી દર્શન વિ. ગણિનાં જુઠાણાંઓની સમીક્ષા ❋

(૧) કવિ સિંહવિજયજીએ પુસ્તક જલશરણ કર્યાનો સંવત્ ૧૬૧૯ જણાવે છે, જ્યારે આ દર્શનવિજયજી ગણિ સં. ૧૬૧૭નો જણાવે છે! તો તે બેમાંથી કોની વાત સાચી માનવી?

(૨) કવિ સિંહવિજયજી પોતાની ૧૬૭૪માં બનાવેલ 'સાગરબાવની'માં 'કુમતિકુદ્દાલ ને તત્ત્વતરંગિણી, સંઘિ પાણીમાંહિ બોલ્યા' એમ કહી બે પુસ્તક જલશરણ કર્યાનું જણાવે છે. જ્યારે સં. ૧૬૭૯માં '**વિજયતિલકસૂરિરાસ**'ના કર્તા આ દર્શનવિજયજી ગણિ—''ધરમસાગર તે પંડિત લગઈ, કર્યો નવો એક ગ્રંથ રે; નામથી કુમતિકુદ્દાલડો, માંડિઓ અભિનવ પંથ રે...વાત૦ ॥૧૫૫॥ આપ વષાણ કરઈ ઘણું, નિંદઈ પરતણો ધર્મ રે; એમ અનેક વિપરીતપણું, ગ્રંથમાંહિ ઘણાં મર્મ રે...વાત૦ ॥૧૫૬॥ માંડી તેણઈ તેહ પ્રરૂપણા, સુણી ગચ્છપતિ રાય રે; વીસલ નયરિ વિજયદાનસૂરિ આવી કરઈ ઉપાય રે... વાત૦ ॥૧૫૭॥ પાણી આણી કહઈ શ્રીગુરૂ, ગ્રંથ બોળવો એહ રે; નયર બહુસંઘની સાષિસીઈ, ગ્રંથ બોલીઓ તેહરે...વાત૦ ॥૧૫૮॥ શ્રીગુરૂઆણા લહી સહી, સૂરચંદ પંન્યાસરે; હાથસિંઈ ગ્રંથ જલિ

બોલીયો, રાખી પરંપરા અંશ રે...વાત૦ ॥૧૫૯॥'' આ ગાથાઓના આધારે ફક્ત 'કુમતિકુદ્દાલ' ગ્રંથને જલશરણ કર્યાનું જણાવે છે. તત્ત્વરંગિણી ગ્રંથની તો વાત જ નથી. તો આ બંને કવિમાં કોને સાચા અને કોને ખોટા માનવા?

## ❋ કવિ દર્શનવિજયની આ વાત પણ વિચારણા માંગે છે ❋

કવિશ્રી દર્શનવિજયજીએ **'વિજયતિલકસૂરિરાસ'**માં ઉપર મુજબની ગાથાઓમાં જે વાત જણાવી છે તેને સત્ય માનીને ચાલીએ તો નીચે મુજબના પ્રશ્નો ઉપસ્થિત થતા હોવાથી તે વાતો ગંભીર વિચારણા માગે છે.

૧- પૂ. ગચ્છનાયકશ્રીએ વીસલનગર પધારીને ઘણા સંઘોની (કે-ઘણી વ્યક્તિઓની) સાક્ષીએ પં. સૂરચંદ્ર ગણિના હાથે તે ગ્રંથને જલશરણ કરાવ્યાનું જણાવે છે. જ્યારે કવિ સૂરચંદ્ર 'વીસલનગર સંઘે તે ગ્રંથને પાણીમાં બોલ્યા' નું જણાવે છે તો તે બેમાંથી કોણ સાચું? વળી એવી રીતે ગ્રંથને જલશરણ કરવાની આજ્ઞા પાઠવનારને અને જલશરણ કરનારને જ્ઞાનાવરણીય કર્મ બંધાયું કે નહિ?

૨- કુમતિકુદ્દાલગ્રંથ, મહો. શ્રી ધર્મસાગરજી મહારાજે કે તેમના પરિવારે તો બનાવેલ જ નથી. તેમજ તે વખતના સાધુસમુદાયમાંના બીજા કોઈપણ આત્માએ બનાવેલો નથી તો પછી પૂ. ગચ્છનાયકે તે ગ્રંથને જલશરણ કરાવ્યો કેવી રીતે?

૩- ઉત્સૂત્રકંદકુદ્દાલ નામના પ્રાચીન ગ્રંથને જ જો કુમતિકુદ્દાલગ્રંથ જણાવીને કવિઓ જલશરણ કરાવ્યાની વાત કરતા હોય. તો ૩૭૫ વર્ષ પૂર્વેના વડીપોષાળના પંડિત મુનિના રચેલા ગ્રંથને જલશરણ કરવા--કરાવવાનો પૂ. ગચ્છનાયકશ્રી આદિને ક્યો અધિકાર હતો?

૪- આ ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથ પણ મહો. શ્રી ધર્મસાગરજી મ.નો કરેલો નથી. પરંતુ તેમના હાથમાં આવ્યો હોવાનું તેમના પ્રતિસ્પર્ધી એવા પૂ. ભાવવિજયજી ઉપાધ્યાય 'ઉત્સૂત્રકંદકુદ્દાલગ્રંથના કર્તા કોણ છે?' તે જાણવા છતાં તે વાત છૂપાવવા પૂર્વક બનાવેલ 'ષટ્ત્રિંશજજલ્પ વિચાર' ગ્રંથમાં

**''तेषां धर्मसागरोपाध्यायानां चैकदा रागद्वेषोदयवता बृहच्छालीयेन केनचित्कृत 'उत्सूत्रकंदकुद्दालनामा ग्रंथो नयनविषयी बभूव''=** તેવા પ્રકારના રાગદ્વેષના ઉદયવાળા એવા કોઈક વડીપોશાળવાળાએ બનાવેલો 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' નામનો ગ્રંથ તેઓની નજરે ચઢયો'' એમ સ્પષ્ટ જણાવે છે તો--

વડીપોષાળના વિદ્વાન ગ્રંથકારે બનાવેલા તે ઉત્સૂત્રકંદકુદ્દાલ નામના ગ્રંથને 'કુમતિકુદ્દાલ' ના નામે પ્રચારવામાં અને વડીપોષાળના વિદ્વાનને તે ગ્રંથના ગ્રંથકાર નહિ જણાવતાં પૂ. મહો. શ્રી ધર્મસાગરજી મ.ને તે ગ્રંથના કર્તા તરીકે પ્રચારવા પાછળ તે પ્રતિસ્પર્ધી ઉપાધ્યાયવર્ગની કેવી મનોવૃત્તિ ગણવી? અને તેવી ખોટી રીતે પ્રચારતા ગ્રંથને જલશરણ કરવામાં ગચ્છાધિપતિને કઈ આવશ્યકતા જણાઈ હશે? અને પારકાના બનાવેલા ગ્રંથને જલશરણ કરીને પૂ. મહો. શ્રી ધર્મસાગરજી ગણિને બદનામ કરવામાં પૂ. ગચ્છનાયકની પણ શી શોભા? તે તો જ્ઞાની જાણે.

૫- પાટણની વડીપોષાળના જ્ઞાન ભંડારમાંથી ૩૭૫ વર્ષ પૂર્વે રચાએલા 'ઉત્સૂત્રકંદકુદ્દાલ'ની તાડપત્રીય પ્રતમાં-'ખરતર, પૂનમીયા, સાર્ધપૂનમીયા, આંચલિયા અને ત્રિસ્તુતિક' આ પાંચને સ્પષ્ટ નિહ્નવ તરીકે જણાવેલા છે અને તેના આધારે પૂ. મહો. શ્રી ધર્મસાગરજી મહારાજ તે પાંચેય ગચ્છોને નિહ્નવ તરીકે પ્રચારે તેમાં મહો. શ્રીનો શું વાંક હતો કે-જેથી ગચ્છનાયકે તેઓશ્રી પાસે મિચ્છામિદુક્કડં અપાવરાવ્યો? શું 'પાડાના વાંકે પખાળીને ડામ દીધા' જેવું આ કૃત્ય નથી લાગતું? સુજ્ઞો વિચારશો.

૬- ગ્રંથને જલશરણ કરી-કરાવી ઘોર જ્ઞાનાવરણીય કર્મના ભાગી બનવાને બદલે તે ગ્રંથને 'અમાન્ય' તરીકે પૂ. ગચ્છનાયકે જણાવતું ફરમાન બહાર પાડી દીધું હોત તો શું વાંધો હતો? વળી આ પ્રમાણે તે ગ્રંથની એક નકલને જલશરણ કરાવવાથી પૂ. મહો. શ્રીએ ચાર-ચાર મુનિઓ બેસારીને લખાવી લીધેલ તે પ્રત અને તેના આધારે થયેલી બીજી બીજી નકલો એ બધી શું જલશરણ થઈ જવા પામી? તે ગ્રંથમાંની પ્રરૂપણાઓ શું નષ્ટ થઈ જવા પામી? આમાંનું કાંઈ જ બનવા પામ્યું નથી! માટે આ બધી વાતો કવિઓના ફલદ્રુપ ભેજાની ઉપજાવી કાઢેલી જણાય છે.

## જૈન શાસનની વિજય પતાકા સમાન 'પ્રવચનપરીક્ષા' ગ્રંથ અંગે પણ દર્શન વિ.નું અડપલું.

વિજયતિલકસૂરિરાસકાર કવિ દર્શનવિજયજી પોતાના રાસમાં લખે છે કે-"ધર્મસાગરજીએ તે પ્રવચનપરીક્ષા ગ્રંથ બનાવી હીરવિજયજીસૂરિને શોધવા આપ્યો, સૂરિજીએ ચાર ગીતાર્થોને તપાસવા આપ્યો અને તે ગ્રંથનો પ્રચાર કરવાનો આદેશ પણ સૂરિજીએ જ આપ્યો." સાથોસાથ રાસકાર એટલો બચાવ અવશ્ય કરે છે કે-"**જે ગીતાર્થોને આ ગ્રંથ શોધવા આપ્યો હતો, તેઓ ધર્મસાગરજીના મળતીયા હતા.** ત્હેમણે વગર શોધે જ 'શોધી લીધો' એમ કહીને સૂરિજીને તે ગ્રંથ આપ્યો હતો."

(૧)- શું ગચ્છનાયક એવા મૂર્ખ હતા કે- ધર્મસાગરજીના મળતીયા ગીતાર્થોને જ પ્રવચનપરીક્ષા ગ્રંથ શોધવા આપી દીધો?

(૨)- રાસકાર પોતે આ પ્રસંગે હાજર હોય અને આ વાતની જાણ હોય તેવી રીતે બચાવમાં આવું લખે છે તો તે સ્હામે મારો પ્રશ્ન છે કે-તેઓ પોતે 'આ ગીતાર્થો ધર્મસાગરના મળતીયા છે માટે બીજાઓને તપાસવાનું આપ સોંપો' એમ પૂ. ગચ્છનાયકને કેમ જણાવ્યું નહિ હોય?

(૩)- પૂ. ગચ્છનાયકને રાસકારની વાત પ્રમાણેની વાતની પણ પછીથી તેવી જાણ થઈ હોય તો બીજા ગીતાર્થો પાસે તે પ્રવચનપરીક્ષા ગ્રંથનું ફરી સંશોધન કેમ ન કરાવ્યું?

(૪) રાસકારના કહેવા મુજબ-'વગર શોધ્યે શોધી લીધો' એમ કહેનારા ગીતાર્થોની એવી કૂડ કપટવાળી વાતથી માની લઈએ કે- પૂ. હીરસૂરિજી મહારાજ અજાણ રહેવા પામ્યા! પણે તેમની પાટે આવેલા પૂ. વિજયસેનસૂરિજી મહારાજે 'અમદાવાદ' આદિ સ્થળે વાદીઓ સાથે વાદ કરી તેમને પરાભવિત કરવામાં તે પ્રવચનપરીક્ષા ગ્રંથનો જ આધાર શું કામ લીધો? માટે આ કવિરાજને ગપગોળા હાંકવાની ફાવટ સારી આવી ગઈ છે તેવું તેમના લખાણો ઉપરથી જણાય છે.

## ✻ તયરવાડાની માફીપત્ર અંગે ઉભી થતી શંકાઓ ✻

'તયરવાડામાં પૂ. મહો. શ્રી ધર્મસાગરજી ગણિએ માફીપત્ર પણ લખી આપ્યું હતું' એમ જે પ્રચારાય છે તે માફીપત્ર આ પ્રમાણેનું છે.—''સ્વસ્તિશ્રી શાંતિજિનં પ્રણમ્ય! તિરવાડાનગરતઃ પરમગુરુશ્રી વિજયદાનસૂરિસેવી ઉપાધ્યાય ધર્મસાગરગણિ લિખતિ સમસ્તનગર સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા યોગ્યમ્ (૧) આજ પછી અમે પાંચ નિહ્નવ કહઈ! પાંચ નિહ્નવ ન કહીયા હુઈ તે મિચ્છામિદુક્કડં (૨) ઉત્સૂત્ર કંદકુદ્દાલગ્રંથ ન સદહઉં, પૂર્વઈ સદહઉં હુઈ તે મિચ્છામિદુક્કડં (૩) ષટ્પર્વી તથા ચતુઃપર્વી આશ્રી જિમ શ્રી પૂજ્ય આસિ (આદેશ) દેઈ છઈ તે પ્રમાણ (૪) સાત બોલ જિમ ભગવાન આસિ દઈ તે પ્રમાણ (૫) ચતુર્વિધ સંઘની આશાતના કિધી હુઈ તે મિચ્છામિદુક્કડં (૬) આજ પછી પાંચ ચૈત્ય વાંદવાં 'તિરવાડામાંહિ શ્રી પૂજ્ય પરમગુરૂ શ્રી વિજયદાનસૂરિનઈ મિચ્છામિદુક્કડં દીધઈ છઈ સંઘસમક્ષ. એ બોલ આશ્રી જિણઈ ષોટો સદહવઉ હુવઈ તે મિચ્છામિદુક્કડં. દેજ્યો.'' (જૈનયુગ વર્ષ ૫ પેજ ૪૮૩)

(૧)– તયરવાડાના નામે પૂ. મહો.-શ્રીના નામે લખાયેલ આ માફીપત્ર, 'ક્યા સંવત્‌માં? ક્યાં માસે? કઈ તિથિએ' લખાયું તેનો કોઈ નામનિર્દેશ કેમ નથી? તેમજ બીજા-બીજા જે જે પટ્ટકો સત્તરમી સદીમાં બહાર પડ્યા છે તેની નીચે સાક્ષી તરીકે આચાર્યાદિના નામ હોય છે તેમ આ પટ્ટકમાં કેમ નથી?

(૨)– પૂર્વમુનિપ્રણીત એવા 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' ગ્રંથના આધારે પૂ. મહો. શ્રી, જે તત્કાલીન નવા નીકળેલા પાંચ કુમતવાદીઓને 'નિહ્નવ' તરીકે પ્રચારતા હતા, પાંચના ચૈત્યોને અવંદનિક તરીકે ગણાવતા હતા એ બંધી વાતોથી શું ગચ્છનાયક વિજયદાનસૂરિજી મહારાજ અજાણ હતા? ન્હોતા જ. તો પછી જ્યારે સં. ૧૬૧૯માં વીસલપુર નગરમાં ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથને કવિઓના કહેવા પ્રમાણે જલશરણ કરાવ્યો તે જ વખતે પૂ. મહો. શ્રી ધર્મસાગરજી મ.પાસે આ બધી બાબતોનો મિચ્છામિદુક્કડં દેવરાવીને પટ્ટક જાહેર ન કરતાં તે જ સં. ૧૬૧૯ની સાલમાં તિરવાડાનગરે આવીને કેમ કરવું પડ્યું? અને તેવું માફીપત્ર ફરી કેમ લખાવવું પડ્યું?

(૩) સં. ૧૬૧૮ની સાલમાં પૂ. મહો. શ્રી ધર્મસાગરજી મહારાજ, સ્વોપજ્ઞ એવો તત્ત્વતરંગિણી નામનો ગ્રંથ, સંશોધન કરી પ્રચારવા માટે પૂ. ગચ્છનાયકને સુપરત કરે છે અને પંડિતો પાસે-સંશોધન કરાવી જે પૂ. ગચ્છનાયક, વાંચવા-પ્રચારવાની છૂટ પણ આપે છે તે પૂ. ગચ્છનાયકે તે તત્ત્વતરંગિણી ગ્રંથમાં- **'यदाह-उत्सूत्रकंदकुद्दालापरपर्यायगुरुतत्वप्रदीपकारः प्रथमविश्रामे'** એ પંક્તિને શું વાંચી કે સાંભળી નહિ હોય? જો વાંચી કે સાંભળી હોવા છતાં તે ગ્રંથની સાક્ષીને રદ કરવાને બદલે માન્ય રાખે તો પૂ. મહો. શ્રીની પાસેથી 'ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથની સદહના, તેની પ્રરૂપણા આદિ અંગે માફી મગાવે કે તે ગ્રંથને જલશરણ કરાવે' તે વાત કોઈ પણ સુજ્ઞને માન્ય થઈ શકે તેમ નથી. માટે ધર્મસાગરજી મ.નામનું તિરવાડાનું આ માફીપત્ર પણ તે પ્રતિસ્પર્ધી ઉપાધ્યાયવર્ગ તરફથી જ કલ્પિત લખાઈને પ્રચારમાં વહેતું મૂકવામાં આવેલ છે તેમ અમારૂં સુદૃઢ માનવું છે.

## ❋ સં. ૧૬૪૬ના બાર બોલના પટ્ટક અંગે પણ વિચારણા ❋

વિક્રમસંવત્ ૧૬૪૬ની સાલમાં ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી વિજયહીરસૂરિજી મહારાજે પાટણથી આ બાર બોલનો પટ્ટક જાહેર કરેલ છે. તેમાં શરૂઆતમાં **"श्रीविजयदानसूरिगुरुभ्योनमः॥ संवत १६४६वर्षे (पौषा) ऽसित१३शुक्रे पत्तननगरे श्रीपूज्य श्री हीरविजयसूरिभिर्लिख्यते समस्तसाधुसाध्वी-श्रावकश्राविकायोग्यं। श्री विजयदानसूरिप्रसादीकृत सात बोलना अर्थ आश्री विसंवाद टालवानइं काजइं तेहज सात बोलनुं अर्थ विवरीने लिखीइं छइं। तथा बीजाइ पणि केतलाएक बोल लिखिइ छइ॥"** આમ સ્પષ્ટપણે લખીને 'પૂ. ગચ્છાધિપતિ શ્રી વિજયદાનસૂરિજી મહારાજે સં. ૧૬૧૯ના માગશર શુદિ ૧૪ના દિને જે સાત બોલ લખ્યા હતા તેના અંગે થતા વિસંવાદને ટાળવા માટે તે સાત બોલના વિસ્તારથી અર્થ લખવાની' પ્રતિજ્ઞા પૂ. હીરસૂરિજી મહારાજ કરે છે તો પ્રશ્ન એ થાય છે કે–

પૂ. વિજયદાનસૂરિજી મહારાજે ચોથા બોલમાં **'अभिनिवेशमिथ्यात्वीनुं धर्मकरणी सर्वथा अनुमोदवा योग्य नहीं॥४॥** તથા પાંચમાં બોલમાં **'उत्कट उत्सूत्रभाषीनुं धर्मकृत्य अनुमोदवा योग्य नहीं'**॥૫॥ (જે માન્યતા પૂ. મહો. શ્રીની હતી તેને જ પુષ્ટ કરનારા) આ બોલના વિવરણરૂપે પૂ. ગચ્છાધિપતિ આ.શ્રી હીરસૂરિજી મહારાજ લખે છે કે–

"૨–**તથા પરપક્ષીકૃત ધર્મકાર્ય સર્વથા અનુમોદવા યોગ્ય નહીં ઈમ** કુણઈ ન કહિવું. જે માટિં દાનરૂચિપણું, સ્વાભાવિક વિનીતપણું, અકષાયીપણું દયાલુપણું, પ્રિયભાષીપણું, પરોપકારીપણું, ભવ્યપણું, દાષિણ્યાલપણું ઈત્યાદિ જે જે માર્ગાનુસારી ધર્મકર્તવ્ય તે જિનશાસનથકી અનેરા સમસ્ત જીવસંબંધિઆં શાસ્ત્રનઈ અનુસારિ અનુમોદવાયોગ્ય જણાઈ છઈ તુ જૈનપરપક્ષીસંબંધિ માર્ગાનુસારી ધર્મકર્તવ્ય અનુમોદવા યોગ્ય હુઈ એ વાતનું સિઉં કહિવું."

આ પ્રમાણે પૂ. દાનસૂરિજી મ.ના તે ચોથા-પાંચમાં બોલનો વિસ્તરાર્થ, પૂ. હીરસૂરિજી મહારાજે કર્યો છે. આ વિસ્તરાર્થમાં **'અભિનિવેશી મિથ્યાત્વી'** તથા **'ઉત્કટ ઉત્સૂત્રભાષી'**ની વાતની ગંધ પણ છે ખરી? તેનો સુજ્ઞોએ વિચાર કરવો.

આમ છતાં આ 'બાર બોલનો પટ્ટક' બન્યાની વાત તદ્દન સાચી છે; પરંતુ આ 'બાર બોલની વાત સાથે કવિ દર્શનવિજયજીએ કેવાં અડપલાં કરી પોતાના મનમાની વાતોને જનતામાં ઠસાવવા યત્ન કર્યો છે તે પણ સાથોસાથ આપણે જોઈએ.

'પરપક્ષીએ ગ્રહણ કરેલાં દહેરાં, જિનવરનાં બિંબ તે હોળીના રાજા જેવા જાણવા' આ વાત, પૂ. મહો. શ્રીએ પોતાના બનાવેલા 'પ્રવચનપરીક્ષા' ગ્રંથમાં શાસ્ત્રપાઠ તથા યુક્તિ પુરસ્સર વિસ્તારથી જણાવી સિદ્ધ કરી આપી છે. એટલુંજ નહિ પણ મહો. શ્રીનો તે ગ્રંથ, પૂ. હીરસૂરિજી મહારાજે જ ચાર ગીતાર્થોની પાસે સંશોધન કરાવી સર્વત્ર પ્રચારવાની છૂટ આપવા સાથે તે ગ્રંથનું 'પ્રવચનપરીક્ષા' એવું અપરનામ પણ પોતે જ આપેલ છે. આ સ્થિતિમાં તે ગ્રંથમાંની વાતને અપ્રમાણ કરાવવા પોતેજ તૈયાર થાય તે શું સંભવિત છે ખરૂં?

છઠ્ઠા બોલમાં 'સાધુની પ્રતિષ્ઠા' તે પ્રવચનપરીક્ષામાં સિદ્ધ કર્યા પછી દિગંબરાદિ દશ કુમતના સાધુઓને **સાધ્વાભાસ** તરીકે ગણાવવા પૂર્વક તેઓના હાથે પ્રતિષ્ઠિત થયેલી પ્રતિમાઓ સમકિતી આત્માઓને વંદનીક કે પૂજનીક બનતી નથી, એવી પૂ. મહોપાધ્યાયશ્રીની તાત્વિક વાતના પ્રત્યુતરમાં પૂ.આ.શ્રી હીરસૂરિજી મ.ના નામે કવિ દર્શનવિજયજી લખે છે કે—

૧ ''જો ત્હમે ત્હમને જૈન નહિં માનો તો ક્યા દર્શનના માનશો તે બતાવો. કેમકે—દર્શન તો છ જ કહેલાં છે. ત્હેમનો વેષ દેખીને ત્હમે કોના સાધુ કહેશો? ૩ હવે કદાચિત તેમના જિન-તીર્થંકર જુદા ગણતા હો તો તે બતાવો કે-એ જિનનાં અને તેમના માત-પિતાના નામ ક્યા? ત્યારે કહેવું પડશે કે-ત્હેમના અને સ્વપક્ષીના જિન એક જ છે. ૪ અને મતિભેદના લીધે કાંઈ ધર્મનો ઉચ્છેદ થઈ શકે નહિ.'' ઈત્યાદિ.

## ❋ પૂ. હીરસૂ. મ.ના નામે આપેલા ઉત્તર અંગે ક્રમસર ઉપસ્થિત થતા પ્રશ્નો ❋

૧— પહેલી વાતમાં- 'જો તમે ત્હેમને જૈન નહિં માનો તો ક્યા દર્શનમાં માનશો તે બતાવો' આ વાત સામે મારો પ્રશ્ન છે કે—જમાલી આદિ નિહ્નવોને તથા ઉત્સૂત્રભાષીઓને જૈનદર્શનકારોએ પોતાના દર્શનના 'જૈન સાધુ' તરીકે સ્વીકાર્યા છે કે-તે બધાને **'સાધ્વાભાસ'** તરીકે? વ્યવહારથી 'આ જૈનના સાધુ છે' એમ બોલાય ખરૂં; પરંતુ તત્ત્વથી તેઓને જૈનદર્શનના સાધુઓ તરીકે ગણાવાયા છે ખરા?

૨— બીજી વાતમાં- 'તેમનો વેષ દેખીને ત્હમે કોના સાધુ કહેશો?' એ વાત અંગે પણ જમાલિ આદિ નિહ્નવોને, દિગંબરોને કે ઉત્સૂત્રભાષીઓને શું મહાવીરદેવના શાસનના સાધુ તરીકે તેમને ઓળખવવા? નહિં જ. કારણ કે-મહાવીરદેવના વચનોના ઉત્થાપકો અને જુદો મત કાઢી પોતાનો ચોકો માંડનારાઓને 'મહાવીરના સાધુ' તરીકે કેવી રીતે ગણી શકાય? આવશ્યકસૂત્રની વંદનનિર્યુક્તિનો— **''जे पुण जहिच्छालंभं गहाय अण्णेसिं सत्ताणं संसारं नित्थरित्तुकामाणं उम्मग्गं देसयंति तत्थ गाहा-उम्मग्गदेसणाए चरणं-अणुट्ठाणं नासंति जिणवरिदाणं, सम्मत्तं अप्पणो अण्णेसिं च, ते वावण्णदंसणा जणा, ते चरणं न सद्दहंति मोक्सो अ विन्नाए करणे अ भणिओ, अन्नेसिं च मिच्छत्तुप्पायणेण, एवमादिएहिं कारणेहिं वावण्णदंसणा, खलुसद्दो जइवि केई निच्छयविहीए अवावण्णदंसणा तहवि वावण्णदंसणा इव दट्ठव्वा, ते अ दट्ठुंपि न लब्भा, किमंग! पुण संवासो संभुजणा संथवो वा?** આ પાઠ તો તેવાઓને **'અદૃષ્ટવ્યમુખા'** અને **'વ્યાપન્નદર્શન'** વાળા સ્પષ્ટ જણાવે છે કે? જેઓ સમકિતભ્રષ્ટ હોય તેવા વેષધારીને જૈનસાધુ કેવી રીતે ગણાવી શકાય?

૩—ત્રીજી વાતમાં 'જો સ્વપક્ષીય સાધુના પ્રતિષ્ઠિત જિનબિંબોની જેમ નિહ્નવો આદિનાં પ્રતિષ્ઠિત બિંબો પણ વંદનીક અને પૂજનીક બનતા હોય' તો એ જ પૂ. ગચ્છાધિપતિશ્રીએ 'દિગંબરની પ્રતિમા, કેવલ શ્રાવકે પ્રતિષ્ઠિત કરેલી પ્રતિમા અને દ્રવ્યલિંગના દ્રવ્યથી બનેલી પ્રતિમા આ ત્રણ વાંદવાને યોગ્ય નથી.' એવું ફરમાન કેમ બહાર પાડ્યું? શું દિગંબર સાધુઓ અને દ્રવ્યલિંગિ મુનિઓ તમારી માન્યતા મુજબ જૈન દર્શનના સાધુઓ ન્હોતા? શું ઠાણાંગ સૂત્રની ચઉભંગી તેમાં લાગુ પડતી ન્હોતી?

૪– ચોથી વાતમાં-'મતિભેદના લીધે કાંઈ ધર્મનો ઉચ્છેદ થઈ શકે નહિં' એમ બોલનારે કે લખનારે વિચારવું જરૂરી ગણાય કે-'મતિભેદ જો સ્વમાર્ગસ્થાપન રૂપ બનતો હોય તો મૂળ ધર્મમાર્ગનો ઉચ્છેદક, તે મતિભેદ બને કે નહિ? જમાલિ આદિ નિહ્નવો, પ્રભુ મહાવીર દેવના સિદ્ધાંતો અને વચનોને શું ન્હોતા માનતા? તેઓને નિહ્નવો ગણાવવામાં મતિભેદ અને માન્યતાભેદ સિવાય બીજું શું કારણ હતું? મતિભેદ, ક્ષયોપશમજન્ય છે અને તે મતિભેદ જો પ્રભુકથિત સિદ્ધાંતની વિરૂદ્ધનો હોય તો તે મતિભેદથી ધર્મનો ઉચ્છેદ થાય જ! પછી આ પ્રમાણે બચાવ કરવો તે શું યુક્તિયુક્ત ગણાય ખરો?

## * ૧૧મા બોલમાં કવિ દર્શન વિ. ગણિ ની કપટકલાનો નમુનો *

તેવી જ રીતે પૂ. હીરસૂરિપ્રસાદિત ૧૧મા બોલમાં--**'तथा श्रीविजयदानसूरि बहुजनसमक्ष जलशरण कीधुं जे उत्सूत्रकंदकुद्दाल ते तथा तेहमाहिलुं असम्मत अर्थ बीजा कोई शास्त्रमांहि आणिउं हुइ तो ते अर्थ अप्रमाण जाणिवुं।'**= તેવી જ રીતે શ્રી વિજયદાનસૂરિએ બહુજન સમક્ષ (બહુ સંઘસમક્ષની વાત તો જણાવતા જ નથી) જલશરણ કીધો જે ઉત્સૂત્ર કંદકુદ્દાલ ગ્રંથ અને તે ગ્રંથ માહિલું **અસંમત અર્થ** (સંમત અર્થનો નિષેધ કરતા નથી) બીજા કોઈ શાસ્ત્રમાં આણ્યો હોય તો તે **અર્થ** ('તે શાસ્ત્ર અપ્રમાણ' એમ નથી જણાવતા) **અપ્રમાણ** જાણવો' આમ સ્પષ્ટ જણાવે છે. જ્યારે–

વિજયતિલકસૂરિરાસના કર્તા કવિ દર્શનવિજયજી, પોતાના રાસમાં-''હવઈ નિસુણો બોલ ઈગ્યારમો, હીરગુરૂ આણ નિત હઈડઈ રમો; જે ગ્રંથ ઉત્સૂત્રકંદકુદ્દાલ, તે સાંભળતાં ઉઠઈ ઝાલ ॥૨૮૨॥ વિજયદાનસૂરિં તે ભણી, સાગરનઈ કીધા રેવણી; પાણીમાંહિ તે ગ્રંથ બોલીઓ, સંઘ ચતુરવિધ સાથિં કીઓ ॥૨૮૩॥ તેહનું વયણ એક જિહાં હોઈ, અપ્રમાણ વલી ગ્રંથજ સોઈ; એમ જાણી મ કરો તે સંગ, હીર કહઈ ગુરૂવચને રંગ ॥૨૮૪॥ આ ગાથામાં 'ઉત્સૂત્રકંદકુદ્દાલનું અસંમત એવું જે અર્થ, બીજા શાસ્ત્રમાં આણ્યો હોય તો તે **અર્થ અપ્રમાણ જાણવો'** એવા હીરસૂરિના વચનને બદલે 'ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથમાંનો અસંમત એવો જે અર્થ, બીજા કોઈ શાસ્ત્રમાં આણ્યો હોય તો **ગ્રંથ અપ્રમાણ જાણવો'** એમ 'અર્થ' શબ્દને બદલે 'ગ્રંથ' લખી નાખીને આખા ગ્રંથને જ અપ્રમાણ કરી નાખવાની કપટકલા કરેલ છે. જીવંત ગુરૂનાં વચનોને પણ જેઓ આવી રીતે પલટો આપી જુઠ લખી શકે, પ્રચારી શકે તે આત્માઓ કેવા ધૃષ્ટહૃદયના જાણવા? તે સુજ્ઞોએ સમજી લેવું.

**વળી બીજી વાત**--પૂ. મહો. શ્રીધર્મસાગરજી મહારાજે 'તત્ત્વતરંગિણી' ગ્રંથ બનાવેલ હતો. તે 'તત્ત્વતરંગિણી'માં ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથના નામોચ્ચાર પૂર્વક આખુંય **'સભ્યાશંકાવાદનિરાકરણ-પ્રકરણ'** લખેલ હોવા છતાં પૂ. ગચ્છાધિપતિ આ.શ્રી વિજયદાનસૂરિજી મહારાજે પંડિતમુનિઓ પાસે શોધાવી પ્રચારવાની છૂટ આપી હતી. આ વાત પૂ. વિજય હીરસૂરિજી મહારાજના ધ્યાનમાં જ હતી અને તેથી 'ઉત્સૂત્રકંદકુદ્દાલ ગ્રંથમાંનો અસમ્મત અર્થ, જે કોઈ બીજા ગ્રંથમાં હોય ત્યાં તે ગ્રંથ નહિ પણ 'ફક્ત તે અર્થ અપ્રમાણ જાણવો' એમ સ્પષ્ટ લખવા છતાં પૂ. મહો. શ્રીધર્મસાગરજી મહારાજના કરેલા ગ્રંથોને યેનકેનપ્રકારેણ અપ્રમાણ ગણાવવા માટે પૂ. હીરસૂરિજી મહારાજના **'અર્થ અપ્રમાણ જાણવો'** એ પંક્તિને સ્થાને **'ગ્રંથ અપ્રમાણ જાણવો'** લખી નાખવાની ધૃષ્ટતા કવિએ કરેલી છે.

## 'સર્વજ્ઞશતક' ને અપ્રમાણ ગણાવવા માટે કવિ દર્શનવિ.ની કપટકલાનો બીજો પૂરાવો.

પૂ. મહો. શ્રી ધર્મસાગરજી મહારાજે બનાવેલો **'સર્વજ્ઞશતક'** ગ્રંથ, પ્રતિસ્પર્ધી એવા પૂ. મહો. શ્રીસોમવિજયજીગણિના હાથમાં કેવી રીતે અને કેવા સંજોગોમાં આવ્યો? તે અંગેની સત્ય બીના છૂપાવીને કવિશ્રી દર્શન વિજયજી મહારાજ 'વિજયતિલકસૂરિજીરાસ'ની ગાથા ૫૧૬ થી ૫૩૨ સુધીમાં તદ્દન બનાવટી વાત ખડી કરી આ પ્રમાણે જણાવે છે કે–

''આવા પ્રસંગમાં કોઈ એક મુનિએ સોમવિજયજી વાચકના હાથમાં એક પુસ્તક લાવીને મુક્યું. ત્હેને જોઈને વાચકે પૂછ્યું કે–'આ પુસ્તક ત્હમે ક્યાંથી લાવ્યા?' આના જવાબમાં ત્હેણે મૂળથી માંડીને વાત કહી કે–ખંભાતની અંદર જયારે બાદરશાહનો શોર થયો અને સાત દિવસ સુધી ગામ લુંટાયું તે વખતે પુસ્તકનો સંગ્રહ ઘણી મુશ્કેલીથી બચી શક્યો હતો. તે ગામમાં એક ધર્મિષ્ઠ પુરૂષને ઘડપણ આવ્યું હતું અને અંતસમયમાં ત્હેનું અણસણ કરવાનું મન થયું હતું. ત્હેણે ગચ્છનાયક (સેનસૂરિજી)ને વિનંતિ કરીને તપાગચ્છના કોઈપણ સાધુને બોલાવ્યા હતા. ત્યારે શ્રી વિજયસેનસૂરિજીએ મ્હને ત્યાં જવાનો હુકમ કર્યો હતો. મેં ત્યા જઈને આરાધના પૂર્વક પ્રત્યાખ્યાન કરાવી ઉપદેશ આપ્યો. ત્યારે ત્હેણેં સાગ્રહ કહ્યું કે–મ્હારી પાસે એક પુસ્તક છે, કે-જે વાંચવાથી સારૂં જ્ઞાન થાય તેમ છે! મ્હેં કહ્યું કે-'તે પુસ્તક શાનું છે?' ત્હેણેં કહ્યું--'ત્હેનું નામ હું જાણતો નથી. પરંતુ આપ તે લ્યો-ભણો અને ભણાવો.' મ્હને પુસ્તક આપ્યા પછી પણ મ્હેં પૂછ્યું કે–'ત્હમારૂં મન તો ઠેકાણે રહેશે ને?' ત્હેણેં કહ્યું--' મન શું ઠેકાણે રહેશે? આપ સ્વીકારો તો હું મારા આત્માને ધન્ય માનીશ' પુસ્તક લીધા પછી મ્હેં તેને વાંચી જોયું તો તે સાગરનું છે એમ જણાયું. આથી ત્હેને પ્રકટ ન કર્યું અને આજે બધા એકઠા થએલા છો, એ પ્રસંગ જોઈને હું આપને આપું છું.''

''તે પછી સોમવિજયજી વાચકે અવસર ઉપર તે વાત ગુરૂ (ગચ્છનાયક) ને જણાવી અને કહ્યું કે–'એક અપૂર્વ ગ્રંથ હાથમાં આવ્યો છે અને ખાસ વાંચવા જેવો છે.' ગુરૂએ કહ્યું–'ઠીક' એટલે તમામ સાધુઓને એકઠા કરવામાં આવ્યા. જેમાં વિજયદેવસૂરિ, સોમવિજય વાચક, નંદિવિજયવાચક, પં. લાભવિજય, પં. રામવિજય, પં. ચારિત્રવિજય અને પં કીર્ત્તિવિજય વિગેરે પણ હતા. દરેક ધ્યાન દઈને સાંભળવા લાગ્યા. વચમાં **વિજયસેનસૂરિ**એ કહ્યું કે–''આમાં તો ઘણું જ વિપરીત વૃતાંત દેખાય છે. આણે તો ઘણા સિદ્ધાંતો ઉત્થાપ્યા છે. જ્હે પાંચ બોલના મિચ્છામિદુક્કડં દીધા હતા ત્હેને પણ ઉત્થાપતાં લગારે શંકા કરી નથી! અરે! બાર બોલને ઉત્થાપતાં પણ ગુરૂનો ભય રાખ્યો નથી–વધુ શું કહેવું? વિજયદાનસૂરિને મિથ્યાત્વી ઠરાવ્યા, હીરવિજયસૂરિને અનંતસંસારી કહ્યા, તેમ કેટલાક પૂર્વાચાર્યોને પણ અજ્ઞાની કહ્યા અને કેટલાએકોને તો બીલકુલ ઉત્થાપ્યા. ખરેખર આ તો હળાહળ વિષપાન છે. માટે જલદી આ પુસ્તકને પાણીમાં બોળી દ્યો. લગારે વિલંબ ન કરો.''

### * આ કપટી લખાણ અંગે પણ ઉભા થતાં પ્રશ્નો *

૧– બાદશાહે ખંભાતમાં જે સાત દિવસ લૂંટ ચલાવી તે લૂંટ, માલમિલ્કત અંગેની હતી કે

પુસ્તકો અંગેની? જો માલમીલ્કત અંગેની જ હતી તો 'તે વખતે પુસ્તકોનો સંગ્રહ ઘણી મુશ્કેલીથી બચી શક્યો હતો' એવી તર્કટી વાત ઉભી કરવાની રાસકારને શું જરૂર પડી? ૨– જે શ્રાવકને પુસ્તકના નામની પણ ખબર નથી તે શ્રાવકને 'આ પુસ્તક વાંચવાથી સારૂં જ્ઞાન થશે' એ વાતની ખબર કેવી રીતે પડી? ૩–તે શ્રાવક પાસે બીજું કોઈ પુસ્તક ન્હોતું? ફક્ત સર્વજ્ઞશતકની જ પ્રત હતી? કે જેથી આખો જ્ઞાન ભંડાર ન આપતાં ફક્ત આ એક જ પ્રત આપી? ૪–તે પુસ્તક, તે શ્રાવક પાસે ક્યાંથી આવ્યું? ૫–'પુસ્તક સાગરનું છે' એમ જોયા-જાણ્યા પછી તે મુનિએ પૂ. ગચ્છનાયકને કેમ જણાવ્યું નહિ? ૬–'બધા એકઠા થયેલા છો એમ એ પ્રસંગ જોઈને હું આપને આપું છું' એમ બોલનાર મુનિએ તે પુસ્તક, ગચ્છનાયકને નહિ આપતાં પૂ. મહો. શ્રી સોમવિજયજીને જ કેમ આપ્યું? ૭–''વચમાં વિજયસેનસૂરિએ કહ્યું કે–જલદી આ પુસ્તકને પાણીમાં બોળી ઘો. લગારે વિલંબ ન કરો'' ઇત્યાદિ વાતો રાસકારે પૂ. ગચ્છનાયક સેનસૂરિજી મ.ના નામે લખી નાંખવાની જે કપટકલા કરી તેની સાંમે મોટો પ્રશ્ન છે કે—

આગળ જણાવાશે તેમ જે ''પૂ. વિજયસેનસૂરિજી મહારાજે સં. ૧૬૭૧ ની સાલમાં અમદાવાદ હાજાપટેલની પોળમાં ચતુર્વિધ સંઘસમક્ષ સમસ્ત ગીતાર્થો દ્વારા **૧–સર્વજ્ઞશતક, ૨–ધર્મતત્ત્વવિચાર, ૩–પ્રવચનપરીક્ષા, ૪–ઈર્યાવહીકુલક આદિ ગ્રંથોને 'પ્રામાણિક ગ્રંથો' તરીકે જાહેર કરાવીને અમદાવાદ, ખંભાત, પાટણ આદિ જ્ઞાનભંડારોમાં મૂકાવે છે''** તે જ પૂ. ગચ્છનાયક, ૧૬૭૧ ના વૈશાખ સુદિ ત્રીજના રોજ તે જ અમદાવાદમાં પૂ. મહો. શ્રી ધર્મસાગરજીગણિના કરેલા બધા જ ગ્રંથોને અપ્રમાણ જાહેર કરવાનો પટ્ટક બનાવે ખરા? અને રાસકાર જણાવે છે તેવા નાંખી દેવા લાયક વચનો બોલે ખરા? માટે ગચ્છનાયકના નામે પણ ગપ્પા હાંકવાનો ઈજારો આ કવિશ્રીએ લીધો લાગે છે.

ખરી વાત તો આપણને પૂ.પં.શ્રી ભક્તિસાગરજી ગણિએ સં.૧૬૭૨ના ચૈત્રવદિ ૧૪ શુક્રવારે પૂ. મહો. શ્રી સોમવિજયજી મહારાજ ઉપર જે પત્ર લખેલ છે તે પત્ર જણાવે છે કે–'પૂ. મહો. શ્રી સોમવિજયજી ગણિના હાથમાં રાસકારના કહેવા મુજબ કોઈ મુનિએ તે પ્રત લાવીને આપી જ નથી, પણ પં.શ્રી ભક્તિસાગરજી ગણિ પાસેથી બલજબરી કરીને પૂ. મહો. શ્રી સોમવિજયજીએ જ ઉઠાવી લઈને દબાવી રાખી હતી અને પૂ. ગચ્છનાયકશ્રીના પટ્ટકના નામે 'સર્વજ્ઞશતક ગ્રંથને અપ્રમાણ' કરવાનું કાવત્રું કરેલ છે!

## ❋ પૂ. પં. શ્રી ભક્તિસાગરજી ગણિનો પત્ર ❋

॥૬૦॥ પરમગુરૂ ગચ્છાધિરાજ ભટ્ટારક પ્રભુ શ્રી ૬ વિજયસેનસૂરિજી ગુરૂભ્યો નમઃ ॥ ઉ૦ શ્રી સોમવિજયજીગણિ યોગ્યં પં । ભક્તિસાગર. લિખિતં ॥ અપરં તુમ્હે વષાણ મધ્યે ઈમ કહું છું જે એ 'સર્વજ્ઞશતકગ્રંથ' માંહિ શ્રી વિજયદાનસૂરિ શ્રી હીરવિજસૂરિનઈ ગાલિ દીધી છઈ તે અમ્હે કિમ ષમી રહું એહવું કહું છઉં । તે તો શ્રી વિજયદાનસૂરિ શ્રી હીરવિજયસૂરિ જેહવી મહાવીરની પ્રરૂપણા હતી તેહવી જ પ્રરૂપણા કરતા વીરના વચનથી અંશઈ આઘું પાછું ન કહતા, અન્નઈ એ ગ્રંથ મધ્યે

મોટા ર ગણધરદેવ ભદ્રબાહુસ્વામિ હરિભદ્રસૂરિ અભયદેવસૂરિ શ્રી મલયગિરી શ્રી હેમાચાર્ય પ્રમુખ પૂર્વાચાર્યકૃત ગ્રંથની સાષિં છઈ તે માટઈ તે ગ્રંથ મધ્યે શ્રી વિજયદાનસૂરિ શ્રી હીરવિજયસૂરિનઈ સર્વથા ગાલિ નથી દીધી. અનઈ એ ગ્રંથમધ્યે જે પ્રરૂપણા છઈ તેહ થકી તુમ્હારી પ્રરૂપણા વિપરીત છઈ તે માટઈ એ ગ્રંથ ઉપરિ તુમ્હનઈ પૂર્ણ રાગ દ્વેષ છઈ 'તે જાણો છો જે મોટાનઈ શ્રી વિજયદાનસૂરિ શ્રી હીરવિજયસૂરિનિં ગાલિ દીધી એહવું ન કહઈ તો એતલું કરતાં લોક મધ્યે પતીજણું ન થાઈ તે કરવા સારૂં । શ્રી વિજયદાનસૂરિ શ્રી હીરવિજયસૂરિનું નામ વિચાલિં ઘાલો છો તે ભલા માણસનું કામ નહીં ॥ અનઈ એમ કરતાં જો તુમ્હારા ચિત્તમાંહિ ઈમજ આવતું હોઈ । જે 'એ ગ્રંથ તે મધ્યે પુરૂષનઈ ગાલિ છઈ' તો સં. સૂરા, દો૦ પનીઆ, સા૦ ષેતા શ્રીપાલ, સો૦ રામજી પ્રમુખ સંઘસમક્ષ બઈસી આપણ ર નિર્ણય કીજઈ ॥ જો તે મધ્યે શ્રી વિજયદાનસૂરિ શ્રી હીરવિજયસૂરિનઈ ગાલિ છઈ એહવું અમ્હ બઈઠાં સંઘ કહઈ તો અમ્હનઈ જે સંઘ કહવું ઘટઈ તે કહઈ । નહીંતર શ્રી વિજયદાનસૂરિ શ્રી હીરવિજય સૂરિનઈ ગાલિ અણદીધીઈ 'દીધી કહઈ' તેહનઈ શ્રીપૂજ્ય શ્રીઆચાર્યજી તથા સંઘ જેહવું ઘટઈ તિ રૂડીપરિં શિક્ષા દિઈ । તે પ્રીછયો ॥ **તથા એ ગ્રંથની પ્રતિ અમ્હારી નિશ્રાની તુમ્હ પાસઈ છઈ ॥ સંઘ સમક્ષ અમ્હે તુમ્હ પાસઈ માગી તુમ્હે નાપી, જોરાવરીઈં રાષી છઈ.** હવઈ એ ગ્રંથનો અક્ષરમાત્ર પાલટસ્યો તથા એ ગ્રંથની પ્રતિ ઉપરિ તથા તેહના એક અક્ષર ઉપરિ જો પાડઉ નિજર કરસ્યો (હરતાલ મારસ્યો) તો ચોવીસ તીર્થંકરની તથા સંઘની । તથા શ્રી હીરવિજયસૂરિ. શ્રી વિજયસેનસૂરિની, શ્રી વિજયદેવસૂરિ આજ્ઞા છઈ તે પ્રીછયો ॥ ઈતિ મંગલં ॥ **સંવત ૧૬૭૨ વર્ષે ચૈત્ર વદિ ૧૪ ભૃગુવારે ॥** શુભં ભવતુ ॥''

પૂ. પં.શ્રી ભક્તિસાગરજીગણિના આ પત્રમાં **'તથા એ ગ્રંથની પ્રતિ અમારી નિશ્રાની તમારી પાસે છે. સંઘ સમક્ષ અમે તમારી પાસે માગી (પણ) તમે આપી નથી. જોરજુલમ કરી રાખી છે.'** એમ સ્પષ્ટ જણાવે છે. આ સત્ય બનેલ બીનાને છાવરવા માટે જ રાસકારને એક મુનિના નામે ખોટી ઈમારત ચણીને ખોટો ઈતિહાસ ખડો કરવાની કપટકલા જ કરવી પડી છે.

૧—'વીરવંશાવલી અથવા તપગચ્છપટ્ટાવલી' આ પ્રતના કર્તાનું નામ કે રચ્યાનો સંવત જણાવેલ નથી, પરંતુ ઈતિહાસજ્ઞ જિનવિજયજીએ જણાવેલ છે કે—'આ પટ્ટાવલીનો કર્તા કોઈ આણસૂરગચ્છનો અનુયાયી યતિ જણાય છે. કારણ કે-પટ્ટાવલીમાં વિજયસેનસૂરિ પછીની જે પરંપરા આપેલી છે તે તે જ ગચ્છની છે, આ પટ્ટાવલીમાં નિમ્નોક્ત લખાણ છે કે—

''તત્પટ્ટે શ્રીવિજયસેનસૂરિ, જન્મ સં. ૧૬૦૪, દીક્ષા સં. ૧૬૧૩, પં. પદ સં. ૧૬૨૬, ગચ્છનાયક સં. ૧૬૪૬ ××× એહવઈ **સં. ૧૬૭૧ વર્ષે અહિમ્મદાવાદીનગરઈ હાજાપાટણિ** ચતુરવિધિ સંઘસાક્ષી ઉ. ધર્મસાગરઈ (નેમિસાગરઈ) પાંચ બોલનો મિથ્યાદુઃકૃત દીધો । પુનઃ શ્રી સૂરિની આજ્ઞા લહી સમસ્ત ગીતાર્થ મિલિ સર્વજ્ઞશતક ૧, ધર્મતત્ત્વવિચાર ૨, પ્રવચનપરીક્ષા ૩, ઈરિયાવહીકુલક ૪, પ્રમુખ ગ્રંથ.....જ્ઞાનકોશિ અહમ્મદાવાદિ, ખંભાયતિ, પાટણી, ગંધારી પ્રમુખ નગરઈ થાપ્યા । વિ. સં. ૧૬૬૯ પત્તનિ ઉ. સોમવિજયને સાગરઆશ્રિ વાંતસૂરિને (વકારાંત એટલે વિજયદેવસૂરિની) સંઘાતઈ

વિરોધ હૂઓ । સં. ૧૬૭૧વર્ષે ખંભાયતિ પાસે નાયરગામિ શ્રી વિજય સેનસૂરિ સ્વર્ગ હૂયા ।૬। તત્પટ્ટે વિજયતિલકસૂરિ+++૬૧-તત્પટ્ટે વિજયાનંદસૂરિ ।''

૨—વિવિધગચ્છપટ્ટાવલી સંગ્રહ પેજ ૨૨૪—''આ પછી આ. વિજયસેનસૂરિવરે ૧—સર્વજ્ઞશતક, ૨— ધર્મતત્ત્વવિચાર, ૩— પ્રવચનપરીક્ષા, અને ૪— ઈરિયાવહિયાકુલક વગેરે ગ્રંથોને **ગચ્છના ગીતાર્થ મુનિવરોની સંમતિથી પ્રામાણિક ગ્રંથો તરીકે જાહેર કર્યા.** અને અમદાવાદ, ખંભાત, પાટણ તથા ગંધાર વગેરે સ્થાનોના સંઘભંડારોમાં તે તે ગ્રંથો રખાવ્યા.'' (જૈનપરં૦ ઈતિહાસ ભા-૩ પૃ-૭૨૭)

૩—પંડિત દેવવિજયજી ગણિના શિષ્ય પંડિત જિનવિ. ગણિ કૃતા—'સાગરગચ્છીયા' પટ્ટાવલીના અંતે ઉલ્લેખ છે કે—''તત્પટ્ટે શ્રી રાજસાગરસૂરીશ્વર ૬૨, ૧૬૨૮ ફાગણ શુદિ ૨ શનિવાર જન્મ, ઓસવાલજ્ઞાતિય સા. દેવીદાસપિતા—કોડિમદે માતા—સિંહપુરગ્રામ—સંવત્ ૧૬૫૧ વર્ષે દીક્ષા, **સંવત્ ૧૬૭૨ વર્ષે બોલ ૫ ની ચર્ચા ચાલી. 'સર્વજ્ઞશતક' ગ્રંથ સાચો કીધો ।"**

૪—જો 'સર્વજ્ઞશતક' પ્રવચનપરીક્ષા આદિને અપ્રમાણ જાહેર કર્યા' એ વાતવાળો સં.૧૬૭૧નો પટ્ટક સાચો જ હોત તો 'પૂ. આ.શ્રી વિજયસેનસૂરિજી મહારાજે સં. ૧૬૪૨માં પાટણની રાજસભામાં અને સં. ૧૬૪૩માં પોતાના વિદ્વાન શિષ્યોદ્વારા અમદાવાદ મુકામે ખરતરોનો પરાભવ તે જ **'પ્રવચનપરીક્ષા'** ગ્રંથના આધારે જ કરેલ હતો તે બને ખરૂં? એટલું જ નહિ પણ મુસલમાન સુબાએ આપેલ રાજસામગ્રી સહિત હાથીની અંબાડીમાં પ્રવચનપરીક્ષા ગ્રંથને પધરાવીને દબદબા ભર્યો વરઘોડો ચઢાવેલ હતો!! આવી રીતનું બહુમાન કરેલા ગ્રંથને અને અમદાવાદ હાજાપાટણની પોળમાં સં. ૧૬૭૧ ની સાલમાં જ સર્વગીતાર્થોની સમક્ષ સર્વજ્ઞશતકાદિ ગ્રંથોને **'પ્રમાણભૂત ગ્રંથો'** તરીકે જે સેનસૂરિ મહારાજે જાહેર કર્યા તેને જ અપ્રમાણ તરીકે તે–જ આચાર્યશ્રી જાહેર કરે ખરા? માટે તે ૪૫ સહીવાળો સં. ૧૬૭૧ વૈ. શુ. ત્રીજના રોજ 'સર્વજ્ઞશતક ગ્રંથને અપ્રમાણ' ગણાવનારો પટ્ટક તદ્દન તર્કટી ઉભો કર્યો હોય તેમ સ્પષ્ટ સમજાય છે.

## ❀ પરિણામે છંછેડાયેલા પ્રતિસ્પર્ધી ઉપાધ્યાયોનું પરાક્રમ ❀

પૂ. ગચ્છનાયક આ.શ્રી વિજયસેન સૂરિજી મહારાજે ૧૬૭૧ ના વર્ષે અમદાવાદ મુકામે મુનિસંમેલન એકઠું કરીને પૂ. મહો. શ્રીધર્મસાગરજી મ.ના તે તે ટંકશાળી ગ્રંથોને પ્રામાણિક ઠરાવીને અને તેની નકલો લખાવીને અમદાવાદ, ખંભાત, આદિ જ્ઞાનભંડારોમાં પણ મૂકાવવાનું જે પગલું ભરેલ તેનાથી છંછેડાયેલા એવા તે પ્રતિસ્પર્ધી ઉપાધ્યાય જૂથના મોવડી પૂ. મહો. શ્રી સોમ વિ., પૂ. મહો૦ શ્રી મેઘ વિ., પૂ. મહો૦ શ્રી ભાનુચંદગણિ, પૂ. મહો. શ્રી નંદિવિ., પૂ. મહો. શ્રી વિજયરાજજી, પૂ. મહો. શ્રી ધર્મ વિ. આદિએ સં. ૧૬૭૨ના વૈશાખ ૧૩ના રોજ પોતાની સહીઓ સાથેના પત્રો ગામોગામના સંઘો ઉપર તેમજ વર્તમાન પૂ. ગચ્છાધિપતિ શ્રી વિજય દેવસૂરિજી મહારાજ ઉપર પણ મોકલાવેલ. તે પત્રમાં આ પ્રમાણે લખાણ હતું કે—

''હીરવિજયસૂરિજીની સમક્ષ ઘણાં જ ગામોના સંઘોની રૂબરૂમાં બાર બોલ અને બીજી

કેટલીએક શાસ્ત્રવિરૂદ્ધ કરેલી પ્રરૂપણાઓ માટે સાગરે માફી માંગી મિચ્છામિદુક્કડં દીધો હતો. ત્હેનો અપલાપ કરીને પાછો સાગરે **'સર્વજ્ઞશતક'** ગ્રંથ બનાવ્યો હતો. તે પણ શાસ્ત્રવિરૂદ્ધ હોવાથી વિજયસેનસૂરિએ ત્હેમને દૂર કર્યા અને સર્વજ્ઞશતક ગ્રંથને અપ્રમાણ કર્યો તે સૌ કોઈ જાણે જ છે. માટે જહે કોઈ તે ગ્રંથને વાંચશે, વંચાવશે તેને ગુરૂની આણાબહાર ગણવામાં આવશે. વળી તે ગ્રંથના લીધે સાગરોને પણ દૂર કર્યા છે માટે તેઓને પણ કોઈએ આદર આપવો નહિ, અને જહે કોઈ તેઓની સાથે આહાર-પાણી કરશે અથવા કોઈ જાતનો વ્યવહાર રાખશે તે પણ ગચ્છથી અલગા જ સમજવામાં આવશે. **વિજયદેવસૂરિએ તે સાગરોને ગ્રહણ કર્યા છે માટે તેમને પણ ગચ્છથી બહાર કરવામાં આવે છે..."** ઈત્યાદિ. *(વિજયતિલકસૂરિ રાસ પૃ. ૬૨)*

કવિ દર્શનવિ.ની આ વાત અંગે પણ શંકા ઉઠાવતા મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજ, પોતાના **'નિરીક્ષણ'** શીર્ષક લેખમાં લખે છે કે-"અહિં એક વિચારવા જેવી બાબત ઉભી થાય છે. આપણે પહેલાં જોઈ ગયા છીએ કે-વિજયસેનસૂરિએ સં. ૧૬૭૨ના જેઠવદિ ૧૧ના દિવસે કાળ કર્યો હતો. જયારે રાસકાર લખે છે કે-'ચાર ઉપાધ્યાયોએ સં. ૧૬૭૨ના વૈશાખ સુદિ ૧૩ના દિવસે વિજયદેવસૂરિ સાથેનો સંબંધ બંધ કર્યાના દરેક ગામે પત્રો લખ્યો' એ કેમ બની શકે? **વૈશાખ મહીનામાં વિજયસેનસૂરિ વિદ્યમાન હતા, તે વખતે ચાર ઉપાધ્યાયો તેવી રીતનો ઠરાવ કરે અને પત્રો લખે એ સંભવિત જણાતું નથી.** બનવા જોગ છે કે-'કદાચ રાસકારે મહીનો લખવામાં ભૂલ કરી હોય.' અસ્તુ" (વિદ્યાવિ. મ.નો આ બચાવ લુલો છે અને રાસકાર પ્રતિ પક્ષપાતને જણાવનાર છે.)

## ❋ સં. ૧૬૭૩ની સાલનો જહાંગીર બાદશાહની સભાનો સત્ય ઈતિહાસ ❋

આ પ્રમાણે પૂ.આ.શ્રી વિજયસેનસૂરિજી મ.શ્રીની પાટે આવેલા પૂ. વિજયદેવસૂરિજી મ.ને રાસકારના કથન મુજબ 'સાગરસમુદાય' તરફી હોવાના કારણે તેમને ગચ્છાધિપતિ પદેથી દૂર કરી દેવાની કાર્યવાહીના એક ભાગરૂપે આ પ્રમાણેના પત્રો લખ્યા પછી સં. ૧૬૭૩ની સાલમાં શીરોહી મુકામે **પોલીસનો સખત બંદોબસ્ત રાખવાપૂર્વક** પોતાના ગચ્છનાયક તરીકે 'વિજયતિલકસૂરિ' ને સ્થાપવાનું નિર્લજ્જ પગલું પણ ભરીને તે ઉપાધ્યાય જૂથના મોવડી અને માથાભારી એવા પૂ. મહો. શ્રીસોમવિજયજી મહારાજે "કાયમને માટે સાગરસમુદાય, તેમના રચેલા ગ્રંથો અને તેમના પક્ષકાર બનેલા વર્તમાતગચ્છાધિપતિ પૂ.આ.શ્રી વિજયદેવસૂરિજી મહારાજ પણ અપમાનિત થાય અને ગ્રંથો 'અપ્રમાણ' તરીકે જાહેર થાય" તે માટે પૂ. મહો. શ્રીભાનુચંદ્રગણિ અને શ્રી સિદ્ધિચંદ્રગણિને શણગારીને જહાંગીર બાદશાહ પાસે મોકલ્યા. તેઓમાંથી પૂ. મહો. શ્રી સિદ્ધિચંદ્રગણિએ પોતાનાથી આવર્જાયેલા બાદશાહ પાસે ફરીયાદ તરીકે—"પૂ. હીરસૂરિજી મહારાજની પાટે આવેલા પૂ. વિજયસેનસૂરિજી મહારાજે વિજયદેવસૂરિજીને પોતાની પાટે સ્થાપેલા છે પણ તે દેવસૂરિ, ગુરૂ મ.ના વચનોના લોપી હોઈને બહુ કલેશ કરતાં હોવાથી સાધુઓએ નવા આચાર્ય સ્થાપ્યા છે તો તેઓ હીરગુરૂના વચનો લોપતા અટકે તેવો આપ બંદોબસ્ત કરો. વળી સાગરોએ 'સર્વજ્ઞશતક' નામનો ગ્રંથ બનાવી તેમાં જગદ્ગુરુને અને તેમના વારસદાર પૂ. સેનસૂરિજી મ.ને ભાંડ્યા છે. તે ગ્રંથમાં ઘણી ઘણી

ઉંધી વાતો લખી છે અને તેવી વાતો લખનાર સાગરનો પક્ષ વિજયદેવસૂરિજી કરે છે માટે કલેશના મૂળરૂપ તે ગ્રંથને આપ હજુર અપ્રમાણિત તરીકે જાહેર કરો.''

આ વાત સાંભળી છંછેડાએલા જહાંગીર બાદશાહે ખંભાત પૂ.આ.શ્રીદેવસૂરિજી મ. ઉપર તથા રાધનપુર ચોમાસુ રહેલાં પૂ. મહો. શ્રીનેમિસાગરજી ગણિ ઉપર ભરચોમાસે તાકીદે માંડવગઢ આવી પહોંચવા માટેના ફરમાનો રવાના કર્યા! આ ફરમાનોના કારણે ભરચોમાસામાં બંને પૂજ્યો માંડવગઢ આવી પહોંચ્યા! પૂ. મહો. શ્રી નેમિસાગરજી મ.ની સાથે વીરસાગર, ભક્તિસાગર, કુશલસાગર, પ્રેમસાગર, શુભસાગર, શ્રીસાગર, શાંતિસાગર, ગુણસાગર આદિ મુનિપંડિતો પણ હતા.

માંડવગઢ પહોંચ્યા પછી જહાંગીર બાદશાહની સભામાં 'સર્વજ્ઞશતક' ગ્રંથને અપ્રમાણ કરવાને માટે બંને પક્ષે ચર્ચા ચાલી. તેમાં ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી વિજયદેવસૂરિજી મહારાજે તથા પૂ. મહો. શ્રી નેમિસાગરજી મહારાજે પ્રતિસ્પર્ધી ઉપાધ્યાયજૂથના એકે એક પ્રશ્નોનું યુક્તિપુરસ્સર ખંડન કરવાપૂર્વક સર્વજ્ઞશતક ગ્રંથને જહાંગીર બાદશાહના જ હાથે 'પ્રામાણિક ગ્રંથ' તરીકે ઠરાવરાવ્યો! અને પૂ.આ.શ્રી વિજયદેવસૂરિને **'સવાઈમહાતપા, જહાંગીરમહાતપા'**નું અને પૂ. મહો. શ્રી નેમિસાગરજી ગણિને **'જગજીપક'**નું બિરૂદ જહાંગીરે આપ્યું! એટલું જ નહિ પણ 'પટ્ટાવલીસમુચ્ચય' ભા. ૧ના પૃ.૮૩ના-**''स्वपक्षीयै; परैः (प्रतिस्पर्धी उपाध्यायैः) किंचिद् व्युद्ग्राहितोपि शाहिस्तदा तत्पुण्यप्रकर्षेण हर्षितः सन् श्रीहीरसूरीणां विजयसेनसूरीणां च एते** (વિજયદેવસૂરયઃ) **एव पट्टधराः सर्वाधिपत्यभाजो भवन्तु, नापरः** (વિજયતિલકસૂર્યાદિઃ) **कोऽपि कूपमंडूकप्रायः** અર્થાત્ 'સ્વપક્ષીય એવા ઉપાધ્યાયજૂથ દ્વારા જહાંગીર બાદશાહ કાંઈક વ્યુદ્ગ્રાહિત બનેલા હોવા છતાં પણ પૂ. ગચ્છાધિપતિના પુણ્યપ્રકર્ષથી હર્ષિત થયો સતો 'શ્રી હીરવિજયસૂરિ અને શ્રી વિજયસેનસૂરિજીના સમુદાયના પટ્ટધર શ્રી વિજયદેવસૂરિજી જ છે અને સર્વમુનિઓના આધિપત્યને ભોગવવાવાળા થાઓ. બાકી કૂવાના દેડકા સમાન તિલકસૂરિ આદિ કોઈપણ નહિ' એ પ્રમાણેનો સ્પષ્ટ ચૂકાદો આપવા પૂર્વક **'इत्यादि भूयः प्रशंसां सृजन् 'जहांगीरी महातपा' विरुदं दत्तवान्, अनुज्ञापितवांश्च तपागच्छश्रावकेन्द्रचंद्रपालादीन् 'यदस्मदीयदक्षिणीमहावाद्यपूर्वकं गुरून्** (વિજયદેવસૂરીન્) **स्वाश्रयं प्रेषयंतु तथा युष्मद्गुरून् वयमपि गवाक्षस्था निरीक्ष्य हृष्टा भवामः'। इत्यादिवचनोत्साहितैस्ते राजमान्यसंघैर्दाक्षिणात्यमालवीसंघैश्च तथा महोत्सवाः कृता यथा तपगणसंघमुखे पूर्णिमावतीर्णा, अन्येषां च गुरुद्विषां** (મહો૦ શ્રી સોમવિ. આદિ ઉપાધ્યાયાનાં) **मुखेऽमावास्येति। किं बहुना? यथा पुराकब्बरेण श्री हीरसूरयस्ततोप्याधिक्येन श्रीविजयदेवसूरयः शाहिजहांगीरेण सन्मानिता इति।''** ઉલ્લેખાનુસાર જહાંગીર બાદશાની સભામાં 'સર્વજ્ઞશતક' ગ્રંથને પ્રામાણિક ઠરાવવા પૂર્વક વાજતે ગાજતે માંડવગઢના ઉપાશ્રયે પૂ.આ.શ્રીદેવસૂરિજી મહારાજ તથા પૂ. મહો. શ્રી નેમિસાગરજીગણિ પધાર્યા! અને મહો. શ્રી સિદ્ધિચંદ્રગણિ, તિલકસૂરિ આદિ ઉપાધ્યાયવર્ગ શ્યામમુખવાળા બનવા પામ્યા હતા!

આ સર્વ સત્ય ઈતિહાસને દાબી દેવા સારૂં જ કપટકળાકુશળ કવિ શ્રી દર્શનવિજયજીએ પોતે બનાવેલા 'વિજયતિલક સૂરિરાસ'માં ''બરહાનપુરમાં સાગરોનું તોફાની વલણાદિની વાતો ઉપજાવવાનું, સર્વજ્ઞશતક પ્રમાણ કર્યાની વાત જ ઉડાડી દેવાનું અને પોતાના ઉપાધ્યાયવર્ગનો જ જયજયકાર થયો

હોવાનું, સાગરો અપમાનિત થયા હોવાનું લખાણ પદ્ધતિસર ગોઠવી દેવાનું નાટક કરેલ છે.'' આમ પૂ. મહો. શ્રી ધર્મસાગરજી મ. પ્રતિની ઇર્ષ્યાભાવ અને તેજોદ્વેષને લઈને પ્રતિસ્પર્ધી બનેલા ઉપાધ્યાયવર્ગે અને તેના અગ્રેસર એવા પૂ. મહો. શ્રી સોમવિ. આદિએ પૂ. મહો.શ્રીને, તેમના ગ્રંથોને, તેમના પરિવારને અને વર્ત્તમાન દેવસૂરતપગચ્છસંઘના નાયક એવા પૂ.આ.શ્રી વિજયદેવસૂરીજી મ.ને પણ પરાભવિત કરવા, અપમાનિત કરવા, પરેશાન કરવા માટે જે જે શક્ય હતા તેટલા બધા જ પ્રયત્નો કરવામાં કમીના રાખી નથી જ! આમ છતાં તત્કાલીન પૂ. ગચ્છનાયકોએ તે પ્રતિસ્પર્ધી જૂથના આક્રમક વલણોનો સામનો કરવાપૂર્વક પૂ. મહો.શ્રીને, તેમના ગ્રંથોને ગૌરવપદથી અંકિત કર્યા જ હતા. એ પણ નિર્વિવાદ હકીકત છે.

આ સત્ય ઈતિહાસને છાવરી દેવા માટે મહો. શ્રી ભાવવિ. ગણિ, મહો. શ્રી વિનયવિ. ગણિ, મહો. શ્રી રત્નચંદ્રગણિ, મહો. શ્રી ભાનુચંદ્રગણિ, મહો. શ્રી સિદ્ધિચંદ્રગણિ, મહો. શ્રી મેઘવિ. ગણિ, મહો. શ્રી યશોવિજયજી ગણિ–આદિ વિદ્વદ્વર્યોએ પોતપોતાની બનાવેલી કૃતિઓમાં ઓછું આક્રમણ કર્યું નથી અને પોતાના કૂટ કારસ્થાનોને પણ સત્ય ઈતિહાસરૂપે ઝળકાવવામાં પાછી પાની કરી હોય તેમ જણાતું નથી. અને તેથી જ મારે દરેકના ઈતિહાસો અને ગ્રંથોના દોહન કરવાપૂર્વક વિક્રમની સત્તરમી સદીનો આ સત્ય ઈતિહાસ, 'પૂ. મહામહોપાધ્યાયશ્રી ધર્મસાગરજીગણિ જીવનઝરમરની સંક્ષિપ્ત અનુપૂર્તિ'રૂપે લખી વિદ્વાન જૈનજગત સમક્ષ મૂકવાની પરિસ્થિતિમાં મૂકાવું પડેલ છે.

આ સંક્ષિપ્ત અનુપૂર્તિ વાંચ્યા બાદ વિદ્વાનોને પ્રતીતિ થશે કે–''પ્રકાંડપંડિત, શાસનસ્તંભ, વાદવિજેતા એવા પૂ. મહોપાધ્યાયશ્રી ધર્મસાગરજી મહારાજે સ્વસમુદાયના પીઠબળ વગર એકલે હાથે ખરતર, દિગંબર, પાશચંદ્ર, આંચલિક, પૂનમીઆ, ત્રિસ્તુતિક આદિ દશેય કુમતોનો શાસ્ત્રાધારો, યુક્તિઓ આદિ આપવા પૂર્વક સજ્જડ પ્રતીકાર કરીને ખરતરાદિનો પરાભવ કરેલ અને જેના આધારે પૂ. વિજયસેનસૂરિજી મહારાજે અને તેમના શિષ્યોએ પણ રાજસભામાં જાહેર વાદો કરીને તેઓને પરાભવિત કરેલા હતા તે આ **'પ્રવચનપરીક્ષા'** ગ્રંથનો ગૂર્જર અનુવાદ અને તેમાંની વાદીઓની સામેની યુક્તિ પ્રયુક્તિઓ જાણ્યા પછી આજે પણ વિદ્વાનો તે ટંકશાળી ગ્રંથના આધારે વિના રોકટોકે કુમતવાદીઓનો પરાભવ કરી શકે તેમ છે.' આવું શાસનના અંતસુધી શાસનરક્ષાનું ભગીરથકાર્ય કરનાર એ પ્રવચનપરીક્ષાદિ ગ્રંથો અને તેમના સર્જનહાર પૂ. મહો. શ્રી ધર્મસાગરજી મહારાજનો શ્રી જૈન સંઘ સદાય ઋણી રહેશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. અને મને તે શાસનસંરક્ષણક મહાપુરુષના આ ગ્રંથનો તેમ જ અકાટ્ય દલીલોથી સભર એવા તે મહાપુરુષની 'ઇર્યાપથિકી ષટ્ત્રિંશિકા, વ્યાખ્યાનવિધિશતક, પર્યુષણાદશશતક, ઉત્સૂત્રપદોદ્‌ઘાટન કુલક આદિ ગ્રંથોના પણ અનુવાદ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તે મારું મહાપુણ્ય માનું છું-આ ગ્રંથોના અનુવાદો પણ ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરવાની ભાવના રાખું છું. માતા પદ્માવતીની કૃપાથી તે ભાવના પણ શીઘ્ર પૂર્ણ થાઓ એમ ઇચ્છું છું.

પ્રાંતે આ સત્તરમી સદીના સત્ય ઈતિહાસને જાણવાની જિજ્ઞાસાવાળા મહાનુભાવોને

''પૂ.શાસન કંટકોદ્ધારક સ્વ. આ. ભગવંતશ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજાએ અત્યંત પરિશ્રમ ઉઠાવીને રચેલા 'કુમતાહિવિષજાંગુલીમંત્રતિમિરતરણિ' તથા 'પ્રાચીન—અર્વાચીન ઈતિહાસોની સમીક્ષા' નામના ગ્રંથરત્ન તથા તત્ત્વતરંગિણીનો ઝીણવટથી અભ્યાસ કરે'' તેમ જણાવી આ અનુપૂર્તિનું સંક્ષિપ્ત લખાણ પૂર્ણ કરૂં છું ॥**जयंतु श्रीविजयदेवसूरयः, शास्त्र—समाचारी रक्षणोद्यताः श्री सागरमहर्षयश्च॥श्रीरस्तु॥**

❀ ❀ ❀

## વાંચકોને વિજ્ઞપ્તિ

મહાશયો! શ્રી જિનેશ્વર ભગવંત પ્રરૂપિત પદાર્થોની પ્રતીતિ માટે આ 'પ્રવચન પરીક્ષા' ગ્રન્થ, આદિથી સમાપ્તિ સુધી જોવા જેવો છે. અતથ્ય પદાર્થોની પ્રતીતિમાં 'જૈન' નામ ધરવા માત્રથી કોઈનું કયારેય મોક્ષમાર્ગનું આરાધન થયું નથી અને થાતું પણ નથી. અને એથી જ શ્રી ઉમાસ્વાતિ વાચકપ્રવરે '**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं**' અને શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે '**तत्तत्थसद्दहाणं**' કહેલ છે અને તેવી જ ઉત્તરાધ્યન સૂત્રમાં પણ '**तहियाणं तु भावाणं**' એમ કહીને નિર્બાધરીતે સમ્યકૃત્વનું લક્ષણ 'પદાર્થોની યથાર્થપ્રતીતિ'રૂપે નિર્ધારિત કરેલ છે. તેથી પક્ષમમત્વ કે પક્ષાગ્રહને છોડી દઈને સમ્યકૃત્વની ઈચ્છાવાળા આત્માઓએ યથાસ્થિત એવા તત્ત્વની જ શ્રદ્ધા રાખવી જરૂરી છે.

યથાસ્થિત તત્ત્વની શ્રદ્ધા, પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષની વાતોનું શ્રવણ અને મનન કર્યા સિવાય કયારેય પણ થતી નથી. પુસ્તકારોહણકાળની પૂર્વે ઉત્પન્ન થએલા એવા પ્રવચનવિડંબક આત્માઓના મતોનું નિરસન તો સૂત્રકાર, નિર્યુક્તિકાર તથા ભાષ્યકાર આદિ મહાત્માઓએ વિસ્તારથી કરેલ છે; પરંતુ આગમ પુસ્તકારૂઢ થયા પછી જૈનશાસનનો પરાભવ કરવાની બુદ્ધિવાળા અને સત્તાવાળા એવા જે સાંપ્રતકાલીન પ્રવચનવિડંબક આત્માઓનું યથાયોગ્યપણે સંપૂર્ણતયા નિરસન તો આ પ્રવચન પરીક્ષા-ગ્રંથમાં જ છે તેથી કરીને હે બુદ્ધિશાળી આત્માઓ! વિવેકની વૃદ્ધિ માટે આ ગ્રંથનું વિલોકન કરશો.

ધર્મ પરીક્ષાના અવસરે જેવી રીતે વ્યુદ્ગ્રાહિત આત્માઓને કલ્યાણના અંશની પણ પ્રાપ્તિ થતી નથી, તેવી રીતે યથાર્થ એવા આપ્ત મહાપુરુષોના વચનના વિવેક અવસરે પણ પરીક્ષા કરનાર આત્માને વિષે દ્વેષનો અંશ પણ રાખનારા તત્ત્વજિજ્ઞાસુઓને પણ કલ્યાણના અંશની ય પ્રાપ્તિ થતી નથી. માટે પરીક્ષા કરનાર આત્મા પ્રતિના તે દ્વેષભાવને છોડીને નિરીક્ષણ કરવામાં પ્રવિણ એવા સમીક્ષકો 'વીતરાગ ભગવાનના વચનાનુસારે જ બોલનારા એવા આત્માના આ ગ્રંથને યથાર્થ રીતે જુવો. આ ગ્રંથની મહત્તા પીછાણવાની ઈચ્છા થતી હોય તો શ્રી સિદ્ધચક્રપાક્ષિકમાં તેમજ જુદો મુદ્રિત કરેલ 'પ્રવચનપરીક્ષાની મહત્તા'એ નામનો નિબંધ જોવો. તે નિબંધ અને આ પ્રવચન પરીક્ષા ગ્રંથમાંના યથાર્થ તત્ત્વની પ્રતીતિમાં પરાયણ સજ્જનો બનો એવી અભિલાષાપૂર્વક આ ગ્રંથ વાંચવાની અભ્યર્થના કરવામાં આવે છે.

જામનગર (૧૯૯૩) *આનંદસાગર*
વૈશાખ શુદિ ત્રીજ

## મારી એક નમ્ર વિજ્ઞપ્તિ

પૂ. મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર્યશ્રીના આ સ્વોપજ્ઞ 'પ્રવચન પરીક્ષા' ગ્રંથનું બે ભાગમાં મુદ્રણ કરાવતાં—પ. પૂ. ધ્યાનસ્થસ્વર્ગત, શાસનસમ્રાટ, આગમ-દિવાકર, આગમોદ્ધારક, બહુશ્રુત પૂ. આનંદસાગરસૂરીશ્વરજી મહારાજે વિક્રમ સંવત ૧૯૯૩માં 'વાંચકોને આ ગ્રંથ વાંચવા માટે જે વિજ્ઞપ્તિ' કરેલ તે ખાસ મનનપૂર્વક વાંચવા જેવી છે અને તે 'વિજ્ઞપ્તિ'ના લખાણને હરપળે લક્ષ્યમાં રાખી એ પ્રવચનપરીક્ષા સટીક ગ્રંથનું અને તે ગ્રંથનો મારા દ્વારા થએલા અનુવાદને વાંચે અને તેમાંની અકાટ્ય એવી યુક્તિ-પ્રયુક્તિઓને ધ્યાનમાં રાખીને નવા-નવા ઉભા થતાં કુવાદો અને તેવા કુવાદીઓને પરાભવિત કરી આરાધકો મહાવીરશાસનની શાન બઢાવે એટલું જણાવી પૂ. આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરિજી મહારાજ લિખિત વિજ્ઞપ્તિ આ નીચે રજુ કરું છું.

*નરેન્દ્રસાગરસૂરિ*

## वाचकेभ्यो विज्ञप्ति

महाशया! विलोकनीयोऽयमासमाप्तेः श्री जिनप्रणीतपदार्थानां प्रतीत्यर्थं। नह्यतथ्यपदार्थप्रतीतौ जैननामधरणमात्रेण मोक्षमार्गाराधनं कस्यापि कदापि जायते जातं वा। अत एव श्रीउमास्वातिभिः 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं,' श्रीहरिभद्रसूरिभिश्च, 'तत्तत्थसद्दहाणं', श्रीउत्तराध्ययनेष्वपि 'तहियाणां तु भावाणं' इत्याद्युक्त्वा निर्बाधं निर्धारितं सम्यक्त्वस्य लक्षणं पदार्थानां यथार्थप्रतीतिरूपं॥ ततो विहाय पक्षपरिग्रहाग्रहं यथास्थितमेव तत्त्वं श्रद्धेयं सम्यक्त्वकामुकैः। न च पूर्वपक्षोत्तरपक्षयोः श्रवणमननाद्यन्तरा कदापि भवति भव्यं तत्त्वश्रद्धानं। पुस्तकारोहात् प्रागुत्पन्नानां प्रवचनविडंबकानां मतस्य निरासस्तु सूत्र-निर्युक्ति-भाष्यकारादिभिः विस्तरेण विहितः, परं तदनूत्पन्नानां सत्तावतां चाधुनातनेऽपि यथार्हतया प्रवचनपराभवपरायणबुद्धीनां निरासस्तु संपूर्णतयाऽत्रैवास्ति। ततो विलोकयन्तु विचक्षणा एनं ग्रन्थं विवेकवृद्धयर्थं। धर्मपरीक्षावसरे यथा व्युद्ग्राहितानां न श्रेयोलेशावाप्तिः। तथा तत्त्वजिज्ञासूनां यथार्थाप्तवचनविवेकावसरेऽपि न परीक्षाकर्त्तरि द्वेषलेशेऽपि कल्याणकणस्यापि प्राप्तिः। ततो विहाय तं वीतरागवचनानुसारिवक्तरि यथार्थमीक्षन्तामीक्षाप्रवणाः समीक्षका एनं, ग्रन्थस्य चैनस्य महत्तायां चेदिच्छा (तदा) विलोकनीयः श्रीसिद्धचक्रगतः पृथग् मुद्रितश्च 'प्रवचन परीक्षामहत्ता' इत्यभिधो निबन्धः, दृग्गोचरीकृत्य चैमो यथार्थतत्त्वप्रतीतिपरायणा भवन्तु सन्त इत्यभिलाषपूर्वकं वाचनायार्थयन्ते

जामनगर वैशाख शुक्ला तृतीया

*आनन्दसागराः*

(આનું ભાષાંતર પેજ ૩૧ ઉપર પાછળ)

શ્રી વિજયદેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક—શાસનકંટકોદ્ધારક—સમર્થ વિદ્વાન
શાસન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજાશ્રીના
શિ...ષ્ય...ર...ત્નો

જ્યોતિર્વિદ
પૂ. આ.શ્રી નરેન્દ્રસાગરસૂરિજી મહારાજ
જેઓશ્રીએ
આ ગ્રંથરત્નનો અનુવાદ કરેલ છે.



જન્મ :
વિ. સં. ૧૯૮૩ના ફા. વ. ૧ શનિ—ઠળીયા
દીક્ષા-વડીદીક્ષા :
વિ. સં. ૧૯૯૧ના ફા. વ. ૧૩ સોમ—ઠળીયા
વિ. સં. ૧૯૯૨ના મહા સુદ ૬ બુધ—સિહોર
ગણિપદ :
વિ. સં. ૨૦૨૨ના આસો વદ ૨ શુક્ર—ચોટીલા
પંન્યાસપદ :
વિ. સં. ૨૦૨૯ના મહા સુદ ૩ મંગળ—તલાજા
ઉપાધ્યાયપદ :
વિ. સં. ૨૦૪૩ના વૈ. સુદ ૬—પાલીતાણા
આચાર્યપદ :
વિ. સં. ૨૦૪૪ના ફા. વ. ૩ મંગળ—અમદાવાદ

શાંતમૂર્તિ
પૂ. પ્ર. મુનિશ્રી મુનીન્દ્રસાગરજી મ.
જેઓશ્રીએ
આ ગ્રંથરત્નને ઓપ આપેલ છે.



જન્મ :
વિ. સં. ૧૯૭૯ના વૈ. સુદ ૧૧ શુક્ર—ઠળીયા

દીક્ષા :
વિ. સં. ૧૯૯૧ના વૈ. સુદ ૧૦ સોમ—ઠળીયા

વડીદીક્ષા :
વિ. સં. ૧૯૯૨ના મહા સુદ ૬ બુધ—સિહોર

પ્રવર્તકપદ :
વિ. સં. ૨૦૨૯ના મહા સુદ ૩ મંગળ—તલાજા

# વિષયાનુક્રમણિકા


| ગાથાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ચરમતીર્થપતિ મહાવીરદેવને વંદના | ૧ |
| ૨-૩ | પૂ. આનંદવિમલસૂરિજી મ.ની સ્તવના | ૩ |
| | દશ કુમતોનું સંક્ષિપ્ત સ્વરૂપ કથન | ૪ |
| | પરંપરા એ આગમનું મૂળ છે. | ૬ |
| | ચતુર્થીપક્ષમાં જ તીર્થની અવિચ્છિન્નતા છે. | ૮ |
| ૪ | પૂ.આ.શ્રી વિજયદાનસૂરિજી મ. ની સ્તવના. | ૮ |
| ૫-૬ | પૂ.આ.શ્રી વિજયહીરસૂરિજી મ. ની સ્તવના. | ૮ |
| ૭ | ગ્રંથ રચનાનાં અભિધેય અને પ્રયોજનનું કથન | ૯ |
| | ભસ્મગ્રહનો પ્રભાવ, ઉદિતોદિતપૂજાની વ્યવસ્થા. | ૧૦ |
| | કુપાક્ષિકની પક્ષવર્તિતામાં રહેલા દોષો. | ૧૨ |
| | ઉન્માર્ગદેશકો આદિનું દર્શન પણ પાપહેતુક છે. | ૧૪ |
| | **होइ मंगलं** અંગેની ચર્ચા (ઉકેશગચ્છીયોની) | ૧૬ |
| | 'અમે પાર્શ્વનાથના સંતાનીયા છીએ' એમ કહેનારાઓનો નિરાસ, ટિપ્પનક શ્રાવકો | ૧૯ |
| ૮ | દશ કુપાક્ષિકોનાં નામનો નિર્દેશ. | ૨૧ |
| ૯ | આ કુપાક્ષિકોની તીર્થભિન્નતાનું નિરૂપણ. | ૨૨ |
| ૧૦ | તીર્થંકરપ્રણીત તીર્થનું સ્વરૂપ. | ૨૨ |
| ૧૧-૧૨ | તીર્થંકરના આત્માની વિશિષ્ટતા. | ૨૭ |
| ૧૩ | શ્રવણપરંપરા જ મહત્ત્વની છે. | ૨૪ |
| ૧૪-૧૬ | શ્રવણ અને શ્રવણની અનાદિતા. | ૨૬ |
| ૧૮ | તીર્થ અને તીર્થંકરનો અન્યોન્ય સંબંધ. | ૨૮ |
| ૧૯-૨૦ | તીર્થ, નિર્ગ્રન્થોને જ આધીન છે. | ૨૯ |
| ૨૧-૨૪ | શાખા, કુલ, ગુણ આદિ અંગેનો વિચાર | ૨૯ |
| ૨૫-૨૮ | સાંભોગિક—અસાંભોગિક વિચાર. | ૩૨ |
| ૨૯-૩૩ | તીર્થને કલ્પવૃક્ષની ઉપમા. | ૩૩ |
| ૩૪-૩૬ | તીર્થની સ્થાપના, તીર્થંકરો જ કરી શકે. | ૩૫ |
| ૩૭ | દિગંબરોની નિર્ભીકતા. | ૩૬ |

| ગાથાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૩૮ | દિગંબર સિવાયના કુપાક્ષિકોની વિલક્ષણતા. | ૩૬ |
| ૩૯-૪૦ | તીર્થની વિદ્યમાનતા તપગચ્છમાં જ છે. | ૩૬ |
| ૪૧ | દશેય કુપાક્ષિકોની અનંતસંસારિતા. | ૩૭ |
| ૪૨-૪૪ | વાદીની શંકા અને તેનું સમાધાન. | ૩૯ |
| ૪૫ | તીર્થસ્વરૂપની પ્રરૂપણા કરવાનું કારણ જણાવે છે. | ૪૧ |
| ૪૬-૪૮ | આ ગ્રંથનો વારંવાર અભ્યાસ કરવાની જરૂર. | ૪૧ |
| ૪૯-૫૦ | કેવલ સૂત્રને જ માનનારાને પ્રશ્નો. | ૪૨ |
| ૫૧-૫૩ | વિધિના જાણકારની યોગ્યતા–અયોગ્યતા | ૪૩ |
| ૫૪-૫૫ | સૂત્રની ફલવત્તા ક્યારે થાય? | ૪૫ |
| ૫૬ | સૂત્ર, પરંપરાના શરણવાળું જોઇએ. | ૪૬ |
| ૫૭-૫૮ | કુપાક્ષિકો, છિન્નોદ્ભાવિત તીર્થવાળા છે. | ૪૮ |
| ૫૯ | કુપાક્ષિકો, તીર્થબાહ્ય હોવામાં કારણ કહે છે. | ૪૮ |
| ૬૦-૬૧ | કેવલ સૂત્રશરણવાળાઓને સમાચારી, વાચના, વ્યવહાર, દીક્ષા-વડીદીક્ષાદિ કાંઇપણ નથી. | ૪૯ |
| ૬૨ | સાધુસામાચારી આદિ તો પરંપરાશરણવાળા સૂત્રમાં જ સંભવે. | ૫૦ |
| ૬૩ | આગમનું વિધિપણું. | ૫૧ |
| ૬૪-૬૫ | પુસ્તકશરણવાળાઓનો સિદ્ધાંત, ક્યા આગમમાં આવશે? | ૫૧ |
| ૬૬ | અવ્યક્તાગમની જેમ કુપાક્ષિકો પણ અવ્યક્ત જ છે. | ૫૧ |
| ૬૭-૭૦ | તીર્થાભાસી કુપાક્ષિકોના તીર્થંકરો પણ તીર્થંકરાભાસરૂપ જ છે. | ૫૨ |
| ૭૧-૭૫ | કુપાક્ષિકો, પરમાર્થથી કોને તીર્થંકર માને છે? | ૫૩ |
| ૭૬-૭૭ | પોત-પોતાના મતાકર્ષકોને જ કુપાક્ષિકો તીર્થંકર ગણે છે. | ૫૪ |
| ૭૯-૮૧ | કેવલ સૂત્રપાઠ, પરતંત્ર છે. તેથી સૂત્ર, અર્થ, તદુભયયુક્ત સિદ્ધાંત હોવો જોઇએ. | ૫૭ |
| ૮૨-૮૮ | સંકેતના ભેદ અને અરિહંતાદિની પૃથક્તા. | ૫૭ |
| ૮૯-૯૬ | લુંપક (લોંકા)ને નેત્રાંજન. | ૫૯ |
| | પ્રતિમા, પ્રતિમાપૂજાની સિદ્ધિ. | ૬૧ |
| ૯૭-૯૯ | તીર્થ તથા તીર્થાભાસ સ્વરૂપદર્શક એવા પ્રથમ વિશ્રામનો ઉપસંહાર. | ૬૨ |
| ૧૦૦-૧૦૧ | ગ્રંથરચના સંવત અને ઉપકારીગુરૂઓનું પુનઃ સ્મરણ. | ૬૩ |

| ગાથાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧–૨ | 'દિગંબરમતખંડન' **રૂપ બીજા વિશ્રામનો પ્રારંભ** | ૬૬ |
| | દશેય કુમતોનું ભ્રષ્ટપણું. | ૬૬ |
| | નિહ્નવો આદિની અવ્યક્તતા. | ૬૬ |
| ૩ | કેવલીભુક્તિ અને સ્ત્રીમુક્તિને નહિ માનનાર દિગંબર. | ૬૯ |
| ૪ | દિગંબરોની ઉત્પત્તિ, કાલ આદિનું નિરૂપણ. | ૭૦ |
| ૫–૬ | જિનકલ્પના ૯ ભેદ અને તેના ઉપકરણો. | ૭૧ |
| | દેહ—આહાર—જ્ઞાનાદિમાં વિકલ્પેલા વાંધા. | ૭૧ |
| | સવસ્ત્રપણાની સિદ્ધિ | ૭૨ |
| | દિગંબરના નવ વિકલ્પોનો નિરાસ. | ૭૩ |
| | વસ્ત્રધારણની આજ્ઞા. | ૭૪ |
| ૭–૧૭ | તીર્થંકર અનુકારિતાનો નિરાસ. | ૮૧ |
| | આજ્ઞા ખંડનનું ફળ. | ૮૫ |
| ૧૮ | ઉપકરણના અભાવે સમિતિ આદિનો અભાવ. | ૮૫ |
| ૧૯ | સ્ત્રીની મુક્તિમાં દિગંબરોએ કલ્પેલી સ્ત્રી નિર્બલતા. | ૮૬ |
| ૨૦ | સ્ત્રીઓમાં દુર્બલતાનો અભાવ. | ૮૬ |
| ૨૧ | પુરૂષો કરતાં સ્ત્રીઓની ધર્મમાં દૃઢતા. | ૮૭ |
| ૨૨–૨૫ | સ્ત્રીઓનું ઉર્ધ્વગમન અંગે વિચાર. | ૯૦ |
| | ઉર્ધ્વ—અધોગમન અંગે નિયમાભાવ. | ૯૦ |
| ૨૬–૨૮ | સ્ત્રીઓને અંબરપરિભોગની આવશ્યકતા. | ૯૨ |
| | અંબર પરિભોગ અંગેના દિગંબરના ત્રણ વિકલ્પોનો પરિહાર. | ૯૩ |
| ૨૯ | દિગંબરોને હિતોપદેશ. | ૯૪ |
| ૩૦–૩૧ | વસ્ત્ર-પાત્રાદિના ધારણમાં રહેલા ગુણો. | ૯૫ |
| | જિનકલ્પીનું સ્વરૂપ અને તેઓનું ઉપધિપરિમાણ. | ૯૭ |
| | વસ્ત્ર, જીવરક્ષામાં ઉપયોગી છે. | ૧૦૦ |
| | પાત્ર, સંયમનું ઉપકારક છે. | ૧૦૧ |
| ૩૨ | વસ્ત્રાદિની અપરિગ્રહિતાનું વર્ણન. | ૧૦૨ |
| ૩૩ | મોરપીંછી આદિ સાધુનું અલિંગપણું છે. | ૧૦૩ |
| ૩૪–૩૮ | વસ્ત્ર, જ્ઞાનનું આવારક બનતું નથી. | ૧૦૪ |
| | શીતાદિની બાધાનિવારણમાં તથા શુભધ્યાનમાં વસ્ત્ર હેતુભૂત છે. | ૧૦૫ |

| ગાથાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૩૯—૪૨ | દિગંબરોમાં સ્ત્રીમોક્ષનો અભાવ છે તે યોગ્ય જ છે. | ૧૦૬ |
| ૪૩—૪૬ | કેવલી આહારસિદ્ધિ, કેવલીભુક્તિ અંગે પ્રશ્નો. | ૧૦૮ |
| ૪૭ | કેવલીને વેદનીય અને તૈજસ્નો સદ્ભાવ. | ૧૦૯ |
| | વેદનીયાદિના ઉદયે કેવલીને ક્ષુધા કેમ ન હોય? | ૧૦૯ |
| ૪૮—૪૯ | કેવલિભુક્તિ અંગે દૃષ્ટાંત. | ૧૧૦ |
| ૫૦—૫૨ | 'જગતના જીવોની દુઃખી પરિસ્થિતિને જોવાથી કેવલી આહાર કરતા નથી' તે વાત ખોટી છે. | ૧૧૦ |
| ૫૩ | દરેક પદાર્થોના વર્તમાનપર્યાયની જ પ્રમાણતા છે. | ૧૧૨ |
| ૫૪—૫૬ | દિગંબર મત કેવી રીતે વૃદ્ધિ પામ્યો? | ૧૧૨ |
| | દિગંબરમત પહેલો હોવાનો દાવો કલ્પિત છે. | ૧૧૩ |
| ૫૭—૬૦ | ભગવંતોક્ત જ્ઞાનાદિ ઉપકારક ક્રિયાઓના ભેદો. | ૧૧૩ |
| ૬૧ | દિગંબરોમાં સમિતિ આદિનો અભાવ. | ૧૧૫ |
| ૬૨—૬૩ | ઉપકારક એવી ક્રિયાથી હીન દિગંબરોની તીર્થબાહ્યતા. | ૧૧૬ |
| ૬૪—૬૬ | તીર્થવાદને કારણે પણ દિગંબરોની તીર્થબાહ્યતા. | ૧૧૭ |
| ૬૭—૭૦ | મૂર્ત્તિઓને પલ્લવનું ચિહ્ન કર્યું તેથી દિગંબરોએ નગ્નમૂર્ત્તિઓ શરૂ કરી. | ૧૧૯ |
| ૭૧—૭૨ | દિગંબરમત ખંડનનો ઉપસંહાર. | ૧૨૦ |
| ૭૩—૭૪ | ગ્રન્થ, સંવત્ આદિનું નિરૂપણ. | ૧૨૧ |


## પૌર્ણમીયકમત નિરાસનામા ત્રીજો વિશ્રામ.


| | | |
|---|---|---|
| ૧—૩ | પૂનમીયા મતની ઉત્પત્તિ. | ૧૨૪ |
| ૪—૬ | દ્રવ્યસ્તવહેતુ કથનનો નિરાસ. | ૧૨૫ |
| ૭—૯ | શ્રાવકપ્રતિષ્ઠાનિષેધ, સાધુ-શ્રાવક કૃત્યવિભાગ. | ૧૩૬ |
| ૧૦—૧૧ | દ્રવ્યસ્તવનું અનુમોદનીયપણાનું કથન. | ૧૩૮ |
| ૧૨—૧૫ | અંજનશલાકા આદિ કૃત્યો, મુનિના છે. | ૧૩૯ |
| ૧૬—૧૮ | મુનિને દ્રવ્યસ્તવનો સર્વથા નિષેધ નથી. | ૧૪૨ |
| ૧૯—૩૨ | દ્રવ્ય અને ભાવસ્તવની અન્યોન્ય સાપેક્ષતા. | ૧૪૫ |
| ૩૩-૩૮ | તિલકાચાર્યે ઉદ્ભવાવેલી વાતોનું ખંડન. | ૧૫૭ |
| ૩૯—૪૧ | પૂજામાં સાવદ્યના સ્વીકારમાં અતિપ્રસંગદોષ. | ૧૬૧ |

| ગાથાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૨–૪૩ | તિલકાચાર્યના અનુમાનોના બાધક અનુમાનો. | ૧૬૨ |
| ૪૪–૪૬ | તિલકાચાર્યકૃત પ્રતિષ્ઠાકલ્પની અપ્રમાણિકતા. | ૧૬૪ |
| ૪૭–૪૯ | સાધુના હાથે જ પ્રતિમા પ્રતિષ્ઠાની સિદ્ધિ. | ૧૬૮ |
| | પ્રતિમા શબ્દના અર્થોની સિદ્ધિ | ૧૬૯ |
| ૫૦ | તિલકાચાર્યના વચનો કલંકદાનાદિ સ્વરૂપ છે. | ૧૭૩ |
| ૫૧–૫૩ | ત્રણ દોધક કાવ્યોને આશ્રીને તિલકાચાર્યનો તિરસ્કાર. | ૧૭૫ |
| ૫૪–૫૫ | પૂનમની પકખીનો નિષેધ અને તિલકાચાર્યનું સંઘબાહ્યપણું. | ૧૮૧ |
| ૫૬–૬૨ | પૂનમની પક્ખી કરવા માટેની યુક્તિઓ અને તેનો નિરાસ. | ૧૮૨ |
| ૬૩–૭૩ | પાક્ષિક શબ્દથી આગમ-ગ્રંથોમાં ચતુર્દશી જ લીધી છે. | ૧૮૩ |
| ૭૪–૭૬ | સૂત્રની ગતિનું ભંગલક્ષણ દોષ કથન. | ૧૯૨ |
| ૭૭–૭૮ | ચતુર્દશીપક્ષમાંથી પૂર્ણિમાપક્ષ નીકળ્યો. | ૧૯૪ |
| ૭૯–૮૫ | તૃણતુલ્ય યુક્તિઓનું દૂરીકરણ. | ૧૯૫ |
| ૮૬ | પૂનમની પક્ખી કરવા જતાં ચંદ્રપ્રભાચાર્યે શું શું છોડ્યું? | ૨૦૧ |
| ૮૭–૮૯ | શ્રાવકે ઉપધાન કરવા જ જોઈએ. | ૨૦૨ |
| ૯૦–૧૦૩ | મહાનિશીથસૂત્રનું પ્રામાણ્યપણું. | ૨૦૫ |
| ૧૦૪–૧૦૫ | આજ્ઞાના અભાવમાં અનાજ્ઞા જ છે. ઉપધાનની અશ્રદ્ધામાં આશાતના. | ૨૨૪ |
| ૧૦૬–૧૦૯ | ક્રિયા માટે કેટલા શ્રુતના અભ્યાસની જરૂર? | ૨૨૫ |
| ૧૧૦–૧૧૨ | આગમ વ્યવહારીને યોગની અનિયતતા. | ૨૨૫ |
| ૧૧૩–૧૧૬ | ઉપધાન અંગે અન્ય શ્રુતની સાક્ષી. | ૨૨૮ |
| ૧૧૭ | ઉપધાનના વિષયમાં દૃષ્ટાન્તો. | ૨૩૧ |
| ૧૧૮–૧૧૯ | પૂર્વપક્ષી વાદીની શંકા અને તેનો ઉત્તર | ૨૩૧ |
| ૧૨૦–૧૨૨ | પંચમંગલસૂત્રનું મહાશ્રુતસ્કંધપણું. | ૨૩૨ |
| ૧૨૩–૧૨૫ | ઉપધાનની કર્તવ્યતા. | ૨૩૩ |
| ૧૨૬–૧૨૮ | ગુરૂ આજ્ઞા—અનુજ્ઞાનું દ્વિવિધપણું. | ૨૩૩ |
| ૧૨૯–૧૩૧ | યોગ્યાયોગ્યની વિચારણા. | ૨૩૫ |
| ૧૩૨–૧૩૬ | કુપાક્ષિકોનું ધ્યાન, અનંતભવના કારણરૂપ છે. | ૨૩૭ |
| ૧૩૭–૧૩૮ | યોગવહનનું અનૈયત્યપણું. | |
| ૧૩૯–૧૪૧ | પૂનમીયાના ત્રિવિધ ઉત્સૂત્ર તથા સાધુપ્રતિષ્ઠા આદિના પ્રતિષેધનું કથન. | ૨૪૧ |

| ગાથાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૪૨–૧૪૪ | પૂર્ણિમાપાક્ષિક મતખંડન ઉપસંહાર તથા ગ્રંથરચના કાલાદિવર્ણન. | ૨૪૧ |
| | **'ખરતરમત ખંડન' નામના ચોથા વિશ્રામનો પ્રારંભ** | ૨૪૪ |
| ૧ | ખરતરનામ નિષ્પત્તિ અને તેના આદ્યાચાર્ય | ૨૪૪ |
| ૨ | ખરતરીય જિનવલ્લભ સૂરિનો અધિકાર | ૨૪૪ |
| ૩–૬ | જિનવલ્લભસૂરિની પ્રરૂપણા | ૨૫૨ |
| | છઠ્ઠા કલ્યાણકની ઉત્સૂત્રપ્રરૂપણા | ૨૫૩ |
| ૭–૯ | જિનવલ્લભથી વિધિસંઘનો ઉત્પત્તિકાળ | ૨૫૫ |
| | જિનદત્તસૂરિનું વૃત્તાંત | ૨૫૬ |
| | જિનદત્તને સૂરિપદ આપનાર દેવભદ્રસૂરિ, સંવિગ્ન હતા કે અસંવિગ્ન? | ૨૬૧ |
| ૧૦–૧૧ | જિનદત્તસૂરિ, અભયદેવસૂરિજીના પટ્ટધર નથી જ | ૨૬૨ |
| ૧૨–૧૮ | જિનશેખસૂરિ આદિની વિચારણા | ૨૬૮ |
| ૧૯ | જિનવલ્લભના વિધિસંઘે સોમચંદ્રને આચાર્ય બનાવી જિનદત્તસૂરિ તરીકે સ્થાપ્યા. | ૨૭૧ |
| ૨૦–૨૬ | જારગર્ભ સમાન જિનવલ્લભ અને જિનદત્તાચાર્ય | ૨૭૨ |
| ૨૭ | જિનવલ્લભનાં ઉપહાસનો હેતુ | ૨૭૫ |
| ૨૮ | જિનવલ્લભનું ઉપહાસનું સ્થાન | ૨૭૫ |
| ૨૯ | ખરતર સમુદાયનું લોકમાં હાસ્યાસ્પદપણું | ૨૭૬ |
| ૩૦ | જિનવલ્લભ અને જિનદત્તની ભવિતવ્યતા સૂચક ચેષ્ટા | ૨૭૬ |
| ૩૧ | અતિદેશનો ઉપસંહાર | ૨૭૬ |
| ૩૨ | ખરતર મત કાઢનાર જિનદત્તાચાર્ય કેવા હતા? | ૨૭૭ |
| ૩૩ | ખરતરના ત્રણ નામોની ઉત્પત્તિ | ૨૭૭ |
| ૩૪ | ચામુંડિક નામની ઉત્પત્તિ | ૨૭૭ |
| ૩૫–૩૬ | ઔષ્ટ્રિક નામની ઉત્પત્તિ | ૨૭૮ |
| ૩૭–૩૮ | ખરતર નામની ઉત્પત્તિ | ૨૭૯ |
| ૩૯ | ખરતર અને ઔષ્ટ્રિક નામની ઉત્પત્તિ ક્યા સંવત્સરમાં થઇ? | ૨૮૦ |
| ૪૦ | જિનેશ્વરસૂરિને ખરતર બિરૂદ હોવાનું નિરસન | ૨૮૦ |
| ૪૧ | મૃષાભાષણનું પ્રગટ પણું | ૨૮૧ |
| ૪૨ | સં. ૧૦૮૦નો વિકલ્પ રક્ષણકારક કેમ બની શકતો નથી? | ૨૮૨ |

| ગાથાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૩–૪૪ | ખરતરોએ ખરતર બિરૂદ માટે કરેલ મિથ્યા વિવાદ | ૨૮૩ |
| | પ્રભાવકચરિત્રમાં રહેલ અભયદેવસૂરિનો સંબંધ | ૨૮૪ |
| | હર્ષ માટે કરેલ અભયદેવસૂરિનું દૃષ્ટાંત (ચરિત્રવર્ણન) | ૨૮૯ |
| | પ્રભાવકચરિત્ર સિવાય અન્ય સ્થળોએ પણ ખરતર બિરૂદનો અસંભવ | ૨૯૯ |
| ૪૫–૪૬ | જિનદત્ત વડે ખરતર નામ કેમ વિકલ્પાયું? | ૩૦૩ |
| ૪૭ | પ્રાચીનપાઠપરાવૃત્તિમાં નિર્ભય એવા ખરતરોએ હવે પછી શું કર્યું? | ૩૦૪ |
| ૪૮ | ખોટા લખાણનું શું પરિણામ આવ્યું? | ૩૦૫ |
| ૪૯–૫૦ | ચૈત્યવાસીઓ સાથેના વિવાદમાં દૂષણ | ૩૦૫ |
| ૫૧ | જિનેશ્વરસૂરિને ખરતર બિરૂદ નથી મળ્યું તેમાં યુક્તિ. | ૩૦૬ |
| ૫૨ | વ્યતિરેક | ૩૦૭ |
| ૫૩ | ખરતરમાન્ય સંમતિ | ૩૧૧ |
| ૫૪ | ખરતરનામોત્પત્તિનો ઉપસંહાર | ૩૧૬ |
| ૫૫–૫૬ | પ્રસંગને સાનુકૂલ વિચાર | ૩૧૬ |
| ૫૭ | જિનવલ્લભસૂરિના અષ્ટસપ્તતિકાના કથનાનુસાર વિચારણા | ૩૧૬ |
| ૫૮ | જિનવલ્લભસૂરિ કેવા પ્રકારના હતા? | ૩૧૭ |
| ૫૯ | ખરતરની રીતિ (ખરતર પટ્ટાવલી) | ૩૧૭ |
| ૬૦ | જિનદત્તના મતનું તાત્પર્ય | ૩૨૩ |
| ૬૧–૬૩ | પોતાના ત્રણ નામની ઉત્પત્તિમાં પોતાની શંકા | ૩૨૩ |
| ૬૪–૬૬ | જિનવલ્લભ કેવા પ્રકારના છે? | ૩૨૪ |
| ૬૭ | ખરતર સંમત જિનવલ્લભના સંતાનોનો નિર્ણય | ૩૨૬ |
| ૬૮ | અન્યોની શંકાનું નિરસન | ૩૨૭ |
| ૬૯ | જિનપતિસૂરિએ કરેલા મર્યાદા કોની જેમ કોને સંમત? | ૩૨૮ |
| ૭૦–૭૯ | ખરતરની મર્યાદા સ્વીકારમાં દૂષણો–વિવાદો | ૩૨૮ |
| ૮૦–૮૨ | અનાભોગે કહેવાયેલ વાતોથી ખરતરનો તિરસ્કાર | ૩૩૩ |
| ૮૩–૮૫ | ખરતરમતોક્ત વાતોનો ઉપસંહાર | ૩૩૯ |
| ૮૬–૯૧ | નવાંગીવૃત્તિકાર ખરતર મતના ન હતા તે વાતનું સમર્થન | ૩૪૩ |
| ૯૨–૯૩ | ખરતરના ઉત્સૂત્રોના ભેદ | ૩૪૫ |
| ૯૪–૯૫ | દ્વારગાથાનું અનુસંધાન | ૩૪૬ |

| ગાથાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૯૬–૯૯ | પ્રત્યેક વાતોનાં ક્રમસર દૂષણો | ૩૪૭ |
| ૧૦૦ | ઋષભચરિત્ર અને મહાવીરચરિત્રની તુલ્યતા બતાવતો સિદ્ધાંત | ૩૪૮ |
| ૧૦૧–૧૦૨ | પર્યુષણ કલ્પવડે ગર્ભ સંહરણના કલ્યાણકનો અભાવ | ૩૫૦ |
| ૧૦૩ | 'રાજ્યાભિષેક પણ એમ હો' એમ અન્યની શંકાનું નિરસન | ૩૫૩ |
| ૧૦૪–૧૦૫ | અન્ય અધિક ઉત્સૂત્રની વાત (રાત્રિપૌષધવાળાને નિદ્રા પુરી થયા બાદ સામાયિક દંડક ઉચ્ચારણ છે.) | ૩૫૩ |
| ૧૦૬–૧૦૭ | કલ્પ્યપણાને વિષે પ્રવચનની સાક્ષી | ૩૫૪ |
| ૧૦૮ | જિનાજ્ઞાથી નિદ્રા લેવી તે સામાયિકને વિનાશકારી છે? | ૩૫૫ |
| ૧૦૯–૧૧૪ | સામાયિક અને પૌષધમાં ત્રણ નવકાર પૂર્વક ત્રણ વખત પાઠનું ઉચ્ચરવાનું ઉત્સૂત્ર રૂપ કેવી રીતે થાય? | ૩૫૫ |
| ૧૧૫–૧૧૬ | કસેલ્લકના પાણીમાં ત્રસની યતનાદિનો અભાવ | ૩૬૨ |
| ૧૧૭–૧૨૧ | પર્યુષિત વિદલ આદિ કેવા પ્રકારનું થાય છે? | ૩૬૩ |
| ૧૨૨–૧૨૪ | કવચિત ઓદન આદિમાં ચલિતરસ દેખાય છે ત્યાં શું કરવું? | ૩૬૫ |
| ૧૨૫–૧૩૫ | વિદલાદિમાં પ્રવચનની મર્યાદાનું સ્વરૂપ, તેમાં શંકા અને તેનું નિરસન | ૩૬૬ |
| ૧૩૬–૧૩૭ | દાર્ષ્ટાંતિક યોજના | ૩૭૧ |
| ૧૩૮–૧૩૯ | પર્યુષિત શબ્દનું સ્વરૂપ | ૩૭૧ |
| ૧૪૦–૧૪૯ | શ્રુતધરોની ગાથા વડે સાંગરીને વિદલપણે જણાવવાનું જે ઉત્સૂત્ર તેનું નિરસન | ૩૭૬ |
| ૧૫૦ | અધિક ઉત્સૂત્રનો ઉપસંહાર | ૩૮૨ |
| ૧૫૧–૧૫૫ | ઉન ઉત્સૂત્રો | ૩૮૨ |
| ૧૫૬–૧૫૯ | ખરતર મતમાં ન્યાય નથી અને તેમાં પ્રવચન મર્યાદાદિ | ૩૮૩ |
| ૧૬૦ | ઉત્સૂત્ર પાપના અપરિજ્ઞાનમાં હેતુ | ૩૮૫ |
| ૧૬૧–૧૬૩ | ઉત્સૂત્રજનિત પાપનો વિપાક | ૩૮૬ |
| ૧૬૪–૧૭૧ | જિનદત્તોક્ત પૂજાથી રહિત સ્ત્રીઓ મોક્ષમાં જાય છે અને દિગંબરોક્ત સ્ત્રીની મુક્તિના નિષેધ આ બંને વાતોને ઉપદેશ, કોણ હોંશિયાર અને તેનું નિરસન | ૩૮૭ |
| ૧૭૨–૧૭૪ | સ્ત્રીને તીર્થંકરની પૂજાનો નિષેધ કરનાર પણ ચતુર્થી પર્યુષણાના પરાવર્તક જેવો જ થશે તેવી ખરતર શંકાનું નિરસન | ૩૯૦ |

| ગાથાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૭૫ | કોની જેમ કયા હેતુ વડે ખરતરોનો તિરસ્કાર કરવો જોઇએ? | ૩૯૪ |
| ૧૭૬–૧૭૭ | સ્ત્રી પૂજા નિષેધ કરવામાં શું ફળ આવ્યું? | ૩૯૫ |
| ૧૭૮–૧૮૩ | બીજું ન્યૂન ઉત્સૂત્ર | ૩૯૭ |
| ૧૮૪–૧૯૦ | પ્રતિક્રમણની જેમ પૌષધ પણ નિયતકાનુ અનુષ્ઠાન થશે એ શંકાનું નિરસન | ૪૦૧ |
| ૧૯૧– | બીજુ ન્યૂન ઊત્સૂત્ર | ૪૦૪ |
| ૧૯૨–૧૯૫ | પૌષધવાળાને ભોજન અંગે યુક્તિ વગેરે | ૪૦૪ |
| ૧૯૬-૧૯૭ | ત્રીજું ન્યૂન (ઉત્સૂત્ર સાધુ સાથે સાધ્વીના વિહારમાં બાધ નથી) | ૪૦૯ |
| ૧૯૮-૨૦૩ | ચોથું ન્યૂન (ઉત્સૂત્ર) (માસકલ્પ વિચ્છિન્ન થયો છે તે ખોટુ છે) | ૪૨૩ |
| ૨૦૪-૨૨૨ | ઉભયસ્વભાવવાળું અયથાસ્થાન ઉત્સૂત્ર (પર્યુષણા કયારે કરવી?) | ૪૨૮ |
| ૨૨૩-૨૨૭ | બીજું અયથાસ્થાન ઉત્સૂત્ર (સામાયિક ઉચ્ચર્યા બાદ ઇરિયાવહિ કરવી ઉચિત છે?) | ૪૩૯ |
| ૨૨૮-૨૩૧ | ન્યૂનાધિક સ્વભાવવાળું અયથાસ્થાન ઉત્સૂત્ર (સુપાર્શ્વનાથ ભગવાનને ત્રણ ફણા ઉચિત છે?) | ૪૪૬ |
| ૨૩૨-૨૩૬ | ઉન્માર્ગ પ્રરૂપણાદિ | ૪૪૭ |
| ૨૩૭ | ત્રીજા વિશ્રામનો ઉપસંહાર | ૪૫૧ |
| ૨૩૮ | ખરતર કયા સંવત્સરમાં? કયા ગુરુની વિદ્યમાનતામાં જણાવાયો? | ૪૫૧ |
| ૨૩૯ | પ્રકરણ કર્તાના નામગર્ભિત આશીર્વાદદાયક ગાથા | ૪૫૩ |


**॥ ઇતિ પ્રવચન પરીક્ષા ગ્રંથ ભાગ-૧ની વિષયાનુક્રમણિકા ॥**

શ્રી જિનશાસન-નભોમણી મહોપાધ્યાયશ્રી ધર્મસાગરજી મહારાજા

વિ...ર...ચિ...ત

# ૧. શ્રી પ્રવચન પરીક્ષા ગ્રંથનો અનુવાદ

## (ભાગ બીજો)

卐 卐 卐

# ૨. શ્રી પર્યુષણા દશશતક ગ્રંથનો અનુવાદ

卐 卐 卐

# ૩. શ્રી ઇર્યાપથિકી ષટ્ત્રિંશિકા ગ્રંથનો અનુવાદ

છપાય છે 卐 ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે.

卐 卐 卐

અનુવાદક

શ્રી વિજયદેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક—વાદિમદભંજક

શા...સ...ન...કં...ટ...કો...દ્ધા...ર...ક

પૂ. આચાર્યદેવ શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ.શ્રીના પટ્ટાલંકાર

શાસન સમુદાય હિત વત્સલ-જ્યોતિર્વિદ્

**પૂ. આચાર્ય શ્રી નરેન્દ્રસાગરસૂરિજી મહારાજ**

# કુપક્ષ કૌશિક સહસ્રકિરણ

## અપરનામ

# શ્રી પ્રવચન પરીક્ષા

॥ ગ્રં...થા...નુ...વા...દ ॥

प्रणम्य श्री महावीरं, विश्वविश्वार्थदीपकम् ।
कुपक्ष-कौशिकादित्यं, स्वोपज्ञं विवृणोम्यहम् ॥१॥

વિશ્વને અને વિશ્વના અર્થોને પ્રકાશિત કરવામાં દીપક જેવા અથવા સમગ્ર વિશ્વના અર્થોને પ્રકાશિત કરવામાં દીપક જેવા એવા પ્રભુ શ્રી મહાવીરદેવને નમસ્કાર કરીને કુપક્ષરૂપી ઘૂવડો માટે સૂર્ય જેવા એવા આ સ્વોપજ્ઞ 'કુપક્ષકૌશિકાદિત્ય'=પ્રવચન પરીક્ષા ગ્રંથનું હું વિવેચન કરું છું.

અહીં પ્રારંભ કરાતા એવા ઈચ્છિત પ્રકરણની નિર્વિઘ્ન સમાપ્તિ માટે આદિમાં મંગલ કરવું જોઈએ. તેથી દેવ તરીકે રહેલાં વર્તમાન તીર્થાધિપતિ શ્રી મહાવીરદેવને નમસ્કાર કરવા માટે ગાથાને કહે છે.

**पणमिअ णाणनिहाणं, वीरजिणं असुररायकयसरणं ।**
**सुरवरसीसविभूसण–चरणरयं चारुवयणवयं ॥१॥**

ગાથાર્થ :—જ્ઞાનના નિધાન, અસુરના ઈન્દ્રે જેમનું શરણું કર્યું છે તેવા અને શ્રેષ્ઠ દેવતાઓના મસ્તકના વિભૂષણ રૂપ એવા જે મુગટ અને તે મુગટની પણ શોભા જેમના ચરણની રજ બનેલ છે તેવા અને સારું વચન, વદન અને સારું વ્રત છે જેઓનું એવા વીરપ્રભુને પ્રણામ કરીને ॥૧॥

ટીકાર્થ :—વિશેષ પ્રકારે કર્મશત્રુઓને (કર્મ ખપાવવા માટે) પ્રેરણા કરે. રાગ વગેરેને જીતે તે જિન. આવા પ્રકારના વીર ભગવાન, વર્તમાન તીર્થના અધિપતિ, યથાર્થ નામવાલા શ્રી મહાવીરપ્રભુ=છેલ્લા જિનેન્દ્ર, તેમને પ્રણામ કરીને. કેવી રીતે પ્રણામ કરીને? મન-વચન અને કાયાની એકાગ્રતાપૂર્વક એટલે તે ત્રણેયની એકાગ્રતાપૂર્વક નમસ્કાર કરીને.

હવે આ શ્લોકમાં ચારેય અતિશયોને જણાવવાપૂર્વક વીર ભગવાન કેવા છે? તે જણાવે છે.

તેમાં સમસ્ત પદાર્થોના વિષયોનું યથાર્થ જ્ઞાન તેના નિધાન જેવા. જેવી રીતે રત્નોનું સ્થાન પેટી હોય છે તે રીતે ભગવાન પણ કેવલજ્ઞાની હોવાથી ભૂત-ભવિષ્ય અને વર્તમાન કાળના સર્વે પદાર્થોના પ્રકાશરૂપ ઉદ્ગમના સ્થાનસ્વરૂપ હોવાથી જ્ઞાનનિધાન એવા મહાવીરદેવ છે. આ રીતે પ્રભુનો **જ્ઞાનાતિશય** બતાવ્યો.

વળી પ્રભુ કેવા છે? અસુરરાજ=ચમરેન્દ્રે જેમનું શરણું સ્વીકાર્યું છે એવા પ્રભુને : પ્રભુનું શરણું કેવી રીતે સ્વીકાર્યું તે જણાવે છે.

એક વખત નવીન ઉત્પન્ન થયેલા એવા અસુરોના ઇન્દ્ર ચમરેન્દ્રે પોતાના મસ્તકના ઉપરના ભાગમાં રહેલા, સિંહાસન ઉપર બેઠેલા ઇન્દ્રને જોઈને ઉત્પન્ન થઈ છે ઈર્ષ્યા જેને એવા તેણે=ચમરેન્દ્રે ઇન્દ્ર મહારાજાની અવજ્ઞા કરવાની બુદ્ધિથી, 'કદાચ ઇન્દ્ર મહારાજા વડે હું પરાજય પામું તો શ્રી વીર જિનેશ્વરના શરણથી મારો મોક્ષ થાય' એમ વિચારીને પ્રભુનું શરણું સ્વીકારીને સૌધર્મ દેવલોકમાં ગયો. ત્યાં સૌધર્મ દેવલોકના ઇન્દ્ર મહારાજા વડે પરાભવ પામેલો, ભયભીત થયેલો અને 'હે વીર! મારું રક્ષણ કરો. મારું રક્ષણ કરો.' એમ સંભ્રમથી શબ્દ બોલતો વ્યાકુલિત બનેલો એવો ચમરેન્દ્ર, શ્રી વીરભગવાનના બે પગો વચ્ચે જ પેઠો. મૂકેલો છે ઉપયોગ જેમણે એવા ઇન્દ્ર મહારાજાએ 'વીરના શરણે ગયેલ હોવાથી' તેને છોડી દીધો. આ રીતે **અપાયઅપગમઅતિશય** જણાવ્યો.

વળી વીર પ્રભુ કેવા છે? દેવતાઓમાં શ્રેષ્ઠ એવા ઇન્દ્ર મહારાજા, તેમના મસ્તકની શોભા જેમના ચરણની રજ બનેલ છે. શક્રેન્દ્ર, ઈશાનેન્દ્ર વગેરે ઇન્દ્રોના મસ્તકની શોભા (અલંકારરૂપ) જેમની ચરણરજ બનેલ છે. તેવા અર્થાત્ પ્રાયઃ કરીને મનુષ્યોને દેવતા પૂજ્ય હોય છે. એવા તે દેવોના પણ પૂજ્ય સૌધર્મેન્દ્ર, ઈશાનેન્દ્ર આદિ હોય છે. તે ઇન્દ્રોને પણ ભગવાન પૂજ્ય હોય છે એટલે પૂજ્યના પૂજ્ય અને તે પૂજ્યના પણ પૂજ્ય હોવાથી પ્રભુ મહાવીરદેવનો આ **પૂજાતિશય** બતાવ્યો.

વળી પ્રભુ કેવા છે? સુંદર વચનોના સમૂહવાળા, સ્યાત્ પદથી શોભતાં હોવાથી અન્યતીર્થિકો વડે અબાધ્ય છે જેઓના ઘટ-પટ-સ્તંભ-કુંભ-કમલ વગેરે પદાર્થોને પ્રકટ કરનાર વાક્ય આદિ સમૂહ છે જેમના એવા તથા દુઃખના સમૂહથી તપેલા ચારેય ગતિના પ્રાણીઓને શરણભૂત એવા, સુંદર વચન છે મુખમાં જેમને એવા એટલે કે દુઃખોને દૂર કરવામાં જિનેશ્વર ભગવંતના વદનમાંથી નીકળેલો વચન સમૂહ સિવાય કોઈપણ શરણરૂપ નથી. તેના માટે વાચકમુખ્ય એવા ઉમાસ્વાતિજીએ કહ્યું છે કે 'જન્મ-જરા અને મરણના ભયથી પીડા પામેલા તથા વ્યાધિઓથી પીડિત એવા આ જીવલોકમાં જિનેશ્વરના વચન સિવાય કોઈ પણ શરણ નથી' આ જણાવવા દ્વારા પ્રભુનો **વચનાતિશય** જણાવ્યો. આ પ્રમાણે મૂલ ચાર અતિશયથી વિશિષ્ટ એવા ભગવાન જ વિઘ્નોનો નાશ કરનાર થાય છે. આમ ભાવમંગલ સ્વરૂપ ભગવંત મહાવીરને નમસ્કાર કરીને હવે—છ ગાથા દ્વારા ગ્રંથકાર, પોતાના ઉપકારક એવા અને ભાવમંગલભૂત ત્રણ આચાર્યભગવંતને નમસ્કાર કરવાને ઇચ્છતા આદ્ય=પહેલાં સૂરિની બે ગાથા વડે સ્તુતિ કરે છે.

**जेणं दूसमसमए कुपक्खबहुले अ भारहे वासे ।**
**अच्छिन्नंपि अ तित्थं, पभाविअं पुण्णचरिआए ॥२॥**

**चंदुव्व सोमलेसो, सयलविहारेण लोअणाणंदो ।**
**आणंदविमलसूरी, संविग्गो सव्वविक्खाओ ॥३॥**

ગાથાર્થ :—જે પ્રભુ=આચાર્ય વડે આ ભારતવર્ષમાં, કેવા ભારતવર્ષમાં? જેમાં ઘણાં કુપક્ષો રહેલાં છે તેવા ભરતક્ષેત્રમાં અને દૂષમકાળમાં નહીં વિચ્છેદ પામેલું એવું તીર્થ જેમના પુણ્યચરિત્રથી પ્રભાવિત થયેલ છે તેવા તથા જેઓ ચંદ્રની જેમ સૌમ્યલેશ્યાવાળા છે, વિશ્વના વિહાર વડે લોકોને આનંદ આપનારા, સર્વ ઠેકાણે વિખ્યાત અને શુદ્ધ ચારિત્રવાલા **શ્રી આણંદવિમલસૂરિજી** છે.

ટીકાર્થ :—જે પૂજ્ય વડે આ ભરતક્ષેત્રમાં, કેવા ભરત ક્ષેત્રમાં? જેમાં ઘણાં કુપક્ષો રહેલાં છે તેવા અને આગળ કહેવાશે તેવા લક્ષણવાળા દિગંબર છે જેની આદિમાં અને પાર્શ્વ=પાશચંદ્ર છે જેને છેડે તેવા દસ કુમતોથી વ્યાપ્ત એવા આ દુષમાસમયમાં=પાંચમા આરામાં. નહીં વિચ્છેદ પામેલા એટલે સંલગ્ન=સળંગપ્રવૃત્તિવાળા તીર્થને, 'ચાતુવર્ણ સંઘને (ચતુર્વિધસંઘને) તીર્થ કહેવાય' એવા વચનથી સાધુ આદિના સમુદાયના લક્ષણવાળા તીર્થને પોતાના પુણ્યચારિત્ર વડે–પવિત્ર ક્રિયા વડે પ્રભાવિત કરેલ છે જેમણે એવા. તેનો ભાવાર્થ આ છે કે—

યાવજ્જીવ=જીવનપર્યંત છઠ્ઠ-અઠ્ઠમ તપ કરવા વડે, તીર્થંકર ભગવંતની આજ્ઞા પ્રમાણે વર્તવાપૂર્વક સદ્‌ઉપદેશ આપવા વડે અને અનેક શ્રેષ્ઠિઓના-સેંકડો પુત્રોને દીક્ષા આપવા વડે ''ખરેખર આ જૈન શાસનના મહાનુભાવો, પોતાની વિદ્યમાન ધન વગેરે સંપત્તિઓને ત્યાગ કરીને દુષ્કર ક્રિયા કરનારા છે.'' આવી રીતે બધા મનુષ્યો દ્વારા જૈન શાસનને પ્રશંસાપાત્ર બનાવ્યું છે જેમણે એવા : અહીં આ ગાથામાં ''નહી વિચ્છેદ પામેલા'' એવા તીર્થના વિશેષણ વડે કરીને આગળ કહેવાતા દિગંબરથી માંડીને પાર્શ્વચંદ્રગચ્છના છેડા સુધીના પોતાની મતિકલ્પનાથી બનાવેલ ઉપદેશ વડે થયેલા આત્મસાત્‌કૃત=પોતાની માન્યતાધીન એવા શ્રમણાભાસોના સમુદાયોનું તીર્થપણું દૂર કર્યું. કારણ કે **કુપાક્ષિકોનો સમુદાય તીર્થ બની શકતો નથી.** કારણ એ છે કે—

તે મતો પોતપોતાના મતને સ્થાપન કરનાર તરીકે **શિવભૂતિ** વગેરે જ તેના મૂળસ્વરૂપ હોવાથી તે તે મતોમાં તીર્થંકરથી જ શરૂ થયેલ જે સંલગ્ન પ્રવૃત્તિ છે તેનો અભાવ છે. તે આ પ્રમાણે :—

દિગંબરો તો વીર નિર્વાણથી ૬૦૯ વર્ષ પછી સહસ્રમલ્લ જેનું બીજું નામ શિવભૂતિ છે તેનાથી ઉત્પન્ન થયા છે. જેના માટે આગમમાં લખેલ છે કે 'વીરભગવાન સિદ્ધિપદ પામ્યા પછી ૬૦૯ વર્ષે તે બોટિકોનું=દિગંબરોનું શાસન (મત) રથવીરપુરમાં ઉત્પન્ન થયું.'

અહીં દિગંબરોને પૂછવું કે હે ભાઈ! દિગંબર! તારી ઉત્પત્તિ પહેલાં વીરપ્રભુએ પ્રવર્ત્તાવેલું

તીર્થ વિદ્યમાન હતું કે નહિ? જો હતું એમ કહે તો બોટિકોની ઉત્પત્તિ પહેલાં સીધી રીતે જ શ્વેતાંબરમાં જ તીર્થ હતું. એ નિશ્ચિત થાય છે. 'જો વિદ્યમાન ન હતું' એમ કહે તો વિચ્છેદ પામેલા એવા તીર્થને શિવભૂતિએ ઉત્પન્ન કર્યું. તેથી તેની વાત સાંભળવી તે શ્રોતાઓને પણ અયોગ્ય છે. કારણ કે 'નાશ પામેલા તીર્થને તીર્થંકર સિવાય બીજો કોઈ પ્રગટ કરી શકતો જ નથી.' દિગંબર મત, શિવભૂતિથી નીકળ્યો છે તેથી (તેને તીર્થંકર માનો તો ૨૫મો તીર્થંકર માનવો પડે) આમ બન્ને અપેક્ષાએ=તીર્થંકર ભગવંતની મુખ્યતાનો પ્રસંગ હોવાથી બન્ને રીતે પણ દિગંબરો તીર્થ બાહ્ય છે.

વળી જો ''દિગંબરથી શ્વેતાંબરની ઉત્પત્તિ થઈ'' એમ કહે તો તે તારું વચન ખોટું છે. કારણ કે—

''તે સાધુઓ, શ્વેત વસ્ત્ર અને વસ્ત્ર વગરના એમ બે રીતે હોય છે. જ્યારે કષાયથી કલુષિત એવા મને કષાય (ભગવા) વસ્ત્ર હો'' આ પ્રમાણેનું ભદ્રબાહુસ્વામી આદિએ રચેલ નિર્યુક્તિ આદિ આગમથી બાધિત હોવા વડે કરીને ''હે મૂર્ખ શિરોમણી! આ વાતને ગાંડા માણસના પ્રલાપ જેવી જાણવી. અને તેથી આ દિગંબરનો સમુદાય–'અચ્છિન્ન તીર્થ તરીકે છે' એમ ન માનવું.

આ પ્રમાણે પૂર્ણિમા ગચ્છ પણ શ્રી વીર પ્રભુથી ૧૬૨૯–વર્ષે અને વિક્રમ સંવત્સર ૧૧૫૯ના વર્ષમાં મુનિચંદ્રસૂરિજી કે-જે વડીલગુરુભ્રાતા તેની ઈર્ષ્યાથી ચૌદશના પક્ષમાંથી બહાર નીકળેલા એવા **ચંદ્રપ્રભ** નામના આચાર્યથી નીકળેલ હોવાથી પૂર્ણિમા ગચ્છ, તીર્થ કહેવાય નહિ. આગળના (દિગંબરના) પક્ષમાં જે ઉક્તિઓ કહેલી છે તે જ અહીં લાગુ પાડવી.

ચૌદશના પક્ષમાંથી પૂનમનો મત નીકળ્યો છે એમ તેઓ વડે જ કહેવાયું છે. કારણ કે તેમના જ બનાવેલા સંસ્કૃત **ક્ષેત્રસમાસવૃત્તિ** નામના ગ્રંથની પ્રશસ્તિમાં આ રીતે લખેલ છે કે

**''दुर्वादिद्विरदाङ्कुशः समयविच्छ्रेणीशिरोमण्डनं,**
**श्रीचन्द्रप्रभसूरिराट् स भगवान् प्राचीकशत् पूर्णिमाम् ।**
**तस्माज्जैनवचोऽमृतं भृशमधुः श्रीधर्मघोषादयः,**
**श्रीभद्रेश्वरसूरितस्त्वचकलत् शाखा द्वितीया प्रथाम् ॥१॥**

દુર્વાદિરૂપી હાથીઓને માટે અંકુશ સમાન, પંડિતોની શ્રેણીના મસ્તકના આભૂષણ જેવા, ભગવાન્ શ્રી ચંદ્રપ્રભસૂરિએ પૂર્ણિમા ગચ્છને પ્રગટ કર્યો. તેમાંથી જૈનશાસનના વચનરૂપી અમૃતને ધર્મઘોષસૂરિ વગેરેએ અત્યંત ધારણ કર્યું. શ્રી ભદ્રેશ્વરસૂરિથી આ બીજી શાખા નીકળી.'

તથા તેમના જ શિષ્યોએ બનાવેલા **અમમસ્વામી તીર્થંકરના ચરિત્ર**ની પ્રશસ્તિમાં શ્રી **'ચંદ્રપ્રભ'** નામના આચાર્ય ભગવંતથી જ પૂર્ણિમાનું પ્રગટ થવું' લખેલ છે. તેવી જ રીતે—

**''वडगच्छाओ पुण्णिम, पुण्णिमाओ सड्ढपुण्णिमंचलया ।**
**दोहिवि आगमनामा कुच्चयरा खरयरो जाओ ॥१॥**

વડગચ્છમાંથી **પૂર્ણિમાગચ્છ** નીકળ્યો. અને પૂર્ણિમાગચ્છમાંથી **સાર્ધપૂર્ણિમાગચ્છ** અને **અંચલગચ્છ** નીકળ્યો. એ બન્ને ગચ્છથી **આગમગચ્છ** નીકળ્યો.

કૂર્ચપૂરીય જિનવલ્લભસૂરિ કૂર્ચતરથી-**ખરતરગચ્છ** નીકળ્યો.''

તથા સંઘ વડે રોકવા-વારવા છતાં પણ શ્રી ચંદ્રપ્રભ નામના આચાર્ય ભગવંતે પૂર્ણિમાના પક્ષને પ્રગટ કર્યો.' આ અમારા વૃદ્ધોનું વચન છે. વળી જેમ ગુરુભાઈ શ્રી મુનિચંદ્રસૂરિની ઈર્ષ્યા વડે ૧૧૫૯ના વર્ષમાં ચતુર્દશીના પક્ષમાંથી ચંદ્રપ્રભ નામના આચાર્ય ભગવંતથી પૂર્ણિમાનો પક્ષ પ્રગટ થયો. એવી પ્રસિદ્ધિ થઈ. તેવી રીતે 'આ કારણથી અમૂક નામના આચાર્ય ભગવંતથી અમૂક વર્ષમાં પૂર્ણિમા પક્ષમાંથી ચતુર્દશીનો પક્ષ નીકળ્યો.' એવી વાત અમારા સાંભળવામાં આવી નથી.

માટે જ અવિચ્છિન્ન એવું તીર્થ વિદ્યમાન હોયે છતે તેમાંથી નીકળેલો **'પૂર્ણિમાનો પક્ષ'** તીર્થ બાહ્ય જ છે. ગાથાર્થ : ॥૨॥

તથા ખરતરની ઉત્પત્તિ પણ વિક્રમ સંવત ૧૨૦૪ના વર્ષમાં ''સ્ત્રીઓ જિનપૂજા ન કરી શકે'' તેવી જિનપૂજા ઉત્થાપક માન્યતા સ્થાપન કરનાર જિનદત્ત નામના આચાર્યથી થઈ. ત્યાં પણ જિનદત્તસૂરિને આ રીતે પૂછવું કે હે ખરતર!....વગેરે પ્રશ્નોત્તરવાલી પૂર્વે કહેલી યુક્તિઓ જાણવી.

વળી આચંલિકો, સાર્ધપૂર્ણિમાવાલા અને આગમિક નામના કુપક્ષો છે તે પૂર્ણિમાના મૂળવાલા જ છે. તે વાત, પોતપોતાના નામના વિશ્રામમાં આગળ કહેવાશે. તે પૂર્ણિમાનો પક્ષ તીર્થ બાહ્ય સિદ્ધ થતાં તે બધાં પક્ષો તીર્થ બાહ્ય જ જાણવા. **'છ કુપાક્ષિકો જીર્ણ-જુના છે'** એમ લોકોમાં પ્રસિદ્ધ છે.

**હવે નવા નીકળેલા ચાર પક્ષોમાંથી લુંપાકમત,**–વિ. સં. ૧૫૦૮ ના વર્ષમાં લુંપક=લોંકા નામના લહીયાની પ્રરૂપણાને આશ્રીને પ્રવૃત્ત થયો. અને તેની પ્રરૂપણા 'જિનપ્રતિમાની નિષેધ'ના મૂલવાળી છે. વળી તેના મતના વેષધારીઓની વિ. સં. ૧૫૩૩ ના વર્ષમાં સીરોહી ગામની નજીક અરઘટટ ગામના રહેવાસી પોરવાલ જ્ઞાતીના **'ભાણા'** નામની વ્યક્તિથી શરુઆત થઈ. આ લોંકા નામના મતની ઉત્પત્તિ તે જ નામના–લોંકા નામના આઠમા વિશ્રામમાં વિસ્તારથી કહેવાશે.

વળી આ લોંકાનો મત તીર્થ બાહ્ય છે તેમ બાળક-ગોવાળ અને સ્ત્રીઓને પણ પ્રતીત જ છે. ॥૭॥ એ પ્રમાણે **કડુમતિ** (કડવામતી)-**બીજામતિ** અને **પાર્શ્વચંદ્ર** પોતપોતાના નામથી મત કાઢનારા જાણવા. ઉપલક્ષણથી બીજા પણ ઉપધાન વગેરેનો અપલાપ કરનારા પણ તેવા પ્રકારના જ જાણવા. તેથી તે દશેય કુમતો તીર્થ કહેવાય નહિં. ॥૧૦॥

આ દશે મતો પણ તીર્થંકરના મૂલવાળા નથી પરંતુ મારવાડની ભૂમિમાં દેખાતા પાણીના જેવા (ઝાંઝવાના જલ જેવા) હોવાથી **'તીર્થાભાસ'** છે અને તેથી તેઓ તીર્થ બાહ્ય છે.

વાદી પ્રશ્ન કરે છે કે–તો પછી ખરેખર તપાગચ્છ પણ વિ. ૧૨૮૫ના વર્ષમાં શ્રી જગત્ચંદ્રસૂરિથી થયો તો તે પણ તમારી કહેલી યુક્તિથી તીર્થ કેમ કહેવાય? તો તેના જવાબમાં કહીએ

છીએ કે ખરેખર તો જગત્ચંદ્રસૂરિ, વડગચ્છથી કોઈ નિમિત્તથી વિપરીત પ્રરુપણા વડે શ્રી ચંદ્રપ્રભ આચાર્યની જેમ છૂટા પડેલ નથી.

પરંતુ પ્રમાદવશથી ક્રિયામાં શિથિલ થયેલા સાધુ સમુદાયને છોડીને પોતાના ગુરુની આજ્ઞા વડે શ્રી આણંદવિમલસૂરિજીની જેમ શ્રી સુધર્માસ્વામીથી અવિચ્છિન્ન પરંપરાએ આવેલ દશવિધ ચક્રવાલ સામાચારીની ક્રિયાને કરતાં, યાવજ્જીવન પર્યંત અભિગ્રહપૂર્વક આયંબીલના તપને કરતાં, શરીરથી સૂકાઈ ગયેલા એવા જગત્ચંદ્રસૂરિને જોઈને રાજાએ તેઓને **"તપા"** એવું બિરુદ આપ્યું. એમ કહેવું તે યોગ્ય છે અને તે દિવસથી માંડીને વડગચ્છનું જ **"તપાગચ્છ"** એવું નામ પ્રચાર પામ્યું. માટે આમાં પૂર્વે કહેલી યુક્તિ લાગી શકશે નહિં.

જે એમ ન હોય તો **સુસ્થિત** અને **સુપ્રતિબદ્ધથી કૌટિક** નામનો ગણ નીકલ્યો છે. ત્યારપછી તેમાંથી શ્રી ચંદ્રસૂરિજીથી **ચંદ્રગચ્છ** નીકલ્યો. ત્યારપછી તે ચંદ્રગચ્છના ઉદ્યોતન સૂરિ વડે શ્રી સર્વદેવસૂરિને વડવૃક્ષની નીચે આચાર્યપદવી આપવાથી શ્રી સર્વદેવસૂરિ વડે **વડગચ્છ** નીકલ્યો. એવી પ્રસિદ્ધિ થઈ તો આ રીતે કૌટિકાદિ વગેરે-ગણો પણ અવિચ્છિન્ન તીર્થ નહિ બની શકે.

તેથી ગચ્છનું નામાન્તર થવા છતાં પણ આચાર અને પ્રરૂપણાની અવિચ્છિન્નતા જ જાણવી.

લોકોમાં પણ સાધુ-શ્રેષ્ઠિ-મંત્રી-સંઘપતિ વગેરે બીજા નામો પડવાથી તે સંજ્ઞાઓ કુલાચારને કાંઈ પણ બાધક થતી નથી.

પ્રરૂપણા અને આચારની અવિચ્છિન્નતા આ ગણમાં છે—આ તપગચ્છમાં તેને કોઈ પણ ફેરફાર કરવા માટે શક્તિમાન નથી. માટે તપાગચ્છ સંબંધી સાધુ વગેરેનો સમુદાય જ વર્તમાનકાલે ભરતક્ષેત્રમાં 'તીર્થ' તરીકે છે. બીજો કોઈ નહિં. એમ જાણવું.

આ વચન વડે જેઓ ''અમે આગમને અનુસરીને પ્રવર્તીએ છીએ. પછી અમારે પરંપરાનું શું પ્રયોજન છે?'' એવી રીતનો ફેંકી દેવા લાયક કદાગ્રહ કરે છે તે દૂર કર્યો જાણવો. પરંપરાનો સ્વીકાર ન કર્યો હોવાથી : પરંપરા એ આગમનું મૂલીયું છે. **અનુયોગસૂત્ર** આગમમાં કહેલ છે કે—''ત્રણ પ્રકારના આગમ છે. આત્માગમ-અનંતરાગમ અને પરંપરાગમ'' તેમાં આત્માગમ અને અનંતરાગમ આ બન્ને ગણધરના શિષ્યોના અંત સુધી પ્રવર્તે છે અને ત્રીજો જે પરંપરાગમનો ભેદ છે તે પરંપરા સિવાય સંભવી શકે નહિં.

તો પરંપરાનો સ્વીકાર નહિં કરતાં એવાઓને આગમના અનુસારે પ્રવૃત્તિ કરવાની વાતની ગંધ પણ ક્યાંથી હોય? જેમ ઘડાને સ્વીકાર્યા વગર તેની અંદર રહેલાં રૂપ આદિનો સ્વીકાર કરવો પણ ઉચિત નથી તેમ આ જાણવું. વળી સ્વમતિ વિકલ્પના વડે કરીને પણ આગમાનુસાર પ્રવર્તન કરવામાં તીર્થ બાહ્યતા અનિવાર્ય જ છે.

હવે વાદીનો પ્રશ્ન :—આગમ અનુસારે પ્રવર્તેલા એવા અમારા સમુદાયનું જ તીર્થપણું અમે સ્વીકારતા હોવાથી અમારી કેવી રીતે તીર્થ બાહ્યતા ગણાય?

એમ જો કહેતો હોય તો બોલીશ નહિ. 'આગમ મૂલ છે જેનું એવું તીર્થ હોય છે.' એવું તો કોઈપણ આગમમાં મલતું ન હોવાથી અને મહામૃષાભાષિપણું હોવાથી ખોટું છે. તેનો ભાવ આ પ્રમાણે છે.

'ચાતુર્વણ સંઘને તીર્થ કહેવાય અને તે તીર્થ, પહેલાં સમવસરણમાં બધાને (સર્વ તીર્થંકરોને) થયેલ છે. શ્રી મહાવીર પ્રભુને બીજા સમવસરણમાં થયેલ છે.' એ પ્રમાણેના આગમવચનનું પ્રામાણ્યપણું હોવાથી તીર્થ જે છે તે, ખરેખર કેવળજ્ઞાન જેમને ઉત્પન્ન થયેલ છે એવા તીર્થંકરથી જ થાય છે નહિં કે કોઈપણ વ્યક્તિથી કે કોઈપણ કારણથી : તેથી કરીને અમે ''આગમ અનુસારે પ્રવર્તીએ છીએ'' એવું વચન બોલવું તે ''મારો બાપ બાલબ્રહ્મચારી છે'' એવા વચનની જેવું જાણવું. આગમથી વિરુદ્ધ પ્રવૃત્તિવાળા હોવા છતાં પણ 'અમે આગમ અનુસારે પ્રવર્તીએ છીએ' એવું કહેતાં હોવાથી : કોઈપણ આગમની અંદર 'શ્રુતવ્યવહારી વડે સાધ્વાદિ સમુદાયરૂપ તીર્થ રચાયું' એવું જોવામાં કે સાંભળવામાં આવ્યું નથી. તેથી જ તીર્થ એ તીર્થંકર મૂલક જ છે. નહિં કે આગમ મૂલક કે કોઈપણ બીજા પુરુષ મૂલક.

આ સંબંધમાં ઘણું કહેવું છે કેટલુંક અહિં કીધું છે. અને કેટલુંક **तित्थं चाउवण्णो संघो** એ દશમી ગાથાથી શરૂ કરીને તીર્થસ્વરૂપના નિરૂપણ અવસરે અને બાકીનું કાંઈક કેવળ પુસ્તક મૂલક એવા લોંકા મતની પ્રરૂપણાના અવસરે કહીશું.

અમે મિત્ર ભાવે પૂછીએ છીએ કે તીર્થે સ્વીકાર્યું છતાં પણ કાંઈક આગમને અસંગતપણું દેખાય છે ત્યારે ત્યાં શું કરવું? તો કહીએ છીએ કે આગમને અસંગત એવાનું સ્વીકાર કરતું હોય તે તીર્થ ન હોય. અથવા તીર્થ, આગમને અસંગતવસ્તુ સ્વીકારતું હોય તેવું નથી. શીત અને ઉષ્ણ સ્પર્શની જેમ પરસ્પર વિરોધ અનાદિસિદ્ધ હોવાથી આગમને અસંગત અને તીર્થ તે બન્નેને પરસ્પર વિરોધ અનાદિ સિદ્ધ હોવાથી : તેથી કરીને દોષ દૃષ્ટિવાલાને જ મારવાડની ભૂમિના ઝાંઝવાના જલમાં જલનું જેમ જ્ઞાન થાય તે દૃષ્ટાંત વડે કરીને તીર્થે સ્વીકારેલું આગમને અસંગત જેવું દેખાય છે; પરંતુ નિર્દોષ દૃષ્ટિવાલાને નહિં. અને એથી જ તીર્થે સ્વીકારેલી ચતુર્થીની પર્યુષણા છોડીને પાંચમ સ્વીકારવાવાળા તીર્થબાહ્ય છે. એ વાત અંચલમતનિરાકરણરૂપ વિશ્રામમાં કહીશું.

હવે વાદી શંકા કરે છે કે કાલિકાચાર્ય પહેલાં તીર્થંકર ગણધર આદિ મહાપુરુષો વડે પાંચમના દિવસે જ સંવત્સરી પર્યુષણા કરાઈ હતી એ બુદ્ધિનું આલંબન લઈને એ પ્રમાણે કરતાં અમારી તીર્થ બાહ્યતા કેવી રીતે?

કહીએ છીએ કે ચતુર્થીની સંવત્સરી પ્રવર્તાવનાર કાલિકાચાર્યથી માંડીને આજ સુધી ચોથને આશ્રીને અવિચ્છિન્ન તીર્થ રહેલું છે, એ તો તને પણ ખબર છે. ચતુર્થીને આશ્રિત એવું વિદ્યમાન તીર્થ હોતે છતે તે તીર્થથી પ્રતિકૂલ ચાલવાવાળો પંચમીના પર્વને આશ્રિત એવો તું સ્વયં તીર્થબાહ્ય જ છે. કારણ કે 'જે જેનાથી પ્રતિકૂલ વર્તતો હોય તે તેનાથી બહાર થયો ગણાય' એ તો ગોવાળીયાઓને પણ ખબર છે.

વળી કહે છે કે ઋષભદેવ ભગવાનના પરણવાના કાલ પહેલાં ઉત્પન્ન થયેલાં જે યુગલીઆ મનુષ્યો હતાં. તેઓ અપરિણિત એવા ભાઈ બહેનના સંબંધવાલા હોવા છતાં દંપતિભાવને આશ્રિત હતાં અને તે વ્યવહાર, નિર્દોષ અને અનિંદ્ય ગણાતો હતો. પરંતુ અત્યારના કાલના મનુષ્યોને માટે એ પ્રવૃત્તિ નિંદ્ય–સદોષિત ને પંક્તિ બહાર થવાના હેતુભૂત જેમ થાય છે. તેમ અહીંયા પણ જાણવું.

તેથી કરીને સર્વજનોને વિષે પ્રસિદ્ધ એવી પ્રવૃત્તિ થયે છતે તેનાથી વિપરીત અને સત્પુરુષો વડે આચરણ કરાયેલી એવી પ્રાચીન પ્રવૃત્તિ પણ અત્યારે અનાદરણીય જ છે એ પ્રમાણે જાણવું.

ચોથની પર્યુષણાનું સાર્વજનીનપણું પ્રવચનમાં પ્રતીત જ છે. **જ્યારે ચોથની પર્યુષણા શરુ થઈ ત્યારે પાંચમની પર્યુષણાનો આશ્રય કરવાવાળો કોઈપણ પક્ષ હતો જ નહિં.** અને એથી જ ચોથની પર્યુષણાને આશ્રિતથી પંચમીપક્ષનું તે કાળે જે બાહ્યપણું તારા પક્ષનું કહેવાય છે. તે પક્ષનો તે કાળે અભાવ હોવાથી જ અનન્યગતિએ કરીને પણ પંચમીપક્ષવાળો સમુદાય તીર્થબાહ્ય ગણાય. તેથી ચતુર્થીને આશ્રિત જ તીર્થ છે અને તે કારણથી પંચમીએ પર્યુષણા કરવાવાળાની તીર્થબાહ્યતા પ્રગટ જ છે.

પંચમી પક્ષના બાહ્યપણાના વ્યપદેશનું કારણ ચતુર્થીપર્યુષણા તીર્થનું વિદ્યમાનપણું હોવાથી સિદ્ધ જ છે. અને એથી જ અમે :—**अविच्छिन्नंपि अ तित्थं पभाविअं पुण्णचरिआएत्ति॥** આ વાત કરી છે. તથા **चंदुव्वत्ति=તે આણંદવિમલસૂરિ** યુગમાં પ્રધાન, સંવિગ્નત્વ આદિ ગુણો વડે કરીને અજોડ અને એથી જ જગતમાં પ્રસિદ્ધિને પામેલા હતા. વળી કેવા? ચંદ્રની જેમ સૌમ્ય કાંતિવાલા. વળી સાધુઓને વિહાર કરવા યોગ્ય એવા ક્ષેત્રોમાં અસ્ખલિત અને અપ્રતિબદ્ધ વિહાર કરવા વડે કરીને સકલ લોકોના લોચનને આનંદ કરવાવાળા હતા. ચંદ્ર જેમ બધી કલાઓ વડે સહિત હોવાથી "સકલ" કહેવાય છે. તેમ જ ચંદ્ર, ગગનમંડલમાં સંક્રમણ કરતો છતો માણસોના નયનને આનંદ કરનારો થાય છે તેવી રીતે આ આચાર્ય મહારાજને પણ ચંદ્રની સામ્યતા આપેલી છે.

જાવજ્જીવ પર્યંત વિગઈઆદિના ત્યાગ કરવા આદિ વડે અને સંવિગ્ન આદિ ગુણો વડે અદ્વિતીય પંડિત શિરોમણી એવા **પંન્યાસશ્રી જીવર્ષિગણિના** વચનથી પ્રતિબોધ પામેલા એવા **મારી (ધર્મસા.મ.ની)** પ્રવ્રજયાના પ્રતિપત્તિના હેતુરૂપ આ આચાર્ય મહારાજ છે અને એ કારણથી મંગલનિમિત્તે મેં તેમને સ્મૃતિ ગોચર કર્યા છે. ॥ ગાથાર્થ ૨-૩ ॥

હવે જ્ઞાનસંપત્તિના હેતુભૂત એવા પરમ ઉપકારી (વિજયદાન)સૂરિ મહારાજને સ્મૃતિ ગોચર કરવા માટે **तस्स पए०**એ ચોથી ગાથા કહે છે.

**तस्स पए पुण अहिणवसूरो, दूरट्ठिआण बहुतावो ।**
**सिरिविजयदाणसूरि, नामेणवि कुमयतममहणो ॥४॥**

તે આણંદવિમલસૂરિજી મહારાજની પાટે **વિજયદાનસૂરિ** થયા. તે કેવા લક્ષણવાલા છે? તે કહે છે. અત્યારે જે સૂર્ય દેખાય છે તેની અપેક્ષાએ આ વિલક્ષણ સૂર્ય છે. તે વિલક્ષણતાને સ્પષ્ટ કરે છે.

દૂર દૂર રહેલા એવા પ્રાણીઓને માટે પ્રતાપરૂપી અસહ્ય તાપવાલા એટલે પ્રતાપરૂપી તાપથી તેઓનો પરાભવ કરનારા એવા આ.મ.ને

આ (આકાશમાં ઉગતો) સૂર્ય, ઉદય અને અસ્તસમયે જોનારાઓને દૂર હોય છે અને તેવા વખતે તેનો બહુ તાપ હોતો નથી. અલ્પ હોય છે (ત્યારે) આ દાનસૂરિજીરૂપ સૂર્ય એવો છે કે દૂર રહ્યો છતો પણ અસહ્ય તાપ આપે છે! એ વિલક્ષણતા છે.

જ્યારે આકાશમાં ઉગતો સૂર્ય, પોતાનો ઉદય થાય ત્યારે અંધકારનો નાશ કરે ત્યારે આ વિલક્ષણ સૂર્ય તો પોતાના નામમાત્રથી કુમતરૂપી અંધકારનો નાશ કરે છે.

**ભાવાર્થ :**—આ ગાથાનો ભાવાર્થ એ છે કે—આકાશમાં ઉગતો એવો જે સૂર્ય છે એ ઉગતી અને આથમતી વખતે જગતના લોકોથી ઘણો દૂર હોવાથી તાપનો સદંતર અભાવ હોય છે. જ્યારે આ દાનસૂરિજી મહારાજરૂપ સૂર્ય એવો વિલક્ષણ છે કે જે દૂર રહ્યો સતો પણ પોતાના પ્રતાપરૂપ તાપથી દૂર રહેલા એવા કુમતીઓને અસહ્ય તાપ આપે છે. વળી આકાશીસૂર્ય ઉદય પામે ત્યારે જ અંધકારનો નાશ કરે છે, જ્યારે આ વિલક્ષણસૂર્યના નામમાત્રથી જ કુમતરૂપ અંધકારનો નાશ થાય છે. આવા સૂર્યસદૃશ ગુરુને સ્મૃતિ ગોચર કરું છું. ॥ ગાથાર્થ-૪ ॥

હવે જેની આજ્ઞાને પામીને આ પ્રકરણનો આરંભ કરું છું. તે સૂરિને નમસ્કાર કરવા માટે બે ગાથા કહે છે.

**तस्सवि पयंमि विहिणा एगीकाऊण सोमसूरे अ ।**
**घडिओ उभयसहावो तेणं सिरिहीरविजयगुरू ॥५॥**
**संपइ तं जुगपवरं, पणमित्ता पणयभावभावण्णं ।**
**सव्वंमि अ जिअलोए, लोअंतं नेहनयणेहिं ॥६॥**

આચાર્ય વિજયદાનસૂરિની પાટે પણ વિધિએ ઘડેલા એવા **હીરવિજયસૂરિ** થયા. તેમને વિધિએ કેવી રીતે ઘડ્યા? ચંદ્ર અને સૂર્ય આ બન્નેના સ્વભાવને લઈને ઘડેલા! એનો ભાવ આ છે કે પૂર્વે કહેલા બન્ને સૂરિ મહારાજો ચંદ્ર અને સૂર્ય સમાન છે. તે સૂરિઓના ગુણોના સમુદાયને એકત્રિત કરીને આ આચાર્યશ્રીને વિધાતાએ ઘડ્યાં. તે જ કારણ વડે તેમનું "હીરવિજયગુરુ" નામ રાખ્યું. **ही=**વિરહી માણસોના દુ:ખના હેતુરૂપ અથવા શોકનું કારણ **इः**=કહેતા કામ, જેમાંથી ઉત્પન્ન થાય તે **ही**=ચંદ્ર, **रवि**=સૂર્ય **हीरवि**=તે બન્નેનો જય કરનાર હોવાથી વિજય કરનાર એવા **हीरविजयः**=હીરવિજય, **गुरु**=ગુરુ લક્ષ્મીથી યુક્ત એવા **શ્રીહીરવિજય** નામના ગુરુને પ્રણામ કરીને વળી કેવા?

પ્રણયભાવની ઉત્પત્તિ છે જેમાં એવા સ્નેહત્વ ભાવને પામેલા એટલે કે સમસ્ત લોકોને વલ્લભ એવા, વળી શું કરતા? સસ્નેહ એવા લોચન વડે લોકોને જોતાં એટલે કરુણારૂપી રસથી આર્દ્રલોચન વડે કરીને જોવાનો સ્વભાવ છે જેમનો એવા હીરવિજયગુરુને પ્રણામ કરીને ॥ ગાથાર્થ ૫-૬ ॥ હવે

શ્રોતાજનની પ્રવૃત્તિને માટે અભિધેય અને પ્રયોજનને દર્શાવતી ગાથાને કહે છે.

**वीरजिणजम्मसङ्कन्त भासरासिप्पभावओ पउरा ।**
**पवयणपूआऽसहणा, कुपक्खिआ ते म्मि दंसेमि ॥७॥**

તે કુપાક્ષિકોને હું બતાવું છું એટલે વાણીથી પ્રગટ કરું છું. ક્યા કુપાક્ષિકોને? જે કુપાક્ષિકો, ઉત્સૂત્ર ભાષણ આદિ વડે કરીને કુત્સિત એટલે તીર્થ વડે નિંદ્ય–નિંદાપાત્ર થયેલા છે એવા કુપાક્ષિકોને, ઉત્સૂત્રભાષિઓને-અભિનિવેશ મિથ્યાત્વી એવા વર્તમાનકાલીન કુપાક્ષિકોને હું બતાવું છું. આ કહેવા વડે કરીને નિ:સત્તાકીભૂત–નામમાત્ર થઈ ગયા છે સંતાનો જેમનો એવા જમાલિ આદિઓને નહિ જાણવા. પરંતુ વિદ્યમાન સંતાનોવાળા એવા દિગંબરોથી માંડીને પાશચંદ્રગચ્છ સુધીના કુપાક્ષિકોને બતાવીશ એમ જાણવું.

એટલે આ ઉત્સૂત્રભાષિઓનાં સ્વરૂપને કહેવા માટે વિશેષણ કહે છે. જિનશાસનની પૂજા = અભ્યુદય = ઉન્નતિ, તેના વૈરી–દુશ્મન. અને અનંતાનુબંધી કષાયના ઉદયવાળા : શિવભૂતિ અને ચંદ્રપ્રભાચાર્ય આદિ પ્રવચનની ઉન્નતિની પીડાથી જ નવીન મતના પ્રવર્તકો થયા હતા. જો એમ ન હોય તો સ્વયંસિદ્ધ એવા અને સિદ્ધિના સુખનાં આસ્વાદસ્વરૂપ એવા તીર્થને છોડીને નવીન મતની કલ્પનારૂપી ક્લેશ વડે કરીને પોતાના આત્માને કદર્થના તેઓ કેમ પહોંચાડે?

તે કુપાક્ષિકો કેટલા છે? તો કહે છે કે ઘણી સંખ્યાવાલા છે. ઘણી સંખ્યાનું કારણ કહે છે. મહાવીર સ્વામીના જન્મનું નક્ષત્ર જે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર તેમાં સંક્રાન્ત થયેલો. એટલે કે મેષરાશિ આદિના ચારને અનુક્રમે આવેલો. જે ભસ્મરાશિ નામનો ક્રૂરગ્રહ કે–જેની એક જ નક્ષત્રમાં ૨ હજાર વર્ષની સ્થિતિ છે. તે ભસ્મગ્રહના પ્રભાવના કારણથી આ કુપક્ષોની પ્રચુરતા છે.

શ્રી મહાવીર સ્વામીના નિર્વાણના અવસરે ભગવંતનું જન્મ નક્ષત્ર જે ઉત્તરાફાલ્ગુની હતું તેની ઉપર સંક્રાન્ત થયેલા ભસ્મરાશિ નામના ગ્રહના માહાત્મ્યથી કુપાક્ષિકોની બહુલતા છે એમ જાણવું.

વાદી પ્રશ્ન કરે છે કે બે હજાર વર્ષને અંતે મહાવીરસ્વામીના જન્મ નક્ષત્રથી ભસ્મરાશિ ગ્રહ દૂર થયે છતે કુપાક્ષિકોની બહુલતા હશે કે નહિં? એ પ્રમાણે પૂછતો હોય તો જણાવવાનું કે પ્રાયે: કરીને બહુલતા નહિં હોય એમ સંભાવના થાય છે. કારણ કે તે વખતે સાધુઓની અને સાધ્વીઓની પૂજા સત્કારની અભિવૃદ્ધિ કહેલી છે. તેને માટેનો આગમ પાઠ પર્યુષણા કલ્પમાં કહેલ છે.

**"जं रयणिं च णं समणे भगवं महावीरे जाव सव्वदुक्खपहीणे तं रयणिं च णं खुद्दाए भासरासी नाम महग्गहे दोवाससहस्सट्ठिई समणस्स भवगओ महावीरस्स जम्मनक्खत्तं संकंते तप्पभिइं च णं समणाणं निग्गंथाणं निग्गंथीण य नो उदिओदिए पूजा सक्कारे पवट्टई, जया णं से खुद्दाए जाव जम्मनक्खत्ताउ वइक्कंते भविस्सइ तया णं समणाणं निग्गंथाणं निग्गंथीण य उदिओदिए पूआसक्कारे भविस्सइ" त्ति श्री पर्युषणाकल्पे**

અર્થ :—જે રાત્રિને વિષે શ્રમણભગવાન મહાવીર, કાલધર્મ પામ્યા યાવત્ સર્વ દુઃખોથી મુક્ત થયા તે રાત્રિને વિષે ક્ષુદ્ર એવો ભસ્મગ્રહ, કે જે બે હજારવર્ષની સ્થિતિવાળો છે તે પ્રભુના જન્મનક્ષત્રને સંક્રમીને રહેલો છે ત્યાં સુધી શ્રમણ એવા નિર્ગ્રંથો અને નિર્ગ્રંથિનીઓનો ઉદિતોદિત એવો પૂજા સત્કાર આદિ નહિ પ્રવર્તે.

જ્યારે ક્ષુદ્ર એવો તે ભસ્મગ્રહ, ભગવાનના જન્મનક્ષત્ર ઉપરથી વ્યતિક્રાન્ત થશે એટલે કે ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર છોડી હસ્તનક્ષત્રમાં આવશે ત્યારે સાધુ-સાધ્વીઓનો ઉદિતોદિત એવો પૂજા-સત્કાર થશે.''

ખરાબ રાજા કે ખરાબ કુપાક્ષિકોની બળવત્તા હોય તો તેવી પૂજા-સત્કાર ન સંભવી શકે. કારણ કે તે કુનૃપો-ખરાબ રાજાઓ, કુપાક્ષિકો, પ્રવચનની પૂજાને સહન કરનારા હોતા નથી. તે વખતમાં કલ્કીરાજાનો પુત્ર જે દત્તરાજા તેનાથી શરુ કરીને પાંચમા આરાના અંત સુધી કુનૃપો આદિ સંભવતા નથી અને તેથી બે હજાર વર્ષ બાદ તેવા કુપાક્ષિકોની પ્રાયઃ બહુલતા ન હોય એમ સંભવે છે.

જેને માટે પૂ. હેમચંદ્રાચાર્ય મહારાજે જણાવ્યું છે કે ''પિતાના ઘોર પાપફલને અને ઇન્દ્ર મહારાજની શિક્ષાને સ્મરણ કરતાં એવા દત્તરાજા અરિહંતોના ચૈત્યથી વિભૂષિત એવી પૃથ્વી કરશે અને ત્યારથી આરંભીને પાંચમાં આરાના છેડા સુધી આવી પ્રવૃત્તિ નિરંતર જિનધર્મની થશે.'' એ પ્રમાણે શ્રી મહાવીર ચરિત્ર અને શત્રુંજય માહાત્મ્યમાં કીધું છે.

એ પ્રમાણે સર્વ વિસંવાદી અને દેશ વિસંવાદી એવા એ દિગંબર અને પૂનમીયા આદિ કુપાક્ષિકો પણ દત્તરાજાના રાજ્યથી આરંભીને પાંચમા આરાના છેડા સુધી અસંભવિત જાણવા.

આ બન્ને = કુપાક્ષિકો અને કુરાજાઓ, પ્રવચનની પીડાને તથા પ્રવચનની પૂજાનો અભિભવ-પરાભવ કરનારા હોવાથી તુલ્ય છે.

હવે વાદી પ્રશ્ન કરે છે કે બળવાન એવા ખરાબ રાજાઓ અસહિષ્ણુ હોવાથી પ્રવચનની ઉન્નતિનો પરાભવ કરે તે સંભવે છે. કારણ કે તેમ કરવામાં તેનું સામર્થ્ય હોવાથી પરાભવ કરી શકે છે. ત્યારે કુપાક્ષિકો તો બાપડા પ્રવચનથી બીતાં જ હોય, લપાતાં છૂપાતાં જ હોય છે તો તે કેવી રીતે પ્રવચનની પૂજાદિનો પરાભવ કરી શકે? તારું કહેવું સાચું છે. જો કે તે કુપાક્ષિકો સ્વતંત્ર રીતે કાંઈ પણ કરવામાં અસમર્થ જ છે તો પણ શત્રુ સાથેના મૈત્રીભાવથી અથવા ખરાબ રાજાને પ્રેરણા કરીને તેમ કરી શકે છે.

અથવા તો પ્રવચનની પ્રભાવના કરવાને સમર્થ હોવા છતાં જેવી રીતે કુરાજાઓથી સંભાવિત શંકા વડે કરીને આત્માઓ, કાલના પ્રભાવ વડે અને પોતાના ચિત્તની દુર્બલતા વડે પ્રવચનની પ્રભાવના કરવા શક્તિમાન બનતાં નથી. એવી જ રીતે કુપાક્ષિકોના વારંવારના સંપર્કથી, દાક્ષિણ્યતાથી, તેના કરેલા ઉપહાસ–મશ્કરી આદિની શંકા વડે કરીને પ્રવચનની પ્રભાવનાને કરવાને સમર્થ હોવા છતાં પણ તેવા પ્રકારના કાલાનુભાવથી અસમર્થ થઈ જાય છે.

હવે વાદી શંકા કરે છે કે કુપાક્ષિકોની બહુલતા હોવા છતાં પણ જેમ અત્યારે શાસનની પૂજા, સત્કાર થાય છે તેવી રીતે તમે જે કાલમાં કુપાક્ષિકોની બહુલતા કહો છો તે કાલમાં પણ પૂજા અને સત્કાર થાવ. તેમાં તમને શું વાંધાજનક છે? તેના ઉત્તરમાં

કહીએ છીએ કે જે અત્યાર પૂજા-સત્કાર દેખાય છે તે ભવિષ્યકાલમાં પણ થનારા એવા વિશાલ પૂજા-સત્કારનું બીજ સદૃશ છે. અને તે ભાવિકાલનું બીજ છે. પરંતુ અત્યારનો પૂજા સત્કાર તે જાજરમાન પૂજાસત્કાર નથી. કારણ કે કુપાક્ષિકોની બહુલતા હોવા છતાં પણ બીજા માણસોની વાત રહેવા દો. આ તમારા તપાગચ્છરૂપ સુમાર્ગમાં પડેલો પણ ઘણો વર્ગ એવો છે કે કુપક્ષો અને સુપક્ષોને તુલ્યબુદ્ધિથી પૂજે છે. તેથી કરીને પ્રવર્તમાન એવા પૂજાસત્કારને કરવા છતાં પણ વસ્તુગતિએ દ્વેષિમુદ્રાને ઓળંગતા નથી. સાચી રીતિએ તો તેઓ પોતાની દ્વેષિમુદ્રાને નહિં જ મૂકે. તેથી પૂ. આ.શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ અગમ્ય અધ્યાત્મ-દ્વાત્રિંશિકામાં કહે છે કે—

**सुनिश्चितं मत्सरिणो जनस्य, न नाथ! मुद्रामतिशेरते ते।**
**माध्यस्थमास्थाय परीक्षका ये, मणौ च काचे च समानुबन्धाः ॥३॥**

**ભાવાર્થ :**—"મત્સરી એવા જનસમુદાયને હે નાથ! તારી મુદ્રા અતિશાયી નથી બનતી' કારણ કે મણિ અને કાચ તે બંનેને વિષે તુલ્ય અનુબંધવાળા એવા જે પરીક્ષકો છે તે મધ્યસ્થતાને સ્વીકારીને પણ તારી મુદ્રાના યથાર્થ પરીક્ષક ક્યાંથી બનવાના?" અને એથી કરીને સુમાર્ગમાં પડેલા એવા પણ માણસો વડે કરાતા પૂજા સત્કાર પણ અકિંચિત્કર જ છે અને જે અનન્ય મનવાળો થયેલો અને સુપક્ષને જ સ્વીકારીને ચાલવાવાળો જે વર્ગ છે તે અલ્પ છે. અને વળી તે પોતે (પ્રતીકારમાં) અસમર્થ છે એથી કરીને તેનો કરેલો પૂજા સત્કાર શોભાયમાન ન ગણાય એમ જાણવું. તેથી ઉદિત ઉદિત પૂજાને માટે વૃદ્ધિ પામતા પૂજા-સત્કારની સિદ્ધિ માટે બન્નેની પણ (કુપાક્ષિક અને કુનૃપની) અવિદ્યમાનતાં સ્વીકારીએ તો વાંધો નથી. અને બન્નેની વિદ્યમાનતા સ્વીકારીએ તો બાધક છે જ. એ પોતાની જાતે સમજી લેવું.

અહીં 'હું કુપાક્ષિકોને બતાવીશ' એ **અભિધેય**-નામપદાર્થ-વાચ્યપદાર્થને સાક્ષાત્ કહ્યો છે.

હવે **પ્રયોજન** કહે છે. તે પ્રયોજન બે પ્રકારે છે. એક પર પ્રયોજન અને બીજું અપર પ્રયોજન. તેમાં પર પ્રયોજન મોક્ષ પ્રાપ્તિ છે અને અપરપ્રયોજન મોક્ષના અંગભૂત એવું કુપાક્ષિકોનું પરિજ્ઞાન-જાણકારી છે. કારણ કે 'આ શત્રુઓ છે એમ જાણ્યું હોય તો તે શત્રુઓ પરાભવ કરી શકતા નથી.' એવું વચન હોવાથી કુપાક્ષિકોને સારી રીતે જાણી લઈને તેનો ત્યાગ કર્યે સતે તેઓ મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનારા ન થાય.

અને એથી જ કરીને કુપાક્ષિકોની જે જાણકારી મેળવવી તે મોક્ષનું અંગ છે. જો કુપાક્ષિકોની જાણકારી મેળવી ન હોય, તેનો આદર ન કર્યો હોય તેવા પણ તે કુપાક્ષિકો અનુકૂલ ભાષણ આદિ વડે કરીને સુગતિને હણે છે અને સંસારના હેતુરૂપ થાય છે. તેના માટે **મહાનિશીથ સૂત્રના** ચોથા

અધ્યયનમાં કહ્યું છે. કે—

**'जे भिक्खू वा भिक्खूणी वा परपासंडाणं पसंसं करेज्ञा जे आवि णिण्हगाणं पसंसं करेज्ञा। जे आवि निण्हगाणं आययणं पविसिज्ञा, जे आवि निण्हगाणं गंथं सत्थं पयं अक्खरं वा परूवेज्ञा जेणं निण्हगाणं संतिए कायकिलेसाइए तवेइ वा संजमेइवा णाणेइवा विण्णाणेइ वा सुए वा पंडिचेइ वा अभिमुहमुद्धपरिसामज्झगए सिलाहेज्ञा सेऽविअ णं परमाहम्मिएसु उववएज्ञा, जहा सुमती'' त्ति श्री महानिशीथचतुर्थाध्ययने.**

''જે સાધુઓ અથવા સાધ્વીઓ પર પાખંડીઓની પ્રશંસા કરે છે અથવા તો જેઓ નિન્હવોની પ્રશંસા કરે છે અથવા નિન્હવોના મંદિર કે ઉપાશ્રયમાં પેસે છે અથવા તો જેઓ નિન્હવોના ગ્રંથને શાસ્ત્રને, પદને, અક્ષરને પ્રરૂપે છે. અથવા તો જેઓ નિન્હવોની નિશ્રાએ કાયક્લેશાદિ તપ કરે છે, સંયમની આરાધના કરે છે. અથવા જ્ઞાન વિજ્ઞાન મેળવે છે. શ્રુત મેળવે છે. પંડિતપણું મેળવે છે. અથવા તો સન્મુખ થયેલી એવી મુગ્ધપર્ષદામાં તેમના વખાણ કરે છે. તે જીવો પરમાધામીની અંદર ઉત્પન્ન થાય છે. જેમ કે સુમતિ.'' તેવી રીતે

**''जेजिणवयणुत्तिन्नं, वयणभासंति जे उ मण्णंति।**
**सम्मदिट्ठीणं तद्दंसणंपि संसारवुड्ढिकरं ॥१॥**

તેમજ જે જિનેશ્વર ભગવંતના વચનથી ઉત્તીર્ણ=ભિન્ન એવું વચન બોલે છે અથવા માને છે તેવા આત્માઓનું દર્શન પણ સમ્યગ્દૃષ્ટિ આત્માઓને સંસારવૃદ્ધિ કરનાર છે'' એવું ભાષ્યકારનું વચન છે.

વળી સંસારનું મૂલ જો કોઈ હોય તો સાધુરૂપે રહેલાં એવા ઉત્સૂત્ર ભાષીઓ જ સંસારનું મૂલ છે. **આવશ્યક નિર્યુક્તિ** આગમમાં કહેલું છે કે

**''सत्तेआ दिट्ठीओ, जाईजरामरणगब्भवसहीणं।**
**मूलं संसारस्स उ, हवंति निग्गंथरूवेणं ॥१॥**

નિર્ગ્રંથના રૂપે રહેલા આ સાત દૃષ્ટિઓ, (નિન્હવો), જાતિ-જરા-મરણ-ગર્ભ વસતિના સ્થાનરૂપ એવા આ સંસારનું (આ સાતે) મૂલ છે.'' એ પ્રમાણે આવશ્યક નિર્યુક્તિ ભાષ્યમાં કહેલું છે.

કુપાક્ષિકોના પક્ષના રંગથી રંગાયેલા માણસો તો દૂર રહો. પરંતુ જે કોઈ એવા પ્રકારના શુભકર્મની પરિણતિ વડે કરીને 'શ્રી સુધર્માસ્વામીથી અવિચ્છિન્ન પ્રવૃત્તિવાળો એવો આ તપાગણ જ તીર્થ છે. અને પૌર્ણમિયીક આદિ ઉત્સૂત્ર ભાષીઓ નિશ્ચયે કરીને મહામિથ્યા દૃષ્ટિઓ છે' એવા પ્રકારના નિશ્ચયનયના અનુસારે માનનારો સમ્યગ્દૃષ્ટિ પણ જો વ્યવહારથી પણ 'હું પૂનમીયો ખરતર-આંચલિક છું' એ પ્રમાણે પોતાને જણાવતો હોય તો અને કુપાક્ષિકોના માર્ગમાં પડેલો હોય તો તેવો આત્મા પણ 'વ્યવહારનયનો ઉચ્છેદ થયે છતે તીર્થનો ઉચ્છેદ અવશ્ય થાય છે.' એ પ્રમાણે પંચવસ્તુક આદિ આગમના વચનથી સન્માર્ગમાં પડેલા સમ્યગ્દૃષ્ટિઓને જોવાને માટે પણ અકલ્પ્ય છે.

જેના માટે વન્દનક નિર્યુક્તિ આગમમાં કહ્યું છે કે :

**उम्मग्ग देसणाए, चरणं नासंति जिणवरिंदाणं ।**
**वावण्ण दंसणा खलु, नहु लब्भा तारिसा दट्ठुं ॥३॥**

ઉન્માર્ગની દેશના વડે કરીને જિનેશ્વર ભગવંતોનું ચરણ-ચારિત્ર નાશ પામે છે. અને તેવા વ્યાપન્ન દર્શનવાલા એટલે કે-સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ એવા આત્માઓને જોવા પણ યોગ્ય 'નથી' એ પ્રમાણે વંદનક નિર્યુક્તિમાં કહેલ છે. અને તેની ચૂર્ણિમાં આ પ્રમાણે કહેલ છે કે—

**जे पुण जहिच्छालंभं गहाय अण्णेसिं सत्ताणं संसारं नित्थरित्तुकामाणं उम्मग्गं देसयंति तत्थ गाहा,**

**उम्मग्ग देसणाए, चरणं-अणुट्ठाणं नासंति जिणवरिंदाणं ।**
**सम्मत्तं अप्पणो अण्णेसिं च, ते वावण्णदंसणा जणा ॥**

**ते चरणं न सद्दहंति मोक्खो अ विज्ञाए करणे अ भणिओ, अण्णेसिं च मिच्छत्तुप्पायणेण, एवमादिएहिं कारणेहिं वावण्णदंसणा, खलुसद्दा जइवि केई निच्छयविहीए अवावण्णदंसणा तहवि वावण्णंदसणा इव दट्ठव्वा, ते अ दट्ठुंपि न लब्भा, किमंग! पुण संवासो संभुंजणा संथवो वा, हुसद्दो अविसद्दत्थो, सो अ ववहियसंबंधो दरिसिओ चेव, न लब्भा नाम न कप्पंति, णाण त्ति गयं॥**

''જે આત્માઓ પોતાની સ્વેચ્છાચારીનું આલંબન લઈને સંસાર પાર ઉતરવાની ઇચ્છાવાલા બીજા પ્રાણીઓને ઉન્માર્ગ બતાવે છે તેમાં આ ગાથા છે.

ઉન્માર્ગની દેશનાથી જિનેશ્વર ભગવંતના ચારિત્રનું અનુષ્ઠાન નાશ પામે છે. આત્માનું અને બીજાનું સમ્યક્ત્વ પણ નાશ પામે અને પમાડે છે. એવા તે ભ્રષ્ટ સમ્યક્ત્વી આત્માઓ, ચારિત્રની શ્રદ્ધા કરતાં નથી 'વિદ્યા વડે અને ક્રિયા વડે મોક્ષ કહે છે. અને અચારિત્રી એવા તેઓ બીજાઓને મિથ્યાત્વ ઉત્પન્ન કરે છે. ઈત્યાદિ કારણો વડે તેઓ વ્યાપન્ન-ભ્રષ્ટદર્શનવાળા કહેવાય છે. જો કે કોઈક નિશ્ચય વડે કરીને અવ્યાપન્ન દર્શનવાલા હોય તો પણ તે વ્યાપન્નદર્શનીની જેવા જ જાણવા. તે પણ દેખવાને માટે યોગ્ય નથી. તો હે શિષ્ય! તેની સાથે રહેવું, આહારપાણી કરવા, કે તેનો પરિચય કરવો તે શા કામનું? તેનું નામ લેવું પણ કલ્પે નહિ જ.'' એ પ્રમાણે **આવશ્યકચૂર્ણિ**ના ૪૬૪ નંબરના પુસ્તકના ૩૧૮મા પાનામાં લખેલ છે.

તેવી રીતે **વિશેષાવશ્યક** ભાષ્યના ૩૪૮મા પૃષ્ઠમાં કહેલું છે કે 'સૂત્રમાં બતાવેલા એક પદ કે એક અક્ષરને પણ જે માન્ય ન રાખે અને બાકીનું બધું માન્ય રાખતો હોય તો તે જમાલી જેમ જ મિથ્યાદષ્ટિ છે.'

તેવી જ રીતે **સૂત્રકૃતાંગ**ની નિર્યુક્તિમાં કહેલું છે કે

**आयरिय परंपरए आगयं जो उ छेअव्वुद्धीए ।**
**कोवेइ छेअवाई, जमालिनासं स नासीही ॥१॥**

'આચાર્યની પરંપરાથી આવેલ વાતને જો કોઈ પોતાની છે ક=નિપુણ બુદ્ધિએ કરીને વખોડે છે તે છેકવાદી=નિપુણ બુદ્ધિવાલો આત્મા જમાલીની જેમ નાશ પામે છે.' એ પ્રમાણે બીજે સ્થાને પણ જિનેશ્વર ભગવંતે કહેલાં એક પદમાત્રનો પણ અપલાપ કરનારા એવા પ્રાણીઓ અભિનિવેશી મિથ્યાત્વી જાણવા. જિનેશ્વર ભગવંતના વચનોનો અપલાપ કરનારા તો દૂર રહો. પરંતુ તીર્થે સ્વીકારેલું=માન્ય કરેલું હોય તેનો પણ અપલાપ કરવો એ નિન્હવમાર્ગપતિતપણું છે તેમ જાણવું.

"**उज्जित सेल सिहरे**" ગાથાના પ્રામાણ્ય નામના દશમા દ્વારમાં કહેલું છે કે–"તે ઉજ્જયંતપર્વતના અલંકારભૂત નેમિનાથની સ્તુતિ કરવી. તે કારણથી આ ગાથા જિનેશ્વર ભગવાનની સ્તુતિ હોવાથી, સમ્યક્ત્વની શુદ્ધિ કરનારી હોવાથી, કર્મક્ષય આદિનું કરનાર હોવાથી, સંવેગ આદિનું કારક હોવાથી, અશઠ પુરુષોએ આચરેલું હોવાથી, બહુશ્રુતધરોએ આચરેલી હોવાથી, જીત વ્યવહારમાં પડેલી હોવાથી, અને ભાષ્યકારો આદિ વડે વ્યાખ્યા કરેલી હોવાથી તેમજ આવશ્યક ચૂર્ણિકારને પણ અનુમત હોવાથી, અને આ ગાથાનો કોઈએ પણ નિષેધ ન કરેલો હોવાથી અને પરંપરાગત અર્થનો નિષેધ કરવાને અશક્તિ હોવાથી, અને નિષેધ કરવા જતાં નિન્હવમાર્ગમાં પડેલાપણું થતું હોવાથી, તેમજ આજ્ઞાનો પ્રકાર હોવાથી, આ દશમો અધિકાર યુક્ત જ છે." એ પ્રમાણે આગળ પણ જાણવું. એમ ધર્મઘોષસૂરિએ કરેલ **સંઘાચારવૃત્તિ**માં જણાવેલ છે.

હવે અહીં તીર્થને સંમત એવા આ દશમા અધિકારનો પણ અનંગીકાર કરવામાં નિન્હવમાર્ગનું અનુસારીપણું જણાવ્યું છે! એમ ન માનવું કે એ પ્રમાણે હોયે છતે પણ આધુનિક આચાર્યો વડે કરીને પૂર્ણિમારક્ત આદિને અભિનિવેશી મિથ્યાત્વી કહેવાયા નથી. તે પ્રમાણે શંકા કરવી નહિ. કારણ કે—

**શ્રાદ્ધવિધિ વિનિશ્ચય** આદિ ગ્રંથોમાં તેઓને અભિનિવેશી મિથ્યાત્વીઓ તરીકે કહેલાં હોવાથી જે આ પ્રમાણે–હું **नंदेन्द्रिय** ૧૧૫૯મા પૂર્ણિમા પક્ષ થયો. ૧૨૦૪મા ખરતર થયો. ૧૨૧૩મા અંચલ થયો. ૧૨૩૬મા સાર્ધપૂનમીયો થયો. ૧૨૫૦માં ત્રિસ્તુતિક થયો.

આ બધાય કુમતો પોતાના દુરાગ્રહથી થયા છે. આમાં જે '**स्वकीय आग्रहात्**' કહેલું છે તે શબ્દથી આ બધાનું આભિનિવેશી મિથ્યાત્વીપણું જણાવ્યું છે. તેવી જ રીતે 'આંચલીયો તો અભિનિવેશગ્રસ્ત જ છે.' એ પ્રમાણેનું કથન અહીં અને બીજા ઘણાં સ્થાનોમાં છે. તેવી જ રીતે શ્રી મુનિસુંદરસૂરિકૃત ગુર્વાવલીમાં પણ કહેલ છે કે :—

**आज्ञाभङ्गान्तरायोत्था—नन्तसंसारनिर्भयैः ।**
**सामाचार्योऽपि पाश्चात्यैः, प्रायः स्वैरं प्रवर्तिताः ॥१॥**
**उपधानप्रतिक्रान्ति-जिनार्चादिनिषेधतः ।**
**न्यूनिता दुष्षमादोषात्प्रमत्तजनताप्रियाः ॥२॥**
**यत्तत्प्रासुकमिष्टाम्बु-प्रवृत्त्यादिसुखावहा ।**
**वीक्ष्यन्तेऽन्यगणेष्वत्रा—चरणालक्षणोज्झिताः ॥३॥**

* આજ્ઞાભંગ-અંતરાય કર્મનું ઉત્થાન થવાથી ઊભા થયેલા અનંતસંસારની વૃદ્ધિમાં નિર્ભય બનેલા એવા પાશ્ચાત્યો વડે કરીને સામાચારીઓ પણ યથેચ્છિત પ્રવર્તાયેલ છે.

* ઉપધાન-પ્રતિક્રમણ-જિનાર્ચા આદિના નિષેધે કરીને પ્રમાદીજનોને પ્રિય થઈ પડે એવા પ્રકારની પ્રવૃત્તિઓની દુષમાકાલના પ્રભાવથી તે બધી પ્રવૃત્તિઓ ન્યૂન-બંધ કરાવાઈ છે.

* જે તે પ્રાસુક, (પાત્રે પડ્યું પચ્ચક્ખાણ) ઇષ્ટ અંબુ (પાણી) વગેરે જે સુખકારી પ્રવૃત્તિઓ દેખાય છે તે આચરણાના લક્ષણથી રહિત એવી બીજા સમુદાયોમાં દેખાય છે.

* હવે અહિંયા આ ગાથામાં ઉપધાનનો નિષેધ કરનાર પૂનમીયાદિ પ્રસિદ્ધ છે. તેવી રીતે શ્રાવકોના પ્રતિક્રાંતિ = પ્રતિક્રમણનો નિષેધ કરનાર આંચલીયો પ્રસિદ્ધ છે. અને સ્ત્રીઓને જિનપૂજાનો નિષેધ કરનાર ખરતર છે. આ બધા કેવા છે? આજ્ઞાભંગ આદિ ગાથાનો અર્થ કરતાં કહે છે કે—

શ્રી તીર્થંકર ભગવંતે કહેલી વાતનો પ્રતિષેધ કરવા દ્વારા થતાં આજ્ઞાભંગ વડે કરીને તે તે કાર્યોથી થતી પુણ્યપ્રકૃતિનો બંધ, તેનો અંતરાય કરનારા હોવાથી તે આજ્ઞાભંગ અને અંતરાય દ્વારા ઉપાર્જન થતો એવો જે અનંતો સંસાર તેના ભય વગરના છે.'' આ બધી વિશિષ્ટતાઓ વડે તે બધાને અભિનિવેશી મિથ્યાત્વી જ કહેલા છે.

તેવી જ રીતે કુલમંડનસૂરિએ પણ **વિચારામૃત સંગ્રહ**માં કહ્યું છે કે 'પૂર્ણિમાના દિવસે પક્ખીની પ્રરૂપણા કરનાર એવો ચંદ્રપ્રભાચાર્ય, સંઘે વાર્યો છતાં પણ પોતાના કદાગ્રહનો ત્યાગ નહિં કરવાથી સંઘ બાહ્ય કરાયો. તેવી રીતે ધર્મઘોષસૂરિજીએ **'होइ मंगलं'** પાઠ બોલનારને અભિનિવેશી મિથ્યાત્વી કહ્યાં છે. તેવી રીતે શ્રી મલયગિરિજી મહારાજે પણ આવશ્યકવૃત્તિ બનાવતાં તે ગાથા **'हवइ'** પાઠપૂર્વક જ લખેલી છે. આ બધાનો નિશ્ચય કરવાના અર્થી આત્માએ તે વૃત્તિ જોવી.

આ પ્રમાણેના પરમાર્થને જાણીને કદાગ્રહ અને અભિનિવેશ મિથ્યાત્વ આદિના વિકાસવાળું, કલ્પિત અને આગમમાં નહિં કરેલું એવું **'होइ'** પદ બોલવું છોડી દઈને સાક્ષાત્ પરંપરાથી આવેલા સૂત્રની અંદર રહેલો અને શ્રી વજ્રસ્વામી આદિ દસ પૂર્વધરો વગેરે બહુશ્રુત-સંવિગ્ન અને સુવિહિત ગીતાર્થોના વ્યાખ્યાનથી આદરાયેલ અડસઠ અક્ષર પ્રમાણેનો **'हवइ'** પાઠવાળો જ નવકાર ભણવો જોઈએ. તે આ રીતે

**नमो अरिहंताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं, नमो उवज्झायाणं, नमो लोए सव्वसाहूणं, एसो पंचनमुक्कारो सव्वपावप्पणासणो, मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं॥**

'આનું વ્યાખ્યાન (વિવેચન) જે વજ્રસ્વામી આદિ વડે કરીને છેદ ગ્રંથ આદિમાં લખાયેલું છે. તે જ ભક્તિ અને બહુમાનના અતિશયથી અને વિશેષથી ભવ્ય સત્ત્વના ઉપકાર માટે બતાવાય છે.' આ પ્રમાણે ધર્મઘોષસૂરિજીએ કરેલ **સંઘાચારવૃત્તિ**ની પ્રત નં. ૨૪૯ના ૧૨૧ પત્રમાં ખુલાસો છે. અહીં

**'होइ मंगलं'** એ પ્રમાણે બોલનારનો કદાગ્રહ અને અભિનિવેશી મિથ્યાત્વનો વિલાસ એ ચોક્ખો બતાવેલો છે.

હવે વાદી પ્રશ્ન કરે છે કે, **"हवइ मंगलं'** એ પાઠ તો વજ્રસ્વામી વડે કરાયેલો છે એની પહેલાં તો **'होइ मंगलं'** પાઠ હતોને? એ પ્રમાણે જે તું કહેતો હોય તો તે પ્રમાણે છે જ નહિ **'हवइ मंगलं'** એ પાઠનું અનાદિ સિદ્ધપણું હોવાથી.

કોઈપણ આગમમાં 'વજ્રસ્વામીજીએ આ પ્રમાણે પાઠનું પરાવર્તન કર્યું છે.' તેવું જોયું કે સાંભળ્યું નથી. પરંતુ વજ્રસ્વામીજીએ 'આ સૂત્રમાં લખેલ છે' એમ જણાવેલ છે. મહાનિશીથના ચોથા અધ્યયનમાં લખ્યું છે કે :—

**"एयं तु जं पंचमंगलमहासुअक्खंधस्स वक्खाणं तं महया पबंधेणं अणंतगमपज्जवेहिं सुत्तस्स य पिहभूआहिं निज्जुत्तिभासचुण्णीहिं जहेव अणंतणाणदंसणधरेहिं तित्थयरेहिं वक्खाणियं तहेव समासओ वक्खाणिज्जंतं आसी, अहऽण्णया कालपरिहाणिदोसेण तीओ निज्जुत्तिभासचुण्णीओ वुच्छिन्नाओ, इओ अ वच्चंतेण कालसमएणं महड्ढिपत्ते पयाणुसारी वयरसामी दुवालसंगसुअहरे समुप्पण्णे, तेणेसो पंचमंगल-महासुअक्खंधस्स उद्धारो मूलसुत्तस्स मज्झे लिहिओ, मूलसुत्तं पुण सुत्तत्ताए गणहरेहिं, अत्थत्ताए अरिहंतेहिं भगवंतेहिं धम्मतित्थगरेहिं तिलोअमहिएहिं वीरजिणंदेहिं पण्णविअंति वुद्धसंपयाउत्ति"**

"આ પંચમગંલમહાશ્રુતસ્કંધનું વ્યાખ્યાન, તે મોટા પ્રબંધ વડે કરીને અનંત ગમ અને પર્યાયો વડે કરીને સૂત્રથી જુદી થયેલ એવી નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિઓ વડે કરીને જેવી રીતે અનંતજ્ઞાન-દર્શનને ધારણ કરનારા તીર્થંકરો વડે વર્ણવાયું હતું તેવી રીતે સંક્ષેપથી પણ વખાણાતો હતો.

હવે એક વખત કાલના પરિહાણીના દોષથી–અવસર્પિણીના કાલના પ્રભાવથી તે બધી નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિઓ વ્યુચ્છિન્ન થઈ. એવા સમયમાં મહાઋદ્ધિ પ્રાપ્ત એવા, દ્વાદશાંગશ્રુતને ધારણ કરનારા અને પદાનુસારી લબ્ધિવાળા શ્રીવજ્રસ્વામી ઉત્પન્ન થયા. તેમણે આ પંચમંગલ મહાશ્રુતસ્કંધનો ઉદ્ધાર મૂલસૂત્રમાં લખ્યો. મૂળસૂત્ર તો સૂત્રપણે કરીને ગણધરો વડે અને અર્થ વડે કરીને ત્રણ લોકથી પૂજિત અને ધર્મ તીર્થંકર એવા અરિહંત ભગવાન મહાવીર દેવે પ્રરુપેલ છે. એ પ્રમાણેનો વૃદ્ધસંપ્રદાય છે." આ પ્રમાણે મહાનિશીથ સૂત્રના ચોથા અધ્યયનમાં કહેલું છે.

વળી 'વજ્રસ્વામીએ કરેલું છે. એ હેતુથી (અમે) સ્વીકારતાં નથી.' એવું જે વચન બોલવું તે પણ મહામોહનું કારણ છે. કારણ કે બધાને પણ નિંદનીય એવા બે દોષનો સદ્ભાવ હોવાથી : તે આ પ્રમાણે–વજ્રસ્વામીએ નહિં કરેલું હોવા છતાં પણ તેમનું કરેલું છે એ પ્રમાણે ઊભય લોકથી વિરુદ્ધ એવું મહાપુરુષને કલંકદાન કરવાનું થાય છે એ **પહેલો દોષ** છે.

**"जो कण्णाइ धणेणय, निमंतिओ, जुवण्णंमि गिहिवईणा ।**
**नयरंमि कुसुमनामे, तं वयररिसिं नमंसामि ॥१॥**

'જે કુસુમપુર નગરમાં ગૃહપતિ વડે યૌવન અવસ્થામાં પણ કન્યાઓ અને ધન વડે આમંત્રણ અપાયું હતું તે વજ્રસ્વામીને નમસ્કાર કરું છું.'' ઇત્યાદિ સ્તુતિના વચનો વડે કરીને શ્રી ભદ્રબાહુસ્વામી આદિ મહાપુરુષો વડે સ્તવાયેલા, આગમવ્યવહારી અને યુગપ્રધાન એવા વજ્રસ્વામી પ્રતીત જ છે. આગમ વ્યવહારીની આજ્ઞા, તે તીર્થંકરની આજ્ઞાથી ભિન્ન (જુદી) હોતી નથી. અને એથી કરીને તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં તીર્થંકરોની પણ આજ્ઞાનું ઉલ્લંઘન અવશ્ય થાય છે. તે **બીજો દોષ** છે. તેથી કરીને ''તેમનું કરેલું છે.'' એવો નિશ્ચય કરવો એ તો એક બાજુએ રહો. પરંતુ તેમનું કરેલું છે કે કેમ? એવા સંશયમાં પણ **'हवइ मंगलं'** એ ભણવું જ જોઈએ. **'हवइ** પાઠ કર્તા વજ્રસ્વામી અને તેમનો સ્વીકાર કરનાર શ્રી મહાવીરદેવે પ્રવર્તાવેલું તીર્થ જ છે.' એ પ્રમાણે હોયે છતે જ કોઈ બાપડો આ વાત ન સ્વીકારે તેને મોટા સંકટમાં પડવાનું થશે. જે આ પ્રમાણે :—

શ્રી વજ્રસ્વામી અને તેમની આજ્ઞા આ બન્ને પણ આરાધ્યપણારૂપે તીર્થને સંમત છે. એ વાત તો નિર્વિવાદતયા તમારે પણ સંમત છે જ. અને તેથી કરીને જો **'हवइ मंगलं'** એ પાઠ વજ્રસ્વામીએ કરેલો છે' એમ તમારો અભિપ્રાય હોય તો પણ શ્રી વજ્રસ્વામીએ કરેલું હોવાથી અને તીર્થને સંમત હોવાથી તે પાઠનો તેવી રીતે જ સ્વીકાર કરવો એ તમારી ફરજ છે. અન્યથા જો ન સ્વીકારો તો સેંકડો ઇન્દ્રો વડે કરીને પણ તમારી તીર્થ બાહ્યતા દૂર કરવાને માટે કોઈ સમર્થ નથી.

તેથી કરીને જેવી રીતે **શ્રી કાલિકાચાર્ય મહારાજે** પ્રવર્તાવેલી પર્યુષણાની ચોથ, તીર્થ અભિમત હોવા છતાં તીર્થ બહાર નહિં થવાની ભીતિએ જેમ તમે સ્વીકારી છે તે જ ભીતિ વડે કરીને **'हवइ मंगलं'** એ પાઠ તમારે સ્વીકારવો જ જોઈએ. કારણ કે તીર્થની બહાર થવાની ભીતિનો બન્ને ઠેકાણે સદ્‌ભાવ હોવાથી! વળી ચોથ તો કાલિકાચાર્ય મહારાજે પ્રવર્તાવેલી છે એ પ્રમાણે જગતમાં વિખ્યાત છે એમ નિશ્ચય થયે સતે તમે તે ચોથ સ્વીકારેલી છે. અને **'हवइ मंगलं'** પાઠ યુગપ્રધાન અને આગમવ્યવહારી શ્રી વજ્રસ્વામી વડે કરાયો છે' એ પ્રમાણેની અસદ્‌બુદ્ધિ વડે કરીને કલ્પીને અંગીકાર ન કરવું. તેમાં તમને કયો અને કેવો ગુરુ મલ્યો છે? તે તમે આંગળીના અગ્રભાગ વડે બતાવો. તે ગુરુનું દર્શન અમે પણ ઇચ્છીએ છીએ.

આ કહેવા વડે કરીને 'શ્રી પાર્શ્વનાથના સંતાનીય કેશીકુમાર ગણધરના અમે અપત્યો છીએ અને એમની પરંપરામાં આવેલા **'होइ मंगलं'** એ પાઠ શ્રી મહાવીરસ્વામીના તીર્થથી પહેલાનો હોવાથી કોઈના વડે પરાવર્તન કરી શકાય નહિં' એ પ્રમાણેનું (એમનું) મિથ્યાભિમાન પણ ફેંકી દીધું-દૂર કરાયું જાણવું.

કારણ કે શાસ્ત્રમાં કહેલું છે કે ''આજે જે શ્રમણો વિચરે છે તે બધા શ્રી સુધર્મા સ્વામીના સંતાન છે.'' એ પ્રમાણેનું પ્રવચનનું વચન હોવાથી કેશીકુમારના અપત્યપણા તરીકે પોકાર કરવામાં ગૌરવનો અભાવ હોવાથી. કારણ કે—

શ્રી કેશીકુમારે પણ શ્રી ગૌતમસ્વામી પાસે પંચ મહાવ્રત ઉચ્ચરવાપૂર્વક શ્રી મહાવીરસ્વામીના તીર્થનો જ સ્વીકાર કરેલો છે. અને મહાવીરસ્વામીએ પ્રવર્તાવેલું તીર્થ, શ્રી મહાવીરસ્વામીએ શ્રી

સુધર્માસ્વામીને જ સોંપ્યું છે. તેથી કરીને તીર્થની અંદર રહેવાની ઇચ્છાવાલા જો હો તો તમારે 'શ્રી સુધર્માસ્વામિના સંતાન તરીકે જ' તમારા આત્માની જાહેરાત કરવી પડશે.

**શ્રી પાર્શ્વનાથના તીર્થીક થવામાં પ્રયોજનનો અભાવ હોવાથી :** વળી બીજી વાત સાંભળ. જો કદાચ કેશીકુમારના સંવિગ્ન સ્થવિરો જો અપત્યો વિદ્યમાન હોત તો શ્રી ભદ્રબાહુસ્વામી આદિએ સ્થવિરાવલીમાં તેમના નામોનો પણ ઉલ્લેખ કર્યો હોત. તે નામોનો તો ઉલ્લેખ લેશમાત્ર નથી. તેથી કેશીકુમારના શિષ્યોનો વ્યતિકર (વ્યવહાર) શ્રી ગૌતમસ્વામીના શિષ્યોની જેમ થયો હોય તેમ સંભવે છે.

(વાદી પ્રશ્ન કરે છે.) હવે તમે જે કહ્યું કે **'हवइ मंगलं'** એ ન સ્વીકારો તો તીર્થબાહ્યતા થાય છે. તે વાત અયુક્ત છે. તેના જવાબમાં જણાવવાનું કે તે અયુક્ત નથી. કારણ કે કેશીકુમારના શિષ્યોને **'होइ मंगलं'** એ પ્રમાણે બોલનારાઓ તીર્થ છે' એ પ્રમાણે બોલ્યે છતે વિદ્યમાન એવા આગમની જ અમાન્યતા થાય. એ મોટું બાધક છે. તે કેવી રીતે? એમ કહેતો હોય તો સાંભળ. 'બે તીર્થની વિદ્યમાનતાનો અસંભવ હોય' એ વાત તમોને પણ સંમત છે અને તેથી જો **'होइ मंगलं'** બોલનારા તીર્થ હોય તો **'हवइ मंगलं'** બોલનારા એ 'અતીર્થ છે.' આ આપત્તિ વડે કરીને વજ્રસ્વામી આદિની અમાન્યતા થશે. અને વજ્રસ્વામીની અમાન્યતા થયે છતે શ્રી ભદ્રબાહુસ્વામી આદિએ બનાવેલી આવશ્યક નિર્યુક્તિ આદિ ગ્રંથોની પણ અમાન્યતા સ્વયંસિદ્ધ જ છે. કારણ કે તે જ આવશ્યક નિર્યુક્તિ આદિમાં **तं वयररिसिं नमंसामि।** એવા વચનો વડે વજ્રસ્વામીને મહાનુભાવપણાએ કરીને વર્ણવેલા છે જે સર્વસંમત છે. તેથી કરીને અનન્યગતિ વડે કરીને **'होइ मंगलं'** એ પ્રમાણે બોલનારાઓની તીર્થ બાહ્યતા કહેવામાં અમે કાંઈ પણ બાધકતા જોતા નથી.

કોઈ પણ આગમની અંદર 'કેશીકુમારના સંતાનીયા અમૂક નામના સ્થવિર **'होइ मंगलं'**નો પાઠ ભણનારો મહાનુભવ-પ્રસિદ્ધ-પ્રતીત જ છે' એવું શાસ્ત્રમાં જોવામાં આવ્યું નહિ હોવાથી.

હવે વાદી શંકા કરે છે કે ''અમે **'हवइ मंगलं'** બોલનારાઓનું અતીર્થપણું કહેતા નથી; પરંતુ વીરપ્રભુનું તીર્થ તેમને સ્વાધીન છે. એમ જાણીએ છીએ. પરંતુ જ્યારે કેશીકુમાર વડે કરીને ગૌતમસ્વામી પાસે પંચમહાવ્રતના ઉચ્ચારોપૂર્વક નિયત શ્વેતવસ્ત્ર આદિ સહિતનો વસ્ત્રમાર્ગ સ્વીકાર્યો ત્યારે પ્રતિક્રમણ આદિ સામાચારીમાં **'होइ मंगलं'** એ પાઠ હોયે છતે પણ તેવો કંઈક ભેદ ગૌતમસ્વામીને પણ સંમત હતો અને તેથી કેશીકુમારે છોડ્યો નથી. અને તેથી અમારે પરંપરામાં આવેલો છે. એવી અમારી માન્યતા બુદ્ધિ છે.'' જો એમ કહેતો હોય તો તે પણ ખોટું છે. કારણ કે—નમસ્કાર આદિથી માંડીને ષડ્આવશ્યકના પાઠમાં અને પ્રતિક્રમણ આદિના અનુષ્ઠાનમાં ચોવીશે તીર્થંકરોના તીર્થોમાં ભેદનો અભાવ છે. જો એમ ન હોય તો ઋષભદેવ ભગવાનના ક્રોડો શ્રાવકો આદિને અજિતનાથ ભગવાનના તીર્થની ઉત્પત્તિ સમયે નમસ્કાર આદિના છ આવશ્યકસૂત્રના પાઠોનું અન્યથાપણું થયે છતે પૂર્વે ભણેલા પાઠનું ભૂલી જવું અને અજિતનાથ ભગવાનના તીર્થના પાઠનું ભણવું. એ પ્રમાણે શ્રી મહાવીરના તીર્થની ઉત્પત્તિ સુધી પણ ચાલે.

જો એમ ચાલે તો અવિચ્છિન્ન શ્રાવકકુલની મર્યાદાનો લોપ થાય. તેથી કરીને કુલક્રમથી

આવેલા એવા નિયત અનુષ્ઠાનથી અતિરિક્ત જે અનુષ્ઠાનો સિવાયમાં કોઈ ભેદ હોય તો દોષ નથી. તેમાં પણ નમસ્કારનો પાઠ નિયત જ હોવાથી તીર્થમાં રહેલા કોઈના વડે પણ તેમાં પરિવર્તન કરવું શક્ય નથી.

વળી બીજી વાત પાઠ પરાવૃત્તિ પણ કોઈક મહા નિમિત્ત પામીને જ થતી હોય છે. તે યોગ્ય છે જેમ કે ચતુર્વિંશતિસ્તવ અધ્યયન–લોગ્ગસ્સમાં ઉત્સર્પિણીની આદિમાં 'કેવળજ્ઞાની' આદિ, 'ઋષભદેવ' આદિ, 'પદ્મનાભ' આદિ રૂપે કરીને શ્રી તીર્થંકરના નામનું પૃથક્પણું, પાઠપરાવૃત્તિ–ફેરફારીની કલ્પનામાં કારણ છે. તે કલ્પના પણ બીજા તીર્થંકરોના તીર્થને આશ્રયીને નથી. કારણ કે તેમાં કહેલા કારણોનો અભાવ હોવાથી. એ પ્રમાણે અંગોપાંગાદિને વિષે પણ જે કોઈ ઠેકાણે પાઠપરાવૃત્તિ દેખવામાં આવે છે તેમાં પણ તેવા પ્રકારના કારણની કલ્પના સમજી લેવી, નહિં કે સામાયિક આદિથી માંડીને દ્વાદશાંગીપર્યંતના બધા જ શ્રુતનું દરેક તીર્થમાં પાઠ પરાવૃત્તિ કલ્પવાની નથી.

કારણ કે નિમિત્તના અભાવે નૈમિત્તિકનો પણ અભાવ હોવાથી : વસ્તુતાએ તો ગણધરોના જ્ઞાનાવરણીયાદિ કર્મોની ક્ષયોપશમની વિચિત્રતા જ પાઠ રચનામાં કારણ હોય છે. તે પણ પાઠ ભેદને આશ્રીને નિયત અનુષ્ઠાન ઉપયોગી એવું જે શ્રુત છે તે સિવાયના સ્થલમાં જ જાણવું. જો એમ ન હોય તો બે ગણધરોનો અથવા ઘણા ગણધરોને પરસ્પર આવશ્યક આદિની માંડલીનો વ્યવહાર ન હોય અને શ્રાવકોને પણ સાધુની પાસે પ્રતિક્રમણ સમયે વ્યામોહ–શંકાની પરંપરાની અનુપરતિ જ હોય છે. એ પ્રમાણેનું પર્યાલોચન કરવા દ્વારાએ કરીને શ્રી ધર્મઘોષસૂરિ મહારાજ વડે કરીને **સંઘાચારભાષ્યવૃત્તિ**માં જે કહેવાયેલું છે તે પ્રમાણે જ પથ્ય તરીકે માનીને શ્રદ્ધાવિષયી કરવું જોઈએ.

હવે વાદી શંકા કરે છે કે–આ તમારા (ઉપકેશીય) પ્રકરણમાં દેશવિસંવાદી એવા (દિગંબર સિવાયના) પૂર્ણિમારક્ત આદિ નવ જ કીધેલા છે. તો આ દશમો **'होइ मंगलं'** બોલવાવાળાને કેમ દર્શાવેલ નથી? પૂર્વાચાર્યો વડે કરીને જેવી રીતે પૂનમીયા ખરતર આદિ અમાન્ય તરીકે સ્વીકારીને તિરસ્કારાયા છે તેવી રીતે હોઈ માંગલીકને તિરસ્કાર્યા નથી. તેમાં શું કારણ છે? એમ જો પૂછતો હોય તો કહીએ છીએ.

તીર્થના ભયથી રહિત એવા પૂનમીયા ખરતર-આદિ, તીર્થને અગ્રાહ્ય એવી પ્રરૂપણા વડે કરીને તીર્થની પ્રતિકૂલતાનું આચરણ કરતા હોવા છતાં તીર્થના એક દેશભાગરૂપ સાધુ આદિ સમુદાયને છેતરીને પહેલેથી જ તીર્થથી બહાર થઈ ગયેલા–તીર્થથી દૂર રહેવાવાળા અને જોવાને પણ અકલ્પનીય હોવાથી તીર્થે તેમને ત્યાગ દીધાં છે.

જ્યારે **होइ** માંગલિક બોલનારાઓ તો તેવા નથી. પરંતુ તે લોકો તીર્થના ભયની શંકાને માનનારા અને વિદ્યાદિના ચમત્કાર વડે કરીને અન્યતીર્થના ભક્ત એવા ક્ષત્રિય આદિઓને પ્રતિબોધિને શ્રાવક કરવાવાળા છે અને એથી જ કરીને તેઓના જે શ્રાવકો છે તેનું **'ટિપ્પનક = ટીપ્પણી શ્રાવકો'** એવી તેમની ખ્યાતિ = પ્રસિદ્ધિ છે અને તેઓ તીર્થની નજીક રહેવાવાળા હોઈને પ્રાયઃ કરીને તીર્થથી પ્રતિકૂલપ્રવૃત્તિને કરવાવાળા નથી.

વર્તમાનકાલે પણ તેવા પ્રકારના શ્રાવકો પ્રાપ્ત થાય છે અને એથી જ કરીને તેઓના કરેલાં ગ્રંથોનો પણ પ્રાયેઃ કરીને તીર્થે અંગીકાર કરેલ છે જ. કારણ કે તે હોઈ માંગલિકો તીર્થની ભીતિ વડે કરીને પ્રાયઃ કરીને તે ઉત્સૂત્ર રચનાના રસિક નથી. એ હેતુથી તીર્થ વડે કરીને તેઓ સર્વથા તિરસ્કાર કરાયા નથી. તેવી સંભાવના થાય છે. છતાંય તત્ત્વ તો બહુશ્રુત ગમ્ય છે.

અને એથી જ કરીને આ ગ્રંથમાં તેમનો ઉદ્દેશ કર્યો નથી તે પણ દોષાવહ નથી. પૂનમીયા આદિ તો જાતિ દોષ વડે કરીને જ પોતપોતાની ઉત્પત્તિથી આરંભીને પોતપોતાના બીજના છેડા સુધી તીર્થ પ્રતિ હંમેશને માટે પ્રતિપક્ષરૂપે દુષ્ટ આશયવાળા જ છે. એથી કરીને તેઓનો જ જે ઉદ્દેશ, નામનિર્દેશ કરવાપૂર્વક જણાવાતા તે તે પ્રકરણો ફળવાન છે. જોકે અત્યારે વર્તમાનકાળમાં જ તેના જેવા બીજાં ઘણાં દેખાય છે. પણ તેઓ અકિંચિત્કર છે એટલે તેની કોઈ કિંમત નથી. ઉત્સૂત્રને આગળ કરીને–આશ્રીને જે જેમનો ઉદ્દેશ કર્યો છે તેની અંદર તેવા બધાને સમાવી લેવા.

એ પ્રમાણે હોયે છતે ચોક્કસ થાય છે કે : કુપાક્ષિકનું જ્ઞાન થવું તે અપર પ્રયોજન એટલે કે પ્રથમ પ્રયોજન. અને તે પરપ્રયોજન = એટલે મોક્ષનું કારણ છે. એટલે પરપ્રયોજન = મોક્ષપ્રાપ્તિ. આ એની જાતે જ સિદ્ધ થઈ જાય છે. કારણ કે કારણ સિવાય કાર્યની ઉત્પત્તિ થતી નથી. માટે આ ગાથામાં ગ્રંથનું પ્રયોજન અને અભિધેય આદિ સૂચવ્યું. હવે દશે કુપાક્ષિક મતો જે જેવી રીતે થયા તેના નામનિર્દેશપૂર્વક યથાક્રમે કહે છે.

**खवंणय पुण्णिमं खरयंर पल्लविंआ सड्ढपुण्णिमाऽऽगमिंआ ।**
**पडिमाँ-मुणि अरि वींजा पांसो पुण संपई दसमो ।।८।।**

(૧) પહેલો ક્ષપણક એટલે દિગંબર (૨) પૂર્ણિમા શબ્દ વડે પૂર્ણિમાને પાક્ષિકપણે સ્વીકારતો હોવાથી પૌર્ણિમીયક બીજો (૩) 'ઔષ્ટ્રિક' જેનું બીજું નામ છે તે ખરતર ત્રીજો. (૪) સામાયિક આદિમાં (મુહપત્તિને બદલે) શ્રાવકોને વસ્ત્રનો છેડો ઉપદેશતા હોવાથી પલ્લવિક=આંચલિક ચોથો, (૫) સાર્ધપૌર્ણિમીયક પૌર્ણિમીયકનો વિશેષભેદ પાંચમો, (૬) આગમિક-ત્રિસ્તુતિક છટ્ઠો (૭-૮) જે પ્રતિમા અને મુનિ આ બન્નેના શત્રુ તેનો મત સાતમો અને આઠમો જાણવા (૭) પ્રતિમાનો શત્રુ તે લોંકો અને મુનિ સાધુનો દુશ્મન તે કડવામતિ (૮) જો કે પ્રતિમા અને મુનિના વૈરી તો આ દશે મતો છે. તો પણ એ બધા સાધ્વાભાસ હોવા છતાં તેઓએ પોતપોતાના ગુરુને સાધુપણે સ્વીકારી લીધા છે. કડવામતિ તો 'તે મુનિઓ અમારી નજરે પણ ન ચઢો.' એમ સાધુના નામમાત્રનો પણ દ્વેષી છે. તે સાધુપણાના સ્વીકાર શૂન્ય હોવાથી મુનિના વૈરીપણા વડે કડવામતિ અને પ્રતિમાના વૈરી તરીકે લોંકામતી પ્રસિદ્ધ જ છે. 'અન્યથા તો સર્વે પણ કુપાક્ષિકો પ્રતિમા વૈરી છે એવું કેમ કહો છો?' તો સાંભળ.

તીર્થંકરે પ્રવર્તાવેલા તીર્થને છોડીને વિદ્યમાન તીર્થનો પરાભવ કરવા માટે પોતપોતાનો નવીન મત પ્રગટ કરવા વડે કરીને તીર્થંકરના વૈરીપણે સિદ્ધ થયે છતે તેને કેવી રીતે પ્રતિમાને માનનારો માનવો? તે તમે જ વિચારો.

લોંકામતમાંથી નીકળેલો વંધ્ય-બીજામતિ 'બીજા' નામનો વેશધારી આત્મા તેનો પ્રરૂપેલો= તેનાથી પ્રવૃત્ત થયેલો મત બીજામતિ એ પ્રમાણે લોકમાં પ્રસિદ્ધ છે. (નવમો) અને નાગપુરીય તપાગચ્છમાંથી નીકળેલો જે પાર્શ્વચંદ્ર તે દશમો. તે પ્રરૂપણા વડે કરીને લોંકામતિઓ જેવો છે અને તે સાંપ્રતકાળે દશમો જાણવો.

હવે 'સંપ્રતિ' શબ્દ વડે કરીને આ ગ્રંથ રચનાના કાલસમયે આ દશે મતો પણ તે વખતે વિદ્યમાન હતા તેમ સૂચવ્યું અને એથી જ કરીને આ સૂચનથી સૂત્રોક્ત—આગમમાં કહેલાં જમાલી આદિ જે નિન્હવોને નહિ ગણ્યા હોવાથી શંકા કરવી નહિ. કારણકે-જમાલી આદિની શિષ્યોની પરંપરાના અભાવે નામશેષ થયેલાનું અકિંચિત્કરપણું જાણવું. ॥ ગાથાર્થ ૮ ॥ હવે એ દશેયનું તીર્થથી જુદાપણું કેવી રીતે થયું? તેનું સ્વરૂપ નવમી ગાથામાં બતાવે છે.

**पढमिल्लुआण उदए, तित्थाओ केऽवि निग्गया केऽवि ।**
**तत्तो वि केऽवि मुच्छिमकप्पा पावाण पावयरा ॥९॥**

'તીર્થ પ્રદ્વેષી એવા ઉત્સૂત્રભાષીઓને અનંતાનુબંધીના ક્રોધાદિ જ ઉદય પામેલા હોય છે.' જો એમ ન હોય તો અતીર્થને તીર્થપણાએ અને તીર્થને અતીર્થપણારૂપે અસત્ય બોલવાનો સંભવ ન હોય : અનંતાનુબંધી એવા ક્રોધાદિકના ઉદય વડે કરીને સુધર્માસ્વામીથી અવિચ્છિન્ન એવા સાધુ આદિ સમુદાયરૂપ તીર્થમાંથી કેટલાક એટલે કે દિગંબર, પૂનમીયા, ખરતર ને પાર્શ્વચંદ્ર આ નામના ચાર નીકળ્યા છે અને કેટલાક એટલે આંચલીયા, સાર્ધપૂનમીયા અને આગમીયા આ ત્રણ પૂનમીયામાંથી નીકળ્યા છે. અને કેટલાક સંમૂર્ચ્છિમતુલ્ય એટલે સંમૂર્ચ્છિમ બેઇન્દ્રિયાદિ જંતુસ્વરૂપ એવા મતો તીર્થમાંથી નીકળ્યા નથી. તેમ પૂનમીયાદિથી પણ નીકળ્યા નથી; પરંતુ કોઈપણ નિમિત્ત વગર નીકળ્યા છે. જેવા કે લોંકા, કડવામતિ અને બીજામતિ આ ત્રણ સંમૂર્ચ્છિમતુલ્ય છે. તેમાં લોંકા અને કડવામતિ ગૃહસ્થ છે અને બીજામતિ તો લોંકામાંથી નીકળ્યો. આ દશે પણ મિથ્યાદૃષ્ટિને વિષે પણ **મહામિથ્યાત્વી** છે. એ પ્રમાણે ગાથાનો અર્થ જાણવો. ॥ ગાથાર્થ-૮ ॥

હવે તીર્થના સ્વરૂપવાળું એવું તીર્થ વિદ્યમાન હોય છતે કુપાક્ષિકો તીર્થ બાહ્ય છે એમ કહી શકાય તેમ છે. તે જણાવવા માટે પહેલાં તીર્થનું સ્વરૂપ કહે છે.

**तित्थं चाउव्वणो संघो, तक्कारओ अ तित्थयरो ।**
**तेणं तं वुच्छिन्नं, तित्थयराणण्णओ होई ॥१०॥**

'ચતુર્વિધ=સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકારૂપ જે સંઘ તેને તીર્થ કહેવાય છે. અથવા તો પ્રથમ ગણધરને તીર્થ કહેવાય છે.' કહેલું છે કે—નદી આદિની જેમ સંસારને તરવા માટે સુખે કરીને પાર પામી શકાય એવો જે માર્ગ તે તીર્થ : અને તે તીર્થ, દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે.

તેમાં દ્રવ્યતીર્થ તેને કહેવાય કે તીર્થંકરોના જન્મ-દીક્ષા-કેવલ અને નિર્વાણ વગેરે જે સ્થલે થયા હોય તે સ્થલને દ્રવ્યતીર્થ કહેલું છે. કહ્યું છે કે—

**जम्मं दिक्खा णाणं तित्थयराणं महाणुभावाणं ।**
**जत्थय किर निव्वाणं, आगाढं दंसणं होई ॥१॥**

મહા ભાગ્યવંત એવા તીર્થંકરોની જન્મ-દીક્ષા-કેવલ અને નિર્વાણ ભૂમિ જે હોય તે દ્રવ્ય તીર્થ. કારણ કે ત્યાં દર્શનની-સમ્યક્ત્વની આગાઢ પ્રાપ્તિ થાય છે.

ભાવતીર્થ તો ચતુર્વિધસંઘ અથવા તો પહેલા ગણધર એ ભાવતીર્થ છે.

**तित्थं भंते! तित्थं? तित्थयरे तित्थं? गोयमा, अरिहा ताव नियमा ।**
**तित्थंकरे, तित्थं पुण चाउव्वण्णो समणसंघो पढम गणहरो वा'' ॥**

હે ભગવંત! તીર્થ એ તીર્થ કે તીર્થંકર એ તીર્થ? હે ગૌતમ! અરિહંતો, નિયમા તીર્થંકરો છે, વળી તીર્થ, ચતુર્વિધ સંઘ અથવા પહેલા ગણધર'' આ પ્રમાણે **યોગશાસ્ત્ર**ના બીજા પ્રકાશની ટીકામાં છે.

તે તીર્થની વ્યવસ્થા કરનાર એટલે કે સ્થાપક તે તીર્થંકર કહેવાય. એટલે કે તીર્થ કરે તે તીર્થંકર, એવી શબ્દવ્યુત્પત્તિથી તીર્થસ્થાપક અરિહંત ભગવંતો જ છે. એ કારણથી વિચ્છિન્ન થયેલું તીર્થ, બીજા તીર્થંકર સિવાય ચાલુ થાય નહિ, તીર્થંકરો વડે તીર્થ સ્થપાય છે. ॥ ગાથાર્થ-૧૦ ॥ હવે તીર્થંકર પણ પૂર્વભવથી આવેલો જ કોઈ જીવ કે જીવવિશેષ તીર્થંકર થાય છે તે કહે છે—

## तित्थयरो पुण तित्थंकर–आणाराहणेण पुव्वभवे ।
## अज्जिअ जिणनामजुओ, उप्पज्जइ सोहिजाईसरो ॥११॥

તીર્થંકર તે થાય છે કે જે તીર્થંકરની આજ્ઞાના આરાધનાપૂર્વક પૂર્વભવમાં ઉપાર્જન કરેલું છે તીર્થંકર નામકર્મ જેમણે. એટલે કે પૂર્વભવે તીર્થંકરની આરાધનાથી ઉત્પન્ન થયેલ તીર્થંકર નામકર્મની સત્તાવાળો જીવ તીર્થંકરપણે ઉત્પન્ન થાય છે અને તે જીવ, જાતિસ્મરણ જ્ઞાન સહિતના અવધિજ્ઞાનવાળો હોય છે.'' **આવશ્યક નિર્યુક્તિ**માં કહ્યું છે કે **जाइसरो अ भयवं अप्परिवडिएहिं तिहिं णाणहिं** ભગવાન, જાતિસ્મરણ જ્ઞાનપૂર્વકના અપ્રતિપાતિ એવા ત્રણ જ્ઞાને કરીને સહિત હોય છે. આવા પ્રકારનો જીવ તીર્થંકર થાય છે. નહિ કે ગમે તે જીવ. ॥ ગાથાર્થ-૧૧ ॥

હવે આ પ્રકારના સ્વરૂપવાળો જીવ કેવા પ્રકારના પર્યાયને પામેલો હોય સતે તીર્થને પ્રવર્તાવે છે? તે કહે છે.

## सोवि अ केवलणाणी, देवत्तं पाविऊण पुण्णजसो ।
## पढमाए देसणाए, ठविज्ज तित्थंति तित्थयरो ॥१२॥

તે પણ જીવ, પૂર્વભવમાં પ્રાપ્ત કરેલ છે તીર્થંકર નામકર્મની સત્તાવાળો = વિદ્યમાનતાવાળો અને કેવળજ્ઞાની થયો છતો, દેવપણું પામે છતે = એટલે પોતે સ્વયં દેવસ્વરૂપ થયો થકો. નહિં કે ગુરુરૂપ! **કારણ કે ગુરુપદ પરાધીન છે.** જેથી કરીને ગણધરોનું ગુરુપણું દેવને આધીન છે અને જંબૂસ્વામી આદિને ગુરુપણું ગુરુને આધીન છે એમ બન્ને પ્રકારે ગુરુપદ પરાધીન છે. અર્થાત્ તીર્થંકર નામકર્મ ઉપાર્જેલ અને કેવલજ્ઞાન પામ્યા પછી દેવરૂપ બનેલો જીવ, તીર્થ પ્રવર્તાવે છે.

દેવપણું સ્વાધીન છે અને એ કારણથી જ તીર્થંકરો પણ ચારિત્ર અંગીકાર કરતી વખતે '**करेमि सामाइयं**' આદિ બોલે છે. બાકીના બીજા બધા **करेमि भंते सामाईयं** આદિ બોલે છે. વળી તે જીવ કેવા પ્રકારના લક્ષણવાળો હોય? તે કહે છે. પુણ્યયશા, ત્રૈલોક્યમાં વ્યાપક છે અદ્વિતીય–અજોડ યશ જેમનો એવા યશસ્વી છે! એવો તે તીર્થંકરનો જીવ, કેવળજ્ઞાન ઉત્પન્ન થયા બાદ પ્રથમ દેશનામાં જ તીર્થની સ્થાપના કરે છે. વળી 'જે મહાવીર સ્વામી ભગવંતને બીજી દેશનામાં તીર્થસ્થાપન થયું છે પણ તે આશ્ચર્યરૂપ હોવાથી દોષનું કારણ નથી. આવા પ્રકારના તીર્થંકરો હોય છે. એ પ્રમાણે ગાથાનો અર્થ જાણવો. ॥ ગાથાર્થ-૧૨ ॥

જો દેવ, કેવળજ્ઞાની જ છે તો જાતિસ્મરણ આદિ વડે તેઓને શું પ્રયોજન છે? તે જણાવે છે.

## सुच्चा धम्मुवएसं, नासुच्चाकेवलीवि दिज्जत्ति ।
## धम्मुवएससावणं, जिणस्सवि अणाईपरिवाडी ॥१३॥

'પદનો એક દેશ કે એક ભાગ ગ્રહણ કરવાથી આખો પદ સમુદાય ગ્રહણ થાય છે' એ ન્યાયે **सुच्चा** એટલે શ્રુત્વા કેવલી. એટલે તીર્થંકર આદિની પાસે ધર્મ સાંભળીને જે કેવલી થાય છે તેને શ્રુત્વા કેવલી કહેવાય છે. અને તે શ્રુત્વા કેવલી ધર્મોપદેશ દઈ શકે છે. આગમમાં કહ્યું છે કે :—**सुच्चाणं भंते! इत्यादि यावत् सेणं भंते! केवली केवलिपण्णत्तं धम्मं आघवेज्ञा वा पण्णवेज्ञा वा परुविज्ञा वा? हंता गोयमा! पव्वाविज्ञ वा मुंडाविज्ञा वा? तस्स णं भंते! सीसावि पव्वावेज्ञा वा मुंडावेज्ञा वा? हंता गोयमा! पव्वाविज्ञा वा, मुंडाविज्ञा वा से णं भंते! सिज्झइ इत्यादि'' श्री भगवतीसूत्र श-९ ३ उद्देशो–३१**

''હે ભગવંત! તે શ્રુત્વા કેવલી, કેવલીએ કહેલા ધર્મને ગ્રહણ કરાવી શકે? પ્રરૂપી શકે? અથવા નિરૂપી શકે? હે ગૌતમ! હા. તેઓ દીક્ષા આપી શકે? બીજાને મુંડી શકે? હે ભગવંત! તે કેવલીના શિષ્યો પણ દીક્ષા આપી શકે? અથવા મુંડાવી શકે? હે ગૌતમ! હા. તેઓ દીક્ષા આપી શકે અને મુંડાવી શકે. યાવત્ સિદ્ધિપદ પામી શકે છે.'' આ પ્રશ્નોત્તર ભગવતીસૂત્રના ૯મા શતકના ૩૧મા ઉદ્દેશામાં છે.

ધર્મને સાંભળ્યો ન હોય અને કેવલી થયા હોય એ **અશ્રુત્વા** કેવલી કહેવાય છે. તેઓ ધર્મોપદેશ ન આપે. આગમમાં કહ્યું છે કે :—**असुच्चा णं भंते! इत्यादि यावत् केवलवरणाणदंसणे समुप्पज्जति, से णं भंते केवलिपण्णत्तं धम्ममाघवेज्ञ वा पण्णवेज्ञ वा परूवेज्ञ वा? गोयमा! णो इणट्ठे समट्ठे, नन्नत्थ एगणाएण**

**वा एगवागरेणण वा, सेणं पव्वावेज्ज वा मुंडावेज्ज वा? णो इणट्ठे समट्ठे, उवएसं पुण करिज्जा से णं भंते! सिज्झंति जाव अंतं करेंति भगवतीसूत्रश-९-उद्देशो ३२-**

હે ભગવંત! તે અશ્રુત્વાકેવલીને કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત થાય છે? તે અશ્રુત્વા કેવલી, કેવલીએ કહેલાં ધર્મને ગ્રહણ કરાવી શકે? પ્રતિપાદનદ્વારાએ પૂજા પમાડી શકે? પ્રરૂપી શકે? અથવા નિરૂપી શકે? હે ગૌતમ! ના. તેઓ દીક્ષા આપી શકે? મુંડાવી શકે? હે ગૌતમ! ના. હે ભગવંત! તે કેવલીના શિષ્યો દીક્ષા આપી શકે? અથવા મુંડાવી શકે? હે ગૌતમ! ના તેઓ દીક્ષા આપી ન શકે. મુંડાવી ના શકે. યાવત્ મોક્ષપદને પામી શકે છે. **આ સૂત્રની વૃત્તિનો એકભાગ આ પ્રમાણે**—''અશ્રુત્વાકેવલી, એક પ્રશ્નનો જવાબ અથવા એક વ્યાખ્યા કરી શકે. બાકી ધર્મોપદેશ આપી શકે નહિ અને ઉપદેશ પણ આપી શકે નહિં.

શિષ્યોને ગ્રહણ કરાવે કે નહિં? ધર્મનું પ્રતિપાદન કરવા વડે કરીને પૂજાને પમાડી શકે? પછી એના ભેદના વિસ્તારવા વડે કરીને બીજાને પ્રતિબોધ કરી શકે? દૃષ્ટાંત દાખલાઓ આપવા વડે કરીને એને પ્રરૂપી શકે? ન કરી શકે.

એક વસ્તુને છોડીને—એક દૃષ્ટાંત વડે અથવા એક વ્યાકરણ વડે એને છૂટ છે. બાકી ધર્મોપદેશની બંધી છે. તેવા પ્રકારનો તેઓનો કલ્પ હોવાથી.

રજોહરણ આદિ દ્રવ્યવેશ આપવા વડે કરીને દીક્ષા આપવાનો કલ્પ હોવાથી અને લોચ કરવા આદિનો અધિકાર નથી. પણ ઉપદેશ કરે એટલે અમુક પાસે જઈ દીક્ષા લો. એવા પ્રકારનો ઉપદેશ કરવાની છૂટ છે. એ અશ્રુત્વા કેવલી છે.''

એ પ્રમાણે જેમણે શ્રુતધર્મ સાંભળ્યો નથી એવા કેવલી પણ ધર્મને પ્રરુપી શકે નહિં. અને એથી કરીને સાંભળવું અને સંભળાવવું તે બંનેની પરંપરાનું કારણભૂત એવું જાતિસ્મરણ આદિનો ઉપયોગ છે.

અને જાતિ સ્મરણજ્ઞાન વડે કરીને પૂર્વભવમાં કરેલા શ્રુતધર્મનું સ્મરણ થતું હોવાથી બીજા ભવ્ય પ્રાણીઓને સંભળાવવું પણ યુક્ત જ છે. તે આ પ્રમાણે બતાવે છે. **''धम्मुवएसत्ति''** તીર્થંકર ભગવંતને પણ ધર્મોપદેશમાં સાંભળવું એ અનાદિની પરિપાટી છે. એટલે જિનેશ્વર ભગવંતોને પણ ધર્મનું સાંભળવું અનાદિના પ્રવાહથી આવેલું છે. અને એથી જ કરીને તીર્થંકરો બીજા ભવ્ય જીવોને ધર્મ સંભળાવે છે. આ કહેવા વડે કરીને **''सयंसंबुद्धाणं''** એ પ્રમાણેનું વચન હોવાથી જે 'શ્રુતધર્મનો અનાદિથી અવિચ્છિન્ન પરંપરાગતપણું જ છે એવા પ્રકારનો નિયમ નથી' એમ કહેનારાની શંકા દૂર કરી. અત્રે આ પદ જે આપ્યું છે તે પદ, 'વર્તમાન જન્મની અંદર પરોપદેશનું નિરપેક્ષપણું સૂચવનારું છે.' કારણ કે પૂર્વભવ સંબંધીના અવિચ્છિન્ન શ્રુતધર્મની વિદ્યમાનતા હોવાથી. તેવી જ રીતે પ્રથમ સમ્યક્ત્વ પામતી વખતે પણ તીર્થંકરના જીવો ગુરુના ઉપદેશ વડે કરીને ધર્મપ્રાપ્તિને ભજવાવાળા હોવા છતાં પણ સુખે કરીને બોધિ-સમ્યક્ત્વદર્શનને ભજવાવાળા હોવાથી **''सयंसंबुद्धाणं''** એ રીતે ઉપચાર કરાય છે. જેવી

રીતે "**पच्यते ओदनः स्वयमेव**" એ પ્રમાણે વચન હોવાથી.

નહિં કે પૂર્વજન્મને વિષે સર્વથા પરઉપદેશનો અભાવ જ હોય એવું નહિં. નયસારના ભવમાં મહાવીર પ્રભુના જીવને ગુરુમહારાજના ઉપદેશ વડે જ બોધિની પ્રાપ્તિ થયેલી હોવાથી : આગમમાં કહેલું છે કે

**दाणन्न पंथणयणं, अणुकंप गुरूण कहण सम्मत्तं।**
**सोहम्मे उववण्णो, पलिआउ सुरो महिड्ढीओ॥१॥ आव. निं.**

અન્નદાન કરવું, માર્ગે ચઢાવવું, ગુરુપરની ભક્તિ, ગુરુનું કથન, સમ્યક્ત્વની પ્રાપ્તિ, સૌધર્મ દેવલોકમાં ઉત્પાત અને પલ્યોપમના આયુષ્યવાળું દેવપણું પામ્યો. (નયસારનો જીવ) આવશ્યક સૂત્રની નિર્યુક્તિમાં કહેલું છે.

હવે વાદી પ્રશ્ન કરે છે કે શ્રુતધર્મનું અનાદિપણું અવધિજ્ઞાનમાં પણ સંભવે છે? તો પછી જાતિસ્મરણ યુક્ત વડે કરીને કેમ? એમ કહેતો હોય તો કહીએ છીએ. નરકમાંથી ઉત્પન્ન થનારા તીર્થંકરના જીવને તેવા પ્રકારના અવધિજ્ઞાન વડે કરીને અનુભૂત પદાર્થોનો અભાવ હોવાથી, અવધિજ્ઞાનની અપેક્ષાએ જાતિસ્મરણજ્ઞાનનું ઘણાં કાલ સુધી ગોચરપણું હોવાથી જાતિસ્મરણ જ્ઞાન વડે કરીને જ શ્રુતધર્મની અવિચ્છિન્ન પરંપરા હોય છે અને એથી જ કરીને આગમમાં કહ્યું છે.

**"जाइसरो अ भयवं अप्परिवडिएहिं तीहिं णाणेहिं" ति**

જાતિસ્મરણ સહિતના અપરિપતિત એવા ત્રણ જ્ઞાન સહિત હતા.' અને એથી તેની ચૂર્ણિમાં જાતિસ્મરણને જ હેતુરૂપ કહ્યું છે. તે જાતિસ્મરણનો સ્વભાવ એવો છે કે જેમ બાલ્યાવસ્થામાં અનુભવેલું-અનુભૂત વસ્તુનું જ્ઞાન થાય છે. તેવી રીતે જન્માંતરમાં અનુભવેલ વસ્તુના પરિજ્ઞાનરૂપપણું હોવાથી. **ધર્મસંગ્રહણી**ના ૪૬મા પાનામાં કહેલું છે કે

**बालकताणुस्सरणं तिव्वक्खओवसमभावजुत्तस्स।**
**जइ कस्सइ वुड्ढस्सवि, जाइस्सरणं तहा किं न?॥१॥**

આ પ્રમાણે કોઈક તીવ્ર ક્ષયોપશમયુક્ત વૃદ્ધ પુરુષને પણ બાલ્યાવસ્થામાં જે કાંઈ કરેલું હોય તેનું અનુસ્મરણ થાય છે. તેવી રીતે જાતિ સ્મરણજ્ઞાન થાય છે.'' અને એથી કરીને આ લોકમાં થયેલ જાતિસ્મરણ જ્ઞાન પણ અનેક ભવ વિષયક કેટલાક પ્રાણીઓને યથાર્થ થતું દેખાય છે. ॥ ગાથાર્થ-૧૩ ॥

ધર્મનું શ્રવણ અને શ્રાવણની અનાદિ અવિચ્છિન્ન પરંપરા કેવી રીતે છે? તેનું દૃષ્ટાંતપૂર્વક સમર્થન કરતી ગાથા કહે છે.

**गब्भे जाया गब्भं, धरिज्ज ईत्थीवि नित्थिरूवधरी।**
**जणणी खीरं जीए, पीअं पाई व सा चेव॥१४॥**

જે સ્ત્રી ગર્ભમાં ઉત્પન્ન થયેલ હોય તે જ સ્ત્રી ગર્ભને ધારણ કરી શકે છે. નહિં કે સ્ત્રી આકારમાત્રવાળી અથવા સ્ત્રીના વસ્ત્રોને ધારણ કરનાર ગર્ભ ધારણ કરી શકે. જેથી કરીને અસંજ્ઞિ તિર્યંચિણી પણ સ્ત્રી આકારવાળી હોય છે. અસંજ્ઞિ તિર્યંચોને વિષે કેટલાક જીવો સ્ત્રી ચિન્હયુક્ત હોય છે. કેટલાક જીવો પુરુષ ચિન્હયુક્ત હોય છે અને કેટલાક નપુંસક ચિન્હયુક્ત પણ હોય છે. એવી સ્ત્રી ગર્ભધારણ કરતી નથી. કારણ કે તે પોતે ગર્ભમાં ઉત્પન્ન થયેલ નથી. તેવી રીતે સ્ત્રીના વસ્ત્રને ધારણ કરવાવાળી નટીરૂપ બનેલી સ્ત્રી ગર્ભને ધારણ ન કરી શકે. કાષ્ઠ વગેરેની પૂતલીઓ પણ ગર્ભને ધારણ કરતી નથી. કારણ કે તે પણ ગર્ભમાં ઉત્પન્ન થયેલ નથી.

તેવી રીતે જે સ્ત્રીએ માતાનું દૂધ પીધેલું હશે તે જ સ્ત્રી બીજાને એટલે કે પોતાના સંતાનને દૂધ પાઈ શકે છે. તે જ પોતાના પુત્રને સ્તનપાન કરાવી શકે છે અન્વયમાં માનુષણી સિવાયની પક્ષિણી. જેમ પક્ષિણીએ સ્તનપાન કર્યું ન હોવાથી પોતાના બચ્ચાને સ્તનપાન કરાવી શકતી નથી.

આ બન્ને દૃષ્ટાંતોની ઘટવણી આ પ્રમાણે કરે છે કે જેણે ગુરુ પાસે ધર્મ સાંભળ્યો હોય તે જ બીજાને ધર્મ સંભળાવી શકે છે, બીજો નહિં ॥ ગાથાર્થ-૧૪ ॥ એ દૃષ્ટાંતો વડે કરીને કાર્ય-કારણભાવને દૃઢ કરે છે. તે આ પ્રમાણે

**कज्जं कारणनिअयं, न समत्था हत्थिणीवि गोपसवा।**
**तमतित्थं तित्थयरा, नन्नाउ महाणुभावा वि॥१५॥**

કાર્ય હંમેશા કારણથી પ્રતિબદ્ધ હોય છે. પ્રત્યેક કાર્યના કારણો નિયમિત હોય છે. નહિં કે કારણ બીજું હોય અને કાર્ય બીજું જ થાય તેવું નથી. તેવું થાય તો જગતના કાર્યોનો, જગત્અવસ્થાના નાશનો પ્રસંગ બળાત્કારે પણ આવે. આ વાત પર દૃષ્ટાંત આપે છે. ખૂબ જ હોંશિયાર એવી હાથણી, ગાયને જન્મ ન આપે. અને ગમે તેવી મજબૂત ગાય હાથીને જન્મ નહિં આપે. જેનાથી જે કાર્ય થતું હોય તે કાર્ય તેનાથી જ થાય. તેથી કરીને તીર્થ, તીર્થંકર વડે જ થાય. બીજા કોઈપણ મહાનુભાવથી તીર્થની સ્થાપના થઈ ન શકે. આ ગાથાનો ભાવાર્થ એ છે કે જગતમાં જે જે કાર્યો છે તે બધા કાર્યો નિયત કારણોથી બંધાયેલા જ છે. નહિં કે કોઈપણ બીજા મોટા વિકલ્પેલા કારણથી કાર્ય થાય.

તેવી રીતે તીર્થ સ્થાપના તીર્થંકરથી જ થાય. નહિ કે કોઈ મોટા મહાનુભાવોથી અથવા બીજા કેવલીઓથી તીર્થની ઉત્પત્તિ થતી નથી. ॥ ગાથાર્થ-૧૫ ॥ આ જ કહેલા અર્થને સિદ્ધાંતોની સંમતિપૂર્વક સમર્થન કરવા માટે બે ગાથા કહે છે.

**सिद्धंतोऽवि पमाणं, तेसिं जेसिंपि सूरिपरिवाडी।**
**हुज्ज पमाणं नियमा, जं सोऽवि परंपरामूलो॥१६॥**

**एवंविह सिद्धंते, खयभावे वट्टमाणओ तित्थं।**
**न खओवसमे भावे, तित्थंपि हविज्ज जिणभणिअं॥१७॥**

જેઓનો સિદ્ધાંત પણ પ્રમાણ થાય તેવી આચાર્યની પરંપરા નિયમે કરીને માન્ય હોય છે તેમાં વિશેષણ દ્વારા હેતુ જણાવે છે કે

જે કારણથી તે સિદ્ધાંત પણ આચાર્ય પરિપાટીના મૂળવાળો હોય છે. આત્માગમ-અનંતરાગમ અને પરંપરાગમ ચિન્હ-લક્ષણવાળા ત્રણ આગમોમાં પહેલાં બે આગમ ગણધરો અને ગણધરોના શિષ્યોના અંતે પૂર્ણ થાય છે. સાંપ્રતકાલે હમણાં તો પરંપરાગમનું જ વિદ્યમાનપણું છે. આ પ્રમાણે પરંપરાગમરૂપ સિદ્ધાંતને વિષે ક્ષાયિકભાવે વર્તતા અને કેવળજ્ઞાનવાળા એવા તીર્થંકરથી તીર્થ થાય છે. નહિં કે ક્ષાયોપશમિક ભાવમાં વર્તતા જીવોથી. આવશ્યક નિર્યુક્તિ આગમમાં કહ્યું છે કે :—

**खइअंमि वट्टमाणस्स, निग्गयं भगवओ जिणवरस्स।**
**भावे खओवसमिए, वट्टमाणेहिं तं गहिअं॥१॥ श्री आ. नि.**

અર્થ :—ક્ષાયિકભાવમાં વર્તતા એવા જિનેશ્વરભગવાનનું નીકળેલ વચન, ક્ષાયોપશમિક ભાવમાં વર્તતા ગણધરોએ ગ્રહણ કર્યું.

જિનેશ્વર ભગવંતે સિદ્ધાંતમાં ઉક્તલક્ષણવાળું કહેલું તીર્થ થાય છે. આમ કહેવા વડે કરીને જેઓ એમ કહે છે કે 'અમારા વડે સિદ્ધાંતને અનુસરીને તીર્થનો ઉદ્ધાર કરાયો છે.' એ પ્રમાણેની કુપાક્ષિકોની કદાશા = કદાગ્રહ દૂર કર્યો. કારણ કે તેઓને તે સૂરિપરંપરાનો અભાવ હોવાથી સિદ્ધાંતનો જ અભાવ છે. અને પરંપરાના પ્રામાણ્યનો સદ્ભાવ માન્ય હોયે છતે પોતાની મતની ઉચ્છેદની આપત્તિ હોવાથી તેઓને સિદ્ધાંતનો અસંભવ જ છે. આ માટેની યુક્તિઓ કહેવાઈ છે અને આગળ કહેવાશે. ॥ ગાથા-૧૬-૧૭ ॥

અમારા વિકલ્પેલ સાધ્વાદિ સમુદાય પણ તીર્થ કહેવાશે. એવી કુપાક્ષિકોની કદાશારૂપ વેલડીના વિનાશને માટે હિમસંપાત સમાન અંતર્યુક્તિ બતાવતાં તીર્થ અને તીર્થંકરનો અન્યોન્ય સંબંધ સ્વરૂપ જણાવે છે.

**तित्थं खलु तित्थंकर-नमंसिअं तेण तित्थकरपुज्जं।**
**सक्काइ देवसक्खं, तेणं सव्वेसिमवि पुज्जं॥१८॥**

તીર્થંકરથી નમસ્કૃત જ તીર્થ હોય છે. અને તેથી કરીને તીર્થ તીર્થંકરને પૂજ્ય હોય છે. તીર્થંકરોની નમસ્કારિતા કેવી રીતે? તો કહે છે કે—

દેવેન્દ્ર આદિ સકલપર્ષદાની વચ્ચે **नमो तित्थस्स** ઇત્યાદિ વચન વડે પ્રતીત છે. **આવશ્યક નિર્યુક્તિ** આગમમાં કહેલું છે કે

**तित्थ पणामं काउं, कहेई साधारणेण सद्देण।**
**सव्वेसिं सत्ताणं, जोअणनीहारिणा भयवं॥१॥ श्री आ. नि.**

અર્થ :—તીર્થને પ્રણામ કરીને યોજનગામી એવા સાધારણ શબ્દો વડે કરીને બધા જીવોને ભગવાન ધર્મ કહે છે.

જે કારણ વડે કરીને તીર્થંકરને પૂજ્ય એવું તીર્થ છે. તે કારણ વડે જ એ તીર્થ સર્વને પણ પૂજ્ય છે. કારણ કે પૂજ્યથી પૂજાએલું હોવાથી.

અહિં તીર્થ અને તીર્થંકર એ બન્નેનું અન્યોન્ય યથાયોગ્ય રીતે નમસ્કરણીય અને નમસ્કારક ભાવલક્ષણ સંબંધ સૂચવ્યો. હવે આ સંબંધની અંદર અંતર્યુક્તિ આ પ્રમાણે છે.

કુપાક્ષિકોએ વિકલ્પેલો સમુદાય, તીર્થંકરને નમસ્કરણીય નથી થતો. કારણ કે તીર્થંકરો પોતે પોતાના હાથે સ્થપાયેલા જ તીર્થને નમસ્કાર કરે છે. બીજાના તીર્થને નહિં. અને પોતાનું સ્થપાયેલું તીર્થ જ્યાં સુધી તીર્થનો સ્થિતિકાલ હોય છે. ત્યાં સુધી રહેવાનું જ છે અને તે તીર્થનો વિચ્છેદ થયે છતે તે તીર્થંકરોનું તીર્થ કહેવાતું નથી. પરંતુ જે કોઈ તીર્થને સ્થાપે તેના સંબંધીનું જ તીર્થ કહેવાય અને તે સ્થાપનારને જ નમસ્કરણીય થાય. આ પ્રમાણેનો સિદ્ધાંત હોયે છતે જે કુપાક્ષિકોનો સમુદાય છે તે જો તીર્થ હોય તો તેના તીર્થંકરો પણ શિવભૂતિ-ચંદ્રપ્રભ-જિનદત્ત આદિ કહેવાય. અને તેમના મૂલવાળો જે સમુદાય એ એમનું તીર્થ! અવિચ્છિન્ન તીર્થમાંથી નીકળીને પોતાની મતિકલ્પનાથી વિકલ્પેલી પ્રરૂપણા વડે તીર્થથી વિલક્ષણ એવો સમુદાય ઊભો કરવા વડે કરીને તથા વિદ્યમાન તીર્થનું અસ્વીકૃતપણું હોવાથી તમારું તીર્થ શિવભૂતિ આદિ વડે થયેલ છે, નહિં કે તીર્થંકરોથી. એ સિદ્ધ થાય છે. આ યુક્તિ કુપાક્ષિકોની કદાશારૂપી વેલડીના વિનાશમાં હિમસંપાત જેવી છે. ॥ ગાથાર્થ-૧૮ ॥

હવે તીર્થંકરે પ્રવર્તાવેલું તીર્થ પણ કોને આધીન છે? તે કહે છે.

**तं चिअ समणायत्तं, पण्णत्तं जिणवरेण वीरेण।**
**न विणा तित्थं निग्गंथेहि त्ति पवयणवयणाओ॥१६॥**

શ્રી મહાવીરદેવ વડે સ્થપાયેલું જે તીર્થ તે તીર્થ જ શ્રમણાધીન એટલે સાધુને આધીન છે. એમ વીર જિનેશ્વર ભગવંતે કહેલું છે. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ ચતુર્વિધસંઘમાં પહેલા સાધુ મુખ્ય છે. તેનો હેતુ કહે છે. "**न विणा तित्थं निग्गंथेहि**" નિર્ગ્રંથો વગર આ તીર્થ હોતું નથી." એ પ્રમાણે પ્રવચનનું વચન હોવાથી સાધુઓ વિના તીર્થ રહે-ટકે નહિ. આ ચારેય વર્ગમાં એક બીજાનું અનુસંધાન હોવાથી એકાકી સમુદાય કોઈ દિવસ તીર્થ ન થાય. એ ચારમાંથી એકનો પણ અભાવ હોયે છતે તીર્થ વ્યપદેશનો અસંભવ હોવાથી. ॥ ગાથા-૧૬ ॥

એ સાધુઓમાં પણ સૂરિ—આચાર્ય મુખ્ય છે. હવે એ આચાર્ય કેવા હોય અને કેવી રીતે થાય? તે જણાવે છે.

**तत्थवि राया सूरी सो सूरिपरंपरा–अहिसित्तो।**
**सोहम्माओ जंबू, जंबूओ पभव इच्चाइ॥२०॥**

સાધુઓને વિષે પણ રાજા, સૂરી આચાર્ય જાણવા. અને તે આચાર્ય પણ સૂરિપરંપરાએ કરીને અભિષિક્ત થયેલા હોય એટલે આચાર્યની પરિપાટીએ આવેલા આચાર્ય વડે પદપર સ્થાપન કરેલા હોય તે. નહિં કે પોતાની જાતે થઈ ગયેલા આચાર્યને! આગમમાં કહ્યું છે કે—

**"राया न होई सयमेव धारंतो चामराडोवि त्ति" श्री उपदेशपदे**

પોતાની જાતે જ ચામર વગેરેનો આડંબર કરનાર રાજા ન કહેવાય." હવે સૂરિપરંપરાના દૃષ્ટાંતને કહે છે. "**सोहम्माउत्ति**" સુધર્મા સ્વામીથી જંબૂ સ્વામી થયા. એટલે કે સુધર્મા સ્વામીએ પોતાની પાટે જંબૂસ્વામીને સ્થાપ્યા. અને જંબૂસ્વામીએ પોતાની પાટે પ્રભવ સ્વામીને સ્થાપ્યા. યાવત્ સંપ્રતિકાલે વિજયદાનસૂરિએ પોતાની પાટે હીરવિજયસૂરિને સ્થાપ્યા. એ પ્રમાણે કરીને પરિપાટીએ સ્થપાયેલા આચાર્યને સૂરિ કહેવાય છે.

નહિં કે લુંપક આદિ કુપાક્ષિકોને વિષે વિકલ્પાયેલા જે પુરૂષો તે આચાર્ય કહેવાય. ॥ ગાથા-૨૦ ॥ હવે સૂરિ સંતતિઓ પણ ઘણી છે. તો તે બધી અવિચ્છિન્ન તીર્થવાલી છે કે કેમ? એ પ્રમાણેની શંકામાં તીર્થવ્યવસ્થાપનમાં માર્ગદર્શન આપે છે.

**सूरीण संतईओ, साहाइकुलसन्निआउ णेगविहा।**
**तासु वि एगा तित्थं, सेसा पुणऽणाइसंताओ॥२१॥**

સૂરિઓની શાખા–કુલો આદિની સંજ્ઞા વડે **चत्तारि साहाउ चत्तारि कुलाइं** એ પ્રમાણેના આગમવચને કરીને અનેક પ્રકારની પરંપરાઓ સંભવે છે. તેમાં પણ એક સંતતિ તે તીર્થ છે. એટલે કે—

શ્રી સુધર્માસ્વામીથી દુ:પ્રસહ નામના અંતિમ આચાર્ય સુધી જે અવિચ્છિન્ન શિષ્યપરંપરા એ જ એક તીર્થ છે. બાકીની સંતતિઓ-પરંપરાઓ અનાદિસાંત કહેવી. તીર્થંકરના શિષ્યથી આરંભીને અવિચ્છિન્ન પ્રવૃત્તિવાલું હોવાથી અનાદિત્વ, તેવા પ્રકારના વિવિધ આચારવાલા સમુદાયોનું વિવક્ષિત કાલસુધી અનાદિ સિદ્ધપણું થયું. અને સાંતપણું યાવત્ તીર્થવર્ત્તિત્વનો અભાવ હોવાથી સાંતપણું. એટલે તીર્થની અવિચ્છિન્નતા પહેલાં તે સંતતિનું વિચ્છેદપણું થઈ ગયું માટે સાંતપણું–(અંતસહિતપણું) હોવાથી. ॥ ગાથા-૨૧ ॥ અને એથી કરીને કહેલું છે કે

**तं थेरावलि भणिअं, साहापमुहं तु संपई सव्वं।**
**नागिंदचंदनिव्वुइ – विज्ञाहरएसु चंदकुलं॥२२॥**

જેથી કરીને બાકીની શિષ્યપરંપરાઓ અનાદિ સાંત છે. તેથી જ કરીને સ્થવિરાવલીમાં કહેલું છે કે 'શાખા કુલ આદિ સાંપ્રતકાલે નથી.' તેવા વચનથી તેઓની શાખા આદિનું અનાદિપણું હોવા છતાં તે સાંતત્વ જ છે એણ સિદ્ધ થયેલું છે. વાદી પ્રશ્ન કરે છે કે **नागभूतं-सोमभूतं** આદિ નામ વડે કરીને સાદિત્વપણું સિદ્ધ થયે છતે તમે અનાદિત્વ કેમ કહો છે?

અહીંયા અનાદિપણું જે કહ્યું છે તે આચારને આશ્રીને કહેલું છે. અને તેથી કરીને તીર્થંકરના શિષ્યથી પ્રવૃત્ત થયેલ નાગકુલ આદિને વિષે આચારનું અવિરહપણું હોવાથી અનાદિપણું સિદ્ધ છે.

શું એક જ સંતતિવાળું તીર્થ કહેવાય છે? **नागिंदेत्यादि** નાગેન્દ્ર-ચંદ્ર-નિવૃત્તિ અને વિદ્યાધર કુલને વિષે ચંદ્રકુલ તીર્થરૂપે સંમત હતું તેમ હમણાં પણ પ્રત્યક્ષ તીર્થરૂપે માન્ય છે. બાકીના ત્રણમાં પણ નિવૃત્તિકુલ તે વખતે જ નિવૃત્ત થયેલું હતું અને નાગેન્દ્ર, વિદ્યાધરકુલ પણ છિન્ન પ્રાય જેવું છે. જોકે કોઈક તેના કુલમાં ઉત્પન્ન થયેલ સંભળાય છે. છતાં પણ ચારિત્ર ક્રિયાનો અભાવ હોવાથી કેવલ લિંગધારીપણું હોવાથી તે પણ અકિંચિત્કર જ જાણવો. અને જે ચંદ્રકુલમાંથી પણ પૂર્ણિમાપક્ષ આદિ જુદા થયા છે તેઓ પોતાને 'ચંદ્રકુલવાલા' તરીકે જે જણાવે છે. તે અયુક્ત જ છે. કારણ કે તે ઉપર દૃષ્ટાંત આપે છે નવીન માર્ગના પ્રકાશકપણા વડે કરીને અભિનિવેશ માર્ગમાં પડેલ હોવાથી તેઓનું ચંદ્રકુલ નથી. ॥ ગાથા-૨૨ ॥

**जह मणुआणं एगा, अणायणंता य संतई लोए।**
**सेसा अणाइसंता, पच्चक्खं चेव दीसंति॥२३॥**

જેવી રીતે માણસોની એક સંતતિ, અનાદિ અનંત થાય છે. બાકીની સંતતિઓ અનાદિ સાંત થાય છે. અહીં ગર્ભજોની સંતતિની અપેક્ષાએ અનાદિપણું કહેલ છે. આ પ્રમાણે છતે કેટલીક સંતતિઓ અંતવાલી જ હોય છે. લોકને વિષે પણ આ પ્રત્યક્ષ દેખાય છે. જેમ કોઈક દેવદત્તના ચાર પુત્રો હોય છે. તેમાં એકની સંતતિ વધતી હોય છે. એકને એક છોકરાને અંતે અંત આવી જાય. એકને બે છોકરાએ અંત આવી જાય અને એકને ત્રણ છોકરાના અંતે અંત થઈ જાય. ત્યારે કોઈકને છોકરાની પરંપરા વધતી જ જાય. ॥ ગાથા-૨૩ ॥

હવે સ્થવિરાવલીમાં જે શાખા અને કુલો કહેલાં છે. તેઓને વિષે પરસ્પર અદૂષકપણા વડે કરીને અવિવાદ જ હતો. એ કેવી રીતે? તે કહે છે.

**दसविहसामायारीकरणे तह निच्चकिच्चकिरिआसु।**
**सव्वेसिं सामन्नं, तेसिं तेणेव अविवाओ॥२४॥**

ઈચ્છા-મિચ્છા-તહક્કાર ઈત્યાદિરૂપ જે દશવિધ-દશ પ્રકારની સામાચારી, તેનાં પરિપાલનમાં તથા નિત્યકૃત્ય જે પ્રતિક્રમણ-પડિલેહણ આદિ સ્વરૂપ સાધુના અનુષ્ઠાનો તેના ઉપાયરૂપ જે ક્રિયાઓ

તેની સમાનતા તે તે શાખા અને કુલોમાં હતી. અને તે જ હેતુ વડે કરીને તે તે શાખા અને કુલોમાં વિવાદનો સંભવ નહોતો. ॥ ગાથા-૩૪ ॥ હવે તે તે શાખા કુલોમાં અવિવાદ હોવાથી તેઓનું સંભોગિકપણું કેમ નહિં?

**बहुआयरिअ परंपरअंतरिआणं न होइ संभोगो।**
**विणयाइअकम्मं पुण अण्णुण्णं होइ अविरुद्धं॥२५॥**

બહુ આચાર્યોની પરંપરા વડે કરીને અંતરિત = વ્યવહિત એવો એકબીજાનો પરસ્પર સંભોગ ન જ હોય. = સાંભોગિક વ્યવહાર ન હોય. અર્થાત્ અંતરીત આચાર્યનો સંભોગ હોય જ. આ વાતનો એ ભાવ છે કે એક જ ગણને વિષે ઘણાં આચાર્યો હોતે છતે તે બધાયને પરસ્પર સાંભોગિક વ્યવહાર હોય જ છે.

જેવી રીતે આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિસ્વામી. એ પ્રમાણે હોતે છતે પણ કથંચિત્ કોઈ પ્રકારે દેશ આદિના વ્યવધાન વડે કરીને-ભિન્ન ભિન્ન આચાર્યાન્તરિત તેમનો અને તેમના શિષ્યોનો સાંભોગિક વ્યવહાર ન હોય. કારણ કે–નિગ્રહ-અનુગ્રહ આદિમાં એકના અધિકારનો અભાવ હોવાથી; વિનયાદિકર્મ-પરસ્પર વંદનાદિ, આસન દાન કરવું આદિની ક્રિયા જે છે તે અવિરુદ્ધ છે. તેમ કરવામાં કોઈ વિરોધ નથી. પરંતુ અન્નાદિ આપવામાં તો જિનાજ્ઞાનો ભંગ થાય છે. અને એથી કરીને વિસંભોગિકોને માટે શ્રાવકના કુલો આદિનું દર્શન જ કરાવવાનું શાસ્ત્રમાં કહેલું છે. ॥ ગાથા-૨૫ ॥

હવે સાંભોગિક આદિના સ્વરૂપમાં લૌકિક દૃષ્ટાંતને કહે છે.

**लोए पुण संभोगो सहोअराणंपि एगआणाए।**
**वावाराइरयाणं तव्वसलाहाईकंखाणं॥२६॥**

લોકને વિષે પણ હંમેશા ભોજન આદિની ક્રિયાઓમાં પણ સમપ્રમાણની સંમતિએ એટલે કે એક જ પિતાની આજ્ઞામાં રહેવા વડે કરીને અને તેમના કહેલા કાર્યોને કરવાવાળા અને પિતા આદિને આધીન એવા લાભાદિની ઇચ્છાવાલા જે જે ભાઈઓ હોય તેનો તેનો હંમેશા ભોજન આદિમાં સાંભોગિક વ્યવહાર હોય છે. આ વાતનો એ ભાવ છે કે જે કોઈ કુલ વગેરેમાં પિતા આદિ જે મોટા હોય તેને સ્વાધીન જે પુત્રો આદિ હોય તેઓનો એક ઘરમાં નિવાસ, ઘરમાં, પેસવું નીકળવા આદિનો તથા નિરંતર ભોજન આદિ વિધિનો પરસ્પર વ્યવહાર સાપેક્ષિક હોય છે. તેવી રીતે વ્યાપાર આદિની વિચારણાપૂર્વકની લાભાદિની ઇચ્છા વગેરે વ્યવહાર પણ હોય છે. આ વાત બધાને સંમત દેખાય છે. એ પ્રમાણે વિવક્ષિત આચાર્ય આદિના આદેશને આધીન એવા ઘણાં પણ આચાર્યો આદિનો સાંભોગિક વ્યવહાર યોગ્ય છે. ॥ ગાથાર્થ-૨૬ ॥

હવે આજ્ઞાથી વિપરીત હોય તેઓનું શું થાય?

**विवरीआ अण्णुण्णं, जह अण्णो णाइसंभवो तेसिं।**
**आयारो पुण एगो, कुलवडिओ निच्चकिच्चेसु॥२७॥**

તેઓનો પિતા આદિઓ સ્વગોત્રીય થાય છે એમ એના પુત્રો પણ સ્વગોત્રીય થાય છે. છતાં પિતાદિ વડીલોથી જુદા થયેલા પુત્ર આદિઓ તે બધા અન્યોન્ય 'બીજા-પારકાની' જેમ જુદા હોય છે. આનો ભાવ એ છે કે જેવી રીતે પોતપોતાની જાતિના આત્માઓ હોવા છતાં પણ તે તેના ગૃહમાં પ્રવેશ કરવા માટે, તે તે ઘરસંબંધી વસ્તુઓના સમુદાયને ખાવા માટે-દેવા માટે સમર્થ થતાં નથી. તેવી રીતે પિતા આદિથી જુદા થયેલા પુત્રો પણ જાણી લેવાં.

પિતા આદિથી જુદા થયેલા પુત્રો, જ્ઞાતીય-સગોત્રીય હોવા છતાં પણ તેઓ તેમાં પ્રવેશ કરવા માટે સમર્થ થતાં નથી. આચાર-આચરણ તો કુલક્રમથી આવેલો ભિન્ન નથી હોતો. એક જ હોય છે. એ પ્રમાણે જિનેશ્વર ભગવંતના પ્રવચનને વિષે પણ ભિન્ન ભિન્ન શાખા આદિમાં પડેલો હોવા છતાં પણ (સાધુ) સમુદાય પણ નિત્યક્રમમાં ભેદને ભજવાવાળો નથી તેમ જ પ્રરૂપણાને આશ્રીને પણ ભેદ નથી હોતો. ॥ ગાથાર્થ-૨૭ ॥

**अहवेगे सहगारे, साहपसाहाईसंभवाणंपि।**
**पत्ताईणं वण्णायारा सायाभिहाइ समं॥२८॥**

અથવા તો એક જ આંબાને વિષે ઘણી શાખા-પ્રશાખા આદિથી ઉત્પન્ન થયેલા પત્ર-ફુલ-ફલ આદિનું પણ વર્ણ, આકાર, સ્વાદ, અભિધાન આદિ બધું સરખું જ હોય છે. જેવી રીતે એક જ શાખામાં રહેલાં પત્ર-પુષ્પ ફલો, વર્ણ, આકાર, આસ્વાદ, નામ જેવું હોય તેવું જ તેની બીજી શાખાના પત્ર આદિને વિષે પણ હોય છે. નહિં કે તેનો ભિન્ન સ્વભાવ હોય. એ પ્રમાણે તીર્થમાં પણ પૃથક્ પૃથક્ શાખા કુલ આદિમાં રહેલાં મુનિઓનો એક જ આચાર હોય છે. ભિન્ન નથી હોતો. ॥ ગાથાર્થ-૨૮ ॥

હવે તીર્થની કલ્પદ્રુમ = કલ્પવૃક્ષ સાથે સરખામણી કરતી ૩ ગાથા કહે છે.

**सम्मत्तपीठे० ॥३०॥**

**मंजरि दुवालसंगी, फलसरिसो सोहणो अ आयारो।**
**महुरसासायसमं, केवलणाणं मुणेयव्वं॥३०॥**
**तित्थनमुक्कार सलिलसित्तं, तित्थंकरेण तं पढमं।**
**तप्फलसायभिलासी, अण्णो वि तहेव सिंचिज्जा॥३१॥**

સમ્યક્ત્વરૂપી પૃથ્વી પીઠને વિષે રહેલું તીર્થ, કલ્પદ્રુમ્-કલ્પવૃક્ષ સરખું છે. જેમ કલ્પવૃક્ષ, શાખા-પત્ર-મંજરી-ફૂલ-ફળ અને આસ્વાદયુક્ત હોય છે તેવી રીતે આ તીર્થરૂપી કલ્પવૃક્ષ પણ સૂરિ આદિ સાધુઓની શાખાવાલું છે. શ્રાવકવર્ગ પત્રરૂપે છે, દ્વાદશાંગી એ મંજરીરૂપે છે. અને શોભન આચાર એ તેના ફળરૂપે છે. અને શોભન આચારનું પરિપાલન કરવાથી જે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે તે ફલના મધુર રસના આસ્વાદરૂપ જ છે.

અને **नमो तित्थस्स** આદિ કહેવા વડે કરીને તીર્થંકરોએ તીર્થને પહેલો નમસ્કાર કરેલ છે તે રૂપ પાણીનું સિંચન સમજવું અને તે જલસિંચનથી ફાલેલું-ફુલેલું તીર્થરૂપી વૃક્ષ, મોક્ષરૂપી ફલને આપનાર બને છે એટલે તીર્થના આરાધન દ્વારા કેવલજ્ઞાનના હેતુરૂપ એવા જે સદાચારનું પરિપાલન થાય છે અને તે સદાચાર જ ફૂલ છે અને તેનો આસ્વાદ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આમ સમજીને બીજા આત્માઓ પણ નમસ્કારથી માંડી આરાધનાદિના વિધિ વડે કરીને તીર્થની સમ્યક્ આરાધના કરે છે તેને તે તીર્થ કલ્પવૃક્ષની જેમ ફળદાયક બને છે અને તેથી કરીને તીર્થ કલ્પવૃક્ષ સમાન છે.-આ ત્રણ ગાથાનો અર્થ. ॥ ૨૯-૩૦-૩૧ ॥ હવે કલ્પવૃક્ષ સમાન એવા તીર્થની ઉત્પત્તિને અને તેની સ્થિતિ જેવી રીતે થાય છે. તે દેખાડવા માટે બે ગાથા વડે દૃષ્ટાંત કહે છે.

**जह पढमं उप्पत्ती, मेहविसेसाउ कप्परुक्खस्स।**
**बीअपरंपरसंठिई, बीउच्छेण पुणो मेहा॥३२॥**

**तह तित्थं तित्थयरा, पढमं उप्पज्जए न अण्णाओ।**
**सूरि परंपरसंठिई, सूरिच्छेए पुणो अरहा॥३३॥**

જેવી રીતે પ્રથમ વખત વિશેષ પ્રકારના મેઘ વડે કલ્પવૃક્ષની ઉત્પત્તિ થાય છે. અને એ કલ્પવૃક્ષના બીજની પરંપરા ચાલે છે. બીજનો ઉચ્છેદ થયે છતે ફરીવાર તેવા પ્રકારનો વિશિષ્ટ વરસાદ વરસે ત્યારે કલ્પવૃક્ષ ઉત્પન્ન થાય છે. હવે દાર્ષ્ટાન્તિક જણાવે છે એવી રીતે તીર્થ, તીર્થંકરથી જ પહેલું ઉત્પન્ન થાય છે. બીજાથી નહિં અને તેની સ્થિતિ સૂરિપરંપરા વડે રહે છે. આગમમાં કહેલું છે કે :—

**कईआवि जिणवरिंदा, पत्ता अयरामरं पहं दाउं।**
**आयरिएहिं पवयणं, धारिज्जइ संपयं सयलं॥१॥** ઉપદેશપદ

તે તીર્થને ઉત્પન્ન કરનારા એવા તીર્થંકર ભગવંતો અજરામરપથ-મોક્ષમાર્ગને પામ્યા. ત્યારપછી સાંપ્રતકાલે સમગ્ર આચાર્યવડે તીર્થ ધારી રખાય છે. જેવી રીતે સ્વયં અતથાભૂત (તીર્થરૂપ) બીજ ઉત્પન્ન કરનાર મેઘની તુલ્ય એવા મહાવીર દેવે સુધર્મા સ્વામીને સૂરિ કર્યા અને સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને સૂરિ કર્યા. અને જંબૂસ્વામીએ પ્રભવ સ્વામીને સૂરિ કર્યા. આ બધી જ પરંપરા કહેવાય. આ પરંપરાનો ઉચ્છેદ થયે છતે ફરી તીર્થ, અરિહંતથી જ ઉત્પન્ન થાય પરંતુ બીજા કેવલી આદિઓથી

નહિ. જેમ કલ્પવૃક્ષના પણ બીજનો ઉચ્છેદ થયા પછી ગમે તેવા મેઘવડે ઉત્પત્તિ થતી નથી અથવા મોટા એવા આંબા આદિ વિજાતીય વૃક્ષોથી પણ કલ્પવૃક્ષની ઉત્પત્તિ થતી નથી. તેમ બીજા કોઈ પણ કેવલી અથવા બીજા કોઈથી પણ તીર્થની ઉત્પત્તિ થતી નથી. ॥ ગાથાર્થ-૩૩ ॥ આવો નિયમ કેમ? તેનું કારણ કહે છે.

**तित्थं खलु तित्थयरा, अणाइजगसंठिई न ईहरावि।**
**किं मच्छिआपसूआ, हंसी एगावि केण सुआ ?॥३४॥**

જો કે આજ ગ્રંથની અંદર **तित्थं चाउवण्णो संघो** એ દશમી ગાથાની અંદર તીર્થંકરથી જ તીર્થની ઉત્પત્તિ બતાવી દીધી છે. તો પણ જગતની સ્થિતિએ કરીને તે વાતને દૃઢ કરવા માટે **द्विर्बद्धं सुबद्धं भवति** એ ન્યાયથી તીર્થ, તીર્થંકરથી જ થાય છે. એવી અનાદિકાલીન જગત્ સ્થિતિ છે એટલે શાશ્વતી મર્યાદા છે. આનાથી વિપરીત રીતે તીર્થોત્પત્તિ ન થઈ શકે. તેના પર દૃષ્ટાંત આપે છે કે શું કોઈ દિવસ માખીએ એકાદ હંસીને જન્મ આપ્યો હોય તેવું કોઈ ઠેકાણે સાંભળ્યું છે? નહિં જ. કારણ કે એવી જગત્સ્થિતિ છે. જેમ પક્ષીપણે સમાનપણું હોવા છતાં પણ હંસીને જન્મ આપનારી માખી ન થાય તેમ તીર્થ, તીર્થંકર સિવાય બીજાથી થાય જ નહિં. ॥ ગાથા-૩૪ ॥

હવે સામાન્યથી પણ કાર્યકારણનો નિયમ જણાવે છે.

**एवं जं जं कज्जं, निअयं निअकारणेहिं जह जायं।**
**तं तं तहेव जायइ, अन्नह जगसंठिइ लोवो॥३५॥**

એ પ્રમાણે પહેલાં કહેલી યુક્તિ પ્રમાણે જે જે કાર્યો છે તે પોતપોતાના કારણો વડે નિયત હોય છે. તે તે કારણો દ્વારા જ તે તે કાર્યોની નિષ્પત્તિ થાય છે અને એવો નિયમ ન હોય તો જગતની સ્થિતિનો નાશ થાય છે. જેમ કે ગાયથી બળદની ઉત્પત્તિ થાય છે તેમ વૃષભ, વૃક્ષ આદિથી ન થાય. વૃક્ષ આદિ તે કાર્યનું કારણ નથી. તેમ વિભિન્ન કારણથી કાર્યની નિષ્પત્તિ થતી નથી. ॥૩૫॥ હવે તીર્થનું સકલજન પ્રસિદ્ધ લક્ષણ કહે છે.

**जम्हा कुवक्ख पक्खो, बीहेई जह निवाउ तेणगणो।**
**तं खलु तित्थं तित्थंकरकरठविअं मुणेअव्वं॥३६॥**

જે કારણથી 'અમારો કોઈ નિગ્રહ ન કરો.' એ પ્રમાણે કહીને ઉત્સૂત્રભાષીનો સમુદાય, હંમેશા તીર્થથી બીતો જ રહે છે. જેમ રાજાથી ચોરનો સમુદાયઃ અને તેથી તીર્થ તેને કહેવાય કે જે તીર્થંકરે સ્થાપેલું હોય ॥૩૬॥ હવે દિગંબર છે તે પ્રાયઃ કરીને તીર્થથી બીતો નથી તેનું કારણ કહે છે કે :

**जं पुण पायं तित्था, खमणो न बिहेइ तत्थ तित्थेण।**
**परिचत्तो पढमदिणंमि, सव्वहा सव्वसंबंधा॥३७॥**

વળી જે દિગંબર છે તે તીર્થથી પ્રાયઃ બ્હીતો નથી. તેનું કારણ એ છે કે–દિગંબરના નવીન માર્ગની પ્રરૂપણાના અવસરે=પહેલે જ દિવસે તીર્થે તેને છોડી દીધો છે. કેવી રીતે? સર્વ પ્રકારે સર્વસંબંધે કરીને તીર્થે તેને તીર્થબાહ્ય કહ્યો છે. એટલે કે-'આ તીર્થ બાહ્ય છે.' તેની સાથે આલાપ-સંલાપ કરવો નહિ, તેવી રીતે તીર્થે સર્વ સંબંધથી મુક્ત કરી દીધો છે. તેથી તે તીર્થથી બ્હીતો નથી. મરી ગયેલો ફરી મરતો નથી એવી રીતે સર્વસંબંધથી છૂટા થઈ ગયેલા દિગંબરને તીર્થનો ભય શેનો હોય? ॥૩૭॥

હવે દિગંબરની અપેક્ષાએ બાકીના કુપાક્ષિકોનું વિલક્ષણપણું બતાવતા કહે છે.

**सेसा अकिंचि गणिआ, पढमं तित्थेण कालबलजोगा।**
**पच्छा पसइमुवगया, जह वणलेसोवि सुप्पसरो॥३८॥**

બાકીના પૂનમીયા આદિ જે નવ કુપાક્ષિકો પણ તેની ઉત્પત્તિ સમયે તેઓ તીર્થ વડે કરીને અકિંચિત્કર ગણાયા! એટલે 'આ બાપડાઓ વડે કરીને તીર્થને શું નુકશાન થવાનું છે?' એ પ્રમાણે તીર્થે ચિંતવેલ. આવું ચિંતવવાનો વિચાર તીર્થને ક્યાંથી થયો? કાલબળના યોગથી. એટલે કે-પ્રવચનની પીડા ભવિષ્યમાં અવશ્ય થવાની છે એ હેતુથી. અર્થાત્ કોઈક કાલ એવી રીતનો આવી ગયો કે જેથી કરીને કાલબળના યોગે કુપાક્ષિકોની તીર્થે ઉપેક્ષા જ કરી!!

તો હવે સાંપ્રતકાલે દિગંબરની આદિની જેમ આ બીજાઓ તીર્થ બાહ્ય કેમ નથી કરાતાં? તેમાં હેતુ એ છે કે અનુક્રમે કરીને તીર્થની નજીકમાં રહીને જ તેઓ વૃદ્ધિને પામ્યા. તેમાં દૃષ્ટાંત કહે છે. જેમ શરીર પર થયેલી નાની ગાંઠ ઉપેક્ષા કરાય તો શું તે વૃદ્ધિ નથી પામતી? અને તેથી જ નાના એવા વ્રણનો પણ વિશ્વાસ ન કરવો. **આવશ્યક નિર્યુક્તિ** આગમમાં કહેલું છે કે

**अणथोवं वणथोवं, अग्गीथोवं कसायथोवं च।**
**न हु भे वीससिअव्वं, थेवं पि हु तं बहु होइ॥१॥**

'અનંતકાય થોડી, વનસ્પતિ થોડી, અગ્નિ થોડો, કષાય થોડો હોય તો પણ એનો વિશ્વાસ ન કરવો. કારણ કે થોડામાંથી વધારે થાય.' ॥ ગાથાર્થ-૩૮ ॥ હવે હમણાં પહેલાં **जम्हा.** ગાથા વડે જે કુપાક્ષિકોને કહી ગયા તેને સમર્થન કરવાપૂર્વક વ્યક્તિતા = સ્પષ્ટતયા તીર્થ ક્યાં રહ્યું છે? તે બતાવે છે.

**ते पुण जम्हा निअमा ससंकिआ तंपि संपयं भरहे।**
**तवगणतित्थं णेअं कणगं व परिक्खपच्चक्खं॥३९॥**

આ ભરતક્ષેત્રને વિષે વર્તમાનકાલે તપાગણમાં જ તીર્થ છે. અને તેથી એ તીર્થથી પૂનમીયા આદિ હંમેશા ભયભીત રહે છે. તે તીર્થ કેવું છે? સુવર્ણના જેવું. આ ભરતક્ષેત્રને વિષે શુદ્ધ-પ્રરૂપણાની પ્રવૃત્તિ આદિ વડે કરીને અવિચ્છિન્ન પરંપરાગત આ તપગચ્છ જ દેખાય છે. તેવા પ્રકારનું દુષ્કર-ક્રિયાકારકપણું બીજામાં નથી અને તેથી કરીને કુપાક્ષિકોનો પક્ષ આ તીર્થથી જ બીએ છે. કુપાક્ષિકોનો સંસર્ગ પણ મહાપાપનો હેતુ છે.

એટલું જ નહિ પણ ''કુપાક્ષિક એવા નામથી ચિન્હિત થયેલો આત્મા પણ જોવાને માટે અકલ્પ્ય છે. એવા પ્રકારે તપગચ્છના સાધુઓ જ સભામાં ઉપદેશ આપે છે. તેવી રીતે તેવા પ્રકારના સમ્યક્ત્વ આદિ ગુણો વડે કરીને અલંકૃત એવા ઉપદેશ સાંભળનારા શ્રાવકો પણ એવું વર્તન કરે છે.''

એથી જ પાટણની અંદર સમર્થ એવા ભટ્ટારક શ્રી હીરસૂરિ મહારાજે લોંકાઓને **'અપાંકતેયા'** કરેલાં હતા જે વાત સર્વજન પ્રસિદ્ધ જ છે.

આવી રીતે કહેનારા અને વર્તનારા બીજા કોઈ તીર્થમાં નથી સંભળાતા. આ પરીક્ષા વડે કરીને તપાગચ્છ જ તીર્થ છે તે અધ્યક્ષપ્રાપ્ત સિદ્ધ છે. આ અમે જ કહીએ છીએ એમ નહિં. પરંતુ હરિભદ્રસૂરિજી મ.ના વચનો વડે પણ સ્પષ્ટ છે. જે અમે આઠમા વિશ્રામના અંતે ગ્રંથની સંમતિપૂર્વક કહીશું. ॥ ગાથાર્થ-૩૯ ॥

આવા પ્રકારના કુપાક્ષિકો કેવા પ્રકારની ચેષ્ટાવાલા હોય છે?

**एवं तित्थविआरे, कसवट्टि परिक्खिअंमि तित्थंमि।**
**ससमइविगप्पिअमए, राएण दुरासया दसवि॥४०॥**

પૂર્વે કહી ગયેલા પ્રકાર વડે કરીને તીર્થના વિચારરૂપી જે કસોટી તે ઉપર સુવર્ણની જેમ તીર્થથી પરીક્ષા થયે છતે દશેય કુપાક્ષિકો પોતપોતાની બુદ્ધિએ કલ્પેલા મત : જેમ કે : 'પક્ષના અંતે થયેલું પાક્ષિક કહેવાય અને તેથી કરીને પૂનમના દિવસે પાક્ષિક કરવું તે યુક્ત છે', તેવી રીતે 'સ્ત્રીઓ હંમેશા અપવિત્ર હોવાથી તે તીર્થંકરની પ્રતિમાની પૂજા કેવી રીતે કરી શકે? માટે સ્ત્રીઓને જિનપૂજા યુક્ત નથી.'' મુહપત્તિ આદિનું ધરવું એ સાધુ સંમત હોવાથી 'શ્રાવકોને સામાયિક આદિમાં મુહપત્તિ યોગ્ય નથી' ઇત્યાદિ કુવિકલ્પોની કલ્પના વડે વિકલ્પેલા જે મતો અભિનિવેશથી બંધાયેલા સ્નેહ વડે કરીને 'અમારો મતનો જ સર્વે મનુષ્યો આશ્રય કરો-સ્વીકાર કરો. બીજો મત નહિં' એ રૂપ દુષ્ટ અધ્યવસાયવાલા હોય છે. અને તે દુષ્ટાધ્યવસાય, હવે પછીની ગાથામાં જણાવાશે. તેઓનો દુરાશય જણાવે છે.

**तेणं पईसमयं मुणिघाय महापाव रुद्दपरिणामा।**
**णंतभव भोगकम्मा, तित्थमतित्थंति महमोहा॥४१॥**

જે કારણ વડે કરીને, તે કુપાક્ષિકો પોતાના મતના ઉદયને ઇચ્છે છે. તે કારણ વડે કરીને પ્રતિસમય તે તે મતોનો તિરસ્કાર કરનારા એવા તીર્થના ઉચ્છેદને જ ઇચ્છે છે. જગતની સ્થિતિ એવી છે કે પોતાના પક્ષનો પરાભવ કરનારાનો ઉચ્છેદ કરવા માટે બધા પણ માણસો ઇચ્છે છે કે 'પરાભવ કરનારનું કંઈક થાવ'

કુપાક્ષિકોને તો તેવા પ્રકારના પૂર્વજન્મમાં ઉપાર્જન કરેલા અશુભ અને ક્લિષ્ટ કર્મના પરિપાકથી ઉત્પન્ન થયેલા તેવા પ્રકારની ભવિતવ્યતા વડે કરીને પરાભવ કરનાર તરીકે તીર્થ જ પ્રાપ્ત થયું છે. અને તીર્થનો ઉચ્છેદ કરવાને ઇચ્છતા તેઓએ ભાવથી તો સાધુ આદિનો જ વિનાશ ઇચ્છ્યો છે. આ વિનાશ પણ કદાચિત્ ક્વચિત્ જ નહિ પરંતુ પ્રતિ સામયિક, અને તે કારણથી મુનિનો ઘાત અને ઉપલક્ષણથી સાધ્વી આદિનો પણ ઘાત ઇચ્છી રહ્યા હોય છે. તે હેતુ વડે કરીને મોટું પાપ જણાવેલ છે. કહેલું છે કે : 'ચૈત્યદ્રવ્યના વિનાશમાં, ઋષિઘાતમાં, પ્રવચનના ઉડ્ડાહમાં, અને સાધ્વીજીના ચોથા વ્રતના ભંગમાં, બોધિલાભના મૂળમાં આગ મૂકવા જેવું છે.' વળી તે કુપાક્ષિકો કેવા છે? મહા મોહવાળા, ઋષિઘાતના ચિંતનજન્ય રૌદ્ર પરિણામવાળા, અનંતભવસંબંધીના હેતુભૂત મોહ-મિથ્યાત્વ છે જેઓને તે મહામોહવાલા. તે કેવી રીતે? તે કહે છે કે : સાધ્વાદિ સમુદાયરૂપ જે તીર્થ છે તેને 'અતીર્થ' તરીકે અને સાધ્વાભાસાદિરૂપ જે પોતપોતાના સમુદાયો અતીર્થ છે તેને 'તીર્થ' તરીકે માનતાં હોવાથી : આ વાતનો ભાવ આ છે કે તે કુપાક્ષિકો, તીર્થને અતીર્થપણે ઉપદેશે છે અને પોતાની મતિથી કલ્પેલા અતીર્થને તીર્થપણે સ્થાપે છે. તે મહામોહવિજૃંભિત છે. આથી મોટું પાપ બીજું કયું હોય? તે વિચારી લેવું.

તેવા પ્રકારના થયા છતાં તે કેવા થાય છે? તે કહે છે. અનંતા ભવોએ કરીને ભોગ્ય એવા કર્મો જેઓને છે તેવા. અર્થાત્ અનંત સંસારને ભજવાવાળા જાણવા. કારણ કે ઉત્સૂત્ર ભાષિઓ-ઉત્સૂત્ર ભાષણથી પાછા ફર્યા ન હોય. (એટલે પ્રાયશ્ચિત્ત કર્યું ન હોય) એવા તેઓ મર્યા છતાં નિયમે કરીને અનંત સંસારીઓ જ થાય છે. કહેલું છે કે :—**उस्सुत्तभासगाणं बोहीनासो अणंतसंसारो॥**

ઉત્સૂત્ર ભાષીઓને બોધિ (સમ્યક્ત્વ)નો નાશ અને અનંતો સંસાર (હોય) તેવી જ રીતે **આવશ્યક નિર્યુક્તિમાં—**

**कालमणंतं च सुए, अद्धापरिअट्टओ अ देसूणो।**
**आसायण बहुलाणं, उक्कोसं अंतरं होई॥१॥** આવ. નિર્યુક્તિ.

તેવી રીતે આશાતના બહુલ એવા જીવોનો અનંતો કાલ સૂત્રમાં કહેલો છે. અને દેશઉણ એવો અદ્ધાકાલપરિવર્તન ઉત્કૃષ્ટ અંતર હોય છે.

અહિં આશાતનાબહુલ જે જણાવેલ છે તે ઉત્સૂત્રભાષી જ જાણવો. કારણ કે પ્રતિસમય તીર્થના ઘાતના પાપનો ભાજન બનતો હોવાથી. આથી જ કરીને ઘોર અનુષ્ઠાન કરતો હોય તો પણ તે આત્મા **જમાલિ આદિની જેમ** પ્રતિસમય અનંત સંસારને જ વધારતો હોય છે.

અસંખ્ય સમયાત્મકકાળમાં પોતાના આયુષ્ય વડે અથવા અંતર્મુહૂર્ત વડે પ્રતિસમય અનંતસંસારની વૃદ્ધિનો અભાવ હોયે છતે અનંત સંસારનો અસંભવ હોવાથી અર્થાત્ અસંખ્યાત સમયાત્મકાલમાં પ્રતિસમયે અનંતસંસારની વૃદ્ધિ કરતો હોય તો જ અનંત સંસારની વૃદ્ધિ સંભવી શકે છે. ॥ ગાથાર્થ-૪૧ ॥

હવે 'તીર્થના પ્રદ્વેષથી જેવી રીતે કુપાક્ષિકો રૌદ્ર પરિણામવાલા થાય છે તેવી રીતે કુપાક્ષિક ઉપરના પ્રદ્વેષને લઈને તીર્થવર્તી એવા તમે પણ કેમ રુદ્ર પરિણામી ન થાવ?' એવી પારકાની શંકાને ઉભી કરીને કહે છે.

**णणु तुम्हाणवि दोसो, कुपक्ख पक्खंमि दीसइ पयडो।**
**तो भे रुद्दज्झाणं, हाणिं अण्णेसमाणाणं॥४२॥**

નનુ શબ્દ છે પારકાના પ્રશ્નમાં. 'તીર્થના પક્ષવાલા હે ભાઈઓ! તીર્થને વિષે કુપાક્ષિકોને જેવી રીતે દ્વેષ છે. તેવી રીતે કુપાક્ષિકોના પક્ષ પર તમોને પણ દ્વેષ છે. જેવી રીતે તીર્થના ઉચ્છેદને ઈચ્છતા કુપાક્ષિકોને રૌદ્રધ્યાન છે. તેવી રીતે કુપાક્ષિકોના પક્ષના ઉચ્છેદને ઈચ્છતા એવા તમોને પણ રૌદ્રધ્યાન છે. કારણ કે વિનાશનો અભિપ્રાય બન્ને ઠેકાણે સરખો છે.' એ પ્રમાણે પારકાની શંકા છે. હવે એ પારકાની શંકાને દૂર કરે છે.

**नेवं वोत्तुं जुत्तं जं, सो तित्थस्स परमरोगुत्ति।**
**तस्सावि हाणिविगप्पो, जयऽधम्मो केरिसो धम्मो ?॥४३॥**

તમે પહેલાં અમારા માટે જે આપત્તિ આપી છે તે બોલવું પણ ઉચિત નથી. જે કારણથી તે કુપાક્ષિકોનો જે પક્ષ છે તે તીર્થનો પરમરોગ છે. જેવી રીતે ઉત્કૃષ્ટરોગ, અસહ્યવેદના દ્વારા લોહી માંસ આદિનું શોષણ કરવા પૂર્વક હૃષ્ટ-પુષ્ટ એવા પુરુષને પણ કૃશ કરી નાંખે છે. બળવાનને પણ દુર્બલ બનાવી દે છે. તેવી રીતે કુપાક્ષિકરૂપી જે પક્ષ છે તે પણ ઉત્સૂત્રપ્રરૂપણારૂપ અસહ્યવેદના વડે કરીને તીર્થની અંદર રહેલાં શ્રાવક આદિ સમુદાયને આશ્રીને અથવા સમુદાયને પકડીને તીર્થને જ કૃશ કરી નાંખે છે. એ તો તમે અને અમે પ્રત્યક્ષ જ જોઈએ છીએ. જેથી તે અધ્યક્ષ=પ્રત્યક્ષ સિદ્ધ જ છે.

જે કહેવાશે તે બધા કુપાક્ષિકો વડે તીર્થ સંબંધીના જ એવા શ્રાવક આદિઓને વ્યુદ્ગ્રાહિત કરીને તીર્થ છોડાવી દીધું એટલું જ નહિ પરંતુ અનાર્ય લોકની જેમ તીર્થથી પ્રતિકૂલ વર્તતા બનાવી દીધાં છે! તો તેવા કુપાક્ષિકરૂપી તીર્થના મહાઅસાધ્ય રોગસ્વરૂપ જે પક્ષ તેના ઉચ્છેદનો વિચાર કરવો તે જો અધર્મ હોય તો પછી ધર્મ કેવા પ્રકારનો હોય? તે તું કહે.

ખરી રીતે જોવા જઈએ તો આના જેવો બીજો કોઈ જ ધર્મ નથી અને બીજું પરમ કર્તવ્ય નથી. આ કહેવાથી તું જે રૌદ્રધ્યાનની આપત્તિ આપે છે. તે તો દૂર રહી; પરંતુ તેના મતની હાનિનો

વિકલ્પ કરવો તે પરમધર્મ છે. ઉત્કૃષ્ટ ધર્મ છે એમ જાણવું. એથી જ કરીને નંદીસૂત્રમાં કહ્યું છે કે :—

**"निव्वुइपहसासणयं, जयइ सया सव्वभावदेसणयं।**
**कुसमयमयनासणयं, जिणिंदवरवीरसासणयं॥१॥** *(नंदी–२२६)*

નિવૃત્તિ-મોક્ષપદને સાધી આપનાર એવું, સર્વભાવને બતાવનારું એવું, કુસમય-કુપાક્ષિકના મતનો નાશ કરનારું એવું જિનેશ્વર ભગવંત મહાવીરદેવનું શાસન સદા જયવંતુ વર્તે છે." ઇત્યાદિ વચનો વડે કરીને પ્રવચનની રક્ષા સંબંધીનો આશીર્વાદ પણ છે. એ પ્રમાણે ગાથાર્થ–૪૭.

હવે તીર્થની હાનિ અને કુપાક્ષિકોની હાનિને ઇચ્છનારાઓની વચ્ચે જે પરસ્પર મોટું અંતર છે તે વાત દૃષ્ટાંત દ્વારા જણાવે છે.

**किं धिज्जाइज्झाणं, सरिसं हरिएसि जक्खझाणेण।**
**असुईलित्तो पाओ, चंदणलित्तेण किं सरिसो?॥४४॥**

શું બ્રાહ્મણકુમારોનું ધ્યાન, હરિકેશિ સાધુની વૈયાવચ્ચ કરનારા તિંદુકયક્ષના ધ્યાનની જેવું થાય ખરું? ન જ થાય. કારણ કે બ્રાહ્મણકુમારોનું ધ્યાન, મુનિને હણી નાંખવા સંબંધીનું છે. ત્યારે યક્ષનું ધ્યાન તો કુમારોને હણવામાં પણ મુનિના રક્ષણપૂર્વક વૈયાવચ્ચ વિષયકનું ધ્યાન છે. નહિ કે તે તિંદુકયક્ષનું ધ્યાન રાગદ્વેષજનિત ઉત્પન્ન થયેલું છે. ઉત્તરાધ્યયન આગમમાં કહ્યું છે કે

**पुव्विं च इण्हिं च अणागयं च, मणप्पदोसो न मे अत्थि कोई।**
**जक्खा हु वेआवडियं करिंति, तम्हाउ एए निहया कुमारा॥१॥**

**इति श्री उ. (३९-५)**

'પૂર્વે પણ-હમણાં પણ અને ભવિષ્યકાલમાં પણ મને કોઈ ઉપર મનપ્રદ્વેષ નથી. આ યક્ષો વૈયાવચ્ચ કરી રહ્યાં છે અને તે યક્ષોએ તમારા કુમારોને હણ્યાં છે.'

વૈયાવચ્ચ કરવી તે તો મહાનિર્જરાનો હેતુ છે. એ વાત અમે આગળ જણાવીશું. તેથી કરીને હણવાના અભિપ્રાયની સામ્યતા હોવા છતાં પણ બ્રાહ્મણકુમારો અને યક્ષના ધ્યાનમાં મોટું અંતર છે. એ પ્રમાણે કુપાક્ષિકોનું ધ્યાન તીર્થના ઉચ્છેદના વિષયનું છે અને અમારું ધ્યાન તો તીર્થના રોગતુલ્ય કુપાક્ષિકના પક્ષના ઉચ્છેદન વિષયી છે. ઉચ્છેદન અંગેના ધ્યાનની સામ્યતા હોવા છતાં પણ એકનું ધ્યાન ધર્મધ્યાનરૂપે છે અને બીજાનું ધ્યાન રૌદ્રધ્યાનરૂપ છે. હવે આ વાતમાં બીજું દૃષ્ટાંત આપે છે.

વિષ્ટા આદિ વડે ખરડાયેલો પગ, શું ચંદન આદિથી ખરડાયેલા પગની સાથે આવે ખરો? નહિ જ. એ પ્રમાણે ખરડાવવાનું કામ સરખું હોવા છતાં પણ અશુચિથી ખરડાયેલો પગ પાણીથી ધોયા પછી જ શુભ અનુષ્ઠાનની પ્રવૃત્તિનાં કારણરૂપ થાય છે. અને ચંદનથી ખરડાયેલો પગ તો સ્વભાવે જ શુભાનુષ્ઠાનમાં વિશેષથી સારો છે.

એ પ્રમાણે તીર્થના ઉચ્છેદનું જે ધ્યાન છે તે વિષ્ટાતુલ્ય છે અને કુપાક્ષિકોના પક્ષના ઉચ્છેદનું જે ધ્યાન છે તે સુખડથી ખરડાયેલા પગ જેવું છે.

એ પ્રમાણે 'વિમલ વાહન રાજાનું ધ્યાન વિષ્ટા જેવું છે અને સુમંગલ સાધુનું ધ્યાન ચંદનલેપ સરખું છે' ઇત્યાદિ પોતે જ પોતાની બુદ્ધિએ સમજી લેવાનું. આવા પ્રકારનું જે ધ્યાન છે તે જીવની યોગ્યતા વડે જ આવી પડે છે. જેમ કે આહારસંબંધીના ધ્યાનની સામ્યતા હોય તો પણ જે હંસ છે તે કમલના પાંદડાં જ ખાય છે અને કાગડો વિષ્ટાના આહારને જ ખાય છે. તેવી રીતે તીર્થ અને કુપાક્ષિકોના જીવની યોગ્યતા પ્રમાણે ધ્યાનનું સ્વરૂપ છે એમ જાણવું. ॥ ગાથા-૪૪ ॥ હવે ઉપસંહાર કરતાં જ પહેલાં તીર્થસ્વરૂપની પ્રરૂપણા કરવામાં હેતુ કહે છે.

**एवं तित्थसरूवं, परूविअं तं पसंगओ पढमं।**
**जं जउ भणिउं सक्का, कुवक्खिआ बाहिरा समुहं॥४५॥**

**"पढमिल्लुआण उदये"** એ ૯મી ગાથામાં જણાવેલાં તે કુપાક્ષિકોમાંથી કેટલાક તીર્થમાંથી નીકલ્યા હોવાથી તીર્થના સ્વરૂપના નિરૂપણ પ્રસંગે વર્ણવેલું હતું અને તેથી કરીને પહેલાં 'તીર્થ' નું સ્વરૂપ જણાવ્યું. જેથી કરીને खवणय આદિ ગાથામાં જણાવેલાં કુપાક્ષિકોને તીર્થ બાહ્ય કહી શકવાને સમર્થ થઈ શકીએ છીએ, તીર્થના સ્વરૂપને જાણ્યા સિવાય 'કુપાક્ષિકો તીર્થ બાહ્ય છે' એમ કેમ કહી શકાય? એટલે એ કારણથી પ્રયોજનપૂર્વક તીર્થના સ્વરૂપનું નિરૂપણ કરવું તે સપ્રયોજન છે. ॥ગાથા ૪૫॥ હવે પ્રકારાન્તરે કરીને પણ તીર્થસ્વરૂપ બતાવવા માટે તેનો ઉપક્રમ-આરંભ કરીએ છીએ.

**इहमहकुपक्खपक्खं, अब्भासवसेण मुणिअ परिचयती।**
**तह तित्थासयणंपि अ कुज्ञा विण्णुत्ति बुद्धीए॥४६॥**

**जुत्तिपयारं किंची, दंसेमो जेण दीवरूवेण।**
**तित्थातित्थसरूवं, फुडं सिआ थूलमईणोऽवि॥४७॥**

**तेणं कत्थवि अंसे, पुणोवि भणणंपि दीसए इहयं।**
**न य पुणरुत्तदोसो, चिंतेअव्वो जमब्भासो॥४८॥**

આ **"કુપક્ષકૌશિક સહસ્રકિરણ"** નામના ગ્રંથમાં હવે કુપક્ષના અભ્યાસના વશ વડે કરીને એટલે કે વારંવાર તેનો અભ્યાસ અને તેના સ્વરૂપના શ્રવણ કરવા વડે કરીને, સમ્યક્પ્રકારે તેની આલોચના કરીને તે કુપાક્ષિકોનો ત્યાગ કરો. વારંવાર સાંભળવાનું શું કામ છે? તો કહે છે કે એક વખત સાંભળીને જલ્દી તેના ત્યાગનો સંભવ ઓછો હોવાથી અને કદાચ સંભવ હોય તો પણ તે

કુપાક્ષિકો તરફ સન્મુખ થવાનો સંભવ હોયે સતે એટલે કે 'વિચારણા કર્યા વગર છોડી દીધો છે' એ પ્રમાણે પશ્ચાત્તાપનો પણ કોઈને સંભવ દુર્નિવાર્ય છે. એથી કરીને વારંવાર શ્રવણ કરવાનો અભ્યાસ કરીને કુપાક્ષિકોનો ત્યાગ કરવામાં પહેલાં જણાવેલા દોષોનો સ્વપ્ને પણ સંભવ ન રહે અને વારંવારના શ્રવણના અભ્યાસથી જે તીર્થને સ્વીકાર્યું છે એવા આત્માને દેવતાના સમૂહ વડે પણ ચલાયમાન કરવા અશક્ય થઈ પડે છે. અને એથી કરીને તીર્થમાં આવ્યા પછી પણ આ અભ્યાસ કરવો એ શ્રેયને માટે છે. તીર્થનો જે આશ્રય કરવો તે પણ વારંવારના અભ્યાસના વશે કરીને બુદ્ધિમાને કરવો જોઈએ. એ પ્રમાણેની બુદ્ધિએ કરીને કંઈક યુક્તિનો સમૂહ બતાવીએ છીએ.

દીપક તુલ્ય એવા યુક્તિઓના પ્રકારો વડે કરીને સૂક્ષ્મ બુદ્ધિવાલા તો દૂર રહો, પણ સ્થૂલ બુદ્ધિવાલાનેય પણ તીર્થ અને અતીર્થનું સ્વરૂપ સ્પષ્ટ થાય. તે જ કારણથી કોઈક પ્રસંગે વારંવાર કહેવાનું પણ આ પ્રકરણમાં જણાવેલું દેખાશે. તો એમાં પુનરુક્તિ દોષની વિચારણા ન કરવી. કારણ કે વારંવાર કહેવાથી જ તે અભ્યાસ થાય છે. ॥ ગાથા-૪૬-૪૭-૪૮ ॥

હવે પહેલાં કુપક્ષમાત્રનું સ્વરૂપ જણાવે છે.

**पायं कुपक्खयपक्खो उ सुत्तसरणो हविज्ज वयणेणं।**
**सुत्तं पुत्थयसरणं, नणुं किंच परंपरासरणं॥४९॥**

ઘણું કરીને કુપાક્ષિકોનો સમુદાય વચનમાત્રથી સૂત્રના શરણવાલો હોય છે. મનથી નહિ. 'અમારે તો સૂત્ર જ પ્રમાણ છે નહિં કે વૃત્તિ આદિ' એવા પ્રકારના વચનમાત્ર વડે કરીને સૂત્રશરણ કહેવાય છે.

આવા સૂત્ર શરણવાલા કુપાક્ષિકોને એમ પૂછવું કે હે ભાગ્યશાળી! 'તમારું સૂત્ર છે તે પુસ્તકના આશ્રયવાલું કે પરંપરના આશ્રયવાલું છે?' જેમાં પુસ્તક છે આશ્રય જેનો તેને પુસ્તકાશ્રય કહેવાય અને અવિચ્છિન્ન પુરુષ પ્રવાહ એજ શરણ = આશ્રય જેને તે પરંપરાશ્રય કહેવાય ॥ ગાથા-૪૯ ॥

હવે પહેલા વિકલ્પના નિર્ણયને દૂષિત કરવા માટે કહે છે.

**पुत्थयसरणं सुत्तं, फलवं न हु होइ केवलं किंतु।**
**पुरिसायत्तं पुरिसो, पयत्तवंतोऽवि विहिविण्णू॥५०॥**

જે પહેલો વિકલ્પ પુસ્તકશરણ-સૂત્રશરણ છે તો તે સૂત્ર ફળવાન નહિં થાય. કારણ કે તે પુસ્તક શરણ, પુરુષ પરતંત્ર છે. પુરુષ પણ જે તે નહિ પરંતુ જે પ્રયત્નવાન્ હોય અને વિધિનો જાણકાર હોય તે. વિધિનો જાણકાર એટલે સૂત્રનું ગ્રહણ કરવું અને સૂત્રનું દાન કરવું એ વિધિને જે જાણતો હોય તેને વિધિજ્ઞ કહેવાય ॥ ગાથા-૫૦ ॥

હવે તે વિધિજ્ઞ કેવા પ્રકારનો હોય? તે જણાવે છે.

**सोऽवि अ दायगगाहगभावापन्नोवि जुग्गयाजुत्तो।**
**तेणं तिपईमित्ता, दुवालसंगीई रयणावि॥५१॥**

શ્રુતજ્ઞાન જે છે તે, બન્ને વડે જ સાધ્ય છે. એટલે દાયક-ગ્રાહક એ બન્ને વડે જ સાધ્ય છે. એમાં એક દેનારો હોય અને એક લેનારો હોય. આવા પ્રકારના દાયક અને ગ્રાહક ભાવથી સંયુક્ત એવો વિધિજ્ઞ પુરુષ પણ યોગ્યતા યુક્ત હોવો જોઈએ. એટલે દાયક યોગ્યતાયુક્ત હોવો જોઈએ અને ગ્રાહક પણ યોગ્યતાયુક્ત હોવો જોઈએ. અથવા તો દાયકથી યુક્ત ગ્રાહક જોઈએ અને ગ્રાહકયુક્ત દાયક જોઈએ. અન્યોન્યભાવ જોઈએ અને એથી જ કરીને આચારાંગમાં **पासगस्स नत्थि उवएसोत्ति आचा० ८-८२**) એ વચન યોગ્યતાના અભાવથી જ કહેવાયું છે. એ બન્નેની યોગ્યતા માટે દૃષ્ટાંત કહે છે.

જે કારણથી યોગ્યતાને પામેલા છે તેમણે જ ત્રિપદીના દાનમાત્રથી દ્વાદશાંગીની રચના કરી. એટલે કે દાયક તીર્થંકર અને ગ્રાહક ગણધર. બન્ને પણ યોગ્યતાને પામેલા છે. અને એથી જ **उप्पन्नेइवा-विगमेईवा-धुवेई वा** આ ત્રિપદી માત્રથી જ દ્વાદશાંગીની રચના થવા પામી. એ બન્ને મહાપુરુષોની વાત રહેવા દો. જો એકની પણ યોગ્યતા ન હોય તો ત્રિપદી ફળદાયક થાય નહિ. જેમકે ત્રિપદીનું દાન કરવામાં યોગ્યતાને પામેલા એવા શ્રી મહાવીર પ્રભુ હોવા છતાં પણ ગૌતમ આદિ-૧૧ ગણધર સિવાયના કોઈએ પણ ત્રિપદીનું શ્રવણ કર્યું હોત તો પણ દ્વાદશાંગીની રચનાના કારણરૂપ ન થાત. એવી રીતે ગ્રાહકની યોગ્યતાને પામેલા ગણધર ભગવંતોને પણ ભગવાન સિવાય બીજા કોઈની પાસેથી ત્રિપદીની પ્રાપ્તિ થાય તો પણ રચના કરવામાં સમર્થ થતા નથી. અને એથી જ કરીને આવશ્યક સૂત્રમાં **संजोगसिद्धीइ फलं वयंति (आव. १०२)** એ વચન કહ્યું છે. સંયોગની સિદ્ધિ દ્વારાએ જ ફળની પ્રાપ્તિ થાય. આ પ્રવચનનું વચન છે. અને એથી જ કહી શકાય કે 'અત્યારે ત્રિપદી વિદ્યમાન હોવા છતાં પણ ફળદાયક નથી'' કારણ કે દાયક-ગ્રાહકની યોગ્યતાનો અભાવ છે. વળી આ ત્રિપદીના દૃષ્ટાંત વડે કરીને કેવળ સૂત્ર એ પણ ફળદાયક નથી. એમ કહીને પણ કુપાક્ષિકો તિરસ્કાર્ય બને છે. કેવળ સૂત્રવાદીને પ્રવચનની અંદર મિથ્યાદૃષ્ટિ તરીકે જણાવેલ છે. ઉપદેશમાળામાં કહ્યું છે કે 'અપરિક્ષિત એવા સૂત્રના સમૂહને જોયા સિવાય કેવલ અભિન્ન સૂત્રચારીના સર્વઉદ્યમ વડે કરીને કરેલો તપ અજ્ઞાન તપ થાય છે. અને છતાં તે બહુ પડે છે. ॥ ગાથા-૫૧ ॥

હવે યોગ્યતા અને અયોગ્યતા ઉપર ઉદાહરણ કહે છે.

**वज्जंपि कज्जजणयं, सक्कपयत्तेण जुग्गयाजुत्ते।**
**आगासखंडकरणे, असमत्थं सक्कबलमुत्तं॥५२॥**

ઈન્દ્રના સર્વબલપૂર્વકના પ્રયત્ન વડે કરીને મૂકાયેલું વજ્ર પણ યોગ્યતાયુક્ત એવી વસ્તુને વિષે ફળદાયક બને છે. ઈન્દ્રે પોતાના બલથી મૂકેલું વજ્ર પણ આકાશના ટૂકડા કરવામાં અસમર્થ બને છે.

કારણ કે આકાશના ટૂકડા થવાની યોગ્યતા નથી. એ પ્રમાણે પુરુષાધીન સૂત્ર પણ દાયક અને ગ્રાહકની યોગ્યતા હોય તો જ ફળદાયક બને છે. અન્યથા નહિ. એ પ્રમાણે દૃષ્ટાંત જાણવું. ॥ ગાથા-૫૨ ॥

હવે ફરી વખત પણ સર્વજન પ્રસિદ્ધ દૃષ્ટાંત બતાવે છે.

**धेणु वावि सदुद्धा, दोहणकिरीआइकुसलमायत्ता।**
**दुद्धपया विवरीआ, विवरीअपया उदाहरणं॥५३॥**

ગાય પણ દોહન આદિ ક્રિયામાં કુશળ હોય તેને આધીન છે. દોહન આદિ ક્રિયા એટલે શું? 'પીંડ આપવું, પાણી પાવું, સારા સ્થાનમાં રાખવી, એનું રક્ષણ કરવું.' આદિમાં જે માલિક નિપુણ હોય તેને આધીન ગાય છે. એથી ગાય દૂધને આપે છે. જો દોહનાદિ ક્રિયામાં કુશળ ન હોય તો તે માણસને ગાય દૂધ દેવાને બદલે વિપરીત ફળને દેનારી બને છે. આ વાતનો ભાવાર્થ એ છે કે જે આત્મા પિંડદાન આદિમાં કુશળ હોય અને દોહનાદિ ક્રિયામાં કુશળ હોય. તે આત્મા ગાયની પાસેથી દૂધને પામે છે. અને જે આ વાતમાં અકુશલ હોય તેવો આત્મા (ગાયના શરીરમાં દૂધ હોય છે.) એ પ્રમાણે સામાન્યથી દૂધના જ્ઞાનવાળો હોવા છતાં દૂધ મેળવવાની ઈચ્છા કરતો ગાયના કોઈપણ અંગે પોતાના હાથે સ્પર્શ કરવા વડે કરીને અથવા લાકડીથી હણવા વડે કરીને અથવા કોઈપણ અંગમાં શસ્ત્ર આદિ વડે કરીને છીદ્ર કરવા દ્વારા ફક્ત મૂત્ર અને લોહી જ મેળવે છે અને જો સર્વથા ક્રિયા રહિત રહે તો ગાયના ઘાતના પાતકનો ભાગી બને. ગાયને ઘરે લાવીને બાંધી રાખે અને પિંડ કે ખાણ આદિ આપે નહિ તો પાપનો ભાગીદાર થાય. અને વળી પિંડદાન આદિની ક્રિયામાં યુક્ત હોય પણ જો દોહન આદિ ક્રિયાથી રહિત હોય તો સ્વભાવ સિદ્ધ એવા છાણ મૂત્ર આદિના જ લાભનો ભાગી થાય.

**અહીં સાર્થવાહ અને રાજાનું દૃષ્ટાંત પ્રસિદ્ધ જ છે.** તો પણ દિશાસૂચન તરીકે બતાવીએ છીએ કે–અનેક જાતના કરિયાણાથી ભરેલા વહાણો લઈને કોઈ સાર્થવાહ વેપારને માટે ગાયરહિત દ્વીપમાં જવાની ઈચ્છાવાળો પોતાની સાથે એક ગાય લઈને સમુદ્રને પાર કરીને ગાય રહિતના દ્વીપમાં ઉતર્યો. ત્યાં તે દ્વીપમાં રહેલા રાજાની મહેરબાની ખાતર હંમેશા રૂપાના કચોળામાં ગાયનાં દૂધનો દૂધપાક ભરી રાજાને ભેટણું કરે છે. રાજાને લાગ્યું મીઠું. એટલે રાજાએ પૂછ્યું કે આ શું? ત્યારે સાર્થવાહે કહ્યું કે "અમારા દેશના વૃક્ષનો રસ છે" એક વખત કૃતકૃત્ય થયેલા સાર્થવાહે રાજાની પાસેથી જવા માટે રજા લેવાની ઈચ્છા વડે કરીને રાજાને સાર્થવાહે આ પ્રમાણે કહ્યું. શું કહ્યું? "રાજાની આજ્ઞા વડે હું મારા દેશમાં જવાને ઈચ્છું છું" આ પ્રમાણે કહ્યે છતે રાજાએ કહ્યું કે અમને આ પાયસ રસ કોણ આપશે? ત્યારે રાજાનો આગ્રહ થવાથી તે સાર્થવાહે તે ગાય રાજાને આપી દીધી. અને કહ્યું કે "આનો રસ મારા વડે આપને દેવાતો હતો." આ પ્રમાણે કહીને તે સાર્થવાહ પોતાના દેશ તરફ ગયો. આ રાજાએ તે ગાયને ચિત્રશાળામાં રાખી. અને અનેક પ્રકારના ખજૂર, દ્રાક્ષ, શેરડીનો રસ આદિ ખાણપાણ આદિની વિધિ વડે કરીને પોષાતી તે ગાય, છાણ અને મૂત્ર આદિ કરવાને માટે જ્યારે પૂછડું ઊંચુ કરતી હતી ત્યારે તે વખતે રાજાના પુરુષો રૂપાનું કચોળું આદિ ધારણ કરતા હતાં. ત્યારે તે વખતે

પાત્રમાં (આવેલાં) રહેલાં ગોમૂત્ર આદિના રંગ અને આસ્વાદ આદિ વડે ગોમૂત્ર આદિની વિપરીતતા જોઈને રાજાએ વિચાર્યું કે (ખરેખર આ પાપીએ મને પણ ઠગ્યો છે) એમ વિચારીને રોષાયમાન થયેલા તેણે (રાજાએ) સમુદ્રમાં રહેલાં સાર્થવાહને પકડીને પાછો મંગાવ્યો. અને કોપ વડે રાજાએ કહ્યું કે 'હે ઠગ! મને પણ તું ઠગે છો?' ઇત્યાદિ કહીને પહેલાં બનેલો બધો વૃતાંત કહ્યો.

પૂર્વનો તે હેવાલ સાંભળીને સાર્થવાહે કહ્યું કે "હે મહારાજ! કોઈપણ વસ્તુનો સમુદાય, સ્વયં સ્વરૂપે કરીને હંમેશા ફળવાળો હોતો નથી પરંતુ જે જેને યોગ્ય હોય તે તેને જ ઉચિત ક્રિયા કરવા વડે, તે ફળદાયી બને છે. અને ક્રિયાઓ સાચા આમ્નાયથી જાણી શકાય છે. અને તે આમ્નાય પ્રણ તેના જાણકાર એવા નિપુણ પુરુષ પાસેથી જ મળી શકે છે. તે સિવાય નહિ." એ પ્રમાણે કહીને તેઓને ગાયની દોહન આદિ ક્રિયા શિખવાડવા માટે પોતે જ ગાય દોહવાની ક્રિયામાં પ્રવૃત્ત થયો અને કહ્યું કે આ વિધિ વડે કરીને અમારા વૃક્ષમાંથી તમારે રસ મેળવવો. એ સિવાય ન મલે અને ત્યાર પછી તે રસનો (દૂધનો) દૂધપાક કેવી રીતે બને? તે પણ કરી બતાવ્યો. આ બધી વિધિને જોઈને અને જાણીને રાજાના પુરુષો તે પ્રમાણે કરવા લાગ્યા અને ઇચ્છિત દૂધપાકની પ્રાપ્તિ કરવા લાગ્યા. ॥ ગાથાર્થ-૫૩ ॥

આ દૃષ્ટાંતને દાર્ષ્ટાંતિક સાથે જોડવાને માટે કહે છે.

**धेणू सुत्तं वच्छा निजुत्ती वित्तिपमुह अणुजोगी।**
**दोहणकिरिआकुसलो, उवहाणं पिंडपयदाणं॥५४॥**

સૂત્ર જે છે તે ગાયના સ્થાને છે. અને તેની નિર્યુક્તિ, જે છે તે વાછરડાના સ્થાને છે. જેવી રીતે વાછરડાઓ ગાયને દૂધ દેવા માટે અભિમુખ-સન્મુખ કરે છે. તેવી રીતે નિર્યુક્તિ-ટીકા વગેરે સૂત્રને અર્થદાનની સન્મુખ કરે છે. તેમાં દોહનક્રિયા કુશળ તે છે કે જે વૃત્તિ પ્રમુખનો અનુયોગી હોય. તેમાં અનુયોગી એટલે શું? સૂત્રની સાથે અર્થનું અનુકૂલ યોજન કરવું તેનું નામ અનુયોગ છે. તે અનુયોજનની કલા છે. જેમને તેનું નામ અનુયોગી! વૃત્તિ પ્રમુખ એટલે? વૃત્તિ-ભાષ્ય-ચૂર્ણિ આદિ દ્વારાએ=વૃત્તિ આદિ વડે કરીને ગુરુમહારાજની પાસે સારી રીતે જેમણે સૂત્ર જાણ્યું છે તે અધિગત સમ્યગ્ આમ્નાય કહેવાય. ભગવતીસૂત્રના શતક ૨૫ ઉદ્દેશો ૨ સૂત્ર ૯૪૫ માં કહ્યું છે કે ५ **सुत्तत्थो खलु पढमो, बीओ निज्जुत्तिमीसओ भणिओ। तइओ निरवसेसो, एस विही होई अणुआगे॥१॥** "અનુયોગને વિષે સૂત્ર અને તેનો અર્થ પહેલો, નિર્યુક્તિ મિશ્રિત બીજો. અને ત્રીજો નિરવશેષ આ પ્રમાણે વિધિ હોય છે." હવે આ સૂત્રગ્રહણમાં શ્રુતઆરાધન તપવિશેષ એટલે કે ઉપધાનની ક્રિયા કરવી તે પિંડ પયોદાન સ્વરૂપ છે. ગાય પણ પિંડપયોદાન આદિ વડે કરીને તૈયાર કરેલી હોય તો જ ગોવાળને દૂધ દેવાવાળી થાય છે. એ તો ગોવાળિયાઓને પણ ખબર છે. નહિં કે ચારો ન આપે તો પણ દૂધ આપે.!

આ કહેવા વડે કરીને જે કેટલાક યોગઉપધાન આદિ કર્યા સિવાય પઠન-પાઠનાદિ કાર્ય કરે છે તેઓ તૃણ આદિના દાનના અભાવ વડે કરીને દ્રશ્યમાન શરીરશેષ માત્ર એવી ગાયને દૂહે-દોવે

છે એમ જાણવું. આ પ્રમાણે ગાયની દાર્ષ્ટાંતિક યોજના જાણવી. ॥ ગાથા-૫૪ ॥

હવે તમે કહ્યું તેવા પ્રકારનું સૂત્ર ક્યાં મલે? તે બતાવે છે.

**एवं फलवं सुत्तं, तित्थयरपवट्टिअंमि तित्थंमि।**
**तित्थं पुण अच्छिन्नं, वीरस्स य जाव दुप्पसहो॥५५॥**

ઉપર કહેલા દૃષ્ટાંત વડે કરીને પૂર્વે કહેલી સામગ્રીની વિદ્યમાનતાથી તીર્થરૂપી સૂત્ર, તીર્થંકર પ્રવર્તિત તીર્થમાં ફળવાન દેખાય છે. આવું તીર્થ કેટલો કાળ હોય? આવું-મહાવીરદેવનું અવિચ્છિન્ન તીર્થ અંતિમ થનાર એવા દુષ્પ્રસહસૂરિ સુધી અનવરત રહેવાનું છે, ભગવતીશતક-૨૦ ઉદ્દેશો. ૮-સૂત્ર-૬૮૦માં કહેલું છે કે **''जंबूदीवे णं भंते! दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए देवाणुप्पिआणं केवइअं कालं तित्थं अणुसज्जिसइ? गोअमा! जंबूदीवे दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए मम इक्कवीसं वाससहस्साइं तित्थं अणुसज्जिसइ' त्ति–**

અર્થ-''હે ભગવન્! આ જંબૂદ્વીપ નામના દ્વીપને વિષે ભરતક્ષેત્રને વિષે આ અવસર્પિણીમાં દેવાનુપ્રિય એવા આપનું તીર્થ કેટલો કાળ ચાલુ રહેશે? હે ગૌતમ! જંબૂદ્વીપ નામના દ્વીપના ભરતક્ષેત્રને વિષે આ અવસર્પિણીમાં મારું તીર્થ ૨૧ હજાર વર્ષ સુધી રહેશે.'' ॥ ગાથા-૫૫ ॥

હવે 'પરંપરા શરણવાલું સૂત્ર' એ સ્વરૂપ બીજો વિકલ્પ સારો છે' એમ કહીને તેના સમર્થન માટે ગાથા કહે છે

**तेण परंपरसरणं, सुत्तं तित्थस्स सम्मयं णेअं।**
**सेसा मयगोपासे, भमंति पयपाणआसाए॥५६॥**

પૂર્વે કહેલી યુક્તિના પ્રકાર વડે કરીને પરંપરા એ છે શરણ જેનું એવું સૂત્ર હોય છે. અને પરંપરાતીર્થ છે. અને એ તીર્થ, પુરુષની પરિપાટી વડે કરીને અછિન્ન હોય છે. માટે સૂત્ર કોઈ દિવસ પુસ્તક શરણ હોતું નથી. કારણ કે પુસ્તક લખવાના કાળની પહેલાં સૂત્રના અભાવની આપત્તિ આવતી હોવાથી. પુસ્તક લખવાની વાત ઉચ્છિન્ન પ્રાય થઈ જશે અને તેથી કરીને પુસ્તકના આશ્રયે સૂત્ર છે એ કુપાક્ષિકોની વાત અનિષ્ટ થઈ પડે તેમ છે. જેથી કરીને પરંપરા શરણ સૂત્ર છે. તેથી કરીને જ સાંપ્રતકાલે જે આગમ છે તે પરંપરા વિશિષ્ટ એવું ત્રીજું આગમ છે. કારણ કે **અનુયોગદ્વારસૂત્ર**માં કહેલું છે કે ''આગમ ત્રણ પ્રકારના છે. એક **આત્માગમ**-બીજું **અનન્તરાગમ** અને ત્રીજું **પરંપરાગમ** છે. તેમાના પહેલાં બે આગમો ગણધર અને ગણધરના શિષ્યોના અંત સાથે અંત પામ્યા. ત્રીજું જે પરંપરાગમ છે તે જ તીર્થના અંત સુધી રહેવાવાળું છે.'' એથી કરીને જે પરંપરાગત સૂત્ર છે તે જ તીર્થ સંમત જાણવું. તે સિવાયના તીર્થ બાહ્ય એવા કહેવાતા સ્વરૂપવાળા કુપાક્ષિકો, દૂધ પીવાની ઈચ્છાવાળા થયા છતાં મરેલી ગાયની પાછળ આંટા મારે છે તેમ સમજવું. કારણ કે જે પૂર્વે જણાવેલ

છે તે લક્ષણની યોગ્યતાનો અભાવ છે. તે લોકોને દૂધ પીવાની આશા તો દૂર રહો પરંતુ લોકમાં નિંદાના સ્થાનરૂપ થાય છે. ।। ગાથા-૫૬ ।।

હવે કહેવાતી એવી યુક્તિ વડે કરીને કુપાક્ષિકોએ સ્વીકારેલું સૂત્ર સૂત્ર જ નથી. પરંતુ સૂત્રાભાસ જ છે. મૂલનું આભાસપણું સિદ્ધ થયે છતે તેના મૂલનું આભાસપણું સિદ્ધ થાય છે. માટે જણાવે છે.

**छिन्नुब्भाविअतित्था, तित्थाभासाईठवणमइनिपुणा।**
**पासंता पासंता, पासेअव्वा पयत्तेणं ॥५७॥**

નષ્ટ થયું છે એ પ્રમાણેની બુદ્ધિપૂર્વક જેઓના દ્વારા તીર્થ પ્રગટ કરાયું છે તે **'છિન્નોદ્દ્ભાવિત તીર્થ'** કહેવાય. એમ શંકા ન કરવી કે દિગંબરને પણ છિન્નત્વબુદ્ધિ નહોતી. કારણ કે ગુરુએ કહ્યું હતું કે, ''સાંપ્રતકાલે જિનકલ્પ વિચ્છિન્ન થયો છે'' એ સાંભળીને 'હું વિદ્યમાન હોતે છતે કેમ વિચ્છિન્ન થયો એમ કહેવાય?' એમ કહીને શિવભૂતિ નીકળ્યો. ''હું વિચ્છિન્ન એવા જિનકલ્પને પણ પ્રગટ કરું છું.'' એવા પ્રકારની બુદ્ધિ વડે કરીને જિન કલ્પાત્મક તીર્થ વિકલ્પ્યું અને તેથી શિવભૂતિનો પણ તેવા પ્રકારનો સ્વભાવ હોવાથી તે છિન્નોદ્દ્ભાવિત તીર્થ કહેવાયું. આ છિન્નોદ્દ્ભાવિત તીર્થિકો કેવા પ્રકારના છે? તો કહે છે કે તીર્થના આભાસની સ્થાપનામાં જ જેમની બુદ્ધિ નિપુણ છે એટલે અસત્ વસ્તુને પણ વિદ્યમાન વસ્તુની સરખી હોવા તરીકેની બુદ્ધિ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય, નિપુણતા વગર ન સંભવે. અન્યયોગ દ્વાત્રિંશિકામાં શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે જણાવેલ છે કે

**यथास्थितं वस्तु दिशन्नधीश! न तादृशं कौशलमाश्रितोऽसि।**
**तुरङ्गशृंगाण्युपपादयद्भ्यो, नमः परेभ्यो (नव) नय पण्डितेभ्यः ॥१॥**

'હે સ્વામિન્! યથાસ્થિત વસ્તુને બતાવવા છતાં પણ તમે એવી કુશલતાને પામેલા નથી. કેવું કુશલત્વ? ઘોડાને શિંગડા ઉત્પન્ન કરનારા નવા પંડિતોની કુશલતા જેવી તમે કુશલતા પામ્યા નથી. માટે તેવા નવા પંડિતોને નમસ્કાર હો.'

આ લાક્ષણિક વર્ણન છે એમ ન કહેવું. અહિંયા પ્રસ્તુત અધિકારમાં પણ તેવી રીતે તેવા પ્રકારનો સ્વીકાર કરેલ હોવાથી. હવે તેવા છિન્નોદ્દ્ભાવિત તીર્થિકો કોણ છે? તો દરેક વિશ્રામે વ્યક્તિગત કહેવાતા એવા દિગંબરથી માંડીને પાસચંદ્ર સુધીના જાણવા. વળી તે કેવા લક્ષણવાળા છે? પ્રકર્ષે કરીને જ્ઞાનાદિ ભાવપ્રાણોનો વિનાશ છે જેઓનો એવા. એટલેકે ઉન્માર્ગદેશના આદિ વડે કરીને ક્લિષ્ટ કર્મોના ઉપાર્જન દ્વારા અનંતા કાલે પ્રાપ્ત થતાં એવા સમ્યક્ત્વનો સંભવ હોવાથી.

અથવા તો તેમના ઉપદેશવર્તિ એવા આત્માઓ અને તેમને અનુકૂલ પ્રવૃત્તિ કરવાવાળા જે આત્માઓ છે તેમના ભાવ પ્રાણોનો અંત કરવાવાળા એવા તે. એટલે કે બીજાઓને પણ દુર્લભ બોધિના કારણરૂપ, અર્થાત્ પોતે બોધિનષ્ટ થયા છે. અને બીજાનો પણ નાશ કરે છે એવા અને એથી

જ કરીને તે છિન્નોદ્ભાવિત તીર્થિકો પ્રયત્ને કરીને દર્શનીય છે. એટલે ચર્ચા આદિ મોટા કાર્યોની ઉપસ્થિતિ થયે છતે તેઓની સાથે વચન પ્રવૃત્તિ કરવા જેવી છે. તે સિવાય નહિં. આગમ શાસ્ત્રમાં જણાવેલું છે કે **न हु लब्भा तारिसा दट्ठुमित्यादिनी** આવા આત્માઓ દર્શન કરવાને પણ યોગ્ય નથી. તેવા આત્માનું દર્શન પણ પાપનું કારણ છે. જે પૂર્વે જણાવેલ છે. ॥ ગાથાર્થ-૫૭ ॥

હવે ફરી પણ યુક્તિની દઢતા માટે પ્રાસંગિક કહે છે.

**तेसुवि पुण्णिमपमुहा, पुत्थयसरणा परंपरासुन्ना।**
**साहारणं सरूवं, तेसिं पासंगिअं भणिमो॥५८॥**

તે દિગંબર આદિઓને વિષે પણ પુસ્તક જ છે શરણ જેમને એવા અને પરંપરાશૂન્ય પૂનમીયાઓ આદિ છે. તેઓ કહે છે કે 'અમારે પરંપરાથી શું પ્રયોજન છે? અમે તો પુસ્તકમાં લખેલાં સિદ્ધાંતોનું શરણ કરીને પ્રવર્ત્તીએ છીએ' એવું વગર વિચાર્યું બોલનારા તે લોકોનું સાધારણ સ્વરૂપ જણાવીએ છીએ. ॥ ગાથા-૫૮ ॥

હવે તે કુપાક્ષિકો તીર્થની અંદર રહેવાવાળા કેમ ન થાય? તે માટે કહે છે.

**सोहम्मावच्चिज्जा, अच्छिन्ना जाव दुप्पसहसूरी।**
**तेहिंतो ते भिन्ना, जंते पुत्थाउ नो जाया॥५९॥**

શ્રી સુધર્માસ્વામીના શિષ્યો દુઃપ્રસહસૂરિ સુધી અવિચ્છિન્ન-અવિનષ્ટ છે. અને તીર્થ વિચ્છિન્ન થયે છતે તીર્થંકર સિવાયના કેવળજ્ઞાની વડે કરીને પણ તીર્થ પ્રગટ કરવું અશક્ય છે. એવું અમે પહેલાં જણાવ્યું છે. અને પૂનમીયા આદિ તો શ્રી સુધર્મા સ્વામીના જે અપત્યો છે તેનાથી તે ભિન્ન જ છે. અને તે ભિન્ન હોવામાં કારણ જણાવે છે. **जं ते त्ति** જેથી કરીને તે સુધર્માસ્વામીના અપત્યો પુસ્તકથી ઉત્પન્ન થયેલા નથી. જે જેનાથી ઉત્પન્ન થતો હોય તે જ વિધિ વડે કરીને તે તેની જાતિનો કહેવાય. જેવી રીતે ગર્ભજથી ઉત્પન્ન થતો ગર્ભજ કહેવાય. નહિં કે સંમૂર્ચ્છિમથી ઉત્પન્ન થયેલો પણ ગર્ભજ કહેવાય. અને જે ગર્ભજથી સંમૂર્ચ્છિમની ઉત્પત્તિ થાય છે તે અપત્ય વ્યવહારના હેતુરૂપ બનતી નથી. કારણ કે અપત્યની ઉત્પત્તિના પ્રકારથી ભિન્ન પ્રકાર વડે કરીને જ તેની ઉત્પત્તિ થયેલી છે. જેમ કે ''બાના શરીરમાંથી ઉત્પન્ન થયેલ જૂ 'બેન'ના વ્યવહારવાળી ન થાય. ભગિનીના ઉત્પન્ન થવાના પ્રકારથી તેનો જુદો જ પ્રકાર છે.

એ પ્રમાણે પૂનમીયા આદિમાં પણ જાણી લેવું અને તેથી જ કરીને ભગવંત સ્થાપિત તીર્થમાં ઉત્પન્ન થયેલ હોવા છતાં પણ પૂનમીયા આદિઓ તીર્થમાં ઉત્પન્ન થયેલા સાધુ જેવા નથી. કારણ કે સાધુઓ છે તે પરંપરા જનિત છે. અને આ છે તે પુસ્તકજનિત છે. એથી અને ઉત્પત્તિનો પ્રકાર જુદો છે. ॥ ગાથા-૫૯ ॥

હવે પુસ્તક શરણવાલા જે કુમતવાદીઓ છે તેને જે સંભવતું નથી તે બતાવવાને માટે બે ગાથા વડે કરીને દિશા બતાવે છે.

**पंच परमेट्ठि दसविह, सामायारी अ पंच ववहारा।**
**वायण जुग्गाजुग्गा, जुग्गाणवि वायणंमि विही।।६०।।**
**छेओवट्ठावणिअ—प्पमुहुच्चाराइ णाणमाईणं।**
**आराहणाइ विहओ, पुत्थयदिट्ठीण नहु हुंति।।६१।।**

આ જે પુસ્તકવાદી કુપાક્ષિકો છે તેઓના મતમાં તીર્થસંમત એવા પંચ પરમેષ્ઠિઓ સંભવતા નથી. એ પુસ્તકવાદીઓના મતે અરિહંત વગેરે પંચ પરમેષ્ઠિ ભિન્ન હોવાથી. એ પંચ પરમેષ્ઠિ કેવી રીતે ભિન્ન છે? એ **"पंच खलु तित्थयर" मित्यादि** ગાથામાં કહીશું.

તેવી રીતે ઇચ્છા-મિચ્છાદિક જે દશ પ્રકારની ગુરુ-શિષ્ય સંબંધી જે સામાચારી હોય છે તે પણ સંભવતી નથી. તેવી જ રીતે આગમ-શ્રુત-આજ્ઞા-ધારણા અને જીત સ્વરૂપ જે પાંચ વ્યવહારો છે તે પણ સંભવતાં નથી. આ પાંચ વ્યવહારમાં પણ શ્રુતવ્યવહાર અને જિત વ્યવહાર ફક્ત ગુરુને જ આધીન છે તે પુસ્તકને આધીન કેવી રીતે થાય? તેવી જ રીતે 'આ વાચનાને યોગ્ય છે કે આ વાચનાને અયોગ્ય છે.' એવા પ્રકારના સામર્થ્યપણાનો અભાવ હોવાથી. પુસ્તક જે છે તે યોગ્ય કે અયોગ્યનું વિવેચન કરવા સમર્થ નથી. તેથી જ વાંચનાનો વિધિ કે જે ઉદ્દેશ સમુદ્દેશ આદિ લક્ષણવાળો ગુરુપરિપાટીએ આવેલો છે તે પુસ્તકથી સાધ્ય નથી. તેવી જ રીતે છેદોપસ્થાનીય ચારિત્ર ગુરુ સિવાય સંભવી શકે નહિં. કારણકે ગુરુ મહારાજ વડે કરીને જ સામાયિકચારિત્રનો ઉચ્છેદ કરવા પૂર્વક જે આરોપણ કરાય છે તે છેદોપસ્થાપનીય ચારિત્રનું આરોપણ કરી શકાતું હોવાથી. આદિ શબ્દથી યથાસંભવ સામાયિક આદિનું પણ ગ્રહણ કરી લેવું. તેવી જ રીતે યોગ આદિના અનુષ્ઠાનપૂર્વક જે અધ્યયન-અધ્યાપન લક્ષણવાલી જ્ઞાન આદિના આરાધનની વિધિઓ પણ પુસ્તક દૃષ્ટિઓને નથી જ સંભવતી. વિસ્તારના અર્થી એવા જિજ્ઞાસુએ મારી કરેલી **"પર્યુષણાદશશતક"**ની ટીકા જોવી. એ પ્રમાણે ગાથા ૬૦-૬૧-અર્થ થયો.

હવે પુસ્તકવાદીઓ 'જે પુસ્તકમાં લખેલુ હોય તે જ અમારે પ્રમાણ, પરંતુ પરંપરાથી આવેલું પણ પ્રમાણ નથી' એ પ્રમાણે બોલે છે તે ખોટું છે. જેથી કરીને 'પુસ્તકમાં લખ્યા સિવાયનું બાકીનું બધું ખોટું છે' એવું કોઈપણ પુસ્તકમાં નથી લખ્યું અથવા પુસ્તકને જોઈને જે ધર્મને પ્રરૂપશે તેઓ સમ્યક્પણે જાણવા એવું પણ કોઈ પુસ્તકમાં લખ્યું નથી. અથવા તો ઉચ્છિન્ન એવું તીર્થ, અમુક આચાર્યથી પ્રગટ થશે. એવું પણ લખ્યું નથી. તો પછી આ બધા આત્માઓ ધૃષ્ટતાને ધારણ કરીને પુસ્તકનું શરણ કેમ સ્વીકારે છે?

**पिता मे कुमारब्रह्मचारी** એ ન્યાયને પામેલાની જેમ આ લોકોનું પ્રત્યક્ષ મૃષાભાષિપણું અધ્યક્ષ

સિદ્ધ થાય છે. કારણકે અમે પુસ્તકમાં લખ્યા પ્રમાણે બોલનારા છીએ. તે વાચાળો પણ પુસ્તકમાં નહિં લખેલુ એવું અનંતરોક્ત કહેલું સ્વીકારે છે. અને પુસ્તકમાં લખેલી એવી દશવિધસામાચારી, પાંચ વ્યવહાર આદિ તથા દુષ્પ્રસહ આચાર્ય સુધી તીર્થ રહે છે તે વાત છોડી દે છે! આમ હોયે છતે પણ પોતાનું પુસ્તકવાદિપણું જણાવવામાં લૌકિક દૃષ્ટાંત જણાવે છે.

**ववहारिअकुलवडिओ आयारो घरउवक्खरो सयलो।**
**किं लेक्खगंमि लिहिओ? ता कह सूरीण कुलवडिओ?॥६२॥**

વ્યવહારીના કુલક્રમથી આવેલો ઉપલક્ષણથી રાજકુલના ક્રમથી પણ આવેલો પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ આચાર તેમજ સ્ત્રી આદિના વિવિધ પ્રકારના વસ્ત્રો, આભરણ આદિ શયન-આસન-ભોજન-ભાજન આદિ યાવત્ સ્ત્રી પુત્ર પૌત્રાદિઓ-ગાય-ઘોડા-ભેંસ આદિ સકલ જે ગૃહોપસ્કર-ઘરવખરી છે તે બધી શું ચોપડામાં લખેલી હોય છે? નથી જ હોતી. તો પછી આચાર્યના કુળમાં પડેલો આચાર, પુસ્તકમાં લખેલો ક્યાંથી સંભવે? અર્થાત્ ચોપડામાં મહત્ત્વની વસ્તુઓની યાદી હોય, બાકી બધી વસ્તુની ન જ હોય.

રાજકુલની અંદર લેખ્યક-ચોપડો સંભવતો નથી તેવી શંકા કરવી નહીં. કારણ કે ઈષ્ટાપત્તિ આવશે. તેમજ રાજકુલનો આચાર આદિ, લખ્યા પ્રમાણે જ હોય તેવું પણ હોતું નથી. એ તો પરંપરાથી ચાલ્યો આવતો હોય તે જ પ્રમાણે રાજકુલનો આચાર હોય.

એ પ્રમાણે પ્રવચનને વિષે પણ જાણી લેવું! વલી જે કોઈ ઠેકાણે કાંઈક લખેલું દેખાય છે તે પણ પરંપરાગત આચારનો એક ભાગ જ જાણવો. આ કારણથી જે 'કેવળ લખ્યા પ્રમાણે પ્રવૃત્તિ કરવાનું' જે ભાષણ છે તે અભાષણ જ છે. આ પ્રમાણે પરિસ્થિતિ હોયે છતે જે કોઈ શેઠીયાનો પુત્ર 'આ ચોપડામાં જે કાંઈ લખ્યું છે એ જ મારું, બાકીનું બીજું મારું નહિ' એ પ્રમાણેની બુદ્ધિવાળો થયો છતો ઘરમાંથી ઘરવખરીને કાઢીને છોડી દેતો હોય તો તે કેવો કહેવાય? મૂર્ખો. એ પ્રમાણે તેવી રીતની દશાવાલા કેવળ પુસ્તકવાદિઓ અથવા તો કેવળ સૂત્રવાદિઓને જાણવા. ॥ ગાથાર્થ-૬૨ ॥ હવે પોતાના આત્માને સિદ્ધાંતવાદિ જણાવનાર આત્માઓ મહામૃષાભાષી જ છે એમ જણાવવા માટે પહેલાં સિદ્ધાંતનું સ્વરૂપ કહે છે.

**अत्तागमपासाओ, सुणिओ बीओ अणंतरागमो।**
**तत्तो सवणपरंपर-समागओ तइय आगमओ॥६३॥**

આત્માગમ પાસેથી એટલે આત્માગમવાળા પાસેથી શ્રવણ પરંપરાએ જે આવેલું છે તે બીજો અનંતરાગમ છે અને તે બીજી અનંતરાગમવાળા પાસેથી શ્રવણ પરંપરાએ જે આવેલું જે આવેલું છે તે ત્રીજું પરંપરાગમ છે.

બીજા આગમવાળા પાસેથી જે શ્રવણ દ્વારા ઊત્પન્ન થયેલ જે આગમ છે તે પણ પુરુષ

પરંપરાએ કરીને તીર્થના છેડા સુધીનું જાણવું. પહેલાનાં અભાવે બીજું, અને બીજાના અભાવે ત્રીજું આગમ હોય છે. ॥ ગાથા-૬૩ ॥

એ પ્રમાણે ક્રમસિદ્ધ સિદ્ધાંત હોયે છતે સિદ્ધાંતવાદીને કેવી રીતે પ્રશ્નવિષયી બનાવવો? તે બતાવે છે.

**सूरिपरंपरहिओ, पुत्थयलिहिओ अ जो उ सिद्धंतो।**
**तिण्ह खलु आगमाणं, केरिसओ केण नामेणं?॥६४॥**

સૂરિપરંપરાથી રહિત અને પુસ્તક લિખિત એવો સિદ્ધાંત ઉપર જણાવેલ ત્રણ આગમમાંનાં ક્યા નામની સાથે સરખો છે? તે જણાવો. પુસ્તકલિખિત સિદ્ધાંત, શું આત્માગમ છે? અનંતરાગમ છે? કે પરંપરાગમ? ॥ ૬૪ ॥ આ પ્રમાણે પૂછવાથી સિદ્ધાંતવાદિ કેવા પ્રકારનો થાય? તે જણાવે છે.

**एवं खलु पुच्छिओ सो वेसातणउव्व जणयममुणंतो।**
**को ऽवि अ होहि अवत्तं संणेई एलमूउव्व॥६५॥**

આ પ્રમાણે પૂછાયો છતો ખરેખર તે કુપાક્ષિક, પોતાના બાપને નહિ જાણતો વેશ્યાના છોકરાની જેમ જવાબ આપશે કે કોઈપણ અવ્યક્ત સિદ્ધાંત છે! કોની જેમ? મૂંગા-બહેરાની જેમ : આનો ભાવ આ છે કે જેમ કોઈ એક મૂંગો, સંજ્ઞાવિશેષ વડે પૂછાયો છતો બોલવાને માટે અશક્ત હોવાથી હાથ આદિવડે સંજ્ઞા કરે. પરંતુ તે સંજ્ઞા એવી હોય કે જેથી કરીને બીજાઓને તે સમ્યક્ વસ્તુનું જ્ઞાન થાય. અને આ તો કુપાક્ષિક અવ્યક્ત સિદ્ધાંતને જ પ્રગટ કરે છે.-જેમ વેશ્યાના છોકરાને તારો બાપ કોણ? એમ પૂછતાં છતાં અવ્યક્ત જવાબ આપે છે. તેવી રીતે સિદ્ધાંતવાદી કુપાક્ષિકને જાણવો.

કુપાક્ષિકો તો દૂર રહો. પરંતુ આચારહીનને પૂછે છતે તે પણ એ પ્રમાણે બોલે છે. આચારાંગ સૂત્રમાં કહેલું છે કે

**"दुव्वसुमुणी अणाणाए तुच्छए गिलायइ वत्तए" त्ति आ. उद्देशो-६-सूत्र-१०१॥** એની ટીકાનો ભાવ આ પ્રમાણે છે. "કાંઈક સંશય પડે છતે શંકાના વિષયમાં કોઈને પૂછે છતે જાણતો નહિં હોવાથી બોલતા ખચકાય અથવા જ્ઞાનયુક્ત હોય અને ચારિત્રહીન હોય, તો તે આત્મા પૂજા સત્કારના ભયે શુદ્ધમાર્ગની પ્રરૂપણાના અવસરે યથાવસ્થિત કહેવાને માટે સંકોચાય." કારણ કે સાચી પ્રરૂપણા કરવા જાય તો પૂજા સત્કાર વિનાશનો ભય રહે. ॥ ગાથા-૬૫ ॥ હવે આ પ્રમાણે અવ્યક્ત આગમ બોલનારનું શું થાય? તે જણાવે છે.

**जह आगमो अवत्तो, विगप्पिअत्थो तहेव तम्मूलं।**
**तित्थयरोवि अवत्तो, तं तयवच्चाइ अवत्ता॥६६॥**

કુપાક્ષિકોએ પોતપોતાના મતને અનુસારે વિકલ્પેલો છે અર્થ જેનો એવા પ્રકારનું આગમ, તે અવ્યક્ત આગમ છે. જારપુરુષથી ઉત્પન્ન થયેલા ગર્ભની જેમ વિકલ્પેલા અર્થવાલો સિદ્ધાંત, સજ્જનની પર્ષદામાં અવ્યક્ત જ છે. તેમ તેના મૂલરૂપ તીર્થંકર પણ અવ્યક્ત જ છે. જેવી રીતે કોઈક વડે 'હે ભાગ્યશાળી! આવા અર્થવાલો સિદ્ધાંત, ક્યા ગુરુદેવ વડે કરીને ભણાવાયો છે?' એ પ્રમાણે પૂછાયે છતે વિકલ્પિત અર્થ પ્રરૂપક, દેવદત્ત આદિ કલ્પેલા નામે પોતાના ગુરુને કહેવા સમર્થ હોતા જ નથી. આવી જગત્ સ્થિતિ છે. એમ મૂલ અવ્યક્ત હોયે છતે એના સંતાનિયાઓ પણ અવ્યક્ત જ હોય. અને એથી જ કરીને આગમને વિષે નિન્હવોને અવ્યક્ત જણાવ્યા છે. તે પહેલા બતાવાયું છે ॥ ગાથા-૬૬ ॥

હવે પુસ્તકવાદીનો તીર્થંકર કોણ? તે બતાવે છે.

**उसभाई जिणणामारोवेणाणेगहावि एगजणो।**
**निअनिअमयाइभुओ, पुत्थयसिद्धंततित्थयरो ॥६७॥**

પુસ્તક સિદ્ધાંતવાલા કુપાક્ષિકોનો તીર્થંકર, પોતપોતાના મતના આકર્ષક એવા શિવભૂતિ-ચંદ્રપ્રભ આદિ એક જ મનુષ્ય હોવા છતાં અનેક સ્વરૂપવાલા છે.અનેક સ્વરૂપવાલા કેવી રીતે? તે કહે છે કે-ઋષભ આદિ તીર્થંકરના નામનો આરોપ શિવભૂતિ આદિમાં કરવાવડે 'જે જેમાં ન હોય તેનો તેમાં અધ્યવસાય કરવો તે આરોપ' એવો ન્યાય હોવાથી અને ઉપલક્ષણથી ગણધરોના નામનો આરોપ કરવા વડે કરીને તે એકજ વ્યક્તિ અનેક રૂપવાલો થાય છે. ॥ ગાથાર્થ-૬૭ ॥

હવે નામના આરોપથી શું થયું? તે કહે છે.

**तेणं तित्थाभासे, तित्थयरो तित्थकरनामा।**
**सव्वप्पयारपावो, भिन्नो भिन्नुत्ति विण्णेओ ॥६८॥**

જે કારણવડે કરીને ઋષભાદિ તીર્થંકર ભગવંતના નામનો આરોપ કર્યો તે કારણથી તીર્થાભાસ એવા કુપાક્ષિકોને વિષે તીર્થંકર, 'તીર્થતીર્થંકર' નામના થાય છે. તીર્થ તીર્થંકર એટલે શું? જે તીર્થને વિષે જે તીર્થંકર હોય તેનું નામ જેમાં હોય તે તીર્થતીર્થંકરના નામે કહેવાય. એ પ્રમાણે નામનો આરોપ કર્યો. એથી જ પૂછાયે છતે એ કુપાક્ષિકો 'અરિહંતદેવ છે' ઈત્યાદિ બોલે છે. તેવી જ રીતે આરોપિત નામવડે કુપાક્ષિકને અભિમત-ઈચ્છિત તીર્થંકર કેવો છે? તે કહે છે. ''સર્વ પ્રકારવડે કરીને પાપભૂત''અને તે બધાય કુપાક્ષિકોના તીર્થના તીર્થંકરો ભિન્ન ભિન્ન જાણવા. જેમ દિગંબરોને શિવભૂતિ, પૂનમીયાઓને ચંદ્રપ્રભ આદિ : એ પ્રમાણે બધાના તીર્થ અને તીર્થંકરો ભિન્ન ભિન્ન જાણવા ॥ ગાથાર્થ-૬૮ ॥

જો એમ છે તો 'પોતાના અભિમત તીર્થંકરને વિષે એવો આરોપ કેમ કરે છે?' એ

પ્રમાણેની પારકાની શંકાને દૂર કરવા માટે કહે છે.

**सव्वेहिं सद्देहिं, सव्वपयत्थावि हुंति अहिलप्पा।**
**आरोवेण जहिच्छिअसंकेओ जेणमणिवारो ॥६६॥**

તેઓ આરોપ એ માટે કરે છે કે બધાજ પદાર્થો બધાજ શબ્દોવડે કરીને કહી શકાય એ માટે જે કારણવડે યથારુચિ વિકલ્પેલો એ સંકેત એ અર્થ માટે અનિવાર્ય છે ॥ ગાથાર્થ-૬૯ ॥

હવે આ પ્રમાણેના ઇચ્છિત સંકેતમાં ઉદાહરણ કહે છે.

**जह चेइअसद्देणं, णाणं साहू अ साहिपमुहाइं।**
**लुंपगविगप्पिआइं, तेणं ते तम्मए अत्था ॥७०॥**

યથા-જેમ શબ્દ, ઉદાહરણના ઉપન્યાસમાં જણાવે છે કે જેથી 'ચૈત્ય' શબ્દવડે કરીને જ્ઞાન-સાધુ-અને વૃક્ષ પ્રમુખ લોંકા વડે સંકેતવિષયી કરાયા, તે કારણ વડે કરીને તેના મતની અંદર તે તે અર્થો જાણવો. (ચૈત્યશબ્દનાં)

જેવી રીતે લોકમાં પોતપોતાના પુત્રનું વર્ધમાન આદિ નામ સાંકેતિક કર્યું હોય તે પ્રમાણે તે તે નામે લોકમાં વ્યવહાર ચાલે. એ પ્રમાણે લોંકામતિઓએ ચૈત્ય શબ્દવડે જ્ઞાનાદિનો સંકેત કર્યો. અને એથી જ કરીને તેઓનો સિદ્ધાંત, તે જૈન સિદ્ધાંત નથી. પરંતુ લોંકામતનો જ સિદ્ધાંત છે અને વસ્તુતાએ તો એવો જે અર્થ કર્યો તે અર્થ જ લોકાનો સિદ્ધાંત છે. અને તે જૈન સિદ્ધાંતથી ભિન્ન છે. ગાથા ॥ ગાથાર્થ-૭૦ ॥

હવે આ વાતને બીજા કુપાક્ષિકોની અંદર યોજવા માટે પાંચ ગાથાઓ કહે છે.

**एवं खलु तित्थयरं, इत्थीमुत्तिं निसेहगं खमणा।**
**पुण्णिमिआ पुण पुण्णिमपक्खिअदक्खं जिणं बिंति ॥७१॥**

**इत्थीणं जिणपूआ-पडिसेहपरायणंपि खरयरया।**
**अंचलिआ अंचलयं, परूवयंतंपि सड्ढाणं ॥७२॥**

**फलपूआइनिसेहं, कुणमाणं सड्ढपुण्णिमो अरिहं।**
**सुअदेवी थुइपमुहं, पडिसेहंतं तु आगमिआ ॥७३॥**

**जिणपडिमाइनिसेहो—वएसकुसलं लवंति लुंपागा।**
**तित्थद्धंपि पमाणं, वयंतमरिहंतमवि कडुओ ॥७४॥**

**बीजो वण्णविहिणो, पडिमं मोत्तूण लुंपगं सच्चं।**
**अणुमित्तकम्मबंधं, धम्ममभासंतमवि पासो॥७५॥**

એ પ્રમાણે પૂર્વે કહેલાં સંકેત આદિના પ્રકારવડે આરોપ કર્યે છતે નિશ્ચયે દિગંબરો સ્ત્રીમુક્તિ નિષેધકને જ તીર્થંકર કહે છે. પૂનમીયાઓ પણ પૂનમને દિવસે પાક્ષિકની સ્થાપના કરવામાં હોંશિયાર જે હોય તેને તીર્થંકર કહે છે. પર્વથી અતિરિક્ત દિવસે પૌષધનો અને સ્ત્રીઓને જિનેશ્વર ભગવંતની પૂજા નિષેધ કરવામાં સમર્થ હોય તેને ખરતર તીર્થંકર કહે છે. આંચલિકો શ્રાવકોને સામાયિક આદિની અંદર કપડાનો છેડો જે પ્રરૂપવાવાલો હોય તેને તીર્થંકર કહે છે. સાર્ધપૂનમીયાઓ, ફલપૂજા આદિના નિષેધ કરનારને તીર્થંકર કહે છે. શ્રુતદેવતાની સ્તુતિ આદિના નિષેધ કરનારાને આગમિકો તીર્થંકર કહે છે. જિનપ્રતિમાના નિષેધનો ઉપદેશ દેવામાં કુશલ જે હોય તેને લોંકાઓ તીર્થંકર કહે છે. શ્રાવક-શ્રાવિકા આદિના અર્ધા સંઘની પ્રરૂપણા કરવા જે સમર્થ હોય તેને કડવામતિઓ તીર્થંકર કહે છે. દ્રવ્યશ્રુતના કારણભૂત એવા અકારાદિવર્ણ તેના વડે કરીને હીન અને પ્રાયઃ કરીને અતિમૂર્ખ એવો (બીજામતિ) પ્રતિમાને છોડીને બાકીનું બધું લોંકાના મતનું કથન સત્ય છે એમ બોલનારાને તીર્થંકર માને છે. અને અણુમાત્ર પણ કર્મબંધ છે જેમાં ત્યાં ધર્મ છે. એ પ્રમાણે નહિ બોલનારને–પાશચંદ્રને તીર્થંકર માને છે. તેથી કરીને પોતપોતાના વિકલ્પેલા વિકલ્પોમાં આરૂઢ થયેલા આ દશેય કુપાક્ષિકોના તીર્થંકરો જુદા જુદા જાણવા. ॥ ૭૨ થી ૭૫ ॥ હવે પાંચ ગાથાનો ઉપસંહાર કરે છે.

**एवं सव्वकुवक्खा, पडिवण्णा भिण्णभिण्णतित्थयरं।**
**परमत्था सिवभूइप्पमुहे, ते तारिसे नऽन्ने॥७६॥**
**सिद्धवि य तम्मग्गाराहणपुव्वा य एवमवि सेसा।**
**तित्थभिहाणाभासा, भासाभासा य किरियासु॥७७॥**

એ પ્રમાણે પૂર્વે કહેલા સર્વે કુપાક્ષિકોએ જુદાં જુદાં તીર્થંકરોને સ્વીકાર્યા છે અને તે તીર્થંકરો, પરમાર્થથી તો **શિવભૂતિ આદિ જ છે.** બીજા નહિ. તેથી તેવા પ્રકારની પ્રરૂપણાથી વિશિષ્ટ ઋષભ આદિ તીર્થંકરો, તીર્થ સંમત નથી અને વિશેષણના ભેદે કરીને વિશિષ્ટનો અવશ્ય ભેદ હોવાથી એક નામવાચ્ય એવા અનેક પદાર્થો પણ હોય છે. એથી કરીને નામની અનેકાર્થતા હોય છે. તેમાં પણ વિશેષનો સ્વીકાર વિશેષણો વડે જ થાય છે. જેવી રીતે "**गोपाङ्गनासङ्गनिबद्धरङ्गो, गीर्वाणगेयाङ्गगुणो जिनोऽव्याद्॥** ગોવાળિયાની સ્ત્રીઓના સંગમાં જેમને રંગ લાગ્યો છે એવા અને દેવોને સ્તુતિ કરવા લાયક અંગગુણો છે જેમના એવા 'જિન' અમારું રક્ષણ કરો." ·

આ કાવ્યની અંદરના આદ્યપદમાંના **जिन** શબ્દ વાચ્ય અર્થના વિશેષણ વડે કરીને તે કાવ્યમાંના જિનશબ્દથી નારાયણ જ સમજવો. નહિં કે જૈનોના માન્ય તીર્થંકર. તેવી જ રીતે

"**पायात्सदा नः पुरुषोत्तमो यो, जितेन्द्रियोऽनङ्गकुरङ्गहेतुः (तिः)** તે પુરુષને વિષે જે ઉત્તમ છે, જે જિતેન્દ્રિય છે અને કામદેવરૂપી હરણીયાને વિષે શસ્ત્રસમાન એવા પુરુષોત્તમ' હંમેશા અમારું રક્ષણ કરો" આ વાક્યમાંના ઉત્તરપદમાં રહેલાં વાચ્યાર્થવાલું જે વિશેષણ છે તે '**પુરુષોત્તમ**' શબ્દવડે કરીને '**અરિહંત**' લેવાના છે. નહિ કે '**નારાયણ**' એ પ્રમાણે કેવળ નામોનો અભેદ હોય તો પણ વિશેષણના ભેદે કરીને ભેદ થઈ જાય છે. નહિં તો આમ ન માનીયે તો જગત્ વ્યવસ્થાનો ભંગ થઈ જાય છે. ભૂપતિ નામનો ભિખારી, ભૂપતિ નામના રાજાના રાજયનો ભોગી થાય. એવું બને નહીં. ॥ ગાથાર્થ-૭૬ ॥

હવે અરિહંત-સિદ્ધ આદિઓ પણ કુપાક્ષિકોના ભિન્નજ છે તે બતાવે છે. સિદ્ધો પણ તેના માર્ગનું આરાધન કરવાપૂર્વક જે સિદ્ધ થયા.-મર્યા તેને સિદ્ધ તરીકે માને છે. અને તે જૈની સિદ્ધથી ભિન્ન છે.

જૈનોએ જેને સિદ્ધ તરીકે સ્વીકાર્યા છે તે તેમની માન્યતા જેવા નથી; પરંતુ કુપાક્ષિકોએ વિકલ્પેલી જે ક્રિયા તેનાથી વિપરીત એવી જે જૈન ક્રિયા, તેનું આરાધન કરવાપૂર્વક જે સિદ્ધ થયા તે જૈન સિદ્ધ. એ પ્રમાણે તેના આચાર્યો આદિઓ પણ ભિન્ન છે. અને તે તો જગત પ્રત્યક્ષ સિદ્ધ જ છે. તે કુપાક્ષિકો કેવા લક્ષણવાળા છે?

તીર્થના નામના આભાસવાળા-એટલેકે જે તીર્થને વિષે જે સાધુ-સાધ્વી-શ્રાવક શ્રાવિકારૂપ નામના તથા **देवोऽर्हन्** સુસાધુ-શુદ્ધકેવલી ભાષિત ધર્મ ઇત્યાદિ હેતુસ્વરૂપ નામનો આભાસ તેમાં છે. એટલે કે ફક્ત નામના સામ્યપણા વડે કરીને તીર્થની સામ્યતા ધારણ કરે છે. અને ભાષા વડે કરીને આ સામાયિક-આ પૌષધ, આ પ્રતિક્રમણ યાવત્ આ પાંચ મહાવ્રતો-૧૨-અણુવ્રતો આદિનો આભાસ જેની ક્રિયામાં છે. પરમાર્થથી નહી. તીર્થમાં પ્રવર્ત્તાવેલા નામ વડે સરખાપણાને ભજતી એવા ક્રિયાઓને વિષે પણ ભાષાભાસ જ છે.

વાદી પ્રશ્ન કરે છે કે 'એ કુપાક્ષિકોની ક્રિયા શું અકામ નિર્જરાનું કારણ છે? કે અજ્ઞાન કષ્ટ છે?' કહીએ છીએ કે-તે ક્રિયા અજ્ઞાન કષ્ટ રૂપ નથી. તેમ અકામ નિર્જરાનું કારણ પણ નથી. પરંતુ તે ક્રિયા ફક્ત ઉઠવા બેસવા આદિ રૂપે છે. અને તે ઉઠવું બેસવું પણ પ્રતિસમય અનંત સંસારનું કારણ છે. જે પૂર્વે કહેલ છે. ॥ ગાથા-૭૭ ॥

પૂર્વે કહી ગયેલા પ્રકાર વડે કરીને સિદ્ધાંતનું પણ ભિન્નપણું સિદ્ધ થયે છતે પણ વિશેષે કરીને દૃષ્ટાંત આપવાપૂર્વક તેનું ભિન્નપણું જણાવવા માટે કહે છે.

**निअनिअमयटिइहेऊ अत्थो सव्वेसिं सम्मओ नऽन्नो।**
**सिद्धंतस्सवि सुद्धो, पाढो वसहुव्व परतंतो॥७८॥**

બધાય કુપાક્ષિકોના મતમાં સિદ્ધાંતનો અર્થ, પોતપોતાના મતની સ્થિતિનાં કારણરૂપ હોય છે.

'આવા પ્રકારના અર્થની કલ્પના કરીશું તો અમારા મતની સ્થિતિ રહેશે. અન્યથા નહિં'. એવા રૂપનો વિકલ્પ થયે છતે તે વિકલ્પને અનુસરતો અર્થ વિકલ્પેલો હોય છે. જેવી રીતે 'ચૈત્ય' શબ્દ વડે કરીને 'સાધુ' આદિ. જો ચૈત્ય શબ્દનો અર્થ 'જિનપ્રતિમા' એ પ્રમાણે કરવા જાય તો લોંકામતની ઉચ્છિન્નતા થાય. આથી પોતાના મતને ટકાવવા માટે તેવો અર્થ વિકલ્પે છે. અને સ્પષ્ટ શબ્દવડે કરીને જ્યાં 'જિનપ્રતિમા' જણાવેલી છે ત્યાં અર્થને પલટી શકાય તેમ ન હોવાથી તેવા સૂત્રોનો ત્યાગ જ કરી દીધો.જેવી રીતે મહાનિશીથ-ઉપદેશમાલા આદિનો ત્યાગ કર્યો. શુદ્ધપાઠ તો બલદની જેમ પરતંત્ર છે. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કર્યો. ભાવાર્થ તો આ પ્રમાણે છે.

પહેલી વાત તો એ છે કે કુપાક્ષિકો વડે કરીને વિપરીત પ્રરૂપણા આદિ નવુ ઊભું કરાયું છે. અને પછીથી સિદ્ધાંત પાઠ તો યથાસ્થિત રૂપે જ સ્વીકાર્યો. અને તે પાઠનું પરાવર્તન કરવાની શક્તિના અભાવથી પાઠ યથાસ્થિત રહેવા પામ્યો. અને જેનામાં શક્તિ હતી તેઓવડે કરીને તો પાઠ પરાવર્તન પણ કરાયું છે. જેવી રીતે દિગંબર વડે. અર્થની પરાવૃત્તિ તો બધા વડે કરી શકાય એવી છે. જેવી રીતે ચૈત્યશબ્દવડે કરીને અમારાથી જ્ઞાન કહેવાય છે. નહિ કે જિનપ્રતિમા. વૃત્તિ આદિમાં આવો અર્થ નથી પણ જિનપ્રતિમા જ છે. તેથી કરીને વૃત્તિ આદિ અમારા (લોંકા વડે) વડે સ્વીકારાતી નથી. આવા અસમંજસ વાદ કરવામાં ઉત્સુક થાય છે. સિદ્ધાંત તો સૂત્ર અર્થ અને તદુભયાત્મક છે. અને તે તો તેઓ વડે સ્વીકારાતો નથી. અને જે કેવળ સૂત્રપાઠ છે, તે તો બળદની જેમ પરતંત્ર છે. જયાં લઈ જાય ત્યાં જાય છે. ॥ ગાથાર્થ-૭૮ ॥

હવે સૂત્રપાઠ, બળદની જેમ પરતંત્ર જણાવ્યો તેનાથી ચાલુ વાતમાં શું સિદ્ધ થયું? તે કહે છે.

**तेण विवरीअअत्थं, भासिज्जंतं विअत्तभासाए।**
**न य पुक्करेइ सुत्तं, आगरिसपुरिसगयणुगई ॥७९॥**

જે કારણ વડે કરીને પાઠ પરતંત્ર છે, તે કારણ વડે કરીને તેનો વિપરીત જ અર્થ કરીને બોલાતું હોય ત્યારે સૂત્ર પ્રગટપણાએ કરીને પોકાર કરતું નથી. બૂમો પાડતું નથી. આ વાતની અંદર વિશેષણદ્વારાએ હેતુ જણાવે છે. સૂત્ર કેવા પ્રકારનું છે? તો કહે છે કે–ખેંચનાર પુરુષની પાછળ ગતિ કરવાવાળું. દોરડા આદિ વડે કરીને ખેંચનારની જ ગતિ, એ ગતિની પાછલ અનુગતિ કરવાવાળું સૂત્ર છે.અને તેથી કરીને બળદની સમાન સૂત્ર છે. એટલે કે જે જેવી રીતે સૂત્રને વિકલ્પીને અર્થ કરે તેવી રીતે સૂત્ર, તે અર્થને અનુસરે. અને એથી કરીને કેવલ સૂત્ર પાઠ, સિદ્ધાંત જ નથી. પરંતુ જે સૂત્ર, અર્થ અને તદુભય યુક્ત હોય તે જ સિદ્ધાંત છે. ॥ ગાથાર્થ-૭૯ ॥

હવે કેવલ પાઠ કેવા પ્રકારનો હોય તેના માટે જણાવે છે.

**तेणेवागमपाढो, नय ववहारप्पवायगो समए।**
**भिन्नोवा ऽ भिन्नो वा, भिन्नो निअमेण भिन्नत्थो ॥८०॥**

જે કારણ વડે કરીને આગમનો પાઠ તે વૃષભ સરખો છે. તે કારણ વડે કરીને આગમપાઠ, પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ જે વ્યવહાર છે તેને જણાવનારો થતો જ નથી. ક્યાં થતો નથી? જિનશાસનમાં પાઠ કેવા લક્ષણવાળો હોય? ભિન્ન અથવા અભિન્ન : આ બન્ને પ્રકારનો પણ પાઠ સમ્યગ્ વ્યવહારનો પ્રવર્તક બનતો નથી. એથી કરીને 'આગમને આગળ કરીને અમે પ્રવૃત્તિ કરીયે છીએ.' એમ કહેનારા બધાઓ પણ ભિન્ન ભિન્ન માર્ગને પ્રગટ કરનારા છે. કારણ કે બધાયનો અર્થભેદ છે. અર્થભેદ હોયે છતે સિદ્ધાંત ભિન્ન હોય જ.

આ વાતનો ભાવ એ છે કે-પાઠનો ભેદ હોય છતાં પણ જો અર્થનો અભેદ હોય તો નિશ્ચયે કરીને વ્યવહારપ્રવૃત્તિ પણ અભિન્ન જ હોય. વસ્તુસ્થિતિ આ પ્રમાણે હોવાથી સિદ્ધાંતનો અભેદ હોયે છતે અર્થનો અભેદ હોય જ એ નિદાન થયું. અને એથી જ કરીને પાઠ વડે ભિન્ન હોવા છતાં પણ અર્થથી ભેદના અભાવને ભજવાવાળા એવા પ્રકરણો પણ સૂત્રોની જેમ જ સમ્યગ્દ્રષ્ટિઓને પ્રમાણ છે. કારણ કે સૂત્ર અને પ્રકરણ બન્નેના પણ વ્યવહાર ચલાવવામાં ભેદનો અભાવ હોવાથી. જો અર્થનો ભેદ થાય તો બધે ઠેકાણે ભેદ થાય જ ॥૮૦॥ કેવા પ્રકારનો સિદ્ધાંત હોય? તે માટે કહે છે.

**सुत्तत्थोभयरूवो, सिद्धंतो सुअहराण निअमेण।**
**सुत्तं पुण संकेइअनिनायपयणामयं सुमयं॥८१॥**

શ્રુતધરોને એટલે બહુશ્રુતોને નિશ્ચયે કરીને કેવલ સૂત્રપાઠરૂપ સિદ્ધાંત હોતો નથી. પરંતુ સૂત્ર-અર્થ અને તદુભયરૂપ હોય છે. જેથી કરીને સૂત્ર જે છે તે સંકેત કરેલા શબ્દોની રચનારૂપ છે. ''અમુક શબ્દો વડે કરીને અમુક કહેવું'' તે રૂપ જે સાંકેતિક શબ્દો તેની જે ગદ્યબદ્ધ-પદ્યબદ્ધ જે રચના તેના સ્વરૂપ હોવાનું અતિશયે કરીને માન્ય છે. પહેલાં અર્થની સાથે શબ્દોના સંકેતને જાણીને પછી સૂત્રની રચના થાય છે. તે પ્રમાણે કરીને જે શબ્દ સંકેત કરેલો હોય તે સાંકેતિક શબ્દને જણાવનાર સૂત્રને સ્વીકારવું જોઈએ ॥ ગાથાર્થ-૮૧ ॥ હવે સંકેત કેટલા પ્રકારનો?

**संकेओ पुण दुविहो अणाइसिद्धो अ धुत्तमुत्तो अ।**
**पढमो जिणिंद भणिओ, बीओ भणिओ कुवक्खेहिं॥८२॥**

સંકેત બે પ્રકારનો હોય છે. એક સંકેત અનાદિસિદ્ધિ અને બીજો ધૂતારાએ કહેલો. તેમાંનો પહેલો સંકેત જિનેશ્વર ભગવંતે કહેલો છે અને બીજો સંકેત કુપાક્ષિકોએ કહેલો છે ॥ ગાથાર્થ-૮૨ ॥ આ વાતપર દ્રષ્ટાંત આપે છે.

**जह पक्खिअंपि सद्दो चउदसिसंकेइओ जिणिंदुत्तो।**
**पुण्णिमतिहिसंकेओ, निम्मवियो कुमयवग्गेण॥८३॥**

જેવી રીતે પાક્ષિક શબ્દ, એ ચતુર્દશીનો સંકેત કરનાર છે. આ અર્થ જિનેશ્વર ભગવંતે કહેલો છે. અહિં જિનેન્દ્ર કહેવા વડે કરીને 'અનાદિ સિદ્ધ' એવો આ સંકેત પણ કેવલજ્ઞાનવાળા એવા શ્રી મહાવીર દેવે સૂચવ્યો છે. પાક્ષિક શબ્દનો 'ચતુર્દશી' અર્થ છોડીને 'પૂર્ણિમા' તિથિમાંનો જે સંકેત તે કુપાક્ષિક વર્ગે ઊભો કર્યો છે. આવો સંકેત, મુગ્ધ પ્રાણીઓને છેતરવાની બુદ્ધિએ કરીને નવો ઊભો કરાયો હોવાથી આ સંકેત ધૂર્તઉક્ત કહેવાય. જેવી રીતે આજના વેપારીઓ વડે કરીને 'અગીયાર ગણો' એટલે પલાયન થઈ જાવ =રવાના થઈ જાવ. 'એકત્રીસ' બોલવાથી આ 'અનુચિત' છે. જો 'પાંત્રીસ' કહે તો 'યોગ્ય' છે એમ સમજવું. 'નવ્વાણું' કહેતો 'એક' સંખ્યાનો સંકેત સમજવો. '૯૮'-કહે તો બે સંખ્યાનો સંકેત સમજવો. યાવત્ જેમ જેમ પશ્ચાનુપૂર્વીએ એ સંખ્યાની ન્યૂનતામાં-ઘટાડામાં સંખ્યાની અધિકતા સમજવી. તેવી રીતે કુપાક્ષિકો વડે કરીને પણ પોતપોતાનો મત સ્થાપવા માટે પાક્ષિક શબ્દનો 'પૂર્ણિમા' સંકેત કર્યો છે. યાવત્ ખરતર વડે કરીને **सावय धम्मो.** એમાં રહેલા આ 'શ્રાવકધર્મ' શબ્દવડે કરીને 'શ્રાવક પ્રતિમા' ગ્રહણ કરવાનો સંકેત કર્યો છે. આવા કુપાક્ષિકોના જે સંકેતો છે તે વિલક્ષણ હોવાથી તેઓના સંતાનોને માટે પ્રમાણ છે. નહિં કે તીર્થને. ॥ ગાથા-૮૩ ॥

હવે આપણા પક્ષવાલો શંકા કરે છે કે–

**नणुवेसिं आयरियप्पमुहा, पच्चक्खतित्थआभासा।**
**तित्थाउ हुंति भिन्ना कहण्णु अरिहंतसिद्धावि? ॥८४॥**

**इअ चे वुच्चइनिअगा, आयरिया तेसि वंदणिज्जतं।**
**जो पण्णवेइ पुरओ, भव्वाणं तेसि सो अरिहा ॥८५॥**

**सिद्धंतोऽवि समत्थो, पुत्थयलिहिओऽवि तित्थठवणाए।**
**पुरिसपरतंतरहिओ, जो भासइ तेसि सो अरिहा ॥८६॥**

**सिद्धावि तदुवएसा, उवलद्धा हुंति तेसि सद्धेज्जा।**
**एवं गोअममाई, गणहरवग्गोऽवि विण्णेओ ॥८७॥**

વાદી પ્રશ્ન કરે છે કે 'કુપાક્ષિકોના આચાર્યો આદિ તીર્થના ભિન્ન છે. અને એથી કરીને આચાર્યાભાસરૂપ છે. એ તો પ્રત્યક્ષ સિદ્ધ છે. પરંતુ અરિહંત અને સિદ્ધ આ બન્ને કેવી રીતે ભિન્ન છે?' એવી પૂર્વપક્ષની શંકાનો ઉત્તર એ છે કે-જે પોતાના કુપાક્ષિકોના મુખ્યમતાકર્ષકો એટલે મતને પ્રગટ કરનારાઓ છે તેઓનું વંદનાદિપણું યોગ્ય છે. એ પ્રમાણે ભવ્યોની આગળ જેઓ પ્રરૂપતા હોય તે કુપાક્ષિકોના તે તે મતાકર્ષકો અરિહંત જાણવા.

કારણ કે ''તીર્થસંમત એવા અરિહંત તો''જોવા માટે પણ અકલ્પ્ય છે એમ તે કુપાક્ષિકો બોલે છે. તેથી કરીને આ બન્નેનો ભેદ છે. અથવા પ્રકારાન્તરે બીજો ઉત્તર કહે છે. 'પુરુષ-પરતંત્રતા રહિત એવો પણ પુસ્તકમાં લખેલો સિદ્ધાંત પણ તીર્થ સ્થાપવા માટે સમર્થ છે.' એ પ્રમાણે જેઓ બોલે છે તે તેઓના અરિહંત છે. તીર્થે સ્વીકારેલા અરિહંત આવા પ્રકારના નહિ હોવાથી તે ભિન્ન છે.

હવે સિદ્ધના વિષયની શંકાનો જવાબ આપે છે કે-તે કુપાક્ષિકોના સિદ્ધ પણ તેમના વિકલ્પેલા એવા તીર્થંકરના ઉપદેશથી પ્રાપ્ત થયેલા અને તેની શ્રદ્ધાવાળા બનેલા હોય અને તેમના તીર્થંકરના બતાવેલ માર્ગની આરાધના કરીને મર્યા હોય તે સિદ્ધ. તીર્થને વિષે તો તેવા પ્રકારના સિદ્ધોનું અશ્રદ્ધાનપણું હોવાથી : તેમના ભિન્ન છે.

અને ગૌતમાદિ ગણધરો પણ પોતાની મતિથી વિકલ્પેલા એવા હોવાથી તીર્થથી ભિન્ન જ ગણાય. ॥ ગાથાર્થ-૮૭ ॥

હવે આ બધા કહેલાં કુપાક્ષિકોમાં સારા-નરસાનો વિવેક જણાવે છે.

**तेसुवि लुंपगवज्जा, पायं खलु कायबिंदुजुअनयणा।**
**निम्मलनयणसमाणा, दीसंति सुविज्जपरिवज्जा॥८८॥**

તે પૂનમિયા આદિ કુપાક્ષિકોને વિષે લોંકાને છોડીને બાકીના બધા પ્રાયઃ કરીને મોતિયાવાળી આંખોવાળા હોવા છતાં નિર્મલ લોચનવાળાઓની સરખા દેખાય છે. પરંતુ સુવૈદ્યોએ તો તેવા પ્રકારની રોગની અસાધ્યતા હોવાથી ત્યાગ કરી દીધેલા જાણવા.

લોંકાને વર્જીને આ બધા પણ ''અમે પ્રતિમાને માનીયે છીએ'' એમ અંગીકાર કરે છે. બાકીના ભેદ તો સામાચારીવિશેષે કરીને અકિંચિત્કર જ છે. જેવી રીતે આ 'તપાગણ' છે એવી રીતે અમે પણ છીએ, એ પ્રમાણેની ધૃષ્ટતાને પામેલા તે કુપાક્ષિકો, સાધુના ઉપદેશને પણ ઇચ્છતાં નથી. તેથી કરીને તેનો પ્રતીકાર કેવી રીતે થાય? અને તેથી કરીને કાચબિંદુ રોગતુલ્ય એવું તેનું ધીઠાઈપણું, તેની સમ્યક્ શ્રદ્ધાનરૂપ દૃષ્ટિમાં પણ અસાધ્ય જ છે. એ પ્રમાણે લોંકાનું ધીઠાઈપણું નથી. એ હમણાં જ કહેવાશે. ॥ ગાથા-૮૮ ॥

આ દશામાંથી જુદો પડેલો લોંકો કેવા પ્રકારનો છે? તે જણાવે છે.

**लुंपकनयणातंका-णेगविहा तेण केइ सज्झावि।**
**तेसुवि कोइ सुहंजण-सज्झो से अंजणं एयं॥८९॥**

લોંકાની આંખના રોગો વિધવિધ પ્રકારના છે. તેમાંથી કેટલાક રોગવિશેષો સાધ્ય પણ છે.

અને તેમાં કોઈક અંજન સાધ્ય છે. તે અંજન ક્યું? તે હવે કહીયે છીએ. ॥ ગાથાર્થ-૮૯ ॥ હવે પાંચ ગાથા વડે કરીને અંજન કહે છે.

**समुसरणे चउरूवो, तित्थयरो तत्थ तिण्णि रूवाइं।**
**जइ सम्मयाइं पडिमा, नियमेणं सम्मया होइ॥९०॥**

**तित्थयरजीवरहिआ, पडिमा पडिरूवगाई तह चेव।**
**तित्थयरागारवसा, बुद्धी तित्थयरविसयत्ति॥९१॥**

**पडिमाएवि समाणं, गंधोदयपुप्फवुट्ठिमाईहिं।**
**जह देवा तह मणुया, दंसणसुद्धिं उवलहंति॥९२॥**

**जलथलय कुसुमरासिं, अब्भयरूवं विउव्वणं काउं।**
**जाणुप्पमाणवुट्टिं, करिंति देवा सुगंधुदयं॥९३॥**

**एवं जहसत्तीए, सावयवग्गोऽवि पुप्फमाईहिं।**
**पूएइ अ पुण्णट्ठा, तित्थयरागारबिंबाइं॥९४॥**

સમવસરણને વિષે ચાર રૂપવાલા તીર્થંકર ભગવંતો ધર્મોપદેશ કરે છે. એમ જાણવું.

આગમમાં કહ્યું છે કે-''દેવો વડે કરીને જિનેશ્વર ભગવાનનું ત્રણ દિશાની અંદર ભગવંતના રૂપના જેવા જ પ્રતિરૂપવાલા પ્રતિબિંબો બનાવાય છે તે તીર્થંકરના પ્રભાવથી જ તીર્થંકરસદૃશ બનાવાય છે.'' **આવશ્યક નિર્યુક્તિ** ગાથા-૫૫૭''

**વીતરાગ સ્તોત્ર**ના વિષે પણ 'દાન-શીલ-તપ અને ભાવ એ ચાર ભેદે કરીને ચાર પ્રકારનો ધર્મ એકીસાથે કહેવા માટે હોય નહિં? તેવી રીતે ચાર મુખે ભગવંત હોય છે.' તેવી રીતે **અભિધાન ચિંતામણિ નામમાલા**માં **"वप्रत्रयं चारुचतुर्मुखांगता"** શબ્દથી ત્રણ કિલ્લા ત્રણ ગઢ અને સુંદર ચતુર્મુખતા આદિને દેવકૃત અતિશય જણાવેલ છે.

'હવે અહિં વાદિ પ્રશ્ન કરે છે કે '**समवायांग** સૂત્રમાં જે અતિશયો જણાવેલા છે તેને વિષે **चतुर्मुखांगता** કહેલ નથી. તો તેની કેમ શ્રદ્ધા કરવી?' એવું ના કહીશ. એમાં જે જણાવેલ છે તે નિયત અતિશયો જણાવેલ છે એ સિવાય બીજા પણ અનિયત અતિશયો છે. **વિશેષણવતી** નામના ગ્રંથમાં કહેલું છે કે–

**होऊणवि देवकया चउतीसाइसय बाहिरा कीस।**
**पागारंबुरुहाई, अणण्णसरिसावि भोगम्मि ?॥१॥**

**चउतीसं किर णिअया, ते गहिया सेसया अणिअयत्ति।**
**सुत्तम्मि न संगहिया, जह लद्धीओ अणिययाओ॥२॥**

''દેવોએ કરેલા ૩૪ અતિશય ૩૪ સિવાયના બીજા બાહ્ય ક્યા છે? ત્રણ કિલ્લાં, કમલો આદિ. અનન્ય સદ્દશ હોવા છતાં પણ ઉપભોગમાં આવે છે. ચોત્રીસ અતિશયો નિયત ગ્રહણ કહેલા છે. બાકીના અતિશયો અનિયત જાણવા.'' જેમ લબ્ધિઓ અનિયત છે તેવી રીતે તેને સૂત્રમાં સંગ્રહ કરેલા ન હોય. એથી જ કરીને અતિશયોની-૩૪-ની સંખ્યાના નિયમમાં પણ વૈચિત્ર્યપણું હોવાથી જ સમવાયાંગ સૂત્રની વૃત્તિમાં ''આ અતિશયો જુદી રીતે પણ જોવા મલે છે. તે મતાંતર સમજવો'' એમ કહેલ છે. અને એથી જ કરીને **પ્રવચન સારોદ્ધાર** આદિમાં **चतुर्मुखांगता** ચાર મુખપણાના અંતર ભાવવડે કરીને જ અતિશયો કહેલાં જ છે.

હવે લોંકાને જો તીર્થંકર સંબંધીના ત્રણ રૂપ જ સંમત હોય તો નિયમે કરીને પ્રતિમા સંમત છે. જેવી રીતે તીર્થંકરની જીવરહિતની પ્રતિમા છે તેવી જ રીતે ત્રણ રૂપ કે-ત્રણ પ્રતિબિંબો પણ તીર્થંકરના જીવથી રહિત જ છે. હવે જો એમ કહેતો હોય કે 'તીર્થંકરોના આકારના વશથી તે પ્રતિબિંબોમાં તીર્થંકર વિષેની બુદ્ધિ થાય છે.' તો તું લાંબોકાળ જીવ. ત્રણ પ્રતિરૂપોમાં તીર્થંકરની બુદ્ધિ થાય તો પ્રતિમામાં પણ તીર્થંકરની બુદ્ધિ થાય જ છે. એટલે આ વાત બન્ને ઠેકાણે સમાન છે.

તેમજ જેવી રીતે સમવસરણને વિષે સુગંધી પાણીનો વરસાદ અને પુષ્પ આદિ વડે કરીને શક્રાદિદેવો સમ્યક્ત્વની નિર્મલતાને પામે છે. એવી રીતે શ્રાવક-શ્રાવિકા આદિ મનુષ્યો પણ જિનેશ્વર ભગવાનના મંદિરમાં પુષ્પ અને સુગંધી જલની વૃષ્ટિ કરવા દ્વારાએ દર્શન શુદ્ધિને પામે છે. દેવકૃત્ય શું? જલ અને થલમાં ઉત્પન્ન થયેલા ફુલના ઢગલાઓના વાદળાનાં આકારે વિકુર્વણા કરીને દેવો જાનુ=ઢીંચણ પ્રમાણ ફુલવૃષ્ટિ કરે છે.

અહિંયા જે વિકુર્વણા કહેલી છે તે પુષ્પોની નહિં પણ વાદળોની સમજવી. કારણ કે આગમમાં જલ અને થલમાં ઉત્પન્ન થયેલા ફુલોનો પાઠ છે. તે વૃષ્ટિ પણ કેવા પ્રકારની કરે છે? પહેલાં સુગંધી પાણીની વૃષ્ટિ કરીને પછી કુસુમની વૃષ્ટિ કરે છે. આ જ પ્રકારવડે કરીને શ્રાવકવર્ગ પણ યથાશક્તિએ કરીને પુણ્યને માટે તીર્થંકરના આકારને ધારણ કરતાં જિનબિંબોની પુષ્પાદિ વડે પૂજા કરે છે. ॥ ગાથા ૯૦ થી ૯૪ ॥

આ પ્રમાણે લોંકાનું અંજન પાંચ ગાથા વડે કહ્યું. હવે અંજન પ્રક્ષેપને માટે સળી કહે છે.

**तेसिं वंदणपमुहं, जिणवंदणसमफलंति णो भिन्नं।**
**तह जिणपडिमावंदणमंजणखेवे सिलागेसा॥६५॥**

સમવસરણમાં રહેલાં જે ત્રણ પ્રતિબિંબ છે તેને વંદનાદિ જે કરવું તે પ્રત્યક્ષ જિનેશ્વરના વંદનની સમાન ફળવાલું છે અને જિનેશ્વરને વંદન આદિનો જે અભિગ્રહ તે નિસ્તારરૂપ ફળવાલો છે. જે પ્રવચનમાં પ્રતીત જ છે. તેથી કરીને પ્રતિમાઓને વંદન કરવું તે ભિન્ન ફલવાળું નથી!

અર્થાત્ જેવી રીતે સમવસરણમાં જિનપ્રતિબિંબને કરેલું વંદન ફલદાયી થાય છે તેવી રીતે જિનેશ્વરની પ્રતિમાનું વંદન પણ ફલદાયી છે. આ અંજન આંજવાની સળી બતાવી. ॥ ગાથા-૯૫ ॥

આ સળી બતાવી તેથી શું પ્રાપ્ત થયું?

**एएणमंजणेणं निरोअं चक्खु जस्स नो जायं।**
**से कायबिंदुचक्खू उविक्खणिज्जं व दुस्सज्झं॥६६॥**

આ અંજન કરવાવડે કરીને પણ લોંકા વિશેષની આંખ નિરોગી ન થાય તો સમજી લેવું કે 'તે અસાધ્ય કાચબિંદુનો રોગી છે' એમ જાણીને છોડી દેવો અથવા તો બહુપ્રયાસે કરીને આંખો નિરોગી થાય તેમ છે એમ માનવું. આ દુઃસાધ્ય ચક્ષુરોગની વિધિ પણ-લોંકામત નિરાકરણ વિશ્રામમાં અમે આગળ કહીશું ॥ ગાથાર્થ-૯૬ ॥

**एवं जुत्तिदिसाए, सम्मं अब्भसिअ तित्थआभासं।**
**मुणिऊण तित्थसरणं, कुणंतु भव्वा हु भद्दट्ठा॥६७॥**

એ પ્રમાણે પૂર્વે કહેલી યુક્તિદિશાવડે કરીને સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવા પૂર્વક તીર્થાભાસ એવા કુપાક્ષિકોના વર્ગને જાણીને અને તેનો ત્યાગ કરીને હે ભવ્યો! મંગલને માટે તીર્થના શરણને સ્વીકારો ॥ ૯૭ ॥ તીર્થ સ્વરૂપનો ઉપસંહાર કહે છે.

**एवं तित्थसरूवं सम्मं मुणिऊण सुकयअब्भासो।**
**विण्णू कुवक्खकोसिअसद्दनिरोहं सुहं कुणई॥६८॥**

પૂર્વે કહેલા પ્રકાર વડે કરીને તીર્થના સ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણીને સુકૃતના અભ્યાસવાળા એવા પંડિત પુરુષે કુપક્ષરૂપી ઘુવડના શબ્દનો નિરોધ, સુખે કરીને જેવી રીતે થાય તેવી રીતે કરવો. ઘુવડનો શબ્દ મનુષ્યને અશુભને માટે થાય છે. એથી કરીને તેનો નિરોધ કરવો એ કલ્યાણને માટે છે. અને તે જ કારણથી તીર્થનું સ્વરૂપ નિરુપણ કર્યે છતે કુપક્ષરૂપી ઘૂવડ પણ નિરુદ્ધ શબ્દપ્રસરવાળો થાય છે. ॥ ગાથા-૯૮ ॥ હવે આ પહેલાં વિશ્રામનો ઉપસંહાર કરે છે.

**एवं कुपक्खकोसिअसहसकिरणंमि उदयमावण्णे।**
**दसवि कुवक्खा विसरा, विगयप्पसरा मुणेयव्वा॥९९॥**

પૂર્વે કહેલા પ્રકારવડે કહીને **સહસ્રકિરણ**–સૂર્ય ઉદય પામે છતે આ **કુપક્ષકૌશિક**–કુપક્ષરૂપી ઘૂવડો, તે દશેય કુપાક્ષિકો ઉત્સૂત્રભાષણવડે કરીને અશ્રાવ્યસ્વરવાળા હોવાથી વિસ્વર થયાં છે, અને વળી ગમનાગમનાદિરૂપ જે ક્રિયા = પ્રસાર તેનાથી મુક્ત થયાં છે, એટલે કે વિગત પ્રસર = પોતાના મતના પ્રસાર વિનાના થયા છે. એમ પંડિતોએ જાણવું. ॥ ગાથાર્થ-૯૯ ॥

હવે આ તીર્થ નિરૂપણ સ્વરૂપ ક્યા વર્ષે, ક્યા ગુરુની વિદ્યમાનતા હોયે છતે કહ્યું? તે બતાવવા માટે ગાથા કહે છે,

**नवहत्थरायंकिअसममहिमंमि चित्तसिअपक्खे।**
**गुरुदेवयपुण्णुदए, सिरिहीरविजयसुगुरुवारे॥१००॥**

આ ગાથાને સંવત્સરપક્ષ અને ગુરુપક્ષ આ બન્ને અર્થમાં કહેશે. **સંવત્સર પક્ષમાં** કહે છે :– **નવ** અને **હસ્ત** શબ્દવડે નવ અને બેની સંખ્યા સમજવી, **કાય**–શબ્દવડે શાસ્ત્રની પરિભાષા વડે પૃથ્વીકાયાદિ છકાય સમજવાં **રાય**-શબ્દ એટલે રાજા, રાજા શબ્દ ચંદ્રને જણાવનારો છે, તે એકની સંખ્યા કહેનાર તરીકે જ્યોતિષીઓ જાણે છે, અને પછી 'અંકોની ગતિ ડાબી બાજુએથી થાય છે,' એ વચનો વડે કરીને જે અંકો થયા તે-૧૬૨૯ની સંખ્યાવાલું સંવત્સર તેનો જે મહિમા. એટલે નામગ્રહણ આદિવડે કરીને જેમની પ્રસિદ્ધિ છે એવા પ્રકારના વર્ષમાં એટલે-૧૬૨૯ ના ચૈત્ર મહિનાના સુદ પખવાડિયાની અંદર.—

કઈ તિથિએ? તો કહે છે કે ગુરુ, સુરગુરુ હોવાથી જે શોભાથી વધી રહેલ છે અને તે ગુરૂના સાન્નિધ્યથી **रविजयः** = સૂર્યનો જય થાય છે, કારણ કે ''સૂર્યના-શુક્ર અને શનિ **શત્રુ** છે, બુધ **મધ્યસ્થ** છે, અને ચંદ્ર-મંગલ-ગુરુ-તેના **મિત્ર** છે,'' અને તેથી ગુરુના યોગે સૂર્યનો જય થાય જ, અર્થાત્ ગુરૂવારે અને **ગુરુદૈવતયોગે** એટલે કે પુષ્ય નક્ષત્રમાં—

—કેવા પ્રકારના યોગમાં? ગુરુપુષ્યના યોગમાં પૂર્ણાતિથિ એટલે દશમે, કારણ કે ચૈત્રસુદમાં ૫-અને પૂનમે પુષ્ય નક્ષત્ર ન આવે; પરંતુ દશમે જ આવે. તેથી ચૈત્ર સુદ-૧૦-ગુરુવાર પુષ્યનક્ષત્રમાં સુવિહિત અગ્રણી એવા હીરસૂરિ મહારાજનું રાજ્ય પ્રવર્તમાન હોતે છતે, કેવા લક્ષણવાલા?

**હવે ગુરુપક્ષમાં કહે છે.** નવ હાથ પ્રમાણ શરીરવાલા એવા જે પાર્શ્વપ્રભુ, તે પ્રભુવડે અંકિત એવો જે અવિચ્છિન્નકાલ, તે કાલની સરખો મહિમા છે જેમનો, અથવા તો નવ હાથની કાયાવાળા પાર્શ્વપ્રભુના રાજયના મહિમા જેવો જેનો મહિમા છે. એવા હીરવિજયસૂરિના રાજયમાં =

હવે આ વાતનો ભાવ એ છે કે ઋષભ આદિ ભગવંતોના કાળની અપેક્ષાએ હીન = ઉતરતા

કાલમાં ઉત્પન્ન થયા છતાં પણ શ્રી પાર્શ્વનાથપ્રભુ સર્વજનોને વિષે આદેય નામવાલા હતાં (તેવી રીતે ઋષભાદિ પ્રભુઓ નહોતા) એવી રીતે વજસ્વામી આદિની અપેક્ષાએ કરીને મહાવીર સ્વામીના જન્મનક્ષત્રપર સંક્રાંત થયેલ ભસ્મરાશિના માહાત્મ્યથી કુનૃપતિ અને કુપાક્ષિકોની બહુલતાવાલા કાલમાં ઉત્પન્ન થયેલા હોવા છતાં પણ શ્રી હીરવિજયસૂરિ જેવી રીતે માહાત્મ્યને ભજવાવાળા હતા, તેવી રીતે વજસ્વામી આદિઓ ન હતા, આ વાત વર્ણનમાત્ર નથી. કિંતુ પારમાર્થિક છે એ બતાવવાને માટે વિશેષણ દ્વારા હેતુ જણાવે છે.

કેવા પ્રકારના હીરવિજય સુગુરુવાર હતા? તો કહે છે કે **चित्रशीतपक्षे** ચિત્ર એટલે = આશ્ચર્ય જેમ થાય તેવી રીતના કુપાક્ષિક મુખ્યોએ પણ પોતાના કુપક્ષનો પરિત્યાગ કરવા પૂર્વક **सित** કહેતાં શ્વેત-શુદ્ધ એવો પક્ષ અંગીકાર કર્યો છે જેમના વારામાં-સમયમાં એવા. આનો ભાવ એ છે કે-કુપાક્ષિકોના મુખ્ય અગ્રેસર એવા અને પરિવારથી યુક્ત એવા **લોંકામતી ઋષિ મેઘજી** આદિએ નગરને વિષે શ્રેષ્ઠ એવા અમદાવાદમાં બધા રાજાઓમાં મુખ્ય એવા મુદ્ગલાધિપતિ શ્રી અકબરની સાક્ષીએ મહા મહોત્સવપૂર્વક પ્રવ્રજ્યા આદિને સ્વીકારી, તેવી રીતનું કાર્ય પ્રાચીન આચાર્યોના રાજ્યમાં બન્યું નથી.

જો કે કોઈક કુપાક્ષિક, ક્યારેક પ્રવ્રજ્યાદિકને સ્વીકારતો જોયો છે અને સાંભળ્યો છે, પરંતુ તેના નાયકો એવી રીતે દીક્ષા લે તે તો હીરસૂરિ મ. ના રાજ્યમાં જ બન્યું છે, એ આશ્ચર્ય છે. આવું આશ્ચર્ય પણ ક્યાંથી થયું? એના માટે વિશેષણ દ્વારા હેતુ જણાવે છે.

કેવા લક્ષણવાળા શ્રી પૂજ્યના વારામાં (સમયમાં) તો કહે છે કે **गुरुदैवतपूर्णोदये=गुरु=**મોટું =**दैवत**=ભાગ્ય તે **गुरुदैवत** તે ગુરુદૈવતના = મોટા ભાગ્યના પૂર્ણ ઉદયે. એટલે કે-તીર્થંકરનામ કર્મના ઉદયની જેમ પૂર્વજન્મમાં ઉપાર્જિત કરેલી શુભ પ્રકૃતિના વિપાકનો અનુભવ છે જેમાં એવા મોટા ભાગ્યનો પૂર્ણ ઉદય થયે છતે. આ મોટા ભાગ્યનો ઉદય કેવળ ગુરુનો જ નહિં; પરંતુ તેમના ભક્તજનોને પણ હતો. તે આ પ્રમાણે **गुरुपक्षेः**—ગુરુ મહારાજનો તેવા પ્રકારનો પુણ્યવિપાકનો ઉદય વર્તતો ન હોય તો કુપાક્ષિક અને કુનૃપથી વ્યાકુલ(વ્યાપ્ત) એવા કાલને વિષે પણ શ્રી ખંભાતમાં પ્રભાવના દ્વારાએ કરીને કોટિ સંખ્યાના દ્રવ્યોનો વ્યય સંભવે ખરો? ન જ સંભવે, તેમના ચરણ વિન્યાસે-પગ મૂકવામાં દરેક ડગલે રુપાનાણું અને સોનામહોરો મૂકવાનું અને મોતીના સાથીયા આદિ રચવાવડે કરીને તીર્થંકરની જેમ પૂજાનો ઉદય પણ સંભવે નહિં.

**હવે તેમના ભક્તપક્ષમાં જણાવે છે કે :–**

તેવા પ્રકારના કાલને વિષે પણ વિધાતાએ જ્ઞાન-દર્શન-ચારિત્ર આ ત્રણેનો પિંડ કરીને જાણે એક મૂર્તિ બનાવેલી હોય એવા તે હીરવિજયસૂરિ ગુરુના ભક્ત શ્રાવકોમાં પણ પૂર્વજન્મોપાર્જિત શુભકર્મની પ્રેરણા વડે કરીને તેમજ ભાવિકાલમાં તેવા પ્રકારની ભવિતવ્યતાના વશે કરીને તેવા પ્રકારનો ભક્તિ ઉલ્લાસ સંભવે. **ઉપદેશપદમાં** કહ્યું છે કે :—

पुण्णेहिं चोइया पुरकडेहिं, सिरिभायणं भविअसत्ता।
गुरुमागमेसि भद्दा, देवयमिव पज्जुवासंति॥१॥

'પૂર્વ પુણ્યોએ કરીને પ્રેરાયેલા ભાગ્યશાળી ભવ્ય સત્ત્વો-ભવ્યજીવો લક્ષ્મીભાજન થાય છે. અને ભવિષ્યકાલમાં જેમનું કલ્યાણ છે એવા તે પુણ્યવંતો દેવતાની જેમ ગુરુને જેઓ પૂજે છે, તે લક્ષ્મીના ભાજન થાય છે. ॥ ગાથાર્થ-૧૦૦ ॥

હવે આ પ્રકરણના કર્તાના નામથી ગર્ભિત એવી આશીર્વાદ દાયક ગાથા કહે છે.

**इअ सासणउदयगिरिं, जिणभासिअधम्मसायराणुगयं।**
**पाविअ पभासयंतो, सहसकिरणो जयउ एसो॥१०१॥**

આ પ્રકાર વડે કરીને આ પ્રત્યક્ષ સિદ્ધ એવો સહસ્રકિરણ=સૂર્ય અર્થાત્ **"કુપક્ષ કૌશિક સહસ્રકિરણ"** જય પામો, એ પ્રમાણે આશીર્વાદ જણાવ્યા. આશીર્વાદદાન પણ તેના કૃત્યનું પ્રગટ કરવા પૂર્વક જ હોય છે. એ માટે કહે છે કે શું કરતા જય પામો? પ્રકાશ કરતા જય પામો. અર્થાત્ જીવલોકને પ્રકાશિત કરતા જય પામો! જેવી રીતે સૂર્ય, જીવલોકને પ્રકાશિત કરતો છતો આશીર્વાદનું ભાજન બને છે, તેવી રીતે આ ગ્રંથ પણ પ્રકાશ કરતો છતો આશીર્વાદનું ભાજન બનો. પ્રકાશ પણ શું કરીને કરે છે? એના માટે કહે છે. શાસન = એટલે જૈન તીર્થરૂપ જે ઉદયગિરિ=ઉદયાચલ પર્વત અર્થાત્ નિષેધ પર્વત તેને પામીને એટલે ઉદયગિરિના શિખરને પામીને, જેમ બીજો સૂર્ય પણ નિષધ પર્વતને પામીને પ્રકાશ કરે છે તેમ જૈન તીર્થરૂપ ઉદયગિરિને પામીને આ ગ્રંથ પણ પ્રકાશ કરે છે, બીજી રીતે નહિં

કેવા પ્રકારનો શાસનઉદયગિરિ છે? તો કહે છે કે :—

**જિન ભાષિત ધર્મ સાગરાનુગત**, અર્થાત્ જિનેશ્વર ભગવંત વડે કહેવાયેલો એવો જે દાનાદિ લક્ષણવાળો ધર્મ તે રૂપી જે સમુદ્ર તેને અનુસરીને રહેલો : જેમ નિષધપર્વત, બન્ને બાજુથી સમુદ્રને અડીને રહેલો છે તેવી રીતે ધર્મસાગરરૂપી સમુદ્રને બન્ને બાજુથી સાગર=સમુદ્રને અડીને રહેલો આ શાસન ઉદયગિરિ છે. અથવા તો સમુદ્રની સરખો એવો ''આ કુપક્ષકૌશિક સહસ્રકિરણ'' છે.

જેમ સૂર્ય સમુદ્રમાં માંડલાં કરે છે તેમજ નિષધપર્વત પર પણ કરે છે. કહેલું છે કે :–'ત્રેસઠ માંડલાં નિષધપર્વત પર અને બે માંડલાં બે જોયણ અંતરીત બાહા ઉપર અને ૧૧૯-માંડલાં લવણ સમુદ્ર ઉપર હોય છે.' અહિં નિષધની અપેક્ષાએ સૂર્યના માંડલાં સમુદ્રમાં વધારે હોય છે. ''જિનભાષિત ધર્મસાગરાનુગત'' એ વિશેષણ દ્વારાએ આ ગ્રંથની રચના કરનારનું ''ધર્મસાગર'' એવું નામ પણ સૂચવ્યું, તેમ જાણી લેવું,

આ પ્રમાણે તપાગચ્છરૂપ આકાશને વિષે સૂર્યસદૃશ શ્રી હીરવિજય સૂરિના શિષ્ય **મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણી વિરચિત-સ્વોપજ્ઞ કુપક્ષકૌશિક સહસ્રકિરણ** નામના અને હીરવિજયસૂરિએ

આપેલા **પ્રવચનપરીક્ષા** એ અપર નામવાળા ગ્રંથને વિષે તીર્થસ્વરૂપનિરૂપણ નામનો પહેલો વિશ્રામ પૂર્ણ થયો.

## તીર્થસ્વરૂપનિરૂપણ નામનો પ્રથમ વિશ્રામ સમાપ્ત

હવે ચાલુ અધિકારને કહું છું.

**अह पगयं दंसेमो, वित्थरओ किंचि जं च सामन्ना।**
**भणिअं तित्थसरूवे, दसस्स रूवं पसंगेणं॥१॥**

હે ભવ્યો! કુપાક્ષિકો જે છે તે બધા તીર્થથી ભિન્ન છે એમ તમે જાણો. કુપાક્ષિકના સ્વરૂપનું નિરૂપણ જે આરંભેલું છે તે કાંઈક વિસ્તારથી બતાવાય છે. જે પ્રસંગે કરીને તીર્થસ્વરૂપ નામના પહેલા વિશ્રામમાં દશે કુપાક્ષિકોનું જે પ્રાંસંગિક નિરૂપણ કર્યું હતું. તેને કંઈક વિસ્તારથી કહીયે છીએ. ॥૧॥

હવે **तित्थं चाउव्वण्णो**-એ દશમી ગાથાથી આરંભીને **एवं जुत्तिदिसाए** ઇત્યાદિ ૯૭-ગાથા સુધીમાં તીર્થનું સ્વરૂપ વર્ણવ્યું. અને એ પ્રમાણે તીર્થનું સ્વરૂપ સિદ્ધ થયે છતે તીર્થની અંદર રહેલા પ્રાણીઓને તીર્થના શત્રુરૂપ થયેલા આ દશે પણ તીર્થમાં રહેલા કુપાક્ષિકો સર્વથા ત્યાજ્ય જ છે. એ પ્રમાણે સિદ્ધ થયે છતે પણ તે દશેય કુપાક્ષિકોનું વ્યક્તિગત સ્વરૂપ બતાવવાની ઇચ્છાથી તેનું પહેલાં તો સાધારણ સ્વરૂપ કહે છે.

**दसवि अ एए पवयणपओसभावा पवयणो भट्ठा।**
**गुरुपरतंतविरहिआ, उम्मग्गपरूवणारसिआ॥२॥**

જિનશાસન સંબંધીના દ્વેષના ઉદયથી 'આ શાસન=જૈન પ્રવચન, અમારો પરાભવ કરનારૂં હોવાથી અમારા દ્રષ્ટિપથમાં ન આવો! એટલું જ નહિ પરંતુ એની સત્તા પણ રહેવા ન પામો' એવા પ્રકારના અનંતાનુબંધી દ્વેષના ઉદયથી ઉત્પન્ન થયેલ રૌદ્ર પરિણામનો સદ્ભાવ હોવાથી પૂર્વે કહેલા દિગંબરથી માંડીને પાશચંદ્ર સુધીના દશે મતાકર્ષકો જૈન પ્રવચનથી ભ્રષ્ટ છે. અર્થાત્ પ્રવચનથી ચ્યૂત થએલ છે અને તેથી તેઓ તીર્થથી દૂર છે. એ પ્રમાણેનું તાત્પર્ય જાણવું. તેમાં પણ વિશેષણ દ્વારાએ હેતુને જણાવે છે. જેથી કરીને તે કુપાક્ષિકો કેવા ઉન્માર્ગની પ્રરૂપણાના રસીયા છે? અને ઉન્માર્ગ ક્યો? તે બતાવે છે.

૧. સ્ત્રી મુક્તિનો નિષેધ.

૨. ચૌદશે પાક્ષિકનો વિરોધ.

૩. પર્વથી અતિરિક્ત દિવસે પૌષધનો નિષેધ.

૪. સામાયિક આદિમાં શ્રાવકને મુહપત્તિ આદિનો નિષેધ.

૫. જિનેશ્વર ભગવાનની મૂર્તિની સામે ફળપૂજા આદિનો નિષેધ.

૬. શ્રુતદેવતાની સ્તુતિ બોલવાનો નિષેધ.

૭. જિનપ્રતિમાનો નિષેધ.

૮. સાંપ્રતકાલે સાધુઓ નજરે આવતા હોવાનો નિષેધ.

૯. પરંપરાગત એવી ઘણી વિધિઓનો પ્રાયઃ નિષેધ.

૧૦. જિનપૂજા આદિમાં સાધુના ઉપદેશનો નિષેધ. આદિ જે ઉન્માર્ગ, તેની પ્રરૂપણા એટલે તે ઉન્માર્ગની સ્થાપના માટે જે કુયુક્તિઓ ઊભી કરવી તેમાં રસિક એટલે અહોરાત્ર તેનાજ ધ્યાનમાં પરાયણ! એ ધ્યાનની પરાયણતા પણ અહમહમિકાના લક્ષણવાલી. એવા પ્રકારના પણ કેવી રીતે? તે માટે કહે છે કે—

ગુરુપારતંત્ર્ય રહિત હોવાથી, શિવભૂતિ આદિઓએ સ્ત્રી મુક્તિના નિષેધ આદિની પ્રરૂપણા પોતપોતાના ગુરુઓનો ઉપદેશ પામીને કરી નથી; પરંતુ પોતપોતાના ગુરુના ઉપદેશ સિવાય જ પોતપોતાની મતિકલ્પનાવડે કરીને આ બધાય કુપાક્ષિકોએ કરી છે. તેથી તેઓ પોતપોતાની પ્રરૂપણાને આશ્રીને કોઈના પણ શિષ્ય નથી. અને એથી જ કરીને તેઓ બધાયમાં પોતપોતાના શિષ્યોની અપેક્ષાએ પણ ગુરુપણાનો જે વ્યપદેશ કરાય છે. તે ખરેખર કલંક જ છે.

શિષ્યત્વના અવિનાભાવે જ ગુરુત્વનો અવિનાભાવ = સદ્‌ભાવ હોય છે. આ કહેવાનો ભાવ એ છે કે જે જે ગુરુ થાય છે તે તે કોઈના પણ શિષ્ય હોય જ. અને એથી કરીને શિષ્યપણું મેળવ્યા સિવાય ગુરુ થઈ શકાય જ નહિં.

ચંદાવિજ્જા–ચંદ્રાવેધ્યક પ્રકીર્ણકમાં જણાવ્યું છે કે :—

**''हंतूण सव्वमाणं, सीसो होईण ताव सिक्खाहि।**
**सीसस्स हुंति सीसा, न हुंति सीसा असीसस्स॥१॥**

''સર્વ માનને છોડી દઈને શિષ્ય થઈને તું પહેલાં શિક્ષા સંપાદન કર, કે જે શિષ્ય થયો હોય તેને શિષ્ય થાય. પણ અશિષ્યને શિષ્ય થતાં નથી.'' આ વાતના દૃષ્ટાંતમાં અહિં સુધર્માસ્વામી જ છે. તે સુધર્માસ્વામી પણ મહાવીર સ્વામીના શિષ્ય થયે સતે જ જંબૂસ્વામી આદિના પણ ગુરુ થવા પામ્યા છે.

હવે અહિં વાદી શંકા કરે છે કે 'ભગવાન મહાવીરસ્વામી, કોઈના પણ શિષ્ય ન હોતા છતાંય

સુધર્માસ્વામીના ગુરુ થયા કે નહિં? તો એવી રીતે આ બધા પણ થાય તો એમાં શું દોષ છે?'

જો એમ કહેતો હોય તો બોલીશ નહિં. જો મહાવીરસ્વામીનું દ્રષ્ટાંત લઈશ, તો શિવભૂતિ આદિમાં દેવત્વની આપત્તિ આવશે. કારણ કે જે જે દેવ છે તે કોઈના પણ શિષ્ય હોતા નથી. શિષ્યત્વના અભાવના અવિનાભાવિએ જ દેવપણું હોય છે. શિષ્યત્વના અભાવવાળા જ દેવ થઈ શકે એ પ્રમાણે દેવનું લક્ષણ હોવાથી.

વાદિ શંકા કરે છે કે 'જો આમ છે તો આ દશે કુપાક્ષિક મતો પ્રવર્તાવનારા આત્માઓનું દેવપણું જ હો.' એમ જો કહેતો હોય તો લાંબો કાળ જીવઃ કારણ કે જૈન શાસનને વિષે દરેક ઉત્સર્પિણી આદિમાં દેવત્વરૂપે પ્રતીત એવાં-૨૪-તીર્થંકર જ થાય છે. અને તે આ અવસર્પિણીમાં ઋષભદેવથી માંડીને મહાવીર સુધીમાં-૨૪-થઈ ગયેલા જ છે. અને એથી કરીને આ તો તેથી અધિક પાક્યા! અને તે કારણથી **તો તેઓ પ્રવચનબાહ્ય પોતે જ છે.** એમ જાતે સિદ્ધ થયું. અમારે જે સિદ્ધ કરવું છે તે કોટિમાં તેઓ પોતાની જાતેજ પણ આવી ગયા.

વળી મારા જેવા મિત્રના વચનદ્વારાએ કરીને સુધર્માસ્વામીના અપત્યો તરીકે પોતાના આત્માને જણાવતાં તે કુપાક્ષિકોને તારે નિવારવા-રોકાવા. કારણ કે એ રીતે બોલતાં એવા તે લોકોના સ્વરૂપની જ હાનિનો સંભવ છે. એક બાજુ 'મારી માતા છે' એમ કહેવું અને બીજી બીજુ તેને 'વાંઝણી' કહેવી. એની જેમ એક બાજુ પોતાનું સુધર્માસ્વામીના અપત્યપણું જણાવવું અને બીજી બાજુ સ્વતંત્ર મતપ્રતિપાદનપણાને જણાવવું. એ પ્રમાણે પરસ્પર વિરોધ હોવાથી :

'શ્રી મહાવીરદેવે કોઈપણ દેવનો કે ગુરુનો અપત્ય છું.' એવું જણાવ્યું નથી. ઇત્યાદિ યુક્તિઓ વડે વિચારતાં શિવભૂતિ આદિનું ગુરુપણું અને તેના સંતાનીયા કૌડિન્ય આદિનું શિષ્યપણું છિન્નભિન્ન જ થાય છે. કારણ કે તે પોતાના આત્માને સુધર્મા સ્વામીના શિષ્ય તરીકે જણાવતાં હોવાથી નથી તો તીર્થંકર કે નથી તો ગુરુ. કારણ કે ગુરુપારતંત્ર્યના અભાવ વડે કરીને જ નવીન મતનું પ્રગટ કરવા પણું હોવાથી. તે કોઈના પણ શિષ્યપણાનો અભાવ હોવાથી જે તેઓનો પરસ્પર ગુરુ શિષ્યત્વનો વ્યવહાર દેખાય છે તે મરુમરુચિકામાં મૃગજલ જેવી-મૃગજલને વિષે–ઝાંઝવાના જલમાં જેમ જલનો વ્યવહાર થાય છે તેમ આ વ્યવહાર આભાસરૂપ જ જાણવો.

અને એથી જ કરીને આગમની અંદર કહેલું છે કે 'આ સાત પ્રવચન નિન્હવોના ધર્માચાર્ય થયા. તે જમાલી આદિ. **स्थानांगसूत्र-५८७-पृ-४१०।** કારણ કે તેના મતના મૂળકર્તા તે તે હોવાથી. તાત્ત્વિક રીતે દેવના આભાસપણામાં પણ ગુરુના આભાસવડે કરીને લોકમાં ગુરુ શિષ્યનો વ્યવહાર હોવાથી.

વાદિ પ્રશ્ન કરે છે કે 'બોટિક-દિગંબર આદિ અને પાશચંદ્ર સુધીના મતાકર્ષકો તે સ્વતીર્થિક છે કે અન્ય તીર્થિક છે? અથવા તો કોઈ બીજી રીતે છે?' જો એમ પૂછતો હોય તો કહીયે છીએ. ઉત્સૂત્રોની પ્રરૂપણા કરવાવડે કરીને તીર્થ બાહ્ય હોવાથી આ બધા સ્વતીર્થિકો નથી. સ્થાનાંગ સૂત્રમાં કહેલું છે કે :–

'શ્રી જિનેશ્વર ભગવંતે કહેલી સમુદ્‌ઘાત આદિ વસ્તુઓને અન્યથા પ્રરૂપણા કરાતો છતો પ્રવચન-તીર્થબાહ્ય થયો છે.' એ પ્રમાણે સાત નિન્હવોના અધિકારમાં કહેલું છે. તેમજ શાક્યાદિ જે પરતીર્થિકો છે. તેમની ક્રિયાકાંડનો સ્વીકાર નહિં કરેલો હોવાથી આ બધાય મતાકર્ષકો પરતીર્થિકો પણ નથી. પરંતુ આ બધા અવ્યક્ત શબ્દ વડે કરીને જુદી જ રીતના જાણવા. હરિભદ્રસૂરિ મ. કૃત-**આવશ્યક નિર્યુક્તિ**માં જણાવ્યું છે કે :—

**पवयणनीहूआणं जं तेसिं कारिअं जहिं जत्थ।**
**भज्जं परिहरणाए मूले तह उत्तरगुणे अ॥१॥**

એ ગાથાની વ્યાખ્યામાં કહેલું છે કે ''આ બધા સાધુઓ નથી. તેમ આ બધા ગૃહસ્થો પણ નથી. તેમ આ બધા અન્યતીર્થિકો પણ નથી. પણ અવ્યક્ત છે. એથી કરીને તેમના માટે જે કંઈ કરેલું હોય તે બધું સાધુને ખપે જ છે.'' એ પ્રમાણે હારિભદ્રીયકૃત આવશ્યક નિર્યુક્તિની ટીકામાં જણાવેલ છે.

હવે આ દશે કુપાક્ષિકોના આદિકર્તા કોણ? આ બધાનો ઉત્પત્તિ કાલ ક્યારે? આ બધાની પ્રરૂપણા શી? આ બધાનો પ્રતીકાર કેવી રીતે? આ બધાને શું નિમિત્ત પામીને તીર્થ બાહ્ય થવું પડ્યું? એ બધું સંપ્રદાયાગત કહેવાને માટે 'પહેલાં જેનો વારો આવતો હોય તેનો પહેલાં નિર્દેશ કરવો; નિર્દેશ થયો હોય તેનો ઉદ્દેશ કરવો, એ ન્યાયથી પહેલાં ઉદ્દિષ્ટ કરાયેલા દિગંબરને પહેલાં કહીયે છીએ.

**तत्थय खमणो रमणो, दुग्गइवणिआइ जेण वणिआए।**
**न मुणइ मुत्तिं भुत्तिं, केवलिणो कवलभोइस्स॥३॥**

આ ઉદ્દિષ્ટ કરેલા ૧૦-મતો. એમાં ક્ષપણક–દિગંબર પહેલો છે. તે દુર્ગતિરૂપ વનિતાનો ભર્ત્તા છે. દુર્ગતિ-એટલે નરક આદિ જે કુગતિ તે રૂપી સ્ત્રી તેનો સ્વામી. ગાથામાં **चकार** લખેલો હોવાથી બાકીના ૯-કુપાક્ષિકો માટે પણ દુર્ગતિરૂપ વનિતાનું ભર્તાપણાને સૂચવવા માટે છે. હવે દિગંબરનું દુર્ગતિરૂપ વનિતાના ભર્ત્તાપણામાં હેતુ જણાવે છે, જે કારણ કરીને બોટિક, સ્ત્રીની મુક્તિ માનતો નથી. એટલે સકલ કર્મનો ક્ષય કરનાર એવું જે મુક્તિ સ્થાન તેને સ્ત્રીઓ પામતી નથી. તે પ્રમોક્ષોના ઉપદેશ વડે કરીને સ્ત્રી મુક્તિનો નિષેધક છે.

તેવી જ રીતે તેવા પ્રકારના વેદનીય કર્મના ઉદયથી ક્ષુધા વેદનાના ઉપશમન માટે કવલાહાર ગ્રહણ કરતાં એવા કેવલીના કવલાહારનો નિષેધ કરે છે. અર્થાત્ કેવલીને કવલાહાર ન હોય. એ પ્રમાણે ઉપદેશ દ્વારાએ નિષેધ કરે છે.

અહિં જો કે સિદ્ધાવસ્થાવાલા કેવલીને આશ્રીને વાત કરે તો તીર્થનો પણ અપસિદ્ધાંત-સિદ્ધાંતનો વિનાશ થાય. તે વાત દૂર કરવાને માટે દિગંબરવાદિનું કેવલીને કવલભોજીપણું અસિદ્ધ છે તે વાત દૂર કરવાને માટે **कवलभोजित्वविशेषण**નો ત્યાગ કરવા વડે કરીને **कायजोगिस्स**–કાય યોગવાલાઓને એ

પ્રમાણે વિશેષણ કહેવું વધુ યુક્ત છે. તો પણ જૈનના નિયમ વડે કરીને કેવલીઓને કવલભોજીપણું સિદ્ધ જ છે. એ પ્રમાણે બતાવવા માટે આ વિશેષણ આપ્યું છે તે દોષનું કારણ નથી. ।। ગાથા-૩ ।।

હવે દિગંબર મતના આદિકર્ત્તાને, તેના ઉત્પત્તિકાલને અને તીર્થથી બહાર થવાના નિમિત્તને બતાવવાને માટે ગાથા કહે છે.

**तस्सुप्पत्ती नवहिअ छव्वाससएहिं वीरनिव्वाणा।**
**रहवीरपुरे कंबलकोहाओ सहस्समल्लाओ ।।४।।**

તે બોટિકમતની ઉત્પત્તિ, શ્રી મહાવીરના નિર્વાણ પછી ૬૦૯-વર્ષ ગયા બાદ રથવીર નગરમાં થઈ છે. કોનાથી થઈ? તે કહે છે. રાજમાન્ય એવા સહસ્રમલ્લ અપરનામ શિવભૂતિથી, આ કહેવા વડે કરીને દિગંબરમતનો આદિકર્તા જણાવ્યો. કેવા પ્રકારના લક્ષણવાલા આ સહસ્રમલ્લથી ઉત્પત્તિ થઈ? રત્નકંબલના નિમિત્તનો જે ક્રોધ તેનાથી. આ વિશેષણ કહેવા વડે કરીને તીર્થથી બાહ્ય થવાનું કારણ રત્નકંબલનો ક્રોધ દર્શાવ્યો. તેનો વૃતાન્ત આ પ્રમાણે.

આજ ભરતક્ષેત્રને વિષે **રથવીરપુર** નામનું નગર છે તે નગરની બહાર **દીપક** નામનું ઉદ્યાન છે. તે ઉદ્યાનમાં **આર્યકૃષ્ણ** નામના આચાર્ય મહારાજા પધાર્યા હતા. તે નગરની અંદર **સહસ્રમલ્લ** નામનો રાજ સેવક હતો. અને તે રાજમહેરબાનીથી વિલાસ કરતો નગરમાં ફરે છે. અને રાત્રિના બે પ્રહર વ્યતીત થયે છતે ઘરે આવે છે. તે કારણથી તેની ભાર્યા તેની સાસુને કહે છે કે 'હું તમારા પુત્રથી કંટાળી ગઈ છું. કારણ કે તમારો પુત્ર રોજ રાત્રે ઘણો સમય થયા પછી આવે છે. તેથી કરીને ઉજાગરાવડે અને ભૂખવડે પીડાતી એવી હું હંમેશા રહું છું.' આ વાત સાંભળીને સાસુએ કહ્યું કે હે વહુ! આમ છે તો તું આજે સૂઈ જા. હું જ આજ જાગીશ.

ત્યારે સાસુના કહેવા પ્રમાણે વહુએ કર્યું. હવે સાસુ જાગતી હતી તે વખતે બે પહોર રાત્રિ ગયે છતે શિવભૂતિએ આવીને કહ્યું કે બારણું ઉઘાડો. ત્યારે કોપાયમાન થયેલી માએ કહ્યું કે 'હે દુર્નયનિધિ! આ વેળાએ જેના બારણાં ખુલ્લા હોય ત્યાં જા. તારી પાછળ લાગીને કોઈ અહિંયા મરવા નવરું નથી.' માનું આ વચન સાંભલીને કોપ અને અહંકારથી પ્રેરાયેલો તે જતો રહ્યો. અને નગરમાં રખડતા ઉઘાડા દ્વારવાલો સાધુનો ઉપાશ્રય જોયો. ત્યાં સાધુઓ કાલગ્રહણ લેતાં હતાં. તેઓની પાસે જઈને અને તેઓને વંદન કરીને વ્રતની માંગણી કરી. સાધુઓએ રાજવલ્લભ તથા માતા આદિ પરિવારે છૂટો કરેલો નહિં હોવાથી વ્રત આપ્યું નહિં. તે કારણથી રાખના પાત્રમાંથી જાતે રાખ ગ્રહણ કરીને પોતાના હાથે જ લોચ કરી નાંખ્યો. ત્યારે-

સાધુઓએ વેશ સમર્પ્યો અને સાધુઓ બધા તેના કારણથી બીજે ઠેકાણે વિચરી ગયા. કાલાન્તરે વિચરતાં ફરી પાછા ત્યાં આવ્યા. ત્યારે રાજાએ શિવભૂતિને બહુ કિંમતી એવી રત્નકંબલ આપી. ત્યારે આચાર્ય મહારાજે શિવભૂતિને કહ્યું કે 'સાધુઓને માર્ગ આદિમાં અનેક અનર્થના હેતભૂત એવી આ રત્નકંબલના ગ્રહણવડે તારે શું પ્રયોજન હતું? ના કહેવી હતીને?' તે કારણથી તેના ગુરુની અનુજ્ઞા

ન હોવા છતાં પણ મૂર્છાવડે કરીને સંતાડીને રાખી. અને ગોચરચર્યામાંથી પાછા આવ્યા પછી તે રત્નકંબલની સાર-સંભાળ હંમેશાં લે છે પણ તેનો ઉપયોગ કરતો નથી. ત્યારે ગુરુમહારાજે જાણ્યું કે આ શિવભૂતિ આમાં અત્યંત મૂર્છાવાળો છે. એમ જાણીને એક દિવસ તે બહાર ગયો ત્યારે તેની ગેરહાજરીમાં રત્નકંબલને ફાડી નાંખીને સાધુઓના પગલૂંછણાં કરી નાંખ્યા!

આ વ્યતિકર જાણીને કષાયથી કલુષિત થઈને આ શિવભૂતિ રહે છે. હવે તેમાં એક વખતે આચાર્ય મહારાજા, જિનકલ્પિકોનું વર્ણન કરે છે. તે આ પ્રમાણે :—

**जिणकप्पिआ य दुविहा, पाणिपाया पडिग्गहधरा य।**
**पाउरणमपावरणा, इक्किका ते भवे दुविहा॥१॥**

**दुग-१-तिग-२-चउक्क-३-पणगं-४-नव-५-दस-६-इक्कारसेव-७-बारसगं-८॥**
**एए अट्ठविगप्पा, जिणकप्पे हुंति उवहिस्स॥२॥ त्ति॥**

**(आवश्यकवृत्ति-प्रवचनपरीक्षा-४६२-४६४-पंचकल्प॥)**

આ બે ગાથાનો અર્થ આ પ્રમાણે છે :—

જિનકલ્પિકો બે પ્રકારના હોય છે. એક કરપાત્રી અને બીજા પાત્રને ધારણ કરવાવાળા. એક વસ્ત્રવાળા હોય છે. અને બીજા વસ્ત્ર વગરના હોય છે. તેમાં વસ્ત્રવાળા કેટલાક જિનકલ્પિકોને રજોહરણ અને મુહપત્તિ આ બે પ્રકારની ઉપધિ હોય છે. કેટલાકને કપડા સાથે ત્રણ ઉપધિ હોય છે. અને કેટલાકને બે કપડાં-રજોહરણ ને મુહપત્તિ હોય છે. કેટલાકને ત્રણ કપડાં રજોહરણ અને મુહપત્તિ એમ પાંચ હોય છે. અને કેટલાકને રજોહરણ-મુહપત્તિ અને સાત પ્રકારનો પાત્રનિર્યોગ. એમ થઈને નવ પ્રકારની ઉપધિ હોય છે. આ પાંચમો ભેદ. અને છઠ્ઠા ભેદની અંદર આ જ ઉપધિ અને એક કપડો આ દશ પ્રકારના થયા.

સાતમા ભેદમાં પૂર્વે જણાવેલી નવ ઉપધિ અને બે કપડાં. આઠમાં પ્રકારમાં પૂર્વે કહેલી નવ ઉપધી અને ત્રણ કપડાં આમ બાર પ્રકારની ઉપધી હોય છે. આમ જિનકલ્પીકોને-૨-૪-૫-૭-૯-૧૦-૧૧-૧૨ આમ આઠ ભાગે ઉપધિવાળા જિનકલ્પિકો હોય છે.

આ સાંભળીને શિવભૂતિએ કહ્યું કે 'જો આ પ્રમાણે છે તો સાંપ્રતકાળે ઔધિક અને ઔપગ્રહિક આટલી ઉપધિ કેમ ગ્રહણ કરાય છે? તમે જણાવો છો તે જિનકલ્પ કેમ ન કરાય?' ત્યારે ગુરુ મહારાજે કીધું કે-'સંહનન આદિના અભાવથી જંબુસ્વામીના નિર્વાણ પછી આ જિનકલ્પ વિચ્છિન્ન થયેલ છે. તેથી સાંપ્રતકાલે કરી ન શકાય.' ત્યારે શિવભૂતિએ કીધું કે-'' હું જીવતો હોઉં અને તે નાશ કેમ પામે? હું જ તેનો સ્વીકાર કરું છું. પરલોકના અર્થીએ નિષ્પરિગ્રહ એવો તે જિનકલ્પ સ્વીકારવો જ જોઈએ. કષાય-મૂર્છા-આદિ દોષોના ભંડાર અને પરિગ્રહના અનર્થવાલું એવું આ ઉપધિગ્રહણ શું કામ જોઈએ? અને એથી કરીને શ્રુતની અંદર સાધુનું નિષ્પરિગ્રહપણું કહેલું છે. વળી જિનેશ્વર ભગવંત અચેલક જ હોય છે. એ કારણથી અચેલકત્વ = વસ્ત્રરહિતપણું સુંદર છે.'' આ

સાંભળીને ગુરુએ કહ્યું કે-'જો તું કહે છે એમ હોય તો આ શરીરને વિષે પણ કષાય-ભય-મૂર્ચ્છા આદિ દોષો કોઈકને સંભવે છે તો દીક્ષા ગ્રહણ કર્યા પછી તરતજ દેહને ત્યાગવાની પરિસ્થિતિ ઉભી થશે.'

વળી બીજી વાત એ છે કે જે-આગમની અંદર નિષ્પરિગ્રહપણું કહેલું છે તે પણ ધર્મોપકરણોને વિષે મૂર્ચ્છા ન કરવી એ જણાવવા માટે છે. અને તેથી કરીને મૂર્ચ્છાનો અભાવ એ જ નિષ્પરિગ્રહપણું છે એમ સમજવું, નહિં કે ધર્મના ઉપકરણોનો પણ ત્યાગ કરવો.'

વળી બીજી વાત 'જિનેશ્વર ભગવંતો પણ સર્વથા અચેલક નહોતા. કારણ કે **આવશ્યક સૂત્રના**-૨૨૭મા સૂત્રમાં જણાવેલું છે. **'सव्वेऽवि एगदूसेण निग्गया जिणवरा चउव्वीसमित्यागमवचनात्॥** સૂ. ॥૨૨૭॥ કે ચોવીશ-તીર્થંકર ભગવંતો એક દેવદૂષ્યને ગ્રહણ કરીને નીકળ્યા છે.'

આ પ્રમાણે ગુરુમહારાજ અને સ્થવિર ભગવંતોએ પૂર્વે કહી ગયા તે અને હવે પછી કહેવાશે તે યુક્તિઓ વડે કરીને પ્રતિબોધ કરવા છતાં પણ તેવા પ્રકારના કષાય અને મોહનીય આદિ કર્મના ઉદયથી તે શિવભૂતિ પોતાના કદાગ્રહથી પાછો ફર્યો નહિં. પરંતુ વસ્ત્રોનો ત્યાગ કરીને નીકળી ગયો! ત્યાર પછી બહાર ઉદ્યાનમાં રહેલા તે શિવભૂતિને વંદન કરવા માટે તેની **'ઉત્તરા'** નામની બહેન ગઈ. વસ્ત્રનો ત્યાગ કરેલા ભાઈને જોઈને તેણે પોતે પણ વસ્ત્રનો ત્યાગ કર્યો.

ત્યાર પછી ભિક્ષા માટે નગરમાં પેઠેલી તેણીને વેશ્યાએ જોઈ. અને તેથી કરીને વેશ્યા ચિંતવવા લાગી કે 'આવી રીતની વસ્ત્ર વગરની બીભત્સ એવી નારીને જોઈને લોકો અમારી ઉપરથી વિરાગી ન થાઓ.' આમ વિચારીને નહિં ઇચ્છતી એવી ઉત્તરાને સાડી પહેરાવી દીધી. ઉત્તરાએ આ વ્યતિકર શિવભૂતિને જણાવ્યો. તેથી શિવભૂતિએ વિચાર્યું કે વસ્ત્ર વગરની નારી અત્યંત બીભત્સ અને અતિ લજ્જનીય લાગશે. તેમ વિચારીને તેણે ઉત્તરાને કહ્યું કે 'તું આવી જ રીતે રહે. તારે આ વસ્ત્રો હવે છોડવા નહિં, દેવતાએ જ તને આ આપેલું છે.' ત્યાર પછી શિવભૂતિએ કૌડિન્ય અને કોટ્ટવીર નામના બે શિષ્યો બનાવ્યા અને તે બન્ને શિષ્યોથી આચાર્ય અને શિષ્ય લક્ષણવાલી બે પરંપરા પ્રવર્તી. આ પ્રમાણે બોટિક દૃષ્ટિની-મતની ઉત્પત્તિ થઈ. ॥ ગાથાર્થ-૪ ॥ હવે દિગંબર મતની પ્રરૂપણાને આશ્રીને તેની મૂળ પ્રરૂપણા જણાવે છે.

**तम्मयमूलपरूवणमुवगरणं धम्मसाहणं जं च।**
**तंपि अ परिग्गहो खलु, मुच्छाभयदोसहेउत्ति॥५॥**

તે દિગંબરના મતની અંદર મૂળ પ્રરૂપણા એટલે પહેલું જ ભાષણ એ છે કે 'ધર્મનું સાધન એવું જે રજોહરણ આદિ-૧૪-પ્રકારનું ઉપકરણ, તે પણ પરિગ્રહ જ છે.' તેમાં વિશેષણ દ્વારા હેતુ એ આપે છે કે-તે ઉપકરણો, મૂર્ચ્છા-ભય અને દ્વેષ આદિનું કારણ છે. 'આ મારૂં ઉપકરણ' એ પ્રમાણે રાગના કારણવડે કરીને મૂર્ચ્છા થાય છે. વળી ચોર આદિના અપહરણ દ્વારા ઉત્પન્ન થયેલા ભયની પણ પ્રાપ્તિ છે. તે ઉપકરણને વ્યાઘાત પહોંચાડનાર ઉપર દ્વેષ થાય છે. અને તેથી કરીને મૂર્ચ્છા-ભય

અને દ્વેષ આદિ ઉત્પન્ન થાય તેવા ઉપકરણને સાધુઓએ ઉત્સર્ગ માર્ગે વાપરવું યોગ્ય નથી. **'जिताचेलपरिसहो मुणी'**-અચેલ પરિસહ જેણે જિત્યો છે. તેને મુનિ કહેવાય.' એવું વચન હોવાથી વસ્ત્રનો અભાવ થયે છતે જ અચેલ પરિષહ જીત્યો કહેવાય. આગમમાં કહ્યું છે કે

**तिहिं ठाणेहिं वत्थं धरेज्जा, तं० हिरिपत्तिअं-१-दुगुंछावत्तिअं-२ परीसहवत्तिअं-३-स्थानांग सू०-१७३ ॥**

ત્રણ સ્થાનોમાં-ત્રણ કારણોમાં વસ્ત્ર ધારણ કરવું જોઈએ. તે આ પ્રમાણે ૧-લજજાનિમિત્તે, ૨-દુગુંછાનિમિત્તે-અને ૩-પરિસહ નિમિત્તે. આ ત્રણ કારણે વસ્ત્ર ધારણ કરવાનું કહ્યું છે. લજજા આદિની રક્ષા માટે જે વસ્ત્ર ધારણ કરવું તે પણ કારણિક જ છે. અને તે કારણ પણ અમારા જેવા અજોડ સાહસિકોને માટે અસંભવિત છે.'' આ પ્રમાણેનો દિગંબર મતનો મૂળપ્રરુપણારૂપી-અભિપ્રાયરૂપી પૂર્વ પક્ષ જણાવ્યો. ॥ ગાથાર્થ-૫ ॥

હવે આ દિગંબરે વિકલ્પેલો પૂર્વપક્ષ ખોટો જ છે. એ પ્રમાણે પ્રતિપાદન કરવા માટે વાંધાઓ બતાવાય છે.

## देहाहारप्पमुहं परिहरणिज्जं हविज्ज तस्समए।
## अहवा णाणाइ जओ, पुरिसविसेसे सदोसंति॥६॥

**અર્થ :**—શરીર, અશનાદિ ચાર પ્રકારનો આહાર આદિમાં છે જેને એવા. આદિશબ્દથી શય્યા, આસન-વસ્તી આદિનું પણ ગ્રહણ કરી લેવું.

આ બધું પણ દિગંબરના મતે ત્યાગ કરવા લાયક થશે. કારણ કે આ બધાયમાં દિગંબરે કહેલા દોષોનો અત્યંત સંભવ છે.

બીજી વાત તો દૂર રહો. અથવા તો જ્ઞાન-દર્શન-ચારિત્ર પણ તેને ત્યાજય થશે. કારણ કે પુરુષ વિશેષે કરીને જ્ઞાન આદિ પણ તારા વિકલ્પેલા દોષને ભજવાવાળું છે. તે કેવી રીતે? એમ પૂછતો હોય તો સાંભળ. હે નગ્નાટ! તારાવડે વસ્ત્ર સ્વીકારાતું નથી તેમાં કારણ શું?

(૧) જિનેશ્વર ભગવંતે ઉપદેશેલું નથી તે કારણ છે? કે

(૨) મૂર્ચ્છાહેતુનું કારણ છે? કે

(૩) ભય હેતુનું કારણ છે? કે

(૪) ક્રોધાદિકનું કારણ છે? કે

(૫) દુર્ધ્યાનહેતુનું કારણ છે? કે

(૬) પરિસહ સહન કરવાનું કારણ છે? કે

(૭) પ્રવચનના ગૌરવનું કારણ છે? અથવા

(૮) અરિહંત ભગવંતોએ નહિ સ્વીકારેલું હોવાનું કારણ છે? અથવા-

(૯) જિનકલ્પિકોએ નહિ સ્વીકારેલું હોવાથી. આ નવ પ્રશ્નો છે.

જો તેમાનું પહેલું કારણ કહેતો હોય તો તે પહેલો વિકલ્પ બહુ દોષદાયક નથી. કારણ કે લજ્જા આદિના રક્ષણ માટે વસ્ત્રનું ધારણ કરવાનું જિનેશ્વર ભગવંત વડે અનુજ્ઞાત થયેલ છે. (આજ્ઞા હોવાથી)

સ્થાનાંગના-૧૭૧-માં સૂત્રમાં કહ્યું છે કે :-**तिहिं ठाणेहिं वत्थं धरेज्जा॥** આગળ આવી ગયેલા પાઠ પ્રમાણે આ પાઠની વૃત્તિનો અર્થ આ પ્રમાણે

''સજ્જા અથવા સંયમના નિમિત્તે વસ્ત્ર ધારણ કરવું. (૧)

લોક વિહિત નિંદા ન થાય તે ખાતર વસ્ત્રને ધારણ કરવું (૨)

શીત-ઉષ્ણ-દંશ-મશક આદિ પરિસહો તેની ખાતર વસ્ત્ર ધારણ કરવું (૩)

આ ત્રણ કારણો વડે ભગવંતોએ વસ્ત્રને ધારણ કરવાનુ અનુજ્ઞા આપેલી છે.''

આ વાત તો તારાવડે પણ પહેલાં સ્વીકારાયેલી છે. પરંતુ 'કારણિક' એ પ્રમાણે કહીને જે વાત ઉદ્‌ભાવિત કરી છે તે વાત, શૂન્યહૃદયપણું હોવાથી યોગ્ય નથી. તે આ પ્રમાણે.

અમે પણ એ પ્રમાણે કહીયે છીએ કે ત્રણ કારણો વડે કરીને જ સાધુઓ વસ્ત્ર ધારણ કરે છે, પરંતુ જે કારણો કહેલા છે તે કારણો, જિનકલ્પિક આદિને માટે અયોગ્ય એવા અને અતિશય વગરના એવા સાધુઓને જ હંમેશા સંભવે છે. તેથી કરીને વસ્ત્ર ધારણ કરવું જ જોઈએ.

જો લોકનિંદા અને પરિસહને માટે તે ધારણ કરીએ તો પણ સંયમ નિમિત્તે અવશ્ય વસ્ત્ર ધારણ કરવું જોઈએ. વસ્ત્ર ધારણ ન કર્યું હોય તો શીતકાલમાં અગ્નિ સળગાવવા વડે કરીને મહા અસંયમની આપત્તિ આવશે.

વળી તેં જે કહ્યું કે 'અસમસાહસવાળા એવા અમારે તો આ કારણ અસંભવિત છે.' તો તારી જેવાને આહાર ગ્રહણ કરવો તે પણ યોગ્ય નથી. કારણ કે આહાર ગ્રહણ કરવો તે પણ કારણિક જ છે. સ્થાનાંગ સૂત્રના સૂ-૫૦૦ માં કહ્યું છે કે :-

**छहिं ठाणेहिं समणे निग्गंथे आहारमाणे नाइक्कमइ, तं०-वेअण-१-वेयावच्चे-२-इरिअट्ठाए अ-३-संजमट्ठाए-४। तह पाणवत्तिआए-५-छट्ठं पुण धम्मचिंताए-६॥४१॥** અર્થ :—છ સ્થાનોને વિશે શ્રમણ અને નિર્ગ્રંથ આહાર ગ્રહણ કરતો છતો આજ્ઞાને ઓળંગતો નથી. તે કારણો આ પ્રમાણે :-

(૧) એક વેદનાનું કારણ.

(૨) બીજું વૈયાવચ્ચનું કારણ.

(૩) ત્રીજું ઇર્યાપથિકીનું કારણ.

(૪) ચોથું સંયમપાલન માટે.

(૫) પાંચમું પ્રાણ ધારણ કરવા માટે.

(૬) છઠ્ઠું ધર્મ ચિંત્વન માટે. આમ છ કારણો ઉપસ્થિત થયે છતે આહારને ગ્રહણ કરતો સાધુ ભગવંતની આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી. કારણકે પુષ્ટ આલંબન હોવાથી, અને આ છ કારણો સિવાય જો રાગાદિ-આસક્તિ આદિના કારણે કરે તો જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરે જ છે.

**હવે વિશેષ અર્થ** :–૧-વેદના અને ક્ષુધાવેદનીય માટે ૨-વૈયાવચ્ચ, આચાર્યાદિ સંબંધીનું કૃત્ય કરવા માટે ભોજન કરવું-૩-ઈર્યા-ગમન, યુગમાત્ર નિહિતદ્રષ્ટિવાળાં ગમન માટે. ભૂખ્યો આત્મા, ઈર્યાશુદ્ધિમાં અશક્ત હોય છે માટે વિશુદ્ધ ઈર્યા સમિતિ પાલવા માટે, ૪-પ્રેક્ષા-ઉત્પ્રેક્ષા-પ્રમાર્જના આદિ લક્ષણવાળું જે સંયમ તેના પાલન માટે, ૫-શ્વાસોશ્વાસ આદિ જે પ્રાણો અને મન-વચન તથા કાયા આદિનું જે બલ તે બલને ધારણ કરવા માટે.(આહાર કરવો) છઠ્ઠું કારણ-ધર્મ ચિંતા એટલે ગુણન અને અનુપ્રેક્ષા આદિ અંગે : આમ છ કારણોને લઈને સાધુ આહાર કરતો સતો જિનેશ્વર ભગવાનની આજ્ઞાનો વિરાધક નથી.

વળી આહારના કારણની અપેક્ષાએ વસ્ત્રનું કારણ અત્યંત બળવાન છે જ. કારણ કે વસ્ત્ર પરિત્યાગ કર્યે છતે લજ્જા આદિ જે મનુષ્યધર્મ છે તેનાથી રહિત એવો પ્રાણી, લોકને વિષે પાગલ-ગાંડો કહેવાય છે તથા નહિં બોલાવવા લાયક, જોવાને પણ અકલ્પ્ય. ઇત્યાદિ પ્રકારની ઉપેક્ષાવડે કરીને લોકમાં તેનો ત્યાગ કરાય છે.

આહારના પરિત્યાગમાં તો 'અહો! આ મહાનુભાવ તપસ્વી છે. પર્યુપાસનાને યોગ્ય છે.' એ પ્રમાણેની ખ્યાતિવાળો અને પ્રવચનની ખ્યાતિવાળો અને-શાસનના ગૌરવને વધારનારો તે જીવ થાય છે. તેથી કરીને ગુહ્ય અવયવના આચ્છાદન વડે કરીને અને મનુષ્યધર્મના સત્યાપનના કારણભૂત એવું વસ્ત્ર સ્વીકરીને-પરિણામોને અનુચિત એવા આહારાદિકનો ત્યાગ કર. એ પ્રમાણેનું મિત્રસદૃશ મારૂં વચન સત્ય છે એમ જાણ.

હવે 'વસ્ત્ર એ મૂર્છાનું કારણ છે. એમ વિચારીને વસ્ત્રનો સ્વીકાર કરવો તે અમારે કબૂલ નથી.' એવો તારો બીજો વિકલ્પ હોય તો અમે પૂછીયે છીએ કે-હે દિગંબર! તને તારા શરીર પર મૂર્છા છે કે નહિં? જો હોય તો શરીરની જેમ વસ્ત્ર પણ તારે હોવું જોઈએ.

કારણ કે બન્નેમાં સમાનપણું હોવાથી. અને જો શરીર ઉપર પણ મૂર્છા નથી તો વસ્ત્રમાં પણ મૂર્છા ન જ થાય. કોઈ એવો આત્મા નથી કે કલ્પતરુ પ્રાપ્ત થયે છતે પણ મૂર્છા વગરનો હોય, અને કલ્પતરુને ઉપકાર કરનારા એવા ઘાસ આદિની વાડમાં મૂર્છિતવૃતિવાળો હોય! એવું બનતું નથી. આ કહેવાનો ભાવ એ છે કે–પ્રાયઃ કરીને અનંતકાલે પણ દુર્લભ એવું, અને અબજો રત્નોવડે કરીને પણ અલભ્ય એવું, અને અનેક કોટિ દ્રવ્યના વ્યય કરવાવડે કરીને પણ પરિપાલનને યોગ્ય, અર્થાત્ ઘણાં મૂલ્યોવાળું અને બહુવસ્તુનો વિનાશ થવા છતાં પણ પ્રમોદના કારણભૂત અને વસ્ત્ર આદિ બાહ્યવસ્તુની

અપેક્ષાએ કરીને અંતરંગ કારણ સ્વરૂપ, ચિરકાલ સુધી રહેવાવાળું, અને સર્પ-કાંટા-કાંકરાં-ખાડા-અગ્નિ-વાયરો-તડકો-ઠંડી આદિ ઉપદ્રવોથી રક્ષણ કરાતું, તેમજ લક્ષપાક આદિ તેલો વડે માલીશ કરાતું, પાણી આદિવડે સાફ સૂફ કરાતું એવું તેમજ સાકરના પાણી આદિ સહિતના મિષ્ટાન્ન ભોજનની વિધિવડે પાલન કરાતું એવું આ શરીર, અરે! વધારે શું કહીયે? સ્વર્ગ અને અપવર્ગ (મોક્ષ) આદિ અનેક અભીષ્ટ પદાર્થને સાધી આપવાવડે કરીને કલ્પતરુ સદૃશ એવા ''મનુષ્યસંબંધીના શરીરને વિષે પણ જો તને મૂર્છા નથી તો ખરેખર શરીર આદિની અપેક્ષાએ કરીને અત્યંત નિસ્સારભૂત, થોડા-ઘણાં દિવસે પણ અવશ્ય પોતાની જાતે નાશ પામવાવાળું, અગ્નિ-ચોર આદિના ઉપદ્રવોથી ક્ષણમાત્રમાં હણાઈ જનારૂં, તેમજ ક્રયવિક્રયમાં પ્રાયેઃ કરીને સુલભ એવું, અને બહાર રહેતું એવું જે વસ્ત્ર આદિ તેને વિષે મૂર્છા તો દૂર જ થયેલી હોય. અર્થાત્ કિંમતી એવા શરીરને વિષે મૂર્છા તને નથી તો અકિંમતી એવા વસ્ત્રમાં તો મૂર્છા ક્યાંથી જ હોય?

આમ હોવા છતાં પણ જો તને વસ્ત્રાદિમાં મૂર્છા થતી હોય તો શરીરને વિષે તો વિશેષે કરીને મૂર્છા થશે જ. કારણ કે શરીરના રક્ષણને માટે વસ્ત્ર આદિનો સ્વીકારપણું હોવાથી. દુધ આદિના કારણે જ ગાય આદિને માટે ઘાસચારો એકઠો કરનારો એવો માણસ, ઘાસ આદિમાં મૂર્છાવાળો હોય અને ગાય આદિમાં મૂર્છા વગરનો છે એવું કોઈથી પણ બોલી શકાય નહિં. કારણ કે ગાય આદિની મૂર્છાથી જ ઉત્પન્ન થયેલી તૃણાદિ મૂર્છાનો સદ્ભાવ હોવાથી તૃણાદિ એકઠું કરે છે. તેથી કરીને ગાય આદિની જે મૂર્છા છે તે વાસ્તવિક મૂર્છા છે. અને તૃણાદિકમાં ઔપચારિક મૂર્છા છે. એ પ્રમાણે નગ્નાટના મતમાં પણ શરીરની મૂર્છાપૂર્વકની જ વસ્ત્રાદિની મૂર્છા સંભવે છે. અન્યથા નહિં. જો શરીરને વિષે મૂર્છા ન હોય તો વસ્ત્રવાલા શરીરને વિષે પણ નિશ્ચયે અમૂર્છિત જ હોય.

હવે દિગંબર કહે છે કે 'ખરેખર તો વસ્તુ સ્થિતિએ વિચાર કરીએ તો શરીરને વિષે મૂર્છા છે તે વાત અમે પણ જાણીયે છીએ. પરંતુ શરીર છોડી શકવા માટે સમર્થ નથી.' જો એમ કહેતો હોય તો તારી વાત સત્ય છે. પરંતુ **"जं सक्कइ तं कीरइ"** જે શક્ય હોય તે કરવું એ પ્રમાણેનું પ્રવચનનું વચન હોવાથી 'આહાર કરવાનો વિધિ તો છોડી દેવા માટે સમર્થ છો કે નહિં?' તો જો છોડી શકવા સમર્થ જ હોય તો તેનો તો ત્યાગ જ કરવો. માટે આહારવિધિ છોડવી. દિગંબર કહે છે કે 'આહાર કર્યા સિવાય શરીરસ્થિતિ જ ન રહે એનું શું કરવું?' જો તને એમ ચિંતા થતી હોય તો 'તે ન રહો, શરીર જાય તો શું દોષ છે?' તો દિગંબર કહે છે કે 'શરીરનો અભાવ થયે છતે સંયમનો અભાવ થાય. અને સંયમના અભાવે તો મોક્ષ કેમ સધાય?' એમ જો કહેતો હોય તો કહીયે છીએ કે 'શું મૂર્છા વિષયવાળું શરીર પણ તને મોક્ષના સાધનપણાએ કરીને તને ઈષ્ટ છે?' તો—

અનન્યગતિએ કરીને પણ 'જો શરીર ઈષ્ટ છે તો વસ્ત્રે તારૂં શું બગાડ્યું છે?' કારણ કે મૂર્છા વિષયનું સમાનપણું બંનેમાં હોવા છતાં પણ 'મોટા પ્રયત્નોએ કરીને શરીરનું પરિપાલન કરવું છે અને વસ્ત્રનું છોડવું છે?' હવે બીજી વાત--'ભોજન પણ મૂર્છા વિષયક છે કે નહિં?' એવો વિકલ્પ ઊભો કરીને પૂર્વે કહી ગયેલ યુક્તિવડે નગ્નાટનો તિરસ્કાર કરવો. તેવી રીતે ગુરુવડે કરીને શિષ્યોનો. અને

શિષ્યવડે કરીને ગુરુ પણ ત્યાગ કરવા લાયક થશે. એવી જ રીતે તીર્થને વિષે, તીર્થંકરને વિષે, જ્ઞાનને વિષે, દર્શનને વિષે-ચારિત્રને વિષે પણ સમજી લેવું. કારણ કે આ બધા સ્થાને 'આ મારું છે, એવા પ્રકારની મૂર્છાનું અનિવાર્યપણું હોવાથી : હવે અતિ વિસ્તારથી સર્યું. આમ મૂર્છાવિષયક બીજો વિકલ્પ પૂરો થયો. (૨)

અને હવે 'ભયનું કારણ હોવાથી વસ્ત્રનો ત્યાગ કરવો' એવો તારો ત્રીજો વિકલ્પ છે તે પણ અતિ દુષ્ટ છે. ખાડા-કૂવો-કાંટા-સર્પ-સિંહ આદિ તેમજ જ્વર, અતિસાર આદિ વડે કરીને તેમજ ભોજન-ભૈષજના અલાભ આદિ વડે કરીને તેમજ અતિશય ભોજન આદિ વડે કરીને, દુષ્ટજનો વડે કરીને-પવન-અગ્નિ-પાણી આદિ વડે કરીને અનેક પ્રકારના શરીર સંબંધીના ભયનો સંભવ હોવાથી શરીરના ત્યાગની અવશ્ય આપત્તિ તને આવશે. તેમજ નિદ્રાદિ પ્રમાદના વશવડે કરીને વિસ્મરણ આદિ ભય હેતુક જ્ઞાન છે, અને શંકા આદિ વડે કરીને વિનાશના ભય હેતુ દર્શન-સમ્યક્ત્વમાં પણ છે. પ્રમાદાચરણ વડે કરીને માલિન્યતાના ભયવાલું ચારિત્ર પણ છે. એથી કરીને તારે જ્ઞાનાદિ પણ ત્યાગ કરવા લાયક થશે. બીજી વાત તો દૂર રહો પણ ભોજન કરવામાં અજીર્ણ આદિનો ભય રહેલો જ છે. તેથી કરીને તારે ભોજન પણ ત્યાગ કરવા લાયક થશે. (૩)

હવે જો 'વસ્ત્ર, ક્રોધ આદિનું કારણ હોવાથી અમે વસ્ત્રનો ત્યાગ કરીએ છીએ.'એ પ્રમાણે ચોથો વિકલ્પ કહેતો હોય તો તે વિકલ્પ અકિંચિત્કર જ છે. કારણ કે ક્રોધાદિકના કારણરૂપે કરીને શરીર આદિના પણ ત્યાગની આપત્તિ તને આવશે. તે કેવી રીતે? એમ પૂછતો હોય તો સાંભળ! બીજી વાત દૂર રહો. પણ અહો! આશ્ચર્યની વાત છે કે ''આ પાપાત્મા કુળવધુઓને પણ પોતાનું અવાચ્ય દેખાડતો લાજતો નથી.'' એવા પ્રકારની આર્યપુરુષની ઉક્તિ, તારા કર્ણપથે અવતરી તો તને જ ક્રોધની ઉત્પત્તિનું કારણ થશે કે નહિં? અને તે ઉત્પત્તિનું કારણ નગ્નરૂપપણાએ કરીને તારું બીભત્સ શરીર જ છે. અને તે શરીરના અભાવ વડે તેવા પ્રકારની ઉક્તિનો અસંભવ હોવાથી ક્રોધાદિકની ઉત્પત્તિ ક્યાંથી થવાની? એ પ્રમાણે આહારની પ્રાપ્તિ થયે છતે તારા વિકલ્પેલા કાર્યમાં અંતરાય પડવાનું થવાથી અનુપયોગી એવા પુરુષ સંબંધી ક્રોધ આદિની ઉત્પત્તિ છે જ.

અને આ વાત જે કહી છે તે વાત અસંભવિત છે એમ નહિં કહેવું. કારણ કે દશમા ગુણસ્થાનક સુધી સાધુઓને પણ સંજ્વલન આદિના ક્રોધાદિકનો ઉદય હોવાથી અને એ ક્રોધાદિકને ઉત્પન્ન થવાનું કારણ અમે કહેલા કારણો જ છે બીજુ નહિં. એ પ્રમાણે જ્ઞાન આદિમાં પણ જાણી લેવું! હવે દિગંબર પૂછે છે કે 'જ્ઞાનથી ક્રોધની ઉત્પત્તિ કેમ થાય?' એ પ્રમાણે પૂછતો હોય તો અમે પણ પ્રશ્ન પૂછીએ છીએ કે--'વસ્ત્રથી ક્રોધની ઉત્પત્તિ કેવી રીતે?' અને જો તું એમ કહેતો હોય કે વસ્ત્ર આદિ ચાલ્યા જવામાં-અપહરણમાં, ચૌરાદિકના વિષયનો જે ક્રોધ ઉત્પન્ન થાય તે વસ્ત્રનિમિત્તે જ કહેવાયને? એવો તારો આશય હોય તો કોઈક, પંડિતાઈ આદિવડે પ્રસિદ્ધ થયેલો આત્મા કોઈક રાજયસભા આદિને વિષે બીજા પંડિતવડે કરીને પરાભવ પામે, અપભ્રાજના પામે ત્યારે પોતાને જિતનાર પંડિતપર ક્રોધવાળો થાય તેમાં ક્રોધનું નિદાન=કારણ શ્રુતજ્ઞાન જ છે. નહિં ભણેલાને તેવા પ્રકારના પરાભવનો

અસંભવ હોવાથી ક્રોધાદિક ક્યાંથી થાય?-એ જ પ્રમાણે પરવાદિના જયમાં માનહેતુ જ્ઞાન જ થશે. તેથી કરીને તારે શ્રુત પણ ભણવા જેવું નહિં રહે. અને બાહુબલિ આદિના દ્રષ્ટાંતવડે ચારિત્ર પણ માનહેતુક થશે. જો એમ ન હોય તો 'ભાઈઓને વંદન કરવાની ભીતિએ એક વર્ષ સુધી જે કાયોત્સર્ગમાં બાહુબલિજી રહ્યા તે કેમ બને?' અને તે માનનું કારણ પણ ચારિત્ર જ છે. તેથી કરીને તે (ચારિત્ર) પણ તારે ઉપાદેય નહિં થાય.

તેવી રીતે સૂરિપદ આદિ પણ કોઈકને અત્યંત માનનો હેતુ થાય અને એથી કરીને દિગંબર મતની અંદર વસ્ત્ર આદિની જેમ આ પણ ઉપાદેય નહિં બને. અતિવિસ્તારવડે સર્યું. (૪) વસ્ત્ર દુર્ધ્યાનનો હેતુ છે. એથી કરીને વસ્ત્ર ત્યાગીએ છીએ. એમ જો કહેતો હોય તો તે પણ અનુચિત છે. તે આ પ્રમાણે :–

**से किं तं रोद्दज्झाणे? रोद्दज्झाणे चउव्विहे पं० तं० हिंसाणुबंधी-१-मोसाणुबंधी-२-तेआणुबंधी-३-सारक्खणाणुबंधी-४-तिस्थानाङ्गे-(८०४-सू)** તે રૌદ્રધ્યાન કેવું હોય? રૌદ્રધ્યાન ચાર પ્રકારનું કહેલું છે. તે આ પ્રમાણે હિંસાનુબંધી-૧-મૃષાનુબંધી-૨-સ્તેયાનુબંધી-૩-સંરક્ષણાનુબંધી-૪-સ્થાનાંગસૂત્રના-૮૦૪માં સૂત્રમાં આ રીતે છે. તેમાં સંરક્ષણ એટલે મારણ આદિ સર્વ પ્રકારના ઉપાયો વડે કરીને ચોર આદિવડે પોતાના ધનને સંતાડવા આદિનું સતતપણું તેનો જે અનુભવ એટલે તેનું સતતપણે જે ચિંત્વન કરવું તે સંરક્ષણાનુબંધી નામનો ચોથો ભેદ રૌદ્રધ્યાનનો છે. આ ચોથો ભેદ વસ્ત્રવાલાઓને અવશ્ય સંભવિત હોવાથી દુર્ગતિના કારણભૂત છે. અને એથી કરીને શસ્ત્ર આદિની જેમ વસ્ત્ર આદિ પણ સાધુઓને ગ્રહણ ન કરવા. એ પ્રમાણે દિગંબરોનો જે અભિપ્રાય છે તે પણ અયોગ્ય છે.

દેહાદિને વિષે પણ જલ-ભડભડતો અગ્નિ-ચોર-હિંસક પશુઓ-સર્પ-કાંટા-ઝેર આદિથી સરંક્ષણાનુબંધની તુલ્યતા હોવાથી દેહ આદિ પણ ત્યાજય થશે. અને જો દેહ આદિ મોક્ષનાં સાધનનું અંગ હોવાથી યતના વડે કરીને તે દેહાદિનું સંરક્ષણાનુબંધ વિધાન પ્રશસ્ત હોવાથી દોષ માટે નથી. એમ જો કહેતો હોય તો પ્રવચન પ્રસિદ્ધ એવી યતનાના પ્રકાર વડે કરીને અહિં વસ્ત્રાદિમાં પણ સંરક્ષણ અનુબંધનું વિધાન પ્રશસ્ત કેમ નહિં?

હવે 'વસ્ત્રાદિ મૂર્છાવાળા લોકનું, ભવભ્રમણનું કારણ વસ્ત્રાદિ પ્રસિદ્ધ છે. અને તેથી સાધુઓને ઉચિત નથી' એમ જો કહેતો હોય તો તે બરાબર નથી. જેથી કરીને લોકને વિષે શયન-આસન-પાન-ભોજન-ગમન-અવસ્થાન-મન-વચન-કાયાની ચેષ્ટા આદિ અસંયતોને અપ્રશસ્ત અધ્યવસાયના કારણરૂપ હોવાથી જે સંસાર હેતુઓ છે તે જ હેતુઓ સંયમીઓને પ્રશસ્ત અધ્યવસાયના કારણભૂત હોવાથી મોક્ષના માટે જ થાય છે. તેથી કરીને વસ્ત્રાદિના સ્વીકારમાં પણ બીજા માણસોની જેમ સાધુઓને તારો ઉભો કરેલો દોષનો લેશ પણ નથી રહેતો. (૫)

હવે 'પરીસહને સહન કરવાને માટે અમારે વસ્ત્રનો અભાવ છે' એ પ્રમાણેનો જે તારો છઠ્ઠો વિકલ્પ છે. તે પણ અતિતુચ્છ છે. તે આ પ્રમાણે :–**'जिताचेलपरिसहो मुणी-**એ પ્રમાણેનું વચન હોવાથી વસ્ત્રનો અભાવ થયે છતે જ અચેલ પરિસહ જિત્યો કહેવાય, એ પ્રમાણે દિગંબરનો આશય છે તેમાં

દિગંબરને પૂછવું કે--હે 'નગ્નાટ! વસ્ત્રના પરિભોગ માત્રથી પણ 'અજીત અચેલ પરિસહ મુનિ' થાય છે. જેથી કરીને તારાવડે વસ્ત્રનો સર્વથા ત્યાગ કરવો પડે છે? અથવા તો અનેષણીય આદિ દોષથી દુષ્ટ એવા વસ્ત્રના પરિભોગથી?

પહેલાં પક્ષમાં જો વસ્ત્રના પરિભોગ માત્રવડે કરીને સાધુ વડે આચેલક્ય પરીસહ જિત્યો ગણાતો ન હોય તો ભક્તપાન આદિના પરિભોગ માત્રથી પણ 'જિત ક્ષુત્પીપાસા પરીસહ'વાલો મુનિ નહિં કહેવાય? અને તેથી કરીને જો પ્રાસુક અને એષણીય આદિ ગુણથી સંપન્ન એવા અન્નાદિકનો ઉપભોગ કરતો થકો સાધુ, 'ક્ષુત્પીપાસા પરિસહનો જેતા' એવો કોઈપણ જગતમાં દેખાશે નહિં. બીજા બધાની વાત તો દૂર રહો; પરંતુ નિરૂપમ એવી ધીરજ, સંહનન અને સત્ત્વઆદિના એક નિધાન સમાન એવા જિનેશ્વર ભગવંતો પણ સમ્યક્ પ્રકારની એષણાદિ ગુણોથી સંપન્ન એવા અન્નાદિકનો ઉપભોગ કરતાં છતાં તારા અભિપ્રાય વડે કરીને 'ક્ષુત્ પીપાસા પરિસહ જેતા' નહિં સંભવે.

હવે ઉદ્ગમ આદિ દોષથી રહિત એવા પ્રકારનું વિશુદ્ધ અને એષણીય ભક્ત-પાનાદિકને રાગાદિ દોષથી રહિત થયો થકો જે સેવતો છતો પણ મુનિ, 'જિતંપીપાસાપરિસહવાલો' કહેવાય છે. તો જે આ વિધિ ભક્તપાનાદિમાં યતિને જણાવેલો છે તે વિધિ, વસ્ત્રને વિષે પણ કહેવાતો ક્યાં નાશ પામી ગયો? કે-જે કારણવડે કરીને તેવા પ્રકારના વસ્ત્ર પરિભોગ કરવા દ્વારા 'જિતઅચેલ પરિસહ' મુનિ ન થાય?

વળી બીજું જે સાધુઓને જે આચેલક્યપણું કહેલું છે તે તો વસ્ત્ર હોયે છતે અને વસ્ત્ર નહિં હોયે છતે પણ આગમ અને લોકમાં રૂઢ છે. તે આ પ્રમાણે :--અહિં આચેલક્યપણું બે પ્રકારે કહેલું છે. મુખ્ય અને ઔપચારિક : તેમાં મુખ્ય આચેલક્યપણું તીર્થંકરોને અને કોઈક જિનકલ્પિકોને હોય છે. તેમાં તીર્થંકરોને દીક્ષા અંગીકાર કરતી વખતે ડાબા ખભા પર દેવેન્દ્ર વડે સ્થપાયેલ દેવદૂષ્ય નષ્ટ થયે છતે સર્વથા વસ્ત્રનો અભાવ હોવાથી મુખ્યવૃત્તિએ જ અચેલકપણું છે. કોઈક તેવા પ્રકારની લબ્ધિવાલા જિનકલ્પિકોને તો જિનકલ્પ સ્વીકારવાના સમયે રજોહરણ અને મુખવસ્ત્રિકા સિવાયના બીજા ઉપકરણોનો અભાવ હોવાથી સર્વથા વસ્ત્રના અભાવને કારણે અચેલકપણું મુખ્ય જ છે. આ બે સિવાયના સાધુઓને તો ઔપચારિક અચેલકપણું છે. કારણ કે તેઓ પરિશુદ્ધ અને જીર્ણ આદિ વસ્ત્રને મૂર્છા આદિના અભાવપૂર્વક ઉપભોગ કરતા હોવાથી વસ્ત્ર હોવા છતાં પણ અચેલક જ કહેવાય છે.

આગમમાં કહ્યું છે કે :-

**''परिसुद्ध जुण्ण-कुच्छिअ-थोवा-निअयण्ण-भोगभोगेहिं।**
**मुणिणो मुच्छारहिआ, संतेहिं अचेलया हुंति॥ विशे० आ.२५९६॥**

**આની વ્યાખ્યા :**---મૂર્છા રહિત એવા સાધુઓ વસ્ત્ર હોવા છતાં પણ ઉપચારથી અચેલકો કહેવાય છે. કેવા પ્રકારના વસ્ત્રોવડે? તે કહે છે.

એષણીય તથા જીર્ણ એટલે ઘણાં દિવસોવાળું, કુત્સિત એટલે અસાર,-સ્તોક એટલે ગણના તથા

પ્રમાણવડે હીન અથવા તુચ્છ અનિયત એટલે ક્યારેક એવા આસેવન વડે કરીને, અન્યભોગ એટલે લોકરૂઢ એવા પ્રકારથી અન્ય પ્રકારના ભોગે એટલે આસેવનવડે એવા વિશેષણવાલા વસ્ત્રોનો સદ્ભાવ હોવાથી મુનિઓને અચેલક કીધા છે. અને આવા પ્રકારનું અચેલકપણું લોકમાં પણ પ્રસિદ્ધ જ છે. જેવી રીતે કેડના વસ્ત્રવડે કરીને વીંટળાયેલું છે માથું જેનું એવો અને જલમાં ડુબેલા પુરુષને અચેલકપણાનો વ્યપદેશ થાય છે તેવી રીતે સાધુઓને પણ કચ્છબંધનો અભાવ હોવાથી કોણીઓ વડે કરીને ચોલપટ્ટાના અગ્રભાગને ધારી રાખવાનો હોવાથી અને મસ્તક પર પ્રાવરણ આદિનો અભાવ હોવાથી લોકરુઢ એવા પ્રકારથી જુદી જ રીતના પ્રકારવડે કરીને વસ્ત્રનો ઉપભોગ જાણવો.

તેથી કરીને પરિશુદ્ધ૦ ઇત્યાદિ વિશેષણથી વિશિષ્ટ એવા વસ્ત્રો હોયે છતે પણ તેવા પ્રકારના વસ્ત્રના કાર્યનું નહિં કરવાપણું હોવાથી અને તેને વિષે મૂર્છા આદિનો અભાવ હોવાથી મુનિઓ અચેલક કહેવાયા. એ પ્રમાણેનું તાત્પર્ય જાણવું. વસ્ત્રનો અન્યથા પરિભોગ કરવાવડે કરીને અચેલકત્વનો વ્યવહાર અપ્રતીત જ બનશે એવી શંકા કરવી નહિં. **વિશેષ આવશ્યક** ભાષ્યમાં કહ્યું છે કે :–

**जह जलमवगाहंतो, वहुचेलोऽवि सिरवेढिअकडिल्लो।**
**भण्णइ नरो अचेलो, तह मुणिओ वि संतचेलावि॥१॥ वि० २६००॥**

જેમ જલમાં અવગાહન કરતો (પેસતો) ઘણાં વસ્ત્રવાળો હોવા છતાં પણ કેડનું વસ્ત્ર માથે પહેરેલું હોય તેવો માણસ અચેલ કહેવાય છે. એવી રીતે છતાં વસ્ત્રે પણ મુનિઓનું જાણવું! એ પ્રમાણેના વિશેષ આવશ્યક ભાષ્યના વચનથી લોકવ્યવહારમાં પણ પ્રસિદ્ધ છે. તેમજ જીર્ણ આદિ વસ્ત્રો વડે કરીને પણ અચેલકનો વ્યવહાર આ પ્રમાણે.

**तह थोवजुण्णकुच्छिअचेलेहि वि भण्णई अचेलुत्ति।**
**जह तूर सालिअ! लहुं दिसु पोत्तिं नग्गिआ मो॥१॥ त्ति (वि०-२६०१)**

''તેવી જ રીતે થોડાં-જૂનાં અને કુત્સિત એવા વસ્ત્રો હોવા વડે કરીને અચેલક કહેવાય છે. જેવી રીતે કેડે વીંટેલી છે જૂની-બહુછિદ્રવાલી એવી સાડીવાલી કોઈક સ્ત્રી, સાલવીને આ પ્રમાણે કહે છે કે હે! સાલવી જલ્દી કર. મારી પોતડીની સાડી જલ્દી બનાવીને મને આપ હું નગ્ન ફરું છું.'' અહિં વસ્ત્રવાળી સ્ત્રી હોવાં છતાં પણ નગ્નતા વાચક શબ્દની પ્રવૃતિ થાય છે. અને એથી કરીને જ ઔપચારિક એવું અચેલકપણું સંયમને ઉપકારી છે. પરંતુ સર્વથી વસ્ત્રનો અભાવ એ સંયમને ઉપકારી નથી. તેથી કરીને આ જણાવાયો છે તે જ અચેલ પરિસહ જાણવો (૬)

'પ્રવચનના ગૌરવને માટે અમે વસ્ત્ર છોડી દીધું છે = વસ્ત્રનો ત્યાગ કર્યો છે' એવો તારો વિકલ્પ પણ સારો નથી. કારણ કે--વસ્ત્રના અભાવે પ્રવચનની નિંદા જ અધ્યક્ષસિદ્ધ હોવાથી ગૌરવ તો તેં દૂર ફેંકી દીધું છે એમ જાણવું. (૭)

હવે 'તીર્થંકર ભગવંતે ગ્રહણ કર્યું ન હોવાથી અમે પણ ગ્રહણ નથી કરતાં' એવો તારો જે વિકલ્પ છે એ તો સાંભળવા લાયક પણ નથી. કારણ કે--નિરુપમ ધૃતિ અને સંહનનવાળા સર્વે પણ

તીર્થંકરો છદ્મસ્થાવસ્થામાં પણ ચાર જ્ઞાનથી સહિત હોય છે, અતિશયથી સંપન્ન હોય છે, અછિદ્ર હાથવાળા હોય. અને સમસ્ત પરિસહો જિત્યાં છે તેવા હોય છે. તેથી કરીને તેઓને વસ્ત્ર આદિનો અભાવ હોવા છતાં પણ સંયમવિરાધના આદિ દોષો લાગતાં નથી. આ કારણથી તીર્થંકરોને વસ્ત્ર આદિ સંયમના ઉપકારી પણ નથી. અકિંચિત્કર હોવાથી : વળી જે એક દેવદૂષ્ય ગ્રહણ કરીને તીર્થંકરો દીક્ષા અંગીકાર છે. તે 'વસ્ત્ર સહિતનો ધર્મ મારે પ્રરૂપવો છે' એ જણાવવા માટે : અને આ કહેવા વડે કરીને 'તીર્થંકરોને વસ્ત્રનો સર્વથા અભાવ જ હોય છે' એવા દિગંબરના અભિપ્રાયને તિરસ્કાર્યો. કારણ કે જયાં સુધી દેવદૂષ્ય વસ્ત્રને ધારણ કરવાપણું છે ત્યાં સુધી તીર્થંકરો પણ સચેલક હોય છે. વળી તીર્થંકરોનું અનુકરણ કરવા જતાં છદ્મસ્થકાલને વિષે તીર્થંકરોએ 'ધર્મોપદેશ દેવો, શિષ્યને દીક્ષા દેવી, અંગઆદિનું અધ્યયન કરવા આદિનો' અભાવ હોવાથી તારે પણ છદ્મસ્થકાલમાં આ બધું વિચ્છિન્ન થશે. (૮)

'અમો જિનકલ્પિકનું આચરણ કરીએ છીએ' એવો તારો વિકલ્પ હોય તો તે પણ સુંદર નથી. કારણ કે તેવા પ્રકારની લબ્ધિને ધારણ કરવાવાળા હોય તે જ જિનકલ્પિકો વસ્ત્રને ધારણ કરતાં નથી. બાકી બીજા જિનકલ્પીઓ વસ્ત્રને ધારણ કરવાવાળા હોય છે. અને એથી જ કરીને જિનકલ્પિક મુનિઓને ઉત્કૃષ્ટથી બાર પ્રકારનો ઉપધિ જણાવેલો છે. (૯)

આ પ્રમાણેનો વસ્ત્રનો અભાવ સાધવા માટે દિગંબરોએ ઊભા કરેલા નવેય વિકલ્પોનો નિરાસ કર્યો, એ પ્રમાણે જાણવું ॥ ગાથાર્થ-૬ ॥ હવે દિગંબર શંકા કરે છે કે :-

**सीसो गुरुअणुहारी, रूवेणवि अण्णहा कह णु सीसो ?।**
**तेण वयं जिणसीसा, गुरूवि अम्हाण जिणणाहो ॥८॥**
**नेवं जुत्तं जत्तो, सीसो गुरुवयणसंठिओ निच्चं।**
**सुगुरूवि हिउवएसी, अहिअस्स निवारगो सीसे ॥८॥**

''શિષ્ય, રૂપે કરીને પણ ગુરુસદૃશ હોવો જોઈએ. આચારથી તો હોય જ. જો એમ ન હોય તો શિષ્ય શેનો કહેવાય? અર્થાત્ ગુરુને અનુરૂપ શિષ્ય હોય એ કારણથી અમે પણ જિનેશ્વર ભગવંતના શિષ્યો છીએ. તે જિનેશ્વર ભગવંત અમારા પણ ગુરુ છે.'' એ પ્રમાણેનો દિગંબર આશય જણાવ્યો. ॥૭॥ દિગંબરના આ આશયનું નિરસન કરતાં જણાવે છે કે ''ગુરુનું અનુકરણ કરવાવાળા શિષ્યો છીએ'' એવું બોલવું પણ યોગ્ય નથી. તેથી તો તારું શિષ્યપણું જ હણાય છે. અરિહંત ભગવંતો પોતાના આત્માને શિષ્યપણા તરીકે 'હું અમુકનો શિષ્ય છું' એ પ્રમાણે જણાવતાં નથી. અને તું તો 'તીર્થંકરનો શિષ્ય છું' એમ બોલે છે તો તેમાં તીર્થંકરની અનુરૂપતા ક્યાંથી રહી? એ તારું દૂષણ ખરેખર **मे माता वंध्या** એ ન્યાયની ઉપેક્ષા કરીને પણ ગુરુ શિષ્યનું સ્વરૂપ કહે છે.

શિષ્ય હંમેશા ગુરુવચનમાં રહેવાવાળો હોય અને ગુરુની આજ્ઞામાં તત્પર હોય. ગુરુ પણ હિતનો ઉપદેશ દેનારા હોય અને અહિતનું નિવારણ કરવાવાળા હોય છે. ॥ ગાથાર્થ-૮ ॥

હવે ગુરુનું પણ સ્વરૂપે કરીને દ્વિવિધપણું જણાવે છે.

**सोऽवि दुहा जिणणाहेअरभेआ आइमो अ देवगुरू।**
**बीओ खलु सीसगुरू, वीरसुहम्माइणाएण ॥९॥**

તે ગુરુ પણ બે પ્રકારના હોય છે. અરિહંત અને સાધુના ભેદથી એમ બે પ્રકારે છે. તેમાંનો પહેલો જે ભેદ છે તે દેવગુરુ. એટલે દેવ થયા છતાં પણ હિત આદિના ઉપદેશક હોવાથી **દેવગુરુ.** અને પારકાના ઉપદેશ સિવાય જ પોતે સ્વયંસંબુદ્ધ થયેલા છે. 'અમે અમુક તીર્થંકરના શિષ્ય છીએ.' એ પ્રમાણે હોતે છતે પરતંત્રતા વડે કરીને હિત આદિના જે ઉપદેશક હોય તે **શિષ્યગુરુ** કહેવાય. જેમ કે મહાવીર સ્વામી અને સુધર્માસ્વામી. ॥ ગાથાર્થ-૯ ॥

હવે શ્રી મહાવીરસ્વામી અને સુધર્માસ્વામીનાં સર્વથા સદૃશપણાના અભાવમાં હેતુ જણાવે છે.

**अरिहंतस्सुवयारी, संजमजोएसु नेव वत्थाई।**
**इअरेसिं उवयारी, तेणं णो सरिसया दुण्हं ॥१०॥**

અરિહંતોને સંયમના યોગોને વિષે વસ્ત્ર-પાત્રાદિ ઉપકારી થતાં નથી અને બીજા સુધર્માસ્વામી આદિ સાધુઓને તે ઉપકારી થાય છે. તેથી કરીને તીર્થંકરની સાથે સાધુની સામ્યતા નથી. ॥ ગાથાર્થ ૧૦ ॥

હવે અરિહંત કેવા? અને સાધુઓ કેવા? તે જણાવે છે :---

**तेणं अरिहा रहिओ, सलिंग परलिंगऽगारलिंगेहिं।**
**तस्सणुरूवं रूवं धरिउं सम्मं न साहूणं ॥११॥**

જે કારણવડે કરીને તીર્થંકરોને વસ્ત્રાદિ અનુપયોગી છે તે જ કારણવડે કરીને તીર્થંકરો સ્વલિંગ, પરલિંગ અને ગૃહસ્થલિંગથી રહિત છે.

રજોહરણાદિ સ્વલિંગ છે, અન્ય તીર્થસંબંધીના જે પીંછી-કમંડલુ આદિ તે પરલિંગ છે અને ગૃહસ્થલિંગ તો પ્રસિદ્ધ જ છે. આ બધાથી સદંતર મુકાયેલા એવા તીર્થંકરો હોય છે. આગમમાં કહ્યું છે કે :—

**सव्वेऽवि एगदूसेण, निग्गया जिणवरा चउव्वीसं।**
**न य नाम अण्णलिंगे, णो गिहिलिंगे कुलिंगे वा ॥ आव० २२७॥**

બધા (૨૪) તીર્થંકરો એક દેવદૂષ્ય લઈને દીક્ષા ગ્રહણ કરે છે. તેઓ નથી તો અન્યલિંગે, નથી તો ગૃહિલિંગે, નથી તો કુલિંગે : તેવા અરિહંતને અનુરૂપ સરખું રૂપ ધારણ કરવું તે સત્ય કે યુક્ત નથી ॥૧૧॥ હવે તીર્થંકરના અનુકરણમાં હિતશિક્ષા જણાવે છે.

**जइ जिणवरअणुकरणे, विसासो हुज्ज ता इमं सव्वं।**
**परिहर धम्मुवएसं, छउमत्थे सीसकरणाइ॥१२॥**

જો તીર્થંકરના અનુકરણમાં તને વિશ્વાસ હોય તો હવે જણાવાતું એવું આ બધું તું છોડી દે. એ બધું શું? તો કહે છે કે–છદ્મસ્થાવસ્થામાં ધર્મોપદેશ દેવાનું અને શિષ્યો કરવાનું છોડી દે. કારણ કે તીર્થંકરો છદ્મસ્થાવસ્થામાં કોઈને ધર્મોપદેશ આપતા નથી. તેમજ કોઈને દીક્ષા પણ આપતા નથી. આદિ શબ્દથી 'અમે તેમના શિષ્યો છીએ અને તેઓ અમારા ગુરુ છે.' એ પ્રમાણેનો વ્યવહાર પણ છોડી દે. કારણ કે તીર્થંકરોને તેવા પ્રકારના વ્યવહારનો અભાવ છે. તેવી જ રીતે આચાર્યપદ સ્વીકારવાનું તેમજ સૂત્ર આદિનું અધ્યયન કરવું કરાવવું તેમજ વારંવાર લોચ કરાવવો આ બધું છોડી દેવું જોઈએ. કારણ કે તીર્થંકરોને તેનો અભાવ છે. ॥ ગાથાર્થ ૧૨ ॥

હવે બીજા પ્રકારે પણ તીર્થંકરનું અનુકરણ કરવામાં દૂષણ જણાવવા માટે કહે છે.

**जइ जिणवरअणुकरणे, वीसासो हुज्ज भावओ नियमा।**
**ता किं तस्सुवएसे विसासो? न उण निउणमए॥१३॥**

હે નિપુણમતિ! જો જિનેશ્વર ભગવંતના અનુકરણમાં તને વિશ્વાસ છે તો તને જિનેશ્વર ભગવંતના ઉપદેશમાં વિશ્વાસ કેમ નથી? તેમાં અવશ્ય વિશ્વાસ કરવો જોઈએ. જિનેશ્વર ભગવાનનો ઉપદેશ કેવા પ્રકારનો છે? **निपुण** = દક્ષ, હોંશીયાર આત્માઓને **मत** = સંમત અને વિધિ આદિએ કરીને વલ્લભ એવા નિપુણમતવાળા ઉપદેશને વિષે અવશ્ય વિશ્વાસ કરવો જોઈએ ॥ ગાથાર્થ-૧૩ ॥ અરિહંત ભગવંતનો ઉપદેશ જણાવે છે.

**उवएसो पुण एवं, जिणकप्पो संपयं समुच्छिन्नो।**
**जेणं सो नवपुव्वी पडिवज्जइ पढमसंघयणी॥१४॥**

જિનેશ્વર ભગવાનનો ઉપદેશ એ છે કે સાંપ્રતકાલને વિષે જિનકલ્પ સમ્યક્ પ્રકારે વિચ્છેદ થઈ ગયો છે. એ વિચ્છેદ થવામાં હેતુ કહે છે. જે કારણ વડે કરીને જિનકલ્પને સ્વીકારનારો શ્રુતને આશ્રીને નવ પૂર્વને ધારણ કરવાવાળો હોવો જોઈએ જ, અર્થાત્ કંઈક ન્યૂન નવ પૂર્વનો જ્ઞાની જોઈએ. તેમજ વજ્રઋષભનારાચ સંઘયણવાળો હોવો જોઈએ. આ બન્ને કારણો અત્યારે ન હોવાથી કારણના અભાવે જિનકલ્પના સ્વીકારરૂપ કાર્યનો અભાવ બતાવ્યો. ॥ ગાથાર્થ ૧૪ ॥ હવે જે સામગ્રીના અભાવે નથી. અને સામગ્રીના સદ્ભાવે જે છે તે બતાવવાને માટે કહે છે :—

**तस्सामग्गिअभावा, जिणकप्पो नत्थि अत्थि थेराणं।**
**कप्पो तित्थपवित्तिहेऊ उवगरणपरिकलिओ॥१५॥**

તે જિનકલ્પ માટેની ઉપર કહી ગયેલી એવી શ્રુત-સંહનન આદિ સામગ્રીનો અભાવ હોવાથી સાંપ્રતકાલે જિનકલ્પ નથી અને એ નહિં હોવાથી જિનકલ્પ વિચ્છેદ થયો. આ જિનકલ્પ ક્યારે વિચ્છેદ થયો? એમ પૂછતો હોય તો કહીએ છીએ કે–જંબુસ્વામી મોક્ષ ગયે છતે વિચ્છેદ થયો. ભાષ્યકારે કહેલું છે કે

**मण-१-परमोहि-२-पुलाए-३-आहाराग-४-खवग-५-उवसमे-६-कप्पे-७ ॥**
**संजमतिग-८-केवलि-६-सिज्सणांय-१०-जंबुम्मि वुच्छिन्ना ॥**

**અર્થ** :—મન:પર્યવજ્ઞાન-પરમાવધિજ્ઞાન–પુલાકલબ્ધિ-આહારકશરીર-ક્ષપકશ્રેણી-ઉપશમશ્રેણી-જિનકલ્પ-પરિહારવિશુદ્ધિચારિત્ર-સૂક્ષ્મ-સંપરાય ચારિત્ર-યથાખ્યાતચારિત્ર-કેવલજ્ઞાન અને મોક્ષ, આ બધા પદાર્થો જંબુસ્વામી મોક્ષ ગયે છતે નાશ પામ્યા છે.-વિચ્છિન્ન થયાં છે. હવે કારણનો સદ્‌ભાવ હોયે સતે શું થાય? તે જણાવે છે. સાંપ્રતકાળે તીર્થ પ્રવૃત્તિના હેતુભૂત એવા સ્થવિરકલ્પી સાધુઓ વિદ્યમાન છે. બધા જ તીર્થોને વિષે અવિચ્છિન્ન પ્રવૃત્તિના કારણભૂત એવા સ્થવિર કલ્પીસાધુઓ જ હોય છે. અને તે સ્થવિરકલ્પી સાધુઓને જ ધર્મોપદેશ-પ્રવ્રજ્યાદાન આદિનો અધિકાર છે. નહિં કે જિનકલ્પિકોને પણ. વળી સ્થવિરકલ્પ કેવા પ્રકારનો છે? તે કહે છે. ઉપકરણોથી શોભતો. તેમાં ઉપકરણો આ પ્રમાણે-૧-રજોહરણ-૨-મુહપત્તિ-૩ ત્રણ-કપડાં-૬-ચોલપટ્ટો-૭-માત્રકપાત્ર અને **पत्तं पत्ताबंधो** રૂપ સાત પ્રકારનો પાત્ર નિર્યોગ. મલીને-૧૪-પ્રકારના ઉપકરણો જઘન્ય પદે સ્થવિરોને હોય છે. આવા ઉપકરણોથી શોભતો સ્થવિરકલ્પી હોય છે. એ પ્રમાણે જિનેશ્વર ભગવંતનો ઉપદેશ છે ॥ ગાથા-૧૫ ॥ એ ઉપદેશ કરવામાં દૃષ્ટાંત જણાવે છે.

## विज्जुवएसं रोगी, कुणमाणो लहइ इच्छिअं लच्छिं।
## जह तह तस्सवि चरिआपमुहं णो अणुहरंतोऽवि ॥१६॥

જેવી રીતે વૈદ્યના કહેવા પ્રમાણે કરતો રોગી રોગથી મુક્ત થાય છે, વાંછિત લક્ષ્મીને મેળવે છે. તેવી રીતે વૈદ્યની દિનચર્યા આદિનું અનુકરણ કરતો રોગી રોગથી મુક્ત થતો નથી. ઉલ્ટું વૈદ્યના ઉપદેશનો સ્વીકાર નહિં કરતો એવો તે વૈદ્યના વેશ આદિનું અનુકરણ કરતો ભાંડ કહેવાય છે. વૈદ્ય પણ 'આ અનુચિત છે' એમ ગણીને તે રોગીનો ત્યાગ કરે છે. ॥ ગાથા-૧૬ ॥

હવે દૃષ્ટાંતનો ઉપનય કહે છે.

## एवं जिणिंदआणं, कुणमाणो लहइ निव्वुइट्ठाणं।
## आगिइमणणुहरंतो, विवरीएऽणंतसंतावं ॥१७॥

એ પ્રમાણે પૂર્વે કહેલા દ્રવ્યવૈદ્યના દૃષ્ટાંત વડે કરીને ભાવવૈદ્ય એવા જિનેન્દ્ર ભગવંતની આજ્ઞાનો જ સ્વીકાર કરતો ભાવરોગી આત્મા મોક્ષ સ્થાનને પામે છે. શું કરતો છતો? આકારનું

અનુકરણ કરવાનું છોડતો હોય તો જ. ગુરુ શિષ્યના સંબંધમાં આજ્ઞાનું જ પ્રાધાન્યપણું હોવાથી. આ વાતનો ભાવ એ છે કે જેમ દ્રવ્યવૈદ્યના ઉપદેશ મુજબ ચાલતો રોગી નિરોગતાને પામે છે. તેમ તીર્થંકરના અનુકરણથી રહિત થયેલો એવો અને જિનાજ્ઞામાં પ્રવર્તતો એવો ભાવરોગી આત્મા મોક્ષને પામે છે. આનાથી જે વિપરીત કરતો હોય એટલે આજ્ઞાને ઓળંગીને નટની જેમ તેનું અનુકરણ કરતો હોવા છતાં પણ અનંતકાળ સુધી નરક આદિમાં કલેશને પામે છે. કહેલું છે કે—

''रण्णो आणाभंगे, इक्कुच्चिअ होइ निग्गहो लोए।
सव्वण्णुआणभंगे, अणंतसो निग्गहं लहइ॥१॥

''રાજાની આજ્ઞાનો ભંગ કરનારનો લોકમાં એકજ વાર નિગ્રહ થાય છે અને સર્વજ્ઞની આજ્ઞાનો એક વાર ભંગ કર્યે છતે અનંતવાર નિગ્રહ પામે છે.'' અને એથી જ બીજી વાત દૂર રહો; પરંતુ જિનેશ્વર ભગવાનની આજ્ઞાથી પરાङ्મુખ થયેલો આત્મા મહાવિભૂતિ પૂર્વક જિનેશ્વર ભગવંતને પૂજતો હોય તો પણ તિરસ્કારને પાત્ર છે. કહ્યું છે કે–

''आणाखंडणकारी, जइवि तिकालं महाविभूईए।
पूएइ वीअरायं, सव्वंपि निरत्थयं तस्स॥१॥

''આજ્ઞાનું ખંડન કરનારો આત્મા, મહાન્ વિભૂતિએ કરીને ત્રિકાલ જિનેશ્વર ભગવંતનું પૂજન કરતો હોય તો પણ તેનું તે બધું નિરર્થક છે.'' અને એથી કરીને હે દિગંબર! તારા કહેવા પ્રમાણે તીર્થંકરનું શિષ્યપણું તારું હોવાથી તેના આકાર આદિ તને જો પ્રમાણ છે તો તેનો ઉપદેશ પણ તને પ્રમાણ હો. તથા નગ્નવ્રતના સ્વીકાર કરવા વડે કરીને આત્માને શું કામ છૂપાવે છે? નગ્નાદિવ્રતરૂપ જે કષ્ટ છે તે જ આત્માના કર્મક્ષયનું કારણ નથી. પરંતુ કર્મક્ષયનું કારણ જિનાજ્ઞા જ છે. કહેલું છે કે–'વિશિષ્ટ આવા કષ્ટો કર્મક્ષયપ્રતિ અકારણરૂપ હોવાથી જિનાજ્ઞા જ કર્મક્ષય પ્રતિ કારણ છે.' તેથી કરીને ચૌદ ઉપકરણોથી વિશિષ્ટ એવા અને તીર્થંકરોએ ઉપદેશેલ અને અમને પણ ઈષ્ટ એવા સ્થવિરકલ્પી માર્ગનો જ સ્વીકાર કર. ॥ ગાથા-૧૭ ॥

હવે ઉપકરણોના અભાવમાં દોષની દિશાને બતાવતાં જણાવે છે કે

**उवगरणाणमभावे, न हुंति समिईउ संजमो कत्तो?**
**तयभावाउ नराणं, तूब्भ मए नेव निव्वाणं॥१८॥**

વસ્ત્રપાત્રાદિ ઉપકરણના અભાવમાં ઈર્યા-ભાષા-એષણા-આદાન-પારિષ્ઠાપનિકા સમિતિઓ ન હોય. અને એ પાંચ સમિતિના અભાવમાં સંયમ ક્યાંથી હોય? અને સંયમના અભાવથી તારા મતમાં સ્ત્રીઓની જેમ પુરુષોને પણ મોક્ષ સંભવતો જ નથી. સંક્ષેપે કરીને અર્થ જણાવ્યો. ભાવાર્થ તો આ પ્રમાણે :—વસ્ત્રના અભાવમાં ઠંડી-તડકો-પવન-પાણી આદિના ઉપદ્રવમાં તેવી પ્રકારની ધીરજ-સંહનન આદિના બલ રહિત એવો સાધુ જલ્દી જલ્દી જતો અને આવતો હોવાથી તેને ઈર્યા સમિતિ ન હોય

અને પાત્રના અભાવમાં સંસક્ત એવો સાથવો-દહિં આદિને ગળી જવાના = નીચે પડી જવાના ભયથી જલ્દી જલ્દી ગ્રહણ કરતો અને ખાતા એવા તેને એષણા સમિતિ પણ ક્યાંથી હોય? અને ભાજનના અભાવે કેવળ ભૂમિપર માત્રું કરતાં, નાક સાફ કરતા છતાં તેને અને વિશેષે કરીને વર્ષાકાલમાં અનેક જંતુઓનો ઉપઘાતક એવો હોવાથી તું પારિષ્ઠાપનિકા સમિતિવાળો પણ ક્યાંથી હોય? અને એવી રીતે કરતો સંતો કોઈના વડે પૂછાયો છતો સાચું બોલવાને માટે અશક્ત હોવાથી તું ભાષા સમિતિવાળો પણ નથી જ અને વસ્ત્ર પાત્ર આદિનો સદ્ભાવ હોયે છતે જ આદાન અને નિક્ષેપણાસમિતિનો સંભવ હોય. અને તે તારે ન હોવાથી તે (સમિતિઓ) તને ક્યાંથી હોય? આમ પાંચે સમિતિનો અભાવ જણાવાયો અને ઉપલક્ષણથી-મન-વચન અને કાયાની ગુપ્તિઓનો પણ સંભવ નથી. આ પ્રમાણે સમિતિઓનો અભાવ હોવાથી સંયમનો અભાવ છે. વસ્ત્રઆદિ ઉપકરણોના સદ્ભાવે જે ગુણો છે તે સ્ત્રીનિર્વાણ સ્થાપનાના અવસરે અમે કહીશું. ॥ ગાથાર્થ ૧૮ ॥

હવે શિવભૂતિવડે કરીને જ્યારે નગ્નભાવ સ્વીકારાયો ત્યારે તેની ઉત્તરા નામની બહેનને વસ્ત્રપરિધાનની અનુજ્ઞા આપી હતી. અને એ પ્રમાણે થયે છતે જો સ્ત્રીઓને મુક્તિ પ્રરૂપે તો વસ્ત્રસહિતપણાની અને વસ્ત્રરહિતપણાની અવિશેષ = સરખી આપત્તિ આવવાવડે કરીને પોતાના નગ્નભાવની કેવળ કલેશતા જ સ્વીકારવી પડે. આમ વિચારીને શિવભૂતિએ સ્ત્રીઓને મુક્તિનો નિષેધ કર્યો. અને એથી કરીને વસ્ત્ર અભાવ વિષયક મૂળ પ્રરૂપણા બાદ સ્ત્રી મુક્તિના અભાવની પ્રરૂપણા થઈ એમ કરીને-૨૪-ગાથાવડે કરીને સ્ત્રીઓની મુક્તિના અભાવમાં યુક્તિઓ અને તેનો પ્રતીકાર જણાવવાની ઈચ્છાવાલા ગ્રંથકાર પહેલી ગાથા કહે છે.

**इत्थीमुत्तिअभावे, जुत्तिं जंपेइ दुब्बला अबला।**
**तन्नो जुत्तं जम्हा, दुब्बलया केण धम्मेण?॥१९॥**

'સ્ત્રીઓ દુર્બલ છે એટલે કે બલરહિત છે. અર્થાત્ મુક્તિ સાધનને યોગ્ય બલરહિતની છે. તેથી કરીને સ્ત્રીઓને મુક્તિ ન હોય.' અહિં પ્રયોગ આ પ્રમાણે-પુરુષની અપેક્ષાએ કરીને સ્ત્રીઓ દુર્બલ હોવાથી મુક્તિને ભજતી નથી. નપુંસકની જેમ. સ્ત્રી મુક્તિના અભાવમાં દિગંબર વડે કરીને આ યુક્તિથી પૂર્વ પક્ષ સ્થાપન કર્યો. હવે તેના પ્રતીકારમાં સિદ્ધાંત કહે છે. દિગંબરનું આ કહેવું યુક્ત નથી. કારણ કે-ક્યા ધર્મવડે કરીને સ્ત્રીઓની દુર્બલતા છે? અર્થાત્ કોઈપણ પ્રકારે દુર્બલતા નથી. ॥ ગાથા-૧૯ ॥

હવે કોઈપણ ધર્મે કરીને સ્ત્રીઓમાં દુર્બલતા નથી. તેના સમર્થન માટે કહે છે,

**संघयणं पुण पढमं, सत्तं सम्मं च विरइ परिणामो।**
**अण्णंपि धम्मकज्जं, दीसइ तीसेऽवि दाणाई॥२०॥**

મોક્ષના અંગ તરીકે પહેલું વજ્રઋષભનારાચ સંઘયણ કહેલું છે. અને તે સ્ત્રીઓને પણ હોય જ છે. આગમમાં કહ્યું છે કે

**'संघयणं संठाणं, उच्चत्तं चेव कुलगरेहिं समं॥ आव. नि.** (૧૬૦) સંઘયણ, સંસ્થાન અને ઉચ્ચપણું કુલકરોની જેવું હોય છે' વળી સત્ત્વ એટલે સાહસપણું-પરિષહ સહન આદિમાં પોતાના પ્રાણનો નાશ થાય ત્યાં સુધીનું અસદૃશ ધૈર્ય સ્ત્રીઓને વિષે લોકમાં પણ પ્રતીત જ છે. કહ્યું છે કે 'રાગ અથવા દ્વેષ સ્ત્રીઓમાં કોઈ લોકોત્તર જ હોય છે. કારણ કે પોતાની ઉપરના રાગીને વિષે પ્રાણો ન્યોછાવર કરે છે. અને પોતાના દ્વેષીના પ્રાણો પણ ખેંચી લે છે.' અને એથી જ કરીને કેટલીક સ્ત્રીઓમાં પતિ મરી ગયે છતે તેની ઉપરના અનુરાગવડે કરીને અથવા તો સતીપણાની ખ્યાતિના હેતુભૂત એવા અભિમાનવડે કરીને અગ્નિમાં પણ નિઃશંક પ્રવેશ કરે છે, એ તો તને પણ પ્રતીત જ છે–ખાત્રીવાળું છે. તેવી રીતે 'સમ્યક્ત્વ એટલે યથાર્થ વસ્તુની શ્રદ્ધા તે તેમાં નથી' એમ જો કહેતો હોય તો તે એ પ્રમાણે નથી. કારણ કે પહેલાં સંહનન આદિથી યુક્ત એવી મનુષ્યગતિને જ ક્ષાયિક સમ્યક્ત્વનું નિમિત્ત કહેલું હોવાથી. તેમજ સર્વવિરતિનો જે અધ્યવસાય એટલે પરિણામ તે પણ સ્ત્રીઓમાં યુક્ત જ છે. જો એમ ન હોય તો ત્રિવિધ સંઘની આપત્તિ થયે છતે તીર્થ અને તીર્થંકરના સ્વરૂપની હાનિનો જ પ્રસંગ આવે. કારણ કે તીર્થ-ચતુર્વિધ શ્રમણસંઘ કહેલો છે અને તેના કર્તા તીર્થંકર હોય છે. તેનું સ્વરૂપ સહુને સંમત છે. અને અવ્યવધાનવડે કરીને-આંતરાં વગરના કારણવડે કરીને યથાખ્યાત ચારિત્ર જ મોક્ષનું અંગ છે. અને તે સ્ત્રીઓમાં ન સંભવે તેમ ન કહેવું. કારણ કે ક્ષાયિક સમ્યક્ત્વની જેમ યથાખ્યાત ચારિત્રનું પણ અવિરોધીપણું છે સામગ્રીની તુલ્યતા બંનેમાં હોવાથી છે. તેમજ બીજું પણ દાનાદિક એટલે કે-દાન-શીયલ-તપ અને ભાવનારૂપી ધર્મકૃત્ય સ્ત્રીઓમાં દેખાય છે. એ પ્રમાણેની વિચારણામાં ધર્મકૃત્યને આશ્રીને પુરુષો કરતાં સ્ત્રીઓમાં દુર્બલતા નથી. પરંતુ પુરુષોની સમોવડી સ્ત્રીઓ છે. ॥ ગાથા-૨૦ ॥

હવે પુરુષની અપેક્ષાએ કરીને સ્ત્રીઓનું ધર્મમાં પણ દૃઢતાપણું સંભવે છે તે દર્શાવે છે.

**तित्थयराणं जणणी, इत्थीवग्गंमि तेण जिणधम्मो।**
**थीणं तिव्वो रागो, तेणेव न सत्तमीगमणं॥२१॥**

તીર્થંકર ભગવંતોની માતાઓ સ્ત્રીવર્ગમાંથી જ થયેલી છે. એટલે સ્ત્રીજાતિમાં જ તીર્થંકરની માતા રહેલી હોય છે. અને તે કારણથી પુરુષની અપેક્ષાએ સ્ત્રીઓને જિનેશ્વર ભગવાનના ધર્મમાં તીવ્ર રાગ હોય છે. અને આમ હોવાથી તે કારણવડે કરીને જ અમે કલ્પના કરીએ છીએ કે સ્ત્રીઓને સાતમી નરકે જવાપણું નથી. ભાવાર્થ તો આ પ્રમાણે જ્ઞાનાદિ લક્ષણ એવો જે ધર્મ તેના આધારભૂત તીર્થ છે. અને તેના સ્થાપક તીર્થંકર જ છે. અને તે તીર્થની અવિચ્છિન્ન પ્રવૃત્તિના કારણભૂત ગણધર આદિ સાધુઓ છે. અને તે બધાની માતાઓ સ્ત્રીઓ જ છે. અને માતાઓનો પોતાના પુત્રોને વિષે અકૃત્રિમ સ્નેહ હોય છે. અને તે કારણથી પિતા આદિની અપેક્ષાએ માતાઓ પોતાના સંતાનોને અતિસ્નેહ પૂર્વક પાલન કરે છે. આ જગતની સ્થિતિ છે.

આ કારણથી જ ભગવાન્ ઋષભદેવ પ્રવ્રજિત થયા બાદ પુત્રના સ્નેહવડે કરીને શોકના અશ્રુઓને છોડતી અને નિસ્તેજ લોચનવાળી થયેલી એવી મરૂદેવી માતા, ભરત મહારાજાને આ પ્રમાણે

કહે છે. 'હે ભરત! મારો પુત્ર ઋષભ ભૂખ્યો-વસ્ત્રવગરનો-વાહનવગરનો અને વનવાસી થયેલો એકલો જ વનમાં પરિભ્રમણ કરે છે. તું તો રાજયસુખમાં એવો લીન થયો છું કે તેની વાત પણ કરતો નથી.' ઈત્યાદિ ઉપાલંભપરાયણ એવી મરુદેવીએ-૧-હજાર વર્ષસુધી ક્ષણ માત્ર પણ સ્વસ્થતાને પામી નથી.'આવી પરિસ્થિતિ નાભિકુલકરની નથી થઈ! જન્મ દેનારી માની વાત તો દૂર રહી. પરંતુ કુક્ષિમાં ધારણ કરવા માત્રથી દેવાનંદા બ્રાહ્મણી જયારે મહાવીરદેવને વંદન માટે આવી ત્યારે અનિમેષ દૃષ્ટિએ મહાવીર દેવને જોતી છતી વિકસીત રોમરાજીવાલી થઈ અને અતિસ્નેહને લઈને સ્તનમાંથી દૂધ આવવાવડે આર્દ્રકંચુકી વાલી થઈ હતી. એ તો પ્રવચનમાં પ્રતીત જ છે ને? એ પ્રમાણે તીર્થંકરની માતાઓનો અને તેની જાતની બીજી સ્ત્રીઓનો તીર્થંકરને વિષે, તીર્થંકરના અપત્ય એવા સાધુઓને વિષે અને તીર્થંકરના ભાષિત એવા શ્રુત-ચારિત્ર આદિ ધર્મમાં તીવ્રરાગ યોગ્ય છે. અને તે રાગથી પુરુષની અપેક્ષાએ અધિકતર ધર્મની પ્રાપ્તિ દેખાય છે.

બલકે આ વાતનો અપલાપ કરવો એ કોઈના માટે શક્ય નથી. એવું ના બોલવું કે 'અત્યારે આ બધું છે તે પહેલાં આવું નહોતું' એવી શંકા ના કરવી. તીર્થંકર પ્રભુના સમયે પણ એવું જ હોવાથી તે આ પ્રમાણે—છદ્મસ્થકાલને વિષે પ્રભુ મહાવીરદેવ વડે કરીને ''દ્રવ્યથી અડદના બાકુળા, ક્ષેત્રથી એક પગ ડેલીમાં અને એક પગ ડેલી બહાર હોય એવી રીતે, કાળથી બધા ભિક્ષાચરો નિવૃત્ત થયા હોય. ભાવથી રાજપુત્રી હોય અને દાસત્વને પામેલી હોય. મુંડિત મસ્તકવાલી હોય દાસત્વને પામેલી હોય, અઠ્ઠમના તપવાલી હોય, અને સૂપડાના ખુણામાં રહેલી એવા અડદના બાકળાને રોતી છતી જો આપતી હોય તો મારે પારણું કરવું.''

એ પ્રમાણે ઘોર અભિગ્રહ ધારણ કર્યે છતે, અભિગ્રહના ચાર મહિના ગયા બાદ કૌશાંબી નગરીની અંદર શતાનિક રાજાની રાણી મૃગાવતી, ભગવંત ઉપરના તીવ્રરાગવડે કરીને હંમેશાં ચિંતાવલી થઈ છતી 'ભગવાનનું પારણું ક્યારે થશે?' એમ સાચું બોલનારા નિમિત્તિઆઓને પૂછતી હતી. તે વખતે કરોડો સંખ્યાના શ્રાવકો વિદ્યમાન હોવા છતાં પણ કોઈ શ્રાવકે પૂછ્યું નથી. તેમાં શું કારણ? રાગ કે બીજું કાંઈ? તે પોતેજ વિચારી લેવું. તેવી જ રીતે ભિક્ષા લીધા સિવાય પાછા ફરતાં જોઈને ચંદનબાળા જ રડી, એ પ્રમાણે કોઈ શ્રાવક રડયો તેવું સાંભલ્યું છે ખરું? એવી રીતે મંખલિપુત્ર ગૌશાલાએ મુકેલી તેજોલેશ્યાના કારણે ઉત્પન્ન થયેલ લોહીખંડ વાડાની મહાવીરદેવની પીડા સર્વમનુષ્યોને પ્રતીત જ હતી. પરંતુ તે પીડાને શાંત કરવા માટે રેવતી શ્રાવિકાએ જ ઔષધની ચિંતા કરી હતી. તે વખતે કરોડોની સંખ્યાવાળા શ્રાવકો તો નિશ્ચિત જ હતા. આ બધામાં ધર્મરાગનું તારતમ્યપણું જ સંભવે છે.

તેથી કરીને સિદ્ધ થાય છે કે પુરુષોની અપેક્ષાએ કેટલીક સ્ત્રીઓમાં ધર્મરાગનું અધિકપણું હોય છે. અને એથી જ ભગવાન મહાવીર દેવના સાધુઓ કરતાં બમણી સંખ્યાવાલી સાધ્વીઓ મોક્ષમાં ગયેલી છે. **પર્યુષણા કલ્પમાં** કહ્યું છે કે ''શ્રમણ ભગવાન મહાવીરદેવના ૭૦૦। સાધુઓ સિદ્ધિપદને પામ્યા અને ચૌદસો સાધ્વીઓ સિદ્ધિપદને પામી.'' એ પ્રમાણે શ્રી ઋષભદેવ આદિમાં પણ જાણી લેવું.

વાદી પ્રશ્ન કરે છે કે સ્ત્રીઓ, ઉદિત થયેલા અનંતા પાપોથી પીડાતી હોય છે. આગમમાં કહ્યું છે કે 'અનંતી પાપની રાશિ જ્યારે ઉદયમાં આવે ત્યારે સ્ત્રીપણું પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે હે ગૌતમ! તું સમ્યક્ જાણ.' આ વાત તમો શ્વેતાંબરોને પણ સંમત છે. તો એવા પ્રકારની સ્ત્રીઓ મોક્ષગમનને યોગ્ય કેવી રીતે? જો એમ કહેતો હોય તો બોલીશ નહિં. એથી જ કરીને પુરુષો કરતાં પણ સ્ત્રીઓમાં ધર્મની દૃઢતામાં જે કલ્પના કરી છે તેનું પ્રામાણિકપણું છે. તેથી લોકને વિષે એક સુભટ અને બે વૈરીથી ઘેરાયેલો હોય અને તે બન્નેનો જય કરે તો તે સુભટ બળવાન કહેવાય. તે જયી સુભટની અપેક્ષાએ પાંચ વૈરીઓને પહોંચી વળે તે મહાબલવાન્ કહેવાય. એવી રીતે અનંતી પાપ પ્રકૃતિઓને જીતીને મુક્તિને ભજવાવાળી સ્ત્રીઓ પુરુષો કરતાં ધર્મમાં અતિદૃઢતાવાળી હોય એમ નક્કી થાય છે. અને આ પાપવડે કરીને સાતમી નરકે ગમન થાય તેવું તારે ન વિચારવું. અથવા તો અમે ઉત્પ્રેક્ષા કરીએ છીએ કે તીર્થંકરની માતાએ પોતાના પુત્રને આ પ્રમાણે યાચના કરી કે 'હે પુત્ર! તું મારી કુક્ષિમાં ઉત્પન્ન થયો છે. તેથી મારી જાતની સ્ત્રીઓને સાતમીએ જવાનું નિવારણ કર એ પ્રમાણે માતાની યાચના વડે કરીને સ્ત્રીઓને સાતમી નરક જવાનું નિવાર્યું હોય' તેવી રીતે પ્રભુએ પણ માતાની ભક્તિવડે કરીને સ્ત્રીઓનું સાતમી નરકે જવાનું નિવાર્યું.

હવે દિગંબર શંકા કરે છે. તમે કીધું કે પુરુષની અપેક્ષાએ સ્ત્રીઓનું બળવાનપણું છે તે શું 'બધા પુરુષોથી બધી સ્ત્રીઓનું હોય? અથવા કેટલાક પુરુષોથી બધી સ્ત્રીઓનું? અથવા બધા પુરુષોથી કેટલીક સ્ત્રીઓનું? અથવા કેટલાક પુરુષોથી કેટલીક સ્ત્રીઓનું'? આ પ્રમાણે તું પૂછતો હોય તો તારું કહેવું બરોબર છે! પણ હે દિગંબર! અમે પણ તને પૂછીએ છીએ કે જે સ્ત્રીઓનું દુર્બલપણું તેં કહ્યું તે શું? બધા પુરુષોથી બધીય સ્ત્રીઓનું? ઇત્યાદિ તેં કહેલા ચાર વિકલ્પમાંથી ક્યા વિકલ્પને આશ્રીને કહ્યું છે?

---

પહેલાં ત્રણ વિકલ્પની અંદર પ્રત્યક્ષ બાધાનો સંભવ હોવાથી 'ચોથો વિકલ્પ અમને સંમત છે.' જો એમ કહેતો હોય તો અમારે પણ એ પક્ષ કબૂલ છે. એટલે કેટલાક પુરુષોથી કેટલીક સ્ત્રીઓ બળવાન હોય છે. વળી દિગંબર કહે છે કે 'સ્ત્રીઓને જ અબલા કહી છે તો તે કેમ કીધું?' એમ જો પૂછતો હોય તો તારો જ અભિપ્રાય અમને કહે પછી અમે કહીશું.

તો દિગંબર કહે છે કે 'મુક્તિગમનને યોગ્ય શુભ અધ્યવસાયનો અભાવ હોવાથી ઉર્ધ્વગમનના સામર્થ્યનો અભાવ હોવાથી અબલા કહીયે છીએ.' એમ જો કહેતો હોય તો અમારા શ્વેતાંબરનો અભિપ્રાય સાંભળી લે. સાતમી નરકમાં ગમનને યોગ્ય કિલષ્ટ પરિણામનો અભાવ હોવાથી અબલા કહેવાય છે. એટલી અધોગમનની શક્તિનો અભાવ હોવાથી સ્ત્રીઓને અબલા કહેવાય છે. આ કારણથી જ લોકને વિષે પાપથી કાયર એવી સ્ત્રીઓ યુદ્ધ આદિમાં ઉપયોગી નથી તે તો તને પણ પ્રતીત જ છે. અને પાપ કરવામાં કાયર હોય તે ધર્મ કરવામાં કાયર હોય એવી શંકા કરવી નહિં. જો એવી શંકા કરીશ તો તીર્થંકર આદિને વિષે વ્યભિચારની પ્રાપ્તિ થશે. કારણ કે તેઓમાં પાપનું કાયરપણું હોવા છતાં પણ ધર્મને વિષે શૌર્યનું દર્શન થાય છે ॥ ગાથા-૨૧ ॥

હવે પહેલાં કહેલી વાત જાણે વિસરાઈ ગઈ ન હોય તેમ દિગંબર શંકા કરે છે.

**अह दुब्बलया मणसा, जेण न गच्छंति सत्तमिं पुढविं।**
**ता कह खवगसेणिं, पडिवज्जिअ मुत्तिमुवइंति?॥२२॥**

હવે 'સ્ત્રીઓમાં મનોવીર્યની દુર્બલતા છે. તે કારણથી સાતમી નરકે જતી નથી. તો તેવી મનોવીર્યની દુર્બલતાવાળી સ્ત્રીઓ, ક્ષપક શ્રેણી સ્વીકારીને મોક્ષને કેમ પામે? કોઈ હિસાબે ન જ પામે, આ પ્રમાણે દિગંબરના પૂર્વપક્ષની ઉદ્‌ભાવના પણ કરી. ॥ ગાથા-૨૨ ॥

હવે જેઓની સાતમી નરકે જવાની શક્તિ છે તેઓની જ મોક્ષે જવાની શક્તિ હોય. એ પ્રમાણે દિગંબરમતમાં આરુઢ થયેલી વ્યક્તિને વ્યભિચારવડે દૂષિત કરવા માટે કહે છે.

**अहगमणे जस्स सत्ती, उद्धं सत्तीवि तस्स चेव त्ति।**
**नेवं नियमो बलदेववासुदेवेसु वभिआरो॥२३॥**

જેમ જીવ વિશેષની અધોગતિમાં શક્તિ હોય તેમ તેની ઉર્ધ્વગતિમાં પણ હોય છે. એવી જે તારી વ્યાપ્તિ છે તે વ્યાપ્તિ, શીત અને ઉષ્ણસ્પર્શની જેમ બાધથી ગ્રસાયેલી છે. જેવી રીતે બ્રહ્મદત્ત ચક્રવર્તીની અધોગતિગમનમાં શક્તિ હતી. તેમાંની થોડી ઘણી પણ શક્તિ ઉર્ધ્વગમનમાં નહોતી. ચિત્ર સાધુના હજારો ઉપદેશોવડે કરીને પણ મોક્ષના હેતુભૂત ચારિત્ર નહિં સ્વીકારેલું હોવાથી. હવે જાતિ વિશેષની અધોગમનમાં શક્તિ છે તે જાતિવિશેષને ઉર્ધ્વગમનમાં પણ હોય છે તે પ્રમાણેની વ્યાપ્તિ પણ કથંચિત્ બાધગ્રસ્ત હોય છે અને કથંચિત્ વ્યભિચારગ્રસ્ત હોય છે તેથી તે નિયમ બરાબર નથી તેની ઉપર દૃષ્ટાંત આપે છે.

બલદેવ જાતિ વિશેષની અધોગમનની શક્તિના અભાવ હોયે છતે પણ ઉર્ધ્વગમનની શક્તિનો સદ્‌ભાવ છે. વાસુદેવ જાતિ વિશેષની અધોગમનની શક્તિનો સદ્‌ભાવ હોયે છતે ઉર્ધ્વગમનની કિંચિત્ પણ શક્તિ નથી. આગમમાં કહ્યું છે કે 'બલદેવો ઉર્ધ્વગામી હોય છે. અને વાસુદેવો અધોગામી હોય છે.' એ પ્રમાણે **આવશ્યક નિર્યુક્તિ** ગાથા-૪૧૫માં જણાવેલ છે.

એ પ્રમાણે અધોગમનની શક્તિથી શૂન્ય એવી સ્ત્રીઓ પણ બલદેવની જેમ ઉર્ધ્વગામી બને જ છે. હવે અહિં દિગંબર શંકા કરે છે કે 'જો કે અધોગતિ ગમનની શક્તિથી સહિત બળદેવ આદિ હોતા નથી તો પણ તે પુરુષો જ છે. અને એથી કરીને પુરુષત્વની જાતિએ કરીને બળદેવ સમાન જાતિવાળા બીજા પુરુષો અધોગમનની શક્તિથી સહિત હોય છે. અને એથી જ કરીને ઉપચારદ્વારા બળદેવો પણ તેવા સામર્થ્યવાળા કહી શકાય જ.' પ્રમાણે જો કહેતો હોય તો મનુજત્વ જાતિએ કરીને સ્ત્રીસમાન જાતીય-એવા બીજા માણસો એવા પ્રકારની શક્તિને ભજવાવાળી હોય. કારણ કે યુક્તિનું બન્ને ઠેકાણે તુલ્યપણું છે. તેથી કરીને બળદેવની જેમ સ્ત્રીઓને પણ મુક્તિ, યુક્તિથી સિદ્ધ છે. અને સિદ્ધાંત સિદ્ધ પણ છે. **પર્યુષણા કલ્પ**માં કહેલું છે કે 'શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની ૧૪૦૦

સાધ્વીઓ મોક્ષપદને પામી.' તેવી જ રીતે આવશ્યક સૂત્રમાં પણ 'નાભિરાજાની પત્ની મરૂદેવી સિદ્ધિપદને પામી.' તેવી જ રીતે મત્સ્યોની અધોગતિમાં સાતમી નરક સુધીની શક્તિ હોય છે. જ્યારે ઉપર જવા માટે સહસ્રાર દેવલોક સુધીની જ શક્તિ હોય છે.

એટલે માછલા આદિઓને વિષે પણ વ્યભિચાર આવશે. એ પ્રમાણે અધોગમનની શક્તિનો અભાવ હોયે છતે પણ ઉર્ધ્વગમનની શક્તિને ભજવાવાળા જિનેશ્વર ભગવંતો અને ગણધર ભગવંતો આદિ ચરમશરીરીઓ હોય છે. કારણ કે તેઓનો તેવા પ્રકારનો સ્વભાવ હોવાથી : એથી કરીને તેઓને વિષે પણ વ્યભિચાર પ્રગટ જ છે. આનો ભાવ એ છે કે વાસુદેવોની અધોગમનમાં શક્તિ છે. ઉર્ધ્વગમનમાં જરા પણ નથી. બળદેવોને ઉર્ધ્વગમનમાં શક્તિ છે પણ અધોગમનમાં જરા પણ નથી.

માંછલાંઓની નીચે જવામાં ઘણી શક્તિ છે. અને ઉપર જવામાં ઓછી શક્તિ છે. સ્ત્રીઓની ઉપર જવામાં ઘણી શક્તિ છે. અને નીચે જવામાં ઓછી શક્તિ છે. એ પ્રમાણે સારી રીતે વિચારીને અધોગમનની શક્તિ તે ઉર્ધ્વગમનની નિયામક બનતી નથી. કારણ કે બળદેવ અને વાસુદેવમાં વ્યભિચાર આવતો હોવાથી. ॥ ગાથા-૨૩ ॥

હવે 'અધોગતિમાં તુલ્ય સામર્થ્ય હોય છતે ઉર્ધ્વગતિમાં પણ તુલ્ય સામર્થ્ય હોય છે.' એ પ્રમાણે દિગંબરે જણાવેલી વ્યાપ્તિને સર્વથા ઢીલી પાડી દેવા માટે કહે છે.

**[1]सरिसव [2]सउणि [3]चउप्पय [4]सप्पि [5]त्थी [6]जलयराण सन्नीणं।**
**बीआइनिरयगमणं, कमेण उड्ढं तु समगमणं॥२४॥**

ભૂજપરિસર્પ-પક્ષીઓ-સિંહ આદિ ચોપગાં પ્રાણીઓ, ઉરપરિસર્પો—સ્ત્રીરત્ન આદિ અને જે માછલા આદિ સંજ્ઞીઓ છે. તેઓનું બીજી નરક આદિમાં ક્રમે કરીને નરક ગમન કહેલું છે. સંજ્ઞીઓ એટલા માટે લીધાં છે કે અસંજ્ઞી એવા પ્રાણીઓનું રત્નપ્રભા નરક સુધીની ઉત્પત્તિ જણાવેલી છે. આ સંજ્ઞીઓમાં ભુજપરિસર્પો પણ ઉત્કૃષ્ટથી બીજી વાલુકા પ્રભામાં ઉત્પન્ન થાય છે એનાથી નીચે નહિં. પંખીઓ પંકપ્રભા સુધીમાં ઉત્પન્ન થાય છે. તેથી નીચે નહિં. યાવત્ માછલાંઓ સાતમી નરકે પણ જાય છે! જ્યારે આ બધી તિર્યંચની જાતિનું ઉંચે જવું સરખું છે. અર્થાત સહસ્રાર સુધી તેઓની ઉત્પત્તિ થઈ શકે. એથી કરીને સરિસૃપ આદિનું અધોગમનમાં વિષમપણું હોવા છતાં પણ ઉર્ધ્વગમનમાં શક્તિનું સામ્યપણું જ છે. એમ કહીને દિગંબરે ઉભી કરેલી આ વ્યાપ્તિ મૂળમાંથી ઉખેડીને ફેંકી દીધી જાણવી ॥ ગાથાર્થ-૨૪ ॥

હવે અત્યાર સુધી આ બધી કહેલી વાતને ચાલુ અધિકારમાં જોડે છે.

**एवं थी पुरिसाणं, भेअंमि अहोगइं च अहिगिच्च।**
**उड्ढंगमणे भेओ, नत्थि त्थित्तेण थीमुत्ती॥२५॥**

એ પ્રમાણે પૂર્વે કહેલાં ભુજપરિસર્પ આદિ જાતિના દૃષ્ટાંતવડે અધોગતિને આશ્રીને સ્ત્રી પુરુષના

વૈષમ્યપણામાં પણ ઉર્ધ્વગમનમાં ભેદ નથી. તે કારણ વડે કરીને સ્ત્રીઓને મુક્તિ હોય છે. માંદા માણસને કડવા ઔષધ પાવાની જેમ આ યુક્તિઓનો સમુદાય, નહિં ઇચ્છતા છતાં એવા દિગંબરના ગળે વળગી તેમ જાણ. ॥ ગાથા-૨૫ ॥

હવે સ્ત્રીઓને ચારિત્ર નહિં અંગીકાર કરવામાં ત્રિવિધસંઘની આપત્તિ આવવાવડે કરીને પોણું તીર્થ થશે. એ પ્રમાણેના વિચારથી બાહ્ય એવો દિગંબર શંકા કરે છે કે

**अबला चीवरवरिआ चीवरवरिआण होइ ममकारो।**
**ममया परिग्गहो खलु, तेणं नो थीण चारित्तं॥२६॥**

તુચ્છ સત્ત્વવાળી એવી સ્ત્રીઓ વસ્ત્રથી ઢંકાયેલી હોય છે. અને વસ્ત્રથી ઢંકાયેલી સ્ત્રીને મમતા તથા પરિગ્રહ હોય છે. આગમમાં **मुच्छा परिग्गहो वुत्तो** એ પ્રમાણેનું વચન છે તેથી કરીને પરિગ્રહપણું હોયે છતે સ્ત્રીઓને ચારિત્ર હોય નહિં. ॥ ગાથા-૨૬ ॥

હવે ચારિત્રના અભાવથી શું થાય? તે કહે છે.

**चरणाभावा मोक्खो, इत्थीणं नत्थि तत्थ को दोसो ?।**
**न हि सामग्गी अभावा, कज्जं उप्पज्जए किंचि॥२७॥**

ચારિત્રના અભાવથી સ્ત્રીઓને મોક્ષ નથી. એમ કહેવામાં શું દોષ? કોઈ પણ જાતનો દોષ નથી. સામગ્રીના અભાવે કરીને અવિકલ એવા કારણના અભાવે કરીને જેમ ઘડા આદિનું કાર્ય ઉત્પન્ન થતું નથી તેમ ચારિત્રના અભાવથી સ્ત્રીઓને મોક્ષનો અભાવ છે. ॥ ગાથા-૨૭ ॥ આ પ્રમાણેના દિગંબરના પૂર્વ પક્ષને દૂષિત કરવા જણાવે છે કે–

**जइ इत्थीणं वत्थं, सहजायं ता तउव्व नो दोसो।**
**अह बंभव्वयहेऊ, तोऽणुगुणं सव्वविरईए॥२८॥**

તેં જે કહ્યું કે 'સ્ત્રીઓ વસ્ત્રથી આવૃત છે.' તો તે વસ્ત્ર, શું સ્ત્રીઓને સાથે જન્મ્યું છે? કે બ્રહ્મચર્યના પાલનના માટે છે? પહેલો પક્ષ પ્રત્યક્ષ બાધિત છે. કારણ કે સ્ત્રીઓને ચામડીની જેમ વસ્ત્ર સાથે જન્મવું જોયું કે સાભલ્યું નથી. તેને જો સહજાત માનીયે તો ચામડીની જેમ વસ્ત્ર પણ પરિગ્રહ ન થાય.

અને બીજા પક્ષની અંદર વસ્ત્ર ચારિત્રને અનુકૂલ છે. કારણ કે બ્રહ્મચર્યનું જે કારણ હોય તે ચારિત્રના અભાવનો હેતુ નથી હોતો. શીત-ઉષ્ણના સ્પર્શની જેમ વિરુદ્ધ હોવાથી, અને તેથી કરીને સિદ્ધ છે કે વસ્ત્ર ધારણ કરવું. તે જ ચારિત્રનો હેતુ છે.

વળી હે દિગંબર! સ્ત્રીઓને વસ્ત્રનો પરિભોગ જે છે તે તીર્થંકરોએ ઉપદેશેલો છે? કે તારા મતના આકર્ષક એવા શિવભૂતિવડે કરીને પ્રરુપાયેલો છે? કે અશક્ય પરિત્યાગથી કહેલો છે?

પહેલા વિકલ્પમાં=તીર્થંકરે ઉપદેશેલામાં હોય તો 'વસ્ત્રથી આવૃત થયેલાની જ મુક્તિ સિદ્ધ થાય છે.' એ પ્રમાણેનું વચન હોવાથી. પરમબુદ્ધિમંતપણું હોવાવડે કરીને પરમ કરુણાને ભજવાવાળા એવા ભગવંતો, સ્ત્રીઓને માટે મુક્તિઘાતકનો ઉપદેશ આપે નહિં. અને જો એ પ્રમાણે હોયે છતે બીજી વાત તો દૂર રહો. પરંતુ તીર્થંકરો પરલોકમાં નિંદ્ય બને.

હવે બીજા વિકલ્પને વિષે સ્ત્રીઓએ શિવભૂતિનું શું બગાડ્યું કે જેથી કરીને તે પાપાત્માએ સ્ત્રીઓને વસ્ત્રનું દાન કરવાવડે કરીને એમની મુક્તિનો ઉપઘાત કર્યો? અંદરના વૈર વગર તેવા પ્રકારની ઉત્કૃષ્ટ સંપદાનો કોઈ ઘાતક બનતો નથી. હવે જો એમ કહેતો હો કે–શિવભૂતિએ સ્ત્રીઓને જે વસ્ત્રનું દાન કર્યું તે બ્રહ્મચર્યના પાલન માટે જ કર્યું હતું. એમ જો કહેતો હોય તો અમારા કહેલા માર્ગે તું વગર કહે આવી ગયો. કારણ કે જે બ્રહ્મચર્ય આદિના પાલનનું કારણ છે તે સંયમનું કારણ છે જ અને એથી જ કરીને સિદ્ધ છે કે નિષ્પરિગ્રહિતાના કારણભૂત વસ્ત્ર પાત્ર આદિ છે.

હવે તારો જે ત્રીજો વિકલ્પ જે અશક્ય પરિત્યાગ કર્યો છે એવો હોવાથી તારો ત્રીજો વિકલ્પ છે તે તુચ્છ છે. કારણ કે પ્રત્યક્ષ બાધ હોવાથી. બાલ્યાવસ્થાની જેમ બીજી અવસ્થાઓમાં પણ વસ્ત્રનું રહિતપણું સાર્વજનીન છે.

હવે જો વસ્ત્ર સહિતપણું કાદાચિત્ક છે એમ જો હોય તો પુરુષોને પણ ગૃહસ્થાવસ્થામાં વસ્ત્ર-સહિતપણાનો સદ્ભાવ હોવાથી પુરુષોને પણ મુક્તિના અભાવની આપત્તિ આવશે. હવે તે કાદાચિત્કપણું પ્રવ્રજ્યા સ્વીકાર્યા બાદનું છે એમ કહેતો હોય તો તે હરસ-ભગંદર આદિને વિષે એના વ્રણના છિદ્રમાત્રને ઉપયોગી એવા વસ્ત્રને ધારણ કરવું તે શું દોષ નથી? તેવા વ્રણમાત્રને માટે ઉપયોગી એવા વસ્ત્રમાં મૂર્છાનો અભાવ હોવાથી દોષ નથી. એમ જો કહેતો હોય તો લાંબો કાળ જીવ.

તો ઠંડી-તડકો-વાયુ-દંશ-મશક આદિથી બાધિત એવા શરીરની ચિકિત્સા માત્રરૂપે ઉપયોગી એવા વસ્ત્રને વિષે મૂર્છા ક્યાંથી હોય? એમ વિચારીને મોક્ષ સાધનના કારણભૂત એવા શરીરનું પણ ઉપષ્ટંભક=ઉપકારી એવું વસ્ત્ર ધર્મનું ઉપકરણ છે. અને તેનો જે પરિગ્રહ–વસ્ત્રનું ગ્રહણ કરવું એ મૂર્છા વિષયક નથી પરંતુ એથી અતિરિક્ત અને અસંયમનું કારણ હોય તેવા પરિગ્રહને એટલેકે મૂર્છા વિષયકને પરિગ્રહ આગમમાં કહ્યો છે.

પ્રાસાદ બનાવવાના અભિપ્રાયવાલા શ્રાવકે પ્રાસાદ આદિના માટે જે પોતાને સ્વાધીન કરેલું એવું સુવર્ણ આદિને તથા ઘરકાર્યમાં ઉપયોગી એવા અને પોતાની માલિકીનું થયેલું એવા ધનને તારાવડે પણ સરખું કહેવાતું નથી.

હવે તેમાંથી જે એક ધન પોતાને સ્વાધીન કરેલું છે તે ધન, ધર્મના ઉપષ્ટંભક=ઉપકારી તરીકે હોય તો મોક્ષનું અંગ છે. જ્યારે બીજું પોતાને આધીન કરેલું ધન, આશ્રવના કારણભૂત હોવાથી સંસારનું કારણ છે. એ પ્રમાણે સંયમને માટે અને અસંયમને માટે ગ્રહણ કરેલું વસ્ત્ર પણ સમસ્વભાવવાળું બનતું નથી.

વાદી પ્રશ્ન કરે છે કે 'કનક આદિનાં અપરિગ્રહની આપત્તિવડે કરીને જગતમાં કોઈપણ પરિગ્રહ નહિં બની શકે અને એ પ્રમાણે થયે છતે પરિગ્રહ અને અપરિગ્રહની વિચારણાને અંજલિ આપવા જેવું શું નહિં થાય?' એમ જો કહેતો હોય તો કહીયે છીએ કે તમારી પંડિતાઈ ખરેખર અદ્ભૂત છે. અમે સ્વરૂપવડે કરીને વિદ્યમાન સુવર્ણ આદિ વસ્તુસમુદાયને પરિગ્રહ કે અપરિગ્રહ નથી કહેતા; પરંતુ સંયમને ઉપઘાત કરનાર અને મૂર્છા વિષયક હોય તેને પરિગ્રહ કહીયે છીએ. વિશેષ આવશ્યક ભાષ્ય

**तम्हा किमत्थि वत्थुं, गंथोऽगंथो व सव्वहा लोए।**
**गंथोऽगंथो व मओ, मुच्छममुच्छाहिं निच्छयओ॥१॥२५७३॥**

**वत्थाइ तेण जं जं, संजमसाहणरागदोसस्स।**
**तं तमपरिग्गहो च्चिअ, परिग्गहो जं तदुवघाई॥२॥२५७४॥**

**એની ટીકાનો એકભાગ આ પ્રમાણે છે.** તેવી વસ્તુ લોકમાં નથી કહી કે જે પોતાના સ્વરૂપવડે કરીને સર્વથા ગ્રંથ કે અગ્રંથ બને એવી એકેય વસ્તુ નથી. તેથી જ કરીને મૂર્છા એ જ પરિગ્રહ કહેલો છે. ॥૧॥

એવું વચન હોવાથી જે વસ્ત્ર-દેહ-આહાર-સુવર્ણ આદિની અંદર મૂર્છા ઉત્પન્ન થાય તેને નિશ્ચયથી=પરમાર્થથી ગ્રંથ-ગાંઠ કહેલ છે અને જે પદાર્થને વિષે મૂર્છા ન થાય તે અગ્રંથ ॥૨॥ આ જ વાતને વધારે સ્પષ્ટ કરે છે.

તે કારણથી રાગ વગરના અને દ્વેષ વગરના આત્માઓને સંયમના સાધનરૂપ એવા જે વસ્ત્રાદિ છે તેને અપરિગ્રહ કહેલો છે અને સંયમના જે ઉપઘાતક સાધનો છે તેને પરિગ્રહ કહેલો છે અને તેથી કરીને વસ્ત્ર-પાત્રાદિ જે છે તે સંયમોપકારક છે તે વાત અહિંઆ જ અને આગળ પણ કહેવાશે. ॥ગાથાર્થ-૨૮॥

હવે પછીની ગાથામાં સ્ત્રીઓને વસ્ત્રોનો જે પરિભોગ છે તે શું તીર્થંકરોનો ઉપદેશેલો છે? ઈત્યાદિરૂપ જે ત્રણ વિકલ્પો અને એ ત્રણ વિકલ્પરૂપી ત્રિશૂલથી હણાયેલો અને તેથી વ્યાકુલિત થયેલો અને પલાયનની દિશાને નહિં પામતો એવો દિગંબર હવે 'સ્ત્રીઓને બ્રહ્મચર્યના પાલન માટે વસ્ત્ર કહ્યું છે' એ પ્રમાણે કહે છે. તો એ વાત તો 'સર્વવિરતિને અનુકૂલ જ છે' આવું અમારું વચન સાંભળીને દિગંબરોઓ હવે શું કરવું? તેના માટે ઉપદેશ આપે છે.

**ता जह देहं संजम–भारुव्वहणत्थमन्नमाईहिं।**
**पोसिज्जा तह नियमा, पालेहिवि चीवराईहिं॥२९॥**

પૂર્વે કહેલું દેહ-શરીર, સંયમભારને વહન કરવા માટેનું સાધન છે. અને તેથી તેને અશન-પાન-

ખાદિમ-સ્વાદિમ આદિવડે પોષણ આપવું જોઈએ, એ વાત તને પણ પ્રમાણ છે. તો તે શરીરને ઉપકારક એવા વસતિ-પાત્ર-વસ્ત્ર આદિને ધારણ કરવાવડે કરીને સંયમનું પાલન કર આ ઉપદેશ આપ્યો.

અને એથી કરીને આ પ્રમાણે નહિં કરે તો સંયમપાલનના કારણભૂત એવા શરીરની રક્ષાને માટે તારે અશન આદિ ગ્રહણ કરવું પણ બંધ થઈ જશે. આ કહેવાનો ભાવ એ છે કે સંયમના કારણભૂત એવા શરીરના પાલનના નિમિત્તરૂપ એવા વસ્ત્ર આદિએ તારું શું બગાડ્યું? કે તેથી કરીને જેમ ક્ષુધાથી પીડિત શરીર સંયમનો હેતુ બનતું નથી. તેવી રીતે ટાઢ-તડકો-ડાંસ-મચ્છર આદિથી પીડિત થયેલું એવું શરીર પણ સંયમનો હેતુ બનતું નથી. એમ તું સમજ. ॥ ગાથા-૨૯ ॥

હવે વસ્ત્ર-પાત્ર-આદિના ધારણ કરવામાં જે ગુણો છે તે બતાવવાને માટે કહે છે.

**लोआणुवत्ति धम्मो, लज्ञा तह बंभचेररक्खा य।**
**सीआतवदंसमसग--पीडारहिअस्स सज्झाणं ॥३०॥**

વસ્ત્ર ધારણ કરવામાં લોકપ્રતીત એવો પહેલો ગુણ લોકાનુવૃત્તિ ધર્મ સચવાય છે. લોક એટલે જનસમવાય = માણસો, નહિં કે તિર્યંચો. કારણ કે તિર્યંચોને લજ્જાદિ કારણ માટે વસ્ત્ર ધારણ-કરવાનો અસંભવ હોવાથી.

મનુષ્યોરૂપી જે લોકનો અનાદિસિદ્ધ એવો જે આચાર તે રૂપી જે ધર્મ તેને સાચવ્યો કહેવાશે. તેવી રીતે લજ્જાસંયમનું પાલન કર્યું ગણાશે અને વસ્ત્રના અભાવે ગધેડા આદિની જેમ અવિશેષે કરીને લજ્જારહિતપણું થશે. અને લજ્જારહિતને ચારિત્રનું પાલન ક્યાંથી હોય? અને વસ્ત્રાવૃતવાલાને લજ્જાવડે કરીને પણ બ્રહ્મચર્ય છે. જો વસ્ત્ર ન હોય તો-ઘોડીને દેખીને જેમ ઘોડો, લિંગ વિકૃતિને પામે છે. તેમ સ્ત્રીના દર્શનથી લિંગ આદિની વિકૃતિ થશે. અને એ વિકૃતિ થવાવડે કરીને પ્રવચન = શાસનની અપભ્રાજના થશે-નિંદા થશે. અને અબ્રહ્મની સેવા આદિવડે સર્વજનવિદિત એવા જે ઘણાં દોષો છે તે બધાની પ્રાપ્તિ થશે. અને વસ્ત્ર ધારણ કરવાવડે કરીને શીત-ઉષ્ણકાલ આદિને વિષે ઠંડી-તડકો-ડાંસ-મચ્છર આદિ દ્વારાએ જે પીડા થાય છે તે પીડાથી રહિત બન્યો સતો ધર્મ અને શુકલરૂપી સદ્ધ્યાનને ધ્યાવવાનું થાય અને વસ્ત્રના અભાવે તો ભૂખ-તૃષા આદિથી અનાકુલ હોય તો પણ દુર્ધ્યાન થાય. એટલે અગ્નિથી તાપવાનું અને ઘાસ આદિને સેવવાનું એ રૂપ દુર્ધ્યાન થાય. અને તેના આસેવનવડે કરીને અસંયમ થાય. ॥ ગાથા-૩૦ ॥

હવે વસ્ત્ર ધારણના બીજા પણ ગુણો કહે છે.

**पवयणखिंसा परवग्गमोहुदयवारणं च वत्थेहिं।**
**तसथावराण जयणा, पत्तेहिं तहेव विण्णेआ ॥३१॥**

'આશ્ચર્યની વાત છે કે આ મુંડીઆઓ-પાપાત્માઓ, અમારી પુત્રી-વહુઓ આદિ સ્વજનોને

પોતાનું અવાચ્ય દેખાડતાં પણ લાજતાં નથી. એથી કરીને નિર્લજ્જ એવા તેઓ અમારા ઘરમાં ન પેસો.' ઇત્યાદિ વચનવડે કરીને પ્રવચનની અવહેલના થાય છે. તેવી રીતે પુરુષની અપેક્ષાએ પરવર્ગ જે સ્ત્રીવર્ગ તેને મોહનો ઉદય થાય. ઘણું કરીને સ્ત્રી-પુરુષ આ બન્નેનો સ્વભાવ એવો છે કે વસ્ત્રરહિત એવા પરવર્ગને જોઈને મોહનો ઉદય થાય જ છે. અને આ બન્ને કારણોનું નિવારણ વસ્ત્ર દ્વારા જ થાય છે અને પર્ષદાને ધર્મ પ્રાપ્તિના કારણભૂત એવા વસ્ત્ર આદિ સાધુના વેશથી ઉત્પન્ન થયેલ રુપ-વસ્ત્ર આદિ આચાર્યના ગુણોને પોતાની બુદ્ધિએ જોડી દેવા.

હવે દિગંબર શંકા કરે છે કે 'જિનેશ્વર ભગવંતો તથા જિનકલ્પિક આદિઓ વસ્ત્રઆદિથી રહિત જ હોય છે. તો તેઓમાં આ ગુણો કેવી રીતે?' એમ જો કહેતો હોય તો બોલીશ નહિં. જિનેન્દ્ર આદિઓને પણ લોકાનુવૃત્તિ આદિ કારણનો સદ્ભાવ હોયે છતે વસ્ત્રનો સદ્ભાવ જ હોય છે. અને અમારે પણ એ સંમત છે. તે કેવી રીતે? એમ પૂછતો હોય તો સાંભળ. જિનેશ્વર ભગવંતો ગૃહસ્થ ધર્મમાં બાળભાવમાં અને બાળભાવ વ્યતીત થયે છતે યથોચિત એવા વસ્ત્ર અને અલંકારથી અલંકૃત જ હોય છે. દીક્ષાને અંગીકાર કરવાના અવસરે તો દેવેન્દ્રે હાજર કરેલ દેવદૂષ્ય વસ્ત્રને 'સવસ્ત્રપાત્ર ધર્મ મારે જણાવવો છે.' એમ વિચારીને ડાબા ખંધપર ધારણ કરે છે. આવ. નિ ૨૨૭ ગાથામાં જણાવે છે કે 'ચોવીશેય તીર્થંકરો એક દેવદૂષ્ય ગ્રહણ કરીને નીકલ્યા.' તેઓને વસ્ત્રનું પહેરવાપણાનો જે અભાવ છે તે તો પુણ્યોત્કર્ષનો ઉદય હોવાથી અને નિંદનીયપણાનો અભાવ હોવાથી નગ્ન હોવા છતાં પણ તેઓ સુભગ દેખાતાં હોવાથી વસ્ત્ર પહેરવાનો અભાવ છે. કહેલું છે કે 'ભગવંતો નહિ ભણ્યા છતાં વિદ્વાન્ છે, પૈસો નહિં હોવા છતાં પરમેશ્વર કહેવાય છે. અને અલંકાર ધારણ ન કર્યા છતાં પણ સુભગ કહેવાય છે એવા જિનેશ્વરો તમારું રક્ષણ કરો.'

**વળી જિનેશ્વર ભગવંતોનો ગુહ્ય પ્રદેશ વસ્ત્રની જેમ સફેદ પ્રભામંડલથી આચ્છાદિત હોય છે.** અને તેથી કરીને ચર્મચક્ષુવાળાઓને ગુહ્યભાગ દષ્ટિગોચર થતો નથી. **ધર્મસંગ્રહણી સૂત્રની** ૧૧૧૬મી ગાથામાં કહ્યું છે કે

**अण्णेसिं मोहोदयहेउअभावो, सुहाणुबंधाओ।**
**गुत्तिंदिअया य गुणा, अणन्नतुल्ला मुणेअव्वा॥१११६॥**

'તીર્થંકરના રૂપનું દર્શન થયા બાદ સ્ત્રીઆદિઓને મોહોદયના હેતુત્વનો અભાવ છે. ગુપ્તેન્દ્રિયતા-એટલે ગુપ્ત લિંગતા અને નિઃછિદ્ર એવા પાણિપાત્રવાળા હોય છે. આ બધા ગુણો તીર્થંકરમાં જાણવા' વળી કહ્યું છે કે 'તે ભગવંતો, નિશ્ચયે કરીને નિરૂપમ એવી ધૃતિ અને સંહનનવાળા હોય છે, અને ગૂઢ ઈન્દ્રિયવાલા હોય છે, અને સ્વપ્રભામંડલે કરીને આચ્છાદિત દેહવાળા હોય છે, જ્ઞાનાતિશયની સંપદાથી યુક્ત હોય છે, અને છિદ્રરહિત પાણિપાત્રવાલા કરપાત્રી હોય છે, અને જિતપરિસહ આદિ અનન્યતુલ્યગુણોવાલા તીર્થંકર જાણવા.' એ પ્રમાણે **ધર્મસંગ્રહણીવૃત્તિમાં** કહેલું છે અને તેથી કરીને નિંદનીય એવું અને અવાચ્ય એવા અવયવાદિનું દર્શન અટકાવવા માટે વસ્ત્રપરિધાન આદિ તીર્થંકરને હોતું નથી. અને તેથી કરીને 'કારણના અભાવે કાર્યનો અભાવ' એ ન્યાય હોવાથી

વસ્ત્ર નહિં પહેરવામાં પણ તીર્થંકરમાં લોકાનુવૃત્તિ આદિ ગુણોનો વિલોપ નથી થતો. લોકમાં પણ વસ્ત્ર પહેરવાનું મુખ્ય કારણ એ છે કે અસભ્ય અવયવોનું ગોપવવું તે.

મર્ત્ય-અમર્ત્ય લોકની લજજાવડે કરીને લજ્જનીય એવા અવયવોને ગોપવવાનો સ્વભાવ હોવાથી વસ્ત્રનું ધારણ કરવું જોઈએ. અને એથી કરીને કહેવત છે કે 'અહો! આશ્ચર્યની વાત છે કે 'નીચે નાગો અને ઉપર પાઘડી' એ પ્રમાણે.

ક્ષુધા આદિના ઉપશમનને માટે કરાતા ભોજનમાં જેમ અશન આદિના અનુસારે માધુર્ય આદિનો રસાસ્વાદ અને શરીરની પુષ્ટિ રહેલાં છે. તેની જેમ ગુહ્યઅવયવના આચ્છાદન કરવાને વિષે શરીર શોભા સ્વયં સિદ્ધ થાય જ છે. (એક નુર આદમી-હજાર નુર કપડા) નહિં કે તેના માટે પહેલેથી જ પ્રવૃતિ કરવી પડે.

અને તીર્થંકરને પાત્રનો ભોગ તો સર્વથા ન હોય. કારણ કે તીર્થંકર ભગંવતો અછિદ્રપાણિ-પાત્રવાલા છે. એથી કરીને તેઓને ભોજનના અવસરે હાથમાં નાંખેલું હોય તેની ચંદ્ર અને સૂર્ય સુધી લાંબી શિખા થાય. પરંતુ ટીપું ન પડે! અને ચાર જ્ઞાનના બલથી સંસક્ત છે કે અસંસક્ત એવા અન્નને અને સજીવ કે નિર્જીવ જલાદિને જાણીને નિર્દોષ જ અન્નાદિને ગ્રહણ કરે છે. તેથી કરીને એ ભગવંતને પાત્ર ધારણ કરવામાં કોઈ ગુણ નથી. કોઈ કારણ નથી. તેમ પાત્ર ધારણની જરૂરિયાત પણ નથી.

વળી જે જિનકલ્પિકો છે તે બે પ્રકારના છે. એક લબ્ધિવાળા અને બીજા લબ્ધિરહિતના. તે લબ્ધિની પ્રાપ્તિ પણ કર્મોના ક્ષયોપશમના વિચિત્રપણાના વશથી કેટલાક જિનકલ્પિકોને **પાત્ર વિષયક** લબ્ધિ હોય છે. કેટલાક જિનકલ્પિકોને **વસ્ત્ર વિષયક લબ્ધિ** હોય છે. અને કેટલાક જિનકલ્પિકોને બન્ને વિષયની લબ્ધિ હોય છે. તેમાં પણ જેઓને પાત્ર વિષયક લબ્ધિ છે તે કરપાત્રીઓ બને છે. અને તેથી કરીને તેઓને હાથવડે અશનાદિ ગ્રહણ કરતાં છતાં કોઈપણ જાતની સંયમ વિરાધના થતી નથી. તેમ પ્રવચનની નિંદા પણ થતી નથી. પરંતુ પ્રવચનની પ્રભાવના થાય છે. અને તે લબ્ધિ આ પ્રમાણે હોય છે.

'જેના હાથની અંદર હજારો ઘડાઓ સમાઈ જાય અથવા બધાજ સમુદ્રો સમાઈ જાય. એવા પ્રકારની લબ્ધિવાળો પાણિપતત્ગ્રાહી થઈ શકે છે.' આવી લબ્ધિવાળાઓને વસ્ત્ર વિષયક લબ્ધિનો અભાવ હોવાથી વસ્ત્રને ધારણ કરે છે. એ વસ્ત્ર ધારણ કરવામાં પણ જેવું સામર્થ્ય હોય એ પ્રમાણે કોઈક જિનકલ્પી ૧ કપડો-,૨-કપડાં-,૩ કપડાં ધારણ કરે છે. તેઓને અનુક્રમે રજોહરણ-મુખવસ્ત્રિકા સહિત-૩-૪-૫-ઉપકરણો થાય છે. એવી જ રીતે જેઓ વસ્ત્રથી ઢંકાયેલા નથી છતાં પણ નગ્ન દેખાતાં નથી. તે જિનકલ્પિકોને વસ્ત્રવિષયક લબ્ધિવાળા જાણવા. એટલે વસ્ત્ર જે કાર્ય કરે છે તે કાર્ય વિષયક લબ્ધિને ભજવાવાળા છે. તેઓના વસ્ત્રનું કાર્ય, લબ્ધિવડે જ થતું હોવાથી વસ્ત્રનો અભાવ છે. સૂર્ય ઉગ્યા પછી વસ્તુને જોવા માટે કોઈ દિવાની અપેક્ષા રાખતું નથી તેમઃ કારણ કે દીવાનું કાર્ય સૂર્યે જ કર્યું છે.

તેમાં પણ આવી લબ્ધિવાળા હોવા છતાં પણ શીત-ઉષ્ણ આદિને સહન કરવાના સામર્થ્યની

અપેક્ષા રાખવી પડે છે. અને વસ્રની લબ્ધિવાળા જિનકલ્પિકોને ઉપકરણો છે તેમાં વિકલ્પનો અભાવ હોવાથી નવ પ્રકારના ઉપકરણો હોય છે.

આ વસ્રવાળા જિનકલ્પિકોને ઉપકરણો નવ જ હોય છે. સાત પ્રકારનો પાત્રનિર્યોગરૂપી જે ઉપકરણ છે તેમાં વિકલ્પનો અભાવ હોવાથી નવ પ્રકારના ઉપકરણો હોય છે.

હવે જે વસ્ર અને પાત્ર આ બન્ને પ્રકારની લબ્ધિવાળા જિનકલ્પિકો છે. એઓને પાત્ર નથી હોતા અને વસ્ર પણ નથી રાખવા પડતાં : કારણ કે તે બંનેના પ્રયોજનનો અભાવ હોવાથી.

કારણ કે વસ્ર અને પાત્રથી ઉત્પન્ન થતું જે કાર્ય છે તે લબ્ધિદ્વારા જ થાય છે. ઊભય લબ્ધિવાળા હોય છે તેઓને ઉપકરણમાં રજોહરણ અને મુહપત્તિ-એમ બે હોય છે. હવે આ ત્રણ પ્રકારની લબ્ધિ વગરના જે જિનકલ્પિકો છે તેઓએ તો અવશ્ય વસ્ર-પાત્રાદિ ઉપકરણ ધારણ કરવું જ જોઈએ.

**ધર્મ સંગ્રહણી વૃત્તિ**માં કહેલું છે કે 'અતિશય વગરનાએ વસ્ર-પાત્ર આદિ સિવાય ચારિત્રનું પાલન કરવું અશક્ય હોવાથી તેઓની અંદર જેવું શરીરનું સામર્થ્ય હોય તેને અનુસારે કોઈક જિનકલ્પી ૧-કપડાને ધારણ કરતાં તેને-૧૦-ઉપકરણ, ૨-કપડાંને ધારણ કરતાં હોય તેઓને-૧૧-ઉપકરણ અને ૩-કપડાંને ધારણ કરતાં હોય તે જિનકલ્પીકોને ૧૨-ઉપકરણો હોય છે.

કહેલું છે કે ''પાત્ર-૧-પાત્રબંધ-૨-પાત્રસ્થાપન-૩-પલ્લાઓ-૪-પાત્ર કેશરિકા-૫-રજસ્રાણ-૬-ને ગુચ્છા-૭-આ સાત પ્રકારનો પાત્ર નિર્યોગ કહેવાય છે.

ત્રણ કપડાં = ૨-સૂતરાઉ અને ૧-એક-ગરમ એમ ત્રણ જાણવા અને ઉપકરણના ભેદે કરીને એ જિનકલ્પિકોના આઠ ભેદ જાણવા. તે આ પ્રમાણે.

**''दुग-२-तिग-३-चउक्कं-४-पणगं-६-नव दस इक्कारसेव बारसगं।**
**ए ए अट्ठ विगप्पा, जिणकप्पे हुंति उवहिस्स॥२॥**

**पुत्तीरयहरणेहिं दुविहो, तिविहो अ इक्ककप्पजुओ।**
**चउहा कप्पदुगेणं, कप्पतिगेणं तु पंचविहो॥३॥**

**दुविहो तिविहो चउहा, पंचविहोवि हु सपायनिज्जोगो।**
**जायइ नवहा दसहा, इक्कारसहा दुवालसहा॥४॥**

૧-રજોહરણ-૨-મુહપત્તિ આ પહેલો ભેદ.

-રજોહરણ-મુહપત્તિ-અને ૧-કપડો બીજો ભેદ.

રજોહરણ-મુહપત્તિ-અને ૨-કપડાં-ત્રીજો ભેદ.

રોજહરણ-મુહપત્તિ-અને ૩-કપડાં ચોથો ભેદ.

રજોહરણ-મુહપત્તિ-ને ૭-પ્રકારનો પાત્ર નિર્યોગ-પાંચમો ભેદ.

રજોહરણ-મુહપત્તિ-પાત્રનિર્યોગ -૧-કપડો-છઠ્ઠો ભેદ.

રજોહરણ-મુહપત્તિ-પાત્ર નિર્યોગ-૨-કપડાં -સાતમો ભેદ.

રજોહરણ-મુહપત્તિ-પાત્રનિર્યોગ-૩-કપડાં આઠમો ભેદ.

એ પ્રમાણે **પંચવસ્તુગ્રંથ**ની ૭૭૨-૭૭૩-૭૭૪મી ગાથામાં કહેલું છે. આવા પ્રકારનો જે જિનકલ્પ છે તે સંપ્રતિકાલે વિચ્છિન્ન થયો છે.

જે કાલે ઉત્પન્ન થયેલો આત્મા સિદ્ધિગતિ પામતો હોય તે કાલે ઉત્પન્ન થયેલા આત્માઓ જ જિનકલ્પ સ્વીકારી શકે છે બીજો નહિં! અર્થાત જયારે મોક્ષમાર્ગ ચાલુ હોય ત્યારે જિનકલ્પ ચાલુ હોય. સાંપ્રતકાલે તેવા પ્રકારના સ્વરૂપનો અભાવ હોવાથી. અને એથી જ કરીને સાંપ્રતકાલે સ્થવિરકલ્પ જ હોય છે. અને એ સ્થવિરકલ્પવાળાને જઘન્યથી-૧૪-પ્રકારની ઉપધિ હોય. તેમાં ૧૨-પ્રકારના ઉપકરણ તો જિનકલ્પીમાં કહ્યા છે. તે જ

અને ૧૩મું માત્રક અને ૧૪મો ચોલપટ્ટો. **પંચવસ્તુ**ની ૭૭૯મી ગાથામાં કહ્યું છે કે 'આ જ ૧૨ પ્રકારની ઉપધિ અને એ ઉપરાંત ૧ માત્રક અને ચોલપટ્ટો આમ ૧૪ પ્રકારની ઉપધિ સ્થવિરકલ્પિકને હોય છે.'

તેમાં માત્રક તેને કહેવાય છે કે સર્વ યતિઓને યોગ્ય - વસ્તુઓને ગ્રહણ કરવા લાયક એવું જે પાત્ર તેને 'માત્રક' કહેવાય છે. સ્થવિરકલ્પને વિષે ઉત્કૃષ્ટ રીતે ઉપકરણની ચિંતા = વિચારણા વખતે ટાઢ-તડકો આદિ સહન નહિં કરનાર એવા તપસ્વી, બાલ - ગ્લાન આદિને આશ્રીને સંયમના નિર્વાહના હેતુ અંગે ડબલ અથવા તો એથી અધિક ઉપધિ રાખવાનું નિશીથચૂર્ણિ આદિ આગમથી જાણી લેવું.

એ પ્રમાણે કહેલા પ્રકારવડે કરીને જિનકલ્પિકો અને સ્થવિરકલ્પિકો તે બન્નેને વિષે પણ પૂર્વે કહેલા ગુણોને માટે વસ્ત્ર ધારણ કરાય છે. અને જો વસ્ત્ર ધારણ ન કરે તો પ્રવચનની અવહેલના આદિ તેમજ સ્ત્રીજનને અને પોતાને પણ મોહોદય થવા આદિ ઘણાં દોષો થાય છે.

હવે દિગંબર પ્રશ્ન કરે છે કે 'સર્વસંગના ત્યાગી એવા સાધુઓને લોકની અનુકૃતિ વડે કરીને અથવા લજજાવડે કરીને શું પ્રયોજન છે? ઉલ્ટું એમણે તો લોકાનુવૃત્તિ અને લજજા છોડી દેવાની છે.' એમ જો કહેતો હોય તો બોલીશ નહિં પાપના ઉપાદાનના કારણભૂત એવી લોકાનુવૃત્તિ આદિનું પરિહરણીયપણું હોવાથી : સંયમના હેતુરૂપ એવી લોકાનુવૃત્તિ અને લજજાનું પરિહરણીયપણું નથી. પરંતુ તેનુ તો ઉપાદેયપણું છે. જો એમ ન હોય તો તારા જેવા દિગંબરવડે કરીને પણ જલથી શૌચ કરવું, મુખવિવરમાં કોળીયો નાંખવો આદિનું જે કરવું છે તે પણ લોકાનુવૃત્તિ અનુસારે જ છે.

હવે દિગંબર કહે છે કે 'વસ્ત્રત્યાગમાં જે થવું હોય તે થાઓ; પરંતુ તેમાં નિઃસ્પૃહતા તો થાય જે છેને? અને એ નિઃસ્પૃહતા ચારિત્રને અનુગુણ કરનારી છે. એ વાત તમને કેમ સંમત થતી નથી.?' એમ જો કહેતો હોય તો તારી વાત ઠીક છે. ધર્મના ઉપકરણથી અતિરિક્ત ઉપકરણના પરિત્યાગવડે જ થતી એવી નિઃસ્પૃહતા અમારે સંમત છે. નહિં કે ધર્મના ઉપકરણના પરિત્યાગમાં પણ

અમારે નિઃસ્પૃહતા સંમત નથી, અને એ વાત જો તને સંમત ન હોય તો તારે પણ કમંડલું-પીંછી આદિ છોડી દેવાનું થશે. હવે જો તું એમ કહેતો હોય કે 'ટાઢ-તડકો-સહન કરવાને માટે વસ્ત્ર ત્યાગી દઈએ છીએ.' એમ જો કહેતો હોય તો ભલે તેના માટે વસ્ત્રનો ત્યાગ કરી દે. તેની કોઈ ના નથી. પરંતુ અવાચ્ય અવયવોને ઢાંકવા માટે તો વસ્ત્ર ધારણ કરવું જોઈએ. તેટલા માત્રનું ઉપયોગી વસ્ત્ર ધારણ કરવામાં શીતાદિને સહન કરવામાં અંતરાય નહિં થાય.

હવે પછી દિગંબર કહે છે કે 'અને અમારું બ્રહ્મચર્યવ્રત અને ધૈર્યાદિને જણાવવાના વિશેષહેતુથી નગ્નવ્રત ધારણ કર્યું છે.' એમ જો કહેતો હોય તો લાવણ્ય આદિ ગુણોથી સહિત એવી સ્ત્રીઓની સાથે બેસવું એના આસન ઉપર બેસવું- સંવાસ કરવો શયન કરવું એ બધું તને યોગ્ય છે અને તેનું પણ એટલે બ્રહ્મચર્ય ધૈર્ય આદિનું વિશેષથી કારણપણું થશે.

અને વળી નાગા એવા તારે વેશ્યાદિ સ્ત્રીજન પાસે બેસવું ઉઠવું વગેરે વધારે ઠીક પડશે. કારણ કે ભાંડચેષ્ટાઓનું ત્યાં જ યુક્તપણું છે. નહિ કે કુળવંતી સ્ત્રીઓની વચમાં અવાચ્યઅંગને દેખાડતાં બેસવું કે રહેવું! એ લોકમાં યોગ્ય નથી. કારણ કે તેનાથી તારું અને તેનું લોકમાં અતિનિંદનીયપણું થાય છે.

'વેશ્યાજનોની સાથે બેસવામાં બ્રહ્મવ્રતની ગુપ્તિનો ભંગ થાય.' એમ જો કહેતો હોય તો નવમા ગુણસ્થાનક સુધી વેદનો ઉદય નિયત છે. તીર્થ તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકવર્ત્તી સાધુને સ્વાધીન છે અને છઠ્ઠા-સાતમા ગુણઠાણાવાલા સાધુઓના નગ્નભાવમાં તેવા પ્રકારના સ્ત્રીઆદિના દર્શનવડે કરીને ઇન્દ્રિયની વિકૃતિ થવાનો સંભવ હોવાથી કેવી રીતે બ્રહ્મચર્યની ગુપ્તિની સ્થિતિ રહેશે? અથવા તો પ્રવચનનો ઉડ્ડાહ કેમ નહિ થાય?

એ બધું આંખ મીંચીને ખાનગી રીતે ખુણામાં બેસીને વિચાર કરીને હે આર્ય! અનાર્યનું ચિન્હ છોડી દે. વળી લોકભાષામાં જે અભાષ્ય લિંગ વિષયક છે તેને નીચ જાતિ પણ ક્યારેક ક્રોધ વિષયક કલેહ આદિ પ્રયોજન વિશેષમાં પ્રતિપક્ષની સામે અપ્રીતિના કારણવડે કરીને વાણીમાં ગોચર કરતો સાંભળ્યો છે. પરંતુ ઉક્ત કારણનો અભાવ હોવા છતાં પણ કુળવંતી એવી સ્ત્રીજનોને દૃષ્ટિ ગોચર કરતો તું જ ધીઠો દેખાય છે. એથી કરીને તારી કુવિકલ્પનાવડે કરીને સર્યું અને એ પ્રમાણે હોવા છતાં પણ તને વસ્ત્ર ધારણ કરવામાં રુચિ ન હોય તો તારી મોરપીંછીને જેમ રાખે છે તેમ પીંછાની ગૂંથેલી સાદડી બનાવીને અથવા તો તેવા પ્રકારની લાકડાની લંગોટ બનાવીને તારા સાગારિકને =લિંગને ગોપવી દેજે. સાગારિકને તો ઢાંકવું જ જોઈએ.

હવે જીવરક્ષાના હેતુભૂત એવું વસ્ત્ર, સંયમને ઉપકારક છે તે કેવી રીતે? તે જણાવે છે. ત્રસ અને સ્થાવર જીવોની યતના વસ્ત્રવડે જ થાય છે. વસ્ત્રપદ ઉપલક્ષણ છે. તેથી કરીને વસ્ત્રનિષ્પન્ન એવા રજોહરણ આદિનો સ્વીકાર કરવો અને રજોહરણ આદિવડે કરીને ત્રસ-સ્થાવર જંતુની રક્ષા થાય છે. તે આ પ્રમાણે, સૂવું-બેસવું આદિ ક્રિયા કરવાની ઇચ્છાવાળાએ શય્યા આદિમાં રહેલા કીડી-કુંથુ-આદિ જીવની રક્ષા માટેનું પ્રમાર્જન અવશ્ય કરવું જોઈએ.

અને એ પ્રમાર્જન ન કર્યું હોય તો તેમાં રહેલા અનેક ત્રસ જીવોનો ઘાત થાય છે એ વાત

તો તારે પણ સંમત છે. અને તે પ્રમાર્જન રજોહરણ વડે જ થાય છે. જો કે પ્રમાર્જવા માટે મોરપીંછી તારે પણ સ્વીકરવી પડી છે. પરંતુ ઊભયકાલ છૂટું કરીને પડિલેહણ કરવાનું અશક્યપણું હોવાથી તે મોરપીંછીની અંદર રહેલી લીલ-ફુલ, કુંથુ આદિની વિરાધનાનો સંભવ હોવાથી એજ મોરપીંછી અજયણાનો હેતુ છે. જેવી રીતે ઉઘાડે મુખે બોલવાથી મુખમાં અચાનક માખી-મચ્છર આદિનો પ્રવેશ થાય તેને પણ પ્રત્યક્ષ સિદ્ધ જ છે. અને સર્વજ્ઞના વચનના પ્રમાણવડે કરીને મુખમાંથી નીકળતાં શ્વાસ આદિવડે કરીને અસંખ્યાત જીવાત્મક બાદર વાયુકાયની વિરાધના મુહપત્તિ સિવાય નિવારવા માટે સમર્થ થવાતું નથી. તેમજ ડાંસ-મચ્છર આદિ વડે પરાભવિત થયેલ શરીર, જલ્દી ખંજવાલવું આદિના કરવાવડે ડાંસ-મચ્છર આદિની પણ વિરાધના થાય. અને ઠંડી આદિ વડે કરીને કંપતા શરીરને માટે અગ્નિકાય આદિની સેવના કરવી પડે. અને એ સેવા કરવાથી અનેક ત્રસ-સ્થાવર જીવની વિરાધના થાય છે. તેવી રીતે મહિકા અને ધૂમ્મસ આદિના પડવાવડે કરીને અપ્કાયની વિરાધના થાય છે.

આ બધાય દોષો શરીર નહિ ઢાંકેલા પ્રાણીને સંભવે છે. આ બધાય દોષોનું નિવારણ, વસ્ત્ર વિના કરવું શક્ય નથી. તેવી જ રીતે તાવ વગેરેથી પીડિત એવા તારા શરીરને વસ્ત્રના અભાવે ગુપ્તદોરી છે જેની એવી સાદડી આદિ ગૃહસ્થના ઉપકરણોની સેવા કરવાવડે કરીને ગૃહસ્થની તુલ્યતા જ છે. અને પ્રતિલેખનાને અયોગ્ય એવા ગુપ્ત દવરક અને સાદડી આદિમાં ત્રસ આદિ અનેક જંતુની વિરાધના, પ્રવચનની મલિનતાના દોષના નિવારણ માટે ત્રણ કપડાં કહેલા છે. વિશેષ આવશ્યકભાષ્યમાં ૨૫૭૫મી ગાથાની વૃત્તિમાં સવિસ્તર કહેલું છે કે

**किं संजमोवयारं, करेइ वत्थाइ जइ मई सुणसु।**
**सीअत्ताणं ताणं, जलणतणगयाण सत्ताणं॥१॥**

વસ્ત્ર આદિ જે છે તે સંયમને શું ઉપકાર કરે છે? એમ જો પૂછતો હોય તો હે મતિમાન્! સાંભળ. એક તો શીતથી રક્ષણ-તેવી જ રીતે અગ્નિ-ઘાસ આદિમાં રહેલાં પ્રાણીઓનું રક્ષણ વસ્ત્રથી થાય છે. હવે પાત્રાઓ પણ સંયમને ઉપકારક છે. પાત્રાવડે કરીને વસ્ત્રની જેમ ત્રસ તથા સ્થાવર જીવોની યતના થાય છે. તે આ પ્રમાણે :—પાત્રાના અભાવે ભોજન કરતાં છતાં ચીકાશવાળા દૂધ-દહીં આદિના બિંદુઓ નીચે પડે અને તે બિંદુઓ પૃથ્વીપર પડતાં છતાં કીડી આદિ જીવોનો સદ્ય ઉપઘાત થાય. અને જો એ પ્રમાણે ન હોય તો એની ગંધથી કીડી આદિનું ખેંચાઈને આવવાનું થાય. અને એ બિંદુની ચારે બાજુ એકઠી થયેલી કીડી પર કોઈનો પગ આવે તો બધી જ કીડીઓ એક સાથે મરી જાય. અને એ દૂધ-દહિંના પડેલા છાંટાપર માખીઓ આદિ બેઠેલી હોય તો તેને ખાવા માટે ઢેડગરોળી આવે અને તેથી કરીને મહાન્ અસંયમ થાય અને એ પડતાં છાંટા અટકાવવા માટે કુંડી કે કુંડું રાખવા વડે કરીને ગૃહસ્થના ભાજનનો વપરાશ થયો. તે વ્યાપારરૂપ અસંયમ જ છે. કારણ કે તે કુંડી કે કુંડું પડિલેહણ કરેલ ન હોવાથી કુંથું-લીલ-ફુગ આદિ જીવથી સંસક્ત હોય અથવા સચિત્ત જલથી ખરડાયેલ હોય. કદાચિત્ આ પ્રમાણેના દોષનો અભાવ હોય તો પણ મનની શુદ્ધિ નથી. અને તે ભોજનવ્યાપારમાં પડેલા બિંદુઓનો ગૃહસ્થે કરેલું પરઠવું કે પોતું કરવું તેમાં કહેલા પ્રકારવડે કરીને

જીવોનો સંહાર છે. અને સચિત્ત જલ આદિવડે કરીને કુંડી-કુંડા આદિ પાત્રો ધોવાવડે કરીને ઘણા દોષો રહેલા છે. તેથી કરીને કુંડી-કુંડા આદિ અસંયમ નિવારક નથી પણ અસંયમ કારક છે. એથી કરીને ગૃહસ્થના પાત્રમાં વાપરવું એ સાધુને માટે અયોગ્ય જ છે.

દશવૈકાલિક સૂત્રની-૨૫૯મી ગાથામાં કહેલું છે કે

**"कंसेसु कंसपाएसु, कुडमोएसु वा पुणो।**
**भुंजतो असणपाणाइं, आयारा परिभस्सइ॥१॥**

કાંસામાં-કાંસાના પાત્રોમાં અથવા શકોરાદિ પાત્રની અંદર અશન-પાન આદિ ખાતો સાધુ, સાધુના આચારથી નષ્ટ થાય છે.'' અને હાથવડે કરીને ખાનારને દ્રાક્ષ આદિની અંદર રહેલા ત્રસ આદિ જીવોની યતના થતી નથી. તેવી રીતે ગળવા = ટપકવા આદિના ભયવડે કરીને દહીં આદિ ઢીલી વસ્તુ જલ્દી જલ્દી ખાવા જતાં તેમાં પડેલા જીવોનો પણ નાશ થાય છે. તેવી જ રીતે પાત્રના અભાવે ગોચરી પાણી લાવીને બાળ-ગ્લાન આદિની વૈયાવચ્ચ કરવાનો અસંભવ હોવાથી તેમની ભક્તિ ન થાય. વિશેષાવશ્યકભાષ્ય = ૨૫૭૮ = ૨૫૭૯ ગાથામાં કહેલું છે કે :—

**संसत्तसत्तु गोरसपाणयपाणीअपाणरक्खत्थं।**
**परिगलण पाण धोयण पच्छाकम्माइ आणं च॥१॥**

**परिहारत्थं पत्तं गिलाण बालादुवग्गहत्थं च।**
**दाणमयधम्मसाहण, समया चेवं परोप्परओ॥२॥**

સંસક્ત-ભેગું કરેલું સાથવો, ગોરસ-પાનક-પાણી અને જીવોની રક્ષા માટે તેમજ ગળવું = ટપકવું, પીવું-ધોવું અને પશ્ચાત્કર્મ આદિના પરિહારને માટે, ગ્લાન-બાળ આદિના ઉપગ્રહ માટે, દાનરૂપ ધર્મની પ્રવૃત્તિ માટે પરસ્પર એકબીજાને પાત્ર, સંમત-માન્ય છે. ॥ ગાથાર્થ-૩૧ ॥ હવે વસ્ત્ર-પાત્ર આદિ સાધુને પરિગ્રહ થતો નથી. એ વાત દૃષ્ટાંત દેવાપૂર્વક પારકાની શંકા દૂર કરવા ગાથા કહે છે.

## संजमनिमित्तमित्तं, उवगरणं तं परिग्गहो न भवे।
## जह रयणामयजिणवरपडिमा, तद्दंसणमईणं॥३२॥

રજોહરણાદિ અને પાત્રનિર્યોગ સુધીનાં જે ઉપકરણો છે તે ચારિત્રપરિપાલનને માટે હોવાથી પરિગ્રહ થતો નથી. દશવૈકાલિક ગાથા-૨૪૭માં કહેલું છે કે

**जंपि वत्थं व पायं वा कंबलं पायपुंछणं।**
**तंपि संजमलज्जट्ठी, धरिंति परिहरंति अ॥१॥**

**न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइण त्ति श्रीदशवै.** (૨૪૭) જે કંઈ વસ્ત્ર-પાત્ર-કંબલ-પાદપુંછણક

આદિ, સંયમ અને લજ્જાને માટે ધારણ કરે છે અને છોડે છે તેને જ્ઞાતપુત્રે (મહાવીરપ્રભુએ) પરિગ્રહ કહેલો નથી, જેમ રત્નમય જિનપ્રતિમા પરિગ્રહ નથી. કોને પરિગ્રહ થતો નથી? તો કહે છે કે પ્રતિમાને વિષે આરાધ્યપણાવડે કરીને જિનેશ્વર ભગવાનની જેમ જ સદ્દહવાનું મતિજ્ઞાન–બુદ્ધિ છે. જેને તેવા આત્માઓને રત્નમય પ્રતિમા પરિગ્રહ નથી. પરંતુ લોંકાતુલ્ય અનાર્યજનોને તો એ રત્નમય પ્રતિમા વેચી નાંખીને આજીવિકાનું સાધન પણ કરે. માટે તેઓને તો તે પ્રતિમા પરિગ્રહ જ છે. ॥૩૨॥

હવે સંયમ પરિપાલનના નિમિત્તથી અતિરિક્ત શું હોય? તે જણાવે છે.

**सेसं पुण अहिगरणं, मुच्छाविसओ परिग्गहो होइ।**
**जह पिच्छिआ कमंडलु देहप्पमुहं तुहं भणिअं॥३३॥**

ધર્મોપકરણ સિવાયનું બીજું બધું મૂર્છા વિષયક છે. અને તે અધિકરણરૂપ જ છે. જેવી રીતે તારે = દિગંબરને પીંછી-કમંડલું-દેહઆદિને તીર્થંકરોએ પરિગ્રહ કહેલ છે એમ કહેવું. દિગંબર કહે છે કે પીંછી-કમંડલુ-દેહ આદિ અમારે તો ધર્મના ઉપકરણ જ છે. પછી તમે પરિગ્રહ કેમ કહો છો?' એમ જો કહેતો હોય તો લાંબો કાળ જીવ. કારણ કે 'ધર્મોપકરણ પરિગ્રહ નથી થતો' એ પ્રમાણે બોલતો તું પણ તારી જાતે **तटादर्शिशकुंतपोतन्याये** કરીને અમારા પક્ષનો તે આશ્રય કર્યો છે **શકુંત પોત** ન્યાય આ પ્રમાણે :—

મહાસમુદ્રની અંદર રહેલું જે વહાણ તેના કૂવાના સ્થંભપર રહેલું પંખીનું બચ્ચું ઉડતું ઉડતું કોઈ કિનારા આદિ બેસવાનું બીજું સ્થાન ન મલતું હોવાથી પાછું ત્યાં આવીને બેસે છે.

એ પ્રમાણે તું પણ પિચ્છિકા (મોરપીંછી) કમંડલુ-દેહ આદિને ધારણ કરતો છતો શ્વેતાંબરવડે ધારણ કરાતાં ચૌદ ઉપકારણોની જેમ તારે પણ આ પરિગ્રહ છે કે નહિં? એ પ્રમાણે કોઈવડે પૂછાયો છતો બીજો જવાબ દેવામાં અસમર્થ હોવાથી ધર્મોપકરણ પરિગ્રહ ન થાય એમ બોલે છે; પરંતુ અમારા જે ઉપકરણો છે તે તો શુભ ધ્યાન આદિના વિઘાતક એવા ઠંડી-તડકા આદિના નિવારણ કરનારા હોવાથી, અસંયમના હેતુ એવા અગ્નિ આદિની સેવાને દૂર કરવાવડે કરીને, પૂર્વે કહેલા પ્રકારોવડે કરીને ત્રસાદિ જંતુની રક્ષાના હેતુરૂપ હોવાવડે કરીને અને તીર્થંકરે ઉપદેશેલા હોવાથી, સંયમ-પરિપાલનના હેતુરૂપ અને અસંયમના નિવારકો છે.

હવે તારે તો પિચ્છિકા (મોરપીંછી) આદિ સંયમના હેતુરૂપ નથી. એમ અસંયમ નિવારક પણ નથી. વળી તીર્થંકરે નહિ ઉપદેશેલું હોવાથી અધિકરણરૂપ હોવા વડે કરીને અસંયમના હેતુરૂપ જ છે. તીર્થંકરો વડે પીંછી-કમંડલુ આદિ ધારણ કરાયેલું નથી. અને ઉપદેશેલું નથી. દિગંબર કહે છે કે 'બીજી બધી વાત એક બાજુએ રહો. પરંતુ મોરપીંછી તો પ્રમાર્જના હેતુ માટે જ ધારણ કરીએ છીએ, તો તે અધિકરણ કેમ?' એમ પૂછતો હોય તો કહીએ છીએ કે-મોરપીછી ધારણ કરી છે તે પ્રમાર્જવા માટે જ ધારણ કરો છો તેવું નથી. પરંતુ સાધુલિંગની બુદ્ધિએ ધારણ કરો છો. અને મોરપીંછી એ કોઈ સાધુલિંગ નથી, અન્યતીર્થિકોમાં પણ મોરપીંછી આદિ જોવાય છે. તેથી કરીને તીર્થંકરે નહિં

ઉપદેશેલી એવી વસ્તુ રાખવાથી મોરપીંછી ઉપકરણ નથી પણ અધિકરણ છે.

વળી જો મોરપીંછી સાધુલિંગ થતું હોત તો બધાય દિગંબર માત્રને હોવું જોઈએ. જેવી રીતે શ્વેતાંબર નામ માત્રને રજોહરણ અને મુહપત્તિ હોય છે તેવી રીતે તમારા દિગંબર મતમાં નથી. કારણ કે દિગંબરના ચાર મત છે. એક કાષ્ઠા સંઘ, બીજો મૂલસંઘ, ત્રીજો ગોપ્યસંઘ અને ચોથો માથુરસંઘ.

તેમાં મૂલસંઘને વિષે મોરપીંછી છે, કાષ્ઠાસંઘની અંદર ચમરી ગાયના વાળની પીંછી છે, ગોપ્યસંઘમાં પીંછી છે પણ તેને સંતાડીને રાખવાની છે, અને માથુર સંઘમા મૂળથી જ પીંછી સ્વીકારેલી નથી. અને એથી દિગંબરને મોરપીંછી-કમંડલુ-દેહાદિ પરિગ્રહ જ છે. ॥ ગાથાર્થ ૩૩ ॥

હવે 'વસ્ત્રથી ઢંકાયેલી સ્ત્રીઓને કેવળજ્ઞાન ન થાય.' એ પ્રમાણેની દિગંબરની શંકારૂપી જે કદલી = કેળ છે તેને કાપી નાંખવામાં કૃપાણ = કીરપાણ સરખી ગાથા કહે છે.

**जइ चीवरवरिआणं, न केवलं तं हवे तयावरणं।**
**उप्पण्णँपि कयाइ, चीवर जोगे विलिइज्ञा॥३४॥**

જો વસ્ત્ર આચ્છાદિત શરીરવાળાને કેવળજ્ઞાન ન થતું હોય તો માનવું પડે કે પહેરેલું વસ્ત્ર કેવલજ્ઞાનનું આવરણ છે.—આચ્છાદનનું કારણ છે. અને એ કેવળજ્ઞાનનું આવરણ હોવાથી વસ્ત્ર કેવળજ્ઞાનાવરણીય કર્મ તરીકે પરિણમ્યું ગણાય! જે જેને આવતું અટકાવે તે તેનું આવરણ કહેવાય. જેમ શ્રુતજ્ઞાનને આવરણ કરતું કર્મ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ પ્રકૃતિ કહેવાય. તેવી રીતે જે વિદ્યમાન હોયે છતે જેની ઉત્પત્તિને પ્રતિબંધરૂપ થાય તે ઉત્પન્ન થયે છતે તેની ઉત્પત્તિનો નાશ કરે. એમ હોવાથી ક્યારેક વસ્ત્રના સંબંધે ઉત્પન્ન થયેલું કેવળજ્ઞાન પણ નાશ પામી જશે તેથી કરીને દિગંબરોએ કહેલી આ બધી વાતો આળ પંપાળો છે ॥ ગાથાર્થ-૩૪ ॥

હવે કહેલી આ અનિષ્ટ આપત્તિને પણ ઉષ્ટ આપત્તિ તરીકે સ્વીકાર કરવાપૂર્વક દિગંબરને દૂષિત કરવા કહે છે.

**एवं चिअ कप्पिज्ञइ, चीवरवरिआण जइ न सुअणाणं।**
**घोसिज्ञंतं हुज्ञा, लुप्पिज्ञा अहव भणिअंपि॥३५॥**

એ પ્રમાણે પહેરેલાં વસ્ત્રવાળાને ભણવા છતાં પણ શ્રુતજ્ઞાન ન હોય. અને અથવા ભણેલ હોય તો વસ્ત્રવાળાને તેનો લોપ થઈ જાય. શ્રુતજ્ઞાનનું પણ જ્ઞાનવડે કરીને કેવળજ્ઞાનની સમાનપણું છે. કેવળજ્ઞાનની જેમ શ્રુતજ્ઞાનનું પણ ઉત્પત્તિ અને વિનાશનું અવિશેષપણું હોવાથી.

હવે દિગંબર શંકા કરે છે કે 'શ્રુતજ્ઞાન તો ક્ષાયોપશમિક ભાવનું છે. તેનો વસ્ત્રવાલાને વિષે પણ સંભવનો વિરોધ નથી, કેવળજ્ઞાન તો ક્ષાયિક છે. અને તે વસ્ત્રાદિને વિષે મમતાવાલાને કેવી રીતે થાય?' એમ જો કહેતો બોલીશ નહિ. કારણ કે શરીરને વિષે મમતાનો સંભવ હોવાથી બધા જ

દેહધારી જીવોમાં કેવલજ્ઞાનના અભાવની આપત્તિ આવશે.

તેથી કરીને જ્ઞાનનું પોતપોતાનું જે આવરણ હોય તે આવરણ દૂર થયે છતે પોતપોતાની ઉત્પત્તિને બળવાન્ આત્માવડે કરીને પણ તેને રોકવું અશક્ય છે. શ્રુતજ્ઞાન આદિની જેમ કેવળજ્ઞાન પણ વસ્ત્ર સહિતનાને પણ થાય જ. કારણ કે વસ્ત્રનું જ્ઞાનાવરણાત્મકનું અભાવપણું હોવાથી ॥૩૫॥

હવે વસ્ત્ર આદિ ધર્મના ઉપકરણો ફક્ત કેવળજ્ઞાનના આવરણો નથી પરંતુ કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં ઉપકારક પણ છે. એ વાત ત્રણ ગાથાવડે કરીને દેખાડવા માટે પહેલી ગાથા કહે છે.

**तम्हा केवलणाणं, णाणावरणक्खयंमि सो अ पुणो।**
**सुहज्झाणा सुहज्झाणं, पायं बाहाविरहिअस्स॥३६॥**

પૂર્વે કહેલી યુક્તિના સમૂહથી વસ્ત્ર, કેવળજ્ઞાનનું આવરણરૂપ થતું નથી તેથી કરીને કેવળજ્ઞાન, કેવળજ્ઞાનાવરણીય=એટલે જ્ઞાનાવરણીયની મૂલપ્રકૃતિ વિશેષના ક્ષયમાં એટલે સર્વથા અપગમમાં સંભવે છે. અને તે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય પણ શુકલ ધ્યાનરૂપી શુભ ધ્યાન વિશેષથી થાય છે. તે શુભ ધ્યાન પણ બહુલતાએ કરીને શરીર આદિની પીડાથી રહિત એવા માણસને સંભવે છે. પ્રાયઃ શબ્દ એટલા માટે ગ્રહણ કર્યો છે કે સ્કંધકાચાર્યના શિષ્યો તથા ગજસુકુમાલ આદિમાં જુદું દેખાતું હોવા છતાં પણ દોષ ન આવે એ માટે. ॥ ગાથાર્થ ૩૬ ॥

**बाहा पुण णेगविहा, तयभावोऽणेगकारणेहिं भवे।**
**कत्थवि असणाईहिं, कत्थवि वत्थाइवत्थूहिं॥३७॥**

વળી બાધાઓ પણ અનેક પ્રકારની હોય છે. અને એવી અનેકવિધ બાધાઓનો અભાવ પણ અનેક કારણો વડે થાય છે. કારણ કે દરેક-કાર્યમાં કારણોનું ભિન્નપણું હોય છે. તે વાત સ્પષ્ટ કરે છે કે—કોઈક ક્ષુધાથી પીડિત પુરુષ વિશેષમાં ક્ષુધાજન્ય પીડાનો નાશ અશનાદિવડે જ થાય છે. કારણ કે એ પીડાના નાશનું કારણ ચોખા આદિ જ છે. એવી રીતે પીપાસા (તરસ) જન્ય પીડા પાણીથી જ શાંત થાય. પણ ચોખા આદિ અનાજથી ન થાય. તેવી રીતે ઠંડી-તાપ-ડાંસ-મચ્છર આદિથી ઉત્પન્ન થતી પીડાને દૂર કરવામાં વસ્ત્ર જ કારણ છે.

હવે દિગંબર શંકા કરે છે કે 'ટાઢ-તડકો આદિ નિવારવાને માટે વસ્ત્રાદિ ઓઢવું એ વાત યુક્ત છે પરંતુ પાત્રાદિની શું જરુર છે?' એમ જો કહેતો હોય તો સાંભળ. ભિક્ષાચર્યાયે સાધુ ગયેલો હોય. અને એને ગરમ-ગરમ અન્ન કે પાણી મલ્યું હોય તો હાથ વડે ખાતો કે પીતો હાથ મુખ-હૃદય આદિના દાહથી પીડાય છે. તેનું નિવારણ પાત્ર વડે જ થાય.તેથી કરીને તેવા પ્રકારની ગરમ-ગરમ રસોઈ અથવા પાત્રવડે કરીને લાવીને સંયમને અબાધા થાય તે રીતે ખાઈ શકાય અને પી શકાય. પાત્ર સિવાય તેવા પ્રકારનું ગરમ અન્ન કે પાણી હાથવડે કરીને ગ્રહણ કરવામાં અસમર્થ થાય. અને તેથી કરીને તેને

છોડી દઈને બીજું અન્ન અને પાન આદિ શોધતા તેવા અન્નપાનની પ્રાપ્તિ ન થાય તો સંયમબાધા થાય. અને લાંબાકાળે તેવા અન્ન અને પાણીનો લાભ થયે છતે પણ સ્વાધ્યાય અને ધ્યાન આદિની હાનિ થાય. પાત્રજન્ય અસંયમનું નિવારણ તો અમે પહેલું જ જણાવેલું છે. અને વિચાર (સ્થંડિલ) ભૂમિ આદિમાં જવા માટે નિયમે કરીને પાત્રના ઉપયોગની જરૂર છે. ॥ ગાથાર્થ ૩૭ ॥

**इअ विण्णेयं धम्मोवगरणअइरित्तु परिगहो होइ।**
**अण्णि असणाईहिं, सरीरपोसो तुमं दोसो॥३८॥**

આ પ્રકારવડે કરીને પૂર્વે કહેલી યુક્તિઓ દ્વારા ધર્મઉપકરણ સિવાયનો બાકીનો વસ્તુ સમૂહ પરિગ્રહ જ છે. પરંતુ ધર્મનું ઉપકરણ એ પણ પરિગ્રહ છે એવું નહિ. જો આ વાત નહિ સ્વીકારીશ તો તારી જેવા દિગંબરને અશનાદિવડે કરીને શરીરનું પોષણ પણ દોષ માટે થશે. કેમ કે એ અન્ન જ વડે કરીને શરીરનું જે પોષણ છે. તે મમતાવિષયકપણું હોવાથી કેવળજ્ઞાનને અંતરાયભૂત હોવાથી અને સંસાર પરિભ્રમણના હેતુરૂપ હોવાથી વસ્ત્રાદિની જેમ.

શરીર, મમતા વિષયી બનતું નથી એમ શંકા કરીશ નહિં. કારણ કે સ્વસંવેદનવેદ્યપણું–પોતાના અનુભવગમ્ય હોવાથી. અને તે મૂલક હોવાથી. બીજે પણ મારાપણું થાય છે. અને એથી જ કરીને સાધુને પણ શરીર મમકાર નિષેધ્યો છે. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે

**"सव्वत्थुवहिणा बुद्धा, संरक्खणपरिग्गहे।**
**अवि अप्पणोवि देहंमि, नायरंति ममाइयं॥१॥**

બુદ્ધ આત્માઓ "જ્ઞાનીઓ, ઉપધિ સંરક્ષણ-પરિગ્રહણ આદિ બધાયમાં તેમજ પોતાના દેહમાં પણ મમકાર આચરતાં નથી."

હવે શરીર વગર સંયમ જ ન હોય અને એથી જ કરીને અમારા શરીરના પોષણમાં દોષ કેવી રીતે? એમ જો કહેતો હોય તો સંયમના હેતુભૂત શરીરના પરિપાલન માટે અશન આદિની જેમ વસ્ત્ર આદિ કેમ સ્વીકારતો નથી? કારણ કે અશનની જેમ અહિં પણ યુક્તિઓનું સમાનપણું હોવાથી ॥ ગાથાર્થ ૩૮ ॥

હવે નગ્નાટના નાટકને વિષે "સ્ત્રીઓની મુક્તિનો અભાવ" ઈષ્ટ આપત્તિ વડે કરીને સાધન કરતી ગાથા કહે છે.

**जुत्तं जं निव्वाणं, तुह सासणि कहवि नत्थि इत्थीणं।**
**तं खलु मोहाभावा, सो तासिं नेव संभवइ॥३९॥**

ખરેખર હે દિગંબર! તારા દર્શનને વિષે-તારા શાસનમાં સ્ત્રીઓને કેમે કરીને પણ મોક્ષ નથી તે બરાબર જ છે. કારણ કે મોક્ષ, મોહનીય કર્મના ક્ષયથી જ થાય છે. અને તારી સ્ત્રીઓને મોહનીય કર્મનો ક્ષય સંભવતો નથી. તેથી મોક્ષ ક્યાંથી થાય? ॥ ગાથાર્થ ૩૯ ॥

હવે મોહના ક્ષયના અભાવમાં હેતુ કહે છે.

**देवगुरुमुह–पलोअणइच्छाए, आगयाण इत्थीणं।**
**पढमं मिंढनिरिक्खण–मिह, हुज्ञा तं महामोहो ॥४०॥**

દેવ અને ગુરુના મુખ જોવાની ઇચ્છાએ એટલે 'અમે દેવ અને ગુરુના મુખ જોઈને પાપરહિત થઈએ.' એવી રીતની ઉત્કંઠા વડે કરીને તમારા મઢ આદિમાં આવેલી સ્ત્રીઓને પુરુષ લિંગનું જ દર્શન થાય છે. કારણ કે **'તમારા દેવ નાગા અને ગુરુપણ નાગા'** લિંગનું દર્શન એ મહા મોહનીયના ઉદયનું કારણ છે. જગતનો સ્વભાવ હોવાથી અને અનાદિકાળનો અભ્યાસ હોવાથી નગ્ન એવા સ્ત્રીપુરુષના લિંગ પર પ્રાયેઃ કરીને માણસોની દૃષ્ટિપાત થાય છે. બીજે થતો નથી. આ વાત સહુને અનુભવ સિદ્ધ જ છે. અને પુરુષના લિંગના દર્શનમાં સ્ત્રીઓને વેદનો ઉદય થતો હોવાથી મહામોહ થાય અને એથી કરીને સ્ત્રીઓને મુક્તિનો અભાવ તારા શાસનમાં છે તે બરાબર જ છે. ॥ ગાથાર્થ ૪૦ ॥

હવે વસ્ત્રને ધારણ કરવામાં અને નહિ ધારણ કરવામાં લાભ અને અલાભ બતાવતાં ઉપસંહાર કરે છે.

**तम्हा तुमंपि वत्थं, इत्थी अणुकंपयाइ जइ धरसि।**
**ता दुण्हवि निव्वाणं, अन्नह दुण्हंपि दुग्गइओ ॥४१॥**

પૂર્વે કહેલી યુક્તિના સમુહવડે કરીને જેમ સ્ત્રીઓ વસ્ત્ર ધારણ કરે છે તેમ જો 'મારા લિંગના દર્શનથી સ્ત્રીજનને મોહોદય ન થાવ.' એ પ્રમાણેની સ્ત્રીવર્ગ પ્રતિની કૃપાએ કરીને તું પણ વસ્ત્ર ધારણ કરીશ તો સ્ત્રીઓની અને તારી એમ બન્નેની મુક્તિ થશે જ. અન્યથા વસ્ત્ર ધારણ નહિ કરે તો બન્નેની પણ અનંતી એવી નારકાદિ દુર્ગતિઓમાં જવાનું થશે. અને એથી જ કરીને બન્નેનું ભવભ્રમણ થશે. સ્ત્રીઓને દુર્ગતિ તો તારા લિંગના દર્શન કરવાવડે કરીને વેદનો ઉદય થતો હોવાથી દુર્ધ્યાન થાય. અને એ દુર્ધ્યાનથી દુર્ગતિ થાય. અને તારે તો સ્ત્રીઓને દુર્ગતિના હેતુરૂપ માર્ગનો પ્રરૂપક હોવાથી ભવભ્રમણ છે જ ॥ ગાથાર્થ-૪૧ ॥

હવે દિગંબરના નાટકને આશ્રીને રહેલાનું મૂઢપણું પ્રગટ કરતાં થકા જણાવે છે.

**न मुणइ मूढो लोओ, धम्मं पुच्छंतमेव जो गुज्झं।**
**दंसेइ तस्स पासे, धम्मो ता कहिमहम्मो अ ? ॥४२॥**

હે દિગંબર! તારા માર્ગનો આશ્રય કરીને રહેલાં લોકો જાણતાં નથી કે ક્યો ધર્મ મુક્તિ સાધક છે? અને એથી કરીને ધર્મમાર્ગ પૂછતાં એવા લોકને પૂછવા લાયક એવો ગુરુ ગોપનીય એવાં લિંગ અને કુલાદિને બતાવે તેની પાસે ધર્મ પ્રાપ્તિ થતી હોય તો પછી બીજે ક્યે ઠેકાણે અધર્મની પ્રાપ્તિ

થાય? બીજે કોઈ ઠેકાણે નહિં; પરંતુ તારી પાસે જ અધર્મની પ્રાપ્તિ થાય છે. હે નગ્નાટ! પાપાત્મા! ખરેખર મૂર્તિમાન અધર્મ તું જ છે. એ પ્રમાણે ચોવીશ ગાથાઓ વડે કરીને સ્ત્રી મુક્તિની સ્થાપના કરી : અણહિલપુર પાટણની અંદર જયસિંહ દેવ રાજાની સભામાં અનેક વિદ્વાન્ પંડિતોની સભામાં ૮૪ વાદોમાં જેમણે જય મેળવ્યો છે એવા અભિમાની દિગંબર ચક્રવર્તિ વાદી કુમુદચંદ્ર સૂરિને વાદિદેવસૂરિએ પરાભવ કરીને મોક્ષની સ્થાપના માટે વાદીદેવસૂરિ મહારાજે-૮૪-વિકલ્પો ઊભા કર્યા હતા. ૮૪ પ્રશ્નો પૂછ્યા હતા તે આ પ્રમાણે.

''ખરેખર જયાં જેનો અસંભવ હોય ત્યાં તેના કારણનું અવૈકલ્યપણું ના હોય! એમ જાણવું. જેમ શિલા ઉપર શાલિના અંકુરની ઉત્પત્તિ. તેવી રીતે સ્ત્રીઓની મુક્તિનું કારણ અવૈકલ્ય છે. આ હેતુ સિદ્ધ નથી. કારણ કે જો આ હેતુનું અસિદ્ધપણું માનો તો શું પુરુષથી સ્ત્રીઓ નીચી હોય તે કારણ? અથવા નિર્વાણ સાધક એવા પ્રમાણના અભાવના કારણે? આવા ૮૪ પ્રશ્નો, શાંતિસૂરિમહારાજે કરેલી **ઉત્તરાધ્યયનવૃત્તિ**માં લખ્યા છે તેથી તે પ્રશ્નો ત્યાંથી જાણી લેવાં. અહિયાં ગ્રંથ વધી જવાના કારણે લખ્યાં નથી. ॥ ગાથાર્થ ૪૨ ॥

હવે ઉત્પન્ન થયેલું છે દિવ્યજ્ઞાન જેમને એવા અરિહંત ભગવંતો ભિક્ષા માટે જતાં નથી. સાધુએ લાવેલાં આહાર આદિના ભોગવટામાં સાત પ્રકારનો પાત્રનિર્યોગ અવશ્ય સ્વીકારવો પડે. અને તેવી રીતે સ્વીકારવા જતાં નાગ્ન્યવ્રત અને સ્ત્રીમુક્તિનો નિષેધ આ બન્ને વાતોને જલાંજલી આપવા જેવું થાય. એવું વિચારીને શિવભૂતિ વડે કરીને 'કેવલીભુક્તિ'નો નિષેધ કરાયેલો છે. અને એથી કરીને કેવલીની ભુક્તિનું સ્થાપન કરવાને માટે ૧૧ ગાથાઓ કહેવાશે તેમાની પહેલી ગાથા કહે છે.

**जं केवली न भुंजइ, कि कारणमित्थ केवलं णाणं ?।**
**अह वेअणिआभावा ?, पढम विगप्पो न जुत्तिजुओ ॥४३॥**

જો કેવળજ્ઞાનીઓ ખાતાં નથી. તો તેમાં શું કારણ છે? શું કેવળીઓને આહારપાણીમાં કેવળજ્ઞાન નડે છે? અથવા તો વેદનીય–ક્ષુધાવેદનીયનો અનુદય છે? તેમાં પહેલો વિકલ્પ વિચાર કરતાં યુક્તિવિકલ–યુક્તિ રહિત જણાય છે. ॥ ગાથાર્થ ૪૩ ॥

હવે પહેલો વિકલ્પ યુક્તિથી રહિત કેવી રીતે? તે બતાવે છે?

**पत्तिज्जइ सुअणाणी, जो जो जम्हा उ होइ अहिअयरो।**
**सो अप्पं अप्पतरं भुंजइ नियमेण भावेण॥४४॥**

'કેવલી, કેવલજ્ઞાનના માહાત્મ્યથી ખાતા નથી', એ વાત ત્યારે મનાય કે–જે શ્રુતજ્ઞાનવડે કરીને જેનાથી અધિક-અધિકતર કે અધિકતમ હોય તે અલ્પ-અલ્પતર અને અલ્પતમ ખાતો હોય છે. તેવી રીતની વ્યાપ્તિ-અવ્યભિચારપૂર્વક હોય તો ॥ ગાથાર્થ ૪૪ ॥

હવે પૂર્વે કહેલી ઈષ્ટ આપત્તિને સ્વીકાર કરતાં દિગંબરને દૂષિત કરવી જણાવે છે.

**दीसइ बहु भुंजंतो, बहुस्सुओ कोऽवि अप्पमण्णाणी।**
**दुण्णिवि बहु अप्पं वा, भुंजंता केइ दीसंति॥४५॥**

કોઈક બહુશ્રુત, ઘણું ખાતો દેખાય છે જેવી રીતે દુર્બલિકાપુષ્પમિત્ર! કે–જે ઘણું ઘી ખાનારા હતા! અને તેવી રીતે કોઈક અજ્ઞાની, ઓછું ખાતો હોય છે અને કેટલેક સ્થળે બહુશ્રુત તથા અલ્પશ્રુતવાળા ઘણું ખાતાં તેમ જ થોડું પણ ખાતાં દેખાય છે જે પ્રત્યક્ષસિદ્ધ છે. માટે તારી 'કેવલી, કેવલજ્ઞાનના માહાત્મ્યથી ખાતા નથી'એ વાતમાં વ્યભિચારનો દોષ આવે છે. ॥ ગાથાર્થ ૪૫ ॥

હવે 'વેદનીયનો અભાવ'એ રૂપ બીજા વિકલ્પને દૂષિત કરવા માટે કહે :–

**बीए आगमबाहा, अरिहंताणंपि वेअणिज्जदुगं।**
**संतुदयं पुण साया-बंधो भणिओ जिणिंदेहिं॥४६॥**

બીજા વિકલ્પની અંદર આગમબાધા પ્રત્યક્ષ છે. કારણ કે–પુણ્યના ઉત્કૃષ્ટ ઉદયવાળા તીર્થંકરોને પણ સત્તા અને ઉદયને આશ્રીને શાતા, અશાતા વેદનીય, બંને હોય છે અને બંધને આશ્રીને તીર્થંકરોને શાતાનો બંધ હોય છે–કહ્યું છે કે–'૧૧-૧૨ અને ૧૩મે ગુણસ્થાનકે શાતાવેદનીયનો બંધ હોય છે' ॥ ગાથાર્થ ૪૬ ॥

હવે કારણ હોયે સતે કાર્યનો સદ્‌ભાવ અવશ્ય હોય છે એ ન્યાયે કેવલીઓને પણ ક્ષુધાનું કારણ જણાવે છે.

**केवलिणोऽविअ वेअणितेअसउदया छुहाइआ हुंति।**
**अण्णह भवत्थ सिद्धाण–मंतरं सव्वहा न हवे॥४७॥**

કેવલજ્ઞાનીઓને પણ વેદનીય કર્મના સહકૃત કારણની સાથે તૈજસ શરીરના ઉદયથી ભૂખ અને તરસ બન્ને હોય છે. અને બીજા પણ શીત, ઉષ્ણ આદિ પરિસહો વેદનીયનો ઉદય હોયે છતે હોય છે. **ભગવતી સૂત્ર** શતક-૭ ઉદ્દેશો-૮માં કહ્યું છે કે 'એકવિધબંધવાળા એવા સયોગી ભવસ્થ કેવલીને હે ભગવંત કેટલા પરિસહો હોય છે? હે ગૌતમ!, અગીયાર પરિસહો કહેલા છે. તેમાં પણ નવ વેદે છે.' હવે ૧૧ પરિસહો આ પ્રમાણે (ભગવતી સૂત્ર શતક ૮, ઉદ્દેશો ૮ તેમાં કહ્યું છે કે–''હે ભગવંત વેદનીય કર્મની અંદર કેટલી પરિસહોનો સમાવેશ થાય છે? હે ગૌતમ! ૧૧ પરિસહોનો સમવતાર થાય છે. આનુપૂર્વીએ આવેલા પહેલા પાંચ-ક્ષુધા-પિપાસા-શીત-ઉષ્ણ-દંશ-અને ચર્યા પરિસહ શય્યા પરિસહ-વધ-પરિસહ-રોગપરિસહ-તૃણસ્પર્શ પરિસહ અને જલ્લપરિસહ એ-૧૧ પરિસહો વેદનીય કર્મમાં સમાય છે.''

જો એમ ન હોય તો વેદનીય કર્મના અનુદયથી અને ક્ષુધા આદિના અભાવથી ભવસ્થ કેવલીઓ અને સિદ્ધોની વચ્ચે કોઈ ભેદ રહેતો નથી. અને એવો અભેદ રહેવાનું તને પણ અનિષ્ટ છે. ॥ ગાથાર્થ-૪૭ ॥

હવે દૃષ્ટાંત દેવાવડે કરીને કેવલજ્ઞાનીની ભુક્તિ સાધવાને માટે બે ગાથા કહે છે.

**जह जलसित्ता रुक्खा, सचेअणा जाव आउअं हुंति।**
**अहवा लहंति वुड्ढिं, तयभावे नेव उभयंपि॥४८॥**
**एवं केवलिणो ऽवि अ, सरीरिणो भुत्तिविरहिआ देहे।**
**थिरभावं वुड्ढिं वा लहंति नेवत्ति विण्णेअं॥४९॥**

જેવી રીતે જલથી સિંચાયેલા સહકાર-આંબા આદિ વૃક્ષો જ્યાં સુધી આયુષ્ય હોય ત્યાં સુધી તેઓ સજીવ રહે છે. એટલે વૃક્ષના જીવો વૃક્ષને સંબદ્ધ રહે છે. અને વળી શાખા-પ્રશાખા -પત્ર આદિવડે કરીને વૃદ્ધિને પામે છે. અર્થાત્ સમૃદ્ધિવાલા બને છે. અને જો જલસિંચનાદિનો અભાવ હોય અથવા તેને ઉચિત આહાર આદિનો અભાવ હોય છતે તે વૃક્ષોનું સચેતનપણું–વૃદ્ધિ પામવાપણું રહેતું નથી.

તેવી રીતે શરીર ધારણ કરનારા એવા કેવલીઓને પણ ભોજન રહિત હોવા વડે કરીને શરીરમાં સ્થિતિભાવને પામતાં નથી. અર્થાત્ શરીરથી મુક્ત બને છે.

અને તેવીજ રીતે આઠ વર્ષથી અધિક અવસ્થાવાલા આત્માને કેવળજ્ઞાન થયું હોય તો તેને આહારના અભાવવડે કરીને શરીરવૃદ્ધિ પામે નહિં. અર્થાત્ બાલ્યાવસ્થા જ રહે. વળી પુદ્ગલોવડે કરીને જ પુદ્ગલોનો ઉપચય-વૃદ્ધિ થાય એવું વચન હોવાથી સચેતન એવા આત્માના શરીરની વૃદ્ધિ આહારના અભાવે નહિં સંભવે. ॥ ગાથાર્થ-૪૯ ॥

હવે નગ્નાટે કલ્પેલ 'આ કેવલીની ભુક્તિને દૂષિત કરવાને માટે' પહેલાં વિકલ્પને કહે છે.

**दुहिए अणंतजीवे, पांसतो केवली कहं भुंजे?।**
**अण्णंतऽणंत–खुत्तो, असुई भावं समावण्णं॥५०॥**

નિગોદ અને નારકી આદિમાં રહેલાં અને છેદન-ભેદન આદિ અનંતી વેદનામાં પડેલા એવા અનંતા જીવોને સાક્ષાત્ જોતાં એવા કેવલી કેવી રીતે ખાઈ શકે? કારણ કે તેવા પ્રકારની દયાને પાત્ર, દુઃખી એવા જીવોને જોવા છતાં પણ કેવલી જો આહારને વાપરવાવાલા થાય તો તે જીવોને વિષેની અનુકંપાવાળા કેવી રીતે કહેવાય? કોઈપણ હિસાબે કહેવાય જ નહિં. આથી કરીને તે જીવોના દુઃખોથી પીડાતા એવા કેવલીઓ મોઢામાં કોળીયો નાંખતા નથી. વળી બીજી વાત–અન્ન અને પાણી આદિ અનંતી વખત આરોગવા છતાં પણ નિંદ્યપર્યાયને નિશ્ચયે પામતા જુવે છે. એવા કેવલીઓ કેવી રીતે કોળીયો ભરે? કોઈપણ હિસાબે ન ખાઈ શકે. આવી રીતે કેવલિભુક્તિના અભાવમાં દિગંબરના આશયથી વિકલ્પેલા બે વિકલ્પો છે. ॥ ગાથાર્થ ૫૦ ॥

હવે તેમાંના પહેલા વિકલ્પને દૂષિત કરવા માટે કહે છે.

**तन्नो जुत्तं जेणं अणंतदुहकारणं भवे णाणं।**
**पुव्विं निअदुहदुहिओ पच्छा जगदुहदुही जुगवं॥५१॥**

'અનંત દુઃખથી પીડાતાં જીવોને પ્રત્યક્ષ જોતાં કેવલી કેમ ખાય?' એમ જે કહ્યું તે યુક્ત નથી. જે કારણવડે કરીને કેવળજ્ઞાન જ અનંતદુઃખનું કારણ થશે. કેવળજ્ઞાન કેવી રીતે દુઃખનું કરાણ થશે? તો કહે છે કેવળજ્ઞાનની ઉત્પત્તિ પહેલાના કાળમાં ક્રમભાવી એવા છેદન-ભેદન આદિથી ઉત્પન્ન થયેલી અશાતા વેદનીયના દુઃખવડે કરીને પોતાનો જીવ દુઃખી હતો. ત્યાર પછી એટલે કેવળજ્ઞાનની ઉત્પત્તિ બાદ સમકાલે ચૌદ રાજલોકમાં વર્તતા પ્રાણીઓનાં જે જે દુઃખો તેના દુઃખથી દુઃખિત થયેલા (કેવલીના આત્મા) ઓને લઈને સમકાળે દુઃખી થવાનું (કારણ) નિદાન એ છે કે કેવળજ્ઞાન જ છે.

અને આમ કેવળજ્ઞાન, દુઃખનું કારણ બને તે કોઈને સંમત નથી. કારણ કે કેવળજ્ઞાન તો અનંત આનંદનું કારણ હોવાથી. અરે! કેવલી વીતરાગ તો એક બાજુએ રહો. પણ છદ્મસ્થ વીતરાગ છે તે પણ અનંત સુખના ભાગી છે. કહેલું છે કે 'જે આ લોકને વિષે કામ સુખ છે. તેવી રીતે દેવલોકને વિષે જે મહાસુખ છે. તે સુખો વીતરાગના સુખની પાસે અનંત ભાગની કલાને પણ પામતાં નથી.' વળી બીજી વાત-વીતરાગ એવા કેવલી ભગવંત, દુઃખથી પીડાતાં એવા જીવને જોઈને તેની અનુકંપાવડે કરીને પોતે પણ દુઃખથી પીડાય છે. તો તેમાં કારણ શું? રાગ કે ભય? પહેલું રાગ કહેતો હોય તો સંભવિત નથી. વીતરાગપણાની હાનિનો સંભવ છે. તેવી રીતે બીજો વિકલ્પ 'ભય' પણ સંભવિત નથી. કારણ કે મોહનીય કર્મને મૂલમાંથી ઉખેડી નાંખેલું હોવાથી તેની પ્રકૃતિભૂત ભયનો પણ અભાવ હોવાથી અને તેથી કરીને દિગંબરનું આરડવું તે અકિંચિત્કર છે. ॥ ગાથાર્થ-૫૧ ॥

હવે કેવલીનું સ્વરૂપ કહે છે.

**तम्हा मोहविमुत्तो, सकडं कम्मं फलंपि तयणुहरं।**
**पइपाणिं पासंतो, तं मुत्तोऽणंत-सुह णाणी॥५२॥**

તે કારણથી મોહવિમુક્ત એટલે સર્વથા ક્ષીણ મોહનીયકર્મવાલા એવા કેવલજ્ઞાની દરેક પ્રાણીઓએ પોતે શુભ કે અશુભ જ્ઞાનાવરણીય કર્મ આદિ બાંધ્યા હોય છે તેનું ફલ પણ એટલેકે કર્મજન્ય વિપાક પણ તે તે કર્મના અનુસારે 'કારણના અનુરૂપ કાર્ય હોય' તેવા ન્યાયથી શુભ કે અશુભ ફલ મેળવે છે. તેવા પ્રકારના સ્વરૂપને જોતાં તેના વિપાકથી પોતે સ્વયં મુક્ત થયેલા હોવાથી અનંત સુખવાલા હોય છે. ॥ ગાથાર્થ-૫૨ ॥

હવે અનંતી વખત ખાધેલા એવા અન્નપાન વગેરે પદાર્થો અશુચિભાવને પામેલા જોતાં એવા કેવલી કેવી રીતે ખાય? એવા દિગંબરના બીજા વિકલ્પને દોષિત ઠરાવવા માટે કહે છે.

**पज्ञाओऽवि पमाणं, पवट्टमाणो हु न उण इअरोवि।**
**सिंहासणे निसण्णो, धम्मकहं कहइ जह अरिहा॥५३॥**

પ્રતિક્ષણે થવાવાલી વસ્તુઓનો સ્વભાવ, તે પણ વર્તમાનકાલવર્તિ હોય તે જ વ્યવહારવિષયી બની શકે છે. નહિં કે અતીત કે અનાગત કાલના તેવા સ્વભાવવાળા પદાર્થો વર્તમાન કાલના વ્યવહાર વિષયી બનતાં નથી. કારણ કે નાશ પામેલા અને નહિં ઉત્પન્ન થયેલા અથવા ભવિષ્યકાલમાં થનારો ઈન્દ્રનો પર્યાય સાંપ્રત કાલના ગોવાળિયામાં ઈન્દ્રપણાનો વ્યવહાર કરી શકાય નહિં. કારણ કે સાંપ્રતકાલમાં ગોવાળિયામાં ઈન્દ્રનું કાર્ય કરવાનો સંભવ ન હોવાથી : જો આ પ્રમાણે ન કબુલીએ તો દેવ આદિની ગતિમાંથી આવેલા અને મનુષ્ય થયેલા આત્માઓને ચારિત્રની અપ્રાપ્તિ સંભવે. કારણ કે દેવ આદિના ભવમાં વિરતિના પરિણામનો અસંભવ હોવાથી અને એથી જ કરીને 'વર્તમાનમાં જે પર્યાય હોય તે જ વ્યવહારનો વિષય બને છે.' તેની ઉપર દૃષ્ટાંત આપે છે.

જેવી રીતે સુવર્ણ અને રત્નજડિત એવા સિંહાસન પર બેઠેલા તીર્થંકર ભગવંત ધર્મકથા કહે છે. આનો ભાવ એ છે કે જેવી રીતે વર્તમાનકાલના પર્યાયની અપેક્ષીને સુવર્ણ આદિના સિંહાસન પર બેઠેલા ભગવાન! ભૂતકાળમાં તે પુદ્ગલો ગમે તે પર્યાયને પામ્યા હોય પણ વર્તમાનકાલે તો સુવર્ણ અને રત્નરૂપે પરિણમેલ છે. તેવી રીતે વર્તમાનકાલીન પર્યાયને આશ્રીને શાલિ આદિનું ભોજન પણ કરે. કારણ કે બન્નેમાં યુક્તિનું તુલ્યપણું છે.

હવે કહે છે કે મનુષ્યોને ઉચિત એવા કુત્સિત કવલના ભોજનને વિષે કેવલીઓ પણ સામાન્ય મનુષ્યોની સરખા થઈ જશે. તે મારા ચિત્તમાં સારું નથી લાગતું. એમ જો કહેતો હોય તો તીર્થંકરનો બીજા સામાન્ય માણસોની જેમ જન્મ આદિની વિધિ પણ તારે સ્વીકાર્ય નહિં થાય. કારણ કે ભોજનની અપેક્ષાએ સ્ત્રીઓની કુક્ષિમાં જે ઉત્પન્ન થવું તે તો અતિ કુત્સનીયપણું હોવાથી. એથી કરીને તારો વિકલ્પ અનલ્પ પાપથી ભરેલો છે. માટે વિસ્તારથી સર્યું ॥ ગાથાર્થ-૫૩ ॥ **કેવલી ભુક્તિ પ્રકરણ પૂરું થયું.**

હવે આવા પ્રકારનો દિગંબરનો મત, વૃદ્ધિ કેવી રીતે પામ્યો? એ જાણવા માટે ગાથા કહે છે.

**सिवभूइप्पभवमयं, एअं कालाणुभावओ वुड्ढं।**
**मूढाण पुराणंतिअ, भंतिकरं-णंतभवहेऊ॥५४॥**

હમણા જ અનંતર લેશમાત્રથી બતાવેલ અને શિવભૂતિથી ઉત્પન્ન થયેલ દિગંબર મત, મહાવીરસ્વામીના જન્મ નક્ષત્ર ઉપર સંક્રાન્ત થયેલા ભસ્મગ્રહથી કુપિત થયેલા એવા કલિકાલના પ્રભાવથી અને ઘણાં માણસોનો ડુબવાનો સ્વભાવ હોવાથી વૃદ્ધિને પામ્યો.

તેના મતમાં રહેનારા મૂઢ આત્માઓ ''આ દિગંબર મત પૂરાતન છે. જૂનો છે.'' એટલે શ્વેતાંબરોથી પહેલા આ નીકળેલો છે. એવા ભ્રમને ઉત્પન્ન કરનારો હોઈ પોતાને અને તે મતવાળા પરને અનંત ભવનું કારણ થાય છે ॥ ગાથાર્થ-૫૪ ॥

પોતાનો મત પુરાતન છે. એવી ભ્રાંતિ દિગંબરના વચનથી જ થાય છે. અને તેથી દિગંબરની વચન પદ્ધતિને પ્રગટ કરે છે.

**नगिणो पभणइ पढमं, अम्हं अम्हेहिं निग्गया तुम्हे।**
**तेणं तित्थं अम्हे, तुम्हे तित्थाउ बाहिरिआ॥५५॥**

દિગંબર પોકાર પાડે છે કે 'તીર્થ પ્રવૃત્તિકાલે અમે આદિભૂત છીએ. તમે તો અમારામાંથી નીકળ્યા છો. અને તે કારણથી શ્રી મહાવીરસ્વામીએ પ્રવર્તાવેલ તીર્થ તો અમારો સમુદાય જ છે તમે તો તીર્થ બાહ્યજ છો.' એ પ્રમાણે દિગંબરનો અભિપ્રાય છે. ॥ ગાથાર્થ ૫૫ ॥

હવે આવા પ્રકારના દિગંબરના ખોટા ગર્વનો નાશ કરવાને માટે આઠ ગાથાઓ દ્વારા દિગંબરની જ તીર્થબાહ્યતા પ્રગટ કરતા થકા પહેલી ગાથા કહે છે.

**तं मिच्छा जं पच्छा, सिअंबरा दिअंबरेहि उप्पण्णा।**
**जण्णं किरिआ जुत्तं, तित्थं तित्थंकरा बिंति॥५६॥**

દિગંબરમાંથી શ્વેતાંબરો પછી થયા છે. એવું જે વચન દિગંબરોએ કહ્યું છે તે ખોટું છે. કારણ કે જેમનાથી તીર્થ પ્રવર્ત્યું એટલે કે તીર્થંકરે પ્રવર્તાવેલું તીર્થ ચતુર્વિધ સંઘ કહ્યો છે. અને તે ચતુર્વિધ સંઘ ક્રિયા યુક્ત હોય છે. તેમાં જ્ઞાન આદિની આરાધનારૂપ ક્રિયા, તેના વડે સહિત હોય એમ તીર્થંકરો કહે છે. ॥ ગાથાર્થ-૫૬ ॥

હવે જિનેશ્વર ભગવંતે કહેલી ક્રિયાને કહે છે.

**सा पुण किरिआ तिविहा, णाणुवयारो अ दंसणुवयारो।**
**चरणुवयारो अ तहा, उवयारोऽऽराहणा तेसिं॥५७॥**

તે ક્રિયા પણ ત્રણ પ્રકારની છે. તેનું ત્રિવિધપણું આ પ્રમાણે છે. જ્ઞાનોપચાર, દર્શનોપચાર અને ચારિત્રોપચાર. ઉપચાર એટલે શું? આરાધના. આ આરાધના પણ તીર્થંકરના ઉપદેશ વડે કરીને તે તે જ્ઞાનાદિને અનુકૂલ જે વૃત્તિ એ અર્થ જાણવો. ॥ ગાથાર્થ-૫૭ ॥ એ જ્ઞાનોપચારને કહે છે.

**तत्थय णाणुवयारो, परंपरुवहाण – जोगपमुहेहिं।**
**तुह सासणि सो न सुओ, नामेण वि सुमिणपत्तेणं॥५८॥**

આ જ્ઞાનાદિ ત્રણનો જે ઉપચાર કહ્યો તેમાં જ્ઞાનનો ઉપચાર આ પ્રમાણે. **काले विणए** વગેરે આઠ પ્રકારે કહેલો છે. તેમાં તપ લક્ષણ જે ચોથો આચાર કહેલો છે તેને આશ્રીને શ્રુતનું આરાધન કહેલું છે, તે પરંપરાએ-ઉપધાન, યોગ, અનુષ્ઠાન આદિ દ્વારાએ થાય છે. તેમાં પરંપરા તો સુધર્મા-

સ્વામીથી માંડીને આજ સુધી જે અવિચ્છિન્ન પરિપાટી છે તેને પરંપરા કહેવાય છે. નહિં કે સ્વચ્છંદ પ્રવૃત્તિને ભજવાવાળા એવા શિવભૂતિ આદિથી પ્રવૃત્ત થયેલ જે સંતાન પ્રવાહ છે એ પરંપરા નથી. તે અવિચ્છિન્ન પરંપરા પરિપાટીથી આવેલા ઉપધાન અને યોગ : શ્રુતઆરાધન માટેના વિશિષ્ટ તપો. તેમાં ઉપધાન, આવશ્યકશ્રુતના આરાધન માટે શ્રાવક અને શ્રાવિકાઓને જ હોય છે. અને કાલિક -ઉત્કાલિક શ્રુત આરાધનના તપ વિશેષે એવા યોગો સાધુ-સાધ્વીને જ હોય છે.

તેમાં શ્રાવક-શ્રાવિકાના ઉપધાન વિધિનું દિગ્દર્શન આ પ્રમાણે :-૪૫ આયંબીલના તપપૂર્વક -ઉદ્દેશ-અનુજ્ઞા આદિ ક્રિયા વડે કરીને જેમણે મહાનિશીથ યોગનું અનુષ્ઠાન કરેલું છે એવા સાધુની પાસે શ્રદ્ધાવાળા શ્રાવક-શ્રાવિકા નંદિ માંડવી (નાણ માંડવી) આદિની વિધિપૂર્વક બાર ઉપવાસ વડે કરીને પંચમંગલ મહાશ્રુતસ્કંધનું આરાધન કરે. એ આરાધનને વિશે અવિચ્છિન્ન એવી આચાર્યોની પરિપાટીએ આવેલી પ્રતિદિન કરવા લાયક ક્રિયાઓ જાણવી. એ પ્રમાણે બીજા ઉપધાન આદિને વિષે પણ મહાનિશીથ સૂત્રમાં કહેલી વિધિવડે કરીને આરાધન વિધિ જાણી લેવી.

- સાધુવર્ગને તો આવશ્યક શ્રુતસ્કંધનું આયંબીલના વિશિષ્ટ તપ વડે કરીને આઠ દિવસનું આરાધન જાણવું.
- દશવૈકાલિક શ્રુતસ્કંધનું ૧૫ દિવસવડે કરીને આરાધન જાણવું.
- ઉત્તરાધ્યયન શ્રુતસ્કંધનું ૨૮ દિવસોવડે કરીને આરાધન કરવું.
- આચારાંગ શ્રુતસ્કંધનું ૫૦ દિવસોવડે કરીને આરાધન જાણવું.
- સૂત્રકૃતાંગ શ્રુતસ્કંધનું ૩૦ દિવસોવડે આરાધન જાણવું.
- સ્થાનાંગ શ્રુતસ્કંધનું ૧૮ દિવસોવડે કરીને આરાધન જાણવું
- સમવાયાંગ શ્રુતસ્કંધનું ૩ દિવસોવડે કરીને આરાધન કરવું.
- ભગવતી સૂત્રનું ૬ મહિનાને ૬ દિવસોવડે આરાધન કરવું.
- જ્ઞાતા ધર્મ શ્રુતસ્કંધનું ૩૦ દિવસોવડે આરાધન જાણવું.
- ઉપાસક દશાંગ શ્રુતસ્કંધનું ૧૨ દિવસોવડે આરાધન જાણવું.
- અંતકૃત્દશા શ્રુતસ્કંધનું ૭ દિવસોવડે આરાધન કરવું.
- અનુત્તરોપપાતિકનું ૭ દિવસોવડે આરાધન કરવું.
- પ્રશ્ન વ્યાકરણ શ્રુતનું ૧૪ દિવસોવડે આરાધન કરવું.
- અને વિપાક શ્રુતનું ૨૪ દિવસોવડે આરાધન કરવું.

આગમોક્ત એવી વિશિષ્ટ ક્રિયાઓ વડે જ આરાધન થાય છે. એ પ્રમાણે ઉપાંગ, છ છેદ ગ્રંથ-દશ પ્રકીર્ણકોને વિષે પણ પોતપોતાને આરાધન નિયત એવા વિશિષ્ટ તપ અને ક્રિયાવડે જાણી લેવું.

આવા પ્રકારની શ્રુત આરાધન વિધિ તારા દિગંબરના મતમાં સાક્ષાતરૂપે દૂર રહો; પરંતુ સ્વપ્નમાં પણ કાન ગોચર થઈ નથી.

જેવી રીતે અસંભવિત એવું પણ ગગનભક્ષણ સ્વપ્નમાં પણ સંભવે ખરું પણ આ ઉપધાન-યોગની વિધિ તો તારા શાસનમાં કે મતમાં સ્વપ્ને પણ સંભવતી નથી. એટલે તારામાં જ્ઞાનની આરાધના પણ નથી. ॥ ગાથાર્થ-૫૮ ॥

હવે દર્શનોપચાર કહે છે.

**दंसणुवयारऽरिहंताऽऽसायणाचायओ न सो तुम्हं।**
**जेणं जिणपडिमाहिं, सह वासोऽऽसायणामूलं ॥५६॥**

દર્શન એટલે સમ્યક્ત્વ, તેનું આરાધન, તીર્થંકરની આશાતનાના ત્યાગથી થાય છે. અને તે ત્યાગ તારામાં કોઈપણ રીતે સંભવતો નથી. આ વચનનો ભાવ એ છે કે સમ્યક્ત્વ તે કહેવાય છે કે ''સર્વજ્ઞે ઉપદેશેલા પદાર્થોનો સમુદાય તેની યથાર્થ શ્રદ્ધા કરવી. તે તારામાં મુશ્કેલીથી પણ મલે તેમ નથી. બીજી વાત તો દૂર રહો. એ પદાર્થના સમૂહની અંદર રહેલી તીર્થંકરની આશાતના પરિહાર્ય છે. એવા પ્રકારની શ્રદ્ધા કરીને ત્યાગવી જોઈએ અને તે તારાવડે તેવા પ્રકારની શ્રદ્ધાનો વિષય કરીને પરિહાર કરી શકાતો નથી. પરંતુ આશાતનાની ઉદીરણા કરાય છે. તે કેવી રીતે? એ શંકા ઉપર જણાવે છે. જે કારણવડે કરીને જિનપ્રતિમાની સાથે તારો વાસ છે. એ આશાતનાનું મૂલ છે. તે કેવી રીતે સમ્યક્ત્વની આરાધનાનું કારણ થાય? ॥ ગાથાર્થ-૫૯ ॥

હવે ચારિત્રની આરાધના કહે છે.

**चरणुवयारो पंचहिं, समिईहिं तीहिं गुत्तीहिं।**
**सो पुण तुह भमरीए, भट्ठो दिट्ठो मए सक्खं ॥६०॥**

ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિઓ અને મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિઓ આદિ દ્વારા ચારિત્રની આરાધના થાય છે. એ ચારિત્રની આરાધના ભિક્ષાચર્યામાં ભ્રષ્ટતાને પામેલી મેં સાક્ષાત્ જોયેલી છે અને પ્રત્યક્ષ જોયેલાનો અપલાપ કરવો કોઈનાથી પણ શક્ય નથી. ॥ ગાથાર્થ-૬૦ ॥

હવે સમકિતાદિનો અભાવ કેવી રીતે છે? તે બતાવે છે.

**जह जामाइअपमुहा, पाहुणया अण्णउत्थिआ अहवा।**
**उद्दिट्ठमो अणाई, भुंजंति तहेव तुम्हंपि ॥६१॥**

'આજે અમારે ઘેર તમારે જમવાનું છે.' ઈત્યાદિ આદરપૂર્વકના વચનથી રંજિત થયેલા અને તેના નિમિત્તે તૈયાર કરેલ ભોજનમાં ઉપયોગી ભાત-શાક-દાળ આદિ સમસ્ત વસ્તુસમુદાયને જમાઈઓ-મહેમાનો અને અન્ય તીર્થકો ખાય છે. તેવી રીતે 'અમારા જ ઘેર આજે તામારે ગોચરી કરવાની છે.' એવા નિમંત્રણથી રાજી થયેલો તું પણ મહેમાનોની જેમ એક જ ઠેકાણે ખાતો કેવી રીતે

સમિતિ ગુપ્તિને ભજવાવાળો થાય? કોઈપણ હિસાબે થાય નહિં.

સમિતિનો અભાવ આ રીતે અનેષણીય ભોજન કરનારો હોવાથી. સદોષી એવા આહારને ખાતા તેની વિરોધી એવી એષણા સમિતિ તને ક્યાંથી? અનેષણીય આહારને ખાઈને પોતાનું નિર્દોષ-ભોજીપણું જણાવતો હોવાથી અસત્યભાષી એવા તારે ભાષાસમિતિ નથી. અને આદાનભંડમત્ત નિક્ષેપણા સમિતિ તો સંયમને ઉપકારી એવા વસ્ત્ર પાત્ર આદિ ધર્મોપકરણ ધારણ કરનારને જ હોય છે. આગમમાં કહ્યું છે કે 'ઔઘિક અને ઔપગ્રહિક આ બે પ્રકારની પાત્રાદિ ઉપધિ મુનિઓને હોય છે. તેને ગ્રહણ કરતા અને મૂકતા આ વિધિ કરવો જોઈએ. આંખથી પડિલેહણ કરીને પછી જયણાપૂર્વક સાધુએ પ્રમાર્જના કરીને લેવું અને મૂકવું એમ બન્ને પ્રકારે સદાસમિતિવાળો મુનિ હોવા જોઈએ.'

તથા તેવી રીતે પાંચમી સમિતિ 'ઉચ્ચાર' શબ્દ જેની આદિમાં છે. અને 'પારિષ્ઠાપનિકા' જેને છેલ્લે છે તે (સમિતિ) પરઠવતી વખતે હોય છે. કહેલું છે કે ઉચ્ચાર = સ્થંડિલ, પ્રશ્રવણ = માત્રું,-ખેલ-નાસિકાનો મેલ, શરીરનો મેલ, આહાર, ઉપધિ, દેહ અથવા તો તેવા પ્રકારનું બીજું કાંઈ પરઠવા યોગ્ય વસ્તુ, વિસ્તીર્ણ -દૂર અવગાઢવાળું - બહુ નજીક નહિ.-બીલ વર્જિત સ્થાનમાં ત્રસકાય બીજ અને પ્રાણથી રહિત ભૂમિમાં' ત્યાગ કરવો.' ઉત્તરાધ્યયન અ.૨૪.

ભોજનના અવસરે ઘી આદિથી યુક્ત અને ખરતા-વેરાતા એવા અન્નાદિકના કણોને ધારણ કરવા માટે ગૃહસ્થોવડે જ કરીને કુંડિકા આદિ માંડીને ખાઈ લીધા બાદ ગૃહસ્થો વડે જ એ એઠું-દાણા આદિ પરઠવાય છે. તેમાં તારે પારિષ્ઠાપનિકા સમિતિ ક્યાં છે?

તથા તેવી રીતે ગૃહસ્થના આચારવાલા એવા તને ઈર્યાસમિતિ તો સંભવતી જ નથી. આ પ્રમાણે પાંચ સમિતિના અભાવે તારે મન-વચન અને કાયાના ગુપ્તિ પણ હોય જ ક્યાંથી?

હવે દિગંબર પ્રશ્ન કરે છે કે-'તો તો પછી તીર્થંકરોને પણ સમિતિ આદિનો અભાવ થશે? તેઓને પણ વસ્ત્ર-પાત્ર આદિના અભાવ વડે કરીને પાંચ સમિતિનો અભાવ છે.' એમ જો કહેતો હો તો બોલીશ નહિ. તે તારકોનો તેવા પ્રકારનો કલ્પ હોવાથી પૂર્વે કહેલી યુક્તિવડે કરીને પાત્ર આદિના અભાવમાં પણ અસમિતિનો અભાવ જ છે અને અસમિતિનો અભાવ હોવાથી સમિતિનો સદ્ભાવ જ છે.

જેવી રીતે સિદ્ધના જીવોને પ્રત્યાખ્યાનનો અભાવ હોવા છતાં પણ અનાશ્રવિપણું હોવાથી. તેના પ્રતિપક્ષરૂપ એવા સંવરનો સદ્ભાવ સિદ્ધ થાય જ છે. તેવી રીતે વસ્તુતાએ તત્ત્વથી તે ઉક્ત પ્રકારની પાંચેય સમિતિઓ છે તે સાધુઓને ઉદ્દેશીને જ તીર્થંકરોએ કહેલી છે. તીર્થંકરના વર્ણનમાં કથંચિત્ સાધુપણાનું સામ્ય હોવાથી તીર્થંકરોને પણ સમિતિ કહેલી છે. તેમ જાણવું. ॥ ગાથાર્થ-૬૧ ॥

હવે પ્રવચનગમ્ય એવા જ્ઞાનાદિ ઉપચાર વડે કરીને હીન હોવાથી દિગંબરો પ્રવચનબાહ્ય છે એવું નહિં. પરંતુ બીજા પ્રકારે પણ પ્રવચન બાહ્ય છે. એ પ્રકારાન્તર બતાવે છે.

**भोअणनेवत्थेहि अ, पच्चक्खं अण्णउत्थिआ नगिणा।**
**नगिणा णाणाईहिं, णाणीहिं ते मुणेयव्वा॥६२॥**

એક જ ઘરે, અને તે પણ ખાસ ઉદ્દેશીને બનાવેલું ઓદન આદિનું ખાવું, પીચ્છિકા-કમંડલુ આદિ વડે કરીને યતિરૂપ ધારણ કરવું : આમ ભોજન અને નેપથ્ય એ બન્ને ચિન્હોવડે કરીને સાક્ષાત્ અન્યતીર્થિક જેવા જ દેખાય છે તેથી કરીને જ્ઞાનીઓ = પંડિતોવડે કરીને દિગંબરો જ્ઞાન-દર્શન-ચારિત્રથી રહિત જ છે એમ જાણવું ॥ ગાથાર્થ-૬૨ ॥

હવે દિગંબરો કેવા છે? અને તીર્થ કોને આધીને છે? તેનો ઉપસંહાર કરતા કહે છે.

**एवं किरिआहीणा, नगिणा णाणेण तित्थबाहिरिआ।**
**सेअंबरेहिं तित्थं, जुत्तेहिं णाणकिरिआहिं॥६३॥**

આ પ્રકારવડે કરીને ક્રિયાહીન એટલે કે જ્ઞાન-દર્શન અને ચારિત્રના ઉપચાર રહિત અને નેપથ્ય આદિથી રહિત, યથાવસ્થિત વસ્તુના પરિજ્ઞાનથી વિકલ્પ રહિત થયેલો દિગંબર, જૈન પ્રવચન બાહ્ય જ છે. અહિંઆ પ્રશ્ન કરે છે કે 'પૂર્વે કહેલા જ્ઞાનાદિનો ઉપચાર તો શ્વેતાંબરે સ્વીકારેલાં આગમમાં દેખાય છે. પરંતુ અમે સ્વીકારેલા કોઈપણ આગમમાં નથી.' એમ જો કહેતો હો તો હે દેવાનુપ્રિય! એથી જ કરીને તારા આગમ પણ સર્વજ્ઞમૂલક નથી; પરંતુ શિવભૂતિ વડે કરીને અને તેમના શિષ્ય કૌડિન્ય અને કોટ્ટવીર દ્વારા પ્રવર્તેલા, પોતાની મતિના અનુસારે કલ્પના કરીને કૃત્રિમ બનાવેલા છે. સર્વજ્ઞે ઉપદેશેલા આગમોની અંદર પૂર્વે કહેલા જ્ઞાનાદિ ઉપચારોનો સદ્ભાવ હોવાથી અમારા આગમો સર્વજ્ઞ મૂલક જ છે.

હવે તીર્થ કોના વડે પ્રવર્તે છે? તે ઉત્તરાર્ધથી કહે છે.

સાંપ્રતકાલે શ્વેતાંબરો વડે જ તીર્થ પ્રવર્તેલ છે. તે શ્વેતાંબરો પણ નામમાત્ર ધારી નહિં. કારણ કે કહેવાશે તે પૂનમીયા-ખરતરો આદિ નામમાત્રવડે કરીને શ્વેતાંબર કહેવાય છે. અને અમે કહેલા આગમોને એમણે સ્વીકારેલ છે. છતાં પણ પોત પોતાની મતિકલ્પનાએ વિકલ્પેલા અર્થોની ઉદ્ભાવના કરવાવડે કરીને ઘણાં મનુષ્યોને તીર્થ તરફના પ્રદ્વેષના કારણે વ્યુદ્ગ્રાહિત કરતાં અને તારા કરતાં પણ ક્લિષ્ટ પરિણામવાલા તેઓ શ્વેતાંબરનામધારી આત્માઓ છે. અને તારી જેમ જ તેઓ પણ તીર્થબાહ્ય જ જણાવાશે. આથી કરીને તીર્થપ્રવર્તક એવા શ્વેતાંબરો કેવા પ્રકારના લક્ષણવાળા છે? જ્ઞાન અને ચારિત્રથી સંયુક્ત છે. નહિં કે તેમાંથી એકપણ વડે રહિત. તે જો તેવા એકાદિથી પણ રહિત હોય તો તીર્થપ્રવૃત્તિનો સંભવ નથી.

આગમમાં કહ્યું છે કે :-ક્રિયા રહિત એવું જ્ઞાન હણાયેલું છે. અને જ્ઞાન વગરની ક્રિયા હણાયેલી છે. ॥ ગાથાર્થ-૬૩ ॥

આ પ્રમાણે આઠ ગાથાવડે કરીને દિગંબરને તીર્થબાહ્ય જણાવ્યો. હવે બીજા પ્રકારવડે કરીને પણ દિગંબર તીર્થબાહ્ય છે એમ જણાવવા યુક્તિ બતાવે છે.

**अहवा सव्वपसिद्धं सित्तुंजय-उज्जयंततित्थदुगं।**
**जस्स य तं आयत्तं, सो संघो वीरजिणतित्थं॥६४॥**

અથવા તો શત્રુંજય પ્રસિદ્ધ છે. ઉજ્જયંત પર્વત એટલે ગિરિનાર પર્વત. આ બન્ને તીર્થો જૈનોના છે. એમ જૈનો જ નહીં પણ તેનાથી અતિરિક્ત બીજા મનુષ્યો પણ 'જૈન સંબંધી તીર્થો છે' એમ કહે છે. અર્થાત્ આ વાત સમ્યગ્દ્દષ્ટિ તથા મિથ્યાદૃષ્ટિના બાલકથી માંડીને સ્ત્રીઓ સુધીના સર્વેને પ્રસિદ્ધ છે.

તે બન્ને તીર્થ શ્રમણાધીન–સાધ્વાદિરૂપ જે સંઘ તેને આધીન હોય છે. તેની નિશ્રાએ વીરસ્વામીનું તીર્થ રહેલું છે. ॥ ગાથાર્થ-૬૪ ॥

અને એ પ્રમાણે હોય તો આ તીર્થ દિગંબરનું પણ થશે? એવી શંકાને નિરાકરણ કરવા માટે ગાથા કહે છે.

**उज्जिंत–गिरिविवाए, सासणसुरिकहणमित्थ संजायं।**
**जो मण्णइ नारीणं, मुत्तिं तस्सेव तित्थमिणं॥६५॥**

ઉજ્જયંતગિરિના વિવાદમાં પરસ્પર- આત્મીયતાપણા વડે કરીને દિગંબરોની સાથે કલહ ઉત્પન્ન થયે છતે જિન શાસનની અધિષ્ઠાયિકા દેવીનું કહેવું આ પ્રમાણે થયું. ''જે નારીઓની મુક્તિને માને તેનું આ તીર્થ'' આ વાતમાં સંપ્રદાય પ્રમાણે જ્યારે પૂર્વે દિગંબરો વડે આ શ્રી ઉજ્જયંત મહાતીર્થ, શ્રી સંઘ પાસેથી આંચકી લેવાનું શરૂ થયું ત્યારે સંઘના કાયોત્સર્ગના પ્રભાવે કરીને કંપિત આસનવાલી શાસનદેવીએ દૂરથી લાવેલી કન્યાના મોઢે રાજ્યસભામાં **इक्को वा नमुक्कारो** પછીની **उज्जिंतसेलसिहेर**૦વાલી ગાથા ચૈત્યવંદનની અંતર્ગત કરીને સમર્પી. ત્યારથી માંડીને સકલ સંઘ વડે કરીને આ ગાથા ભણાતી આવી છે. ॥ ગાથાર્થ-૬૫ ॥

હવે શાસન દેવીના કથન બાદ દિગંબરો વિવાદમાં કેવા થયા? તે કહે છે.

**तत्तो विसन्नचित्ता, खमणा पासंडिआ विगयआला।**
**निअनिअठाणं पत्ता, पब्भट्ठा दाण–माणेहिं॥६६॥**

વિવાદ થયા બાદ જાણવા લાયક વસ્તુના જ્ઞાન લક્ષણની જે સંજ્ઞા, તે નષ્ટ થઈ છે જેની એવા અર્થાત્ નષ્ટ ચિત્ત થયેલા, કાંદિશિક બની ગયેલા એવા દિગંબર મતના આશ્રિત જે વાદીઓ 'આ અમારું તીર્થ થશે' આ પ્રમાણેની જે આશા હતી. તે આશા રહિતના બન્યા છતાં અને આ પાત્રબુદ્ધિએ દાનને યોગ્ય નથી. અને ગુણવાન નહી હોવાથી અભ્યુત્થાનાદિને પણ યોગ્ય નથી. એવી જનોક્તિના વિષય બનેલા! અર્થાત દાન અને માનથી ભ્રષ્ટ થયેલા મઠાધીશ લક્ષણવાળા પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. ॥ ગાથાર્થ-૬૭ ॥

હવે દિગંબરોની સાથે ભવિષ્યમાં સંભવિત એવા વિવાદને ભાંગી નાખવા માટે સંઘે જે કર્યું તે જણાવે છે.

**मा पडिमाण विवाओ, होहित्ति विचिंतिऊण सिरिसंधो।**
**कासी पल्लवचिंधं, नवीण–पडिमाण पयमूले ॥६७॥**

પ્રતિમા સંબંધી કલહ ફરી વખત પણ ન થાવ. એમ વિચારીને શ્રી સંઘે આજ પછી બનાવાતી નવીન જિનપ્રતિમાઓના પગની નજીકમાં વસ્ત્રની પાટલીરૂપી ચિહ્ન કર્યું ॥ ગાથાર્થ-૬૭ ॥

હવે શ્રી સંઘે કરેલ આ વાતને જાણીને દિગંબરોએ જે કર્યું તે બતાવે છે.

**तं सोऊणं रुट्ठो, दुट्ठो खमणोऽपि कासी नगिणत्तं।**
**निअपडिमाणं जिणवर–विगोवणं सोऽवि गयसन्नो ॥६८॥**

જિનેશ્વર ભગવંતની પ્રતિમાના પગની નીચે = પલાઠીમાં શ્રીસંઘે કરેલ વસ્ત્રનું ચિહ્ન સાંભળીને દુષ્ટ અને ક્રોધાવિષ્ટ થયેલો એવો દિગંબર, શ્રીસંઘનું કાંઈપણ અહિત કરી શકવાને સમર્થ નહિ હોવાથી 'નગ્ન આકારથી જિનેશ્વરની નિંદા થશે કે કેમ?'એ વિચારશૂન્ય દિગંબરે શ્રી જિનેશ્વરનું વિગોપન કર્યું! એટલે જિનેશ્વરની નિંદા થાય તેવી રીતે પોતાને આધીન જિનપ્રતિમાઓ, દૃશ્યમાન પુરુષ ચિહ્ન આદિ અવયવવાળી બનાવી! અર્થાત્ પ્રકટ પુરુષચિહ્નવાળી પ્રતિમાઓ બનાવી!

આ વાતનો ભાવ આ છે કે ''ખરેખર અમારા વડે નિર્મિત એવા પ્રતિમાના આકારથી ભિન્ન આકારને કરવા માટે જો શ્રી સંઘે પલ્લવનું-વસ્ત્રનું ચિહ્ન કર્યું તો અમે પણ શ્વેતાંબરની પ્રતિમાઓથી ભિન્ન-જુદું કરવા માટે કંઈક ચિન્હ કરીશું.'' એમ વિચારીને સંઘ તરફના મત્સર ભાવને લઈને જિનપ્રતિમાનું નગ્નપણું રજું કર્યું. શ્વેતાંબર પોતે વસ્ત્રને ધારણ કરનારા હોવાથી વસ્ત્રનું ચિહ્ન-કર્યું. દિગંબરો પોતે નાગા હોવાથી નગ્નતાનું ચિહ્ન કર્યું. ॥ ગાથાર્થ-૬૮ ॥

હવે મુગ્ધજનોને ખાત્રી થવા માટે ચિહ્ન કહે છે.

**तेणं संपइपमुहप्पडिमाणं – पल्लवंकणं नत्थि।**
**अत्थि पुण संपईप्पडिमाण विवायकालाओ ॥६९॥**

જે કારણવડે કરીને વિવાદ ઉત્પન્ન થયે સતે પ્રતિમાઓને વિષે પલ્લવનું ચિહ્ન કરાયું. તે જ કારણ વડે કરીને વિવાદના પૂર્વકાલમાં થયેલા ત્રણ ખંડના અધિપતિ **સંપ્રતિરાજા** આદિએ બનાવેલી જૂની પ્રતિમાઓને વિષે પલ્લવનું ચિન્હ નથી. અને સાંપ્રતકાલની પ્રતિમાઓને વિષે પલ્લવનું ચિન્હ છે. સાંપ્રતપણું શા આધારે કહે છે? તે જણાવે છે. ઉજ્જયંતગિરિને આશ્રીને દિગંબર સાથે વિવાદ થયો ત્યારથી માંડીને. હવે વિવાદ કાલ પહેલા શું હતું? તે કહે છે.

**पुव्विं जिणपडिमाणं, नगिणत्तं नेव नविअ पल्लवओ।**
**तेणं नागारेणं, भेओ उभएसि संभूओ ॥७०॥**

વિવાદના પૂર્વના કાલમાં જિનેશ્વર ભગવંતની પ્રતિમાઓનું નગ્નત્વ ન હોતું જ તેમ પલ્લવ ચિહ્ન પણ નહોતું. અને તેથી કરીને જિનપ્રતિમાઓના આકારમાં શ્વેતાંબર અને દિગંબરોને ભિન્નપણું નહોતું. અર્થાત્ બન્નેને સરખો આકાર હતો. ॥ ગાથાર્થ-૭૦ ॥

હવે બોટિક મતનું સ્વરૂપ અને તેની પ્રરૂપણાપૂર્વક નિરાકરણ કરવા માટે હેતુને બતાવતાં બે ગાથા દ્વારા ઉપસંહાર કહે છે.

**एअं बोडिअकुमयं, पडिअं तित्थाउ दूरतरदेसे।**
**णो तित्थं बाहेई, वणगिरिअग्गी जहा नयरं॥७१॥**

**तहवि अ पवट्टमाणं, विवायहेऊत्ति मुणिअ भणिअंति।**
**थूलमईणं एसा, जुत्तिदिसा दंसिआ णेआ॥७२॥**

જો કે દિગંબર–બોટિક કુમત, પ્રવચન અને લિંગ બન્ને વડે કરીને સર્વથા સમાનપણાના અભાવે કરીને શાક્ય આદિ દર્શનની જેમ તીર્થથી દૂર દેશમાં પડેલો છે તેથી તે તીર્થને બાધા કરતો નથી.

જેમ પૂનમિયા અને ખરતરો આદિ તીર્થની અંદર રહેલા શ્રાવકો આદિને શંકા ઉત્પન્ન કરવાવડે કરીને તીર્થને બાધા કરવાવાળા છે તેમ આ દિગંબર નથી! તેમાં દૃષ્ટાંત કહે છે. જેમ વનમાં રહેલા પર્વત ઉપરનો અગ્નિ નગરને બાધા કરતો નથી. કારણ કે દૂર દૂર રહેલો છે માટે.

નજીકનો અગ્નિ હોય તો સામાન્ય માણસોને ઘાસની ઝૂપંડીને બાળતો બાધા કરે છે. વાદી પ્રશ્ન કરે છે કે 'તો પછી આ (દિગંબર)મતનું આટલું બધું ખંડન કરવાની શું જરુર હતી?' એ શંકાને દૂર કરવા માટે કહે છે કે તો પણ આ દિગંબર વિદ્યમાન છે. નહિં કે જમાલિ આદિની જેમ નિઃસત્તાકીભૂત થયેલ નથી. અને એથી કરીને ક્યારેક વિવાદનું કારણ થાય એમ જાણીને કહ્યું છે માટે દોષ નથી.

હવે જો વિવાદ થાય તો 'આ તમે કીધું છે એ શું કામનું થશે?' તેઓના જવાબમાં કહેવાનું કે મારા કરતાં પણ અલ્પમતિવાળા એવા, નહિ કે ધર્મ સંગ્રહણી વિશેષ આવશ્યક ભાષ્યવૃતિ આદિને બનાવનારા નિષ્ણાત મતિવાળા એવા વિદ્વાનો માટે નહિં. પરંતુ મારા કરતાં અલ્પમતિવાળાઓને આ યુક્તિ દિશા બતાવી છે. જેથી કરીને તે અલ્પ બુદ્ધિવાળાઓ આ યુક્તિ દિશા વડે કરીને દિગંબરોનો તિરસ્કાર કરી શકે છે. ॥ ગાથાર્થ ૭૧-૭૨ ॥

હવે આ અધિકારનો ઉપસંહાર કરતાં કહે છે.

**एवं कुवक्खकोसिअ–सहसकिरणंमि उदयमावण्णे।**
**चक्खुप्पहावरहिओ, कहिओ अ दिगंबरो पढमो॥७३॥**

પૂર્વે કહેલા પ્રકારવડે કરીને કુપક્ષકૌશિક સહસ્રકિરણ ઉદય પામે છતે પોતાના લોચનનો જે

મહિના એટલે નીલ-રક્ત-પીત આદિ રૂપગ્રહણ કરવાની જે શક્તિ, તેનાથી રહિત દિગંબર થયો. જેવી રીતે સૂર્ય ઉદય પામે છતે ઘૂવડ પોતાના ચક્ષુની પ્રભાથી રહિત થાય છે તેમ. આ જગતમાં સ્વભાવ છે કે તામસ પ્રકૃતિવાળા પંખીઓનું જે કુલ છે તેને સૂર્યના કિરણો અતિ કાળા તરીકે દેખાય છે જેથી કરીને સિદ્ધસેન દિવાકરસૂરિ. મ. કહેલ છે કે-

**सद्धर्म्मबीजवपनानघकौशलस्य, यल्लोकवान्धव ! तवापि खिलान्यभूवन् ।**

**तन्नाद्भुतं खगकुलेष्विह तामसेषु, सूर्यांशवो मधुकरीचरणावदाताः ॥१॥**

''જેવી રીતે તામસપ્રકૃતિવાળા એવા પક્ષીના કુલોને વિષે (ઘૂવડોને વિષે) સૂર્યના કિરણો ભમરાઓના પગ જેવા કાળા દેખાય છે તેવી રીતે હે લોકબાંધવ! સદ્ધર્મરૂપી બીજ વાવવા માટેનું તમારૂં જે અનઘ-નિષ્પાપ કૌશલ્ય છે તે આ કુપાક્ષિકોને વિષે પણ સ્થગિત થાય તેમાં કોઈ આશ્ચર્ય નથી.''

હવે આ દિગંબર (મતખંડન) ક્યાં વર્ષે ક્યાં ગુરુની વિદ્યમાનતા હોયે છતે કહ્યું? તે બતાવવા માટે ગાથા કહે છે.

## नवहत्थरायंकिअसम–महिमंमि चित्तसिअपक्खे ।
## गुरुदेवय पुण्णुदए, सिरिहीरविजयसुगुरुवारे ॥७४॥

આ ગાથાને સંવત્સરપક્ષ અને ગુરુપક્ષ આ બન્ને અર્થમાં કહેશે, **સંવત્સર પક્ષમાં કહે છે :–** નવ અને **हस्त** શબ્દવડે નવ અને બેની સંખ્યા સમજવી, કાય-શબ્દવડે -શાસ્ત્રની પરિભાષાવડે પૃથ્વીકાયાદિ છ, સમજવાં. રાય-શબ્દવડે એટલે રાજા, રાજા શબ્દ ચંદ્રને જણાવનારો છે, તે એકની સંખ્યા કહેનાર તરીકે જ્યોતિષીઓ જાણે છે, અને પછી અંકોની ગતિ ડાબી બાજુએથી થાય છે, એ વચનો વડે કરીને જે અંકો થયા તે ૧૬૨૯ સંખ્યાવાલું સંવત્સર તેનો જે મહિમા. એટલે નામગ્રહણ આદિવડે કરીને જેમની પ્રસિદ્ધિ છે એવા પ્રકારના વર્ષમાં એટલે ૧૬૨૯ના ચૈત્ર મહિનાના સુદ પખવાડીયાની અંદર—

કઈ તિથિએ? તો કહે છે કે ગુરુ, સુરગુરુ હોવાથી જે શોભાથી વધી રહેલ છે અને તે ગુરુના સાનિધ્યથી **रविजयः** = સૂર્યનો જય થાય છે, કારણ કે સૂર્યના શુક્ર અને શનિ **શત્રુ** છે, બુધ **મધ્યસ્થ** છે, અને ચંદ્ર-મંગલ-ગુરુ તેના **મિત્ર** છે, અને તેથી ગુરુના યોગે સૂર્યનો જય થાય છે, અર્થાત્ ગુરુવારે અને ગુરૂદૈવતયોગે એટલે કે પુષ્યનક્ષત્રમાં—

કેવા પ્રકારના યોગમાં? ગુરુપુષ્યના યોગમાં. પૂર્ણાતિથિ એટલે દશમે, ચૈત્રસુદમાં ૫ અને પૂનમે પુષ્યનક્ષત્ર ન આવે; પરંતુ દશમે આવે. તેથી ચૈત્ર સુદ-૧૦ ગુરુવાર પુષ્યનક્ષત્રમાં સુવિહિત અગ્રણી એવા હીરસૂરિ મહારાજનું રાજ્ય પ્રવર્તમાન હોતે છતે, કેવા લક્ષણવાલા?

**હવે ગુરુપક્ષમાં કહે છે,** નવહાથ પ્રમાણ શરીરવાલા એવા પાર્શ્વપ્રભુ, તે પ્રભુવડે અંકિત એવો જે અવિચ્છિન્નકાલ, તે કાલની સરખો મહિમા છે જેમનો અથવા તો નવ હાથની કાયાવાલા પાર્શ્વપ્રભુના રાજ્યના મહિમા જેવો જેનો મહિમા છે એવા હીરવિજયસૂરિનાં રાજ્યમાં =

હવે આ વાતનો ભાવ એ છે કે ઋષભ આદિ ભગવંતોની અપેક્ષાએ હીન = ઊતરતા કાલમાં ઉત્પન્ન થયા હોવા છતાં પણ શ્રીપાર્શ્વનાથપ્રભુ, સર્વજનોને વિષે આદેય નામવાળા હતા. તેવી રીતે ઋષભદેવ આદિ તીર્થંકરો ન્હોતા. એવી રીતે વજ્રસ્વામી આદિની અપેક્ષાએ મહાવીરસ્વામીના જન્મનક્ષત્ર ઉપર સંક્રાન્ત થયેલ ભસ્મરાશિના માહાત્મ્યથી કુનૃપતિ અને કુપાક્ષિકોની બહુલતાવાળા કાળમાં ઉત્પન્ન થયા હોવા છતાં હીરવિજયસૂરિ જેવી રીતે માહાત્મ્યને ભજવાવાળા હતા, તેવી રીતે વજ્રસ્વામી આદિઓ ન હતા, આ વાત વર્ણનમાત્ર નથી. કિંતુ પારમાર્થિક છે એ બતાવવાને માટે વિશેષણ દ્વારા હેતુ જણાવે છે.

કેવા પ્રકારના હીરવિજય સુગુરુવાર હતા? તો કહે છે કે **चित्रशीतपक्षे** ચિત્ર એટલે = આશ્ચર્ય જેમ થાય તેવી રીતના કુપાક્ષિક મુખ્યોએ પણ પોતાના કુપક્ષનો પરિત્યાગ કરવા પૂર્વક **सित** કહેતાં શ્વેત-શુદ્ધ એવો પક્ષ અંગીકાર કર્યો છે જેમના વારામાં-સમયમાં એવા. આનો ભાવ એ છે કે-કુપાક્ષિકોના મુખ્ય અગ્રેસર એવા અને પરિવારથી યુક્ત એવા **લોંકામતી ઋષિ મેઘજી** આદિએ નગરને વિષે શ્રેષ્ઠ એવા અમદાવાદમાં બધા રાજાઓમાં મુખ્ય એવા મુદ્ગલાધિપતિ શ્રી અકબરની સાક્ષીએ મહા મહોત્સવપૂર્વક પ્રવ્રજ્યા આદિને સ્વીકારી! તેવી રીતનું કાર્ય પ્રાચીન આચાર્યોના રાજ્યમાં બન્યું નથી.

જો કે કોઈક કુપાક્ષિક, ક્યારેક પ્રવ્રજ્યાદિકને સ્વીકારતો જોયો છે અને સાંભળ્યો છે, પરંતુ તેના નાયકો એવી રીતે દીક્ષા લે તે તો હીરસૂરિ મ. ના રાજ્યમાં જ બન્યું છે, એ આશ્ચર્ય છે. આવું આશ્ચર્ય પણ ક્યાંથી થયું? એના માટે વિશેષણ દ્વારા હેતુ જણાવે છે.

કેવા લક્ષણવાળા શ્રી પૂજ્યના વારામાં (સમયમાં) તો કહે છે કે **गुरुदैवतपूर्णोदये=गुरु**=મોટું **=दैवत**=ભાગ્ય તે **गुरुदैवत** તે ગુરુદૈવતના=મોટા ભાગ્યના પૂર્ણ ઉદયે. એટલે કે-તીર્થંકરનામકર્મના ઉદયની જેમ પૂર્વજન્મમાં ઉપાર્જિત કરેલી શુભ પ્રકૃતિના વિપાકનો અનુભવ છે જેમાં એવા મોટા ભાગ્યનો પૂર્ણ ઉદય થયે છતે. આ મોટા ભાગ્યનો ઉદય કેવળ ગુરુનો જ નહિં; પરંતુ તેમના ભક્તજનોને પણ હતો. તે આ પ્રમાણે **गुरुपक्षे:**-ગુરુ મહારાજનો તેવા પ્રકારનો પુણ્યવિપાકનો ઉદય વર્તતો ન હોય તો કુપાક્ષિક અને કુનૃપથી વ્યાકુલ(વ્યાપ્ત) એવા કાલને વિષે પણ શ્રી ખંભાતમાં પ્રભાવના દ્વારાએ કરીને કોટિ સંખ્યાના દ્રવ્યોનો વ્યય સંભવે ખરો? ન જ સંભવે, તેમના ચરણ વિન્યાસે-પગ મૂકવામાં દરેક ડગલે રુપાનાણું અને સોનામહોરો મૂકવાનું અને મોતીના સાથીયા આદિ રચવાવડે કરીને તીર્થંકરની જેમ પૂજાનો ઉદય પણ સંભવે નહિ.

**હવે તેમના ભક્તપક્ષમાં જણાવે છે કે :-**

તેવા પ્રકારના કાલને વિષે પણ વિધાતાએ જ્ઞાન-દર્શન-ચારિત્ર આ ત્રણેનો પિંડ કરીને જાણે એક મૂર્તિ બનાવેલી હોય એવા તે હીરવિજયસૂરિ ગુરુના ભક્ત શ્રાવકોમાં પણ પૂર્વજન્મોપાર્જિત શુભકર્મની પ્રેરણા વડે કરીને તેમજ ભાવિકાલમાં તેવા પ્રકારની ભવિતવ્યતાના વશે કરીને તેવા પ્રકારનો ભક્તિ ઉલ્લાસ સંભવે. ઉપદેશપદમાં કહ્યું છે કે :—

**पुण्णेहिं चोइया पुरकडेहिं, सिरिभायणं भविअसत्ता।**
**गुरुमागमेसि भद्दा, देवयमिव पज्जुवासंति॥१॥**

'પૂર્વ પુણ્યોએ કરીને પ્રેરાયેલા ભાગ્યશાળી ભવ્ય સત્ત્વો-ભવ્યજીવો લક્ષ્મીભાજન થાય છે. અને ભવિષ્યકાલમાં જેમનું કલ્યાણ છે એવા તે પુણ્યવંતો દેવતાની જેમ ગુરુને જેઓ પૂજે છે, તે લક્ષ્મીના ભાજન થાય છે. ॥ ગાથાર્થ-૧૦૦ ॥

હવે આ પ્રકરણના કર્તાના નામથી ગર્ભિત એવી આશીર્વાદ દાયક ગાથા કહે છે.

**इअ सासणउदयगिरिं, जिणभासिअधम्मसायराणुगयं।**
**पाविअ पभासयंतो, सहसकिरणो जयउ एसो॥१०१॥**

આ પ્રકાર વડે કરીને આ પ્રત્યક્ષ સિદ્ધ એવો સહસ્રકિરણ=સૂર્ય અર્થાત્ **"કુપક્ષ કૌશિક સહસ્રકિરણ"** જય પામો, એ પ્રમાણે આશીર્વાદ જણાવ્યા. આશીર્વાદદાન પણ તેના કૃત્યનું પ્રગટ કરવા પૂર્વક જ હોય છે. એ માટે કહે છે કે શું કરતા જય પામો? પ્રકાશ કરતા જય પામો. અર્થાત્ જીવલોકને પ્રકાશિત કરતા જય પામો! જેવી રીતે સૂર્ય, જીવલોકને પ્રકાશિત કરતો છતો આશીર્વાદનું ભાજન બને છે, તેવી રીતે આ ગ્રંથ પણ પ્રકાશ કરતો છતો આશીર્વાદનું ભાજન બનો. પ્રકાશ પણ શું કરીને કરે છે? એના માટે કહે છે. શાસન = એટલે જૈન તીર્થરૂપ જે ઉદયગિરિ=ઉદયાચલ પર્વત અર્થાત્ નિષેધ પર્વત તેને પામીને એટલે ઉદયગિરિના શિખરને પામીને, જેમ બીજો સૂર્ય પણ નિષધ પર્વતને પામીને પ્રકાશ કરે છે તેમ જૈન તીર્થરૂપ ઉદયગિરિને પામીને આ ગ્રંથ પણ પ્રકાશ કરે છે, બીજી રીતે નહિ

કેવા પ્રકારનો શાસનઉદયગિરિ છે? તો કહે છે કે :—

**જિન ભાષિત ધર્મ સાગરાનુગત**, અર્થાત્ જિનેશ્વર ભગવંત વડે કહેવાયેલો એવો જે દાનાદિ લક્ષણવાળો ધર્મ તે રૂપી જે સમુદ્ર તેને અનુસરીને રહેલો : જેમ નિષધપર્વત, બન્ને બાજુથી સમુદ્રને અડીને રહેલો છે તેવી રીતે **ધર્મસાગરરૂપી** સમુદ્રને બન્ને બાજુથી સાગર=સમુદ્રને અડીને રહેલો આ શાસન ઉદયગિરિ છે. અથવા તો સમુદ્રની સરખો એવો ''આ કુપક્ષકૌશિક સહસ્રકિરણ'' છે.

જેમ સૂર્ય સમુદ્રમાં માંડલાં કરે છે તેમજ નિષધપર્વત પર પણ કરે છે. કહેલું છે કે :–'ત્રેસઠ માંડલાં નિષધપર્વત પર અને બે માંડલાં બે જોયણ અંતરીત બાહા ઉપર અને ૧૧૯-માંડલાં લવણ સમુદ્ર ઉપર હોય છે.' અહિં નિષધની અપેક્ષાએ સૂર્યના માંડલાં સમુદ્રમાં વધારે હોય છે. ''જિનભાષિત ધર્મસાગરાનુગત'' એ વિશેષણ દ્વારાએ આ ગ્રંથની રચના કરનારનું **''ધર્મસાગર''** એવું નામ પણ સૂચવ્યું, તેમ જાણી લેવું,

આ પ્રમાણે તપાગચ્છરૂપ આકાશને વિષે સૂર્યસદૃશ શ્રી હીરવિજય સૂરિ શિષ્ય **મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી** ગણી વિરચિત-સ્વોપજ્ઞ **કુપક્ષકૌશિક સહસ્રકિરણ** નામના અને હીરવિજયસૂરિએ આપેલા **પ્રવચનપરીક્ષા** એ અપર નામવાળા ગ્રંથને વિષે **'દિગંબરમત નિરાકરણ'** નામનો બીજો વિશ્રામ પૂર્ણ થયો.

# પૌર્ણમીયકમત નિરસન નામનો ત્રીજો વિશ્રામ

હવે પૂનમીયા મતને કહેવા માટે પૂનમીયો મત કાઢનારનું નામ શું? તે ક્યાં ગણમાંથી નીકલ્યો? તે ક્યા કારણે નીકલ્યો? અને તે કયા સંવત્સરમાં નીકલ્યો? તે જણાવવા માટે ગાથા કહે છે.

**अह चंदप्पहसूरि–प्पभवं पुण्णिममयं वडगणाओ।**
**एगारइगुणसट्ठीवरिसे, गुरुबंधुऽमरिसेणं॥१॥**

હવે દિગંબરની વક્તવ્યતા કહ્યા બાદ ક્રમપ્રાપ્ત એવો એટલે કે દિગંબરની ઉત્પત્તિ પછી ઘણા કાલ બાદ જેના સંતાનીયાઓ વિદ્યમાન છે એવા પ્રકારના **ચંદ્રપ્રભાચાર્યથી** પૂનમીયો મત ઉત્પન્ન થયેલ. આ વિશેષણ કહેવા વડે કરીને પૂનમીયા મતના આકર્ષક ચંદ્રપ્રભસૂરિ છે. એ પ્રમાણે જણાવ્યું. વડગચ્છથી એટલે બૃહદ્ ગચ્છથી. એટલે બૃહદ્‌ગચ્છમાંથી પૌર્ણમીયક મત નીકલ્યો. ક્યા સંવત્સરમાં? તો કહે છે વિક્રમ સંવત ૧૧૫૯ વર્ષમાં. ક્યાં-કારણે નીકલ્યો? તે કહે છે. ગુરુબંધુ એવા મુનિચંદ્રસૂરિ ઉપરના અમર્ષના = ઈર્ષ્યાના કારણે બૃહદ્‌ગચ્છમાંથી નીકલ્યો. એ અમર્ષનું કારણ શું? તે બતાવવા માટે બે ગાથા કહે છે.

**गुरुभायामुणिचंदो, संविग्गो आसि सूरिपयपत्तो।**
**कस्सइ तेण पइट्ठं, करिज्जमाणं सुणिअ रूसिओ॥२॥**

**तम्महविद्धंसमई, मणइ पइट्ठा न साहुणो किच्चं।**
**दव्वत्थओ त्ति जुत्तिं, जंपंत महंत सद्देण॥३॥**

ચંદ્રપ્રભાચાર્યના ગુરુભાઈ એવા, કષ્ટે કરીને કરી શકાય એવા આયંબીલ આદિ વ્રતમાં સ્થિર, સંવિગ્ન-બહુશ્રુત અને ગણનાયકની પદવીને પામેલા એવા **મુનિચંદ્રસૂરિજી** મહારાજ હતા. કોઈક મહર્ધિક શ્રાવકની દ્વારા મુનિચંદ્રસૂરિ વડે કરાવાતી પ્રભુપ્રતિષ્ઠાને સાંભલીને રોષાયમાન-ક્રોધાયમાન થયેલા તે **ચંદ્રપ્રભાચાર્ય**, તે પ્રતિષ્ઠાના મહોત્સવના નાશની મતિવાલા થયા થકા ''પ્રતિષ્ઠા એ સાધુનું કૃત્ય નથી, પણ શ્રાવકનું કૃત્ય છે.' એ પ્રમાણે બોલે છે. શું કરતાં બોલે છે? તે કહે છે. હે લોકો! ''પ્રતિષ્ઠા એ દ્રવ્યસ્તવ છે.' (અને દ્રવ્યસ્તવ સાધુને ઉચિત નથી) એ પ્રમાણેના મોટા અવાજ વડે કરીને બોલતાં. ભાવાર્થ તો આ છે. તે કાલે **કર્ણરાજાના** રાજયમાં ચંદ્રપ્રભસૂરિ, મુનિચંદ્રસૂરિ, શ્રીમાન્ દેવસૂરિ, અને શાંતિસૂરિ. આ ચારેય જણા એક જ ગુરુના શિષ્યો હતા અને ચારિત્રપાત્ર પણ હતા. આ ચારને વિષે પણ જ્ઞાનાદિક ગુણો વડે કરીને અધિક એવા અને સર્વ દેશોને વિષે વિખ્યાત એવા મુનિચંદ્રસૂરિ હતા.

એક વખત **શ્રીધર** નામના કોઈક મહર્ધિક શ્રાવકે મોટા ધનના વ્યય કરવાપૂર્વક અને મોટા

મહોત્સવપૂર્વક જિનેશ્વર ભગવાનની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવવાની ઈચ્છાથી મોટા હોવાથી શ્રી ચંદ્રપ્રભાચાર્યને આ પ્રમાણે વિનંતિ કરી કે 'હે પૂજ્ય! મારા મનોરથને સફલ કરવા માટે મુનિચંદ્રસૂરિને પ્રતિષ્ઠા કરવા આજ્ઞા આપો. અને મારા પર મહેરબાની કરો.' ત્યારે ચંદ્રપ્રભાચાર્ય વિચારવા લાગ્યા કે 'હું મોટો વિદ્યમાન હોવા છતાં પણ મુનિચંદ્રસૂરિ પ્રતિષ્ઠા કેમ કરે?' આવા પ્રકારના અભિમાનનો ત્યાગ કરવામાં અસમર્થ અને તે મહોત્સવનો નાશ કરવા-અટકાવવાની ભાવનાવાળા ચંદ્રપ્રભાચાર્યે કહ્યું કે 'હે ચતુર શ્રાવક! વિધિપૂર્વક પ્રતિષ્ઠા કર. કોઈ આગમની અંદર પ્રતિષ્ઠાનું કૃત્ય સાધુને કહ્યું નથી. પરંતુ દ્રવ્યસ્તવ હોવા વડે કરીને શ્રાવકનું જ આ કર્તવ્ય છે.'

અને એ પ્રમાણે ઈર્ષ્યાવ્યાપ્ત ઉક્તિ વડે કરીને વિ. સં. ૧૧૪૯ વર્ષે 'શ્રાવકની પ્રતિષ્ઠા' પ્રરૂપી. સંઘે પણ છેવટે ઉપેક્ષા કરીને તેમનો તિરસ્કાર કર્યો. એટલે તેથી કરીને આ મત્સરના કારણે પણ એકાકી પડે છે. એમ વિચારીને મુનિચંદ્રસૂરિ ઉપરના પ્રદ્વેષના કારણ વડે મતભેદ ઉભો કરવા માટે વિ. ૧૧૫૯ વર્ષમાં 'આજે રાત્રિની વિષે પદ્માવતી દેવીએ આવીને મને કહ્યું કે 'શ્રાવકની પ્રતિષ્ઠા અને પૂનમની પક્ખી આ અનાદિસિદ્ધ છે. એની પ્રરૂપણા તું કર. અને એથી કરીને દેવીના વચન વડે કરીને મારા વડે પૂનમનું પક્ખી પ્રતિક્રમણ કરાશે.' એમ કરીને બીજી 'પૂનમની પક્ખી' પ્રકાશી.

ત્યાર પછીથી સંઘ વડે કરીને 'પ્રવચનનું ઉપઘાતક એવું વચન ન બોલો' એ પ્રમાણે આક્રોશિત કરવા છતાં પણ ચંદ્રપ્રભાચાર્ય બોલ્યા કે 'જો હું પદ્માવતીજીનું બોલેલું પ્રમાણ ન કરું તો દેવી મારા પર કોપાયમાન થાય' એમ કહીને સંઘે કહેલું નહિ સ્વીકારતા એવા આ ચંદ્રપ્રભાચાર્ય અભિનિવેશી છે એમ કહીને સંઘે તેને સંઘ બહાર કર્યો. આ પ્રમાણેના વ્યતિકરવાળા ચંદ્રપ્રભાચાર્યે મુનિચંદ્રસૂરિ ઉપરની ઈર્ષ્યાબુદ્ધિ વડે કરીને પહેલી શ્રાવક પ્રતિષ્ઠા પ્રરૂપી. અને પછી પૂનમની પાખી પ્રરૂપી! આ બે ગાથાનો અર્થ ॥ ૨-૩ ॥

હવે ચંદ્રપ્રભાચાર્યે ઉદ્ભવાવેલા અનુમાન પ્રયોગોથી સહિત એવી ગાથાને કહે છે.

**जिण पडिमाण पइट्ठा, न साहुकज्जं दव्वत्थयभावा।**
**अहवा सावज्जत्ता, कुसुमेहिं जिणिंदपूयव्व ॥४॥**

જિનપ્રતિમાની પ્રતિષ્ઠા એ સાધુનું કાર્ય નથી. એ પહેલું સાધ્ય કહ્યું અને 'તુ' શબ્દથી શ્રાવકે જ પ્રતિષ્ઠા કરવી એ બીજું સાધ્ય જાણવું. કારણ કે દ્રવ્યસ્તવ હોવાથી અને સાવદ્ય હોવાથી આ બે હેતુઓ સાધ્યની સિદ્ધિમાં કહ્યાં. હવે સાવદ્ય છે તે હેતુ શ્રી ચંદ્રપ્રભાચાર્યથી ઉદ્ભવેલો નથી; પરંતુ તેના વંશજ તિલકાચાર્યનો ઉદ્ભવાવેલો છે અને એ તિલકાચાર્યના પ્રશ્નનો ૩૩મી ગાથાથી આરંભીને નિરાકરણ કરીશું. જેમ પુષ્પો વડે કરીને જિનેશ્વર ભગવંતની પૂજા કરે [તેમ પ્રતિષ્ઠા શ્રાવકો કરે]

**दव्वमपहाण दविणं, थवोवि जिणभत्ति धम्ममित्तं वा।**
**दूसइ न किंचि किच्चं, मुणिउचिअपइट्ठकिच्चेसु ॥५॥**

હવે આવી વાત કરનાર તે ચંદ્રપ્રભાચાર્યને આ પ્રમાણે પૂછવું કે 'હે ચંદ્રપ્રભાચાર્ય! આ અત્યારની ઘડી સુધી જે તીર્થ વર્તે છે તે અચ્છિન્ન હતું કે નહિ?' નથી એમ તો કહી શકે એમ ન હોવાથી 'હતું' એમ કહેવું પડે. તો 'તે તીર્થ સાધુપ્રતિષ્ઠાને આશ્રીને હતું કે શ્રાવક પ્રતિષ્ઠાને આશ્રીને હતું?' જો સાધુ પ્રતિષ્ઠાને આશ્રીને છે એમ કહેતો હોય તો તીર્થ બાહ્ય થવા વડે કરીને તારા આત્માને ક્લેશ કેમ પમાડે છે?

'પૂર્વે અવિધિ હતો' એમ જો કહેતા હો તો વિધિ કરવા છતાં પણ તું અવિચ્છિન્ન પરંપરાથી તે આવેલા તીર્થથી બાહ્ય થયો. એ તારી માનેલી વિધિ વડે આ લોકમાં તને તીર્થ બાહ્યતાનું આવું ફળ મલ્યું. તો ભવાન્તરમાં આ વિધિનું શું ફળ મલશે? તેનો તું સ્વયં કેમ વિચાર કરતો નથી?

હવે 'પૂર્વે શ્રાવકની પ્રતિષ્ઠા હતી જ. પરંતુ કેટલાક કાળે ચૈત્યવાસીઓ વડે કરીને સાધુ પ્રતિષ્ઠા સ્થપાઈ' એમ જો કહેતો હોય તો આ વચન તારી જેવા જ આપ્તજન વડે કહેવાયેલું જ અમારે સ્વીકારી લેવું ને? અથવા તો તે વાત શ્રદ્ધેય થાય એવું બીજું કોઈ કારણ છે?

જે પહેલાં પક્ષમાં=વિકલ્પમાં સાક્ષાત્-ઘટાદિ દિવ્ય કરવા સિવાય તારા વિષે આપ્તપણું જ સ્વીકારવું તે તો કોઈ ગધેડીનું દૂધ પીનાર હોય તે શ્રદ્ધા કરે તેમ છે! હવે બીજું જે કારણ છે તેને માટેનો પૂરાવો, 'તારી ઉત્પત્તિ પૂર્વે'ની પ્રતિષ્ઠિત પ્રતિમાઓને વિષે ''અમુક શ્રાવકો વડે આ પ્રતિમાની પ્રતિષ્ઠા થઈ છે.'' એવો પ્રસ્તરોત્કીર્ણ આધાર છે અથવા આગમ કે આપ્તજનપ્રવાદ છે ખરો?

પહેલો પક્ષ નથી. કારણ કે પૂર્વે થયેલી કોઈપણ પ્રતિષ્ઠિત પ્રતિમાને વિષે એવા પ્રકારની વર્ણાવલીના આધારની પ્રાપ્તિ થતી નથી; પરંતુ જે કોઈ ઠેકાણે જૂની પ્રતિમાઓ છે. તે 'અમુક બિંબ અમુક આચાર્ય મહારાજે પ્રતિષ્ઠિત કરેલું' એવું તારી માન્યતાને બાધક જ વર્ણાવલી=શિલાલેખ મળે છે. બીજો વિકલ્પ પણ યોગ્ય નથી. કારણ કે કોઈપણ આગમની અંદર 'અમુક શ્રાવકે અમુક પ્રતિષ્ઠા કરી' એવા શબ્દો મલતાં નથી. પરંતુ

**थुइदाण१ मंतनासो२, जिणआहवणं३ तहेव दिसिबंधो४ ॥**
**नेत्तुम्मीलण५ देसण६, गुरुअहिगारा इहं कप्पे ॥१॥**
**इति पादलिप्तसूरिवचः ।**

''૧ સ્તુતિ બોલવી ૨ મંત્રન્યાસ કરવો ૩ જિનેશ્વરનું આહ્‌વાન કરવું. ચોથું દિશાબંધન કરવું. પાંચમું અંજનવિધિ કરવી. છટ્ઠું દેશના દેવી. પ્રતિષ્ઠાકલ્પની અંદર આ બધા આવિષ્કારો = અધિકારો ગુરુને આધીને છે.'' એ પ્રમાણે પાદલિપ્ત સૂરિનું કથન છે. તેવી જ રીતે **रूप्यकचोलकस्थेन, शुचिना मधुसर्पिषा । स नेत्रोन्मीलनं कुर्यात्सूरिः स्वर्णशलाकया ॥१॥**

**सदसेण धवलवत्थेण, वेढिअं वासधूव वत्थेहिं ।**
**अभिमंतिउं तिवारं, सूरिणा सूरिमंतेणं ॥२॥**

★ તેવી જ રીતે રૂપાના કચોલામાં રહેલું સ્વચ્છ મધ અને ઘી વડે કરીને સોનાની સળીથી આચાર્યમહારાજ નેત્રોન્મીલન કરે. એ પ્રમાણે ઉમાસ્વાતિજીનું વચન છે.

★ તેવી જ રીતે ''દશીવાલા એવા સફેદ વસ્ત્ર વીંટાળીને અને સૂરિમંત્રથી વાસ ધૂપ અને વસ્ત્રો આદિ સામગ્રીને સહિત આચાર્યમહારાજ ત્રણવાર સૂરિમંત્રથી મંત્રે આ પ્રમાણે સમુદ્રસૂરિનું વચન છે.

तो इट्ठं संपत्ते, हेमसिलागाइ मंतविहिपुव्वं।
जिणनेत्तुम्मीलणयं, करेज्ज वण्णे निसंतत्थो॥३॥

अच्छीनिलाडसंधिसु, हिअएवि अ सिरपयाइए वण्णे।
रययस्स वट्टिआए, गहिअमहू थिरमणो सूरी॥२॥
श्री हरिभद्रसूरिवचः।

तथा–विहिवयणं च पमाणं, सुत्तुत्तं जेण ठावणागुरुणो।
कज्जा जिणविंबाणं, तं च सविसयं हवइ करणे॥३॥

★ ત્યાર પછી ઈષ્ટલગ્ન પ્રાપ્ત થયે છતે મંત્ર અને વિધિપૂર્વક સુવર્ણની શલાકા વડે કરીને જિનેશ્વર ભગવાનના નેત્રનું ઉન્મીલન કરે. ત્યારબાદ આંખો-લલાટ–સંધિસ્થાનો-હૃદય-મસ્તક-પગ આદિ સ્થાને વર્ણન્યાસનું સ્થાપન–રૂપાની વાટકીમાં મધ લઈને સ્થિર મનવાલા એવા આચાર્ય મહારાજ મંત્ર, ન્યાસપૂર્વક કરે. તેવી જ રીતે સૂત્રોક્ત વિધિવચન, સૂત્રોક્ત સ્થાપના ગુરુનું પ્રમાણ કરવું. અને જિનબિંબોને વિષે વિશેષે કરવું.'' એ પ્રમાણે શ્રી હરિભદ્રસૂરિજીનું વચન છે.

ઈત્યાદિ પ્રવચનને વિષે-શાસ્ત્રને વિષે માન્ય એવા પુરુષોએ રચેલા પોતપોતાનાં **પ્રતિષ્ઠાકલ્પના** વચનો તારા કહેલાં વચનોને બાધક જ પ્રાપ્ત થાય છે. તેવી રીતે ''જે પૂર્વ શ્રાવકની પ્રતિષ્ઠા હતી, ત્યારપછી કેટલાક કાળે ચૈત્યવાસીઓ વડે સાધુ પ્રતિષ્ઠા સ્થપાઈ' એવો ત્રીજો વિકલ્પ પણ તીર્થપ્રવાહમાં તેની પ્રાપ્તિ નહિ થતી હોવાથી બરાબર નથી. બલ્કે **શત્રુંજય માહાત્મ્ય, શ્રી મહાવીર-ચરિત્ર** આદિને વિષે, શ્રી શત્રુંજય-અષ્ટાપદ આદિ તીર્થોમાં શ્રી નાભસૂરિ, કપિલકેવલી આદિ સાધુઓ વડે કરીને પ્રતિષ્ઠા કરાઈ, એવો જ પ્રવાહ પ્રાપ્ત થાય છે. ઈત્યાદિ સરળ યુક્તિ લેશ વડે પણ તિરસ્કાર પાત્ર એવા ચંદ્રપ્રભાચાર્ય હોયે છતે એમના ઉદ્‌ભવેલા અનુમાનાભાસ આદિ જે રચનાઓ છે. તે તેની પ્રતિપક્ષીભૂત એવા અનુમાનાદિ વડે કરીને નિકારણ ન કરાય તો કેટલાક મુગ્ધ આત્માઓ અને દુર્વિદગ્ધ આત્માઓની શંકારૂપી પિશાચિણી, કોઈ વાતે દૂર ન થાય. એમ વિચાર કરીને તેને દૂર કરવાને માટે ઉપક્રમ કરાય છે તે આ પ્રમાણે :—

'દ્રવ્યસ્તવ હોવાથી પ્રતિષ્ઠાકાર્ય સાધુનું કૃત્ય નથી. જેમ પુષ્પ આદિ વડે કરીને થતી જિનપૂજા.' એ પ્રમાણે પહેલાં અનુમાનને વિષે 'જિનપૂજાની જેમ' 'દ્રવ્યસ્તવ હોવાથી' એમ બે પદવાલા બે હેતુઓ

કહ્યાં. તે બન્ને હેતુના જે શબ્દોના વૈકલ્પિક પર્યાયોને ઉદ્ભવાવીને દૂષણ આપવા માટે ગાથા કહે છે.

'અંગારમર્દક આચાર્ય સદા અભવ્ય અને દ્રવ્યાચાર્ય હતા.' એ વચન હોવાથી અને **द्युम्नं द्रव्यमृक्थं**, એ વચન હોવાથી-દ્રવ્ય શબ્દ હોવાથી તે **દ્રવ્ય શબ્દ**, અપ્રધાન અર્થમાં છે કે દ્રવિણ-પૈસાના અર્થમાં છે? અને **સ્તવના** એટલે જિનેશ્વર ભગવંતની ભક્તિ અથવા ધર્મમાત્ર એમ સ્તવવિષયી પણ બે વિકલ્પ છે. હવે તેવી રીતે **દ્રવ્યસ્તવ** એટલે શું? ૧–અપ્રધાન જિનભક્તિપણું. ૨–અપ્રધાનધર્મપણું ૩-દ્રવિણ જિનભક્તિપણું. ૪-દ્રવિણધર્મપણું—આ પ્રમાણે જણાવેલા અને ઉપલક્ષણથી દ્રવ્ય એ ભાવનું કારણ છે એ વચન હોવાથી ભાવસ્તવનું કારણ ઇત્યાદિ આઠ વિકલ્પની જાળમાં પડેલો ચંદ્રપ્રભાચાર્યે વિકલ્પેલો અનુમાનરૂપી મત્સ્ય, મરણ અતિથિ થયો. છતાં સાધુને ઉચિત એવા જિનેશ્વર ભગવંતે ઉપદેશેલા **थुइदाण** આદિ જે કર્તવ્યો છે તેમાંના કોઈપણ કૃત્યને દૂષિત કરી શકતો નથી. અર્થાત્ પ્રતિષ્ઠા કૃત્યોને શોભાવે છે એ અક્ષરાર્થ.

ભાવાર્થ તો આ પ્રમાણે :–જિનપ્રતિષ્ઠા 'એ દ્રવ્યસ્તવ હોવાથી સાધુનું કૃત્ય નથી.' તેનો અર્થ શું? અપ્રધાન જિનભક્તિપણું હોવાથી. તમે જે જિનભક્તિની અંદર અપ્રધાનપણું જણાવો છો તે અપ્રધાનપણું જિનેશ્વર ભગવંતે નહિં કહેલું હોવાથી? અથવા જિનોપદિષ્ટ હોયે છતે પણ અપવાદપણું હોવાથી અને આરંભસહિતપણું હોવાના કારણે શ્રાવક ધર્મની અંતર્ભુત હોવાથી?

હવે જિન અનુપદિષ્ટ એવા ધર્માનુષ્ઠાનના પહેલાં વિકલ્પમાં તો શ્રાવકને પણ એ કેવી રીતે પ્રતિષ્ઠા કર્તવ્ય બને? કારણ કે જિનેશ્વર ભગવંતે નહિં કહેલાં ધર્માનુષ્ઠાનનું શ્રાવકોને માટે પણ અનુચિતપણું હોવાથી.

હવે બીજો વિકલ્પ, 'જિનેશ્વર ભગવંતે ઉપદેશેલું હોવા છતાં પણ અપવાદાદિક હોવાથી અપ્રધાન' એવો જે બીજો વિકલ્પ કહેતો હોય તો **कारणिको अपवादः** એ પ્રમાણે વચન હોવાથી એવું ક્યું કારણ છે કે ૧–પ્રતિષ્ઠા કર્યા સિવાય શું રહી શકાતું નથી? જીવી શકાતું નથી? બોલી શકાતું નથી? કે ખાઈ શકાતું નથી? અથવા તો ૨–આ લોકની જે અર્થ સિદ્ધિ છે–તેનો અભાવ થઈ જાય છે? અથવા ૩–સ્વર્ગપ્રાપ્તિ આદિનો અભાવ થઈ જાય છે? કે–૪–શ્રાવક ધર્મની ન્યૂનતા થઈ જાય છે? પ્રત્યક્ષ બાધ આવતો હોવાથી પહેલાં બન્ને પક્ષો બરાબર નથી. કારણ કે—

પ્રતિષ્ઠા કાર્ય કર્યા સિવાય પણ સ્થિતિ આદિ ક્રિયાઓ થતી હોય છે અને ઐહિકાર્થની પ્રાપ્તિ થતી હોય છે. તેવી રીતે ત્રીજો વિકલ્પ પણ બરાબર નથી. કારણ કે તેમાં આગમનો બાધ હોવાથી, પ્રતિષ્ઠા કર્યા સિવાય અનેક તિર્યંચો અને મનુષ્યોને સ્વર્ગપ્રાપ્તિનું શ્રવણ થતું હોવાથી અને ચોથા વિકલ્પની અંદર નિઃશેષકૃત્યસંપન્ન એવો પણ શ્રાવક જો 'પ્રતિષ્ઠા ના કરે તો શ્રાવક ધર્મની ન્યૂનતા. અને જો પ્રતિષ્ઠા કરે તો શ્રાવકધર્મની પૂર્ણતા.' એમ શ્રાવક ધર્મની પરિપૂર્ણતાનું કારણ પ્રતિષ્ઠા થઈ કહેવાય. તો એવી પ્રતિષ્ઠાનું પણ અપ્રધાન ભક્તિપણું જો હોય તો પછી પ્રધાન ભક્તિપણું કોને કહેવું? એ પ્રમાણે વિચારતાં આપવાદિક હેતુઓ વડે કરીને જિનભક્તિનું અપ્રધાનપણું સિદ્ધ થતું નથી.

હવે 'આરંભસહિતપણું હોવાથી' એવો જે ત્રીજો વિકલ્પ જો જણાવતો હોય તો પ્રતિષ્ઠા શું ચોવિહારા ઉપવાસના પચ્ચક્ખાણની જેમ એક સ્વભાવવાળી ને એક ક્રિયાવાલી તે પ્રતિષ્ઠા છે? કે અનેક સ્વભાવવાળી અને અનેક ક્રિયાકલાપવાળી છે? પ્રત્યક્ષસિદ્ધ હોવાથી પહેલો વિકલ્પ ખોટો છે અને બીજા વિકલ્પમાં 'શું પ્રતિષ્ઠાની બધી જ ક્રિયાઓ આરંભવાલી અને સચિત્ત એવા જલ-પુષ્પ-ફળ આદિથી સાધ્ય છે? કે કેટલીક ક્રિયાઓ?'

તેમાંનો પહેલો વિકલ્પ પ્રત્યક્ષ બાધ્ય છે. કારણ કે—નેત્રોન્મીલન, અંજનશલાકા આદિ જે ક્રિયાઓ છે તેઓનું નિરારંભપણું સર્વજનને પ્રતીત હોવાથી. હવે 'કેટલીક ક્રિયાઓ આરંભવાલી છે. અને કેટલીક ક્રિયાઓ નિરારંભવાલી છે.' એમ કહેતો હોય તો જેટલી ક્રિયાઓમાં આરંભપણું રહેલું છે. તેટલી ક્રિયાઓને આશ્રીને તારા મતમાં જિનભક્તિનું અપ્રધાનપણું સિદ્ધ થાવ; પરંતુ જેટલી ક્રિયાઓમાં નિરારંભપણું રહેલું છે તેને આશ્રીને જિનભક્તિનું પ્રધાનપણું સિદ્ધ થયે છતે 'અપ્રધાનભક્તિ' એવો તેં કહેલો જે હેતુ તે ભાગની અસિદ્ધિથી ગ્રસાયેલો છે. એટલે તારા હેતુનો થોડો ભાગ અસિદ્ધિથી ગ્રસાયેલો જ અને તે બાધક થાય તેમ છે. કારણ કે અસિદ્ધિવાલા ભાગના અંશમાં સાધુકૃત્યનું નિર્દોષપણું હોવાથી. સારંભપણું પણ અપ્રધાનહેતુ નહિ થઈ શકે.

હવે સાધુધર્મની અપેક્ષાએ શ્રાવકધર્મ પ્રધાન નથી. આગમમાં કહ્યું છે કે :—ગૃહસ્થના સર્વ ધર્મો કરતાં સાધુનું સંયમ ઉત્કૃષ્ટ છે. (ઉત્તરાધ્યયન ૧૦૮) અને જિનબિંબની પ્રતિષ્ઠા શ્રાવકધર્મની અંતર્ભૂત છે.

અને એથી કરીને જિનભક્તિ અપ્રધાનભૂત જ છે' એમ જો કહેતો હોય તો શ્રાવકધર્મની અંતર્ભૂત થયેલી એવી જિનબિંબની પ્રતિષ્ઠાવિધિ સાધુસાપેક્ષ કે નિરપેક્ષ? જો 'સાધુ નિરપેક્ષ જ છે' એમ કહેતો હોય તો હે દેવાનુપ્રિય! શ્રાવકધર્મમાત્રનું પણ સાધુસાપેક્ષપણું સિદ્ધ થયે છતે પ્રતિષ્ઠાએ તારું શું બગાડ્યું? જેથી કરીને તે 'પ્રતિષ્ઠા સાધુ નિરપેક્ષ જ છે' એમ તારા વડે કહેવાય છે?

તે કેવી રીતે? એમ જો કહેતો હોય તો સાંભળ. કોઈક વિવેકી શ્રાવક, સાધુધર્મને સ્વીકારવાને અસમર્થ હોયે છતે સમ્યક્ત્વમૂળ બારવ્રતરૂપ શ્રાવકધર્મનો સ્વીકાર કરે છે. તેમાં સાધુની અપેક્ષા અવશ્ય કહેવી જોઈએ તે આ પ્રમાણે—

વિધિપૂર્વક શ્રાવકધર્મને સ્વીકારવાની ઇચ્છાવાળો તે શ્રાવક, પ્રશસ્ત મુહૂર્તમાં અને ચંદ્રબલ હોયે છતે સ્નાનાદિથી પવિત્ર થયેલો, ભવ્ય વસ્ત્ર આદિથી અલંકૃત શરીરવાલો અને અનેક સાધર્મિક સમુદાયથી પરિવરેલો થયો થકો આચાર્ય મહારાજની પાસે આવીને બે હાથ જોડવાપૂર્વક વિનયથી નમેલું છે મસ્તક જેનું એવો તે આચાર્ય મહારાજને પ્રદક્ષિણા કરે, સુગંધચૂર્ણાદિક વડે કરીને પૂજે, નમસ્કાર કરે, વંદન કરે અને સ્તવના કરે. ત્યાર પછી નંદિની બધી સામગ્રી ગુરુ મહારાજની આજ્ઞાએ તૈયાર કરીને અને ગુરુ વડે અનુજ્ઞાત પ્રદેશમાં રહીને ગુરુ બહુમાન પરાયણ એવો તે શ્રાવક ગુરુની આજ્ઞા વડે કરીને ઇરિયાવહિયં પડિક્કમીને ખમાસમણાં દેવાપૂર્વક મુહપત્તિ પડિલેહીને ખમાસમણું દઈને ઇચ્છકારિ ભગવન્! તુમ્હે અમ્હં શ્રી સમ્યક્ત્વસામાયિક, શ્રુતસામાયિક, દેશવિરતિ સામાયિક

આરોવાવણી દેવે વંદાવેહ. એ પ્રમાણેની આજ્ઞા માંગવાપૂર્વક ગુરુની સાથે દેવવંદન કરે. ત્યારપછી દ્વાદશાવર્તવંદન દેવાપૂર્વક નંદિસૂત્ર સાંભળવા માટે ૨૭ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ કરીને નંદિસૂત્રના સ્થાને ત્રણ નવકાર ગુરુમુખેથી સાંભળે. સાંભળીને ગુરુમહારાજના મુખેથી સમ્યક્ત્વ અને બારવ્રતો ઉચ્ચરે. ગુરુમહારાજ પણ શ્રાવકના મસ્તકે વધતી એવી મૂઠી વડે કરીને વાસ કરવાપૂર્વક અહન્નં ભંતે. ઈત્યાદિ બધા આલાવાઓએ શ્રાવક સાંભળે એ રીતે ઉચ્ચરાવે. ત્યારપછી સાત ખમાસમણાં નંદિ પ્રદક્ષિણા ફરતાં શ્રાવકના મસ્તકે આચાર્ય મહારાજ વધતી મૂઠી વડે વાસનિક્ષેપ કરે.

શ્રાવક પણ પોતાના આત્માને કૃતાર્થ માનતો અને ધન્ય માનતો વાસક્ષેપ નંખાવે. ત્યારપછી ગુરુ પાસે ઉપવાસાદિ યથાશક્તિ તપ કરે. ત્યારપછી ગુરુમહારાજ તેને આગળ કરીને અને તેના ઉત્સાહને વધારવાવાલી, શ્રાવકધર્મની ઉપબૃંહણા કરવાવાળી ધર્મદેશના કરે.

ત્યારપછી શ્રાવક 'હું ધન્ય છું, કૃતપુણ્ય છું, હું સંસાર સાગર તરી ગયો છું' એમ માનતો યથાશક્તિ વાંજિત્રનાદપૂર્વક સંઘપૂજા કરે. અને શ્રાવક શ્રાવિકાને યથોચિત દ્રવિણદાન કરે. અને સંઘસહિત ચૈત્યપરિપાટી પણ કરે. વધારે શું કહીએ? જેમ જેમ પ્રવચનની પ્રભાવના વધે તેમ વર્તે. આ બારવ્રતોની જેમ શ્રાવકની અગીયાર પડિમાઓ વહન કરવાનું પણ સમજી લેવું. બીજું બધું એક બાજુએ રહો. પણ નવકારશીનું પચ્ચક્ખાણ અને બે ઘડીનું સામાયિક પણ ગુરુસાક્ષીએ અને ગુરુમુખે જ ઉચ્ચરવાનું છે તો ભાગ્યશાળી પ્રતિષ્ઠા, સાધુ નિરપેક્ષ કેવી રીતે?

'ખરેખર જેવી રીતે કુસુમ આદિ વડે કરીને જિનેશ્વર ભગવાનની પૂજા સાધુ નિરપેક્ષ જ દેખાય છે. તેવી રીતે પ્રતિષ્ઠા પણ હો.' એ પ્રમાણે જો કહેતો હોય તો પક્ખી આદિને વિષે પૌષધનું કરવું. એ જેમ નંદિ અને વાસ આદિથી નિરપેક્ષ દેખાય છે તેમ સમ્યક્ત્વપૂર્વકના બાર વ્રતોનો ઉચ્ચાર પણ તેમજ હો. યુક્તિનું તુલ્યપણું હોવાથી. તેથી કરીને સરખા એવા ધર્માનુષ્ઠાન માત્રમાં કારણ આદિ વિધિ શોધવાની ના હોય; પરંતુ પરંપરાગમ અનુસારે જેવો કોઈકનો આમ્નાય, કોઈ કોઈ અપેક્ષા અથવા અનપેક્ષા જોવી જોઈએ. તે કારણ વડે કુસુમ આદિ જે દ્રવ્યપૂજા વિધિ છે તેમાં ગુરુઉપદેશપૂર્વકપણું હોવા વડે કરીને જ ગુરુસાપેક્ષત્વ સ્વીકારવું. તે પ્રમાણે બીજે ઠેકાણે પણ યથાસંભવ જાણી લેવું. વળી બીજી વાત–તારા અભિપ્રાય વડે કરીને દ્રવ્યસ્તવની સામ્યતામાં પણ શ્રાવક વડે કરીને શું ઉપકાર કરાયો છે કે જેથી કરીને સમ્યક્ત્વ આદિના ઉચ્ચાર વખતે શ્રાવકના મસ્તકે વાસક્ષેપ કરવો. અને તેના કાનમાં સૂત્રના આલાવા સંભળાવવાનું સૂરિ મહારાજ જ કરે? અને તો તીર્થંકરો વડે કરીને શું અપરાધ કરાયો છે કે જે ત્રૈલોક્યપૂજ્ય એવી તેની પ્રતિમામાં પણ વાસક્ષેપ અને મંત્રન્યાસ શ્રાવક જ કરે પરંતુ આચાર્ય નહિ?

પરંતુ જણાય છે કે તારા વડે કરીને ભગવાનનો કોઈક અપરાધ થયો છે. જેથી કરીને ભગવંતે તને સર્વથા દૂર કર્યો છે. વલી હે ચંદ્રપ્રભાચાર્ય! તમને એવું જ રુચતું હોય તો સ્થાપનાચાર્યની પ્રતિષ્ઠામાં, શિષ્યની દીક્ષા દેવામાં અને આચાર્યપદના દાનમાં પણ વાસક્ષેપ શ્રાવક જ કરો.

અન્યથા જો એમ ન હોય તો અર્ધજરતીયન્યાયને અનુસરતો તું મોટા સંકટમાં પડીશ. હવે

જો શ્રાવક પ્રતિષ્ઠિત સ્થાપનાચાર્યની સામે સાધુઓની પ્રતિક્રમણ આદિ ક્રિયાઓ શ્રાવકના વાસક્ષેપથી શુદ્ધ થતી નથી. તેમ શ્રાવકના વાસક્ષેપ વડે કરીને શિષ્ય, સાધુ આચાર્ય ન થાય તો શ્રાવકે પ્રતિષ્ઠિત કરેલી પ્રતિમાની આગળ ઇરિયાવહિયં પડિક્કમવા પૂર્વકની દેવવંદન આદિ ક્રિયા સાધુઓ કેવી રીતે કરી શકે? અને શ્રાવકે પ્રતિષ્ઠિત કરેલી પ્રતિમા તીર્થંકર સદૃશ કેવી રીતે થાય? ઇત્યાદિ હજુ પણ કેમ વિચારતો નથી?

હવે બીજો પક્ષ શિષ્યના મસ્તકે વાસક્ષેપ કરવાનું સિદ્ધાંતમાં કહેલું છે.

**खइअंमि वट्टमाणस्स, निग्गयं भगवओ जिणवरिंदस्स।**
**भावे खओवसमिए, वट्टमाणेहिं तो गहिअं॥१॥ आ. नि. ३-७३५**

એની ચૂર્ણિના પાઠનો અર્થ આ પ્રમાણે : ''ત્યારપછી ભગવાન મનમાં અનુજ્ઞા નક્કી કરે. ત્યારે ઇન્દ્ર મહારાજા વજ્રના થાલની અંદર દિવ્યગંધવાલા પદાર્થો અને ચૂર્ણોને નાંખીને સ્વામી પાસે આવે. ત્યારે ભગવંત સિંહાસનથી ઉઠીને સુગંધી દ્રવ્યોની પ્રતિપૂર્ણ મૂઠી ગ્રહણ કરે. ત્યારે ગૌતમ સ્વામી પ્રમુખ અગીયારેય ગણધરો પણ કાંઈક નમેલા મસ્તકવાલા ક્રમસર થયા થકા ઊભા રહે. તે વખતે દેવો વાજિંત્ર-ગીત-શબ્દ વગેરેને બંધ કરે. ત્યારે ભગવંત ગૌતમસ્વામીનો દ્રવ્ય-ગુણ અને પર્યાય વડે કરીને 'તીર્થની અનુજ્ઞા કરું છું' એમ કહેવા પૂર્વક તેના મસ્તકે તે ચૂર્ણની મૂઠી નાંખે. ત્યાર પછી દેવતાઓ પણ ચૂર્ણની વૃષ્ટિ અને પુષ્પની વૃષ્ટિ તેઓના મસ્તકે કરે. અને સુધર્મા સ્વામીને–આગળ કરીને ગણની અનુજ્ઞા આપે'' એ પ્રમાણે આવ. ચૂર્ણિ પ્રત નં-૪૬૪ પૃ. નં-૧૮૦ ઉપર લખેલ છે.

જો આ પ્રમાણે છે તો પ્રતિષ્ઠામાં પણ એ પ્રમાણે સરખું છે. શ્રી સિદ્ધસેનસૂરિ-હરિભદ્રસૂરિ-ઉમાસ્વાતિવાચક આદિ મહાપુરૂષોએ બનાવેલા **પ્રતિષ્ઠાકલ્પ** આદિને વિષે વાસક્ષેપ આદિ કાર્યનું સૂરિકૃત્ય તરીકે જ કહેલું હોવાથી.

હવે જો એમ કહે કે 'અમારે તો ચૂર્ણિ જ પ્રમાણ છે. પરંતુ પ્રતિષ્ઠા કલ્પ આદિ નહિં.' તો ચૂર્ણિકાર મહાશયને પ્રતિષ્ઠાકલ્પ બનાવનારા આચાર્યો સંમત હતા કે અસંમત? એમાં જો 'અસંમત હતા' એવો બીજો વિકલ્પ છે તે ખોટો છે. અને જો 'સંમત છે' એ પહેલો વિકલ્પ સ્વીકારતો હોય તો તેઓના બનાવેલા પ્રતિષ્ઠાકલ્પનું પ્રામાણ્ય સિદ્ધ થાય છે. એમ ન સ્વીકારીએતો **माता मे वंध्या** એ ન્યાય તને લાગુ પડશે.

હવે ચૂર્ણિકારને 'પ્રમાણ પુરુષ' તરીકે સ્વીકારીને ચૂર્ણિકારવડે કરીને પ્રમાણ કરાયેલા એવા પુરુષને વિષે પ્રામાણ્યનો અભાવ કહેવો એ શક્ય નથી. હવે જો 'સિદ્ધસેન દિવાકર સૂરિ, હરિભદ્રસૂરિ આદિએ કરેલા આ પ્રતિષ્ઠાકલ્પો છે એવી અમને સમ્યક્ પ્રકારે શ્રદ્ધા નથી.' એમ જો કહેતો હોય તો 'સાંપ્રતકાલે અંગ-ઉપાંગ નિર્યુક્તિ આદિ સુધર્માસ્વામી આદિએ કરેલા છે. એવી શ્રદ્ધા તને કેવી રીતે થઈ?' બન્નેમાં યુક્તિની સમાનતા છે. હવે 'પ્રતિષ્ઠાકલ્પમાં કહેલી વિધિ કોઈ ઠેકાણે મલતી નથી એટલે અમને શ્રદ્ધા નથી' એમ જો કહેતો હોય તો પ્રતિષ્ઠા જ તારે સ્વીકારવી ન જોઈએ.

અનુપલબ્ધિના સ્વીકારમાં સસલાના શીંગડાને સ્વીકારવાલી આપત્તિ પણ આવશે.

હવે 'નામ માત્ર વડે કરીને પ્રતિષ્ઠા સિદ્ધાંતમાં મળે છે.' જેથી કહ્યું છે કે–

**निअदव्वमपुव्वजिणिंद—भवणजिणबिंबवरपइट्ठासु;**
**विअरइ य पत्थपुत्थय, सुतित्थतित्थयरपूआसु॥३॥ भक्तप्रकीर्णकि**

એટલે ''અપૂર્વ એવું જિનેશ્વર ભગવંતનું મંદિર, જિનપ્રતિમા અને તેની પ્રતિષ્ઠા, પ્રશસ્ત પુસ્તક, સારા તીર્થ, અને તીર્થંકર પ્રભુની પૂજામાં પોતાનું દ્રવ્ય વાપરે'' એ પ્રમાણે **ભક્તપરિજ્ઞા** પયન્નામાં કહેલું છે. એ પ્રમાણે હોય તો નામમાત્ર વડે જ પ્રતિષ્ઠાની શ્રદ્ધા રાખ. પરંતુ વેદિકા બનાવવી, જવારા કરવા, અઢાર સ્નાત્ર આદિ વિધિ પણ' કોઈ ઠેકાણે આગમમાં મલતી ન હોવાથી:, એ બધી વિધિ 'પ્રતિષ્ઠા કલ્પમાં' મળે છે, એમ જો કહેતો હોય તો વાદવિવાદથી સર્યું. તેથી કરીને તે જ પ્રતિષ્ઠાકલ્પને વિષે સૂરિ મહારાજના-છ કાર્યો કહેલાં છે. એ પ્રમાણે કહેલી યુક્તિ વડે કરીને શ્રાવક ધર્મની અંતર્ભૂત એવી પ્રતિષ્ઠાનું સાધુસાપેક્ષપણું સિદ્ધ થયે છતે કોઈ પણ જાતનું અઘટિત નથી. જેથી કરીને જેમ શ્રાવક ધર્મમાં પણ સમ્યકત્વ મૂળ બારવ્રતના ઉચ્ચારમાં અને શ્રાવકની પડિમા આદિના ઉચ્ચારમાં 'અહન્નં ભંતે' ઈત્યાદિ પાઠ ઉચ્ચરાવવાપૂર્વક વાસક્ષેપ આદિનું કાર્ય સાધુકૃત્ય છે. અને સંઘભક્તિ આદિ જે કરવું તે શ્રાવકકૃત્ય છે. તેવી રીતે પ્રતિષ્ઠામાં પણ 'સ્તુતિ બોલવી. મંત્રન્યાસ કરવો' આદિ છ કાર્યો આચાર્યસંબંધીના છે. અને બાકીનું બધું દ્રવ્યના વ્યય કરવા આદિથી સાધ્ય અને સચિત્ત એવા જલ-ફૂલ-પુષ્પ આદિથી સાધ્યકાર્ય એ શ્રાવકનું કર્તવ્ય છે.

તેવી રીતે એક જ ''પ્રતિષ્ઠાના કાર્યમાં કેટલાક અંશમાં સાધુના કૃત્યપણાવડે કરીને સાધુધર્માન્તર્ભૂતપણું છે. અને કોઈક અંશમાં શ્રાવકકૃત્યપણાવડે કરીને શ્રાવકધર્માન્તર્ભૂતપણું છે.'' એથી કરીને બન્નેમાં કોઈ જાતનો વિરોધ નથી.

હવે 'સાધુકૃત્યપણાવડે કરીને સિદ્ધ એવા પ્રતિષ્ઠાકૃત્યમાં પણ તેના અભાવમાં એટલે શ્રાવક કૃત્યનો અભાવ સિદ્ધ થતો હોવાથી એક કાર્યની અંદર ઉભય સ્વભાવપણું કેવી રીતે સંભવે?' એવી પણ શંકા ન કરવી. જેમ એક જ પુત્રની અંદર માતાના પુત્રપણું તેમજ પિતાનું પુત્રપણું છે કે નહિં? અધ્યક્ષ સિદ્ધ વાત છે. અને એથી જ કરીને ઋષભદેવસ્વામીના નાભેય અને મારુદેવ એમ બન્ને નામ અધ્યક્ષસિદ્ધ છે. અર્થાત્ બન્ને અવિરુદ્ધ નામ છે.

હવે વાદી પ્રશ્ન કરે છે કે ''જ્યારે કોઈ આત્મા આચાર્ય આદિની સામગ્રીના અભાવે તીર્થંકરની સન્મુખ થઈને અથવા તીર્થંકરની પ્રતિમાને આગળ કરીને કંઈક વ્રત આદિનો સ્વીકાર શ્રાવક કરે અથવા શાસનદેવતાએ આપેલા લિંગનો (સાધુવેશનો) સ્વીકાર કરીને, પ્રત્યેક બુદ્ધ આદિ ચારિત્રનો સ્વીકાર કરે છે ત્યાં વાસક્ષેપ આદિ સૂરિકૃત્ય કેવી રીતે થાય?'' એમ જો કહેતો હોય તો–તારી વાત બરાબર છે. સાંભળ! આચાર્ય આદિના અભાવે કારણવશથી પોતે જ વ્રતાદિનો સ્વીકાર કરનારો શ્રાવક પરલોકનો આરાધક બને છે. પરંતુ તેથી શાસનપ્રવૃત્તિ તો ન જ ચાલે. તે શાસન પ્રવૃત્તિ તો આગમોક્ત સૂરિ સાપેક્ષ હોવાથી.

અને એથી જ કરીને કારણિક 'અને તેવા પ્રકારના ચારિતાનુવાદમાં પડેલા દમયંતી, તિલકમંજરી, નર્મદા સુંદરી આદિના દષ્ટાંતો વડે કરીને આગમોક્ત વિધિનો ત્યાગ કરનારો મૂર્ખશેખર કહેવાય. ચરિતાનુવાદને અનુસરીને વિધિવાદની પ્રવૃત્તિ થતી નથી. અને ચરિતાનુવાદ જો વિધિવાદ બનતો હોય તો ભગવાન મહાવીર સ્વામીના દષ્ટાંત વડે કરીને કોઈપણ છોકરાંઓની માતા-પિતા જીવતા દીક્ષા નહિં થાય. અને એવી રીતે કરીને ગૌતમ સ્વામીના દષ્ટાંતવડે કરીને કૌતૂકને જોવા માટે એકલા આચાર્યવડે કરીને રાજાના અંતપુરમાં જવું અને એકલી રાણીની સાથે ખાનગી પ્રદેશમાં ફરવું એ વિગેરે વાતો બધાને માટે કર્ત્તવ્ય બની જશે.

અને એવી રીતે સ્થૂલભદ્રના દષ્ટાંતવડે કરીને વેશ્યાના ઘરે ચોમાસું કરવું એ દોષવાલું ગણાશે નહિં. અને અઈમુત્તા મુનિના દષ્ટાંત વડે કરીને માટીની પાળ બાંધીને પાણી અટકાવવા પૂર્વક પાત્રા તરાવવાનું સાધુએ કરવાનું થશે. અને એમ કરવા જતાં પ્રવચનની મર્યાદાને દત્તાંજલી આપવાનું થશે. તેથી કરીને ચરિતાનુવાદવડે કરીને કોઈપણ ઠેકાણે વિધિવાદ પ્રવર્તાવાય નહિં. અને વળી જો દમયંતી આદિના ચરિતાનુવાદને સ્વીકારીને ચાલવાનું થાય તો પ્રતિષ્ઠાકૃત્ય શ્રાવિકાએ જ કરવું. એ નક્કી થશે, શ્રાવકે નહિં. હવે પ્રતિષ્ઠાકૃત્યમાં પણ લગ્નશુદ્ધિ આદિને જોવાનું, વેદિકા બનાવવી, જવારા વાવવા આદિ આ બધી વાતો પણ નષ્ટપ્રાયઃ થઈ જશે

હવે વાદી પ્રશ્ન કરે છે કે કોઈક ઠેકાણે શ્રાવકનું પણ પ્રતિષ્ઠાકૃત્ય કહેલું છે. ''કહેલું છે કે

**न पइट्ठा तस्स कया, दाणं दाऊण सयलसंघस्स।**
**तेणेव दुक्खभारो, भवे भवे होउ अइगुरुओ॥१॥**

જેણે પ્રતિષ્ઠા કરી નથી. તેમજ સકલ સંઘને દાન આપ્યું નથી. તેણે ભવોભવ માટે અતિભારે એવા દુઃખનો ભાર ગ્રહણ કર્યો છે.'' એ પ્રમાણે સ્તવનમાં આવે છે.' એમ કહેતો હોય તો તારી વાત બરાબર છે. પૂર્વોક્ત યુક્તિવડે કરીને પ્રતિષ્ઠામાં કાંઈક શ્રાવકનું પણ કર્તૃત્વ વ્યવહાર હોવાથી અવિરૂદ્ધ છે. જેમ સમ્યકત્વ મૂળ બાર વ્રતો શ્રાવકો વડે જ ઉચ્ચરાય છે તેમ. એમ હોવા છતાં પણ જો એક સ્તવનમાત્રના વચનનું આલંબન લઈને 'શ્રાવક પ્રતિષ્ઠા' સ્થાપન કરવાની ઈચ્છા વર્તે છે તોઃ-

**नमिविनमिकुलान्वयिभि — र्विद्याधरनामकालकाचार्यैः।**
**काशहृदाख्ये नगरे, प्रतिष्ठितो जयति जिन वृषभः॥१॥**

નમિ-વિનમિના કુલમાં ઉત્પન્ન થયેલા વિદ્યાના ધારક કાલકાચાર્ય નામના મહારાજે કાશહૃદ નામના નગરને વિષે શ્રી ઋષભદેવભગવાનની પ્રતિષ્ઠા કરી.' એ પ્રમાણેના સ્તવનના વચનથી સૂરિપ્રતિષ્ઠાને કેમ ઈચ્છતો નથી? તેથી કરીને કાંઈક શ્રાવકકૃત્યપણું જે છે તે વિરુદ્ધ નથી. આ કહેવાવડે કરીને :–

''**कोइ सावगो जिणपडिमाणं पढमपइट्ठाणं करेइ**'' કોઈક શ્રાવક જિનપ્રતિમાની પહેલી પ્રતિષ્ઠા કરે.' ઈત્યાદિ **કલ્પચૂર્ણિ** આદિના વચનો તેમજ બીજા બીજા પણ સ્થાનકપ્રકરણ-કથાકોશ-

કલ્યાણકપ્રકરણ-ઉપમિતિભવપ્રપંચા-આદિ સંબંધીના વચનો **કુપાક્ષિક તિલક એવા તિલકાચાર્યવડે કરીને** પોતાની મતિએ વિકલ્પેલા **પ્રતિષ્ઠાકલ્પમાં** ભોળા માણસોને ભ્રાંતિના કારક એવા જે વાક્યો લખ્યા છે તે બધાય દૂર કર્યા જાણવા. કારણ કે આગળ કહી ગયેલી યુક્તિનું બધે અવતરણ થતું હોવાથી. અને વળી બીજા અભિપ્રાયે કરીને ચૂર્ણિ આદિને વિષે રહેલા વચનોનું અન્યથા અભિપ્રાયવાલા તિલકાચાર્યવડે કરીને જુદી રીતે વિકલ્પેલા 'દ્રવ્યસ્તવપણું હોવાથી અને હેતુનું અપ્રધાનભક્તિપણું છે' એવો જે પહેલાં વિકલ્પ છે તે ચંદ્રપ્રભાચાર્યને ફાંસલારૂપ થયો જાણવો.

હવે 'જિન પ્રતિષ્ઠા એ અપ્રધાનધર્મ હોવાથી સાધુકૃત્ય નથી.' એવો જે ચંદ્રપ્રભાચાર્યનો વિકલ્પ છે તેમાં પણ 'ધર્મને વિષે અપ્રધાનપણું' તે શું? જિનેશ્વર ભગવંતે નહિં કહેલું હોવાથી?' ઇત્યાદિ પહેલા વિકલ્પમાં ઉદ્દ્ભવેલા વિકલ્પોરૂપી સમૂહવડે કરીને કોળીયો કરાઈ ગયેલો હોવાથી અકિંચિત્કર જ છે. (૨)

હવે 'જિનપ્રતિષ્ઠા, દ્રવિણજિનભક્તિપણું હોવાથી સાધુકૃત્ય નથી.' એ પ્રમાણેનો ત્રીજો વિકલ્પ છે તે પણ અયુક્ત જ છે. તે આ પ્રમાણે-દ્રવિણ વડે એટલે સોનામહોર આદિ ધન વડે અર્થાત્ પૈસાથી પ્રાપ્ત થતા એવા ફુલ-ફળ-માળા-સુખડ આદિ પૂજા ઉપયોગી વસ્તુનો જે સમુદાય તેના દ્વારા થતી જે જિનભક્તિ તે દ્રવિણ જિનભક્તિ. આ દ્રવિણ જિનભક્તિનો જે સદ્દ્ભાવ તે દ્રવિણ જિનભક્તિત્વ કહેવાય. અને પ્રતિષ્ઠાકૃત્ય જે છે તેમાં દ્રવિણ જિનભક્તિપણું એ હેતુ પ્રાપ્ત થતો હોવાથી.

હવે દ્રવિણ જિનભક્તિ હેતુ પ્રતિષ્ઠાને વિષે લઈએ તો તે શું શ્રાવક ઉચિતકૃત્યમાત્રમાં રહેલો છે? અથવા આચાર્ય ઉચિતકૃત્યમાત્રમાં રહેલો છે? અથવા તો ઉભયકૃત્યમાત્રમાં રહેલો છે?

પહેલો વિકલ્પ જો કહેતો હોય તો સિદ્ધને સાધન કરવાપણું હોવાથી બરાબર નથી. કારણ કે પ્રતિષ્ઠામાં દેશથી જે શ્રાવક ઉચિત કૃત્યો કહેલાં છે તેમાં સૂરિકૃત્યનો સ્વીકાર કરેલો નથી. અને બીજા પ્રશ્નમાં સ્તુતિ-દાન આદિ છ કૃત્યોમાં સૂરિકૃત્યપણું સિદ્ધાંતસિદ્ધ હોવાથી સૂરિકૃત્યના અભાવ સાધનમાં શબ્દમાં ચાક્ષુષની જેમ પ્રગટ બાધ છે. કારણ કે સ્તુતિદાન આદિ જે સૂરિકૃત્યો છે તેમાં દ્રવિણ–જિન ભક્તિપણાનો અભાવ છે. અને ઉભયકૃત્યવાળા ત્રીજા હેતુમાં ભાગ અસિદ્ધિ અને અંશથી બાધની, આપત્તિ છે. કારણ કે પ્રતિષ્ઠા ઉપયોગી કૃત્યમાત્રમાં વર્તતાં એવી પ્રતિષ્ઠામાં હેતુ જે કહેવો–જણાવવો તે હેતુ સૂરિકૃત્યમાં નહિ હોવાથી અમૂકભાગે અસિદ્ધ કહેવાય. અને તે દ્રવિણ અંશમાં સૂરિકૃત્યનો અભાવ પણ સાધી શકાય એમ છે.

અને તેના અભાવમાં એટલે દ્રવિણ સાધ્યના અભાવમાં સાધુકૃત્યનું સિદ્ધાંતસિદ્ધપણું હોવાથી. સિદ્ધાંત સિદ્ધવસ્તુને વિષે તેનો અભાવ સાધવાને માટે અનુમાનની જે પ્રવૃત્તિ કરવી તે ખોટી હોવાથી (દ્રવિણ જિનભક્તિપણું) એ ત્રીજો વિકલ્પ પણ અકિંચિત્કરજ છે.

હવે ચોથો વિકલ્પ જે દ્રવિણધર્મપણું છે તે વિકલ્પ પણ તારી આશારૂપી વેલડીને પાંદડું પણ લાવવાને સમર્થ નથી. કારણકે તે હેતુમાં શું શ્રાવકોચિત કર્તવ્યપણું આદિપૂર્વક જણાવેલા ત્રણ વિકલ્પોરૂપી અગ્નિ જવાલાઓના સમૂહથી કોળીયો કરાઈ ગયેલા હોવાથી પાંદડું ફૂટે તેમ નથી. અને

ઉપલક્ષણથી સૂચવેલું-ભાવસ્તવરૂપી હેતુ હોવાથી ઇત્યાદિપૂર્વે કહેલાં ત્રણ વિકલ્પોને કોળીયો કરી જવામાં તારા વિકલ્પો અસમર્થ જ છે. આમ કહેવા વડે કરીને ચોથી ગાથામાં જે **अहवा सावज्ज** એ પદવડે કરીને 'સાવઘપણું હોવાથી' એવો બીજો વિકલ્પ પણ દૂર કર્યો જાણવો. કારણકે સૂરિકૃત્યવાલા ભાગમાં સાવઘપણાનો અભાવ હોવાથી સ્વરૂપની અસિદ્ધિ થાય છે. ॥ ગાથાર્થ-૫ ॥

**दव्वमपहाणे**–એ હમણાં કહેવાયેલી ગાથાની અંદર જે હેતુ ચતુર્ભંગી જણાવાય છે. તેમાં જે દૂષણો છે તેને સૂત્રથી બતાવતા જણાવે છે.

**भंगेसु चउसु भागासिद्धो हेउ अ सज्झवंझोवि।**
**जं देसेण दुण्हवि, अहिगारो इह पइट्ठाए॥६॥**

ઉપર કહેલાં લક્ષણવાલા-ચાર ભાંગાને વિષે હેતુ ભાગથી અસિદ્ધિ છે અને તે સાધ્યથી બાધિત છે. તેમજ વિવક્ષાએ કરીને કોઈક અંશમાં બાધા અને હેતુ સ્વરૂપે કરીને અસિદ્ધ છે. એમ જાણી લેવું.

આમ શાથી? તો કહે છે કે અધ્યક્ષસિદ્ધ એવા પ્રતિષ્ઠાના કાર્યમાં દેશથી. નહિં કે સર્વથા. આચાર્ય મ૦ અને શ્રાવક બન્નેનો અધિકાર છે. નહિં કે સર્વથા સાધુનો કે સર્વથા શ્રાવકનો! પ્રતિષ્ઠાવિધિની અંદર આટલું કાર્ય શ્રાવકને કરવા યોગ્ય છે. અને આટલું કાર્ય સાધુને કરવા યોગ્ય છે. એ પ્રમાણે મહાવીર પ્રભુએ ઉપદેશેલું હોવાથી. એ પ્રમાણે અક્ષરાર્થ કહ્યો. ભાવાર્થ તો આ પ્રમાણે છે. 'જિનપ્રતિષ્ઠા એ સાધુકૃત્ય નથી. દ્રવ્યસ્તવ હોવાથી.' એ વાતનો અર્થ શું? આરંભપૂર્વકની જિનભક્તિપણું હોવાથી? કે શ્રાવક ધર્મની અંતર્ભૂત હોવાથી? આ બન્ને રીતે કરીને પણ શ્રાવક ઉચિત કૃત્યમાત્રમાં પ્રવર્તતી એવી જિનપ્રતિષ્ઠાને વિષે એક દેશમાં વર્તતા ભાગની અસિદ્ધિ થાય છે, જેવી રીતે પાકી કેરી સચિત્ત પરિહારીવડે કરીને ન ખાવી જોઈએ. કારણકે ચારે બાજુથી જીવ પ્રદેશોથી વ્યાપ્ત હોવાથી (આ ઉદાહરણમાં કોઈ ભાગની અસિદ્ધિ નથી) જ્યારે શીતથી પીડાતા પ્રાણીએ જલ અને અગ્નિનું આસેવન કરવું, આમાં ઉષ્ણસ્પર્શનું અધિકપણું જ હોવા છતાંય એક ભાગમાં અસિદ્ધ હેતુ થાય છે, એવી રીતે અહિંયા પણ પ્રતિષ્ઠાને વિષે શ્રાવકની જેમ દેશથી સાધુનો પણ અધિકાર હોવાથી, સાધુનું કૃત્યપણું પણ સિદ્ધાંતથી સિદ્ધ છે, અને એ પ્રમાણે સિદ્ધાંતથી સિદ્ધ સાધુકૃત્ય હોવા છતાં પણ સાધુકૃત્યના અભાવસાધનમાં પ્રત્યક્ષ બાધ જ છે, ધર્મી અને ગ્રાહકના પ્રમાણવડે સાધ્યની ધારણા કરે છતે તેના અભાવનું સાધન કરવું એ બાધ જ હોય એ વચન હોવાથી સ્પષ્ટ જ છે, પણ જો દ્રવ્યસ્તવ એટલે દ્રવ્યપૂજામાં એ પ્રમાણે કહેતો હોય તો સ્વરૂપ અસિદ્ધ હેતુ છે, કારણ કે પ્રતિષ્ઠા એ દ્રવ્યપૂજા કહેવાતી નથી, પ્રતિષ્ઠા મહોત્સવને વિષે આજે જિનપૂજા કરાય એ પ્રમાણેના લોકવ્યવહારનો પણ અભાવ હોવાથી, અને પૂજા કોને કહેવાય?. પ્રતિષ્ઠિત ભગવંતોની પૂજાના અભિપ્રાયથી ફુલ આદિ વડે કરીને જે વિશેષ ક્રિયા કરાય છે તે પૂજા કહેવાય, જો એમ ન હોય તો પછી પ્રતિષ્ઠાની જ નિરર્થકતા થશે, અપ્રતિષ્ઠિત એવી પ્રતિમાની પણ દ્રવ્યપૂજાની યોગ્યતા પ્રાપ્ત થતી હોવાથી દ્રવ્યપ્રતિષ્ઠા-એ દ્રવ્યપૂજા છે, એ વાત તદ્દન ખોટી છે. જે અંશની અંદર સૂરિકૃત્યપણું છે તે અંશમાં સૂરિના અકૃત્યના

સાધન કરવામાં બાધ છે, અને ક્રિયામાત્રના સાધનોમાં અંશથી બાધ છે, ઇત્યાદિ અનુમાન પ્રયોગોમાં નિપુણોએ પોતાની જાતેજ વિચારીને લેવું ॥ ગાથાર્થ-૬ ॥ હવે પ્રતિષ્ઠામાં ક્યું સૂરિકૃત્ય? ને ક્યું શ્રાવકકૃત્ય? એ જણાવવા માટે ગાથા કહે છે,

**तत्थवि जमणारंभं, जिणभणिअं तंमि सूरि अहिगारो।**
**सेसेसुअ अहिगारो, गुरूवएसा गिहीणंपि॥७॥**

તે પ્રતિષ્ઠામાં પણ ક્રિયાકાલ વખતે જે નિરારંભ એટલે સચિત્તને અનુપયોગી જિનેશ્વર ભગવંતે કહેલું છે તે, આ વિશેષણ કહેવા વડે કરીને 'નિરારંભ હોય તો પણ જે જિનેશ્વર ભગવંતે ઉપદેશેલું ન હોય તો તે મોક્ષનું અંગ નથી' એમ જાણવું, કારણકે હિતવચનને વિષે જિનાજ્ઞાનું પ્રધાનપણું હોવાથી,

**ઉપદેશમાલા**માં કહેલું છે કે–'આજ્ઞાથી તપ, આજ્ઞાથી સંયમ, આજ્ઞાથી દાન, બાકીનો આજ્ઞારહિતનો જે ધર્મ છે તે ઘાસના પૂળા જેવો છે', એથી કરીને જિનાજ્ઞા સિવાયનું પોતાની બુદ્ધિએ સુંદર જણાતું હોય તો પણ તે અસુંદર જ જાણવું, **ઉપદેશમાળા**માં કહેલું છે કે–'અલ્પાગમી એવો આત્મા, સુંદર બુદ્ધિએ કરીને અતિદુષ્કર એવો આજ્ઞા રહિતનો બહુ તપ કરે તો પણ તે સુંદર નથી, પણ અસુંદર જ છે; તેવા નિરારંભમાં અને જિનેશ્વર ભગવંતે કહેલી પ્રતિષ્ઠાદિ કાર્યમાં આચાર્યનો અને ઉપલક્ષણથી ઉપાધ્યાય આદિનું ગ્રહણ કરવું, અને બાકીના એટલે આરંભિક કૃત્યોને વિષે ગુરુના ઉપદેશથી શ્રાવકનો અને ઉપલક્ષણથી શ્રાવિકાઓનો પણ પોતપોતાના કૃત્યને વિષે અધિકાર છે, અર્થાત્ પ્રતિષ્ઠાકલ્પમાં કહેલી વિધિવડે કરીને કોઈક કૃત્યને વિષે શ્રાવકોનો અને કોઈક કૃત્યને વિષે શ્રાવિકાઓનો પણ અધિકાર છે, એમ જાણવું.

''ગુરુ ઉપદેશથી'' એ વિશેષણથી શ્રાવક-શ્રાવિકાઓને યાદચ્છિક–યથેષ્ટ પ્રવૃત્તિ કરવી તે ઉચિત નથી એમ જાણવું, જો એમ ન હોય તો કાણો-ઠૂંઠો-બોબડો આદિ શ્રાવક અને વંધ્યા-વિધવા આદિ શ્રાવિકાઓ પણ અધિકારી થઈ જાય. તેવા આત્માઓને પ્રતિષ્ઠાકલ્પ આદિમાં અધિકાર નિષેધેલો હોવાથી ॥ ગાથા-૭ ॥

હવે સૂરિ અને શ્રાવકનું કહેલું જે કૃત્ય તે વ્યક્ત એટલે પ્રગટ અને તે દૃષ્ટાંતસહિતનું જણાવવાને માટે બે ગાથા જણાવે છે.

**थुइदाणं, मंतनासो, जिणाहवणं तहेव दिसिबंधो।**
**नेत्तुम्मीलण देसण, गुरुअहिगारा जिणुवइट्ठा॥८॥**
**रहजत्तण्हवणपमुहं, सावयकिच्चं सचित्तमाईहिं।**
**जइ गणहरपयठवणा, जिणिंददेविंदवावारा॥९॥**

હવે જિનેશ્વર ભગવંતે કહેલાં સ્તુતિદાન આદિ-૬ કૃત્યો ગુરુના અધિકારમાં છે. અને-રથયાત્રા-સ્નાત્ર આદિ બાકીનું બીજું બધું કૃત્ય શ્રાવકકૃત્ય જાણવું. તેમાં કારણ કહે છે.

ઘણું કરીને શ્રાવકકૃત્ય-સચિત્તાદિ દ્રવ્યવડે કરીને યુક્ત હોય છે. અને તે સાધુના સ્પર્શનો પણ વિષય ન હોય. તે પ્રમાણેની જિનેશ્વર ભગવાનની આજ્ઞા હોવાથી : હવે ઉત્તરાર્ધવડે કરીને દૃષ્ટાંત કહે છે.

જેવી રીતે ગણધર પદની સ્થાપના. આ ગણધરપદની સ્થાપના શ્રી તીર્થંકર અને દેવેન્દ્ર એ બંનેની ક્રિયા દ્વારા થાય છે. નહિં કે એકલા તીર્થંકરથી? કે નહિં એકલા દેવેન્દ્રથી? કિંતુ બન્નેના સાહચર્યથી જ થાય છે. તેમાં જિનેશ્વર ભગવંત સંબંધી જે કૃત્ય છે તે નિરવદ્ય છે. અને બાકીનું દેવેન્દ્રો અને દેવો આદિનું સચિત્તાદિ દ્રવ્યથી સાધ્યકાર્ય તે સાવદ્ય છે. તે આ પ્રમાણે :–

પહેલાં સમવસરણને વિષે ચંદન-કપૂર-આદિ ઉત્તમોત્તમ સુગંધી દ્રવ્યોથી બનાવેલા દિવ્ય વાસચૂર્ણવડે કરીને ભરેલો એવો વજ્રમય થાલ બે હાથે ઉપાડીને ઇન્દ્રમહારાજા આવે છે. ભગવાન શ્રી મહાવીરસ્વામી તો રત્નખચિત–રત્નજડિત એવા સિંહાસન પરથી ઉઠીને શક્રના હાથમાં રહેલાં થાલમાંથી ગાઢ અને ઘણા એવી વાસચૂર્ણની મૂઠી ભરી ભરીને ક્રમબદ્ધ ઉભા રહેલાં ગૌતમ આદિના મસ્તકને વિષે 'ઉપન્નેઈ વા-વિગમેઈ વા-ધુવેઈ વા'- એ પ્રમાણેની ત્રિપદીની અનુજ્ઞા આપવા પૂર્વક વાસમૂઠી નાંખે છે. એ વાસમૂઠી પડ્યા પછી ભક્તિ સમૂહથી વાસિત અને ઉલ્લસિત મનવાલા થયા છતાં અને વિસ્મયથી જેમનાં નેત્ર કમલો ખીલેલાં છે એવા અને તીર્થંકર-ગણધર આદિના દર્શન વડે આત્માને ધન્ય માનતા એવા બીજા દેવો–દેવીઓ આદિ દિવ્યચંદન આદિ પદાર્થોથી સુગંધી એવી વાસચૂર્ણની મૂઠીવડે તેમજ જલમાં 'ને થલમાં થયેલા એવા દિવ્યપુષ્પોની વૃષ્ટિ ગૌતમાદિ ગણધરોની ઉપર કરે છે.

આ કૃત્ય જિનેન્દ્ર કે દેવેન્દ્ર-કોઈપણ એકલાવડે કરી શકાય એમ નથી. કારણકે ત્રણ લોકને વિષે પૂજ્ય એવા શ્રી મહાવીરસ્વામી ભગવંત ઇન્દ્ર મહારાજે લાવેલા વાસચૂર્ણ સિવાય ગૌતમ આદિના મસ્તકે શું નાંખે? અને ઇન્દ્રમહારાજે લાવેલો વાસચૂર્ણ પણ પોતાના પટ્ટધર તરીકે સ્થપાતા ગણધરોના મસ્તકે ગણધરપદની સ્થાપના નિમિત્તે શ્રી મહાવીરસ્વામી સિવાય કોણ વાસક્ષેપ કરે?

ભગવાનના વાસક્ષેપ બાદ 'દેવો આદિને પણ આ ગણધરાદિ સાધુવર્ગ પૂજ્ય છે' એવું જગતને બતાવવા માટે દેવ–દેવીઓ સિવાય કુસુમ આદિની વૃષ્ટિ કોણ કરે? ઇત્યાદિ વ્યતિકરવડે કરીને સંયોગ જ ફળદાયક છે. **આવશ્યક નિર્યુક્તિ** ગાથા-૧૦૨માં કહેલું છે કે :

**संजोगसिद्धीउ फलं वयंति, न हु एगचक्केण रहो पयाइ॥**

સંયોગની સિદ્ધિ મલે છતે જ ફળ બેસે છે. કોઈ દિવસ એક ચક્રવડે રથ ચાલતો નથી.'' આ દૃષ્ટાંતના સામ્યપણાવડે કરીને દાર્ષ્ટાંતિકની યોજના આ પ્રમાણે કરવી. પ્રતિષ્ઠાનું કૃત્ય પણ આચાર્ય મહારાજ અને શ્રાવક એ બેમાંથી કોઈ એક વડે થઈ શકે નહિં. જઘન્યવિધિમાં પણ શ્રાવકના લાવેલાં

વાસક્ષેપ સિવાય પ્રતિમાના જમણાં કાનને વિષે મંત્રન્યાસ કરવાપૂર્વક પ્રતિમાના મસ્તક અને જમણા કાનમાં શું નાંખે? અને શ્રાવકે લાવેલો વાસ હોય છતાં પણ જિનેન્દ્રની બુદ્ધિએ કરીને આરાધ્ય એવી જિનપ્રતિમાઓના મસ્તકે સૂરિ સિવાય કોણ નાંખે? હવે અહિંયા સૂરિએ કીધેલું હોવાથી 'સામાન્ય સાધુએ કરેલી પ્રતિષ્ઠા સૂરિને અપ્રમાણ થશે' એવી શંકા કરવી નહિં. કારણકે પોતાના હાથથી દીક્ષિત થયેલા સાધુની જેમ જ સામાન્ય સાધુથી દીક્ષિત થયેલો સાધુ અવિશેષપણે પ્રમાણ જ થાય છે. એવી રીતે પોતાના હાથે થયેલી પ્રતિષ્ઠિત થએલ પ્રતિમાની જેમ જ સામાન્યસાધુના હાથે થયેલી પ્રતિમા પ્રતિષ્ઠા પ્રમાણભૂત જાણવી. પરંતુ મહર્ધિક એવા પણ શ્રાવકે દીક્ષિત કરેલો હોય એવો સાધુ ન કહેવાય. એ પ્રમાણે શ્રાવકની પ્રતિષ્ઠિત પ્રતિમા પણ પ્રકર્ષે કરીને અજ્ઞશેખર-મૂર્ખશેખર એવા ચંદ્રપ્રભાચાર્યને છોડીને કોઈને પણ પ્રમાણભૂત થાય નહિ. આ બધું આંખો મીંચીને વિચાર કરવા જેવું છે. ૯મી ગાથાનો આ ગાથાર્થ છે. હવે સિંહાવલોકન ન્યાયે કરીને ચંદ્રપ્રભાચાર્યની શંકાને કહે છે.

**अह भावत्थयहेउ, दव्वथओ न य मुणीण सो जुत्तो।**
**जण्णं मुणीण मग्गो, सिद्धफलो भावथयरूवो॥१०॥**

હવે 'ભાવસ્તવનું કારણ દ્રવ્યસ્તવ છે. પણ તે દ્રવ્યસ્તવ મુનિઓને યુક્ત નથી. કારણકે મુનિઓનો માર્ગ તો ભાવસ્તવ છે. અને દ્રવ્યસ્તવ જે છે તેનું ફળ ભાવ સ્તવ છે. ભાવસ્તવવાળાને દ્રવ્યસ્તવની શું જરૂર છે?' ॥ ગાથાર્થ-૧૦ ॥

હવે મુનિઓનો માર્ગ ભાવસ્તવ શી રીતે? તે કહે છે.

**आरंभकलुसभावो, कत्थवि नत्थित्थ पुण्णं जिणआणा।**
**देसाणो सारंभो, सावयधम्मो अ दव्वथओ॥११॥**

અહીં મુનિમાર્ગમાં કોઈપણ સ્થલે પૃથ્વીકાય આદિની વિરાધનાવડે કરીને કલુષિત માર્ગ નથી. જેથી કરીને મુનિમાર્ગમાં જિનેશ્વર ભગવાનની આજ્ઞા પૂર્ણતયા વર્તે છે. **सव्वाओ पाणाइवायाओ वेरमणं**- એ પ્રમાણેનો જિનેશ્વર ભગવંતે ઉપદેશેલો માર્ગ સર્વપ્રકારે મુનિઓએ સ્વીકારેલો હોવાથી ભાવસ્તવરૂપ છે. અને શ્રાવકોનો તો માર્ગ દ્રવ્યસ્તવરૂપ છે. શાથી? તો કહે છે. જેઓ જિનેશ્વર ભગવંતની આજ્ઞા, દેશથી-અંશથી આરાધે છે. કારણકે એ આરંભવાળો માર્ગ છે. પૃથ્વી આદિના આરંભથી કલુષિત માર્ગ છે. આ વાતનો ભાવ આ પ્રમાણે છે.

જિનેશ્વર ભગવંતોવડે કરીને ઉત્સર્ગથી સાધુ માર્ગ પ્રરુપાય છે. અને તેમાં જે અશક્ત હોય તેને માટે ''થૂલાઓ પાણાઈવાયાઓ વેરમણં'' ઇત્યાદિરૂપ યથારૂચિ પ્રમાણે સ્વીકારેલો શ્રાવકધર્મ જણાવાય છે. અને આ શ્રાવકધર્મનો માર્ગ, સર્વવિરતિરૂપ સમુદ્રની અપેક્ષાએ ખાબોચિયા સ્વરૂપ છે. સ્થાનાંગ સૂત્રના દશમા સ્થાનની અંદર ૩૫૯ સૂત્રમાં કહેલું છે કે :-

''**चत्तारि तरगो पं०, तं० समुद्दं तरामित्तेगे गोपतितं तरति**''। ઇત્યાદિ ચાર પ્રકારના તારનારા

(તરવૈયા) છે. કેટલાક સમુદ્રને તારનારા. કેટલાક ગોષ્પદને-એટલે ખાબોચિયાને તારનારા ઇત્યાદિ'' અહિં સમુદ્ર પ્રાયઃ સર્વવિરતિ જાણવી. અને ખાબોચિયાસ્વરૂપ-દેશવિરતિ જાણવી. અને આજ્ઞા, વિરતિ માત્ર સંબંધીની છે. એથી કરીને શ્રાવક, દેશથી આજ્ઞા-અલ્પ આજ્ઞા સ્વીકારવાવાળો છે અને સાધુ, સર્વ આજ્ઞા સ્વીકારનારો છે. પૂર્ણ આજ્ઞા સ્વીકારનારો સાધુ છે. અને તેથી કરીને સાધુ દ્રવ્યસ્તવનો અધિકારી કેમ થાય ॥ગાથાર્થ-૧૧॥ એથી દ્રવ્યસ્તવને વિષે સાધુનો અધિકાર યુક્ત નથી તેમાં સંમતિ જણાવનારી ગાથા કહે છે.

**भावच्चणमुग्गविहारया य, दव्वच्चणं तु जिणपूआ।**
**भावच्चणाउ भट्ठो, हविज्ज दव्वच्चणुज्जुत्तो॥१२॥**

ભગવંતનું પારમાર્થિકપૂજન, ઉગ્રવિહારિતા જ છે. એટલે ઉદ્યત વિહારરૂપ ભાવપૂજન છે. અને ભાવ અર્ચનની અપેક્ષાએ દ્રવ્યાર્ચન ગૌણ સાધક છે. તે શું? જિનપૂજા. પુષ્પમાલા આદિ વડે કરીને પ્રભુની પૂજા. ભાવાર્ચનથી ભ્રષ્ટ એટલે સર્વસંગનો ત્યાગ કરવાને અશક્ત જે હોય તે દ્રવ્યાર્ચનમાં ઉદ્યુક્ત-તત્પર થાય. અને દ્રવ્યાર્ચન પણ પરંપરાએ પુણ્યાનુબંધી પુણ્યનું કારણભૂત હોવાવડે કરીને ભાવાર્ચનાનું મૂલ બીજભૂત સ્વરૂપ છે.

સર્વસંગનો પરિત્યાગ કરવારૂપ ભાવાર્ચન એજ સાધુમાર્ગ છે. અને તેનાથી વિલક્ષણ એવો શ્રાવકમાર્ગ દ્રવ્યાર્ચનરૂપ છે. એવું ઉપદેશમાલામાં પણ કહ્યું છે. ॥ ગાથાર્થ-૧૨ ॥ આ કહેલી વાતને મિથ્યા આપત્તિવડે દૂષિત કરવા માટે કહે છે.

**एवं ते जइ बुद्धी, सिद्धं अम्हाणं सम्मयं सव्वं।**
**मुणिकज्जं से भावत्थओ अ, होउत्ति तुह वयणा॥१३॥**

હે ચંદ્રપ્રભાચાર્ય! પૂર્વે કહેલા પ્રકારવડે કરીને જ તારી મતિ છે તો તે તારૂં કહેલું અમો સહુને સંમત જ છે. તે કેવી રીતે? તે કહે છે. પ્રતિષ્ઠામાં પણ મુનિકાર્યાંશમાં એટલે કે–સ્તુતિદાન-મંત્રન્યાસ આદિ સાધુને કરવા યોગ્ય જે કાર્ય છે તેનો જે અંશ છે તેમાં તારા વચનથી ભાવસ્તવ જ હો. કારણ કે તારા વડે જ કહેવાયેલું છે કે 'બધો જ મુનિમાર્ગ ભાવસ્તવ જ છે.' અને મંત્રન્યાસ આદિમાં મુક્તિમાર્ગપણું હમણાં જ કંઈક બતાવીશું. અહિં **तव वचनात्** એ પ્રમાણે કહેવાથી તારા વચનથી એમ કહીએ છીએ એમ સમજાવ્યું. બાકી તો અમારે 'જિનાજ્ઞા વડે દ્રવ્યસ્તવમાં પણ સાધુકર્તવ્યતાની અનપાય નિર્વિઘ્નતાપણું છે' એમ આગળ જણાવીશું. આ વાત જણાવવાને માટે **तव वचनात्** આ શબ્દ વાપર્યો છે. ॥ ગાથાર્થ-૧૩ ॥

હવે નેત્રોન્મીલન આદિ કૃત્ય મુનિકૃત્ય જ છે તે બતાવે છે.

**मुणिकज्जं पुणहरिभद्द – ओमासाइ पइट्ठकप्पेसु।**
**विहिवाए चरिए पुण, केवलिकवलाइनिम्मविअं॥१४॥**

શ્રી હરિભદ્રસૂરિજીમહારાજકૃત અને ઉમાસ્વાતિ વાચકકૃત **પ્રતિષ્ઠાકલ્પને** વિષે અને ઉપલક્ષણથી તેમજ બહુવચનથી શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ, શ્રી પાદલિપ્તસૂરિ અને શ્રી સમુદ્રસૂરિકૃત **પ્રતિષ્ઠાકલ્પોમાં** પણ 'મંત્રન્યાસ અને નેત્રોન્મીલન આદિ વિધિનું કાર્ય આચાર્ય મહારાજ જ કરે.' એ પ્રમાણે કહેલું હોવાથી મુનિકાર્ય છે. તે આ પ્રમાણે :–શ્રી હરિભદ્રસૂરિકૃત પ્રતિષ્ઠાકલ્પને વિષે કહ્યું છે કે–

★ ''ત્યારબાદ ઇષ્ટ લગ્ન આવે છતે બે આંખો-લલાટ-સંધિસ્થાનોમાં, હૃદયને વિષે-મસ્તક અને પગ આદિમાં વર્ણન્યાસ કરવાપૂર્વક સ્થિર મનવાળા એવા આચાર્ય મહારાજ ચાંદીની વાટકીમાં મધ ગ્રહણ કરીને સોનાની સળી વડે કરીને મંત્રવિધિપૂર્વક જિનેશ્વર ભગવાનના નેત્રનું ઉન્મીલન કરે''

તેવી રીતે ઉમાસ્વાતિવાચકકૃતપ્રતિષ્ઠાકલ્પને વિષે :–

★ ''રૂપાના કચોલાના વિષે સ્વચ્છ એવા મધ અને ઘી વડે સુવર્ણની સળીએ કરીને આચાર્ય મહારાજ નેત્રોન્મીલન કરે.''

તેવી જ રીતે પાદલિપ્તસૂરિકૃત પ્રતિષ્ઠાકલ્પને વિષે ''સ્તુતિદાન મંત્રન્યાસ આદિ'' તેવી જ રીતે સમુદ્રસૂરિકૃત પ્રતિષ્ઠાકલ્પને વિષે ''દશીયુક્ત એવા સફેદ વસ્રવડે વેષ્ટિત એવા સૂરિમહારાજવડે કરીને વાસ, ધૂપથી ધૂપિત વસ્રોવડે કરીને સૂરિમંત્ર દ્વારા ત્રણવાર અભિમંત્રિત કરીને''

તેવી જ રીતે **નિર્વાણકલિકામાં** ''આચાર્ય. મ. પ્રતિષ્ઠા કરે'' ઇત્યાદિ પ્રતિષ્ઠાકલ્પના વચનોવડે કરીને વિધિવાદથી સાધુકૃત્ય જ સિદ્ધ થાય છે. તેવી જ રીતે **પંચવસ્તુકસૂત્રની-૧૧૨૯મી** ગાથાની વૃત્તિમાં કહેલું છે કે ''પરિણત એવા ઉદક-પાણી આદિના ગ્રહણરૂપ યતનાવડે કરીને સુંદર એવું જિનમંદિર તૈયાર કરીને તે જિનમંદિરને વિષે વિધિપૂર્વક ઘડેલું જિનેશ્વરનું બિંબ, વક્ષ્યમાણ વિધિવડે કરીને અનાકુલ એવો શ્રાવક પ્રતિષ્ઠા કરાવે છે.'' આચાર્ય મ. શ્રી હરિભદ્રસૂરિકૃત પંચવસ્તુકવૃત્તિની અંદર વિધિવાદ વડે કરીને શ્રાવકને પ્રતિષ્ઠા કરાવવાનું કહ્યું છે. ''પણ પ્રતિષ્ઠા કરવાનું કહ્યું નથી.''

તેવી જ રીતે ચરિતાનુવાદમાં પણ ''કપિલ કેવલી આદિએ પ્રતિષ્ઠા કર્યાનું આવે છે'' તે આ પ્રમાણે શ્રી હેમચંદ્રાચાર્યકૃત **મહાવીરચરિત્રના ૧૧મા સર્ગમાં** કહ્યું છે કે :–''તારો કોઈ પુણ્યનો મહાન ઉદય છે કે શ્વેતાંબર શિરોમણી અને સ્વયંબુદ્ધ અને કેવલી એવા આ પ્રતિષ્ઠા કરનારા છે. તેથી કરીને અવંતિનાથવડે કરીને કપિલ કેવલી પ્રાર્થના કરાયા અને કપિલ કેવલીએ પણ મંત્રયુક્ત એવું ચૂર્ણ નાંખવાપૂર્વક તે પ્રતિમાની પ્રતિષ્ઠા કરી'' તેવી જ રીતે **સમ્યક્ત્વકૌમુદીના** ત્રીજા પ્રસ્તાવની ત્રીજી કથામાં કહ્યું છે કે :–''નવીન ભરાવેલી જિનેશ્વર ભગવંતોની પ્રતિમાઓની પ્રતિષ્ઠા બ્રહ્મચારિ એવા ગુરૂવડે કરીને સૂરિમંત્રપૂર્વકની વિધિવડે કરીને પ્રતિષ્ઠા કરાવીને'' તેવીજ રીતે–

જે આત્મા અરિહંતોના બિંબોની પ્રતિષ્ઠા સૂરિમંત્રવડે કરીને કરાવે છે તે અર્હત્પ્રતિષ્ઠાને પામે છે. જેવું વાવે તેવું ફળ કહેલું છે.'' એ પ્રમાણે **બૃહદ્ શત્રુંજયમાહાત્મ્યને** વિષે કહેલું છે.

વિ. સં. ૪૭૭ની સાલમાં બનાવેલ લઘુ શત્રુંજયમાહાત્મ્યમાં કહેલું છે કે :-''સર્વ તીર્થના પાણીવડે કરીને અને દેવતાઓ વડે લવાએલી સર્વ પ્રકારની ઔષધિઓ વડે કરીને રાજાએ શાસ્ત્રોક્ત વિધિથી પ્રતિષ્ઠા કરાવી. અને સૂરિમંત્રથી અભિમંત્રિત કરવાપૂર્વક પવિત્ર એવા વાસચૂર્ણ અને ચોખાઓ આચાર્યમહારાજવડે કરીને ચૈત્યમાં રહેલાં બિંબો વિષે, ધજાદંડોને વિષે અને ધજાઓ પર નંખાયા.'' તેવી રીતે તે જ શત્રુંજયમાહાત્મ્યમાં અષ્ટાપદ ઉપરના સિંહનિષદ્યાપ્રાસાદની પ્રતિષ્ઠાના અધિકારમાં કહેલું છે કે ''એ પ્રમાણે સિંહનિષદ્યા નામનો પ્રાસાદ ભરતમહારાજાએ બનાવીને અને પ્રતિષ્ઠા કરાવીને ત્યારબાદ જિનેશ્વર ભગવાનની પૂજા કરતા હતા'' એ પ્રમાણે અનેક ચારિત્રોને વિષે ભરત મહારાજા આદિઓએ શ્રીનાભસૂરિ, શ્રી વિદ્યાસાગરસૂરિ આદિ દ્વારા પ્રતિષ્ઠા કરાવ્યાના દૃષ્ટાંતો દેખાય છે. પરંતુ કોઈપણ ઠેકાણે શ્રાવકોએ પ્રતિષ્ઠા કર્યાના દૃષ્ટાંતો નથી. તેમજ જૂની પ્રતિમાઓને વિષે 'જગત્સૂરિવડે કરીને મહાવીર પ્રભુનું બિંબ પ્રતિષ્ઠિત કરાયું.'

એ પ્રમાણે સૂરિઓના અને બિંબોના નામપરાવર્તનોપૂર્વક આચાર્ય મહારાજના જ નામ જણાય છે. પરંતુ કોઈપણ બિંબ ઉપર અમૂક શ્રાવકે પ્રતિષ્ઠા કરી તેવો ઉલ્લેખ હોતો નથી. એ પ્રમાણે પ્રાસાદની પ્રશસ્તિ આદિમાં પણ જાણી લેવું.

આ પ્રમાણે વિધિવાદ તથા ચરિતાનુવાદથી 'પ્રતિષ્ઠા એ મુનિકાર્ય જ છે' એ સિદ્ધ થાય છે. પરંતુ પૂર્વે કોઈક સ્થળે શ્રાવકકૃત્યપણા વડે કહેવામાં આવેલ છે તેમાં અસંગતિ થાય છે એમ શંકા કરવી નહિં.

વસ્તુગતિવડે કરીને 'જે છેલ્લી ક્રિયા હોય તે જ ફળવાન કહેવાય' એમ હોવાથી નેત્રોન્મીલન આદિ જે સૂરિકૃત્ય છે તે જ પ્રતિષ્ઠા કહેવાય અને તે ઉક્ત પ્રકારવડે કરીને સૂરિકૃત્યરૂપે જ આગમસિદ્ધ વાત છે. અને વસ્તુગતિએ કરીને તારા જ અભિપ્રાયવડે કરીને પ્રતિષ્ઠા, ભાવસ્તવરૂપે સાધુકૃત્ય જ છે. એ નિર્વિવાદ સિદ્ધ થાય છે તે વાત અમારે પણ ઈષ્ટાપત્તિરૂપે છે. ॥ ગાથાર્થ-૧૪ ॥

હવે 'દ્રવ્યસ્તવપણું હોવા વડે કરીને પ્રતિષ્ઠાનું કાર્ય સાધુને ઉચિત નથી' તે વચન કેવું છે? તે જણાવે છે.

**दव्वत्थउ त्ति काउं पइट्ठकिच्चं न साहुणो सम्मं।**
**अण्णाणमूलमूलं, वयणमिणं भणइ मूढमणो॥१५॥**

'દ્રવ્યસ્તવ' એ પ્રમાણે કરીને સાધુઓને પ્રતિષ્ઠા યુક્ત નથી એવું વચન, મૂઢમનવાલા ચંદ્રપ્રભાચાર્ય કહે છે. પરંતુ તે વચન કેવું છે? તો કહે છે કે-અજ્ઞાનમૂલમૂલ એટલે જ્ઞાનાવરણીય જે કર્મ તે અજ્ઞાનમૂલ અને તેનું પણ મૂલ જે મોહનીયકર્મ અને તે મોહનીયકર્મ પણ અભિનિવેશરૂપ હોવાથી મિથ્યાત્વમોહનીયકર્મ જાણવું. સર્વ કર્મો, મોહનીયમૂલક હોવાથી અજ્ઞાનમૂલમૂલ કીધું. એટલે કે અભિનિવેશયુક્ત એવું મિથ્યાત્વમૂલક આ વચન છે. એ પ્રમાણે જાણવું. ॥ ગાથાર્થ-૧૫ ॥

હવે આ પ્રમાણે બોલનારનું મૂઢપણું કેવી રીતે? તે કહે છે.

**दव्वत्थओऽवि समए, पडिसिद्धो सव्वहा न साहूणं।**
**अणुमोअणाइरूवो, काउस्सग्गे मुणीणंपि॥१६॥**

જિનેશ્વર ભગવાનના શાસનને વિષે 'સાધુઓને દ્રવ્યસ્તવ સર્વથા નિષેધેલ નથી.' કારણ કે કાયોત્સર્ગને વિષે અનુમોદનાદિરૂપ દ્રવ્યસ્તવ મુનિઓને પણ કહેલો છે. "**वंदणवत्तिआए, पूअणवत्तिआए, सक्कारवत्तिआए**" એ વચનવડે કરીને અનુમોદના લક્ષણ એવો દ્રવ્યસ્તવ સાધુઓને પણ આગમમાં કહેલો છે. અને તે દ્રવ્યસ્તવ આ અબૂઝ ચંદ્રપ્રભાચાર્યે જાણ્યો નથી.

'અનુમોદનારૂપ દ્રવ્યસ્તવ, ભાવસ્તવ થશે.' એવી શંકા નહિ કરવી. કારણકે દ્રવ્યસ્તવ પણ કૃત-કારિત અને અનુમત ભેદે કરીને ત્રણ પ્રકારનો છે. તેથી કરીને અનુમોદનારૂપ પણ દ્રવ્યસ્તવ જ થાય છે.

આ કહેવાનો ભાવ એ છે કે એકલો દ્રવ્યસ્તવ કોઈને હોતો નથી તેમજ એકલો ભાવસ્તવ પણ કોઈને હોતો નથી. પરંતુ એક બીજા એક બીજાની સાથે સંકળાયેલા છે. પંચવસ્તુની ૧૨૦૯મી ગાથામાં કહેલું છે કે

**"दव्वत्थयभावत्थयरूवं, एअंमि होइ दट्ठव्वं।**
**अण्णुण्ण समणुविद्धं, निच्छयओ भणिअविसयं तु॥१॥१२०६॥**

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવરૂપ આ બન્ને એક બીજાથી સંકળાયેલા છે. નિશ્ચયથી તો જે વિષય ભણ્યો હોય તે" તેથી કરીને તેવા પ્રકારની ભવ્ય વિધિ વડે કરીને પુષ્પાદિથી કરેલી જિનેશ્વર ભગવંતની પૂજાને જોઈને તે પૂજા કરનારના ઉત્સાહને વધારવા માટે અને પૂજાથી ઉત્પન્ન થયેલા ફળની પ્રાપ્તિને માટે "જિનેશ્વર ભગવંતની પૂજા કરનાર આ આત્મા ધન્ય છે." ઇત્યાદિ વચનો વડે કરીને અનુમોદના લક્ષણવાળો દ્રવ્યસ્તવ પણ સાધુઓને હોય છે. પંચ વસ્તુની -૧૨૧૦-ગાથામાં કહેલું છે કે :-

**"जइणोवि हु दव्वत्थयमेओ, अणुमोअणेण अत्थि त्ति।**
**एअं च इत्थ णेअं, इअ सुद्धं तंतजुत्तीए॥१२१०॥**

સિદ્ધાંતની યુક્તિવડે કરીને સાધુઓને પણ અનુમોદનારૂપ દ્રવ્યસ્તવ હોય છે. સિદ્ધાંત યુક્તિ કઈ? તો કહે છે "**वंदणवत्तिआए पूअणवत्तिआए सक्कारवत्तिआए॥** એ રૂપ સિદ્ધાંતની યુક્તિ જાણવી. કહેલ છે કે- '**तंतम्मि**:-શાસ્ત્રમાં વંદન-પૂજા અને સત્કારના હેતુ માટે કાર્યોત્સર્ગમાં સાધુઓને પણ નિર્દેશેલ છે અને તે દ્રવ્યસ્તવ સ્વરૂપ છે." ॥ ગાથાર્થ-૧૬ ॥

હવે સાધુઓ તો એક બાજુએ રહો, પરંતુ જિનેશ્વર ભગવંતોને પણ અનુમોદનારૂપ દ્રવ્યસ્તવ હોય છે તે બતાવે છે.

**किंचऽण्णजणो दूरे, बलिपमुहं जिणवराण समोसरणे।**
**अणिसेहा अणुमोअणमाइअविसओ अ दव्वत्थओ॥१०॥**

જિનેશ્વર ભગવંતની અપેક્ષાએ અન્ય એટલે બીજો સાધુ સમવાય તો દૂર રહો. એટલે કે સાધુજનને તો અનુમોદના હોય જ; પરંતુ જિનેશ્વર ભગવંતને પણ હોય છે. તે કેવી રીતે? તો કહે છે કે- બલિ આદિ વડે. સમવસરણને વિષે બલિ પ્રમુખનો નિષેધ કર્યો ન હોવાથી અનુમોદના વિષયક થાય છે. અને તે બલિ આદિ દ્રવ્યસ્તવ જ છે. **પંચવસ્તુક**ની ગાથા- ૧૨૧૩-૧૨૧૪માં તેમજ **પંચાશક**ની ગાથા ૨૭૫-૨૭૬માં જણાવ્યું છે કે-

**ओसरणे बलिमाई, णवेह जं भगवयावि पडिसिद्धं।**
**तो एस अणुण्णाओ, उचिआणं गम्मई तेणं॥१॥**

**ण य भगवं अणुजाणइ, जोगं मोक्खविगुणं कयाईवि।**
**न य तयणुगुणोवि तओ बहुभेओ होइ अण्णेसिं॥२॥**

સમવસરણને વિષે એટલે દેવે સંસ્કારિત કરેલી એવી ભગવંતની વ્યાખ્યાનભૂમિમાં બલિ આદિ ઉપહાર વગેરે આદિ શબ્દથી ગંધ-માલા-ગીત-વાજિંત્ર આદિનો પણ સ્વીકાર કરી લેવો. બલિ આદિ- આગમને વિષે અને લોકને વિષે નિરતિચાર ચારિત્રવાલા એવા જિનેશ્વર ભગવંતે પણ નિષેધ કર્યો નથી જ. તે કારણથી આ દ્રવ્યસ્તવ એટલે કે-ગૃહસ્થને યોગ્ય બલિ આદિ વિધાનવાલું જે દ્રવ્યસ્તવ છે તે નહિં નિષેધેલું હોવાથી સંમત જાણવું.

**આવશ્યક નિર્યુક્તિ** (૫૮-૪-૫)માં કહેલું છે કે 'રાજા અથવા રાજાનો અમાત્ય, તેના અભાવમાં પૌરવાસી જનપદ પતલા અને અખંડિત એવા અને સાફ કરેલા એવા કલમી ચોખાનું એક આઢક પ્રમાણ બલિ તૈયાર કરે છતે તે લાવેલા બલિની અંદર દેવતાઓ સુગંધી પદાર્થો નાંખે.'' ગાથા- ૧૭ હવે કોઈક ઠેકાણે કર્તવ્યરૂપ દ્રવ્યસ્તવ પણ જિનેશ્વર ભગવંતની આજ્ઞારૂપ છે તે બતાવે છે.

**णाणाइविणयविहिणो, चउहा उवयारविणयरूवो जो।**
**सो दव्वथयाणण्णो, कायव्वो सव्वसाहूणं॥१८॥**

જ્ઞાન-દર્શન-ચારિત્ર અને ઉપચાર આ ચાર પ્રકારનો વિનય કહ્યો છે. તેમાં 'ઉપચાર' એટલે લોકવ્યવહાર અથવા પૂજા પ્રયોજન છે જેમાં એવો ભક્તિરૂપ જે વિનય તે 'ઔપચારિક વિનય' કહેવાય છે.

આવો ભક્તિરૂપ ઔપચારિક વિનય, દ્રવ્યસ્તવ સિવાય બીજો નથી, અર્થાત્ દ્રવ્યસ્તવ જ છે, અને તે ઔપચારિક વિનય, સાધુઓને કર્ત્તવ્ય તરીકે જિનેશ્વર ભગવંતોએ ફરમાવેલ છે. **પંચાશક**-ગાથા- ૨૮૧-૨૮૨-**પંચવસ્તુક** ગાથા-૧૨૧૯-૧૨૨૦માં કહ્યું છે કે-

**जं च चउद्धा भणिओ, विणओ उवयारिओ अ जो तत्थ।**
**सो तित्थयरे नियमा, न होउ दव्वत्थया अण्णो॥१॥**

**एअस्स उ संपाडणहेउ, तह हंदि वंदणाएवि।**
**पूअणमाउच्चारणमुवण्णं होउ जउणोऽवि॥२॥**

આ બન્ને ગાથાની વૃત્તિ આ પ્રમાણે. જે કારણથી જ્ઞાન-દર્શન-ચારિત્ર અને ઉપચારના લક્ષણો વડે કરીને ચાર પ્રકારનો વિનય એટલે કર્મવિનયન સમર્થ એવું અનુષ્ઠાન, સાધુઓને વિધેય તરીકે વિનય સમાધિ અધ્યયન આદિમાં વર્ણવ્યો છે.

તે ચાર પ્રકારના વિનયને વિષે ઉપચાર એટલે લોકવ્યવહાર અથવા પૂજા છે પ્રયોજન જેનું એવો તે ઔપાચારિક એટલે ભક્તિરૂપ જે વિનય, તે તીર્થંકરને વિષે ''અવશ્યં ભાવિ પ્રયોગે'' કરીને વર્તતો નથી, કારણ કે પૂજા આદિનું દ્રવ્યપણું હોવાથી (પરંતુ સાધુઓમાં હોય છે.)

અને એથી જ દ્રવ્યસ્તવથી સંકળાયેલો ભાવસ્તવ છે. ઔપચારિક વિનયનું સ્વરૂપ **દશવૈકાલિક નિર્યુક્તિ**-ગાથા-૩૨૭-૩૨૮માં આ પ્રમાણે છે.

**तित्थयर सिद्धकुलगणसंघकिरिअधम्मणाणणाणीणं॥**
**आयरियथेरुवज्झायगणीणं, तेरस पयाणि॥१॥**

**अणसायणा य१- भत्ती-२ बहुमाणो-३।**
**तहय वण्णसंजलणा-४ तित्थयराइ तेरस चउग्गुणा हुंति बावण्णा॥२॥**
**दश-नि-३२७-३२८**

તીર્થંકર-સિદ્ધ-કુલ-ગણ-સંઘ-ક્રિયા-ધર્મ-જ્ઞાન અને જ્ઞાની આચાર્ય-સ્થવિર-ઉપાધ્યાય અને ગણિઃ આ તેર પદની આશાતના ન કરવી-૧, ભક્તિ કરવી-૨, તેનું બહુમાન કરવું-૩ અને તેમની પ્રશંસા કરવી-૪, આમ બાવન પ્રકારનો **ઔપચારિક વિનય** કહેલો છે.

આ **ઔપચારિક વિનય**-''દ્રવ્યસ્તવ સિવાય બીજો નથી' એમ કહેવાથી શું? તો કહે છે કે દ્રવ્યસ્તવરૂપ એવા આ ઔપચારિક વિનયની પ્રાપ્તિ માટે કાયોત્સર્ગ કરવાની અંદર વંદન-ચૈત્યવંદનમાં પૂજા પ્રવૃત્તિ આદિ પદોનું ગ્રહણ કહેલું છે. આદિ શબ્દથી સત્કાર આદિનો સ્વીકાર કરી લેવો. આ વંદન-પૂજા-સત્કાર આદિ કેવલ ગૃહસ્થોને જ નહિં; પરંતુ ભાવસ્તવવાળા યતિઓને પણ છે. એમ પંચાશકવૃત્તિમાં જણાવ્યું છે.

હવે 'દ્રવ્યસ્તવમાં સાધુની કર્તવ્યતા સ્વીકારવામાં સાધુઓને પુષ્પ આદિથી પૂજા કરવાનું થશે.' એમ શંકા કરવી નહિ. કારણ કે તે પ્રમાણે જિનેશ્વર ભગવાનની આજ્ઞાનો સદ્ભાવ નહિ હોવાથી. અને તે પ્રમાણે પુષ્પાદિથી પૂજા કરવા જાય તો સમગ્ર સંયમની હાનિ થાય છે. આ બધી વાત પંચાશકની **सक्खाउ०** ગાથા-૨૮૪માં કહેલી છે ત્યાંથી જાણી લેવું. અહિં વિસ્તારના ભયથી કહેલું નથી.

દ્રવ્યસ્તવનું કરાવવાપણું તો ઉપદેશ દ્વારા પ્રતીત જ છે. એ પ્રમાણે કરવું-કરાવવું અને અનુમોદના લક્ષણવાલા દ્રવ્યસ્તવનું કોઈક કોઈક ઠેકાણે સાધુકર્તવ્યપણે સિદ્ધ હોવાથી પ્રતિષ્ઠા પણ

ભાવસ્તવના હેતુપણા વડે કરીને દ્રવ્યસ્તવરૂપ સંમત છે તો તમારી કહેલી યુક્તિ વડે કરીને દ્રવ્યસ્તવની જેમ પ્રતિષ્ઠા પણ તે દ્રવ્યસ્તવની અંતર્ગત હોવાથી સાધુકૃત્યરૂપ જ જાણવી જોઈએ. અને જો સાધુકૃત્યરૂપ ન હોય તો તીર્થને સંમત-માન્ય એવા હરિભદ્રસૂરિ, ઉમાસ્વાતિ વાચક આદિ મહાપુરુષોએ પોત પોતાના બનાવેલા પ્રતિષ્ઠાકલ્પોને વિષે મંત્રન્યાસ આદિની વિધિને સૂરિકર્તવ્ય તરીકે જણાવે કેમ? જો તીર્થંકર ભગવંતની આજ્ઞા સિવાય તેવી રીતે સૂરિકૃત્ય તરીકે કથન કરતાં તેઓની તીર્થબાહ્યતા થઈ જાય. અને એમ થાય તો તેઓના કરેલા ગ્રંથો તીર્થસંમત તરીકે પ્રવૃત્તિમાં રહેલા ન હોત.

જેવી રીતે કુપાક્ષિક તિલકાચાર્યે કરેલો પ્રતિષ્ઠાકલ્પ, તીર્થબાહ્ય ગણાયો તેવી રીતે થાય. એમ ન કહેવું કે–'તિલકાચાર્યે કરેલ આવશ્યકવૃત્તિ આદિ ગ્રંથો તીર્થમાં પ્રવૃત્ત છે.' કારણકે પ્રવચનના પરમાર્થને જાણનારાઓએ તિલકાચાર્યની કૃતિનો તિરસ્કાર કરેલો હોવાથી : તિલકાચાર્યની કૃતિઓનું પ્રામાણ્યપણું સ્વીકારવામાં **थूभसय भाउआणं (आवश्यकमूल** ભાષ્ય ગાથા-૪૫) એ ગાથાની વ્યાખ્યા કરતાં તિલકાચાર્યે **'ભરતમહારાજાએ સ્વયં પ્રતિષ્ઠા કરી'** એવું લખ્યું છે. તે અનાગમિકમૂલ જ જાણવું. જો તે વચનને આગમિક તરીકે સ્વીકારીએ તો શ્રી હરિભદ્રસૂરિજી મ. આદિની કૃતિનું અપ્રામાણ્યપણું થાય. અને એ કૃતિઓનું અપ્રમાણ્યપણું થયે છતે તીર્થનો પણ પરિહાર કરવાનું થાય. તેથી કરીને તીર્થનું કથન અને તિલકાચાર્યનું કથન બન્નેનું વિપરીતપણું થતું હોવાથી જ એકનો ત્યાગ કરવાનું આવશ્યક હોવાથી પ્રવચનના જાણકારો માટે તિલકાચાર્યનો જ ત્યાગ કરવો કલ્યાણકર છે. ॥ ગાથાર્થ-૧૮ ॥

હવે **"भावच्चणमुग्गविहारया य"** એ ગાથામાં 'દ્રવ્યસ્તવ, શ્રાવકમાર્ગ છે અને ભાવસ્તવ જ સાધુમાર્ગ છે' એવું નિયત વાક્ય કેમ છે?' તેવી શંકાને દૂર કરવા માટે ગાથા કહે છે.

**अण्णुण्णं साविक्खा, दोवि थवा सावयाण बहुदव्वो।**
**बहुभावो साहूणं, ववहारो बहुथवा णेओ॥१९॥**

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ આ બન્ને સ્તવો એક બીજાથી સાપેક્ષ ભાવવાળા છે. એકબીજાની અપેક્ષા રાખે છે.

દ્રવ્યસ્તવને છોડીને એકલો ભાવસ્તવ કોઈ ઠેકાણે રહી શકતો નથી.

તેવી જ રીતે ભાવસ્તવને છોડીને એકલો દ્રવ્યસ્તવ પણ રહી શકતો નથી. પરંતુ એક બીજાના આલંબનથી એકબીજા ટકે છે. અને એથી કરીને સાધુ અને શ્રાવકનું સામ્યપણું ન થાય. અને તે માટે કહે છે.

**શ્રાવકોને દ્રવ્યસ્તવ વધુ અને ભાવસ્તવ અલ્પ ।**
**સાધુઓને ભાવસ્તવ વધુ અને દ્રવ્યસ્તવ અલ્પ ॥**

અને વ્યવહાર માર્ગ એ છે કે જેના પક્ષમાં જે વધુ-ઝાઝું હોય તે તે ભાવવાળા કહેવાય. અને

તેથી કરીને શ્રાવકધર્મ, દ્રવ્યસ્તવ સ્વરૂપ છે. અને ભાવસ્તવ સ્વરૂપ યતિમાર્ગ છે. એ પ્રમાણે સમજીને ચાલીએ તો ઉપદેશમાલાના વચન સાથે વાંધો ન આવે. ॥ ગાથાર્થ-૧૯ ॥

ઘણા ધર્મને અનુસારે વ્યવહારમાં પ્રવૃત્તિ કેવી રીતે થાય છે? તે દૃષ્ટાંતપૂર્વક કહે છે.

**जह सावयाण धम्मो, सव्वो आरंभकलुसिओ वि तहिं।**
**सामाइअं भावथओ, इअरो दव्वुत्ति ववहारो॥२०॥**

જેવી રીતે શ્રાવકોનો બધો ધર્મ આરંભથી કલુષિત એટલે આરંભના અધ્યવસાયથી કલુષિત-મલીન છે તો પણ સામાયિક રૂપી જે ભાવસ્તવ તેમજ જિનભવન-જિનબિંબ આદિ નિર્માપણ આદિથી આરંભીને કુસુમ આદિ પૂજા પર્યંતનો ધર્મ ભાવસ્તવ છે. છતાં પણ ઘણો ભાગ આરંભ કલુષિત હોવાથી તેને દ્રવ્યસ્તવની પ્રાધાન્યતાવાળો કહેવાય છે. આ વાતનો ભાવ એ છે કે જેમ કુસુમાદિ પૂજાનો અધ્યવસાય, આરંભના અધ્યવસાયથી કલુષિત છે. તેમ સામાયિકરૂપ ભાવસ્તવનો અધ્યવસાય પણ ધન-ધાન્ય-પુત્ર-કલત્ર આદિની મમતાના ભાવયુક્ત હોવાથી તેમજ નહિ પ્રત્યાખ્યાન કરેલ એવી આરંભની અનુમતિરૂપ હોવાથી પ્રાધાન્યપણું કહેલ નથી.

સામાયિકને વિષે પણ ઉદ્દિષ્ટભોજી એટલે પોતાને ઉદ્દેશીને કરેલો આહાર, તેને ખાનાર શ્રાવકને આરંભ અધ્યવસાય કલુષિત ભાવસ્તવ છે.

નિશીથ ભાષ્યમાં કહ્યું છે કે :–

**कामी सघरंगणओ, थूलपइण्णा सि होइ दट्ठव्वा।**
**छेअणभेअणकरणा, उद्दिट्ठकडंपि से भुंजे॥१६॥** **निशी. भाष्य. उ० १५**

એ ગાથાની ચૂર્ણિ આ પ્રમાણે છે. ''પાંચ વિષયોને ઇચ્છે તે કામી, ઘર અને સ્ત્રી તે જેને છે તેવો સગૃહાંગનાક કહેવાય છે. આવો કામી અને સગૃહાંગનાક શ્રાવક સ્થૂલપ્રતિજ્ઞક-દેશ વિરતિવાલો કહેવાય. અને સાધુને સર્વ વિરતિ હોય. સ્થૂલ પ્રતિજ્ઞાવાલો શ્રાવક, વૃક્ષાદિના છેદનમાં, પૃથ્વી આદિના ભેદનમાં સામાયિક સિવાયના કાલમાં પ્રવૃત્ત હોય છે. અને તેથી કરીને કૃત સામાયિક=કરેલા સામાયિકવાળો એટલે સામાયિકમાં રહેલો પણ પોતાને ઉદ્દેશીને કરેલું ખાઈ શકે છે. અને એથી કરીને તે સર્વવિરતિવાળો થતો નથી.'' નિશીથચૂર્ણિ ઉદ્દેશો ૧૫-(૧-૧૫-૨૭૫-૨૯૧) એ પ્રમાણે સર્વ ઠેકાણે પણ સરખાપણું હોવા છતાં પણ શ્રાવકોને સામાયિક ભાવસ્તવ છે. તેમ કુસુમ આદિ વડે કરીને બહુત્વને આશ્રીને જિનપૂજા દ્રવ્યસ્તવ કહેવાય છે. કારણ કે સામાયિકવાલો શ્રાવક બાહ્યવૃત્તિવડે કરીને ઘણાં અનુષ્ઠાનો દ્વારા સાધુ સમાન દેખાય છે. એથી જ કરીને કરેલા સામાયિકવાલો શ્રાવક સાધુની ઉપમાને પણ મેળવે છે. **આવશ્યક** સૂત્ર-૨૦-નિર્યુક્તિ-૧૦૮માં કહેલું છે કે :—

**सामाइअंमि उ कए, समणो इव सावओ हवइ जम्हा।**
**एएहिं कारणेहिं, बहुसो सामाइअं कुज्जा॥१॥ त्ति**

'આરંભ કલુષિતપણાવડે કરીને શ્રાવકધર્મનું દ્રવ્યસ્તવપણું જ થશે.' તેવી શંકા ન કરવી.

કારણ કે દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ અન્યોન્ય સંકળાયેલા છે એવું અમે આગળ કહેલું છે.

બીજી વાત-સામાયિક આદિને વિષે ક્રિયાને આશ્રીને સાધુનું અનુકરણ માત્ર વડે કરીને વ્યવહાર વિષયવાળો ભાવસ્તવ છે. સર્વ વિરતિવાળાઓના ઉપષ્ટંભક-આધારપણા વડે કરીને કરાવવું અને અનુમોદનારૂપ-ભાવસ્તવ શ્રાવકોમાં અલ્પ છે અને ઘણાંપણાની વાત આદિ ગાથાવડે કરીને હાથીના દૃષ્ટાંત આપવા પૂર્વક અમે આગળ કહેશું. ॥ ગાથાર્થ-૨૦ ॥

હવે શ્રાવકોને દ્રવ્યસ્તવ જ (મુખ્યતાએ) છે. એવા વ્યવહારમાં બીજી ઉક્તિ બતાવે છે.

**दव्वथओ खलु राया, तयणुचरो सावयाण भावथओ।**
**समणाणं विवरीआ, पहाण भावेण ववहारो॥२१॥**

નિશ્ચયે કરીને શ્રાવકોને દ્રવ્યસ્તવ એ રાજા સમાન છે. અને ભાવસ્તવ એ તેના સેવક-નોકર સમાન છે. જ્યારે સાધુઓને ભાવસ્તવ એ રાજા સમાન છે. અને દ્રવ્યસ્તવ નોકર-સેવક સમાન છે. એ પ્રમાણે પ્રધાનભાવને આશ્રીને વ્યવહારની પ્રવૃત્તિ હોવાથી શ્રાવકધર્મ દ્રવ્યસ્તવ જ છે. અને સાધુધર્મ ભાવસ્તવ જ છે. એ પ્રમાણે જે વ્યવહાર દેખાય છે. તે દોષનું કારણ નથી.

લોકમાં પણ કહેવાય છે કે (સાથે નોકર-ચાકરો આદિ હોય તો પણ) રાજા જાય છે. એ પ્રમાણેનો વ્યવહાર લોકમાં પ્રગટ જ છે. ॥ ગાથાર્થ-૨૧ ॥

હવે શ્રાવકમાર્ગમાં ઘણો દ્રવ્યસ્તવ અને અલ્પ ભાવસ્તવ એ બતાવવાને માટે દૃષ્ટાંત સહિત ગાથા કહે છે.

**नियदव्वथया अप्पो, सहावसिद्धो सरूवबहुकंतो।**
**रययामयगयकंचणनयणं व गिहीण भावथओ॥२२॥**

શ્રાવકોને પોતાના દ્રવ્યસ્તવથી ભાવસ્તવ સ્વભાવ સિદ્ધ અલ્પ હોય છે. શ્રાવક ધર્મનો તેવો સ્વભાવ જ છે. નહિં કે ઔપાધિક છે. એટલે સહજ છે.

શ્રાવકધર્મમાં એ ભાવસ્તવ અલ્પ છે. તે કેવા પ્રકારનો છે તે જણાવે છે **स्वरूपबहुकान्तः** એટલે વસ્તુસ્વભાવવડે કરીને અતિશય મનોહર એટલે દ્રવ્યસ્તવની અપેક્ષાએ કરીને અતિ સુંદર હોય છે. હવે દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું અલ્પત્વ અને બહુત્વ જણાવવાને માટે કહે છે. **रययामए**-રૂપાનો બનાવેલો જે હાથી, તેની સોનામય બનાવેલી આંખો તેની જેમ : રૂપામય બનાવેલા હાથી સરખો શ્રાવકોનો દ્રવ્યસ્તવ છે. અને સુવર્ણના બનાવેલા-લોચન = નયન સરખો શ્રાવકોનો ભાવસ્તવ છે. સુવર્ણના લોચન સરીખો જે ભાવસ્તવ છે તે પણ સંપૂર્ણ સુવર્ણનો નહિં, ખાલી સોનાનો ગિલેટ ચઢાવેલો હોવાથી સોનાના ભાસ કરાવતો એવો શ્રાવકોનો ભાવસ્તવ છે. એટલે તે સોનાનો ભાસ કરાવનારો જાણવો.

નહિતર સાધુધર્મ અને શ્રાવકધર્મનું અંતર અલ્પ જ પડે. વસ્તુસ્થિતિએ તો સાધુધર્મ અને શ્રાવકધર્મનું અંતર મોટું છે. અને એ પ્રમાણે હોયે છતે. જોકે સ્વભાવથી સોનું અતિ સુંદર છે. તો પણ ઉક્ત કહેલા દૃષ્ટાંતની ઉક્તિવડે કરીને લોચન પૂરતું સોનું આખા શરીર પૂરતી ચાંદી હોવા છતાં પણ એ ચાંદીના ઢગલાનું મૂલ્ય થાય તે સોનાના નયનનું મૂલ્ય થઈ શકે નહિં.

રજતના મૂલ્યની જે કિંમત થાય તેને આંખનું મૂલ્ય પામી શકતું નથી. અને તેથી કરીને સ્વભાવથી સુવર્ણનું ઉત્તમપણું હોવા છતાં પણ કિંમતને આશ્રીને અલ્પ હોવાના કારણે અનુત્તમપણું જાણવું. એ પ્રમાણે શ્રાવકધર્મને વિષે પુષ્કળ પૈસાનો વ્યય કરવાપૂર્વક સાધ્ય એવું પ્રાસાદ-પ્રતિમા-પ્રતિષ્ઠા-યાત્રા સાધર્મિક વાત્સલ્ય આદિ લક્ષણવાળું જે દ્રવ્યસ્તવ તે ઘણો હોવાથી, પ્રવચનની પ્રભાવના કરનાર હોવાથી, બીજાઓને તેમજ અભિન્નગ્રંથી આત્માઓને પણ અનુમોદના દ્વારા ગ્રંથીભેદનું કારણ હોવાથી અને ભિન્નગ્રંથીઓને ઉત્સાહની વૃદ્ધિ થવાવડે કરીને બોધિબીજની નિર્મલતાનું કારણ હોવાથી, પૂજ્યની પૂજાની પ્રવૃત્તિનું કારણ હોવાથી, ધર્મની વિમુખ બનેલા આત્માઓને ધર્મસન્મુખ બનાવવાનું કારણ હોવાથી, આવા અનેક કારણો વડે કરીને એ ઝાઝો એવો પણ દ્રવ્યસ્તવ સુગતિનો સાધક થાય છે; એવી રીતે ગૃહસ્થનો અલ્પ એવો સામાયિક આદિ ભાવસ્તવ થતો નથી. કારણકે- સામાયિકને વિષે પણ સાધુઓના અનુકરણ માત્રવડે કરીને જ ભાવસ્તવરૂપ હોવાથી સ્વભાવે કરીને ભાવસ્તવનું ઉત્તમપણું હોવા છતાં પણ અલ્પપણું હોવાથી, અલ્પ પ્રયાસથી સાધ્ય હોવાથી તેમજ અલ્પ ઋદ્ધિવાલા આત્માઓને પણ કરવું સુકર હોવાથી : એમ શંકા નહિં કરવી કે 'તમે આવી વાતો કરશો તો ગૃહસ્થોની સામાયિક આદિની ક્રિયામાં નિરુત્સાહતા થઈ જશે' કારણ કે પ્રાસાદ નિર્માણ આદિરૂપ મોટો જે દ્રવ્યસ્તવ છે તે સામર્થ્યના અભાવે કરી શકે નહિં. અને સામાયિક આદિ પણ ન કરે તો ઉભયથી ભ્રષ્ટ થાય છે. વળી જો સામાયિક આદિની અંદર ઉત્સાહની વૃદ્ધિ માટે 'પ્રાસાદ આદિની અપેક્ષાએ સામાયિક આદિમાં ઘણો લાભ છે' એ પ્રમાણે ઉપદેશ કરીએ તો પ્રાસાદ આદિની વાત મૂળથી જ નષ્ટ પ્રાયઃ બની જવાનો સંભવ રહે.

વળી બીજી વાત તો દૂર રહો પણ સાધુ દાન આદિ ધર્મો પણ નષ્ટ થઈ જાય. કારણ કે વસ્ત્ર આદિના દાનની અપેક્ષાએ સુખે કરીને સાધ્ય કરી શકાય અને મહાફલવાળું એવું એક જ સામાયિકને છોડીને ક્યો મૂઢ આત્મા દાન આદિમાં પ્રવૃત્તિ કરે? કોઈ જ નહિ. 'સાધુ દાન આદિની અપેક્ષાએ સામાયિક બહુ ફલવાળું નહિ થાય' એ પ્રમાણે પણ શંકા ન કરવી. કારણકે તીર્થંકર આદિ સાધુઓને દેવાતા દાન આદિથી પ્રમુદિત થયેલા એવા દેવો પણ 'અહો દાનમ્ અહો દાનમ્' એ પ્રમાણેનાં હર્ષથી ઉદ્‌ભૂત થયેલા વચનો વડે કરીને દાતાને પ્રશંસતા થકા કરોડો સૌનેયાની વૃષ્ટિ આદિ પાંચ દિવ્યોને કરે છે! તેવી રીતે કોઈપણ ઠેકાણે ક્યારે પણ સામાયિક આદિ કરનારા કોઈ એકને પણ સૌનેયા મુકવાનું જાણ્યું છે? ઇત્યાદિ વાતો પોતે જ વિચારી લેવી.

વળી પ્રાસાદ, પ્રતિમા આદિ ખરેખર મોક્ષમાર્ગના મુસાફર એવા સાધુ આદિઓને મોક્ષમાર્ગના રસ્તામાં ધર્મની પરબો જ છે અને એ પરબો વિચ્છિન્ન થયે છતે ધર્મતૃષ્ણાથી વ્યાકુલિત થયેલા કરોડો

માણસોને અનુપકારિપણું થતું હોવાથી મહાપાપનું કારણ બને. માટે પ્રાસાદ, પ્રતિમા આદિ કરનારને પણ અનુત્સાહિત ન કરવો. તેથી કરીને યથાશક્તિએ જેવો ઉચિત અવસર હોય તેવું પરસ્પર અબાધાએ કરીને બધું જ ધર્માનુષ્ઠાન કરવું. હવે એવી શંકા ન કરવી કે ''પ્રવચનની પ્રભાવના માટે તો સામાયિક નહિં કરવાની અનુજ્ઞા હોવાથી સામાયિક આદિની અપેક્ષાએ કરીને પ્રવચનની પ્રભાવના મોટી છે,'' આગમમાં કહ્યું છે કે ''તે શ્રાવકો બે પ્રકારના, એક ઋદ્ધિ પ્રાપ્ત, અને બીજો ઋદ્ધિહીન–સામાન્ય, તેમાં જે અનૃદ્ધિમાન છે તે ચૈત્યગૃહમાં, સાધુની પાસે, પોતાના ઘરે અથવા પૌષધ શાલામાં જ્યાં શાંતિ રહે ત્યાં બધા વ્યાપાર રહિત થાય, (સામાયિકવાળો થાય) આ, ચાર સ્થાનોમાં નિયમા કરવું. તે આ પ્રમાણે ચૈત્યઘરમાં, સાધુની પાસે, પૌષધશાલામાં અથવા ઘરમાં આવશ્યક કરતો'' ઇત્યાદિ યાવત્ સાધુની સાક્ષીએ સામાયિક કરે. યાવત્ ''કરેમિ ભંતે સાવજ્જં જોગં પચ્ચક્ખામિ દુવિહ-તિવિહં જાવ સાહૂ પજ્જુવાસામિ'' એ પ્રમાણે કહીને.

જો ચૈત્ય આદિ હોય તો પહેલાં વંદન કરે. અને સાધુઓની પાસેથી રજોહરણ (ચરવલો) નિષદ્યા માંગે. અને જો ઘરે કરે તો ઔપગ્રહીક રજોહરણ હોય છે. અને તે ઔપગ્રહીક રજોહરણ ન હોય તો કપડાના છેડાવડે કરીને (પૂંજે) ત્યાર પછી ઇરિયાવહિયંને પડિક્કમે પછી આલોચના (ગમણાગમણે) કરીને આચાર્યાદિક યથાક્રમ રત્નાધિકને વંદન કરે. ત્યાર પછી ગુરૂમહારાજને વંદન કરીને ભૂમિને પ્રમાર્જન કરીને બેસે અને કંઈ પ્રશ્ન પૂછવાના હોય તો પૂછે નહિંતર ભણે એપ્રમાણે ચૈત્યને વિષે પણ.

હવે જો સાધુ અને ચૈત્યનો સદ્ભાવ ન હોય તો પૌષધશાલામાં અથવા પોતાના ઘરમાં સામાયિક અથવા આવશ્યકાદિક કરે. પરંતુ તેમાં ગમના ગમન નથી એટલે ગમન ન હોવાથી ગમણાગમણે આલોચવાનું નથી. આ સામાયિકમાં ફેર એટલો કે ત્યાં ''જાવ સાહુ પજ્જુવાસામિ''ના સ્થાને ''જાવ નિયમેન સમાણેમિ''એ બોલવાનું છે.

હવે જે ઋદ્ધિ પ્રાપ્ત છે તે તો સર્વઋદ્ધિની સાથે આવે. જેથી કરીને બીજા માણસોને વિષે અત્યાદર થાય. અને સત્પુરુષોના સમુદાયની સાથે સાધુઓની પાસે આવે.

જો તે ઘરે સામાયિક ઉચ્ચરીને આવે તો અશ્વ-હસ્તિ-માણસોના પરિવાર સાથે નહિં. કારણકે તે બધા અધિકરણરૂપ થતાં હોવાથી અધિકરણ વધે છે માટે તેમ ન કરે.'' એ પ્રમાણે આવશ્યક ચૂર્ણિમાં કહેલું છે. અને એથી કરીને મહાઋદ્ધિવાલા રાજાને પણ સર્વઋદ્ધિએ કરીને આવવામાં માણસોની શ્રદ્ધા વધવાનું કારણ છે. તેમજ સાધુજનોનો આદર છે. અને સામાયિકની અપેક્ષાએ બહુલાભનો હેતુ છે. તેથી જ કરીને '**न करेइ**' ન કરે. એ પદ દ્વારા તે (સામાયિક) નહિ કરવાની અનુજ્ઞાનો નિષેધ છે. એમ જાણવું. ॥ ગાથાર્થ-૨૨ ॥

હવે **कञ्चणमणिसोवाण** ઇત્યાદિ જે ઉપદેશમાલાના વચનથી પ્રાસાદ આદિની અપેક્ષાએ તપ અને સંયમ આદિને મહાન ગણેલ છે. અને એ તપ અને સંયમ સામાયિકરૂપ જ છે. એવી શંકાને દૂર કરવા માટે કહે છે.

## जं पुण कंचणमणिसोवाणंति अ वयणमागमे भणिअं।
## तत्थऽहिओ मुणिधम्मो, तव संजम न उण इअरोऽवि ॥२३॥

વળી **'कंचणमणि सोवाण'** આદિ જે આગમમાં કહેલું છે તેમાં જે અધિક વિશિષ્ટતર એવો સર્વવિરતિરૂપ જે મુનિધર્મ તેના તપ-સંયમધર્મ લેવાનો છે. પણ તે સિવાયનો દેશવિરતિસંબંધીનો તપ-સંયમ પણ લેવાનો નથી. એ પ્રમાણે શબ્દાર્થ જાણવો. ભાવાર્થ તો આ પ્રમાણે **कंचणमणिसोवाण० -उपदेशमालागाथा-४६४.** આ ગાથાનું શરણ સ્વીકારીને કેટલાક પરમાર્થને નહિ જાણનારાને એવો સંકલ્પ ઉત્પન્ન થાય છે કે ''પ્રાસાદ-પ્રતિમા-પ્રતિષ્ઠા-પૂજા આદિની અપેક્ષાએ નિરારંભવાળું એવું જે સામાયિક આદિનું અનુષ્ઠાન છે તે મહાફળવાળું છે.'' આવા સંકલ્પને દૂર કરવા માટે પહેલા તો આ ગાથાની જ વ્યાખ્યા કરે છે.

દ્રવ્ય અર્ચન અને ભાવ અર્ચન આ બન્નેમાં અધિકતર કોણ છે? એવા પ્રશ્નના સમાધાનમાં કહીએ છીએ કે-**कंचण** શબ્દવાળી ગાથાની વ્યાખ્યા :-''**कंचण** એટલે સુવર્ણ અને **मणि** ચંદ્રકાંત આદિ જે મણિઓ તેનાથી યુક્ત એવા જે પગથીયાની શ્રેણિવાલું અને તેની અંદર હજારો થાંભલાઓની શ્રેણીઓ ગોઠવેલી છે જેમાં એવું અને સુવર્ણ પ્રધાન તળીયાવાલું અથવા આખું મંદિર સોનાનું છે એવું જિનમંદિર બનાવે છે તેના કરતાં પણ બીજું તો દૂર રહો; પરંતુ તપ સંયમ અધિકતર છે અને મોક્ષ પ્રાપ્તિ પણ તેનાથી જ છે. આ પ્રમાણે હોવાથી સામર્થ્ય-શક્તિ હોય તો ભાવ અર્ચનમાં યત્ન કરવો. વળી એ ભાવઅર્ચન અંગીકૃત કરેલ છે તેમાં પ્રમાદ ન કરવો. એ અંગીકૃત કરેલામાં પ્રમાદ કરે તો મહાઅનર્થ માટે થાય છે.'' **ઇત્યાદિ જે આગમમાં કહેલું છે તે બધું જ સર્વવિરતિને આશ્રીને જાણવું. નહિં કે અણુ (દેશ) વિરતિને આશ્રીને :** એ પ્રમાણે તે વ્યાખ્યાનમાં જ તેવી સમજૂતી પ્રાપ્ત થતી હોવાથી. અને તેની લાપનિકામાં પણ (પ્રકાશકપિઠીકામાં પણ) દ્રવ્યાર્ચન અને ભાવાર્ચનને આશ્રીને આ ગાથા આપેલી હોવાથી.

તેવી જ રીતે દ્રવ્યાર્ચનમાં તત્પર એવા આત્માનો ઉત્કૃષ્ટથી પણ અચ્યુત દેવલોકમાં ઉપપાત થાય. અર્થાત્-૧૨મા દેવલોક સુધી જ જાય. જ્યારે ભાવાર્ચનમાં તત્પર એવો આત્મા, મોક્ષને પણ પ્રાપ્ત કરે. આગમમાં કહેલું છે કે :-

**मेरुत्तुंगे मणिगणमंडिए कंचणमए परमरम्मे।**
**नयणमणाणंदयरे पभूअविन्नाण--सातिसए॥५०॥**

**सुसिलिट्ठविसिट्ठसुलट्ठच्छेदसुविभत्तसन्नि (भत्तिसुणि) वेसे।**
**बहुसिंहपत्तघंटाधयाउले पवरतोरणसणाहे॥५१॥**

**सुविसालसुविच्छिण्णे ,पए पए पत्थिअव्वयरिसी (सिरी) ए।**
**मधमधमधंतउज्झंत अगरु कप्पूरचंदणामोए॥५२॥**

बहुविहविचित्त बहु पुप्फमाइपूयारूहे सुपूए अ।
निच्चपणच्चिरणाउयसयाउले महुरमुरवसद्दाले॥५३॥

कुट्टंतरासय जणसयसमाउले जिणकहाखित्तचित्ते।
पकहंतकहगणच्चंत छत्तगंधव्वतूर निग्घोसे॥५४॥

एमादिगुणोवेए, पए सव्वमेइणीवट्टे।
निअभुजविढत्तपुण्णज्झएण नायागएणं अत्थेण॥५५॥

कंचणमणिसोवाण, थूमसहस्सूसिए सुवण्णतले।
जो कारिज्ज जिणहरे, तओवि तवसंजमो अणंतगुणो॥५६॥

तवसंजमेण बहुभवसमज्जिअं, पावकम्ममललेवं।
निट्ठविऊणं अइरा, अणंतसोक्खं वए मोक्खं॥५७॥

काउंपि जिणाययणेहिं मंडिअं सव्वमेअणीपट्टं।
दाणाइचउक्केणं सुट्टुवि गच्छेज्ज अच्चुयगं॥५८॥

न परओ गोयम! गेहि'' त्ति

મેરૂપર્વત જેટલો ઉંચા, મણિગણનો સમૂહથી મંડિત એવું કંચનમય અને પરમરમ્ય, નયન અને મનને આનંદ કરનારું અને ઘણા વિજ્ઞાનથી અતિશયયુક્ત. તેમજ સારા પ્રકારના ઘસેલા વિશિષ્ટ મનોહર અને સુવિભક્ત એવા ચૈત્યમાં, વળી ઘણાં પ્રકારના સિંહ-વેલડી આદિના ચિત્રોવાલી ધજાઓથી શોભતું. ઘણાં ઘંટનાદોવાલું, તોરણની શ્રેણીથી શોભતું સુવિશાલ સુવિસ્તીર્ણ અને પદે પદે (પગલે પગલે) પ્રાર્થિતના (માંગણના) સમુદાયથી શોભતું. વળી જેની અંદર મઘમઘાયમાન-કૃષ્ણાગરુ-કપૂર અને ચંદનની સુગંધ રહેલી છે. તેવા વિચિત્ર પ્રકારના ચિત્રવિચિત્ર એવાં પંચવર્ણી પુષ્પો વડે કરીને સારી રીતે પૂજાયેલો એવો, નિત્ય-નાચી રહેલાં સેંકડો નાટકથી વ્યાકુલ, જ્યાં મધુર પડહનો શબ્દ થઈ રહ્યો છે તેવું. અને જિનેશ્વર ભગવંતની કથામાં વ્યાપ્ત એવા ચિત્તવાલા સેંકડો માણસોથી વ્યાપ્ત અને જ્યાં કથાકારના સમૂહો નાચી રહેલાં છે એવું. અને હંમેશા છત્ર-ગંધર્વના વાજિંત્રના શબ્દો જેમાં રહેલાં છે. એવા ગુણોએ કરીને સહિત જિનેશ્વર ભગવંતના મંદિરો કંચન અને મણિના સોપાનવાલા અને સોનાનું તળીયું બાંધ્યું છે જેમાં એવા તથા હજારો થાંભલાઓથી શોભતાં એવા જિનમંદિરો પોતાની ભુજાબળે કરીને મેળવેલા ન્યાયાગત ધનવડે કરીને આખી ધરતીપર પગલે પગલે જિનમંદિરો રચે. તેના કરતાં પણ તપ-સંયમ-અનંતગુણ છે.

તપ સંયમના પ્રભાવવડે કરીને બહુભવોથી એકઠાં કરેલાં પાપકર્મરૂપી જે મલના લેપો તેને જલદી સાફ કરીને અનંતસુખવાલા એવા મોક્ષમાં જાય છે.

''આખું પૃથ્વીતલ જિનાયતનોથી મંડિત કરે અને દાનાદિક ચતુષ્ક આદિના આચરણ કરવાવડે કરીને હે ગૌતમ! ગૃહસ્થ, અચ્યુત દેવલોક સુધી જાય તેની આગળ નહિં'' એ પ્રમાણે **મહાનિશીથસૂત્રના** ત્રીજા અધ્યયનમાં કહેલું છે.

આ મહાનિશીથના વચનથી 'મેરુગિરિ જેવા ઉંચા આદિ વિશેષણોથી વિશિષ્ટ એવા સુવર્ણના પ્રાસાદો બનાવીને. અને સારી રીતે દાન-શીલ-તપ-ભાવના આદિમાં (સ્થિત) રહેલાં' ગૃહસ્થને અચ્યુત દેવલોકથી આગળ જવાનું નિષેધ કરેલ છે. અને તપ સંયમ વડે તો મોક્ષની પણ પ્રાપ્તિ કહેલી છે. તેથી કરીને તપ સંયમની તાકાત અધિક કહેલી છે.

આ તપ અને સંયમ સાધુમાર્ગમાંજ જાણવા. નહિં કે શ્રાવકધર્મની અંતર્ભૂત એવા સામાયિક-પૌષધ આદિરૂપ તપ-સંયમ નહિં લેવાના. કારણકે શ્રાવક સંબંધીનો તે તપ-સંયમ તો મહાનિશીથસૂત્રમાં 'દાનાઈ ચઉક્કેણ' એ પદથી જણાવેલો જ છે. વળી 'કંચનમણિ સોવાણ' એ ગાથાની વ્યાખ્યા **आस्तां अन्यस्मात्** એ ઉપેક્ષા વચનવડે કરીને પ્રાસાદ બનાવવાની અપેક્ષાએ સામાયિક ધર્મનું અપકર્ષત્વજ સૂચવ્યું છે. અન્યથા–નહિંતર **कंचणमणि०** આદિ ગાથાના સ્થાને **आजम्म०** એ ગાથા કહી હોત અર્થાત્ આજન્મ નિરતિચાર એવો પૌષધધર્મ ગુરુના ચરણકમલમાં રહીને જે કોઈ શુદ્ધભાવે કરે. તેનાથી પણ તપ-સંયમ અધિક છે.' એમ ગાથા કહેત. તેવું કહ્યું નથી. તે શું કામ નથી કહ્યું? એની વિચારણા કરતા-વ્યવહારથી શ્રાવકધર્મને વિષે પ્રાસાદ બાંધવા-પ્રતિમા ભરાવવી–પ્રતિષ્ઠા–પૂજા આદિ કરવા તેવા પ્રકારના પૂજાદિક કાર્યો પ્રવચનના ગૌરવના હેતુ છે અને મહાફલવાળા છે. તેવી રીતે સામાયિક આદિ નથી.

અને એથી જ શ્રી વજસ્વામીએ પણ કુસુમ આદિ દ્રવ્ય પૂજાને માટે શ્રીદેવીની પાસે વિદ્યાપ્રયોગ દ્વારા જઈને અને ફુલો લાવીને શ્રાવકોને આપ્યા. અને સાધુઓ પણ કાઉસ્સગ્ગને વિષે 'પૂઅણવત્તિઆએ, સક્કાર વત્તિઆએ' આદિ પાઠના ઉચ્ચાર વડે કરીને પૂજા સંબંધીનાં ફલને ઈચ્છતા હોય છે. નહિં કે 'પૌષધવત્તિઆએ' એવા વચનોવડે કરીને પૌષધ સંબંધીની માંગણી કરતાં નથી.

વળી આગળ વધીને સાધુના કાયોત્સર્ગ સંબંધી ફલની અપેક્ષાએ કુસુમાદિ વડે કરીને અરિહંતની પૂજા સંબંધીનું જે ફળ છે તે મોટું સંભવે છે. જો એવું મોટું ફલ ન હોય તો સાધુઓને પણ 'પૂઆણવત્તિઆએ' પાઠવડે કરીને તેવા પ્રકારની પ્રાર્થનાનો અસંભવ હોવાથી : 'આવી વાત કરશો તો નિરારંભ ધર્મની અપેક્ષાએ આરંભવાળો ધર્મ પણ સારો એવો અર્થ થઈ જશે. અને એવું થાય તો આપણાં શાસ્ત્રકારોને ઈષ્ટ નથી. માટે આવું બોલવું નહિં.' એવી શંકા કરવી નહિં. કારણ કે અમે પૂર્વે આ પહેલાં કહી ગયેલા ગજ દૃષ્ટાંતવડે કરીને દ્રવ્યસ્તવનું કાંઈક શોભનપણાએ કરીને ઈષ્ટત્વ દેખાડેલું હોવાથી. એટલે વિસ્તારથી સર્યું. ॥ ગાથાર્થ-૨૩ ॥

હવે પ્રાસાદ આદિની અપેક્ષાએ કરીને જે તપ અને સંયમને અધિક કહ્યો છે તે તપ, સંયમ સાધુ સંબંધીનો જ લેવાનો છે. એ વાતમાં બીજી યુક્તિ જણાવે છે.

**जं तेण संजमेणं मुत्तिसुहसंपययावि इअरेणं।**
**अच्चुअकप्पो भणिओ, महानिसीहंमि फुडमेअं॥२४॥**

મહાનિશીથ સૂત્રમાંની **कंचणमणिसोवाणा** આદિ ગાથાઓમાં **तओवि तवसंजमो अणंतगुणो** એ પ્રમાણે જે કહેલું છે તે તપ અને સંયમ વડે કરીને **तव संजमेण** बहुभव० એ ગાથાને વિષે મુક્તિ સુખની પ્રાપ્તિ બતાવેલી છે. તે પ્રાપ્તિ, સાધુ સંબંધીના તપ સંયમ વગર બને નહિ. અને તે સિવાયના પ્રાસાદ આદિ ધર્મકૃત્યો દ્વારા અચ્યુત દેવલોક સુધી જ ગતિ કહેલી છે. આ મહાનિશીથસૂત્રના વાક્યો દ્વારા વિશદ વિચારણાથી નિશ્ચિત થાય છે કે શ્રાવકના તપ સંયમવડે કરીને અચ્યુતથી આગળ ગતિ નથી અને તેથી કરીને જે તપ અને સંયમથી અચ્યુતદેવલોક કરતાં ઉંચી ગતિ-મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે તે જ તપ-સંયમ લેવા અર્થાત્ સાધુના તપ-સંયમમાં એ પ્રમાણેની તાકાત છે કે મોક્ષપ્રાપ્તિ થઈ શકે. એ ગાથાર્થ સમજવો. ॥ ગાથા-૨૩ ॥

હવે શ્રાવકમાર્ગમાં ભાવસ્તવની અપેક્ષાએ કરીને દ્રવ્યસ્તવનું પ્રધાનપણું પણ બતાવે છે.

**जं सावयदव्वथओ बहुमुल्लो अप्पमुल्ल भावथओ।**
**रूवमणुण्णोऽवि तओ णेगंतं भणइ वीरजिणो॥२५॥**

જેથી કરીને શ્રાવકને દ્રવ્યસ્તવ બહુ મૂલ્યવાળો છે અને ભાવસ્તવ અલ્પમૂલ્યવાળો છે. અને તે ભાવસ્તવ સ્વરૂપે કરીને મનોજ્ઞ-સુંદર હોવા છતાં પણ દ્રવ્યસ્તવના મૂલ્યની અપેક્ષાએ અલ્પ મૂલ્યવાળો છે. તેથી કરીને ભગવંત મહાવીરદેવ અનેકાંત જણાવે છે. શ્રાવકધર્મને વિષે દ્રવ્યસ્તવ રુપા-ચાંદી સરખો છે. છતાં પણ હાથીના આખા શરીર જેવો છે. અને મહાપુણ્યપ્રકૃતિને ઉત્પન્ન કરનારો અને સોનાના રસથી રસેલી આંખો તુલ્ય એવો જે ભાવસ્તવ છે તેની અપેક્ષા દ્રવ્યસ્તવ મહાન છે.

ભાવસ્તવ જે છે તે સ્વરૂપે સુંદર અને આકર્ષક હોવા છતાં પણ સુવર્ણ તુલ્ય છે. છતાં પણ અલ્પમૂલ્યવાળો છે. કારણકે લોચન-આંખો પ્રમાણનું જે સોનું તે હાથીના શરીર પ્રમાણના રુપાના ઢગલાની કિંમતની આગળ અલ્પમૂલ્યવાળું છે. એટલે મૂલ્યની અપેક્ષાએ કરીને સોનું ઉત્તમ હોવા છતાં પણ અહિંઆ રુપું-ચાંદી ઉત્તમ દ્રવ્ય બની જાય છે અને સોનું અનુત્તમ બની જાય છે. ધાતુની અપેક્ષાએ સોનું ઉત્તમ હોવા છતાં પણ મૂલ્યની અપેક્ષાએ હલકું બની જાય છે. અને એથીજ કરીને એકની એકજ વસ્તુ અપેક્ષાએ કાંઈક ઉત્તમ–ઉંચી થઈ જાય અને અપેક્ષાએ અનુત્તમ–નીચી પણ થઈ જાય. અને એથી કરીને શ્રી ભગવંત મહાવીર સ્વામી એકાંતવાદ બોલતા નથી. ॥ ગાથાર્થ-૨૫ ॥

હવે કહેલી યુક્તિવડે કરીને શું પ્રાપ્ત થાય છે? તે કહે છે.

**तेणं सइ सामत्थे, चेइअपमुहं महंत कज्जंपि।**
**चइऊण य सामइअं, जुत्तं भंतित्ति संतसिआ॥२६॥**

જે કારણવડે કરીને 'પ્રાસાદ આદિ બનાવવારૂપ દ્રવ્યસ્તવની અપેક્ષાએ સર્વવિરતિરૂપ ભાવસ્તવ અનંતગુણ કહેલો છે. તે કારણવડે કરીને સામર્થ્ય હોવા છતાં પ્રાસાદ આદિની બનાવવાની સામગ્રી હોવા છતાં ચૈત્યપ્રમુખ મોટું કાર્ય છોડીને પણ ભાવસ્તવ હોવાથી સામાયિક જ કરવું ઉચિત છે.' એવી કેટલાકોની ભ્રમણા હોય છે. તે ભ્રમણાને આ કથન દ્વારા સમ્યક્ પ્રકારે ત્રાસિત કરી. અર્થાત્ તે ભ્રમણાનો નાશ કર્યો. પચ્ચક્ખાણને વિષે પણ **महत्तरागारेणं** જ પાઠ છે તે આગારનું કથન પણ ચૈત્યાદિ પ્રયોજનને નિમિત્તે જ કહેલું છે. નહિં કે સામાયિક આદિના કાર્યના નિમિત્તે કહેલું છે.

વળી બીજી વાત-પ્રતિષ્ઠા આદિ મહાકાર્યોના નિમિત્તે આચાર્ય મહારાજ આદિ મહાપુરુષો પણ દૂર દૂર દેશાન્તરથી આવ્યા છે અને આવે છે. તેવી રીતે કોઈ સામાયિક આદિના કાર્ય માટે આવ્યા નથી કે આવતાં નથી. તેવી જ રીતે પ્રાયશ્ચિત્ત ગ્રંથોને વિષે પણ પ્રમાદથી પ્રતિમા આદિનો વિનાશ થઈ ગયે છતે જેવી રીતે પ્રાયશ્ચિત વિધિ જણાવેલ છે. તેવી રીતે સામાયિકાદિની વિરાધનામાં પ્રાયશ્ચિત્ત વિધિ કહેલ નથી. તેમજ સાધુઓને અને ચૈત્યાદિકને વંદન કરવા નિમિત્ત સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકા આદિ ચતુર્વિધસંઘ એકત્રિત થઈને જાય છે અને આવે છે. એવી રીતે કોઈપણ પૌષધાદિક કે પ્રતિમાધારી શ્રાવકને ઉદ્દેશીને ચતુર્વિધ સંઘ-જતો કે આવતો નથી. આ બધા કારણોથી પણ જણાય છે કે 'શ્રાવકધર્મને વિષે ચૈત્ય આદિ બનાવવું વગેરે મોટું કાર્ય છે' એમ સમજવું! નહિં કે જાડી બુદ્ધિએ ચાલવાનું. 'ચૈત્યાદિ સંબંધીનો બધો જ વિધિ, પૌષધ આદિની અપેક્ષાએ કરીને મોટો છે.' એવી શંકા ન કરવી.

જો ગૃહચૈત્યની ચિંતા આદિ કરનારા પુત્ર આદિ વિદ્યમાન હોય છતે પણ દૈનિક આચારમાત્ર એવી જિનપૂજા આદિના માટે પણ પૌષધનો ત્યાગ કરવાની-પાક્ષિક આદિ પર્વ દિવસોને વિષે નિયત એવા પૌષધમાત્રના ઉચ્છેદનની આપત્તિ આવશે. તેથી કરીને ઘણાં દ્રવ્ય અને ઘણાં કાલે સાધ્ય એવું તેમજ પ્રવચનની પ્રભાવના કારણભૂત એવો દ્રવ્યસ્તવ જે છે તેને માટે સામાયિક આદિનો પરિત્યાગ યુક્ત છે. નહિં કે બીજા દ્રવ્યસ્તવને માટે પણઃ લોકને વિષે પણ સ્વાભાવિક રીતે અનુત્તમ હોવા છતાં પણ મૂલ્યથી ઉત્તમ એવું હજાર ગદીયાણા પ્રમાણ એવું જે રુપું તે નિમિત્તને પામીને સ્વભાવથી ઉત્તમ હોવા છતાં પણ એક માસા પ્રમાણ એવું જે સોનું તેને છોડી દેતો દેખાય છે.

પરંતુ દોઢ માસા'રૂપા' ખાતર કોઈ એક માસા પ્રમાણ સોનું છોડી દેનાર દેખાતું નથી. કારણકે સ્વરૂપથી અને મૂલ્યથી સોનાનું અધિકપણું હોવાથી. અને પરંપરામાં પણ એ પ્રમાણે દેખાય છે. માટે આ વાતના વિસ્તારથી સર્યું. ॥ ગાથાર્થ-૨૬ ॥

હવે સાધુઓને દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ અલ્પ ઝાઝો તે બતાવવાને માટે દૃષ્ટાંત જણાવે છે–

**भावथया दव्वथओ, सहावसिद्धो सरूवलहुकंतो।**
**कणगगयरययलोअणकप्पो अप्पोऽवि मुणिधम्मे॥२७॥**

સાધુમાર્ગને વિષે ભાવસ્તવથી સ્વભાવ સિદ્ધ એવો દ્રવ્યસ્તવ પોતાના સ્વરૂપે કરીને અલ્પતર

હોય છે. 'અલ્પ પણ છે' તે ક્યા દૃષ્ટાંતથી જાણી શકાય? તે જણાવે છે. તેનું દૃષ્ટાંત કહે છે. આખા સુવર્ણનો બનાવેલો જે હાથી અને ચાંદીના લોચનતુલ્ય છે. એટલે કે સાધુનો સર્વવિરતિરુપ જે ધર્મ છે તેનો દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ વિભાગ કરવામાં આવે તો સાધુઓને ભાવસ્તવ આખા સોનાના બનાવેલા હાથીના શરીર પ્રમાણ છે અને દ્રવ્યસ્તવ છે તે ચાંદીની બનાવેલી આંખ જેટલો છે. ॥ ગાથાર્થ-૨૭ ॥

હવે શ્રાવકધર્મને વિષે દ્રવ્યસ્તવ મહાન્ છે. અને સાધુધર્મને વિષે દ્રવ્યસ્તવ અલ્પ કેમ? તે જણાવવા બે ગાથા જણાવતાં પહેલી ગાથા જણાવે છે.

**सचित्तवित्तजणिओ, दव्वथओ जो हविज्ज जावंतो।**
**सो सड्ढाणमणुमओ, सव्वपयारेण सव्वोवि॥२८॥**
**चेइअ वेयावच्चं, उवएसणुमोअणेहिं साहूणं।**
**पायं जिणिंदभणिअं, न सयंकरणेण सड्ढुव्व॥२९॥**

**सचित्त**–પૃથ્વીકાયાદિથી આરંભીને વનસ્પતિકાય પર્યંતનું એટલે સોનું-જલ-ચંદન આદિ કે જે પ્રાસાદ અને પ્રતિમા આદિના નિર્માણના કારણભૂત છે. અને **वित्त**–એટલે પૈસો. સોનૈયા આદિ તે બંનેથી ઉત્પન્ન થતો એવો જ દ્રવ્યસ્તવ શ્રાવકોને બધો જ, ''અમૂક પ્રકારનો દ્રવ્યસ્તવ શ્રાવકને ઉચિત નથી એવા પ્રકારના વચનનો પણ અસંભવ હોવાથી'' બધો જ દ્રવ્યસ્તવ ઉચિત જાણવો. આ બધો દ્રવ્યસ્તવ, મન વચન અને કાયાએ કરીને કરવું-કરાવવું અને અનુમોદનાપૂર્વક શ્રાવકધર્મમાં યુક્ત છે. એમ તીર્થંકર ભગવંતે જણાવ્યું છે. તેથી કરીને શ્રાવકધર્મને વિષે દ્રવ્યસ્તવ મોટો છે. ॥૨૮॥ હવે ધર્મ વિષે દ્રવ્યસ્તવ અલ્પ શાથી? તે માટે જણાવે છે કે–**चेइअ०** ચૈત્ય અને વૈયાવૃત્યને વિષે ઉપદેશ અને અનુમોદનાવડે કરીને સાધુઓને ઘણું કરીને દ્રવ્યસ્તવ હોય છે. પ્રાયઃશબ્દનું ગ્રહણ કરવાથી કારણ વિશેષ પ્રાપ્ત થયે છતે ક્યારેક ઔચિત્યખાતર કરવારૂપે પણ જિનેશ્વર ભગવંતોએ કહેલ છે.

ઔપચારિક વિનયવાળો જે દ્રવ્યસ્તવ છે તે તો અમે પૂર્વે જણાવેલો જ છે. પરંતુ શ્રાવકની જેમ બધી જ રીતે બધો જ દ્રવ્યસ્તવ સાધુઓને હોતો નથી. એથી કરીને દ્રવ્યસ્તવ અલ્પ કહેલો છે. ॥ ગાથા ૨૮-૨૯ ॥ હવે વાદી શંકા કરે છે કે–

**णणु निरवज्जो वासो, पूआ तेणेव किं न साहूणं।**
**तंपि य पमाणमम्हं, जइ जिणआणा पइट्ठुव्व॥३०॥**
**पूआ पइट्ठिआणं, पडिमाणं पूअणंति बुद्धीए।**
**सा वीरेण निसिद्धा, लिंगीण महानिसीहंमि॥३१॥**

વાસ એટલે ચંદનનું ચૂર્ણ સંપૂર્ણ નિરવદ્ય છે. તે પૂજાના હેતુભૂત એવા ચંદનચૂર્ણ વડે કરીને

સાધુઓને પૂજા કેમ ન થાય? એ પ્રમાણે પૂર્વપક્ષ છે. હવે એના ઉત્તરમાં જણાવે છે કે તારું કહેવું અમોને પ્રમાણ જ છે. જો પ્રતિષ્ઠાની જેમ જિનેશ્વર ભગવંતની તે ચંદનચૂર્ણ પૂજામાં આજ્ઞા હોત તો. જેવી રીતે 'સાધુએ પ્રતિષ્ઠા કરવી' એ પ્રમાણેની જિનાજ્ઞા પૂર્વ અમે બતાવી છે તેમ અચિત્ત એવા ચંદનના ચૂર્ણ વડે સાધુઓએ ભગવંતની વાસક્ષેપથી પૂજા કરવી એવી જિનેશ્વર ભગવંતની આજ્ઞા હોત. પરંતુ તે ન હોવાથી અમારા વડે તે કરાતી નથી. અમારે તો જિનેશ્વર ભગવંતની આજ્ઞાનું જ પ્રામાણ્યપણું છે. ॥ ગાથાર્થ-૩૦ ॥

હવે 'જો નિરવદ્ય એવા વાસદ્રવ્યવડે જિનપૂજા ઉચિત નથી તો પછી જિનપ્રતિષ્ઠા પણ કેમ ઉચિત હોય?' એવી વાદીની શંકાને દૂર કરવા જિનાજ્ઞાને જ કહે છે. પ્રતિષ્ઠિત એવી પ્રતિમાઓની ''હું જિનેન્દ્રને પૂજું છું' એ બુદ્ધિએ કરીને પ્રતિમાની પૂજા થાય છે. નહિં કે અપ્રતિષ્ઠિત એવી પ્રતિમાઓની પણ પૂજા. જો અપ્રતિષ્ઠિત પ્રતિમાઓની પૂજા થતી હોત તો પ્રતિષ્ઠાની જરૂર જ નથી. અને એવા પ્રકારની પૂજા શ્રી મહાવીરભગવંતે સાધુલિંગને ધારણ કરનારા સાધુઓ માટે નિષેધેલી છે. ક્યે ઠેકાણે નિષેધેલી છે? મહાનિશીથ સૂત્રમાં. તે આ પ્રમાણે :—"**से भयवं! जे णं केइ साहू वा साहुणी वा निग्गंथे अणगारे दव्वत्थयं कुज्जा से णं किमालविज्जा? गोअमा! जेणं केइ साहू वा जाव दव्वत्थयं कुज्जा से णं अजएइ वा असंजएइ वा देवभोइए वा देवच्चगेइ वा जाव णं उमग्गपइट्ठिएउ वा दूरुज्झिअसीलेइ वा कुसीलेइ वा सच्छंदायरिएइ वा आलविज्जा (सू-३८) महानिशीथ पञ्चमाध्ययने॥**

હે ભગવંત! જે કોઈ સાધુ કે સાધ્વી જેઓ નિર્ગ્રંથ અને અણગાર છે. તે દ્રવ્યસ્તવ કરે તો તે કેવા કહેવાય? હે ગૌતમ! જે કોઈ નિર્ગ્રંથ-અણગાર થયેલ એવા સાધુ કે સાધ્વી જો દ્રવ્યસ્તવ કરે તો તે અયતનાવાળો અથવા અસંયત અથવા દેવભોગી અથવા દેવાર્ચક અથવા ઉન્માર્ગપ્રસ્થિત તરીકે અથવા દૂર ફેંકી દેવા લાયક શીલવાળો અથવા તો કુશીલ અથવા સ્વચ્છંદાચારી તરીકે કહેવાય.''

હવે ''પૂર્વે તમે જે ઔપચારિક વિનયથી દ્રવ્યસ્તવ સાધુઓને પણ કહ્યો છે. અને અત્યારે મહાનિશીથ સૂત્રના આધારે દ્રવ્યસ્તવનો સર્વથા નિષેધ કરો છો. તો તમારા તે બન્ને વચનોની સંગતિ કેવી રીતે થશે?'' જો આમ કહેતો હોય તો તારું કહેવું ઠીક છે. પરંતુ મહાનિશીથમાં કહેલું જે આ ઉત્સર્ગ વચન તેના અપવાદિક વચનરૂપ હોવાથી અને અન્ય વિષયક હોવાથી બન્ને વાતમાં કોઈપણ જાતનો દોષ નથી. અને તેથી કરીને સ્નાન આદિ કરવાપૂર્વક પુષ્પ આદિ વડે કરીને જ પૂજા કરવી તે પૂજાના અભિપ્રાય વડે કરીને સાધુઓને દ્રવ્યસ્તવનો નિષેધ કરેલ છે. એમ જાણવું. ॥ ગાથાર્થ-૩૧ ॥

હવે ચંદ્રપ્રભાચાર્યે કહેલી વાતનો ઉપસંહાર કરતાં કહે છે.

**इय चंदप्पहभणिओ, दव्वत्थयहेऊ दूसिओ किंची।**
**अह तस्स पक्खवाई तिलगविगप्पंपि दूसेमि॥३२॥**

એ પ્રમાણે પૂર્વે કહેલા પ્રકારવડે કરીને ચંદ્રપ્રભાચાર્યે કહેલ દ્રવ્યસ્તવના હેતુને દૂષિત કર્યો. હવે તે ચંદ્રપ્રભાચાર્યના પક્ષપાતી શ્રી તિલકાચાર્યે વિકલ્પેલા પક્ષને પણ દૂષિત કરીએ છીએ. એ પ્રમાણે

ગાથાર્થ જાણવો. ભાવાર્થથી તો 'જિનપ્રતિમાની પ્રતિષ્ઠા એ સાધુકૃત્ય નથી દ્રવ્યસ્તવ હોવાથી.' ઇત્યાદિ વાતોનું ખંડન પૂર્વે બતાવેલું છે. ॥ ગાથાર્થ-૩૨ ॥

હવે તિલકાચાર્યે વિકલ્પેલા વિકલ્પને કહે છે.

**तिलगो कुवक्खतिलगो, सावज्जत्तेण सड्ढकिच्चमिणं।**
**इअ साहंतो साहइ, अप्पस्सव मूढचक्कित्तं॥३३॥**

તિલકાચાર્ય કેવા વિશેષણોથી યુક્ત છે? તે કહે છે. આચંલિક, આગમિક (ત્રણ થોયવાલો) એવા કુપક્ષોને વિષે તિલક સમાન. તે તે કુપાક્ષિકોનો પક્ષપાત કરવાવડે કરીને તે કુપાક્ષિકોના કપાળના તિલક સમાન તિલકાચાર્ય છે. આ વિવાદને પામેલું-પ્રતિષ્ઠાનું કાર્ય સાવદ્યના હેતુ હોવાવડે કરીને શ્રાવકનું કૃત્ય છે. એટલે જિનેશ્વર ભગવંતની પૂજા સાવદ્ય હોવાથી જેમ શ્રાવકનું કૃત્ય છે તેમ પ્રતિષ્ઠાકૃત્ય સાવદ્ય હોવાથી શ્રાવકનું કૃત્ય છે. એ પ્રમાણે બોલતા તિલકાચાર્ય પોતાનું મૂર્ખચક્રવર્તિપણું જ બતાવે છે. ॥ ગાથાર્થ-૩૩ ॥

હવે તિલકાચાર્યનું મૂર્ખચક્રવર્તિપણું અતિપ્રસંગથી બતાવે છે

**जं जं सावज्जं तं जइ सड्ढेणं हविज्ज कायव्वं।**
**ता मुणिघायप्पमुहा, महासवा तस्स जिणआणा॥३४॥**

સાવદ્યના હેતુ વડે કરીને શ્રાવકૃત્યની સાધ્ય સિદ્ધિ કરવામાં એ આપત્તિ આવશે કે-

જે જે સાવદ્ય છે તે શ્રાવકનું જ કર્તવ્ય થઈ જશે. જેમ પ્રતિષ્ઠા-પૂજા. તો મુનિઘાતદિ જે મોટા પાપકાર્યો = સાવદ્યો તે પણ શ્રાવકને કર્તવ્યરૂપે જિનેશ્વર ભગવંતની આજ્ઞા થઈ જશે. બીજા પાપસ્થાનકોને હિસાબે મુનિઘાત-ઉત્સૂત્રપ્રરૂપણા-દેવદ્રવ્યઅપહાર-સંયતિનું શીયલખંડન—પ્રવચનનો ઉડ્ડાહ આદિ મહાપાપો છે. ઉપદેશપદ-ગાથા ૪૧૫માં કહેલું છે કે :—

**चेइअदव्वविणासे, इसिघाए पवयणस्स उड्डाहे।**
**संजइचउत्थभंगे, मूलग्गी बोहिलाभस्स ॥४१५॥**

ચૈત્યદ્રવ્યનો વિનાશ કરનાર, ઋષિનો ઘાત કરનાર, પ્રવચનની અપભ્રાજના કરનાર અને સંયતિના ચતુર્થવ્રતનો ભંગ કરનાર બોધિલાભના મૂલમાં અગ્નિ મૂકે છે. આ બધા કહેલા કાર્યોમાં સાવદ્યપણાના હેતુનો સદ્ભાવ હોવાથી નિયમે કરીને શ્રાવકને કર્તવ્યતાની આપત્તિમાં જિનાજ્ઞા જ થશે.

અને જો એ પ્રમાણે થાય તો તારા મતમાં અનાર્યકર્તવ્યને દત્તાંજલી જ આપવાનું થશે. હવે જો મહાપાપના કારણભૂત એવા આશ્રવના કાર્યો તે શ્રાવકકૃત્ય થતાં નથી એમ જો કહેતો હોય તો તેવા કાર્યોમાં હેતુનું સદ્ભાવપણું હોવાથી અને સાધ્યનો અભાવ હોવાથી વ્યભિચારનો પ્રસંગ આવે છે. અને એવા વ્યભિચારરૂપી અતિસારના રોગથી ગ્રસ્ત થયેલો તું અપવિત્ર છે. એ ગાથાર્થ-૩૪ ॥

હવે તિલકાચાર્યે દૃષ્ટાંતરૂપે કુસુમ આદિ જિનપૂજા કહી છે. અને તેમાં સાવદ્યપણાનો હેતુ જણાવ્યો છે તે હેતુ નથી તે બતાવવાને માટે શ્રી જિનેશ્વર ભગવંતની પૂજાનો અભિલાષ કેવી રીતે કરવો? તે જણાવે છે.

**तत्तविआरे पूआ, सावज्जत्ति अ निट्ठुरं वयणं।**
**सारंभो गिहिधम्मो, ऽणारंभो समणधम्मो अ॥३६॥**

તત્ત્વ વિચારણામાં એટલે વસ્તુસ્થિતિએ કુસુમ આદિ જિનપૂજાના વિચારમાં સાવદ્યપણું કહેવું તે પણ નિષ્ઠુર વચન છે. અર્થાત્ અનુચિત ભાષણ છે. જેથી કરીને આ જિનપૂજાદિ વિષયમાં દ્રવ્યથી જે કાંઈક આરંભ દેખાય છે. તો પણ શુભ અધ્યવસાયના કારણે કરીને મોટી નિર્જરા અને મહાન પુણ્ય પ્રકૃતિબંધ થાય છે. જો કે દ્રવ્યથી આરંભજન્ય એવો અલ્પ અશુભબંધ થાય ખરો; પરંતુ તે અલ્પતર હોવાથી તજ્જન્ય જે ફૂલ મળવું જોઈએ તેનું અનુદયપણું હોવાથી અને તે અશુભબંધની કર્મવર્ગણાઓનું અતિ લુખ્ખાપણું હોવા વડે કરીને તત્કાલ જ વિનાશ પામી જતું હોવાથી તે આરંભજન્ય અલ્પ અશુભબંધની વિવક્ષા કરાતી નથી. અને એથી જ કરીને કાંઈક આરંભયુક્ત એવો પણ જિનપૂજાના લક્ષણવાળો દ્રવ્યસ્તવ જિનેશ્વર ભગવંતો વડે કરીને શ્રાવકોને કરવાની અનુજ્ઞા છે. આવશ્યક નિર્યુક્તિ ભાષ્ય- **ગાથા-૧૯૬**મા કહેલ છે કે–

**"अकसिणपवत्तगाणं, विरयाविरयाण एस खलु जुत्तो।**
**संसार पयणुकरणे, दव्वथए कूवदिट्ठंतो॥१॥**

અકૃત્સ્ન = અકૃષ્ણ પ્રવૃત્તિવાળા એટલે શુભ પ્રવૃત્તિવાળા એવા વિરતાવિરત=શ્રાવકોને સંસાર પાતલો કરવામાં આ દ્રવ્યસ્તવ કૂપ દૃષ્ટાંતે કરીને યુક્ત છે તેમ જાણવું. અહિં વાદી શંકા કરે છે કે જો એમ છે તો દ્રવ્યસ્તવમાં કૂવાનું દૃષ્ટાંત યુક્ત નથી. કારણકે તે કૂવાના દૃષ્ટાંતમાં કૂવો ખોદ્યા બાદ પાણી નીકળે છે અને તે પાણીથી મેલનો અપગમ થાય છે. જ્યારે અહિં પૂજાના કાર્યમાં તો પૂજા કરતાં જ આરંભથી સંભવિત એવી માલિન્યતાનો અપગમ થાય છે. જો એ પ્રમાણે કહેતો બરાબર નથી. કારણકે અહિંયા દૃષ્ટાંતનો એક જ ભાગ લેવાનો છે. બધી વાતે સમાનતા નથી લેવાની. એટલે કૂપદૃષ્ટાંતથી શું કહેવાનું છે? "કૂવા ખોદવાથી ઉત્પન્ન થયેલ માલિન્ય એટલે ધૂળથી શરીર ખરડાવવું, પરસેવાથી શરીર રેબઝેબ થવું, પરિશ્રમ લાગવો; તરસ લાગવી આદિની મલીનતા કૂવાના જલથી જ દૂર થાય છે." તેવી રીતે દ્રવ્યસ્તવથી આરંભજન્ય મલીનતા દૂર થાય છે. એટલું ફક્ત ગ્રહણ કરવા માટે કૂપ દૃષ્ટાંત છે.

દૃષ્ટાંત અને દ્રાર્ષ્ટાંતીક યોજનામાં સર્વધર્મથી સરખાપણું કોઈ ઠેકાણે દેખ્યું કે સાંભલ્યું છે ખરું? જો બધી જ રીતે દૃષ્ટાંતનું સાધર્મ્ય વ્યવહારમાં પણ લેવા જઈએ તો જગતના વ્યવહારનો અસંભવ થઈ જાય. દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતીકનું જો એકત્વપણું સ્વીકારી લેવામાં આવે તો ઉપમાન અને ઉપમેયની

હાનિની આપત્તિ આવે છે. તેથી કરીને 'શ્રાવકધર્મ સાવદ્ય છે' એવું નિષ્ઠુર વચન ન બોલવું જોઈએ. પરંતુ તેને સ્થાને 'આરંભયુક્ત શ્રાવકધર્મ છે, અને નિરારંભી એવો સાધુધર્મ છે' એમ બોલવું જોઈએ અને એથી જ આગમને વિષે અગારધર્મ અને અણગાર ધર્મ એમ બે પ્રકારે કહ્યો છે, નહિં કે એક સાવદ્યધર્મ અને નિરવદ્યધર્મ એવા ભેદો પાડેલા નથી.

વળી જે કોઈક ઠેકાણે દ્રવ્યસ્તવમાં કોઈક સાવદ્યત્વપણાનો વ્યપદેશ કરાયો છે તે દ્રવ્યથી કાંઈક આરંભજન્ય લુખ્ખા અને અલ્પ એવી કર્મરજના સ્પર્શ સ્વરૂપ મલીનતા જણાવવા માટે છે. નહિં કે તે વચન નરકાદિગતિને ભોગ્ય એવા પાપકર્મના નિર્દેશ=કથન માટેનું છે!

વાદી શંકા કરે છે કે 'ત્રિવિધ-ત્રિવિધ પ્રત્યાખ્યાનવાળા એવા સાધુઓને આરંભયુક્ત એવો દ્રવ્યસ્તવ અનુમોદનીય કેવી રીતે? કારણકે તે દ્રવ્યસ્તવની અનુમોદના કરવા જતાં દ્રવ્યસ્તવની અંદર થયેલા આરંભોની પણ અનુમોદનાની આપત્તિ આવશે.' એમ જો કહેતો હોય તો બોલીશ નહિં. કારણ કે સામાયિક આદિ ભાવસ્તવ જે શ્રાવકધર્મ છે તેની પણ અનુમોદના નહિં કરવાની આપત્તિ આવશે. કારણકે જેણે સામાયિક કરેલ છે તે પોતાને ઉદ્દેશીને કરેલું ભોજન ખાનારો હોવાથી. તે ઉદ્દિષ્ટ ભોજીપણું આરંભથી કલુષિત હોવાથી. માટે જે જે અનુષ્ઠાનો છે, તે અનુષ્ઠાનોમાં રહેલો આરંભ છે તે સાધુઓને અનુમોદનાનો વિષય બનતો નથી. પરંતુ તે આરંભજન્ય શ્રાવકોને જે દ્રવ્યસ્તવ રૂપ શ્રાવકધર્મ છે તે જ અનુમોદનાનો વિષય છે એમ જાણવું. ॥ ગાથાર્થ-૩૫ ॥

વસ્તુસ્થિતિએ સાવદ્યત્વના અભાવ વડે કરીને કુસુમ આદિ પૂજાને સાધુકર્તવ્યતા તરીકે અનુજ્ઞા કેમ નથી? એ પ્રમાણેની પારકાની શંકા ઉભી કરીને તે શંકાને તિરસ્કાર કરતાં છતાં કહે છે કે :—

**पूआ सावज्जत्ति अ वयणं, जइ होइ निट्ठुरं वयणं।**
**ता साहूण वि जुत्ता, सयंपि एयंपि दुव्वयणं॥३६॥**

'કુસુમાદિવડે કરીને જિનેશ્વર ભગવંતનું પૂજન કરવું તે સાવદ્ય છે' એ વચન જો નિષ્ઠુર વચન કહેવાય તો તે પૂજા સાધુઓને પોતાને પણ કરવી ઉચિત કેમ નહિં? એવી પારકાની શંકા એ પણ બોલવા યોગ્ય નથી. પારકાએ કહેલું આ વચન દુર્વચન કેવી રીતે? તે બતાવતાં જણાવે છે.

**नेवं जं निरवज्जं, तं समणेहिं सयंपि करणिज्जं।**
**बारसवय सामाइअ-मुच्चारो जं न साहूणं॥३७॥**

જે જે કાંઈ નિરવદ્ય હોય તે તે બધું સાધુઓએ પોતે કરવું જ જોઈએ એવો નિયમ નથી. કારણકે સારંભ વસ્તુ તો દૂર રહો. પરંતુ નિરારંભરૂપે કહેવાયેલા એવા જે બારવ્રત-સામાયિક-પૌષધ-શ્રાવકની ૧૧ પડિમાઓનો સ્વીકાર સાધુઓને નથી. માટે જે જે નિરારંભ હોય તેને સાધુઓએ કરવું જ એવો નિયમ કરવામાં વ્યભિચારની આપત્તિ આવશે. ॥ ગાથાર્થ-૩૭ ॥

હવે મહાવ્રતીઓને અણુવ્રતાદિનો ઉચ્ચાર કરવો તે યુક્ત નથી. તેમ સમજીને પ્રકારાન્તરે કહે છે.

**अहवा अण्णुण्णंपि अ, वेआवच्चंपि किं न जिणकप्पे।**
**तम्हा जिणिंदआणा, पमाणमिह केवलं तत्तं॥३८॥**

અથવા જિનકલ્પના માર્ગમાં જિનકલ્પીઓને પણ પરસ્પર અશન આદિનું દાન-સંવાહન આદિરૂપ વેયાવચ્ચનું કાર્ય જિનેશ્વર ભગવંતોએ ક્યા હેતુએ વડે કરીને નિષેધ કર્યો? કારણકે તે તે કાર્યોમાં સાવદ્યની સંભાવનાનો પણ અસંભવ છે. તેથી કરીને આ જિનકલ્પમાં અથવા બીજે સ્થાને જિનાજ્ઞા જ પ્રમાણ છે. તેમાં કોઈપણ જાતની સ્વમતિ વિકલ્પના કરવી એ સુંદર નથી. આ વાતનો ભાવાર્થ આ પ્રમાણે છે. શોભન-સુંદર એવું પણ અનુષ્ઠાન ઉપદેશેલું હોય છતાં પણ પુરુષવિશેષને આશ્રીને નિષેધ કરેલો પણ દેખાય છે. આગમમાં કહેલું છે કે-"**पंचहिं ठाणेहिं**- પાંચ સ્થાનોને વિષે નિર્ગ્રંથ એવા શ્રમણો-મહાનિર્જરાવાળા અને મહાપર્યવસાનવાળા = મોક્ષપ્રાપ્તિવાળા થાય છે. તે આ પ્રમાણે ગ્લાનિરહિત થયો થકો આચાર્યનું વૈયાવચ્ચ કરતો....આદિ" ॥ ૧૦-૩૯૭ ॥ એ પ્રમાણે સામાન્યથી કહ્યા છતાં પણ પુરુષવિશેષને આશ્રીને પાછો નિષેધ પણ કરેલો છે. જેવી રીતે જિનકલ્પિકોને પરસ્પર વૈયાવચ્ચ આદિ: આગમમાં કહેલું છે કે-'**चत्तारि पुरिसजाया** ચાર પુરુષ જાત કહેલા છે. ૧-વૈયાવચ્ચ કરે પણ ઇચ્છે નહિં" ઈત્યાદિ સ્થાનાંગસૂત્ર-૪-થું સ્થાનક, ઉદ્દેશો ત્રીજો. આમાંના ચોથા ભાંગામાં જિનકલ્પિકોને લીધેલા છે. જિનકલ્પી પોતે વૈયાવચ્ચ કરે નહિ. અને તે વૈયાવચ્ચ ઇચ્છે પણ નહિ.

તેવી રીતે બીજા ભાંગામાં આચાર્ય-ગ્લાનઆદિ સ્થવિરકલ્પિકોને લીધેલા છે. તેઓ વૈયાવચ્ચને ઇચ્છે પણ કરે નહિં. એથી જ કરીને આવશ્યક નિર્યુક્તિમાં પણ કહેલું છે. વ્યાખ્યેય અને વ્યાખ્યાનનો અભેદ હોવાથી નિર્યુક્તિ શબ્દવડે તેની વૃત્તિ પણ ગ્રહણ કરી લેવી. તેમાં ઇચ્છા આદિ જે સામાચારીનું વર્ણન છે તેની અંદર આ ગાથા છે કે :—

**एएहिं कारणेहिं, तुंबीभूओ अ होइ आयरिओ।**
**वेयावच्चं न करे, कायव्वं तस्स सेसेहिं॥१॥**

આ બધા કારણો વડે કરીને ધરી સમાન એવા આચાર્ય ભગવંત, વૈયાવચ્ચ કરે નહિ. અને તેમની વૈયાવચ્ચ બધાએ કરવી જોઈએ." એ પ્રમાણે ઉભું થવું-વંદન કરવું, સત્કાર કરવો, સન્માન કરવું, પૃચ્છા-પ્રતિપૃચ્છા આદિ કરવી એ બધામાં જાણી લેવું. તેથી કરીને જિનાજ્ઞા જ પ્રમાણ જાણવી. બીજું કાંઈ નહિં. ભગવંતે નિષેધ કરેલું હોય તેને સાવદ્ય ગણવામાં આવે તો વૈયાવચ્ચ આદિ કાર્યોમાં પણ સાવદ્યત્વની પ્રાપ્તિની આપત્તિ આવશે ॥ ગાથાર્થ-૩૮ ॥

હવે પૂજામાં સાવદ્યપણું સ્વીકારવામાં અતિપ્રસંગદોષ કહે છે.

**अण्णह सा साहूणं, पूआ अणुमोअणोवएसेहिं।**
**णो जुत्ता जं तेसिं, सावज्जं सव्वहा हेयं॥३६॥**

જો આમ ન હોય તો એટલે કે–પૂજા આદિનું સાવદ્યપણું સ્વીકારવામાં આવે તો શ્રાવકો વડે કરીને પુષ્પ આદિ દ્વારા કરાતી પૂજા તે પૂજા, સાધુઓને ઉપદેશ કરવાનો કે અનુમોદના કરવાનો વિષય નહિ બને. જે કારણવડે કરીને **सव्वं सावज्जं जोगं पच्चक्खामि** આ વચનો વડે કરીને પાપ સહિતનું એવું જે અનુષ્ઠાન તે મન-વચન અને કાયા વડે કરીને કરવું-કરાવવું અનુમોદવું એ ત્રિવિધે ત્રિવિધે સર્વથા હેય કહેલું છે. સાધુઓ સાવદ્યને ઉપદેશે નહિં તેમજ તેની અનુમોદના પણ કરે નહિં. અને જો એવા સાવદ્યની અનુમોદના કે ઉપદેશ કરે તો અબ્રહ્મસેવા આદિના વિષે પણ ઉપદેશનો અને અનુમોદનાનો પ્રસંગ આવશે. આરંભજન્ય પ્રવૃત્તિમાં પણ આ દોષ ઉભો થશે.' તેવી શંકા ન કરવી. કારણ કે આરંભનું અનન્યગતિએ કરીને પૂજાનું કારણપણું હોવાથી અને પાપનો તેવા પ્રકારના સ્વભાવનો અભાવ હોવાથી. તેથી કરીને આરંભ હોવા છતાં પણ આરંભજનિત ફળનો અભાવ હોવાથી પૂજાનું નિરવદ્યપણું જ છે. અને તે નિરવદ્ય હોવાથી સાધુના પણ તે કર્ત્તવ્યરૂપેના નિષેધમાં અમે આગળ યુક્તિઓ બતાવી છે અને હવે પણ બતાવીયે છીએ. ॥ ગાથાર્થ-૩૯ ॥

હવે આ પ્રકરણનો ઉપસંહાર કરતાં છતાં જ સાધુ કર્ત્તવ્યતાના નિષેધમાં બીજી યુક્તિ બતાવે છે.

**तम्हा महव्वएसुं संकंतोऽणुव्वयाइ गिहिधम्मो।**
**जइ संकंता पंचममहव्वए, किं न ता पूआ?॥४०॥**

જેમ મહાવ્રતને વિષે અણુવ્રતાદિરૂપ જે ગૃહિધર્મ-છે તે સંક્રાન્ત થઈ જતો હોય છે તેમ પાંચમા મહાવ્રતને વિષે પૂજા પણ કેમ સંક્રાન્ત ન થાય? અર્થાત્ થાય જ. ॥ ગાથાર્થ-૪૦ ॥

હવે પાંચમા મહાવ્રતને વિષે જેવી રીતે દ્રવ્યપૂજા સંક્રાન્ત થાય છે તે રીત બતાવે છે.

**आणाइ दव्वपूआ, दव्वच्चाएण देसरूवेण।**
**सो सव्वदव्वच्चाए, जिणआणाए समोअरई॥४१॥**

દિવ્ય એવા પુષ્પ-ચંદન આદિ દ્રવ્ય સમુદાયથી સાધ્ય એવી જે દ્રવ્યપૂજા તે દેશદ્રવ્ય=ધનના ત્યાગવડે અને આજ્ઞાવડે થાય છે. દેશથી દ્રવ્યના ખર્ચવા વડે જ થાય છે. અને આજ્ઞા એટલે તીર્થંકરના ઉપદેશવડે થાય છે; નહિં કે પુષ્પ આદિ પદાર્થ માત્રના વ્યય કરવાથી. 'ઉત્સૂત્ર ભાષીઓને પણ તીર્થંકર ભગવંતની તેવી પૂજાનો પ્રસંગ હોવાથી' એ પ્રમાણે નહિં. કારણકે દ્રવ્યપૂજા ખરેખર ભાવપૂજા એટલે ભાવસ્તવનું કારણ છે. અને ચારિત્ર એ ભાવસ્તવ છે. પંચાશકમાં કહેલું છે :—

**'जिणभवण-बिंबठावण, जत्ता पूआ य सुत्तओ विहिणा।**
**दव्वत्थउत्ति णेअं, भावत्थयकारणत्तेणं॥१॥**

જિનેશ્વર ભગવંતનું ચૈત્ય બનાવવું, બિંબની સ્થાપના કરવી, યાત્રા કરવી, અને પૂજા કરવી. આ બધા કાર્યો સૂત્રોક્ત વિધિવડે કરાતા દ્રવ્યસ્તવ રૂપ જાણવા. અને તે ભાવસ્તવનું કારણ છે અને તે દ્રવ્યસ્તવ, ઉત્સૂત્રભાષીઓને અનંતકાળે પણ દુઃખે કરીને પ્રાપ્ત થાય તેવો છે. અનંતકાલસ્થિતિનો હેતુ તો કુપાક્ષિકો ભગવાનની જે પૂજા હોય તે પણ ઉત્સૂત્ર સંયુક્ત હોય છે.

કુસુમ આદિ પૂજા તો દૂર રહો; પરંતુ કુપાક્ષિકોની દીક્ષા પણ અનંત સંસારના હેતુરૂપ થાય છે. કેટલીક વસ્તુનો તેવા પ્રકારનો સ્વભાવ હોવાથી. આના માટેની યુક્તિઓ **તીર્થસ્વરૂપ વ્યવસ્થાપન પ્રસંગવાળા** પહેલાં વિશ્રામમાં બતાવી છે અને આ વાત જમાલી આદિઓને વિષે પ્રવચનમાં પ્રતીત જ છે. જે-જે કુમત છે તે બધા ક્રિયાના બળથી જ વધે છે અને એથી કરીને પૂજા આદિ જે ક્રિયાઓ છે એ જ તેઓને અને બીજાઓને અનુમોદના આદિના વિષયવડે કરીને અનર્થના કારણભૂત થાય છે. તેથી કરીને કુમતો, જેમ જેમ ક્રિયાની શિથીલતાવાળા હોય તેમ તેમ પ્રવચનનું હિત જ છે, તેમ બુદ્ધિમાનોએ સમજી લેવું.

હવે દેશથી દ્રવ્યત્યાગરૂપ પૂજા છે અને તે દ્રવ્યત્યાગ, 'સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં' એ પ્રમાણે સર્વ પરિગ્રહ ત્યાગાત્મક એવા પાંચમા-મહાવ્રતમાં જિનાજ્ઞાએ કરીને દાખલ થઈ જાય છે. આ વાતનો ભાવ એ છે કે જો સાધુઓને કુસુમ આદિ દ્રવ્યસ્તવ, નિર્જરાનું અંગ થતું હોત તો સર્વજ્ઞ ભગવંતો સાધુઓને સર્વપરિગ્રહનો ત્યાગ ન કરાવત. અને સાધુઓને સર્વ પરિગ્રહનો ત્યાગ કરાવેલો હોવાથી સર્વ પરિગ્રહ ત્યાગની અંતર્ભૂત થયેલો એવો પુષ્પાદિ દ્રવ્યસ્તવ જુદો કરાતા તીર્થંકરની આજ્ઞા બાહ્ય હોવાના કારણે તે દ્રવ્યસ્તવ, સાધુઓને તીર્થંકરની આશાતનારૂપ જ થાય છે. ॥ ગાથાર્થ-૪૧ ॥ હવે 'સાવદ્યપણું હોવાથી પૂજાદિ દ્રવ્યસ્તવની જેમ પ્રતિમાની પ્રતિષ્ઠા પણ શ્રાવકે જ કરવી જોઈએ' એવા તિલકાચાર્યે ઉદ્ભવાવેલાં અનુમાનના વિપરીતતાના સાધક એવા પ્રતિપક્ષીભૂત અનુમાનને કહે છે.

**जिणपडिमाण पइट्ठा कायव्वा मुनिगुरूहिं जगसक्खं ।**
**तेलुक्कपूअकारण-भावा गणहरपइट्ठ व्व ॥४२॥**

'જિનપ્રતિમાની પ્રતિષ્ઠા આચાર્ય ભગવંતો આદિએ જગત સમક્ષ કરવી. અને કોઈપણ જાતનું આપવાદિકપણું નહિં હોયે છતે ત્રૈલોક્યને પૂજાનું કારણપણું હોવાથી. જેમ ગણધરપદની સ્થાપના થાય છે. તેવી રીતે કરવી.' હવે આ વાતનું વ્યાપ્તિ પક્કડપણું આ પ્રમાણે :—જે જે ત્રણે લોકમાં પૂજાનું કારણ હોય તે તે મુનિગુરુ એટલે આચાર્યોએ કરવી જ જોઈએ. જેવી રીતે ગણધરપદની પ્રતિષ્ઠા. તેમાં હેતુ અને સાધ્ય-એ બન્નેનું-વિદ્યમાનપણું હોવાથી. આ ગણધરપદ પ્રતિષ્ઠા અને જિનપ્રતિમા પ્રતિષ્ઠા એ બન્નેના સાધ્યસિદ્ધિમાં મુનિગુરુ એટલે આચાર્ય મહારાજ. અને મુનિગુરુ એટલે તીર્થંકર જાણવા; પરંતુ ગૃહસ્થીએ કરેલું પ્રતિષ્ઠાકાર્ય ત્રણે લોકમાં પૂજયત્વનો હેતુ થતો નથી.

કોઈ ઠેકાણે ચરિતાનુવાદમાં (ગૃહસ્થકૃતા પ્રતિષ્ઠા) ત્રૈલોક્ય પૂજયત્વનો હેતુ દેખાય છે. તે દિવ્યાનુભાવ આદિ ભાવાત્મક હોવાથી ઔપાધિક જ જાણવો અને એવી દેવતાની સાન્નિધ્યતા જે છે

તે વિધિવાદમાં-ઉત્સર્ગમાર્ગમાં વિચારની ક્ષમતાવાળો નથી (અવકાશ નથી)

જેવી રીતે અવિરતિ એવા દેવતાઓએ આપેલું સાધુલિંગ, એ સાધુલિંગને ધારણ કરનાર કોઈ સાધુ ત્રણ લોકને વિષે પણ આરાધનીય બની જાય છે. તેવી રીતે બારવ્રતધારી શ્રાવકે આપેલા સાધુલિંગને ધારણ કરનારો સાધુ ત્રણ લોકને વિષે આરાધ્ય બનતો નથી. પૂજ્ય બનતો નથી

તેવા પ્રકારનો અનાદિ સિદ્ધ જગત સ્વભાવ હોવાથી. આ ગાથાની અંદર ''જગત સાક્ષીએ'' એ પદ કહ્યું છે એનાથી તે ધ્વનિત કરવા માંગીએ છીએ કે 'પ્રતિષ્ઠાકૃત્ય ખાનગી નહિ કરવાનું; પણ રાજા અમાત્ય આદિ મહર્ધિક સમુદાય સમક્ષ કરવું.' કારણ કે સમસ્ત જનસાક્ષીએ કરેલ પ્રતિષ્ઠા કૃત્ય સમસ્ત એવા લોકને પણ આરાધ્ય તરીકે સંમત થાય છે. તેમાં પણ સાધુ ભગવંતે કરેલું પ્રતિષ્ઠાકાર્ય નિર્વિવાદે જ સમસ્ત લોકને માન્ય થાય. કારણકે સાધુ સર્વજનને માન્ય છે ॥ ગાથાર્થ-૪૨ ॥

હવે સત્પ્રતિપક્ષિત એવું તિલકાચાર્યએ ઉભું કરેલું અનુમાન કેવા પ્રકારનું થયું? તે કહે છે.

**पडिवक्खऽणुमाणसरप्पहओ तुह हेउ सउणि गयपक्खो।**
**सिद्धंत पक्खजुत्तो, हेउसरो जयउ अम्हाणं॥४३॥**

પ્રતિપક્ષ અનુમાન એટલે પારકાએ ઉદ્ભવાવેલ અનુમાન પૂર્વકના સાધ્યથી વિપરીત એવા વિપરીત સાધક અનુમાન રૂપી બાણથી હણાયેલું છે. હે તિલકાચાર્ય! તારો 'સાવદ્યપણું હોવાથી.' એ હેતુરૂપી જે પક્ષી તે પક્ષી કેવું? (જેની પાંખો તૂટી ગઈ છે તેવું) એટલે પાંખ તૂટેલા પક્ષી જેવો તારો હેતુ થઈ ગયો છે. જેવી રીતે બીજું કોઈ પંખીડું શીકારી આદિના બાણથી હણાયેલ છતે પાંખરહિતનું થયેલું તે પંખી ઉડવાને અસમર્થ થાય છે અથવા તો પ્રાણરહિત થાય છે. તેવી રીતે તારું અનુમાનરૂપી પંખી તીર્થ પ્રેરિત અનુમાન બાણથી હણાયેલું જાણવું.

જ્યારે આમ જ છે તો અમારું ત્રૈલોક્યપૂજા કારણપણું હોવાથી એ રૂપી હેતુસ્વરૂપ બાણ ચિરકાલ જય પામો. અમારું બાણ કેવું છે? સિદ્ધાંતપક્ષથી યુક્ત એટલેકે અનેક પ્રતિષ્ઠાકલ્પ આદિ સ્વરૂપ વચનનું અનુયાયી=અનુસરનારૂં છે. જેમ લૌકિક બાણ પરિકર્મ વડે કરીને જેના છેડાઓ સંસ્કારિત કરાયેલા છે તેવા જેના પાંખીયા છે તેવું. તેવી રીતે અમારું બાણ પણ અનેક પ્રતિષ્ઠાકલ્પોથી પરિકર્મિત કરેલું છે. પાંખીયા વગરનું બાણ ગતિ કરવા સમર્થ નથી. અને એથી કરીને તારા અનુમાનરૂપી પક્ષીને હણનારું એવો સિદ્ધાંતપક્ષરૂપ પાંખીયાથી યુક્ત એવું અમારું બાણ જય પામો. ॥ ગાથા-૪૩ ॥

એ પ્રમાણે ચંદ્રપ્રભાચાર્ય અને તિલકાચાર્ય વિરચિત એવા હેત્વાભાસથી પ્રસાયેલા અનુમાનો શ્રાવકની પ્રતિષ્ઠા સ્થાપન કરવા માટે સમર્થ થતાં નથી. એ જણાવ્યા બાદ સાધુ પ્રતિષ્ઠા વ્યવસ્થાપન કરવા માટે અનુમાનો અને આગમ સંમતિઓ બતાવી. હવે કાલના પ્રભાવથી કેટલાકોનું મતિમંદપણું હોવાથી તિલકાચાર્યે કરેલા પ્રતિષ્ઠાકલ્પને જોઈને શંકા ઉત્પન્ન થાય છે. તે દૂર કરવાને માટે ગાથા કહે છે.

**जो पुण तिलगायरिओ, कुवक्खमुक्खो मयाणुराएण।**
**लविओ कप्पाभासे, अमुणंतो धम्मपरमत्थं ॥४४॥**

જે કુપાક્ષિકોમાં મુખ્ય અને અજ્ઞાનથી અંધ થયેલ છે એવો તિલકાચાર્ય, પોતાના મતના અનુરાગવડે કરીને પોતાના જ મતની દૃઢતા કરવા માટે ગ્રંથ કરનાર હોવાથી શેષ કુપાક્ષિકોની અપેક્ષાએ પ્રસિદ્ધ છે. અથવા તો કુપાક્ષિકોની અંદર મૂર્ખ છે. મૂર્ખપણું એ રીતે કે પ્રતિષ્ઠાકલ્પ આદિ ગ્રંથોની રચનામાં પોતે અનુમાન આદિના પ્રયોગો કરવામાં અશક્ત અને પારકાઓએ કરેલા અનુમાન પ્રયોગોના દૂષણ અને ભૂષણોને નહિં જ જાણતાં છતાં પણ પુનમીયા મતને પ્રગટ કરનાર ક્રોધાવિષ્ટ એવા ચંદ્રપ્રભાચાર્ય વડે કરીને શ્રાવકની પ્રતિષ્ઠા વ્યવસ્થાપના માટે ઉદ્‌ભવેલાં જે હેત્વાભાસો તે જ હેત્વાભાસોને આંધળાની યુદ્ધની જેમ પોતાની ચતુરાઈ બતાવવા માટે પોતાની કૃતિ તરીકે લખી નાંખ્યા. તો તેમ કરવામાં તેનું (ચંદ્રપ્રભાચાર્યનું) મૂર્ખપણું પણ ન જાણ્યું? કહેલું છે કે :—

**मुक्खो ताव महग्घो, मोण काऊणं सयलमज्झंमि।**
**जाव न खसरखसप्पुसव्व, फुप्फुसखसफसं कुणई॥१॥**

મૂર્ખા ત્યાં સુધી જ મહર્ધતાને પામે છે કે બધી પર્ષદાની અંદર મૌન ધારણ કરીને બેસે ત્યાં સુધી. નહિં તો ખસરખસ-પૂસ ફુફસ-ખસફુસ એવું બોલે એ પ્રમાણે (તો તરત મૂર્ખત્વ જણાઈ આવે) પંડિતોની આવી ગતિ ન હોય. જયારે અમારા પૂર્વ ક્રોધવડે કરીને અથવા અનાભોગ આદિની પરવશપણાએ કરીને જે કાંઈ કર્યું હોય, કરાવ્યું હોય અથવા પ્રગટ કર્યું હોય તે બધું જ પ્રમાણ તરીકે સ્વીકારીને પંડિતની પર્ષદામાં સ્થાપન કરાય તો વ્યવસ્થાપન કરવામાં પોતાની જ મૂર્ખતા પ્રગટ કરવાનું થાય છે. બળવાન એવા પણ પુરુષવડે કરીને પ્રામાણિક પર્ષદાને વિષે પરવાદીના જયને માટે ઉદ્‌ભવાવેલો અનુમાન આભાસ. એ અનુમાનાભાસ પોતાને જ શરણ થવા યોગ્ય બનતો નથી. જેવી રીતે ખડ્‌ગનો આભાસ કરાવતો એવા આકડાના લાકડાના ટુકડા વડે કરીને વૈરી સૈન્ય જીતી શકાય ખરું? ન જ જીતાય. ઈત્યાદિ વાતો પોતે જ સમજી લેવી જોઈએ. ગાથાની અંદર **मतानुराग** એ પદ વડે કરીને તિલકાચાર્યનું પુનમીયામતની શાખામાં પડવાપણું સૂચવ્યું અને તિલકાચાર્યે કલ્પભાસમાં જે તે પ્રલાપ કર્યો છે. તે 'કલ્પ'શબ્દ વડે કરીને પ્રતિષ્ઠાકલ્પ જાણવો. પ્રતિષ્ઠાકલ્પ નહિ હોવા છતાં પણ પ્રતિષ્ઠાકલ્પના આભાસસ્વરૂપ એવા તે પ્રતિષ્ઠાકલ્પને વિષે શ્રુત અને ચારિત્રરૂપ જે ધર્મ એનું જે રહસ્ય સ્વરૂપને તથા સામાન્ય-વિશેષ, ઉત્સર્ગ અને અપવાદ જાણ્યો નથી જેણે એવા તિલકાચાર્યે અસંબદ્ધ પ્રલાપ કર્યો છે.

હવે તિલકાચાર્યનાં પ્રલાપનું પ્રગટપણું કરવાને માટે તેણે વિકલ્પેલી પ્રતિષ્ઠાકલ્પની પીઠિકા દેખાડાય છે.

ઓઁ નમો ભગવતે શ્રીપંચમંગલાય

**येनास्त्ररहितेनापि, विषमास्त्रो विनिर्ज्ञितः। महावीरः स वः पायाल्लोकोत्तरपराक्रमः॥१॥**

**सर्वोत्तमसमाचीर्ण ज्ञान चारित्रदर्शनाः। गुरवः सुखमेधन्ता, सिद्धिश्रीसंगमोद्यताः॥२॥**

**साधूनां श्रावकाणां च, विधिर्यत्र निरुच्यते। सनिष्कन्दितसंदेहश्चिरं जीयाज्जिनागमः॥३॥**

**एवं समाहितस्वान्तः स्मृत्यर्थं भविनां सदा। जिनविम्बप्रतिष्ठानविधिमाविष्करोम्यहम्॥४॥**

"જે શસ્ત્રરહિત હોવા છતાં પણ કામદેવને જીત્યો છે જેમણે એવા લોકોત્તર પરાક્રમવાલા મહાવીર તમારું રક્ષણ કરો-૧ સર્વોત્તમ એવી જ્ઞાન-દર્શન અને ચારિત્રની આચરણા કરી છે જેમણે એવા અને મોક્ષવધૂના સંગમને માટે ઉજમાળ એવા ગુરુઓ સુખને આપો-૨ સાધુઓ અને શ્રાવકોની વિધિ જેની અંદર કહેવાયેલી છે. અને સંદેહો જેમાંથી દૂર થઈ ગયા છે એવું જિનાગમ જયવંતુ વર્તો. ૩ -આ પ્રમાણે સમાધિમય અન્તઃકરણવાળો એવો હું ભવ્ય પ્રાણીઓની સ્મૃતિ માટે જિનેશ્વર ભગવાનના બિંબની પ્રતિષ્ઠાવિધિને પ્રગટ કરું છું. ૪"

હવે અહિંયા પહેલાં જ પોતાના આત્માના દુશ્મન અને ચિરપરિચીત એવા અને અપાર-સંસારરૂપ જંગલની અંદર પરિભ્રમણનો વિરહ ન થાય તે માટે ડરપોક એવા, મોક્ષવધૂને આલિંગનરૂપી યોગ્યતાથી રહિત એવા, કુગતિરૂપી સ્ત્રીના આલિંગનમાં બદ્ધરાગવાળા એવા કેટલાક ઉત્સૂત્રપ્રરૂપકો અને યથાછંદ મતિવાળા આત્માઓ પોતે સ્વીકારેલા જે નિષ્કપટ એવા પાંચ મહાવ્રતોને આદરનાર એવા સાધુઓનું પ્રતિષ્ઠાકારપણું જણાવે છે. તે અસંગત છે. પ્રતિષ્ઠાકારકનું આ પ્રમાણે સ્વરૂપ જણાવાય છે.

**न्हायविलित्तउ चंदणिण, गंधसुगंधिअ देह।**
**परिहाविअसिअसदस जुयल गुणगणरयणहगेह॥११॥**

**तक्खणि दक्खिणि करि धरिअं कंकणकडहसणाहु।**
**सुंदरमुद्दारयणजुय दक्खिणकरतरुसाहु॥२॥**

**सुट्टु पइट्ठाकार तहिं वण्णिज्जउ जयवंतु।**
**जो नवि नाहिअमयकलिओ न कुदंसण दिसंतु॥३॥**

અર્થ-"સ્નાન કરીને-ચંદનના વિલેપને કરીને ગંધથી સુગંધિત દેહવાળો-દશીયુક્ત વસ્ત્રયુગલ પહેરેલું છે જેમણે એવા ગુણના સમુદાયરૂપીરત્નના ભંડાર જેવો અને તત્ક્ષણ જમણાં હાથની અંદર કંકણ-કટક અને સુંદર મુદ્રિકા રત્નથી શોભતા એવા જમણા હાથરૂપી તરુશાખા=આંગળીઓ છે જેમની અને જે અધિક મદથી કલિત નથી. અને કુદર્શનને દેખાડતો નથી. એવો પ્રતિષ્ઠાકારક (શ્રાવક) વર્ણવ્યો છે. -૩- **तत्र-वयछक्कं कायछक्कं अकप्पो गिहिभायणं। पल्लिअंक निसिज्जाए सिणाणं सोभवज्जणं॥१॥**

એ પ્રમાણેના આગમના વચનવડે કરીને સાધુઓને સ્નાન-શરીરે ચંદનનું વિલેપન અને સુગંધીચૂર્ણો વડે કરીને શરીરને સુગંધિત કરવું. આ શોભાનું કારણ હોવાથી સાધુઓને શોભતું નથી અને **आयपमाणाकप्प** એ આગમ વચન હોવાથી અચેલકત્વ સ્થાપવાને માટે પ્રમાણોપેત વસ્ત્ર પહેરવા વડે કરીને દશીવાળું એવું અખંડવસ્ત્ર પહેરવું યોગ્ય નથી. તેમજ

**जत्थ हिरण्ण सुवण्णं, हत्थेण पराणयंपि णो छुप्पे।**
**कारण समल्लिअंपिहु गोअम! गच्छ तयं भणिमो॥१॥**

એવા આગમના વચનવડે કરીને સાધુઓને સોનાના સ્પર્શ માત્રનો નિષેધ છે. તો પછી કંકણ-મુદ્રિકા આદિ અલંકારોથી શરીર કેવી રીતે શણગારે? માટે કરીને પ્રતિષ્ઠા કારકના કહેલા બધા જ લક્ષણો સાધુને માટે વિરુદ્ધમાં જાય છે અને શ્રાવકની તરફેણમાં જાય છે. માટે 'પ્રતિષ્ઠા શ્રાવકે જ કરવી' જોઈએ. અમે આ માટે અને અનુમાન કરીયે છીએ કે પુષ્પ પૂજાદિની જેમ પ્રતિષ્ઠાકાર્ય દ્રવ્યસ્તવરૂપ હોવાથી જિનબિંબની પ્રતિષ્ઠા શ્રાવકે જ કરવી જોઈએ. પ્રતિષ્ઠાનું દ્રવ્યસ્તવપણું આ પ્રમાણે :—

**जिणभवण बिंबठावण जत्ता पूआइ सुत्तओ विहिणा।**
**दव्वत्थउ त्ति णेअं, भावत्थयकारणत्तेणं॥१॥**

જિનેશ્વર ભગવાનનું ભવન, જિનબિંબ-જિનબિંબપ્રતિષ્ઠા-યાત્રા-પૂજા આદિ સૂત્રોક્ત વિધિવડે કરીને કરવું તે દ્રવ્યસ્તવ જાણવો. અને તે દ્રવ્યસ્તવ, ભાવસ્તવનું કારણરૂપ છે. તેમજ **सावद्यस्वरूपत्वात्** એ પ્રમાણેનો હેતુ હોવાથી જિનપ્રતિષ્ઠા શ્રાવકે જ કરવી જોઈએ-પ્રતિષ્ઠા સાવદ્યરૂપે આ રીતે છે.

સાત પ્રકારની શુદ્ધિ કરીને પ્રતિષ્ઠાકારક શ્રાવક, ચંદનને મંત્રીને પોતાના હાથે બિંબને વિલેપન કરે. અભિમંત્રિત કરેલા ધૂપને પોતાના હાથે ઉખેવે. (કરે) પુષ્પ અને વાસચૂર્ણથી યુક્ત તથા અભિમંત્રિત એવું મીંઢોળ બાંધવાનું કામ પોતાના હાથે કરે. તાજા, સુંદર વસ્ત્રવડે કરીને પ્રતિમાનું આચ્છાદન કરે. તેની ઉપર ચંદનના છાંટણાં નાંખે. પુષ્પોનો ક્ષેપ કરે. વિધ વિધ પ્રકારના ગંધોથી મિશ્રિત એવા સાત ધાન્યનો પ્રક્ષેપ પોતાના હાથે કરે. ત્યાર પછી લગ્ન સમય પ્રાપ્ત થયે છતે ત્રણ પાંચ કે સાત વાર પ્રતિમાના સર્વાંગનો સ્પર્શ કરે. વળી પાછો વાસક્ષેપ કરે. અને પુષ્પારોપણ પ્રતિષ્ઠાકારક પોતાના હાથે કરે. આ પ્રમાણે સર્વ પ્રતિષ્ઠાકલ્પોમાં કહેલું હોવાથી.''

એ પ્રમાણે પોતાના મતના અનુરાગ વડે કરીને 'શ્રાવકની પ્રતિષ્ઠા સ્થાપવાને માટે' કુપાક્ષિકોને વિષે તિલક સમાન એવા તિલકાચાર્યે ઉત્સૂત્રરૂપી વિષ્ટાથી ભરેલી છે મુખ અને ચાંચ જેમની એવા પોતાના અપત્યોના (શિષ્યો) વિશ્રામને માટે ગાંડા માણસના ખેલ જેવી, જેવા તેવા પ્રભાવવાળી આ પ્રતિષ્ઠાકલ્પના આભાસની પીઠિકા બનાવી છે. તેમાં સામાન્યથી તેને આ પ્રમાણે પૂછવું કે–

હે તિલકાચાર્ય! આ પ્રમાણેની શુદ્ધિ કરીને પ્રતિષ્ઠાકારક ચંદનને અભિમંત્રીને પોતાના હાથે બિંબને વિલેપન કરે. ઇત્યાદિરૂપવાળો પ્રતિષ્ઠાવિધિ તારાવડે ક્યાંથી લખાયો? (૧) શું સિદ્ધાંતમાંથી લખાયો? (૨) કે–પૂર્વાચાર્યોએ બનાવેલા પ્રકરણોમાંથી લીધો? અથવા (૩) પૂર્વ ભવમાં તે અભ્યાસ કરેલો હોય અને તેના હેતુરૂપ જ્ઞાન, જાતિસ્મૃતિ આદિ જ્ઞાનથી લખ્યું? કે તારી મતિ વિકલ્પનાથી કર્યું છે?

પહેલો વિકલ્પ તો નથી. કારણ કે કોઈપણ સિદ્ધાંતમાં તારી લખેલી વિધિની પ્રાપ્તિ નથી.

બીજા વિકલ્પમાં પ્રકરણો પણ ચરિત્રાદિરૂપ? કે પ્રતિષ્ઠાવિધિના પ્રતિપાદકરૂપ? તે બીજા વિકલ્પમાંનો પહેલો વિકલ્પ પણ નથી. બીજી વાત દૂર રહો પરંતુ તારાવડે જ તારા પ્રતિષ્ઠાકલ્પમાં નામગ્રહણ કરવાપૂર્વક બતાવાયેલા **ઉપમિતિભવપ્રપંચા** આદિ ચરિત્રરૂપ જે પ્રકરણો છે તેમાંના કોઈપણ ગ્રંથમાં તારી કહેલી વિધિના ગંધનો પણ સંભવ નથી.

તેવી રીતે કોઈપણ સ્થલે **તિલકમંજરી** આદિમાં ઇન્દ્ર મહારાજા સુધીના કોઈપણ વડે પહેલું અભિમંત્રિત ચંદન વડે કરીને જિનબિંબ લેપાયું નથી. તેમજ અભિમંત્રિત ધૂપને ઉખેવવો (કરવો) યાવત્ મંત્રન્યાસ કરવાપૂર્વક નેત્રોન્મીલન કર્યું હોય એવું દેખાતું નથી. તારા માટે ઉપદેશને યોગ્ય એવું તેટલા માત્રનું જ આ કથન છે.

(૩) 'હવે પ્રતિષ્ઠા વિધિના પ્રતિપાદક એવા જે પ્રતિષ્ઠાકલ્પરૂપ પ્રકરણોમાંથી આ વિધિ લીધેલ છે' એમ જો કહેતો હોય તો તે પ્રતિષ્ઠાકલ્પો તારે પ્રમાણ છે કે અપ્રમાણ? જો પ્રમાણ જ છે તો વિવાદને દત્તાંજલી આપી દે. તે પ્રતિષ્ઠાકલ્પને વિષે જે કૃત્યો શ્રાવકના છે તે શ્રાવકોને જ કરવાના છે. અને જે કૃત્યો સાધુને કરવાના છે તે સાધુને જ કરવાના છે એવું પ્રતિપાદન કરેલું હોવાથી. તારે ઇષ્ટ એવી 'શ્રાવકની પ્રતિષ્ઠા'-દૂર નાશી ગઈ. હવે તારી પ્રતિષ્ઠાકલ્પની પીઠિકાની અંદર શરુઆતમાં જ **ये केचित् उत्सूत्रप्ररूपिणो** 'જે કેટલાક ઉત્સૂત્ર પ્રરુપીઓ થયા છે તે, જે સ્વેચ્છાચારિઓ, પોતાના આત્માના શત્રુઓ ચિરપરિચીત એવા અપાર સંસારરૂપી જંગલમાં ફરવાનો વિરહ ન થાય એમાં કાયર' ઇત્યાદિ પ્રકારના અનાર્યજનને ઉચીત એવા દુર્વચનો દ્વારા સાધુપ્રતિષ્ઠાના વ્યવસ્થાપક એવા અને તીર્થને સંમત—માન્ય એવા શ્રી હરિભદ્રસૂરિ આદિ પૂર્વાચાર્યોની મહાઆશાતના કરીને સૂરિપ્રતિષ્ઠાનું વિધાન કહેનારા એવા તે મહાપુરુષોના પોતાના બનાવેલા પ્રતિષ્ઠાકલ્પોમાંથી જ બાકીની પ્રતિષ્ઠા વિધિ ઉદ્ધરીને તારી બનાવેલી પ્રતિષ્ઠાભાસ સ્વરૂપ એવા પ્રતિષ્ઠાકલ્પમાં લખતો હોવા છતાં પણ પાછો સાધુપ્રતિષ્ઠાને ઉત્થાપન કરવાને માટે તે જ હરિભદ્રસૂરિ આદિઓએ કરેલા પંચાશકાદિ ગ્રંથોની સંમતિને આગળ ધરતો એવો હે નિર્લજ્જ! તિલકાચાર્ય! તું કેવા પ્રકારનો છે? અને તું કંઈ જાતનો ગણવો? તે કહે. વળી 'કોઈપણ જાતના સ્થાન વગરની શોકયને પિતાનું ઘર—મોશાળ જ સ્થાન છે.' એ કહેવતને તેં સાચી કરી બતાવી છે. બીજી વાત હે તિલકાચાર્ય! **सर्वप्रतिष्ठाकल्पेषु उक्तत्वात्**'બધા પ્રતિષ્ઠાકલ્પોમાં કહેલું હોવાથી'. એ પ્રમાણેના વચન વડે કરીને જે પ્રતિષ્ઠાકલ્પો તારા વડેજ સંમતિ માટે સ્વીકારાયા છે તે પ્રતિષ્ઠાકલ્પોમાં કોઈપણ ઠેકાણે 'મંત્રન્યાસ કરવો. નેત્રોન્મીલન કરવું આદિ કાર્ય શ્રાવક જ કરે. પણ સાધુ ન કરે' એવું લખેલું તેં જોયું છે ખરું? જો નથી જ જોયું તો તારા બાપનું શું જાય છે કે જેથી કરીને તું કંઠ સુધી આંતરડું આવી જાય એવા પ્રકારના બળપૂર્વક બાઢ સ્વરવડે કરીને **'શ્રાવકે જ પ્રતિષ્ઠા કરવી. સાધુનો તેમાં અધિકાર છે જ નહિ'**. એવું લખ્યા કરે છે? હવે જો તે પ્રતિષ્ઠા કલ્પો પ્રમાણ નથી'. એમ જો બોલતો હોય તો બોલીશ નહિ. કારણકે તે તે પ્રતિષ્ઠાકલ્પો આદિને બનાવનારા એવા શ્રી હરિભદ્રસૂરિ આદિ મહાપુરુષોની અનાપ્તપણાની આપત્તિવડે કરીને અને તેમના જ બનાવેલા પંચાશક આદિ ગ્રંથોની સંમતિરૂપે રજુ નહિં કરવાની આપત્તિ આવતી હોઈને તારા બનાવેલા પ્રતિષ્ઠાકલ્પાભાસની નિર્મૂલતાની આપત્તિ આવશે.

હવે જો (૩) 'પૂર્વભવમાં અભ્યાસ કરેલા જ્ઞાનના હેતુથી અથવા જાતિસ્મરણ આદિથી આ બધું લખું છું.' એવા પ્રકારનો ત્રીજો વિકલ્પ કહેતો હોય તો દિવ્ય કરવાપૂર્વક-બધાને ખાત્રી કરવાપણું તેમાં રહેતું હોવા વડે કરીને અને અકિંચિત્કર હોવાથી તે ત્રીજો વિકલ્પ સભામાં બોલવા જેવો પણ નથી.

હવે છેલ્લો જે ચોથો વિકલ્પ જે સ્વમતિકલ્પનાનો છે તે ઢેડની જેમ અસ્પૃશ્ય જ છે. કારણકે–પોતાની મતિથી વિકલ્પેલું કાર્ય કોઈનો પણ વિશ્વાસનો હેતુ બનતું નથી. તેથી કરીને પ્રતિષ્ઠાકલ્પનો આભાસ કરાવવાવાળી એવી પ્રતિષ્ઠાકલ્પની કૃતિ તારા વડે જ બનાવાઈ. ને કૃતિના પણ મૂળ સ્વરૂપ એવા શ્રી હરિભદ્રસૂરિજી. મ. આદિના કરેલા પ્રતિષ્ઠાકલ્પો પ્રમાણ કરવા જ જોઈએ. અને એ પ્રમાણ ન કરે તો ''સર્વે પ્રતિષ્ઠાકલ્પોમાં કહ્યું છે'' તે પ્રમાણે બોલવું અશક્ય છે. અને તે પ્રતિષ્ઠાકલ્પોનું પ્રામાણિકપણું સ્વીકારે છતે તારો વિકલ્પેલો પ્રતિષ્ઠાકલ્પ અર્ધજરતીય ન્યાયને પામતો છતો સાંભળવાને માટે પણ યોગ્ય નથી. અને એથી કરીને વગર મહેનતે જ સાધુએ પ્રતિષ્ઠા કરવી તે સિદ્ધ થાય છે. ॥ ગાથાર્થ-૪૪ ॥

હવે આ કહેલી બધી વાતનો સંગ્રહ કરનારી એવી ત્રણ ગાથા કહે છે.

**नणु तुह पइट्ठकप्पे, विहिलिहिओ आगमा–पगरणेहिं ?**
**पढमो तुहंऽपणिट्ठो, बीए चरिअं च विहिमंतं ॥४५॥**

**दमयंतीपमुहाइं, जाइं चरिआइं तएवि वुत्ताइं।**
**तेसुवि तुह लिहिअविही न दीसई आससिंगुव्व ॥४६॥**

**विहिमंतं पुण पगरण, पइट्ठकप्पो हविज्ज जइ तुम्हं।**
**ता अम्हाणवि इट्ठं, सूरि पइट्ठा जिणुवइट्ठा ॥४७॥**

તારા બનાવેલા પ્રતિષ્ઠાકલ્પમાં તેં જે કાંઈ વિધિ લખ્યો છે. તે વિધિ આગમમાંથી લીધેલો છે કે પ્રકરણોમાંથી લીધો છે? જો 'આગમમાંથી લીધો છે' એમ કહેતો હોય તો તે વિકલ્પ તને પણ અનિષ્ટ છે. કારણકે આચારાંગ આદિ આગમમાં તારી કહેલી વિધિની કોઈપણ ઠેકાણે પ્રાપ્તિ નથી. બીજો વિકલ્પ, જે 'પ્રકરણમાંથી લીધું' તે રૂપ બીજા વિકલ્પમાં પ્રકરણ પણ કયું? ચરિતાનુવાદરૂપ કે વિધિવાદ રૂપ? ચરિતાનુવાદરૂપ પ્રકરણ જો કહેતો હોય તો દમયંતી આદિના જે ચરિત્રો કે જે તેં સંમતિ તરીકે સ્વીકારેલ છે તેમાં પણ તારી લખેલી વિધિ, ઘોડાના શિંગડાની જેમ દેખાતી નથી. જેમ ઘોડાનું શિંગડું અદૃશ્ય હોય છે તેમ તારી કહેલી વિધિ ચરિત્ર, પ્રકરણોમાં દેખાતી નથી.

હવે જો બીજા વિકલ્પમાં 'વિધિવાદ' કહેતો હોય તો તે વિધિના પ્રતિપાદક એવા જે

પ્રતિષ્ઠાકલ્પો છે તે તો અમને પણ ઇષ્ટ છે. અને તે પ્રકરણોને વિષે તો આચાર્ય મહારાજે કરેલી પ્રતિષ્ઠા જિનેશ્વર ભગવંતે કહેલું સિદ્ધ થાય છે. ॥ ગાથાર્થ-૪૫-૪૬-૪૭ ॥

હવે ફલિતાર્થને કહે છે.

**तम्हा जत्थ नवीणं, बिंब निम्मविअं मट्टिआइमयं।**
**महिअं अहिग्गहीहिं, तत्थ विही नेव सत्थुत्तो॥४८॥**

જે કારણથી પ્રતિષ્ઠાકલ્પમાં કહેલી વિધિ કે જે **सूरिः प्रतिष्ठां कुर्यात्** આચાર્ય મહારાજ પ્રતિષ્ઠા કરે. ઇત્યાદિ વચનો વડે કરીને પ્રગટ પ્રમાણ છે. તે કારણથી માટી કે છાણ આદિ દ્રવ્યથી બનાવેલી 'જિનપ્રતિમાને નમસ્કાર કરીને જ ખાવું કલ્પે, નહિંતર નહિ.' એવા અભિગ્રહવાળાઓએ ક્યારેક તેવું પ્રયોજન પ્રાપ્ત થયે છતે બિંબ, સામગ્રીના અભાવે બનાવેલ હોય તો તેમાં શાસ્ત્રોક્ત વિધિ એટલે કે પ્રતિષ્ઠાકલ્પમાં કહેલી વિધિ ન સંભવે.

પરંતુ પ્રતિષ્ઠાકલ્પમાં કહેલી વિધિ પ્રમાણે પ્રતિષ્ઠા કરવાની ઇચ્છાવાળો કોઈપણ આત્મા, માટી આદિનું જિનબિંબ કરતો નથી. કારણકે તેવા પ્રકારે બનાવેલ બિંબ, જળના સ્પર્શ માત્રથી જ નષ્ટ થઈ જવાપણાવાલું હોવાથી. સ્નાત્ર આદિ વિધિ કરવાનો સંભવ ક્યાં હોય? વળી પોતાના અભિગ્રહના પરિપાલન માટે માટી આદિના દ્રવ્યો વડે કરીને તીર્થંકરનો આકાર બનાવીને ચૈત્યવંદનની શુદ્ધિ માટે નવકાર માત્ર વડે જ તેમાં તીર્થંકરની સ્થાપના કરાય છે.

તેવા પ્રકારની પ્રતિમા તેવા પ્રકારની ભવિતવ્યતાના વશથી દેવતાધિષ્ઠિત થવા વડે કરીને તે પ્રતિમા તીર્થપણે પ્રવર્તી હોય તે બધાને પણ સંમત થાય છે તેમ જાણવું. અને એથી કરીને એવા કારણોને લઈને શાસ્ત્રોક્ત વિધિ લોપાતો નથી. ॥ ગાથાર્થ-૪૮ ॥

હવે પોતાના બનાવેલા પ્રતિષ્ઠાકલ્પને વિષે તિલકાચાર્યે પ્રતિષ્ઠા આદિના શબ્દોના અર્થને જેમ તેમ કરેલા હોવાથી ઘણાં માણસોને ભ્રાંતિજનક થાય છે. એથી કરીને તે ભ્રાંતિ દૂર કરવા માટે પ્રતિષ્ઠા શબ્દનો ક્યો અર્થ થાય? તે બતાવે છે.

**सेसहिगारि पइट्ठा, पइट्ठिअपडिमाण—मासणट्ठवणा।**
**अहिगारट्ठपवित्ती, जह लट्ठिपइआ य धया॥४९॥**

નવીન પ્રતિમા કરવા સિવાયના અધિકારમાં જ્યાં કોઈપણ સ્થળે પ્રતિષ્ઠા શબ્દ દેખાય છે. ત્યાં પ્રતિષ્ઠા શબ્દનો અર્થ પ્રતિષ્ઠિત થયેલી એવી જુની પ્રતિમાઓના 'આસનની સ્થાપના' એ અર્થ કરવો. એટલ કે પ્રાસાદ, સિંહાસન આદિ નવીન બનાવીને તેની ઉપર પ્રતિષ્ઠિત પ્રતિમાઓને પૂજા નિમિત્તે બેસાડવા. તેનું નામ પ્રતિષ્ઠા : આ પ્રતિષ્ઠા શબ્દનો અર્થ છે. આ પ્રતિષ્ઠા શબ્દનો અર્થ ક્યાંથી લીધો? **अधिकारात् प्रकरणविशेषात्**:—અધિકારથી=પ્રકરણ વિશેષથી અર્થનો સ્વીકાર કરવો. આ વાતમાં

દૃષ્ટાંત આપે છે કે જેવી રીતે **लट्ठिपइट्ठिया धया** લાકડી (ધજાદંડ) પર ધજાનું આરોપણ કરવું. એટલે ધ્વજની પ્રતિષ્ઠા કરી. પર્યુષણા કલ્પમાં કહેલું છે તેમજ **तओ पुण०** ત્યારબાદ જાત્યવંતસુવર્ણના દંડ ઉપર પ્રતિષ્ઠિત કરેલ અને નીલકમલની માળાવાળી ધજા.'

**भ(अ)रहंत पइट्ठाए महुरानयरीए मंगलाइं तु।**
**गेहेसु चच्चरेसु अ छन्नवइगामअद्धेसु॥१॥**

**અરહંત પઈટ્ઠાએ મહુરાનયરીએ૦** ઇત્યાદિ પાઠોમાં આવતો પ્રતિષ્ઠા શબ્દ સ્થાપનામાં જણાવેલો છે.

'મથુરા નગરીમાં ઘર કર્યે છતે-બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય આદિના ઘર કરે છતે પહેલાં મંગલ નિમિત્તે અરિહંતની પ્રતિમા સ્થાપવી પડે. અને જો ન સ્થાપે તો ઘર પડે', હવે અહિં પ્રતિષ્ઠા શબ્દથી-ક્ષત્રિય-વૈશ્યના ઘરને વિષે પ્રતિમા સ્થાપન કરવી તે જ અર્થ કહેલો છે. અને આથી કરીને પ્રતિષ્ઠા-પ્રતિષ્ઠાપન-પ્રતિસ્થાપન-સંસ્થાપન-સ્થાપના આદિ શબ્દની એકાર્થતા વિકલ્પી એક બીજા શબ્દોનું તિલકાચાર્યે પરસ્પર પર્યાયવાચી તરીકે પ્રતિપાદન કરેલા છે. તેનું પણ નિરસન કર્યું જાણવું.

પ્રતિષ્ઠા આદિ જણાવેલા શબ્દોનો પર્યાયવાચી તરીકે કોઈપણ બુદ્ધિમાનોએ પ્રયોગ કરેલો દેખાતો નથી. પરંતુ 'અધિકાર વશાત્ અર્થપ્રાપ્તિ : અધિકાર હોય તે પ્રમાણે અર્થની પ્રાપ્તિ થાય છે' એ ન્યાયે કોઈ ઠેકાણે પ્રતિષ્ઠા શબ્દ, શોભાવાચક હોય છે જેમકે **'प्रतिष्ठां प्रापितः शिष्यो गुरुणा गुरुविद्यया**-મહાન્ વિદ્યાઓ વડે કરીને ગુરુએ શિષ્યને પ્રતિષ્ઠા પમાડી.' ત્યાં પ્રતિષ્ઠા શબ્દનો અર્થ શોભા વધારી થાય. કોઈ કોઈ ઠેકાણે આધાર અને આધેયના સંબંધને જણાવવામાં પ્રતિષ્ઠા શબ્દ વપરાય છે. જેમકે **'गुरुरासने प्रतिष्ठाय शिष्यानध्यापत्यमून्'**' ગુરુને આસન પર બેસારીને આ શિષ્યો ભણે છે અથવા શિષ્યોને ભણાવે છે.' તેવી જ રીતે આગમમાં પણ **तओ पुण जच्चकणगलट्ठिपइट्ठिअत्ति**'' આ પાઠમાં **णिगन्त** પ્રયોગ કરવાવડે કરીને પણ આધાર-આધેયનો સંબંધ જણાવેલ છે. તેવી જ રીતે **प्रपूजयेत् प्रतिष्ठाप्य, चैत्येऽर्हत्प्रतिमां सुधीः**'' આ વાક્યમાં ચૈત્યને વિષે અરિહંતની પ્રતિમાને સ્થાપન કરીને બુદ્ધિમાન આત્માએ પૂજવી.' આમાં **प्रतिष्ठाप्य** માંનો પ્રતિષ્ઠા શબ્દ છે તે અભિમંત્રિત વાસક્ષેપપૂર્વકનું મંત્રન્યાસાદિ ક્રિયાવિશેષને જણાવનારો છે. તેવી જ રીતે

**सूरिः प्रतिष्ठां कुर्यात्**-આચાર્ય મહારાજ પ્રતિષ્ઠા કરે, ઇત્યાદિ જાણવું. એ પ્રમાણે પ્રતિષ્ઠાન શબ્દ પણ પ્રાયેઃ કરીને સ્થિતિના અર્થને જણાવનારો છે. અને પ્રતિષ્ઠાપન શબ્દ તો ણિગંત પ્રયોગ કરેલો હોવાથી સ્પષ્ટ ભિન્ન અર્થ પ્રતિપાદક છે. પ્રતિષ્ઠા અને પ્રતિષ્ઠાનએ બન્ને શબ્દનું પ્રતિષ્ઠાન એ પ્રમાણે નિરુક્તિમાં અભેદ છે. **प्रतिष्ठन्तं प्रयुंक्ते इति प्रतिष्ठापनम्** એટલે પ્રતિષ્ઠા કરનારને પ્રેરણા કરે તેનું નામ પ્રતિષ્ઠાપન. એ પ્રમાણે નિરુક્તિ હોવા વડે કરીને જ ભેદ છે. તેથી કરીને પ્રતિષ્ઠાપન શબ્દ ણિગ્પ્રત્યયથી નિષ્પન્ન થયેલો હોવાથી પ્રતિષ્ઠા પ્રયોજક એવી કર્તાની ક્રિયા વિશેષનો વાચક બને છે. આ કહેવા વડે કરીને **जं न परिट्ठविअं** એ શબ્દનો જે વૃતિકારે પરિત્યક્ત એ પ્રમાણે પર્યાય આપેલ છે. નહિં કે **'परित्याजीत'** એ પ્રમાણે સંમતિ જાણવી. અને તેથી કરીને પ્રતિષ્ઠાન અને પ્રતિષ્ઠાપન એ

બન્ને શબ્દોને એકાર્થવાચક તરીકે તિલકાચાર્યે બતાવ્યા છે. તે વાત પણ દૂર કરી જાણવી. **णिगन्त** અને **अणिगन्त** આ બન્ને પ્રયોગોનું બીજા ધાતુનું અંતર પામીને તુલ્ય અર્થ અભિધાયકપણા જેવું હોવાથી **समभावयति** એ **णिगन्त** પ્રયોગ હોવા છતાં પણ અણિગન્ત પ્રયોગ શંકી શકાય છે અને એથી કરીને તુલ્યાર્થ થાય; પરંતુ એક જ ધાતુના પ્રયોગને વિષે પણ **णिगन्त** અને **अणिगन्त**નો અવિશેષ એ તો પ્રયોજક પ્રત્યેનું વિપરીતતા જણાવતું હોવાથી.

હવે પ્રશ્ન કરે છે કે એક ધાતુના પ્રયોગમાં પણ ભિન્ન ભિન્ન અર્થનું અપ્રતિપાદકતા દેખાય છે. જેમકે સ્થાપન શબ્દનો પર્યાય-પ્રતિષ્ઠા એમ જો કહેતો હોય તો બોલીશ નહિં. કારણ કે **उपसर्गेण धात्वर्थो बलादन्यत्र नीयते** ઉપસર્ગના દ્વારાએ કરીને ધાતુનો અર્થ બળાત્કારે ફરી જાય છે.' અને એવું વચન હોવાથી ઉપસર્ગપૂર્વકના એવા **स्था** ધાતુનો કેવલ ધાતુની અપેક્ષાએ ભિન્ન અર્થનું કહેવાવડે કરીને વસ્તુગતિએ ભિન્ન હોવાથી એટલે બંનેનો ભિન્ન અર્થ છે. એથી જ કરીને આત્મનેપદી ધાતુ અથવા પરસ્મૈપદીધાતુ પ્રયોજન અર્થમાં આવતા **णिक्** પ્રત્યયના પ્રયોગથી ઉભયપદી થઈ જાય છે. વસ્તુગતિએ કરીને સ્થાપન શબ્દ લક્ષ કરેલી આકૃતિ માત્રનો અભિધાયક છે તે આ પ્રમાણે :—

**नामजिणा जिणनामा, ठवणजिणा पुण जिणिंद पडिमाओ।**
**दव्वजिणा जिणजीवा, भावजिणा समवसरणत्था॥१॥**

તે પ્રમાણે ચૈત્યવંદન ભાષ્યગાથામાં સ્થાપના જિન તરીકે જિનેશ્વરની પ્રતિમા લીધેલ છે. તેમજ **नामठवणाणं को पइ विसेसो? नामं आवकहिअं, ठवणा इत्तरिआ वा होज्जत्ति तथा-नामं ठवणा दविए खित्तदिसातावखित्तपण्णवए। सत्तमिआ भावदिसा, होइ अट्ठारसविहाउ॥१॥**

ત્યાં 'નામ, યાવત્કથિક કહ્યું છે અને સ્થાપના તે-અલ્પકાલીન યાવત્ દીર્ઘકાલીન હોય છે.' તેવી રીતે **नामं ठवणा०** એ ગાથામાં સ્થાપના જે શબ્દ છે તે લક્ષીભૂત કરેલી વસ્તુની આકૃતિમાત્રનો અભિધાયક=વાચક છે. કોઈ ઠેકાણે ભાવ આદિની સ્થાપનાના પણ આરોપણમાં સ્થાપના શબ્દ વપરાય છે....જેમકે :—

આરાધના પ્રકીર્ણક—

**उमग्गनिवारणयं, सम्मग्गट्ठावणं च भव्वाणं।**
**एमाइ जं विहिअं, अणुमोएऽहं तमप्पहिअं॥१॥**

તેમાં જે 'સ્થાપના' શબ્દ છે તે સમ્યગ્ માર્ગમાં સ્થાપના કરવા માટેની વાત જણાવનાર છે.

વાદિ પ્રશ્ન કરે છે કે 'કોઈ ઠેકાણે સ્થાપના શબ્દનો પર્યાય પ્રતિષ્ઠા એ પ્રમાણે મલે છે. તો ત્યાં શું કરવું?' એ પ્રમાણે પૂછતો હોય તો સાંભળ. કોઈ ઠેકાણે કોઈપણ રીતે વ્યુત્પત્તિની એકાર્થતા જાણીને અને છંદ શાસ્ત્રની અનુવૃત્તિએ કરીને અથવા ધર્મ અને ધર્મીના અભેદ ઉપચારને સ્વીકારીને ગ્રંથકારોનો તે પ્રકારનો પ્રયોગ હોવા છતાં પણ 'જ્યાં જ્યાં સ્થાપના શબ્દ જોયો ત્યાં ત્યાં પ્રતિષ્ઠા, પ્રતિષ્ઠા એ પ્રમાણે પોકાર કરવો નહિ.' તાજેતરમાં કહેલી યુક્તિ વડે કરીને તિલકાચાર્યના ગળે મોજડી

લટકાવવાના ન્યાયની ઉત્પત્તિ થતી હોવાથી. કોઇક કોઈક શબ્દનો કોઈક તેવો પર્યાય જોઈને બધે ઠેકાણે પણ તેવી રીતે પર્યાય કરવા જવામાં **पतंगो द्योतयन् विश्वं** આખા જગતને પ્રકાશિત કરતો એવો પતંગ=સૂર્ય, કોના આનંદના કારણને થતો નથી? તેવી રીતે **प्रदीपरूपमालोक्य पतंगो नाशमाश्रितः** દીવાના રૂપ=તેજને જોઈને પતંગ=પંતગીયું નાશને પામ્યું' આ બન્ને વાક્યમાં રહેલાં **'પતંગ'** શબ્દથી જો 'સૂર્ય' જ અર્થ કરવામાં આવે તો શું દિવાને પામીને સૂર્ય નાશ પામી ગયો? અર્થાત્ એક ઠેકાણે પતંગનો સૂર્ય અર્થ કરવો અને એક ઠેકાણે પતંગીયું અર્થ કરવો જોઈએ. તેથી કરીને કોઈ કોઈ ઠેકાણે કવિએ પ્રયોગ કરેલા પતંગ આદિ શબ્દોનો સૂર્ય આદિના પર્યાયને જોઈને બધે ઠેકાણે પણ તે જ પ્રમાણે પર્યાય કરવાના અભાવથી જેમ 'સ્થાપના' શબ્દ વડે કરીને બધે ઠેકાણે 'પ્રતિષ્ઠા' એવો અર્થ કરવો એ યુક્ત નથી. પ્રયોગના અનુસારે પતંગ આદિ શબ્દોની જેમ બીજા પણ શબ્દોની અનેકાર્થતા ભાવવી. નહિ તો (વિમલનાથચરિત્રમાં)

**तदा नदीप्रवाहेण, पादिताद्विकरात्तटात् ।**
**युगादिदेव प्रतिमा, प्रकटाऽभूत् प्रभावयुक् ॥१॥**
**तां प्रेक्ष्य हर्षयुक्तोऽसौ, स्नपयामास वारिणा ।**
**पीठं कृत्वा मृदोत्तुङ्गं, स्थापयामास तत्र ताम् ॥२॥**

આ શ્લોકમાં જે **स्थापयामास** શબ્દ છે. તેનાથી સ્થાપન કરી એવો અર્થ કરવો, નહિ કે પ્રતિષ્ઠા કરી એવો અર્થ કરવો : આ શ્લોકમાંના 'સ્થાપયમાસ' એ પદનો તિલકાચાર્યના અભિપ્રાય વડે કરીને તો ''પ્રતિષ્ઠા કરી'' અને એ વાત પ્રત્યક્ષ વિરોધવાલી છે. માટે તિલકાચાર્ય! તારી આ પક્કડ છોડીને વિચાર કર. તિલકાચાર્યે બતાવેલા ઉપમિતિમાંના **रत्नचूडविद्याधरः कथयति॥** ઇત્યાદિ. યાવત્ **यावद् विद्याधराणां अवतारणार्थं** ઇત્યાદિ તેમજ ઠાણા વિવરણમાં **'इय चिंतिऊण०** એ પાઠમાં **संस्थापिता** પદનો અર્થ 'સ્થાપના કરી એ લેવાનો છે, નહિ કે–'પ્રતિષ્ઠા.' તેવી રીતે **હરિવંશગ્રંથ** આદિમાં જે **સંમતિઓ** બતાવેલી છે. એ બધામાં કોઈ પણ ઠેકાણે વિવાદપદને પામી પ્રતિષ્ઠાનો સૂચક અથવા અભિમંત્રિત વાસક્ષેપપૂર્વકના મંત્રન્યાસાદિપૂર્વકની પ્રતિષ્ઠા એમ કોઈપણ ઠેકાણે દેખાય છે? કે નહિ? જો પહેલો વિકલ્પ કહેતો હોય તો પ્રત્યક્ષ બાધક છે. અને બીજા વિકલ્પમાં તો તે પ્રતિષ્ઠા (શબ્દ) દેખાતો જ નથી. કારણ કે મંત્રન્યાસપૂર્વકની પ્રતિષ્ઠા એ શબ્દને બતાવનારા કોઈપણ ચિહ્નનો અભાવ છે. જો આમાંનુ કાંઈ જ નથી તો અકાંડે કોળાની જેમ એ સંમતિવાળા બતાવતા પાઠોમાં 'પ્રતિષ્ઠા કરાવનારો શ્રાવક' ક્યાંથી પેસી ગયો? અને એ રીતે જો શ્રાવક, પ્રતિષ્ઠા કરાવનારો પેસી શકતો હોય તો ''ખોદ્યા વગરના તળાવમાં મગરમચ્છ પેઠો.'' એ પ્રમાણેની જે લોકોક્તિ છે. તે લોકોક્તિને તેણે-તિલકાચાર્યે સાચી કરી બતાવી.

અમારાવડે તો **मुणिकज्जं पुण हरिभद्दं** ઇત્યાદિ પૂર્વે કહેલી ચૌદ ગાથાની અંદર સંમતિ તરીકે બતાવેલી બધીય વાતોમાં કપિલ કેવલી વડે કરીને તેમજ શ્રીનાભસૂરિ આદિ દ્વારાએ કરીને અભિમંત્રિત વાસક્ષેપ કરવા આદિ પૂર્વકની પ્રતિષ્ઠા સૂચવનારું વાક્ય વિદ્યમાન જ છે. અને તેથી કરીને તિલકાચાર્યે

બતાવેલી સંમતિઓ દેવતાધિષ્ઠિતના (ભૂત પ્રેતના વળગાડવાળા) આત્માના પ્રલાપો સરખી જાણવી. એ પ્રમાણે સામાન્યથી તિલકાચાર્યનો તિરસ્કાર કરાયો. ॥ ગાથાર્થ-૪૯ ॥

હવે પ્રગટપણે પણ કાંઈક કહીએ છીએ.

**कत्थवि कलंकदाणं, कत्थवि सद्दाणमण्णहा लवणं ।**
**कत्थवि पवयणपरमत्थ-भावसुण्णंपि तिलगवयं ॥५०॥**

તિલકાચાર્યના કરેલા પ્રતિષ્ઠાકલ્પના વચનોમાં કોઈક ઠેકાણે પ્રવચનને કલંકદાન સ્વરૂપ વચન છે. કોઈક ઠેકાણે શબ્દોનું એટલે પ્રતિષ્ઠા-સ્થાપના આદિ શબ્દોનો અપલાપ છે. એટલે કે પર્યાયભૂત ન હોય એવા શબ્દોનું પર્યાયપણે કહેલું થયેલ છે. અને કોઈક ઠેકાણે તિલકાચાર્યનું વચન, પરમાર્થના ભાવથી શૂન્ય છે. એટલે પરસ્પર આગળ પાછળના સંબંધની વિચારણાથી રહિત છે.

વિસ્તારથી અમારું આ પ્રમાણે કહેવું છે કે તિલકાચાર્યનું વચન કલંકદાનરૂપે આ રીતે :- પોતાની કરેલી **આવશ્યકવૃત્તિમાં भरतः स्वयं प्रतिष्ठितवान्-** એવું વાક્ય પોતે આવશ્યકવૃત્તિમાં લખી નાંખીને અને પોતાના કરેલા પ્રતિષ્ઠાકલ્પમાં પણ તે આવશ્યકવૃત્તિને સંમતિ તરીકે દાખલ કરી દીધેલ છે. કારણ કે હરિભદ્રસૂરિજી મ. કરેલી આવશ્યકવૃત્તિમાં તે વાતની ગંધનો પણ અભાવ હોવાથી. અને એથી કરીને ''છોકરાઓ! દોડો દોડો. નદીના કાંઠે ગોળનું ગાડું ઉંધુ વળી ગયું છે.'' એ પ્રમાણેના ધૂતારાના વાક્યના જેવું તિલકાચાર્યનું આ વાક્ય જાણવું.

હવે શબ્દોનું અન્યથા ભાષણ આ પ્રમાણે છે :—શત્રુંજયાવતાર તીર્થમાં દમયંતીનો પ્રસંગ એક બિંબને આશ્રીને છે. તેને બદલે 'ઇન્દ્ર મહારાજા-ચક્રવર્તી-વાસુદેવ આદિઓએ પ્રતિષ્ઠા કરી' એમ કહી દીધું છે, હવે એ જે વાક્ય લખ્યું તે 'કાલભેદે પ્રતિષ્ઠા કરી, કે એકી સાથે? કારણ કે બન્ને રીતે પણ વિવાદાસ્પદ એવી પ્રતિષ્ઠાનો અસંભવ હોવાથી. કારણ કે પહેલાં કાલભેદ નામના વિકલ્પમાં પ્રતિષ્ઠિત થએલ એવા બિંબની ફરી વખત પ્રતિષ્ઠા કરવી એમાં અનવસ્થાનો દોષ આવતો હોવાથી. 'યાવત્કથિતસ્થાપના' તેના ભંગની આપત્તિવડે કરીને પહેલો વિકલ્પ ખોટો છે. બીજો વિકલ્પ 'એકી સાથે કરવાનો' જે છે તે પણ અસંભવ છે. કારણકે ચક્રવર્તિ અને વાસુદેવ કોઈ ઠેકાણે એકી સાથે ભેગાં ન થાય. કારણ કે તે બન્નેને એક જ ક્ષેત્રની અંદર એકજ સાથે ઉત્પત્તિનો અભાવ હોવાથી. તેથી કરીને શક્ર, ચક્ર, વાસુદેવોએ પ્રતિષ્ઠા કરી, એથી કરીને 'કોઈક ઠેકાણે કોઈક પ્રાસાદમાં તે બિંબને સ્થાપીને તેની પૂજા કરી' એવી યુક્તિ સ્વીકારે છતે 'પ્રતિષ્ઠાકલ્પોક્ત વિધિવડે કરીને પ્રતિષ્ઠા કરી.' એ પ્રમાણેનું અન્યથા = સૂત્રોત્તીર્ણ બોલવાનું તિલકાચાર્યનું જાણવું.

હવે પૂર્વાપરના સંબંધની વિચારણા આ પ્રમાણે જાણવી. બૃહત્કલ્પના ૧લા ઉદ્દેશાની આ દ્વાર ગાથા છે.

**चेइअपूआरायानिमंतणं, सन्नी वाइधम्मकही।**
**संकिअ पत्त पभावण, पवित्तिकज्जा य उड्डाहो॥१॥**

તે દ્વારા ગાથામાંના **सन्निवाइरूप** પદની ચૂર્ણિ આ પ્રમાણે છે :—**एयाणिं सन्निवाइ०**-ચૂર્ણિની અંદર જણાવ્યું છે કે ''હવે સંજ્ઞિ અને વાદી એ બન્ને દ્વારની એકી સાથે વ્યાખ્યા કરે છે. એ પ્રમાણે સંજ્ઞિને પણ જિનેશ્વર ભગવંતની પ્રતિમાઓની પહેલી પ્રતિસ્થાપનામાં પરવાદી વિઘ્ન કરો. અને વાદી મુનિ પ્રવેશ કરે અને શ્રાવકો કોઈ પહેલી જિનેશ્વર ભગવંતની પ્રતિમાની પ્રતિષ્ઠા કરે. તે જોઈને ત્યાં આવેલા સાધુઓને જોઈને શ્રાવકો ચિંતવે કે 'જો આ ભગવંતો અરિહંતોની પૂજાને જોવા માટે આવે છે તો મારે આ ઘણું છે કે હું નિત્ય જ પૂજા કરીશ.' એ પ્રમાણે શ્રાવકોને ભાવબુદ્ધિ થાય છે. એટલે એ ટાઈમે જો સાધુઓ પ્રવેશ ન કરે તો આ પૂજા શું કરવી? કોઈ આવતું તો નથી? હવે એવી રીતે વાદી મુનિના પ્રવેશમાં પણ આ ગુણો છે. શું ગુણો છે? પરવાદિનો નિગ્રહ થતો જોવા મલે, અને નવીન ધર્મીઓ હોય તેને સ્થિરતા થાય, શાસનની પ્રભાવના થાય, બહુમાન વધે, શાસનપ્રત્યનીકો પરાભવિત થાય અને નિર્વિઘ્ને પૂજા આદિ કાર્યો થાય. અને નિર્વિઘ્ને પૂજા આદિ કરે છતે સ્વપક્ષ અને પરપક્ષનું આ લોકમાં કલ્યાણ થાય, આ લોકમાં અશિવ આદિ ઉપદ્રવો થવા ન પામે. અને પરલોકમાં તીર્થંકરની પૂજા વડે કરીને દર્શનની શુદ્ધિ-સમ્યકત્વની નિર્મલતા નિરપવાદ થાય.'' એ પ્રમાણે બૃહત્કલ્પની વિશેષ-ચૂર્ણિમાં જણાવેલ છે અને કહેલું છે. અને કલ્પની સામાન્યચૂર્ણિમાં **सावऔ कोइ जिणपडिमाए पइट्ठाणं करेइ॥** એ પ્રમાણે પાઠ છે. હવે આ બન્ને પાઠોમાં પ્રવચનના પરમાર્થથી સાવ અબૂઝ એવા તિલકાચાર્ય, પ્રયોજક એવા **णिक्** પ્રત્યયાન્ત પ્રતિષ્ઠાપન શબ્દવડે કરીને એકલા પ્રતિષ્ઠાન શબ્દની એકાર્થતા કલ્પી નાંખીને **'શ્રાવક પ્રતિષ્ઠા કરે'** એમ બોલે છે. પરંતુ આ સામાન્ય અને વિશેષ ચૂર્ણિમાં પ્રતિષ્ઠાના અધિકારનો જ અભાવ છે. અને એ બન્ને ચૂર્ણિના પાઠમાં રથયાત્રાનો અધિકાર છે. અને તેમાં આ પ્રમાણે :–**अइगमणंति–पच्छद्धं**ની ચૂર્ણિ આ પ્રમાણે છે.

**सीसो पुच्छति अणुजाणेण किं गंतव्व न व त्ति, आयरिओ भणइ-जइ निक्कारणं गच्छति तो आणाइणो दोसो इमेहिं कारणेहिं तत्थ पविसिअव्वं।** ''શિષ્ય પૂછે છે કે અનુયાન (રથયાત્રા) માં જવું કે ન જવું? આચાર્ય મહારાજ એનો ઉત્તર આપે છે કે જો નિષ્કારણ જાય તો આજ્ઞા ભંગાદિ દોષો થાય છે. અને આ કારણો વડે કરીને અનુયાન (રથયાત્રા)માં પ્રવેશ કરવો.'' આ પાઠમાંના અનુયાન શબ્દનો આ અર્થ છે. **अनु** પાછળ-રથની પાછળ **यान** પૂર-દેશ-નગર આદિમાં ફરતાં રથની પાછળ આચાર્યાદિકોનું જવું જે પર્વમાં થાય તેનું નામ અનુયાન. એટલે 'રથયાત્રા' આ પ્રમાણે અર્થ જાણવો. હવે કારણો હોય તો જવું. તો તે કયા કારણો? તો કહે છે કે–**चेइअदारगाहा** :–

**चेइअपूआ रायानिमन्तणं, सन्नि वाइ धम्मकही।**
**संकिअ पत्तपभावण, पवित्तिकज्जा य उड्डाहो॥१॥**

તે કારણો આ પ્રમાણે–ચૈત્યપૂજા–રાજાનું આમંત્રણ–શ્રાવક સમુદાય–વાદી–ધર્મકથી–શંકિત-

પાત્ર-પ્રભાવના-દીક્ષાકાર્ય તેમજ ઉડ્ડાહ નિવારણા માટે. એ કારણો જાણવા.

''ચૈત્યપૂજા અને રાજા નિમંત્રણ એ બન્ને દ્વારનું વર્ણન કરે છે. એવી રથયાત્રામાં પેસવાથી આ ગુણો થાય છે. **सद्धा**–આ પ્રમાણે એવા કારણે રથયાત્રામાં આચાર્યાદિક પ્રવેશ કરે છે તો રાજાને શ્રદ્ધા, બુદ્ધિ થાય. અને પૂજાને વિષે રાજાની સ્થિરતા થાય. શાસનની પ્રભાવના થાય. અનર્થનો પ્રતિઘાત થાય, અને અર્થોની કર્તવ્યતા થાય

હવે સંજ્ઞિ=એટલે શ્રાવક-અને વાદી આ બન્ને દ્વારનું એક સાથે વ્યાખ્યાન થાય છે. એ પ્રમાણે જ શ્રાવકોને પણ જિનેશ્વર ભગવંતની પ્રતિમાની પહેલી સ્થાપના કરવામાં (પરદર્શની એવા) પરવાદી વિઘ્ન ન કરે માટે વાદી મુનિ પ્રવેશ કરે. **सावओ कोइ** કોઈ શ્રાવક જિનપ્રતિમાની પ્રતિષ્ઠાન કરે. એટલે કોઈ શ્રાવક રથયાત્રા કરવામાં સમર્થ હોય, નહિં કે બધા? **ભગવંતની પ્રતિમાને રથમાં પ્રતિસ્થાપન કરે એટલે–ન્યાસ–આરોપણ કરે.** હવે આ વાતને ન સ્વીકારીએ તો આ જે પઢમં શબ્દ **प्राथम्यम्** શબ્દ છે તે શબ્દનું અન્યથાપણું થાય. અને એથી કરીને નવીન રથની અંદર પહેલી પ્રતિમા સ્થાપન કરીને રથયાત્રા કાઢવી.'' એ પ્રમાણે કલ્પચૂર્ણિમાં કહેલું છે. આ પ્રમાણેનો અર્થ=પરમાર્થ, તિલકાચાર્યે મૂળથી જ જાણ્યો નથી. અને 'પ્રતિષ્ઠાપન'નો અર્થ 'પ્રતિષ્ઠા' કરી નાંખી. અને એથીજ કરીને તિલકાચાર્ય પરમાર્થ અનભિજ્ઞ છે. અને વલી પોતાના તે પ્રતિષ્ઠાકલ્પની અંદર કોઈક મ્લેચ્છો વડે, કોઈક ઠેકાણે શ્રાવિકા વડે, કોઈક ઠેકાણે દેવવડે, (પ્રતિષ્ઠા કરાઈ) એવું અનિયત-વચન બોલીને પણ **ण्हायविलित्तुचंदणिसु** એ પ્રમાણે દોધકમાં કહેલું 'સ્નાન કરીને, વિલેપન કરીને ઇત્યાદિ લક્ષણવાળો શ્રાવક પ્રતિષ્ઠા કરે.' એ પ્રમાણેનું તિલકાચાર્યનું જે વચન છે. તે વચન શ્રોતાઓને ગધેડીનું દૂધ પાવા જેવું છે. એ પ્રમાણે ॥ ગાથાર્થ-૫૦ ॥

હવે તિલકાચાર્ય વિરચિત જે પ્રતિષ્ઠાકલ્પ છે તેનું મૂલ ઊભું કરીને તે મૂલને દૂષિત કરવા માટે કહે છે.

## दोहगतिगमुवजीविअ, पइट्ठकप्पो कुवक्खतिलगेण।
## रइओ पुव्वायरिए वयणविरोहो महामोहो॥५१॥

**ण्हायविलित्तु चंदणिण** ઇત્યાદિ પૂર્વે કહેલી ત્રણ દોધકગાથા, તિલકાચાર્યના અભિપ્રાયવડે કરીને મહાશાસ્ત્ર છે. એ દોધક ગાથાનું શરણું સ્વીકારીને તિલકાચાર્ય વડે પ્રતિષ્ઠાકલ્પ બનાવાયો છે. આ પ્રતિષ્ઠાકલ્પ કેવા પ્રકારનો છે? તો કહે છે કે–આ૦ શ્રી હરિભદ્રસૂરિ આદિના વચનોનો વિરોધી અર્થાત્ તે પૂર્વાચાર્યોના કરેલા જે પ્રતિષ્ઠાકલ્પો છે તેની સાથે વિરોધવાળો છે. આમ હોવાથી જ તિલકાચાર્ય કૃત પ્રતિષ્ઠાકલ્પ કેવો છે? તો કહે છેકે મહામોહ, અનંત સંસારના કારણભૂત હોવાથી મહાન=મોટો અને મોહ કહેતાં મિથ્યાત્વ મોહનીય કર્મ જેનાથી પ્રાપ્ત થાય તેના–મિથ્યાત્વમોહનીયના સ્વરૂપવાળો અથવા તો મહામોહએટલે અભિનિવેશ મિથ્યાત્વ. તેના કારણરૂપ હોવાથી. તિલકાચાર્યકૃત પ્રતિષ્ઠાકલ્પ પણ મહામોહ જ છે. ॥ ગાથાર્થ-૫૧ ॥

હવે એ ગાથાત્રિકને આશ્રીને પણ તિલકાચાર્ય કેવા પ્રકારનો છે? તે જણાવે છે.

**दोहगतिगपरमत्थं, न मुणइ कह मुणउ गणहराण वयं।**
**रयणायरंगमियरं, उस्सग्गववायरयणाए ॥६२॥**

આ દોધક ગાથાત્રિકનો પરમાર્થ, તિલકાચાર્ય જાણતો નથી. તે આ પ્રમાણે–''પ્રતિષ્ઠા કરનાર 'પહેલું કર્યું છે સ્નાન જેણે, ચંદનાદિ વિલેપન વડે કરીને સુગંધિત કરેલો છે દેહ જેણે' ઇત્યાદિ વિશેષણયુક્ત શ્રાવક જ સંભવે છે, નહિં કે આચાર્ય આદિ. કારણ કે–આચાર્ય આદિને સ્નાનનો નિષેધ હોવાથી. આગમમાં કહ્યું છે કે વયછક્કં કાયછક્કં. ઇત્યાદિ સિદ્ધાન્તને બાધક આપત્તિ વડે કરીને સાધુ પ્રતિષ્ઠા કરનાર નથી. પરંતુ શ્રાવક જ પ્રતિષ્ઠા કરનાર છે.'' એ પ્રમાણે તિલકાચાર્યની કુવિકલ્પના છે અને તે કુવિકલ્પનાનો આ પ્રમાણે તિરસ્કાર કરવો કે–હે તિલકાચાર્ય! સામાન્ય વિધિ વડે કરીને વિશેષ વિધિને બાધક બનવું અશક્ય હોવાથી અર્થાત્ સામાન્યવિધિ, વિશેષવિધિને બાધક થઈ શકતો ન હોવાથી બાધકતાની ગંધનો પણ અભાવ છે. અને તે કારણથી તારામાં જ સમ્યગ્ પરિજ્ઞાનનો અભાવ છે. અને તે આ પ્રમાણે.–**જોકે ત્રિવિધે ત્રિવિધે બ્રહ્મવ્રતને ધારણ કરનારા એવા મહાવ્રતીઓને શુચીપણું સ્વભાવસિદ્ધ હોય જ છે. તો પણ પ્રતિષ્ઠા આદિ કારણ વિશેષને આશ્રીને તેટલા માત્રના કાર્યને ઉપયોગી એવું હાથ પગ ધોવા આદિરૂપ લોક પ્રસિદ્ધ એવું જે શુચિપણું=સ્નાન છે તે આપવાદિક છે.** અને તે આપવાદિક શુચિપણું, જે સામાન્ય સાધુ આચાર વિધિ છે તેને બાધક થવાને શક્તિમાન બનતું નથી. પરંતુ વિશેષ વિધિવડે કરીને સામાન્યવિધિ બાધક છે. **'उत्सर्गात् अपवादो बलीयान्** એટલે કે–ઉત્સર્ગ કરતાં અપવાદમાર્ગ બળવાન છે', એ પ્રમાણેનો ન્યાયમાર્ગ હોવાથી. અને કાર્ય વિશેષમાં વિશેષ કારણની બધે ઠેકાણે પ્રાપ્તિ હોવાથી 'આ વાત અયુક્ત છે' એમ ન માનવું. અને એથીજ કરીને નિશીથચૂર્ણિના ૧૬માં ઉદ્દેશામાં ૬ પ્રકારની સૂત્રરચના જણાવેલ છે. જે આ પ્રમાણે—

૧ કોઈક ઠેકાણે એકલું ઉત્સર્ગસૂત્ર જણાવેલ હોય છે.

૨ કોઈક ઠેકાણે એકલું અપવાદ સૂત્ર જણાવેલ હોય છે.

૩ કોઈક ઠેકાણે, ઉત્સર્ગ અને અપવાદ સૂત્ર જણાવેલ હોય છે.

૪ કોઈક ઠેકાણે અપવાદ અને ઉત્સર્ગ સૂત્ર જણાવેલ હોય છે.

૫ કોઈક ઠેકાણે ઉત્સર્ગ-ઉત્સર્ગ સૂત્ર જણાવેલ હોય છે.

૬ કોઈક ઠેકાણે અપવાદ-અપવાદ સૂત્ર જણાવેલ હોય છે.

તેમાં આ **ઉત્સર્ગ સૂત્ર** છે કે **'गोयरग्ग०** ગોચરીએ ગયેલો મુનિ, કોઈપણ ઠેકાણે ન બેસે. અને કોઈ ઠેકાણે બેસીને પ્રબંધથી-વિસ્તારીને કથા કહે નહિં. તે સંયત. (૧), આ **અપવાદ 'कप्पइ निग्गंथाणं०** સાધુ અથવા સાધ્વીઓને આમતાલ પ્રલંબે=લીલા ભેદાએલા તાડના પ્રલંબ (ફળ) પાન ગ્રહણ કરવા

કલ્પે છે. (૨), હવે ઉત્સર્ગ અને અપવાદ **नो कप्पइ निग्गंथाणं** સાધુ–સાધ્વીઓને રાત્રે અથવા વિકાલ ટાઈમે શય્યા અથવા સંસ્તારક ગ્રહણ કરવું કલ્પતું નથી. પરંતુ પૂર્વે પ્રતિલિખિત કરેલા એવા શય્યા સંસ્તારકને મૂકીને=છોડીને (૩), અપવાદ-ઉત્સર્ગ **कप्पइ** સાધુ અથવા સાધ્વીઓને પાકાં, અને ભેદાયેલાં એવાં તાડના ફળ ગ્રહણ કરવા કલ્પે છે. તે પણ વિધિથી ભેદાયેલાં. નહિં કે અવિધિએ કરીને ભેદાયેલાં. આ અપવાદવડે ગ્રહણ કરેલાં પાંદડાં (ફળ)માં અવિધિથી ભિન્ન થયેલાં પાંદડાં (ફળ)નો પ્રતિષેધ કર્યો. તે ઉત્સર્ગ જાણવો જ. (૪)

હવે ઉત્સર્ગમાં ઉત્સર્ગ **जे असणं वा०** જે સાધુ અથવા સાધ્વી અસણં-અશન, પાણં-પાન, ખાદિમ કે સ્વાદિમ. પહેલી પોરિસીએ ગ્રહણ કરીને છેલ્લી પોરિસી સુધી લઈ જાય છે. અથવા તો લઈ જતાં અનુમોદે છે. તેને આશ્રીને લઈ જવાતાંને પણ જે ખાય છે. અથવા ખાતાને અનુમોદે છે. (૫) **અપવાદનો અપવાદ.** જે કાર્યોનો અપવાદ, સૂત્રમાં ગૂંથેલો હોય તે જ સૂત્રોને વિષે અર્થથી ફરી પણ અનુજ્ઞાની પ્રવૃત્તિ થાય તે અપવાદ-અપવાદિકસૂત્ર. કારણકે જે નિષેધ કરાયેલાની બીજી વખત અનુજ્ઞા આપી તે સૂત્રાર્થને અનુબદ્ધ જાણવી.''

(એ પ્રમાણે નિશીથ ચૂર્ણિના ૧૬માં ઉદ્દેશાની અંદર ૬-પ્રકારની સૂત્ર રચના જણાવેલ છે.) આ છ પ્રકારની સૂત્ર રચના તિલકાચાર્યના મતે વ્યર્થ જ થાય છે. તેથી કરીને કોઈક ઠેકાણે કેવલ ઉત્સર્ગસૂત્ર કે કેવલ અપવાદસૂત્ર જોઈને જ પ્રવર્તવું કે તેથી પાછું ફરવું નહિં; પરંતુ ઉત્સર્ગ અને અપવાદ બન્નેથી ઘડાયેલું અને તેના અર્થને બરાબર જોઈને અને જાણીને જ પ્રવર્તવું કે નિવર્તવું. આગમમાં કહ્યું છે કે–

**'सुत्तस्स मग्गेण चरिज्ज भिक्खू, सुत्तस्स अत्थो जइ आणवेइत्ति'' (५१०) दशवैकालिक=**

સૂત્રના માર્ગે ભિક્ષુકોએ ચાલવું. પણ સૂત્રનો અર્થ જે પ્રમાણે આજ્ઞા આપતો હોય તેમ.' આ સૂત્રની વૃત્તિમાં જણાવ્યું છે કે–વધારે કહેવાથી શું? બધે જ સ્થાને સૂત્રના માર્ગે જ સાધુઓએ ચાલવું એટલે આગમના ઉપદેશ પ્રમાણે વર્તવું. તેમાં પણ જે પ્રમાણે સૂત્રમાં કહેલું હોય. પણ એને ઓઘથી ગ્રહણ કરીને ચાલવાનું નથી. પરંતુ સૂત્રનો અર્થ કે–જે પૂર્વાપર અવિરોધી હોય, આગમોક્ત યુક્તિથી ગ્રાહિત ઉત્સર્ગ અને અપવાદથી ગર્ભિત એવો જે પરમાર્થિક અર્થ તે જેમ આજ્ઞા કરતો હોય તે પ્રમાણે પ્રવર્તવું. એ સિવાયની રીતે નહિં. દશવૈ. વૃત્તિ તથા તેવી જ રીતે

**जं सुअमहिज्जइ वहुं सुत्तत्थं च निउणं न याणेइ।**
**कप्पववहारंमी न सो पमाणं सुअहराणं॥१॥**

વ્યવહારવૃત્તિમાં કહ્યું છે કે– 'જે ઘણું શ્રુતને ભણે પણ સૂત્રના નિપુણ અર્થને ન જાણે તેવો આત્મા કલ્પને વિષે તથા વ્યવહારકલ્પમાં (અથવા વ્યવહારમાં અને સાધ્વાચારમાં) શ્રુતધરોને પ્રમાણ નથી.' બીજે કોઈ ઠેકાણે અપવાદ હોય; પરંતુ આ જે **शुचित्वादि** પદો છે તેમાં અપવાદ ન હોય' તેવી શંકા ન કરવી. કારણ કે ઉત્સર્ગમાત્રને વિષે પણ અપવાદનું સાપેક્ષપણું હોવાથી. આગમમાં કહ્યું છે કે :—

जावइआ उस्सग्गा, तावइआ चेव हुंति अववाया ।
जावइआ अववाया, उस्सग्गा तेत्तिआ चेव ॥१॥

''જેટલા ઉત્સર્ગો છે તેટલા જ અપવાદો છે અને જેટલા અપવાદો છે તેટલા જ ઉત્સર્ગો છે. ફક્ત મૈથુનને છોડીને. એટલેકે-મૈથુનમાં અપવાદ નથી.'' કહેલું છે કે–

कामं सव्वपएसुवि, उस्सग्गववाय धम्मया जुत्ता ।
मोत्तुं मेहुणधम्मं, न विणा सो रागदोसेहिं ॥१॥

''સર્વ પદોને વિષે નિશ્ચયે કરીને ઉત્સર્ગ-અપવાદ ધર્મથી યુક્ત સર્વ પદો છે. ફક્ત મૈથુન ધર્મને છોડીને. કારણ કે તે મૈથુનધર્મ, રાગ અને દ્વેષ વગર થતો નથી.'' વળી જે તિલકાચાર્યે કહ્યું છે કે– 'સાધુઓને સુવર્ણના કંકણ, સુવર્ણની વીંટી આદિનું પરિધાન કરવા યુક્ત નથી' એ વાત પણ અયુક્ત છે. તેવું કહેવું, કારણકે પ્રતિષ્ઠાના તે સમયના કાલપૂરતું પહેરાતું એવું આભૂષણ વિભૂષાનું કારણ બનતું નથી. તેમજ પરિગ્રહ પણ થતો નથી. કારણ કે તેવા પ્રકારના પરિણામોનો અભાવ હોવાથીઃ પરિણામવિશેષે કરીને તો તેના નામનું પણ અન્યથાભૂતપણું હોવાથી : જેવી રીતે રથ આદિ વાહન, તીર્થંકર ભગવંતના વંદન કરવા માટે તૈયાર કરીને રથ પ્રવર્તાવે છતે તે ધર્મયાન કહેવાય છે. જો કે સાંપ્રતકાલે તે તે આભૂષણોની સ્થાને સુખડના રસવડે કરીને કંકણ-મુદ્રિકા આદિનો આકાર કરાય છે તો પણ કાલવિશેષ અને પુરુષવિશેષને પામીને ખુદ સોનાની વીંટી અને કંકણ આદિનું પરિધાન કરવું તે અમોને પણ સંમત જ છે. વળી જે તિલકાચાર્યવડે કરીને કહેવાયું છે કે-**साधूनां न रूपवत्त्वं** સાધુઓને રૂપવાનપણું ન જોઈએ' એમ પણ જે કહેલું તે અસારભૂત છે. **रूपवत्त्वेन** એ જે વિશેષણ છે તે સાધુના નેપથ્ય માટે જ પ્રતિપાદન કહેલું હોવાથી :—આગમમાં કહેલું છે કે **चत्तारि पुरिसजाया**

૧ કોઈક રૂપસંપન્ન હોય પણ ગુણ સંપન્ન ન હોય.

૨ કોઈક ગુણસંપન્ન હોય પણ રૂપ સંપન્ન ન હોય.

૩ કોઈક રૂપ સંપન્ન હોય અને ગુણ સંપન્ન પણ હોય.

૪ કોઈક રૂપ સંપન્ન ન હોય અને ગુણ સંપન્ન પણ ન હોય.

આ સૂત્રની વૃત્તિમાં કહેલું છે કે 'રૂપ એટલે સુવિહિત સાધુના નેપથ્યરૂપ, એ રૂપ જાણવું.' તેથી કરીને 'રૂપસંપન્ન અને ગુણસંપન્નરૂપ' ત્રીજા ભાંગામાં સુવિહિત નેપથ્યથી યુક્ત એવો સાધુજ કહેલો છે. અને રૂપસંપન્ન અને ગુણસંપન્ન હોય તો તે રૂપના જે ચોથા ભાંગાને વિષે ગૃહસ્થ આદિ જણાવેલા છે. આમ હોવાથી રૂપસંપન્ન સાધુ જ જાણવો, નહિં કે ગૃહસ્થ. વળી જો 'સર્વ પ્રતિષ્ઠા કલ્પોને વિષે પ્રતિષ્ઠા કારકનું લક્ષણ કહ્યું છે. તે સાધુઓને વિષે ઘટતું નથી અને એથી જ કરીને શ્રાવક જ પ્રતિષ્ઠાકારક તરીકે યુક્ત છે.' એમ જે તિલકાચાર્યે કહ્યું છે તે વાતમાં તિલકાચાર્યને આ પ્રમાણે પૂછવું કે—

હે તિલકાચાર્ય! જે પ્રતિષ્ઠાકલ્પોને વાચામાત્રે કરીને જ તારાવડે સ્વીકારીને આ પ્રતિષ્ઠા-કલ્પાભાસ બનાવાયો છે. તો તે પ્રતિષ્ઠાકલ્પોને વિષે જેવી રીતે પ્રતિષ્ઠાકારકનું લક્ષણ કહેલું તથા જોયેલું છે. તેવી રીતના લક્ષ્ય તરીકેનો કોઈપણ પ્રતિષ્ઠાકારક જોયો અથવા સાંભળ્યો છે ખરો? જો તેવા પ્રકારનો જોયો હોય તો તે સાધુ જોયો છે કે શ્રાવક? છેલ્લો વિકલ્પ નથી. કારણ કે કોઈપણ ઠેકાણે 'શ્રાવકે પ્રતિષ્ઠા કરવી' એવા સ્વરૂપના અક્ષરોની પ્રાપ્તિ થતી નહિં હોવાથી. હવે જે પહેલા વિકલ્પમાં જો 'સાધુ જોયા' એવું કહેતો હોય તો પ્રતિષ્ઠાકલ્પમાં કહેલા લક્ષણથી સહિત એવા સાધુ વડે પ્રતિષ્ઠા કરવી એ પ્રમાણે બોલતાં એવા પ્રતિષ્ઠાકલ્પના કરનારા શ્રી હરિભદ્રસૂરિ આદિ આચાર્યને અશુદ્ધ ભાષક=ખોટા બોલા છે. એ રીતે ધિઠ્ઠાઈનું આલંબન લઈને તારા બાપદાદા વડે કરીને પણ કહેવું અશક્ય હોવાથી. શુદ્ધભાષક એવા તે આચાર્યો વડે કરીને લક્ષ્ય તરીકે સ્વીકારાયેલા સાધુનું પણ પ્રતિષ્ઠાકારકરૂપી લક્ષણને ફેંકી દઈને અલક્ષ્યીભૂત થયેલા એવા શ્રાવકોને વિષે પ્રતિષ્ઠાકારકના લક્ષણનું આરોપણ કરતાં તારું જ અશુદ્ધભાષીપણું હોવાથી તેં તારામાં જ કુપાક્ષિકતિલકપણું જાહેર કર્યું છે તેમ જાણવું. વળી લક્ષ્યના અનુસારે લક્ષણની કલ્પના કરવી યોગ્ય છે એ પ્રમાણે સર્વ પ્રામાણિક આત્માઓને સંમત છે. પરંતુ લક્ષણના અનુસારે લક્ષ્યની કલ્પનારૂપી કૂતરી તારા પૂનમીયાના વંશજના ઘરમાં જ નાચી રહેલી દેખાય છે.

તેથી કરીને જેમ લક્ષ્ય અને લક્ષણ એ બન્ને પ્રતિષ્ઠાકલ્પોમાં કહેલાં છે તેમાંથી સાધુ લક્ષણરૂપી ધર્મીનો ત્યાગ કરીને પ્રતિષ્ઠાકારકના લક્ષણરૂપી જે ધર્મ એ બીજા સ્થાનમાં રોપવા કરતાં કોઈક બીજું જ પ્રતિષ્ઠાકારકનું લક્ષણ વિકલ્પીને પ્રતિષ્ઠાકારક એવા સાધુને વિષે કેમ આરોપતો નથી? ધર્મીના પરિત્યાગની અપેક્ષાએ કરીને ધર્મના ત્યાગનું લઘુપણું છે. ધર્મીના અંશમાં અન્યતીર્થિકોની સાથે પણ વિપ્રતિપત્તિનો અભાવ હોવાથી.

તે આ પ્રમાણે :—જેવી રીતે અન્યતીર્થિકોવડે કરીને હરિ-હર આદિ દેવ તરીકે સ્વીકારાયેલા છે. જૈનો વડે તો તે સ્વીકારાયા નથી. પરંતુ જૈન જૈનેતરવિષે ધર્મી તરીકે તો બન્નેને સંમત છે. એ પ્રમાણે ઋષભ આદિને જૈનોએ દેવ તરીકે સ્વીકાર્યા છે. બીજાએ બીજી રીતે સ્વીકાર્યા છે. તો પણ ધર્મી તરીકે તો બન્ને સંમત છે. લોકને વિષે કોઈપણ એવો અતિમૂર્ખ નથી કે ટૂંકી ખાટલી જોઈને પોતાના પગ કાપી નાંખે. કારણ કે શરીરના અનુમાન વડે કરીને શય્યાનું અન્યથાકરણપણું યુક્ત છે. પરંતુ શય્યાના અનુસારે શરીરના અવયવોની ન્યૂનતા કરવાનું કોઈપણ ઠેકાણે જોયું કે સાંભળ્યું છે ખરું? તું તો તેથી પણ આગળ વધ્યો. કે જેથી કરીને જૂદી રીતનું જ બનાવીને તેનાથી પણ જૂદી રીતે બીજાઓને ઉપદેશ આપે છે.

વળી **न्हाणविलित्तउ**-ઈત્યાદિ વ્યક્ત ત્રણ દોધક ગાથાને આશ્રીને પ્રકટપણે કરીને શ્રાવક નહિં કહેલો હોવા છતાં પણ તેં શ્રાવક કલ્પ્યો છે તો—

**कंकणमुद्दसमुद्दकर, सुइअसंमज्जिअदेहु ।**
**सदसअखंडिअवत्थजुअल, जणवल्लह जह मेहु ॥१॥**

सुरनरपूइअ पयपउम सुहनेवत्थ–सणाहु ।
सुव्वयवंत पसन्नमणु-कुणउ पइट्ठं साहु ॥२॥

—'કંકણ' અને 'સુરનર' આ ગાથાની અંદર સાક્ષાત્ કહેવાયેલો એવો જે સાધુ તેનો સ્વીકાર કેમ કરતો નથી? વળી શ્રાવક પણ તારાવડે બાર વ્રતધારી તે જ દિવસે બ્રહ્મચર્યવ્રતવાળો, કરેલો છે ઉપવાસ જેણે એવો ઇત્યાદિ વિશેષણવાળા ગુણરત્નથી અલંકૃત કહેવાયો છે. તેવા પણ શ્રાવકને વિશેષે કરીને સંવરવાળો ગ્રહણ કરાય છે તો કરેલું છે સ્નાન જેણે, કરેલું છે ચંદનનું વિલેપન જેણે એવા, સુવર્ણના કંકણ અને મુદ્રાથી અલંકૃત શરીરવાળા એવા શ્રાવકની અપેક્ષાએ નહિં સ્નાન કરેલો તેમજ શરીર શણગારેલો નહિં એવો સાધુ શ્રેષ્ઠ છે. હવે જો સાધુ 'પ્રતિષ્ઠા નિમિત્તે કરાતું એવું સ્નાન-વિલેપન આદિ સંવરના માલિન્યતાના હેતુરૂપ નથી; પરંતુ તેના કાર્યના સાધકરૂપ બનતું હોવાથી ગુણકારી જ છે.' એવું કહેતો હોય તો સાધુએ તારું શું બગાડ્યું છે કે તેટલા પ્રતિષ્ઠાકાલના કાર્ય પૂરતું જ શૌચાદિ ક્રિયા કરતાં છતાં પણ સાધુ એ સાધુ જ છે. કારણકે પ્રતિષ્ઠા માટે કરેલું જે શૌચ આદિ કર્મ તેનાથી ચારિત્ર માલિન્યતા આદિનો અસંભવ હોવાથી. આ વાત કહેવા દ્વારાએ દમયંતી આદિના જે દૃષ્ટાંતો તેણે આપેલા છે તેનો પણ નિરાસ કર્યો જાણવો. કારણ કે પ્રતિષ્ઠાકલ્પમાં કહેલા લક્ષણોનું શ્રાવિકામાં પણ અસંભવ હોવાથી. કારણ કે શ્રાવિકા, દશીવાલા વસ્ત્રયુગલવાળી હોતી નથી. અને કંચુક આદિ પહેરવાના અભાવ વડે કરીને તીર્થંકર ભગવંતની આશાતના આદિનો સંભવ હોવાથી : વળી હે તિલકાચાર્ય! તારે જે ત્રણ દોધક ગાથારૂપી શાસ્ત્ર છે તે પણ અજ્ઞાતકર્તૃક છે અને ત્રણ ગાથાનું શરણું સ્વીકારીને શ્રી હરિભદ્રસૂરિ આદિ ગીતાર્થોના વચનોને અપ્રમાણિક જણાવતું તારું 'હોશીયારીપણું તારામાં જ સ્થિર થાવ! બીજે કોઈ ઠેકાણે ન જશો.' એ પ્રમાણે અમારો આશીર્વાદ છે. આ દોધક ત્રિકના અભિપ્રાયને પણ નહિ જાણતો એવો તિલકાચાર્ય, ઉત્સર્ગ અને અપવાદની રચના વડે કરીને સમુદ્રની જેવા ગંભીર અને જેના મધ્યભાગનો પાર પામી શકાય નહિ તેવા ગણધર ભગવંતના વચનોને તથા તેના અભિપ્રાયોને કેવી રીતે જાણી શકે? અર્થાત્ કોઈપણ રીતે જાણી શકે તેમ નથી. તેથી કરીને આળઝાળરૂપ તેના કરેલા પ્રતિષ્ઠાકલ્પથી સર્યું. આ કહેવા દ્વારાએ કરીને શતપદીકારે કહેલા વચનોનો પણ નિરાસ કર્યો જાણવો.

તે શતપદીગ્રંથને વિષે પણ તિલકાચાર્યે કરેલા પ્રતિષ્ઠાકલ્પના જેવી જ કલ્પનાઓનું વિદ્યમાનપણું હોવાથી. અહિયા આ પ્રમાણે કંઈક વિસ્તારે કહેવાથી પૂનમીયા–સાર્ધપૂનમીયા–આંચલીયા-આગમિક-કડવા મતિ-બીજામતિ-પાશચંદ્ર આદિ છએ કુપાક્ષિકો પણ તિરસ્કાર કરાયા જાણવા. કારણ કે એ છએ મતવાદીઓને ઘણું કરીને તીર્થ પ્રતિના પ્રદ્વેષને લઈને સાધુપ્રતિષ્ઠાના નિષેધની તત્પરતાવડે કરીને તિલકાચાર્યે બનાવેલા પ્રતિષ્ઠાકલ્પાભાસનું જ શરણ છે. અને તેથી આગમોક્ત યુક્તિઓવડે કરીને પ્રતિષ્ઠાકલ્પનો તિરસ્કાર કરાયો. ॥ ગાથાર્થ-૫૨ ॥

હવે પ્રસંગ પ્રાપ્ત થયે છતે શ્રાવક પ્રતિષ્ઠા વિષે લોક પ્રસિદ્ધ દોષ જણાવે છે.

**न मुणइ मूढो पडिमा, पइट्ठिआ सावएण तप्पुरओ।**
**इरिआपमुहं किरिअं, कुणंति कह साहुणो निउणा ?॥६३॥**

પૂર્વાપરની વિચારણાથી શૂન્ય એવો તે મૂઢ ચંદ્રપ્રભાચાર્ય જાણતો નથી કે જો શ્રાવકવડે પ્રતિષ્ઠિત થયેલી પ્રતિમા જગત્ પૂજ્ય બનતી હોય તો તે શ્રાવક પ્રતિષ્ઠિત પ્રતિમાની આગળ અથવા તે પ્રતિમાની નિશ્રા સ્વીકારીને હોંશિયાર એવા પણ સાધુઓ ઇરિયાવહિયં પડિક્કમવાપૂર્વક વિધિ સહિત દેવવંદન આદિ ક્રિયા કેમ કરતાં નથી? શ્રાવક પ્રતિષ્ઠિત સ્થાપનાચાર્યની આગળ જેમ ક્રિયા કરતા નથી તેમ શ્રાવક પ્રતિષ્ઠિત પ્રતિમા આગળ પણ દેવવંદનાદિ ક્રિયા કરતાં નથી. આમ ન હોય તો શ્રાવકની પ્રતિષ્ઠિત પ્રતિમાની જેમ આચાર્યપદવી આદિની સ્થાપનામાં પણ શ્રાવકની કર્તવ્યતાની આપત્તિનો સંભવ હોવાથી. ॥ ગાથાર્થ ૫૩ ॥

આ પ્રમાણે ચંદ્રપ્રભાચાર્યની પહેલી પ્રરૂપણાના વિષયભૂત થયેલી એવી ગૃહસ્થની પ્રતિષ્ઠા દૂર કરાઈ. હવે મૂળ પ્રરૂપણારૂપી જે દોષ છે તેનો ઉપસંહાર કરતાં જ બીજા દોષની ઉત્પત્તિ માટે કારણ જણાવે છે. તે આ પ્રમાણે

**एवं आगमजुत्तिं, अवहीलिअ अण्णहा कहिंतस्स।**
**नय लोओ अणुरत्तो, अण्णंपि अ सो विचिंतिज्ञा॥५४॥**

પૂર્વે કહેલા પ્રકારવડે કરીને સિદ્ધાંતની યુક્તિની અવહેલના કરીને એટલે તેની અવગણના કરીને શ્રાવક પ્રતિષ્ઠા લક્ષણરૂપ વિપરીત માર્ગને કહેતાં એવા-ચંદ્રપ્રભાચાર્યને વિષે લોક અનુરાગી નથી અર્થાત્ તેના વચનને વિષે વિશ્વાસપૂર્વકના રાગવાળો થયો નથી. અર્થાત્ ચંદ્રપ્રભાચાર્યને સ્વાધીન લોક થયો નથી. શ્રાવક પ્રતિષ્ઠા વ્યવસ્થાપન કરવાવડે કરીને કોઈપણ માણસ તીર્થથી જુદો થઈને (લોક) મારે સ્વાધીન થયો નથી એમ વિચારીને તે ચંદ્રપ્રભાચાર્ય વિચારે છે કે મારે આધીન અને જુદો સમુદાય કરવા માટે મારે કંઈક બીજું બોલવું જોઈએ. ॥ ગાથાર્થ-૫૪ ॥

એ પ્રમાણે વિચાર કરીને ચંદ્રપ્રભાચાર્યે જે કર્યું તે જણાવે છે.

**पच्छा पुण्णिमपक्खिअ–मयमभिनिवेसओ अ संठविअं।**
**संघे निवारयंते, संघेण तओ कओ बाहिं॥५५॥**

પૂર્વે કહેલી વિચારણાએ કરીને અવસર પ્રાપ્ત થયે છતે અભિનિવેશ-મિથ્યાત્વને વશ થયેલ ચંદ્રપ્રભાચાર્યે વિક્રમ સંવત ૧૧૫૯ના વર્ષમાં મૂઢ એવા આત્માઓની સન્મુખ પૂર્ણિમા પાક્ષિક પ્રરૂપ્યું. શું હોયે છતે? તો કહે છે કે અવિચ્છિન્ન એવી પરંપરાથી આવેલ સંઘે એટલે તીર્થે 'આવું ન કર. આવી પ્રરુપણા ન કર.' એવા પ્રકારના વચનો વડે કરીને આક્રોશપૂર્વક નિવારવા છતાં પણ પૂનમીયો

મત પ્રગટ કર્યો. તેથી અવિચ્છિન્ન પરંપરાગત શ્રી સંઘે તેમને સંઘ બહાર કર્યો. ॥ ગાથા-૫૫ ॥
'પૂનમની પાખી' સ્થાપવામાં કુયુક્તિ જણાવે છે—

**पक्खस्स मज्झमद्धंमि, मासस्स य मज्झ पुण्णिमं भणिअं।**
**तेणं पुण्णिम पक्खिअमेवं जुत्तिं पि जंपेइ॥५६॥**

'પખવાડીયાના મધ્યભાગે આઠમ અને મહિનાના મધ્યભાગે પાક્ષિક કહ્યું છે તે કાલે પૂર્ણિમાનું પાક્ષિક યુક્ત છે' એ પ્રમાણે યુક્તિ આભાસવડે-કુયુક્તિવડે કરીને બોલે છે. હવે ચંદ્રપ્રભાચાર્યે કહેલી જે કુયુક્તિ તેને પ્રતિબંદિદ્વારા એટલે યુક્તિઓ દ્વારા દૂષણ આપવા માટે જણાવે છે.

**जउ एवं चउमासं, चउहिं मासेहिं तेहिं तिगुणेहिं।**
**बारसमासा वच्छर पत्तीऽवि अ पुण्णिमासु हवे॥५७॥**

ચંદ્રપ્રભાચાર્ય! તારા કહેવા પ્રમાણે પૂનમને દિવસે પકખી છે તો ચાર મહિને ચોમાસી. અને ચાર મહિનાને ત્રણ વખત ગુણીને એટલે બાર મહિના થાય. અને એ બાર મહિના પૂનમે પૂરા થાય. અને એમ કરીએ તો પૂનમે જ સંવત્સર-વર્ષની પ્રાપ્તિ થાય. ॥ ગાથાર્થ-૫૭ ॥

એ પ્રમાણ હમણાં કહેલી પ્રતિબંદી દ્વારા જે કાંઈ થયું તે જણાવે છે.

**आसाढ पुण्णिमाए, कत्तिअमासे व अहव फग्गुणए।**
**पज्जोसवणाजुत्ता, तुब्भ मए न उण भद्दवए॥५८॥**

તેવી રીતે હોયે સતે પર્યુષણા પણ-આષાઢ પૂનમે યુક્ત થશે અથવા **मार्गशीर्षो वत्सरादि**-એ પ્રમાણેનું નામમાલાનું વચન હોવાથી કારતક પૂનમને વિષે અથવા તો લૌકિક ટીપ્પણાના હિસાબે ચૈત્રાદિ માસથી વર્ષની શરુઆત થતી હોવાથી તે અપેક્ષાએ કરીને ફાગણ પૂનમને વિષે પર્યુષણા, હે ચંદ્રપ્રભાચાર્ય! તારા મતે યુક્ત છે. પરંતુ ભાદરવા મહિને નહિં. અને તેમાં પણ જે ચોથની સંવત્સરી છે તે તો તારા મતે અયુક્ત જ છે. ॥ ગાથાર્થ-૫૮ ॥

હવે જણાવેલી પ્રતિબંદીનો ઉપસંહાર જણાવે છે.

**तम्हा जह वच्छरिअं, भद्दवए पक्खिअंपि चउद्दसीए।**
**इअ सासणसंकेओ, अणाइसिद्धो मुणेअव्वो॥५९॥**

તે કારણે કરીને જેમ સંવત્સરી સંબંધીનું જે પર્યુષણાપર્વ તે ભાદરવામાં જ છે. તેવી રીતે પક્ખિ પણ ચૌદશમાં જ છે. આ પ્રમાણેનો 'શાસનસંકેત' એટલે કે ક્ષાયિક આદિ **ભાવસંકેત**-પ્રવચનનો સંકેત અનાદિસિદ્ધ જાણવો! નહિં કે પાંચમની ચોથે પર્યુષણા લાવવાની જેમ કોઈક

આચાર્યવડે કરીને પૂનમની પક્ખિ ચૌદશે લવાણી. કારણકે તેવા પ્રકારના અક્ષરોની પ્રવચનમાં પ્રાપ્તિ નહિં હોવાથી. વળી જે આચાર્ય વડે કરીને પણ જે પ્રવર્તાવાયેલું છે અને તીર્થ સંમત થયેલું છે તે કોઈક પ્રકરણ આદિ પ્રવચનને વિષે પ્રતીત જ છે. જેવી રીતે નિશીશચૂર્ણિ-ઠાણાવૃત્તિ-કાલિકાચાર્યકથા આદિ વિષે શ્રી કાલિકાચાર્ય મહારાજે પાંચમની સંવત્સરીનું પરાવર્તન કરીને ચોથને દિવસે સંવત્સરીરૂપ પર્યુષણાપર્વ પ્રવર્તાવ્યું. તેવી જ રીતે. **'तव्वसेण य चउम्मासिआणि चउद्दसीए आयरिआणि, अण्णह आगमुत्ताणि पुण्णिमाए** જે પર્યુષણાપર્વ પ્રવર્તાવ્યું તેના નિમિત્તે ત્રણેય ચોમાસી પ્રતિક્રમણ પણ ચૌદશે આચરાયું. અન્યથા તો ચોમાસી પ્રતિક્રમણ આગમમાં કહ્યાં પ્રમાણે પૂર્ણિમાએ હતું.' એ પ્રમાણેના વચનો વડે કરીને ચોમાસી પ્રતિક્રમણ ચૌદશમાં આચરાયું. અર્થાત્-ચૌદશે ચોમાસી કરવાનું થયું. પરંતુ કોઈપણ ઠેકાણે **'तव्वसेण य पक्खिआणि,** તેના કારણે પાક્ષિક પ્રતિક્રમણ ચૌદશે આણ્યું' આવા અક્ષરો મલતાં નથી. વળી કોઈક ઠેકાણે એવું લખેલું વાચવામાં આવે છે કે **तव्वसेण पक्खियाइणि चउद्दसीए,** પરંતુ તે વાત પૂનમીયાના રાગી આત્માએ એ પાઠની ફેરફારી કરી નાંખેલી દેખાય છે. એ કારણેજ જૂની જૂની એવી ઠાણાવૃત્તિઓમાં આવા પાઠના દર્શન પણ નથી. એ પ્રમાણે અમારા ચિરંતનાચાર્યોએ પણ **ગુરુ તત્ત્વપ્રદીપ** આદિમાં જણાવેલું છે. અને તે વાતની સાક્ષીરૂપે **ધર્મોપદેશમાલાવૃત્તિ** તેમજ બધીજ કાલિકાચાર્યની કથાઓ છે. તે બધી તાડપત્રીના પુસ્તકોની અંદર લખેલ અને પાટણના પુસ્તક ભંડાર સંબંધીની ઘણી પ્રાચીન પ્રતોને વિષે **तव्वसेण य चउम्मासिआणि चउद्दसीए आयरिआणि।** એ પ્રમાણે જ લખેલું છે. વળી અમારી જે 'પાઠ પરાવર્તન'ની વાત છે. તેને સિદ્ધ કરનારું એવું એ જ પાઠની અંદર **अण्णह आगमुत्ताणि पुण्णिमाए** એવું પદ સાથોસાથ જ છે. કારણ કે આગમમાં પૂનમે જે (ચોમાસી) પ્રાપ્ત થાય છે તેનું જ ચૌદશે લાવવું યુક્ત છે. જેવી રીતે પાંચમનું ચોથે પર્યુષણા લાવવું થયું. અને આગમને વિષે પૂર્ણિમાને વિષે જ ચોમાસીની પ્રાપ્તિ થાય છે. નહિં કે પક્ખિની! કારણ કે–**से णं लेवए गाहावई** એ પ્રમાણે સૂયગડાંગ સૂત્રના પાઠની વૃત્તિના એકભાગમાં તથા **पौर्णमासीसु च तिसृष्वपि चतुर्मासकतिथिषु इत्यर्थः** એ પ્રમાણે (સંમતિસ્વરૂપ) વાત આગળની ગાથાની વૃત્તિમાં સંમતિ તરીકે કહીશું. જો પૂનમને દિવસે પક્ખી હોત તો વૃત્તિકાર 'ત્રણ પૂનમ'ને ગ્રહણ કરત નહિ. બધાજ આગમોને વિષે ચોમાસીની પૂર્ણિમા સિવાયની બાકીની પૂનમોને વિષે ચતુર્થતપ=ઉપવાસ તપ પણ વ્યક્તતયા કરીને પ્રગટપણે જણાવેલ નથી. ઈત્યાદિ હકીકતો સૂક્ષ્મબુદ્ધિએ વિચારવી ॥ ગાથાર્થ-૫૯ ॥

હવે 'ચૌદશમાં પાક્ષિક' એ પ્રમાણે જે છે તેમાં ચતુર્દશી અને પાક્ષિક તે બન્નેના પરસ્પર પર્યાયપણામાં કારણ જણાવે છે.

## जत्थ य पक्खिअसद्दो, चउद्दसिसद्दो न तत्थ निद्दिट्ठो।
## निअयत्तवाभिहाणे, अण्णुण्णं तेण पज्जाओ ॥६०॥

વ્યવહારસૂત્ર–આવશ્યકચૂર્ણિ આદિમાં જયાં જયાં 'પાક્ષિક' શબ્દ છે. ત્યાં ત્યાં 'ચતુર્દશી' શબ્દ લીધો નથી. અને **च** કારથી–'ચતુર્દશી શબ્દ જયાં છે ત્યાં પાક્ષિક શબ્દ લીધો નથી.' આમ કેમ? તો

જણાવે છે કે–નિશ્ચિત તપ આદિ દર્શાવવામાં એટલે કે–ઉપવાસ આદિ નિયતતપની વક્તવ્યમાં! આ કારણથી પાક્ષિક અને ચતુર્દશી શબ્દનો પરસ્પર ભાવ નિર્દેશેલો હોવાથી એક બીજા એક બીજાના પર્યાયરૂપ છે.

હવે પૂર્ણિમા એ પાક્ષિક થતું નથી. તેમાં યુક્તિ કહે છે.

**चउमासपुण्णिमातिगमुवइट्ठं बीअअंगि लेवस्स।**
**एवं चेव विवेगो, चउदसिसद्दंमि नो दिट्ठो।।६१।।**

સૂત્રકૃતાંગ નામના બીજા અંગની વૃત્તિમાં–ટીકામાં લેપ નામના શ્રાવકના અધિકારમાં ચોમાસીની ત્રણ પૂનમ સંબંધીનું કથન છે. એવી રીતે ચતુર્દશી શબ્દમાં પૂનમનું કોઈપણ આગમમાં પૃથક્કરણ દૃષ્ટિપથમાં આવ્યું નથી = જોયું નથી. તેથી કરીને પૂનમને વિષે પાક્ષિક કૃત્ય એટલે ચતુર્થતપ (ઉપવાસ), પાક્ષિક અતિચાર, આલોચના આદિ કૃત્યો નથી પરંતુ તે પાક્ષિકકૃત્યો ચૌદશમાં છે. ।। ગાથાર્થ-૬૧ ।।

હવે જે જે ગ્રંથોને વિષે પાક્ષિક શબ્દ છે. તે તે ગ્રંથોમાં ચતુર્દશી શબ્દ નથી. તે બધાય ગ્રંથોના નામગ્રહણ કરવા પૂર્વક જણાવે છે.

**ववहारवित्ति–चुण्णी–पीढि तह निसीहभासमाईसुं।**
**जिणबिंबसाहुवंदणु वक्खिअं पक्खिअं भणिअं।।६२।।**

વ્યવહાર સૂત્રની વૃત્તિ-તેની ચૂર્ણિ–તેની પીઠિકામાં તેમજ નિશીથભાષ્ય આદિમાં ચૈત્યપરિપાટી અને સાધુવંદન તેમજ ઉપલક્ષણથી ચતુર્થતપ અને પાક્ષિક પ્રતિક્રમણ આદિથી ઉપલક્ષિત એવો પાક્ષિક નામનો પર્વ દિવસ તીર્થંકરોએ ઉપદેશેલ છે. તે આ પ્રમાણે—

**"किइकम्मस्साकरणे काउस्सग्गे तहा अपडिलेहा।**
**पोसहिअतवो अ तहा अवंदणे चेइसाहूणं।।१।।**

આ ગાથાની અંદર રહેલો **पोसहिअतवो**-એ શબ્દની વ્યાખ્યા કરતાં જણાવે છે કે આઠમ-પાક્ષિક–ચાતુર્માસિક–વાર્ષિકમાં ચઉત્થ-છટ્ઠ-અટ્ઠમ ન કરવામાં આવે તો લઘુ–ગુરુ–લઘુગુરુ પ્રાયશ્ચિત આવે. તેવી રીતે ચૈત્ય અને સાધુ વંદન ન કરે તો." અહિં યથાક્રમ પદયોજના આ પ્રમાણે–આઠમ અને પાક્ષિક (એટલે ચૌદશ) ને દિવસે ઉપવાસ ન કરે, ચોમાસીનો છટ્ઠ ન કરે અને સંવત્સરીનો અટ્ઠમ ન કરે તેમજ તે તે પર્વિણીઓના દિવસોએ ચૈત્યોને ન જુહારે, જુદી જુદી વસ્તીમાં રહેલા સુસાધુઓને વંદન ન કરે તો પ્રત્યેકનું પ્રાયશ્ચિત્ત આવે." એ પ્રમાણે વ્યવહાર સૂત્રની પીઠિકા–ચૂર્ણિ અને વૃત્તિમાં જણાવ્યું છે. તેવી રીતે નિશીથભાષ્યના ઉદ્દેશા ૧૦માં પર્યુષણામાં એટલે સંવત્સરીના દિવસે જે અલ્પ પણ આહાર કરે છે અથવા તો કરતાંને અનુમોદે છે તેને પ્રાયશ્ચિત્ત આવે.

હવે તેવી જ રીતે નિશીથભાષ્યમાં—

इत्तरिअं पाहारं पज्जोसवणाए जो उ आहारे।
तयभूइबिंदुमादी, सो पावति आणमादीणि॥१॥

उत्तरकरणं एगग्गया य आलोअ चेइवंदणया।
मंगल धम्मकहा विअ, पव्वेसु अ तवगुणा हुंति॥२॥

अट्ठमछट्ठचउत्थं संवच्छरि चाउमासि पक्खे अ।
पोसहिअ तवे भणिए वितिअं असहु गिलाणे अ ॥३॥

આ ત્રણ ગાથાની ચૂર્ણિમાં કહેલું છે કે "**इत्तरिअं. गाहा**–ઇત્વરિક એટલે થોડું પણ એટલે કે એક કણ = ચોખાના દાણા જેટલો પણ અશન વિષે આહાર કરે. સ્વાદિમમાં મરી આદિનું ચૂર્ણ અંગૂઠા અને પ્રદેશની = તર્જની આંગલીરૂપી સાણસીદ્વારા ભસ્મ લે તેમ ચપટી પ્રમાણ લે. પાણીને વિષે એક બિંદુ પાણી પીવે. તેવી રીતે ખાદિમમાં પણ અલ્પ પણ આહાર કરે છે. પર્યુષણામાં સંવત્સરીના દિવસે તો આજ્ઞાભંગાદિ દોષોને પામે છે. હવે–પર્વમાં તપ કરવામાં આ ગુણ થાય છે. પર્યુષણાના દિવસ વિષે **अट्ठम० गाहा**–સંવત્સરીના દિવસે જો અઠ્ઠમ ન કરે, ચોમાસીને વિષે છઠ્ઠમ ન કરે. અને પાક્ષિકને વિષે ઉપવાસ ન કરે તો તેને પ્રાયશ્ચિત આવે. અને આજ્ઞાભંગાદિ દોષો થાય. આ બધા દોષો દૂર કરવાને માટે તીર્થંકરોએ જેવી રીતે જણાવેલ છે તેવી રીતે તપ કરવો અને **बितियं**–અપવાદના કારણે ન પણ કરે. એટલે કે શક્તિ ન હોય અથવા માંદા હોય. અથવા ગ્લાનની સેવા કરનારો હોય તો. તેવા આત્માઓ, ઉપવાસ આદિ કરે તો વૈયાવચ્ચ કરવા માટે અસમર્થ થાય! આવા આપવાદિક કારણોને લઈને પર્યુષણપર્વમાં પણ-સંવત્સરીના દિવસે પણ આહાર કરતો મુનિ શુદ્ધ જાણવો." એમ નિશીથ ચૂર્ણિ ૧૦મા ઉદ્દેશામાં કહેલું છે.

અહિં ગાથામાં આદિ શબ્દ લીધેલો હોવાથી આવશ્યકચૂર્ણિનું પણ ગ્રહણ કરી લેવું. આવશ્યક-ચૂર્ણિમાં કહેલું છે. પ્રતિક્રમણ–દૈવસિક અને રાત્રિક, દિવસ સંબંધીનું દૈવસિક, રાત્રિ સંબંધીનું રાત્રિક: પાક્ષિક સંબંધીનું પાક્ષિક, ચાતુર્માસીક સંબંધીનું ચૌમાસી અને વર્ષ સંબંધીનું વાર્ષિક–સાંવત્સરીક. આ પ્રમાણે બીજા ગ્રંથોને વિષે પણ પાક્ષિક સબંધીનું કાર્ય–પાક્ષિક પ્રતિક્રમણ આદિથી વિશિષ્ટ એવો પાક્ષિક શબ્દ જણાવેલો છે ત્યાં ચતુર્દશી શબ્દ જણાવેલો નથી. ॥ ગાથાર્થ-૬૨ ॥

હવે પાક્ષિક કૃત્યથી ઉપલક્ષિત એવા ચતુર્દશી શબ્દને જણાવનારા ગ્રંથોની સંમતિ દેખાડવાને માટે ગાથા કહે છે.

**आवस्सयचुण्णीए, महानिसीहे अ पक्खचुण्णीए।**
**पक्खिअतवपमुहेहिं, जुत्तावि चउद्दसी वुत्ता॥६३॥**

આવશ્યક ચૂર્ણિની અંદરે–મહાનિશીથસૂત્રમાં અને પાક્ષિકચૂર્ણિમાં પાક્ષિક તપ પ્રમુખયુક્ત એવી ચૌદશ કહેલી છે. તે આ પ્રમાણે **આવશ્યકસૂત્ર કાયોત્સર્ગચૂર્ણિમાં** કહ્યું છે કે 'આઠમ-ચૌદશને દિવસે તીર્થંકર ભગવંતો અને સાધુઓને વાંદવા જોઈએ' તેવી જ રીતે **મહાનિશીથસૂત્ર**ના સાતમા અધ્યયનમાં કહેલું છે કે :—'બળ–વીર્ય-પુરુષાત્કાર–પરાક્રમ–આદિની સામગ્રી હોયે છતે આઠમ–ચૌદશ–જ્ઞાનપાંચમ–પર્યુષણા–ચૌમાસીની અંદર–ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ ન કરે તો પ્રાયશ્ચિત્ત આવે.' તેવી જ રીતે **પાક્ષિકચૂર્ણિ**ની અંદર-પક્ખિ ખામણાની અંદર '**पिअं च मे जंभे**' વાળી વાતમાં ગુરુ મહારાજ કહે છે. એ પ્રમાણે, **पोसहिअत्ति०**–પૌષધાર્થીએ=પોષાતીએ પણ–આઠમ–ચૌદશના દિવસે ઉપવાસ કરવો.' તેવી જ રીતે વિક્રમ સંવત–૪૭૭માં થયેલા ધનેશ્વરસૂરિજી મહારાજે **શત્રુંજય માહાત્મ્ય**ના ત્રીજા સર્ગમાં ચતુર્દશીને દિવસે જ પાક્ષિક, અનાદિ સિદ્ધ કહેલું છે. તે આ પ્રમાણે.

**यावज्जीवं विशेषेण, सोऽष्टमीं च चतुर्दशीं।**
**प्रत्याख्यानपौषधादि तपसा ऽऽराधयत्यलम्॥१॥**

**स चाष्टमी चतुर्दश्योः, पर्वणोस्तपसः क्वचित्।**
**चाल्यते निश्चयान्नैष, कृतयत्नैः सुरैरपि॥२॥**

**जगौ नृपतिरप्येवं, श्रुणु रम्भे! महाव्रतम्।**
**चतुर्दश्यष्टमीपर्व, तातेनोक्तं समस्ति नः॥३॥**

**त्रयोदश्यां च सप्तम्यां, लोकवोधाय भामिनी!।**
**अयं हि पटहोद्घोषो, मदादेशात्प्रजायते॥१॥**

**चतुर्दश्यष्टमीपर्व, त्रैलोक्ये देवि! दुर्लभम्।**
**करोति यो जनो भक्त्या, स याति परमं पदं॥१॥**

**अष्टम्यां पाक्षिके पक्षिमृगसिंहादि शावकाः।**
**अप्याहारं न गृह्णन्ति, ये ऽर्हद्धर्मेण वासिताः॥१॥**

**चतुर्दश्यष्टमीपर्वे, दृढधर्मः स धर्मवान्।**
**नित्यमाराधयामास, श्री युगादिजिनांघ्रिवत्॥१॥**

ઈત્યાદિ અનેક શ્લોકો ભિન્ન ભિન્ન અધિકારમાં પ્રતિબદ્ધ છે. તે બધામાં પણ '**જ્યાં પાક્ષિક શબ્દ છે ત્યાં ચતુર્દશી શબ્દ નથી. અને જ્યાં ચતુર્દશી શબ્દ છે ત્યાં પાક્ષિક શબ્દ નથી.**' અને તેથી કરીને પાક્ષિક અને ચતુર્દશી આ બન્ને શબ્દો પરસ્પર પર્યાયવાચી તરીકે હોવાથી–ચતુર્દશીમાં પાક્ષિક શબ્દનો સંકેત અનાદિસિદ્ધ જ છે. તેવી જ રીતે **આવશ્યકચૂર્ણિ**ની અંદર સાગરચંદ્ર અને કમલાના દૃષ્ટાંતમાં 'સાગરચંદ્ર, આઠમ ચૌદશના દિવસે શૂન્ય ઘરમાં અથવા શ્મશાનમાં એક રાત્રિક પ્રતિમા ધ્યાને

રહે છે.' તેવી રીતે આવશ્યક સૂત્રની **કાયોત્સર્ગચૂર્ણિમાં** કહેલું છે કે 'ચંપાનગરીની અંદર-સુદર્શન નામનો શ્રેષ્ઠિપુત્ર, આઠમ અને ચૌદશના દિવસે ચૌટામાં ઉપાસકની પ્રતિમાને સ્વીકારે છે. તે વખતે મહાદેવી વડે પ્રાર્થના કરાતો છતો પ્રાર્થનાને ઇચ્છતો નથી.' તેવી જ રીતે **આવશ્યક ચૂર્ણિમાં** કહેલું છે કે–જિનસંમત બધા જ કાલપર્વના દિવસોમાં યથાયોગે કરીને સુપ્રશસ્ત એવો શ્રાવક, આઠમ-ચૌદશને વિષે નિયમે કરીને પૌષધિક હોવો જોઈએ.' આ પાઠની અંદર કોઈક પ્રતોમાં **अट्ठमी चाउद्दसीसु** ના સ્થાને **अट्ठमी पन्नरसीसु** એવો પાઠ છે. ત્યાં પણ ઠાણાવૃત્તિમાં રહેલા પાઠની પરાવૃત્તિની જેમ કુપાક્ષિકોનું જ આ ડહાપણ સંભવે છે. અથવા તો **पन्नरसी** શબ્દ **चतुर्दशी**નું ઉપલક્ષણક જાણવું. જો એમ ન હોય તો આવશ્યક ચૂર્ણિની અંદર શ્રાવકની પ્રતિમાના અધિકારમાં 'ચતુર્દશી, આઠમ અને પૂનમને દિવસે પ્રતિપૂર્ણ એવા પૌષધનું સમ્યક્ પ્રકારે પાલન કરનારો થાય'. એ પ્રમાણે જે કહેલું છે તે વાતની સાથે આ ગાથાનું વિસંવાદીપણું થાય. અથવા તો ભાદરવા સુદ પાંચમથી બીજા ભાદરવા સુદ પાંચમ સુધીમાં સંવત્સર પૂરો થાય તેમ. પહેલી ચતુર્દશીથી બીજી ચતુર્દશી સુધીમાં પંદર દિવસનો સંભવ હોવાથી 'પંચદશી' શબ્દવડે કરીને ચૌદશ જ જાણવી. જો એમ ન લઈએ તો જિનદાસ શ્રાવકના અધિકારવાળો જે આલાવો છે તેની સાથે મેળ મલે નહિં. તે આ પ્રમાણે 'પ્રાસુક ચારો ખરીદીને બળદોને આપે છે. અને એ પ્રમાણે પોષણ કરે છે. અને તે શ્રાવક આઠમ-ચૌદશના દિવસે ઉપવાસ કરે છે અને પુસ્તકવાંચન કરે છે. અને તે પુસ્તકનું વાંચન સાંભળીને તે સંજ્ઞી એવા બળદો ભદ્રપરિણામી અને ઉપશાંત થયા. અને તેથી કરીને શ્રાવક જે દિવસે નથી જમતો તે દિવસે તે બળદો પણ ચારો ખાતાં નથી.' એ પ્રમાણે **આવશ્યકસૂત્ર પરિસહ નિર્યુક્તિચૂર્ણિ**માં અને હારિભદ્રીયવૃત્તિમાં જણાવ્યું છે. આ બધાય પાઠો દ્વારા કહેવાનું એ છે કે :—**तव्वसेण चउमासिआणि चउद्दसीए आयरियाणि, अण्णहा आगमुत्ताणि पुण्णिमाए** તેના વશે કરીને (સંવત્સરી પરાવર્તને લઈને) ચોમાસી ચૌદશે જ આચરિત થઈ. નહિંતર આગમોક્ત પૂનમને દિવસે જ હતી. તે પ્રમાણેનો પાઠ વિદ્યમાન હોવા છતાં પણ કોઈક પ્રતોમાં **तव्वसेण य चउमासियाणि०** આ પદને સ્થાને **पक्खिआईणि चउद्दसीए आयरिआणि** એવો પાઠ જોઈને 'પૂર્વે પૂનમની પક્ખિ હતી' તેવા પ્રકારની ઉભી થતી શંકા પણ દૂર કરી જાણવી.

પ્રવચનને વિષે પૂર્વાપરના સંબંધની પર્યાલોચના કરીને જ વિચારણા કરવી યુક્તિયુક્ત છે. આગમમાં કહ્યું છે કે **पूर्वापरेण** પૂર્વ અને અપર = આગળ અને પાછલનો વિચાર કરવાપૂર્વક સૂત્રને પ્રકાશવું. અને એમ વચનનું પારતંત્ર્યપણું એ ધર્માર્થીનું ચિહ્ન-લિંગ છે. અને તે પર્યાલોચના આ પ્રમાણે– **'अन्नह आगमुत्ताणि पुण्णिमाए'** એ પ્રમાણેનું જે પદ છે. તે શાસ્ત્રની સાથે સંગત કરાવાતું છતું આગમની અંદર 'ચોમાસી પૂનમને હતી' એ પ્રમાણે પ્રાપ્ત થાય છે.' જે પૂર્વે જણાવાઈ ગયું છે. વળી ચતુર્થતપ= ઉપવાસ-ચૈત્યપરિપાટી આદિ કૃત્યોથી વિશિષ્ટ એવી પૂનમનું ગ્રહણ કોઈપણ આગમમાં પ્રાપ્ત થતું નહિં હોવાથી **तव्वसेण पक्खिआईणि चउद्दसीए आयरिआणि** એ પ્રમાણેનું જે વાક્ય છે તે વાક્ય **अन्नह आगमुत्ताणि पुण्णिमाए** એ પદની સાથે 'અગ્નિવડે કરીને સિંચન કર' એની જેમ અસંગત જ થાય છે. તેથી કરીને **तव्वसेण चउम्मासीयाणि चउद्दसीए आयरियाणि** એ પ્રમાણેનો જે જૂની પ્રતોનો પાઠ છે તે સ્વભાવસિદ્ધ જ છે. અને યુક્તિયુક્ત જ છે. કારણકે પૂનમની જે ચોમાસી હતી તે સિદ્ધાંતસિદ્ધ જ

છે. અને તેવું સિદ્ધાંતસિદ્ધપણું **'तम्हा दोसदेहिं०'** એવી વક્ષ્યમાણ જે ગાથા કહેવાશે તેની વ્યાખ્યામાં બીજા અંગ–સૂત્રની સંમતિ આપવા પૂર્વક આગળ બતાવાશે. વળી **आगमुत्ताणि पुण्णिमाए** એ પદ જો 'પૂર્ણિમા પાક્ષિક'ના અભિપ્રાયે કરીને પ્રમાણ કરવામાં આવે તો એક પૂનમથી બીજી પૂનમ મહિને આવે તો ત્યાં 'માસિક' શબ્દ વાપરવો જોઈએ, પાક્ષિક શબ્દ ન વપરાય. એટલે વિસ્તારથી સર્યું ॥ ગાથાર્થ-૬૩ ॥ હવે અનંતરમાં કહેલી ગાથામાં ઉત્તરાર્ધથી જે કાંઈ કહ્યું છે તેનું તાત્પર્ય જણાવે છે અથવા તો તાજેતરમાં કહેવાયેલી બે ગાથાનો નિચોડ જણાવે છે.

**तेणं चउद्दसीए, पक्खिअसद्देण होइ पज्ञाओ।**
**न पुणो पुण्णिमदिवसे, तवपमुहं पक्खिअं कज्जं॥६४॥**

જે કારણવડે કરીને 'પાક્ષિક કૃત્યથી વિશિષ્ટ એવી ચૌદશ' આગમમાં કહેલી છે. અથવા જે બે ગાથામાં કહેલી સંમતિના પ્રકાર વડે કરીને 'પાક્ષિક' અને 'ચતુર્દશી' એ બન્ને શબ્દોની પર્યાયવાચિતા જણાવી. તે કારણે કરીને પાક્ષિક શબ્દવડે કરીને ચતુર્દશીનો પર્યાય જાણવો; નહિં કે 'પૂનમના દિવસે તપ આદિ પાક્ષિકકૃત્ય કરવું' તેવું આગમમાં જણાવ્યું નથી, તે કારણે કરીને પૂનમના દિવસમાં પાક્ષિક શબ્દનો પર્યાય ન થાય, એ પ્રમાણેનો સંબંધ જાણવો ॥ ગાથાર્થ–૬૪ ॥

હવે પૂનમીયાના રંગે રંગાયેલો આત્મા શંકા કરે છે કે

**अह सावयअहिगारे, चउपव्वीमज्झगत्ति काऊणं।**
**कप्पिज्जइ निअमेणं, तवपमुहो पक्खिओऽवि विही॥६५॥**

અને હવે 'શ્રાવકના અધિકારમાં ચતુષ્પર્વીની અંદર પૂનમ કહેલી છે. તેથી કરીને નહિં કહેલા એવા તપ આદિ પાક્ષિક કૃત્યો નિયમે કરીને પૂર્ણિમામાં કલ્પે છે' એ પ્રમાણે પૂર્વપક્ષ છે. હવે ઉત્તરપક્ષમાં જણાવે છે કે 'ઉદરમાં રહેલા પુત્રની આશાએ કેડમાં રહેલાં પુત્રને કૂવામાં નાંખી દે.' એ ન્યાયને પ્રાપ્ત થયેલો અને પૂર્ણિમાપક્ષે રંગાયેલા આત્માએ શંકા કરી! કારણ કે પાક્ષિકકૃત્ય વિશિષ્ટ એવી અને સિદ્ધાંતમાં કહેલી એવી ચૌદશને છોડીને તેવા પ્રકારની પૂર્ણિમા થશે. એ પ્રમાણે કલ્પનામાં તત્પર બન્યો છે. ॥ ગાથાર્થ-૬૫ ॥

હવે પૂર્ણિમાપક્ષી આત્માનો જે પૂર્વપક્ષ છે તેને અતિપ્રસંગ દ્વારા દૂષણ આપતાં જણાવે છે કે—

**ता चउदसि तवजुत्तो, छट्ठो वुत्तोऽपि किं न पक्खतवो।**
**जह चउदसि तव जुत्तो, चउमासदिणंपि छट्ठतवो॥६६॥**

જો તેં પૂર્વે કહ્યું છે તે પ્રમાણે હોય તો ચતુર્દશીનો ઉપવાસ તપયુક્ત એવો પાક્ષિકતપ પણ હો એમ કહીને બે ઉપવાસવાળો અર્થાત્ છઠ્ઠતપ કેમ ન કહ્યો? એ વાત પર દૃષ્ટાંત આપે છે. જેમ

ચૌદશ પાક્ષિકતપયુક્ત છે.''છતાં પણ ચોમાસીને દિવસે છઠ્ઠતપ કહ્યો છે કે નહિં? એમ વળી જે 'ચતુષ્પર્વી કહી છે તે શ્રાવકધર્મને આશ્રીને જ કહેલી છે સાધુધર્મને આશ્રીને તો (બે) આઠમ અને (બે) ચૌદશ જ કહેલી છે. અને પાક્ષિક પર્વ તો શ્રાવક અને સાધુ એમ બન્નેને સાધારણ રીતે કહેલું છે. એ પ્રમાણે વિચાર કરતાં પાક્ષિકપણાવડે કરીને ચૌદશ જ સિદ્ધ થાય છે. ''ચતુષ્પર્વીની અંદર રહેલી જે પૂર્ણિમા.'' ઇત્યાદિ વિચારણા તો તારા ગળે જ પાદુકા=મોજડીકલ્પ છે. ॥ ગાથાર્થ-૬૬ ॥ હવે ફરી પાછી પૂનમીયાની શંકા જણાવે છે.

**अह चउमासगदिवसा, पनरसदिवसेहिं पक्खिपडिकमणं।**
**तेणवि पुण्णिम दिवसे, पक्खिअकज्जंपि जुत्तिजुअं॥६७॥**

હવે ચૌમાસી પ્રતિક્રમણથી પાક્ષિક પ્રતિક્રમણ પંદર દિવસે થાય છે. તે કારણે કરીને પૂનમના દિવસે પાક્ષિક પ્રતિક્રમણ કરવું યુક્તિયુક્ત છે. ॥ ગાથાર્થ-૬૭ ॥ હવે આ વાતને અતિપ્રસંગ દ્વારા દૂષણ આપતાં જણાવે છે.

**जइ एवं संवच्छरिअ–पडिक्कमणाउ पक्खपडिक्कमणं।**
**पनरस दिणेहिं जुत्तं, पत्तं ता पंचमी पक्खो॥६८॥**

જો તારી કહેલી યુક્તિએ ચાલીએ તો સંવત્સરી પ્રતિક્રમણ પછી પંદર દિવસે જ પાક્ષિક પ્રતિક્રમણયુક્ત છે અને એથી કરીને (ભાદરવા વદી) પાંચમને દિવસે પાક્ષિક પ્રતિક્રમણ આવશે. કારણકે ચૌમાસી અને સંવત્સરીમાં યુક્તિનું તુલ્યપણું હોવાથી. ॥ ગાથાર્થ-૬૮ ॥ હવે બીજી યુક્તિ જણાવે છે.

**जइ पक्खिअंपि पुण्णिम, अमावसा य त्ति तिहिदुगं हुज्जा।**
**ता तुह नामंपि इमं, पक्खे पक्खे हवइ भिन्नं॥६९॥**

જો પાક્ષિક, પૂનમ અને અમાવસ્યા એ બન્ને દિવસે થાય તો પક્ષે પક્ષે તારા નામની ભિન્નતા થાશે. એટલે કે–પૂનમે પક્ખી કરતાં તું 'પુનમીયો' અને અમાસે પક્ખી કરતાં તું 'અમાસીયો' એમ કહેવાશે, જે વાત આગળની ગાથામાં જણાવાશે. ॥ ગાથાર્થ-૬૯ ॥

હવે પક્ષે પક્ષે નામની ભિન્નતા કેવી રીતે?

**सिअ पक्खे पुण्णिमिओ, कण्हे मावासिओत्तऽवरनामा।**
**अण्णह तुह नामंमि अ, अलिअं तह पक्खि अभिहाणे॥७०॥**

શુક્લપક્ષમાં તું પૌર્ણમીયક એટલે પૂર્ણિમાના દિવસે પાક્ષિકનું કૃત્ય કરાતું હોવાથી તું

'પૌર્ણમીયક' કહેવાય છે અને અમાસના દિવસે પાક્ષિકનું કૃત્ય કરતો હોવાથી 'અમાવાસ્યિક' કહેવાશે. કારણ કે તે અમાસને દિવસે પાક્ષિકનું કૃત્ય કરવાપણું હોવાથી. અને જો એ પ્રમાણે તારા પક્ષના બે નામ નહિં કરે તો તારું 'પૂનમીયા' નામનું મૃષાભાષીપણું થશે. પાક્ષિક પર્વનું પારતંત્ર્યવડે કરીને જ તારા મતનું નામ તને સંમત હોવાથી. નહિંતર હું 'પૌર્ણમીયક છું' એ પ્રમાણે તારે જાહેર બોલવું નહિં. એનો ભાવ એ છે કે-કૃષ્ણપક્ષની અમાવસ્યાના દિવસે પાક્ષિક કરવા છતાં ''હું પૂનમના દિવસે પાક્ષિક કરું છું' તેથી કરીને હું પૌર્ણમીયક કહેવાઉં છું'' એ પ્રમાણે બોલતો તું તારા નામનાં અને પાક્ષિક પર્વના નામમાં આમ બન્ને રીતે પણ મૃતાભાષી થાય છે. ॥ ગાથાર્થ-૭૦ ॥

હવે સૂત્રની વ્યાખ્યા કરવામાં પણ પાક્ષિક શબ્દ વડે કરીને ચૌદશ એ પ્રમાણે વ્યાખ્યા કરેલી છે તે બતાવે છે.

**जह पक्खिअपज्ञाओ, चउदसिसद्देण देसिओऽवि तहा।**
**न य पुण्णिमसद्दे वा, दसाइचुण्णिप्पमुह समए॥७१॥**

જેવી રીતે પાક્ષિકનો પર્યાય ચતુર્દશી શબ્દ વડે બતાવાયો દેખાય છે તેવી રીતે પૂર્ણિમા શબ્દવડે કરીને પાક્ષિક પર્યાય કહેલો હોય એવું કોઈપણ ઠેકાણે દેખાતું નથી. તે આ પ્રમાણે.

**पक्खिअ पोसहिएसुं समाहिपत्ताणं** એ સૂત્રની ચૂર્ણિમાં ''**पक्खियं पक्खिअमेव, पक्खिए पोसहो पक्खिअपोसहो. चाउद्दसिअट्ठमीसु वा, समाहिपत्ताणं**'' એ પ્રમાણે દશાશ્રુતસ્કંધની ચૂર્ણિના પહેલા વ્યાખ્યાનમાં જણાવેલ છે.

પાક્ષિક તે પાક્ષિક જ, પાક્ષિકમાં જે પૌષધ તે પક્ખિ પૌષધ, આ પૌષધ ચતુર્દશી અષ્ટમીને વિષે સમાધિ પ્રાપ્ત આત્માએ કરવો.

આ ચૂર્ણિના વચનમાં જે પહેલું વ્યાખ્યાન કર્યું તેમાં 'પાક્ષિક એ જ પાક્ષિક' એ પ્રમાણે અવધારણપૂર્વકના વાક્યવડે કરીને કેવલ ચતુર્દશીનું જ ગ્રહણ કર્યું છે. અને બીજા પદની વ્યાખ્યાવડે કરીને 'પાક્ષિક' પદ અષ્ટમીનું પણ ઉપલક્ષક છે. એ અભિપ્રાયે કરીને **अट्ठमी-चाउद्दसीसु** એ પ્રમાણે કહીને અષ્ટમીથી સંયુક્ત એવી ચૌદશ જ ગ્રહણ કરેલી જાણવી. એમ ન કરીએ તો જે વ્યાખ્યા છે તેના વ્યાખ્યેય પદની સૂત્રમાં પ્રાપ્તિ નહિં હોવાથી બીજા પદનું વ્યાખ્યાન કરેલું છે તે નિરર્થક થાય. તારા અભિપ્રાયવડે કરીને પાક્ષિક શબ્દનું વર્ણન અષ્ટમી કે ચતુર્દશી સંભવતી નથી. તેથી કરીને પહેલું વ્યાખ્યાન જે કરેલ તે ફક્ત ચતુર્દશીના અભિપ્રાયવાલું જાણવું. જો એમ ન હોય તો પર્યાયાન્તર કર્યા સિવાય એવકારનું ગ્રહણ કરવું અસંભવિત હોવાથી અને વ્યાખ્યાનનો અસંભવ હોવાથી : કોઈપણ સૂત્રવ્યાખ્યાતા એવો નથી કે ઘટ શબ્દને ઘટ એ પ્રમાણે બોલતો વ્યાખ્યાતાપણાને પામતો હોય અને બીજા વ્યાખ્યાનની અંદર અષ્ટમી ઉપલક્ષિત ચતુર્દશી ગ્રહણ કરી છે. તે હવે કહેવાતી સૂયગડાંગસૂત્રની વૃત્તિરુપ દીવો હાથમાં ધારણ કરીને જ દશાચૂર્ણિ જોવી જોઈએ. તારા અભિપ્રાય વડે કરીને તો બીજું વ્યાખ્યાન, **अट्ठमी चउद्दसीसु** ને બદલે **अट्ठमी पनरसीसुं** ઘટતું છે તેવું તો અહિં કહ્યું

નથી. તે આંખો બંધ કરીને વિચારવા જેવું છે.

આદિ શબ્દથી વ્યવહાર સૂત્રની વૃત્તિ પણ જાણવી. જેવી રીતે

**विज्ञाणं परिवाडी पव्वे पव्वे य दिंति आयरिआ।**
**मासद्ध मासिएणं, पव्वं पुण होइ मज्झं तु॥१॥**

''આચાર્ય ભગવંતો પર્વે પર્વે એટલેકે-પર્વના દિવસે વિદ્યાની પરિપાટી આપે છે. એટલેકે વિદ્યાઓનું પરિવર્તન કરે છે. હવે પર્વ કોને કહેવું? તે કહે છે. માસ અને અર્ધા મહિના વચ્ચેનું પર્વ કહેવાય છે. આ જ વાતને કહે છે કે **पक्खस्स य अट्ठमी खलु०** પક્ષનું અર્ધું આઠમ, માસનું અર્ધું પક્ખિ પર્વ જાણવું. તેવી રીતે ચંદ્ર અને સૂર્યનું ગ્રહણ એ પણ પર્વ જાણવું. તેમાં પ્રાયઃ કરીને વિદ્યાસાધનાના ઉપચારનો સંભવ હોવાથી. (વ્ય.વૃ.ઉ-૬) આ આઠમ-ચૌદશ અને તેમાં ચૌદશમાં પણ અહિં વૃત્તિકારે કૃષ્ણ પક્ષની ચૌદશ જણાવીને તેને વિદ્યાસાધનની અધિકારવાળી હોવાથી એમ વ્યાખ્યા કરી છે. એ પ્રમાણે વ્યવહારવૃત્તિના છઠ્ઠા ઉદ્દેશામાં કહેલું છે.

અહિંયા વૃત્તિકાર ભગવંતવડે કરીને 'કૃષ્ણપક્ષની ચૌદશ' એ પ્રમાણે જે વ્યાખ્યા કરી છે તે વિદ્યા સાધનનો અધિકાર હોવાથી. અન્યથા તો સામાન્યથી ચૌદશ જ. આ પ્રમાણેની વ્યાખ્યા, બીજા ગ્રંથોની સંમતિથી પણ તેમજ દશ્ય થતું હોવાથી. આ પ્રમાણેની બધી વાત ખાનગીમાં બેસી વિચારવી. ॥ ગાથાર્થ-૭૧ ॥ હવે બીજી યુક્તિ જણાવે છે.

## चाउदसट्ठमुद्दिट्ठ पुण्णमासिणिसु पमुहजिणवयणं।
## न य कत्थवि चाउद्दसि अट्ठमि-पक्खिपमूहवयणं॥७२॥

અર્થ :-'ચતુર્દશી, આઠમ, અમાવાસ્યા, પૂર્ણિમાને વિષે' એ પ્રમાણે જિનવચન છે. પણ 'ચૌદશ, આઠમ, પાક્ષિક' એવું કોઈ પણ સ્થળે કહ્યું નથી.

''**बहूहिं सीलव्वयगुणवेरमण पच्चक्खाण पोसहोववासेहि चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुण्णं पोसहं सम्मं अणुपालेमाणा**'' ઘણાં પ્રકારનાં સદાચાર, વ્રત, ગુણવિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધ ઉપવાસવડે કરીને આઠમ-ચૌદશ-પૂનમ-અમાવાસ્યાના દિવસે સમ્યક્ પ્રકારે પ્રતિપૂર્ણ પૌષધનું પાલન કરતો'' ઇત્યાદિ શ્રી ભગવતી સૂત્ર આદિમાં રહેલું જિનેશ્વર ભગવંતનું વચન જણાય છે. આ ગાથા **चाउद्दसट्ठमुद्दिट्ठ पुण्णिमासीणीसु** એના સ્થાને કોઈ ઠેકાણે પણ **पक्खिसु** એ પ્રમાણેનું વચન જોયું કે સાંભળ્યું નથી. ॥ ગાથાર્થ-૭૨ ॥

આ પાઠ આપવાથી શું વાત ફલિત થાય છે તે જણાવે છે.

## जम्हा दोसद्देहिं, दुन्नि तिहीओ जिणिंदभणिआओ।
## तम्हा चउदसि पक्खिअसक्खी लेवोऽवि सूअगडे॥७३॥

જે કારણથી, બે શબ્દવડે બે તિથિ જિનેશ્વર ભગવંતે જણાવી. અને ઉદ્દિષ્ટ, પૂર્ણિમા શબ્દવડે કરીને અમાવાસ્યા-પૂર્ણિમારૂપી બે તિથિ જાણવી. અર્થાત્ **अट्ठमी चाउद्दसीसु** એ બે શબ્દોથી ચૌદસ આઠમ **उद्दिट्ठ पुण्णिमासु** એ પદથી પૂનમ અને અમાસ જાણવી. અને પૂનમ તથા અમાસ એ પાક્ષિક થતું નથી. એથી કરીને જ ચૌદશે જ પાક્ષિક=પક્ખિ છે. અને આ અર્થમાં સાક્ષી તરીકે સૂત્રકૃતાંગ સૂત્રમાં લેપ નામનો શ્રાવક પણ છે. કારણ કે તે જ બે શબ્દોવડે કરીને પાક્ષિક સિવાયની તિથિઓ ગ્રહણ કરેલી છે. તે આ પ્રમાણે.

**से णं लेवए गाहावई समणोवासए अहिगयजीवाजीवे त्ति।**

તે સૂત્રની વૃત્તિ આ પ્રમાણે. "તે લેપ શ્રાવક, આઠમ-ચૌદશ આદિ તિથિને વિષે તેમજ ઉદ્દિષ્ટ શબ્દથી મહા કલ્યાણક સંબંધીપણાએ કરીને પુણ્યતિથિ તરીકે પ્રખ્યાત એવી અમાસ અને ચોમાસી સંબંધીની ત્રણ પૂનમને વિષે એવા પ્રકારના ધર્મદિવસોની અંદર સારી રીતે પૂર્ણ એવા પ્રકારના વ્રત અભિગ્રહરૂપ એવો જે પૌષધ તે પણ પરિપૂર્ણ. એટલે ચારે પ્રકારના આહારાદિના તેમજ શરીરસત્કાર, અબ્રહ્મત્યાગ અને વ્યાપારનો ત્યાગ કરવાપૂર્વકના પૌષધનું પાલન કરતો સંપૂર્ણ શ્રાવકધર્મનું આચરણ કરે છે." આ પ્રમાણે સૂયગડાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના ૭મા અધ્યયનમાં લેપ શ્રાવકના અધિકારમાં જણાવેલ છે. ॥ ગાથાર્થ-૭૩ ॥ હવે બન્ને શબ્દોવડે કરીને પાક્ષિકપણા વડે અભિમત તિથિનું ગ્રહણ કરવામાં શું દોષ છે? એવા પ્રકારની જાણવાની જિજ્ઞાસામાં સૂત્રની ગતિભંગ લક્ષણ નામનો દોષ જણાવેછે.

**सुत्तंमि एगअत्थो णो जुत्तो णेग सद्दवयणिज्जो।**
**अप्पगंथमहत्थं सुत्तं जंपंति जेण जिणा॥७४॥**

સૂત્રની અંદર એક અર્થ એટલે પાક્ષિકાદિ લક્ષણવાળો જે છે તે ઉદ્દિષ્ટ, પૂર્ણિમા આદિ શબ્દોવડે કરીને અનેક શબ્દનો વાચક બનાવવો યુક્ત નથી. કારણ કે સૂત્ર એવી રીતે હોય છે કે–અલ્પગ્રંથવાળું અને મહાઅર્થવાળું હોય છે. એવું જિનેશ્વર ભગવંતો બોલે છે. અર્થાત્ શબ્દવડે અલ્પ, તો પણ અર્થથી ગંભીર હોય છે. આગમમાં કહ્યું છે કે

**अप्पगंथमहत्थं-बत्तीसादोसविरहिअं जं च।**
**लक्खणजुत्तं सुत्तं, अट्ठहि अ गुणेहि उववेअं** (३-८८०)

અલ્પ શબ્દો અને મહાઅર્થથી ભરપૂર, બત્રીસ દોષથીરહિત અને આઠ ગુણથી સહિત લક્ષણયુક્ત હોય તે સૂત્ર જાણવું. તેમાં ૩૨-દોષો આ પ્રમાણેના—

**अलिअमुवघायजणयं, निरत्थयमवत्थयं छलं दुहिलं।**
**निस्सारमहिअमूणं पुणरुत्तं वाहयमजुत्तं॥**

**कमभिण्ण वयणभिण्णं, विभत्तिभिन्नं च लिंगभिन्नं।**
**अणभिहिअमपयमेव य सहावहीणं ववहिअं च॥२॥**

**कालजइच्छविदोसो, समयविरुद्धं च वयणमित्तं च।**
**अत्थावत्तीदोसो, नेओ असमासदोसो अ॥३॥**

**उवमारूवगदोसो निद्देसपयत्थऽसंधिदोसो अ।**
**एए अ सुत्तदोसा, बत्तीसं हुंति नायव्वा॥४॥ (३-८८१-२-३-४)**

અલિક-જુઠું, ઉપઘાતજનક, નિરર્થક-અવ્યક્ત-છલવાળું-દુઃખે કરીને સમજાય તેવું-નિસ્સાર-અધિક-ન્યૂન-પુનરુક્ત-વાહ્ય-અયુક્ત-ક્રમભિન્ન-વચનભિન્ન-વિભક્તિભિન્ન - લિંગભિન્ન-અનભિહિત-અપદ-સ્વભાવહીન-વ્યવહિત=આંતરાવાળું — કાલવ્યતિરિક્ત દોષવાલું-યથેચ્છ-સમયવિરુદ્ધ-વચનમાત્ર-અવિદ્વેષ-અર્થાપત્તિદોષવાલું-અસમાસદોષવાલું-ઉપમારુપકદોષવાળું-નિર્દેશ-પદાર્થરહિતનું અસંધિ દોષ આ પ્રમાણે સૂત્રના ૩૨ દોષો જાણવા.

અનુયોગદ્વારવૃત્તિ (૩-૮૮૧-૮૮૨-૮૮૩-૮૮૪) તેવી રીતે બૃહત્કલ્પભાષ્ય પીઠિકાની અંદર આઠ ગુણ કહ્યાં છે તે આ પ્રમાણે :—

**निद्दोसं सारवंतं च, हेउजुत्तमलंकिअं।**
**उवणीअं सोवयारं च, मिअं महुरमेव य॥१॥**

કલ્પભાષ્યની પીઠિકામાં કહેલ છે કે–

'નિર્દોષ સારયુક્ત, હેતુયુક્ત, અલંકૃત, ઉપનીત, સોપચાર, મિત, અને મધુર આવા પ્રકારના સૂત્રના લક્ષણથી યુક્ત એવું' જે સૂત્ર, અનેક શબ્દોવડે કરીને એક અર્થ વાચ્યમાં સંભવતાં નથી. બલ્કે અલ્પ અર્થ અને મહાવિસ્તારાર્થ એવા લક્ષણવાળા સૂત્રથી વિપરીતપણું હોવાથી. તેથી કરીને અમાવસ્યા અને પૂર્ણિમા શબ્દ વડે કરીને પાક્ષિકનું વાચ્યપણું જણાવવું. તેની અપેક્ષાએ તો એક જ પાક્ષિક શબ્દ વડે કરીને પાક્ષિક જણાવવું વધારે યુક્ત છે. આનો ભાવ એ છે કે પૂર્ણિમા અને અમાવાસ્યા બન્ને જો પાક્ષિક તિથિ થતી હોય તો સૂત્રકાર અથવા ગણધર, બધે સ્થળે કહો કે ન કહો; પરંતુ કોઈક ઠેકાણે પાક્ષિક શબ્દનો પ્રયોગ, પૂર્ણિમા અમાવાસ્યા માટે કર્યો હોત. અને તેવી જ રીતે કરીને આ લેપ શ્રાવકના અધિકારમાં **चउदसट्ठमुद्दिट्ठपुण्णिमासिणीसु** ના સ્થાને **चउद्दसट्ठमिपक्खिएसु** ઈત્યાદિ કહ્યું હોત. એવું તો કોઈપણ ઠેકાણે કીધું નથી. અને એથી કરીને પૂર્ણિમા અમાવાસ્યા એ બંને પાક્ષિક નથી.

હવે અહિં પ્રશ્ન કરે છે કે જેમ અહિંયા પક્ખિ શબ્દ નથી કીધો તો જયાં ચૌદશ શબ્દ છે ત્યાં પાક્ષિક એમ કેમ નથી કીધું? એમ જો પ્રશ્ન કરતો હોય તો કહીએ છીએ કે પાક્ષિક અને ચતુર્દશી આ બંને શબ્દ, એક બીજાના પર્યાય વાચક રૂપે હોવાથી. એકજ સ્વરૂપવાળા હોવાથી. અને એથી કરીને બન્ને એક શબ્દનો એટલેકે–ચતુર્દશી અથવા પાક્ષિક એવા શબ્દના વાચ્યવડે કરીને આપત્તિનો સંભવ નથી. ॥ ગાથાર્થ-૭૪ ॥

હવે પ્રાયેઃ કરીને સુખે અવબોધ થાય તેવી યુક્તિ જણાવે છે.

**चउद्दसिपक्खिअतित्थं, अच्छिन्नं अज्ज जाव वट्टेइ।**
**जं तस्स मूलमण्णं, पवट्टओ नत्थि तित्थयरा ॥७५॥**

ચૌદશમાં પક્ખિ અર્થાત્ પાક્ષિક કૃત્ય છે ત્યાં તીર્થ છે અર્થાત્ ચતુર્દશી પાક્ષિક તે આશ્રીને આજ સુધી અવિચ્છિન્ન તીર્થ રહેલું છે. પરંતુ વચમાં વચ્ચમાં તૂટી ગયું હોય અને કોઈએ સાંધ્યુ હોય તેવું બન્યું નથી. આમ હોવાથી ચતુર્દશી-પાક્ષિક જેનું મૂલ છે એવું તીર્થના પ્રવર્ત્તક તીર્થંકર સિવાય બીજો કોઈ નથી. અને એથી કરીને તીર્થંકરે જ ચતુર્દશીનું પાક્ષિક પ્રવર્તાવ્યું છે. આ વાત અનાદિ સિદ્ધ છે. એમ ઉપદેશવું. ॥ ગાથાર્થ-૭૫ ॥

હવે પૂર્ણિમા પાક્ષિકનું પણ મૂલ તીર્થંકર થશે. એ પ્રમાણેની પારકાની આશંકાને દૂર કરવા માટે ગાથા કહે છે.

**पुण्णिम पक्खिअमूलं, चंदप्पहसन्निओ तुहंपि मओ।**
**लिंगं पक्खिअसत्तरि, मुणिचंदकया तयट्ठाए॥७६॥**

'પૂર્ણિમાએ પક્ખિ કરવાનું' મૂલ ચંદ્રપ્રભાચાર્ય છે. એ વાત તો તને પણ સંમત છે. કારણકે તારા પૌર્ણમીયકે જ કરેલી **ક્ષેત્રસમાસ**ની સંસ્કૃત વૃત્તિમાં જણાવેલું છે કે 'દુર્વાદિરૂપી હાથીઓને વિષે અંકૂશ સમાન-સમયના જાણકાર, પંડિતોની શ્રેણીના મસ્તકના આભૂષણ સમાન એવા ચંદ્રપ્રભાચાર્ય નામના ભગવંતે પૂર્ણિમા પ્રકટ કરી.' એમ જણાવેલ છે. તેમજ પૂર્ણિમાના અનુરાગી એવા ગ્રંથકારે બનાવેલ **અમમ સ્વામીચરિત્ર**માં, તેવી જ રીતે **શતપદીકારે** પણ 'બૃહત્ગચ્છમાંથી નીકળેલા ચંદ્રપ્રભાચાર્યથી જ પૂર્ણિમાપક્ષની ઉત્પત્તિ' જણાવી છે. અને તેનાથી અમારી ઉત્પત્તિ થઈ છે! તેથી કરીને તે ચંદ્રપ્રભાચાર્યના પ્રતિબોધ માટે જ તેમના ગુરુભાઈ **મુનિચંદ્રસૂરિજીમહારાજે પાક્ષિક સપ્તતિ** બનાવી છે. જો તે પૂર્ણિમાનું મૂલ ચંદ્રપ્રભાચાર્ય ન હોત તો તે ચંદ્રપ્રભાચાર્યના પ્રતિબોધ માટે મુનિ ચંદ્રસૂરિમહારાજને પાક્ષિક સપ્તતિકા બનાવવી ન પડત. ॥ ગાથાર્થ-૭૬ ॥

હવે પૂર્ણિમામૂલક ચંદ્રપ્રભાચાર્ય જ છે તેને માટે બીજી યુક્તિ જણાવે છે.

**चउदसिपक्खा पुण्णिमपक्खो इह निग्गओत्ति विक्खायं।**
**पुण्णिमपक्खा चउदसि पक्खोऽपि न वयणगंधोऽवि॥७७॥**

જેવી રીતે ચૌદશમાંથી પૂર્ણિમાપક્ષ નીકલ્યો તે વાત પ્રખ્યાત છે કારણ કે

**वडगच्छाओ पुण्णिम, पुण्णिमओ सड्ढपुण्णिमंचलया।**
**दोहि वि आगम नामा, कुच्चयरा खरयरो जाओ॥१॥**

વડગચ્છમાંથી પૌર્ણમીયક નીકલ્યો. અને પૌર્ણમીયકમાંથી સાર્ધપૂનમીયો અને અંચલીયો

નીકળ્યો. અને તે બન્નેમાંથી આગમિક નામનો પક્ષ નીકળ્યો અને કૂર્ચતર-એટલે જિનદત્તમાંથી ખરતર થયો.'' આ પ્રમાણેનો વૃદ્ધસંપ્રદાય હોવાથી 'ચૌદશમાંથી પૂનમીયો' નીકળ્યો એ વાત સર્વજનોને પ્રતીત છે. તેવી રીતે પૂનમપક્ષમાંથી ચતુર્દશીપક્ષ પણ નીકળ્યો છે, એ રીતની વાત કોઈપણ ઠેકાણે પ્રસિદ્ધ નથી. આ યુક્તિ સુખે બોધ થાય તે માટે જણાવી. ।। ગાથાર્થ-૭૭ ।।

હવે આ પ્રમાણે હોય છતે પૂર્ણિમા પક્ષે શું સિદ્ધ થાય છે? તે જણાવે છે.

**तम्हा पुण्णिम पक्खे, छिन्नं तित्थं हविज्ज निअमेणं।**
**एवं सेसमएसुवि, भाविज्जा सुहुमबुद्धीए।।७८।।**

જે કારણે કરીને ચતુર્દશીપક્ષમાંથી પૂનમીયો પક્ષ નીકળ્યો છે. તે કારણને લઈને પૂનમીયાપક્ષમાં નિશ્ચે કરીને તીર્થ નાશ પામ્યું છે. આ કહેવાનો ભાવ એ છે કે મહાવીરસ્વામીથી અને વિકલ્પે કરીને કાલકસૂરિ આદિથી માંડીને ચંદ્રપ્રભાચાર્ય થયા ત્યાં સુધી ચતુર્દશીમાં જ તીર્થ હતું. અને તે તીર્થ, પૂર્ણિમા પાક્ષિકમાં નહોતું જ અને તેથી કરીને તારા મતમાં તીર્થનો વિચ્છેદ પ્રાપ્ત થાય છે. હવે જો 'તે વખતે તે તીર્થ હતું જ' તો ચતુર્દશી તીર્થ વિદ્યમાન હોયે છતે પૂર્ણિમાપક્ષની તીર્થ બાહ્યતા વગર પ્રયત્ને સિદ્ધ થાય છે. કારણ કે તીર્થ વિચ્છિન્ન નહિ થયે છતે તે તીર્થને અસંમત એવી પ્રરૂપણા કરવાથી તીર્થબાહ્યપણું નિશ્ચયે ગણાય. અને આ જ પ્રકારે કરીને બાકીના ખરતરથી માંડીને પાર્શ્વચંદ્ર સુધીના મતોમાં તીર્થ વિચ્છેદ થયેલું જાણવું. કારણ કે તે તે મતપ્રવર્તકોના અભિપ્રાયે કરીને પોતપોતાને સંમત એવા પુરુષોએ તીર્થ પ્રવર્તાવેલું હોવાથી તીર્થંકરથી માંડીને તેમાં અવિચ્છિન્નતા સંભવતી નથી. ।। ગાથાર્થ-૭૮ ।।

હવે ભાગતા અપરાધીને ઘાસના તણખલાના આવરણ તુલ્ય એવી યુક્તિને દૂર કરવા માટે જણાવે છે.

**जोइसकरंडपमुहे, पडिवाइकमा तिहीण णामाउं।**
**तत्तो पसिद्ध पक्खिअ–पव्वनिमित्तं जिणुत्ताइं।।७९।।**

જ્યોતિષ્ કરંડક-ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિ ગ્રંથોમાં પ્રતિપદાને આગળ કરીને ક્રમવાર જે તિથિઓના નામો આપેલા છે. તેથી કરીને જૈન પ્રવચનને વિષે પ્રસિદ્ધ એવું પાક્ષિક પર્વ નિમિત્તે એટલે કે ચતુર્થતપ=ઉપવાસ કરવા પૂર્વકનું પ્રવચનપ્રસિદ્ધ પાક્ષિકપર્વના પરિજ્ઞાન માટે જિનેશ્વર ભગવંતે એ તિથિના નામો કહેલા છે. આ વાતનો ભાવાર્થ આ છે.

**पाडिवइ विइय तइआ, चउत्थी तह पंचमी अ छट्ठी अ।**
**सत्तमि अट्ठमि नवमी दसमी इक्कारसी चेव।।१।।**

बारसि तेरसि चाउद्दसीअ, निट्ठवणिआउ पन्नरसी।
किण्हंमि अ जुण्हंमि अ, एआओ तिही मुणेअव्वा॥२॥

એકમ, બીજ, ત્રીજ, ચોથ, પાંચમ, છઠ્ઠ, સાતમ, આઠમ, નોમ, દશમ, અગીયારસ, બારસ, તેરસ, ચૌદશ, પૂનમ, શુક્લપક્ષમાં અને કૃષ્ણપક્ષમાં એકમ, બીજ, ત્રીજ, ચોથ, પાંચમ, છઠ્ઠ, સાતમ, આઠમ, નોમ, દશમ, અગીયારસ, બારસ, તેરસ, ચૌદશ અને અમાસ. તેવી રીતે ચંદ્રપ્રજ્ઞપ્તિના દશમા તથા ચૌદમા પ્રાભૃતકમાં કહ્યું છે કે–

**ता कहं ते दिवसाणं णामधेज्जा आहितातित्ति वदेज्जा?**

**ता एगमेगस्स णं पक्खस्स पन्नरस दिवसा पन्नत्ता, तंजहा पडिवयदिवसे जाव पन्नरसीदिवसे ता एतेसिणं पन्नरस नामधेज्जा तं जहा पुव्वंगसिद्धे १ मणोरमे २ मणोहरे ३ जसभद्दे ४ जसोधरे ५ सव्वकामसमिद्धे ६ इंदे ७ मुद्धाभिसित्ते ८ सोमणसे ९ धणंजए १० अत्थसिद्धे ११ अभिजाते १२ अच्चासणे १३ सतंजए १४ अग्गिवेसोवसमे १५ दिवसाणं नामधिज्जाइं ॥ ता कहं ते राईओ आहिज्जति वदेज्जा? ता एगमेगस्स णं पक्खस्स पण्णरस्सइ राई तंजहा पडिवाराई १ बिउआराई २ जाव पण्णरसीराई १५ ता एएसिं णं पन्नसण्हं राईणं पण्णरस नामधेज्जा पं० तं० उत्तमा १ सुणक्खत्ता २ एलावच्चा ३ जसोधरा ४ सोमणसा ५ सिरिसंभूता ६ विजता ७ वेजयंती ८ जयंती ९ अपराजिता १० इच्छा ११ समाहारा १२ तेआ १३ अभिनेआ १४ देवाणंदा=निरता १५ रयणीनामधेज्जाइं ति' श्री चन्द्रप्रज्ञप्तौ, एवं सूर्यप्रज्ञप्तावपि।**

અર્થ–''હે ભગવંત! તે દિવસો ક્યા નામે બોલાય છે? તેથી કરીને એક એક પખવાડીયામાં પંદર પંદર દિવસો કહેલાં છે–તે આ પ્રમાણે :—પ્રતિપદથી માંડીને પૂનમ સુધીના દિવસોના નામો આ પ્રમાણે–પૂર્વાંગ સિદ્ધ, મનોરમ, મનોહર, યશોભદ્ર, યશોધર, સર્વકામસમૃદ્ધ, ઈન્દ્ર, મૂર્ધાભિષિક્ત, સોમનસ, ધનંજય, અર્થસિદ્ધ, અભિજીત, અત્યાસન, શતંજય, અગ્નિવેશોપશમ : તે રાત્રિઓ કેટલી અને ક્યા નામે જણાવી છે? તે આ પ્રમાણે-પ્રતિપદારાત્રિ, દ્વિતીયારાત્રિ યાવત્ પંચદશી રાત્રીઃ આ પંદર રાત્રિના નામો આ પ્રમાણે છે–ઉત્તમા, સુનક્ષત્રા, એલાપત્યા, યશોધરા, સોમનસા, શ્રીસંભૂતા, વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા, ઈચ્છા સમાહારા, તેજા, અભિનેતા, દેવાનંદા-નિરતા : આમ પંદર રાત્રીનાં નામો. ચંદ્રપ્રજ્ઞપ્તિમાં જણાવ્યા છે. એ પ્રમાણે સૂર્ય પ્રજ્ઞપ્તિમાં પણ જણાવેલ છે.

આ પ્રમાણે આગમોને વિષે ક્રમે કરીને જે નામો કહેલા છે તેને સંમતિ તરીકે ઉભા કરી 'પક્ષને અંતે થયેલું તે પાક્ષિક' એ પ્રમાણે વ્યુત્પત્તિ કરીને 'પૂનમે પક્ખિ' એ પ્રમાણે ચંદ્રપ્રભાચાર્યનો જે વાણી વિલાસ છે. તે વાણીવિલાસ, ધાવવાની ઈચ્છાવાલો બાળક માતાને છોડીને પિતાને ધાવે તે ચેષ્ટાની જેમ વિદ્વાનોને ઉપહાસનું પાત્ર થાય છે.

કારણ કે માતાના સ્તનની સરખું ચતુર્થતપ–ઉપવાસાદિ પાક્ષિકકાર્યથી વિશિષ્ટ એવી ચૌદશને જણાવનાર એવા પૂર્વે કહેલા આગમસમૂહને અને આગમભૂત એવા તીર્થને છોડીને સ્તનપાનની આશાને પૂરવાને બકરીના ગળામાં આંચલ જેવા જ્યોતિષ્શાસ્ત્રને અનુગત ફક્ત તિથિના ક્રમને

જણાવનાર એવા–જ્યોતિષ્ કરંડક આદિ ગ્રંથ તરફ દોડે છે!

તેથી કરીને હે ચંદ્રપ્રભાચાર્ય! જ્યોતિષ્કરંડકના તિથિક્રમનું આલંબન લઈને પંચદશીમાં પાક્ષિક એવી તારી શિયાળ કદાશાને છોડી દેવી જોઈએ. ॥ ગાથાર્થ-૭૯ ॥

તો હવે જ્યોતિષ્કરંડકમાં તિથિક્રમ શા માટે લીધો? તે માટે કહે છે કે

**किं तिह जोइससत्थे, अणाइसिद्धो तिहिक्कमो एवं।**
**तेणिव नंदे१ भद्दे२ जए-अ-इ-तुच्छे अ ४-पुण्णत्ति-५-॥८०॥**

પરંતુ આ જગતને વિષે લૌકિક એવા રત્નમાલા આદિ જ્યોતિષશાસ્ત્રોમાં અને ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિ લોકોત્તરશાસ્ત્રમાં પૂર્વે જણાવેલા પ્રતિપદાના ક્રમવડે કરીને જે પરિપાટી=ક્રમ જણાવાયો છે, તે અનાદિ સિદ્ધ છે. અને એમ હોવાથી જ નંદા, ભદ્રા, જયા, રિક્તા, પૂર્ણા ઈત્યાદિ ક્રમ લાલાઘંટાન્યાયે કરીને અહિં પણ જોડવો. તેમાં લૌકિક શાસ્ત્રમાં નંદા, ભદ્રા, જયા, રિક્તા અને પૂર્ણા શુક્લપક્ષમાં હીન, મધ્યમ અને ઉત્તમ; કૃષ્ણપક્ષમાં ઉલ્ટી રીતે ઉત્તમ, મધ્યમ અને હીન એમ ત્રણ આવૃત્તિ જાણવી અને લોકોત્તર શાસ્ત્રને વિષે :—

**ता कहं ते तिही आहितेति वदेज्ञा? तत्थ खलु इमा दुविहा तिही पण्णत्ता, तं जहा-दिवसतिही राइतिहीअ, ता कहं ते दिवसतिही आहितेति वदेज्ञा? ता एगमेगस्स पक्खस्स पण्णरस्स दिवसतिही पण्णत्ता तं जहा नंदे १ भद्दे २ जए ३ तुच्छे ४ पुण्णे ५ पक्खस्स पंचमी, पुणरवि नंदे ६ भद्दे ७ जए ७ तुच्छे ६ पुण्णे १० पक्खस्स दसमी, पुणरवि नंदे ११ भद्दे १२ जए १३ तुच्छे १४ पुण्णे १५ पक्खस्स पण्णरसी एवं तिगुणा तिही सव्वेसिं दिवसाणं ॥ कहं ते राईतिही आहितातिं वदेज्ञा? ता एगमेगस्स णं पक्खस्स पण्णरस राईतिही पं०तं०उग्गवती १ भोगवती २ जसवती ३ सव्वट्ठसिद्धा ४ सुहणामा ५ पुणरवि उग्गवती ६ भोगवती ७ जसवती ८ सव्वट्ठसिद्धा ६ सुहणामा १० पुणरवि-उग्गवती ११ भोगवती १२ जसवती १३ सव्वट्ठसिद्धा १४ सुहणामा १५ एवं तिगुणा एआ तिहीउ सव्वासिं रातीणं॥**

“હે ભગવંત તે તિથિઓ કઈ રીતે કહેવાય છે? એ પ્રશ્નના જવાબમાં જણાવે છે કે–બે પ્રકારની તિથિઓ કહેલી છે. તે આ પ્રમાણે :–દિવસ તિથિ અને રાત્રિતિથિ; તેવી દિવસ તિથિ પંદર કઈ કહેલી છે? એકપક્ષમાં ૧૫ તિથિઓ આ પ્રમાણે–નંદા, ભદ્રા, જયા, તુચ્છા, પૂર્ણા પક્ષની પાંચમ, ફરી એજ ક્રમે પક્ષની દશમી તિથિ, વળી એ જ ક્રમે પક્ષની પંદરમી તિથિ પૂનમઃ આ પ્રમાણે ત્રણ આવૃત્તિ દિવસોની જાણવી. હવે રાત્રિની તિથિઓ કઈ કઈ છે? તો એક એક પખવાડીયાની રાત્રિના પંદર નામો આ પ્રમાણે કહેલા છે. ઉગ્ગવતી, ભોગવતી, યશસ્વતી, સિદ્ધા અને શુભા પાંચમ સુધી : વળી પાછા એ જ ક્રમે પાંચ રાત્રિ દશમી સુધી, વળી પાછો એ જ ક્રમ-પંદરમી રાત્રિની તિથિ સુધીનો ક્રમ :

આ પ્રમાણે ચંદ્રપ્રજ્ઞપ્તિના દશમા અને પંદરમાં પ્રાભૃતમાં કહેલું છે. એ પ્રમાણે સૂર્યપ્રજ્ઞપ્તિના

૪૩માં પાને આ જ પાઠ છે. અને એથી જ કરીને લૌકિક અને લોકોત્તરને વિષે ટિપ્પણાની વ્યવહારપ્રવૃત્તિ પણ એકમ આદિ તિથિના ક્રમવડે જ છે. **સાંપ્રતકાલે જૈન ટિપ્પણ વિછિન્ન થયે છતે લૌકિક ટિપ્પણની પ્રવૃત્તિ જ તેની સાક્ષી રૂપે છે.** તેથી કરીને પ્રતિપદા આદિની તિથિનો ક્રમ, એટલે પક્ખિના વિચારમાં અકિંચિત્કર જ જાણવો. ॥ ગાથાર્થ-૮૦ ॥

પૂર્વે જણાવેલી યુક્તિવડે શું ફલ પ્રાપ્ત થાય છે? તે જણાવે છે.

**तेणं पक्खस्संतो पण्णस्सी तत्थ पक्खपडिकमणं।**
**जुत्तंति मइविगप्पो, मिउव्व सिंहाउ संतसिओ॥८१॥**

જે કારણવડે કરીને જ્યોતિષ્ કરંડક આદિની અંદર જે તિથિક્રમ જણાવાયો છે. તે ક્રમ, પાક્ષિક-પક્ખિની વિચારણામાં ઉપયોગી નથી. તે કારણવડે કરીને ''પક્ષના અંતે પૂનમ અને પૂનમમાં જ પક્ખિ પ્રતિક્રમણ યુક્ત છે.'' એવા ચંદ્રપ્રભાચાર્યના કુવિકલ્પને સિંહથી હરણીયાની જેમ ત્રાસિત કર્યો. વળી જે **'अंतो पक्खस्स'** એ પ્રમાણેના-પાક્ષિકસૂત્રના પદનું આલંબન લઈને જેઓ ''પક્ષને અંતે પૂર્ણિમા અને તે પૂર્ણિમામાં પાક્ષિક પ્રતિક્રમણ યુક્ત છે.'' એવું જે બોલે છે તે તેઓનું મોટું અજ્ઞાન જાણવું. કારણ કે ત્યાં જે અંત શબ્દ છે તે મધ્ય અર્થનો વાચક છે. તેથી કરીને 'પક્ષના મધ્યમાં વાચનાદિ વિષયમાં જે કાંઈ અવદ્ય=દોષવાલું હોય તે આલોચી લેવું' તે પ્રમાણે કહેલું છે. જો એ પ્રમાણે ન હોય તો પૂનમ અને એકમની વચ્ચે જે કાંઈ પાપ લાગેલું હોય તેની જ આલોચના કરવાનું થાય. નહિં કે પંદર દિવસ સંબંધીના પાપોની આલોચના કરવાનું થાય!! ॥ ગાથાર્થ-૮૧ ॥

હવે ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિના અનુસારે પાક્ષિકની કલ્પના કરવામાં બીજું દૂષણ જણાવે છે.

**किंचिह पक्खस्संतो, देवसिओ राइओ व तुब्भ मए।**
**दुहओ तुह गलपासो, दुण्हं पंतो विआलेऽवि॥८२॥**

કિંચ શબ્દનો પ્રયોગ જે છે તે બીજું દૂષણ પ્રગટ કરવા માટે સમજવું. વળી ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિના અનુસારે પક્ષનો અંત, દૈવસિક કે રાત્રિક તને કઈ વાતે સંમત છે? બન્ને રીતે તારા ગળે ફાંસો આવવાનો છે.

જે કારણથી બન્ને દૈવસિક અને રાત્રિક તે બન્નેનો અંત વિકાલે પણ એટલે મધ્યાહ્ન આદિમાં પણ થાય. આ વાતનો ભાવાર્થ એ છે કે–હે ચંદ્રપ્રભાચાર્ય! જૈન પ્રવચન વિષે બે પ્રકારનું પખવાડીયું કહેલું છે. તે ૧ પૂર્વાંગ સિદ્ધ ૨ મનોરમ આદિ પૂર્વે કહેલા પ્રકારવાલો દૈવસિક પક્ષ અને ઉત્તમા-સુનક્ષત્રા આદિ પૂર્વે જણાવેલો રાત્રિપક્ષ આ બે પ્રકારે પક્ષો જણાવેલા છે. તે બે પક્ષમાંથી તને દૈવસિક પક્ષ માન્ય છે કે રાત્રિક પક્ષ માન્ય છે કે બન્ને માન્ય? જો તું દૈવસિક પક્ષ સ્વીકારતો હો તો રાત્રિકપક્ષે તારું શું બગાડ્યું છે? આગમમાં બન્નેનું સામાન્યપણે વિધાન હોવાથી રાત્રિકપક્ષને છોડી

દઈને દૈવસિક સ્વીકારે છે. એ પ્રમાણે જો રાત્રિક પક્ષ સ્વીકારતો હોતો દૈવસિક પક્ષે તારું શું બગાડ્યું? ઈત્યાદિ જાણી લેવું.

હવે જો બન્ને વાત કબૂલ રાખતો હો તો પાક્ષિક પ્રતિક્રમણને વિષે પણ તે બન્નેનો તારે સ્વીકાર કરવો પડશે. (દૈવસિક અને રાત્રિકનો સ્વીકાર કરવો પડશે) અને એમ સ્વીકાર કરવા જતાં તારે એક જ દિવસમાં બન્ને પખવાડીયાની આપત્તિ આવશે. અને એક પક્ખિ પ્રતિક્રમણ કરવામાં બન્ને પક્ષના પક્ખિ પડિક્કમણાની આપત્તિવડે કરીને પ્રવચનની મર્યાદાનો ભંગ જ થાય છે. વળી ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિના અનુસારે કરીને પાક્ષિકપણાના સ્વીકારમાં ટીપ્પણા આદિના અવલોકનવડે કરીને ક્યારેક સવારે, ક્યારેક મધ્યાહ્ને, ક્યારેક સાયંકાલે, દિવસનો, રાત્રિકનો કે પાક્ષિકનો અંત હોવાથી પાક્ષિક પ્રતિક્રમણ પણ કાળના અનિયતતાપૂર્વક કરવાની આપત્તિ આવશે. આ પ્રમાણે રાત્રિ આદિમાં જાણી લેવું. એ પ્રમાણે યુક્તિવડે કરીને ચંદ્રપ્રભાચાર્યના ગળે ચારેબાજુથી ફાંસલો આવશે. ॥ ગાથાર્થ-૮૨ ॥ હવે આ પ્રમાણે ચંદ્રપ્રભાચાર્ય અથવા પૌણર્મીયકને અતિપ્રસંગ દ્વારાએ કરીને દૂષિત કરવાને માટે કહે છે.

**अण्णह सावणपमुहा, मासा अहिणंदणाइणामेहिं।**
**भणिआ तेणासाढे, पुण्णिम पज्जोसवणपव्वं ॥८३॥**

આ પ્રમાણેની અમારી યુક્તિને કબૂલ કરતો ન હો તો અને ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિના વચનના અનુસારે જ 'પક્ષને અંતે પાક્ષિક' પ્રતિક્રમણ સ્વીકારતો હો તો તે જ ચંદ્રપ્રજ્ઞપ્તિના અનુસારે જ સંવત્સરી પર્વ પણ આષાઢ પૂર્ણિમાએ જ કરવાની આપત્તિ-આવશે.

કારણકે એ જ ચંદ્રપ્રજ્ઞપ્તિના દશમા પ્રાભૃતના ૧૯મા પ્રાભૃતકમાં કહેલું છે કે :— **ते कहं मासा आहितातिं वदेज्जा? ता एगमेगस्स णं संवच्छरस्स दुवालस मासा-पं० तेसिं दो नामधेज्जा भवंति। लोइआ लोउत्तरिआ य, तत्थ लोइआणामा-सावणे १ भद्दवए २ अस्सोए ३ कत्तिए ४ मग्गसिरे ५ पोसे ६ माहे ७ फग्गुणे ८ चित्ते ९ वइसाहे १० जेट्ठमूले ११ आसाढे १२॥ लोउत्तरिआ णामा—अभिणंदणे १ पइट्ठे २ विजए ३ पीइवद्धमणे ४ सिज्जंसे ५ सिवे ६ सिसिरे ७ हेमवं ८ वसंतमासे ९ कुसुमसंभवे १० णिदाहे ११ वणविरोही १२ ति श्रीचन्द्रप्रज्ञप्तौ दशमस्यैकोनविंशतितमे प्राभृतप्राभृतके, एवं सूर्यप्रज्ञप्तावपि बोध्यम् ॥** (२८=५३)

એટલે કે ''હે ભગવંત તે મહિનાઓ ક્યા નામે કહેલા છે? તો તેના ઉત્તરમાં જણાવે છે કે એક એક સંવત્સરના લૌકિક અને લોકોત્તર બાર મહિનાના નામો કહેલા છે. તેમાં લૌકિક **નામો આ પ્રમાણે :** શ્રાવણ, ભાદરવો, આસો, કારતક, માગશર, પોષ, મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ, અષાઢ.

લોકોત્તર નામો–અભિનંદન, પ્રતિષ્ઠ, વિજય, પ્રીતિવર્ધન, શ્રેયાંસ, શિવ, શિશિર, હેમવાન્,

વસંત, કુસુમસંભવ, નિદાઘ, વનવિરોધી.'' આ પ્રમાણે સૂર્યપ્રજ્ઞપ્તિમાં પણ જણાવેલ છે. આ પ્રમાણે નામની વ્યાખ્યા હોયે છતે જેમ 'પાક્ષિકના અંતે થયેલું તે પાક્ષિક' એ પ્રમાણેની વ્યુત્પત્તિ આધારે અહિં સંવત્સરના અંતે થયેલ સાંવત્સરિક.' આ પ્રમાણે વ્યુત્પત્તિવડે કરીને છેલ્લો મહિનો આષાઢ આવે છે. તેના અંતે થયેલ. એટલે અષાઢસુદ પૂનમના અંતે (દિવસે) પર્યુષણા પર્વ. એટલે કે સાંવત્સરિક પર્વ=બાર મહિનાના અતિચાર આલોચના આદિ (ક્ષમાપનાદિ ક્રિયા વિશિષ્ટ) આવું પર્વ કરવાની આપત્તિ આવશે.

આ વાતનો એ ભાવ છે કે જો ચંદ્રપ્રજ્ઞપ્તિનું શરણું સ્વીકારીને પૂનમમાં પાક્ષિક કરવાનું સ્વીકાર કરીશ તો તે જ વાતનું આલંબન લઈને આષાઢ પૂનમને દિવસે પર્યુષણા પર્વ–સંવત્સરીપર્વ કરવાનું થશે. હવે જો એમ કહેતો હોય તો પર્યુષણા તેમ નહિ થાય, તો પાક્ષિક પણ નહિં થાય. જો એમ કહેતો હોય કે પર્યુષણાપર્વ માટે તો 'ભાદરવા સુદ–પાંચમ' આગમમાં કહેલી છે. અને પરંપરા પણ તેવી છે. તો પક્ખિ પણ પૂર્વે બતાવેલ આગમોને વિષે ચૌદશે જણાવેલ અને પરંપરા પણ તેવી છે. જો ભાદરવા સુદ–પાંચમની સંવત્સરી અને પરંપરા સ્વીકારે છે તો આગમોક્ત એવી ચૌદશની પક્ખિ સ્વીકારમાં તને શું વાંધો છે? આ પ્રમાણે પ્રતિબંદીરુપ નદી તારે માટે દુઃખે કરીને તરી શકાય તેમ છે ॥ ગાથાર્થ-૮૩ ॥

હવે પ્રકારાન્તરે બીજો પણ અતિપ્રસંગ બતાવે છે.

**अहवा कक्कडसंकंति–दिणे य संवच्छरीअ पडिक्कमणं।**
**तुब्भ मए संसिद्धं, चंदप्पण्णत्तिपमुहेहिं ॥८४॥**

અથવા તો હવે પહેલાં કહેલી વાતની અપેક્ષાએ બીજી વાત કહે છે. બીજા પ્રકારાન્તરને બતાવવા માટે 'અથવા' શબ્દ વાપર્યો છે. અથવા તો કર્ક સંક્રાન્તિના દિવસે તારા મતે ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિ આગમવડે સંવત્સરી પ્રતિક્રમણ થશે. અમારા મતે તો નહિં જ. આ વાતનો ભાવાર્થ એ છે કે ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિની અંદર કર્ક સંક્રાન્તિના દિવસે વર્ષનો અંત કહેલો છે. તે આ પ્રમાણે :—

ચંદ્રપ્રજ્ઞપ્તિના ૪થા પ્રાભૃતના છેડે પાઠ છે કે :—

**जया णं ते दुवे सूरिआ सव्वबाहिरमंडलं उवसंकमित्ता चारं चरंति तया णं एगं जोअणसयहस्सं छच्चसट्ठे जोअणसए अण्णमण्णस्स अंतरं कट्टु चारं चरंति तया णं उत्तमकट्ठपत्ता जाव राती भवति, जहण्णेणं दुवालस जाव दिवसे भवति, एस णं पढमे छम्मासस्स पज्जवसाणे, ते पविसमाणा सूरिआ दोच्चं छम्मासं अयमाणे पढमंसि अहोरत्तंसि बाहिराणंतरं मंडलं उवसंकमित्ता चारं चरंतीत्यादि यावत् ''तयाणं उत्तमकट्ठपत्ते जाव दिवसे भवति, जहण्णिआ दुवालस मुहुत्ता राई भवति। एस णं दोच्चे छम्मासे एअस्स णं दोच्चस्स छम्मासस्स पज्जवसाणे एस णं आइच्चसंवच्छरे एस णं आइच्चस्स संवच्छरस्स पज्जवसाणे॥ इति चन्द्रप्रज्ञप्तौ॥**

ત્યારે તે બન્ને સૂર્યો, સર્વબાહ્યમંડલને પામીને ભ્રમણ કરે છે ત્યારે ૧ લાખ, ૬૦૬ યોજન

અંતર રાખીને ચાર ચરે છે. તે ટાઈમે ઉત્તમકક્ષાને પામેલી રાત્રિ થાય છે=મોટી રાત્રિ થાય છે. અને જઘન્યથી બાર મુહૂર્તનો દિવસ થાય છે. એ પ્રમાણે પહેલાં છ મહિનાના અંતે થાય છે. ત્યાર પછી બીજા છ મહિના, અંદર પ્રવેશ કરતાં સૂર્ય છ મહિનાની પહેલી અહોરાત્રે બહારથી અભ્યંતર મંડલનો ચાર ચરે છે. અને ત્યારે ઉત્તમ કક્ષાને પામેલો દિવસ થાય=મોટો દિવસ થાય. અને જઘન્યથી રાત્રિ બાર મુહૂર્તની બને. છ મહિનાના અંતે આ પ્રમાણે છ છ મહિનાના (બે) અયને એક વર્ષ પૂરું થાય. અને તે **સૂર્યસંવત્સર** થાય. અને આ સૂર્યસંવત્સરનો છેડો જાણવો. એ પ્રમાણે સૂર્યપ્રજ્ઞપ્તિમાં પણ વાત છે. હવે જો તું એમ કહેતો હો કે–'એ પ્રમાણે અમારે સંવત્સરી પ્રતિક્રમણ સંમત નથી.' તો પક્ખિ પણ પૂનમમાં કેવી રીતે સંમત થશે? કારણકે બન્ને ઠેકાણે યુક્તિનું તુલ્યપણું હોવાથી ॥ ગાથાર્થ-૮૪ ॥

હવે પહેલાં કહેલી યુક્તિઓનો ઉપસંહાર કરવાપૂર્વક તાત્પર્ય–નિચોડ કહે છે.

**तेणीव पज्जोसवणा भद्दवयपंचमीइ रुढत्ति।**
**तह चउदसिदिणि, पक्खिअपव्वं सव्वण्णु संवुत्तं॥८५॥**

જે કારણવડે કરીને જ્યોતિષ્ કરંડક–ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિને વિષે જે તિથિ, મહિના આદિનો ક્રમ બતાવેલ છે. તે પૂર્વે કહેલી યુક્તિવડે કરીને પાક્ષિક, ચાતુર્માસિક, સંવત્સરી આદિના વિચારમાં કંઈપણ કાર્યસાધક નથી જ. તે કારણવડે કરીને જ જેમ ભાદરવા સુદ પાંચમની અંદર પર્યુષણા એટલે સંવત્સરી આગમમાં રુઢ છે. અને સર્વજનપ્રતીત છે. તે જ રીતે ચૌદશના દિવસે પાક્ષિક પડિક્કમણું પણ સર્વજ્ઞોએ જે કહેલું છે તે બરોબર છે. અને આવી બાલચેષ્ટાપૂર્વકનું કાચપિચ્ચ સરખું=ફેંકી દેવા સરખું એવા આંચલીયા શતપદીકારનું કહેલું વચન તિરસ્કૃત કરાયું છે એમ જાણવું. ॥ ગાથાર્થ-૮૫ ॥

હવે ચૌદશે પક્ખિ કરવાનું છોડી દઈને પૂનમે પક્ખિ કરનાર ચંદ્રપ્રભાચાર્યે શું છોડ્યું તે જણાવે છે.

**चउदसि पक्खियभीओ, परिहरइ महानिसीहसुत्तंपि।**
**तेणं उवहाणविही, चत्तो उस्सुत्तरत्तेणं॥८६॥**

ચૌદશને દિવસે પક્ખી કરવાથી ભયભીત થયેલો એવો ચંદ્રપ્રભાચાર્ય, મહાનિશીથ સૂત્રને પણ છોડી દે છે. જો મહાનિશીથ સૂત્રનો સ્વીકાર કરે તો ચૌદશે જ પક્ખિ પ્રતિક્રમણ અવશ્ય સ્વીકારવું પડે. કારણકે મહાનિશીથસૂત્રમાં ચૌદશે જ પક્ખિ જણાવેલ છે. જે પૂર્વે જણાવેલ છે. જે કારણવડે કરીને મહાનિશીથનો ત્યાગ કર્યો છે તે જ કારણે કરીને ઉત્સૂત્રરક્ત એવા એટલે કે તીર્થંકર ભગવંતોએ કહેલા વચનોનો અપલાપ કરવારૂપ પાપમાં આસક્ત એવા ચંદ્રપ્રભાચાર્યવડે કરીને શ્રાવકને નમસ્કાર આદિ જે શ્રુત આરાધન માટેનો તપ સ્વરૂપ એવો જે ઉપધાન તપ કહેલ છે તે પણ છોડી દેવાયો છે. ॥ ગાથા-૮૬ ॥

હવે મહાનિશીથ સૂત્રની સ્થાપના કરવા માટે યુક્તિઓ જે કહેવાશે તેમાં ઉપધાન અંગે

ચંદ્રપ્રભાચાર્યને કેમ પૂછવું તે માટે જણાવે છે.

**णणु उवहाणाभावो-पडिसेहा अहव भणियभावाओ ?।**
**पढमो असिद्धिरक्खसि–गसिओ अवरो अ दुविगप्पो ॥८७॥**

હે ચંદ્રપ્રભાચાર્ય! તારાવડે કરીને ઉપધાનનો અભાવ જે પ્રરૂપાય છે તે સિદ્ધાંતને વિષે પ્રતિષેધની પ્રાપ્તિ હોવાથી? અથવા તો સિદ્ધાંતમાં ઉપધાનની ઉક્તિનો અભાવ હોવાથી? આ બે વિકલ્પો પૂછવા. 'તેમાનો જે પહેલો વિકલ્પ છે તે વિકલ્પ' અસિદ્ધિરૂપી રાક્ષસીથી ગ્રસાઈ ગયેલો છે. તે માટેનો પ્રયોગ આ પ્રમાણે છે. ''ઉપધાનનું વહન કરવું શ્રાવકોને ઉચિત નથી. કારણકે આગમને વિષે તેનો પ્રતિષેધ કરેલો હોવાથી. જેમ આલોચનામાં=પ્રાયશ્ચિત્તમાં છમાસી તપથી અધિક તપનો નિષેધ કરેલ છે.''

હવે અહિંયા પ્રવચનનું પ્રતિષેધપણું જે જણાવ્યું તે અસિદ્ધ છે. કારણકે કોઈપણ આગમને વિષે નિષેધની પ્રાપ્તિ થતી નથી. હવે 'સિદ્ધાતમાં કહેલાનો અભાવ' એ રૂપ બીજો વિકલ્પ, તે બીજો વિકલ્પ પણ બે લક્ષણવાળો છે. જે વિકલ્પો કહેવાશે તે બે પ્રકારના છે. ॥ ગાથાર્થ-૮૭ ॥

બીજા વિકલ્પનું દ્વૈવિધ્યપણું કેવી રીતે તે જણાવે છે.

**नामंपि नत्थि किं वा, करिज्जमाणो विही न सिद्धंते।**
**पढमुव्व होइ पढमो, जं उवहाणंति समवाए॥८८॥**

હવે બીજા વિકલ્પમાં બે વિકલ્પો છે કે ૧-સિદ્ધાંતને વિષે શું ઉપધાનનું નામ પણ નથી? અથવા તો ૨-કરાતી વિધિ નથી? હવે પહેલો જે વિકલ્પ છે તે પૂર્વે કહેલાં વિકલ્પની જેમ અસિદ્ધિ રાક્ષસીથી ગ્રસ્ત છે. કારણકે સમવાયાંગ નામના આગમ ગ્રંથને વિષે ઉપધાનનું નામ છે. સમવાયાંગસૂત્રમાં–ઉપાસકદશાંગના સ્વરૂપની પ્રરૂપણાના અધિકારની અંદર શ્રાવકોને ઉપધાન સાક્ષાત્ કહેલાં છે. તે આ પ્રમાણે– **उवासगाणं च सीलव्वयवेरमणगुणपच्चक्खाणपोसहोववासपडिवज्जणयाओ सुअपरिग्गहो तवोवहाणाइं पडिमाओ**

સમવાયાંગસૂત્ર પાનું-૩૭-કુલ પાના ૫૦ (૧૧-૧૪૨) આ સૂત્રની વૃત્તિનો એક ભાગ આ પ્રમાણે છે. **श्रुतपरिग्रहास्तवउपधानानि–प्रतीतानि**–શ્રુતપરિગ્રહ તપ ઉપધાન આદિ જે પ્રતીત છે તે. ઉપલક્ષણથી વ્યવહારવૃત્તિને વિષે પણ આ પ્રમાણે કહેલું છે.

'શ્રુતગ્રહણને ઈચ્છતા આત્માએ ઉપધાન તપ કરવો.' તેવી જ રીતે ઉત્તરાધ્યયનના ૧૧-અધ્યયનમાં (૭-૩૪૦)

**वसे गुरुकुले निच्चं, जोगवं उवहाणवं।**
**पिअंकरे पिअंवाई, से सिक्खं लद्धुमरिहति॥**

એની વૃત્તિનો એક ભાગ આ પ્રમાણે :—યોજન જોડવું તેનું નામ યોગ=વ્યાપાર. તેનો અહિં ધર્મનો અધિકાર હોવાથી ધર્મમાં જ રહેલો એટલે કે–તદ્‌વાન્‌–ધર્મવ્યાપારવાલો. અથવા યોગ–સમાધિ તે છે જેને તે યોગવાન્‌. ઉપધાન એટલે અંગ, અંગબાહ્ય સૂત્રના અધ્યયન આદિને વિષે યથાયોગ આયંબીલ તપ–વિશેષ ક્રિયા, તે વાળો એટલે ઉપધાનવાળો આ પ્રમાણે–ઉત્તરાધ્યયન બૃહદ્‌વૃત્તિમાં કહેલું છે તેવી જ રીતે (૭-૮૧)

**तवोवहाणमादाय, पडिमं पडिवज्जओ।**
**एवंपि विहरओ मे, छउमं न नियट्टइ॥१॥**

આ શ્લોકની વૃત્તિનો એક ભાગ આ પ્રમાણે છે. તપ એટલે ભદ્ર–મહાભદ્ર આદિ અને ઉપધાન એટલે આગમના ઉપચારરૂપ જે આયંબીલ આદિ તેને સ્વીકારીને એટલે તેનું આચરણ કરીને. તેવી જ રીતે દશવૈકાલિક નિર્યુક્તિ (૧૮૬)

**काले विणए बहुमाणे उवहाणे तहा अनिण्हवणे।**
**वंजण अत्थ तदुभए, अट्ठविहो णाणमायारो॥१॥**

એ દ્વાર ગાથાની ચોથી દ્વારા ગાથા આ પ્રમાણે છે.

**दुग्गतिपडणुवधरणा, उवहाणं जत्थ जत्थ जं सुत्ते।**
**आगाढमणागाढे, गुरु लहु आणादसगपडिआ॥१॥**

દુર્ગતિમાં પડતાને ધારણ કરનાર હોવાથી ઉપધાન, જે જે સૂત્રને વિષે કહેલા છે. તે આગાઢ અને અનાગાઢ ગુરુ અને લઘુ-(આયંબીલ-નીવિ): એ પ્રમાણે નિશીથભાષ્યમાં કહેલું છે. તેની ચૂર્ણિ આ પ્રમાણે છે.

**इआणिं उवहाणेत्ति दारं, तं दव्वा भावा य, दव्वे उवहाणगादि, भावे इमं दुग्गति गाहा॥ दुट्ठगती दुग्गती दुक्खं वा जंसि विज्जति, गतीए एसा दुग्गती विषमेत्यर्थः, कुत्सिता वा गतिर्दुर्गतीः, पतणं पातः, तीए दुग्गतीए पतंतमप्पाणं जे धरेति तं उवहाणं भण्णति, तं च जत्थ जत्थत्ति-एस सुत्तवीप्सा-जत्थ उद्देसगे जत्थ अज्झयणे जत्थ सुअक्खंधे जत्थ अंगे कालुक्कालिअ अंगाणंगेसु नेआ, जमिति जं उवहाणं णिव्वीतितादितं तत्थ तत्थ सुत्ते श्रुते कायव्वमिति वक्कसेसं भवति। 'आगाढाणागाढ' त्ति जं च उद्देसगादिसुतं भणितं तं सव्वं समासओ दुविहं भण्णति, आगाढमणागाढं वा, तं च आगाढसुअं भगवतिसुआइ, आणागाढमायारमाती'' त्यादि निशीथचूर्णौ।**

અત્યારે ઉપધાન એ પ્રમાણેનું દ્વાર શરુ—થાય છે. ઉપધાન બે પ્રકારના : દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યમાં ઉપધાનકાદિ=ગાંદલાં, તકીયા આદિ અને ભાવમાં આ પ્રમાણે **दुग्गति० गाथा** ખરાબ ગતિ તેનું નામ દુર્ગતિ અથવા દુઃખ જે ગતિમાં રહેલું છે તેનું નામ દુર્ગતિ એટલે વિષમગતિ અથવા નિંદિતગતિ તેનું નામ દુર્ગતિ; પડવું તેનું નામ પાત. તે દુર્ગતિમાં પડતા એવા આત્માઓને જે ધારી રાખે તેનું નામ **ઉપધાન** કહેવાય છે. તે તે ઉપધાન, જે જે સૂત્રમાં એટલે જે જે સૂત્રના ઉદ્દેશો, જે

જે અધ્યયન, જે જે શ્રુતસ્કંધ, જે જે અંગકાલિક અને ઉત્કાલિક અંગો અને અનંગ એટલે અંગ બાહ્ય સંબંધીના જાણવા. અને તે ઉપધાન, નિર્વિકૃતિઆદિથી (નીવિ આદિથી) જાણવા. તે બધાય શ્રુતને વિષે કરવાના. હવે આ જે ઉપધાનો છે તે બે પ્રકારના છે. આગાઢ અને અનાગાઢ. તેમાં જે આગાઢ શ્રુત છે તે ભગવતી આદિ અને અનાગાઢ છે તે આચારાંગ આદિ.'' એ પ્રમાણે નિશીથચૂર્ણિમાં કહેલું છે. તથા તેવી જ રીતે **પંચવસ્તુકસૂત્ર**ની ૫૭૯ની ગાથામાં—

**उवहाणं पुण आयंबिलाई, जं जस्स वण्णिअं सुत्ते।**
**तं तेणेव उ देअं, इहरा आणाइआ दोसा॥१॥**

આ ગાથાની વ્યાખ્યામાં વળી ઉપધાન જે અધ્યયન આદિના આયંબીલ આદિ જે તપ કહેલ છે તે દ્વારા અધ્યયન આદિ તે રીતે દેવાય, જો એ સિવાય દેવાય તો આજ્ઞાભંગાદિ ચાર દોષની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે પૂ.આ.મ. શ્રીહરિભદ્રસૂરિજીકૃત વૃત્તિની પોથી નંબર ૧૫૨ના ૫૧મા પાને જણાવેલ છે. એ પ્રમાણે દશવૈકાલિકની નિર્યુક્તિને વિષે પણ **काले विणए बहुमाणे उवहाणे** આ ગાથામાં કહેલું છે. એમ નહિં કહેવું કે 'આ ઉપધાનની વાત સાધુને આશ્રીને જ છે.' કારણક કે શ્રુતજ્ઞાનની આરાધના માટેનું વિશિષ્ટ તપનું જેને જે રીતે યોગ્ય હોય=અને જે જે રીતે ઘટતું હોય તે તે રીતે સાધુને અને શ્રાવકને સંમત હોવાથી. બન્નેને પણ શ્રુતારાધન તપ સંભવ છે. વળી 'સામાયિક આદિ છ અધ્યયનવાળા જે આવશ્યક શ્રુતસ્કંધના છ અધ્યયનોને આશ્રીને સાધુ અને શ્રાવક બન્નેનો પણ અધિકાર હોવાથી તે એકમાં બંનેને શ્રુત આરાધનનો તપવિશેષ યુક્ત છે બીજામાં નહિ, એવું કહી શકાય તેમ નથી. તેથી કરીને–

શ્રુતસ્કંધ અને તેના અધ્યયનોનું આરાધન, નિશીથચૂર્ણિ આદિને વિષે સાધુઓને ઉદ્દેશીને જ કહેલું હોવા છતાં પણ ઉપલક્ષણથી તેના અનુયાયી–સાધુના અનુયાયી એવા શ્રાવકને પણ જેવી રીતે આજ્ઞા હોય તેવી રીતે યુક્ત છે. જેમકે **कालेण निक्खमे भिक्खू=**ઇત્યાદિ સૂત્રને વિષે સાધ્વીની વ્યાખ્યા જણાવી નહિં હોવા છતાં પણ સાધુને ઉદ્દેશીને કહેલા તે સૂત્રને વિષે સાધ્વીનું જેમ ગ્રહણ કરાય છે. તેવી રીતે સમજી લેવું. આમ ન માનીએ તો કાલાદિ જે આઠ પ્રકારનો જ્ઞાનાચાર છે 'તે સાધુઓને માટે જ યુક્ત કહેવાશે.' શ્રાવકોને માટે નહિં, એવું કોઈપણ ઠેકાણે નથી : તેવી જ રીતે સાધુ માટે કહેલા આઠ પ્રકારના જ્ઞાનાચારમાંથી ઉપધાનને છોડી દઈને શ્રાવકોને સાત પ્રકારનો જ્ઞાનાચાર છે. એવું પણ કોઈપણ આગમને વિષે વિવેચન કરીને વ્યક્ત જણાવેલું નથી. પરંતુ દેશ વિરતિ તેમજ સર્વવિરતિ એ બન્નેના આરાધન તપ વિધિમાં ભેદ છે જેવી રીતે શ્રાવકને **सामाइअम्मि उ कए समणो इव सावओ हवइ जम्हा** એમ કહીને સાધુના જેવી ઉપમા આપી હોવા છતાં સર્વથી સાધુની સાથે સામ્યપણું લેવાનું નથી; પરંતુ દેશથી છે. અને એથી કરીને દેશથી સામ્યપણું હોવાના કારણે શ્રાવકને ઉદ્દેશીને કરેલું પણ અન્નાદિ શ્રાવક વાપરી શકે છે પરંતુ સાધુ વાપરી શકતો નથી : આ પ્રમાણે સાધુને અને શ્રાવકને વિષે ઘણો ભેદ હોય છે. એ પ્રમાણે સાધુઓને આવશ્યક શ્રુતસ્કંધના યોગ–ઉપધાન આઠ દિવસ સંબંધીના હોય છે. અને શ્રાવકોને હવે કહેવાશે તે મહાનિશીથસૂત્રમાં કહેલ

ઉપધાન સંજ્ઞક વિધિ જણાવેલ છે. (આવશ્યક અંગે સાધુના આઠ દિવસના જોગ અને શ્રાવકના ૪૫-દિવસના ઉપધાનતપ છે.)

જો કે ઉપધાન શબ્દવડે કરીને સામાન્યથી શ્રુત આરાધના માટેનો તપ વિશેષ કહેવાય. તો પણ ઉપધાન શબ્દનું વિવેચન કરાતા મુનિઓ માટે 'યોગ' અને શ્રાવકોને પર્યાયરહિતનું કેવલ 'ઉપધાન' જ છે.

હવે શંકા કરે છે કે આવી રીતે આરાધનવિધિનો ભેદ કેમ? એ પ્રમાણે પૂછતો હો તો જિનેશ્વર ભગવંતની આજ્ઞાનું પૂજ્યપણું હોવાથી ભેદ જાણવો. હવે વળી ઉદ્દિષ્ટભોજીપણા વડે કરીને આરંભ અને પરિગ્રહવાલાઓનો કંઈક ભેદ કહેવો જોઈએ. અને તે વિચારણા કરતાં આ જ દેખાય છે. લોકમાં પણ દેખાય છે કે એક જ સરખા રોગની શાંતિ માટેની ક્રિયામાં કાળ, પુરુષ, વય, આદિની ગવેષણા કરવાપૂર્વક ઔષધ અને તેના અનુપાનમાં ફેર પડે છે. પણ પથ્ય તો બન્નેને આપવું જ પડે.

વળી એક જ આરાધ્ય વસ્તુ ભિન્ન ભિન્ન આરાધકની અપેક્ષાએ ભિન્ન ભિન્ન સ્વભાવ વડે કરીને જ પરિણામ પામે છે. જેથી કરીને વિચરતાં અરિહંત ભગવંત, સાધુનો જ લાવેલો આહાર વાપરતાં હોવા છતાં સાધુની અપેક્ષાએ આહારના ભોક્તાપણાવડે કરીને પૂજા સ્વાદરૂપે પરિણમેલો દેવ આદિની અપેક્ષાએ જાણવો. વળી જે વિધિએ કરીને સાધુવડે કરીને પ્રતિમાનું આરાધન કરાય છે તે જ વિધિવડે કરીને શ્રાવકોને પણ આરાધન નથી હોતું. કારણ કે પ્રવચનની મર્યાદાના ભંગની આપત્તિ હોવાથી. માટે લાંબા વિસ્તારથી સર્યું.

અને બીજા (પહેલા) વિકલ્પની અંદર 'ઉપધાનનું નામ પણ સિદ્ધાંતમાં નથી મલતું' એ પ્રમાણેનો પહેલો વિકલ્પ તે અસિદ્ધિરૂપ રાક્ષસીથી ગ્રસાયેલો બતાવ્યો. ॥ ગાથાર્થ-૮૯ ॥

હવે બીજો વિકલ્પ 'ઉપધાનની કરાતી ક્રિયાવિધિ વિષયનો' છે તેને દૂષિત કરવા માટે કહે છે.

**न हि कत्थवि सिद्धंते, सव्वंसविहि लभिज्ज कीएवि।**
**बिइए महानिसीहे, सूआ उवहाणकिरिआए॥८६॥**

હવે સાંપ્રતકાલે કરાતો એવો જે વિધિ તે સંપૂર્ણ રીતે શાસ્ત્રમાં નથી કે દિશા સૂચનરૂપે નથી? એ પ્રમાણેના બે વિકલ્પો ઉત્પન્ન કરીને સકલ ક્રિયારૂપ પહેલાં વિકલ્પને અસંભવ દ્વારાએ દોષિત બતાવે છે. જો ભાઈ! કોઈપણ આગમને વિષે કોઈપણ ક્રિયાનો સર્વપ્રકારે સંપૂર્ણ વિધિ મલતો નથી. અને જો એ પ્રમાણે હોય તો તેમાં ગુરુપરંપરાની વિફલતાની આપત્તિ હોવાથી. પહેલો વિકલ્પ અસંભવ વડે દૂષિત થયો.

હવે બીજો વિકલ્પ જે દિશા માત્રનો છે. તે બરાબર છે. અને અમારે પણ કબૂલ છે. કારણ કે મહાનિશીથ સૂત્રની અંદર શ્રાવકોને પણ શ્રુત આરાધનાના તપરૂપ–અનુષ્ઠાન સ્વરૂપ ઉપધાન ક્રિયાનું

દિગ્દર્શન જ માત્ર આપેલું છે. તે આ પ્રમાણે :—

**तत्थ एएसिं अट्ठण्हंपि संपयाणं गोअमा! जे केइ अणोवहाणेण सुपसत्थं णाणमहीअंति अज्झायंति वा अहीअंते वा अज्झावयंते वा समणुजाणंति ते णं महापावकम्मा महंति सुपत्थणाणस्सासायणं कुव्वति (१०)**

ત્યાં આ આઠેય સંપદાઓ હે ગૌતમ! જે કોઈ આત્માઓ ઉપધાન સિવાય સુપ્રશસ્ત એવા જ્ઞાનને ભણે, ભણાવે, ભણતાને કે ભણાવતાને સારો માને તે આત્મા મહાપાપકર્મી છે. અને સુપ્રશસ્ત એવા જ્ઞાનની મોટી આશાતના કરનારા છે.

**से भयवं! जइ एवं ता किं पंचमंगलस्स णं उवहाणं कायव्वं गोअमा! पढमं णाणं ततो दया, दयाए अ सव्वजगजीवपाणभूअसत्ताणं अत्तसमदरिसित्तं जाव (इत्यादि यावत्) सव्वुत्तमं सोक्खंति, ता सव्वमेवेअं णाणाओ पवत्तिज्ञा जाव (इत्यादि यावत् ११) इमाए विहीए पंचमंगलस्स णं विणओवहाणं कायव्वं, तंजहा— सुपसत्थे चेव तिहिकरणमुहुत्तनक्खत्तजोगलग्गससीबले विप्पमुक्कजायाइमयासंकेण संजायसद्धासंवेगसुतिव्वतर-महंतुल्लसंतसुहज्झवसायाणुगयभत्तिबहुमाणपुव्वं निण्णिआणदुवालसभत्तट्ठिएण चेइआलए जंतुविरहिओगासे भत्तिब्भरुच्छसिअसरोमावलीए पप्फुल्लवयवयण (णयण) सयवत्तपसंतसोमथिरदिट्ठी नवनवसंवेगसमुच्छलंतसंजाय-बहलघणनिरंतरअचिंतपरमसुहपरिणामविसेसुल्लासिअजीववीरिआणुस्समयविवड्ढंतपमोअसुविसुद्धसुनिम्मलविमल-थिरदढयरंतकरणेणं खित्तिनिहिअजाणुसिअउत्तमंगकरकमलमउलसोहंतंजलिपुडेणं सिरिउसभाइपवरवरधम्म-तित्थगरपडिमाबिंबविणिवेसिअणयणमाणसेगग्गतग्गयज्झवसाएण समयण्णू दढचरित्तादिगुणसंपओवेआ गुरुसद्दत्थाणु-ट्ठाणकरणेकबद्धालक्खतवाहिअगुरुवयणविणिग्गयविणयादिबहुमाणपरिओसाणुकंपोवलद्धं अणेगसोगसंतावुव्वेगमहा-वाहिवेअणाघोरदुक्खदारिद्दकिलेसरोगजम्मजरामरणगब्भनिवासाइदुट्ठसावगाहभीमभवोदहितरंडगभूयं इणमो सयलागम-मज्झवत्तगस्स मिच्छत्तदोसोवहयविसिट्ठबुद्धिपरिकप्पिअकुभणिअअघडमाणअसेसहेउदिट्ठंतजुत्तीविद्धंसणिक्कपच्चल-पोट्टस्स पंचमंगलमहासुअक्खंधस्स पंचज्झयणेगचूलापरिक्खियस्स पवरपवयणदेवताहिट्ठिअस्स तिपदपरिच्छिन्नेगा-लावगसत्तक्खरपरिमाणं अणंतगमपज्जवत्थपसाहगं सव्वमहामंतपवरविज्ञाणं पवरबीअभूअं 'णमो अरिहंताणं'ति पढममज्झयणं अहिज्जेअव्वं।**

(અર્થ)—''હે ભગવંત! જો એ પ્રમાણે છે તો શું પંચમંગલ મહાશ્રુતસ્કંધના ઉપધાન કરવાના? હે ગૌતમ! પહેલું જ્ઞાન અને ત્યાર પછી દયા. અને દયાવડે કરીને સર્વ જગતના જીવ, પ્રાણ, ભૂત, સત્ત્વોને વિષે આત્મસમદર્શીપણું આવે. યાવત્ સર્વોત્તમ સુખને પામે છે. તેથી કરીને **सव्वमेवेयं** આ બધું જ જ્ઞાનથી પ્રાપ્ત થાય છે. યાવત્ આ વિધિવડે કરીને પંચમંગલ મહાશ્રુતસ્કંધનું વિનયપૂર્વકનું ઉપધાન કરવું જોઈએ. તે આ પ્રમાણે :—પ્રશસ્ત એવા તિથિ, કરણ, મુહૂર્ત, નક્ષત્ર, યોગ, લગ્ન, ચંદ્રબલ પ્રાપ્ત થયે છતે અને જાત્યાદિ મદ આશંકાથી દૂર થઈને, ઉત્પન્ન થયેલ એવા શ્રદ્ધા, સંવેગ અને સુતીવ્રતર અને મોટા તથા ઉલ્લસાયમાન એવા શુભ અધ્યવસાય અનુગત એવા ભક્તિ બહુમાનપૂર્વક, નિર્નિદાન એવા દ્વાદશભક્તે (પાંચ ઉપવાસે) કરીને જિનમંદિરમાં નિર્જીવ એવા પ્રદેશમાં ભક્તિના સમૂહથી ઉલ્લસિત થયેલ છે રોમરાજી જેની અને પ્રફુલ્લિત વચન, વદન અને (નયન) શતપત્રની જેવા પ્રશાંત, સૌમ્ય અને સ્થિર દષ્ટિવાલા, નવા નવા સંવેગોથી ઉછળતાં અને તેથી ઉત્પન્ન થયેલા ઘણાં ગાઢ અને

અંતર વગરના, અચિંત્ય, પરમ શુભ પરિણામ વિશેષથી ઉલ્લસિત એવા જીવનું જે વીર્ય, એ વીર્ય દ્વારા પ્રતિસમયે વધતો જતો જે પ્રમોદ એ પ્રમોદ વડે કરીને સુવિશુદ્ધ, સુનિર્મલ, સ્થિર, સુદૃઢતર અંતઃકરણ વડે કરીને ક્ષિતિનિહિત એવા જે જાનુ, ઉચ્છ્રિત એવું જે ઉત્તમાંગ અને કરરૂપી કમળનો જે ડોડો તેનાથી શોભતાં એવા અંજલિપુટ વડે કરીને શ્રી ઋષભસ્વામી આદિ જે શ્રેષ્ઠ ધર્મતીર્થંકરોની પ્રતિમારૂપી બિંબ એની ઉપર સ્થાપન કરેલાં છે નેત્રો અને મનના પરિણામો જેણે, એકાગ્ર અને તદ્ગત અધ્યવસાય વડે કરીને સમયનો જાણકાર એવો આત્મા, દૃઢ ચારિત્ર આદિ ગુણસંપદાઓએ કરીને સહિત, ગુરુ મ.ના શબ્દ, અર્થ અને અર્થાનુષ્ઠાન કરવામાં બંધાયેલું છે લક્ષ જેનું, તપથી અધિક એવા ગુરુવચનથી નિકળેલા, વિનયાદિ, બહુમાન, પરિતોષ આદિથી સંયુક્ત, અનેક પ્રકારના શોક, સંતાપ, ઉદ્વેગ, મહાવ્યાધિ, વેદના, ઘોરદુ:ખ, દારિદ્ર્ય, ક્લેશ, રોગ, જન્મ, જરા, મરણ, ગર્ભનિવાસ આદિ દુષ્ટ શ્વાપદોથી વ્યાપ્ત એવા ભયંકર ભવસમુદ્રમાં વહાણ સદૃશ એવા આ સકલ આગમની મધ્યમાં રહેલું (ધરી સમાન) મિથ્યાત્વ દોષથી ઉપહત એવી વિશિષ્ટ બુદ્ધિથી પરિકલ્પિત, કુભણિત, અઘટમાન, અશેષ, નિઃશેષ હેતુ દૃષ્ટાંત યુક્તિ એને નાશ કરવામાં મુદ્ગર સમાન એવો જે પાંચ અધ્યયન અને એક ચૂલાથી વ્યાપ્ત અને પ્રવર શ્રેષ્ઠ એવા પ્રવચનદેવતાથી અધિષ્ઠિત એવા આ પંચમંગલ મહાશ્રુતસ્કંધના ત્રણ પદથી પરિચ્છિન્ન, એક આલાપકવાળો, સાત અક્ષરના પરિણામવાલો અને અનંતગમ-પર્યાય-અર્થને સાધનારું, સર્વ મહામંત્રો અને પ્રવર વિદ્યાઓનું શ્રેષ્ઠતમ બીજરૂપ એવો "નમો અરિહંતાણં" એ પહેલું અધ્યયન ભણવું જોઈએ.

**तद्दिअहे अ आयंबिलेणं पारेअव्वं, तहेव बीअदिणे अणेगाइसयगुणसंपओववेअं अणंतरभणिअत्थपसाहगं अणंतरुत्तेणेव कमेण दुपयपरिच्छन्नेगालावगपंचक्खरपरिमाणं 'नमो सिद्धाणं'ति बीअमज्झयणं अहिज्जेअव्वं, तद्दिअहे आयंबिलेण पारेअव्वं, एवं अणंतरभणिएणेव कमेण अणंतरुत्तत्थपसाहगं तिपदपरिच्छिन्नेगालाव-सत्तक्खरपरिमाणं 'नमो आयरियाणं'ति तइअमज्झयणं आयंबिलेण अज्झेयव्वं, तहा य अणंतरुत्तत्थपसाहगं तिपयपरिच्छिन्नेगालावगसत्तक्खरपरिमाणं 'नमो उवज्झायाणं'ति चउत्थमज्झयणं अहिज्झियव्वं, तद्दिअहे य आयं-बिलेण पारेअव्वं, एवं 'णमो लोए सव्वसाहूणं'ति पंचममज्झयणं पंचमदिणे आयंबिलेण, तहेव तयत्थाणुगामिअं इक्कारसपयपरिच्छिन्नं तिपयआलावगतित्तीसक्खरपरिमाणं 'एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो मंगलाणं, च सव्वेसिं, पढमं हवइ मंगल ॥१॥' मिति चूलंति, छट्ठसत्तट्ठमदिणेव कमविभागेण आयंबिलेहिं अहिज्जिअव्वं, एवमेव पंचमंगलमहासुअक्खंधं सरवण्णराहिअं पयक्खरबिंदुमत्ताविसुद्धं गुरुगुणोववेअगुरूवइट्ठं कसिणमहिज्झित्ताणं तहा कायव्वं जहा पुव्वाणुपुव्वीए पच्छाणुपुव्वीए अणाणुपुव्वीए जीहग्गे तरेज्जा, तओ तेणेवाणंतरभणिअतिहिकरण-मुहुत्तनक्खत्तजोगलग्गरासीबलजंतुविरहिए ओगासे चेइआलगाइकमेण अट्ठमभत्तेण समणुजाणावेऊण गोअमा! महया पबंधेण सुपरिफुडं निउणं असंदिद्धं सुत्तत्थं अणेगहा सोऊण अवधारेअव्वमित्यादि यावत् एअं तु जं पंचमंगलमहासुअक्खंधस्स वक्खाणं तं महया पबंधेणं अणंतगमपज्जवेहिं सुत्तस्स य पिहब्भूयाहिं निज्जुत्ति-भासचुण्णीहिं जहेव अणंतणाणदंसणधरेहिं वक्खाणिअं समासओ वक्खाणिज्जंतं आसि, अहण्णया कालपरिहाणिदोसेण ताओ निज्जुत्तिभासचुण्णिओ वोच्छिन्नाओ (१६)**

અર્થ :—"તે દિવસે આયંબીલવડે કરીને પારણું કરવું. તેવીજ રીતે બીજે દિવસે અનેક

અતિશય ગુણસંપદાઓથી સહિત, અનંતર કહેલા અર્થને સાધવાવાળું, અનંતરમાં કહેલા ક્રમવડે કરીને જ બે પદથી પરિછિન્ન એક આલાપક સમાન અને પાંચ અક્ષરના પરિમાણવાલું **"નમો સિદ્ધાણં"** બીજું અધ્યયન ભણવું. અને તે દિવસે આયંબીલવડે પારણું કરવું. એવી રીતે અનંતરમાં કહેવાતું અને અનંતરમાં કહેલા અર્થને સાધનારું, ત્રણ પદ પરિચ્છિન્ન એવું, એક આલાપકવાળું અને સાત અક્ષર પરિમાણવાળું એવું ત્રીજું અધ્યયન **'નમો આયરિયાણં'** ભણવું. તે દિવસે આયંબીલથી પારણું કરવું. ત્યારબાદ અનંતર અર્થને સાધનારૂં, ત્રણ પદ પરિચ્છિની અને સાત અક્ષરના પરિમાણવાલું ચોથું **"નમો ઉવજ્ઝાયાણં"** અધ્યયન, આયંબીલપૂર્વક ભણવું. ત્યાર પછી **"નમો લોએ સવ્વસાહૂણં"** એ પાંચમું અધ્યયન પાંચમે દિવસે આયંબીલપૂર્વક ભણવું ને ત્યાર પછી તેના અર્થને અનુગમન કરવાવાળું અગીયાર પદથી પરિચ્છિન્ન, ત્રણ આલાપકવાળું અને ૩૩-અક્ષરના પરિમાણવાળું એવું **"એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો-મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં"** એ પ્રમાણેની ચૂલા છઠ્ઠા સાતમા અને આઠમા દિવસે એ ક્રમ પ્રમાણે આયંબીલ કરવાપૂર્વક ભણવી જોઈએ.

આ પ્રમાણેનો પંચમંગલ મહાશ્રુતસ્કંધ, સ્વર, વર્ણ સાથે પદ અક્ષર બિંદુમાત્રાથી શુદ્ધ, ગુરુનાં ગુણોથી શોભતાં એવા ગુરુમહારાજે ઉપદેશલ-આ પંચમંગલ મહાશ્રુતસ્કંધને સંપૂર્ણ ભણીને એવી રીતે કરવું કે-જેથી કરીને પૂર્વાનુપૂર્વીએ-પશ્ચાનુપૂર્વીએ-અનાનુપૂર્વીએ જીભના અગ્રભાગપર તરે તેવી રીતે કરવું. ત્યાર પછી તે જ રીતે કહેલી તિથિ, કરણ, મુહૂર્ત, નક્ષત્ર, યોગ, લગ્ન, ચંદ્રબલ હોયે સતે જંતુ વિરહિત સ્થાનમાં ચૈત્યાલય આદિના ક્રમ વડે કરીને અઠ્ઠમભક્ત વડે કરીને સારી રીતે અનુજ્ઞા મેળવીને હે ગૌતમ! મોટા પ્રબંધવડે કરીને સુપરિસ્ફુટ, નિપુણ, અસંદિગ્ધ એવા સૂત્ર અને અર્થને અનેક પ્રકારે સાંભળીને અવધારણ કરવો. ઇત્યાદિ યાવત્ આ કહેવાતાં જે પંચમંગલ મહાશ્રુતસ્કંધનું વ્યાખ્યાન તેને મોટા પ્રબંધવડે કરીને અનંતગમ, પર્યાયથી સહિત સૂત્રથી જુદી થયેલી નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિઓ આદિવડે કરીને જેવી રીતે અનંત જ્ઞાન, અનંત દર્શનને ધારણ કરવાવાળા તીર્થંકરોએ વર્ણવ્યો છે એવી રીતે સંક્ષેપથી વખાણાતો હતો. (એટલે વર્ણન થતું હતું).

હવે અન્યથા એક વખતે કાલની પરિહાણિ આદિ દોષવડે કરીને તે નિર્યુક્તિ, ચૂર્ણિઓ વિચ્છિન્ન થઈ ગઈ. (૧૬)''

**इओ वच्चंतेण कालसमएणं महिड्ढीपत्ते पयाणुसारी वयरसामी नाम दुवालसंगसुअहरे समुप्पण्णे, तेणेअं पंचमंगलमहासुअक्खंधस्स उद्धारो मूलसुत्तमज्झे लिहिओ, मूलसुत्तं पुण सुत्तत्ताए गणहरेहिं, अत्थत्ताए पुण अरहंतेहिं भगवंतेहिं तित्थगरेहिं तिलोगपूइएहिं वीरजिणिंदेहिं पण्णविअंति, एस वुड्ढसंपयाओ** (१७) **एत्थ य जत्थ जं पयं पएणाणुलग्गं न संपज्जइ तत्थ तत्थ सुअहरेहिं कुलिहिअदोसो न दायव्वोत्ति, किंतु जो सो एअस्स अचिंतचिंतामणिकप्पभूयस्स महानिसीहसुअक्खंधस्स पुव्वायरिसो आसि तहिं चेव खंडाखंडीहो उद्देहिआइएहिं हेऊहिं बहवे पत्तगा परिसडिआ, तहावि अच्चंतसुमहत्थाइसयंति इमं महानिसीहसुअक्खंधं कसिणपवयणस्स परमसारभूअं परं तत्तं महत्थंति कलिऊण पवयणवच्छल्लएणं बहुभव्वसत्तोवयारिअंति काउं तहा य आयहिअट्ठाए आयरियहरिभद्देणं तत्थायरिसे दिट्ठं सव्वं समतीए सोहिऊणं लिहिअंति, अण्णेहिंपि सिद्धसेणदिवायरवुड्ढवाई**

जक्खसेण-देवगुत्त-जसवद्धणखमासमणसीसरविगुत्त-नेमिचंद-जिणदासगणि ‹ खवगसच्चसिरिपमुहेहिं जुगप्पहाणसुअ-हरेहिं बहु मण्णिअमिणंति (१८)

''હવે સમય જતાં મહાઋદ્ધિને પ્રાપ્ત એવા પદાનુસારી લબ્ધિવાળા, દ્વાદશાંગ શ્રુતને ધારણ કરનાર વજસ્વામી ઉત્પન્ન થયા. તેઓશ્રીએ આ પંચમંગલ મહાશ્રુતસ્કંધનો ઉદ્ધાર, મૂળ સૂત્રની અંદર લખ્યો. વળી મૂળસૂત્ર, સૂત્રપણાવડે કરીને ગણધરોએ અને અર્થપણાવડે કરીને ત્રૈલોક્યપૂજિત એવા અરિહંત ભગવંત શ્રી મહાવીર જિનેશ્વરે પ્રરુપ્યો છે. આ પ્રમાણે વૃદ્ધસંપ્રદાય છે.'' (૧૭)

આની અંદર જ્યાં જ્યાં પદને કે પદને અનુસરતો સૂત્રાલાપક ન દેખાય ત્યાં ત્યાં શ્રુતધરોએ કુલિખિત દોષ આપવો નહિ. પરંતુ અચિંત્ય ચિંતામણિ કલ્પભૂત મહાનિશીથ શ્રુતસ્કંધની પહેલી લખાયેલી જે પ્રત હતી તે પ્રત જીર્ણ થતાં કટકા કટકા થઈ. ઉધેઈ આદિના કારણે કેટલાક પત્રો સડી ગયેલાં હતાં. તો પણ 'અત્યંત સુમહાર્થ અને અતિશયવાળું આ મહાનિશીથશ્રુતસ્કંધ આખા પ્રવચનનું પરમ સારભૂત છે' અને એથી કરીને મહાઅર્થવાળું છે. અને ઘણાં ભવ્ય પ્રાણીઓને ઉપકારી છે.' એ પ્રમાણે વિચારીને પ્રવચન પ્રત્યેની વાત્સલ્યતાને લઈને અને આત્મહિતને માટે આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ તે જીર્ણ શીર્ણ થઈ ગયેલી પ્રતમાં જે કાંઈ દીઠું તે પોતાની બુદ્ધિએ શોધીને લખ્યું છે. અને બીજા સિદ્ધસેન દિવાકર, વૃદ્ધવાદી, યક્ષસેન, દેવગુપ્ત, યશોવર્ધન ક્ષમાશ્રમણના શિષ્ય રવિગુપ્ત, નેમિચંદ્રગણિ તેમજ જિનદાસ ગણિ, ક્ષપક સત્યશ્રી પ્રમુખ યુગપ્રધાન શ્રુતધરોએ તેને બહુમાન્ય કરેલ છે. (૧૮)''

से भयवं! जहुत्तविणओवहाणेणं पंचमंगलमहासुअक्खंधमहिज्जित्ताणं पुव्वाणुपुव्वीए पच्छाणुपुव्वीए अणाणुपुव्वीए सरवंजणमत्तविंदुअक्खरविसुद्धथिरपरिचिअं काऊण महया पबंधेण सुत्तत्थं च विण्णाय तओ णं किमहिज्जा?, गोअमा! इरिआवहिअं, से भयवं! केणं अट्ठेणं एवं वुच्चइ? जहा णं पंचमंगल महा-सुअक्खंधमहिज्जित्ताणं पुणो इरिआवहिअं अहीए? गोअमा! जे एस आया से णं जया गमणागमणाइपरिणए अणेगजीवपाणभूअसत्ताणं अणुवउपमत्ते संघट्टण अवद्दावणकिलामणं काऊण अणालोइअअपडिक्कंतं चेव असेसकम्मक्खयट्ठाए किंचि चिइवंदणसज्झायज्झाणाइएसु अभिरमेज्जा तया से एगग्गचित्तसमाही हवेज्जा न वा, जओ णं गमणाइअणेगअण्णवावारपरिणामासत्तचित्तयाए केइ पाणी तमेव भावंतरमच्छड्डिअ अट्टदुहट्टज्झवसिए कंचि कालं खणं विरत्तेज्जा, ता तस्स फलेण विसंवएज्जा, जया णं कहिंचि अण्णाणमोहपमायदोसेण सहसा एगिंदिआदीणं संघट्टणपरिआवणं वा कयं हवेज्जा, तया य पच्छा हा हा हा दुट्ठु कयमम्हेहिंति धणरागदोसमोहमिच्छत्तअण्णाणंधेहिं अदिट्ठपरलोगावाएहिं कूरकम्मनिग्घिणेहिंति परमसंवेगममावण्णे सुपरिप्फुडं आलोइत्ताणं निंदित्ताणं गरहित्ताणं पायच्छित्तमणुचरित्ताणं निस्सल्ले अणाउलचित्ते असुहकम्मक्खयट्ठा किंचि आयहिअं चिइवंदणाइ अणुट्ठेज्जा, तया तयट्ठे चेव उवउत्ते से भवेज्जा, जया णं से तयट्ठे उवउत्ते भवेज्जा तया तस्स णं परमेगग्गचित्तसमाही हवेज्जा, तया चेव सव्वजगज्जीवपाणभूअसत्ताणं जहिट्ठफलसंपत्ती भवेज्जा ता गोअमा! अपडिक्कंताए इरिआवहिआए न कप्पइ चेव काउं किंचिवि चिइवंदणसज्झायज्झाणाइअं फलासायणमभिकंखुगाणं, एएणं अट्ठेणं गोअम! एवं वुच्चइ, जहा णं गोयमा! ससुत्तोभयपंचमंगलं थिरपरिचिअं

**काऊणं तो इरिआवहिअं अज्झए (१९) से भयवं! कयराए विहिए तमिरिआवहिअं अहीए?, गोअम! जहा पंचमंगलमहासुअक्खंधं (२०)**

"હે ભગવંત! યથોક્ત વિનયપૂર્વકના ઉપધાનપૂર્વક પંચમંગલ મહાશ્રુતસ્કંધને ભણીને પૂર્વાનુપૂર્વીએ, પશ્ચાનુપૂર્વીએ, અનાનુપૂર્વીએ, સ્વર, વ્યંજન, માત્રા, બિંદુ ને અક્ષર શુદ્ધ એવું સ્થિર પરિચિત કર્યા પછી મોટા પ્રબંધવડે કરીને તેના સૂત્ર અને અર્થને જાણ્યા બાદ શું ભણવું જોઈએ? ગૌતમ! ઈરિયાવહીયા. હે ભગવંત! ક્યા કારણે તમે આ પ્રમાણે કહો છો કે–પંચમંગલ મહાશ્રુત સ્કંધ ભણ્યા પછી ઈરિયાવહિયં ભણવું જોઈએ?

હે ગૌતમ! જે આ આત્મા છે તે જ્યારે ગમન, આગમન આદિમાં પરિણત થયો હોય ત્યારે અનુપયોગ અને પ્રમત્તાવસ્થામાં અનેક જીવો, પ્રાણો, ભૂતો, સત્ત્વોનું સંઘટ્ટન, અપદ્રાવણ, કિલામણા આદિ કર્યા પછી જો તેની આલોચના અને પ્રતિક્રાન્તિ કર્યા સિવાય=ઈરિયાવહીયં કર્યા વિના નિઃશેષ કર્મના ક્ષય માટે જે કોઈ ચૈત્યવંદન, સ્વાધ્યાય, ધ્યાન આદિને વિષે રમણ કરે ત્યારે એકાગ્રચિત્ત સમાધિવાલો થાય અથવા ન પણ થાય. જેથી કરીને ગમનાગમન આદિ અનેક અન્ય વ્યાપારનાં પરિણામમાં આસક્તપણાના ચિત્તવડે કરીને કેટલોક પ્રાણી તે જ ભાવાંતરને છોડી દઈને આર્ત, દુઃખાર્ત અધ્યવસાયવડે કેટલોક કાળ ક્ષણ વિરક્ત થાય છે. તેથી કરીને તેના ફળમાં વિસંવાદ થાય જ. અને ક્યારેક અજ્ઞાન, મોહ, પ્રમાદના દોષવડે કરીને સહસાત્કારે એકેન્દ્રિય આદિનો સંઘટ્ટો કે પરિતાપન આદિ થઈ જવા પામ્યું હોય. ત્યાર બાદ હા! હા! હા! ખેદની વાત છે કે ઘણાં રાગ, દ્વેષ, મોહ, મિથ્યાત્વ, અજ્ઞાનરૂપી અંધકારવડે કરીને પરલોકમાં અપાય જેમણે જોયો નથી તેવા અને ક્રૂર કર્મમાં નિર્ઘૃણ એવા અમારા વડે ખેદની વાત છે કે–અમે આ દુષ્ટ કાર્ય કર્યું. એ પ્રમાણે પરમસંવેગને પામેલો આત્મા, સુપરિસ્ફૂટ રીતે તે તે કાર્યોની આલોચના કરીને નિંદા, ગર્હાપૂર્વક પ્રાયશ્ચિત્તને અનુસરીને નિઃશલ્ય થયે છતે અનાકૂલ ચિત્તવાળો થયો છતો અશુભકર્મના ક્ષય માટે જે કોઈ આત્મહિતકર ચૈત્યવંદન આદિ ક્રિયામાં ઉજમાળ થાય ત્યારે તે અર્થને વિષે તે ઉપયુક્ત થયો કહેવાય. જ્યારે તેવા પ્રકારના આત્મસાધક અર્થમાં ઉપયુક્ત થાય ત્યારે તે આત્માને ઉત્કૃષ્ટ એવી એકાગ્રચિત્ત સમાધિ થાય. અને એવી એકાગ્રચિત્ત સમાધિ થાય ત્યારે જ સર્વ જગતના જીવ, પ્રાણ, ભૂત અને સત્વોને યથોક્ત ઇષ્ટ ફલ સંપત્તિની પ્રાપ્તિ થાય. તે કારણથી હે ગૌતમ! ઈરિયાવહિ પડિકમ્યા સિવાય. ફલના આસ્વાદનની ઈચ્છાવાલા આત્માએ ચૈત્યવંદન, સ્વાધ્યાય, ધ્યાન આદિ કાંઈપણ કરવું કલ્પતું નથી. આ કારણથી હે ગૌતમ! હું એમ કહું છું કે–હે ગૌતમ! સૂત્ર, અર્થ અને તદુભય સહિત પંચમંગલ મહાશ્રુતસ્કંધને સ્થિર પરિચીત કર્યા બાદ ઈરિયાવહિ ભણવી જોઈએ.

હે ભગવંત! કંઈ વિધિએ કરીને તે ઈરિયાવહિયં ભણવું જોઈએ? હે ગૌતમ! જેવી રીતે પંચમંગલ મહાશ્રુતસ્કંધ (ભણે) તેવી રીતે (૨૦)"

**से भयवमिरियावहिअमहिज्जित्ताणं तओ किमहिज्जा?, गोअम! सक्कत्थयाइअं चेइवंदणविहाणं, नवरं सक्कत्थयं एगट्ठमबत्तीसाए आयंबिलेहिं अरिहंतत्थयं एगेणं चउत्थेणं पंचहिं आयंबिलेहिं, चउवीसत्थयं एगेणं छट्ठेणं**

**एगेणं चउत्थेणं पणवीसाए आयंबिलेहिं, णाणत्थवं एगेणं चउत्थेणं पंचहिं आयंबिलेहिं, एवं सरवंजणमत्तबिंदुपयच्छेयपयक्खरविसुद्धं अविच्चामेलिअं अहिज्जित्ताणं गो०तओ कसिणं सुत्तत्थं विण्णेयं, जत्थ य संदेहं हवेज्जा तं पुणो२ वीमंसिअ नीसंकमवधारेऊण णीसंदेहं करेज्जा॥२१॥**

''હે ભગવંત! તે ઇરિયાવહિયંનું અનુષ્ઠાન કર્યા પછી શું ભણવું જોઈએ? હે ગૌતમ! શક્રસ્તવ આદિ ચૈત્યવંદન વિધાન. પરંતુ તેમાં શક્રસ્તવ (નમુત્થુણં) જે છે તે એક અટ્ઠમ અને ૩૨ આયંબીલવડે અને અરિહંતસ્તવ (અરિહંત ચેઈઆણં) એક ઉપવાસ અને પાંચ આયંબીલ વડે તથા ચતુર્વિંશતિસ્તવ (લોગસ્સ) ૧ છઠ્ઠ ૧ ઉપવાસ અને ૨૫ આયંબીલ વડે, જ્ઞાનસ્તવ (પુક્ખવરદી૦) ૧ ઉપવાસ અને પાંચ આયંબીલ વડે. એ પ્રમાણે સ્વર, વ્યંજન, માત્રા, બિંદુ, પદચ્છેદ, પદાક્ષરોથી વિશુદ્ધ, અવ્યક્તામ્રેડિત ભણીને હે ગૌતમ! ત્યાર પછી સંપૂર્ણ સૂત્રના અર્થને જાણવું. જ્યાં જ્યાં સંદેહ હોય ત્યાં ત્યાં વિમર્શના કરીને નિઃશંક અવધારણ કરીને નિઃસંદેહિત કરવું. (૨૧)''

**एवं सुत्तत्थोभयचिइवंदणविहाणं अहिज्जित्ताणं तओ सुपसत्थे सोहणे तिहिकरणमुहुत्तनक्खत्त-जोगलग्गससीबले जहासत्तीए जगगुरूणं संपाइअपूओवयारेण पडिलाहिअसाहुवग्गेण य भत्तिब्भरनिब्भरेणं रोमंचकंचुअवेपुलइज्जमाणतणू सहरिसविसिट्ठवयणारविंदेणं सद्धासंवेगविवेगपरमवेरग्गमूलं विणिहयघणरागदोस-मोह-मिच्छत्तमलकलंकेण सुविसुद्धसुनिम्मलविमलसुभसुभयराणुसमयसमुल्लसंतसुपसत्थज्झवसायगएण पवयण (भुवण) गुरुजिणंदपडिमाविणिवेसिअनयणमाणसेण अणण्णमाणसेगग्गचित्तयाए 'धण्णोऽहं पुण्णोऽहंति जिणवंदणाइणा सहलीकयजम्मोत्ति' इइ मण्णमाणेणं विरइअकरकमलंजलिणा हरिअतणबीअजंतुविरहिअभूमीए निहिओभय-जाणुणा सुपरिफुडसुविइअनीसंकयजहत्थसुतत्थोभगं पए पए भावेमाणेणं दढचारित्तसमयन्नूअप्पमाइ-अअणेगगुणसंपओवएण गुरुणा सद्धिं साहुसाहुणीसाहम्मिअसेसबंधुवग्गपरिअरिएणं चेव पढमं चेइए वंदेअव्वे, तयणंतरं च गुणड्ढे अ साहुणो, तहा साहम्मिअजणस्स णं जहासत्तीए पाणावाए जाए णं सुमहग्घयमउअचोक्खवत्थपयाणाइणा वा महासम्माणो कायव्वो, एआवसरंमि सुविइअसमयसारेण गुरुणा पबंधेण अक्खेवनिक्खेवाइएहिं पबंधेहि संसारनिव्वेअजणणिं सद्धासंवेगमुप्पायगं धम्मदेसणं कायव्वं** (२२)

''હવે એ પ્રમાણે સૂત્ર, અર્થ, ઉભયસહિત એવું જે ચૈત્યવંદનવિધાન ભણ્યા પછી સુપ્રશસ્ત શોભન એવા તિથિ, કરણ, મુહૂર્ત, નક્ષત્ર, યોગ, લગ્ન, ચંદ્રબલમાં યથાશક્તિએ સારી રીતે એકઠાં કરેલા પૂજાના ઉપચાર વડે કરીને જગદ્ગુરુને પૂજીને, સાધુમહારાજને પડિલાભીને, ભક્તિના સમૂહથી ભરપૂર અને રોમરાજીથી કંચુકિત થયેલું છે શરીર જેનું અને હર્ષપૂર્ણ ઉલ્લસિત વદન કમળ વડે કરીને શ્રદ્ધા, સંવેગ, વિવેક, પરમ વૈરાગ્ય મૂળ એવા પ્રકારનું અને નાશ કરેલા છે ઘણાં નિબિડ, રાગ, દ્વેષ, મોહ, મિથ્યાત્વરૂપી કલંકો જેના વડે એવો સુવિશુદ્ધ, સુનિર્મલ, વિમલ, શુભ, શુભતર, પ્રતિ સમય સમુલ્લસિત સુપ્રશસ્ત, અધ્યવસાયગત ચિત્ત વડે ભુવનગુરુ એવા જિનેશ્વર ભગવંતની પ્રતિમાને વિષે સ્થાપન કરેલ છે નયન અને મન જેનાં એવા અનન્ય મનવાળો અને એકાગ્રચિત્ત પણા વડે કરીને 'હું ધન્ય છું, હું પુણ્યશાળી છું, જિનવંદન આદિ વડે કરીને સફલીકૃત જન્મવાળો છું' એ પ્રમાણે પોતાને માનતો અને રચેલ છે હાથરૂપી અંજલી જેને એવો તે વનસ્પતિ, તૃણ, બીજ, જંતુ આદિથી રહિત ભૂમિને

વિષે સ્થાપન કરેલ છે બન્ને જાનું જેણે એવા અને સુપરિસ્ફુટ, સુવિદિત, નિઃશંકિત, યથોક્ત સૂત્ર, અર્થ, તદુભયને પદે પદે વિચારતો દઢ, ચારિત્ર, સમયજ્ઞ, અપ્રમાદાદિ અનેક ગુણસંપદાએ કરીને સહિત એવા ગુરુ મહારાજની સાથે તેમજ સાધુ, સાધ્વી, સાધર્મિક અશેષ બંધુવર્ગથી પરિવરેલો પહેલાં ચૈત્યોને વંદન કરે.

ચૈત્યવંદન કર્યા બાદ ગુણથી ભરપૂર એવા સાધુઓને તથા સાધર્મિક જનોનો સંબંધ થયે છતે યથાશક્તિએ સુમહાર્ઘ્ય, મૃદુ, પવિત્ર, સ્વચ્છ વસ્ત્રપ્રદાન આદિવડે કરીને મહા સન્માન કરવું. આ અવસરે જેમણે સારી રીતે આગમનો સાર જાણેલો છે એવા ગુરુ મહારાજે વિસ્તારથી આક્ષેપણી, નિક્ષેપણી આદિના સંબંધવડે કરીને સંસારનો નિર્વેદ ઉત્પન્ન કરનારી, શ્રદ્ધા અને સંવેગને જન્મ આપનારી એવી ધર્મદેશના આપવી. (૨૨)''

**तओ परमसद्धासंवेगपरं नाऊण आजम्माभिग्गहं च दायव्वं, जहा णं सहलीकयसुलद्धमणुस्सभव! भो भो देवाणुप्पिआ! तए अज्जप्पभिइं जावज्जीवं तिकालिअं अणुदिणं अणुत्तावलेगग्गचित्तेण चेइए वंदेअव्वे, इणमेव भो मणुअत्ताओ असुइअसासयखणभंगुराओ सारंति, तत्थ पुव्वण्हे ताव उदगपाणं न कायव्वं जाव चेइए साहू अ ण वंदिए, ता मज्झण्हे ताव असणकिरिअं न कायव्वं जाव चेइए साहू अ ण वंदिया, तहा अवरण्हे वि य तहा कायव्वं जहा अवंदिएहिं चेइएहिं णो वि(संझा)आलमईक्कमेज्जा** (२३)

''ત્યાર પછી પરમ શ્રદ્ધા અને સંવેગમાં તત્પર જીવને જાણીને આજન્મનો–જીવિતકાલાવધિનો અભિગ્રહ આપવો. તે આ પ્રમાણે :—હે! હે! દેવાનુપ્રિય! સારી રીતે મેળવેલો અને સફલ કર્યો છે. મનુષ્ય જન્મ જેમણે. તેવા તમારે આજથી માંડીને જાવજ્જીવ પર્યંત પ્રતિદિન ત્રિકાલ ચૈત્યોને ઉતાવળથી નહિ પણ ધીરજ અને એકાગ્રતાપૂર્વક વાંદવા જોઈએ. અને હે દેવાનુપ્રિયો! અશુચિ, અશાશ્વત ને ક્ષણભંગુર એવા મનુષ્યપણાનો આ જ સાર છે.

તેમાં પૂર્વાહ્નકાલે જ્યાં સુધી ચૈત્યવંદન ન કરો અને સાધુને ન વાંદો ત્યાં સુધી પાણી પીવું ન જોઈએ. મધ્યાન્હકાલે ચૈત્યવંદન ન કરો અને સાધુને ન પ્રતિલાભો ત્યાં સુધી ભોજન કરવું ન જોઈએ. એવી જ રીતે સાયંકાલે ચૈત્યને તથા સાધુને ન વાંદ્યા હોય ત્યાં સુધી સંધ્યાકાલનું ઉલ્લંઘન ન કરે (૨૩)''

**एवं चाभिग्गहबंधं काऊण जावज्जीवाए, ताहे अ गोयमा! इमाए चेव विज्जाए अंहिमंतिआ सत्त गंधमुट्ठीओ तस्सुत्तमंगे नित्थारगपारगो भवेज्जासुत्ति उच्चारेमाणेणं गुरुणा खेत्तव्वाओ, अउम् णमुउ भगवओ अरहओ सूइज्झ़ मूए भगवती महई महाविज़ुआ अउम् वूईरूए २ महूआवूईरूए जयवूईरूए सूएणवूईरूए ज़ुअयूअंतूए अपरूआजूइए सूवूआहा, उपचारो चउत्थभत्तेण साहिज्जति, एआए विज्जाए सव्वगओ नित्थारगपारगो होइ, उवट्ठावणाए वा गणिस्स वा अणुण्णाए वा सत्त वारा परिजवेअव्वा, नित्थारगपारगो होइ, उत्तमट्ठपडिवण्णे वा अभिमंतिज्जइ, आराहगो भवति, विग्धविणायगा उवसमंति, सूरो संगामे पविसंतो अपराजितो भवति, कप्पसम्मत्तीए मंगलवहणी खेमवहणी हवइ, तहा साहुसाहुणीसमणोवासगसड्ढिगा सेसा सम्मत्तसाहम्मिअजणचउव्विहेणंपि समणसंघेण नित्थारगपारगो भवेज्जा, धन्नो संपुण्णलक्खणोसि तुमंति**

**उच्चारेमाणेणं गंधमुट्ठीओ घेत्तव्वाओ,**

"એ પ્રમાણે જાવજ્જીવનો અભિગ્રહ ગ્રહણ કરાવીને હે ગૌતમ! ત્યારબાદ સાત ગંધમુઠ્ઠિઓ આ વિધિવડે (વર્ધમાન વિદ્યાથી) અભિમંત્રિત કરીને નિત્થારપારગા હોહ કહીને તેના ઉત્તમાંગ પર નાંખે.

આ વિદ્યા, ચતુર્થભક્ત વડે સાધવી. આ વિદ્યાએ સર્વ સ્થળે પારગામી થાય, ઉપસ્થાપના, ગણિપદ વગેરે પદની અનુજ્ઞા વખતે (આ મંત્ર) સાત વાર ગણીને "નિત્થારગ પારગા હોહ" (પાર પામવાવાળો થાવ) અને ઉત્તમાર્થને સાધવા માટે તૈયાર થયેલાને આ વર્ધમાનવિદ્યાવડે અભિમંત્રિત કરવાનો. જેથી કરીને તે પાર પામનારો આરાધક થાય. વિઘ્નના સમૂહનો વિનાશ થાય, શાંતિ થાય, શૂરવીર હોય અને સંગ્રામમાં પેસતાં મંત્રિત કર્યો હોય તો પરાજીત ન થાય, કલ્પની સમાપ્તિએ મંગલને દેનારી અને ક્ષેમને વહન કરનારી થાય. તેવી જ રીતે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા અને બાકીના સમ્યકત્વી વગેરે ચતુર્વિધ શ્રમણસંઘ, નિસ્તાર પામનારા થાય. એમ કહેવા થકી 'તૂં ધન્ય છે. સંપૂર્ણ લક્ષણવાળો છે.' એ પ્રમાણે ઉચ્ચારતાં ગંધ મુઠ્ઠીઓ ગ્રહણ કરવી."

**तओ जगगुरूणं जिणिंदाणं पूएगदेसाओ गंधड्ढामिलाणसियमल्लदामं गहाय सहत्थेणं उभयखंधेसुमारोवयमाणेणं गुरुणा णीसंदेहमेवं भाणिअव्वं, जहा 'भो भो जम्मंतरसंचिअगुरुगुरुयरपुण्णपब्भारसुलद्धसुविहत्तसुसहलमणुअजम्म देवाणुप्पिआ! ठइअं च निरयतिरिअगइदारं तुब्भंति, अंबंधगो अ अयसअकित्तिनीआगोत्तकम्मविसेसाणं तुमंति, भवंतरगयस्सावि न दुल्लहो तुब्भ पंचनमुक्कारो भाविजम्मंतरेसु, पंचनमुक्कारप्पभावओ अ जत्थ२ उववज्जेज्जा तत्थ तत्थ उत्तमा जाई उत्तमं च कुलरूवारोग्गसंपयंति, एअं निच्छइओ भवेज्जा,' अण्णं च 'पंचनमुक्कारपभावओ ण भवइ दासत्तणं, न दारिद्दुहग्गहीणजोणिअत्तं, ण विगलिंदिअत्तंति,' किं बहुएणं?, गोअमा! जे केइ एआए विहीए पंचनमुक्कारादिसुअण्णाणमहिज्जित्ताणं तदत्थाणुसारेण पयओ सव्वावस्सगाइणिच्चाणुट्ठणिज्जेसु अट्ठारसीलंगसहस्सेसु अभिरमेज्जा से णं सरागत्ताए जइ न निव्वुडे तओ गेविज्जणुत्तरादीसुं चिरमभिरमिऊणेह उत्तमकुलप्पसूई उक्किट्ठसव्वंगसुंदरत्तं सव्वकलापत्तट्ठजणमणाणंदयारित्तणं च पाविऊण सुरिंदोवमरिद्धीए एगंतेणं च दयाणुकंपापरे निव्विण्णकामभोगो सद्धम्ममणुट्ठेऊणं विहुअरयमलो सिज्झिज्जा** (२५)

"ત્યાર પછી જગદ્ગુરુ જિનેશ્વર ભગવંતની પૂજાના એક દેશભાગમાં રહેલી, ગંધથી ભરપૂર, અમ્લાન, શ્વેત એવી પુષ્પમાલા સ્વહસ્તે ગ્રહણ કરીને આરાધકના ઉભય સ્કંધે સ્થાપન કરતાં નિઃસંદેહ ગુરુ મહારાજે આ પ્રમાણે કહેવું. તે આ પ્રમાણે 'હે હે ભાગ્યશાળી! જન્માંતરમાં સંચિત કરેલા ગુરુ, અતિ ગુરુ એવા પુણ્યના પ્રાગ્ભારના વશે કરીને સુલબ્ધ, સુવિહત્ત, સુસફલ એવો મનુષ્યજન્મ મલ્યો. અને નરક તથા તિર્યંચગતિના દ્વારો તમે બંધ કર્યા. અપયશ, અપકીર્તિ, નીચગોત્ર કર્મ વિશેષ છે તેને તમે બાંધનારા નથી. ભવાંતરમાં ગયેલા એવા તમોને ભાવિ ભવાંતરોને વિષે પંચ નમસ્કાર દુર્લભ નથી'. 'આ પંચ નમસ્કારના પ્રભાવવડે કરીને જયાં જયાં ઉત્પન્ન થશો ત્યાં ત્યાં ઉત્તમજાતિ, ઉત્તમકુળ, રૂપ, આરોગ્ય અને સંપદા નિશ્ચયે કરીને પ્રાપ્ત થશે,' વળી, "આ પંચ

નમસ્કારના પ્રભાવે કરીને દાસપણું નહિં થાય, તેમજ દારિદ્રય, દુર્ભાગ્ય, હીનયોનિપણું અને વિકલેન્દ્રિયપણું નહિં થાય..'' વધારે કહેવાથી શું? હે ગૌતમ! જે કોઈ આત્મા આ વિધિવડે કરીને પંચનમસ્કાર આદિ શ્રુત જ્ઞાનને ભણીને તેના અર્થના અનુસારે સર્વ આવશ્યકાદિના નિત્યકરણીય અનુષ્ઠાનોમાં અને ૧૮ હજાર શિલાંગ રથોમાં પ્રયત્નપૂર્વક અભિરમણ કરતો હોય તે સરાગપણાવડે કરીને જો મોક્ષમાં ન જાય તો ગ્રૈવેયક અનુત્તર આદિને વિષે ચિરકાલ વિચરીને અહિં મનુષ્ય જન્મમાં ઉત્તમકુલમાં જન્મ, ઉત્કૃષ્ટ, લષ્ટપુષ્ટ, સર્વાંગ સુંદરપણું, સર્વકલાએ પ્રાપ્ત એવું સર્વજનોના મનને આનંદ કરનારું એવું શરીરને પામીને ઇન્દ્રના જેવી ઉત્તમ ઋદ્ધિ વડે કરીને એકાંતે દયા અને અનુકંપામાં તત્પર એવા અને કામભોગથી નિર્વેદ પામેલા સદ્ધર્મનું આચરણ કરીને જેમણે કર્મરજમલ દૂર કરી છે તેવા આત્માઓ મોક્ષ ગતિને પામશે. (૨૫)''

**से भयवं! किं जहा पंचमंगलं तहा सामाइअमाइअमसेसंपि सुअणाणमहिज्जिअव्वं?, तहा चेव विणओवहाणेणमहीअव्वं, नवरमहिज्जिणिसुकामेहिं अट्ठविहं चेव णाणायारं सव्वपयत्तेणं कालाई रक्खेज्जा, अण्णहा महासायणंति इत्यादि यावत्** (२६)

''હે ભગવંત! જેવી રીતે પંચમંગલ-મહાશ્રુતસ્કંધ ભણવું તેવી જ રીતે સામાયિક આદિ અશેષ શ્રુતજ્ઞાન શું ભણવું જોઈએ? હે ગૌતમ! તેવી જ રીતના વિનય અને ઉપધાન વડે ભણવું જોઈએ. પરંતુ તે ભણવાની ઇચ્છાવાલા આત્માઓએ સર્વ પ્રયત્ને કરીને કાલાદિ જે આઠ પ્રકારનો જ્ઞાનાચાર છે તે સાચવવો જોઈએ. નહિં તો મહાઆશાતના થાય.'' (૨૬)

**से भयवं! सुदुक्करं पंचमंगलमहासुअक्खंधस्स विणओवहाणं पण्णत्तं, महती अ एसा निजंतणा कहं बालेहिं कज्जति?, गोअमा! जे णं केइ ण इच्छेज्जा एअं निअंतणं अविणओवहाणेण चेव पंचमंगलाइ-सुअणाणमहिज्जंति अज्झावेइ वा अज्झावयमाणस्स वा अणुण्णं वा पयाई से ण भवेज्जा पिअधम्मे, ण हवेज्जा दढधम्मे, ण भवेज्जा भत्तिजुए, सुत्तं हीलिज्जा अत्थं हिलिज्जा सुतत्थोभए हीलिज्जा गुरुं, जे णं हिलीज्जा सुत्तं, हिलीज्जा अत्थं, हिलीज्जा सुत्तत्थोभए, जाव णं गुरुं, सेणं आसाएज्जा अतीताणागयवट्टमाणे तित्थयरे, आसाएज्जा आयरिअउवज्झायसाहूणो, जे णं आसाएज्जा सुअणाणमरिहंतसिद्धसाहू से तस्स णं सुदीहआलमणंत-संसारसागरमाहिंडेमाणस्स तासु तासु संकुडविअडासु चुलसीइलक्खपरिसंखाणासु सीओसिणमिस्सजोणीसु तिमिरंधयारदुग्गंधामिज्झविलीणखारमुत्तोज्झसंभपडिहत्थं वसजलुपूअदुद्दिणविलिचिल्लरुहिरचिल्लखल्लचिक्खिल्ल-दुव्वंसणजंवालपंकबीभच्छघोरगब्भवासे कटकटंतस्सचलचलस्स टलटलस्स रज्जंतसंपिंडिअंगमंगस्स सुइरं निअंतणा, जे उणं एअं विहिं फासेज्जा णो णं मणयंपि अइअरेज्जा जहुत्तविहाणेणं चेव पंचमंगलपभिइसुअणाणस्स विणओवहाणं करेज्जा से णं गोअमा! णो हीलिज्जा सुत्तं, णो हीलिज्जा अत्थं, णो हिलीज्जा सुत्तत्थोभए, से णं णो आसाएज्जा तिकालभावितित्थयरे, णो आसाइज्जा तिलोगसिहरवासी विहूअरयमले सिद्धे, णो आसाएज्जा आयरिअउवज्झायसाहूणो, सुट्ठुयरं चेव भवेज्जा पिअधम्मे दढधम्मे भत्तीजुत्ते एगंतेणं भवेज्जा सुतत्थाणुरंजिअमाणसस्सद्धासंवेगमावण्णो, से एस णं ण लभेज्जा पुणो२ भवचारगे गब्भवासाइअं अणेगहा जंतणंति** (२७) **णवरं गोअमा! जे ण बाले जाव अविण्णायपुण्णपावाणं विसेसो ताव णं से पंचमंगलस्स णं**

गोअमा! एगंतेणं अओगे, ण तस्स पंचमंगलस्स णं महासुयक्खंधस्स एगमवि आलावगं दायव्वं, जओ अणाइभवंतरसुमहज्जिआसुहकम्मरासिदहणट्ठमिणं लभित्ताणं न बाले सम्ममाराहेज्जा, लहुअत्तं च आणेत्ति, ता तस्स केवलं धम्मकहाए गोअमा! भत्ती समुप्पाइज्जइ, तो णाऊण पिअधम्मं दढधम्मं भत्तिजुत्तं ताहे जावइअं पच्चक्खाणं निव्वाहेउं समत्थो भवति तावइअं कारवेज्जइ, राइभोअणं च दुविहं चउव्विहेण वा जहासत्तीए पच्चक्खाविज्जइ (२८) इमा गोअमा पनयालाए नमुक्कारसहिआणं चउत्थं, चउवीसाए पोरिसीहिं, बारसहिं पुरिमड्ढेहिं, दसहिं अवड्ढेहिं, छहिं निव्वीइएहिं, चउहिं एगट्ठाणेहिं, दोहिं आयंबिलेहिं, एगेणं सुद्धच्छायंबिलेणं अव्वावारत्ताए रोद्दज्झाणविगहाविरहियस्स सज्झाएगग्गचित्तस्स एगमेव आयंबिलं मासक्खमणं विसेसिज्जा, जओ अ जावइअं तवोवहाणगं वीसमंतो करिज्जा तावइअं अणुगुणेऊण जाहे जाणेज्जा जहा णं एतिअमित्तेणं तवोवहाणेणं पंचमंगलस्स जोगीभूओ ताहे आउत्तो पाढिज्जा, ण अण्णहत्ति (२९) से भयवं! पभूअकालातिक्कमं एअं जइ कयाइ अवंतराले पंचत्तमुवगच्छे तओ नमुक्कारविरहिए कहमुत्तमट्ठं साहेज्जा?, गोअमा! जं समयं चेव सुत्तत्थोवयारनिमित्तेण असढभावत्ताए जहासत्तीए किंचि तवमारभेज्जा तं समयमेव अहिअसुतत्थोभयं दट्ठव्वं, जओ णं सो तं पंचनमुक्कारं सुत्तत्थोभयं ण अविहीए गिण्हे, किंतु तहा गिण्हे जहा भवंतरेसुंपि ण विप्पणस्से, एअज्झवसायत्ता आराहगो भवेज्जा (३०) से भयवं! जेण उण अण्णेसिभहीयमाणाणं सुआवरणक्खोवसमेण कण्णहाडित्तणेण पंचमंगलमहीअं भवेज्जा सेऽवि अ किं तवोवहाणं करेज्जा?, गोअमा! करिज्जा, से भयवं! केणं अट्ठेणं?, गोअमा! सुलहबोहिलाभनिमित्तेणं, एवं चेआइं अकुव्वमाणे णाणकुसीले'' (३१) त्ति इतिश्रीमहानिशीथे तृतीयाध्ययने॥

''હે ભગવંત! પંચમંગલ મહાશ્રુતસ્કંધનો સુદુષ્કર એવો વિનય અને ઉપધાન આપે કહ્યો. પરંતુ આવી મોટી નિયંત્રણા બાલજીવ વડે કેમ કરાય? હે ગૌતમ! જે કોઈ આ નિયંત્રણ ન ઇચ્છે અને વિનય ઉપધાન કર્યા સિવાય પંચમંગલ મહાશ્રુતસ્કંધ આદિ શ્રુતજ્ઞાન ભણે, ભણાવે કે ભણતાને અનુમોદે અથવા તો પદ આદિ આપે. તે પ્રિયધર્મી ન થાય, દૃઢધર્મી ન થાય, ભક્તિયુક્ત ન થાય, તે સૂત્રની અવહેલના કરે છે, અર્થની અવહેલના કરે છે અને સૂત્રાર્થને અવહેલે છે, તદુભયને અવહેલે છે, યાવત્ ગુરુમહારાજની અવહેલના કરે છે. તે પાપાત્માઓ અતીત, અનાગત અને વર્તમાન તીર્થંકરોની આશાતના કરે છે, આચાર્ય મ.–ઉપાધ્યાયજી મ. અને સાધુ મ.ની આશાતના કરે છે. અને જે શ્રુતજ્ઞાન, અરિહંત, સિદ્ધ અને સાધુની આશાતના કરે છે. તે સુદીર્ઘતર, અનંત એવા સંસારસાગરમાં ભમતો એવો સંવૃત્ત અને વિવૃત્ત, શીત, ઉષ્ણ અને મિશ્ર યોનિવાળી ૮૪ લાખ યોનિમાં ગાઢ અંધકાર, દુર્ગંધ અમેધ્ય, વિષ્ટા આદિથી વ્યાપ્ત, ક્ષાર, મૂત્ર, કફથી વ્યાપ્ત, વસાજલ, પરુથી દુર્દિન એવું વિલિચિલ અને રુધિરથી વ્યાપ્ત, ચિકણો દુર્દર્શન કાદવ, બીભત્સ એવા જે ઘોર ગર્ભાવાસોને વિષે કટકંટત અને ચલચલંત, ટળવળતું અને સારી રીતે એકત્રિત કરેલાં અંગની નિયંત્રણા ભોગવે છે.

જે આ વિધિને સ્પર્શે છે તેને જરા પણ વાંધો આવતો નથી. યથોક્ત વિધાનવડે કરીને પંચ મંગલ મહાશ્રુત આદિ શ્રુતજ્ઞાનના વિનયપૂર્વકના ઉપધાન કરે છે. એને જરાપણ અતિચલિત કરતાં

નથી તે આત્માઓ, હે ગૌતમ! સૂત્રને અવહેલતાં નથી. અર્થને અવહેલતાં નથી. ઉભયને અવહેલતાં નથી. ત્રિકાલભાવિ તીર્થંકરોને અવહેલતાં નથી. ત્રણ લોકના શિખર પર રહેલા રજ અને મલને દૂર કરેલા છે જેમણે એવા સિદ્ધ ભગવંતોને અવહેલતાં નથી. આચાર્ય મ. ઉપાધ્યાયજી મ. અને સાધુને અવહેલતાં નથી. અને તે આત્માઓ સારી રીતે પ્રિયધર્મી, દૃઢધર્મી, સારી ભક્તિયુક્ત થાય છે. અને એકાંતે સૂત્ર અને અર્થથી અનુરંજિત માનસ અને શ્રદ્ધા, સંવેગને પામેલા થાય છે. અને તે આત્માઓ ભવરૂપી કારખાનામાં ગર્ભવાસાદિની અનેક પ્રકારની નિયંત્રણા પામતાં નથી.'' (૨૭)

''પરંતુ હે ગૌતમ! જે બાલ છે યાવત્ જેમણે પુણ્યપાપનો વિશેષ જાણ્યો નથી. તે આત્માઓ હે ગૌતમ! આ પંચમંગલ મહાશ્રુતસ્કંધને માટે એકાંતે અયોગ્ય છે. તેવા આત્માઓને પંચમંગલ મહાશ્રુતસ્કંધનો આલાવો આપવો નહિ. કારણકે અનાદિ ભવાંતરોમાં એકત્રિત કરેલો જે અશુભ કર્મરાશિ તેને બાળી નાંખવા માટે સમર્થ એવા આ પંચમંગલ મહાશ્રુતસ્કંધને પામીને તે બાલજીવો સમ્યક્ પ્રકારે આરાધતાં નથી. અને લઘુત્વને પમાડે છે. તેથી કરીને હે ગૌતમ! તેવા બાલજીવોને ધર્મકથા કરવાવડે કરીને ભક્તિ ઉપાર્જન કરાવવી જોઈએ.''

''અને ત્યાર પછી તેને પ્રિયધર્મી, દૃઢધર્મી અને ભક્તિયુક્ત જાણીને જેટલું પચ્ચક્ખાણ નિર્વહી શકે તેટલું પચ્ચક્ખાણ કરાવવું. તેવી રીતે રાત્રિભોજન દ્વિવિધ, ત્રિવિધ, ચતુર્વિધ યથાશક્તિ પ્રમાણે પચ્ચક્ખાણ કરાવવું જોઈએ.

ત્યારપછી હે ગૌતમ! પિસ્તાલીશ નવકારશીએ એક ઉપવાસ, ચોવીશ પોરસીએ, બાર પરિમુડ્ઢે, ૧૦ અવડ્ઢે, ૭ નીવિએ, ચાર એકલઠાણે, ૨-આયંબીલે, એક શુદ્ધઆયંબીલે (એક ઉપવાસ) અને અવ્યાપાર યુક્ત એવા પ્રકારના અને રૌદ્રધ્યાન, વિકથારહિત સ્વાધ્યાયમાં એકાગ્ર ચિત્તવાળાનું એક જ આયંબીલ માસક્ષમણથી વિશેષ છે.''

''તેથી કરીને જેટલા પ્રમાણમાં તપ-ઉપધાનને વિષે વિશ્રામ કરી શકે ત્યાં સુધી જાણીને ત્યાં સુધી લાવવા. અને આટલા તપ અને ઉપધાનવડે કરીને પંચમંગલ મહાશ્રુતસ્કંધને યોગ્ય થયેલ છે એમ જાણે ત્યારે તેને ભણાવે. અન્યથા નહિં (૨૯)''

''હે ભગવંત! એ પ્રમાણે કરવામાં તો ઘણો કાલ અતિક્રાંત થાય. અને એમ થાય તો કદાપિ વચમાં જ પંચત્વ પામી જાય તો નવકારથી વિરહિત એવો તે આત્મા કેવી રીતે ઉત્તમમાર્ગને સાધી શકે?

હે ગૌતમ! જે સમયે સૂત્રના અર્થના ઉપચાર માટે અશઠભાવે કરીને યથાશક્તિએ જે કોઈ તપનો આરંભ કરે તે સમયથી જ અધીત સૂત્રાર્થોભયવાળો જાણવો. તેથી કરીને તે પંચનમસ્કાર સૂત્ર, અર્થ અને તદુભય અવિધિએ ન ગ્રહણ કરે; પરંતુ તેવી રીતે ગ્રહણ કરે કે જેથી કરીને (તે) ભવાંતરોમાં નાશ ન પામે. આવી રીતના અધ્યવસાયને આધીન થયેલો આત્મા આરાધક થાય. (૩૦)''

''હે ભગવંત! જે કોઈ આત્માઓ દ્વારા ભણાતું આ પંચમંગલ મહાશ્રુતસ્કંધ કાનમાં પડે છતે શ્રુતજ્ઞાનાવરણીયના ક્ષયોપશમભાવે કરીને પંચમંગલ મહાશ્રુતસ્કંધ ભણી ગયો હોય તેને પણ શું તપ

ઉપધાન કરવું જોઈએ? હે ગૌતમ! કરવું જોઈએ. હે ભગવંત! શા માટે કરવું જોઈએ? હે ગૌતમ! સુલભ બોધિલાભ માટે કરવું જોઈએ. અને એ પ્રમાણે જો કરે નહિં તો જ્ઞાનકુશીલ કહેવાય.''

એ પ્રમાણે શ્રીમહાનિશીથસૂત્રના ત્રીજા અધ્યયનને વિષે શ્રાવકોને કાલ આદિ આઠ પ્રકારના જ્ઞાનાચારોને વિષે મોટા આચારરૂપે ઉપધાન સ્પષ્ટ કહેલું છેજ. અને તેની વિધિ દિશાસૂચનરૂપે કહેલ છે. એ પ્રમાણે ૮૯-ગાથાનો અર્થ ॥

હવે આ પ્રમાણે ઉપધાનવિધિ સિદ્ધ થયે છતે પૂર્ણિમાના રંગે રંગાએલાઓના દુર્વચનને ઊભું કરીને તેને દૂષણ દેવા માટે જણાવે છે.

**अह महानिसीह तुम्हं, न पमाणं तंपि किं सबुद्धीए।**
**पुव्वायरिअवएण व?, वुच्चिज्जइ आइमो अहमो ॥९०॥**

હવે તમે જે મહાનિશીથસૂત્રનો પાઠ ધરો છો તે મહાનિશીથસૂત્ર જ અમારે પ્રમાણ નથી. એ પ્રમાણે જ્યારે શંકારૂપ દુર્વચન રજૂ કરે ત્યારે તેને પૂછવું કે–'હે પૂર્ણિમારાગી! તું જે એ મહાનિશીથસૂત્રનું અપ્રમાણપણું જણાવે છે તે અપ્રમાણપણું તારી બુદ્ધિએ જણાવે છે કે પૂર્વાચાર્યના વચનવડે? એટલે હરિભદ્રસૂરિ આદિ પ્રસિદ્ધ પૂર્વાચાર્યોના વચનો વડે કરીને?' તે પ્રમાણે તેને પૂછવું. તેમાંનો પહેલો વિકલ્પ ''પોતાની બુદ્ધિએ કરીને'' એરૂપ પહેલો વિકલ્પ અધમ છે. નીચ છે. કારણ કે અલ્પજ્ઞને પણ સ્વીકાર કરવા યોગ્ય નથી. અને પોતાની મતિએ કલ્પેલું કોઈને પણ પ્રમાણ થતું નથી. સર્વજ્ઞના વચનને વિષે આસ્થાપણું હોવાથી. ॥ ગાથા-૯૦ ॥

હવે 'પૂર્વાચાર્યના વચનવડે કરીને શ્રીમહાનિશીથસૂત્રનું અપ્રમાણપણું કહું છું.' એવા બીજા વિકલ્પને વિષે દોષ જણાવે છે.

**बीए जावयमित्तं, जह भणिअं तं तएवि भणिअव्वं।**
**ऊणमहिअं व भणणं, तित्थासायण महादोसो ॥९१॥**

બીજા વિકલ્પને વિષે જેટલા માત્ર પૂરતું પૂર્વાચાર્યો વડે કરીને કહેવાયું છે. તેટલા માત્ર પૂરતું તારે પણ કહેવું જોઈએ. એથી ઓછું અથવા અધિક કાંઈ કહેવું તેમાં તીર્થની આશાતનારૂપી મહાદોષ રહેલો છે. તીર્થવડે કરીને જે જે રીતે સ્વીકારાયું હોય તેનાથી અન્યથા બોલવું તે તીર્થની મોટી આશાતના છે. અને તે અનંત સંસારનું કારણ હોવાથી. ॥ ગાથાર્થ-૯૧ ॥ હવે મહાનિશીથસૂત્રને આશ્રીને પૂર્વાચાર્યોએ જે કહ્યું છે તે જણાવે છે.

**हरिभद्दवयणमेअं, पुव्वायरियाण चउत्थमज्झयणे।**
**कतिपयपयाण सम्मं, सद्धा नो तेण मम्हंपि ॥९२॥**

હરિભદ્રસૂરિનું કહેવાતું આ વચન, તે વચન કયું? કે-'શ્રી મહાનિશીથસૂત્રના ચોથા અધ્યયનને વિષે કેટલાક પદોનું સમ્યક્, સદ્દહવાપણું શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ આદિનું નથી. કેટલાક પદોનું સમ્યક્ સ્વીકારપણું નહિ હોવાથી, સમ્યક્ શ્રદ્ધા નહોતી, સદ્દહવું નહોતું. તેથી કરીને અમારે પણ સમ્યક્શ્રદ્ધાનો અભાવ છે. અને કેટલાકમાં તો સમ્યક્ શ્રદ્ધા છે.'' એ પ્રમાણે અર્થ જાણવો.

કહ્યું છે કે-''આ ચોથા અધ્યયને વિષે કેટલાક સૈદ્ધાંતિક આલાપકોને સમ્યક્ સદ્દહતાં નથી. એ પ્રમાણે તે પૂર્વાચાર્યોએ સમ્યક્ સદ્દહ્યા ન હોવાથી અમારાવડે કરીને પણ સમ્યક્ સદ્દહાતાં નથી.'' તે પ્રમાણે શ્રી હરિભદ્રસૂરિમહારાજ જણાવે છે; પરંતુ સંપૂર્ણ ચોથું અધ્યયન અથવા બીજા અધ્યયનોમાં તેઓને અશ્રદ્ધા નથી. અને ચોથા અધ્યયનનાં જ કેટલાક પરિમિત આલાપકોને વિષે અશ્રદ્ધધાન છે તેમ જણાવેલ છે. **કારણકે સ્થાનાંગસૂત્ર, સમવાયાંગસૂત્ર, જીવાભિગમસૂત્ર, પન્નવણાસૂત્ર આદિને વિષે કોઈપણ ઠેકાણે આવું નથી જણાવ્યું કે "પ્રતિસંતાપસ્થલ છે. તેની અંદર, ગૂફાવર્તી મનુષ્યો રહે છે, અને તેઓના પરમ અધાર્મિક મનુષ્યોની ફરી ફરી સાત આઠ વખત ઉત્પત્તિ થાય છે. અને તેઓનો દારુણ એવી વજ્રશિલાવાળી ઘંટીના સંપુટમાં સારી રીતે, પીલાતાં, દબાતાં એક વર્ષ સુધી પ્રાણનો નાશ થતો નથી."**

વળી વૃદ્ધવાદ તો એ છે કે-''આ આર્ષસૂત્ર છે. ઋષિસંપ્રદાયનું સૂત્ર છે. તેમાં કોઈ વિકૃતિ પેઠી નથી. અને આ મહાનિશીથસૂત્રની અંદર ઘણાં અર્થો અને સાતિશયવાળા એવા ગણધરોના કહેલા વચનો છે. સારા અતિશય વડે કહેવાયેલા વચનો છે. તેથી કરીને કોઈપણ જાતની શંકા કરવી નહિં.''

એ પ્રમાણે મહાનિશીથસૂત્રના ચોથા અધ્યયનની સમાપ્તિ પછી તૂરત પૂર્વાચાર્યોએ લખેલું છે. એ પ્રમાણે જાણવું.'' ॥ ગાથાર્થ-૯૨ ॥

શ્રી હરિભદ્રસૂરિજીમહારાજ વડે કરીને મહાનિશીથસૂત્ર કેવા પ્રકારનું કહેવાયું છે? તે જણાવે છે.

**तेणेव महानिसीहं, महप्पभावंति वण्णिअं तत्थ ।**
**तेणं हरिभद्दवया, भद्दं सेसं असेसं वा ॥९३॥**

તે હરિભદ્રસૂરિજી વડે કરીને જ્યાં અશ્રદ્ધા જણાવાઈ છે. ત્યાં જ તે હરિભદ્રસૂરિવડે જ મહાન્ પ્રભાવ મહાનિશીથસૂત્રનો વર્ણવ્યો છે! જો કે હરિભદ્રસૂરિજીનું આ અશ્રદ્ધાનપણું પૂર્વાચાર્યોવડે લખાયું છે. નહિં કે પોતે સ્વયં લખ્યું છે. તો પણ પૂર્વાચાર્યોએ કહેલું જે વચન, તે વચન હરિભદ્રસૂરિને આશ્રાને જ કહેલું છે. એમ અવધારણ કરીને જો વિચારવામાં આવે તો દોષાવહ નથી. શ્રીહરિભદ્રસૂરિએ એનો મહાપ્રભાવ કેવી રીતે વર્ણવ્યો?

''આ મહાનિશીથસૂત્રની અંદર જે કોઈ પદ અથવા પદને સંલગ્ન એવો સૂત્ર આલાપક ન જણાતો હોય ત્યાં ત્યાં શ્રુતધરોએ કુલિખિત દોષ ન દેવો. કારણકે જે આ અચિંત્યચિંતામણિકલ્પ સદેશ આવો મહાનિશીથ શ્રુતસ્કંધનો પૂર્વ આદર્શ (હસ્તલિખિત પ્રત) હતો તેનાં પણ ટૂકડે ટૂકડા થવા વડે કરીને, ઉધેઈ આદિના કારણવડે કરીને ઘણાં પત્રો સડી ગયાં હતાં. તો પણ અત્યંત, સુમહાર્થ

અતિશયવાલો એવો આ મહાનિશીથશ્રુતસ્કંધ, સંપૂર્ણ પ્રવચનના પરમ આધારભૂત, સારભૂત, પરમતત્ત્વ સ્વરૂપ અને મહાઅર્થવાલો છે. એમ પ્રમાણે વિચારીને પ્રવચનની વાત્સલ્યતાવડે કરીને તેમજ પોતાના આત્મહિતને માટે 'ઘણાં ભવ્ય પ્રાણીઓને ઉપકારી છે' એમ વિચારીને આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ જે તે આદર્શની અંદર દેખ્યું તે બધું પોતાની બુદ્ધિએ અનુસંધાન કરીને લખ્યું છે. અને બીજા પણ સિદ્ધસેન દિવાકરસૂરિ, વૃદ્ધવાદી, યક્ષસેન, દેવગુપ્ત, યશોવર્ધન, ક્ષમાશ્રમણ, શિષ્યરવિગુપ્ત, નેમિચંદ્ર, જિનદાસગણિ ક્ષમાશ્રમણ, ક્ષપક સત્યશ્રી પ્રમુખ, યુગપ્રધાન મહર્ષિઓએ આ મહાનિશીથસૂત્રનું બહુમાન કર્યું છે.'' એ પ્રમાણે મહાનિશીથસૂત્રના ત્રીજા અધ્યયનમાં જણાવ્યું છે.

એ પ્રમાણે શ્રી હરિભદ્રસૂરિ આચાર્યવડે કરીને જ આ મહાનિશીથસૂત્રનું વર્ણન કરાયું છે. તે કારણવડે કરીને **શ્રી હરિભદ્રસૂરિના આ વચનથી બાકીના ચોથા અધ્યયનમાં રહેલાં કેટલાક આલાપકોને છોડીને ચોથું અધ્યયન સંપૂર્ણ અને તે સિવાયના સાતેય અધ્યયનો અરે! સંપૂર્ણ મહાનિશીથશ્રુતસ્કંધ કલ્યાણકર છે.** જેથી કરીને શ્રીહરિભદ્રસૂરિ મહારાજાવડે કરીને વૃદ્ધસંપ્રદાયે આવેલા આચાર્યોના વિવાદાસ્પદ એવા કેટલાક પદોનું જ અશ્રદ્ધાનપણું જણાવ્યું છે. પરંતુ તે વિવાદાસ્પદ આલાપકોને દૂષિત કર્યા નથી. અને પોતાનું શ્રદ્ધાનપણું છે તે પણ **सम्यक्श्रद्धान** એ પદ દ્વારાએ કહીને પોતાનું શંસયારુઢપણું જણાવ્યું છે.

પરંતુ તે મહાનિશીથસૂત્રના ચોથા અધ્યયનમાં રહેલાં તે કેટલાક આલાપકોનું અપ્રમાણપણું જણાવ્યું. પણ બીજાઓને શ્રદ્ધા કરાવવા માટે ગણધરે **કરેલું આ સૂત્ર** ઇત્યાદિ વચનોવડે હેતુ જણાવ્યો છે.

વળી બીજી વાત, કર્મના ક્ષયોપશમનું વૈચિત્ર્યપણું હોવાથી કોઈક મહાપુરૂષને કંઈક વસ્તુમાં અશ્રદ્ધાનપણું થયું તો પણ 'બીજા બધાઓનું અશ્રદ્ધાન કરવું યુક્ત છે' એવું બોલવું પણ અયુક્ત છે. નિયોગે કરીને પણ ગુરુમહારાજની ખોટી વાતની શ્રદ્ધા કરવાનું શાસ્ત્રમાં કહેલું છે. **यदागमः** આગમમાં જણાવ્યું છે કે

**सम्मद्दिट्ठी जीवो, उवइट्ठं पवयणं तु सद्दहइ ।**
**सद्दहइ अ असब्भावं, अणभोगा गुरुनियोगा वा ॥१॥**

'સમ્યગ્દૃષ્ટિ આત્મા, ઉપદિષ્ટ એવા પ્રવચનને તો સદહે જ છે અને ક્યારેક અસદ્‌ભાવને= નહિં ઉપદેશેલને પણ અનાભોગથી અથવા ગુરુ નિયોપારતંત્ર્યતાગવડે કરીને સદહે છે.' એ પ્રમાણે ઉત્તરાધ્યયન સૂત્રની નિર્યુક્તિ ગાથા-૧૬૩માં જણાવ્યું છે.

અને એથી કરીને 'ચોથા અધ્યયનના કેટલાક આલાપકોને ઘણાં આત્માઓ સદહતાં નથી તે કારણવડે અમે પણ સદહતા નથી' એમ કહ્યું છે; પરંતુ બીજાઓએ પણ ન સદહવું એવું નથી જણાવ્યું. તેમજ એ આલાવાઓમાં શ્રદ્ધા રાખનારાઓને દૂષિત પણ નથી કર્યા! એ બધી વાતો સૂક્ષ્મબુદ્ધિએ વિચારવા જેવી છે ॥ ગાથા-૯૩ ॥

હવે પૂનમીયાના રંગે રંગાયેલા આત્માઓની વચનપદ્ધતિમાં આશ્ચર્ય જણાવે છે.

**चित्तं हरिभद्दवयं, गणहरवयणाउ सुंदरमिहुत्तं।**
**चंदप्पहेण सेसं, गणहर वयणेहि सह चत्तं ॥९४॥**

અહિંયા એટલે કે મહાનિશીથસૂત્ર વિષયક સમ્યક્ શ્રદ્ધાન આદિની વાતમાં 'અમોને સમ્યક્ શ્રદ્ધા નથી' એ અધિકારમાં 'ગણધરના વચનથી પણ હરિભદ્રસૂરિનું વચન અતિપ્રશસ્ત છે.' એમ ચંદ્રપ્રભાચાર્યવડે કહેવાયું. અને એ પ્રમાણે કહેવાયું છતાં પણ 'બાકીનું એટલે અશ્રદ્ધાન સિવાયનું શ્રી મહાનિશીથના વર્ણનાત્મક જે હરિભદ્રસૂરિનું વચન કહેવાયું છે તે વચન પણ ગણધરોના વચનની સાથે છોડી દેવાયું છે!' આ વાતનો ભાવ એ છે કે ચતુર્દશીને દિવસે પાક્ષિક કરવાની બીકને લઈને ચંદ્રપ્રભાચાર્યે 'મહાનિશીથસૂત્ર અમને પ્રમાણ નથી' એ પ્રમાણેના અસત્ પ્રલાપના અવસરે ગણધરના વચન કરતાં એટલે કે 'મહાનિશીથના વચન કરતાં પણ શ્રી હરિભદ્રસૂરિનું વચન સુંદર છે' એમ ચંદ્રપ્રભાચાર્યવડે કહેવાયું. જો એમ ન હોય તો 'મહાનિશીથના કેટલાક આલાવાઓનું સમ્યક્ શ્રદ્ધાનપણું અમારું નથી.' એટલા માત્ર અન્યથા અભિપ્રાયવડે કહેવાયું છતાં પણ ઉચ્ચકર્ણ બલવાદી (ગર્દભ)ની જેમ એનો અન્યથા અભિપ્રાય ઊભો કરીને તેના (મહાનિશીથના) ત્યાગનો અસંભવ હોવાથી. 'તેઓવડે કરીને અશ્રદ્ધા કરાતી હોવાથી અમે પણ શ્રદ્ધા કરતાં નથી' એટલું જે સૂરિ વડે કહેવાયું છે અને તે સિવાયનું બાકીનું જે મહાનિશીથસૂત્રના ગુણવર્ણન આદિનું જણાવાયું છે. તે પણ ચંદ્રપ્રભાચાર્યે છોડી દીધું! હરિભદ્રસૂરિજીવડે કહેવાયેલું મહાત્મ્યવાળું મહાનિશીથસૂત્ર, તે હરિભદ્રસૂરિને જેમ પ્રમાણ છે તેમ અમારે પણ પ્રમાણ છે તેમ બોલ્યાં નથી અને તેથી કરીને ફક્ત સૂરિનું વચન ચંદ્રપ્રભાચાર્યે છોડ્યું એટલું નહિ પણ ગણધરનું વચન પણ છોડ્યું છે! અર્થાત્ બધું જ ચંદ્રપ્રભાચાર્યે છોડ્યું છે!! એ આશ્ચર્ય છે. ॥ ગાથાર્થ–૯૪ ॥

હવે કુપાક્ષિકોને ગણધર વચનમાં શ્રદ્ધા નથી તે બતાવે છે.

**जइ खलु कुवक्खिआणं, गणहरवयणाउ हुज्ज सद्दहणं।**
**हरिभद्दासद्दहणं, भणिअव्वमकिंचि ता तेहिं ॥९५॥**

જો કુપાક્ષિકોને ગણધરના વચનોની શ્રદ્ધા હોત તો શ્રી હરિભદ્રસૂરિએ જે કેટલીક વાતોનું અશ્રદ્ધાનપણું જણાવ્યું છે તે કુપાક્ષિકો વડે કરીને અકિંચિત્કર=વજુદવાળી નથી એમ કહેવાયું હોત. એટલે કે ગણધરના વચનની અપેક્ષાએ શ્રી હરિભદ્રસૂરિજીનું વચન અકિંચિત્કર કહેવાય. ॥ ગાથા-૯૫ ॥

હવે અકિંચિત્કર કહેવામાં કારણ કહે છે:

**हरिभद्देण वि भणिअं, गणहरवयणं महानिसीहं तं।**
**कहमित्थमसद्दहणं, अम्हाणं सम्मयं समए ॥९६॥**

જે કારણથી મહાનિશીથને 'ગણધર વચન' છે એ પ્રમાણે શ્રીહરિભદ્રસૂરિજી મહારાજવડે પણ કહેવાયું છે. કારણ કે તેની અંદર કીધું છે કે "વૃદ્ધ પુરૂષોનું તો કહેવું એ છે કે આ મહાનિશીથસૂત્ર, આર્ષસૂત્ર છે. અને આ આર્ષસૂત્રમાં વિકૃતિ પેઠી નથી. અને આ મહાનિશીથ શ્રુતસ્કંધને વિષે તેના અર્થો સાતિશયી છે. અને ગણધરોએ કહેલા વચનો છે. અને એ પ્રમાણે હોયે છતે તેમાં મહાનિશીથમાં કોઈપણ જાતની શંકા કરવી નહિ." એ પ્રમાણે તે મહાનિશીથમાં જ કહેવાયું છે. તે કારણથી 'કેટલાક આલાવાઓમાં શ્રી હરિભદ્રસૂરિને અશ્રદ્ધાન છે' એમ જણાય છે. તો પ્રવચનને વિષે અમારે એ વાત કેમ સંમત થાય? અર્થાત્ કોઈપણ રીતે ન થાય. જેથી કરીને શ્રી હરિભદ્રસૂરિએ પણ શ્રી મહાનિશીથસૂત્ર ગણધરોએ કરેલું છે. એમ કહ્યું છે. નહિં કે કોઈપણ બીજાએ કરેલું છે એમ નથી કીધું.

જો ગણધરના વચનમાં કુપાક્ષિકોને આસ્થા હોત તો 'મહાનિશીથસૂત્રમાં શ્રીહરિભદ્રસૂરિજીને અથવા તેમને અનુસરનારા બીજાઓને તેમાં અશ્રદ્ધાન હોય તો અમારે શું?' એ પ્રમાણેનો હેતુ કહેવાયો હોત. ॥ ગાથાર્થ-૯૬ ॥

હવે પૂનમીયાં રાગી એવા આત્માને પ્રતિ હિતોપદેશ કહે છે.

**हरिभद्दस्स वि देसे, न सम्मसद्दहण—वयणसवणेणं ।**
**जह सयलं परिचत्तं, महानिसीहं महासुत्तं ॥९७॥**
**तह अम्हाण वि वयणं, तस्सवि तित्थस्स सम्मयं सुणिउं ।**
**पडिवज्जसु तं सुत्तं, सेसमसेसं व जहइच्छं ॥९८॥**

શ્રી હરિભદ્રસૂરિજીએ પણ એકદેશથી એટલે કે–મહાનિશીથ શ્રુતસ્કંધના ચોથા અધ્યયનના **'કેટલાક આલાવાઓમાં સમ્યક્ શ્રદ્ધા નથી'** એવું જે એકદેશીય વચન કહ્યું, તે વચનના શ્રવણવડે કરીને સર્વ સૂત્રોમાં સાતિશય એવું જે મહાનિશીથસૂત્ર, તેને જેવી રીતે છોડી દીધું તે જ પ્રકારે કરીને અમારે પણ તે હરિભદ્રસૂરિના વચનની જેમ 'શ્રી મહાનિશીથ સૂત્ર પરમ સૂત્ર છે, પ્રવચનના સારભૂત છે. અને તીર્થસંમત છે.' એ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરાતું વચન સાંભળીને હે પૂનમીયા! તે મહાનિશીથસૂત્રને પ્રમાણપણે કરીને સ્વીકાર કર. અર્થાત્ ચોથા અધ્યયનમાં રહેલાં જે કેટલાક આલાપકો, તેને છોડીને સંપૂર્ણ મહાનિશીથસૂત્રને સંપૂર્ણપણે યથેચ્છ રીતે સ્વીકાર કર. અને આ અમારું કહેલું સાંભળીને જો એ પ્રમાણે મહાનિશીથ સ્વીકારતો હો તો ગણધરભગવંતનું વચન, શ્રી હરિભદ્રસૂરિનું વચન અને અમારું પણ વચન આ બધું તે સ્વીકાર્યું ગણાશે.

નહિં તો જેમ કેટલાક પદોનું અશ્રદ્ધાન એ પ્રમાણે બીજાઓએ કહેલું સાંભલીને સંપૂર્ણ એવું મહાનિશીથસૂત્રને તેં છોડી દીધું. તેવી રીતે 'આ અમારે પ્રમાણે નથી.' એવું બીજાનું કહેલું સાંભલીને મહાનિશીથસૂત્રની જેમ બાકીના અંગોપાંગાદિ બધા શાસ્ત્રો તારે છોડી દેવાનું થશે. કારણકે જેમ

મહાનિશીથમાં ગણધરોનાં વચનો કીધા છે તેમ આ અંગોપાંગાદિ પણ ગણધર ભગવંતે સૂત્રરૂપે કહેલાં જ છે. એક દેશમાં અશ્રદ્ધાન કરવાથી સર્વનું પણ અશ્રદ્ધાનપણું મહાનિશીથમાં થયું તેમ યુક્તિની તુલ્યતા હોવાથી બીજા સૂત્રોમાં પણ એ પ્રમાણે થશે. આ બે ગાથાનો અર્થ જણાવ્યો. ॥ ગાથાર્થ ૯૭-૯૮ ॥

હવે જે કોઈક ઉકેશગચ્છીય બાલક વગેરે હરિભદ્રસૂરિને પ્રમાણ ગણતા હોવા છતાં મહા-નિશીથસૂત્રને પ્રમાણ ગણતા નથી તેનું સ્વરૂપ જણાવતાં કહે છે.

**हरिभद्दंपि पमाणं, भणिऊण महानिसीहमपमाणं ।**
**जो भासइ सो माया मे वंझा नायमावण्णो ॥९९॥**

ખરેખર કેટલાક ચતુર્દશીકો (ચૌદશે પક્ખી કરનારાઓ) પણ મહાનિશીથ સૂત્રને પ્રમાણ ગણતાં નથી. તેમાં શું કારણ? એ પ્રમાણે પૂછતો હોય તો જણાવીએ છીએ કે 'ચૌદશનું પાક્ષિક સ્વીકારવાની ભીતિની આપત્તિની જેમ ચૈત્યસ્થિતિત્યાગ=ચૈત્યવાસના પરિત્યાગની આપત્તિની વિદ્યમાનતા હોવાથી મહાનિશીથ પ્રમાણ કરતાં નથી. ઘણું કરીને પોતે સ્વીકારેલાં માર્ગને દૂષિત કરતું એવું શાસ્ત્ર કોઈને પણ પ્રમાણભૂત થતું નથી. અને એથી જ કરીને પ્રતિમાને સ્વીકારવાનો ભય ઉપસ્થિત થવાથી લોંકાઓવડે કરીને જેમ આ મહાનિશીથ સ્વીકારાતું નથી. તેમ જો કે અત્યારે ચૈત્યવાસીનો અભાવ હોવા છતાં પણ સાંપ્રતકાલે કેટલાક આત્માઓ મહાનિશીથના અસ્વીકારનું ભાષણ કરે છે. તે ભાષણ 'ચૈત્યવાસીના વચનનો અનુવાદ જ જાણવો. નહિં કે, 'પરમાર્થને જાણીને બોલે છે' એવું નથી એ પ્રમાણે જાણવું. ॥ ગાથાર્થ-૯૯ ॥

હવે મહાનિશીથના પરિત્યાગના અભિપ્રાયવડે કરીને પૂનમીયાનો રાગી ફરી પણ શંકા કરે છે કે–

**णणु उवहाणाभावे, मंगलमाईण जं च अज्झयणं ।**
**जिणवरपमुहासायण, अणंतसंसारयाहेऊ ॥१००॥**

ઉપધાન કર્યા સિવાય પંચમંગલ મહાશ્રુતસ્કંધ આદિનું જે કાંઈ અધ્યયન કરવું તે જિનેશ્વર આદિની એટલે કે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુની આશાતના અને અનંત સંસારનો હેતુ=કારણ થાય છે. કહ્યું છે કે :—

**"से भयवं! महती एसा निअंतणा कहं बालेहिं कज्जति? गोअमा! जे णं केई न इच्छेज्जा एअं निअंतणं, अविणओवहाणेणं पंचमंगलाइसुअणाणमहिज्जेइ अज्झावेइवा अज्झावयमाणस्स वा अणुण्णं पयाइ, सेणं न हवेज्जा पिअधम्मे, न भवेज्जा दढधम्मे न भवेज्जा भत्तिजुए, हीलिज्जा सुत्तं, हीलिज्जा अत्थं, हीलिज्जा सुत्तत्थोभए, हीलिज्जा गुरुं, जाव णं से गुरु आसाएज्जा, अतीताणागयतित्थयरे आसाएज्जा, आयरियउवज्झायसाहूणो, जेणं आसाएज्जा सुअणाणमरिहंतसिद्धसाहू से तस्स णं सुदीहयालमणंतसंसारसागरं आहिंडमाणस्स"**

ઇત્યાદિ પૂર્વે કહેલ છે. આ આલાવાનો સંક્ષેપથી અર્થ આ પ્રમાણે છે.

''જે કોઈ પ્રાણી, પંચમંગલ મહાશ્રુતસ્કંધ આદિ સૂત્રો, ઉપધાનવહન કર્યા સિવાય ભણે છે. ભણાવે છે. અને ભણતાં એવા બીજાને અનુમોદે છે. તે આત્મા, સૂત્ર, અર્થ અને તદુભયરૂપ આગમની, ગુરુની, ત્રિકાલભાવિ—ત્રણેયકાલમાં થનારા તીર્થંકરો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓની આશાતના કરે છે. એટલે આશાતના સંબંધીનું કર્મ બાંધે છે. અને જે કર્મવડે કરીને-૮૪-લાખ જીવયોનિમાં ઉત્પન્ન થતાં વિધવિધ પ્રકારના દુઃખનો અનુભવ કરવાપૂર્વક અનંત સંસાર રખડે છે.''

''અને જે કોઈ આત્મા ઉપધાન વહન કરવાપૂર્વક આ પંચમંગલ મહાશ્રુતસ્કંધ આદિને ભણે છે તે આત્મા, આશાતનાજન્ય કર્મબંધથી રહિત થયો થકો સુલભબોધિ થઈને સંસારનો નાશ કરનાર થાય છે. તેવી રીતે જે પુણ્ય-પાપનો જ્યાં સુધી વિશેષતા જાણતો નથી. ત્યાં સુધી તે આત્માને પંચમંગલ મહાશ્રુતસ્કંધ ન દેવું.''

આ આલાવામાં ઉપધાન વહન નહિં કરનારને નમસ્કાર અધ્યયન ભણવામાં અનંત સંસારિતા કહેલી છે. ॥ ગાથાર્થ-૧૦૦ ॥

હવે આ પૂર્વપક્ષના અભિપ્રાયને જણાવે છે.

**जइ एअंपि अ वयणं, सम्मं ता नियअमणंतसंसारी ।**
**सव्वो सावयवग्गो, चउपंचविवज्जिओ हुज्जा ॥१०१॥**

જો એ પૂર્વે કહેલું વચન સમ્યગ્ હોત તો નિયમે કરીને ચાર અને પાંચથી વર્જિત એવો સર્વ શ્રાવક, શ્રાવિકાવર્ગ અનંત સંસારી થાય. એનો ભાવાર્થ આ પ્રમાણે છે.

પ્રાયેઃ કરીને શ્રાવકકુલમાં ઉત્પન્ન થયેલા આત્માઓને ઉપધાનવહન કર્યા સિવાય જ નમસ્કારનું અધ્યયન આદિ કરાતું દેખાય છે. તેઓની અને તેઓને ભણાવનારાઓની અનંતસંસારિતા શું યુક્ત છે? એ પ્રમાણે ॥ ગાથાર્થ-૧૦૧ ॥

આ પૂર્વપક્ષનો ઉપસંહાર કરતાં સિદ્ધાંત જણાવે છે.

**तेणं खलु तं सुत्तं, अपमाणं अम्हमेस संकप्पो ।**
**उअ चे पवयणपरमत्थ-सुण्णचित्तस्स चिट्ठेअं ॥१०२॥**

પૂર્વે કહેલાં લક્ષણવાલા તે કારણવડે કરીને જ શ્રીમહાનિશીથસૂત્ર અમારે=પૂનમીયાઓને અપ્રમાણ છે. એ પ્રમાણેના પૂર્વપક્ષનો ઉપસંહાર કરવાપૂર્વક સિદ્ધાંત જણાવે છે.

હે પૂનમીયા! જો આ પ્રમાણે તું કહેતો હોય તો કહીએ છીએ કે આ પૂર્વે તેં જણાવ્યું છે તે વચન, પ્રવચનના પરમાર્થથી શૂન્યચિત્તવાલાની આ ચેષ્ટા છે. જેમ ભૂતપ્રેતાદિથી અધિષ્ઠિત થયેલો આત્મા ચેષ્ટા કરે તે પ્રમાણે વિચાર્યા વગરનું બોલતા એવાં આ તારું વચન અને કાયાની ચેષ્ટા તે

પારકાઓને હાંસીના પાત્રરૂપ છે. ॥ ગાથાર્થ-૧૦૨ ॥ હવે એ પ્રમાણે પૂર્વે કહેલું તે વચન કેવી રીતે છે? તેમાં હેતુ જણાવે છે.

**जमिणं दुवालसंगं, गणिपडिगं पाणिणो अणाणाए ।**
**पुहवाइविराहित्ता, भमंतऽणंते भवे घोरे ॥१०३॥**

જે કારણથી આ દ્વાદશાંગી ગણિપિટક એટલે કે સામાયિક આદિથી માંડીને દૃષ્ટિવાદ પર્યંતનું જે ગણિપિટક (ભાવાચાર્યનો રત્નકરંડિયો) તે ગણિપિટકને જીનેશ્વર ભગવંતની આજ્ઞા સિવાય વિરાધીને સાધુ આદિ આત્માઓ ઘોર દુઃખોથી વ્યાપ્ત એવા નરક આદિના અનંતા ભવોમાં ભટકે છે. આગમમાં કહ્યું છે કે–"**इमं (इच्चेइयं) दुवालसंगं अणाणाए विराहित्ता अतीते काले अणंता जीवा चाउरंतसंसारकंतारं परिअट्टिसु, अणागए काले परिअट्टिस्संति, पडुप्पन्ने काले संखेज्जा जीवा परिअट्टंति त्ति नंदिसूत्रे** (५८) **इति** આ દ્વાદશાંગીને અનાજ્ઞાએ વિરાધીને અતીતકાલે અનંતા જીવો ચતુરંત એવા સંસાર જંગલમાં રખડ્યા છે, અનાગત–ભવિષ્યકાલમાં અનંતા જીવો રખડશે, વર્તમાનકાલમાં સંખ્યાતા જીવો રખડે છે." નંદિસૂત્ર-૫૮-॥ ગાથાર્થ-૧૦૩ ॥

હવે આજ્ઞાનો અભાવ એનું નામ અનાજ્ઞા એમ સમાસ કરીને આજ્ઞા કઈ? કોને કહેવાય? તે કહે છે

**आयारो खलु आणा, तत्थवि उवहाणमिह महायारो ।**
**तयभावे जाऽणाणा, महई आसायणा समए ॥१०४॥**

આચાર એટલે કાલ આદિ આઠ પ્રકારનો જે જ્ઞાનાચાર કહ્યું છે કે :—

**काले विणए बहुमाणे, उवहाणे तहा अनिण्हवणे ।**
**वंजणमत्थतदुभए, अट्ठविहो णाणमायारो ॥१॥ दश. निर्यु०-**

એ કાલાદિ આઠ પ્રકારના આચારને વિષે પણ જૈનશાસન=જૈનપ્રવચનમાં 'ઉપધાન' એ મહાઆચાર છે. તેને મહાન્ આચાર કેમ કહ્યો? તો કહે છે કે સમ્યક્ વર્ણ અને ઉચ્ચાર આદિની અપેક્ષાએ મહાચાર છે અને તે મહાઆચારના અભાવે એટલે કે ઉપધાનના અભાવે અનાજ્ઞા. એ જે અનાજ્ઞા છે તે મોટી આશાતના. આગમમાં=જિનવચનમાં કહેલી છે. ॥ ગાથાર્થ-૧૦૪ ॥

હવે હેતુ અને હેતુમાન્‌ના સદ્‌ભાવે આ વાતને સમર્થિત કરે છે. (મજબૂત ટેકો આપે છે.)

**तेणं तीए जुत्तं–अणंतभवभमणमेव जीवाणं ।**
**जं दीसइ अज्झयणं, विणावि तं तत्थिमं वुच्छं ॥१०५॥**

ઉપધાનનો અભાવ તેનું નામ અનાજ્ઞા, અને તે અનાજ્ઞા તે મોટી આશાતના : તે કારણવડે

કરીને તે આશાતના વડે કરીને જીવોનું જે અનંત ભવભ્રમણ કહ્યું છે કે તે યુક્ત જ છે. કારણકે આશાતના અને આશાતનાનો હેતુ બન્નેનો સદ્ભાવ હોવાથી : ઉપદેશમાલામાં જણાવ્યું છે કે

**आसायण मिच्छत्तं, आसायणवज्जणा उ सम्मत्तं ।**
**आसायणा निमित्तं, कुव्वइ दीहं च संसारं ॥** *उपदे. मा. (४१०)*

'જ્યાં આશાતના ત્યાં મિથ્યાત્વ, એ આશાતનાનું વર્જન ત્યાં સમ્યકત્વ. અને આશાતનાના નિમિત્તવડે કરીને દીર્ઘ સંસાર કરે છે.' હવે ઉપધાનને વહન કર્યા સિવાય પણ જે સામાયિક આદિ સૂત્રોનું અધ્યયન દેખાય છે. તેમાં હવે પછીની ગાથામાં જણાવાતું કારણ કહેવું. ॥૧૦૫॥

હવે કહેવાતું કારણ જે જણાવ્યું છે તે આ પ્રમાણે

**उवहाणवहण आसाजुत्ताणं, जुत्तमेव अज्झयणं ।**
**जह जा छज्जीवणिअं, अहिज्ज पव्वज्जआसाए॥१०६॥**

ઉપધાન વહનની આશા એટલે 'સામર્થ્ય (શરીરબલ) પ્રાપ્ત થયે છતે અને પ્રસ્તાવ=સમયની અનુકૂલતા, સમયની સગવડતા પ્રાપ્ત થયે છતે ઉપધાનનું વહન કરીશ'.

એ પ્રમાણેની જે આશા, તેનાથી યુક્ત એવા આત્માઓને અર્થાત્ ઉપધાનની શ્રદ્ધાપૂર્વક તેને વહન કરવાની આશાથી (ઇચ્છાથી) વ્યાપ્ત ચિત્તવાલાઓને સામાયિક આદિ સૂત્રોનું પઠન તે યુક્ત જ છે. આ વાત પર દૃષ્ટાંત આપે છે કે જેમ દીક્ષા ગ્રહણ કરવાની ઇચ્છાવાલાને નવકારથી માંડીને દશવૈકાલિકના ચોથા અધ્યયન સુધીનું ભણાવાય છે તેમ. નિશીથચૂર્ણિમાં કહેલું છે કે શ્રાવકને જઘન્યથી તે પ્રમાણે નવકારથી છ આવશ્યક સુધી. ઉત્કૃષ્ટથી સૂત્રથી તથા અર્થથી ષટ્જીવનિકાય અધ્યયન સુધી. અને પાંચમું જે પિંડૈષણા અધ્યયન છે તે સૂત્રથી નહિં પણ અર્થના ઉલ્લાપથી સંભવી શકે. એ પ્રમાણે આવશ્યકસૂત્રચૂર્ણિ-૩-૧૯૦માં જણાવ્યું છે. ॥ ગાથા-૧૦૬ ॥

હવે ઉપધાનને વહન કરવાની આશાવડે કરીને જ્યાં ઉપધાન વિધિ સિવાય કેટલું શ્રુત ભણવું જોઈએ? તે જણાવે છે.

**जं जीए किरिआए, उवओगी तं तयट्ठमाणन्ति ।**
**तेण मुवहाण जोग्गं, अहिज्ज अब्भासबुद्धीए॥१०७॥**

જે જે ક્રિયાને ઉપયોગી એટલે તેના હેતુભૂત હોય તેવું અને તે તે ક્રિયાને માટે ઉપયોગી એટલું ભણવું જોઈએ, અધિક નહિ. આ આજ્ઞા છે. એટલે અભ્યાસ બુદ્ધિએ કરીને તેટલો હેતુભૂત અભ્યાસ પણ ક્રિયા શુદ્ધિને માટે છે એમ જાણવું. એ અધ્યયન પણ ઉપધાનને ઉપયોગી થાય એટલું જ ભણે. ॥ ગાથાર્થ-૧૦૭ ॥ હવે ઉપધાનને ઉપયોગી એવું જે શ્રુત તે ઉપધાન કર્યા સિવાય પણ ભણે આમ કહેવાથી શું પ્રાપ્ત થયું? તે જણાવે છે.

**तेण उवहाण किरिआ, पोसह पमुहावि जुज्जए तेसिं।**
**एवं सेहेऽवि सुअं, आवस्सअजोगकिरिअट्ठा॥१०८॥**

ઉપધાન વહન કરવાની આશા રૂપ જે કારણ તે કારણ વડે કરીને નમસ્કાર આદિ શ્રુત ભણાય છે. તે કારણવડે કરીને પૌષધ પ્રમુખ ઉપધાન ક્રિયા પણ શ્રાવકોને યોગ્ય છે. તેવા પ્રકારના શ્રુતના અભાવે કરીને પૌષધ આદિ ક્રિયાનો જ અસંભવ હોવાથી. વાદી શંકા કરે છે કે શ્રી શ્રીમહાનિશીથસૂત્રમાં તપ માત્ર જ ઉપધાન જણાવ્યું છે. તો પછી પૌષધ આદિ નિમિત્તનો અભ્યાસ એમ કેમ કહો છો? જો એમ પૂછતો હોય તો જણાવીયે છીએ કે જો કે મહાનિશીથસૂત્રમાં પૌષધ આદિની ક્રિયા સાક્ષાત્ કહી નથી. તો પણ જેમ સાધુઓને યોગોમાં અતિશયવાલી એવી ક્રિયા આદિપણું સર્વજન પ્રતીત છે. એ પ્રમાણે શ્રાવકોને પણ ઉપધાનમાં જાણી લેવું. કારણ કે તે પૌષધ, પણ નિરારંભત્વાદિ ગુણો વડે કરીને જ દેખાય છે. અને તે નિરારંભત્વાદિ ગુણો પૌષધ આદિ સ્વીકારમાં જ સંભવે છે. અન્યથા નહિં.

અને એથી જ કરીને પૂર્વાચાર્યોના બનાવેલા સામાચારી આદિ પ્રકરણોને વિષે અને ઉપધાન-વિધિમાં સાક્ષાત્ પૌષધ આદિની ક્રિયા દેખાય છે. 'સામાચારી ગ્રંથ અમારે પ્રમાણ નથી.' એમ નહિં કહેવું, કારણકે યોગની વિધિ પણ સામાચારી ગ્રંથોથી જ પ્રાપ્ત થાય છે. નહિં કે સિદ્ધાંતગ્રંથોથી. અને જો સમાચારી ગ્રંથોને અપ્રમાણ કરશો તો યોગવિધિને પણ છોડી દેવાની આપત્તિ આવશે. તેથી કરીને શ્રાવકોને ઉપધાનને વિષે પૌષધગ્રહણ આદિ વિધિ, યોગવિધિની જેમ પ્રમાણ કરવી જોઈએ એમ સિદ્ધ થયું. નમસ્કારાદિનો જે અભ્યાસ એ પૌષધ આદિ ક્રિયાના હેતુરૂપવડે કરીને નમસ્કાર આદિ શ્રુતના આરાધનનું કારણ છે જ. એ પ્રમાણે શ્રાવકની જેમ આવશ્યક યોગની ક્રિયાને માટે એટલે કે આવશ્યક શ્રુતસ્કંધની આરાધનારૂપ ક્રિયા નિમિત્ત જ સામાયિક=કરેમિભંતે આદિથી માંડીને દશવૈકાલિકના ચોથા અધ્યયનપર્યંતનું શ્રુત શ્રાવકોની જેમ નવદીક્ષિત શિષ્યમાં પણ સંમત છે એમ જાણવું. ગાથા-૧૦૮

હવે ઉપધાનને વહન કરવાની કાંક્ષાવડે કરીને જો સામાયિક આદિ અધ્યયન=ભણવાનો સ્વીકાર કરો છો તો આચારાંગાદિના અધ્યયન=ભણવાનો પણ સ્વીકાર થશે. એવા અતિપ્રસંગને દૂર કરવા માટે જણાવે છે.

**जं आवस्सयसुयखंधो, उवजुज्जउ निअपरेसि किरिआसु।**
**दीवुव्व तेण पढमं, अहिकिज्जउ न उण सेससुअं॥१०९॥**

જે કારણથી આવશ્યક શ્રુતસ્કંધ, પોતાની અને પરની ક્રિયાઓમાં એટલે આવશ્યક શ્રુતસ્કંધ અને તે સિવાયના બીજા શ્રુતની આરાધનાની જે ક્રિયાઓ છે તેમાં ઉપયોગી થાય છે. તે કારણવડે કરીને દીપકની જેમ આવશ્યક શ્રુતસ્કંધ, પ્રથમ = પહેલાં જ ભણાવાય, પણ આચારાંગ આદિ અહિં બીજું શ્રુત નહિ. અને એથી કરીને ઉપધાન અને યોગો, આવશ્યકશ્રુતસ્કંધ અભ્યાસાર્થે થાય છે. નહિં

કે બાકીનું આચારાંગાદિશેષ શ્રુત. આ વાતનો ભાવાર્થ એ છે કે જો આવશ્યક શ્રુતસ્કંધ ભણેલો હોય તો આવશ્યક શ્રુતસ્કંધની જ આરાધનાના કારણરૂપ એવા જે ઉપધાનો અને તે ઉપધાનો સંબંધીની જે ક્રિયાઓ છે તે તેમાં ઉપયોગી થાય છે. જો ન જ ભણેલો હોય તો ઉપધાનની ક્રિયા વિધિનોજ અસંભવ થાય.

તેવી જ રીતે પર ક્રિયાઓને વિષે એટલે આચારાંગાદિ સમસ્ત શ્રુત આરાધનાના હેતુરૂપ એવી જે યોગક્રિયાઓ તેમાં પણ તે આવશ્યક શ્રુતસ્કંધ અભ્યાસ ઉપયોગી થાય છે.

આ વાતપર દૃષ્ટાંત આપે છે કે જેમ દીપક પોતાના અને પારકાના પ્રકાશની ક્રિયામાં ઉપયોગી થાય છે. એટલે કે દીવો, ઘડો આદિને જોવાની ઈચ્છાવાલા એવા આત્માને ગાઢ અંધકારને વિષે પણ 'હું દીવાને જોઉં છું, ઘડા આદિને જોઉં છું.' આ માટે પહેલાં દીવો પ્રગટ કરવો પડે છે. અને જો દીવો તૈયાર ન કર્યો હોય તો અંધકારને વિષે પ્રકાશનો અસંભવ હોવાથી જોવાની ઈચ્છાવાલો પણ દીવો કે ઘડા આદિને જોઈ શકતો નથી. માટે જેમ દીવાની પહેલી જરૂરીયાત એમ સર્વ શ્રુતના આરાધનના હેતુભૂત આવશ્યક શ્રુતસ્કંધ પહેલું ભણવું જોઈએ. તેવી રીતે આચારાંગ આદિ શ્રુત, ઉપધાન અને યોગપૂર્વક પહેલું ભણવું જોઈએ એવું નથી. કારણકે આચારાંગાદિ જે શ્રુત છે તે પોતપોતાના ઉપધાન કે ક્રિયાને ઉપયોગી નથી. તેવી રીતે બીજા શ્રુતોના ઉપધાન કે યોગને વિષે ઉપયોગી નથી.

વળી બીજી વાત આચારાંગાદિ જે અધ્યયન છે તે દીક્ષા ગ્રહણ કરેલાને પણ ત્રણ વર્ષનો પર્યાય અતિક્રાંત થયા બાદ અનુજ્ઞા આપેલી છે.

**''यदुक्तं–तिवरिसपरिआगस्स समणस्स निग्गंथस्स कप्पति आयारपकप्पनाममज्झयणं उद्दिसित्तए, चउवरिसपरिआगस्स. नि. सुत्तगडे नाममंगे उद्दिसित्तए, पंचवासपरिआगस्स सम. नि. दसाकप्पववहारा नाममज्झयणा उद्दिसित्तए, अट्ठवासपरिआगस्स नि. ठाणसमवायए णामं अंगे उद्दिसित्तए, दसवास परि० सम० नि. कप्पइ विवाहपण्णत्ति० अंगे उद्दिसित्तए. इत्यादियावत् वीसंतिवासपरि० सम० निग्गंथे सव्वसुआणुवाउ भवति'' ति श्री व्यवहारसूत्रे** (३-१० उ.) શ્રી વ્યવહારસૂત્રમાં ત્રણ વર્ષના પર્યાયવાલા શ્રમણ અને નિર્ગ્રંથ એવા સાધુને આચાર પ્રકલ્પ નામનું અધ્યયન ઉદ્દેશાય=ભણાવાય. ચાર વર્ષના પર્યાયવાલા સાધુને સૂત્રકૃતાંગ ભણાવાય. પાંચ વર્ષનો પર્યાયવાલા સાધુને દશાકલ્પ વ્યવહાર નામનું અધ્યયન ઉદ્દેશાય છે. આઠ વર્ષનો પર્યાયવાલા સાધુને સ્થાનાંગ અને સમવાયાંગ ભણાવાય છે. ૧૦–વર્ષના પર્યાયવાલા સાધુને વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ ભણાવાય. યાવત્–૨૦–વર્ષના પર્યાયવાલા સાધુને સર્વશ્રુતની અનુજ્ઞા અપાય'' એ પ્રમાણે જણાવેલ છે. એ પ્રમાણે હોયે છતે તેવા પ્રકારનું જણાવેલ શ્રુત, ઉપધાન આદિને માટે કેવી રીતે ઉપયોગી થાય? સામાયિક આદિ સૂત્રોનો તેવા પ્રકારનો સ્વભાવ હોવાથી (બધામાં ઉપયોગી થવાનો સ્વભાવ હોવાથી) જ સામાયિક આદિ સૂત્રોને ભણેલા સાધુઓને યોગોદ્વહનની વિધિ અનાદિના પ્રવાહમાં પડેલી જાણવી. તેનું અનાદિપણું જે જણાવ્યું છે તે ચતુર્દશીને પ્રવર્તાવનાર આચાર્યના નામના અભાવની જેમ અનાદિપણું જાણવું. એ પ્રમાણે આના

પ્રવર્તક આચાર્યના નામનો અભાવ હોવાથી. ॥ ગાથાર્થ–૧૦૯ ॥

હવે ઉપધાનરૂપ જે સૂત્રોપચાર ક્રિયા છે. તે બધાને માટે નિયત છે કે નહિં? એવું જાણવાની ઈચ્છાવાલાને જણાવે છે કે

**सुत्तोवयारकिरिआ, सुअववहारीण तित्थकरकहिआ।**
**आगमववहारीणं, बलिआणं नेवमपि निअमो॥११०॥**

સૂત્રોપચાર ક્રિયા જે ઉપધાનરૂપ છે તે આગમ આદિ જે પાંચ પ્રકારના વ્યવહાર કહેલાં છે. તેમાંના બીજા શ્રુત વ્યવહારને આશ્રિત જે છે તેઓને માટે જ જિનેશ્વર ભગવંતોએ ઉપદેશેલી છે. આગમ વ્યવહારીઓને એટલે કે અવધિ જ્ઞાનવાલા, મન:પર્યવજ્ઞાનવાલા, કેવળજ્ઞાનવાલા, ચૌદપૂર્વી, દશપૂર્વી અને નવપૂર્વીઓને ઉપધાન (યોગ)ની ક્રિયા કરવી જ એવો નિશ્ચય નથી. ગાથામાં અપિ શબ્દ વાપરેલો હોવાથી પુરૂષ વિશેષને આશ્રીને હોય પણ ખરું! નિયમ આ ભાવમાં હેતુ કહે છે. **बलिआणंत्ति**, તેઓ કેવા? આગમ વ્યવહારિઓ કેવા લક્ષણવાલા છે? બલિષ્ઠ છે. એટલે બધાય વ્યવહાર કરતાં તે આગમ વ્યવહાર બલવાન્ છે. ઠાણાંગસૂત્ર-૧૦-માં સ્થાનક-૨૧-માં કહ્યું છે કે **आगमबलिआ समणा निग्गंथा** ॥ એટલે શ્રમણ નિર્ગ્રંથો આગમ વ્યવહાર બલવાલા છે. હવે આગમ વ્યવહારિનું સ્વરૂપ કહે છે.

**जं आगमववहारी, सुअनिरविक्खो पडुच्च कंपि नरं।**
**अज्झाविज्ञुवहाणं, जह धण्णमणगारं॥१११॥**

જે કારણથી આગમ વ્યવહારી જે છે તે શ્રુત નિરપેક્ષ હોય છે. એટલે કે 'આચારાંગાદિ જે દ્વાદશાંગી એમાંથી નિકળેલાં જે વાક્યો તેને અનુસરતી પ્રવૃત્તિ છે જેની એવી રીતના નહિં.' તેવા આગમ વ્યવહારી મહાપુરૂષ કોઈપણ સાધુ આદિને આશ્રીને વિના યોગ-ઉપધાન સિવાય પણ ભણાવે. જેવી રીતે ધન્યર્ષિ નામના સાધુને યોગોદ્વહન કર્યા સિવાય શ્રુતમાં કહેલી વિધિની અપેક્ષાએ અથવા તો પ્રકારાન્તર વિધિએ કરીને એકાદશાંગ સુધી સ્થવિરોએ ભણાવેલ છે. આગમમાં કહ્યું છે કે :—
**तए णं धण्णे अणगारे समणस्स भगवओ महावीरस्स तहारूवाणं थेराणं अंतिए सामाइअमाइआइं इक्कारस अंगाइं अहिज्जति-२ त्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरति इत्यादि यावत् मासिआए संलेहणाए नवमासपरिआओ जाव कालमासे कालं किच्चा उड्ढं चंदिम जाव नवगेविज्ज विमाणपत्थडे ऽड्ढे दूरं वीइवत्ति २ त्ता सव्वट्ठसिद्धे विमाणे देवत्ताए उववण्णे (श्री अनुत्तरोपपातिके-१६-उ-३-४-५)**

શ્રી અનુત્તરોપપાતિક (૧૬-ઉ૦ ૩-૪-૫)માં જણાવ્યું છે કે 'ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના તેવા પ્રકારના સ્થવિરોની પાસે તે ધન્ના અણગાર, સામયિક છે આદિમાં જેને એવા–૧૧–અંગો ભણે છે. અને ભણીને સંયમવડે કરીને અને તપવડે કરીને આત્માને ભાવતાં ભાવતાં વિચરે છે. યાવત્ નવ માસના પર્યાયવાલા-માસિક સંલેખના વડે કરીને કાલપ્રાપ્ત થયે છતે કાલ કરીને

ઉર્ધ્વગતિએ ચંદ્રથી માંડીને નવમા ગ્રૈવેયકના જે વિમાનના પ્રસ્તર છે તેને ઓળંગી જઈને સર્વાર્થ સિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.''

હવે આ સૂત્રની અંદર નવમહિનાના પર્યાયવાલા ધન્યર્ષિ કહ્યા છે અને એકાદશાંગને ધારણ કરનારા કહ્યાં છે. અને તેથી કરીને શ્રુત વ્યવહારને સંલગ્ન એવો યોગઅનુષ્ઠાન (નો કાલ નહિ હોવાથી) વાળા ન સંભવે.

આ નવ માસના કાલની અંદર યોગના અનુષ્ઠાનનો અસંભવ હોવાથી. તેમજ **तिवास परिआ** ઈત્યાદિ પાઠમાં કહેલાં પર્યાયની પ્રાપ્તિનો પણ અસંભવ હોવાથી : તેથી કરીને જેવી રીતે અહિંયા ધન્નાના અધિકારમાં પર્યાય પ્રાપ્તિનો અભાવ હોતે છતે સમગ્ર એકાદશાંગીનું અધ્યયન કહ્યું તેવી રીતે યોગાદિના અભાવમાં પણ સમજી લેવું. અથવા આગમ વ્યવહારી દ્વારા બીજો કોઈક યોગ વિધિ કરાવ્યો હોય. પરંતુ તે શ્રુતવ્યવહારીને તે માર્ગનું અનુકરણ કરવાનું નહિ. એ પ્રમાણે તાત્પર્ય જાણવું. ॥ ગાથાર્થ-૧૧૧ ॥

હવે આગમ વ્યવહારની અપેક્ષા, શ્રુતવ્યવહારીઓને યુક્ત નથી. અને તેની અપેક્ષામાં દોષ જણાવે છે.

**न तहा सुअववहारी, तयविक्खे अण्णहोवएसिज्ञा।**
**वेसाघर चउमासं, सीसं संभूअविजयव्व ॥११२॥**

જેવી રીતે આગમ વ્યવહારીવડે કરીને શ્રુત ભણાવાયું હોય તેવી રીતે તેની અપેક્ષાએ એટલે કે-આગમવ્યવહારની અપેક્ષાવાલો શ્રુતવ્યવહારી ન થાય. જો એમ ન હોય તો એટલે આગમ વ્યવહારની અપેક્ષાએ શ્રુતવ્યવહારી ચાલતો હોય તો સંભૂતિવિજયની જેમ શિષ્યને વેશ્યાને ઘરે ચોમાસાનો આદેશ આપે. એટલે કે આગમ વ્યવહારી એવા સંભૂતિ વિજયસ્વામીએ શ્રી સ્થૂલભદ્ર-સ્વામીને કોશાના ઘરે ચોમાસાનો આદેશ આપ્યો. તેવી રીતે શ્રુતવ્યવહારીને પણ આદેશ આપવાની આપત્તિ આવશે. અને તે વાત કોઈને પણ સંભવિત નહિં બને. અર્થાત્ શ્રુતવ્યવહારીને આગમ-વ્યવહારીની અપેક્ષાએ ચાલવાનું નથી અને આગમ વ્યવહારી શ્રુત વ્યવહારીના શ્રુતની અપેક્ષારહિત છે.

હવે ફરી પણ શ્રી મહાનિશીથસૂત્રમાં અપ્રામાણ્યને સ્થાપવાની ઈચ્છાવાલો શંકા કરે છે કે:—

**नणु जह महानिसीहे, उवहाणविही तहा न अन्नत्थ।**
**कत्थवि दीसइ तेणं, हविज्ज अपमाणमम्हाणं ॥११३॥**

વાદી શંકા કરે છે કે જેવી રીતે શ્રી મહાનિશીથસૂત્રમાં ઉપધાનવિધિ જણાવેલ છે તેવી રીતે બીજા કોઈપણ ઠેકાણે દેખાતી નથી. તે કારણથી અમારે શ્રી મહાનિશીથસૂત્ર અપ્રમાણ છે. ॥ ગાથાર્થ-૧૧૩ ॥ હવે તેના ઉત્તરમાં જણાવે છે કે :—

**जइ एवं ता सव्वं, परिहरिअव्वं सुअंपि तुज्झ मए ।**
**लेवोवासगपमुहा, पायमिक्किक्कसुत्तुत्ता ॥११४॥**

જો પૂર્વે કહ્યા પ્રમાણે તારા મતમાં એ પ્રમાણે છે તો તારે બધું પણ શ્રુત છોડવા લાયક થશે. તે કેવી રીતે? તે કહે છે. લેપોપાસક વગેરે એટલેકે સૂત્રકૃતાંગ નામના સૂત્રના બીજા શ્રુતસ્કંધમાં જણાવેલ લેપશ્રાવકના અધિકાર આદિની વાતો પ્રાયેઃ કરીને એક એક સૂત્રોમાં જ જણાવેલી હોય છે. જેમ લેપ શ્રાવકના વર્ણનનો અધિકાર સૂત્રકૃતાંગમાં છે તેમ બીજે કોઈ પણ ઠેકાણે મલતો નથી. એટલે તારે આચારાંગ છોડી દેવું પડે. તેવી રીતે આચારાંગમાં કહેલો બધો વિચાર, બીજા અંગોમાં જણાતો નથી. એ પ્રમાણે એકમાં કહેલો અને બીજામાં ન કહેલો હોવાથી તારે સમગ્ર શ્રુત છોડી દેવાની આપત્તિ આવશે. એ વાત તારે જ વિચારી લેવાની રહે છે. ॥ ગાથાર્થ–૧૧૪ ॥ હવે પ્રવચનનું સ્વરૂપ જણાવે છે.

**तम्हा जिणिंदसासण—मायरिअपरंपरानुवट्टिज्ज ।**
**तेणिव सूआ बहुहा कस्स यऽसूआवि सूरिपहा ॥११५॥**

તે કારણથી જિનેશ્વર પ્રભુનું શાસન, આચાર્યપરંપરાને અનુસરતું છે. આચાર્ય પરંપરા સિવાય કોઈપણ અનુષ્ઠાન અથવા શ્રુત સંભવે નહિં. અર્થાત્ અનુષ્ઠાન અને શ્રુત બધુંજ તેને આધીન છે. અને તે કારણથી શાસ્ત્રોને વિષે ઉપધાન આદિ ક્રિયાઓનું નામોચ્ચાર આદિવડે કરીને ફક્ત સૂચન અનેક પ્રકારે છે. કોઈક શાસ્ત્રમાં ક્રિયાવિશેષની સૂચનાનો પણ અભાવ હોય છે. તો તે પણ 'આચાર્યમહારાજ એ જ રસ્તો છે જેનો' એવા સૂરિપદ–સૂરિમાર્ગથી જાણી લેવું. એટલે આગમમાં જો કે ન મલતું હોય તો પણ સૂરિપરંપરામાં કેટલીક વાતો આવેલી હોય છે.

આ વાતનો ભાવ એ છે કે શાસ્ત્રોને વિષે કોઈક સ્થલે નામોચ્ચાર માત્ર હોય છે. કોઈક સ્થલે વિસ્તારથી હોય છે. અને કોઈક ઠેકાણે નામનો પણ સંભવ ન હોય. તેવી બધી વાતોનું સવિસ્તર ક્રિયા કરવા સ્વરૂપ જો કોઈ મૂલ હોય તો પરંપરા જ છે. બીજું કોઈ નથી. ॥ ગાથાર્થ–૧૧૫ ॥ હવે ચાલુ અધિકાર જણાવે છે.

**आयारो उवहाणं, सूआमित्तेण णेगसुत्तेसु ।**
**किंचिवि वित्थरवयणं, महानिसीहंमि को दोसो ?॥११६॥**

'ઉપધાન આચાર એટલે જ્ઞાનાચાર. તે જ્ઞાનાચાર, સૂચનરૂપે અનેક સૂત્રોને વિષે "**वसे गुरुकुले निच्चं, जोगवं उवहाणवं**" જોગવાલા અને ઉપધાનવાળા થઈને ગુરુકુલમાં હંમેશા રહેવું.' ઇત્યાદિ રૂપે છે જ. અને મહાનિશીથમાં કંઈક વિસ્તારથી જણાવેલ છે. તેમાં શું દોષ છે? કોઈ પણ દોષ નથી. ॥ ગાથાર્થ–૧૧૬ ॥

હવે યોગ અને ઉપધાનના વિષયમાં ઉદાહરણો જણાવે છે.

**जोगे आसाढारिअसीस पमुहावि हुंतुदाहरणं ।**
**उवहाणि उसभदत्तो, जिणदत्तो भायरा दोऽवि ॥११७॥**

યોગની બાબતમાં શ્રી આષાઢાચાર્યના શિષ્યો આદિના ઉદાહરણો છે. આષાઢાચાર્યનો અધિકાર ઉત્તરાધ્યયન સૂત્રની ટીકાથી જાણી લેવો. આદિ શબ્દથી આયંબીલતપના અભિગ્રહણવડે કરીને અસંખ્યેય અધ્યયન ભણનારા સાધુ પણ જાણી લેવા. અને ઉપધાનને વિષે ઋષભદત્ત અને જિનદત્ત નામના બે ભાઈઓનો અધિકાર આચારપ્રદીપ આદિ ગ્રંથમાંથી જાણી લેવો. ॥ ગાથાર્થ ૧૧૮ ॥

હવે પ્રકારાન્તર વડે કરીને પૂર્વપક્ષી વાદી કહે છે.

**सुअखंधे अज्झयणा, इच्चाई आगमे कमो दिट्ठो ।**
**अज्झयणे सुअखंधो, महानिसीहित्ति तं न मयं ॥११८॥**

'શ્રુતસ્કંધને વિષે અધ્યયનો' તે પ્રમાણેનો ક્રમ, અંગ આદિ આગમમાં જોયેલો છે. અને 'મહાનિશીથ અધ્યયનમાં સામાયિક લક્ષણ શ્રુતસ્કંધ નમસ્કાર લક્ષણ સામાયિક અધ્યયનના એકદેશરૂપ નમસ્કાર છે તો પણ તેને મહાશ્રુતસ્કંધ તરીકે ગણેલો છે. તેથી કરીને અમારે મહાનિશીથ સંમત નથી.' તે પ્રમાણે પૂર્વપક્ષનો આશય અહિંયા રજૂ કર્યો. ॥ ગાથાર્થ-૧૧૮ ॥ પૂર્વપક્ષની આ વાતનો ઉત્તર આપતાં જણાવે છે કે :—

**इअ चे पण्णवणाए, पयंमि उद्देसया पया तेसु ।**
**लेसा पयंमि साविअ, कहं पमाणं तुहं होइ ? ॥११९॥**

'જો સામાયિક અધ્યયનને વિષે એકદેશ સ્વરૂપ નમસ્કાર મંત્રને નમસ્કાર મહાશ્રુતસ્કંધ તરીકે કીધો તેથી તને શ્રી મહાનિશીથ પ્રમાણ નથી' તો પન્નવણાસૂત્રની અંદર લેશ્યાપદની અંદર ઉદ્દેશાઓ કહેલા છે. અને તે ઉદ્દેશાઓને વિષે પદો જણાવેલા છે. તો તારે પ્રજ્ઞાપના સૂત્ર કેવી રીતે પ્રમાણ થશે? કોઈપણ રીતે પ્રમાણ નહિં થાય. કારણ કે ક્રમનો ભંગ થયો હોવાથી. ॥ ગાથાર્થ-૧૧૯ ॥ હવે નમસ્કાર જે છે તે સર્વશ્રુતના અંતર્ગત છે. સર્વશ્રુતનું જો કોઈ આદ્ય હોય તો સામાયિકસૂત્ર છે. ''સામાયિક આદિ-૧૧-અંગો'' એવું વચન હોવાથી. અને સામાયિકસૂત્ર છે તે અધ્યયન સ્વરૂપ છે. અને તેની પણ આદિભૂત એવું નમસ્કારસૂત્ર છે. અને તે નમસ્કારસૂત્ર, અધ્યયનના એક દેશ રૂપ હોવા છતાં તેને શ્રુતસ્કંધ કેમ કહેવાય? અથવા તો શ્રુત માત્રને વિષે પ્રથમ ભણવા યોગ્ય હોવાથી શ્રુતસ્કંધ કીધો છે? એ પ્રમાણે પારકાના ચિત્તમાં રહેલા આશયને આગળ કરીને ગાથા જણાવે છે.

**सव्वब्भंतरभूओ, पंचनमुक्कार तेण तहाभूओ ।**
**भण्णइ महसुअखंधो, रुक्खे साहाण जह मूलं ॥१२०॥**

જે કારણવડે કરીને સર્વશ્રુત અભ્યંતરરૂપ (શ્રી નવકાર) છે! તે જ કારણવડે કરીને તે પંચનમસ્કાર સર્વાભ્યંતરભૂત થયો થકો શ્રુતસ્કંધ કહેવાય છે. કારણ કે સર્વશ્રુતનું મૂલભૂતપણું હોવાથી. આ વાતપર દૃષ્ટાંત આપે છે. જેવી રીતે વૃક્ષને વિષે શાખાઓનું મૂલ, સ્કંધ ગણાય છે. અને **खंधाउ पच्छा समुवेंति साहा** (૫-૪૧૬૦) સ્કંધમાંથી પછી શાખાઓ થાય છે.' એ પ્રમાણેનું આગમ વચન હોવાથી અને લોક પ્રતીત હોવાથી નમસ્કારનું શ્રુતસ્કંધપણું સિદ્ધ થયું. ॥ ગાથાર્થ-૧૨૦ ॥

હવે સામાયિક અધ્યયનના એક ભાગરૂપ નવકાર હોવા છતાં તે નવકારને શ્રુતસ્કંધનો જે વ્યપદેશ કર્યો છે. તેમાં બીજું દૃષ્ટાંત આપે છે.

**पउमद्दहजलदेसो, पिहब्भूओ खंध सिंधुकुंभंभो ।**
**तित्थयरोऽविअ देवो नरजाइपुढो न तप्पडिओ ॥१२१॥**

હિમવાન્ પર્વતના શિખર પર રહેલો પદ્મથી શોભતો જે દ્રહ **પદ્મસરોવર,** તેનો જે જલપ્રવાહ તેમાંથી અંશભૂત થયેલો–જુદો પડેલો સિંધુ કુંભ થાય છે. એનો ભાવ આ છે કે તેમાંથી પદ્મદ્રહમાંથી જુદો પડેલો જે સ્કંધ=વિભાગ તેને ''આ સિંધુ નદી છે, આ સિંધુ નદીના ઘડાનું પાણી છે. અથવા સિંધુનદીના પાણીથી ભરેલો આ ઘડો છે.'' હવે અહિયા આમાંનો એક ભાગ, સ્કંધ આદિના અનેક વ્યપદેશને ભજે છે કે નહિં? ભજે છે. તેવી રીતે તીર્થંકર ભગવંતો નરજાતિમાંથી બુદ્ધિએ કરીને જુદા થયેલ છે. એટલે કે પૃથક્ વિવક્ષા કરાયેલા હોવાથી દેવપણાને પામે છે. દેવત્વને ભજે છે; પરંતુ તેમાં પડેલો ન ગણાય. મનુષ્યને વિષે હોવા છતાં મનુષ્ય જાતિમાં હોવા છતાં તે મનુષ્ય ગણાતો નથી. (સામાન્ય માનવી તરીકે ગણાતો નથી) આ જુદાપણાની દૃષ્ટિએ કરીને જુદા નામે જણાવાય છે. ॥ ગાથાર્થ–૧૨૧ ॥

હવે વિવાદાસ્પદને પામેલ નવકારને વિષે યોજના કહે છે.

**एवं चिअ सामाइअपिहब्भूओ पंचमंगलो खंधो ।**
**अण्णह तदिक्कदेसो, एसो विउसाण उवएसो ॥१२२॥**

આ પૂર્વે કહેલા પ્રકારવડે કરીને નિશ્ચયે સામાયિક અધ્યયનથી જુદો ''નમો અરિહંતાણંથી પઢમં હવઈ મંગલમ્'' સુધીનો પંચમંગલ નમસ્કાર જે છે તે શ્રુતસ્કંધ કહેવાય છે. નહિંતર તો સામાયિકથી અપૃથગ્ભૂત વિવક્ષામાં એટલે કે સામાયિક અધ્યયન સંબંધીની વિવક્ષામાં આ પંચમંગલ મહાશ્રુતસ્કંધસ્વરૂપ નવકાર, સામાયિક અધ્યયનનો એક ભાગ જ છે. એ પ્રમાણેનું પંડિતોનું વચન જાણવું. ॥ ગાથાર્થ–૧૨૨ ॥ હવે ફરી પણ પારકાની આશંકા જણાવે છે.

**सक्कस्स य सक्कथए, उवहाणं नेव संभविज्ञावि ।**
**ता कह नराण हुज्ञा ? इअ संकप्पो महापावो ॥१२३॥**

ખરેખર શક્રસ્તવ વિષયક ઉપધાન બોલનારને ૩૫ દિવસ પ્રમાણના ઉપધાન કહેલાં છે. તે શક્રસ્તવ ઉપધાન; શક્રને-ઈન્દ્રને સંભવતાં નથી. તો માણસને કેમ સંભવિત હોય? એવા પ્રકારની જે શંકા છે તે મહામોહનીયના હેતુ સ્વરૂપ છે. ॥ ગાથાર્થ–૧૨૩ ॥ હવે તે વિકલ્પને દૂર કરે છે.

**सक्कत्थओ अ दुविहो, देवकओ तहय गणहरेण कओ ।**
**दुण्हं सकयत्तणओ, असंभवा हुज्ञ उवहाणं ॥१२४॥**

શક્રસ્તવ બે પ્રકારનો છે. એક શક્ર આદિ દેવે કરેલો અને બીજો ગણધરકૃત. દેવકૃતશક્રસ્તવ અનેક પ્રકારના છે. દેવકૃત જે શક્રસ્તવ છે તે એક સ્વરૂપ રહેતો નથી; પરંતુ ઈન્દ્ર, વિજયદેવ, સૂર્યાભદેવ આદિના યથા અવસરે એટલે જિનપૂજનના અવસરે કર્મના ક્ષયોપશમની વૈચિત્ર્યતાવડે કરીને ભિન્ન ભિન્ન ભણેલા છે. અને એથી જ કરીને દેવકૃત જે શક્રસ્તવો છે તે અનેક યાવત્ અનેક પાઠવાલા છે. આમ છતાં પણ ઈન્દ્રમહારાજે કરેલ જે શક્રસ્તવ તેના અનુકરણરૂપ હોવાથી તે બધીય દેવકૃત સ્તવનાઓને શક્રસ્તવ કહેવાય છે. એ પ્રમાણે ગણધરકૃત શક્રસ્તવમાં પણ જાણવું. કારણકે શક્ર અને ગણધર એ બન્નેનું શક્રસ્તવ સ્વકૃત છે માટે એ બન્નેના ઉપધાનો અસંભવિત થશે. ॥ ગાથાર્થ–૧૨૪ ॥ હવે કેવી રીતે અસંભવિત થાય? તે જણાવે છે.

**उद्देससमुद्देसाणुण्णा–पमुहोवहाण–किरिआओ ।**
**गुरुपुव्वे अज्झयणे, हवंति सकयंमि नेव गुरु ॥१२५॥**

અવિચ્છિન્ન પરંપરાએ આવેલી ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા પ્રમુખ એવી જે ઉપધાન ક્રિયા તે ગુરુપૂર્વક અધ્યયનમાં ભણવામાં હોય છે. ગુરુપૂર્વ એટલે ઉદ્દેશા આદિના ઉપદેષ્ટા ગુરુમહારાજ હોય છે. એથી કરીને ગુરુ છે પૂર્વમાં જેને એવા ઉદ્દેશ સમુદ્દેશ આદિ અધ્યયનમાં-ભણવામાં હોય છે. અને પોતાના રચેલા શક્રસ્તવમાં અને સામાયિક આદિ દ્વાદશાંગીમાં કોઈ ગુરુ જ નથી. અને જો ગુરુપણું માનીયે તો તેમાં સ્વકૃતત્વનો વ્યાઘાત છે. અને ગુરુના અભાવે ઉદ્દેશ, સમુદ્દેશ આદિના કરનારા કોણ હોય? કોઈ ન હોય? શક્રસ્તવમાં શક્રને ઉપધાનના અભાવવડે કરીને મનુષ્યોને પણ ઉપધાન ઉચિત નથી. એવો જે વિકલ્પ કરવો તે મહાન્ અજ્ઞાન છે ॥ ગાથાર્થ–૧૨૫ ॥

હવે ઉપધાન વિષે પણ ગુરુની અનુજ્ઞા એક સ્વરૂપ નથી તે બતાવે છે.

**गुरु आणा य अणुण्णा, दुविहा सावयमुणीणमहिगिच्च ।**
**सम्मं धरणे सम्मं, धरणे दाणे अ कमवयणा ॥१२६॥**

ગુરુ આજ્ઞા અને અનુજ્ઞા તે બન્ને શ્રાવક અને મુનિને આશ્રીને બે પ્રકારની છે. શ્રાવકની અનુજ્ઞા ભિન્ન છે અને સાધુની અનુજ્ઞા ભિન્ન છે. ભિન્ન કેવી રીતે કે કહે છે **सम्मं धरणे** એટલે શ્રાવકોને સમ્યક્પ્રકારે ધારી રાખવાની અનુજ્ઞા અપાય છે. તે આ પ્રમાણે **अणुन्नायं** ઇત્યાદિ યાવત્ **सम्मं धारिज्जाहि** એ વચનવડે કરીને સમ્યક્પ્રકારે ધારણા વિષયક ગુરુનું અનુજ્ઞા વચન છે; પરંતુ દાનની અનુજ્ઞાનું વચન નથી. જ્યારે સાધુ મહારાજને તો **सम्मं धारिज्जाहि–अन्नेसिं च पवेज्जाहि** એ પ્રમાણે કરીને પોતાને સ્વયં ધારી રાખવાનું અને બીજાઓને દાન કરવાની એમ બન્ને રીતે ગુરુની અનુજ્ઞાનું વચન છે. એમ અનુજ્ઞા પણ બે પ્રકારે જાણવી. ॥ ગાથાર્થ–૧૨૬ ॥

હવે વાદી પ્રશ્ન કરે છે કે ક્યારેક કોઈક ઠેકાણે શ્રાવકવડે પણ નમસ્કારાદિ દેવાતો દેખાય છે તેમાં તમારી શું વ્યવસ્થા–શું ગતિ છે? એ પ્રશ્નના જવાબમાં જણાવે છે કે

**जं पुण कत्थवि सावयदाणे आवस्सगस्स अब्भासो ।**
**जह उवहाणा भावे, तहऽणुण्णा एवऽभावंमि ॥१२७॥**

જે કાંઈક તેવા પ્રકારના અવસર વિશેષે પોતાના પુત્ર આદિને અથવા તેવા પ્રકારના ભદ્રપરિણામી અને સમ્યકત્વ સન્મુખ થનારા મિથ્યાદૃષ્ટિને પણ શ્રાવકવડે કરીને નમસ્કાર આદિ ભણવામાં શ્રાવકને યોગ્ય નમસ્કારાદિ શ્રુતનો અભ્યાસ તે પૂર્વોક્ત લક્ષણવાળો હોય છે એમ જાણવું તે કેવી રીતે? તે કહે છે. જેમ ઉપધાનના અભાવે ભવિષ્યમાં ઉપધાન વહનનો અભિપ્રાય રખાય છે. અને એવા અભિપ્રાયવાળાને તેનો અભ્યાસ કરાવાય છે. તેવી રીતે અનુજ્ઞાનો અભાવ હોવા છતાં પણ અનુજ્ઞા દાન કરાય તે સમ્યગ્ જ છે.

આ કહેવા વડે કરીને ''પુણ્યપાપના વિશેષને જાણનારને નમસ્કારમંત્ર દે, બીજાને નહિં. કારણકે લઘુતા ઉત્પન્ન કરનાર હોવાથી.' ઇત્યાદિ મહાનિશીથમાં કહેલું વચન જો સત્ય હોય તો નૂપુરપંડિતાની કથામાં તેવા પ્રકારના વિવેકહીન એવા અને શૂળીપર પરોવેલા મીંઢ પુરુષને પણ જલ માંગતાં પંચનમસ્કાર ભણવાનું જે કીધું તે પંચનમસ્કારનો પાઠ દેવપણાનું કારણ થયું. સુદર્શનના કથાનકમાં પૂર્વે તે જ સુભગ નામનો ભરવાડ હતો. તેને ઋષભદાસ શ્રેષ્ઠિવડે જે નમસ્કારાદિ શિક્ષણ અપાયું–શીખવાડાયું તે અનુચિત થાય'' ઇત્યાદિ શતપદીકાર આદિનું જે મુખરપણું છે તે દૂર કર્યું જાણવું. કારણ કે મુખ્યવૃત્તિએ તો ઉત્સર્ગમાર્ગરૂપ સ્વાભાવિક પ્રવૃત્તિ હોય છે. અને ઉત્સર્ગ માર્ગ જે છે તે અપવાદથી ઘડાયેલો જ હોય છે. **વ્યવહાર ભાષ્ય**માં કહેલું છે કે ''જેટલા ઉત્સર્ગો છે તેટલા જ અપવાદો છે. અને જેટલા અપવાદો છે તેટલા જ ઉત્સર્ગો છે.' તેવી રીતે ઉત્સર્ગ નિરુપણ કર્યે છતે કોઈક ઠેકાણે અપવાદ પણ અવશ્ય બતાવવો જ જોઈએ. અને તે અપવાદ, શૂલિકાપર પરોવેલાં મીંઢ આદિ પુરુષ સિવાય બીજે ક્યાં જોડવો? અને એથી જ કરીને જૈન શાસન અનૈકાન્તિક જ કહ્યું છે. **ઉપદેશમાલા**માં કહ્યું છે કે ''તેથી કરીને જૈન શાસનને વિષે સર્વથા અનુજ્ઞા નથી. તેમ સર્વથા કોઈ વાતનો નિષેધ નથી. જેમ લાભની ઇચ્છાવાલો આત્મા, આવક જાવકનું ધ્યાનમાં રાખીને વેપાર કરે

છે તેવી રીતે વર્તવું.'' અને એમ નહિં કહેવું કે ઉત્સર્ગ દ્વારાએ અપવાદ દૂર કરાયો છે. કારણ કે ઉત્સર્ગ કરતાં અપવાદ બળવાન્ છે. એવો ન્યાય હોવાથી અપવાદનું બળવાનપણું છે. બન્નેને ઉલટા સુલટા લેવાના કરવામાં ડાબી અને જમણી આંખનો વ્યત્યય-નાશ કરવાની જેવો ન્યાય અનર્થકારી છે.

હવે જો કોઈ ઉપધાનનો દ્વેષી એમ કહે છે કે ''બાણથી હણાયેલી સમડી, પાર્શ્વનાથ ભગવાનનો જીવ હાથી, સુવ્રતસ્વામી અને પાર્શ્વનાથનો અશ્વ-શ્રેષ્ઠિપુત્ર-માછલું આદિ જીવો ઉપધાનથી વિકલ = રહિત છે. એને નવકાર કેમ સંભળાવ્યા?' ઇત્યાદિ બોલે છે. અને તે બોલવું મહા અજ્ઞાન જ છે. કારણ કે સંભળાવવાનું કોઈ પણ આગમમાં પ્રતિષેધ કરેલો નથી; પરંતુ અધ્યયન અને અધ્યાપનમાં જ નિષેધ છે. અને જો એમ ન હોય તો આચારાંગાદિ જે કાલિક શ્રુત છે તે પણ શ્રાવકોને કેમ સંભળાવાય? એવી બધી વાતો પોતે જ વિચારી લેવી. ॥ ગાથાર્થ-૧૨૭ ॥

હવે ઉપધાનના અભાવમાં પણ શુદ્ધિ કેવી રીતે થાય? તે બતાવે છે.

**तहविह सामग्गीए अभावओ, सुद्धभावओ सुद्धी ।**
**कस्सइ जा साऽऽलोअणविहिव्व सव्वत्थ न पमाणं ॥१२८॥**

તેવા પ્રકારની તપ કરવાની શક્તિ, ગુરુ આદિ લક્ષણની સામગ્રી, તેના અભાવથી કોઈકને જ નહિં કે બધાને શુદ્ધભાવથી એટલે કે ઉપધાન વહન કરવા તરફની જે શુદ્ધિ વર્તતી હોય છે તેને આલોચનાવિધિની જેમ એટલે કે જેમ આલોચનાને લેવાની ઈચ્છાવાળો અને શુદ્ધ પરિણામવાલો આત્મા, ગુરુ આદિ સામગ્રીના અભાવે પાપની આલોચના નહિં કરી હોવા છતાં પણ શુદ્ધ થાય છે. તેમ આ પણ શુદ્ધ થાય છે. પરંતુ આ પ્રકાર કથંચિત્ અને કાદાચિત્ક હોવાથી બધે ઠેકાણે આ પ્રકાર પ્રમાણ કરવાનો નથી. જેમ મરુદેવી માતા સિદ્ધ થઈ ગયેલા જોઈને દ્રવ્યચારિત્ર સ્વીકારવામાં નિરાદરતા લાવવી તે યુક્ત નથી. ॥ ગાથાર્થ-૧૨૮ ॥ હવે ઉપધાન તપ પણ શ્રુત અધ્યયનને યોગ્ય હોય તો જ કામનો છે. એથી કરીને શ્રુતઅધ્યયનને યોગ્ય હોય તેના માટે જ ઉપધાન છે. એથી કરીને યોગ્ય અને અયોગ્યનું સ્વરૂપ આઠ ગાથા વડે કરીને જણાવવાની ઈચ્છાવાલા પહેલી ગાથા કહે છે.

**जुग्गा जुग्गविआरो, अज्झयण-ज्झावणंमि जिण भणिओ ।**
**आमघड जलाहरण- विसेसओ महसुअक्खंधे ॥१२९॥**

'આ શ્રુતના અધ્યયનને વિષે આ જીવ યોગ્ય છે કે અયોગ્ય છે?' એ પ્રકારની પર્યાલોચના= વિચારણા કરવાનું અધ્યાપકનું એટલે અધ્યયન અને અધ્યાપનના વિષયમાં અધ્યાપકનું પર્યાલોચન જિનેશ્વર ભગવંતે કહેલું છે ક્યા ઉદાહરણથી કહ્યું છે? તે કહે છે. અપક્વ ઘડાને વિષે એટલે કાચા ઘડાને વિષે નાંખેલું જલ બન્નેના વિનાશ માટે થાય છે તેવી રીતે : આગમમાં કહેલું છે કે :—'કાચા ઘડામાં રાખેલું જલ તે ઘડાને અને ઘડાના જલને નાશ કરે છે. તેવી રીતે અલ્પઆધાર તુચ્છપાત્રનું જલ સિદ્ધાંત રહસ્યને નાશ કરે છે.' મહાશ્રુતસ્કંધને વિષે અર્થાત્ તેના અધ્યયન-પઠનમાં વિશેષે કરીને

તેના અધ્યયનમાં યોગ્ય અને અયોગ્યનો વિચાર કરવો જોઈએ. કારણ કે બધા શ્રુતના અભ્યંતરભૂત હોવા વડે કરીને પરમમંત્ર સ્વરૂપ હોવાથી. ॥ ગાથાર્થ-૧૨૯ ॥ હવે યોગ્યનું સામાન્યથી અને વિશેષથી લક્ષણ કહે છે.

**सामण्णेणं जोग्गो, अव्वुग्गहिअमई सुहंमण्णो ।**
**विहिआराहणरसिओ, गुरूवएसं ऽपऽभिमुहो वा ॥१३०॥**

નમસ્કાર અધ્યયનને યોગ્ય એવા જીવનું સામાન્ય લક્ષણ એ છે કે અવ્યુદ્ગ્રાહિત હોય તો સારું. એટલે કે કુપાક્ષિકો વડે વ્યુદ્ગ્રાહિત થયેલો ન હોય તો નમસ્કાર અધ્યયન એ શુભ છે. હિતકર છે. એમ માનનાર બધાજ સામાન્યથી કરીને નમસ્કારને યોગ્ય જાણવા. ગાથાના ઉત્તરાર્ધવડે કરીને વિશેષ લક્ષણ જણાવે છે. તે આ પ્રમાણે–વિધિ આરાધનામાં રસિક એટલે ઉપધાન આદિના તપ આદિ વિધિવડે કરીને આરાધન કરવામાં તત્પર અથવા ગુરુમહારાજના ઉપદેશ શ્રવણમાં સન્મુખ એટલે કે તેની આરાધના આદિના વિષયમાં ગુરુમહારાજનો ઉપદેશ સાંભળવામાં ઉત્સૂકતાવાળો હોય તે આરાધના-વિધિ રસિક કહેવાય છે. તેવો જીવ નમસ્કારાદિ ભણવાને વિશેષે યોગ્ય જાણવો. ॥ ગાથાર્થ-૧૩૦ ॥

હવે અયોગ્યનું લક્ષણ જણાવે છે.

**वुग्गाहिओ अ जो सोऽणरिहो अहवा परम्मुहो विहिओ ।**
**महसुअखंधज्झयणे, कुवक्खवग्गुव्व सवणेऽवि ॥१३१॥**

વ્યુદ્ગ્રાહિત એટલે કુપાક્ષિકોથી વાસિત થયેલો જે હોય તે અયોગ્ય છે. શેમાં? તો કહે છે કે મહાશ્રુતસ્કંધના અધ્યયનમાં : અર્થાત્ તેવા કુપાક્ષિક વાસિત જીવને નમસ્કાર મહામંત્રનું અધ્યયન કરાવવું યોગ્ય નથી. અથવા વ્યુદ્ગ્રાહિત ન હોય છતાં પણ વિધિ કરવાથી પરાઙ્મુખ હોય ''ઉપધાન તપસાદિવિધિ કરીને શું કામ છે?'' એવી રીતે વિધિની શ્રદ્ધાથી વિકલ હોય તો પણ અયોગ્ય છે.

એમાંનો આ બીજો જે વિધિ શ્રદ્ધાન વિકલ આત્મા, વ્યદ્ગ્રાહિતની અપેક્ષાએ અલ્પદોષને ભજવાવાળો છે. કારણકે માર્ગમાં પડેલો હોવાથી. કદાચિત્=ક્યારેક કથંચિત્ એટલે કોઈપણ પ્રકારે શ્રદ્ધા થવાના સંભવની આશાથી બંધાયેલો હોવાથી. કોની જેમ અયોગ્ય? જેવી રીતે કુપાક્ષિકનો સમૂહ પંચમંગલ મહાશ્રુતસ્કંધના અધ્યયનને યોગ્ય નથી. અરે! અધ્યયન તો દૂર રહો. પણ શ્રવણને માટેય યોગ્ય નથી. તેમ વ્યુદ્ગ્રાહિત પણ અયોગ્ય જાણવો. એવી શંકા ન કરવી કે તમારા આ કથનને વિષે દૃષ્ટાંત અને દ્રાર્ષ્ટાંતિક બન્નેનું ઐક્યપણું થઈ ગયું. કારણ કે વ્યુત્ગ્રાહિતનું કુપાક્ષિકના માર્ગથી ભિન્ન હોવાનો પણ સંભવ હોવાથી ॥ ગાથાર્થ-૧૩૧ ॥

હવે કુપાક્ષિક વર્ગને (બોલતાં એવા) અરિહંત આદિના નામ આદિનું શ્રવણ પણ ઉચિત નથી. તે કેવી રીતે? તેના જવાબમાં જણાવે છે.

**जण्णं कुमईवग्गो, अरहंताईण णाम समरंता ।**
**पइसमयं मह पावं, अणंत भवकारणं जणइ ॥१३२॥**

જે કારણથી અરિહંત આદિઓનું નામ સ્મરણ કરતો છતો એવો કુમતિવર્ગ, પ્રતિ સમય અનંતભવનું કારણ એવાં મહાપાપને ઉપાર્જન કરે છે. ॥ ગાથાર્થ-૧૩૨ ॥

હવે તેવા પ્રકારનું પાપ કેવી રીતે ઉપાર્જન કરે છે? તે કહે છે.

**निअनिअमयाणुरत्ते अरिहंताईवि मणसि काऊणं ।**
**झाइज्ञा तमजुत्तं, कलंकदाणं महंताणं ॥१३३॥**

જે કારણથી અરિહંત આદિઓને પોતપોતાના મતને અનુસરતા હોય તેવાને જ મનમાં કરીને કુપાક્ષિકવર્ગ ધ્યાવે છે. પરંતુ અરિહંત આદિઓ જે છે તે કુપાક્ષિકે વિકલ્પેલા માર્ગની શ્રદ્ધાવાલા હોતા નથી. તેથી કરીને તેવા પ્રકારનું વચન, અરિહંત આદિઓને તો ખરેખર કલંકદાન રૂપ જ છે. અને એ કલંકદાન આપવું તે વસ્તુતાએ મહાપાપ છે. ખરી વાત તો એ છે કે તેવા પ્રકારના (પોતે કહેવા ઇચ્છતા હોય તેવા પ્રકારના) આચારોની પરિકલ્પના=વિચારણાના કાલે જ તેવા પ્રકારના આચાર પ્રરુપક અરિહંત આદિઓનું પણ તેવા પ્રકારની કલ્પના કરવાનો સંભવ હોવાથી. એ પ્રમાણે જો ન કરે તો પોતે જે આચાર પાળી રહ્યાં છે તેનું પ્રામાણિકપણું ઠરાવવા માટે અસમર્થ છે. અને એથી જ પોતે તેવી રીતે વર્તે છે. એવા આચારના અરિહંત આદિઓ નહિ હોવા છતાં તે રૂપની કલ્પના કરવી તે મહાપાપ છે. ॥ ગાથાર્થ-૧૩૩ ॥

હવે નામવડે સામ્યપણું હોવા છતાં પણ ભિન્નતા છે એ ઉપર દૃષ્ટાંત જણાવે છે.

**परमेसरुत्ति नामं जह एगं भिन्न भिन्न अत्थजुअं ।**
**निअनिअमयफलहेऊ, आयारायारझाणवसा ॥१३४॥**

'પરમેશ્વર' એ પ્રમાણેનું એક જ નામ, ભિન્ન ભિન્ન અર્થથી યુક્ત છે એટલે કે પોતપોતાના આચારના પ્રરૂપકપણાવડે કરીને વિકલ્પેલા ક્રોડી ગમે પરમેશ્વરનો વાચક હોવા છતાં પોતપોતાના મતના ફળના હેતુરૂપ તે પરમેશ્વર છે. આમ કેમ? તો કહે છે કે આચાર, આકાર અને ધ્યાનના વશથી, આચાર એટલે સંધ્યાવંદન-અગ્નિપૂજા આદિના લક્ષણવાળો, આકાર એટલે શંખ, ચક્ર, ત્રિશૂલ, ગદા આદિ શસ્ત્રને ધારણ કરનારો, વિચિત્રવાહનવાળો, અને લિંગ આદિ સ્વરૂપવાળો આચાર અને આકાર તે બન્નેનું ધ્યાન. એટલે કે અમારો જે આચાર અને તેવા પ્રકારના આકારનું ધ્યાન તે અમારો આચાર! કેવા પ્રકારના આકારને ધારણ કરવાવાળાએ પ્રરુપેલો છે? ઇત્યાદિરૂપે મન દ્વારાએ જે ચિંતવન કરવું તેના પરાધીનપણાએ કરીને વિધ વિધ પ્રકારના પરમેશ્વરો છે. આનો કહેવાનો તાત્પર્ય એ છે કે બૌદ્ધ, સાંખ્ય આદિ બધાય મતોના જે દેવ છે. તે બધાય પરમેશ્વર તરીકે જ સંમત છે.

તેથી કરીને નામ એક છતાં પણ પોત પોતાની મતિ કલ્પનાને અનુસારે અનેક જાતના સંકેતને વશે કરીને વિધવિધ પ્રકારના અર્થને તે પરમેશ્વર શબ્દ પામેલો છે. અને તે પરમેશ્વરના નામનું ધ્યાન કરવા છતાં પણ પોતપોતાના આચાર પ્રરૂપવાવાલાને અને વિધવિધ પ્રકારના વિચિત્ર આકારને ધારણ કરનારી મૂર્તિને ધ્યાતાં (ધ્યાન કરતાં) હોય છે. અને તે તે મતના શ્રદ્ધા આદિએ આચારની આરાધનવડે કરીને જે જે ફલ થાય છે તે ફલ તે તે પ્રકારના ધ્યાનવડે કરીને પણ થાય છે. કારણ કે તે પ્રતિનું અનન્યપરિણામ સ્વરૂપ હોવાથી ॥ ગાથાર્થ-૧૩૪ ॥

હવે તેવા પ્રકારના પરિણામને પ્રગટ કરવા માટે ઉપાય જણાવે છે.

**पुच्छिज्ञंतो लोओ, निअनिअआयारभासगं भणई ।**
**आयारं पुण बंभेसरमाइअबिंबरूवाई ॥१३६॥**

કુશ્રદ્ધાવાળો લોક જે છે તે ''તમારો પરમેશ્વર કેવા પ્રકારનો છે? એ પ્રમાણે પ્રશ્ન પૂછવા માટે પ્રેરણા કરાયે છતે તે કુપાક્ષિકો, પોતપોતાના માર્ગને પ્રગટ કરનારને જ પરમેશ્વર કહે છે અને એ પ્રમાણેના પરમેશ્વરની અને આચારની પરસ્પર પ્રામાણિકતાની અપેક્ષા હોવાથી પ્રમાણ પદવી પામે છે. એટલે આ કહેવાનો ભાવ એ છે કે–પોતાને ઈષ્ટઆચારના પ્રરુપવાવાલા હોવાથી જ પરમેશ્વરનું પ્રામાણ્ય છે અને તેવા પ્રકારના પરમેશ્વરે પ્રરુપેલા હોવાથી જ આચારમાં પણ પ્રામાણ્યપણું છે. પરમેશ્વરના અપ્રામાણ્યમાં આચારનું પણ અપ્રામાણ્યપણું. આચારના અપ્રમાણમાં પરમેશ્વરનું અપ્રમાણપણું જ છે એટલે એકબીજામાં પરસ્પર સાપેક્ષતા રહેલી છે. વિચારાતી એવી તે સાપેક્ષતા પરમેશ્વર અને આચાર તે બન્નેનું કથંચિત્ ઐક્યપણું જ સૂચવે છે. અને એથી કરીને પોતાના માર્ગના જે આચારો તેનું અનન્ય રુપપણું હોવાથી પરમેશ્વરનું ધ્યાન પણ મિથ્યાદષ્ટિઓને અકિંચિત્કર થાય છે. તેવી રીતે આકાર પણ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આદિ પ્રતિબિંબરૂપે જણાવે છે. પ્રશ્નકાર જ્યારે પ્રશ્ન પૂછે કે તમારા પરમેશ્વર કેવા આકારના છે? એ પ્રમાણે પૂછે છતે કોઈક બ્રહ્માની મૂર્તિનો આકાર કહે. કોઈક ઈશ્વરના લિંગને=શિવનો આકાર કહે, કોઈક નારાયણ, કૃષ્ણ વાસુદેવનો આકાર કહે ઈત્યાદિ એ પ્રમાણે પરમેશ્વર નામનું એકપણું હોવા છતાં પણ પોતપોતાના આચાર, આકાર અને ધ્યાનની પરતંત્રતા આદિવડે કરીને પરમેશ્વરનું ધ્યાન કરવામાં પોતપોતાના મતની ક્રિયાથી ઉત્પન્ન થતું જ ફળ પરમેશ્વરના ધ્યાનમાં પણ મલે છે. ॥ ગાથાર્થ–૧૩૫ ॥

હવે આ કહેલા પરમેશ્વરના દૃષ્ટાંતને ચાલુ અધિકારમાં જોડતા કહે છે.

**एवं कुवक्ख वग्गो, पुच्छिज्ञंतोऽवि भणइ अम्हाणं ।**
**सद्दहणाइसमा जे ते, अरिहंताईणोऽभिमया ॥१३६॥**

એ પ્રમાણે પૂર્વે જણાવેલા ન્યાયવડે કરીને પૂછાતો એવો તે કુપાક્ષિક વર્ગ પણ કહે છે કે જે અમારી શ્રદ્ધા આદિની સરખા તે જ અરિહંત આદિઓ અમારે પ્રમાણ છે. એટલે કે ''નમો

અરિહંતાણં'' આદિ એ નમસ્કારની પદાવલીઓને સ્મરતાં છતાં તેવી રીતના જ કાંઈ ધ્યાનગોચરી થાય છે. વળી તે અરિહંત આદિઓના અશ્રદ્ધાનને ભજવાવાળા નથી. તેમજ અમારા આચારથી વિપરીત રીતના ઉપદેષ્ટા પણ અરિહંતાદિ નહિં. અને એથી કરીને સ્પષ્ટ થાય છે કે તે કુપાક્ષિકવર્ગ, નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતો હોવા છતાં પણ (પોતાના આચારને અનુકૂલ એવા અથવા તો પોતાના આચારને પોષણ આપે એવા અરિહંત આદિઓને કલ્પીને સ્મરણ કરતાં હોવાથી.) પ્રતિ સમયે અનંતભવયોગ્ય એવા ક્લિષ્ટ કર્મોનું ઉપાર્જન કરે છે. અનંતો સંસાર વધારી રહ્યા છે. ॥ ગાથાર્થ-૧૩૬ ॥ હવે આ પ્રમાણે આઠ ગાથાવડે કરીને નમસ્કારના અધ્યયનની બાબતમાં યોગ્યાયોગ્યનો વિચાર કર્યા બાદ યોગ્યને જ નમસ્કારનું અધ્યયન અને અધ્યાપન યોગ્ય છે. બીજાને નહિં. આ પ્રમાણે જણાવીને હવે ઉપધાન પણ કેવી જિજ્ઞાસાપૂર્વકના? તે બતાવાય છે.

**उवहाणं पुणं नाणा, जह तह रइअंमि जेण केणावि ।**
**किंतु रयणाविसेसे, पुरिसविसेसेण जहजुग्गं ॥१३७॥**

ઉપધાન પણ જે કોઈપણ પુરુષે જે તે રીતે રચેલા શ્રુતવડે કરીને થતાં હોય તે આજ્ઞા જિનાજ્ઞા થતી નથી, પરંતુ પુરુષ વિશેષે એટલે કે—આગમવ્યવહારી પુરુષવડે કરીને સૂત્રરચનાસ્વરૂપ શ્રુતને વિષે યથાયોગ્ય એટલે કે યોગ્યને ઓળંગ્યા સિવાય પુરુષવડે કરીને જે ઉપધાન કરાય તે જિનાજ્ઞા છે. યથાયોગ્ય એટલા માટે કહ્યું છે કે આગમવ્યવહારના કાલમાં ધન્યર્ષિની જેમ ઉપધાન ન પણ હોય. કારણ કે આગમનું બળવાન્પણું હોવાથી. અથવા તો કોઈકને ક્યારેક અનિયત વિધિ પણ સંભવે છે. નિયત વિધિપૂર્વકના ઉપધાન, શ્રુતવ્યવહારના કાલે હોય જ. એ પ્રમાણે યથાયોગ્યપદનો અર્થ જાણવો. ॥ ગાથાર્થ-૧૩૭ ॥ હવે આ ઉપર દૃષ્ટાંત આપે છે.

**जह सुअकेवलिरइए, निज्जुत्तिमुहंमि नत्थि उवहाणं ।**
**पज्जोसवणाकप्पे, अत्थि तओ तंपि णेगविहं ॥१३८॥**

જેવી રીતે શ્રુતકેવલી એવા ભદ્રબાહુસ્વામીએ રચેલાં નિર્યુક્તિ પ્રમુખ ગ્રંથોને વિષે એટલે કે આવશ્યકાદિ નિર્યુક્તિ-ઉવસગ્ગહરં **जइज्जा समणे भयवं** ઇત્યાદિ સ્તોત્ર આદિમાં ઉપધાન જણાવેલ નથી. અને પર્યુષણા કલ્પસૂત્રમાં જણાવેલ છે. કર્ત્તાની સામ્યતા હોવા છતાં પણ રચના વિશેષમાં જ ઉપધાન જણાવેલ છે. જ્યારે આમ છે ત્યારે તે ઉપધાન પણ વિવિધ પ્રકારના કાલિક અને ઉત્કાલિક આદિ ભેદે છે. અને તે પણ નિયતદિન અને નિયતતપવાલું ઉપધાન જિનેશ્વર ભગવાનની આજ્ઞા સાથે કરીને હોય છે, નહિં કે પોતાની ઇચ્છાએ. એથી જ કરીને આચારાંગમાં ૫૦-દિવસના જોગ અને સ્થાનાંગ સૂત્રમાં (આચારાંગની અપેક્ષા) ગ્રંથનું વિસ્તારપણું હોવા છતાં પણ ૧૮-દિવસના ઉપધાન છે. ઇત્યાદિ જાણીને સૂરિપરંપરાથી આવેલી વિધિ પ્રમાણે યોગ-ઉપધાન કરવા. ॥ ગાથાર્થ-૧૩૮ ॥

હવે પૂર્ણિમા મતના ઉત્સૂત્રોનો ઉપસંહાર કરતાં જણાવે છે કે :—

**इअ पूण्णिममयमूलं, उस्सुत्तं तिविहमेअमिहमुत्तं ।**
**साहुपइट्ठाचउदसि, महानिसीहाण पडिसेहो ॥१३९॥**

આ પ્રમાણે પૂર્વે કહેલાં પ્રકારવડે કરીને પૂર્ણિમા મતના મૂલરૂપ એવા આ ત્રણ પ્રકારનું ઉત્સૂત્ર આ ગ્રંથમાં જણાવાયું. તે ક્યું ઉત્સૂત્ર છે? તે જણાવે છે. ૧–સાધુ પ્રતિષ્ઠા, ૨–ચતુર્દશીએ પાક્ષિક, ૩ મહાનિશીથ સૂત્ર. આ ત્રણેયનો પ્રતિષેધ. આનો અર્થ એ છે કે સાધુપ્રતિષ્ઠાનો પ્રતિષેધ અર્થાત્ શ્રાવકની પ્રતિષ્ઠા. આ વાત, માર્ગના નાશરૂપ અને ઉન્માર્ગની દેશનારૂપ છે. તેવી જ રીતે ચૌદશે પાક્ષિકનો નિષેધ અર્થાત્ પૂનમે પાક્ષિકનો સ્વીકાર. એમાં પણ માર્ગનાશ અને ઉન્માર્ગની દેશનારૂપ બીજું મોટું ઉત્સૂત્ર છે. અને ત્રીજું મહાનિશીથનો પ્રતિષેધ જે છે તે માર્ગનાશના લક્ષણરૂપ છે. જે મહાનિશીથસૂત્ર સર્વ શ્રુતમાં અતિશાયીત શ્રુત છે. તેનો પ્રતિષેધ કરવા વડે કરીને ત્રીજું મોટું ઉત્સૂત્ર. આ પ્રમાણે પૂનમીયા મતને વિષે ત્રણ મોટા ઉત્સૂત્રો બતાવ્યા. ॥ ગાથાર્થ–૧૩૯ ॥

હવે તે પૂનમીયાના વંશવારસો તરફથી પ્રવૃત્ત થયેલા ઉત્સૂત્રોનો અતિદેશથી ભલામણ કરે છે.

**सेसं पवड्ढमाणं, उस्सुत्तं जमिह सड्ढसामइए ।**
**पच्छा इरिआपमुहं, किअंतमवि खरयरेण समं ॥१४०॥**

પૂર્વે કહેલાં ત્રણ ઉત્સૂત્ર સિવાયનું પૂનમીયા મતને વિષે વૃદ્ધિ પામતું એવું ઉત્સૂત્ર કે જે શ્રાવકોને સામાયિકને વિષે ઇરિયાવહીઆ પછી પડિક્કમવી આદિ કેટલુંક ખરતરોની સરખું છે. ॥ ગાથાર્થ–૧૪૦ ॥

હવે જે ઉત્સૂત્ર ખરતરમતની સરખું છે તે જો કે અહિં જ કહેવું યુક્ત છે તો પણ અતિદેશે કરીને ખરતરના ખંડનની સાથે જણાવાતાં છતાં કહે છે.

**खरयरमयंपि कालाणुभवा मूढाण साहुभंतिकरं ।**
**तेणं तम्मयवसरे, पभणिज्जतं इहंपि मयं ॥१४१॥**

કાલના અનુભાવે કરીને સમ્યક્ વિચારથી પરાઙ્મુખ એવા મૂઢલોકોને એટલે 'આ બધા પણ યોગ, ઉપધાન, સાધુ પ્રતિષ્ઠા આદિના સ્વીકારવા વડે કરીને સાધુઓ જ છે' એવી રીતની બાહ્યદૃષ્ટિ આત્માઓને સાધુની ભ્રાંતિ કરાવનાર ખરતર મત છે. તે કારણવડે કરીને હમણાં નજીકના કાલમાં કહેવાતા એવા ઔષ્ટ્રિકમતની વક્તવ્યતાને અવસરે કહેવાતું એવું પૌર્ણમીયક મતમાં સંમત એવી આ વાત જણાવીશું. ॥ ગાથાર્થ-૧૪૧ ॥ હવે પૌર્ણમીયક મતખંડનરૂપ બીજા વિશ્રામનો ઉપસંહાર કરતાં જણાવે છે.

**एवं कुवक्खकोसिअ सहस्सकिरणंमि उदयमावण्णे ।**
**चक्खुप्पहावरहिओ, कहिओ बिउओ अ पुण्णिमिओ ॥१४२॥**

પૂર્વે કહેલાં પ્રકારવડે કરીને કુપક્ષરૂપી જે ઘૂવડો તેને માટે સહસ્રકિરણ—સૂર્ય ઉદય પામે છતે નીલ આદિ વસ્તુઓને ગ્રહણ કરવાની શક્તિવાલું જે લોચન, તે લોચનની શક્તિ રહિતના એવો આ બીજો પૂનમીયો જણાવ્યો. આનો ભાવ એ છે કે સૂર્ય ઉદિત થયે છતે જેમ ઘૂવડ ચક્ષુના પ્રભાવરહિત થાય છે.

આ જગતનો સ્વભાવ છે કે જે તામસકુલના છે તેને સૂર્યના કિરણો અતિશ્યામરૂપે જણાય છે. તેવી રીતે **કુપક્ષકૌશિક સહસ્રકિરણ** નામનો આ ગ્રંથ, કુપાક્ષિકોની સામે પ્રગટ કર્યે છતે પૌર્ણમીયકની જે દૃષ્ટિ, તે પ્રભાવરહિત થાય છે. એટલે પૌર્ણમીયકની મતિએ વિકલ્પેલી કુયુક્તિઓ સ્ફુરાયમાન થતી નથી—ફળદાયી બની શકતી નથી. અથવા તો કુદૃષ્ટિ પણ સુદૃષ્ટિ બની જાય છે. એ પ્રમાણે જાણવું. ॥ ગાથાર્થ–૧૪૨ ॥ હવે પૌર્ણમીયક મતનો આ બીજો વિશ્રામ કયા સંવત્સરમાં? ક્યા ગુરુની વિદ્યમાનતામાં કહેવાયો? તે બતાવવાને માટે ગાથા કહે છે.

**नवहत्थकायरायंकिअसममहिमंमि चित्तसिअपक्खे ।**
**गुरुदेवयपुण्णुदए, सिरिहीरविजयसुगुरुवारे ॥१४३॥**

આ ગાથાને સંવત્સરપક્ષ અને ગુરુપક્ષ આ બન્ને અર્થમાં કહેશે. સંવત્સર પક્ષમાં કહે છે. **नव** અને **हस्त** શબ્દવડે **नव** નવ અને બે એમ સમજવા. **काय** શબ્દવડે શાસ્ત્રની પરિભાષાથી 'છ' સમજવા. **राय**–શબ્દ ચંદ્રને જણાવનાર છે. તે એક હોય છે તેમ જ્યોતિષીઓ જાણે છે. અને પછી અંકોની ગતિ ડાબી બાજુએથી થાય છે. એ વચનવડે કરીને જે અંકો થયા તે–૧૬૨૯–સંખ્યાવાલું સંવત્સર. તેનો જે મહિમા એટલે નામગ્રહણ આદિવડે કરીને જેમની પ્રસિદ્ધિ છે. એવા પ્રકારના વર્ષમાં ચૈત્ર મહિનાના સુદ પખવાડીયાની અંદર **श्रीहित्-रविजयसुगुरुवारे**–કેવા પ્રકારના યોગમાં? ગુરુ પુષ્યના યોગમાં પૂર્ણતિથિ એટલે દશમ. સુવિહિત અગ્રણી એવા હીરસૂરિ મહારાજનું રાજ્ય પ્રવર્તમાન હોતે છતે. કેવા લક્ષણવાળા?

નવ હાથ પ્રમાણ શરીરવાલા શ્રી પાર્શ્વનાથ પ્રભુ તેના વડે અંકિત એવો જે અવિચ્છિન્નકાલ તેના સરખો મહિમા છે જેમનો. અથવા નવહાથની કાયવાલા પાર્શ્વનાથ પ્રભુના રાજ્યના મહિમા જેવો જેના રાજ્યમાં મહિમા છે એવા હીરવિજયસૂરિના રાજ્યમાં–

હવે આ વાતનો ભાવ એ છે કે ઋષભ આદિ ભગવંતોની અપેક્ષાએ ઉતરતા કાલમાં ઉત્પન્ન થયા છતાં પણ શ્રી પાર્શ્વનાથ પ્રભુ, સર્વજનોને વિષે 'આદેય' નામવાલા હતા. તેવી રીતે ઋષભ આદિ પ્રભુઓ નહોતા! એવી રીતે વજ્રસ્વામી આદિની અપેક્ષાએ કરીને મહાવીર સ્વામીના જન્મ

નક્ષત્ર પર સંક્રાંત થયેલ ભસ્મરાશિના માહાત્મ્યથી કુનૃપતિ અને કુપાક્ષિકોની બહુલતાવાળા કાલમાં ઉત્પન્ન થયેલા હોવા છતાં પણ શ્રી હીરવિજયસૂરિ જેવી રીતે માહાત્મ્યને ભજવાવાળા હતા, તેવી રીતે વજ્રસ્વામી આદિઓ ન હતા. આ વાત વર્ણન માત્ર નથી કિંતુ પારમાર્થિક છે. એ બતાવવાને માટે વિશેષણ દ્વારા હેતુ કહે છે.

કેવા પ્રકારના હીરવિજય સુગુરુવાર હતાં? તો કહે છે કે **चित्रशीतपक्षे** આશ્ચર્ય જેમ થાય તેવી રીતનું કુપાક્ષિક મુખ્યોએ પણ પોતાના કુપક્ષનો પરિત્યાગ કરવાપૂર્વક **शीत** કહેતા શ્વેત-શુદ્ધ એવો પક્ષ અંગીકાર કર્યો છે. જેમના વારામાં—સમયમાં એવા! આનો ભાવ એ છે કે કુપાક્ષિકોના મુખ્ય એવા અને પરિવારથી યુક્ત એવા **ઋષિ મેઘજી** આદિએ નગરને વિષે શ્રેષ્ઠ એવા અમદાવાદ શહેરમાં મ્લેચ્છોને વિષે મુખ્ય એવા મુદ્‌ગલાધિપતિ મુસલમાન બાદશાહ અકબરની સાક્ષીએ મહામહોત્સવપૂર્વક પ્રવ્રજ્યા આદિને સ્વીકારી, તેવી રીતનું કાર્ય પ્રાચીન આચાર્યોના રાજ્યમાં—શાસનમાં બન્યું નથી.

જો કે કોઈક—ક્યારેક પ્રવ્રજ્યાદિકને સ્વીકારતો જોયો છે ને સાંભળ્યો પણ છે. પરંતુ તેના જે નાયકો આવી રીતે દીક્ષા લે તે તો હીરસૂરિ મ.ના જ રાજ્યમાં બન્યું છે. એ આશ્ચર્ય ક્યાંથી થયું? એના માટે વિશેષણ દ્વારા હેતુ જણાવે છે.

કેવા લક્ષણવાળા શ્રી પૂજ્યના વારામાં (સમયમાં) તો કહે છે કે—**गुरुदैवतपूर्णोदये, गुरु**—મોટું—**दैवत**—ભાગ્ય. તે **गुरुदैवत** તે ગુરુદૈવતના-મોટા ભાગ્યના પૂર્ણ ઉદયે=એટલે કે તીર્થંકર નામકર્મના ઉદયથી જેમ પૂર્વ જન્મમાં ઉપાર્જન કરેલી શુભ પ્રકૃતિના વિપાકનો અનુભવ જેમાં છે એવા મોટા ભાગ્યનો પૂર્ણ ઉદય થયે છતે. આ મોટા ભાગ્યનો ઉદય કેવળ ગુરુનો જ નહિ; પરંતુ તેમના ભક્તજનોને પણ હતો. તે આ પ્રમાણે.

**गुरुपक्षेः**—ગુરુમહારાજનો તેવા પ્રકારના પુણ્ય વિપાકનો ઉદય વર્તતો ન હોય તો કુપાક્ષિકો અને કુનૃપથી વ્યાકુલ (વ્યાપ્ત) એવા કાલને વિષે શ્રી **ખંભાત** નગરમાં પ્રભાવના દ્વારાએ કરીને કોટિ સંખ્યાના દ્રવ્યનો વ્યય સંભવે નહિં. તેમના ચરણ વિન્યાસે—પગ મૂકવામાં દરેક ડગલે રૂપાનાણું અને સોના મહોર મૂકવાનું અને મોતીના સાથીયા આદિ રચવાવડે કરીને તીર્થંકરની જેમ પૂજા ઉદય સંભવે નહિં.

હવે તેમના ભક્ત પક્ષમાં જણાવે છે.

તેવા પ્રકારના કાલને વિષે પણ વિધાતાએ જ્ઞાન, દર્શન, ચારિત્ર આ ત્રણેનો પીંડ કરીને એક મૂર્તિ બનાવેલી હોય એવા તે ગુરુના ભક્ત શ્રાવકો પણ પૂર્વજન્મોપાર્જિત શુભકર્મની પ્રેરણાવડે કરીને તેમજ ભાવિકાલમાં ભવિતવ્યતાના વશે કરીને તેવા પ્રકારનો ભક્તિ ઉલ્લાસ સંભવે. અન્યથા નહિં. ઉપદેશ પદમાં કહ્યું! છે કે :—

**पुण्णेहिं चोइया पुरक्खडेहिं सिरि भायणं भविअसत्ता ।**
**गुरुमागमेसिभद्दा, देवयमिव पज्जुवासंति ॥१॥**

પૂર્વ પુણ્યોએ કરીને પ્રેરાયેલા ભાગ્યશાળી, ભવ્યસત્વો, ભવ્યજીવો લક્ષ્મી ભાજન થાય છે. અને ભવિષ્યકાલમાં જેમનું કલ્યાણ છે એવા તે પુણ્યવંતો દેવતાની જેમ ગુરુને પૂજે છે. ॥ ગાથાર્થ-૧૦૦ ॥

હવે આ પ્રકરણના કર્તાના નામથી ગર્ભિત એવી આશીર્વાદદાયક ગાથા કહે છે.

**इअ सासणुदयगिरिं, जिणभासिअधम्मसायराणुगयं ।**
**पाविअ पभासयंतो, सहस्सकिरणो जयउ एसो ॥१४४॥**

આ પ્રકારવડે કરીને આ પ્રત્યક્ષસિદ્ધ એવો સહસ્રકિરણ-સૂર્ય અર્થાત્ કુપક્ષ કૌશિક સહસ્ર કિરણ જય પામો. એ પ્રમાણે આશીર્વાદ જણાવ્યા. આશીર્વાદદાન પણ તેના કૃત્યનું પ્રગટ કરવાપૂર્વક જ હોય છે. એ માટે કહે છે કે શું કરતું જય પામો? પ્રકાશ કરતું જય પામો. અર્થાત્ જીવલોકને પ્રકાશિત કરતું જય પામો. જેવી રીતે સૂર્ય પ્રકાશિત થયો છતો આશીર્વાદનું ભાજન બને છે. તેવી રીતે આ ગ્રંથ પણ આશીર્વાદનું ભાજન બનો. પ્રકાશ પણ શું કરીને કરે છે? એના માટે કહે છે. શાસન એટલે જૈનતીર્થરૂપ જે ઉદયગિરિ-ઉદયાચલપર્વત અર્થાત્ નિષધ પર્વત તેને પામીને એટલે ઉદયગિરિના શિખરને પામીને. જેમ બીજો સૂર્ય પણ નિષધ પર્વતને પામીને પ્રકાશ કરે છે. તેમ જૈન તીર્થને પામીને જ આ ગ્રંથ પણ પ્રકાશ કરે છે. બીજી રીતે નહિં.

કેવા પ્રકારનો શાસન ઉદયગિરિ છે? તો કહે છે કે :—

જિન ભાષિત ધર્મસાગરાનુગત—અર્થાત્ જિનેશ્વર ભગવંતવડે કરીને કહેવાયેલો એવો જે દાનાદિ લક્ષણવાળો ધર્મ તે રૂપી જે સમુદ્ર તેને અનુસરીને-રહેલો : જેમ નિષધ પર્વત સમુદ્રને સંકલિત છે તેવી રીતે આ **ધર્મસાગર**રૂપી સમુદ્રને બન્ને બાજુથી અડીને રહેલો આ શાસન ઉદયગિરિ છે. અથવા તો સમુદ્રની સરખો એવો ''આ કુપક્ષકૌશિક સહસ્ર કિરણ છે.''

જેમ સૂર્ય, સમુદ્રમાં માંડલાં કરે છે. અને નિષધપર્વત પર પણ કરે છે. કહેલું છે કે :— ત્રેસઠ માંડલા નિષધ પર્વત પર અને બે માંડલાં બે જોયણ અંતરીત બાહા ઉપર અને-૧૧૯-માંડલાં લવણ સમુદ્ર ઉપર હોય છે. અહિં નિષધની અપેક્ષાએ સૂર્યના માંડલાં સમુદ્રમાં વધારે હોય છે. અને એથી કરીને આ શાસન ઉદયગિરિને સમુદ્રની ઉપમા સાથે તુલના કરી છે.

જિનભાષિત ધર્મસાગરાનુગત એ વિશેષણ દ્વારાએ આ ગ્રંથની રચના કરનારનું **"ધર્મ સાગર"** એવું નામ પણ સૂચવ્યું. આ પ્રમાણે કુપક્ષકૌશિક સહસ્રકિરણ-અપરનામ-પ્રવચન પરીક્ષા નામના ગ્રંથને વિષે પૂર્ણિમા મતનિરાકરણ નામનો ત્રીજો વિશ્રામ સમાપ્ત થયો. ॥ ગ્રંથાગ્ર-૨૦૭૨ ॥

**॥ ઈતિ તૃતીયો વિશ્રામઃ ॥**

# શ્રી પ્રવચન પરીક્ષા ૪ વિશ્રામે

## ખરતર જિનવલ્લભાધિકાર:

હવે પૂનમીયા મતના ખંડન પછી અનુક્રમે આવેલા એવા ખરતર મતને જણાવવા માટે કહે છે.

**अह खरयमयमूलं, उस्सुत्तं जं जहा जओ जायं ।**
**पढमायरिअं नामुप्पत्तिं चुस्सुत्तमवि वुच्छं ।।१।।**

હવે એટલેકે પૂનમીયા મતના નિરૂપણ બાદ વક્ષ્યમાણ નિરુક્તિ પ્રમાણેનો અને જેનું બીજું નામ **ઔષ્ટ્રિક** છે એવો લોકપ્રસિદ્ધ જે **ખરતર** તેનો મત. એટલે કે તેને સંમત એવી પ્રરૂપણા લક્ષણવાલો જે માર્ગ, તે ખરતર મત. તે ખરતર મતનું અથવા તે ખરતર મતમાં મૂલ એટલે આદિભૂત. એટલેકે ખરતર મતની ઉત્પત્તિના નિદાનને, ઉત્સૂત્ર એટલે પ્રવચનને અતિક્રમીને ઇચ્છા મુજબના ભાષણને, જે પ્રકારવડે કરીને જે પુરૂષથી અને ઉપલક્ષણથી જે સંવત્સરમાં ઉત્પન્ન થયું. તે બધાને તેમ જ તે મતના આકર્ષક પહેલાં આચાર્યને. તેવી જ રીતે અમૂક કારણને લઈને અમૂક નામની ઉદ્ઘોષણા થઈ. ઇત્યાદિરૂપ ખરતર આદિ નામોની ઉત્પત્તિને અને મૌલિક ઉત્સૂત્રમાંથી ક્રમ વધતાં જે ઉત્સૂત્રસમૂહ થયો તે આ વિશ્રામમાં જણાવીશ ॥ ગાથાર્થ-૧ ॥ હવે મૂલ ઉત્સૂત્ર જિનવલ્લભથી જ શરુ થયું, તેની ઉત્પત્તિનું સ્વરૂપ જણાવે છે:—

**कुच्चयरगच्छवासी, चिइअनिवासी जिणेसरो सूरी ।**
**जिणवल्लहो अ सीसो, तेण कओ दविणदाणेण ।।२।।**

કુર્ચપૂરીય ગચ્છમાં રહેનારા=તે ગચ્છમાં થયેલા અને ચૈત્યવાસી એવા જિનેશ્વર નામના આચાર્ય હતા. તે આચાર્યે-૫૦૦ રૂપીયા આપવાપૂર્વક **જિનવલ્લભ** નામનો એક શ્રાવક પુત્ર શિષ્ય તરીકે ખરીદ્યો. **આ વાત અમે નથી જણાવતાં : પણ ખરતરોવડે જ આ પ્રમાણે જણાવાયું કે–** ''આ બાજુ તે સમયે આસિકા નામના દુર્ગમાં રહેતા કુર્ચપૂરીય જિનેશ્વરાચાર્ય હતા. તે આચાર્યના મઠમાં તે આશિકા દૂર્ગનિવાસી જે શ્રાવક પુત્રો ભણતાં હતાં. તેમાં એક જિનવલ્લભ નામનો શ્રાવકપુત્ર હતો. તેનો બાપ કાલ કરી ગયો હતો. તે બાલકનું પાલન તેની મા કરતી હતી. અને ભણવાને લાયક ઉંમર થયે છતે તેની માએ એ જિનવલ્લભને તે મઠમાં દાખલ કર્યો. બધાય છોકરાઓ કરતાં આ જિનવલ્લભને અધિક પાઠ આવડતો હતો. એક દિવસ કોઈક પ્રકારે કરીને આ જિનવલ્લભ બાલકને બહાર જતાં એક ટીપણું મલી ગયું. તેમાં બે વિદ્યાઓ લખેલી છે. એક સર્પને આકર્ષણ કરનારી, અને એક સર્પને મુક્ત કરવા વાલી. આ બન્ને વિદ્યાઓને એને કંઠસ્થ કરી લીધી. અને તેમાં પહેલી વિદ્યાની ખાત્રી કરવા માટે ભણી. એટલે તુરતજ પ્રગટ એવા ફણા આડંબરથી ભીષણ એવા ફૂંફાડા

મારતા એવા અને ચંચલ એવી બબ્બે જીભને ધારણ કરતાં એવા તથા લાલચોળ નેત્રવાલા એવા તે વિદ્યાના પ્રભાવથી આકૃષ્ટ થયેલા મહાસર્પો ચારે દિશામાંથી આવવા લાગ્યા. આ સર્પોને જોયા છતાં પણ નિર્ભય ચિત્તવાલા તે બાલકે વિચાર્યું. ખરેખર આ વિદ્યાની ખાત્રી થઈ ગઈ. અને ત્યાર પછી બીજી વિદ્યા ઉચ્ચારી. અને તે વિદ્યાના પ્રભાવવડે કરીને તે ચક્ષુઃશ્રવો-સર્પોપરાઙ્મુખ થયા.-પાછા વળી ગયા.''

''આ વાત આચાર્યે સાંભળીને જાણ્યું કે 'નિશ્ચે કરીને આ સાત્ત્વિક છે. ગુણાધિક અને પુણ્યપાત્ર છે. તેથી કરીને આને આત્મસાત્ કરવા જેવો છે.' આમ વિચારીને દ્રાક્ષ, ખજૂર, અખરોટ, ખાંડ, લાડવા આદિ દેવાપૂર્વક તે બાલકને વશ કર્યો અને વશ કરીને તેની માતાને મધુરવચનવડે આ પ્રમાણે જણાવ્યું કે 'આ તારો પુત્ર અત્યંત પ્રાજ્ઞ અને મૂર્તિમાન્ સાત્ત્વિક છે. વધારે શું કહીએ? આચાર્યપદવીને યોગ્ય છે. તેથી કરીને આ બાલક તું અમને આપ.' તારી દેવકુલિકા (વંશવારસ) અને બીજાઓનો નિસ્તારક થશે. માટે આમાં તારે બીજું કાંઈ બોલવું નહિ. આમ કહીને તેના હાથમાં ૫૦૦=૦૦ રૂપીયા આપી દઈને જલ્દી દીક્ષા આપી દીધી. અને જિનવલ્લભને ભણાવ્યો. તેણે પણ સમસ્ત લક્ષણ, છંદ, અલંકાર, તર્ક, ગ્રહ, ગણિત આદિ નિરવદ્ય વિદ્યાઓ શીખી લીધી.''

''તે આચાર્ય મહારાજને એક વખતે બીજા ગામમાં જવાનું પ્રયોજન ઉપસ્થિત થયું. ત્યારે જતાં એવા જિનેશ્વરસૂરિએ જિનવલ્લભ પંડિતને કહ્યું. 'હું પ્રયોજન વશ બહારગામ જાઉં છું. અને એ પ્રયોજન પતાવીને આવું ત્યાં સુધી તારે બધી સાર સંભાળ રાખવી.' વિનયથી નમેલ છે ઉત્તમાંગ જેનું એવા જિનવલ્લભે 'આપ પૂજ્યોએ જે આદેશ આપ્યો તે પ્રમાણે હું કરીશ. પરંતુ પૂજ્ય એવા આપે કાર્ય જલ્દી પતાવીને જલ્દી પાછા આવી જવું.' ત્યાર બાદ આચાર્ય મ. બીજે ગામ ગયા.''

''આ પછી બીજે દિવસે જિનવલ્લભવડે વિચારાયું કે આ ભંડારને વિષે પુસ્તકથી ભરેલી પેટી દેખાય છે. માટે પુસ્તકોને વિષે શું છે તે જોઉં તો ખરો! કારણ કે આ બધું આચાર્યને વશ છે. આ બધું પણ તેને આધીન હતું એથી એક પુસ્તક છોડ્યું. તે પુસ્તક, સિદ્ધાંત સંબંધીનું હતું. તેમાં કહેલું જુએ છે. ''ગૃહસ્થના ઘરમાંથી મધુકરવૃત્તિએ ગ્રહણ કરેલા, ૪૨-દોષથી રહિત વિશુદ્ધપિંડ એવા આહારવડે કરીને સંયમ નિર્વાહ માટે સાધુએ દેહનું પોષણ કરવું. આ સાધુઓને સચિત્ત, પુષ્પ ફળ આદિને હાથવડે સ્પર્શ કરવો કલ્પતો નથી. તો હે ભાગ્યશાળી! તો તેવા પ્રકારનું સચિત્ત ખાવું તો ક્યાંથી કલ્પે? સાધુઓને એક સ્થાને રહેવું કલ્પતું નથી.'' ઇત્યાદિ વાતો શાસ્ત્રોમાં જોઈને વિસ્મિત થયેલો જિનવલ્લભ મનમાં ચિંતવવા લાગ્યો કે 'ખરેખર મુક્તિમાં જવાને માટે કોઈ વ્રતાચાર બીજો જ છે. અને અત્યારે અમારો ચાલુ આચાર તો વિસદૃશ છે. એ વિસદૃશ આચાર દુર્ગતિરૂપ ખાડામાં પડતાને બચાવવા માટે આધારભૂત નથી.' એ પ્રમાણે મનમાં વિચારીને ગંભીરવૃત્તિએ કરીને પુસ્તક આદિ બધાને જેવું હતું તેવું કરીને ગુરુએ કહેલી રીતવડે રહ્યો. ત્યાર પછી કેટલાક દિવસ બાદ કાર્યનિષ્પત્તિ કર્યા સિવાય આચાર્ય પાછા આવ્યા. અને વિચારે છે કે કોઈપણ સ્થાન હીણ થયું નથી. યાવત્ જિનવલ્લભવડે કરીને મઠ-વાડી-વિહાર, કોષ્ઠાગાર, દ્રવ્યસંગ્રહ આદિ બધાનું રક્ષણ કરાયું છે.

તેથી કરીને જેવી રીતે યોગ્ય રૂપ મેં વિચાર્યો હતો તેવી રીતે નિશ્ચે કરીને આ થશે. અને બીજી વાત-સિદ્ધાંત સિવાય બાકીની બધી જ તર્ક-અલંકાર આદિ વિદ્યાઓ આને શીખી લીધી છે. અને વર્તમાન કાલની અપેક્ષાએ યથાવસ્થિત સંપૂર્ણ સિદ્ધાંત શ્રી અભયદેવસૂરિજી પાસે સંભળાય છે. માટે સિદ્ધાંત વાચના ગ્રહણ કરવા માટે જિનવલ્લભને તેમની પાસે મોકલું. અને સિદ્ધાંત વાચના ગ્રહણ કર્યા બાદ સમસ્ત વિદ્યા વનિતાનો સ્વામી બનેલ એવા આને મારી પાટે સ્થાપીશ.''

''આ પ્રમાણે વિચારીને તેને વાચનાચાર્ય બનાવીને અને નિશ્ચિતતા સાથેની બધી ભોજન આદિ યુક્તિઓ વિચારીને વૈયાવચ્ચ કરનાર જિનશેખર નામના બીજા પોતાના શિષ્ય સહિત એવા જિનવલ્લભને શ્રીઅભયદેવસૂરિ પાસે મોકલ્યો.''

''હવે મરુકોટ્ટની મધ્યમાં થઈને અણહિલ પાટણ જતાં જિનવલ્લભે રાત્રિને વિષે મરુત્કોટ્ટના શ્રાવકો વડે બનાવેલા જિનભવનમાં પ્રતિષ્ઠા કરી. ત્યાર પછી પાટણ આવ્યા. અને અભયદેવસૂરિજી મ. ની વસતિ પૂછીને તેમાં પ્રવેશ કર્યો. અને વસતિમાં અંદર પેઠાં ત્યારે ભગવાન તીર્થંકરના પ્રતીક સ્વરૂપ આચાર્યને જોયા. ખેંચાઈને આવેલા એવા સિદ્ધાંતના વાચનાના અર્થીઓથી પરિવરેલા અને પોતાની વાણીના વૈભવવડે કરીને દેવાચાર્ય=બૃહસ્પતિનો તિરસ્કાર કર્યો છે જેમણે એવા આચાર્ય મહારાજને જોયાં. આ જોઈને ભક્તિના સમૂહથી ઉલ્લસિત થયેલી રોમરાજીરૂપી કંચૂકથી વિકસિત એવી તે કાયારૂપી વેલડીએ કરીને (વડે) તે જિનવલ્લભે વંદન કર્યું. ત્યાર પછી ગુરુમહારાજે તેના દર્શનમાત્રથી 'આ શુદ્ધ આત્મફલકવાળો કોઈક યોગ્ય આત્મા દેખાય છે.' એમ વિચાર કરીને મધુરવાણીવડે પૂછ્યું. 'આપ કોણ? અને આપને અહિં આવવાનું પ્રયોજન શું?'' ''આમ પૂછે છતે જેને બે હાથ જોડ્યા છે એવા અને આચાર્ય મહારાજના દર્શનમાત્રથી પ્રગટ થયેલ અને જેની ઉપમા ન આપી શકાય એવા બહુમાનરૂપી જલવડે કરીને જેનો આંતરમલ ધોવાઈ ગયો છે એવા અને વચનરૂપ અમૃતના વારિવડે કરીને તિરસ્કાર કરેલા છે અમૃતથી ઘડાયેલા ચંદ્રને જેમણે એવા જિનવલ્લભે નમસ્કાર કરીને કહ્યું કે 'હે સ્વામી! પોતાની અખંડ લક્ષ્મીથી ભરેલી એવી જે સ્વર્ગપુરી, એ સ્વર્ગપુરીને દાસી બનાવી દીધી છે જેણે એવી આશિકા નગરીથી હું આવ્યો છું. અને મારા ગુરુમહારાજ શ્રી જિનેશ્વરસૂરિવડે કરીને મધુકર સન્નિભ એવા મને આપના મુખકમલમાંથી ઝરતા મકરંદનું પાન કરવાને માટે મોકલ્યો છે.' ત્યારે અભયદેવસૂરિવડે કહેવાયું કે 'તમે સિદ્ધાંત વાચનાના અભિપ્રાયવડે કરીને અહિં જે આવ્યા તે યુક્ત કર્યું છે.' ત્યાર પછી પ્રધાન દિવસે સિદ્ધાંત વાચના દેવી શરુ કરી. જેમ જેમ ગુરુમહારાજ જિનવચનની વાચના આપે છે તેમ તેમ પ્રમુદિત ચિત્તવાલો થયો છતો તે સુશિષ્ય, સુધારસની જેમ તેનો આસ્વાદ કરે છે. હર્ષથી વિકસિત થયેલા કમળની જેવા તે શિષ્યને જોઈને સંતોષના પોષણથી દ્વિગુણીત થયેલા એવા વાચનાચાર્ય ગુરૂ પણ વાચના દેવાના ઉત્સાહવાલા થયા. વધારે કહેવાથી શું? વસ્તુ જાણવાની બુદ્ધિએ કરીને શ્રીપૂજ્યઆચાર્ય ભગવંત તેમને તેવી રીતે વાચના દેવામાં પ્રવૃત થયા કે થોડાક કાલને વિષે સિદ્ધાંત વાચના પરિપૂર્ણ થઈ ગઈ.''

''હવે અભયદેવસૂરિજી મ. ને પૂર્વે સ્વીકારેલ છે એવો એક જ્યોતિષી હતો. એ જ્યોતિષીએ

કહેલું કે 'જો આપને કોઈ યોગ્ય શિષ્ય થાય તો મને સોંપવો. જેથી કરીને હું તેને સમગ્ર જ્યોતિષ સુપ્રત કરું.' એથી કરીને પૂ. આ. શ્રીઅભયદેવસૂરિ મહારાજે જિનવલ્લભગણિ તેને સોંપ્યો. તે જ્યોતિષીએ પણ સમગ્ર જ્યોતિષનું જ્ઞાન પરિજ્ઞાન સાથે સુપ્રત કર્યું. એ પ્રમાણે સમગ્ર સિદ્ધાંત વાચન જેમણે ગ્રહણ કરેલ છે અને સિદ્ધાંતમાં કહેલી ક્રિયાઓના સમ્યક્ અનુષ્ઠાનમાં બંધાયેલું છે મન જેનું એવો અને સારી રીતે સ્ફુરાયમાન જ્યોતિષ્ શાસ્ત્ર ભણેલો છે તેવો તે જિનવલ્લભ પોતાના ગુરૂપાસે જવા માટે છૂટા થવાની રજા માંગે છે. ત્યારે ભગવંત અભયદેવસૂરિ મહારાજવડે કહેવાયું કે 'હે વત્સ! સિદ્ધાંતમાં કહેલો જે સાધુ સમાચાર તે બધો મારાવડે તને અપાયો છે તો તેને અનુસરીને તું પ્રવર્તજે. અને ક્રિયોદ્ધારવડે બીજા પણ પ્રવર્તે એવું કરજે.' ત્યારે જિનવલ્લભગણિએ પગમાં પડીને જણાવ્યું કે– 'જેવી રીતે પૂજ્યો આદેશ કરે છે તેવી રીતે હું વર્તીશ.' ત્યાર પછી સારા દિવસે રવાના થયો. જે માર્ગે આવ્યો હતો તે માર્ગે પાછો મરુકોટ્ટમાં આવ્યો. આવેલા તેણે સિદ્ધાંતના અનુસારે મંદિરમાં વિધિ લખ્યો. અને વિધિવડે કરીને તે "વિધિ ચૈત્ય" પણ મુક્તિનું સાધન થાય. એ "વિધિચૈત્યની" વિધિ આ પ્રમાણે :—

**अत्रोत्सूत्रजनक्रमो न च न च स्नात्रं रजन्यां सदा।**
**साधूनां ममताश्रयो न च न च स्त्रीणां प्रवेशो निशि ॥**
**जातिज्ञातिकदाग्रहो न च न च श्राद्धेषु ताम्बूलमि।**
**त्याज्ञा-ऽत्रेयमनिश्रिते विधिकृते श्री जैनचैत्यालये ॥१॥**

"અહિંયા-આ વિધિચૈત્યમાં ઉત્સૂત્રવાદી એવા માણસોનું ગમન નહિ, તેવી જ રીતે રાત્રિના સ્નાત્ર મહોત્સવ નહિ, સાધુને મમતા થાય તેવો આશ્રય-નહિં બનાવવો, સ્ત્રીઓને રાત્રિએ મંદિરમાં આવવાનો નિષેધ, જાતિ, જ્ઞાતિનો કદાગ્રહ કરવાનો નહિ. અને શ્રાવકોને તાંબૂલ આપવાનું નહિ. અને કોઈને પણ નિશ્રા નહિ," આવા પ્રકારની બધી વિધિ કરવી. કે જે વિધિવડે કરીને કરાતું ચૈત્યવંદન આદિ અનુષ્ઠાન મુક્તિનું સાધન બને

"ત્યારપછી તે જિનવલ્લભ, ગુરૂ પાસે આવવા પ્રવૃત્ત થયો અને માઈડગામે આવ્યો. કે જે માઈડગામ, આશીકા દૂર્ગ પતનથી છેટૂં હતું ત્યાં રહ્યો અને ત્યાંજ ગુરુ મ. ને મલવા માટે માણસને મોકલ્યો. અને તે માણસની સાથે હાથે લખેલો લેખ આપ્યો. "કે તમારી કૃપાથી સુગુરૂની પાસે વાચના ગ્રહણ કરીને હું અહિ માઈડગામે આવીને રહ્યો છું. તેથી પૂજ્યશ્રીએ પ્રસાદ કરીને અહિંયા આવીને મને મલવું.' આ લેખ વાંચીને ગુરૂએ જાણ્યું કે જિનવલ્લભે આમ કેમ જણાવ્યું છે? એ કેમ અહિં ના આવ્યો?"

"ત્યારપછી બીજે દિવસે સકલ લોકથી પરિવરેલા આચાર્ય મ. સામે ગયા. અને તેની સામે જિનવલ્લભ ગયો. ગુરૂ મ. ને વંદન કર્યું. ગુરુ મહારાજે ક્ષેમકુશલ વાતો પૂછી. તેણે પણ સર્વ વાતો કહી. જિનવલ્લભે પણ બ્રાહ્મણને યોગ્ય એવા જ્ઞાન, નિમિત્ત, મેઘ આદિના સ્વરૂપ વગેરે કેટલીક વાતો

જ્યોતિષબળે તેવી રીતે કીધી કે જેથી કરીને ગુરુ મ.ને મન આશ્ચર્યકારી થયું. થઈ ગયેલી વાતનો જેમ ઉપચાર થાય એવી રીતે ગુરૂ મ. પૂછ્યું કે 'તૂ કેમ અંદર ન આવ્યો?' ત્યારે જિનવલ્લભગણિજી બોલ્યા 'હે ભગવંત! સુગુરૂના મુખથી જિનવચનરૂપી અમૃતનું પાન કરીને હું હવે દૂર્ગતિરૂપી કેદખાનાની અંદર મારા આત્માને પાશ સરખું અને વિષયવૃક્ષ સરખું એવા ચૈત્યવાસને સેવવાને કેમ ઇચ્છું?' ત્યારે ગુરુ મ. કહ્યું કે હે જિનવલ્લભ! મારાવડે પણ આ મનમાં ચિંતવાયેલું કે 'તને મારું પદ સમર્પણ કરીને તારે વિષે મારા ગચ્છની, દેવગૃહની અને શ્રાવક આદિની ચિંતાઓને સ્થાપન કરીને પછી હું ગુરૂની પાસે વસતીમાર્ગને—સાધુ માર્ગને—અંગીકાર કરીશ.''

''ત્યારપછી વિકસિત વદનરૂપી કમલવાળા થયેલા એવા જિનવલ્લભગણિવડે કહેવાયું કે 'હે સ્વામી! આ અત્યંત શોભનીય વાત છે. હેયનો પરિત્યાગ અને ઉપાદેયનો સ્વીકાર કરવો તે જ વિવેકનું ફલ છે. તેથી કરીને આપણે બન્ને જણાં સુગુરૂની પાસે જઈએ.' ત્યારે ગુરૂ જિનેશ્વર સૂરિવડે કંઈક નિઃસાસો નાંખીને આ પ્રમાણે કહેવાયું. 'હે વત્સ! આવા પ્રકારની નિસ્પૃહતા, અમારામાં નથી. કે જેનાવડે કરીને સાર સંભાળ કરવાને માટે સમર્થ એવા પુરૂષને ગચ્છની, દેવગૃહની, વાડી આદિની ચિંતા સોંપ્યા સિવાય સુગુરૂ પાસે વસતિવાસને, સાધુમાર્ગને અંગીકાર કરીએ! તમારે વસતિવાસ અવશ્ય સ્વીકારવો.' આમ સંમતિ મળવાવડે કરીને જિનવલ્લભગણિએ પણ પાટણ તરફ વિહાર કર્યો. અને ઘણાં આદરપૂર્વક અભયદેવસૂરિ મહારાજના ચરણકમલમાં વંદન કર્યું. અને સદ્‌ગુરૂના અતિશયવડે કરીને તેનું સમાધાન થયું. અને અભયદેવસૂરિ મહારાજે વિચાર્યું કે 'જેવી પરીક્ષા કરી હતી. તેવો જ આ થયો. ત્યાર પછી મનમાં જાણતા હોવા છતાં પણ અભયદેવસૂરિમહારાજે કોઈને પણ જણાવ્યું નહિ કે 'અમારા પદને યોગ્ય આ જ છે.' આ કોઈને નહિ કહેવાનું કારણ એ કે 'ચૈત્યનિવાસી શિષ્ય હોવાથી ગચ્છને તે સંમત નહિ થાય માટે' અને તેથી કરીને ગચ્છના આધારક તરીકે એટલે પોતાની પાટે વર્ધમાન સૂરિને સ્થાપ્યા. અને જિનવલ્લભગણિને ક્રિયા ઉપસંપદા આપી. એટલે કે આજથી માંડીને હવે તમારે અમારી આજ્ઞા પ્રમાણે સર્વત્ર પ્રવર્તન કરવું. ખાનગીમાં પ્રસન્નચંદ્રાચાર્યને કહ્યું. 'જ્યારે સારું લગ્ન આવે ત્યારે મારી પાટે તમારે જિનવલ્લભગણિને સ્થાપવો.' એ પ્રમાણે કહીને મુક્તિ નગરની માર્ગદર્શિકારૂપ ભવ્યજનોને માટે નવાંગી ટીકા બનાવીને સિદ્ધાંત યુક્ત વિધિ વડે કરીને સમાધિપૂર્વક અભયદેવસૂરિમહારાજ કાલ કરીને દેવલોક પામ્યા. ત્યારબાદ ગુરૂ મ.ની પાટ પર જિનવલ્લભગણિને સ્થાપન કરવાનો પ્રસ્તાવ–અવસર, પ્રસન્નચંદ્રાચાર્યને ન મલ્યો. ત્યારપછી પ્રસન્નચંદ્રાચાર્યે પણ પોતાના આયુષ્યની સમાપ્તિકાલે દેવભદ્રાચાર્યને જણાવ્યું કે 'દિવંગત ગુરૂ મ.નો ઉપદેશ છે અને તે ઉપદેશને તમારે અવશ્ય પાળવો. મારા વડે એ ઉપદેશનો અમલ કરી શકાયો નથી.' ત્યારે દેવભદ્રાચાર્યે પણ તે વાતનો સ્વીકાર કર્યો. જ્યારે યોગ મળશે ત્યારે તે પ્રમાણે કરાવીશું. તમે તમારી સમાધિમાં રહો.''

હવે જિનવલ્લભ વાચનાચાર્ય પણ કેટલાક દિવસો સુધી પાટણની ભૂમિમાં વિચરીને પછી આ ગુજરાત પ્રદેશમાં તેવા પ્રકારનો વિશેષ બોધ કરી શકાય એવું કોઈ પાત્ર નથી. કે જેથી સમાધાન મેળવી શકાય. એમ મનમાં વિચારીને પોતાની સાથે બીજો એવો તે બન્ને જણાં આગમ વિધિવડે કરીને

સારાં શુકનવડે કરીને ભવ્યજનના મનરૂપી સુક્ષેત્ર ભૂમિને વિષે ભગવંતે કહેલી વિધિરૂપ ધર્મબીજને વાવવા માટે મેવાડ આદિના પ્રદેશમાં વિહાર કર્યો. તે બધા દેશો પણ ચૈત્યવાસી આચાર્યોવડે વ્યાપેલા હતા. અને લોકો પણ એ ચૈત્યવાસીઓથી રંગાયેલા હતા. વધારે શું કહીએ? તેવા પ્રકારના દેશાન્તરમાં રહેલા ગામ, નગર આદિને વિષે વિહાર કરતાં કરતાં ચિત્તોડગઢ આવ્યા. જો કે ત્યાં પણ રહેલા ક્ષુદ્રો (ચૈત્યવાસીઓ વડે) ત્યાંનો જનસમુદાય ભાવિત હતો છતાં પણ તે જિનવલ્લભ વાચનાચાર્યની પાટણમાં મોટી થયેલી પ્રસિદ્ધિ સાંભળેલી હોવાથી જિનવલ્લભગણિને કોઈ કાંઈ અયુક્ત કરવા સમર્થ થતું નથી. ત્યારે જિનવલ્લભગણિએ ચિત્તોડગઢના શ્રાવકો પાસે સ્થાન માંગ્યું. ત્યારે તે લોકોએ કહ્યું કે 'જો તમારે રહેવું હોય તો ચંડિકાનો મઠ છે. ત્યાં રહો.' ત્યારે જિનવલ્લભગણિએ જાણ્યું કે 'આ લોકો દુષ્ટ અભિપ્રાય વડે કરીને આમ કહે છે તો પણ ત્યાં રહ્યાં છતાં દેવગુરુના પ્રસાદથી કલ્યાણ થશે.' એમ વિચાર કરીને તે લોકોને કહ્યું. 'તમારી જો સમંતિ હોય તો અમે ત્યાં રહીશું.' ત્યારે તે શ્રાવકોએ કહ્યું કે 'અમારે તો અત્યંત સંમત છે. ખુશીથી તમે ત્યાં રહો.' ત્યારપછી દેવગુરુનું સ્મરણ કરીને ચંડિકાદેવીની અનુજ્ઞા માંગીને ત્યાં રહ્યા. ચંડિકાદેવી પણ તેમના જ્ઞાન અને ધ્યાનવડે સંતુષ્ટ થયે છતે દત્તાવધાના થઈને તેમનું રક્ષણ કરે છે.''

''ત્યારપછી તે જિનવલ્લભ વાચનાચાર્ય પાસે થોડા થોડા શ્રાવકો પણ આવવા લાગ્યા. અને તેમના સિદ્ધાંત વચનોને સાંભળીને અને તે સિદ્ધાંતાનુસારિ ક્રિયાને પણ જોઈને સાધારણ, અટ્ટક, સુમતિ, પલ્હક, વીરક, માનદેવ, ધંધક, સોમિલ, વીરદેવ આદિ શ્રાવકોએ જિનવલ્લભ વાચનાચાર્યને ગુરૂ તરીકે સ્વીકાર્યા. અને જિનવલ્લભગણિમહારાજને પણ ગુરૂમહાજના ઉપદેશવડે કરીને અતીત, અનાગત આદિ જ્ઞાનવાલું જ્યોતિષજ્ઞાન અતિશયવાળું હતું. હવે એક વખત જિનવલ્લભગણિ પાસે પરિગ્રહનું પરિમાણ સ્વીકારવાને માટે સાધારણ શ્રાવક તૈયાર થયો. ત્યારે જિનવલ્લભગણિએ કહ્યું કેટલા પ્રમાણમાત્રનું પરિગ્રહ પરિમાણ તમારે કરવું છે.? ત્યારે સાધારણ શ્રાવકે કહ્યું કે મારે ૨૦-હજાર બસ છે.''

''વિમલ જ્ઞાનદષ્ટિવાલા એવા જિનવલ્લભગણિએ કહ્યું કે હે શ્રાવક! ઘણું (પરિમાણ કરો) કરો. ત્યારે તેણે ત્રીસ હજાર કર્યા. જ્ઞાનવડે કરીને ફરી કહ્યું કે 'હે મહાનુભાવ! આથી પણ વધારે તું રાખ.' સાધારણ શ્રાવક કહે છે કે 'હે સ્વામી! મારા સમસ્ત ઘરની સાર વસ્તુઓનું મૂલ્ય ગણું તો ૫૦૦=૦૦ રૂપીયા પણ થાય એમ નથી. તો પછી મને અધિક દ્રવ્યની સંપ્રાપ્તિ ક્યાંથી થવાની હતી?' ત્યારે હૂંકારો કરીને ગુરૂમહારાજે કીધું કે ''સર્વ સાધારણને વિષે હે સાધારણ શ્રાવક! પુણ્ય સમૂહવાલાને શું અસંભવ છે? ગણતરીની તુલના કર. ચણા માત્ર વેચવાવાલા સંખ્યાતીત પુરૂષો પણ લક્ષાધિપતિ થઈ ગયા છે.'' આવા અભિપ્રાયપૂર્વકનું ગુરૂવચન સાંભળીને સાધારણે નક્કી કર્યું કે કાંઈક સુવર્ણ આદિ મને થશે. એ પ્રમાણે વિચારીને કંઈક હાસ્ય કરવાપૂર્વક સાધારણ શ્રાવકે કહ્યું કે 'એ પ્રમાણે છે તો હે ભગવાન! સર્વ પરિગ્રહને વિષે મારે એક લાખ રૂપીયા હો.' ગુરૂ મહારાજે આપેલ પરિગ્રહનો પરિમાણનો નિયમ ગ્રહણ કરીને સદ્‌ગુરૂપદની સેવા કરવાવડે કરીને તિરસ્કૃત થયેલો એવો જે અપ્રશસ્ત અંતરાયકર્મ તે દૂર થતાં દિવસે દિવસે વધતી એવી સંપદાવાળો ગુરૂ આજ્ઞાએ કરીને

વિશેષે ચાલતો એવો તે આ સાધારણ શ્રાવક સકલ સંઘનો સાધારણ સહ્નક આદિ શ્રાવકોએ પણ સાધારણ શ્રાવકની જેમ જિનવલ્લભગણિની આજ્ઞાવડે કરીને પ્રવર્તવાનું શરુ કર્યું.''

''ત્યાં ચોમાસું કરેલ છે જેમણે એવા જિનવલ્લભગણિ વાચનાચાર્યને આસોવદી–૧૩–ના દિવસે મહાવીરદેવનું ગર્ભાપહાર કલ્યાણક આવ્યું. કારણકે **पंचहत्थुत्तरे होत्था साइणा परिनिव्वुडे ॥** એ પ્રમાણે પ્રગટ અક્ષરોવડે સિદ્ધાંતમાં પ્રતિપાદન કરેલું હોવાથી. (છટ્ઠું કલ્યાણક પ્રગટ થયું) વળી બીજું તેવા પ્રકારનું કોઈ વિધિચૈત્ય હતું નહિં તેથી કરીને ચૈત્યવાસીના આ ચૈત્યને વિષે દેવોને વાંદીએ તો સારું થાય. ગુરૂમહારાજના મુખકમલમાંથી નીકળેલ વચનની આરાધના કરવાવાળા શ્રાવકોએ કહ્યું કે 'હે ભગવંત! જો આપને સંમત હોય તો તે કરીએ.' ત્યારપછી બધાય શ્રાવકો નિર્મલશરીરવાલા, નિર્મલવસ્ત્રવાલા અને ગ્રહણ કરેલા છે નિર્મલ પૂજાના ઉપકરણો જેમણે એવા ગુરૂની સાથે જિનમંદિરે જવાને તૈયાર થઈ ગયા. તે ટાઈમે દેવગૃહમાં રહેલી સાધ્વીવડે કરીને ઘણાં શ્રાવકના સમુદાયથી પરિવરેલા ગુરૂને જોઈને પૂછ્યું કે 'આજે શું વિશેષપર્વ છે? કે તમે બધા તૈયાર થઈને આવ્યા?' ત્યારે કોઈકે કહ્યું હતું કે 'મહાવીરદેવના ગર્ભાપહાર કલ્યાણક કરવા માટે આ બધા આવે છે', ત્યારે તે સાધ્વીએ વિચાર કર્યો કે 'આવું તો પૂર્વે કોઈનાવડે કરીને કરાયું નથી. તે આ લોકો હમણાં કરશે. પણ તે યુક્ત નથી.' ત્યારે આમ વિચારીને દેવમંદિરના દ્વારે સાધ્વી લાંબી થઈને સૂઈ ગઈ. ચૈત્યગૃહના દ્વારે આવેલા પ્રભુ–જિનવલ્લભવડે આ જોઈને કહેવાયું કે 'આ દુષ્ટ ચિત્તવાલી એવી મારા મરી ગયા પછી ભલે તમે પેસતાં. ત્યારે આ સાંભળીને અપ્રીતિકર વચન જાણીને જિનવલ્લભગણિ પાછા ફરીને પોતાને સ્થાને આવ્યા. શ્રાવકોએ કહ્યું કે 'હે ભગવંત! એમ હોતું હશે? અમારા મોટાં ઘણાં ઘરો છે. તેમાંથી કોઈપણ એક ઘરમાં ચોવીશીનો પટ્ટો સ્થાપન કરીને દેવવંદન આદિ બધી ધર્મ ક્રિયા કરાવો અને છટ્ઠું કલ્યાણક આરાધન કરીએ.' ગુરૂએ કહ્યું 'બરોબર છે, તમારી વાત. આમાં શું ખોટું છે?' અને ત્યાં એ પ્રમાણે નક્કી થયે છતે ત્યાં જઈને વિસ્તારથી કલ્યાણકનું આરાધન કર્યું. અને બધાને શાંતિ થઈ.''

''હવે એક વખત ગીતાર્થ–જાણકાર એવા શ્રાવકોએ મંત્રણા કરી કે આ અવિધિમાં પ્રવૃત્ત થયેલા એવા વિપક્ષ પાસે, ચૈત્યવાસી પાસે જિનેશ્વર ભગવંતે કહેલી વિધિ નથી. તો જો ગુરૂ મહારાજ સંમત થાય તો તળીયે અને ઉપરના ભાગમાં બે દેવગૃહો બનાવીએ. પોતે ચિંતવેલી એ વાત ગુરૂને જણાવી. ગુરૂ મહારાજે પણ કીધું જિનભવન, જિનબિંબ, જિનપૂજન, જિનેશ્વર ભગવાનનો મત જે કોઈ કરે તે આત્માની હથેળીમાં જ મનુષ્યના, દેવતાના અને મોક્ષ સુખના ફળો રહેલાં છે. એ દેશના વડે કરીને શ્રાવકોને વિષે અગ્રેસર એવા શ્રાવકોએ જાણ્યું કે ખરેખર આપણી વાત ગુરૂમહારાજને સંમત છે. લોકની અંદર પણ વાર્તા થવા લાગી કે આ લોકો બીજું દેવગૃહ બનાવે છે. આ વાતો સાંભળીને પાલનપુરના રહેવાસી એવા બહુદેવ નામના શેઠવડે કહેવાયું કે ''આ આઠે કાપાલિકો બીજું દેવગૃહ કરાવશે.'' ઇત્યાદી ત્યારપછી ઉપરના ભાગમાં પાર્શ્વનાથ પ્રભુનું મંદિર બનાવ્યું અને નીચેના ભાગમાં મહાવીરનું મંદિર બનાવ્યું. જિનવલ્લભ વાચનાચાર્યે પણ વિસ્તારપૂર્વક સમસ્ત વિધિ સાથે મોટી પ્રતિષ્ઠા કરાવી. સર્વ સ્થાનોમાં તેની ''અહો આ જ

ગુરૂ મહારાજ કહેવાય'' એમ પ્રસિદ્ધિ થઈ. યાવત્ મરુકોટ્ટના શ્રાવકોએ જિનવલ્લભગણિ આચાર્યને વિહારક્રમે બોલાવ્યા. ઈત્યાદિ. યાવત્ શ્રાવકોમાં ધર્મ પરિણામ ઉત્પન્ન કરીને ફરી પાછા જિનવલ્લભગણિ નાગપૂર તરફ વિહાર કર્યો.''

''હવે આ બાજુ દેવભદ્રસૂરિ મહારાજ વિહારના ક્રમે વિહાર કરતાં અણહિલપૂર પાટણમાં આવ્યા. ત્યાં આવેલા તેમણે વિચાર્યું કે પ્રસન્નચંદ્રાચાર્યે મરણસમયે મને કહેલું કે 'તમારે આ જિનવલ્લભગણિને અભયદેવસૂરિની પાટે સ્થાપવો.' તે માટેનો યોગ્ય સમય હવે અત્યારે છે. તેથી કરીને વિસ્તારથી લેખ લખીને જિનવલ્લભગણિને નાગપૂર મોકલ્યો તેમાં જણાવ્યું કે ''સમુદાયની સાથે તારે ચિત્તોડગઢમાં વિચરવું. અને અમે ત્યાં આવીને અમારું વિચારેલું કાર્ય કરીશું.''

''ત્યારપછી જિનવલ્લભગણિ ચિત્તોડગઢ આવી ગયા. અને દેવભદ્રાચાર્ય પણ પરિવાર સાથે આવ્યા. પં૦ સોમચંદ્રને પણ બોલાવ્યા. પરંતુ તે આવી શકવા સમર્થ થયા નહિ. ત્યાર પછી મોટા વિસ્તારપૂર્વક દેવભદ્રાચાર્યે જિનવલ્લભગણિને અભયદેવસૂરિની પાટે સ્થાપ્યા. યુગપ્રધાનશ્રી અભયદેવસૂરિ ભગવંતના ભક્ત થયેલા જિનવલ્લભસૂરિને જોઈને ઘણો ભવ્યલોક મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થયો. (ખરતર થયો) પદ સ્થાપના કરીને પોતાના આત્માને કૃતકૃત્ય માનતા એવા દેવભદ્રાચાર્યે અણહિલપુર પાટણ આદિ સ્થલોએ વિહાર કર્યો.''

''શ્રી અભયદેવસૂરિની પાટે સ્થાપેલા જિનવલ્લભગણિએ પણ પોતાના આયુષ્યની ગણત્રી કરીને-૬-વર્ષનું આયુષ્ય જાણ્યું. ત્યારે તેને વિચાર કર્યો. એટલા કાલમાં તો ઘણાં ભવ્યોને પ્રતિબોધ કરી શકીશ. એ પ્રમાણે સ્વસ્થ થયેલા જિનવલ્લભાચાર્યને-૬-મહિના ગયા બાદ અકસ્માત્ દેહનું અસ્વાસ્થ્યપણું થયું. અને વિચાર્યું કે 'આમ કેમ થયું?' અહિંયા (મર્મને જાણનારા) કેટલાક ડાહ્યાપુરૂષો કહે છે કે આમાં 'અંકોચ્છિષ્ટ થયું છે. એટલે ગણતરીફેર થઈ છે. છ મહિનાના સ્થાને છ વર્ષ ગણાઈ ગયા છે.' અને એથી કરીને એમણે પણ નક્કી કર્યું કે એટલું આયુષ્ય છે. એમ વિચારીને મહાસત્ત્વશાળી તેમણે સકલ સંઘને મિચ્છામિ દુક્કડં દઈને, ચાર શરણાં સ્વીકારીને, સર્વ જીવોની સાથે ખમત ખામણાં કરીને ત્રણ દિવસનું અનશન સ્વીકારીને વિ. સં. ૧૧૬૭-ના કારતકવદ બારસની રાત્રિના છેલ્લા પહોરે પંચપરમેષ્ઠિનું સ્મરણ કરતાં જિનવલ્લભસૂરિ મહાત્મા ચોથે દેવલોક ગયા'' ઈત્યાદિ **જિનદત્તસૂરિકૃત ગણધર સાર્ધશતકની બૃહદ્વૃત્તિમાં લખેલું છે.**

(હવે જે વાતની શરુઆત થાય છે તે ગ્રંથકારનો સ્વ અભિપ્રાય છે તેમ જાણવું.) તેના અપત્યે-શિષ્યે કહેલો જિનવલ્લભગણિનો આ અધિકાર સાંભળીને સંમોહ કરવો નહિ. કારણ કે માતા-પિતા અને ખજૂર આદિ આપવાવડે કરીને તેમજ-૫૦૦ સોનામહોર આપવાપૂર્વક ખરીદીને દીક્ષા આપેલ અને આચાર્યના નામવાલા, ઉત્સૂત્રનું સ્થાપન કરવાપૂર્વક સાધારણ, સટ્ટક આદિ નવીન સમુદાયની સ્થાપના કરવાનું. અને સાધ્વી દ્વારા ઉત્સૂત્ર નિવારણ કરવાનો સંબંધનું જે વર્ણન છે તે બધું બરાબર છે.

પરંતુ ''યોગ આદિના અનુષ્ઠાનથી રહિત એવા જિનવલ્લભનું પણ સંવિગ્નશેખર શ્રી

અભયદેવસૂરિજી પાસેથી વાચના લેવી. અને અભયદેવસૂરિ સાથે સંબંધ મેળવવા માટે પ્રસન્નચંદ્રસૂરિ આદિનું એક બીજાના કાનમાં કહેવાની પરંપરા, તેમના પટ્ટધર આદિની વાતો'' જિનદત્ત આચાર્ય આદિવડે કલ્પિત ઊભી કરીને લખાઈ છે. એ પ્રમાણે સમ્યક્ બુદ્ધિથી વિચારતા છતે આ બધી ઘટના છિન્ન ભિન્ન થતી હોવાથી અકિંચિત્કર જ જાણવી.

અને આ બધી વાતોની પર્યાલોચના ખરતર, ઔષ્ટ્રિક આદિ નામની વ્યુત્પત્તિ અને વક્તવ્યતાના ટાઈમે કહીશું. અને એથીજ કરીને ઘણું અસંગત હોવા છતાં પણ 'જિનવલ્લભનો અહેવાલ' આગળ બહુ ઉપયોગી થશે. એમ વિચારીને અહિંજ કાંઈક વિસ્તારથી લખ્યો છે. ॥ ગાથાર્થ–૨ ॥ હવે જિનવલ્લભસૂરિ કેવા પ્રકારના થઈને શું કર્યું? તે જણાવવાને માટે ગાથા યુગ્મ કહે છે.

**सो चइउं निअयगुरुं, चित्तउडे चंडिआमढंमि ठिओ ।**
**वासारत्तं अण्णत्थ, वसहिमवगासमलहंतो ॥३॥**
**सुविहिअमच्छरगसिओ, तसिओ सुपहा सुविहिअनियत्थो ।**
**तेणं केइवि सड्ढा वसीकया वयणरयणाए ॥४॥**

તાજેતરમાં કહેવાયેલા તે જિનવલ્લભસૂરિ, પોતાને દીક્ષા આપનાર જે જિનેશ્વર નામના આચાર્ય અથવા ગુરુ તેને છોડી દઈને "**जिणवल्लहकोहाओ**" એ પ્રમાણે વૃદ્ધ વચન હોવાથી જિનવલ્લભે ક્રોધથી છોડ્યા. ક્રોધનું કારણ તો આ પ્રમાણે છે, **पंचहत्थुत्तरे** એ સૂત્રની વ્યાખ્યામાં રભસપણાથી-ઉતાવળીવૃત્તિથી છઠ્ઠા કલ્યાણકની પ્રરૂપણામાં ગુરુવડે કરીને નિવારણ કરવાનું જ સંભવે છે. તે વાતને પ્રગટ કરનારો વૃદ્ધવાદને અનુકૂલ એવો પૂર્વે જણાવેલ જિનવલ્લભગણિના અધિકારમાં 'ગુજરાતની ભૂમિમાં વિચરતાં જિનવલ્લભની કોઈપણને પ્રતિબોધના અભાવથી ચિત્તની સ્વચ્છતા માટે ચિત્તોડગઢ જવું. અને ત્યાં છઠ્ઠા કલ્યાણકની સ્થાપના કરીને ચિત્તની સ્વસ્થતા થઈ' એ અર્થને કહેનારું ગણધર-સાર્ધશતકવૃત્તિનું જ વચન છે. નહિ તો તેવા પ્રકારના અર્થને આપનાર વાક્ય આદિનો અસંભવ હોવાથી. એ પ્રમાણે ક્રોધથી નીકળેલા જિનવલ્લભને ચિત્તોડગઢમાં બીજે કોઈપણ ઠેકાણે ચોમાસું રહેવાનો અવકાશ નહિ મળવાના કારણે 'મિથ્યાદૃષ્ટિ એવી ચંડિકાદેવીની મઠમાં' ચોમાસું કર્યું. તે જિનવલ્લભ કેવા પ્રકારનો છે તે હવે જણાવે છે. "**सुविहितमत्सरग्रस्तः**" તે કાલના અભયદેવસૂરિ–દેવસૂરિ આદિ જે સુવિહિતો તેની ઉપર મત્સરભાવવાળા. એટલે કે તેઓ વડે કરીને અનાદરને પાત્ર થયેલો હોવાથી તે સુવિહિતોને વિષે અંતર્વૃત્તિએ=અંદરખાનેથી ઈર્ષ્યાધીન હતો. અને એ જે ઈર્ષ્યાભાવ હતો તેને પ્રગટ કરનારું ચિન્હ એ છે કે 'તેવા પ્રકારના સુવિહિતો વિદ્યમાન હોવા છતાં પણ કોઈની પણ નિશ્રા સ્વીકાર્યા સીવાય જ યાવજ્જીવ સુધી સ્વેચ્છાચારી પ્રવર્તન અને ઉત્સૂત્ર પ્રરૂપણા વડે કરીને તીર્થને બાધા કરનારા એવા નવીન મતની સ્થાપના કરી' તે પ્રગટ જ છે. અને જો એમ ન હોય

તો છઠ્ઠું કલ્યાણક સ્થાપવાનો સંભવ હોય જ નહિ. અભયદેવસૂરિની નિશ્રાવડે જ આ છઠ્ઠા કલ્યાણકની પ્રવૃત્તિ થઈ હશે એવી શંકા પણ કરવી નહિં. કારણ કે તેની નિશ્રાવગર જ આ પ્રવૃત્તિ થઈ હોવાથી. જે આગળ બતાવવામાં આવશે.

વળી તે જિનવલ્લભ કેવા પ્રકારનો છે? **त्रस्तः** ત્રાસિતની જેવો ત્રસ્ત એટલે ભ્રષ્ટ. કોનાથી ભ્રષ્ટ? તો સુપથથી. જિનોદિત જે માર્ગ તેનાથી ભ્રષ્ટ. વળી કેવો? સાધુવેશધારી અથવા સાધ્વાભાસ. વળી કેવો? અનંતાનુબંધી કષાયના ઉદય સિવાય ઉત્સૂત્રના માર્ગના પ્રવર્તનનો અસંભવ હોવાથી. અનંતાનુબંધી કષાયવાળો. અનંતાનુબંધી કષાયવાળો નિશ્ચયે કરીને મિથ્યાદષ્ટિ જ હોય છે. અને મિથ્યાદષ્ટિઓ સુવિહિતો પ્રતિ મત્સર ભાવ ધારણ કરનારા જ હોય છે. જો કે ક્યારેક વચનમાત્ર દ્વારાએ કરીને સુવિહિતને અનુકૂલ જણાવેલ છે. તો પણ તે ઝેરથી ભરેલા ઘડાઓ અમૃતના ઢાંકણારૂપ જ સમજવા.

જેવી રીતે સાંપ્રતકાલે કેટલાક કુપાક્ષિકો, ''અમે તપગચ્છના સાધુઓમાં જ મહાનુભાવપણાની શ્રદ્ધા કરીએ છીએ.' એમ પ્રત્યક્ષ બોલતા દેખાય છે. તે કારણવડે કરીને સુવિહિતની ભ્રાંતિ ઉત્પન્ન કરીને તે જિનવલ્લભાચાર્ય વડે પોતાના વચનની ચાતુરીએ કરીને કાલના પ્રભાવથી કેટલાક જ શ્રાવક અને શ્રાવિકાઓને, પણ બધાને નહિ. તે પ્રદેશનો જે સંઘ હતો તેનો એક ભાગ જ પોતાને આધીન કરી લીધો. ॥ ૩-૪–ગાથાનો અર્થ ॥

હવે જિનવલ્લભસૂરિએ શું પ્રરૂપ્યું? તે જણાવે છે.

**तेसिं पुरओ पढमं, छट्ठं कल्लाणगंपि उवइट्ठं ।**
**निअचिंतिअकज्जट्ठा, वारिज्जंतेण तेणेव ॥५॥**

જે શ્રાવકોને પોતાને વશ કરેલાં છે તેની આગળ પહેલાં તો વિપરીત બોધના કારણરૂપ એવું છઠ્ઠું કલ્યાણક પ્રરૂપ્યું. વિપરીત બોધનું કારણ તો ઉત્સૂત્ર વચનને જણાવવાનો અવસર આવશે ત્યારે જણાવીશું. છઠ્ઠું કલ્યાણક શા માટે પ્રરુપ્યું? તો પોતાના ચિંતવેલા કાર્યને માટે અર્થાત્ 'મારે અવશ્ય છઠ્ઠું કલ્યાણક થાપવું છે.' એ પ્રમાણે મનમાં ચિંતવેલું જે કાર્ય તે માટે પ્રરુપાયું. કોનાવડે? જિનવલ્લભવડે જ. એટલે **છઠ્ઠા કલ્યાણકની પ્રરુપણાનું મૂલ જિનવલ્લભ જ છે. બીજું કોઈ નથી.** શું કરતાં છતાં? તો કહે છે કે તીર્થવડે વારવા છતાં પણ. આનો ભાવ એ છે કે પ્રવચનને ઉપઘાત કરનાર એવું અનુચિત પ્રવૃત્તિવાલું વચન, જો બળવાન્ એવો પુરૂષ હોય તો પણ તીર્થંકરની આજ્ઞા અનુસરનાર એવા સંઘે તેનું નિવારણ કરવું જ જોઈએ, એમ વિચારીને હે જિનવલ્લભ! તમે આમ ન પ્રરુપો? એ પ્રમાણે આક્રોશિત વચનોવડે કરીને તીર્થે–સંઘે નિવાર્યા છતાં પણ તીર્થની અવગણના કરવાપૂર્વક જ અભિનિવેશવશ થઈને છઠ્ઠું કલ્યાણક સ્થાપ્યું અને સંઘબાહ્ય થયા. નહિંતર આમ જો ન હોત તો સંઘવડે કરીને બહિષ્કારનો અસંભવ છે. લોકને વિષે પણ પ્રતીત છે કે અપરાધીના અપરાધને ઉદ્ભવાવ્યા સિવાય બહિષ્કાર કરી શકાતો નથી. જિનવલ્લભનું સંઘબહારપણું ખરતરો વડે

જ સંઘપદ્દકમાં કહેવાયું છે. અમે નથી કહેતા. તે આ પ્રમાણે :—

संघत्राकृत चैत्यकूटपतितस्यान्तस्तरां ताम्यत-
स्तन्मुद्राद्दृढ पाशबन्धनवतः शक्तश्च न स्पन्दितुम् ।
मुक्त्यै कल्पितदानशीलतपसो ऽप्येतत्क्रमस्थायिनः ।
सङ्घव्याघ्रवशस्य जन्तुहरिणव्रातस्य मोक्षः कुतः ॥१॥

સંઘપટ્ટકમાં આ શ્લોકની વૃત્તિનો એકદેશભાગ આ પ્રમાણે છે :—''તેવી જ રીતે વર્તમાનકાલીન એવા સંઘની પ્રવૃત્તિનો પરિહાર કરવાવડે કરીને આચાર્ય જિનવલ્લભસૂરિ આદિઓનું સંઘ બાહ્યત્વ થયું તે તેઓનું ભૂષણ છે. દૂષણ નથી. કારણ કે તે વર્તમાનકાલીન પ્રવૃત્તિનું ઉત્સૂત્રપણું હોવાવડે કરીને તે પ્રવૃત્તિને કરવાવાળાનો દારુણ દુર્ગતિના વિપાકને સાંભળવા વડે કરીને જે પરિહાર કર્યો, તે પરિહાર કરવાવડે કરીને ચાલુ સંઘથી બાહ્ય થવાપણું છે તે તેઓના ચિત્તમાં—જિન વલ્લભઆદિના ચિત્તમાં રૂચેલું હોવાથી.'' ઇત્યાદિ વચનોવડે કરીને તે કાલે તે જિનવલ્લભનું સંઘબાહ્ય કરવાપણું સિદ્ધ જ થાય છે. એમ નહિં કહેવું કે જિનવલ્લભસૂરિનું સંઘ–બહારપણું થયું તે ચૈત્યવાસીસંઘની અપેક્ષાએ જ.

ચૈત્યવાસી એવા સાધુઓ વડે કરીને પણ સુસાધુ સમુદાયનું વચન દ્વારા પણ તેવા પ્રકારના પરાભવ કરવાનું અશક્યપણું હોવાથી. લોકને વિષે પણ ઉન્માર્ગગામી ઘણો જનસમુદાય હોય તો પણ શું માર્ગે ચાલનાર પ્રાણીને વચનથી પણ પંક્તિ બહાર કરવાને સમર્થ થઈ શકે? નથી થઈ શકતો. કારણ કે–તેવા પ્રકારના જગતના વ્યવહારનો અસંભવ હોવાથી. જો એમ ન હોય તો અભયદેવસૂરિ આદિઓને પણ (ચૈત્યવાસીઓથી) તેવા પ્રકારનો પરાભવનો સંભવ હોત. એવું કોઈકાલે જોયું કે સાંભલ્યું નથી કે અસંવિગ્ન સમુદાયવડે કરીને સંવિગ્ન સમુદાય, સંઘ બહાર કરાયો હોય.

વળી બીજી વાત એ છે કે ખરતરવડે જ ''ઐદંયુગીન એટલે સાંપ્રતકાલીન સંઘપ્રવૃત્તિનો પરિહાર કરવાવડે કરીને'' ઇત્યાદિ કહેલું છે. ''નહિ કે ચૈત્યવાસી સંઘવડે'' એ પ્રમાણે કીધું નથી. અને તેથી કરીને તીર્થને નહિં સંમત એવા વચનનું પ્રકાશન કરવાવડે કરીને અને વારવા છતાં પણ નહિં પાછા ફરનાર એવા જિનવલ્લભનું પૂર્ણિમાની પક્ખી કરનાર ચંદ્રપ્રભાચાર્યની જેમજ સંઘ બાહ્યપણું જાણવું. આમ કહેવાવડે કરીને ''અભયદેવસૂરિ નિશ્રા સ્વીકારીને જ જિનવલ્લભ વિચરતાં હતાં'' ઇત્યાદિ જે કોઈક વાચાલ બોલી રહ્યો છે તેના મોંઢે આ વચનવડે તાળું માર્યું એમ જાણવું. કારણકે અભયદેવસૂરિની નિશ્રા અંગીકાર કરીને વિચરનારને સંઘબાહ્ય કરવાપણાનો અસંભવ હોવાથી. વળી બીજી વાત એ છે કે જો આ જિનવલ્લભ, સંઘ બહાર ન થયો હોત તો તે વખતના સંઘને **વાઘની ઉપમા પણ ન આપત.**

તેથી કરીને સંઘે વારવા છતાં પણ છઠ્ઠું કલ્યાણક સ્થાપ્યું. અને સંયતિએ નિવારવાનું તો ખરતરે પણ કહેલું છે. તે વાત પૂર્વે કહેલાં જિનવલ્લભના અધિકારમાં સ્પષ્ટ જ છે. અને જ્યારે એક સાધ્વીએ નિવારેલું સિદ્ધ થાય છે. તો સંઘે નિવારવું તો નિશ્ચે જ સિદ્ધ થાય : કારણ કે સાધ્વી, સંઘની

અંતર્ભૂત હોવાથી. ॥ ગાથાર્થ-૫ ॥ આ પ્રમાણે પ્રરુપણા કરતો જિનવલ્લભ જેવી રીતે પરલોકને પામ્યો તે રીત બતાવતાં છતાં ગ્રંથકાર જણાવે છે કે :—

**एवं वुग्गाहंतो, अण्णत्थवि विहरिऊण कइ वरिसे ।**
**निअयपयसीसरहिओ, कालगओ कालजोगेण ॥६॥**

એ પ્રમાણે છઠ્ઠા કલ્યાણકની પ્રરૂપણા કરવા વડે કરીને તેવા પ્રકારના ક્લિષ્ટકર્મને વશ થયેલા આત્માઓને ઠગતો ચિત્રકૂટથી નાગપૂર આદિના બીજા સ્થલોમાં કેટલાક વર્ષો સુધી વિચરીને પોતાના જ સ્થાનને ઉચિત એવા કોઈપણ શિષ્યને થાપ્યા સિવાય જ તેવા પ્રકારની કાલસામગ્રી પ્રાપ્ત થયે છતે કાલ પામ્યો મરણ પામ્યો. અર્થાત્ પોતાના પદને ઉચિત એવા વારસદાર સિવાય પરલોકને પામ્યો. અર્થાત્ ઘણોકાલ વિચરવા છતાં પણ 'જિનવલ્લભસૂરિએ અમૂકને દીક્ષા આપી' એવી વાત સાંભળવામાં પણ આવતી ન હોવાથી નિર્વંશીયાપણામાં જ કાલ પામ્યા તેમાં શંકા કરવા જેવું નથી. વળી જિનવલ્લભનું નિરપત્યત્વ સૂચવનારી એવી ઘણી યુક્તિઓ પ્રસંગ પ્રાપ્ત થયે છતે આગળ કહેવાશે. ॥ ગાથાર્થ-૬ ॥

હવે જિનવલ્લભની વક્તવ્યતાનો ઉપસંહાર કરતાં જણાવે છે કે

**इअ जिणवल्लहजाओ, कुच्चयरा नामओ अ विहिसंघो ।**
**खरयमयबीअंति अ, काऊमिह समासओ भणिओ ॥७॥**

આ પ્રકારે નામથી કરીને કૂર્ચપૂરીય ગચ્છમાંથી જ **'વિધિસંઘ'** ઊભો થયો.પરમાર્થથી **અવિધિસંઘ** ઊભો થયો. જેમ પરમાર્થથી **અનાગમિક** હોવા છતાં **આગમિક** તરીકે મત ઊભો થયો તેવી રીતે ખરતરમતબીજક એવો આ વિધિસંઘ, જિનવલ્લભથી ઉત્પન્ન થયો. એ અમે સંક્ષેપથી જણાવ્યું. નહિતર **हतं सैन्य अनायकं**-એ ન્યાયે જિનવલ્લભસૂરિનું નિરપત્યત્વપણું સિદ્ધ થયે છતે તેના મતનું પણ તેની સાથે ઉચ્છિન્ન થવાપણું સંભવે. અને એથી કરીને મતની પ્રવૃત્તિ કહેવી તે અયુક્ત કહેવાય. તેથી જ ખરતર મતના બીજભૂત કહેલું છે. ॥ ગાથાર્થ-૭ ॥ હવે ખરતર મતના બીજભૂત વિધિસંઘ કેવી રીતે? તે કહે છે.

**कुच्चयरा विहिसंघो, दुग्गमिवऽ वलंबिऊण विहिसंघं ।**
**जिणदत्ताओ खरयरनामेण, पवट्टिअं कुमयं ॥८॥**

કૂર્ચપૂરગચ્છીય જિનેશ્વર સૂરિ શિષ્ય જિનવલ્લભથી વિધિસંઘ ઉત્પન્ન થયો. આ વિધિસંઘની ઉત્પત્તિ, વિક્રમસંવત-૧૧૩૦થી માંડીને ૧૧૫૦ના વચગાળામાં સમજવી. આ વિધિસંઘનું આલંબન લઈને જિનદત્તથી ખરતર નામનો કુમત પ્રવર્ત્યો. ॥ ગાથાર્થ-૮ ॥ હવે જિનદત્તવડે કરીને વિધિસંઘનો આશ્રય કેવી રીતે લેવાયો? તે કહે છે.

**निस्सामिअसमवायं, मुणिऊण य सोमचंददव्वमुणी ।**
**सूरी हवित्तु सामी जाओ जिणदत्तनामेण ।।६।।**

નિરપત્ય એવા જિનવલ્લભ પરલોક ગયે છતે કોઈક ધર્મદેવ ઉપાધ્યાયનો શિષ્ય કોઈક સોમચંદ્ર નામનો દ્રવ્યલિંગધારી, તે નિઃસત્તાકીભૂત સ્વામી એટલે જેનો જિનવલ્લભ નામનો સ્વામી નિઃસત્તાક થઈ ગયો છે તેવા. અર્થાત્ જિનવલ્લભે સ્થાપેલ વિધિસંઘ નામનો જે સમુદાય તેને તેવા પ્રકારનો જાણીને એટલે કે નિર્નાયક બનેલા વિધિસંઘને જાણીને કોઈક પણ સંતોષપ્રદ હેતુભૂત એવા કારણો વડે કરીને સતીર્થ એવા દેવભદ્રસૂરિ પાસેથી **જિનદત્ત** નામ ધારણ કરવાપૂર્વક આચાર્યપદ લઈને તે વિધિસંઘનો નાયક બની ગયો.

જે જિનવલ્લભના સમુદાયની અંદર જો આ સોમચંદ્ર માલીક ન થયો હોત તો તે કાલે જ નિઃસ્વામીત્વ હોવાથી તેનો સંઘ અને તેનો મત નામશેષ બની ગયો હોત. તેથી કરીને સોમચંદ્ર વડે જ કરીને (જિનદત્તવડેજ) તેના મતના અગ્રેસર થઈને આજસુધી અવિચ્છિન્ન પ્રવૃત્તિવાળો તે કુમત બનવા પામ્યો. હવે જિનદત્તનું સ્વરૂપ જણાવવાને માટે બીજે કોઈ ઠેકાણે કહેલું ખરતરોને સંમત થાય કે ન થાય; પરંતુ હંમેશા (ખરતરોને જે) પ્રાતઃ સ્મરણીય એવું જે **ગણધર સાર્ધશતક** છે તે જ જાણવું. તે ગણધરસાર્ધશતક પણ જો બરોબર વિચારવામાં આવે તો એક નવું નાટક સર્જાયું હોય તેમ જણાય છે. તે ગણધરસાર્ધશતકની વૃત્તિમાં કહેલું જિનદત્તનું ચરિત્ર લખીએ છીએ.

## ॥ અથ જિનદત્તાધિકારઃ ॥

''પૂર્વે ખરેખર જિનેશ્વર સૂરિ સંબંધીના ધર્મદેવ નામના ઉપાધ્યાયની ગીતાર્થ સાધ્વીઓએ ધોળકામાં ચોમાસું કર્યું હતું. તે વખતે સાધુના ભક્ત **વિચ્છિગ** નામના શ્રાવકની પત્ની **છાહડદેવી** પુત્ર સહિતની તે સાધ્વીઓની પાસે ધર્મ સાંભળવા આવતી હતી. તે સાધ્વીઓ પણ તેણીને વિશેષ પ્રકારે કરીને ધર્મકથા આદિ કરે છે. અને ગુરુના ઉપદેશથી શુભ, અશુભને તથા પુરૂપના લક્ષણને જાણતી હતી. તેણીના પુત્રના પ્રધાન લક્ષણોને જુએ છે. અને તે લાભકારક જાણીને તેની માતાનું સાધ્વીઓ બહુ આવર્જન કરે છે. વધારે શું કહીએ? સાધ્વીઓએ તેણીને તેવી રીતે આવર્જી લીધી કે તે સાધ્વીઓ કહે તેમજ કરવાવાળી થઈ ગઈ.''

''ત્યારબાદ સાધ્વીઓએ તે છાહડદેવીને કહ્યું કે 'હે ધર્મશીલે! આ તારો પુત્ર' વિશિષ્ટ એવા યુગપ્રધાનના લક્ષણને ધારણ કરનારો છે. તેથી કરીને આ પુત્રને જો અમારા ગુરુને આપે તો તને મહાન્ ધર્મની પ્રાપ્તિ થશે. અને આ પુત્ર સમસ્ત જગતના મુગટ સમાન થશે.' તેણે પણ તે વાત સ્વીકારી. ત્યારપછી ચોમાસા બાદ ધર્મદેવ ઉપાધ્યાયને સ્વરૂપ જણાવ્યું કે 'અમારા વડે અહિયા એક પાત્ર પ્રાપ્ત થયું છે કે જેનાવડે કરીને તમે શોભો.' તે જાણીને ધર્મદેવ ઉપાધ્યાય પણ જલ્દી આવ્યા અને એમણે પૂછ્યું (ક્યાં છે? તેને બતાવો) અને જાણ્યું કે નિશ્ચે કરીને આ સામાન્ય પુરૂષ નથી. ત્યારે શું? પરંતુ ગુરૂપદને યોગ્ય થશે તેથી કરીને તેની માતાને પૂછ્યું કે 'તને જો સંમત હોય તો

દીક્ષા આપીએ.' ત્યારે પુણ્યશાળી માતાએ કહ્યું કે 'હે ભગવંત! મહેરબાની કરીને તે પ્રમાણે કરો. જેથી કરીને મારો પણ નિસ્તાર થાય.' વળી ઉપાધ્યાયે પૂછ્યું કે આ છોકરો કેટલા વર્ષ પ્રમાણનો થયો? ત્યારે તેની માતાએ કહ્યું. વિ. સં. ૧૧૩૨માં જન્મ થયો. તેથી કરીને ૧૧૪૧ના સંવત્સરમાં શુભલગ્ને ઉપાધ્યાયે દીક્ષા આપી. અને તેનું **સોમચંદ્ર** એવું નામ કર્યું.

ત્યારપછી ઉપાધ્યાયે સર્વદેવગણિને કીધું કે—કેટલાક વર્ષ આનું પરિપાલન કરો. બહારભૂમિ લઈ જવું આદિ બધું કાર્ય કરવું અને ક્રિયાકલાપ શીખવાડો. તથા આને ઘરમાં સૂત્રપાઠ કરેલો નથી એથી કરીને 'કરેમિભંતે' ઇત્યાદિ પાઠ ભણાવો. (આમ કહીને એને સોંપ્યો) વ્રતના પહેલા દિવસે સર્વદેવગણિવડે કરીને સોમચંદ્રમુનિ (નવદીક્ષિત) બહારભૂમિ લઈ જવાયો. ત્યાં અજ્ઞાનપણું હોવાથી ઉગેલાં ક્ષેત્રોને (ઉગેલા છોડવાઓને) તોડ્યા. ત્યારપછી શિક્ષાને નિમિત્તે (એને શિક્ષા કરવા માટે) રજોહરણ અને મુહપત્તિ, સર્વદેવગણિએ ખેંચી લીધા. અને કહ્યું કે 'વ્રતગ્રહણ કર્યા પછી છોડવાઓ કેમ તોડે છે? માટે તું તારા ઘરે જા.' આમ કહ્યું. તે વખતે ઉત્પન્ન પ્રતિભાવાલા એવા સોમચંદ્રે કહ્યું. 'ગણિમહારાજે કર્યું તે બરાબર અને યુક્ત કર્યું છે; પરંતુ મારી ચોટલી તમે લીધી છે એ તમે પાછી આપો. એટલે મારા ઘરે જાઉં.' આ વાત સાંભળીને સર્વદેવગણિને આશ્ચર્ય થયું કે—'નાનકડો બાલક છે છતાં સાચા ઉત્તરોનું દેવાપણું કેવું છે? આનો જવાબ શું દેવો?' આ બધી વાત ધર્મદેવ ઉપાધ્યાય પાસે સર્વદેવગણિએ જણાવી. ધર્મદેવ ઉપાધ્યાયે ચિંતવ્યું. આ યોગ્ય થશે.''

''આખા પાટણની અંદર ભમતાં એવા સોમચંદ્રે લક્ષણપંજિકા આદિ શાસ્ત્રો ભણવાનો આરંભ કર્યો. એ પ્રમાણે ભાવદેવસૂરિની ધર્મશાલામાં પંજિકા ભણવાને માટે એક વખત જતાં એવા સોમચંદ્રને કોઈક ઉદ્ધત શ્રાવકવડે કહેવાયું કે 'હે સિતપટા! ભણવા માટે કપાલિકાનું ગ્રહણ શું કામ?' ત્યારે સોમચંદ્રે કહ્યું કે 'તારા મુખને ચૂરવા માટે અને મારા-મુખને શોભાવવા માટે.' એવું કહેવાથી પોતે કાંઈપણ બોલી શકવાને સમર્થ ન હોવાથી નિરુત્તર થઈને શ્રાવક ચાલ્યો ગયો. અને સોમચંદ્ર ભણવાને સ્થાનકે ગયો. ત્યાં અધિકારીઓના છોકરાંઓ પંજિકા ભણી રહ્યાં છે.''

''એક વખતે આચાર્યે પરીક્ષા માટે સોમચંદ્રને પૂછ્યું કે **न विद्यते वकारो यत्र स नवकारः।** યથાર્થ નામ છે એમ આચાર્યે કીધું. આ પ્રમાણે કહેતાંની સાથે તૂરત જ સોમચંદ્રે કીધું—એવું ન બોલો ત્યારે શું? **नवकरणं नवकारः** આમ વ્યુત્પત્તિ કરવી જોઈએ. આચાર્યે જાણ્યું ખરેખર આનો અત્યંત સદુત્તર છે. આની સામે બોલી શકાય તેવું નથી.

''હવે એક વખત લોચનો દિવસ હતો. તેથી સોમચંદ્ર વ્યાખ્યાન ભણવા માટે આવ્યો નહિ. વ્યાખ્યાનની વ્યવસ્થા આ પ્રમાણેની હતી કે—જો એક પણ છાત્ર, વ્યાખ્યાન વખતે ન આવે તો વ્યાખ્યાન ન થાય. ત્યારે અધિકારીઓના પુત્રોએ ગર્વ સાથે આ પ્રમાણે કહ્યું કે—હે આચાર્ય મિશ્ર! સોમચંદ્રના સ્થાને આ પથરો ધરેલો છે. માટે તમે વ્યાખ્યાન ભણાવો. એથી કરીને તે અધિકારીઓના પુત્રોના અનુરોધે કરીને વ્યાખ્યાન ચાલું કર્યું. બીજે દિવસે સોમચંદ્ર આવ્યો અને છાત્રોને પૂછ્યું કે ગઈકાલે મારા વિના પાઠ કેમ ચલાવ્યો? ત્યારે તે અધિકારી પુત્રોએ કહ્યું કે 'તારાવતી સામે પથરો

ધર્યો હતો.' સોમચંદ્રે કહ્યું કે 'કોણ પથરો છે? અને કોણ પથરો નથી? તે હમણાં જ જણાશે.' જેટલી પંજિકા તમે ભણી ગયા હોય તેટલી મને પૂછો. અને હું પણ તમો બધાને પૂછું. જે યથાર્થ વ્યાખ્યાન નહિં કહે તે પત્થર. આચાર્યે કહ્યું કે 'હે સોમચંદ્ર! પ્રજ્ઞા આદિના સૌરભ્યગુણથી ભરપૂર એવો તું કસ્તુરી છો એ પ્રમાણે હું જાણું જ છું. પરંતુ આ મૂર્ખાઓએ પ્રેરણા કરવાવડે કરીને મેં વ્યાખ્યાન કર્યું હતું માટે તું માફ કર.' એ પ્રમાણે પંજિકા પાઠ જાણવો. અશોકચંદ્ર આચાર્યે તેમની વડી દીક્ષા કરી અને

હરિસિંહ આચાર્યે પંડિત સોમચંદ્રને સિદ્ધાંત વાચના આપી. તેમ જ મંત્રપુસ્તિકા આપી. જેના વડે કરીને સિદ્ધાંત વાચના પોતે ગ્રહણ કરેલી તે કપાલિકા=કવળી, આચાર્યે તેને તુષ્ટ થઈને તેને આપી. તેવી રીતે તુષ્ટ થયેલા દેવભદ્રાચાર્યે કાષ્ઠોત્કીરણ-લાકડું ખોદી અક્ષર પાડતી કલમ આપી.

તેના વડે કરીને મહાવીર ચરિત્ર આદિ ચાર કથાશાસ્ત્રો પટ્ટિકામાં લખ્યા. એ પ્રમાણે પંડિત સોમચંદ્ર ગણી, જ્ઞાની–ધ્યાની–સૈદ્ધાંતિક–સર્વજન મનોહારી–શ્રાવકોને આહ્લાદકારી, સાધુના આચારવડે કરીને ગ્રામાનુગ્રામ વિચરે છે. આ બાજુ દેવભદ્રાચાર્યે જિનવલ્લભસૂરિની દેવલોકગમનની વાર્તા સાંભળી અને અત્યંત ચિત્ત સંતાપ થયો. 'અહો સુગુરુઓનું પદપ્રકટ કર્યું હતું; પરંતુ નષ્ટ થયું.' ત્યાર બાદ દેવભદ્રાચાર્યનું ચિત્ત આવા પ્રકારનું થયું કે 'જિનવલ્લભસૂરિ' યુગપ્રધાનપદયોગ્ય એવા પદને સ્થાપન કરવા વડે કરીને જો ન સ્વીકારાય તો ભક્તિ કરી શું કહેવાય? અને એથી કરીને આચાર્યે વિચાર્યું. 'આ ગચ્છની અંદર તેમના પદને યોગ્ય કોણ છે?' એવી વિચારણામાં પંડિત સોમચંદ્રગણિ દેખાયો. ખરેખર! આ જ આ પદને યોગ્ય છે. એમ નિશ્ચય કર્યો.''

''(વળી) શ્રાવકોને જ્ઞાન–ધ્યાન–ક્રિયા તત્પરતાપણાવડે કરીને આનંદકારી છે. ત્યાર બાદ સર્વ સંમતિ પૂર્વક સોમચંદ્રને લેખ મોકલ્યો કે તમારે ચિત્તોડ જલ્દી આવવું. જેથી કરીને જિનવલ્લભસૂરિ-પદ સ્થાપના થાય. નથી જણાતું કે તે પદપર કોણ બેસશે? જિનવલ્લભસૂરિ પદની પ્રતિષ્ઠા વખતે તું આવ્યો નહતો. અને તેના પદની પર સ્થિર થવા માટે ઘણાં લાંબા કાનવાલા, ગૌરવર્ણવાલા, શ્રીપર્ણના પાંદડાંની જેવા આંખવાલા ને સાક્ષાત્ કામદેવ જેવા ગુજરાતમાં ઉત્પન્ન થયેલા સાધુઓ તૈયાર હતા. પરંતુ યોગ્યતા તો ગુરુઓ જ જાણતાં હોય છે. વધારે કહેવા વડે કરીને શું? દેવભદ્રાચાર્ય–પંડિત સોમચંદ્ર અને બીજા પણ સાધુઓ ચિત્તોડ આવ્યા. સામાન્યથી બધો લોક જાણતો હતો કે 'જિનવલ્લભસૂરિની પદની સ્થાપના થશે. પરંતુ તે પદપર કોણ બેસશે? તે જણાતું નથી'. શ્રી જિનવલ્લભસૂરિએ પ્રતિષ્ઠિત કરેલા અને સાધારણ શ્રાવકે બનાવેલા એવા મહાવીર સ્વામીના ચૈત્યમાં પદ સ્થાપના થશે. ત્યાર પછી પોતે નક્કી કરેલ લગ્નનો જે દિવસ હતો તેના આગલા દિવસે દેવભદ્રાચાર્યવડે કરીને એકાંતમાં પંડિત સોમચંદ્રને કહેવાયું કે 'આ દિવસે તમારી પદસ્થાપના લગ્ન વિચાર્યું છે.' એટલે કે જિનવલ્લભસૂરિની પાટે તમને સ્થાપવાના છે. ત્યારે પંડિત સોમચંદ્રે કહ્યું કે 'જો તમોને સંમત હોય તો યુક્ત છે; પરંતુ જે લગ્ને તમે સ્થાપના કરવા માંગે છો તે લગ્ન ચિરજીવિતને આપનાર નહિં થાય. છ દિવસ બાદ શનિવારના દિવસે જે લગ્ન છે તે લગ્ને બેઠેલા–

પ્રતિષ્ઠિત થયેલા એવા અમારો ચારેય દિશામાં વિચરતાં ચતુર્વિધશ્રી શ્રમણસંઘ, જિનવલ્લભસૂરિના વચનવડે ઘણો થશે. અને ચિરજીવીતપણું પણ થશે.' આ સાંભળીને દેવભદ્રાચાર્યે પણ કહ્યું કે 'તમે કહો છો તેવું અમે પણ શોધી રહ્યા છીએ. અને તે લગ્ન પણ દૂર નથી.' (તમે કહો છો) તે લગ્નમાં જ થાવ.''

''તેથી કરીને તે જ દિવસે જિનવલ્લભસૂરિની પાટે મોટા આડંબરે સંધ્યા સમયે લગ્નવેળા પ્રાપ્ત થયે છતે **જિનદત્ત** નામ આપવાપૂર્વક તેમની પાટે યુગપ્રવરને સ્થાપ્યા. ત્યાર પછી વાજતે ગાજતે જિનદત્ત સૂરિ મ. ને વસતિમાં લવાયા. પ્રતિક્રમણ કર્યા પછી વંદન કરીને પછી દેવભદ્રસૂરિવડે કહેવાયું કે દેશના આપો. ત્યાર પછી સિદ્ધાંતમાં કહેલા ઉદાહરણોને અનુસરીને મનોહર અમૃત ઝરતી એવી સંસ્કૃતવાણીના પ્રબંધવડે કરીને એવી રીતની દેશના આપી કે જેના વડે કરીને 'આ ટૂંકા શરીરવાલા અને કાળાવર્ણવાલાને શું પાટપર બેસાડ્યો? શું બીજા ગૌરવર્ણવાલા–લાંબા કાનવાળા–વિશાલ લોચનવાળા એવા ગચ્છમધ્યે સાધુ નહોતા?' ઈત્યાદિ કલૂષિત ભાવોને છોડીને સાંભળનારી બધી પ્રજા રંજિત થઈ છતી બોલે છે કે 'ખરેખર! સિંહપદે સિંહને જ બેસાડ્યો છે. ને શોભે છે. ધન્ય છે તે દેવભદ્રાચાર્યને. આવા પ્રકારના રત્નપાત્રની પરીક્ષા કરી છે. અમારા જેવા નિર્લક્ષણ સ્થૂલમતિઓ શું જાણે?''

''હવે એક દિવસ દેવભદ્રાચાર્યવડે કરીને જિનદત્તસૂરિને વિનંતિ કરાઈ કે–કેટલાક દિવસો બાદ–કેટલાક દિવસ પાટણની બહાર વિચરવું જોઈએ. જિનદત્તસૂરિવડે કહેવાયું કે એ પ્રમાણે કરીશું! હવે એક દિવસે સાધુના વિષયમાં જિનશેખરવડે કરીને કલહઆદિ કાંઈક અયુક્ત કરાયું. ત્યારે દેવભદ્રાચાર્ય વડે કરીને ગળું થોભીને જિનશેખરને બહાર હાંકી કાઢ્યો. જિનશેખર પણ જિનદત્ત સૂરિમહારાજ જ્યાં બહાર ભૂમિએ જાય છે ત્યાં જઈને રહ્યો. અને ત્યાં ગયેલા જિનદત્તસૂરિના પગમાં પડીને જિનશેખરે દીનવાણીથી કહ્યું. 'મારો આ એક વારનો અન્યાય માફ કરો. ફરી વાર આવું નહિં કરું.' ત્યારે કૃપાસમુદ્ર એવા જિનદત્તસૂરિએ તેનો સમુદાયમાં પ્રવેશ કરાવ્યો. ત્યારે દેવભદ્રાચાર્યવડે કરીને કહેવાયું કે 'તમારાવડે કરીને જે આ કરાયું છે તે બરાબર નથી. કારણ કે આ દુષ્ટાત્મા છે. તમને ભવિષ્યમાં સુખાકારી નહિં થાય. લુખ્ખસવાળા ઊંટની જેમ આને બહાર કાઢી નાંખવો તે જ યોગ્ય છે.' ત્યારે જિનદત્તસૂરિએ કહ્યું કે જિનવલ્લભસૂરિની પાછળ લાગેલો આ જ્યાં સુધી રહે ત્યાં સુધી રહેવા દો. પછીની વાત પછી.''

''દેવભદ્ર આચાર્ય બીજે વિહાર કરી ગયા. કાલે કરીને દેવલોક પહોંચી ગયા. જિનદત્તસૂરિએ કહ્યું કે 'હવે અમો ક્યાં વિચરીએ?' ત્યારે 'મારવાડ આદિમાં વિચરવું' એ પ્રમાણે ઉપદેશ દઈને અદર્શન પામ્યા. ઈત્યાદિ બાબત **ગણધર સાર્ધશતકવૃત્તિમાં કહેલું છે.** હવે અહિંયા–૧ જિનદત્તનું સ્વરૂપ–૨ દેવભદ્રાચાર્યનું સ્વરૂપ–૩ જિનવલ્લભના સમવાય–સમુદાયનું સ્વરૂપ આ વસ્તુઓ સારી દૃષ્ટિએ દીર્ઘદૃષ્ટિએ વિચારતા એક નવું નાટક ઊભું થયું હોય એમ જણાય છે' એવું જે પહેલાં કહ્યું હતું તેને અત્યારે ખુલ્લું કરીએ છીએ. તે આ પ્રમાણે.

બાળકનું ચેષ્ટિત જે હોય છે તે પ્રાયઃ કરીને સ્વપ્નની જેમ ભાવિકાલના ભાવોને પ્રગટ કરનારું હોય છે. કહેલું છે કે–

**पीऊण पाणिअं सरवराण, पिट्ठिं न दिंति सिंहिडिंभा ।**
**होही जाण कलावो, ताणं चिअ एरिसी बुद्धि ॥१॥**

'સરોવરનું પાણી પીને સિંહના બાલકો તેને પીઠ આપતાં નથી. આમાંથી જણાઈ આવે છે કે જેવી જેની યોગ્યતા હોય તેવી તેની બુદ્ધિ હોય છે.' આ વાત પર દૃષ્ટાંત આપે છે શ્રી મહાવીર દેવના શિષ્ય બાલ સાધુ અતિમુક્તક કુમારે 'મારી નાવડી તરે છે.' એ પ્રમાણેની બાલચેષ્ટાવડે કરીને પોતાના ભવિષ્યકાલમાં 'તે ભવે જ સંસારતરણ–મોક્ષ' સૂચવ્યો છે. અને 'નાવડી' શબ્દવડે કરીને 'પોતાનું શરીર' જણાવ્યું. શાસ્ત્રમાં કહ્યું છે કે–

**"सरीरमाहु नावुत्ति, जीवो वुच्चउ नाविओ ।**
**संसारो अण्णवो वुत्तो, जं तरंति महेसिणो" ॥१॥**

શરીરને નાવ કહેલ છે, જીવને નાવિક કહેલો છે. અને સંસારને સમુદ્ર કહેલો છે જેને મહર્ષિઓ તરે છે."

તેવી રીતે પ્રકૃત=ચાલુ અધિકારમાં દીક્ષા લીધી તે દિવસે જ જે (૧) સોમચંદ્રે ઉગેલા ઘાસને તોડ્યા અને (૨) ગણિવડે કરીને આક્રોશ વિષયને પામીને ઓઘો–મુહપત્તિ ખેંચી લેવાયા છતાં પણ નિર્ભયપણે ઉત્તર આપવો, (૩) ચોટલીનું પાછું માંગવું, અને ઘરે જવાનું સ્વીકાર્યું' વગેરે જિનદત્તનું ચેષ્ટિતપણું શું ભવિષ્યમાં યુગપ્રધાન ભાવને સૂચવનારું છે? કે તેથી વિપરીત ભાવને સૂચવનારું છે? ઈત્યાદિની વિચારણા કરવામાં પહેલો પક્ષ યુક્તિક્ષમ નહિ હોવાથી યોગ્ય નથી. તે આ પ્રમાણે.

પહેલા વિકલ્પને વિષે એટલે કે ભવિષ્યકાલમાં યુગપ્રધાન થવાના ભાવને સૂચવનારા પહેલાં પક્ષમાં 'શું ઉગેલાં ક્ષેત્રને તોડવું કલ્પે ખરું?' તેવી જ રીતે રજોહરણ અને મુહપત્તિ ખેંચી લીધે છતે 'સારું કર્યું.' એ પ્રમાણે બોલવું કલ્પે ખરું? અને ચોટી માંગવાપૂર્વક ઘરે જવાનું કહેવું તે કલ્પે ખરું? જે કાંઈ હોય તે. રાત્રિના અંતે જોયેલું કાગડાનું સ્વપ્ન હોવા છતાં પણ પોતાને સેંકડો હાથીથી યુક્ત એવા પ્રકારની રાજ્યપદવીને સૂચવનારું થતું નથી. (તેમ આ બધા લક્ષણો ભાવિયુગપ્રધાનને સૂચવનારા નથી) તેથી કરીને વૈપરીત્ય ભાવસૂચક બીજો વિકલ્પ જ શ્રેષ્ઠ છે. કારણ કે તે જ વિચારને યોગ્ય હોવાથી. તે આ પ્રમાણેઃ—(૧) ઉગેલા ક્ષેત્રને તોડવાવડે કરીને ધર્મ અંકૂરા ફૂટેલા એવા સંઘ ક્ષેત્રનું એક ભાગે કરીને ધર્મનાશક થશે. એ પ્રમાણે સૂચવ્યું. (૨) ઓઘો અને મુહપત્તિ ખેંચી લેવા છતાં પણ 'સારું કર્યું' એમ જે બોલ્યા તેનાવડે કરીને 'મારી દીક્ષા અને મારી પછીનાની દીક્ષા શ્રેયને કરવાવાળી નહિં થાય' એમ સૂચન કર્યું. આક્રોશ કરવા છતાં પણ નિર્ભયપણે ઉત્તરદેવાવડે કરીને 'તીર્થે નિંદિત કર્યો છતાં પણ તીર્થે હાંકી કાઢ્યો છતાં પણ નિર્ભયપણે હું તીર્થ સામે બોલવાવાળો થઈશ.' એમ સૂચવ્યું.

(૩) ચોટલી માંગવાપૂર્વક ઘરે જવાનું કહેવાવડે કરીને 'મારા માટે તો ઘરવાસ જ કલ્યાણકર છે' એમ સૂચવ્યું. આ પ્રમાણેની પ્રામાણિક વિચારણા કરવાને યોગ્ય હોવા છતાં પણ જે તેમના ઉપાધ્યાય આદિ વડે કરીને ''આ આવો–આવો થશે'' ઇત્યાદિ જે વિચારેલું હતું તે અવશ્ય તેવા પ્રકારની ભવિતવ્યતાના યોગથી જ વિચારાયું છે એમ જાણવું. તેવી જ રીતે કોઈક વડે કરીને 'હે શીતપટો! આ કપાલિકાનું ગ્રહણ શું કામ?' એમ મૃદુ વચનવડે કહેવાયા છતાં પણ 'તારા મોંઢાને ચૂરવા માટે અને અમારા મોંઢાઓને શણગારવા માટે' ઇત્યાદિ નિષ્ઠુર ભાષણ વડે કરીને તેમજ પંજિકાના અધ્યયન માત્રમાં ભણવા પણ 'કોણ પથરો છે? અને કોણ નથી? તે હમણાં જણાશે?' ઇત્યાદિ ગર્વિષ્ટ ભાષણવડે કરીને પોતાનું મૂખરપણું જ જણાવ્યું છે. પરંતુ કોઈ સજ્જન પુરૂષના સ્વભાવને જણાવનારું તે વચન નથી. અને એથી જ કરીને ખરતર એવા નામમાં પણ જિનદત્તની મુખરતા જ કારણરૂપ છે. ઇત્યાદિ વાતો આગળ કહેવાશે.

'હવે તેવી જ રીતે સંમત થવાવડે કરીને સોમચંદ્રને લેખ મોકલ્યો' એ પ્રમાણે કહીને સામાન્યથી જિનવલ્લભની પાટે કોઈક બેસશે પરંતુ અમુક જ બેસશે એમ કોઈપણ જાણતું નથી' એ પ્રમાણેનું વાક્ય કેવી રીતે સંગત થાય? વળી જ્યારે આ લેખ મોકલ્યો ત્યારે સોમચંદ્ર સમજુ હતો કે અણસમજુ હતો? જો સમજુ હતો તો ''પોતાના ગણ–પોતાના ગણના આચાર્ય–દીક્ષા આપનાર આચાર્ય અને પોતાના સંઘાડા આદિને પૂછ્યા સિવાય, આગળ–પાછલનો કાંઈપણ વિચાર કર્યા સિવાય, એકદમ બધાજ પ્રતિબંધોને છોડીને, પોતે મહાવીર ભગવાનના પંચ કલ્યાણકવાદી એવા ચંદ્રગચ્છીય હોવા છતાં પણ કોઈને કલ્પનામાં ન આવે તેવી રીતેજ દેવભદ્રાચાર્યની પાસે આચાર્ય થઈને પરલોક ગયેલા એવા પણ છકલ્યાણકવાદી અને ચૈત્યવાસી એવા કૂર્ચપૂરીય જિનવલ્લભનો પટ્ટધર કેમ થયો?'' બીજા પક્ષે જો અણસમજુ હોય તો આ બધું કાર્ય બાળભાવથી કર્યું કે અજ્ઞાનથી કર્યું? જો બાળભાવથી કર્યું. એમ જો કહેતો હોય તો તે અસંભવિત છે. કારણ કે તે વખતે જિનદત્તની ઉંમર–૩૯–વર્ષની છે. અને જો બીજા વિકલ્પમાં અજ્ઞાનથી કર્યું તેમ કહેતા હો તો ખરતરોનેજ આ વાત અનિષ્ટ છે. વળી બીજી વાત જો આ યુગ પ્રધાન પદવીને યોગ્ય હતો. અને સૂરિપદવી આપવા માત્રથી જ પોતાને આધીન કરી શકાય એમ હતો તો પોતાનાજ ગણના આચાર્ય એવા વર્ધમાનસૂરિ આદિએ પોતાની પાટે તેને કેમ ન સ્થાપ્યો? કોઈ એવો બુદ્ધિશાળી નથી જે આવા રત્નપાત્રને બીજે જવા દે. કારણકે આવું રત્નપાત્ર સેંકડો પ્રયત્ન કરવા છતાં પણ ફરી મળવું મુશ્કેલ છે. આ પ્રમાણે સંક્ષેપથી જિનદત્તની ચર્ચા કરી. **હવે દેવભદ્રાચાર્યની ચર્ચા કરીએ છીએ.**

દેવભદ્રાચાર્ય સંવિગ્ન હતા કે અસંવિગ્ન? જો સંવિગ્ન હતા એમ કહે તો છકલ્યાણકની પ્રરૂપણા કરવા આદિવડે કરીને નવીન મત પ્રગટ કરવાના કારણથી સંઘવડે કરીને બહિષ્કૃત થયેલા એવા જિનવલ્લભની પાટે પોતાના શિષ્યપ્રાય એવા પરોણારૂપને આચાર્ય બનાવીને તેને (પોતાના સમુદાયને છોડીને) તેના સમુદાય સોંપે એવી વાતની ગંધનો પણ સંભવ નથી. અને કદાચ સંભવ માનો તો સંવિગ્નપણાનો જ અસંભવ છે. કારણ કે પ્રવચન સન્મુખ જેમની દૃષ્ટિ છે એવો સંવિગ્ન સાધુ અથવા સંવિગ્ન પાક્ષિક સાધુ ઉત્સૂત્રમાર્ગની વૃદ્ધિ કરે જ નહિં, બલ્કે પ્રવચનને અહિત કરનાર

એવા તેના માર્ગના ઉચ્છેદનના અભિપ્રાય વડે કરીને તેના સમુદાયને તેવા પ્રકારનો હિતોપદેશ દેવા આદિવડે કરીને પોતાની નિશ્રાએ જ પ્રવર્તાવે!! કારણ કે સંવિગ્નનો આવો આચાર હોવાથી. અને જો એ પ્રમાણે ન કરે અને ઉપેક્ષા આદિ કરે તો સંવિગ્ન કે સંવિગ્ન પાક્ષિકની સંસાર વૃદ્ધિ (પોતાની) લઘુતા આદિ ઘણાં દોષોની પ્રાપ્તિ થાય છે.

હવે બીજી વાત તે દેવભદ્રાચાર્ય, તેના (ખરતરના) સમુદાયને સંમત હતાં કે અસંમત હતા? જો સંમત હતા એમ કહો તો તેવા પ્રકારના વિધિસંઘ સ્થાપનાને સન્મુખ થયેલા નિરવદ્ય એવા ઉપદેશદાન કરવાવડે કરીને ધર્મમાર્ગમાં વાળી શકવા સમર્થ હતા તો તે દેવભદ્રાચાર્યવડે કરીને જિનવલ્લભને કેમ તેવા ધર્મમાર્ગે પાછો વાળ્યો નહિં.? જો દેવભદ્રાચાર્ય, એ ગણને સંમત નહોતા એમ કહેતા હો તો તેનો-દેવભદ્રાચાર્યનો શિષ્ય સોમચંદ્ર (જિનદત્ત) તે સમુદાયને કેવી રીતે સંમત થઈ ગયો? આ બધી વાતને અંતરવૃત્તિએ મોટી વિચારણા કરવા જેવી છે. ખરેખર પ્રયોજન સિવાય મૂર્ખ પણ પ્રવૃત્તિ કરતો નથી એ ન્યાય હોવાથી કોઈક એવા વિશેષ પ્રયોજન વડે કરીને જ દેવભદ્રસૂરિની આ પ્રમાણેની પ્રવૃત્તિ આદરપૂર્વક થયેલી છે.

હવે વાદી પ્રશ્ન કરે છે કે સંવિગ્ન શિરોમણિ એવા શ્રી અભયદેવસૂરિમહારાજે પોતાના અંત સમયે પ્રસન્નચંદ્રાચાર્યને એકાંતમાં કહ્યું કે ''યોગ્ય હોવા છતાં પણ જિનવલ્લભ ચૈત્યવાસીનો શિષ્ય હોવાથી ગચ્છ સંમત ન થાય. અને તેથી કરીને મારી પાટે સ્થાપવા માટે હું શક્તિમાન થયો નથી. પરંતુ તમારે મારી પાટે તેને સ્થાપવો'' ઇત્યાદિ પૂર્વે કહેલા પ્રકારવડે કરીને શ્રી અભયદેવસૂરિનું વચન જ આ કાર્યમાં પ્રયોજનરૂપ છે. પછી બીજા વિચારો કરવાથી શું?'' એમ જો પૂછતાં હો તો આ વાતમાં જ મોટી વિચારણાનો સંભવ છે. તે આ પ્રમાણે—

જો કે ખરતરવડે કરીને વાતની સંગતિ ઘડવાને માટે આ ''કર્ણજાપ'' કલ્પેલો છે. અને તે કર્ણજાપ રાબવડે કરીને કાન સાંધવારૂપ હોવાથી અકિંચિત્કર જ છે. અને તે વિદ્વાન પર્ષદાને વિષે અવ્યક્ત શબ્દવડે કરીને પણ બોલવા જેવો નથી. તેમાં યુક્તિ એ છે કે અભયદેવસૂરિવડે કરીને ખાનગીમાં પ્રસન્નચંદ્રાચાર્યને કહેવાયું. અને પ્રસન્નચંદ્રાચાર્યે દેવભદ્રને જણાવ્યું.' ઇત્યાદિ બધી વાતો સોગંદ ખાઈને ખાત્રી કરાવવા જેવી છે. આ વાતના વિષયમાં બીજા કોઈપણ સાક્ષીનો અભાવ હોવાથી દિવ્ય કરવાપૂર્વક જ ખાત્રી ઉત્પન્ન કરાવી શકાય તેમ છે. બીજાને પ્રતીતિ કરાવી શકાય તેમ છે.

ક્યારેક કોઈક વાત સાક્ષીનો અભાવ હોય તો પણ જો તે વાત યુક્તિસંગત હોય તો વિશ્વાસપાત્ર બને છે. અને આ વાત યુક્તિવડે કરીને વિચારતાં આળ જાળ=કલ્પનામાત્ર જેવી છે. અને તે વિચારણા આ રીતે છે.

જો ચૈત્યવાસીનો શિષ્ય હોવાના કારણે અભયદેવસૂરિ મહારાજે પોતાના હાથે પાટપર સ્થાપના કર્યો હોત તો ગચ્છ સંમત ન થાત. તો તેવી જ રીતનો (ચૈત્યવાસીનો શિષ્ય) હોવા છતાં પણ તે અભયદેવસૂરિના વચનવડે કરીને પ્રસન્નચંદ્રાચાર્યસૂરિવડે કરીને સ્થપાયેલો તે સોમચંદ્ર ગચ્છને સંમત કેવી રીતે થાત? વળી પરંપરાએ અભયદેવસૂરિના વચનોની ઉદ્‌ભાવના કરવી તે પણ અકિંચિત્કર

જ છે. કારણ કે જેવી રીતે જિનવલ્લભસૂરિ પટ્ટધર બનાવવામાં આવ્યો તેવી રીતે આચાર્ય મ. ના વચન સિવાય પણ અભયદેવસૂરિના પટ્ટધર બનાવી શકાત. કારણ કે દેવભદ્રસૂરિનું બન્ને વાતમાં પણ સામર્થ્ય હોવાથી. વળી જિનવલ્લભની આચાર્ય પદવી કર્યા સિવાય શું ન્યૂનતા રહી જતી હતી? (૧) શું કોઈ ગણનો આધારભૂત નહોતો? શું કોઈ પોતાનો નહોતો? (૨) અથવા તો જિનવલ્લભને આચાર્ય પદવી દીધા સિવાય પોતાના ચારિત્ર ગુણો ઓછા થતા હતા? (૩) અથવા તો કોઈ તેની તેવી યોગ્યતા જ હતી. કે જેના વડે કરીને અવશ્ય આચાર્યપદ કરવું જ જોઈએ. અથવા તો આનાથી જ આચાર્યપદની પ્રવૃત્તિ થવાની હતી? કે જેના વડે કરીને (શિષ્યાદિ) સમુદાય નહિ હોવા છતાં પણ ખાનગીમાં આચાર્યપદની સ્થાપના માટે શ્રી અભયદેવસૂરિવડે કરીને આજ્ઞા દેવાઈ? પહેલો પ્રશ્ન બરોબર નથી. કારણ કે ગણના આધારભૂત એવા વર્ધમાન સૂરિને (અભયદેવસૂરિજી મ.એ) પોતાના હાથે જ આચાર્ય બનાવેલા છે. બીજો વિકલ્પ પણ બરોબર નથી. આચાર્યપદ દીધા સિવાય પણ વિશિષ્ટ એવા ચારિત્ર ગુણોની પ્રાપ્તિ (થવાનું) પ્રસિદ્ધ હોવાથી. તેવી રીતે ત્રીજો વિકલ્પ બરોબર નથી. કારણ કે જો એવું હોય એટલે કે તેની કોઈક તેવી યોગ્યતા હતી કે જેનાવડે અવશ્ય આચાર્ય પદ આપવું એવું જો હોત તો તે આચાર્યપદની સ્થાપના કરવાનું અભયદેવસૂરિ માટે કર્તવ્યતાની આપત્તિ આવશે. અને એકની યોગ્યતા હોયે છતે અનેકોને પણ સૂરિપદ થવાનો સંભવ હોવાથી. જો એમ ન હોય તો જિનેશ્વરસૂરિએ જ જિનચંદ્ર અને અભયદેવને આચાર્યપદે કેમ સ્થાપ્યા? જો આમ હોવા છતાં પણ-'સંઘ સંમતિ સિવાય કરી ન શકાય' એમ જો કહેતો હો તો સંઘની સંમતિના અભાવમાં કારણ શું? (જો) ચૈત્યવાસીના શિષ્યપણું કે બીજું કાંઈ? જો ચૈત્યવાસીનો શિષ્યપણું કારણ હોય તો દિગ્‌બંધન આદિવડે કરીને તે કારણને દૂર કરવું સહેલું જ હતું. હવે એ દિગ્‌બંધન કરવા છતાં પણ સંઘને અસંમતિ રહેતી હોય તો 'પ્રસન્નચંદ્રસૂરિદ્વારા સ્થપાયેલો જિનવલ્લભ, સંઘને સંમત થશે કે કેમ?' ઈત્યાદિ વિચારણા સૂરિને કેમ ન આવી? કે જેથી કરીને મારી પાટે આને સ્થાપવો એમ ખાનગીમાં કહેવું પડ્યું? હવે કહો કે અભયદેવસૂરિ મ.ની એ વિચારણા હતી જ. પરંતુ 'આ સામાન્ય પુરુષ નથી. પરંતુ મહાપુરુષ છે. અને પોતેજ ચૈત્યવાસી સમુદાયને પોતાને આધીન કરીને પ્રવચન પ્રભાવક થશે. એમ જાણ્યું હતું. અને તેથી આચાર્યપદની ભલામણ કરી, એમ કહેતા હો તો અભયદેવસૂરિએ પોતે જ તેને આચાર્યપદ આપીને વિસર્જન કેમ ન કર્યો? તેમાં સંઘસંમતિનું કોઈ પ્રયોજનપણું રહેતું નથી.

વળી સંઘની અસંમતિમાં ચૈત્યવાસીના શિષ્ય હોવાનું જ કારણ ઉદ્‌ભવાવેલું છે. તે કારણ તો ખરતરને પણ બોલવું ઉચિત નથી. કારણ ચૈત્યવાસી એવા વર્ધમાનસૂરિને ઉદ્યોતનસૂરિના પટ્ટધર તરીકે તેઓ વડે જ કહેવાયા છે. હવે 'આ ચૈત્યવાસી સિવાયનું બીજું કોઈ કારણ છે' એમ કહેતા હો તો તે કારણ વાચ્ય છે કે અવાચ્ય? જો વાચ્ય હોય તો કહી નાંખો. અને જો અવાચ્ય—કહી શકવાને યોગ્ય ન હોય તો અવાચ્યને માથે શું શીંગડું નીકળેલું છે કે જેથી અવાચ્યથી વાચ્યભિન્ન છે એ પ્રમાણે કહીને પણ કહેવું શક્ય નથી. એમ બોલો છો? તેની કરતાં એમજ કહો કે અવાચ્ય છે. અને તે અવાચ્ય કારણ તે જ સંભવે છે કે 'જે કારણવડે કરીને અભયદેવસૂરિવડે કરીને શિષ્યપણે સ્વીકારાયો નથી. પછી પટ્ટધર પણે કેમ સ્વીકારાય?' વળી પટ્ટધર પણ તેને જ કહેવાય કે જે તેના સમુદાયનો અધિપતિ

હોય તે. ભિન્ન સમુદાયનો અધિપતિ થઈને રહેલો તેનો પટ્ટધર કેમ સંભવે? લોકમાં પણ રાજા આદિને વિષે તેવું દર્શન થતું હોવાથી. વળી બીજી વાત, સમુદાયના પ્રતિબંધના અભાવે બીજે કોઈપણ ઠેકાણેથી આચાર્યપદ મેળવીને જેમ પોતાને 'અભયદેવસૂરિના પટ્ટધર તરીકે કહેવડાવે છે તેમ 'ગૌતમસ્વામી આદિના પટ્ટધર' તરીકે કેમ પોકારતાં નથી? કારણ કે સમુદાયના પ્રતિબંધનો અભાવ બન્ને ઠેકાણે સરખો જ હોવાથી.

વળી નિયત રીતે યોગ્યતાને જાણતાં એવા અભયદેવસૂરિમહારાજે પ્રસન્નચંદ્રને એકાંતે કહ્યું. તેના કરતાં પોતાની પાટે સ્થાપન કરેલા વર્ધમાનસૂરિને જ કહેવું યોગ્ય હતું. કારણ કે આ અસંભાવ્ય એવી વાતને પણ અભયદેવસૂરિના પટના અધિકારીપણાના બહાને સ્થૂલબુદ્ધિવડે કરીને ઊભી કરાઈ છે. જે જે પદનો અધિકારી હોય તે બીજાને પણ તે પદનો અધિકારી કરવા સમર્થ થાય છે; પરંતુ સૂરિપદના અનધિકારી એવા પ્રસન્નચંદ્ર હોવાના કારણે પ્રસન્નચંદ્ર અધિકારી થતાં નથી અને એ પ્રમાણે હોયે છતે દેવભદ્રસૂરિ તો દૂર દૂર રહેલા છે. કારણ કે **"स्वयं दरिद्रो न परमीश्वरीकर्तुमीश्वरः"** જે પોતે દરિદ્ર છે તે બીજાઓને પૈસાદાર બનાવવા સમર્થ નથી' એ પ્રમાણેનો ન્યાય હોવાથી અભયદેવસૂરિના પટ્ટધર બનાવવાના અધિકારી એવા શ્રી-વર્ધમાનસૂરિને છોડીને બીજા બધા આચાર્યોનું તે પટ્ટધર રહિતપણાવડે કરીને (એટલે કે તે પટ્ટધરપણાની દરિદ્રતાવડે કરીને) પટ્ટધરપણું કરવું યોગ્ય નથી.

વળી પ્રસન્નચંદ્રાચાર્ય પણ એક બાજુએ રહો. આમ પટ્ટધરપણાની વાત, અભયદેવસૂરિમહારાજે સર્વજન સમક્ષ કેમ ન કરી? ખાનગીમાં કહેવાનું કારણ શું? જો જિનવલ્લભ યોગ્ય જ છે તો સંવિગ્ન સાધુનો સમુદાય તેમને પરાભવિત ન કરી શકત. અને આચાર્ય મ. નું વચન હોવાથી વિશેષે કરીને અનુકૂલ જ થાય ને? અને તે જિનવલ્લભસૂરિ પણ સંવિગ્ન સાધુ સમુદાયને અનુકૂલ થાય કે નહિં? થાય જ. અને જો અયોગ્ય જ છે તો ખાનગીમાં કર્ણજાપ કરવાવડે કરીને સર્યું. હવે ચોથો પ્રશ્ન પણ નહિ. આચાર્ય થયેલો આચાર્યની પરંપરા ચલાવે. કારણ કે જિનવલ્લભે (બીજા કોઈને) આચાર્યપદ આપ્યું નથી. અને ખાનગીમાં પણ બીજા કોઈને કીધું નથી કે તમારે આને આચાર્યપદ આપવું; પરંતુ પોતે જ આંચલીયા મતને ચલાવનાર નરસિંહ ઉપાધ્યાયની જેમ કોઈક એવી ખાનગી તુષ્ટિ = અંદરખાનેથી રાજી કરવા જ પૈસા આદિ દેવાની વિધિવડે કરીને દેવભદ્રની પાસેથી આચાર્યપદ લઈને ત્રણ મહિના ને ૨૦—દિવસ જીવ્યા. આથી કરીને જિનવલ્લભનું જે આચાર્યપદ છે તે કાશ—કુસુમની જેમ નિષ્ફળ થયેલું જ જાણવું.

આ બધી વિચારણાવડે કરીને **જિનવલ્લભનું આચાર્યપદ, અભયદેવસૂરિના વચનથી નથી થયું. તેમ જ તેવી રીતનો આચાર્ય થયેલો જિનવલ્લભ કોઈનો પટ્ટધર પણ નથી;** પરંતુ ચંદ્રપ્રભાચાર્યની આદિની જેમ કેવલ મતાકર્ષક છે. વળી કર્ણજાપ કલ્પનાના સ્થાનમાં—"અભયદેવસૂરિવડે કરીને ચિત્તોડના સંઘને જણાવાયું કે "જે આ જિનવલ્લભમાં તેવા પ્રકારની યોગ્યતાનો અભાવ હોવાથી મારાવડે કરીને સ્વીકારાયો નથી. તે ત્યાં આવેલ છે. એમ અભયદેવસૂરિ મહારાજે ચિત્તોડના સંઘને જણાવ્યું. અને છઠ્ઠા કલ્યાણકની વ્યવસ્થા (સ્થાપના) કરતાં તેનો તમારે તિરસ્કાર કરવો.'' એવી મોટી વિચારણા

કરાય તો તે ચતુર પુરુષની બુદ્ધિને ચમત્કાર કરનારી થાય **लिंगात् लिंगिनो ज्ञानं** લિંગપરથી લિંગીનું જ્ઞાન થાય તે અને લિંગીના સદ્‌ભાવે લિંગનો પણ સદ્‌ભાવ હોય છે તે વચનથી. અને એમ ન હોય તો ચંડિકાના મઠમાં રહેલા તેને સંઘે સંઘ બહાર કર્યો. કર્ણજાપવાલી ખરતરની જે કલ્પના છે તે તો સોગંદ ખાઈને ખાત્રી કરાવવા જેવી હોવાથી પોતાના જ ઘરમાં કહેવાતી છતાં પણ મનોહર નથી.

વળી અભયદેવસૂરિ પાસેથી નીકળીને (જિનવલ્લભ) ચિત્તોડ ગયો. ત્યારથી આરંભીને તે જિનવલ્લભ, અભયદેવસૂરિજીને મલ્યો નથી તેમ તેની આજ્ઞા પણ માંગી નથી. તેમ સંદેશો પણ મોકલ્યો નથી. એ ચિન્હો પ્રગટ જ છે. એથી કરીને કર્ણજાપની વાત કરનારા, દેવભદ્રસૂરિ, લોભના કારણે કરીને ખોટું બોલનારો છે. એથી કરીને તે સંવિગ્ન નથી. **એ પ્રમાણે દેવભદ્રાચાર્યનું ચરિત્ર વર્ણવ્યું.**

**હવે જિનવલ્લભે સ્થાપેલો સમુદાય એ ત્રીજી વાત ચર્ચાય છે.** તે આ પ્રમાણે :—જિનવલ્લભે સ્થાપેલો સમુદાય શું ધર્મથી રંગાયેલો હતો કે પોતાના મતથી રંગાયેલો હતો? આ બે વિકલ્પ છે. તેમાં પહેલાં વિકલ્પમાં તેને જ આ પ્રમાણે પૂછવું કે હે ખરતર! જિનવલ્લભ પરલોક ગયે છતે તીર્થ જે છે તે આચાર્ય સહિતનું હતું કે આચાર્ય વગરનું?

'આચાર્ય સહિતનું હતું' એમ જો કહેતો હો તો પંચકલ્યાણક કહેનારા આચાર્યની નિશ્રાએ રહેલું તીર્થ એ તીર્થ છે અને તે સિવાયનું બાકીનું અતીર્થ છે. તે વાત તો જાતે જ સિદ્ધ થાય છે. અને એ પ્રમાણે જાણીને તીર્થને જ અનુસરો. બાકી ખરીદેલા આચાર્યની નિશ્રાએ પ્રવર્તાવવા વડે કરીને શું? હવે એ તીર્થ નિરાચાર્યક હતું એવો બીજો પક્ષ સ્વીકારતા હો તો તે જિનવલ્લભને અને જિનદત્તને આચાર્યપદ દેનારા એવા દેવભદ્રાચાર્યની ફોગટ પ્રશંસા આદિ કરવાના ક્લેશની શી જરૂર છે? વળી પંચકલ્યાણકવાદી એવા દેવભદ્રની પાસેથી આચાર્યપદ સ્વીકારવું તે પણ યોગ્ય નથી. કારણ કે ષટ્કલ્યાણવાદીના મતે દેવભદ્રાચાર્યનું તીર્થ બાહ્યપણું હોવાથી. વળી બીજી વાત જિનવલ્લભ પરલોક ગયે છતે જે કોઈ આચાર્ય વડે કરીને જે કોઈ અનિર્દિષ્ટ નામવાલાને આચાર્ય બનાવીને સોંપ્યો. અને તેના સંતાન તરીકે જણાવતા એવા તમારે જગતની વ્યવસ્થા તૂટી જશે. બધાયની પણ બધાયના છોકરા તરીકેની આપત્તિ આવવા દ્વારાએ કરીને કોઈનું પણ નિરપત્યપણું નહિ થાય. ઇત્યાદિ પૂર્વે જણાવેલી વાત અહિં જાણી લેવી.

હવે તેવી રીતિએ સ્થાપ્ય—સ્થાપક અને ગ્રાહક સોમચંદ્ર—દેવચંદ્ર અને વિધિસંઘ આ ત્રણેના ઉપહાસના હેતુભૂત હોવા વડે કરીને લઘુતા—હલકાઈ જ છે એમ કરીને જો વિધિસંઘ, ધર્મનો રાગી હોત તો જિનવલ્લભ પરલોક ગયે છતે તેઓ કોઈપણ સુવિહિત એવા અન્ય ગચ્છના આશ્રયનો સ્વીકાર કરતે. વળી આવા કુમતની વાત એક બાજુએ રહો. સન્માર્ગ સંબંધીના પણ આચાર્ય વિચ્છિન્ન થયે છતે સુવિહિત ગચ્છવાળા આચાર્યનો સ્વીકાર કરવો તે જિનાજ્ઞા છે. શ્રી સ્થાનાંગ સૂત્રના ૪૧૩મા સૂત્રમાં કહ્યું છે કે :—

**पंचहिं ठाणेहिं कप्पति निग्गंथाण वा निग्गंथीण वा गामाणुगामं दूइज्जित्तए। तं जहा नाणट्ठयाए**

**दंसणट्ठयाए चरित्तट्ठयाए आयरिअउवज्झाए सं विसुंभेज्ञा आयरिअ उवज्झायाण वा बहिआ वेयावच्चकरणयाएत्ति श्री स्थानांगे (॥४१३॥)**

આ સૂત્રની વૃત્તિનો એક ભાગ આ પ્રમાણે છે. ''તેવી રીતે આયરિય ઉવજ્ઝાએ એટલે આચાર્ય અથવા ઉપાધ્યાય તેનું શરીરથી પૃથક્પણું થાય અર્થાત્ મૃત્યુ પામે. ત્યારે તે ગચ્છમાં બીજા આચાર્ય આદિનો અભાવ હોવાથી ગચ્છાંતરનો આશ્રય કરવો.'' એ પ્રમાણે વૃત્તિમાં કહ્યું છે. નહિં કે અન્યગચ્છીય એવા જે કોઈએ જે કોઈને વિધિવડે કરીને આચાર્ય કરાયો હોય તેને સ્વીકારીને તેની નિશ્રાએ પ્રવર્તવું! તેમાં જિનાજ્ઞા નથી!

તેથી. કરીને તે જિનવલ્લભનો સમુદાય ધર્મનો અનુરાગી નહોતો; પરંતુ પોતાના મતનો અનુરાગી હતો. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે ખરતર મતમાં (દ્રવ્યથી) ખરીદાયા બાદ યુગપ્રધાન ન જ થાય. આ વાત કેવી રીતે? એમ જો પૂછતો હોય તો કહીએ છીએ. પહેલાં તો જિનવલ્લભ ૫૦૦ દ્રમ્મમાં ખરીદાયો. અને જિનદત્ત તો આચાર્યપદ સાથે દેવભદ્રની પાસેથી ખરીદાયો છે. આમ ખરીદી જે કરવી તે ખરતરમતમાં લજ્જાકારક નથી. કારણ કે આજ સુધી તેવા પ્રકારની વિસામો ખાધા વગરની પ્રવૃત્તિ ચાલુ જ હોવાથી. તેવી રીતે દેવભદ્રનું ચરિત્ર પણ આશ્ચર્યકારી છે કે જે દેવભદ્રે કર્ણજાપની કલ્પનાવડે કરીને જિનવલ્લભને આચાર્ય કરાયો. અને અભયદેવસૂરિના પટ્ટધર તરીકે સ્થપાયો. હવે તે પણ પરલોક ગયે છતે બીજો આચાર્ય ન સ્થપાય તો જિનવલ્લભની શું ભક્તિ કરી ગણાય? એવું બહાનું ઉત્પન્ન કરીને પોતાના સતીર્થ–ગુરુભાઈ એવા સોમચંદ્રને આચાર્ય બનાવીને ખરીદી લીધો! જિનદત્તનું પણ અત્યંત આશ્ચર્યજનક ચરિત્ર છે. કે જેના નામમાત્રવડે કરીને પુરૂષ પોતે સન્માર્ગમાં પડેલો છતાં પણ આચાર્ય જઈને જેમ બીજા ગોત્રમાં કન્યા અપાય તેની જેમ દેવભદ્રસૂરિવડે કરીને દેવાતો એવો સોમચંદ્ર પરગૃહનું=પારકાના ઘરનું મંડન થયું. અને આનું (સોમચંદ્રનું) પરગૃહ મંડનપણું પ્રતિજ્ઞાપૂર્વક જ છે. કારણ કે જ્યારે દેવભદ્રાચાર્યવડે કરીને સોમચંદ્રગણિને એકાંતમાં કહેવાયું કે 'આ દિવસે તમારા માટે પદસ્થાપનનું લગ્ન વિચારેલું છે.' ત્યારે સોમચંદ્રવડે કહેવાયું કે 'જે આપે કહ્યું તે સંમત છે ને યુક્ત છે. પરંતુ આ લગ્નને વિષે સ્થાપન કરશો તો લાંબું ચિરજીવીતપણું નહિં થાય. છ દિવસ બાદ શનિવારના દિવસે જે લગ્ન છે તે દિવસે બેઠેલા અને ચારે દિશાએ વિચરતા એવા અમારો ચતુર્વિધ શ્રમણ સંઘ, શ્રી જિનવલ્લભસૂરિના વચનવડે ઘણો થશે અને ચિરજીવીતપણું થશે''–ઇત્યાદિ જિનદત્તવડે કહેવાયું હતું. પરંતુ 'ચૈત્યવાસી આદિના કુસંગને છોડીને સંવિગ્નભાવિત થશે.' એમ કહેવાયું નથી. તેમજ 'અમારા ગુરુદેવ જિનેશ્વરસૂરિ–અભયદેવસૂરિ આદિના વચનવડે કરીને ઘણો જનસમુદાય થશે.' એવું પણ કહેવાયું નથી.

વળી બીજી વાત જે ''તેમની પાટે બેસવા માટે લાંબા કાનવાળા–ગૌરવર્ણવાલા–શ્રીપર્ણના પાંદડાંના જેવી આંખોવાલા અને સાક્ષાત્ કામદેવ જેવા ગૂજરાતના સાધુઓ તૈયાર હતા. પરંતુ યોગ્યતા તો ગુરુઓ જ જાણે.'' ઇત્યાદિ અવહેલનાકારક વાક્યોવડે જે સંયતો વર્ણવાયેલા છે તે સંયતો=સાધુઓ સંવિગ્ન હતા કે અસંવિગ્ન? સંવિગ્ન હતા એ પ્રમાણેનો પહેલો પક્ષ યોગ્ય નથી. કારણ કે 'સંવિગ્ન

સાધુઓનું તેવા પ્રકારની અવહેલનાના સ્થાને એકઠાં થવું અસંભવિત છે.' અને મળે તેવું કોઈ પ્રયોજન પણ નથી. કારણ કે ષટ્કલ્યાણકવાદી એવા જિનવલ્લભની પાટને મેળવવાની ઈચ્છા જ તેઓને ન હોય. વળી બીજી વાત–લાંબા કર્ણવાલા આદિ જે વચન છે તે ભાંડની ચેષ્ટા અને ભાંડના બોલવાના વચનોની જેમ અનાથ વચન છે. અને તેવું વચન, સંવિગ્ન સાધુઓને કહેવું તે અનંતસંસારિતાના કારણરૂપ છે. વળી તે વાતની અંદર **संयताः**–જે સાધુઓ એમ કહ્યું છે તે સાધુઓ કૂર્ચપૂરીયગચ્છના હતા કે ચંદ્રગચ્છીય હતાં? જો કૂર્ચપૂરીય ગચ્છના કહેતા હોય તો તે અસંભવિત છે. કારણ કે જિનવલ્લભે અમૂકને દીક્ષા આપી છે. એવી વાતની ગંધનો પણ સંભવ નથી! અને એથી જ કરીને જિનવલ્લભસૂરિના કાલે વિધિસંઘ, દ્વિવિધ હતો કે ત્રિવિધ? તેનું વર્ણન આગળ થશે. ચતુર્વિધ સંઘ તો જિનદત્તથી જ થયો છે. તે અતિપ્રસંગથી જાણી લેવું.

**હવે બીજો વિકલ્પ.** જો ચંદ્રગચ્છીય સાધુઓ હતા તે બીજા વિકલ્પની વિચારણામાં તો દેવભદ્રાચાર્ય સંબંધીના જ તે સાધુઓ સંભવે છે. નહિં કે અભયદેવસૂરિના પટ્ટધર જે વર્ધમાનસૂરિ આદિ. તેમના સંબંધીના સાધુઓ સંભવતાં નથી. કારણ કે તે સાધુઓનું ત્યાં જવાના પ્રયોજનનો અભાવ હોવાથી. અને જે દેવભદ્રસૂરિ સંબંધીના જે સાધુઓ છે તેઓ જાણેલો છે વ્યતિકર જેમણે એવા તે બધા સાધુઓ સંઘપૂજા આદિને માટે જ ગયેલા છે. તો તે સાધુઓ પદ મેળવવાની ઈચ્છાવાળા હોય જ ક્યાંથી? લોકમાં પણ લગ્ન આદિનો ઉત્સવ ઉજવવા માટે એકત્રિત થયેલા વરપક્ષી જે મિત્રો છે તે પણ વરની જેમ 'કન્યાને ઈચ્છતાં ત્યાં ભેગાં થયા હોય' તેવું કોઈએ સાંભલ્યું કે જોયું છે ખરું? બહુ બહુ તો વિંટી આદિ અલંકારના અભિલાષી હોય. બાયડીના નહિં!! તેવી રીતે જે સંયતો તેમના કહેવા પ્રમાણે ભેગાં થયેલા તે બહુ બહુ તો વસ્ત્ર–કામલી આદિના અભિલાષી હોય તેમ જાણવું. તેથી કરીને ''પદની ઈચ્છાવાલા ઘણાં એકઠાં થયેલાં'' ઈત્યાદિ જે વચનો છે તે ભૂતપ્રેતથી ગ્રસિત આત્માના પ્રલાપ અને ચેનચાળા જેવા જાણવા. કૌતૂકમાં ઉત્સૂક એવા, નિંદ્યવાણી બોલવાવાળા, ગાવામાં રસવાલા–એવા હોલીપર્વને વિષે એકઠાં થયેલાં બાલકો, રાજ્યની લિપ્સાવાળા છે એમ કોઈ માને ખરાં? ઈત્યાદિ સમ્યગ્ દ્રષ્ટિએ વિચારતાં બિંદુ સહિતની આદ્યવર્ણવાલી એવી જિનદત્તની કથા તેના ભક્તોના કંઠપીઠને વિષે હંમેશાને માટે હો!

તેથી કરીને યથોક્ત જનક અને જનનીથી ઉત્પન્ન થયેલો અને યથોક્ત પ્રવ્રજ્યા દિન કહ્યા પ્રમાણે ક્ષેત્ર અને આદિ ઊખેડવાની ચેષ્ટાવાલો, કણકણની જેમ મેળવેલ છે કંઈક વિદ્યા જેમણે એવા, યથોક્ત (જેમ વર્ણવેલા છે તેમ) તેવી ચાપલ્યતા–મૌખર્યતા આદિ ગુણગણોથી અલંકૃત એવા સોમચંદ્ર અને વિધિસંઘ એ બન્નેએ ભેગાં થઈને અને અંતરવૃત્તિએ આલોચના કરીને પોતાના મનને કાંઈક સંતોષ આપવાપૂર્વક સંકેત કરાયેલા દેવભદ્રાચાર્યવડે કરીને ચિત્તોડમાં જઈને અભયદેવસૂરિની પાટે જેમ જિનવલ્લભની જેમ જેનું જિનદત્ત નામ આપ્યું છે એવા સોમચંદ્રને તેમ જિનવલ્લભની પાટે સ્થાપીને સોંપ્યો. જો એમ ન હોય તો નામથી પણ અજ્ઞાત એવા સોમચંદ્રને આચાર્ય બનાવીને સમર્પ્યો. અને જિનદત્ત તે જિનવલ્લભના સમુદાયને સાથોસાથ સંમત પણ કેવી રીતે થયો? એટલા માત્રમાં જ

જિનદત્તનું ચરિત્ર વિચારવા જેવું છે. બાકીનું તો એકબીજાનું અનુસંધાન મેળવવા માટે ઘડેલું હોવા છતાં પણ કહેલી યુક્તિઓ વડે કરીને સ્વયં નષ્ટ થાય છે. એમ વિચારીને બાકીનું બધું વર્ણન સાંભળવા જેવું જ નથી. ॥ ગાથાર્થ–૯ ॥

હવે કહેલી વાતને સૂત્રથી સૂચવતાં છતાં જણાવે છે કે

**गणहर सड्ढयस्सा, वित्तीए वण्णिओ अ जिणदत्तो ।**
**सम्मं विआरणिज्जं, वण्णयवज्जं जहा जायं ॥१०॥**

જિનદત્તસૂરિકૃત ગણધર સાર્ધશતકની વૃત્તિમાં જિનદત્ત વર્ણવાયેલો છે તે વૃત્તિની અંદર એના વર્ણનને છોડીને જે 'આ યુગપ્રધાન છે' ઇત્યાદિ જે વર્ણન વચન છે, તે વર્ણન વચનને છોડી દઈને જેવી રીતે જે લખેલું છે તે તેવી રીતે વિચારવું જોઈએ. ॥ ગાથાર્થ-૧૦ ॥ હવે જિનદત્તના વર્ણનને વર્જવું કેમ? તેના માટે કહે છે.

**वण्णयवयणं लोआभाणयणाएण पाय पहवडिअं ।**
**जह निअयमायरं को डाइणि वाइत्ति लोउत्ति ॥११॥**

વર્ણકનું વચન એટલે જિનદત્તાચાર્યના વર્ણનનું કથન એ લોક કહેવતના ન્યાયવડે કરીને– લોકાભાણકના રસ્તે (લોક કહેવતમાં) પડેલું જાણવું. લોકાભાણક કેવું છે? તે જણાવે છે. જેમ કોઈ બાલક 'મારી મા ડાકણ છે' એવા પ્રકારનું વચન બોલવાના શીલવાળો પણ લોકમાં ન હોય. એ લોકોક્તિને લોકાભાણક કહેવાય છે. આ લોકાભાણક ન્યાયવડે કરીને જે સ્વીકારેલા ગુરુ છે તેનો અવર્ણવાદી ન હોય; પરંતુ તેનાથી બીજું ઉલ્ટું પોતાના ગુરુનો વર્ણવાદ કરે. તેથી કરીને વર્ણવાદનું જે વચન છે તે કાંઈક ક્યારેક કોઈ ઠેકાણે સત્ય પણ થાય છે; પરંતુ પ્રાયેઃ કરીને બહુલતાએ કરીને અસત્ય જ હોય છે. એ પ્રકરણથી પ્રશંસાને છોડીને બાકીનું ભણવું એમ કહ્યું. ॥ ગાથાર્થ–૧૧ ॥

હવે જિનદત્તનું વર્ણન પ્રાયેઃ ઘણું કરીને અસત્ય જ છે તે ઉપર ઉદાહરણ આપતાં જણાવે છે.

**जिणसेहरचंदप्पह – नरसिंहप्पमुह – वण्णयाहरणं ।**
**किंचिवि सम्मं संबंधसंगयं तंपि नो सव्वं ॥१२॥**

જિનશેખર એટલે જિનવલ્લભનો ગુરુભાઈ, ચંદ્રપ્રભ એટલે પૌર્ણમીયકમતનો આકર્ષક ચંદ્રપ્રભસૂરિ, નરસિંહ એટલે આંચલીયા મતનો આકર્ષક નરસિંહ ઉપાધ્યાય અને આદિ શબ્દથી પાશચંદ્રના છેડા સુધીના બધા ગ્રહણ કરી લેવા. અને તે બધાનું જે વર્ણન છે તે જ અહિંયા ઉદાહરણ જાણવું.

આ વાતનો ભાવ એ છે કે જિનશેખર આદિને માનનારાઓએ વડે મોટા પ્રબંધે કરીને તે

બધા વર્ણવાયેલા છે. અને તે સિવાયના=સ્વીકાર કરનારા સિવાય વડે તિરસ્કાર કરાયા છે. તેમાં કેટલુંક સંબંધને અનુકૂલ એટલે માતાપિતા આદિના સંબંધને સૂચવનારું વર્ણન સાચું જાણવું. તે વર્ણન પણ સંબંધને સંગત હોય એ જ સત્ય જાણવું બાકીનું બધું નહિ. એ પ્રમાણે ॥ ગાથાર્થ–૧૨ ॥

હવે ઉભય સંમત વર્ણનનું ઉદાહરણ કહે છે.

**निक्कासिओ गहेउं, गलंमि जिणसेहरोत्ति खरयरया ।**
**रुद्दोलिआ य अहिनवगोअमसामित्ति पडिवण्णा ॥१३॥**

'ગળે પકડીને જિનશેખરને કાઢ્યો.' એ પ્રમાણે ખરતરો કહે છે. કહ્યું છે કે ''એક દિવસે જિનશેખરવડે કરીને સાધુ સંબંધમાં કાંઈક કલહાદિ અયુક્ત કરાયું. તેથી દેવભદ્રાચાર્યવડે કરીને ગળે પકડીને હાંકી કઢાયો. ઈત્યાદિ યાવત્ આ દુરાત્મા તમને સુખકારી નહિ થાય.'' અને 'ખસ ખુજલીવાલા ઊંટની જેમ તેને બહાર કાઢી મૂક્યો એ કલ્યાણને માટે છે.' ઈત્યાદિ પ્રકારવડે કરીને તિરસ્કાર કરાયો. રુદ્રપલ્લીયગચ્છવાલાને પોતાના પ્રકરણની પ્રશસ્તિ આદિમાં જિનશેખરને 'અભિનવ ગૌતમસ્વામી તરીકે' સ્વીકારેલ છે. તેમાં વિચાર કરવા લાયક એ છે કે આ બે વર્ણનમાંથી ક્યાં વર્ણનને પ્રમાણ કરવું? કાઢી નાંખનારને કે સ્વીકારનારને? આ બન્નેની વિચારણામાં જે તીર્થને સંમત હોય તે જ સાચું જાણવું. ॥ ગાથાર્થ-૧૩ ॥

હવે કહેલું વર્ણન ક્યા દૃષ્ટાંતવડે કેવું છે? તે કહે છે.

**जह सिंहं निअपिअरं, वण्णिज्जंतं मुणिअ मिअपमुहा ।**
**निअनिअपिअरं गयघडविदारयं वण्णयंति मुहा ॥१४॥**

જેમ પોતાના પિતાને વર્ણવતાં સિંહને સાંભલીને મૃગલા આદિઓ પણ પોતપોતાના પિતાને 'હાથીની ઘટાને વિદારનારા છે' એ પ્રમાણે ફોગટ વર્ણવે છે. મૃગ આદિ શ્વાપદો પોતાના પિતાને જાણે છે કે પોતાના પિતાને આ રીતે વર્ણવવો. તેથી કરીને સિંહે જેમ પોતાના પિતાને વર્ણવ્યો. તેવી રીતે અમારે પણ વર્ણવવો. તેમાં સિંહે વર્ણવેલું સાચું જાણવું. બાકીનું બધું ખોટું. ॥ ગાથાર્થ-૧૪ ॥

હવે પ્રકારાન્તરે બીજું દૃષ્ટાંત કહે છે.

**अहवा सासणसूरिं, पासिअपासंतकुमइवग्गंपि ।**
**तित्थअणुगरणमित्तं, तब्भत्ता वण्णयंति मुहा ॥१५॥**

અથવા શાસનસૂરિને=જૈનપ્રવચનના અધિપતિ એવા આચાર્ય મ. ને સ્તુતિ, વંદન, પૂજન આદિ પૂજા ક્રિયા વિષયી બનાવાતાં જોઈને પાશચંદ્ર પર્યન્તના કુપાક્ષિક વર્ગને તેના ભક્તો એટલે દિગંબરથી માંડીને પાશચંદ્ર સુધીના ભક્તો વર્ણવે છે. કેવી રીતે વર્ણવે છે? તો કહે છે કે તીર્થનું અનુકરણ માત્ર

જેવી રીતે થાય તેવી રીતે વર્ણવે છે. એટલે કે સૂર્યના તાપથી તપેલી ચક્ષુવાળાઓ મરુમરિચીકામાં (ઝાંઝવાના જલમાં) જેમ 'જલ'ની સંજ્ઞા કરે છે તેવી રીતે તીર્થને વિષે પ્રતિક્રમણ આદિ ક્રિયાઓના જે જે નામો છે તે તે નામોને પોતાની મતિએ વિકલ્પી ક્રિયાઓને આ નામો આપેલા છે. તેવી જ રીતે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધસંઘ તથા તેની ભક્તિ, સાધર્મિકવાત્સલ્ય આદિ બધા જ અનુષ્ઠાનનું અનુકરણ તીર્થના અનુકરણ માત્ર જ છે. અને તે બધું ખોટું જ છે. કારણ કે વસ્તુતઃ તે બધું તેવા સ્વરૂપના અભાવવાળા હોવાથી. જેમ છીપનો ટૂકડો, ચાંદીના જ્ઞાને કરીને ચાંદી નિમિત્તે ગ્રહણ કરે તો રજત લાભવાન્ કહેવાય? ન જ કહેવાય! એજ દૃષ્ટાંતવડે કરીને તીર્થના પ્રતિપક્ષી એવા કુપાક્ષિકો, તીર્થનું અનુકરણ કરનારા હોવા છતાં પણ તેના ભક્તો વડે જે મોટું વર્ણન કરાયું છે તે અકિંચિત્કર જ છે. એ પ્રમાણે જાણવું. ॥ ગાથાર્થ-૧૫ ॥

હવે બધું જ વર્ણન અસત્ય નથી. એ ઉપર કહે છે.

**पाओगहणा एगं, सच्चमसच्चा य अणुहरा सेसा।**
**जह जिणसासणमेगं, सच्चं सेसा असच्चा य ॥१६॥**

પ્રાયઃ શબ્દનું ગ્રહણ કરવાથી એક સત્ય છે જેનું અનુકરણ થઈ શકે તે સત્ય જાણવું. તે સત્ય તો એક જ છે. બાકીના બધા અનુકરણ કરનારા છે. એટલે કે 'આ તીર્થવર્તિ સાધુઓ આદિ આ પ્રમાણે કરે છે માટે અમારે પણ એ પ્રમાણે જ કરવું' એ પ્રમાણે રાજાની ચેષ્ટા કરનારા નટની જેમ અસત્ય જાણવા. કારણ કે વર્ણનીય જે ગુણો છે તેના સ્થાનરૂપ ન હોવાથી. આ વાતમાં દૃષ્ટાંત આપે છે કે—જેમ જૈન શાસન એક જ મોક્ષમાર્ગ તરીકે સત્ય છે, બાકીના બધા સુગત=બૌદ્ધ આદિ અસત્ય જ છે. કારણ કે મોક્ષને માટે પણ પોતાની બુદ્ધિએ વિકલ્પેલી ક્રિયાઓને કરનારા હોવાથી અસર્વજ્ઞમૂલ છે. અને તેથી અકિંચિત્કર છે એમ જાણવું. ॥ ગાથાર્થ-૧૬ ॥

હવે **निक्कासिउ** એ ૧૩ મી ગાથાનું પણ વર્ણકવચન છે તે અકિંચિત્કર તરીકે જણાવેલું છે. અને જે તીર્થસંમત છે તે સમ્યગ્ એ પ્રમાણે જે કહેવાયું છે. તેથી કરીને તીર્થ સંમત એવું જે જિનવલ્લભ વિષયનું વર્ણન જે છે તે જણાવે છે.

**जिणवल्लहो अ एवं गुरुणा चत्तो न केण वंगिकओ।**
**अप्पबिओ बहु भमिओ, कइजण असुभाण उदएणं ॥१७॥**

એ પ્રમાણે જિનશેખર આદિના દૃષ્ટાંત વડે કરીને જિનવલ્લભનો પણ સ્વીકાર કરી લેવો. કારણ કે તે પણ ગુરુવડે છોડાયેલો છ કલ્યાણક પ્રરુપણા આદિનું કાંઈપણ નિમિત્ત મેળવીને ચૈત્યવાસી જિનેશ્વરસૂરિવડે કાઢી મૂકાયેલો જિનવલ્લભ, કોઈના પણ વડે અંગીકાર કરાયો નથી. ''હું ચૈત્યવાસ છોડી દઈશ'' એ પ્રમાણેની વાણી માત્ર ઉદ્‌ભવાવીને—ઉચ્ચારીને અભયદેવસૂરિ પાસે ગયો.

અભયદેવસૂરિજીએ પણ પરીક્ષા કરવા વડે કરીને 'આ અનુચિત છે' એ પ્રમાણે જાણીને તેનો સ્વીકાર કર્યો નથી. પરંતુ લોકાનુવૃત્તિએ કરીને ''તું સારી ક્રિયા કર, પછી જેવો અવસર હશે તેવું જણાશે.' એ પ્રમાણે કહીને તેને પ્રત્યુત્તર આપ્યો. તે જિનવલ્લભ પણ ધૂર્તતાથી 'ગુરુવચન પ્રમાણ' એ પ્રમાણે બોલીને ચિત્તોડ આદિમાં ગયો. કેવી રીતે? પોતે અને બીજો જિનશેખર. એટલે એક જિનશેખર અને બીજો પોતે એમ બન્ને જણા ઘણો કાલ અને ઘણાં ક્ષેત્રમાં ફર્યા. અને કેટલાક માણસોના જે અશુભ કર્મો, તે અશુભ કર્મના ઉદયવડે કરીને ઉપદેશવિષયી થયો. પૂર્વ જન્મસંબંધીના ક્લિષ્ટ કર્મના ઉદય સિવાય ઉત્સૂત્રભાષી એવો આત્મા ઉપદેશવિષયી ન થાય. ॥ ગાથાર્થ-૧૭ ॥

હવે તેવી રીતે ભમતાં જિનવલ્લભે શું કર્યું? તે કહે છે.

**तेण कओ विहिसंघो, अप्पबिओ सावओ अ तिविहो वा ।**
**निरवच्चे परलोगं, गयंमि जा दुन्नि वरिसाइं ॥१८॥**

તે જિનવલ્લભે વિધિસંઘ ઉભો કર્યો. એટલે પોતાના વચનથી નિયંત્રિત થયેલ એવો કેટલોક જે જનસમુદાય છે તેને 'વિધિસંઘ'ના નામે સ્થાપ્યો. આ વિધિસંઘ કેવા પ્રકારનો હતો? આત્મદ્વિતીય શ્રાવક એટલે એક પોતે અને બીજો શ્રાવક એટલે સાધુ અને શ્રાવક લક્ષણવાળો દ્વિવિધ સંઘ કર્યો. ગણધર સાર્ધશતકની અંદર ચોકખું કહેલું છે કે,–'આ જિનવલ્લભવડે કરીને સાધારણ આદિ શ્રાવકો પોતાને આધીન કરાયા' પરંતુ તે વર્ણનમાં શ્રાવિકાઓ જણાવી નથી. અને સાધ્વીઓ તેમાં દીક્ષિત હતી જ નહિ. અરે! સાધ્વીઓની વાત તો દૂર રહો. પરંતુ કોઈ સાધુ પણ દીક્ષિત નથી.

એટલે દ્વિવિધ સંઘ અથવા ત્રિવિધ સંઘ અથવા તો શ્રાવિકાઓ શ્રાવકને આધીન હોય તેવી સંભાવના કરીએ તો ત્રિવિધ સંઘ અને છોકરા વગરનો–શિષ્યવગરનો એવો જિનવલ્લભ પરલોક ગયે છતે બે વર્ષ સુધી તો વિધિસંઘ સાધુરહિત જ હતો ॥ ગાથાર્થ-૧૮ ॥ આવા પ્રકારના સાધુરહિતના વિધિસંઘે શું કર્યું? તે કહે છે.

**तेणं पलोअंतेणं लहिओ एगो अ सोमचंदमुणी ।**
**अण्णुण्णं वयबंधं, काऊणं कारिओ सूरि ॥१९॥**

તે વિધિસંઘે ''અમારો સમુદાય નિઃસ્વામીત્વ છે એથી કરીને કોઈક સ્વામી કરવો જોઈએ'' એ પ્રમાણેની બુદ્ધિએ હંમેશા શોધખોળ કરતાં બે વર્ષ વીતી ગયા બાદ એક 'સોમચંદ્ર' નામનો સાધુ હાથમાં આવ્યો. એકબીજાએ એકબીજાને વચનબંધ અને વ્રતબંધ કરીને ખાનગીમાં પોતપોતાની અભિરુચિએ એકમેક થઈને તે સંઘે તેને આચાર્ય બનાવ્યો અને તેનું **'જિનદત્તસૂરિ'**એ પ્રમાણે નામ પાડ્યું. ॥ ગાથાર્થ-૧૯ ॥ હવે જિનવલ્લભ અને જિનદત્ત એ બન્નેની આચાર્ય પદવીની વિધિ ગણધર સાર્ધશતકમાંથી મળતી કેવા પ્રકારની છે? તે જણાવે છે.

**जिणवल्लहजिणदत्ता – यरिअपयं जारगब्भसारित्थं ।**
**सीमंतसमं पुत्थयलिहणं को कुणइ तस्सावि ? ॥२०॥**

જિનવલ્લભ અને જિનદત્તનું આચાર્યપદ, જારપુરુષના ગર્ભ સરખું છે. તેના પણ પટ્ટધરનું પુસ્તકમાં લખવું તે સીમંત સમાન એટલે કે ગણધર સાર્ધશતક આદિ ગ્રંથ રચના વડે કરીને પુસ્તકમાં આવો વૃત્તાંત લખવાનું કોણ કરે? કોઈ પણ ન કરે. જો કે ખરતરે કરેલું છે તે સાન્વર્થ નામવાળું હોવાથી તેને જ યુક્ત છે. આ તેનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો આ પ્રમાણે છે.

''ચૈત્યવાસીનો શિષ્ય હોવા વડે કરીને 'આ ગચ્છ સંમત નહિં થાય.' એમ વિચારીને અભયદેવસૂરિજીએ આચાર્યપદ ન આપ્યું. અંત સમયે પ્રસન્નચંદ્રાચાર્યને કહ્યું. 'મારી પાટે તમારે જિનવલ્લભને સ્થાપવો.' તેમણે પણ એટલે પ્રસન્નચંદ્રાચાર્યે પણ અંત સમયે દેવભદ્રાચાર્યને કહ્યું. અને તે દેવભદ્રાચાર્યે ચિત્તોડ જઈને જિનવલ્લભે બનાવેલા સમુદાયની સાક્ષીએ આચાર્યપદ કર્યું. અને અભયદેવસૂરિવડે કરીને તો પોતાની પાટે વર્ધમાન સૂરિ સ્થપાયા.'' ઇત્યાદિ પ્રકારનું જિનવલ્લભનું પદ–સ્થાપન સ્વરૂપ ગણધર સાર્ધશતકમાં લખાયું છે. અને તે વર્ણન જિનવલ્લભના પૂર્વ અધિકારના સંબંધના વ્યતિકરમાં જે જણાવ્યું છે તે અહિં ફરી જણાવાય છે. એવી રીતે જિનદત્તનો પણ વ્યતિકર પૂર્વે જણાવાયેલો છે તે અહિંયા જાણી લેવો.

આમ તે બન્નેનાં વર્ણનોના હિસાબે આચાર્યપદની વિચારણા કરીએ તો જારના ગર્ભની જેવું જ આચાર્યપદ જણાય છે. જાર પુરુષથી ઉત્પન્ન થયેલ ગર્ભવાલી સ્રીનું સીમંતકાર્ય કોઈએ કરેલું હોય તેવું કોઈએ જોયું કે સાંભલ્યું છે ખરું? તેવી રીતે આવા પ્રકારના પદવી દાનનો પ્રસંગ, પુસ્તકમાં લખવા માટે અયોગ્ય હોવા છતાં પણ ખરતરો વડે વગર વિચારે લખાઈ ગયો છે. આવા પ્રકારનો હેવાલ, પદવીના દાતાની, તેની અનુજ્ઞા કરનારની અથવા તો તેવી પદવી સ્વીકારનારને ગૌરવનું સ્થાનરૂપ નથી; પણ મહાલજજાનું સ્થાન છે અને આવા પ્રકારની પદવી તેના સમુદાય માટે પણ ગૌરવનું કારણ નથી. ઇત્યાદિ વાતો સૂક્ષ્મબુદ્ધિએ વિચારવા જેવી છે. ॥ ગાથાર્થ-૨૦ ॥

હવે જારગર્ભની સદૃશતા બતાવવા માટે દિશા કહે છે.

**पवज्जाउवट्ठावणु–वहाण–सुण्णोवि चिइनिवासीवि ।**
**सिद्धंत परगामी सूरीवि विगोवणुत्तीए ॥२१॥**

પહેલાં તો જિનવલ્લભ ખરીદ કરાયેલો હોવા છતાં પણ, ચૈત્યવાસી હોવા છતાં પણ, પ્રવ્રજ્યા, ઉપસ્થાપના તથા ઉપધાનથી શૂન્ય એવા જિનવલ્લભવડે કરીને કોઈ પણ સંવિગ્ન પાસે દીક્ષા ગ્રહણ કરાઈ નથી. અને દીક્ષાનો અભાવ હોવાથી કોઈએ તેની ઉપસ્થાપના (વડીદીક્ષા) કરી નથી. અને ઉપસ્થાપનાનો અભાવ હોવાથી જોગ પણ કર્યા નથી. એટલે આવશ્યક આદિ શ્રુત આરાધન તપ

વિશેષવાળું યોગ અનુષ્ઠાન પણ નથી થયું. અને એથી કરીને પ્રવ્રજ્યા, ઉપસ્થાપના અને ઉપધાનરહિત એવો જિનવલ્લભ 'સંવિગ્ન એવા શ્રી અભયદેવસૂરિ પાસે સિદ્ધાંત પારગામી થયેલ છે.' એવો હોવા છતાં પણ કર્ણજાપની પરંપરાએ કરીને આચાર્ય પણ થયો! અને તે આચાર્ય પણ અભયદેવસૂરિજી મ.ના પટ્ટધર વર્ધમાનસૂરિ વિદ્યમાન હોયે છતે પણ અભયદેવસૂરિની પાટે નિમાયો! અને તેથી કરીને તેના સમુદાયે પણ નહિં સ્વીકારેલો, સંઘથી બહિષ્કૃત થયો છતાં અને એકાકી ભમતો છતાં પણ **'અભયદેવસૂરિનો પટ્ટધર'** ઇત્યાદિ વિગોપન=વિંટબણાકારક યુક્તિઓ વડે કરીને ખરતર સિવાય આવું શાસ્ત્ર કોણ લખે? અને તેવા શાસ્ત્રને ગધેડીના દૂધને પીનારા ખરતર સિવાય કોણ કબૂલ કરે? માન્ય રાખે? ॥ ગાથાર્થ—૨૧ ॥

હવે પ્રકારાન્તરે કરીને પણ આનું ૧૦—ગાથા વડે દિગ્દર્શન કરાવવા માટે ૧૦—ગાથામાંની પહેલી ગાથા કહે છે.

**जाव दिसाबंधेणं, न कओ सीसो सहत्थवासेण।**
**ताव न मंडलिभोगोऽवि, होइ कह होइ पट्टधरो? ॥२२॥**

જ્યાં સુધી પોતાના હાથના વાસનિક્ષેપ પૂર્વક દિગ્બંધ કરવા પૂર્વક શિષ્ય કરાયો નથી, દિગ્બંધન આ પ્રમાણે :—'કૌટિકગણ, વૈરીશાખા, ચાંદ્રકુલ, અમૂક નામના ભટ્ટારક, અમૂક નામના આચાર્ય, અમૂક નામના ઉપાધ્યાય, અમુક નામની પ્રવર્તિની' ઇત્યાદિ પ્રકારવાલા દિગ્બંધનવડે કરીને શિષ્ય ન કર્યો હોય ત્યાં સુધી મંડલીસંભોગ એટલે કે સૂત્ર આદિ સાત માંડલીનો વ્યવહાર ન થાય. સાત મંડલી આ પ્રમાણે :—સૂત્ર, અર્થ, ભોજન, કાલ, આવશ્યક, સ્વાધ્યાય અને સંસ્તારકઃ આ સાત માંડલીઓ છે. જો તેની સાથે માંડલી સંભોગ ન હોય તો તેમનો પટ્ટધર પણ ક્યાંથી થાય? એટલે માંડલી સંભોગના અભાવે પટ્ટધરપણું મેળવવું દુષ્પ્રાપ્ય જ છે. ॥ ગાથાર્થ—૨૨ ॥

હવે આ વાતના વ્યતિરેકમાં ગ્રંથની સંમતિ જણાવે છે.

**भिन्नदिसाबंधेण, न हुंति संभोग सीसमाईणि।**
**ठाणेणं चउभंगी, गणसंठिइमाइवित्तीए ॥२३॥**

ભિન્ન દિગ્બંધવડે એટલે ગચ્છાંતરીય દિગ્બંધ કરવાવડે કરીને પોતાના ગચ્છસંબંધી માંડલી સંભોગ, શિષ્ય આદિ-આદિ શબ્દથી પોતાના પદે સ્થાપન કરવાનું ગ્રહણ કરવું. આ બધા કાર્યો ભિન્ન દિગ્બંધ હોયે છતે ન થાય. અને જો થતાં હોય તો દિગ્બંધનનું કોઈ પ્રયોજન જ નથી. અને આ વાત સ્થાનાંગસૂત્રના ૪થા સ્થાનકની ચતુર્ભંગીમાં ગણસંસ્થિતિ આદિની વૃત્તિમાં કહેલું છે. તે આ પ્રમાણે :—**"चत्तारि पुरिसजाया पं. तं—धम्मसंठिइं जहाति नाममेगे नो गणसंठिईं, गणसंठिईं जहाति नाममेगे नो धम्मसंठिईं"** તેની વૃત્તિનો અર્થ આ પ્રમાણે છે :—

"એક આત્મા જિનાજ્ઞારૂપ ધર્મને છોડી દે છે, પણ પોતાના ગચ્છ સંબંધીની મર્યાદાને છોડતો નથી. અહિં કેટલાક આચાર્યો વડે કરીને તીર્થંકરના અનુપદેશવડે કરીને આવી મર્યાદા કરેલી કે 'આપણા વડે કરીને મહાકલ્પ આદિ અતિશયવંત શ્રુત, અન્ય ગચ્છસંબંધીને ન દેવું.' અને એ પ્રમાણે જે બીજા ગણ સંબંધીનાને ન આપે તે ધર્મને ત્યજે છે; પણ ગણ સ્થિતિને છોડતો નથી. ધર્મને કેમ છોડે? જિનેશ્વરપ્રભુની આજ્ઞાનું પાલન ન હોવાથી : તીર્થંકરનો ઉપદેશ તો આ પ્રમાણે છે કે–'યોગ્ય એવા સર્વને પણ શ્રુત આપવું' એ પ્રથમ ભાંગો છે (૧) જે શ્રુત આપે છે તે 'ગણસંસ્થિતિને છોડે છે પણ ધર્મસંસ્થિતિને છોડતો નથી' એ બીજો ભાંગો (૨) જે અયોગ્યને આપે તે ગણસંસ્થિતિ અને ધર્મસંસ્થિતિને છોડે છે' તે ત્રીજો ભાંગો (૩) અને જે શ્રુતનો અવ્યવચ્છેદ કરવામાં સમર્થ એવા પારકાના શિષ્યને પોતાના ગચ્છનો દિગ્બંધ કરાવવા પૂર્વક શ્રુત આપે છે તેણે ધર્મને છોડ્યો નથી. અને ગણ સ્થિતિને પણ છોડી નથી. આ ચોથો ભાંગો" આ પ્રમાણે સ્થાનાંગવૃત્તિમાં કહેલું છે. ॥ ગાથાર્થ–૨૩ ॥

હવે ગચ્છાંતરીય દિગ્બંધ કરવાવડે કરીને શિષ્યાદિ વ્યવહાર ન થાય તે કેવી રીતે? તે સમજાવવાને માટે ગાથા કહે છે.

**तेणं पज्जोसवणा कप्पंमि, थिरावलीइ भणिआइं ।**
**साहा–कुलपमुहाइं, नामेहिं नेव दीसंति ॥२४॥**

જે કારણવડે કરીને=ગચ્છાંતરીય દિગ્બંધના કારણે કરીને પોતાના શિષ્ય આદિ થઈ શકતા નથી. તે જ કારણથી પર્યુષણા કલ્પની અંદરની સ્થવિરાવલીમાં જેના શાખા–કુલ આદિ જે કહેલાં છે તે તે નામો વડે કરીને જણાતાં નથી.

આ વાતનો ભાવ એ છે કે જિનવલ્લભની જેમ શિષ્ય રહિતના જે પરલોક ગયેલાં છે તે દિગ્બંધન આદિ રહિત હોવાથી તેના સંતાનો થવાને યોગ્ય નથી. અને એથી કરીને તે વ્યુચ્છિન્ન સંતાનો થયા છે. અને એથી જ કરીને એના નામો ક્યાંથી મલે? વળી તેઓ સાક્ષાત્ દેખાતા નથી. ॥ ગાથાર્થ-૨૪ ॥ હવે આ જ વાતને ચાલુ વાતમાં જોડે છે.

**जिणदत्तदिसाबंधो, न कओ जिणवल्लहेण तस्सावि ।**
**न कओऽभयदेवेणं, कहमण्णुण्णंपि संबंधो ॥२५॥**

સોમચંદ્રનું બીજું નામ જે જિનદત્ત છે. તે જિનદત્તનો દિગ્બંધ જિનવલ્લભે કરેલો નથી. તેવી રીતે જિનવલ્લભનો પણ દિગ્બંધ અભયદેવસૂરિએ કરેલો નથી. આમ હોયે છતે કેવી રીતે તેઓ એકબીજા ગુરુશિષ્યના ભાવસંબંધવાળા થાય? અર્થાત્ કોઈપણ પ્રકારે ન થઈ શકે. ॥ ગાથાર્થ-૨૫ ॥

હવે આ કહેલા ત્રણેયના સંબંધનો અભાવ હોયે છતે દૃષ્ટાંત આપવાપૂર્વક આશ્ચર્ય જણાવે છે.

**जह कीडिअउट्टाणं, संबंधो तारिसो अ तह तेसिं।**
**चित्तं तदवच्चेणं, चरिअं जं तारिसं लिहिअं ॥२६॥**

જેમ કીડી અને ઉંટનો સંબંધ જેવો ગણાય તેની જેમ અભયદેવસૂરિ, જિનવલ્લભસૂરિ અને જિનદત્તનો પરસ્પર સંબંધ જાણી લેવો. આનો ભાવ એ છે કે કીડીઓ વડે ઉંટનો જન્યજનકભાવ સંબંધ ઘટતો નથી. ઘણી કીડીઓ ભેગી થાય તો પણ એક ઉંટને જન્મ આપી શકતી નથી. તેમ ઉંટ વડે કીડીને જન્મ આપી શકાતો નથી. આ દૃષ્ટાંત લોકપ્રતીત જ છે. એવી રીતે જિનપતિસૂરિ આદિવડે કરીને જિનવલ્લભ અને જિનદત્તનું જે સંબંધમાત્ર ઘટકચરિત્ર લખ્યું છે તે જ આશ્ચર્ય છે. જો આવું ચરિત્ર લખ્યું ન હોય તો અમારા જેવાવડે કરીને યથાવસ્થિત ચરિત્ર ક્યાંથી જાણી શકાય? ॥ગાથાર્થ-૨૬॥ હવે જિનવલ્લભની ઉપહાસ=મશ્કરીના હેતુરૂપ એવું સૌભાગ્ય પ્રગટ કરતાં થકાં જણાવે છે.

**निरवच्चमयस्साविअऽवच्चं जिणवल्लहस्स तं तेणं ।**
**लोउत्तरसोहग्गं, वण्णिज्जइ कित्तिअं तस्स ? ॥२७॥**

વાંઝિયાપણામાં જ મરણ પામેલા હોવા છતાં પણ જિનવલ્લભનો અપત્ય અને **च** શબ્દથી ચાલીસ વર્ષના આચાર્યપદ સહિતના જ છોકરાને જન્મ આપ્યો! તેવા પ્રકારના અપત્યહેતુક જિનવલ્લભનું લોકોત્તર સોભાગ્ય છે!! અને જિનવલ્લભને છોડીને બીજાને આવું લોકોત્તર સોભાગ્ય પ્રાપ્ત થવું દુર્લભ છે! હવે એ જિનવલ્લભનું લોકોત્તર સૌભાગ્ય અમારે કેટલુંક વર્ણવવું? જગત સ્થિતિથી બહાર રહેલું એવું જિનવલ્લભનું લોકોત્તર સૌભાગ્ય વર્ણવાને માટે અમે અશક્ત છીએ. એ પ્રમાણે ઉપહાસનું વચન જાણવું. આ કહેવાવડે કરીને ખરતરો જે કહે છે કે 'અમારો ગચ્છ સાધિષ્ઠાયક છે' તે વાત સત્ય સંપન્ન છે' કારણ કે તેવા પ્રકારના અધિષ્ઠાયક સિવાય મરેલાઓને પણ અપત્યત્વ થવાનો સંભવ નહી હોવાથી. ॥ ગાથાર્થ-૨૭ ॥

હવે જિનદત્તનું પણ ઉપહાસનું સ્થાનપણું જણાવે છે.

**लोउत्तरसोहग्गं जिणदत्तस्सावि जेण निरवच्चो ।**
**कालगओ सावच्चो, जाओ जिणवल्लहो जेण ॥२८॥**

જિનદત્તનું પણ લોકોત્તર સૌભાગ્ય ગણાય! જે કારણવડે કરીને નિરપત્ય અને કાલધર્મ પામેલો છતાં પણ જે જિનવલ્લભ, જે જિનદત્તના કારણે અપત્ય સહિતનો કહેવાયો! આ વાતનો ભાવ એ છે કે **अपुत्रस्य गतिर्नास्ति।** એ વચન સાંભળીને 'અહો! આ છોકરારહિતનો એવો જિનવલ્લભ મરીને કુગતિનો ભાજન ન થાવ.' એવા પ્રકારની જિનવલ્લભ પ્રતિની ભક્તિથી ઉલ્લસિત મનવાળા આ જિનદત્તે તેના છોકરારૂપ થઈને જિનવલ્લભને સદ્ગતિમાં ધકેલ્યો!! એ પ્રમાણે ઉપહાસ જાણવો. ॥ ગાથાર્થ-૨૮ ॥

હવે ખરતર સમુદાય માત્રનું પણ લોકને વિષે હાસ્યસ્પદપણું જણાવે છે.

**जीवंतजणयजणिआ – वच्चाइं, हुंति एस जगवट्टो ।**
**खरयरनामावच्चं तु उग्गकिरिअंति विवरीअं ॥२९॥**

જીવતા એવા પિતાઓ વડે જન્મ અપાયેલા–જન્મેલા છોકરાઓ હોય છે. આ પ્રમાણેની જગત સ્થિતિ છે. ખરતરના છોકરાઓ તો ખરતરના જ વચન અનુસારે જુદી રીતના છે. એટલે કે 'મરેલાં બાપના છોકરાં છે.' આનો ભાવ એ છે કે સંવત–૧૧૩૫ના વર્ષે અને કોઈના મતે ૧૧૩૯–વર્ષે અભયદેવસૂરિ, દેવલોકમાં ગયા. અને સંવત–૧૧૬૭માં એટલે કે–અભયદેવસૂરિજીના સ્વર્ગવાસ પછી ૩૦-૩૨ વર્ષે જિનવલ્લભ તેનો પટ્ટધર થયો. (અને તે જ વર્ષમાં મૃત્યુ પામ્યો) અને તે જિનવલ્લભ મર્યા બાદ બે વર્ષ વ્યતિક્રાંત થયા પછી જિનદત્ત નામનો આચાર્ય થઈને સોમચંદ્ર તેની પાટે આવ્યો. અને તે જિનદત્તસૂરિથી ખરતરમતની પ્રવૃત્તિ થઈ. એટલે કે મરેલાં બાપથી ઉત્પન્ન થયેલ છે એવું આ 'ઉગ્રક્રિયા' નામનું = 'ખરતર' નામનું બાલક છે એમ લોકમાં ઉપહાસ્યપાત્ર છે. ॥ ગાથાર્થ-૨૯ ॥

**હવે જિનવલ્લભ અને જિનદત્તની તેવા પ્રકારની ભવિતવ્યતાસૂચક ચેષ્ટાને જણાવે છે.**

**सप्पाकरिसिणिविज्जालाहुग्गयखित्ततोडणं पढमं ।**
**भविअव्वयाणुचिट्ठा, लिंगं अइमुत्तयाहरणा ॥३०॥**

જિનવલ્લભવડે કરીને બાલ્યકાળમાં સર્પાકર્ષિણી વિદ્યા અને સર્પમોચિની વિદ્યા ટીપ્પણામાં લખેલી મેળવાઈ તેનું ભાવફલ એ છે કે–સર્પતુલ્ય એવા દુષ્ટ આશયવાલા અનંત સંસારી એવા પ્રાણીઓનું આકર્ષણ–પોતાને સ્વાધીનપણું કરવાનું જણાવે અને જે સર્પમોચિની વિદ્યા છે તેનું ફલ એ છે કે નિરપત્યપણે જ પરલોકમાં જશે એમ સૂચવ્યું. કારણ કે તેના વડે કરીને જ તે સર્પો છૂટા કરાયા છે. હવે જિનદત્તે જે 'ઉગેલા ક્ષેત્રને તોડ્યું' તેનું ફલ સમ્યક્ત્વથી વાસિત એવા સંઘક્ષેત્રમાંનો એક દેશ ભાગથી તોડનારો થશે. એ અમે પૂર્વ જણાવેલું છે. ભવિતવ્યતાનુસાર ચેષ્ટા હોય છે. અને ભવિતવ્યતાનુસાર ચેષ્ટાઓનું જે પૂર્વે કહેલા ફલસ્વરૂપ જે ચિન્હ તે અતિમુકતકના ઉદાહરણથી જાણી લેવું. જેમકે–મહાવીરસ્વામીના શિષ્ય અતિમુક્તક મુનિએ ''અમારી નાવડી તરે છે'' એમ બોલવા પૂર્વક પાણીમાં પોતાનું પાત્ર જે ચલાવ્યું તે ચલાવવાવડે કરીને તે જ ભવને વિષે પોતાનું મોક્ષે જવાનું ચિન્હ સૂચવ્યું. ॥ ગાથાર્થ-૩૦ ॥

હવે અતિદેશથી ઉપસંહાર કરતાં જણાવે છે.

**इच्चेअं जिणवल्लहजिणदत्ताणं चरित्तमिह वच्चं ।**
**गणहर सड्ढसउत्तं, वण्णयवज्झंति तं भणिअं ॥३१॥**

પૂર્વે કહેલા પ્રકારવડે કરીને ગણધર સાર્ધશતકમાં કહેલું જિનવલ્લભ અને જિનદત્તનું સ્વરૂપ કહ્યું. તે ચરિત્ર અયથાર્થક પણ હોય. એમ કરીને પણ એવા વર્ણકને વર્જીને જે વાચ્ય–કહેવા લાયક હતું તે જણાવ્યું છે. આ પ્રમાણે-૧૦-ગાથાવડે કરીને ખરતર, પટ્ટધર અને તેની પરંપરા આદિનો ઉપહાસ હેતુ બતાવ્યો. ॥ ગાથાર્થ-૩૧ ॥

હવે ખરતરમતનો કાઢનાર જિનદત્તાચાર્ય કેવો? તે કહે છે.

**जिणदत्ता चउवण्णो, समुदाओ अज्ज जाव अच्छिन्नो ।**
**संजाओ तं पढमो, आयरिओ नाम जिणदत्तो ॥३२॥**

જિનવલ્લભથી પ્રવૃત્ત થયેલો એવો વિધિસંઘ, સાધ્વીના અભાવવડે કરીને–સાધ્વીરહિત હોવાથી ત્રિવિધ હતો. અને જિનદત્તથી ચતુર્વિધ સંઘ થયો. એટલે કે કેટલાંક કાલ ગયા બાદ (કોઈક શ્રાવિકાને) સાધ્વીનો વેશ અર્પણ કરવા દ્વારાએ કરીને સાધ્વીસંઘ સાથેનો એવો જિનવલ્લભનો સ્થાપેલો ચતુર્વિધસંઘ થયો. જિનદત્તના સમયે જિનદત્તથી થયેલો આ ચતુર્વિધસંઘ આજ સુધી અવિચ્છિન્ન છે. એ કારણવડે કરીને ચતુર્વર્ણાત્મક એવા વિધિસંઘના પ્રથમ આચાર્ય ખરતર મતાકર્ષક જિનદત્ત આચાર્ય થયો. એટલે કે વિધિસંઘના મૂલ આચાર્ય જિનદત્તસૂરિ થયા. ॥ગાથાર્થ–૩૨॥ અને એથી કરીને કહેવા લાયક એવા 'મૂલ ઉત્સૂત્ર અને પહેલા આચાર્યની' વક્તવ્યતા જણાવી. હવે ખરતર મતના નામોની ઉત્પત્તિ બતાવે છે.

**अह चामुंडिअउट्टिअखरयरनामाइं तिण्णि जिणदत्ता ।**
**जह जायाइं तहेव य, समासओ मुणह दंसेमि ॥३३॥**

મૂલ ઉત્સૂત્ર અને પહેલા આચાર્યની વક્તવ્યતા બાદ જિનદત્તથી ચામુંડિક, ઔષ્ટ્રિક અને ખરતર આ ત્રણ નામો અમૂક વર્ષ અને અમૂક કારણે થયા. તે નામોની ઉત્પત્તિની જિજ્ઞાસાવાળા હે લોકો! તમે સાંભળો. હું તેની ઉત્પત્તિ તમને શ્રવણ ગોચર કરાવું છું. ॥ ગાથા–૩૩ ॥ હવે પહેલાં ચામુંડિક નામની ઉત્પત્તિને કહે છે.

**तेणेविगुत्तरेहिं बारससयवरिसएहिं चामुंडा ।**
**आराहिआ य तेणं, चामुंडिअसन्निओ जाओ ॥३४॥**

તે જિનદત્તાચાર્યે જ વિક્રમસંવત–૧૨૦૧માં પોતાના મતની વૃદ્ધિ માટે ચંડિકા એવું જેનું બીજું નામ છે એવી 'ચામુંડા' નામની મિથ્યાદૃષ્ટિ દેવી આરાધી હતી. તે કારણથી તે જિનદત્ત 'ચામુંડિક'એ નામની ખ્યાતિવાલો થયો. આનો ભાવ એ છે કે–ચિત્તોડગઢના જે મઠને વિષે જિનવલ્લભ, વર્ષારાત્ર = ચોમાસું રહ્યો હતો તે ચામુંડિકાના મઠમાં જ રહીને પોતાના મતની વૃદ્ધિ માટે ચામુંડાને

આરાધી. જેવી રીતે અંચલગચ્છના મતના આકર્ષક = સ્થાપક એવા નરસિંહ ઉપાધ્યાયે પોતાના મતની વૃદ્ધિ માટે ચંપકદુર્ગમાં રહી મિથ્યાદૃષ્ટિ એવી 'કાલિકા' દેવીને સાધી. તેવી રીતે ચામુંડાની આરાધના કરવાથી ચામુંડિક એવું અર્થયુક્ત નામ જિનદત્તથી જ પ્રવર્ત્યું છે. ॥ ગાથાર્થ—૩૪ ॥ હવે ૨॥ ગાથાથી ઔષ્ટ્રિક નામની ઉત્પત્તિ તથા ૧॥ ગાથા વડે 'ખરતર' નામની ઉત્પત્તિ જણાવે છે.

**अह अण्णया कयाई, रुहिरं दट्ठूणं जिणहरे रुट्ठो ।**
**इत्थीणं पच्छित्तं, देइ जिणपूअपडिसेहं ॥३५॥**
**संघुत्ति – भयपलाणो, पट्टणओ उट्टवाहणारूढो ।**
**पत्तो जावालपुरं, जणकहणे भणइ विज्ञाए ॥३६॥**
**लोएगं सो भणिओ, नामेणं उट्टिउत्ति बिअनामं ।**
**तन्नामसवणरूसिओ, लोएहि मिसिमिसेमाणो ॥३७॥**
**जाओ तामसवयणो, भणिओ लोएण खरयरा पयडी ।**
**तेणामरिसवसेणं, खरयरसन्नत्ति पडिवण्णं ॥३८॥**

હવે એક વખતે જિનદત્તવડે કરીને જિનભવનને વિષે લોહી પરેલું જોવાયું. અને તે (લોહી) જોઈને રોષાયમાન થયો છતો 'આજથી માંડીને સ્ત્રીઓએ જિનપૂજા ન કરવી. તેમાં પણ વિશેષે કરીને મૂળપ્રતિમાને તો ન જ પૂજવી.' એવા ઉપદેશ દ્વારાએ કરીને રુધિર પડવાથી ઉત્પન્ન થયેલ પાપનું પ્રાયશ્ચિત્ત આ પ્રમાણે સ્ત્રીઓને આપ્યું. આ હેવાલ સાંભળીને સંઘે વિચાર કર્યો. અરે! પ્રવચનના ઉપઘાતક ઉપદેશવડે કરીને આ જિનદત્તવડે કરીને આવા પ્રકારનો પ્રાયશ્ચિત વિધિ ક્યાંથી ભણાયો? કે જે 'એકનો અપરાધ થયો છતો તેની જાતિમાત્રને જિનપ્રતિમાની પૂજાનિષેધરુપ પ્રાયશ્ચિત અપાય છે?' જો આવી રીતે કરવામાં આવે તો ધર્મના અનુષ્ઠાન માત્રની ઉચ્છેદની આપત્તિ આવશે. ''એવું એક પણ ધર્માનુષ્ઠાન સ્થાન નથી કે તેવા પ્રકારના અનાદિસંસારમાં અનેકોવડે કરીને સેંકડો વખત પ્રતિકૂલક્રિયાવશ ન વિરાધાયું હોય! તેથી કરીને વિરાધિત સ્થાનમાં તેની આરાધનાને માટે પ્રવૃત થયેલાને ઉદ્વિગ્ન ન કરવો જોઈએ પરંતુ જે સ્થાન જેવાવડે વિરાધાયું હોય તેનાવડે જ તે સ્થાનની વિરાધનાથી ઉત્પન્ન થયેલા પાપને ધોવા માટે ફરી તેમાં પ્રવર્ત્તાવવો જોઈએ. અને એથી જ કરીને પ્રતિમા કે પુસ્તકના વિનાશમાં—તેના પ્રાયશ્ચિત્તરૂપે નવીન પુસ્તક અને નવીન પ્રતિમા ભરાવવાથી શુદ્ધિ કહેલી છે. નહિં કે પ્રતિમા અને ચૈત્યની આરાધના વિધિથી પરાઙમુખ કરવો. માટે 'સવારે જઈને એને પૂછવું. જો કદાગ્રહ છોડે નહિં તો એને શિક્ષા આપીશું'' આ પ્રમાણેની સંઘની તેવી ઉક્તિથી ઉત્પન્ન થયેલા ભયથી પલાયન કરી ગયા. કેવી રીતે નાશી ગયા? ઊંટ ઉપર બેસીને પાટણથી જાવાલ પહોંચી

ગયા. એટલે કે ઊંટ ઉપર બેસીને સુવર્ણગિરિ પહોંચી ગયા. ત્યાંના માણસો પૂછવા લાગ્યા કે 'આપ કઈ વિધિએ કરીને જલ્દી અહિં આવ્યા?' આ લોકોક્તિ સાંભળીને 'દ્રવ્યલિંગીઓ તરફથી સંભાવિત ઉપદ્રવને જાણીને ઔષ્ટ્રિક વિદ્યા સ્મરણ કરીને અહિં આવ્યો છું.' એ પ્રમાણે ઉત્તર આપ્યો. તે વખતે પાણીના પાત્રના અભાવવડે કરીને ઘડાની આચરણા પણ આ પ્રસંગથી તેના મતમાં જાણી લેવી.

તેથી કરીને લોકને વિષે આ જિનદત્તસૂરિ ઔષ્ટ્રિકી વિદ્યાવાલા છે તેથી **'ઔષ્ટ્રિક'** એ નામે પ્રખ્યાત થયા. અને એથી કરીને ૨॥ ગાથાવડે તેનું ઔષ્ટ્રિક નામ જણાવ્યું. હવે બાકીની ૧॥ ગાથાવડે કરીને વૃદ્ધવચનાનુસાર અને યુક્તિએ કરીને **'ખરતર'** નામ જણાવે છે. ત્યાર બાદ ઔષ્ટ્રિક એવા નામના શ્રવણથી એટલે જયાં જાય ત્યાં લોકોના મોઢેથી ઔષ્ટ્રિક નામ સાંભળીને રોષાયમાન થયા.અને એથી કરીને ક્રોધાગ્નિથી બળતા એવા=કઠોર તે તામસવચનવાળો થયો થકો લોકોએ તેને 'આ ખરતર પ્રકૃતિવાલા છે'=ખૂબજ ઉગ્રસ્વભાવવાળા છે. એથી કરીને જિનદત્તના ક્રોધના વશથી **'ખરતર'** એવું ત્રીજું નામ થયું. આનો ભાવ એ છે કે લોકો ઔષ્ટ્રિક–ઔષ્ટ્રિક એ પ્રમાણે કહેવા લાગેલ હોવાથી જેના ભાલમાં ત્રણ રેખાઓ પડી ગઈ છે એવો રોષપૂર્વક અને આંખમાં લાલાશ અને આંસુઓ આવેલા છે જેને એવો જિનદત્ત મને લોકો આ પ્રમાણે કહે છે એવા પ્રકારના દ્વેષથી ઉત્પન્ન થયેલ અને અસભ્ય બોલવા માટે હોઠ ફફડી રહેલા છે જેના એવો તે આ પ્રમાણે બોલતો હતો. 'હજુ તમે મને ઓલખતાં નથી'. એવા પ્રકારના ભય ઉત્પાદન પૂર્વકના આક્રોશ દેનારો થયો. એથી કરીને લોકો કહેવા લાગ્યા કે ખરેખર! આની પ્રકૃતિ ખરતર (ઉગ્ર) છે. અને આ જિનદત્તનું વાચાલપણું સ્વભાવસિદ્ધ છે. એ વાત તો ગણધરસાર્ધશતક વૃત્તિથી પણ મલે છે. જો એમ ન હોય તો ''મૃદુભાષાએ કરીને પૂછ્યું છતાં પણ ''આ કાપાલિકા તારા મુખને ભાંગી નાંખવા માટે છે. અને મારા મુખને શોભાવવા માટે'' આવો નિષ્ઠુરભાષીપણું જિનદત્તના અધિકારમાં લખેલ છે–તે ક્યાંથી સંભવે? આ વાત જાણવાની જિજ્ઞાસાવાલાએ પૂર્વે જણાવેલું જિનદત્તનું ચરિત્ર જાણી લેવું. અત્યારે પણ એટલે કે સાંપ્રતકાલે પણ જે તામસ પ્રવૃત્તિવાલા હોય તેને 'ખરતર પ્રકૃતિ' એ પ્રમાણેની ખ્યાતિ સ્વર્ણગિરિ આદિમાં છે. ત્યારબાદ તે જિનદત્તવડે વિચારાયું કે 'ખરતર પ્રકૃતિવાલો મને જાણીને કોઈપણ ભયભીત થયેલો મને દોષ (અપવાદ) ન આપો. ખરાબ ન બોલો'–એવા પ્રકારના અમર્ષથી ઇર્ષ્યાવશ થઈને તેણે પોતે જ કહ્યું. ''હું ખરતર છું માટે મારી સાથે વિચાર કરીને બોલવું. નહિ તો હું સહન નહિં કરું'' આમ તે જિનદત્તવડે ખરતર નામ સ્વીકારેલ છે. અને લોકોએ પણ તેને ત્રીજું નામ **ખરતર** એમ આપ્યું. અને જિનદત્તે પણ સ્વીકાર્યું. એથી લોકને અને જિનદત્ત એ બંનેને ખરતર નામ સંમત છે; પરંતુ ખરતર નામની ઝાઝી પ્રસિદ્ધિ તો કેટલોક કાલ ગયા બાદ થઈ છે. અને એથી જ કરીને ગણધર સાર્ધશતકવૃત્તિમાં ખરતર નામ જણાવાએલ નથી.

હવે શ્રાવણિકપણાવડે કરીને સગોત્ર એવા અંચલગચ્છીય શતપદીમાં પણ ''ઔષ્ટ્રિકો જે આચરણાનું પ્રમાણ જણાવે છે ત્યાં આ કહેવું.'' ઇત્યાદિ વચનો વડે સંબોધેલા છે; નહિં કે કોઈપણ ઠેકાણે 'ખરતર' અર્થાત્ શતપદીકારના સમયે ઔષ્ટ્રિક નામની જ પ્રસિદ્ધિ હોવાથી. આ પ્રમાણે ૧॥

ગાથાનો અર્થ જાણવો. ॥ ગાથાર્થ ૩૭-૩૮ ॥ હવે ઔષ્ટ્રિક અને ખરતર નામની ઉત્પત્તિ ક્યા સંવત્સરમાં થઈ તે કહે છે.

**एवं चउत्तरेहिं बारससयवरिसएहिं १२०४ नामदुगं ।**
**चामुंडिअनामजुअं, नामतिगं तेण जिणदत्ता ॥३९॥**

એ પ્રમાણે પૂર્વે કહેલાં પ્રકારવડે કરીને બે નામની શરુઆત, સં–૧૨૪માં થઈ. એટલે કે ઔષ્ટ્રિક અને ખરતર એ બે નામની સાથે ચામુંડિક એવું ત્રીજું નામ મલીને ત્રણ નામની શરુઆત જિનદત્તથી જ થઈ છે, નહિં કે બીજા કોઈ જિનવલ્લભ આદિથી. કારણ કે તેવા પ્રકારનો નિમિત્તનો જ અભાવ હોવાથી :

**दससयचउवीसेहिं, नयरि पट्टण अणहिलपुरि ।**
**हुवइ वाद सुविहित्थ, चेइवासीस्युं बहुपरिं ॥१॥**

**दुल्लहनरवइसभासमक्ख ज़िण हेलिहिं जिन्नउ ।**
**चउवास उच्छप्पि, देस गुज्जरहव दिन्नउ ॥२॥**

**सुविहितगच्छ खरतरवीरुद दुल्लहनरवइ तिहिं दिअइ ।**
**सिरिवद्धमाणपट्टिहिं तिलउ, जिणेसरसूरिगुरू गहगहइ ॥३॥**

આ ત્રણ ગાથાઓની અંદર જે ''સંવત–૧૦૨૪–ની સાલમાં અણહીલ પુરપાટણમાં સુવિહિત અને ચૈત્યાવાસીઓનો દુર્લભરાજાની સભા સમક્ષ વાદ થયો હતો. અને તે વાદમાં ચૈત્યવાસને ઉત્થાપીને સુવિહિતવાદ સ્થાપ્યો. એથી કરીને ગુજરાત દેશના અધિપતિ દુર્લભરાજાએ સુવિહિતગચ્છ અને ખરતર બિરુદ આપ્યું છે જેમને એવા વર્ધમાનસૂરિની પાટે તિલક સમાન જિનેશ્વર સૂરિ શોભે છે.'' ઇત્યાદિ વચનો વડે કરીને 'શ્રી દુર્લભરાજાની રાજસભામાં ચૈત્યવાસીઓની સાથે જય મેળવવાથી જિનેશ્વરસૂરિએ ખરતર બિરુદ મેળવ્યું.' એમ તેના સંતાનો–ખરતરો કહે છે. અને જિનેશ્વરસૂરિને જે ખરતર બિરુદ મલ્યું એમ જણાવે છે તે વાતને દૂર કરવા માટે ગાથા જણાવે છે.

**जं पुण जिणेसरेणं खरयरबीरुअं निवाउ उवलद्धं ।**
**इच्चाइयमुल्लवणं, लवणं धम्मंकुरस्स तयं ॥४०॥**

જે વળી જિનેશ્વરસૂરિવડે કરીને દુર્લભરાજાની સભામાં ખરતર બિરુદ મેળવ્યું તે કુવચન, પૂર્વે કહેલા ધર્મરુપી અંકૂરાને છેદવાવાળું છે. એટલે જ્ઞાનાદિ લક્ષણરૂપી જે ધર્મ તેના સત્યભાષણરૂપી જે અંકૂરા તેને છેદવાવાળું છે. કારણ કે સત્યભાષણવડે જ જે મોક્ષના ત્રીજા પંથ તરીકે સંવિગ્ન પાક્ષિક જણાવેલ છે તે પણ સત્યભાષણથી જ્ઞાનદર્શનનો ભાગી થાય છે. ઉપદેશ માલાની ૫૧૯મી ગાથામાં જણાવેલું છે કે :—

**सावज्ज जोगपरिवज्जणाइ, सव्वुत्तमो जईधम्मो ।**
**बीओ सावगधम्मो, तइओ संविग्गपक्खपहो ॥५१६॥**

સાવદ્યયોગના પરિવર્જન આદિવાળો યતિધર્મ એ સર્વોત્તમ છે. અને બીજો શ્રાવક ધર્મ. ત્રીજો સંવિગ્નપાક્ષિકઃ અને અસત્યભાષણમાં તો ઘોર અનુષ્ઠાન કરવામાં તત્પર હોય તો પણ અનંતસંસારી થાય છે. જેમ જમાલિ આદિ. આવશ્યક નિર્યુક્તિ–૩–૭૮૬–ગાથામાં જણાવેલું છે.

**सत्तेआ दिट्ठीओ जाइजरामरणगब्भवसहीणं ।**
**मूलं संसारस्स उ, हवंति निग्गंथरूवेणं ॥१॥**

નિર્ગ્રંથરૂપે રહેલી એવી આ સાત દ્રષ્ટિઓ, જાતિ, જરા, મરણ, ગર્ભવાસ આદિ જે સંસાર છે તેના મૂલ સ્વરૂપ છે. એ પ્રમાણે કહેલું છે. અને વિશેષે કરીને મહાપુરુષોને આળ ચઢાવવું તે જ્ઞાન આદિનું નાશક છે. ॥ ગાથાર્થ ૪૦ ॥

હવે મૃષાભાષણનું પ્રગટપણું જણાવે છે.

**जण्णं दुल्लहराया, दसचउवीसंमि १०२४ दुल्लहो चेव।**
**जो पुण असीइ १०८० विगप्पो, तं ससगस्सेव सवणपुडं॥४१॥**

ખરેખર વિક્રમ સંવત–૧૦૨૪ના વર્ષમાં દુર્લભરાજા જ દુર્લભ હતો! કારણ કે–તે વખતે તેની ઉત્પત્તિ જ ન્હોતી. અને જે ઉત્પન્ન નથી થયેલો તો અનુત્પન્ન એવા તેણે બિરુદ કેવી રીતે આપ્યું? અને જે '૧૦૮૦ ની સાલમાં ખરતર બિરુદ થયું' એવી જે કલ્પના છે તે પણ સસલાનાં કાનના પડદા જેવી છે. જેમ શિકારીઓવડે ઘેરાઈ ગયેલું સસલું પોતાનાં કાનનાં પડદાંવડે કરીને આંખોને ઢાંકીને બેસી જાય છે. તેવી રીતે આ ઔષ્ટ્રિક પણ જાણવો. આનો ભાવ એ છે કે પૂર્વે કહેલી યુક્તિએ કરીને એટલે ૧૦૨૪માં દુર્લભરાજા થયો જ નથી. એ યુક્તિએ કરીને સારી રીતે ત્રાસ પામેલો એવો અને પલાયન થવાની દિશાને નહિ મેળવી શકતો એવો કોઈક વાચાલ ખરતર કહે છે કે **दससय चउवीसेहिं नयरी** એ પદની અંદર ચતુર્વિશતિ શબ્દ દ્વારા મારા વડે કરીને કહેવાનો આશય છે કે **चतुर्विंशति** એટલે ૨૪ નહિં; પરંતુ ચાર વીશી એટલે ૮૦ એમ બોલે છે. એમ વિકલ્પીને બોલતો એવો તે સસલાના કાનના પડદાંની જેમ પોતાનું રક્ષણ કરવા સમર્થ થઈ શકે તેમ નથી. કારણ કે–ખરતર ગચ્છની જુની પટ્ટાવલી આદિમાં '૧૦૨૪ની સાલમાં અણહિલપુર પત્તનમાં દુર્લભરાજાની સભા સમક્ષ' ઈત્યાદિ લખેલું છે. તેવી જ રીતે વિ. સંવત–૧૫૮૨ના વર્ષમાં જિનહંસસૂરિના રાજયમાં ખરતરોએ બનાવેલી છંદપ્રતિબદ્ધ પટ્ટાવલીમાં લખેલું છે કે–

**श्रीपत्तने दुर्ल्लभराजराज्ये, विजित्य वादे मठवासिसूरीन् ।**
**वर्षेऽब्धिपक्षाभ्रशशि १०२४ प्रमाणे, लेभेऽपि यैः खारतरो विरुद्धः ॥१॥**

**सं–१५८२–वर्षे जिनहंससूरिराज्ये खरतरकृतच्छन्दोनिबद्धपट्टावल्यामिति**–'શ્રી પાટણની અંદર દુર્લભરાજાના રાજ્યમાં મઠવાસી સૂરિઓને વાદમાં જીતીને ૧૦૨૪ની સાલમાં જેઓએ ખરતર બિરુદ મેળવ્યું.' એવું લખાણ ૧૫૮૨ના વર્ષે થએલ છંદોબદ્ધ પટ્ટાવલીમાં જણાવેલ છે. ॥ ગાથાર્થ ૪૧ ॥

હવે તમે જે વિકલ્પ જણાવો છે તે પણ રક્ષણ કરનાર કેમ નથી? તે જણાવે છે. તેવા પ્રકારનો ૧૦૮૦નો જે વિકલ્પ ઊભો કરેલ છે તે પણ રક્ષણકારક કેમ બની શકતો નથી? તે જણાવે છે.

**जं सो दसबावट्ठीवरिसे, उववेसिऊण रज्जंमि ।**
**दससत्तसत्तरीए, कालगओ दुल्लहो राया ॥४२॥**

જે કારણથી 'તે દુર્લભરાજા, ૧૦૬૬માં રાજગાદીએ બેઠો. અને ૧૦૭૭માં તો કાલધર્મ પામ્યો.' કોઈક ઠેકાણે ૧૦૭૮માં લખેલું પણ દેખાય છે. અર્થાત્ દુર્લભરાજે–૧૧–વર્ષ અને છ–મહિના રાજ્ય કર્યું. આ વાત પણ યુક્ત જ છે. કારણ કે **પાટણની રાજ્યપટ્ટાવલીમાં** આ પ્રમાણે છે.

''મહાવીરના નિર્વાણથી ૪૭૦–વર્ષે વિક્રમ સંવત્સર શરુ થયો.

- વિક્રમ સં. ૮૦૨માં વનરાજ ચાવડાએ પાટણની સ્થાપના કરી. અને તે વર્ષે તેનો રાજ્યાભિષેક થયો. વનરાજ ચાવડાનું રાજ્ય ૬૦-વર્ષ સુધી રહ્યું.
- ત્યારબાદ ૮૬૨માં યોગરાજનું રાજ્ય થયું ને તે ૩૫-વર્ષ સુધી ચાલ્યું.
- ત્યારપછી ૮૯૭માં ક્ષેમરાજાનું રાજ્ય થયું તે ૨૫-વર્ષ સુધી ચાલ્યું.
- ત્યારબાદ ૯૨૨માં ભુવડરાજાનું રાજ્ય થયું ને તે ૧૯–વર્ષ સુધી ચાલ્યું.
- ત્યારબાદ ૯૫૧માં વૈરિસિંહનું રાજ્ય થયું તે ૨૫–વર્ષ સુધી ચાલ્યું.
- ત્યારપછી ૯૭૬માં રત્નાદિત્યનું રાજ્ય થયું ને તે ૧૫-વર્ષ સુધી ચાલ્યું.
- ત્યારપછી ૯૯૧માં સામંતસિંહનું રાજ્ય થયું ને તે ૭–વર્ષ સુધી ચાલ્યું.

આ પ્રમાણે ૧૯૬-વર્ષની અંદર **ચાવડાવંશી રાજાઓ થયા.**

- ત્યાર પછી વિ. ૯૯૮માં મૂલરાજાનું રાજ્ય થયું ને તે ૫૫–વર્ષ સુધી ચાલ્યું.
  આ મૂલ રાજા, સામંતસિંહરાજાની બેન લીલાદેવીનો પુત્ર જાણવો. (ભાણેજ)
- ત્યાર પછી ૧૦૫૩-વર્ષે ચામુંડરાજાનું રાજ્ય થયું. તે ૧૩–વર્ષ સુધી ચાલ્યું.
- ત્યાર પછી ૧૦૬૬ની સાલમાં વલ્લભરાજાનું રાજ્ય થયું. તે ૬-મહિના જ રહ્યું.
- ત્યાર પછી ૧૦૬૬ વર્ષે દુર્લભ રાજાનું રાજ્ય થયું. તે ૧૧-વર્ષ ૬–મહિના રહ્યું.
- ત્યાર પછી ૧૦૭૮-વર્ષે ભીમરાજાનું રાજ્ય થયું. ને તે ૪૨-વર્ષ સુધી ચાલ્યું.
- ત્યાર પછી ૧૧૨૦-વર્ષે કર્ણરાજાનું રાજ્ય થયું. ને તે ૩૦ વર્ષ સુધી ચાલ્યું.
- ત્યાર બાદ ૧૧૫૦-વર્ષે જયસિંહદેવનું રાજ્ય થયું. તે ૪૯-વર્ષ સુધી ચાલ્યું.

- ❖ ત્યાર પછી ૧૧૯૯-વર્ષે કુમારપાલદેવનું રાજ્ય થયું તે ૩૧-વર્ષ સુધી ચાલ્યું.
- ❖ ત્યાર પછી ૧૨૩૦-વર્ષે અજયપાલનું રાજ્ય થયું તે ૩-વર્ષ સુધી રહ્યું.
- ❖ ત્યાર પછી ૧૨૩૩-ની સાલમાં બાલ મૂલકુમારનું રાજ્ય ૨-વર્ષ સુધી રહ્યું.
- ❖ ત્યાર પછી ૧૨૩૫-વર્ષે લઘુભીમદેવનું રાજ્ય થયું. ને તે ૬૩-વર્ષ સુધી ચાલ્યું.
- ❖ ત્યાર પછી ૧૨૯૮-વર્ષે ત્રિભુવનપાલનું રાજ્ય થયું ને તે ૪-વર્ષ સુધી ચાલ્યું.

**આ પ્રમાણે ચૌલુક્યવંશની અંદર ૧૧-રાજાઓ ત્રણસો વર્ષમાં થયા.**

- ❖ ત્યાર પછી ૧૩૦૨-ની સાલમાં વિસલદેવનું રાજ્ય થયું તે ૧૮-વર્ષ સુધી ચાલ્યું.
- ❖ ત્યાર પછી ૧૩૨૦-અર્જુનદેવનું રાજ્ય થયું તે ૧૩-વર્ષ સુધી ચાલ્યું.
- ❖ ત્યાર પછી ૧૩૩૩-વર્ષે સારંગદેવનું રાજ્ય થયું ને તે ૨૦-વર્ષ સુધી ચાલ્યું.
- ❖ ત્યાર પછી ૧૩૫૩-માં લઘુ કર્ણદેવનું રાજ્ય થયું ને તે ૭-વર્ષ સુધી ચાલ્યું.

**એ પ્રમાણે વાઘેલા વંશમાં ૫૮-વર્ષ સુધી રાજ્ય ચાલ્યું.**

- ❖ ત્યાર પછી અલ્લાવદ્દીન સુલતાનનું રાજ્ય આ ગુજરાતની ધરતી પર થયું.'' ઇત્યાદિ. વિસ્તારને જાણવાની ઇચ્છાવાલાએ **કુમારપાલભૂપાલના પ્રબંધથી** જાણી લેવું. ।।ગાથાર્થ-૪૨।।

હવે ખરતરવડે કરીને ખરતરના બિરુદ માટેનો જે વિવાદ કહેલો છે તે હતો જ નહિં. એ જણાવવાને માટે બે ગાથા કરે છે.

**जंपि अ निवपरिसाए, लिंगिविवाए जिणेसरेण सयं।**
**जइऊण य उवलद्धं, खरयरबिरूअं तए भणिअं।।४३।।**
**तंपि (चि) अ मिच्छावाओ, वाओ जाओ न कोऽवि लिंगीहिं।**
**पच्चुअ निवउवरोहाणुण्णा य पभावयचरित्ते।।४४।।युग्मं।।**

**अपि** અને **च** શબ્દ દૂષણના સમુચ્ચય માટે છે. જે 'દુર્લભરાજાની સભાને વિષે ચૈત્યવાસીઓના સાથેના વાદમાં જિનેશ્વરસૂરિએ જય મેળવીને ખરતર બિરુદ મેળવ્યું.' એમ તારા વડે જ કહેવાય છે; પરંતુ પરમાર્થને જાણવાવાલા એવા બીજાઓ વડે કહેવાતું નથી. ખરતરવડે કરીને એવું જે કહેવાયું છે તેને દૂષણ આપે છે. 'આ તારું કહેવું તદ્દન ખોટું છે.' કારણ કે તે વખતે ચૈત્યવાસીઓની સાથે કોઈપણ વાદવિવાદ થયો જ નથી.

પરંતુ 'દુર્લભરાજાના ઉપરોધથી તેના વચનવડે કરીને=ચૈત્યવાસીના વચનવડે કરીને 'તેઓને રહેવા માટે આજ્ઞા આપો.' એ પ્રમાણેના રાજાના આગ્રહવડે કરીને ચૈત્યવાસીઓને રહેવા માટે આજ્ઞા અપાઈ એ પ્રમાણેની વાત પ્રભાવક ચરિત્રમાં અભયદેવસૂરિના સંબંધમાં જણાવેલી છે. કહેલું છે કે :— **उपरोधेन** ત્યાર પછી 'આ લોકોને નગરમાં વસવા દો' એ પ્રમાણેના રાજાના આગ્રહને માન્ય રાખ્યો.

ને આ વાત સાંભળીને તેઓ નગરમાં રહ્યાં; दुर्लभराजनृपोपरोधात्तद्वचसैव तेषां स्थित्यर्थमाज्ञां ददध्वमिति नृपाग्रहेण लिङ्गिनामाज्ञा जातेति प्रभावकचरित्रे श्रीअभयदेवसूरिसंबन्धे दृश्यते, यदुक्तं—''उपरोधेन ततो यूयममीषां वसनं पुरे। अनुमन्यध्वमेवं च, श्रुत्वा तत्र तदादधुः॥१॥ इत्यादि श्रीप्रभावकचरित्रे, अत्र कालानुभावात् समग्रव्यतिकरमन्तरेण प्रायः प्रसिद्धे विवादारूढे च विचारे सम्यक् प्रत्ययो न स्यात् ततो बहूपयोगित्वात्प्रभावकचरित्रगतः श्रीअभयदेवसूरिसंबन्धो यथा- અહિંયા કાલના પ્રભાવથી સમગ્ર વ્યતિકર જાણ્યા સિવાય અને પ્રાયઃ કરીને પ્રસિદ્ધ એવા અને વિવાદાસ્પદ બનેલાં વિચારોમાં સમ્યગ્ પ્રતીતિ ન થાય માંટે ઘણો ઉપયોગી હોવાથી પ્રભાવક ચરિત્રમાં રહેલો અભયદેવસૂરિનો સંબંધ જે છે તે જણાવીએ છીએ. તે આ પ્રમાણે :—

ओँनमः॥ श्री जैनधर्म्म (तीर्थ० प्र०) धम्मिलोऽभयदेवप्रभुः श्रिये। भूयात्सौमनसोद्भेदभास्वरः सर्व्वमौलिभूः॥१॥ आदृत्याष्टाङ्गयोगं यः, स्वाङ्गमुद्धृत्य च प्रभुः। श्रुतस्य च नवाङ्गानां, प्रकाशी स श्रिये द्विधा॥२॥ वदन् बालो यथाऽव्यक्तं, मातापित्रोः प्रमोदकृत्। तद्वृत्तमिह वक्ष्यामि, गुरुहर्षकृते तथा॥३॥ अस्ति श्रीमालवो देशः सद्वृत्तरसशालितः। जम्बूद्वीपाख्यमाकन्दफलं सद्वर्णवृत्तभूः॥४॥ तत्रास्ति नगरी धारा, मण्डलाग्रोदितस्थितिः। मूलं नृपश्रियो दुष्टविग्रहद्रोहशालिनी॥५॥ श्रीभोजराजस्तत्रासीद्भूपालः पालितावनिः। शेषस्येवापरे मूर्त्ती, विश्वोद्धाराय यद्भुजौ॥६॥ तत्र लक्ष्मीपतिर्नाम, व्यवहारी महाधनः। यस्य श्रियाऽऽश्रितः श्रीदः, कैलासाद्रिमशिश्रियत्॥७॥ अन्यदा मध्यदेशीयकृष्णब्राह्मणनन्दनौ। प्रज्ञप्रज्ञावलाक्रान्तवेदविद्याविशारदौ॥८॥ अधीतपूर्विणौ सर्वान्, विद्यास्थानांश्चतुर्दश। स्मृत्यैतिह्यपुराणानां, कुलकेतनतां गतौ॥९॥ श्रीधरः श्रीपतिश्चेति, नामानौ यौवनोद्यमात्। देशान्तरदिदृक्षायै, निर्गतौ तत्र चागतौ॥१०॥ त्रिभिर्विशेषकं॥

तौ पवित्रयतः स्मात्र, लक्ष्मीधरगृहाङ्गणम्। सोऽपि भिक्षां ददौ भक्त्या, तदाकृतिवशीकृतः॥११॥ गेहाभिमुखभित्तौ च , लिख्यते स्मास्य लेख्यकम्। टङ्कविंशतिलक्षाणां, नित्यं ददृशतुश्च तौ॥१२॥ सदा दर्शनतः प्रज्ञाबलादप्यतिसंकुलम्। तत्परिस्फुरितं सम्यक्, सदाऽभ्यस्तमिवानयोः॥१३॥ 'जनो मत्यार्थतः सूपकारवत् सूपकारवान्। वर्त्तते निष्ठुरः किंतु, मम किंचिन्न यच्छति॥१४॥ ब्राह्मणा अपि गीर्वाणास्मन्मुखादाहुतिप्रदाः। तर्प्पयन्ति फलं तु स्यात्तत्कर्म्मकरतैव मे॥१५॥' इतीव कुपितो वह्निरह्नि केनापि भस्मसात्। विदधे तां पुरीमूरीकृतप्रतिकृतक्रियः॥१६॥ त्रिभिर्विशेषकं. लक्ष्मीपतिर्द्वितीयेऽह्नि, न्यस्तहस्तः कपोलयोः। सर्वस्वनाशतः खिन्नो, लेख्यदाहाद्विशेषतः॥१७॥ प्राप्तकाले च तौ भिक्षाकृते तस्य गृहाङ्गणे। प्राप्तौ प्लुष्टं च तद् दृष्ट्वा. विषण्णाविदमूचतुः॥१८॥ यजमान! तवोन्निद्रकष्टेनावां सुदुःखितौ। किं कुर्वहे क्षुधा किंतु, सर्वःदुखातिशायिनी॥१९॥ पुनरीदृक्शुचाक्रान्तः सत्त्ववृत्तिर्भवान् सुधीः, (किमु प्र०)। की (धी) राः सत्त्वं न मुञ्चन्ति, व्यसनेषु भवादृशाः॥२०॥ इत्याकर्ण्य तयोर्वाक्यमाह श्रेष्ठी निशम्यताम्। न मे धनान्नवस्त्रादिदाहादुःखं तु तादृशम्!॥२१॥ यादृग् लेख्यकनाशेन, निर्धर्म्मेण जनेन यत्। कलहः संभवी धर्महानिकृत्क्रियते हि किम्?॥२२॥ जजल्पतुश्च तावावां, भिक्षावृत्ती न चापरम्। शक्नुवो नोपकर्त्तुं हि, व्याख्यावो लेख्यकं पुनः॥२३॥ श्रुत्वाऽतिहर्षभूः श्रेष्ठी, स्वपुरस्तौ वरासने। न्यवेशयज्जनः स्वार्थपूर्वकं ध्रुवमर्हति॥२४॥ तौ चादितः समारभ्य, तिथिवारर्क्षसंगतम्। व्यक्तवत्सरमासाङ्कसहितं खटिनीदलैः॥२५॥ वर्णजात्यभिधामूलद्रव्य-

संख्यानवृद्धिभृत्। आख्यातं लेख्यकं स्वाख्याख्यानवद्धिषणाबलात्॥२६॥ पत्रकेषु लिखित्वा तच्छ्रेष्ठी दध्यावहो इमौ। मम गोत्रसुरौ कौचित्प्राप्तौ मदनुकम्पया॥२७॥ यद्विशोपकमात्रेऽप्य(ण), वदतां (वदन्तौ) तावविस्मृतम्। दस्तरीसंपुटीपत्रनिरपेक्षं हि लेख्यकम्॥२८॥ युग्मं॥ ततः सम्मान्य सद्भोज्यवस्त्रादिबहुमानतः। स्वगेहचिंतकौ तेन, विहितौ हितवेदिना॥२९॥ जितेन्द्रियौ स तौ शान्तौ, दृष्ट्वेति व्यमृशद्धनी। शिष्यौ मद्गुरुपार्श्वेऽभूतां (भू स्तां) चेत्तत्संघभूषणौ॥३०॥ इतः सपादलक्षेऽस्ति, नाम्ना कूर्चपूरं पुरम्। मषीकूर्चकमाधातुं, यदलं शात्रवानने॥३१॥ अल्लभूपालपौत्रौऽस्ति, प्राक्पोत्रीव धराधरः। श्रीमान् भुवनपालाख्यो, विख्यातः सान्वयाभिधः॥३२॥ तत्रासीत्प्रशमश्रीभिर्वर्द्धमानो गुणोदधिः। श्रीवर्द्धमान इत्याख्यः, सूरिः संसारपारभूः॥३३॥ चतुर्भिरधिकाशीतिश्चैत्यानां येन तत्यजे। सिद्धान्ताभ्यासतः सत्यतत्त्वं विज्ञाय संसृतेः॥३४॥ अन्यदा विहरन् धारापुर्यां धाराधरोपमः। आगाद्वाग्ब्रह्मधाराभिर्जनमुञ्जीवयन्नयम्॥३५॥ लक्ष्मीपतिस्तदाकर्ण्य, श्रद्धालक्ष्मीपतिस्ततः। ययौ प्रद्युम्नशाम्बाभ्यामिव ताभ्यां गुरोर्नतौ॥३६॥ सर्वाभिगमपूर्वं स, प्रणम्योपाविशत्प्रभुम्। तौ विधाय निविष्टौ च, करसंपुटयोजनम्॥३७॥ वर्यलक्षणवर्यां च, दध्यौ वीक्ष्य तनुं तयोः। गुरुराहानयोर्मूर्त्तिः, सम्यक्स्वपरजित्वरी॥३८॥ तौ च प्राग्भवसंबन्धाविवानिमिषलोचनौ। वीक्षमाणौ गुरोरास्यं, व्रतयोग्यौ च तैर्मतौ॥३९॥ देशनाभीशुविध्वस्ततामसौ बोधरङ्गिणौ। लक्ष्मीपत्यनुमत्या च, दीक्षितौ शिक्षितौ तथा॥४०॥ महाव्रतभरोद्धारधुरीणौ तपसां निधी। अध्यापितौ च सिद्धान्तं, योगोद्वहनपूर्वकम्॥४१॥ ज्ञात्वौचित्यं च सूरित्वे, स्थापितौ गुरुभिश्च तौ। शुद्धवासो हि सौरभ्यवासं समनुगच्छति॥४२॥ जिनेश्वरस्ततः सूरिरपरो बुद्धिसागरः। नामभ्यां विश्रुतौ पूज्यैर्विहारेऽनुमतौ तदा॥४३॥ ददे शिक्षेति तैः श्रीमत्पत्तने चैत्यसूरिभिः। विघ्नं सुविहितानां स्यात्तत्रावस्थानवारणात्॥४४॥ युवाभ्यामपनेतव्यं, शक्त्या बुद्ध्या च तत्किल। यदिदानींतने काले, नास्ति (न स्तः प्राज्ञौ भवत्समौ) प्राज्ञोऽभवत्समः॥४५॥ अनुशास्तिं प्रतीच्छाव, इत्युक्त्वा गूर्जरावनौ। विहरन्तौ शनैः श्रीमत्पत्तनं प्रापतुर्मुदा॥४६॥ सद्गीतार्थपरीवारौ, तत्र भ्रान्तौ गृहे गृहे। विशुद्धोपाश्रयालाभाद्वाचं सस्मरतुर्गुरोः॥४७॥ श्रीमान् दुर्ल्लभराजाख्यस्तत्र चासीद्विशांपतिः। गीष्पतेरप्युपाध्यायो, नीतिविक्रमशिक्षणे (णात्)॥४८॥ श्रीसोमेश्वरदेवाख्यस्तत्र चासीत्पुरोहितः। तद्गेहे जग्मतुर्युग्मरूपौ सूर्यसुताविव॥४९॥ तद्द्वारे चक्रतुर्वेदोच्चारं संकेतसंयुतौ। तीर्थं सत्यापयन्तौ च, ब्राह्मं पैत्र्यं च दैवतम्॥५०॥ चतुर्वेदीरहस्यानि, सारिणीशुद्धिपूर्वकम्। व्याकुर्वन्तौ स शुश्राव, देवतावसरे ततः॥५१॥ तद्ध्वान ध्याननिर्मग्नचेताःस्तम्भितवत्तदा। समग्रेन्द्रियचैतन्यं, श्रुत्योरिव स नीतवान्॥५२॥ ततो भक्त्या निजं बन्धुमाप्याय वचनामृतैः। आह्वानाय तयोः प्रेषीत्प्रेक्षाप्रेक्षी द्विजेश्वरः॥५३॥ तौ च दृष्ट्वाऽन्तरायातौ, दध्यावम्भोजभूः किमु?। द्विधाभूयाद आदत्त, दर्शनं शस्यदर्शनम्॥५४॥ हित्वा भद्रासनादीनि, तद्दत्तान्यासनानि तौ। समुपाविशतां शुद्धस्वकम्बलनिषद्ययोः॥५५॥ वेदोपनिषदां जैनश्रुततत्त्वगिरां तथा। वाग्भिः साम्यं प्रकाश्यैतावभ्यधत्तां तदाशिषम्॥५६॥ तथाहि—"अपाणिपादो ह्यमनो ग्रहीता, पश्यत्यचक्षुः स श‍ृणोत्यकर्णः। स वेत्ति विश्वं न हि तस्य वेत्ता, शिवो ह्यरूपी स जिनोऽवताद्वः॥५७॥ ऊचतुश्चानयोः सम्यगवगम्यार्थसंग्रहम्। दययाऽभ्यधिकं जैनं, तत्रावामाद्रियावहे॥५८॥ युवामवस्थितौ कुत्रेत्युक्ते तेनोचतुश्च तौ। न कुत्रापि स्थितिश्चैत्यवासिभ्यो लभ्यते यतः॥५९॥ चन्द्रशालां निजां चन्द्रज्योत्स्नानिर्मलमानसः। स तयोरार्प्ययत्तत्र, तस्थतुस्सपरिच्छदौ॥६०॥ द्वाचत्वरिंशता भिक्षादोषैर्मुक्तमलोलुपैः। नवकोटिविशुद्धं चायातं भैक्ष्यमभुञ्जताम्॥६१॥ मध्याह्नि याज्ञिकस्मार्त्तदीक्षितानग्निहोत्रिणः। आहूय दर्शितौ तत्र,

निर्व्यूढौ तत्परीक्षया॥६२॥ यावद्विद्याविनोदोऽयं, विरिञ्चेरिव पर्षदि। वर्त्तते तावदाजग्मुर्नियुक्ताश्चैत्यमानुषाः॥६३॥ ऊचुश्च ते झटित्येव, गम्यतां नगराद् बहिः। अस्मिन्न लभ्यते स्थातुं, चैत्यबाह्यसिताम्बरैः॥६४॥ पुरोधाः प्राह निर्णयमिदं भूपसभान्तरे। इति गत्वा निजेशानमिदमाख्यात भाषितम्॥६५॥ इत्याख्याते च तैः सर्वैः, समुदायेन भूपतिः। वीक्षितः प्रातरायासीत्तत्र सौवस्तिकोऽपि सः॥६६॥ व्याजहाराथ देवास्मद्गृहे जैनमुनी उभौ। स्वपक्षे स्थानमप्राप्नुवन्तौ संप्रापतुस्ततः॥६७॥ मया च गुणगृह्यत्वात्, स्थापितावाश्रये निजे। भट्टपुत्रा अमीभिर्मे, प्रहिताश्चैत्यपक्षिभिः॥६८॥ अत्रादिशत मे क्षूण्णं, दण्डं वाऽत्र यथार्हतम्। श्रुत्वेत्याह स्मितं कृत्वा, भूपालः समदर्शनः॥६९॥ मत्पुरे गुणिनोऽकस्माद्देशान्तरत आगताः। वसन्तः केन वार्यन्ते?, को दोषस्तत्र दृश्यते ॥७०॥ अनुयुक्ताश्च ते चैवं, प्राहुः श्रृणु महिपते!॥ पुरा श्रीवनराजाऽभूत्, चापोत्कटवरान्वयः॥७१॥ स बाल्ये वर्द्धितः श्रीमद्देवचन्द्रेण सूरिणा। नागेन्द्रगच्छभूद्धारप्राग्वराहोपमास्पृशा॥७२॥ पञ्चाश्रवाभिधस्थानस्थितचैत्यनिवासिना। पुरं स च निवेश्येदमत्र राज्यं दधौ नवम्॥७३॥ वनराजविहारं च, तत्रास्थापयत प्रभुः। कृतज्ञत्वादसौ तेषां, गुरूणामर्हणं व्यधात्॥७४॥ व्यवस्था तत्र चाकारि, सङ्घेन नृपसाक्षिकम्। संप्रदायविभेदेन, लाघवं न यथा भवेत्॥७५॥ चैत्यगच्छयतिव्रातसम्मतो वसतान्मुनिः। नगरे मुनिभिर्नात्र, वस्तव्यं तदसम्मतैः॥७६॥ राज्ञां व्यवस्था पूर्वेषां, पाल्या पाश्चात्यभूमिपैः। यदादिशसि तत्कार्यं, राजन्नेवं स्थिते सति॥७७॥ राजा प्राह समाचारं, प्राग्भूपानां वयं दृढम्। पालयामो गुणवतां, पूजां तूल्लङ्घयेम न॥७८॥ भवादृशां सदाचारनिष्ठानामाशिषा नृपाः। एधंते युष्मदीयं तद्राज्यं नात्रास्ति संशयः॥७९॥ उपरोधेन नो यूयममीषां वसनं पुरे। अनुमन्यध्वमेवं च, श्रुत्वा तेऽत्र तदादधुः॥८०॥ सौवस्तिकस्ततः प्राह, स्वाभिन्नेषामवस्थितौ। भूमिः काप्याश्रयस्यार्थं, श्रीमुखेन प्रदीयताम्॥८१॥ तदा समाययौ तत्र, शैवदर्शनिवासवः। ज्ञानदेवाभिधः क्रूरसमुद्रबिरुदार्हतः॥८२॥ अभ्युत्थाय समभ्यर्च्य, निविष्टं निज आसने। राजा व्यजिज्ञपत्किंचिदथ (द्य प्र०) विज्ञप्यते प्रभो!॥८३॥ प्राप्ता जैनर्षयस्तेषामर्प्ययध्वमुपाश्रयम्। इत्याकर्ण्य तपस्वीन्द्रः, प्राह प्रहसिताननः॥८४॥ गुणिनामर्चनां यूयं, कुरुध्वं विधुतैनसम्। सोऽस्माकमुपदेशानां, फलपाकः श्रियां निधिः॥८५॥ शिव एव जिनो बाह्यत्यागात्परपदस्थितः। दर्शनेषु विभेदो हि, चिह्नं मिथ्यामतेरिदम्॥८६॥ निस्तुषव्रीहिहट्टानां, मध्येऽत्र (त्रि प्र.) पुरुषाश्रिता। भूमिः पुरोधसा ग्राह्योपाश्रयाय यथारुचि॥८७॥ विघ्नः स्वपरपक्षेभ्यो, निषेध्यः सकलो मया। द्विजस्तच्च प्रतिश्रुत्य, तदाश्रयमकारयत्॥८८॥ ततःप्रभृति संजज्ञे, वसतीनां परम्परा। महद्भिः स्थापितं वृद्धिमश्नुते नात्र संशयः॥८९॥ श्रीबुद्धिसागरः सूरिश्चक्रे व्याकरणं नवम्॥ सहस्राष्टकमानं तच्छ्रीबुद्धिसागराभिधम्॥९०॥ अन्यदा विहरन्तश्च, श्रीजिनेश्वरसूरयः। पुनर्द्धारापुरीं प्रापुः, सपुण्यप्राप्यदर्शनाम्॥९१॥ श्रेष्ठी महीधरस्तत्र, पुरुषार्थ त्रयोन्नतः। मुक्त्वैकां स्वधने संख्यां, यः सर्वत्र विचक्षणः॥९२॥ तस्याभयकुमाराख्यो, धनदेव्यङ्गभूरभूत्। पुत्रः सहस्रजिह्वोऽपि, यद्गुणोक्तौ नहि प्रभुः॥९३॥ सपुत्रः सोऽन्यदा सूरिं, प्रणन्तुं सुकृती ययौ। संसारासारतामूलं, श्रुतो धर्मश्च भक्तितः (तुर्विधः प्र०)॥९४॥ अथाभयकुमारोऽसौ, वैराग्येण तरङ्गितः। आपप्रच्छे निजं जातं, तपःश्रीसंगमोत्सुकः॥९५॥ अनुमत्या ततस्तस्य, गुरुभिः स च दीक्षितः। ग्रहणासेवनारूपशिक्षाद्वितयमग्रहीत् ॥९६॥ स चावगाढसिद्धान्तस्तत्त्वकाव्यानुमानतः। बभौ महाक्रियानिष्ठः, श्रीसंघांभोजभास्करः॥९७॥ श्रीवर्द्धमानसूरीणामादेशात्सूरितां ददौ। श्रीजिनेश्वरसूरिश्च, ततस्तस्य गुणोदधेः॥९८॥ श्रीमानभयदेवाख्यः, सूरिः पूरितविष्टपः।

यशोभिर्विहरन् प्राप, पल्यपद्रपुरं शनैः ॥९९॥ आयुः प्रान्ते च संन्यासमवलम्ब्य दिवः पुरीम्। अलञ्चक्रुर्वर्द्धमानसूरयो भूरयः शमात् (त्कमात् प्र.) ॥१००॥ समये तत्र दुर्भिक्षोपद्रवैर्देशदौस्थ्यतः। सिद्धान्तस्त्रुटिमायासीदुच्छिन्ना वृत्तयोऽस्य च ॥१॥ ईषत्स्थितं च यत्सूत्रं, प्रेक्षासुनिपुणैरपि। दुर्बोधदेश्यशब्दार्थं, खिलं जज्ञे ततश्च तत् ॥२॥ निशीथेऽथ प्रभुं धर्मध्यानस्थं शासनामरी। नत्वा निरस्तन्द्रमाह स्माभयदेवमुनीश्वरम् ॥३॥ श्रीशीलाङ्कः पुरा कोट्याचार्यनाम्ना प्रसिद्धिभूः। वृत्तिमेकादशाङ्ग्याः स, विदधे धौतकल्मषः ॥४॥ अङ्गद्वयं विनाऽन्येषां, कालादुच्छेदमाययुः। वृत्तयोऽमुत्र सङ्घानुग्रहायाद्य कुरूद्यमम् ॥५॥ सूरिः प्राह ततो मातः!, कोऽहमल्पमतिर्जडः। श्रीसुधर्मकृतग्रन्थदर्शनेऽप्यसमर्थधीः ॥६॥ अज्ञत्वात्क्वचिदुत्सूत्रे, विवृते कल्मषार्जनम्। प्राच्यैरनन्तसंसारभ्रमिभिर्दर्शितं महत् ॥७॥ अनुल्लङ्घ्या च ते वाणी, तदादिश करोमि किम् ?। इतिकर्त्तव्यतामूढो, न लेभे किञ्चिदुत्तरम् ॥८॥ देवी प्राह मनीषाऽत्र, (पीश! प्र०) सिद्धान्तार्थविचारणे। योग्यतां तव मत्वाऽहं, कथयामि विचिन्तय ॥९॥ यत्र संदिह्यते चेतः, प्रष्टव्योऽत्र मया सदा। श्रीमान् सीमन्धरः स्वामी, तत्र गत्वा धृतिं कुरु ॥१०॥ आरभस्व ततो ह्येतन्माऽत्र संशय्यतां त्वया। स्मृतमात्रा समायास्ये, इहार्थे त्वत्पदोः शपे ॥११॥ श्रुत्वेत्यङ्गीचकाराथ, कार्यं दुष्करमप्यदः। आचामाम्लानि चारब्धग्रन्थसंपूर्णतावधि ॥१२॥ अक्लेशेनैव संपूर्णा, नवाङ्ग्या वृत्तयस्ततः। निरवाह्यत देव्या, च प्रतिज्ञा या पुरा कृता ॥१३॥ महाश्रुतधरैः सर्वाः, शोधितास्ताश्चिरन्तनैः। ऊरिचक्रे ततः श्राद्धैः, पुस्तकानां च लेखनम् ॥१४॥ ततः शासनदेवी च, विजने तान् व्यजिज्ञपत्। प्रभो! मदीयद्रव्येण, विधाप्या प्रथमाऽऽवृतिः (प्रतिः प्र०) ॥१५॥ इत्युक्त्वा सा समदधत्सरणोपरि हैमनीम्। उत्तरीयां निजज्योतिःक्षतदृष्टिरुचिं दधौ ॥१६॥ तिरोऽधत्त ततो देवी । यतयो गोचरादथ । आगता ददृशुः सूर्यबिम्बवत्तद्विभूषणम् ॥१७॥ चित्रीयितास्ततश्चित्ते, पप्रच्छुस्ते प्रभून्मुदा। ते चाचख्युरुदन्तं तं, श्राद्धानाह्वाययंस्ततः ॥१८॥ आयातानां ततस्तेषां, गुरवः प्रेक्षयंश्च तत्। अजानन्तश्च तन्मूल्यं, श्रावकाः पत्तनं ययुः ॥१९॥ अदर्शि तैश्च सा तत्र, स्थितरत्नपरीक्षिणाम्। अज्ञास्तेऽपि च तन्मूल्यमंत्रं व्यदधुरीदृशम् ॥२०॥ अत्र श्रीभीमभूपालपुरतो मुच्यतामियम्। तद्दत्तो निष्क्रयो ग्राह्यो, मूल्यं निर्णीयते न तु ॥२१॥ समुदायेन ते सर्वे, पुरो राज्ञस्तदद्भुतम्। मुमुचुः किल शक्रेण, प्रणयात्प्राभृतं कृतम् ॥२२॥ तदुदन्ते च विज्ञप्ते, तुष्टः प्रोवाच भूपतिः। तपस्विनां विना मूल्यं, न गृह्णामि प्रतिग्रहम् ॥२३॥ ते प्रोचुः श्रीमुखेनास्य, यमादिशत निष्क्रयम्। स एवास्ति प्रमाणं नस्ततः श्रीभीमभूपतिः ॥२४॥ द्रम्मलक्षत्रयं कोशाध्यक्षाद्दापयति स्म सः। पुस्तिका लेखयित्वा च, सूरिभ्यो ददिरेऽथ तैः ॥२५॥ पत्तने ताम्रलिप्त्यां चाशापल्यां धवलक्कके। चतुराश्चतुरशीतिः, श्रीमन्तः श्रावकास्तथा ॥२६॥ पुस्तकान्यङ्गवृत्तीनां, वासनाविशदाशयाः। प्रत्येकं लेखयित्वा ते, सूरीणां प्रददुर्मुदा ॥२७॥ युग्मं ॥ प्रावर्त्तन्त नवाङ्गानामेवं तत्कृतवृत्तयः। श्रीसुधर्मोपदिष्टेष्टतत्त्वतालककुञ्चिकाः ॥२८॥ पुरं धवलकं प्रापुरथ संयमयात्रया। स्थानेष्वप्रतिबन्धो हि, सिद्धान्तोपास्तिलक्षणम् ॥२९॥ आचामाम्लतपःकष्टात्, निशायामतिजागरात्। अत्यायासात्प्रभोर्जज्ञे, रक्तदोषो दुरायतिः ॥३०॥ अमर्षणा जनास्तत्र, प्रोचुरुत्सूत्रदेशनात्। वृत्तिकारस्य कुष्ठोऽभूत्कुपितैः शासनामरैः ॥३१॥ निशम्येति शुचाक्रान्तः, स्वान्ताभिलाषुकस्ततः (स्वान्तप्रेयाभिलाषुकः) । निशि प्रणिदधत् पन्नगेन्द्रं श्रीधरणाभिधम् ॥३२॥ लेहिहानेश्वरं लेलिहानं देहमनेहसा। अचिरेणैक्षत श्रीमान्, स्वप्ने सत्त्वकषोपलः ॥३३॥ कालरूपेण कालेन, व्यालेनालीढविग्रहः। क्षीणायुरिति संन्यास, एव मे साम्प्रतं ततः ॥३४॥ इति ध्यायन् द्वितीयेऽह्नि, निशि स्वप्ने स औच्यत। धरणेन्द्रेण रोगोऽयं,

मयाऽऽलिह्य हतस्ततः ॥३५॥ युग्मं ॥ निशम्येति गुरुः प्राह, नार्त्तिर्मे मृत्युभीतितः। रोगाद्वा पिशुना यत्तु, कद्वदास्तद्धि दुस्सहम् ॥३६॥ नागः प्राहाधृतिर्नात्र, कार्या जैनप्रभावनाम्। एकामद्य विधेहि त्वं, हित्वा दैन्यं जिनोद्धृतेः ॥३७॥ श्रीकान्तीनगरीसत्कधनेशश्रावकेण यत्। वारिधेरन्तरा यानपात्रेण व्रजता सता ॥३८॥ तदधिष्ठायकसुरस्तम्भिते वाहने ततः । अर्चितव्यन्तरस्योपदेशेन व्यवहारिणा ॥३९॥ तस्या भुवः समाकृष्टा, प्रतिमानां त्रयीशितुः। तेषामेका च चारूपग्रामे तीर्थे प्रतिष्ठिता ॥४०॥ अन्या श्रीपत्तने चिञ्चातरोर्मूले निवेशिता। अरिष्टनेमिप्रतिमाप्रासादान्तः प्रतिष्ठिता ॥४१॥ तृतीया स्तम्भनग्रामे, सेढिकातटिनीतटे। तरुजालान्तरे भूमिमध्ये विनिहिताऽस्ति च ॥४२॥ तां च श्रीपार्श्वनाथस्याप्रतिमां प्रतिमामिह। प्रकटीकुरु तत्रैतन्महातीर्थं भविष्यति ॥४३॥ षड्भिः कुलकं॥ पुरा नागार्जुनो विद्यारससिद्धो धियांनिधिः । रसमस्तम्भयद्भूम्यन्तः-स्थबिम्बप्रभावतः ॥४४॥ ततः स्तम्भनकाभिख्यस्तेन ग्रामो निवेशितः। तदेषा तेऽपि कीर्त्तिः स्याच्छाश्वती पुण्यभूषणा ॥४५॥ युग्मम् ॥ अदृष्टाऽन्यैः सुरी वृद्धरूपा ते मार्गदर्शिका। श्वानस्वरूपतः क्षेत्रपालो गन्ता यथाऽग्रतः ॥४६॥

उक्त्वेत्यन्तर्हिते तत्र सूरयः प्रमदोद्धुराः। व्याकुर्वन्ति स्म सङ्घस्य, निशावृत्तं तदद्भुतम् ॥४७॥ ततश्च सम्मदोत्तालैः प्रक्रान्ता धार्मिकैस्तदा। यात्रा नवशती तत्र, शकटानां चचाल च ॥४८॥ अग्रे भूत्वा प्रभुर्वृद्धा। कौलेयकपदानुगः। श्रावकानुगतोऽचालीत्, तृणकण्टकिना पथा ॥४९॥ शनैस्तत्र ययुः सेढीतीरे तत्र तिरोहितौ। वृद्धाश्वानौ ततस्तस्थुस्तत्राभिज्ञानतोऽमुतः ॥५०॥ पप्रच्छुरथ गोपालान्, पूज्याः किमपि भोः किमु। जाल्यामत्रास्ति ? तेष्वेकः, प्रोवाच श्रूयतां प्रभो ! ॥५१॥ ग्रामे महीलणाख्यस्य, मुख्यपट्टकिलस्य गौः। कृष्णाऽऽगत्य क्षरेत्क्षीरमत्र सर्वैरपि स्तनैः ॥५२॥ गृहे रिक्तैव सा गच्छेद्दुह्यमानाऽतिकष्टतः। मनाग् मुञ्चति दुग्धं न, ज्ञायतेऽत्र न कारणम् ॥५३॥ तत्र तैर्दर्शितं क्षीरमुपविश्यास्य सन्निधौ। श्रीमत्पार्श्वप्रभोः स्तोत्रं, प्रोचे प्राकृतवस्तुकैः ॥५४॥ जयतिहुअणेत्यादिवृत्तैर्द्वात्रिंशता तदा। अवदत् स्तवनं तत्र, नासाग्रन्यस्तदृष्टयः ॥५५॥ बभूव प्रकटं श्रीमत्पार्श्वनाथप्रभोस्ततः। शनैरुत्त्रिद्रतेजस्वि, बिम्बं तत्प्रतिवस्तुकम् ॥५६॥ प्रणतं सूरिभिः सङ्घसहितैरैतदञ्जसा। गतो रोगः समग्रोऽपि, कायोऽभूत्कनकप्रभः ॥५७॥ गन्धाम्भोभिः स संस्नप्य, कर्पूरादिविलेपनैः। विलिप्य चार्चितः सौमनसैः सौमनसैस्तदा ॥५८॥ चक्रे तस्योपरि च्छाया, सच्छाया प्रतिसीरया। सत्रादवारितात्तत्र, सङ्घो ग्राम्यानभोजयत् ॥५९॥ प्रासादार्थं ततश्चक्रुः, श्राद्धा द्रव्यस्य मीलनम्। अक्लेशेनामिलल्लक्षं, ग्राम्यैरनुमता च भूः ॥६०॥ श्रीमल्लवादिशिष्यश्च, श्राद्धैरग्रेश्वराभिधः। महिकाख्यपुरावासः, समाह्वायि धियां निधिः ॥६१॥ अनुयुक्तः स सन्मान्य, कर्मान्तरविचक्षणः। अथ प्रासाद आरेभे सोऽचिरात्पर्यपूर्यत ॥६२॥ कर्माध्यक्षस्य वृत्तौ यद्द्रम्म एको दिनं प्रति। विहितो धृतकर्षश्च, भुक्तौ तन्दुलमानकम् ॥६३॥ विहृत्य भोजनात्तेन, तेन द्रव्येण कारिता। श्री (स्वा प्र०) देवकुलिका चैत्ये, सा तत्राद्यापि दृश्यते ॥६४॥ शुभे मुहूर्ते बिम्बं च, पूज्यास्तत्र न्यवेशयन्। तद्रात्रौ धरणाधीश-स्तेषामेतदुपादिशत् ॥६५॥ स्तवनादमुतो गोप्यं, मद्वाचा वस्तुकद्वयम्। कियतां हि विपुण्यानां, प्रत्यक्षीभूयते मया ? ॥६६॥ तदादेशादतोऽद्यापि, त्रिंशद्वृत्तमिता स्तुतिः। सपुण्यैः पठ्यमानाऽत्र, क्षुद्रोपद्रवनाशिनी ॥६७॥ ततः प्रभृत्यदस्तीर्थं, मनोवाञ्छितपूरणम्। प्रवृत्तं रोगशोकादिदुःखदावधनाधनः ॥६८॥ अद्यापि कलशो जन्मकल्याणकमहामहे। आद्यो धवलकः श्राद्धः, स च स्नपयति प्रभुम् ॥६९॥ बिम्बासनस्य पाश्चात्यभागेऽक्षरपरम्परा। एतिह्यात् श्रूयते पूर्वकथिता प्रथिता जने ॥७०॥ नमेस्तीर्थकृतस्तीर्थे, वर्षे द्विकचतुष्टये

२२२२। आषाढश्रावको गौडोऽकारयत्प्रतिमात्रयम्॥७१॥ श्रीमान् जिनेश्वरः सूरिस्तथा श्रीबुद्धिसागरः। चिरमायुः प्रपाल्यैतौ, सन्न्यासद्दिवमीयतुः॥७२॥ श्रीमानभयदेवोऽपि, शासनस्य प्रभावनाम्। पत्तने श्रीकर्णराज्ये, धरणोपास्तिशोभितः॥७३॥ विधाय योगनिरोधं, धिक्कृतापरवासनः। परलोकमलंचक्रे, धर्मध्यानैकधी-निधिः॥७४॥ युग्मं॥ वृतान्तोऽभयदेवसूरिसुगुरोरीदृग् सतामर्चितः, कल्याणैकनिकेतनं कलिकलाशैलाद्रि-वज्रप्रभः। भूयाद्दुर्द्धरदुर्धटोदिततमःप्रध्वंससूर्योदयः, श्रेयःश्रीनिलयो लयं दिशतु वो ब्रह्मण्यनन्तोदवे॥७५॥ श्रीचन्द्रप्रभसूरिपट्टसरसीहंसप्रभः श्रीप्रभाचन्द्रः सूरिरनेन चेतसि कृते श्रीरामलक्ष्मीभूवा। श्रीपूर्वर्षिचरित्ररोहणगिरौ प्रद्युम्नसूरीक्षितो, वृत्तान्तोऽभयदेवसूरिसुगुरोः शृङ्गे महेन्दुप्रभः॥७६॥ वरकरणबन्धुजीवकनृतिलकनालीकरूप-विजयस्य। श्रीप्रद्युम्नसुजातेः सुमनश्चित्रं न बकुलश्रीः॥७७॥ इति श्रीप्रभाचन्द्रसूरिकृते प्रभावकचरित्रे॥

**ॐ नमः**=જૈનધર્મને વિષે શ્રેષ્ઠ એવા અભયદેવસ્વામી લક્ષ્મી કલ્યાણને માટે થાવ. અભયદેવસૂરિ કેવા છે? **सौमनस** કહેતા કમલ અને સારા મનવાલાને વિકસાવવામાં સૂર્યસમાન સર્વના મુગટ સમાન એવા ॥૧॥ અને જેઓએ અષ્ટાંગયોગનો સ્વીકાર કરીને પોતાના અંગનો ઉદ્ધાર કરીને અને શ્રુતના નવ અંગોનું પ્રકાશન કરનાર અર્થાત્ નવાંગી ટીકા કરનાર એવા બન્ને પ્રકારના અંગનો ઉદ્ધાર કરનારા એવા તે કલ્યાણને માટે થાવ ॥૨॥ અવ્યક્ત એવું બોલતું બાલક, જેમ માતા પિતાને પ્રમોદ કરનારું થાય છે તેવી રીતે હું પણ મોટા હર્ષને માટે એવા તે **અભયદેવસૂરિનું** દૃષ્ટાંત અહિંયા કરું છું. ॥૩॥

## ચમત્કારકારક શ્રીઅભયદેવસૂરિચરિત્ર વર્ણન

જંબુદ્વીપ નામનો જે માકંદ=આમ્રવૃક્ષ, તેનું ફલરૂપ એવો અને સારા વર્ણ અને સારા વર્તનમાંથી ઉત્પન્ન થયેલ સારા રસથી ભરપૂર એવો **માલવ** નામનો દેશ છે. ॥૪॥ બધા દેશોમાં આગળ—ઉત્કૃષ્ટ અને ઉદિત સ્થિતિવાલા રાજાની લક્ષ્મીનું મૂલ, દુષ્ટોના વિદ્રોહનો દ્રોહ કરવામાં સમર્થ એવી **ધારા** નામની નગરી છે. અને એ નગરીને વિષે જેમણે પૃથ્વીનું પાલન કર્યું છે એવા અને મૂર્તિમાન શેષનાગની જેમ વિશ્વનો ઉદ્ધાર કરવા માટે સમર્થ છે જેમની બન્ને ભૂજાઓ એવો **ભોજરાજ** નામનો રાજા ત્યાં હતો. ॥૫-૬॥ તે ધારા નગરીની અંદર મહાધનવાળો **લક્ષ્મીપતિ** નામનો વેપારી હતો. જેની લક્ષ્મીવડે કરીને જીતાયેલા કૂબેરે કૈલાસ પર્વતનું શરણું સ્વીકાર્યું.'॥૭॥

હવે એક દિવસે મધ્યદેશના **કૃષ્ણ** નામના બ્રાહ્મણના બે પુત્રો કે જે પોતાની બુદ્ધિના બલવડે કરીને આકર્ષાયેલ એવી વેદ, વિદ્યા આદિમાં વિશારદ હતા. ચૌદ વિદ્યાઓના જે સ્થાનો તે જેમણે પૂર્વે ભણી ગયેલા હોય એવા તેમજ સ્મૃતિ, ઇતિહાસ અને પુરાણના કુલમંદિરરૂપ એવાં **શ્રીધર** અને **શ્રીપતિ** નામના યૌવનઅવસ્થામાં આવેલા બે પુત્રો દેશાન્તર જોવાની ઇચ્છાએ નીકલ્યા છે. અને ત્યાં ધારા નગરીમાં આવ્યા. ॥૧૦॥ અને **લક્ષ્મીધર** નામના શેઠના આંગણાને તેઓએ પવિત્ર કર્યું. અને તે બન્ને છોકરાઓની આકૃતિથી વશ થઈ ગયેલો તે શેઠ બન્નેને ભક્તિથી ભોજન આપે છે. ॥૧૧॥

હવે ઘરની સન્મુખ જે ભીંત છે તેના પર જે લેખ્યક=નામું લખાયેલા છે. અને એ નામું વીસ

લાખ ટાંકનું હતું તે દરરોજ આ બે બ્રાહ્મણના છોકરાઓ જોયાં કરે છે. ॥૧૨॥ અને હંમેશા જોવા વડે કરીને બુદ્ધિબલે કરીને જાણે પોતે ભણેલા ન હોય એવી રીતે અત્યંત વિસ્તીર્ણ તે નામું મગજમાં બેસી ગયું. ॥૧૩॥ ''મારી પાસેથી માણસો, રસોઈ બનાવનારા રસોઈઆ બીજા રસોઈયા સાથે જેમ ક્રૂર વર્તે એવી રીતે મારી સાથે વર્તે છે અને મને કાંઈ આપતો નથી. બ્રાહ્મણો પણ મારી પૂજા દ્વારા દેવોને આહૂતિ આપે છે. અને ફલ પોતે મેળવે છે. હું તો જાણે એનો કામ કરનારો નોકર!! આવા પ્રકારના વ્યવસાયથી જ જાણે કોપાયમાન થયો ન હોય તેમ અને કરેલાનો બદલો લેવા તૈયાર ન થયો હોય એવી રીતે તે નગરમાં અગ્નિ લાગ્યો.'' આખી નગરીમાં આગ ફેલાઈ અને તે નગરી ભસ્મ થઈ ગઈ. ॥૧૪-૧૫-૧૬॥

હવે બીજા દિવસે લમણે હાથ મૂકેલો છે જેને એવો લક્ષ્મીધર શેઠીયો, સર્વનાશ થવાથી ખિન્ન થયેલો અને વિશેષે કરીને તો નામું ઠામું સાફ થવાના કારણે નિરાશ થઈને બેઠો છે. ॥ ૧૭ ॥

હવે ભિક્ષાનો સમય થયે છતે પેલા બન્ને બ્રાહ્મણના પુત્રો તેના ઘરને આંગણે ભિક્ષા લેવા આવ્યા. અને શોકમાં ડૂબેલા એવા તેને જોઈને ખેદિત થયા છતાં તે લક્ષ્મીધર શેઠને આ પ્રમાણે કહે છે. હે! યજમાન! તમોને આવા ભયંકર આવી પડેલા કષ્ટ વડે કરીને અમે બન્ને જણાં ખૂબ દુઃખી થયા છીએ; પરંતુ સર્વ દુઃખમાં અતિશયતાવાળી જે ક્ષુધા લાગી છે એનું શું કરીએ? પરંતુ સત્ત્વવૃત્તિવાળા એવા તમે આવા પ્રકારના શોકથી આક્રાંત થાવ તે યોગ્ય નથી. આપના જેવા ધીરપુરુષો સંકટ આવે છતાં પણ સત્ત્વને ન છોડે. ॥ ૧૮ થી ૨૦ ॥ આ પ્રમાણેનું તે બન્નેનું વચન સાંભળીને શ્રેષ્ઠી બોલ્યા કે મારા દુઃખનું કારણ સાંભળો. ધન, અન્ન, વસ્ત્ર આદિ બળી ગયું એનું મને દુઃખ નથી; પરંતુ જે ઉઘરાણી લખેલી હતી તેનો નાશ થઈ ગયો. અને એથી કરીને અધર્મી એવા માણસો સાથે ધર્મની હાનિ કરનારો કલહ ઊભો થશે. ત્યારે શું કરવું? ૨૨ ત્યારે આ વાત સાંભળીને તે બન્ને જણાએ કીધું કે ભિક્ષાવૃત્તિવાળા એવા અમે તમોનો ઉપકારક શું થઈ શકીએ? પરંતુ તમારું નામું–ઠામું અમે લખાવી દઈએ. ૨૩ આ સાંભળીને અત્યંત હર્ષવાન્ થયેલા શેઠે તે બન્નેને શ્રેષ્ઠ આસન ઉપર બેસાડ્યા. ખરેખર સ્વાર્થને પૂરવાવાળો માણસ પૂજ્ય બને. ૨૪ અને તે બન્ને જણાએ આદિથી માંડીને તિથિ,વાર, નક્ષત્ર, મહિનો, વર્ષ અને આટલા રૂપીયા એ સાથેનું ઉઘરાણીવાળું નામું, વર્ણ અને જાતિના નામપૂર્વક મૂળ રકમ અને વ્યાજ સાથે પોતાનું નામ–ઠામ બોલે તે રીતે પોતાની બુદ્ધિએ કરીને આખું નામું ખડીના ટૂકડાવડે કરીને લખાવી દીધું. ૨૬

પત્રક પર બધું લખ્યા પછી શ્રેષ્ઠી વિચારવા લાગ્યો. 'ખરેખર આ બન્ને મારા પરની અનુકંપાએ કરીને ગોત્રના દેવતાઓ જ આવેલા છે. ૨૭ કે જેઓ કોડી માત્ર પણ બાકી નહિં રહેલું દસ્તરી સંપુટીને નિરપેક્ષ એવું ને અંદરના કાગલો સિવાયનું તે આખું લેખું (નામું) લખાવી દીધું!' ૨૮ ત્યાર પછી તે બંનેનું વસ્ત્ર આદિવડે બહુમાન કરીને જમાડીને પોતાના હિતને જાણનાર એવા શેઠે પોતાના ઘરના ઉચિત કામોમાં સારી રીતે તે બન્નેને ઘરચિંતક તરીકે નિયુક્ત કરી દીધા. ૨૯ અને શાંત તથા જિતેન્દ્રિય એવા તે બન્નેને જોઈને લક્ષ્મીપતિ શેઠ વિચાર કરે છે કે—મારા ગુરુ પાસે જો આ બન્ને શિષ્યો થાય તો સંઘના ભૂષણરૂપ થાય. ૩૦

હવે આ બાજુ સપાદલક્ષ દેશની અંદર શત્રુઓના મોંઢાની ઉપર મશનો કૂચડો ફેરવામાં સમર્થ એવું **કૂર્ચપૂર** નામનું નગર છે. ત્યાં **અલ્લભૂપાલ** નામના રાજાનો પૌત્ર, પહેલાના પોત્રીની જેવો વિખ્યાત અને સાન્વર્થક નામવાળો **ભુવનપાલ** રાજા છે. ૩૨ અને ત્યાં પ્રશમરૂપી લક્ષ્મીથી વધતા એવા અને ગુણસમુદ્ર એવા સંસારને પાર પામવાવાળા **વર્ધમાનસૂરિ** નામના આચાર્ય છે. સિદ્ધાંતના અભ્યાસથી સત્ય તત્ત્વને જાણીને સંસારના કારણોરૂપ ૮૪ ચૈત્યોને (ચૈત્યવાસને) જેમણે છોડી દીધા છે. ૩૪

હવે એક દિવસે વિચરતાં વિચરતાં અખંડવાણી અને બ્રહ્મચર્યની ધારાવડે કરીને માણસોને જીવાડતાં એવા મેઘસમાન તેઓ આ ધારાપુરી નગરીમાં આવ્યા. ૩૫ શ્રદ્ધારુપી લક્ષ્મીનો સ્વામી એવો લક્ષ્મીપતિશેઠ આ વાત સાંભળીને પ્રદ્યુમ્ન શાંબની જ જેમ તે બંને શ્રીધર અને શ્રીપતિની સાથે ગુરુવંદન કરવા આવ્યો. ૩૬ સર્વ અભિગમ સાચવવા પૂર્વક પ્રભુને વંદન કરીને તે શેઠ બેઠો. અને આ બન્ને જણાં પણ વિધિવડે હાથ જોડીને બેઠાં. ૩૭ શ્રેષ્ઠ લક્ષણથી યુક્ત એવા તે બન્નેનું શરીર જોઈને ગુરૂ મહારાજ બોલ્યા કે આ બન્નેની મૂર્તિ સારી રીતે સ્વ અને પરને જીતવાવાળી છે. ૩૮ અને આ બન્ને જણાં પણ પૂર્વભવના સંબંધની જેમ નિર્નિમેષ દ્રષ્ટિએ કરીને ગુરૂ મહારાજનું મુખ જોઈ રહ્યાં છે. અને ગુરૂ મહારાજે પણ તે બન્નેને વ્રતને યોગ્ય જાણ્યા. ૩૯ દેશનારૂપી કિરણો વડે કરીને જેમનો તામસ=અંધકાર દૂર થયો છે. અને જેમને બોધ પ્રગટ થયો છે એવા અને લક્ષ્મીપતિશેઠની અનુમતિથી તે બન્ને દીક્ષિત થયા. અને શિક્ષા પણ આપી (ભણાવ્યા) ૪૦ મહાવ્રતના ભારને વહન કરવામાં સમર્થ અને તપસ્વી એવા તે બન્નેને યોગોદ્વહન કરાવવાપૂર્વક સિદ્ધાંત ભણાવ્યો. ૪૧ અને સૂરિપદને ઉચિત જાણીને તે બન્નેને ગુરૂ મહારાજે સૂરિપદ પર સ્થાપ્યા. ખરેખર શુદ્ધવસ્ત્ર હોય તો તેની પાછળ સૌરભ્યવાસ દોડે છે. ૪૨ અને તેમાં એક **જિનેશ્વરસૂરિ** નામથી અને બીજા **બુદ્ધિસાગરસૂરિ** નામથી વિખ્યાત થયેલા તે બન્નેને પૂજ્યોએ વિહારની અનુમતિ અને શિક્ષા આપી કે 'પાટણની અંદર ચૈત્યવાસી સાધુઓ વડે કરીને સુવિહિત સાધુઓને ત્યાં નહિં રહેવા દેવાવડે કરીને વિઘ્ન થાય છે. તેથી કરીને તમારે બન્ને જણાએ શક્તિવડે અને બુદ્ધિવડે કરીને ખરેખર એ વિઘ્ન દૂર કરવું જોઈએ.' અત્યારે સાંપ્રતકાલે તમારા જેવા કોઈ બુદ્ધિશાળી નથી. ૪૫ આ બન્ને આચાર્યોએ 'અમે આપના અનુશાસનને ઇચ્છીએ છીએ,' એમ કહીને ગુજરાતની ભૂમિમાં વિચરતાં વિચરતાં હર્ષપૂર્વક તેઓ ક્રમે પાટણ આવ્યા. અને ગીતાર્થના પરિવારથી પરિવરેલા એવા તે બન્ને જણાં ઘરે ઘરે ભમ્યાં; પરંતુ વિશુદ્ધ ઉપાશ્રયનો લાભ ન થયો. એટલે તૂરતજ ગુરુ મહારાજની વાણી યાદ આવી. ૪૭ તે પાટણની અંદર દુર્લભરાજ નામનો રાજા છે. અને તેને બૃહસ્પતિનો પણ ઉપાધ્યાય હોય એવો નીતિ વિક્રમના શિક્ષણ યુક્ત એવો **સોમેશ્વરદેવ** નામનો બ્રાહ્મણ પુરોહિત મંત્રી છે. સૂર્યના પુત્રો જેવા આ બન્ને આચાર્યો તે પુરોહિતના ઘરને આંગણે આવીને ઊભા રહ્યા. અને તેના બારણે ઊભા રહીને સંકેતપૂર્વકના અને તીર્થની સચ્ચાઈની ખાત્રી કરાવતો બ્રાહમ્ય અને પૈત્ર્ય અને દૈવોનો વેદનો ઉચ્ચાર કરે છે. તે સમયે સોમદેવમંત્રી પુરોહિત પોતાના મંદિરમાં હતો તેણે તે સાંભળ્યા. તેના વેદોચ્ચારની ધ્વનિના ધ્યાનમાં ડૂબી ગયું છે જેનું મન અને સમગ્ર ઇન્દ્રિયોને ચૈતન્ય સ્તંભિત થઈ ગયું છે જેમનું એવા પુરોહિતે જાણે વેદની શ્રુતિ જ ન હોય તેવા તે બન્નેને અંદર બોલાવ્યા. ૫૧ ત્યાર પછી ભક્તિએ કરીને વચનામૃતો વડે કરીને

તે બન્ને બોલાવવા માટે પોતાના બંધુને મોકલ્યો અને સોમેશ્વર બ્રાહ્મણ વિચારવા લાગ્યો કે શું બ્રહ્મા પોતે બે રૂપ કરીને આવ્યો છે? અને પ્રશંસનીય એવું દર્શન મને દેવા આવ્યા છે? એટલે તૂરતજ સિંહાસન, ભદ્રાસન આદિ આપે છે; પરંતુ તેના આપેલા ભદ્રાસનને છોડી દઈને પોતાની જે શુદ્ધ કામલ છે તેના પર બેઠાં. વેદ, ઉપનિષદ્ અને જૈનશ્રુતના વાણીનું સામ્યપણું પ્રકાશીને આ પ્રમાણેની તેને તેઓએ આશિષ આપી. તે આ પ્રમાણે :—

**अपाणिपादो ह्यमनो ग्रहीता, पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः।**
**स वेत्ति विश्वं न हि तस्य वेत्ता, शिवो ह्यरूपी स जिनोऽवताद्वः॥१॥**

જેને હાથ અને પગ નથી, તેમ મન નથી. છતાં બધું ગ્રહણ કરે છે. આંખો નથી છતાં પણ બધું દેખે છે. કાન નથી છતાં પણ બધું સાંભળે છે. તે આખા જગતને જાણે છે પણ એને કોઈ જાણનારો નથી. એવા અરૂપી શિવ–શિવસ્વરૂપ જિનેશ્વર તમારું રક્ષણ કરો,'' અને કીધું કે 'આ આશીર્વાદનો અર્થ જાણીને દયાથી અધિક એવું જૈન શાસન અમે સ્વીકાર્યું છે.' ૫૮

તમો બન્નેને રહેવાનું સ્થાન ક્યાં છે? ત્યારે આ બન્ને જણાએ કીધું કે ચૈત્યવાસીઓવડે અમોને કોઈપણ ઠેકાણે સ્થાન મલતું નથી. ૫૯ ચંદ્રની જ્યોત્સ્ના જેવા નિર્મલ મનવાલા પુરોહિતે પોતાની ચંદ્રશાળા રહેવા માટે આપી. અને તેથી કરીને આ બધા પરિવાર સાથે ત્યાં રહ્યાં. ૬૦ અને ૪૨-ભિક્ષાના દોષથી રહિત એવું અને લોલુપતા વગરનું અને નવકોટીથી શુદ્ધ ભક્ષ્ય આરોગે છે. ૬૧મધ્યાહ્નકાલે, યાજ્ઞિક, યજ્ઞાચાર્યો, સ્માર્તલોકો, સ્મૃતિને જાણનારા, દીક્ષિત અને અગ્નિહોત્રી આ બધા બ્રાહ્મણોને બોલાવીને આ બન્ને સાધુને બતાવ્યા. અને તે બધાની પરીક્ષામાં આ બન્ને પાસ થઈ ગયા. ૬૨

બ્રહ્માની પર્ષદાની જેમ આ બધાની પર્ષદામાં વાર્તા, વિનોદ ચાલી રહ્યો હતો. એટલામાં ચૈત્યવાસીઓએ નિયુક્ત કરેલા માણસો આવ્યા. ૬૩ અને તેઓ બોલ્યા કે ''તમે આ નગરમાંથી જલદી બહાર નીકળી જાવ. ચૈત્યવાસીથી બાહ્ય–સિવાયના એવા શ્વેતાંબરોને આ નગરમાં રહેવાને સ્થાન નથી'' ૬૪ત્યારે પુરોહિતે કીધું 'આનો નિર્ણય રાજાની સભામાં થશે. અને એથી કરીને આપણા માલીક દુર્લભરાજાને તમો જે કહેવું હોય તે કહો. એ પ્રમાણે કહ્યે છતે તે બધા ભેગાં થઈને રાજા પાસે આવ્યા.અને પુરોહિત પણ સભામાં આવ્યો. ૬૬ અને પુરોહિતે કીધું હે દેવ! પોતાના પક્ષની અંદર કોઈ ઠેકાણે સ્થાન નહિ પામતા એવા આ બન્ને મુનિઓ મારા આંગણે આવ્યા. અને ગુણથી આવર્જીત થયેલા એવા મેં તેમને મારા સ્થાનમાં સ્થાન દીધું છે. અને આ ચૈત્યવાસીઓએ આ ભટ્ટપુત્રોને–ભાટના પુત્રોને મારે ત્યાં મોકલ્યા. ૬૮ હવે આમાં મારો કોઈ અપરાધ હોય તો જણાવો. અથવા મારા યોગ્ય કોઈ દંડ હોય તો આપો. આ સાંભળીને સમદૃષ્ટિવાલા રાજાએ જરાક મોં મલકાવીને કહ્યું કે—અકસ્માત દેશાન્તરથી મારા નગરની અંદર ગુણીઓ આવતાં હોય અને વસતાં હોય તો તેને કોણ વારી શકે? અને એવાને રાખ્યા એમાં દોષ પણ શું હોય? ૭૦ ત્યારે જે આ ચૈત્યવાસીના નિયોગી પુરુષો છે તે બોલ્યા કે 'મહારાજ! અમારી વાત સાંભળો. શ્રેષ્ઠ એવાં ચાવડાવંશથી ઉત્પન્ન થયેલા એવા પૂર્વે વનરાજ નામના રાજા હતો. બાલ્યકાળમાં વનરાજ ચાવડો નામ હતું. એ વનરાજ ચાવડાને

નાગેન્દ્રગચ્છરૂપી પૃથ્વીને ધારણ કરવામાં વરાહ સદૃશ એવા દેવેન્દ્રસૂરિએ બાલ્યકાળમાં એને વધાર્યો ઉછેર્યો હતો. પંચાશ્રવ=પંચાસર સ્થાનમાં રહેલાં એવા ચૈત્યનિવાસી એવા દેવચન્દ્રસૂરિએ બતાવેલા સ્થાનમાં **પંચાસર** નગર વસાવ્યું. અને ત્યાં રાજ્ય કરે છે. અને એ ગુરૂદેવના ઉપકારમાં કૃતજ્ઞપણાએ કરીને 'વનરાજવિહાર' નામનું ચૈત્ય બનાવ્યું. અને ગુરૂમહારાજનું પૂજન કર્યું. અને ત્યાં રાજાની સાક્ષીએ સંપ્રદાયના ભેદભાવને લઈને લઘુતા ન થાય તે માટે સંઘે રાજાની સાક્ષીએ વ્યવસ્થા કરી હતી કે—'તે ચૈત્યવાસી યતિઓના સમુદાયને સંમત એવા મુનિઓ આ નગરમાં વસે' એથી કરીને એમને અસંમત એવા મુનિઓએ આ નગરમાં રહેવાનું નહિ.''

અને પૂર્વના રાજાઓની જે વ્યવસ્થા હોય તેને પછીના રાજાઓએ પાળવી જોઈએ. અને આ પ્રમાણે હોયે છતે 'હે રાજન્! તમે તે કાર્યનો આદેશ આપો.' ત્યારે રાજાએ કીધું કે 'અમારા પૂર્વના રાજાઓના આચાર, અમે દૃઢ રીતે પાળીએ છીએ. પરંતુ ગુણવાન્ પુરુષોની પૂજાને ઓળંગતાં નથી. અને સદાચાર નિષ્ઠ એવી આપની આશિષથી રાજાઓ સમૃદ્ધિમાન છે અને તેઓનું આ રાજ્ય છે. તેમાં શંસય નથી. અને મારા ઉપરોધ વડે કરીને આ લોકોને તમે નગરમાં વસવાનું માન્ય રાખો. આટલું મારું વચન તમે રાખો.' ૮૦

ત્યારબાદ પુરોહિતે કહ્યું 'સ્વામી! મારે ત્યાં રહેલાં એ સાધુની સ્થિરતા માટે કોઈપણ ભૂમિની આપના મોઢે જ આજ્ઞા આપો.' તેવે ટાઈમે શૈવદર્શનની વાસનાવાળો એટલે રાગી 'ક્રુર સમુદ્ર' બિરુદ થી અલંકૃત એવા **જ્ઞાનદેવ** નામનો ત્યાં આવે છે. રાજાએ ઉઠીને એનું પૂજન કરીને પોતાના આસને બેસાડ્યો. અને કીધું કે 'હે ભગવંત!આપને જે જણાવવું હોય તે જણાવો.' ત્યારે તે તપસ્વીને વિષે ઈન્દ્ર એવા જ્ઞાન દેવને કીધું કે 'આપણા નગરની અંદર જૈન ઋષિઓ પધાર્યા છે. તેને આપ સ્થાન આપો.' એ સાંભળીને હસતામુખે જ્ઞાનદેવે આ પ્રમાણે કહ્યું. ''મહારાજ! નિષ્પાપ એવા આપ ગુણીઓનું પૂજન કરો છો. અને એ જ ગુણ પૂજન લક્ષ્મીના ભંડારરૂપ છે અને અમારા ઉપદેશનો ફલસ્વરૂપ પરિપાક છે. બાહ્યત્યાગ દ્વારા શિવ એ જ જિન છે અને પરમપદમાં રહેલાં જિન એ જ શિવ છે. બાકી દર્શનના જે ભેદ છે તે મિથ્યામતિનું ચિહ્ન છે.

અને ફોતરાં વગરની ચોખાની દૂકાન જેવા પુરુષોથી આશ્રિત આ નગરની અંદર આપના પુરોહિત તેમની ઈચ્છા પ્રમાણેની ઉપાશ્રય માટેની જગ્યા શોધી લે.'' અને પછી વધુમાં કહે છે કે 'અમારા કે પરપક્ષ તરફથી જે કાંઈ વિઘ્ન આવશે. એ બધું હું રોકીશ.' અને તરતજ એ જ્ઞાનદેવનું વચન સ્વીકારીને ઉપાશ્રય બનાવ્યો. ત્યારથી માંડીને ત્યાં વસતિવાસની પરંપરા શરુ થઈ. મોટાએ સ્થાપેલું હોય તે (સ્થાન) વૃદ્ધિ પામે જ તેમાં સંશય નથી. ''બુદ્ધિસાગરસૂરિએ ૮-હજાર શ્લોક પ્રમાણ બુદ્ધિસાગર નામનું નવીન વ્યાકરણ બનાવ્યું. ત્યાર પછી જેનું દર્શન પુણ્યશાળીને પ્રાપ્ત થાય છે એવા જિનેશ્વરસૂરિ મહારાજ વિચરતાં એ ધારાપુરી નગરીમાં આવ્યા. ત્યાં પોતાના ધનની અંદર એક સંખ્યાને છોડીને ત્રણ પુરુષાર્થથી ઉદય પામેલો અને સર્વસ્થળે વિચક્ષણ એવો **મહીધર** શેઠ છે. તેની સ્ત્રી ધનદેવી છે. તેના અંગથી ઉત્પન્ન થયેલો **અભયકુમાર** નામનો પુત્ર છે. જેના ગુણોને કહેવા માટે સહસ્રજીહ્વ

શેષનાગ પણ સમર્થ નથી. એવો ગુણવાન્ છે. સુકૃતશાલી એવો મહીધર શેઠ એક વખત આચાર્યમહારાજને પ્રણામ કરવા માટે પુત્રની સાથે ગયો. સંસારની અસારતાને જણાવનારો એવો ચતુર્વિધ ધર્મ ભક્તિથી સાંભલ્યો. ૯૬. જેનો વૈરાગ્યરંગ ઉછળી રહ્યો છે એવા અને તપરૂપી લક્ષ્મીનો સંગમ કરવાને ઉત્સૂક એવા અભયકુમારે પિતાને દીક્ષા માટે પૂછ્યું. પિતાની અનુમતિ મળવાથી ગુરુમહારાજે તેને દીક્ષા આપી. અને ગ્રહણ તથા આસેવન આ બન્ને શિક્ષા તેને ગ્રહણ કરાવી. અને જેમણે તત્ત્વ–કાવ્ય અને અનુમાન દ્વારાએ સિદ્ધાંતોનું અવગાહન કરી લીધું છે એવા અને મહાક્રિયાનિષ્ઠ એવા તે અભયમુનિ સંઘરૂપી કમલને વિકસાયમાન કરવાને માટે સૂર્યસમાન શોભતાં હતાં. ૯૭ અને વર્ધમાનસૂરિના આદેશથી જિનેશ્વરસૂરિએ પોતે ગુણસમુદ્ર અભયમુનિને આચાર્ય પદવી આપી. અને તેમનું **અભયદેવસૂરિ** એવું નામ આપ્યું. ૯૮ જેણે પોતાના યશવડે કરીને જગતને ભરી દીધું છે એવા અભયદેવસૂરિ, વિચરતાં ક્રમે કરીને પલ્યપદ્રપુર નામના નગરમાં આવ્યા. પોતાના આયુષ્યનો છેડો નજીક જાણીને સન્ન્યાસ (ફરી મહાવ્રતો ઉચ્ચરીને) સ્વીકારીને વર્ધમાનસૂરિ દેવલોક પામ્યા. ૧૦૦

તે પલ્યપદ્રનગરની અંદર દુષ્કાલ અને ઉપદ્રવોવડે કરીને દેશ દુસ્થિતા=ખરાબપરિસ્થિતિ, તે સમયે વર્તતી હતી. અને એ બધાને કારણે–સિદ્ધાંત ખંડિત થયેલો હતો. અને સિદ્ધાંતોની, શાસ્ત્રોની ટીકાઓ પણ વ્યુચ્છિન્ન થયેલી હતી. અને જે કાંઈ નામનું આગમ બાકી રહ્યું હતું એ પણ નિપુણ એવા બુદ્ધિમાનોને પણ દુર્બોધ થાય એવું દેશ શબ્દાર્થવાળું બધું થઈ ગયું હતું. હવે એક વખતે રાત્રિને વિષે ધર્મધ્યાનમાં બેઠેલા ઉંઘ વગરના અભયદેવસૂરીશ્વરને નમસ્કાર કરીને શાસનદેવી કહે છે કે–''પૂર્વે શીલાંકાચાર્યસૂરિજી કે જેઓ કોટ્યાચાર્યના નામે પ્રસિદ્ધિ પામેલા છે. અને જેમનું પાપ ધોવાઈ ગયું છે એવા આ શિલાંકાચાર્યે ૧૧-અંગોની વૃત્તિ બનાવી હતી. ૪ અત્યારે કાલના પ્રભાવે બે અંગો સિવાયની બધા અંગોની વૃત્તિઓ નષ્ટ થઈ ગઈ છે માટે સંઘ ઉપરની અનુગ્રહ બુદ્ધિએ તમે નવ અંગો પરની વૃત્તિ ટીકા રચવામાં ઉદ્યમ કરો.'' ૫ ત્યારે અભયદેવસૂરિ બોલ્યા કે ''હે માતા! સુધર્માસ્વામીએ કરેલા ગ્રંથોના દર્શનમાં અસમર્થ બુદ્ધિવાળો અને જડ અલ્પમતિવાળો એવો હું છું. અને એથી કરીને ટીકા બનાવવા જતાં અજ્ઞાનતાના કારણે કાંઈક ઉત્સૂત્ર પ્રરૂપણા થઈ જાય. અને પાપ ઉપાર્જન થાય. તો અનંત સંસાર ભમવાનું થાય એવું આ મોટું કામ તમે મને આપ્યું છે.'' અને માતા! તમારી વાણી અનુલ્લંઘ્ય છે. એ કારણથી કર્તવ્યમૂઢ થયેલો એવો હું તમને શું ઉત્તર આપું? છતાં મને તમે આદેશ કરો હું શું કરું?'' ત્યારે શાસનદેવીએ કહ્યું કે ''હે મનીષિ! આ સિદ્ધાંતના અર્થની વિચારણા કરવામાં તારી યોગ્યતા જાણીને હું અહિંયા આવી છું. હું કહું છું—એ વિચાર કર. અને તારું ચિત્ત સંદેહવાળું જ્યાં થશે ત્યાં હું પોતે સીમંધરસ્વામી પાસે જઈને હંમેશને માટે સંશયને પૂછી આવીશ.'' માટે તૂ ધૈર્યને ધારણ કર. ૧૦ અને તું આ કાર્ય ચાલુ કર. તારે જરાપણ શંસય કરવો નહિ. અને સ્મરણ કરતાંની સાથે જ હું આવીને ઊભી રહીશ. અને આમાં હું તારા પગનાં સોગંદ ખાઉં છું.'' ૧૧ દેવીનું એવું વચન સાંભળીને પોતાના માટે દુષ્કર કાર્ય હોવા છતાં તે કાર્યને અંગીકાર કર્યું. અને શરુ કરેલું આ કાર્ય પૂરુ ન થાય ત્યાં સુધી આયંબીલ કરવાની પ્રતિજ્ઞા કરી. અને જરાપણ ક્લેશ કર્યા સિવાય નવે અંગોની વૃત્તિઓ બનાવી. અને દેવીએ પણ જે પ્રતિજ્ઞા કરી હતી તે સંપૂર્ણપણે પ્રતિજ્ઞાનું પાલન

કર્યું. ૧૩ ત્યાર પછી મહાશ્રુતધર એવા પૂર્વાચાર્યોએ તે બધી વૃત્તિઓ=ટીકાઓ શોધી. અને શ્રાવકોએ પુસ્તકો લખવાનું સ્વીકાર્યું. ૧૧૪

ત્યારે શાસનદેવીએ ખાનગીમાં શ્રીઅભયદેવસૂરિને કીધું કે 'હે પ્રભુ! નવે અંગોની ટીકાની પહેલી પ્રત, મારા દ્રવ્યથી તમારે લખાવવાની છે.' એ પ્રમાણે કહીને અને કબૂલ કર્યે છતે શરણ (ચરણ) ઉપર પોતાનું સુવર્ણનું જે ઉત્તરીય વસ્ત્ર હતું તે મૂક્યું. અને એની ઉપર પોતાની દ્રષ્ટી સ્થાપી. ૧૬ અને શાસનદેવી અદૃષ્ટ થઈ ગઈ. ત્યાર પછી સાધુઓ બહારથી આવ્યા. અને સૂર્યના જેવું પ્રકાશમાન તે આભૂષણ જોયું. ૧૭ અને આશ્ચર્ય ચકિત થઈને તેઓએ આચાર્ય મ. ને પૂછ્યું આ શું છે? ત્યારે તેમને સર્વ વૃત્તાંત કહ્યો. અને તૂરતજ સાધુઓએ શ્રાવકોને બોલાવ્યા. ૧૮ અને શ્રાવકો આવ્યા. તે આભૂષણ જોયું. અને ગુરુ મહારાજે તેઓને જોઈને પૂછ્યું, આનું મૂલ્ય કેટલું? મૂલ્ય નહિં આંકી શકતા શ્રાવકો પાટણ ગયા. ૧૯ અને ત્યાં પાટણમાં રહેતા રત્ન પરીક્ષકોને બોલાવીને બતાવ્યું. તેઓ પણ તેનું મૂલ્ય કરવા માટે શક્તિમાન ન થયા. અને એ રત્નપરીક્ષકોએ કહ્યું કે આનું કાંઈ મૂલ્ય થઈ શકતું નથી. માટે તમો ભીમદેવરાજાની સભામાં જાવ. અને એની આગળ ધરો. અને તે જે એનું મૂલ્ય આપે તે ગ્રહણ કરો. અને તેથી કરીને તે મહાજન, તે અદ્ભૂત આભૂષણ લઈને ભીમદેવરાજાની આગળ મૂક્યું. ત્યારે ભીમદેવરાજાએ કહ્યું. ઈન્દ્ર મહારાજે મને આવું અદ્ભૂત ભેટણું કર્યું લાગે છે. ૨૨ ત્યારે મહાજને બનેલો બધો વૃત્તાંત જણાવ્યો. ત્યારે સંતોષિત થયેલો ભીમદેવરાજા બોલ્યો તપસ્વીઓનું આ ભેટણું વિના મૂલ્યે ગ્રહણ નહિં કરું. ત્યારે પલ્યપદ્રનો મહાજનસંઘ બોલ્યો કે—આનું આપના મોઢે જ મૂલ્ય બોલો. આપ જે બોલો એ અમારે કબૂલ છે.

આ સાંભળીને ભીમદેવરાજાએ કીધું. 'આ દાગીનાની કિંમત બદલે ત્રણ લાખ દ્રમ્મ=સોના મહોરો લઈ જાવ.' અને તૂરતજ ભાંડાગારિકને ઓર્ડર કર્યો કે—ત્રણ લાખ સોના મહોર આપી દો. અને ત્રણ લાખ સોના મહોરોના પુસ્તકો લખાવીને આચાર્ય મ. ને આપ્યા. ૨૫ ત્યારબાદ જે પાટણના જ્ઞાન ભંડારમાં—તામ્રલીપી જ્ઞાનભંડારમાં, આશાપલ્લીના જ્ઞાન ભંડારમાં અને ધોળકાના જ્ઞાન ભંડારોમાં મૂકવા માટે શ્રાવકોએ આગમની પ્રતોની વૃત્તિની વિશદવાસનાવાળા ચોરાશી—લક્ષ્મીવંત શેઠીયાઓએ પોતાના ખર્ચે અગીયાર અંગોની વૃત્તિના પુસ્તકો લખાવીને આચાર્ય મહારાજને ભેટ આપ્યા. ૨૭ આ પ્રમાણે સુધર્મા સ્વામીએ ઉપદેશેલાં ઈષ્ટ તત્વરૂપી તાળાની કૂંચીના સ્થાન જેવી અભયદેવસૂરિજીમહારાજે કરેલી નવ અંગની વૃત્તિઓ=ટીકાઓ દુનિયાભરમાં ફેલાઈ. ૨૮

ત્યારપછી સિદ્ધાંતની ઉપાસના કરવાના લક્ષણ સ્થાનને વિષે જ મૂર્ચ્છાપણું છે જેનું એવા અભયદેવસૂરિમહારાજ, સંયમ યાત્રાવડે કરીને ધોલકા આવ્યા. હવે આયંબીલના ઉગ્રતપવડે કરીને અને રાત્રિમાં અત્યંત જાગવા વડે કરીને તથા ખૂબજ પ્રયાસ પડવાના કારણે કરીને દુઃખે કરીને દૂર થઈ શકે એવો રક્તદોષ—લોહી વિકારનો દોષ આચાર્ય મ. શ્રી અભયદેવસૂરિ મ. ને થયો. ૩૦ આથી અભયદેવસૂરિ પ્રત્યે ઈર્ષ્યાળુ એવા લોકો બોલવા લાગ્યા કે—'વૃત્તિકારની ઉત્સૂત્ર દેશનાવડે કરીને કોપાયમાન થયેલા શાસનદેવોએ કોઢ કર્યો.' ૩૧ આ વાત સાંભળી શોકથી વ્યાપ્ત થયેલા એવા પોતાના

અંતિમકાલના અભિલાષી એવા અભયદેવસૂરિ મહારાજ થયા, તેથી રાત્રિને વિષે ધરણેન્દ્ર નાગરાજનું ધ્યાન ધર્યું. અને થોડા કાલમાં જ સ્વપ્નની અંદર સત્ત્વરૂપી કસોટીના પત્થર સદૃશ એવાં અભયદેવસૂરિમહારાજે કાળો એવો સર્પ પોતાના દેહને ચાટી રહ્યો છે એવું જોયું એટલે આ સ્વપ્નના ફળાદેશરૂપે તારણ એ કાઢ્યું કે 'કાલરૂપી કાલા સર્પે શરીર ચાટ્યું. એનાવડે કરીને હું ક્ષીણ આયુષ્યવાળો છું. એથી કરીને મારે હવે સમાધિમાં સ્થિર થવું.' ૩૪ એ વિચારતાં અભયદેવસૂરિને બીજે દિવસે રાત્રિમાં સ્વપ્નમાં ધરણેન્દ્ર નાગરાજે આવીને કહ્યું કે મારાવડે કરીને ચટાઈને તમારો રોગ હરી લેવાયો છે. આ સાંભળીને ગુરુમહારાજ બોલ્યા 'મને મૃત્યુની બીક કે રોગની કોઈપણ જાતની પીડા નથી; પરંતુ જેવું તેવું બોલવાવાળા પિશૂન લોકોનું વચન તે જ દુઃખ છે.' મને સહન થતું નથી. જે ૩૬ આ સાંભળીને ધરણેન્દ્રનાગરાજે કહ્યું કે તમારે અધૃતિ કરવાની જરૂર નથી. અને દીનતાપણું છોડી દઈને જિનેશ્વર પ્રભુને પ્રગટ કરવા આદિ પૂર્વક જૈનશાસનની એક પ્રભાવના આજે જ કરો. ૩૭ કાંતિ નગરનો રહેવાસી એવો ધનપતિ શ્રાવક છે, તે સમુદ્રમાં જતા છતાં તેના અધિષ્ઠાયક દેવતાએ તે વહાણ થંભાવ્યું હતું અને ત્યાં વ્યંતરની પૂજા કર્યા પછી એ વ્યંતરના ઉપદેશવડે કરીને જે જગ્યાએ વહાણ થંભાવ્યું હતું ત્યાંથી ત્રણ પ્રતિમાઓ બહાર કાઢી. અને તેમાંની એક પ્રતિમા **ચારૂપતીર્થ**માં પ્રતિષ્ઠિત કરી. અને બીજી પાટણની અંદર ચિંચાતરુ એટલે આંબલીના ઝાડના મૂલમાં અરિષ્ટ નેમિ ભગવાનનો જે પ્રાસાદ છે તે પ્રાસાદની અંદર પ્રતિષ્ઠા કરી. અને ત્રીજી પ્રતિમા સ્તંભન ગામમાં સેઢીકા નદીના કીનારે વૃક્ષના જાળાથી વ્યાપ્ત એવી ભૂમિમાં છૂપાવેલી છે. તે અપ્રતિમ=અજોડ એવી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા તમે પ્રગટ કરો. અને એથી કરીને ત્યાં મહાતીર્થ થશે. ૪૩

પૂર્વકાલમાં બુદ્ધિનો નિધાન એવો અને વિદ્યાસિદ્ધ તથા રસસિદ્ધ કરનાર **નાગાર્જુને** આ ભૂમિની અંદર રહેલા બિંબના પ્રભાવે કરીને રસનું સ્તંભન કર્યું હતું. અને એ રસનું સ્તંભન થવાથી તેણે **સ્તંભન** નામનું ગામ વસાવ્યું. અને તેથી કરીને પુણ્યથી ભૂષિત એવી તમારી કીર્તિ પણ શાશ્વતી થશે. ૪૫ તે સ્થળ બતાવવાને માટે બીજાઓની આંખે નહિં દેખાય એવી શાસનદેવી, ડોશીના રૂપે તમને માર્ગદર્શક થશે અને એ ડોશીની આગળ ક્ષેત્રપાલ, શ્વાનના રૂપે ચાલતો હશે. ૪૬ આમ કહીને ધરણેન્દ્ર અદૃશ્ય થઈ ગયા. અને ત્યાર પછી પ્રમોદથી વ્યાપ્ત થયેલા એવા આચાર્ય મહારાજે રાત્રિમાં બનેલો અદ્‌ભૂત વૃત્તાંત શ્રીસંઘને જણાવ્યો. ત્યાર પછી હર્ષોન્માદિત થયેલા સંઘના ભાઈઓએ એ ગામે જવાને માટે ૯૦૦—ગાડાઓ સાથે યાત્રા શરુ કરી. આગળ ડોશી અને પાછળ કૂતરો છે તે બન્નેના પગલે શ્રાવક સંઘસહિત આચાર્ય મહારાજ ચાલે છે વાડ અને કાંટાના રસ્તે. ધીમે ધીમે પ્રયાણ કરતા સંઘનો સમૂહ, ત્યાં સેઢી નદીના કિનારે આવ્યો. ત્યાં સુધી ડોશી અને કૂતરો સાથે રહ્યા. જાળા સુધી આવ્યા અને બન્ને અલોપ થઈ ગયા. ૫૦

આ નિશાનીથી ત્યાં સંઘે પડાવ નાંખ્યો. ત્યાર પછી પૂજ્ય ગુરુવર્યોએ ત્યાંના ગોવાળીયાઓને પૂછ્યું. 'આ ઝાડીમાં કંઈ છે?' ત્યારે એક જણાએ કીધું કે 'હે ભગવાન્! સાંભળો. આ બાજુમાં **મહીલણ** નામનું ગામ છે. તેનો મુખી પટેલ છે. તેની એક કાળી ગાય છે. તે અહિંયા આવીને ચારે આંચળથી દૂધની ધાર કરે છે. અને ખાલીખમ આંચળવાલી ઘરે જાય ત્યારે તેને અતિ દોહવાથી

મુશીબતે થોડુંક દૂધ આપે છે. તેનું કારણ ખબર પડતી નથી. પછી એ ગોવાળીયાઓએ પડેલું તાજું દૂધ બતાવ્યું.' તે દૂધવાળી જગ્યાની નજીકમાં જઈને શ્રીઅભયદેવસૂરિમહારાજે બેસીને પ્રાકૃત એવા વસ્તુછેદ–દોધકવડે કરીને પાર્શ્વનાથ પ્રભુનું **જયતિહુઅણ** આદિ ૩૨ ગાથાનું સ્તોત્ર નાસિકાના અગ્ર ભાગપર દૃષ્ટિ સ્થાપન કરીને બોલે છે. અને તેથી એ સ્તોત્રના પ્રતિવસ્તુરૂપે તેજવાળું પાર્શ્વનાથ પ્રભુનું બિંબ ધીમે ધીમે પ્રગટ થયું. ૫૬

સંઘ સહિત એવા આચાર્ય મહારાજે તરતજ પ્રણામ કર્યા. ને શરીરમાંથી બધો જ રોગ ગયો અને આચાર્યમહારાજની કાયા સુવર્ણ વર્ણવાલી બની ગઈ. ૫૭ અને ત્યાર પછી સુગંધી એવા પાણીવડે સ્નાન કરાવીને=પ્રક્ષાલ કરીને કપૂર આદિના વિલેપનવડે વિલેપન કરીને અને સારા મનવાળા એવા શ્રાવકોએ પુષ્પોવડે પૂજા કરી. અને તેની ઉપર ચંદરવા વડે સારી છાયા કરીને અવારિત એવી દાનશાળા ચાલુ કરી. અને સંઘ જમ્યો. અને આજુબાજુના લોકોને પણ રોકટોક વગર સારી રીતે જમાડ્યા. અને ત્યાર પછી શ્રાવકોએ મંદિર બંધાવવાને માટે પૈસા એકઠાં કરવા માંડ્યા. અને વગર તકલીફે ૧-લાખ રૂપીયા થઈ ગયા!

અને ગામ લોકોએ જગ્યા આપી. ૬૦ અને શ્રાવકોએ **મહીકાપુર**નગરમાં રહેવાવાળા અને બુદ્ધિના નિધાન એવા મલ્લવાદીના **અગ્રેશ્વર** નામના શિષ્યને બોલાવ્યા. અને એમનું સન્માન કરીને શિલ્પના કાર્યમાં નિપુણ એવા તેમને પ્રાસાદ નિર્માણના કામમાં યોજયા. અને પ્રાસાદનો આરંભ થયો. નોકરોના અધિપતિને આજીવિકામાં દરરોજ એક દ્રમ આપવાનો એક તોલો ઘી અને એક માણું ચોખા એટલું આપવાનું અને તે આપેલામાંથી વાપરતાં બચેલી વસ્તુના દ્રવ્યવડે કરીને એ સોમપુરાએ બનાવેલી દેરી અત્યારે પણ દેખાય છે. ૬૪

અને શુભ મુહૂર્તે અભયદેવસૂરિમહારાજે નવીનમંદિરમાં **શ્રીસ્તંભન પાર્શ્વનાથ પ્રભુની** પ્રતિષ્ઠા કરી. અને તે જ રાત્રિને વિષે ધરણેન્દ્ર નાગરાજે આવીને અભયદેવસૂરિમહારાજને આ પ્રમાણે કહ્યું. 'હે પૂજ્યવર! મારી વાણીવડે કરીને આપના આ સ્તવનમાંથી બે વસ્તુઓ ગોપવી દ્યો. કારણ કે હવે પુણ્યરહિતના આત્માઓ માટે મારે કેટલી વખત પ્રગટ થવું?' અને તેથી કરીને ધરણેન્દ્ર નાગરાજની વિનંતિથી આજે પણ ૩૦ ત્રીશ ગાથા પ્રમાણનું સ્તોત્ર વિદ્યમાન છે. અને એ ત્રીશ ગાથાવાળું જે સ્તોત્ર પુણ્યશાલીઓ વડે ભણાયે છતે ક્ષુદ્ર ઉપદ્રવોનું નાશ કરનારું બને છે. અને ત્યારથી માંડીને આજસુધી તે સ્તંભન પાર્શ્વનાથ તીર્થ, મનોવાંચ્છિત પૂર્ણ કરનારું અને રોગ–શોક આદિ દુઃખોરૂપી દાવાનલને વિષે મેઘ સમાન બનવા પામ્યું છે. ૧૬૮

અને અત્યારે સાંપ્રતકાલે પણ શ્રીપાર્શ્વનાથ ભગવાનના જન્મ કલ્યાણકમહોત્સવના દિવસે (પોષવદ–૧૦—માગશરવદ–૧૦ ના જન્મકલ્યાણકના ઓચ્છવમાં) સ્નાત્રજલનો પહેલો કળશ ધોળકાના જ શ્રાવકો કરે છે. ૬૯ એમ ઇતિહાસ દ્વારા સંભળાય છે. તેમજ પૂર્વ પુરુષો દ્વારા સંભળાય છે કે ભગવંતની જે પલાંઠીની પાટલી છે તેના પાછલના ભાગમાં શિલાલેખ કોતરાયો છે. તે શિલાલેખમાં જે અક્ષરો છે તે આ પ્રમાણે છે.

''શ્રી નમિનાથપ્રભુના તીર્થમાં ગૌડદેશના આષાઢ શ્રાવકે બાવીસોને બાવીશ–(૨૨૨૨)ના વર્ષમાં ત્રણ પ્રતિમાઓ ભરાવી'' ૭૧

હવે જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરસૂરિ લાંબાકાળનું આયુષ્ય પરિપાલન કરીને સંન્યાસ=અનશન દ્વારા સ્વર્ગે સિધાવ્યા. ત્યાર પછી અભદેવસૂરિ મહારાજ પણ શાસનની પ્રભાવના કરવાપૂર્વક કર્ણરાજાના રાજયથી સુશોભિત એવા પાટણનગર અંદર ધરણેન્દ્ર નાગરાજથી સેવાતાં એવા અભયદેવસૂરિમહારાજ, ધિક્કારી છે અપરવાસનાઓને જેમણે અને ધર્મધ્યાનમાં જ જોડેલી છે બુદ્ધિ જેમણે એવા તેમજ યોગ (યોગનો) નિરોધ કર્યો છે જેમણે એવા અભયદેવસૂરિમહારાજ દેવલોક સિધાવ્યા. ૧૭૪

આ પ્રમાણે સજજનોને વિષે પૂજય એવા અભયદેવસૂરિ મ. નો આવા પ્રકારનો કલ્યાણના એક નિકેતન–ઘર સમાન એવો અને કલિકાલરૂપી પર્વત, તેને તોડી નાંખવામાં વ્રજસમાન અને દુર્ધર એવા કુવાદીઓના વચનોથી ફેલાયેલો જે અંધકાર તેને નાશ કરવામાં સૂર્યોદય સમાન, તેમજ કલ્યાણની લક્ષ્મીના સ્થાનભૂત એવો આ વૃત્તાંત અનંત બ્રહ્માના સંવતો–વર્ષો સુધી ઉદય અને કલ્યાણ કરનાર થાવ. ૭૫

શ્રી ચંદ્રપ્રભુસૂરિની પાટરૂપી સરોવરને વિષે હંસ સમાન અને શ્રીરામ અને લક્ષ્મીથી ઉત્પન્ન થયેલા એવા પ્રભાચંદ્રસૂરિએ ચિત્તમાં આ વૃત્તાંતને ધારણ કરીને પૂર્વઋષિના ચરિત્રરૂપી જે રોહણાચલ પર્વતના શિખરને વિષે મહાચંદ્રપ્રભા જેવો અભયદેવસૂરિ ગુરુ મહારાજનો વૃત્તાંત પ્રદ્યુમ્નસૂરિ દ્વારા શોધાયેલો હતો તે પૂર્ણ થયો.''

**वरकरणबन्धुजीवक – नृतिलकनालीकरूपविजस्य ।**
**श्रीप्रद्युम्नसुजातेः सुमनश्चित्रं न बकुलश्रीः ॥७७॥**

પ્રદ્યુમ્નસૂરિથી ઉત્પન્ન થયેલી વેલડીના ફુલો...શ્રેષ્ઠ કરણ (કરેણ), બપોરીયા, નૃતિલક અને નાલીકાના રૂપને જીતનાર એવા શ્રીપ્રદ્યુમ્ન સુજાતિથી ઉત્પન્ન થએલ સુમનઃ બકુલશ્રી નહિ. (?) ॥૭૭॥

એ પ્રમાણે પ્રભાચંદ્રસૂરિએ કરેલા પ્રભાવક ચરિત્રમાં શ્રી અભયદેવસૂરિનો પ્રબંધ પૂરો થયો.

## ઈતિ અભયદેવસૂરિ વૃતમ્

હવે આ અધિકારમાં જેમણે સારી રીતે ચૈત્યવાસનો ત્યાગ કરેલો છે એવા શ્રી વર્ધમાનસૂરિજી–એ કૃષ્ણ બ્રાહ્મણના શ્રીધર અને શ્રીપતિ નામના બે પુત્રોને દીક્ષા આપી. ક્રમે કરીને બહુશ્રુત થયેલા તે બન્ને જણને શ્રી જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરસૂરિ નામના આચાર્ય બનાવ્યા. પછી બન્ને ગુરુઆજ્ઞાએ વસતિવાસ છૂટો કરવા માટે પાટણમાં આવ્યા. અને પાટણ નગરની અંદર ચૈત્યવાસીઓ દ્વારા વસતિ નહિં મેળવતા એવા તે બન્ને જણાં, રાજમાન્ય પુરોહિતના ઘરે જઈને તેની સામે ચૈત્યવાસીનો બન્નેએ

વ્યતિકર કહ્યો. પુરોહિત પણ ગુણોના પાત્ર એવા બન્ને મુનિઓને જોઈને પોતાના ઘરે જ રાખ્યા. અને ત્યારબાદ રાજાની પાસે જઈને ચૈત્યવાસીનો વૃત્તાંત અને આ બન્ને મુનિઓનું સ્વરૂપ યથાસ્થિત જણાવ્યું.

અને ચૈત્યવાસીઓની આજ્ઞાનું પાલન કરનારા રાજાએ ચૈત્યવાસીઓને વિનયપૂર્વક જણાવ્યું કે 'મારા આગ્રહવડે કરીને આ બન્નેને રહેવા માટે આજ્ઞા આપો. ચૈત્યવાસીઓએ રાજાને આજ્ઞા આપી. અને બન્ને જણાં વસતિવાસવડે કરીને ત્યાં રહ્યાં. ત્યાર પછી કેટલોક કાલ ગયા બાદ ધારા નગરીમાં ફરી આવ્યા. ત્યાં મોટો શેઠીયો જે મહીધર અને તેની પત્ની ધનદેવી તેનો પુત્ર બાલ બ્રહ્મચારી અને જેને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે એવા અભયદેવકુમારને દીક્ષા આપી. તે પણ બહુશ્રુત થયો ત્યારે શ્રીવર્ધમાનસૂરિના વચનવડે કરીને શ્રીજિનેશ્વરસૂરિએ વૈરાગ્યનિધિ અભયકુમાર મુનિને આચાર્યપદે સ્થાપ્યા.

અને તે અભયદેવસૂરિએ શાસનદેવીની પ્રેરણાથી નવાંગી ટીકા બનાવી અને એ નવાંગી ટીકા બનાવવા કાર્યમાં ઉદ્યત એવા શ્રીઅભયદેવસૂરિજીને આયંબીલના તપવડે કરીને, રાત્રિમાં જાગવાવડે કરીને અને લખવા આદિના અતિ પ્રયાસવડે કરીને શરીરમાં રક્તદોષ–લોહી વિકાર (કોઢ) ઉત્પન્ન થયો. આ રોગ ઉત્પન્ન થયેલો જોઈને ઈર્ષ્યાળુઓ વડે કરીને એવી વાત ફેલાવડાવી કે 'આ ઉત્સૂત્ર પ્રરુપણા કરી તેના ફળ સ્વરૂપે આચાર્ય મહારાજના શરીરે કોઢ રોગની ઉત્પત્તિ થઈ છે' એવા પ્રકારની પોતાનાથી થતી અપભ્રાજના જાણીને ખિન્ન થયેલા આચાર્ય મહારાજે શાસનસૂરિને જણાવ્યું. અને શાસનસૂરીએ પણ શ્રીસ્તંભન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પ્રગટ કરવાના ઉપાય દ્વારાએ તે કોઢ રોગની ઉપશાંતિનો ઉપાય બતાવ્યો. અને આચાર્ય મહારાજે પણ તે પ્રમાણે કરવાવડે કરીને જેમનો રક્તદોષ (કોઢ) શાંત થયો છે એવા આચાર્ય મહારાજે કેટલોક કાલ પ્રવચનની પ્રભાવના કરીને શુભ ધ્યાનમાં તત્પર થયેલા અનશન કરવાપૂર્વક દેવલોકને સાધ્યો. એ પ્રમાણે અભયદેવસૂરિનો સમુદાયાર્થ પૂરો થયો.''

હવે આ ચરિત્રમાં 'દુર્લભરાજાની સભામાં શ્રી જિનેશ્વરસૂરિનું ગમન પણ થયું નથી. અને જયારે ગમન થયું જ નથી તો ચૈત્યવાસીઓની સાથે તેની સભામાં વાદવિવાદ ક્યાંથી ઊભો થયો? અને જયારે વાદવિવાદ ઊભો નથી થયો ત્યારે વાંઝણીના છોકરા જેવો 'ખરતર' બિરુદની પ્રાપ્તિની વાત સંભવે ક્યાંથી?'!! એમ નહિં કહેવું કે આ સંબંધ પ્રભાવક ચરિત્રમાં જ મલે છે. બીજે કોઈ ઠેકાણે નહિં. કારણ કે બીજે બીજે સ્થલે પણ એવી રીતના અધિકારની પ્રાપ્તિ થતી હોવાથી. તે આ પ્રમાણે:—

**''तथाहि—वच्छा! गच्छह अणहिल्लपट्टणे संपयं जओ तत्थ। सुविहिअजइप्पवेसं चेइअमुणिणो निवारिंति॥१॥ सत्तीए बुद्धीए सुविहिअसाहूण तत्थ य पवेसो। कायव्वो तुम्ह समो अन्नो न हु अत्थि कोऽवि विऊ॥२॥ सीसे धरिऊण गुरूणमेयमाणं कमेण ते पत्ता। गुज्जरधरावयंसं अणहिल्लभिहाणयं नगरं॥३॥ गीअत्थमुणिसमेया भमिआ पइमंदिरं वसहिहेऊ। सा तत्थ नेव पत्ता गुरूण तो समरिअं वयणं॥४॥ तत्थ य दुल्लहराओ राया रायव्व सव्वकलकलिओ। तत्थ (स्स) पुरोहिअसारो सोमेसरनामओ आसी॥५॥ तस्स घरे**

संपन्ना (ते पत्ता) सोऽवि हु तणयाण वेअअज्झयणं। कारेमाणो दिट्ठो सिट्ठो सूरिप्पिहाणेहिं॥६॥ सुणु वक्खाणं वेअस्स एरिसं सारणीइ परिसुद्धं। सोऽवि सुणंतो उप्फुल्ललोअण्णो विम्हिओ जाओ॥७॥ किं बम्हा रूवजुयं काऊणं अत्तणा इह उइण्णो। इअ चिंतंतो विप्पो पयपउमं वंदई तेसिं॥८॥ सिवसासणस्स जिणसासणस्स सारकुखरे गहेऊणं। इअ आसीसा दिन्ना सूरिहिं सकज्जसिद्धिकए॥९॥ 'अपाणिपादो ह्ययमनो ग्रहीता, पश्यत्यचक्षुः स श्रृणोत्यकर्णः। स वेत्ति विश्वं नहि तस्य वेत्ता, शिवो ह्यरूपी स जिनोऽवताद्वः॥१०॥ तो विप्पो ते जंपइ चिट्ठह गुट्ठी तुमेहिं सह होइ। तुम्ह पसाया वेअत्थपारगा हुंति मे अ सुआ॥११॥ ठाणाभावा अम्हे चिट्ठामो कत्थ इत्थ तुह नयरे?। चेइअवासिअमुणिणो न दिंति सुविहिअजणे वसिऊं॥१२॥ तेणवि सचंदसाला उवरिं ठावित्तु सुद्धअसणेणं। पडिलाभिअ मज्झण्हे परिक्खिआ सव्वसत्थेसु॥१३॥ तत्तो चेइयवासिअमुंडा तत्थागया भणंति इमं। नीसरह नयरमज्झा चेइअवज्झा न इह ठंति॥१४॥ इअ वुत्तंतं सोउं रण्णो पुरओ पुरोहिओ भणइ। रायावि सयलचेइअवासीणं साहए पुरओ॥१५॥ जइ कोऽवि गुणड्ढाणं इमाण पुरओ विरूवयं भणिही। तं निअरज्जाउ फुडं नासिमि सकिमियभसणुव्व॥१६॥ रण्णो आएसेणं वसहिं लहिऊं ठिआ चउम्मासिं। तत्तो सुविहिअमुणिणो विहरंति जहिच्छिअं तत्थ॥१७॥ इत्यादिरुद्रपल्लीय-सङ्घतिलकसूरिकृतदर्शनसप्ततिकावृत्तौ, यद्यप्यत्रापि प्रभावकचरित्रेण सह भूयोऽसंगतं तथापि खरतरविरुद्धहेतुः खरतरविकल्पितश्चैत्यवासिभिः सह विवादस्तत्र नास्तीत्यत्रार्थे सम्मतमेवेति दर्शितं.

"હે વત્સો! તમે સાંપ્રતકાલે અણહિલપુર પત્તન તરફ જાવ. ત્યાં ચૈત્યવાસીના મુનિઓ દ્વારા સુવિહિત યતિઓનો પ્રવેશ નિવારાય છે. અને ત્યાં તમારે તમારી શક્તિ અને બુદ્ધિવડે કરીને સુવિહિત સાધુઓનો પ્રવેશ કરાવવો. તમારી સિવાય કોઈ એવો વિદ્વાન નથી કે આ કાર્ય કરી શકે" ગુરુ મહારાજની આ આજ્ઞાને મસ્તકે ચઢાવીને આ શિષ્યો ક્રમે કરીને ગુજરાતની ધરાના મુગટ સમાન એવા અણહિલપુર પાટણમાં આવ્યા. અને ગીતાર્થ મુનિઓની સાથે વસતિ માટે ઘરે ઘરે ફર્યા. પરંતુ કોઈ ઠેકાણે વસતિ મલી નહિં. ત્યારે ગુરુ મહારાજનું વચન યાદ આવ્યું.

તે પાટણ નગરની અંદર સર્વ કલાઓથી શોભતા ચંદ્રની જેવો **દુર્લભરાજ** નામનો રાજા છે. તેને સર્વ પુરોહિતમાં સારભૂત એવો **સોમેશ્વર** નામનો પુરોહિત હતો. તે સાધુઓ તેના ઘરે પહોંચ્યા તે વખતે તે પુત્રોને વેદનું અધ્યયન કરાવતા પુરોહિતને જોયો. ત્યારે સૂરીશ્વરોએ કહ્યું કે—વેદનું વ્યાખ્યાન આવી રીતની સારણીવડે કરીને શુદ્ધ થયેલ સાંભળો. વ્યાખ્યાન વિકસીત લોચનવાળો પુરોહિત પણ સાંભળતાં વિસ્મિત થયો. પુરોહિત વિચારવા લાગ્યો કે 'ખરેખર શું બ્રહ્મા પોતે જ બે રૂપ કરીને મારે ત્યાં આકાશમાંથી પધાર્યા?'

એમ ચિંતવતો તે પુરોહિત બ્રાહ્મણ બન્નેના ચરણકમલમાં પ્રણામ કરે છે. તે વખતે શિવશાસન અને જિનશાસનના સાર અક્ષરોને ગ્રહણ કરીને પોતાના કાર્યની સિદ્ધિ માટે બન્ને આચાર્યોએ આ પ્રમાણે આશીર્વાદ આપ્યો.

**'अपाणिपादो ह्ययमनो ग्रहीता, पश्यत्यचक्षुः स श्रृणोत्यकर्णः।**
**स वेत्ति विश्वं न हि तस्य वेत्ता, शिवो ह्यरूपी स जिनोऽवताद्वः॥१०॥**

જેમને હાથ–પગ નથી, મન નથી છતાં પણ બધું ગ્રહણ કરે છે. જેને આંખો નથી છતાં પણ બધું દેખે છે, જેને કાન નથી છતાં પણ બધું સાંભળે છે. જે આખી જગતને જાણે છે. પણ તેને જાણનારો કોઈ નથી. એવા શિવસ્વરૂપી અરૂપી જિનેશ્વર પ્રભુ તમારું રક્ષણ કરો.' ત્યારે આ આશીર્વાદ સાંભલ્યા બાદ પુરોહિત બ્રાહ્મણ કહે છે કે 'તમે અહિંયા રહો. તમારી સાથે અમારી ગોષ્ઠી થાય. અને તમારી મહેરબાનીથી મારા પુત્રો વેદના અર્થના પારગામી થાય.' ત્યારે આચાર્ય મહારાજ 'બોલ્યા કે તમે રહો કહો છો પણ તમારા આ નગરની અંદર ચૈત્યવાસી મુનિઓ સુવિહિત સાધુઓને રહેવા માટે સ્થાન આપતાં નથી. તો સ્થાનના અભાવે અમે ક્યાં રહીએ?' ત્યારે તે પુરોહિતે પોતાની જે ચંદ્રશાલા છે તેના ઉપરના ભાગમાં તેઓની સ્થાપના કરીને શુદ્ધ અશન આદિ વડે કરીને પડિલાભ્યા. અને મધ્યાહ્નકાલે સર્વશાસ્ત્રોને વિષે પરીક્ષિત કર્યા. ત્યાર પછી ચૈત્યવાસી સાધુઓ ત્યાં આવ્યા. અને આ સાધુઓને કહે છે. 'આ નગરમાંથી બહાર નીકળી જાવ. ચૈત્યવાસીથી બાહ્યને આ નગરમાં સ્થાન નથી.' આ વૃત્તાંત સાંભળીને પુરોહિતે રાજાને જણાવ્યો. રાજા પણ ચૈત્યવાસીઓની આગળ આ પ્રમાણે કહે છે કે– 'જો ગુણથી ભરપૂર એવા આ લોકોની સામે જે કોઈ વિરુદ્ધ કરશે કે બોલશે. તો તેને મારા રાજ્યમાંથી કીડા પડેલા કૂતરાની જેમ કાઢી મૂકીશ.' રાજાના આદેશથી વસતિને પામીને ત્યાં આ સાધુઓ ચોમાસું રહ્યા. ત્યાર બાદ યથેચ્છ રીતે સુવિહિત મુનિઓ તે નગરમાં વિચરે છે'' **આ પ્રમાણે રુદ્રપલ્લીયગચ્છના સંઘતિલક સૂરિએ કરેલી દર્શન સપ્તતિકાની વૃત્તિમાં જણાવેલ છે.**

જો કે આ અધિકારમાં પ્રભાવક ચરિત્રની સાથે ઘણું બધું અસંગત છે, તો પણ **ખરતર** બિરુદનું કારણ એવું જે ખરતરોએ વિકલ્પેલ ચૈત્યવાસીઓની સાથેનો વાદ' આ પાઠમાં પણ નથી. એટલા પુરતો જ આ દર્શન સપ્તતિકાનો વૃત્તાંત આપણે સંમત છે. વળી જે ગણધર સાર્ધશતકની બૃહદ્વૃત્તિમાં જે વિવાદ આલેખાયેલો છે તે ખરતર મતના સૂત્રધાર એવા જિનપતિસૂરિએ વાતની સંગતિ મેળવવાનો માટે કલ્પેલો છે. સુમતિ નામના તેમના જ શિષ્યે પણ તે જ લખેલો છે માટે અકિંચિત્કર માનીને ત્યાં જોઈ લેવો. કારણ કે 'નહિં બનેલું હોવા છતાં પણ જાણે પૂર્વકાલમાં બનેલું હોય તેમ.' લખેલું છે. અને તે અધિકારમાં બીજા બીજા પણ અસંબદ્ધ વાક્યો ઘણાં છે. તેમાં નહિં બનેલાપણું એ છે કે જે વાત પ્રભાવક ચરિત્રમાં લખી નથી. છતાં પણ તેમાં લખી છે એમ લખી નાંખ્યું. અને અન્યોન્ય અસંબદ્ધવાતોનું વિદ્યમાનપણું જણાવ્યું છે તે આ પ્રમાણે :—ગણધર સાર્ધશતક બૃહદ્વૃત્તિમાં લખ્યું છે કે :—''પોતાની સાથે પંડિત જિનેશ્વરસૂરિ વગેરે અઢાર સાધુઓની સાથે શ્રીવર્ધમાનસૂરિ પાટણમાં આવ્યા'' ઇત્યાદિ કહ્યું છે તેની વિચારણા કરતાં છતાં તે ખરતરોને પણ સંમત થઈ શકે એમ નથી. કારણ કે એમના લખવા મુજબ જે ''ખરતર'' બિરુદ પ્રાપ્ત થયું છે તે શ્રીવર્ધમાનસૂરિને જ થવું જોઈએ. બીજાને નહિં. એના બદલે 'જિનેશ્વરસૂરિને ખરતર બિરુદ મલ્યું.' એમ લખ્યું છે તે અસંગત છે. વળી તે વૃત્તિમાં ચૈત્યવાસીના મુખ્ય આચાર્ય સૂરાચાર્ય જણાવેલ છે. આ સૂરાચાર્ય દ્રોણાચાર્યના ભાણેજ છે. અને તે સૂરાચાર્યની તે વખતે–દીક્ષા જ થઈ નથી. પછી શિષ્ય ક્યાંથી? એ મોટી અસંગતિ, પોતાની બુદ્ધિએ જ વિચારી લેવી અને તે ચૈત્યવાસીનો મુખ્ય ક્યાંથી થયો? અને તેથી કરીને પ્રભાવકચરિત્રને અસંગત એવું જે ગણધર સાર્ધશતક બૃહદ્વૃત્તિમાં લખેલ છે તે બધુંજ જિનપતિસૂરિ કલ્પિત જાણવું.

વળી બીજી એક મોટા આશ્ચર્યની વાત એ છે કે ગણધર સાર્ધશતક બૃહદ્વૃત્તિની અંદર જિનેશ્વરસૂરિના વર્ણનમાં ફેંકી દેવાલાયક=ફાસફૂસ એવા અનેક વાક્યો લખ્યા છે. પરંતુ 'ખરતર બિરુદ' કેમ નથી લખ્યું? વળી–''રાજા તો ન્યાયવાદી છે તેથી જ્યાં સુધીમાં કાંઈ બોલતો નથી'' એવું જિનેશ્વરસૂરિના વર્ણનમાં લખ્યું છે તો પછી રાજાએ 'ખરતર બિરુદ' આપ્યાની વાત ક્યાંથી સંભવે? કારણ કે મૌન રહે છતે બિરુદ દેવા આદિની વાતનો જ સંભવ નથી. અને એથી કરીને ગણધર સાર્ધશતક બૃહદ્વૃત્તિ રચનાકાલે બહુલતાએ કરીને ખરતર નામની પ્રસિદ્ધિ જ નહોતી. પરંતુ જિનેશ્વરસૂરિના મુખથી

વિધિસંઘ–વિધિસમુદાય–વિધિકર્મ–ઈત્યાદિ અને લોકમુખથી ઔષ્ટ્રિક (નામ) પ્રસિદ્ધ છે. એથી જ કરીને જિનદત્તનો શિષ્ય જિનચંદ્ર અને તેનો શિષ્ય જિનપતિ. તેમને અને તે જિનપતિથી પ્રતિબોધિત થયેલા ષષ્ઠીશતક પ્રકરણના કરનાર નેમિચંદ્ર ભંડારી વડે જિનવલ્લભના જ ગુણાનુરાગવડે કરીને જિનવલ્લભની સ્તુતિ કરતાં કોઈપણ ઠેકાણે ''ખરતર ગચ્છ'' લખ્યું નથી. પરંતુ ''શ્રી વીરજિનેશ્વર ભગવાનના ચરણ કમલને તથા ગણધર ગૌતમ સ્વામીને પ્રણામ કરીને'' ઇત્યાદિ ખરતરમાં પ્રસિદ્ધ એવા જિનવલ્લભના વર્ણનમાં **'વિધિ સમુદાય જયવંતો વર્તો'** ઇત્યાદિ જણાવ્યું છે અને એ પ્રમાણે તેના પક્ષના જે જિનમંદિરો છે તેમાં કોઈ કોઈ પ્રશસ્તિ આદિમાં **'વિધિપક્ષ'** એવું લખેલું પણ દેખાય છે. લોકોક્તિવડે કરીને **ઔષ્ટ્રિક** શબ્દની પ્રવૃત્તિ થઈ હતી. તેમજ આંચલીયાની બનાવેલી શતપદી ગ્રંથમાં હું **नंदेन्द्रि य०** ઇત્યાદિ પુરાતન કાવ્યની અંદર જે ખરતરનો અધિકાર છે ત્યાં પણ **'ઔષ્ટ્રિક'** નામવડે જ વાત ચાલે છે.

વળી ખરતરની પટ્ટાવલીમાં જેવી રીતે 'ખરતર બિરુદ' લખ્યું છે. તેવી રીતની વાત સભામાં બોલવી પણ અયુક્ત છે. તે આ પ્રમાણ ''સંવત–૧૦૨૪–વર્ષે અણહિલપુર પાટણમાં દુર્લભરાજની રાજસભા સમક્ષ સરસ્વતિ ભંડાગારમાંથી લાવેલા દશવૈકાલિકપુસ્તક વાંચવાની પ્રતિજ્ઞા વડે કરીને મેળવેલું છે. આત્મલઘુપણું જેમણે એવા વાદવિવાદના અંતરાલમાં પત્ર=પાના ચોરતાં ચોરતાં એવા ચૈત્યવાસીઓની સાથે તેનો ન્યાય કરવાવડે કરીને મેળવેલું ગુરુપણું જેમણે રાજલોક જાગતો હોવા છતાં પણ 'અહો! ચોરી કરે છે. એ પ્રમાણે બોલતાં અહો! આ ખરતરો છે એમ પ્રશંસાથી પ્રાપ્ત કરેલું ખરતર બિરુદ જેમણે'' એ પ્રમાણે જિનેશ્વરસૂરિને લઘુપણું પમાડતું તે તેમાં લખાણ છે. તે સંભવતું નથી. પરંતુ પૂર્વે જણાવી ગયેલા પ્રકારવડે કરીને તે ખરતર બિરુદ જિનદત્તવડે કરીને જ પ્રગટ કરાયું છે. અને તે તેને જ શોભતું છે. કારણ કે બાલ્યકાળથી માંડીને જ તેવા પ્રકારની (કર્કશ) વાણીનો વિલાસ કરવાનું સર્વજન પ્રતીત હોવાથી. 'સર્વથા નહિં બનેલું એવું ખોટું જ લખાણ પટ્ટાવલીની અંદર કેવી રીતે લખી શકાય?' એવી શંકાને કોઈ સ્થાન નથી. **કારણ કે તેઓને તેવા પ્રકારનું લખવામાં ભયનો અભાવ છે.** જો એમ ન હોય તો તેમના કહેવા પ્રમાણે 'જિનેશ્વરસૂરિથી જ ખરતર બિરુદ થયું છે.' એ પ્રમાણે ખરતરો બોલતાં હોવા છતાં પણ ખરતર ગચ્છમાં ઉદ્યોતનસૂરિ ઈત્યાદિ પોતાની જ વાતથી વિરુદ્ધ એવું વચન જેસલમેરના પ્રાસાદનાં શિલાલેખમાં કોતરાવીને લખાવી નાંખ્યું છે. ત્યાનો શિલાલેખ આ પ્રમાણે ''શ્રીમહાવીરસ્વામીના તીર્થમાં શ્રીસુધર્માસ્વામીની પાટપરંપરાએ શ્રી ખરતર-

ગચ્છમાં શ્રીઉદ્યોતનસૂરિ, શ્રીવર્ધમાનસૂરિ, શ્રીજિનેશ્વરસૂરિ, શ્રીજિનચંદ્રસૂરિ, શ્રીઅભયદેવસૂરિ, શ્રીજિન-વલ્લભસૂરિ, શ્રીજિનદત્તસૂરિ, શ્રીજિનચંદ્રસૂરિ, શ્રીજિનપતિસૂરિ, શ્રીજિનેશ્વરસૂરિ થયા. તેમની પાટના અલંકારભૂત એવા શ્રીજિનભદ્રસૂરિના રાજ્યમાં શ્રીજેસલમેર મહાદુર્ગને વિષે ચાચિગદેવ રાજાના રાજયમાં સંવત–૧૫૦૫–વર્ષે તપપટ્ટિકા કરાવી.''

તેવી જ રીતે બીજી પાટની અંદર લખેલું છે કે ''આ બાજુ ચંદ્રકુલને વિષે શ્રીખરતરવિધિપક્ષમાં શ્રીવર્ધમાનસૂરિ નામના સૂરિરાજ થયા. જેમના વચનથી ક્રમે કરીને આબૂ પર્વતના શિખર પર મંત્રીશ્વર વિમલ મહામંત્રીએ ચૈત્ય બનાવ્યું.'' ઇત્યાદિ તથા ''પૃથ્વીપર ક્લેશ નાશક–એવું વીર પ્રભુનું શાસન જયવંતુ વર્તતે છતે. સુધર્માસ્વામીના સંતાનો અને ગણો હજારો છે. તેને વિષે કલ્યાણના ભાજન સમાન એવો ખરતરનો ગચ્છ છે. જે ગચ્છને વિષે પાપો નષ્ટ થઈ ગયા છે જેમના અને ગુણોથી યુક્ત એવા ગુરુઓ થયા. શ્રીઉદ્યોતનસૂરિ, વર્ધમાનસૂરિ, જિનેશ્વરસૂરિ, જિનચંદ્રસૂરિ અને નવાંગ વૃત્તિકાર અભયદેવસૂરિ થયા.'' ઇત્યાદિ શ્રી **આચારાંગ સૂત્રની દીપિકાની** પ્રશસ્તિની અંદર લખ્યું છે. આ બધાયમાં ઉદ્યોતનસૂરિ અને વર્ધમાનસૂરિને જે ખરતરગચ્છીય જણાવ્યા છે તે ખરતર ગચ્છવાલાઓને પણ સંમત નથી.

વળી અહિંયા બીજું પણ વિચારવા જેવું છે કે 'શ્રીઅભયદેવસૂરિ અને તેમના શિષ્ય વર્ધમાનસૂરિ આદિએ કરેલ નવાંગવૃત્તિ અને ઋષભદેવચરિત્રને વિષે શ્રીવર્ધમાનસૂરિથી જ પરંપરા કહેલી છે. અને આમાં ઉદ્યોતનસૂરિના પટ્ટધરપણાવડે કરીને શ્રીવર્ધમાનસૂરિને જણાવ્યા છે. તેનું શું કારણ? અમે સમ્યગ્ જાણી શકતા નથી. કારણ કે ઉદ્યોતનસૂરિના શિષ્ય શ્રી વર્ધમાનસૂરિ છે જ નહિં; પરંતુ ચૈત્યવાસીના શિષ્ય છે. અને આચાર્ય બનીને જ ચારિત્ર આદિ ઉપસંપદા ગ્રહણ કરીને વિચરતાં હતાં. એ પ્રમાણે સ્થલે સ્થલે પ્રતિપાદન કરેલ છે. અને 'જેમણે ઉપસંપદા ગ્રહણ કરી હોય તે આત્મા, પોતાના કાર્યની સમાપ્તિ થયે છતે પાછો ફરનારો જ હોય.' અને તેથી ઉપસંપદા પ્રાપ્ત આત્માને 'દિગ્બંધ આદિનો સંભવ નથી. અને દિગ્બંધનો સંભવ ન હોય તો માંડલી આદિનો સંભોગ ન હોય. અને માંડલી આદિનો સંભોગ ન હોય તો પટ્ટધરપણું ક્યાંથી આવે?' ઇત્યાદિ બધું આગળ બતાવેલું છે. અને આવું અનેક પ્રકારનું જુઠપુરાણ–ખરતરનું લખેલ સમ્યગ્દૃષ્ટિઓને માન્ય નથી. ॥ ગાથા-૪૪ ॥

હવે લોકોએ આપેલું છતાં પણ ખરતર નામ જિનદત્તવડે કરીને કેમ વિકલ્પાયું તે જણાવે છે

**खरयरनामं किरिआउग्गत्तणओत्ति चित्ततुट्ठीए ।**
**परिकप्पिअंति तदवच्चकप्पिअं तस्स मूलंपि ॥४५॥**

'ક્રિયાઓવડે કરીને અમારું ઉગ્રપણું છે, એથી કરીને અમે ખરતર.' એ પ્રમાણે મનના સંતોષ ખાતર જિનદત્તવડે કરીને કલ્પાયું છે. તે આ જિનદત્તવડે કલ્પાયેલ નામનું મૂલ પણ 'જિનેશ્વરસૂરિ' જિનપતિસૂરિ આદિવડે કરીને કલ્પાયા છે. જિનદત્તવડે કરીને ખરતર શબ્દનો 'ક્રિયા ઉગ્રત્વપણું' એ પ્રમાણે અર્થ કલ્પ્યો. અને તેના અપત્યોએ તે ખરતરબિરુદનું મૂલ 'જિનેશ્વરાચાર્ય' કલ્પ્યા. અને એ

જિનેશ્વરરેચાર્યને કલ્પવામાં મૂલ નિમિત્ત, 'ચૈત્યવાસી સાથેનો વિવાદને ઊભો કર્યો' ઇત્યાદિ કૃત્રિમ કલ્પના ઊભી કરી. ॥ ગાથાર્થ–૪૫ ॥

હવે આ પ્રમાણેની કલ્પના કરવામાં માણસોને વિશ્વાસ કેમ બેસે? એમ વિચારીને જે કાંઈ કર્યું છે અને જે કાંઈ કરે છે. તે બતાવે છે.

**जेणं जिणदत्तमए, पुराणपाढाणमण्णहाकरणे ।**
**परलोअ भयाभीआ, अज्ञवि दीसंति वेसहरा ॥४६॥**

જિનદત્તના મતને વિષે પુરાતન એટલે પ્રાચીન એવા શાસ્ત્રપાઠોની પરાવૃત્તિ=પાઠફેરી કરવામાં પરલોક ભય એટલે નરક આદિમાં પડવાના ભયરહિત=નિષ્ઠુર એવા જિનદત્તના જે સાધ્વાભાસ સંતાનો આજે પણ દેખાય છે. કારણ કે સાંપ્રતકાલમાં તપાગચ્છીય શ્રી રત્નશેખરસૂરિએ બનાવેલ શ્રાવક પ્રતિક્રમણસૂત્રની વૃત્તિમાં "અભયદેવસૂરિ" એ પ્રમાણે હતું ત્યાં 'ખરતર ધૂરીણ અભયદેવસૂરિ' એ પ્રમાણે પ્રક્ષિપ્ત કરીને લખી નાંખ્યુંઃ અને તે જેસલમેર નગરને વિષે પોતાના મોઢેજ એ વાત સ્વીકારવી પડી છે. પ્રાચીન પાઠ પરાવૃત્તિ કરવામાં (બદલી નાંખવામાં) નિર્ભય એવા ખરતરોએ હવે પછી શું કર્યું.? તે જણાવે છે.

**तेण महावीरचरिअप्पसत्थिपमुहेसु निम्मलापमुहं ।**
**चइऊण खरयरित्तिअ लिहिअं लेहाविअं च तहिं ॥४७॥**

જે કારણવડે કરીને જિનદત્તના સંતાનીયાઓ, પરલોકના ભયથી નિર્ભય બની ગયા છે તે કારણથી ગુણચંદ્રગણિકૃત મહાવીરચરિત્રની પ્રશસ્તિ આદિમાં "**निम्मला**" આદિ શબ્દોને છોડી દઈને એટલે કે તે શબ્દોપર હરતાલ લગાડીને **खरयर** લખી નાંખ્યું છે. તે કેવી રીતે? તે સાંભળો.

**"भवजलहिवायसंभंतभविअसंताणतारणसमत्थो ।**
**बोहित्थो व महत्थो सिरिसूरिजिणेसरो पढमो ॥१॥**

**गुरुसाराउ धवलाउ निम्मला साहु संतई जम्हा ।**
**हिमवंताओ गंगुव्व, निग्गया सयलजणपुज्ञा ॥२॥**

ભવરૂપી જે સમુદ્ર તેમાં પડવાથી સંભ્રાન્ત થઈ ગયેલા ભવ્ય પ્રાણીઓને તારવામાં સમર્થ મોટા વહાણ સરખા શ્રીજિનેશ્વરસૂરિ નામના આચાર્ય થયા. ઉજ્વલ એવા અને સારસ્વરૂપ એવા તે ગુરુથી **निम्मला** નિર્મલ સાધુસંતતિ થઈ. જેમ હિમવંત પર્વતમાંથી સકલજનોને પૂજ્ય એવી ગંગા પ્રગટી તેમ." એ પ્રમાણે મહાવીરચરિત્રની પ્રશસ્તિની અંદર લખેલ છે.

હવે આ અંગેનો વિચાર એ છે કે ખરતરોની ઉત્પત્તિ વિ.સં.-૧૨૦૪માં થઈ તે વાત બધાયને સંમત છે. પણ ખરતરોને અનિષ્ટ=સંમત નથી એથી કરીને તે વાતને દૂર કરવાને માટે **निम्मला**

**साहुसंतई जम्हा** એ શબ્દોના સ્થાને **खरयरी साहु संतई** લખી નાંખ્યું. હવે આ મહાવીરચરિત્ર

**'नंदसिहि रुद्दसंखे वोक्कंते विक्कमाउ कालंमि।**
**जिट्ठस्स सुद्धतइआतिहिंमि सोमे समत्तमिणं॥१॥**

'વિ. સં–૧૧૩૯–વર્ષે જેઠ સુદ ત્રીજને સોમવારે આ ચારિત્ર સમાપ્ત થયું.' અને એ પ્રમાણે ફેરફાર થયે છતે 'અમે કાંઈ જિનદત્તસૂરિના મૂલવાલા નથી. (ખરતર મત કાંઈ જિનદત્તસૂરિથી થયો એમ નથી.) પરંતુ અમે જૂના છીએ' એ પ્રમાણે લોકમાં પોતાની ખ્યાતિ ફેલાવવા માટે ખોટું લખવાવડે કરીને પોતાના આત્માને કદર્થના પહોંચાડી છે. અને એ કરવા છતાં પણ તેમની કાર્યસિદ્ધિ થઈ નથી. ''શીયલનો નાશ થયો છતાં કામની શાંતિ થઈ નહિ'' તે જવાબ એને લાગુ પડ્યો. ॥ ગાથાર્થ ૪૭ ॥

હવે આવું ખોટું લખવાવડે કરીને શું પરિણામ આવ્યું? તે જણાવે છે.

**पुत्थंतरनिण्णयओ, जेसलमेरुंमि कूडलिहणाओ ।**
**खीणसरा संजाया, खरखरया तेण बहु खायं॥४८॥**

પુસ્તકાંતરના નિર્ણયથી એટલે કે જ્યારે **''જેસલમેરમાં ખરતરોની સાથે વાદવિવાદ થયો ત્યારે''** ખરતરોએ લખેલા પુસ્તક સિવાયના બીજા એટલેકે–નારદપુર આદિ સંઘના ભંડારમાંથી મંગાવેલા પુસ્તકો દ્વારા જે નિર્ણય થયો તેમાં તપાગચ્છીય શ્રીરત્નશેખરસૂરિકૃત શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્રની વૃત્તિ સંબંધીના પુસ્તકથી અને ઉપલક્ષણથી 'ખરતરના પ્રાસાદોને વિષેના શિલાલેખમાં (પૂર્વે) લખાયેલા અક્ષરો દ્વારાએ કરીને જેસલમેર નગરની અંદર ખરતરોએ આ ખોટું લખી નાંખ્યું' એવું જન પ્રસિદ્ધ થયું. અને એ જનપ્રસિદ્ધ એવું થયું કે 'ઘણાં વર્ષોથી માંદગીને લઈને રોગગ્રસ્ત થઈ ગયેલો આત્મા, જેમ ક્ષીણ સ્વરવાળો થઈ જાય એવી રીતે ઉચ્ચસ્વરે બોલી શકવાને સમર્થ ન રહ્યા હતા.' ખોટા પાઠ પરાવર્તનોનું આ પરિણામ આવે છે. (કારણ કે **पापा सर्वत्र शँकिताः**) ॥ ગાથાર્થ ૪૮ ॥

હવે (ખરતરો તરફથી) ચૈત્યવાસીઓની સાથેના વિવાદની વાતમાં બીજું દૂષણ કહે છે.

**किंच विवाओ चेइवासीहिमसंभवीऽ वि आयारे।**
**तत्थवि खरयर बिरुअं, जयवाए सव्वहा नेव॥४९॥**

બીજું દૂષણ પ્રગટ કરવાને માટે ચૈત્યવાસીઓની સાથે સાધુઓને વિવાદ થયો તે અસંભવિત જ છે. ક્યો વિવાદ? કોને વિષે વિવાદ? 'આચાર' બાબત. આચાર બાબત વિવાદ સંભવતો નથી. કારણ કે ચૈત્યવાસીઓના આચાર અને સુવિહિત સાધુઓનો આચાર તે કાલે સર્વજન પ્રતીત જ હતો. અને જે વસ્તુ સિદ્ધ હોય તેને સિદ્ધ કરવાની જરૂર જ નથી હોતી. જ્યારે એ સિદ્ધ કરવાનું નથી હોતું તો પછી આચારના વિષયમાં દશવૈકાલિકસૂત્રના પાનાઓ લાવવાના ક્યાં રહે છે? એ પ્રમાણે કહેલું હોવાથી. તો એ પ્રમાણે કહ્યે છતે પંડિતપણાની પરીક્ષાને માટે તર્કવાદ પણ યુક્ત છે. તો પણ તે

તર્કવાદમાં જય મળે છતે ખરતર એવું બિરુદ મલવું તે તો સર્વથા સંભવિત નથી જ. કારણ કે ખરતર નામ જ અશુભ અર્થવાચક હોવાથી. ॥ ગાથાર્થ-૪૯ ॥

અશુભ અર્થવાચકમાં પણ દૂષણ જણાવે છે.

**सद्दाणं दुब्भिक्खे, खरयरबिरुअंपि अद्धजरईअं।**
**खरसद्दो लोअमुहा, तरसद्दो सद्दसत्थाओ॥५०॥**

શબ્દોનો એટલે શુભ અને અશુભ અર્થવાચક એવા શબ્દોનો દૂકાલ પડે છતે અર્થાત્ બીજા શબ્દોની પ્રાપ્તિ નહિં થયે છતે અર્ધજરતીય ન્યાયને પામેલું ખરતર બિરુદ છે. અર્ધજરતીય ન્યાયનું સ્વરૂપ આ પ્રમાણે છે કે **खर** શબ્દ સાચા બોલવાવડે કરીને 'લોકના મુખથી જ' સ્વીકારાયે છતે 'ખર' શબ્દની પ્રવૃત્તિ થઈ અને **तर** શબ્દ જે છે તે અતિશય અર્થમાં **तर** શબ્દ પ્રત્યયરૂપે છે અને તે 'વ્યાકરણ શાસ્ત્રથી જ' સિદ્ધ થાય છે. અને વિપરીત પ્રવૃત્તિવાળાપણું હોવાથી બન્ને પ્રકારના ખરતર શબ્દની વ્યુત્પત્તિ થઈ.

આમ ખરતર શબ્દની વ્યાકરણ શાસ્ત્ર પ્રમાણે **खर–तर** એ બન્ને શબ્દની વ્યુત્પત્તિ કરીએ તો **अतिशयेन खरः इति खरतरः** એ પ્રમાણે વ્યુત્પત્તિ થયે છતે અર્થ એ થયો કે **મોટો** ગધેડો. અથવા તો ઉગ્રતર કહેવાય. આવું વિશેષણ પણ લોકોના મુખથી અસંભવિત છે. અને લોકના મુખથી બિરુદનો સંભવ હોયે છતે **तर** પ્રત્યયનો પ્રયોગ અસંભવિત છે. ઈત્યાદિ વિચારણા કરતાં સ્વર્ણગિરિમાં એટલે જાવાલમાં ક્રોધમાં ચડી જઈને જિનદત્તસૂરિએ લોકોને જે વાણી સંભળાવી છે અને તે સાંભળીને લોકોએ 'આ ખરતર છે' એમ કહેવું થયું. અને પ્રસિદ્ધિ પામ્યું. તે જ વાત સંભવિત છે. (બાકી દુર્લભરાજાએ ખરતર બિરુદ આપ્યું તે વાત ખોટી છે.) ॥ ગાથા ૫૦ ॥ હવે જિનેશ્વરસૂરિને ખરતર બિરુદ નથી મલ્યું. તેમાં યુક્તિ કહે છે.

**जह जयवाए जायं, खरयरबिरुअं हविज्ज ता नियमा।**
**नवअंगिवित्तिपमुहे, वण्णयवयणंपि तदवच्चा॥५१॥**

જો જયવાદમાં એટલે જય મેળવવામાં જિનેશ્વરસૂરિથી ખરતર બિરુદ થયું હોય તો નિશ્ચે કરીને નવાંગી ટીકા આદિમાં આદિ શબ્દથી અભયદેવસૂરિના શિષ્ય શ્રીવર્ધમાનસૂરિએ કરેલા ઋષભદેવચરિત્ર આદિ. તે બધા શાસ્ત્રોમાં જિનેશ્વરસૂરિના શિષ્ય પ્રશિષ્ય આદિ પાસેથી એટલે કે—અભયદેવસૂરિ વગેરે પાસેથી અર્થાત્ તેઓના મુખેથી એવું વર્ણન લખાયું હોત કે 'ખરતરગચ્છીય એવા મારાવડે કરીને આ વૃત્તિ આદિ બનાવાયું છે.' એમ લખાયું હોત. તેવો કોઈ શબ્દ કોઈપણ ઠેકાણે કહેવાયેલો જણાયો નથી. ॥ ગાથાર્થ ૫૧ ॥

હવે વ્યતિરેકે કરીને વાત કરે છે.

**नेवँ कत्थवि दिट्टं, सुणिअं वा खरयराउ अण्णत्थ।**
**पच्चुअ तवगणपमुहा, जिणदत्ता चेव वुच्चंति॥५२॥**

ખરતરો સિવાય આવું કોઈપણ ઠેકાણે દેખ્યું કે સાંભળ્યું નથી. એટલે કે ખરતરો કહે છે કે 'જિનેશ્વરસૂરિને દુર્લભરાજાની સભામાં ખરતર બિરુદ મલ્યું.' એવી વાત ખરતરો સિવાય બીજા કોઈના મોઢેથી સાંભળી નથી.; પરંતુ તપાગચ્છીય આદિ બધા ગચ્છો 'જિનદત્તથી જ ખરતરની પ્રવૃત્તિ થઈ છે' એમ કહે છે. આ વાતનો ભાવાર્થ એ છે કે જિનેશ્વરસૂરિના શિષ્યોએ કરેલા ગ્રંથોની પ્રશસ્તિમાં ખરતર બિરુદના સ્વરૂપની ગંધ પણ આવતી નથી. તે આ પ્રમાણે :—નવાંગી ટીકાની પ્રશસ્તિ તો બધે સુલભ અને બધે પ્રાપ્ત થતી હોવાથી અહિં લખતા નથી. તેમાં ખરતર શબ્દ નથી. હવે આ વાતને વિષે ખરતરો એમ કહે છે કે :—(ખરતર ગચ્છ કે ખરતર બિરુદ નથી લખ્યું તેમાં) 'અભયદેવસૂરિની નિઃસ્પૃહતા ઊભી કરે છે.' તે વાત ખોટી છે. કારણ કે રાજા આદિ તરફથી જયાદિની પ્રાપ્તિ થયે છતે અથવા તો ક્રિયાની ઉગ્રતા આદિ દ્વારા પોતાના ગુરુવડે મેળવાયેલ બિરુદને સારી રીતે દીપાવવું એ સુશિષ્યની ફરજ છે. પોતાના જાતિ—વંશ આદિની જેમ ગુરૂ અને ગચ્છ આદિના નામ ઉચ્ચારવામાં નિસ્પૃહતાનો અસંભવ જ છે. ઉત્તરાધ્યયન સૂત્ર—૧૮—(૫૬૯)

**''संजओ नाम नामेण, तहा गुत्तेण गोअमो।**
**गद्दभालि ममायरिआ, विज्ञाचरणपारगा ॥१॥ इत्युत्तरा०**

**संजमो नाम**—નામે કરીને હું સંયત છું. ગોત્રવડે કરીને ગૌતમ ગોત્રનો છું. વિદ્યાચરણમાં પારગામી એવા ગર્દભાલી નામના મારા આચાર્ય છે.'' આમ સ્પષ્ટ હોવાથી ગુરૂ અને ગચ્છ આદિના નામને અવશ્ય કહેવા જ જોઈએ. અને એ જો કહેવું યોગ્ય ન હોય તો વૃત્તિની પ્રશસ્તિની અંદર અભયદેવસૂરિના નામનો ઉચ્ચાર કરવો પણ યોગ્ય નથી.

'ના, ના, આ તો એમના શિષ્યોએ અભયદેવસૂરિનું નામ લખ્યું છે.' એમ કહેતો હો તો લાંબો કાળ જીવ. તો તો તારા કહેવા પ્રમાણે આ પ્રશસ્તિ એમના શિષ્યોએ જ અભયદેવસૂરિના નામે લખી નાંખી, તો આ ખરતર બિરુદ પણ તેમના શિષ્યોએ જિનેશ્વરસૂરિના નામે કેમ લખી નાંખ્યું ન હોય? એ પણ વિચારણીય છે.

વળી ખરતર બિરુદ પોતાનાથીં જ ઉત્પન્ન થયું હોય તો 'નિઃસ્પૃહતા' એમ કહેવી યોગ્ય છે. અને 'આ અમારા ગુરુ જિનેશ્વરસૂરિને આ બિરુદ મલ્યું છે' એમ કહેવામાં નિસ્પૃહપણાની વાત જ ક્યાં છે? તેમ જ 'ભૂલાઈ ગયું' એ વાત પણ સંભવિત નથી. જો એમ હોય તો ચાંદ્રકુલમાં પણ આપત્તિ આવી જશે. તેથી કરીને પોતાના ગુરુને રાજયસભામાં જયના કારણરૂપે ખરતર બિરુદ મલ્યું હોત તો નવાંગીવૃત્તિ, પંચાશકવૃત્તિ, અષ્ટક પ્રકરણ આદિમાં તેમના શિષ્યે, અભયદેવસૂરિના શિષ્ય વર્ધમાનસૂરિએ અને વર્ધમાનસૂરિના શિષ્ય પદ્મપ્રભસૂરિ આદિએ તેનું વર્ણન કર્યું જ હોત; પરંતુ તે બધાએ આ ખરતર બિરુદ અંગે અંશમાત્ર પણ લખ્યું જ નથી. તે આ પ્રમાણે :—

चंदकुले चंदजसो, दुक्करतवचरणसोसिअसरीरो।
अप्पडिबद्धविहारो, सूरुव्व विणिग्गयपयावो॥१॥

एणपरिग्गहरहिओ, विविहसारंगसंगहो निच्चं।
सयलक्खविजयपडोऽवि, एक्कसंसारभय भीओ॥२॥

इंदिअतुरिअतुरंगमवसिअरणसुसारही महासत्तो।
धम्मारामुल्लूरणमणमक्कडरुद्धवावाचारो (वावारो)॥३॥

खमदमसंजमगुणरोहणो विजिअदुज्जयाणंगो।
आसि सिरि वद्धमाणो, सूरि सव्वत्थ सुपसिद्धो॥४॥

सूरिजिणसेरसिरि बुद्धिसायरा सायरुव्व गंभीरा।
सुरगुरुसुक्कसरित्था, सहोअरा तस्स दो सीसा॥५॥

वायरण छंदनिघंटुकव्वणाडयपमाणसमएसु।
अणिवारिअप्पयारा, जाण मई सयलसत्थेसु॥६॥

ताण विणेओ सिरिअभयदेवसूरित्ति नाम विक्खाओ।
विजयक्खो पच्चक्खो, कयविक्कयसंगहो धम्मे॥७॥

जिणमयभवणब्भंतर गूढपयत्थाण पयडणे जस्स।
दीवयसिहिव्व विमला सूई बुद्धी पवित्थरिआ॥८॥

ठाणाइनवंगाणं पंचासय पमुहपगरणाणं च।
विवरणकरणेण कओ उवयारो जेण संघस्स॥६॥

इक्को व दो व तिण्णि व कहवि तु लग्गेण जइगुणा हुंति।
कलिकाले जस्स पुणो वुच्छं सव्वेहिवि गुणेहिं॥१०॥

सीसेहिं तस्स रइअं चरिअमिणं वद्धमाणसूरीहिं।
होउ पढंत सुणंताण, कारणं मोक्खसुक्खस्स॥११॥

इति नवाङ्गवृत्तिकारक श्रीअभयदेवसूरिशिष्य श्रीवर्धमानसूरिकृत प्राकृतगाथात्मक श्रीऋषभदेवचरित्रप्रशस्तौ ॥

''ચંદ્રકુલને વિષે ચંદ્ર જેવા નિર્મલ યશવાલા અને દુષ્કર તપ તથા ચારિત્રવડે કરીને શોષિત થઈ ગયું છે શરીર જેમનું એવા, અપ્રતિબદ્ધ વિહારવાળા અને સૂર્યની જેમ વિકસિત પ્રતાપી—હરણીયાના પરિગ્રહ રેહિત હોવા છતાં પણ વિવિધ પ્રકારના સારંગના સંગ્રહવાલા, સકલાક્ષ=ઇંદ્રિયના પ્રગટ

વિજયવાળા હોવા છતાં પણ સંસારના ભયથી ભયભીત, ઇન્દ્રિયોરૂપી ચાર ઘોડાઓને વશ કરેલ છે જેમણે એવા સુસારથી અને મહાસત્ત્વવાળા, ધર્મરૂપી જે બગીચો તેને ઉખેડી નાખનાર એવા મનરૂપી વાંદરાની રોકી દીધી છે વ્યાપાર–પ્રવૃત્તિ જેમણે એવા ક્ષમા–દમન–સંયમ આદિ ગુણનો રોહણાચલ પર્વત, દુર્જય એવા અનંગને જેમણે જીતેલો છે એવા અને સર્વ સ્થાને સારી રીતે પ્રસિદ્ધિ પામેલા એવા **શ્રીવર્ધમાન** નામના આચાર્ય હતા. સુરગુરુ અને દૈત્યાચાર્ય (ગુરુ અને શુક્ર)ની જેવા તથા સાગર જેવા ગંભીર **જિનેશ્વરસૂરિ** અને **બુદ્ધિસાગરસૂરિ** નામના બે ભાઈઓ તેમના શિષ્યો હતાં. અને વ્યાકરણ, છંદ, નિઘંટુ, કાવ્ય, નાટક, પ્રમાણશાસ્ત્ર, આગમ શાસ્ત્ર, આદિ સકલ શાસ્ત્રોને વિષે જેમની મતિ અવારિત=અસ્ખલિત પ્રચારવાલી હતી. એવા તેઓના શિષ્ય **શ્રીઅભયદેવસૂરિ** નામે વિખ્યાત હતાં.

જે પ્રત્યક્ષ વિજયાક્ષ હતા. (ઇન્દ્રિયવિજેતા હતાં) અને ધર્મને વિષે ક્રય–વિક્રય અને સંગ્રહ કરવામાં સમર્થ હતા. જિનમતરૂપી ભવનમાં રહેલાં ગૂઢ પદાર્થોને પ્રકટ કરવામાં દીપની શીખા જેવી વિમલ સૂચિ જેવી તીક્ષ્ણ અને વિસ્તૃત જેમની બુદ્ધિ હતી અને સ્થાનાંગ આદિ નવ અંગોની વૃત્તિ કરવાવડે કરીને તથા પંચાશક આદિ પ્રકરણોનું વિવરણ કરવાવડે કરીને જેમણે સંઘ ઉપર ઉપકાર કર્યો છે જેમણે એવા.

આ કલિકાલની અંદર કેમેય કરીને એક–બે કે ત્રણ આદિ યતિ ગુણો પ્રાપ્ત થાય છે. ત્યારે તેઓ (અભયદેવસૂરિજી) સર્વ ગુણોએ કરીને સહિત હતા. તેમના શિષ્ય એવા **વર્ધમાનસૂરિએ** આ ચરિત્ર રચ્યું છે. ભણનાર અને સાંભળનારને મોક્ષસુખનું કારણ થાઓ.''

આ પ્રમાણે નવાંગવૃત્તિકાર શ્રીઅભયદેવસૂરિના શિષ્ય શ્રીવર્ધમાનસૂરિએ બનાવેલ પ્રાકૃત ગાથાવાલા **શ્રીઋષભદેવચરિત્ર**ની પ્રશસ્તિમાં લખેલ છે. અને **આ તાડપત્રીય પુસ્તક પાટણ નગરના વડીપોસાલના તપાગચ્છીય જ્ઞાનભંડારમાં છે.** એમ જાણવું. હવે તેવી જ રીતે.

**पूर्वं चन्द्रकुले बभूव विपुले श्रीवर्धमानप्रभुः।**
**सूरिर्मङ्गलभाजनं सुमनसां सेव्यः सुवृत्तास्पदम्।**
**शिष्यस्तस्य जिनेश्वरः समजनि स्याद्वादिनामीग्रणीः।**
**बन्धुस्तस्य च बुद्धिसागर इति त्रैविद्यपारङ्गमः॥१॥**

**सूरिः श्रीजिनचन्द्रोऽभयदेवगुरुर्नवाङ्गवृत्तिकरः।**
**श्रीजिनभद्रमुनीन्द्रो जिनेश्वरविभोस्त्रयः शिष्याः॥२॥**

**चक्रे श्रीजिनचन्द्रसूरिगुरुभिर्धुर्यैः प्रसन्नाभिध–**
**स्तेन ग्रन्थचतुष्टयी स्फुटमतिः श्रीदेवभद्रप्रभुः।**
**देवानंदमुनीश्वरोऽभवदतश्चारित्रिणामग्रणीः।**
**संसाराम्बुधिपारगामिजनताकामेषु कामं सखा॥३॥**

यन्मुखावासवास्तव्या, व्यवस्यति सरस्वती।
गन्तुं नान्यत्र स न्याय्यः, श्रीमान्देवप्रभप्रभुः॥४॥

मुकुरतुलामङ्कुरयति वस्तुप्रतिबिम्बविशदमतिवृत्तम्।
श्रीविबुधप्रभचित्तं न विधत्ते वैपरीत्यं तु॥५॥

तत्पदपद्मभ्रमरश्चक्रे, पद्मप्रभश्चरितमेतद्।
विक्रमतोऽतिक्रान्ते वेदग्रहरविमिते (१२९४) समये॥६॥

इति श्री पद्मप्रभूसूरिविरचित श्रीमुनिसुव्रतचरित्रप्रशस्तौ॥

હવે તેવી જ રીતે "પૂર્વે વિસ્તીર્ણ એવા ચંદ્રકુલને વિષે મંગલના ભાજન સ્વરૂપ, સુમનસ્ એટલે દેવ અને સારા મનવાલાઓને સેવવા લાયક, સારા વર્તનના ઘર જેવા **વર્ધમાનસૂરિ** નામના આચાર્ય હતા. તેમને સ્યાદ્વાદીઓમાં અગ્રણી એવા **જિનેશ્વરસૂરિ** અને તેમના ભાઈ ત્રૈવિદ્યામાં પારંગત એવા બુદ્ધિસાગરસૂરિ નામના શિષ્ય હતાં. તેમના જિનેશ્વરસૂરિના શિષ્ય જિનચંદ્રસૂરિ, નવાંગવૃત્તિકાર અભયદેવસૂરિ અને જિનભદ્રસૂરિ એ પ્રમાણેના ત્રણ શિષ્યો હતાં. અને સહુથી મુખ્ય એવા જિનચંદ્રસૂરિએ **પ્રસન્નસૂરિ** બનાવ્યા.

"તે પછી ગ્રંથચતુષ્ટયીની અંદર સ્ફુટ બુદ્ધિવાળા એવા **દેવભદ્રસૂરિ** થયા. અને ત્યાર પછી ચારિત્રીઓની વિષે અગ્રણી એવા અને સંસારસમુદ્રને પાર કરવાની ઇચ્છાવાળા આત્માઓના નિતાંત મિત્ર એવા **દેવાનંદસૂરિ** નામના શિષ્ય થયા. અને જેમના મુખરૂપી આવાસમાં જ રહેવાને ટેવાયેલી એવી સરસ્વતી બીજે કોઈ ઠેકાણે જતી નથી તે વ્યાજબી છે એવા **દેવપ્રભસૂરિ** થયા.

વસ્તુની અંદર પ્રતિબિંબિત થતી એવી વિશદમતિવૃત્તના કારણે જેમની મતિદર્પણની તુલાને વિકસિત કરી રહી છે એવા **વિબુધપ્રભસૂરિનું** ચિત્ત વિપરીતતાને ધારણ કરતું નથી. તે વિબુધપ્રભસૂરિના ચરણ કમલને વિષે ભ્રમર સમાન એવા પદ્મપ્રભસૂરિએ વિક્રમ સં. ૧૨૯૪-ની સાલમાં આ મુનિસુવ્રતસ્વામીનું ચરિત્ર બનાવ્યું." એ પ્રમાણે પદ્મપ્રભસૂરિએ રચેલા મુનિસુવ્રત સ્વામીના ચરિત્રની પ્રશસ્તિમાં લખાણ છે. તેવી જ રીતે—

**"स्वस्ति श्रीनृपविक्रमसंवत्–१२९३ वर्षे वैशाखशुक्ल–१५–शनावद्येह श्रीअर्बुदाचलमहातीर्थे अणहिल्लपुरवास्तव्यप्राग्वाटज्ञातीय त० श्रीचण्डप्रसादमहं० सोमान्वये० त० आसराजसुतमहं-श्रीमल्लदेव महं०—श्रीवस्तुपालयोरनुजमहं—श्रीतेजपालेन कारित श्रीलूणसीहवसहिकायां श्रीनेमिनाथचैत्ये इत्यादि यावत् श्रे० घेलणसमुद्धरप्रमुखकुटुम्बसमुदायेन श्रीशांतिनाथबिंबं कारितं प्रतिष्ठितं च नवांगीवृत्तिकारक श्रीअभयदेवसूरिसंतानीयैः श्रीधर्मघोषसूरिभि" रिति श्री अर्बुदाचलतीर्थे श्रीनेमिनाथचैत्यपश्चिमद्वारे चतुर्दशदेवकुलिकाप्रशस्तिः॥**

સ્વસ્તિ શ્રી–૧૨૯૩ના વિક્રમવર્ષે વૈશાખસુદ પૂનમને શનિવારના આજના દિવસે અર્બુદાચલ મહાગિરિને વિષે અણહિલપુર પટ્ટણ નિવાસી પોરવાડજ્ઞાતીય તપાગચ્છીય ચંડપ્રસાદમહં૦ સોમાન્વયે૦

ત૦ આસરાજસુત શ્રીમલ્લદેવમહ૦ વસ્તુપાલના નાના ભાઈ મહ૦ શ્રી તેજપાલવડે કરીને બનાવાયેલ શ્રી લૂણસીહવસહિમાં શ્રી નેમિનાથ ભગવાનના ચૈત્યમાં ઈત્યાદિ યાવત્ શ્રેષ્ઠિ ઘેલણ સમુદ્ધર-પ્રમુખ કુટુંબ સમુદાય વડે કરીને શ્રી શાંતિનાથ ભગવાનનું બિંબ કરાવ્યું. અને નવાંગીવૃત્તિકારક શ્રીઅભયદેવસૂરિના સંતાનીયા શ્રીધર્મઘોષસૂરિએ પ્રતિષ્ઠિત કર્યું.'' એ પ્રમાણે અર્બુદાચલતીર્થના શ્રીનેમિનાથ ભગવાનના ચૈત્યના પશ્ચિમદ્વારને વિષે ૧૪ દેવકુલિકાની પ્રશસ્તિ છે.

આ પ્રમાણે બીજે બીજે સ્થલે આ જ રીતિ જાણવી :

અને તપગચ્છ પ્રમુખ ગચ્છો 'જિનદત્તથીજ ખરતરની ઉત્પત્તિ' જણાવે છે. કહ્યું છે કે હું **नंदेन्द्रिय०** આ કાવ્ય મંત્રી વસ્તુપાલ-તેજપાલના સમયે બનાવાયેલા ગ્રંથોને વિષે પણ સંમતિ તરીકે કહેલું છે.

આ કાવ્યમાંના 'ઔષ્ટ્રિક' શબ્દવડે કરીને ખરતર જાણવા. પરંતુ તે કાલે 'ઔષ્ટ્રિક' નામથી જ તેઓની પ્રસિદ્ધિ હતી. તેવી જ રીતે-'૧૨૦૪-વર્ષે ખરતર નામનો ગચ્છ થશે.' એ પ્રમાણે જિનસુંદરસૂરિકૃત **દિવાલીકલ્પ**માં કહેલું છે. એવી જ રીતે તપાગચ્છ આદિ ગચ્છોની પટ્ટાવલીઓમાં પણ વિ. સં.-૧૨૦૪માં ખરતર મતની ઉત્પત્તિ લખેલી છે.

વળી બીજી વાત નવાંગી વૃત્તિકારક શ્રીઅભયદેવસૂરિની શિષ્ય પરંપરામાં જે ધર્મઘોષસૂરિ આદિ જણાવેલા છે. ત્યાં તેઓનું નામ પણ ખરતર ગચ્છની પટ્ટાવલીમાં નથી. આ વાત પણ સૂક્ષ્મબુદ્ધિએ વિચારવા જેવી છે. ॥ ગાથાર્થ ૫૨ ॥

હવે ખરતરને માન્ય એવી પણ સંમતિ જણાવે છે.

**जिणवल्लहोऽवि कत्थवि, खरयरबिरुअं जिणेसरा जायं ।**
**न वइंसु अहव तक्कुलजाओऽहं किंतु अण्णगुरुं ॥५३॥**

જિનવલ્લભ પણ **अपि** શબ્દથી બીજા બધા તો દૂર; રહો પરંતુ જિનવલ્લભ પણ ''જિનેશ્વરસૂરિથી ખરતર બિરુદ થયું છે' એવું બોલતાં નથી'' અથવા તો 'હું તેના કુલમાં થયેલો છું.' એ પ્રમાણે પણ બોલતાં નથી; પરંતુ તેના કુલથી બીજા કુલની અંદર જેમનો ઉદ્ભવ થયો છે એવા ગુરુવાલો હું છું. એમ જણાવે છે. આ વાત પ્રસંગ હોવાથી અહિં જણાવી છે. અને તે ખરતરને અનિષ્ટ છે. આ વાતનો ભાવાર્થ એ છે કે ખરતરો તો 'અભયદેવસૂરિના શિષ્ય જિનવલ્લભ છે અને એથી જ તેના પટ્ટધર છે.' એ પ્રમાણે બોલે છે. પરંતુ જિનવલ્લભ એ પ્રમાણે નથી બોલતા. તે આ પ્રમાણે :—પહેલાં તો જિનવલ્લભના વચનવડે કરીને જ અભયદેવસૂરિનું સ્વરૂપ જણાવીએ છીએ જે આ પ્રમાણે—

**न चकोरदयितममलमदोषमतमोनिरस्तसद्वृत्तम् ।**
**नालिककृतावकाशोदयमपरं चान्द्रमस्ति कुलम् ॥१॥**

तस्मिन् बुधोऽभवदसङ्गविहारवर्ती,
सूरिर्जिनेश्वर इति प्रथितोदयश्रीः।
श्रीवर्धमानगुरुदेवमतानुसारी,
हारीभवन् हृदि सदा गिरिदेवतायाः॥२॥

अनेककविनायकस्तुतपदः सदोमाश्रयः।
स्फुरद्वृषपरिग्रहस्तुहिनधाम रम्याकृतिः।
प्रभूतपतिरद्भुत श्रुतविभूतिरस्तस्मरो।
महेश्वर इवोदभूदभयदेवसूरिस्ततः॥३॥

श्रीवीरान्वयवृद्धये गणभृता नानार्थरत्नैर्दधे।
यत्स्थानादिनवाङ्गशेवधिगणः कैरप्यनुद्घाटितः।
तद्वंश्यः स्वगुरुपदेशविशदप्रज्ञः करिष्यच्छुभां।
तट्टीकामुदजीघटत् तमखिलं श्रीसंघतोषाय यः॥४॥

सतर्कन्याय चर्चार्चित चतुरगिरः श्रीप्रसन्नेन्दुसूरिः,
सूरिः श्रीवर्द्धमानो यतिपतिहरिभद्रो मुनीड्देवभद्रः।
इत्याद्याः सर्वविद्यार्णवकलशभुवः संचरिष्णूरुकीर्त्तेः,
स्तम्भायन्तेऽधुनाऽपि श्रुतचरणरमाराजिनो यस्य शिष्याः॥५॥

પાંચ ગાથાનો અર્થ :—

ચંદ્રમાનું કુલ=(ચંદ્રપક્ષે) કે જ્યાં ચકોરની દયિતાનું મળવું નથી. એટલે રાત્રિ વગરનું નથી. (રાત્રિવાલું છે.) **अतमः**=રાહુ રહિત છે. **निरस्तसद्वृत्तं** એટલે જેનો ગોળાકાર અસ્ત પામ્યો નથી. અને **नालिककृतावकाशः** એટલે નાલિકા=કમલમાં (?) કરેલા અવકાશવાળું અને ઉદયાચલને પામેલું છે એવું ચંદ્રનું કુલ—

**ચંદ્રકુલગણપક્ષે**—હવે આ બીજું ચંદ્ર સંબંધીનું ચાંદ્રકુલ ઉત્પન્ન થાય છે. **न चकोरदयितमलम्=** ચકોર એવી સ્ત્રીનું જ્યાં મલવું નથી, **अदोष** = દોષ-રહિતનું=નિર્દોષ, **अतमः**=અંધકાર રહિતનું. **निरस्त सद्वृत्त**=એટલે ત્વરાથી ઉતાવળથી બોલાઈ રહ્યું છે જેમનું સદાચરણ અથવા સારી રીતના વૃત્તાકાર (ભીડા)ને દૂર કરેલ છે જેને એવું, **नालिककृतावकाशः**—એટલે જુઠું કરવાનો જ્યાં અવકાશ નથી. અને **अपरं उदयः** એટલે બીજા ઉદયાચલને પામેલું એવું ચાંદ્રકુલ.

તે ચંદ્રકુલને વિષે નિસંગ વિહાર કરનારા, દિવસે દિવસે વિકસીત ઉદયશ્રીવાલા વર્ધમાન નામના દેવ અને ગુરુના મતને અનુસરનારા અને ગિરિદેવતાના એટલે પાર્વતી=સરસ્વતીના હૃદયના હાર સમાન એવા **જિનેશ્વરસૂરિ** નામના આચાર્ય હતા.

**शंकरपक्षेः—अनेककविनायकस्तुतपदः**—એટલે અનેક વેદ પાઠકોના નાયકોવડે કરીને જેમના ચરણોની સ્તવના કરાયેલી છે અને **सदोमाश्रयः**—એટલે હંમેશાં ઉમા કહેતાં પાર્વતીનો આશ્રય કરવાવાળા **स्फुरद्वृषपरिग्रहः** એટલે સ્ફુરાયમાન=કાંતિવાળા (પોઠીયો) બળદના પરિગ્રહવાળા, શોભિત કૈલાસ પર્વત જેમનું સ્થાન છે અને રમ્ય આકૃતિવાળા–**प्रभूतपतिः** ઘણાં ભૂતોના સ્વામી, અદ્ભૂત એવી ભસ્મના વિલેપનવાળા અને **अस्तस्मरः**—એટલે કામદેવને બાળી નાંખેલ છે જેમણે એવા મહેશ્વર—શંકર છે.

**अभयदेवपक्षेः—अनेककविनायकस्तुतपदः**=અનેક કવિઓના–બુદ્ધિમાનોના, નાયકોવડે જેમના ચરણ કમલોની સ્તવના થઈ રહી છે. એવા **सदोमाश्रयः**—એટલે સત્‌ચિદાનંદસ્વરૂપ એવા ૐકારનો આશ્રય કરવાવાળા **स्फुरद्वृषपरिग्रहः**=એટલે સ્ફુરાયમાન છે ધર્મનો સંગ્રહ જેમને એવા **तुहिनधामः**—બરફના જેવી ઉજ્વલ કાંતિવાલા અને રમ્યઆકૃતિવાળા અને **प्रभूतपति**=એટલે ધર્મીજનોના નાથ **अद्भूत श्रुतविभूतिः**— કામદેવ-રહિતના=બ્રહ્મચારી એવા અથવા તો શ્રુતરૂપી ભસ્મવિલેપનવાળા, સાક્ષાત્ મહેશ્વરની જેવા **અભયદેવસૂરિ** થયા.

શ્રીમહાવીર સ્વામીના વંશની વૃદ્ધિને માટે ગણધર ભગવંતોએ વિધવિધ પ્રકારના અર્થરત્નોથી ભરેલ જે સ્થાનાંગસૂત્ર આદિ નવ અંગરૂપ લખેલો જે ભંડાર એ કોઈનાવડે કરીને પણ ઉઘાડી શકાયો નથી. અને તે મહાવીરસ્વામીના વંશજ અને પોતાના ગુરુના ઉપદેશ દ્વારા એક વિશદપ્રજ્ઞાવાલા એવા શ્રી અભયદેવસૂરિ મહારાજે શ્રીસંઘના સંતોષ માટે શુભ એવી ટીકાઓ દ્વારાએ કરીને ઉઘાડ્યો.

જેની અંદર સારા તર્ક રહેલાં છે એવા પ્રકારની ન્યાયની ચર્ચાવડે કરીને પૂજાયેલી છે ચતુર વાણી જેમની. (ન્યાય વિશારદ છે.) એવા **પ્રસન્નચંદ્રસૂરિ** અને પછી મુનિઓના સ્વામીઓને વિષે હરિભદ્ર જેવા **શ્રીવર્ધમાનસૂરિ** અને પછી **દેવભદ્રસૂરિ** ઇત્યાદિ સર્વ વિદ્યારૂપી જે સમુદ્ર તેના પાતાલ–કળશ સ્વરૂપ એવા અને ચારેબાજુ જેમની કીર્તિ ફેલાયેલી છે એવા અને શ્રુત–ચારિત્ર આદિ લક્ષ્મીઓના ઉપભોક્તા શિષ્યો જેમને છે એવા આ બધા સૂરિ મહારાજાઓ જૈનપ્રાસાદના સ્તંભ સ્વરૂપે રહેલાં છે.

એ પ્રમાણે જિનવલ્લભસૂરિએ કરેલ જિનવલ્લભીય પ્રશસ્તિ અપરનામ **અષ્ટસપ્તતિકામાં** જણાવે છે.

હવે જો જિનેશ્વરસૂરિને ખરતર બિરુદ હોત તો જિનવલ્લભસૂરિએ પણ ચાંદ્રકુલની જેવી પ્રશંસા કરી છે તેવી રીતે ખરતર બિરુદને પણ વર્ણવતે. પરંતુ તે વર્ણવ્યું નથી તેથી કરીને ખરતર બિરુદ નહિ મલવાના વિષયમાં જિનવલ્લભસૂરિ પણ સાક્ષી છે. એવી જ રીતે 'તે ખરતર મતનો હું નથી' એ પ્રમાણે પણ કહે છે. તેમજ શ્રી અભયદેવસૂરિ અને જિનવલ્લભસૂરિને ગુરુ શિષ્યનો સંબંધ નહોતો એ સ્પષ્ટ થાય છે. તેવી રીતે અભયદેવસૂરિ મહારાજે જિનવલ્લભ અમારો શિષ્ય છે એ પ્રમાણે કહ્યું નથી. અને તે વાત ખરતરોને પણ સંમત છે.

કારણ કે ગણધર સાર્ધશતકની વૃત્તિમાં જિનવલ્લભને માટે 'આ ચૈત્યવાસીનો શિષ્ય છે' એમ કહેવાયું છે. તેમજ પ્રવ્રજ્યા દેવાવડે કરીને અને 'દિગ્બંધન કરવાવડે કરીને આત્મસાત્ એટલે

તપગચ્છનો કર્યો' એ પ્રમાણે પણ જણાવ્યું નથી. અને જો પ્રવ્રજ્યા દાન આદિ કર્યું હોત તો ચૈત્યવાસીના શિષ્યપણાના વ્યપદેશનો સંભવ જ ન હોત. એવી જ રીતે જિનવલ્લભસૂરિએ પણ કોઈપણ ઠેકાણે 'હું અભયદેવસૂરિનો શિષ્ય છું.' એ પ્રમાણે કહ્યું નથી. પરંતુ 'પોતાનું ચૈત્યવાસીના શિષ્યપણું જ જણાવ્યું છે.' કહેલું છે કે ''લોકોને અર્ચ્ય–પૂજનીય એવા કૂર્ચપૂર ગચ્છીય મહામેઘમાંથી ઉત્પન્ન થયેલ ઉજ્જવલ મોતીના જેવા જિનેશ્વરસૂરિ થયા. તે જિનેશ્વરસૂરિની ઉપસંપદા મેળવીને અને તેમનાથી શ્રુત પામીને જિનવલ્લભગણિ પૃથ્વીમાં પ્રસિદ્ધિને પામેલ છે.''

એ પ્રમાણે **અષ્ટસપ્તતિકા**માં પોતે જણાવેલ છે. અને આ વાત શ્રીઅભયદેવસૂરિ દેવલોક પામ્યા પછી ૩૦-૩૪ વર્ષ ગયા બાદ અર્થાત્–૧૧૬૪-ની સાલમાં ચિત્તોડના મહાવીરસ્વામીના પ્રાસાદની છાજલીની નીચે શિલા કોતરાવીને લખેલું છે.

અહિયા વિચારવા જેવું એ છે કે શ્રીઅભયદેવસૂરિ મહારાજના સ્વર્ગગમન બાદ–૩૦–અથવા ૩૪–વર્ષ ગયા પછી પણ જો 'પોતાના ગુરૂ તરીકે અભયદેવસૂરિને કહેવાયા નથી. તો ક્યારે કહેશે? અથવા તો ક્યારે તેનો પટ્ટધર થશે?' વળી ચૈત્યવાસને છોડી દીધા છતાં પણ ચૈત્યવાસી એવા જિનેશ્વરસૂરિને પોતાના ગુરુ તરીકે મોટા પ્રબંધે વર્ણવે છે. અને એ સિવાયના બીજા વર્ધમાનસૂરિ આદિને તો વર્ણવતાં જ નથી. એ પ્રમાણે **પ્રશ્નૈકષષ્ટિશતક** નામના ગ્રંથમાં કહેલું છે કેઃ—

**पाके धातुरवाचि कः क्व भवतो भीरोर्मनःप्रीतये ।**
**सालङ्कारविदग्धया वद कया रज्यन्ति विद्वज्जनाः ॥**
**पाणौ किं मुरजिद्विभर्त्ति भुवितं ध्यायन्ति के वा सदा ।**
**के वा मद्गुरवोऽत्र चारुचरणाः श्रीसुश्रुताः विश्रुताः ॥१॥**

પાચન ક્રિયામાં ક્યો ધાતુ વપરાયો છે? અને ભીરુ આત્માની મનની શાંતિ માટે શું હોય? અલંકારથી યુક્ત એવા કોના વડે વિદ્વદ્જનો રંજિત થાય? અને કૃષ્ણે હાથમાં શું ધારણ કરેલ છે? પૃથ્વીમાં લોકો કોનું ધ્યાન ધરી રહ્યાં છે? શ્રી અને સારા શ્રુતવાલા અને વિખ્યાત તેમજ ચારુચરણવાલા સારા ગુરુઓ કોણ છે? આ બધા પ્રશ્નોનો ઉત્તર શ્રીમદ્અભયદેવાચાર્ય છે. આ બધા પ્રશ્નોનો ઉત્તરરૂપે એવા અભયદેવસૂરિને ''સદ્ગુરુપણે'' સર્વ સાધારણ વાક્યોવડે કરીને વર્ણવેલાં છે નહિં કે પોતાના ગુરુપણાએ કરીને! અને ચૈત્યવાસી એવા જિનેશ્વરાચાર્યને તો પોતાના ગુરુ તરીકે વર્ણવેલાં છે તે આ પ્રમાણે :—

कः स्यादम्बुधिवारिवायसचिते क्व द्वीपिनं हंत्ययं ।
लोकः प्राह हय प्रयोगनिपुणैः कः शब्दधातुः स्मृतः ।
सूते पालयिताऽत्र दुर्धरतरः कः क्षुभ्यतेऽम्भोनिधेः ।
सूहि त्वं जिनवल्लभस्तुतिपदं कीदृग्विधाः के सताम् ? ॥१॥

આ શ્લોકમાં **"મારા ગુરુ જિનેશ્વરસૂરિ'** એ પ્રમાણે જિનવલ્લભ બોલ્યાં છે. ગુરુશિષ્યનો સંબંધ શ્રીજિનેશ્વરસૂરિ અને જિનવલ્લભસૂરિનો જ છે. નહિં કે અભયદેવસૂરિ અને જિનવલ્લભસૂરિનો!! એ પ્રમાણે જિનવલ્લભસૂરિના વચનથી જ જણાઈ આવે છે. વાદી પ્રશ્ન કરે છે કે "પહેલા કાવ્યના ચોથા ચરણમાં **"तस्योपसंपदमवाप्य ततः श्रुतं चेति** આ ચોથા પદને આશ્રીને અભયદેવસૂરિ અને જિનવલ્લભસૂરિનો સંબંધ 'ઉપસંપદાને આશ્રીને' જિનવલ્લભસૂરિવડે જ જણાવેલો છે તેનું કેમ?" જો આ પ્રમાણે પૂછતો હો તો તારી વાત સાચી છે પરંતુ 'તેવા પ્રકારના સંબંધનું અકિંચિત્કરપણું હોવાથી.' તે આ પ્રમાણે :–ઉપસંપન્નપણું, શ્રુત આશ્રીને જ જિનવલ્લભવડે કરીને કહેવાયું છે. અને તે વાત વિચારતાં દીક્ષા અંગીકાર કરવાપૂર્વક યોગઆદિના અનુષ્ઠાન કર્યા સિવાય જ સિદ્ધાંત વાચના સંભવી શકતી નથી. એ પ્રમાણેનું હોવાથી બાકી રહેલા એવા કર્મગ્રંથાદિ પ્રકરણ અને વ્યાકરણ આદિને આશ્રીને ઉપસંપદાપણું સંભવે છે. અને 'ચૈત્યવાસી હશે ત્યારે યોગ અનુષ્ઠાન કર્યું હશે?' એવી શંકા પણ ન કરવી. કારણ કે ગણધરસાર્ધશતકની અંદર જે વર્ણન કર્યું છે તેવા વર્ણન વિશિષ્ટ આત્માને યોગ્ય અનુષ્ઠાનનો અસંભવ હોવાથી. અને તેથી કરીને તેવા પ્રકારનાં કાંઈક શ્રુતને આશ્રીને ઉપસંપદાપણું સંભવતું હોવા છતાં પણ તેમાં આ બધી વાતો વિચારવા જેવી' છે.

હવે ઉપસંપદા બે પ્રકારે હોય છે. એક સાંભોગિક ઉપસંપદા અને બીજી વિસાંભોગિક ઉપસંપદા. તેમાં જે સાંભોગિક ઉપસંપદા પ્રાપ્ત થાય છે તે દિગ્બંધન આદિ વડે કરીને સમાન છે. અને તે સાંભોગિક ઉપસંપદા, એક જ ગચ્છ વિદ્યમાન હોવા છતાં પણ દીક્ષાદાતા આચાર્યની અપેક્ષાએ બીજા આચાર્યને આશ્રીને છે. અને તેથી કરીને તેની સાથેનો માંડલી આદિનો વ્યવહાર પોતાના શિષ્યની જેવો જ હોય છે. અને વિસાંભોગિક જે ઉપસંપદા છે તે તો ગચ્છાંતરીય હોય અને દિગ્બંધ આદિથી અસદશ હોય તેનો વિવક્ષિતકાર્ય પૂરતો જ શિષ્યપણાનો વ્યવહાર હોય છે. તે શ્રાવક આદિની જેવો જાણવો. શ્રાવકનો પણ વ્યવહાર, આગમને વિષે શિષ્યપણા તરીકે પ્રતિપાદન કરેલો છે. ઉત્તરાધ્યયનસૂત્ર–૭૫૯–સૂત્રમાં જણાવ્યું છે :-**'चंपाए पालिए नाम, सावए आसि वाणिए । महावीरस्स भगवओ, सीसो सो उ महप्पओ'**॥૧॥ ઉત્તરાધ્યયનસૂત્ર ૭૫૯

ચંપાનગરીની અંદર પાલિત નામનો વાણિજ્ય–વેપારી હતો જે, મહાત્મા મહાવીરનો શિષ્ય હતો.' ઉપસંપદા તો એક બાજુએ રહો. પરંતુ કાંઈક શિખામણ માત્ર આદિવડે કરીને એકપાક્ષિક (ગુરુ શિષ્યનો) સ્વીકારવડે કરીને પણ ગુરુ શિષ્યપણાનો વ્યવહાર પ્રવચનમાં પ્રસિદ્ધ છે. જેવી રીતે મહાવીર અને મંખલિપુત્રનો. મંખલિપુત્રને મહાવીરે દીક્ષા આપી નથી તેમ ઉપસંપદા પણ આપી નથી. શ્રાવક જ છે; પરંતુ કાંઈક તેવા પ્રકારના પ્રશ્નોત્તરના દાનમાત્રવડે શિક્ષા પામેલો છે. અને શીખેલો હોવાથી 'હું તમારો શિષ્ય છું.' એ પ્રમાણેના મંખલિપુત્રના વચનમાત્રનો સ્વીકાર કરવાવડે કરીને એક પાક્ષિક સ્વીકાર મહાવીરદેવે કર્યો છે. એ પ્રમાણે અભયદેવસૂરિ અને જિનવલ્લભસૂરિનો સંબંધ પણ અસંભવિત હોવા છતાં પણ કાંઈક રીતે સંભવિત ઉપસંપદા પ્રાપ્ત ગણાય; પરંતુ તે અકિંચિત્કર જ છે. તેથી કરીને જિનવલ્લભવડે કરીને પોતાનું ભિન્નગણ સંબંધીપણું જ જણાવવું પડેલ છે તે યુક્તિયુક્ત જ છે. અને સાંપ્રતકાલના આત્માઓ, જે પટ્ટધર આદિપણાનો સંબંધ પોકારે છે એ તો દેવતાયત્તપણાના જેવો=

ભૂતાવેશવાળા જેવો જાણવા. હવે ખરતર નામની ઉત્પત્તિનો ઉપસંહાર કરતાં જણાવે છે.

**तेणं जह नामदुगं, जिणदत्ता अह कमेण संजायं।**
**तह जिणदत्तकवाले, तउअं तिलयं च विहिलिहिअं॥५४॥**

જે કારણવડે કરીને ખરતર સિવાય પણ જિનવલ્લભ સુધીનાં બીજા બધા પણ જિનેશ્વરસૂરિથી ખરતર બિરુદને કહેતા નથી. અને તે કારણે કરીને જેમ ચામુંડિક અને ઔષ્ટ્રિક એ બે નામ જિનદત્તથી અનુક્રમે થયા એટલે કે ક્રમને ઓળંગ્યા સિવાય અર્થાત્ પહેલાં ચામુંડિક થયું. પછી ઔષ્ટ્રિક નામ થયું. તેવી જ રીતે એ જિનદત્તના કપાળે–લલાટે વિધાતાવડે કરીને ત્રીજું તિલકના જેવું જ **'ખરતર'** નામનું તિલક લખાયું. પૂર્વોક્ત કહેલ યુક્તિવડે કરીને જિનદત્તથી આ ત્રીજું નામ થયું. બીજા કોઈથી નહિં! આ વાત કોઈનાવડે પણ પરાવર્તન કરવું અશક્ય છે. અને એથી જ કરીને ખરતર મતનો આકર્ષક જિનદત્ત હોવાથી જ ''જિનદત્તનો કાયોત્સર્ગ કરવાનું'' પ્રતિક્રમણના અંતે થયું. (જો જિનદત્તથી જ ખરતરની ઉત્પત્તિ ન જ થઈ હોત તો ખરતરો પ્રતિક્રમણ પછી જિનદત્તનો જ કાઉસ્સગ્ગ કેમ કરે છે?) ॥ ગાથાર્થ ૫૪ ॥

હવે સિંહાવલોકન ન્યાયવડે કરીને પ્રસંગને સાનુકૂલ એવા વિચારને જણાવે છે.

**जिणवल्लहो अ कत्थवि, इअगाहाएऽवरद्धभागंमि।**
**नाहं तक्कुलजाओ, तंपि अ एअं विआरिज्जं॥५५॥**

પૂર્વે જે ૫૩મી ગાથામાં જણાવી ગયા. તેના છેલ્લાં ચરણમાં–ચોથા ચરણમાં 'હું તેના કુલમાં ઉત્પન્ન થયો નથી.' એ પ્રમાણે જે જિનવલ્લભે કહ્યું છે તે પણ હવે પછી કહેવાતા સ્વરૂપથી સમ્યક્ બુદ્ધિએ વિચારવા જેવું છે.

હવે તે વિચારણા જણાવે છે.

**एगारससयचउसट्ठीए, जिणवल्लहेण भणिअमिणं।**
**तस्सऽणुरूवविआरे, सड्ढसयं आलजालं व॥५६॥**

વિ. સં.–૧૧૬૪-માં જિનવલ્લભવડે આ પૂર્વે જણાવેલું અષ્ટસપ્તતિકામાંનું શ્રી અભયદેવસૂરિનું સ્વરૂપ જણાવાયું છે. તે અષ્ટસપ્તતિકાગત વર્ણનને અનુકૂલ વિચારણા કર્યે છતે ગણધર સાર્ધશતકની અને તેની વૃત્તિમાં કહેવાયેલ વર્ણન આળજાલની જેવું છે. અર્થાત્ ખોટું બોલવારૂપ છે. (ગપાષ્ટક જેવું જણાય છે.) ॥ ગાથાર્થ–૫૬ ॥ હવે જિનવલ્લભસૂરિના અષ્ટસપ્તતિકાના કથન અનુસાર વિચારણા કરે છે.

**सूरिम्मि दिवं पत्ते, तीसं वासाइं जाव चउ सूरी।**
**तेसु सिरिवद्धमाणो, पट्टहरो खरयरेणुत्तो॥५७॥**

શ્રીઅભયદેવસૂરિ મ. દેવલોક પામ્યે છતે ચાર સૂરિઓ ૩૦ વર્ષ સુધી વર્તતા હતા. તેમાં ખરતરોવડે વર્ધમાનસૂરિ પટ્ટધર કહેવાયા છે. અર્થાત્ અભયદેવસૂરિના પટ્ટધર વર્ધમાનાચાર્ય એ પ્રમાણે ગણધર સાર્ધશતકની વૃત્તિમાં ખરતરો વડે પણ કહેવાયું છે. ॥ ગાથાર્થ—૫૭ ॥

હવે જિનવલ્લભ કેવા પ્રકારના? તે કહે છે.

**जिणवल्लहो अ चेइअनिवासिनिस्साइ वट्टमाणोऽवि।**
**कहमंतरा पविट्ठो, पट्टधरत्तेण सूरिपए? ॥५८॥**

અને જિનવલ્લભસૂરિ ચૈત્યવાસી એવા જિનેશ્વરસૂરિની નિશ્રાએ જ વર્તવા છતાં પણ 'આચાર્ય પદવી અને શ્રીઅભયદેવસૂરિની પાટે પટ્ટધર તરીકે વચમાં કેવી રીતે પેઠા?' પેસવાના અવકાશનો અભાવ હોવા છતાં પણ બળાત્કારે ખરતરોવડે કરીને ઘૂસાડી દેવાયો છે!! જેવી રીતે વિવાહમહોત્સવને નહિં ઈચ્છતા એવા વાછરડા—વાછરડીનો વિવાહ ઓચ્છવ બ્રાહ્મણોવડે કરાય છે તેવી રીતે. પટ્ટધરના અભિપ્રાય રહિતના એવા શ્રીઅભયદેવસૂરિ અને જિનવલ્લભ હોવા છતાં પણ ખરતરના અપત્યોએ પટ્ટધરપણાનો વ્યવહાર પ્રવર્તાવી દીધો. ॥ ગાથાર્થ—૫૮ ॥

હવે ખરતરની રીતિ કહે છે.

**एवं जिणवल्लहओ, पुव्विंपिअ पट्टसूरिणो तेसिं।**
**जं उज्जोअणसूरी पुव्विं भेएवि कहमिक्को? ॥५९॥**

પૂર્વે કહેલા પ્રકારવડે કરીને જિનવલ્લભની જેમ જિનવલ્લભની પૂર્વેના પટ્ટધર આચાર્યો છે તેને પણ ખરતરોએ ખરતરો ગણાવ્યા છે. અને તેથી કરીને એ પૂર્વનો ભેદ હોવા છતાં પણ એક ઉદ્યોતનસૂરિને જ પટ્ટધર તરીકે કેમ સ્વીકાર્યા? અને ચકાર થી ઉદ્યોતસૂરિની પછીથી પણ પટ્ટધર પણાની ઘટના જ કરી છે. આ વાતનો ભાવાર્થ એ છે કે ઉદ્યોતનસૂરિની પૂર્વે જે સૂરિઓ પટ્ટધરપણે ખરતરોવડે કરીને કહેવાયા છે તે બીજાઓની પટ્ટાવલીમાં નથી. પરંતુ પ્રાયે કરીને ભિન્ન જ છે. અને એ પ્રમાણે હોયે છતે ઉદ્યોતનસૂરિને સર્વે ગચ્છોએ અવિવાદપણે સ્વીકાર્યા છે તે કેમ સંભવે?

**ખરતરની પટ્ટાવલી આ પ્રમાણે**

શ્રીમહાવીરસ્વામીની પાટે—

૧ શ્રી સુધર્માસ્વામીજી થયા.
૨ તેમની પાટે જંબુસ્વામી થયા.
૩ તેમની પાટે પ્રભવસ્વામી થયા.
૪ તેમની પાટે શય્યંભવસ્વામી થયા.
૫ તેમની પાટે યશોભદ્રસૂરિ થયા.
૬ તેમની પાટે સંભૂતિવિજય થયા.
૭ તેમની પાટે ભદ્રબાહુસ્વામી થયા.
૮ તેમની પાટે સ્થૂલભદ્રમુનિ થયા.
૯ તેમની પાટે આર્યમહાગિરિ થયા.
૧૦ તેમની પાટે આર્યસુહસ્તિસૂરિ થયા.
૧૧ તેમની પાટે શાંતિસૂરિ થયા.

૧૨ તેમની પાટે હરિભદ્રસૂરિ થયા.
૧૩ તેમની પાટે કાલિકાચાર્ય થયા.
૧૪ તેમની પાટે સાંડિલ્યસૂરિ થયા.
૧૫ તેમની પાટે રેવતીમિત્રસૂરિ થયા.
૧૬ તેમની પાટે શ્રીધર્મસૂરિ થયા.
૧૭ તેમની પાટે શ્રી શ્રીગુપ્તસૂરિ થયા.
૧૮ તેમની પાટે શ્રીસમુદ્રસૂરિ થયા.
૧૯ તેમની પાટે આર્યમંગુસૂરિ થયા.
૨૦ તેમની પાટે આર્યસુધર્મસૂરિ થયા.
૨૧ તેમની પાટે શ્રીગુપ્તસૂરિ થયા.
૨૨ તેમની પાટે શ્રીવજ્રસ્વામી થયા.
૨૩ તેમની પાટે આર્યરક્ષિતસૂરિ થયા.
૨૪ તેમની પાટે દુર્બલિકાપુષ્પમિત્ર થયા.
૨૫ તેમની પાટે આર્યનંદસૂરિ થયા.
૨૬ તેમની પાટે આર્યનાગહસ્તિસૂરિ થયા.
૨૭ તેમની પાટે આર્યરેવતીસૂરિ થયા.
૨૮ તેમની પાટે આર્યબ્રહ્મદ્વીપિસૂરિ થયા.
૨૯ તેમની પાટે સંડિલ્લસૂરિ થયા.
૩૦ તેમની પાટે હિમવંતસૂરિ થયા.
૩૧ તેમની પાટે નાગાર્જુનવાચક થયા.
૩૨ તેમની પાટે ગોવિંદવાચક થયા.
૩૩ તેમની પાટે સંભૂતદિન્નસૂરિ થયા.
૩૪ તેમની પાટે લોહિતસૂરિ થયા.
૩૫ તેમની પાટે શ્રી હર્ષસૂરિ થયા.
૩૬ તેમનીી પાટે ઉમાસ્વાતિવાચક થયા.
૩૭ તેમની પાટે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ
૩૮ તેમની પાટે શ્રીહરિતભદ્રસૂરિ થયા.
૩૯ તેમની પાટે દેવસૂરિ થયા.
૪૦ તેમની પાટે નેમિચંદ્રસૂરિ થયા.
૪૧ તેમની પાટે ઉદ્યોતનસૂરિ થયા.
૪૨ તેમની પાટે વર્ધમાનસૂરિ થયા.
૪૩ તેમની પાટે જિનેશ્વરસૂરિ થયા.
૪૪ તેમની પાટે જિનચંદ્રસૂરિ થયા.
૪૫ તેમની પાટે શ્રીઅભયદેવસૂરિ થયા.
૪૬ તેમની પાટે શ્રીજિનવલ્લભસૂરિ થયા.
૪૭ તેમની પાટે શ્રીજિનદત્તસૂરિ થયા.
૪૮ તેમની પાટે શ્રીજિનચંદ્રસૂરિ થયા.

૪૯ તેમની પાટે જિનપતિસૂરિ થયા, કે જે ખરતરગચ્છના પ્રચારના સૂત્રધાર હતાં અને ભંડારી નેમિચંદ્રે પરીક્ષા કરેલા એવા હતા.

૫૦ તેમની પાટે જિનેશ્વરસૂરિ થયા.
૫૧ તેમની પાટે જિનપ્રબોધસૂરિ થયા.
૫૨ તેમની પાટે જિનચંદ્રસૂરિ થયા.
૫૩ તેમની પાટે જિનકુશલસૂરિ થયા.
૫૪ તેમની પાટે જિનપદ્મસૂરિ થયા.
૫૫ તેમની પાટે જિનલબ્ધિસૂરિ થયા.

આમને આચાર્ય પદ તરૂણપ્રભાચાર્યે વિ. સં. ૧૪૦૦માં આપેલ, અને ૧૪૦૬માં તેઓ દેવલોક પામ્યા. ત્યાર પછી ૫૬—તેમની પાટે શ્રીજિનચંદ્રસૂરિ થયા એની પણ આચાર્ય પદવી તરુણપ્રભાચાર્યે ૧૪૦૬માં કરી છે.

૫૭—આ જિનચંદ્રસૂરિની પાટે જિનોદયસૂરિ થયા.
૫૮—તેમની પાટે જિનરાજસૂરિ થયા.
૫૯—તેમની પાટે જિનવર્ધનસૂરિ થયા.
૬૦—તેમની પાટે જિનચંદ્રસૂરિ થયા.

૬૧—તેમની પાટે જિનહંસસૂરિ વિદ્યમાન છે. એ પ્રમાણેની તે ખરતરપટ્ટાવલીમાં ઘણાં અસંબદ્ધ વાક્યો છે. જે આ પ્રમાણે—

શ્રીવજસ્વામીથી આરંભીને જિનદત્તસૂરિ સુધીમાં ઘણાંઓનો ગુરુ શિષ્યના સંબંધનો અભાવ હોવા છતાં પણ અને પટ્ટધારીપણું નહિ આપ્યું હોવા છતાં પણ પટ્ટધર તરીકે લખેલા દેખાય છે. એટલે પટ્ટધર તરીકે સ્થાપેલ છે. તે આ પ્રમાણે :—

પહેલાં તો જિનદત્ત, જિનવલ્લભના પટ્ટધરપણે સંપન્ન છે. પરંતુ તે નહિં દીધેલા પટ્ટધારી તરીકે જ છે. ''જિનવલ્લભવડે કરીને જિનદત્તને પોતાની પાટે સ્થપાયો નથી. અથવા તો વાચા માત્રથી પણ અનુજ્ઞા આપેલ નથી. તેમજ દિગ્બંધ આદિવડે કરીને શિષ્ય તરીકે સ્વીકારાયો નથી.'' પરંતુ જિનદત્તે પોતેજ આંખના રસ્તે=જિનવલ્લભની આંખે ચઢ્યા સિવાય ધૂતારાના વાક્યની જેમ 'જિનવલ્લભનો પટ્ટધર હું છું.' એમ વચન ઉદ્ભવાવીને–પ્રગટ કરીને પટ્ટધરપણું નહિં દીધેલું હોવા છતાં પણ પટ્ટધર થઈ ગયો! એમ નહિ કહેવું કે 'દેવભદ્રાચાર્યે તેમને પટ્ટધર બનાવ્યો.' તેનો એટલે જિનવલ્લભના પટ્ટધરપણાને આશ્રીને દેવભદ્રાચાર્યનું દારિદ્ર્યપણું હોવાથી કેવી રીતે પટ્ટધરપણું આપી શકે?

વળી તે જિનવલ્લભની પણ અનુજ્ઞાનો પણ અભાવ હોવા વડે કરીને નહિં દીધેલી વસ્તુનો સ્વીકાર કરી બીજાને દાન કરવું એ અનુચિત છે. એ પણ વિચારણીય છે. અને અદત્ત છે એમ જાણ્યા પછી પણ ગ્રહણ કરવામાં અને દાન દેવામાં બન્નેને અદત્તાદાન જ છે. વળી બીજી વાત–દેવભદ્રનું શું જતું હતું કે પારકાનું નહિં દીધેલું હોવા છતાં પણ સ્વીકારીને તે બીજાને આપી દે છે?

વળી જિનવલ્લભની આચાર્ય પદવી ખરતરો વડે કરીને જ પોતાના પ્રકરણ આદિમાં લખેલી દેખાય છે. અને તે લખવું તેનું તો અકિંચિત્કરત્વ હોવાથી પૂર્વે દેખાડેલું છે. અને ભવિષ્યમાં બીજું પણ દેખાડીશું.

વળી આજના આધુનિકોએ કોઈક ઠેકાણે 'જિનવલ્લભસૂરિ ખરતર છે' પ્રમાણે લખી નાંખેલ છે. પરંતુ તે વાત જિનદત્તના અપત્યોનો અનુવાદ માત્ર હોવાથી અનાભોગે લખાયું જાણવું.

તેથી કરીને ૧૨૦૪–વર્ષ પછી લખાએલું છે માટે વિશ્વાસ ન કરવો; પરંતુ તેની પહેલાના બની ગયેલા ગ્રંથોની અંદર લખેલું છે તેમાં વિશ્વાસ કરવો. વળી ઘણાં કાલે ભમતા એવા જિનવલ્લભવડે કરીને કોઈને પણ દીક્ષા આપી શકાયી ન હોવાથી મારો આ કુમત આગળ કેવી રીતે ચાલશે? એ પ્રમાણે જિનવલ્લભનું પણ આવું અનુમાન જાણવું. આવું અનુમાન અસંભવિત પણ નથી.

પ્રાયઃ કરીને પાપ કર્યા બાદ ઘણાં માણસો પશ્ચાત્તાપવાળા થાય જ છે. જેમ મંખલિપુત્ર–(ગોશાલો); એવી રીતે સાંપ્રતકાલમાં પણ જણાય છે. જેવી રીતે બીજામતીય ધર્મદાસે ચિત્તોડ જઈને 'મારા સમુદાયને પ્રતિબોધ કરીને શ્રીઆનંદવિમલસૂરિને ગુરુપણે સ્વીકારીશ.' એ પ્રમાણે પં૦ શ્રુતસમુદ્રની સાક્ષીએ પ્રતિજ્ઞા કરીને ચિત્તોડગઢમાં ગયા. ત્યાં ચિત્તોડમાં તેના શ્રાવકોએ ખાનગીમાં એવું દબાણ કર્યું કે જેથી બોલી શકવાને માટે સમર્થ ન રહ્યા. તેવી જ રીતે **પાશચંદ્રે** પણ શ્રીપતિગણિની સાક્ષીએ પ્રતિજ્ઞા કરી હતી કે 'હું મારા સમુદાયની સાથે વિચારણા કરીને આનંદવિમલસૂરિનો આશ્રય સ્વીકારીશ.' આ કહીને જોધપુર ગયા. અને જોધપુરના એના શ્રાવકોએ એવું દબાણ કર્યું કે જેથી તે

મૌન કરીને જ બેસી ગયા! તેથી કરીને શરુ કરેલો જે કુમત તે કુમત પ્રવર્તાવનારને આધીન નથી; પરંતુ તેના પ્રતિબોધિત થયેલા ગૃહસ્થોને જ આધીન હોય છે. લોંકામતના મુખ્ય એવા **મેઘજીઋષિ** આદિએ લોંકામતનો ત્યાગ કર્યો તો પણ લોંકાના પ્રતિબોધિત થયેલા એવા શ્રાવકોએ એ મત છોડ્યો નથી! એટલું જ નહિ પરંતુ એવા તેના પક્ષકારોએ મજબૂત થઈને વિશેષે કરીને લોંકાવેશધારીને નિયંત્રિત કર્યા છે. એ સર્વજનપ્રતીત છે. એવી જ રીતે આ ખરતર મતને વિષે પણ જાણવું. જો એમ ન હોય તો જિનવલ્લભસૂરિ પરલોક ગયા બાદ બે વર્ષ સુધી આશ્રયરહિત થયેલા એવા કેવળ શ્રાવકોએ પણ શ્રીઅભયદેવસૂરિના સંતાનીયા એવા સંવિગ્ન સાધુઓ વિદ્યમાન હોયે છતે પણ સોમચંદ્ર નામના દ્રવ્યલિંગીને આચાર્ય બનાવવા પૂર્વક નિઃસ્વામી એવા પોતાના સમુદાયને સ્વસ્વામી બનાવતા જે આજ સુધી પ્રવાહમાં પડેલું દેખાય છે. આ તો તમને દિગ્દર્શન માત્ર બતાવ્યું. બાકી તો પોતાની બુદ્ધિએ ઘણું વિચારવા જેવું છે.

તેવી જ રીતે જિનદત્તની જેમજ જિનવલ્લભસૂરિનું જે અભયદેવસૂરિ મ. નું પટ્ટધરપણું જણાવાયું છે તે પણ અદત્ત જ છે. કારણ કે વિસાંભોગિક વ્યવહારવાળાને પટ્ટધરપણું સંભવતું નથી. અને તેનું વિસાંભોગિકપણું **"ખોલડીઓ જિનવલ્લભ"** ઈત્યાદિ વચનવડે કરીને ગવાતા ગીતો વડે કરીને સર્વજનને પ્રતીત જ છે. કારણ કે તેના જ ખરતરવાળાઓ જ કહે છે કે 'અભયદેવસૂરિની પાસે ભણવા છતાં પણ બીજી તૃણકુટીર–ઝૂંપડી આદિમાં જઈને જિનવલ્લભ આહાર કરતાં હતા.' પરંતુ જિનદત્તની અપેક્ષાએ એટલું વિશેષ જાણવું કે 'ખરતરના અમુદાયવડે કરીને જિનવલ્લભસૂરિ અભયદેવસૂરિના પટ્ટધર તરીકે કલ્પાયો છે. જ્યારે જિનદત્તસૂરિ તો પોતાના આત્માને પોતાના મોઢે જ જિનવલ્લભનો પટ્ટધર કહેવડાવે છે.' તેવી જ રીતે 'અભયદેવસૂરિને જિનચંદ્રસૂરિના પટ્ટધર કહ્યાં છે. તે પણ અયુક્ત છે.' કારણ કે જિનચંદ્રવડે કરીને તો પોતાની પાટે પ્રસન્નચંદ્રને સ્થપાયો છે.

★ અભયદેવસૂરિ નથી તો તેમના શિષ્ય.

★ નથી તો તેમને જિનચંદ્રસૂરિએ ભણાવેલ.

★ નથી તો તેમની આચાર્ય પદવી આપેલ; પરંતુ જિનચંદ્રના ગુરુભાઈ જિનેશ્વરસૂરિએ જ જેમ જિનચંદ્રને દીક્ષા આપી છે તેમ અભયદેવને દીક્ષા આપી છે, ભણાવેલ છે અને આચાર્યપદ આપેલ છે. જેમ સુધર્માસ્વામી, શ્રીગૌતમસ્વામીના પટ્ટધર નથી; પરંતુ મહાવીરદેવના જ છે. તેવી જ રીતે આ અભયદેવસૂરિ પણ જિનેશ્વરસૂરિના જ પટ્ટધરયુક્ત છે. નહિ કે ખરતરના લખ્યા પ્રમાણે જિનચંદ્રના પટ્ટધર!! તેવી જ રીતે ખરતર પટ્ટાવલીમાં ઉદ્યોતનસૂરિના પટ્ટધર તરીકે શ્રીવર્ધમાનસૂરિ લખ્યા છે, તે પણ અયુક્ત છે. કારણ કે ઉદ્યોતનસૂરિએ પોતાના શિષ્ય સર્વદેવસૂરિને પોતાની પાટે સ્થાપ્યા છે. વર્ધમાનસૂરિ તો ચૈત્યવાસનો ત્યાગ કરીને ઉદ્યોતનસૂરિ પાસે દીક્ષા ગ્રહણ કરીને વિસાંભોગિકપણે રહીને જ યોગ અનુષ્ઠાપૂર્વક સૂત્ર વાંચના ગ્રહણ કરી છે. છતાં પણ ઉદ્યોતનસૂરિની આજ્ઞાવડે જ વિહાર કરતાં હતાં.

એથી જ કરીને શ્રીવર્ધમાનસૂરિના સંતાનીયા એવા અભયદેવસૂરિ વર્ધમાનસૂરિ આદિવડે કરીને

તેમજ વર્ધમાનસૂરિના સંતાનીયા નહિ હોવા છતાં પણ જિનવલ્લભસૂરિએ પણ પોતાના કરેલા ગ્રંથોની પ્રશસ્તિ આદિમાં વર્ધમાનસૂરિ સુધીની જ પટ્ટપરંપરા લખેલી છે. નહિં કે તેની પહેલાના પણ આચાર્યની મર્યાદા બાંધીને પટ્ટપરંપરા લખેલી નથી. આમ કરવામાં શું કારણ? એમ જો પૂછતો હો તો સાંભળ! તેના પ્રાચીન આચાર્યો ચૈત્યવાસી હતા. તેથી તેનું નામ ગોઠવવું યોગ્ય નથી. અને ઉદ્યોતનસૂરિ તો વિસાંભોગિકપણાના કારણે પટપરંપરામાં લખવું અશક્ય હતું એમ જાણવું.

અને સાંપ્રતકાલે જે જિનદત્તના સંતાનીયાઓ લખે છે તેમાં ચૈત્યવાસીનું સંતાનપણું લજ્જા કરનાર નથી. એ પ્રમાણે માનીને સંબંધમાત્રે કરીને પટ્ટધરત્વની કલ્પના જાણવી.

તેવી જ રીતે જેઓની પટ્ટાવલીમાં ઉદ્યોતનસૂરિ પટ્ટધરપણે લખેલા છે તે બધાઓની પટ્ટાવલી સુધર્મા સ્વામીથી આરંભીને સરખી જ દેખાય છે. જેવી "મડાહડ" ગચ્છની પટ્ટાવલી, તેવી જ રીતે પૌર્ણમીયક આદિ કુપાક્ષિકો પણ જે નીકળેલા છે તે બધાયમાં પણ ઉદ્યોતનસૂરિથી સુધર્માસ્વામી સુધીની પટ્ટાવલીમાં ભેદ નથી.

અને ખરતરની પટ્ટાવલીમાં તો તેના અનુકરણની ગંધનો લેશ પણ નથી. એટલું જ નહિં પરંતુ–જે જે યુગપ્રધાનત્વ આદિ ગુણોવડે કરીને વિખ્યાત હતા તે બધાયને ગુરુ શિષ્યનો સંબંધ ન હોવા છતાં પણ અનુક્રમે, વ્યતિક્રમે અને અનનુક્રમે આંધળાંના યુદ્ધની જેમ સમુદાયરૂપે ભેગાં કરીને (પાટપરંપરાની) સંખ્યાવૃત્તિ પૂરી કરી દીધી છે.

તમે કહો છો તે અંધયુદ્ધન્યાય કેવી રીતે? એમ પૂછતો હો તો સાંભળ. બધાજ સમુદાયો વડે કરીને જે ચાંદ્રકુલ વર્ણવાયું છે તે ચાંદ્રકુલ, ચંદ્રસૂરિથી ઉત્પન્ન થયું છે. અને એ ચંદ્રસૂરિ વજ્રસેનસ્વામીના શિષ્ય છે. અને બીજા ઉદયના પહેલાં આચાર્ય છે. તેથી જ તે બન્નેને આમાં લખ્યા નથી. તેવી જ રીતે કોટિક અને તે ગણના નામના કારણભૂત એવા સુસ્થિતસૂરિ અને સુપ્રતિબદ્ધસૂરિના પણ નામ લખ્યા નથી. તેવી જ રીતે ઉમાસ્વાતિ વાચકની પાટે શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ લખ્યા છે. તે બન્નેનો ગુરૂશિષ્યનો સંબંધ ન હોવા છતાં પણ કાલનો વ્યત્યય કરવા માટે કહેલું છે.

એ પ્રમાણે શ્રીવજ્રસ્વામીની પહેલાના આર્યસુહસ્તિસૂરિ સુધીના પટ્ટધરો લખ્યા છે તે બધા ખરતરોએ વિકલ્પેલાં ગોઠવેલા છે; પણ તે પારમાર્થિક નથી. તેવી જ રીતે સંભૂતિવિજય અને ભદ્રબાહુસ્વામીનો. તથા શ્રી આર્ય મહાગિરિ અને આર્યસુહસ્તિ સ્વામી. ગુરુભાઈઓનું પૃથક પટ્ટધરપણું કહ્યું છે તે પણ અસંગત છે. તેવી જ રીતે શ્રીવજ્રસ્વામીથી આરંભીને શ્રીઉદ્યોતનસૂરિ સુધીના જે પટ્ટધરો કહેલાં છે તે બધા પટ્ટધરપણે વિકલ્પીને લખેલાં છે. વજ્રસ્વામીથી ઉદ્યોતનસૂરિ સુધીના પૂજ્યો મહાનુભાવો હોવા છતાં પણ પટ્ટધરો નથી એ પ્રમાણે જાણવું.

વળી બીજી વાત :–પ્રભાવક ચરિત્રના અનુસારે શ્રીનાગહસ્તિ આદિ કેટલાક મહાત્માઓ વિદ્યાધર શાખા સંબંધીના છે. તે પણ પોતાની ખરતર પટ્ટાવલીમાં લખી નાંખ્યા છે. અને બોલે છે કે 'હું ચંદ્રગચ્છીય છું.' ઈત્યાદિ : આ ખરતરની પટ્ટાવલીમાં ઘણું કહેવા જેવું છે. તેથી કરીને આ ખરતર પટ્ટાવલીનો વિચાર કરતાં છતાં દહિં અને અડદના ભોજનમાં કાળા (અડદ) કેટલાં વીણવાં?

એ ન્યાયને પ્રાપ્ત થયેલા એવા દૂષણો કેટલા કહેવા? માટે સ્વયં સમજી લેવા. તેથી કરીને ઉદ્યોતનસૂરિને આશ્રયે રહેવાવાળાઓને બહુસંમત એવી અમારી પટ્ટાવલી જ યુક્ત છે. તે પટ્ટાવલી જણાવીએ છીએ. તે આ પ્રમાણે—

## તપગચ્છપટ્ટાવલી

૧ શ્રી મહાવીરસ્વામીની પાટે
૨ શ્રી સુધર્માસ્વામીજી થયા.
૩ તેમની પાટે જંબુસ્વામી થયા.
૪ તેમની પાટે પ્રભવસ્વામી થયા.
૫ તેમની પાટે શય્યંભવસ્વામી થયા.
૬ તેમની પાટે યશોભદ્રસૂરિ થયા.
૭ તેમની પાટે સંભૂતિવિજય અને શ્રીભદ્રબાહુસ્વામી થયા.
૮ તેમની પાટે શ્રીસ્થૂલભદ્રસ્વામી થયા.
૯ તેમની પાટે આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિસૂરિ થયા.
૧૦ તેમની પાટે સુસ્થિત અને સુપ્રતિબુદ્ધ થયા.
૧૧ તેમની પાટે ઈન્દ્રદત્તસૂરિ થયા.
૧૨ તેમની પાટે શ્રીદિન્નસૂરિ થયા.
૧૩ તેમની પાટે શ્રીસિંહગિરિ થયા.
૧૪ તેમની પાટે શ્રીવજ્રસ્વામી થયા.
૧૫ તેમની પાટે શ્રીવજ્રસેનસૂરિ થયા.
૧૬ તેમની પાટે શ્રીચંદ્રસૂરિ થયા.
૧૭ તેમની પાટે શ્રીસામંતભદ્રસૂરિ થયા.
૧૮ તેમની પાટે શ્રીવૃદ્ધદેવસૂરિ થયા.
૧૯ તેમની પાટે શ્રીપ્રદ્યોતનસૂરિ થયા.
૨૦ તેમની પાટે શ્રીમાનદેવસૂરિ થયા.
૨૧ તેમની પાટે માનતુંગસૂરિ થયા.
૨૨ તેમની પાટે શ્રીવીરસૂરિ થયા.
૨૩ તેમની પાટે શ્રીજયદેવસૂરિ થયા.
૨૪ તેમની પાટે દેવાણંદસૂરિ થયા.
૨૫ તેમની પાટે શ્રીવિક્રમસૂરિ થયા.
૨૬ તેમની પાટે નરસિંહસૂરિ થયા.
૨૭ તેમની પાટે શ્રીવિક્રમસૂરિ થયા.
૨૮ તેમની પાટે માનદેવસૂરિ થયા.
૨૯ તેમની પાટે વિબુધસૂરિ થયા.
૩૦ તેમની પાટે જયાનંદસૂરિ થયા.
૩૧ તેમની પાટે શ્રીરવિપ્રભસૂરિ થયા.
૩૨ તેમની પાટે યશોદેવસૂરિ થયા.
૩૩ તેમની પાટે પ્રદ્યુમ્નસૂરિ થયા.
૩૪ તેમની પાટે શ્રીમાનદેવસૂરિ થયા.
૩૫ તેમની પાટે વિમલચંદ્રસૂરિ થયા.
૩૬ તેમની પાટે ઉદ્યોતનસૂરિ થયા.
૩૭ તેમની પાટે સર્વદેવસૂરિ થયા.
૩૮ તેમની પાટે શ્રીદેવસૂરિ થયા.
૩૯ તેમની પાટે શ્રીસર્વદેવસૂરિ થયા.
૪૦ તેમની પાટે શ્રીયશોભદ્રસૂરિ અને નેમિચંદ્રસૂરિ થયા.
૪૧ તેમની પાટે મુનિચંદ્રસૂરિ થયા.
૪૨ તેમની પાટે અજિતદેવસૂરિ થયા.
૪૩ તેમની પાટે વિજયસિંહસૂરિ થયા.
૪૪ તેમની પાટે સોમપ્રભસૂરિ અને શ્રીમણિરત્નસૂરિજી થયા.
૪૫ તેમની પાટે શ્રીજગત્ચંદ્રસૂરિ થયા.
૪૬ તેમની પાટે દેવેન્દ્રસૂરિ થયા.
૪૭ તેમની પાટે ધર્મઘોષસૂરિ થયા.
૪૮ તેમની પાટે સોમપ્રભસૂરિ થયા.
૪૯ તેમની પાટે સોમતિલકસૂરિ થયા.
૫૦ તેમની પાટે દેવસુંદરસૂરિ થયા.

૫૧ તેમની પાટે શ્રીજ્ઞાનસાગરસૂરિ થયા.
૫૨ તેમની પાટે શ્રીકુલમંડનસૂરિ થયા.
૫૩ તેમની પાટે સોમસુંદરસૂરિ થયા.
૫૪ તેમની પાટે મુનિસુંદરસૂરિ થયા.
૫૫ તેમની પાટે રત્નશેખરસૂરિ થયા.
૫૬ તેમની પાટે લક્ષ્મીસાગરસૂરિ થયા.
૫૭ તેમની પાટે સુમતિસાધુસૂરિ થયા.
૫૮ તેમની પાટે હેમવિમલસૂરિ થયા.
૫૯ તેમની પાટે આણંદવિમલસૂરિ થયા.
૬૦ તેમની પાટે વિજયદાનસૂરિ થયા.

તેમની પાટે ૬૧ શ્રીહીરવિજયસૂરિ વિદ્યમાન વર્તે છે. એ પ્રમાણે તપાગણ સંબંધીની પટ્ટાવલી ઉદ્યોતનસૂરિને આશ્રીને સર્વ ગણવાલાઓની પટ્ટાવલી સમાન છે અને ઉદ્યોતનસૂરિની પાટે શ્રી સર્વદેવસૂરિ થયા. અને તે બૃહદ્ગચ્છના હેતુરૂપ છે એ પણ બહુસંમત છે. ખરતરોવડે તો પોતાની જાતિના ઉદ્ભવેલા સ્વર વડે કરીને સાંભળનારાઓને કાનમાં કડવું લાગે તેવું બોલેલ છે. (ભૂકેલ) છે એમ જાણવું. ॥ ગાથાર્થ-૫૯ ॥

હવે જિનદત્તના મતમાં જે તાપ્તર્ય રહેલું છે તે જણાવે છે.

**पायं जिणदत्तमए, आयारो एस अण्णहा लिहणं।**
**तंपिअ कत्थवि ऊणं, अहिअं वा अहव विवरीअं॥६०॥**

જિનદત્તના મતને વિષે બહુલતાએ કરીને એવો આચાર છે કે—અન્યથા જ લખવું અને લખવામાં પણ પૂર્વાપર સંબંધ વગરનું અને ઘટતું કે અઘટતાના વિચારશૂન્ય એવા ખરતરો છે એમ જાણી લેવું. અને તે લખાણ પણ કંઈક ઉણું, કંઈક અધિક અને કંઈક વિપરીત એમ ત્રણ પ્રકારનું હોય છે. અને આ ત્રણે પ્રકાર ઉત્સૂત્રપણાના ઉદ્ઘાટન-પ્રસંગે અમે કહીશું. ॥ ગાથાર્થ ૬૦ ॥

હવે ખરતરના ત્રણ નામની ઉત્પત્તિની સિદ્ધિમાં ખરતર શંકા કરે છે કે :—

**णणु जिणवल्लहसूरी, पसंसिओ तुम्ह पुव्वसूरीहिं।**
**तेणं तद्दोसवयं, अलिअं न विअत्ति वत्तव्वं॥६१॥**

વાદી પ્રશ્ન કરે છે કે ખરતર જિનવલ્લભસૂરિ તો તમારા પૂર્વસૂરિઓ વડે કરીને પ્રશંસાયેલા છે અને તે કારણે કરીને તે જિનવલ્લભસૂરિને વિષે દોષો ઉદ્ભવવાવાળું એવું વચન બોલવું તે પાપ હેતુ છે. માટે નહિં જ બોલવું જોઈએ. ॥ ગાથાર્થ-૬૧ ॥

આ પ્રમાણેની પારકાની (ખરતરની) શંકાવાળું વચન અસત્ય છે. તેમાં હેતુ જણાવે છે.

**जिणवल्लहो अ सूरी, पसंसिओ जो अ पुव्वसूरीहिं।**
**सो खरयरअंगिकया भिन्नो, नियमेण विण्णेओ॥६२॥**

પ્રસિદ્ધ એવા મલયગિરિસૂરિ આદિવડે કરીને કર્મગ્રંથની વૃત્તિમાં જે જિનવલ્લભસૂરિ પ્રશંસાયેલ છે. તે જિનદત્તસૂરિના મતની ઉત્પત્તિ પહેલાના કાળમાં વખણાયેલ છે. **અને તે ખરતરોના જિન વલ્લભસૂરિથી ભિન્ન જ જાણવા.** ॥ ગાથાર્થ ૬૨ ॥ હવે ભિન્ન હોવાના વિષે જે હેતુ પ્રયોજાયેલા છે તેમાં યુક્તિને જણાવે છે.

**तस्स रामदेवो सीसो, छासीइ चुण्णिकारो अ।**
**कल्लाणगसंथवणे, पंचेव जिणिंदवीरस्स॥६३॥**

જે કારણથી ખરતરોએ સ્વીકારેલા જિનવલ્લભસૂરિથી ભિન્ન એવા આ જિનવલ્લભસૂરિ 'ષડશીતિ' ચૂર્ણિકાર કે જે જિનવલ્લભસૂરિએ કરેલા ષડશીતિકર્મગ્રંથની ચૂર્ણિના કર્તા જિનવલ્લભસૂરિના જ રામદેવ નામનો શિષ્ય હતો. જે વાત ષડશીતિચૂર્ણિમાં કહેલ છે. આવા પ્રકારનો શિષ્ય, ખરતરોએ સ્વીકારેલા ચૈત્યવાસીના શિષ્ય જે જિનવલ્લભ છે તેનો તો શિષ્ય કોઈપણ નહોતો.

એ પ્રમાણે ખરતરેજ તેનો બીજો શિષ્ય ગણ્યો છે. બીજો કોઈ નહિં. તેમજ એમણે માન્ય કરેલા જિનવલ્લભે કોઈને પણ દીક્ષા આપી નથી. તેમજ તેને આવીને કોઈ શિષ્ય મલ્યો નથી.

વળી બીજી વાત :—એવા પ્રકારના બહુશ્રુત એવા શિષ્ય વિદ્યમાન હોયે છતે કોઈનાવડે પણ નહિં જણાયેલો અને વિસંભોગિક એવો સોમચંદ્ર નામનો દ્રવ્યલિંગી અને જે સોમચંદ્ર જિનદત્તના નામે આચાર્ય થઈને જિનવલ્લભસૂરિનો પટ્ટધર કેવી રીતે થઈ ગયો? એ વાત આંખ મીંચીને બરોબર વિચાર કરો. તેવી જ રીતે કલ્યાણક સ્તવનની અંદર–

**सम्मं नमिऊण जिणे, चउवीसं तेसिं चेव पत्तेअं।**
**वुच्छं चुइ-१ जम्म-२ दिक्खाइ-३ णाणं-४ निव्वाण-कल्लाणे-५॥१॥**

★ જિનવલ્લભસૂરિના શિષ્ય રામદેવે ''સમ્યગ્ પ્રકારે ચોવીશ જિનેશ્વરોને નમસ્કાર કરીને પ્રત્યેક તીર્થંકરોના ચ્યવન, જન્મ, દીક્ષા, જ્ઞાન અને નિર્વાણ કલ્યાણકને કહીશ.

'કારતક વદ પાંચમને દિવસે' ઇત્યાદિ કલ્યાણક સ્તવનની અંદર મહાવીરદેવના પાંચ જ કલ્યાણકો કહ્યાં છે.

અને ખરતરોને સંમત એવા જિનવલ્લભનું તો ખભા ઉછાળવાપૂર્વક છ કલ્યાણકનું સ્થાપનપણું સર્વજનવિદિત અને ગણધરસાર્ધશતકમાં સવિસ્તર જણાવેલું છે. અને ખરતરોને તે અભિમત છે. અને એ પ્રમાણે સર્વજનપ્રતીત યુક્તિઓ વડે કરીને પૂર્વાચાર્યોએ સ્તવેલ આ જિનવલ્લભ જૂદોજ જાણવો. ॥ ગાથાર્થ-૬૩ ॥

હવે તે જિનવલ્લભ કેવા પ્રકારનો છે તે જણાવે છે.

**सो अभयदेवसीसो, संभोई अहव सम्मओ समए।**
**तेणं तक्कयपगरण—पमुहंपि पमाणपयपत्तं॥६४॥**

તે જિનવલ્લભ અભયદેવસૂરિનો શિષ્ય, સંભોગિ કે સ્વહસ્ત દીક્ષિત નથી. ઉપસંપન્ન પણ નથી અથવા ઉપસંપદા પ્રાપ્ત હોવા છતાં પણ સાંભોગિક હોવાથી તીર્થ સંમત છે. નહિં કે ખરતરે અંગીકાર કરેલા અને ઉત્સૂત્રપ્રરુપણારસીક એવા જિનવલ્લભની જેમ : જેથી કરીને આ પ્રમાણે છે તે કારણવડે કરીને તે જિનવલ્લભકૃત પ્રકરણ આદિ પ્રમાણપદને પામેલ છે. અર્થાત્ તીર્થે પ્રામાણીક તરીકે સ્વીકારેલ છે. જિનવલ્લભસૂરિના કરેલા પ્રકરણો, 'ખરતરે માન્ય કરેલા જિનવલ્લભસૂરિના બનાવેલા છે. એમ ખરતરોવડે કરીને કહેવાય છે. અને બીજાઓમાં પણ તેવી પ્રતીતિ છે તેનું કેમ?' એમ જો કહે તો હો તો તારું કહેવું બરાબર છે 'ખોટું બોલવું ને ખોટું લખવું અને તેમાં શંકારહિતપણું ખરતરોનું સ્વભાવસિદ્ધ છે.' એ પહેલાં જ અમે કહેલું છે. અને **"जिणमइसूरि"** એ ગાથામાં અમે જણાવીશું.

ખરતરોનો તેવા પ્રકારનો સ્વભાવ જેમનાવડે કરીને સમ્યગ્ પ્રકારે જણાયો નથી તેવા આત્માઓને ખરતરના અનુવાદવડે કરીને 'જિનવલ્લભસૂરિ ખરતરના છે.' એવી પ્રતીતિ થાય. અને તે દુર્નિવાર્ય છે. અને એથી કરીને ખરતરના મુખેથી નિકળેલા વાક્યોને સાંભળીને તેના અનુવાદરૂપે ઘણાં વાક્યો પ્રવચનમાં પ્રવૃત્ત થઈ ગયા (પણ) છે.

જેવી રીતે **'નવાંગી વૃત્તિકાર શ્રીઅભયદેવસૂરિ, ખરતર છે.'** ઇત્યાદિ વાક્યો : એવી રીતે પ્રવૃત્ત થઈ ગયા છે કે સાંપ્રતકાલે પણ વિચારણા કરવામાં અસમર્થ એવા આત્માઓના મગજમાંથી ખસતાં નથી; પરંતુ આ પ્રમાણે વિચારવું જોઈએ કે–જેઓ કર્ણજાપની પરંપરાવડે કરીને આચાર્યો બનીને તેના પટ્ટધર તરીકે પોતાના આત્માને જણાવતાં–બિરુદાવતાં લજ્જા પામતાં નથી. તેઓના નામસામ્યમાત્રથી 'શ્રીજિનેશ્વરસૂરિના શિષ્યપણે કરીને શ્રીઅભયદેવસૂરિના ગુરુભાઈ જિનવલ્લભ' એ પ્રમાણે કંઈક લખેલું અને કેટલાક તેઓના સાંપ્રતકાલે પણ બોલે છે. 'અન્ય એવાં જિનવલ્લભકૃત પ્રકરણો 'પોતે માન્ય કરેલા જિનવલ્લભકૃત છે.' એ પ્રમાણે બોલતાં કેટલી લજ્જા આવવી જોઈએ? એ બુદ્ધિમાનોએ પોતેજ વિચારવું જોઈએ. અને ખરતરનો કહેલો જે અનુવાદ છે તે સાંભળવો ન જ જોઈએ. આમ કહેવા છતાં પણ જેમને આ વાતમાં સમ્યગ્ વિશ્વાસ ન બેસતો હોય તેણે પહેલાં જણાવેલી **ખરતરની પટ્ટાવલી** જ અને ત્યારબાદ કહેલા યુક્તિપ્રકાર વડે કરીને વિચાર કરવો જોઈએ. અને એ વિચારણા કરવામાં તેના મતનું સ્વરૂપ, બુદ્ધિશાળીઓને હાથમાં રહેલાં આમળાંની જેમ સ્પષ્ટ દેખાઈ આવશે. ॥ ગાથાર્થ–૬૪ ॥

હવે ખરતને અભિમત એવા જિનવલ્લભનું સ્વરૂપ કહે છે.

**खरयरमयस्स सीसो, नासी आसी व सो अ गुरुबंधू ।**
**जिणसेहरनामेणं, न सम्मओ वंचिओ अहवा ॥६५॥**

ખરતરોને સંમત અર્થાત્ ખરતરોવડે અંગીકાર કરાયેલા જે જિનવલ્લભ છે તેને કોઈપણ શિષ્ય હતો નહિ. અને તેની વૈયાવચ્ચ માટે જિનેશ્વરસૂરિવડે શિષ્યરૂપે નિયોજિત થયેલો એવો જિનશેખર પણ જિનવલ્લભસૂરિએ સ્થાપેલા વિધિસંઘને સંમત ન હતો. અર્થાત્ અનિષ્ટ હતો. અથવા તો

જિનશેખર ઠગાયો હતો. એટલે કે 'જો તું મને ગુરુ તરીકે સ્વીકારતો હો તો ગુરુની જેમ હું તારું પાલન કરીશ.' એવી કોઈ પણ વિધિ દ્વારાએ કરીને તે બાપડો સોમચંદ્ર વડે ઠગાયો હોય એમ અમે સંભાવના કરીએ છીએ. ॥ ગાથાર્થ-૬૫ ॥

હવે આ વાતના સમર્થનમાં કારણ કહે છે.

**अण्णह तप्पट्टधरो, जिणदत्तो कहणु तंमि संतंमि ?।**
**संभोगी गुरुबंधू जोग्गोऽजोग्गो व संभवइ॥६६॥**

જો આમ ન હોય તો જિનશેખર વિદ્યમાન હોયે છતે જિનવલ્લભનો પટ્ટધર જિનદત્ત કેવીરીતે થઈ જાય? કારણ કે તે જિનશેખર યોગ્ય હોય કે અયોગ્ય હોય? પરંતુ ગુરુભાઈ તો ખરો જ. તેમજ સાંભોગિક વ્યવહારવાળો તો ખરો? અને એ કારણે તે જ પટ્ટધર સંભવે; નહિં કે વિસાંભોગિક એવો જિનદત્ત. ॥ ગાથાર્થ-૬૬ ॥

હવે ખરતરને જે સંમત છે તે જિનવલ્લભના સંતાનોનો નિર્ણય જણાવે છે.

**खरयरमयजिणवल्लह–संताणं जइ हविज्ज ता नूणं।**
**रुद्दोल्लिओ अ जम्हा, जाओ जिणसेहरो मूलं॥६७॥**

ખરતર સંમત એવા જિનવલ્લભના અપત્યોની પ્રવૃત્તિ (પરંપરા)–હોય તો નિશ્ચે કરીને રુદ્રપલ્લીય જ છે, નહિં કે ઔષ્ટ્રિક. કારણ કે રુદ્રપલ્લીયગચ્છનો મૂળ જિનશેખર કહેવાય. અને તે જિનશેખર, જિનવલ્લભનો સાંભોગિક ગુરુભાઈ છે અને એથી કરીને જિનવલ્લભના અનુયાયીઓની પટ્ટાવલી આ પ્રમાણે :—

ચાંદ્રકુલમાં શ્રીવર્ધમાનસૂરિ
તેની પાટે જિનેશ્વરસૂરિ
તેની પાટે અભયદેવસૂરિ
તેની પાટે જિનવલ્લભસૂરિ
તેની પાટે જિનશેખરસૂરિ
તેની પાટે પદ્મચંદ્રસૂરિ
તેની પાટે વિજયચંદ્રસૂરિ
તેની પાટે અભયદેવસૂરિ ઇત્યાદિ

વળી બીજી વાત સંવત–૧૪૨૨–વર્ષે સંઘતિલકસૂરિજીની બનાવેલ '**दर्शन सप्ततिकावृत्ति**'ની પ્રશસ્તિમાં જિનશેખરસૂરિને મહાનુભાવ તરીકે જણાવેલ છે. કહેલું છે કે:—'**तच्छिष्यो जिनशेखरो गणधरो जज्ञेऽतिविज्ञाग्रणीरित्यादि**=એટલે કે તેમના શિષ્ય જિનશેખર આચાર્ય થયા, જે અતિશય જાણકારોને વિષે અગ્રણી હતાં.' જ્યારે ખરતરવડે સ્વીકૃત જિનશેખર, તો 'ખસખૂંજલીવાળા ઊંટ'ની જેમ બહાર કાઢી મૂકવાને યોગ્ય છે, દુરાત્મા છે ઇત્યાદિરૂપે વર્ણવેલ છે. અને ત્યાં ખરતરે જ આ પ્રમાણે વર્ણવેલું છે. તેથી કરીને **जिणवल्लहसरिसो पुण पुणोऽवि जिणवल्लहो चेव॥** એટલે કે જિનવલ્લભની સરખોજ ફરી પાછો જિનવલ્લભ થયો. એવા પ્રકારના વર્ણનવડે કરીને સંતોષ પામવા

જેવું નથી. અયથાર્થ વર્ણનનું અકિંચિત્કરપણું હોવાથી. આ વાત અમે આગળ પણ જણાવેલી છે. એ પ્રમાણે જિનવલ્લભની પાટે જિનશેખર વિદ્યમાન હોવા છતાં પણ જિનદત્ત આદિ બીજાનું પટ્ટધરપણું કલ્પવું તે જિનવલ્લભ માટે કલંક સમાન જ છે. જો કે આ પટ્ટપરંપરા પણ વર્ધમાનાચાર્યથી જ લખેલી છે. નહિં કે ઉદ્યોતનસૂરિથી!! અને એથી પ્રસંગાગતરૂપે જિનદત્તના અપત્યોનું ખોટું લખવું પણ જણાવી દીધું. વળી બીજી વાત એ છે કે રુદ્રપલ્લીય સંપ્રદાયે પણ પોતાના ગચ્છની ઉત્પત્તિ ચંદ્રકુલથી જણાવી છે નહિ કે ખરતરગચ્છથી! ખરતરોના કહેવા પ્રમાણે જો જિનેશ્વરસૂરિથી ખરતર બિરુદ થયું હોત તો રુદ્રપલ્લીઓએ પોતાની ઉત્પત્તિ ખરતરગચ્છથી જણાવી હોત. એ પણ સમજી લેવું જોઈએ. ॥ ગાથાર્થ—૬૭ ॥

હવે જો ખરતર મતમાં કહેલી વાતો પ્રાયેઃ અસત્ય જ હોય તો તેઓના ખરતરોના બનાવેલા પ્રકરણો આદિમાં બધાયની એકવાક્યતા કેવી રીતે થાય? તેવી પારકાની શંકાને દૂર કરવા માટે જણાવે છે.

**जिणवइसूरी खरयरमयमेराकरणसुत्तहारसमो ।**
**जह जिणसमए मेराकारो वयरो अ सुत्तेसु ॥६८॥**

ખરતર મતની મર્યાદા કરવામાં સૂત્રધાર તરીકે જિનપતિસૂરિ હતાં. આ વાત ઉપર દૃષ્ટાંત આપે છે કે—જેમ જૈનશાસનને વિષે સૂત્રપાઠની રચના કરવામાં મર્યાદા બાંધનારા અપશ્ચિમ શ્રુતધર—છેલ્લાં શ્રુતધર વજસ્વામી હતા તેમ : આ વાતનો ભાવ એ છે કે પોતે વિકલ્પેલા મતને પણ ઘણો કાલ ગયા બાદ પ્રાચીન આચાર્યોની વાત સાથે સંગત કરી દેવું શક્ય છે. જે વાત જેની સાથે સંગત થઈ શકે તે તે વાતો તેની સાથે સંગત કરીને લખેલ છે. અને ત્યાર પછી ગણધર સાર્ધશતકવૃત્તિ આદિરૂપે પ્રવર્તાવેલ છે. તેની કલ્પના આ પ્રમાણે જાણવી. 'જો એમ સુધર્માસ્વામીની અવિચ્છિન્ન પાટ-પરંપરામાં આવેલા નહિં ગણાઈએ તો બીજાઓ દ્વારા પરાભવિત થઈશું' એમ વિચારીને શ્રી સુધર્માસ્વામીથી પટ્ટાવલી કલ્પી.

અને તે પટ્ટાવલી, ગુરુ શિષ્ય આદિનો સંબંધ હોયે છતે જ ગણાય. નહિં તો ન ગણાય. એમ કહીને નજીક નજીકના આચાર્યો વિષે સંબંધ કલ્પવો પડે. તે કારણે કરીને જિનવલ્લભનો કંઈક સંબંધ શ્રીઅભયદેવસૂરિ સાથે જોડી દીધો. તેમાં પણ સૂરિ પદવી બાદ અભયદેવસૂરિનું પટ્ટધરપણું અસંભવિત હોવાથી કર્ણજાપની પરંપરા ઊભી કરીને આચાર્ય પદ ઊભું કર્યું! બિરુદ પણ સહેતુક હોય માટે હેતુ ઊભો કરી નાંખ્યો. અને એથી કરીને તે હેતુમાં—''દુર્લભરાજાની સભામાં જિનેશ્વરસૂરિને ચૈત્યવાસીઓની સાથે વિવાદ થતાં તેમાં જય મળવાથી લોકોએ અને રાજાએ ખરતર બિરુદ આપ્યું. તેથી કરીને અમારી વંશ પરંપરામાં નવાંગી વૃત્તિકાર શ્રીઅભયદેવસૂરિ થયા છે.'' એ પ્રમાણેની ખોટી રીતે પોતાના ઉત્કર્ષને ગાતા છતાં પણ તીર્થવડે કરીને તેની ઉપેક્ષા કરાઈ હોય છતે 'અમે તીર્થ સરખા છીએ' એ પ્રમાણેની ખ્યાતિ ભોળા લોકો પાસેથી પણ મેળવી.

અને 'બીજા જ (તપગચ્છના) જિનવલ્લભના કરેલા પિંડવિશુદ્ધિ આદિ પ્રકરણોને પણ 'અમારે સંમત એવા જિનવલ્લભના કરેલા છે.' એવા વચનો વડે કરીને ખોટી રીતે જિનવલ્લભને પણ ખ્યાતિ પદ પર ચઢાવી દીધેલ છે. એ તો રહેવા દ્યો.

બીજી વાત ભદ્રબાહુસ્વામીએ કરેલું **"जइज्जा समणे भयवं"** એ સ્તોત્રને છેલ્લે નવીન ગાથા દાખલ કરીને પણ તે સ્તોત્ર, 'અમારા અભયદેવસૂરિ મહારાજનું બનાવેલું છે' એ પ્રમાણે જાહેર ઢંઢેરો પીટી દીધો! ઈત્યાદિ બધું જ પણ "જે આત્મા જેની વડે કરીને બોધ પામે તેવાથી તેને બોધ પમાડવો." એવી પ્રકારના વાકયનું શરણું સ્વીકારીને જિનપતિસૂરિએ બ્રહ્માંડકલ્પ સરખા પોતાના મતને વિકલ્પીને તેના અનુસારે પોતાની મર્યાદા બાંધી. અને ખરતરવાળાને બધાયને તે સંમત થઈ અને પ્રકરણો તો પ્રાયઃ કરીને ત્યાર પછી બનેલા છે. અને પૂર્વે જે બનેલા છે, તે તો નહિ સંમત એવા વિચારોને કાઢી નાંખવા પૂર્વક અને સ્વસંમત વિચારોને દાખલ કરવાપૂર્વક બનેલા છે અને એથી જ કરીને ગ્રંથોને વિષે પણ પ્રાયેઃ કરીને એકવાકયતા જ દેખાય છે. નહિ કે સર્વથા! જેથી કરીને પૌષધવિધિ પ્રકરણની અંદર સામાયિકનો ઉચ્ચાર કરતી વખતે ત્રણ નવકાર ગણવાપૂર્વક ત્રણ વાર કરેમિ ભંતે ઉચ્ચરાવવું. એવી વાત નહિ હોવા છતાં પણ તેના ઉદ્ધારરૂપે વર્ણનમાં લખી નાંખ્યું છે ઈત્યાદિ અનેક અસંગતપણું વિકલ્પેલું છે.

આવા પ્રકારની મર્યાદા કરવામાં એક દેશથી દૃષ્ટાંત આપે છે. જેવી રીતે શ્રી મહાવીર પ્રભુના શાસનમાં સૂત્રપાઠોમાં દશ પૂર્વધર એવા શ્રી વજસ્વામીએ મર્યાદા બાંધી તેમાં મેઘકુમાર-જમાલિ આદિના નામો, પૂર્વના નામોનું પરાવર્તન કરીને લખેલ છે. દરેક અવસર્પિણી કાલમાં જ છેલ્લા શ્રુતધર જે હોય તે સૂત્રપાઠની મર્યાદા કરે. અને અભિનવ એવું દશવૈકાલિક સૂત્ર બનાવે! અનાદિકાલની સ્થિતિ છે. અને તેથી કરીને છેલ્લાં શ્રુતધર વજસ્વામીજીએ સૂત્રપાઠની જે મર્યાદા કરી છે તે સર્વેને સંમત છે. એ પ્રમાણેનો વૃદ્ધ સંપ્રદાય છે. ॥ ગાથાર્થ-૬૮ ॥

હવે જિનપતિસૂરિએ કરેલી મર્યાદા કોની જેમ કોને સંમત છે?

**जह वयरसामिसु कया, मेरा सुमयापि सासणे चेव।**
**तह तम्मयकयमेरा, तम्मयवासीण नन्नेसिं॥६९॥**

જેવી રીતે શ્રી વજસ્વામી ભગવંતે જિનેશ્વર ભગવંતના શાસનની શોભના-સુંદર એવી મર્યાદા કરી તે અતિશયે કરીને જૈન શાસનમાં સર્વેને સંમત જ છે. બીજે ઠેકાણે નહિ. જેવી રીતે ખરતર મતની મર્યાદા, ખરતરવાસીઓને જ સંમત છે. બાકી બીજા પ્રવચનના જાણકાર અને શુદ્ધ શ્રદ્ધાવાળા આત્માઓને (સંમત) નથી. ॥ ગાથાર્થ-૬૯ ॥ હવે ખરતર મતની મર્યાદા સ્વીકારવામાં જે થાય છે તે જણાવે છે.

**तीए पमाणकरणे, अपमाणं सासणं समग्गंपि।**
**कायव्वं विवरीया, जेणं दोण्हंपि दो पंथा॥७०॥**

ખરતરના મતની મર્યાદાને પ્રમાણ કરવામાં સમગ્ર જિનશાસને પણ અપ્રમાણ કરવાની આપત્તિ આવે છે. કારણ કે ખરતર મર્યાદા અને જૈન પ્રવચનની મર્યાદા આ બન્ને વિપરીત માર્ગો છે.

પૂર્વ દિશા તરફ જતો માણસ પશ્ચિમ દિશા તરફ જતા માણસને મળે તેવું કોઈ દિવસ બનતું નથી અને બન્ને ભિન્ન દિશામાં જનારા માણસો ઇચ્છિત એક નગરમાં આવીને મળે એવું પણ બનતું નથી.

બન્નેનું વિપરીતપણું એ છે કે : જૈનદર્શન, સ્ત્રીઓની જિનપૂજા માને છે. ત્યારે આ (ખરતર) તેનો વિરોધ કરે છે. ઇત્યાદિ આગળ કહેવાતી જણાવાતી વાતો જાણી લેવી ॥ ગાથાર્થ--૭૦ ॥ હવે સ્વગચ્છીય કોઈ શંકા કરે છે.

**ननु वद्धमाणसूरी जह तह जिणवल्लहोऽवि संजाओ।**
**सेसं जिणवइसुत्तणमिअ चे अइसुंदरं वयणं ॥७१॥**

''ખરેખર જેમ વર્ધમાનસૂરિએ ચૈત્યવાસનો ત્યાગ કરીને ઉદ્યોતનસૂરિની ઉપસંપદા મેળવીને વિસાંભોગિક રીતે રહીને જ તેમની આજ્ઞાએ વિચરતા હતાં. તેવી જ રીતે જિનવલ્લભસૂરિ પણ ચૈત્યવાસનો ત્યાગ કરીને અભયદેવસૂરિ મહારાજની જ ઉપસંપદા મેળવીને વિસાંભોગિક રીતે અભયદેવસૂરિ મ.ની આજ્ઞા વડે કરીને જ ચૈત્યવાસીના જન સમુદાયને પ્રતિબોધ કરતા વિચરતા હતા. બાકીનું છ કલ્યાણક પ્રરૂપણાદિનું જિનપતિ કૃત (કૌભાંડ) જિનદત્તસૂરિ વડે જ પ્રકાશાયું છતું જિનવલ્લભના માથે ચઢાવી દીધું છે. પરંતુ જિનવલ્લભસૂરિએ તીર્થને પ્રતિકૂલ એવું કાંઈ પણ પ્રરુપ્યું નથી'' એમ જો તું કહેતો હોય તો આ તારું વચન અતિ સુંદર છે. અને જો એ પ્રમાણે હોય તો અમોને પણ અત્યંત ઇષ્ટ જ છે ॥ ગાથાર્થ-૭૧ ॥

હવે પૂર્વપક્ષવાળાએ જે વાત કહી છે તે તે પ્રમાણે જ હોય તો અમારે તે પણ સંમત છે. એ વાત પર દૃષ્ટાંત જણાવે છે.

**जह उसमाइजिणिंदा, विगप्पिआ ससमयाणुवाएण।**
**सव्वेहिं कुवक्खेहिं अ, तह एसो एवमवि जुत्तं ॥७२॥**

જેમ સર્વે કુપાક્ષિકો વડે કરીને પણ પોતેપોતાના મતના અનુવાદ વડે કરીને ઋષભ આદિ તીર્થંકરો કલ્પેલા છે. તેવી જ રીતે આ જિનવલ્લભ પણ કલ્પાયો છે! આ વાતનો ભાવાર્થ એ છે કે--જેવી રીતે સર્વે કુપાક્ષિકોએ પણ 'અમારા વડે જેમ પૂનમની પકિખ-આદિરૂપ માર્ગ પ્રરૂપાય છે. તેવી રીતે તીર્થંકરોએ પણ કહેલ છે.' આમ પોતાના વચનના અનુવાદરૂપે તીર્થંકરોને કલ્પેલાં છે. તેવી જ રીતે જિનવલ્લભ પણ ખરતરોએ માન્ય કરેલી શ્રદ્ધાના આરોપણ વડે કરીને વિકલ્પેલો છે; પરંતુ જિનવલ્લભ તેવો નથી; પરંતુ જેવી રીતે સૂત્રરૂપી કસોટી દ્વારાએ કરીને પૂર્વાચાર્યોએ પરીક્ષિત કરેલો છે તેવી જ રીતે શ્રદ્ધા કરવા લાયક છે.

જો એમ ન હોય તો પંચ હત્થુત્તરે હોત્થ એવા પ્રકારનું સિદ્ધાંતનું વચન ઉદ્ભવાવીને છટ્ઠું કલ્યાણકને સ્થાપવા માટેનું જ તેનું વચન હોત. અને સિદ્ધાંતની ગંધનો પણ અભાવ જ હોત. એ વાત અમે આગળ જણાવીશું. હવે કોમલમતિવાળો કોઇ શંકા કરે છે કે--

**णणु एवं बहु खायं, जायं कह सव्वहा अलीअमिणं ?।**
**जहे परवयणखित्ता, विसंपि पीअंतऽणाभोगा ।।७३।।**

વાદી પ્રશ્ન કરે છે કે સર્વથા અલીક જ એવો આ મત દૃશ્યમાન સ્વરૂપે કરીને બહુ ખ્યાતિવાળો કેમ થયો? જેવી રીતે તપાગચ્છ સંબંધીના સાધુઓ છે તેવી રીતના આ છે. આવા પ્રકારની મુગ્ધલોકોને વિષે ખ્યાતિવાળા કેમ થયા? આ પ્રમાણેની શંકાનો ઉત્તર આપતાં જણાવે છે કે જેવી રીતે પારકાના વચનો વડે કરીને ઉદીરણા પામેલા અનાભોગથી એટલેકે તેવા પ્રકારની સમ્યગ્ જાણકારીના અભાવથી ઝેર પણ પીએ છે. તેમ આ પણ કુમત, શેષ કુમતોની અપેક્ષાએ સાધુ પ્રતિષ્ઠા-ચૌદશે પક્ખિપ્રતિક્રમણ--ઉપધાનવહન આદિ ઘણાં ધર્મો વડે કરીને તપગચ્છની સાથે સામ્યપણું દેખાતું હોવાથી કેટલાક પ્રવચનના પરમાર્થના અજાણ આત્માઓની અનાભોગથી તેવા પ્રકારની પ્રવૃતિના વિષયભૂત થઈ ગયો છે. ।। ગાથાર્થ-૭૩ ।।

હવે સમ્યગ્દૃષ્ટિઓને પણ અનાભોગ થાય છે એ બતાવે છે.

**सम्मदिट्ठीणंपि अ, अणभोगो जिणवरेहिं निद्दिट्ठो।**
**सो अइयारो निण्णयवयणं जा तअणु विवरीअं।।७४।।**

સમ્યગ્દૃષ્ટિઓને પણ અનાભોગ સંભવે છે એમ જિનેશ્વરોએ જણાવ્યું છે.

**सम्मदिट्ठी जीवो, उवइट्ठं पवयणं तु सद्दहइ।**
**सद्दहइ असब्भावं, अणभोगा गुरुनियोगा वा।।१।।** એવું

ઉતરાધ્યયનની નિર્યુક્તિની ૧૬૩-ગાથામાં જણાવેલું છે. કે જિનેશ્વરભગવંતે ઉપદેશેલું પ્રવચન, સમ્યગ્દૃષ્ટિ સદ્દહે છે અને અનાભોગથી કે ગુરૂ પારતંત્ર્યતાથી અસદ્ભાવને પણ સદ્દહે છે. તેમાં અનાભોગ જે છે તે અનાભોગ, વાદનો નિર્ણય ન થાય ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિઓને અતિચાર રૂપે છે. એટલે કે પરસ્પર વાદવિવાદ થતો હોય તેમાં જ્યાં સુધી વસ્તુનો નિર્ણય ન થાય ત્યાં સુધી (શ્રદ્ધાનું ડામાડોળપણું હોવાથી) અતિચાર છે. અને ત્યાર પછી વસ્તુનો નિર્ણય થયા પછી વિપરીત એવું સમ્યકત્વ કહેવાય, એટલે નિરતિચાર સમ્યકત્વ કહેવાય અને જો ન સદ્દહે તો અભિનિવેશરૂપ મિથ્યાત્વ થાય. કારણ કે નિર્ણય થયા છતાં પણ પોતાના કદાગ્રહને નહિ છોડવાનો સંભવ હોવાથી અને તે આભિનિવેશી મિથ્યાત્વી કહેવાય. ।। ગાથાર્થ-૭૪ ।।

વિવાદના અભાવવાળા નિર્ણયમાં કારણ જણાવે છે.

## बहुकाल दूरदेसंतरिआणं निण्णयंपि को कुणइ ?।
## उप्पणंमि विवाए, निण्णयवयणं जह इआणिं ॥७५॥

બહુકાલ અને દૂરદેશાન્તરિત એવાઓના એટલે કે જે કુમત ઉત્પન્ન થયો છે તેનો કાલ પણ ઘણો ગયો હોય અથવા તો તે કુમતવાદી તીર્થથી વિપક્ષીભૂત બનીને પોતે દેશત્યાગ કરીને દૂર દેશ ચાલ્યો ગયો હોય તેનો નિર્ણય પણ કોણ કરે? અર્થાત્ કોઈ ન કરે. એ પ્રમાણે વાદવિવાદ ઉત્પન્ન થયે છતે યથાવસ્થિત સ્વરૂપની વિચારણા કરતાં ખરતરમત અસાર-નિસ્સારરૂપે જ પ્રગટ થયો છે. કારણ કે અસત્ય વસ્તુનો તેવો સ્વભાવ છે કે તે અસત્યરૂપે જાહેર થાય જ.

કહેલું છે કે ગધેડાના લીંડા જેવું બહારથી સુંદર આકારવાલું, અંદરથી નિસ્સાર-સાર વગરનું એવી રીતનું અસત્યવચન જેમ જેમ વિચારાય તેમ તેમ એ નષ્ટ થતું જાય છે. ॥ ગાથાર્થ-૭૫ ॥

અનાભોગને પ્રગટ કરતાં છતા જણાવે છે.

## कहमण्णह बारससयचउवरिसे खरयराणमुप्पत्तिं।
## भासंतावि नवंगीवित्तीकरो खरयरोत्ति वयं ॥७६॥

જો અનાભોગ ન થતો હોય તો '૧૨૦૪-માં ખરતરની ઉત્પત્તિ થઇ છે' તે પ્રમાણે બોલવા છતાં ''નવાંગીવૃત્તિકાર ખરતર છે'' એ પ્રમાણેનું વચન કેમ બોલે છે? એટલે આ કહેવાતી વાતનો ભાવ એ છે કે ખરતર મતની ઉત્પત્તિ-૧૨૦૪થી છે. અને અભયદેવસૂરિએ સ્થાનાંગસૂત્રની વૃત્તિ ૧૧૨૦માં કરી. કહ્યું છે કે 'શ્રી વિક્રમાદિત્ય રાજાના કાલથી વિક્રમ સંવત ૧૧૨૦ વર્ષ ગયા બાદ અલ્પ બુદ્ધિશાળીને પણ ગમ્ય એવી સ્થાનાંગ સૂત્રની ટીકા બનાવી.' એ પ્રમાણે સ્થાનાંગ સૂત્રની વૃત્તિની પ્રશસ્તિમાં લખેલ છે. આ બન્ને વાતનો પરસ્પર વિચાર કર્યો હોત તો નવાંગીવૃત્તિકારને ખરતરનું કલંક કોણ આપે? અને એથી કરીને પ્રાયઃ કુપાક્ષિકોના અનુવાદથી અસત્ એવી જ પ્રવૃત્તિ થાય છે. વળી જે એમ કહે છે કે ૧૨૦૪માં રુદ્રપલ્લીય ખરતરની ઉત્પત્તિ થઇ છે એમ કહે છે તે પણ બરાબર નથી. કારણ કે રુદ્રપલ્લીય સંજ્ઞા જિનશેખરથી જ ઉત્પન્ન થઈ નથી. પરંતુ જિનશેખરના ચોથા પટ્ટધર અભયદેવસૂરિથી થઈ છે. રુદ્રપલ્લીઓ વડે કહેવાયું છે કે :-

**पट्टे तदीयेऽभयदेवसूरिरासीद् द्वितीयोऽपि गुणाद्वितीयः।**
**जातो यतोऽयं जयतीह रुद्रपल्लीयगच्छः सुतरामतुच्छः ॥१॥**

તેમની પાટે શ્રેષ્ઠ એવા બીજા અભયદેવસૂરિ થયા. કે જે ગુણે કરીને અદ્વિતીય હતાં. અને જેનાથી અતુચ્છ એવો રુદ્રપલ્લીય ગચ્છ ઉત્પન્ન થયો છે. તે જયવંતો વર્તે છે. એ પ્રમાણે વૃત્તિની પ્રશસ્તિમાં લખેલું છે. ॥ ગાથાર્થ-૭૬ ॥

હવે પ્રાયેઃ કરીને પ્રવચન ઉપર જેમણે ઉપયોગ દીધો નથી એવો ઘણો જન સમુદાય, ખરતરના

વચનોનો અનુવાદક દેખાય છે. એથી કરીને તે અનુવાદને દૂર કરવા માટે કેટલીક યુક્તિઓ સૂત્રથી જ બતાવવા ગાથા કહે છે.

**जं पुण कत्थवि पुत्थयलिहिअं दीसइ अ खरयरे गच्छे।**
**सिरिअभयदेवसूरी तप्पट्टे वल्लहो लिहिओ॥७७॥**

વળી જે કોઈપણ ઠેકાણે જુદા જુદા પાનાઓને વિષે અથવા તો નવીન થયેલા પ્રકરણો આદિને વિષે લખેલું દેખાય છે કે ખરતર ગચ્છમાં અભયદેવસૂરિ થયા. અને તેની પાટે જિનવલ્લભ થયા ઈત્યાદિ ॥ ગાથાર્થ-૭૭ ॥

હવે તે લખેલાને જ સમર્થન કરતાં જણાવે છે.

**तं खरयरवयणाणं, अणुवाओ भद्दयाणऽणाभोगा।**
**जह कल्लाणगछद्धं, कत्थवि कप्पस्स वक्खाणे॥७८॥**

તે ખરતરના વચનોનો અનુવાદ એટલે કે ખરતરોનું જે બોલવું છે તેના અનુવાદરૂપે, નહિ કે તાત્ત્વિકરૂપે! કારણ કે અનાપ્ત એવા માણસોનું જે વચન હોય અને તેનો જે અનુવાદ કરવો એ અતાત્ત્વિક કહેવાય. અનુવાદ કોનાવડે કરીને કરાયો? કે જૈન પ્રવચનને વિષે ઉપયોગ નહિ રહે છતે અકુટિલ એવા આત્માઓ વડે 'આ પણ સાચું બોલનારા હશે?' એ પ્રમાણેનો સરલ મતિઓનો આશય હોય છે. અને તેવા સરલમતિવાળા પ્રાયઃ બધાને સરલ જ જુએ છે કહેલું છે કે :-

**''सरलगतिः सरलमतिः सरलात्मा सरलशीलसम्पन्नः॥**
**सर्वं पश्यति सरलं, सरलः सरलेन भावेन॥१॥**

સરલગતિ-સરલમતિ-સરલશીલ સંપન્ન એવો સરલ આત્મા, સરલભાવે કરીને બધું જ સરલ જુએ છે.'' એ પ્રમાણેનું વચન હોવાથી. અસત્યવચનના અનુવાદમાં દૃષ્ટાંત જણાવે છે. ''જેવી રીતે કલ્પપર્યુષણા=કલ્પવ્યાખ્યાનમાં કોઈક ઠેકાણે છ કલ્યાણકનો ઉલ્લેખ થયેલો છે. તે ખરતરે કરેલા 'સંદેહ વિષૌષધી' ગ્રંથમાં કરેલી વાતનો જ અનુવાદ છે અને એ અનુવાદ, પંચાશક આદિ ગ્રંથોમાં અનુપયોગથી થઈ ગયો છે ॥ ગાથાર્થ-૭૮ ॥ હવે આવા પ્રકારનો અનુવાદ કેવી રીતે થઈ જાય? એવી રીતની પારકાની શંકાને દૂર કરવા માટે દૃષ્ટાંત સ્વરૂપ જણાવે છે.

**पढमंगदीविआए उज्जोअणसूरि खरयरे गच्छे।**
**लिहिअं दट्टुं सरलो को ण भासिज्ज अणुभासं?॥७९॥**

પહેલા અંગની દીપિકામાં એટલે કે ખરતરોએ કરેલ આચારાંગ સૂત્રની દીપિકાની પ્રશસ્તિમાં ''કલ્યાણના ભાજન સમાન એવો ખરતર ગચ્છ છે. તેને વિષે ગુણોથી યુકત અને નિષ્પાપ ગુરૂઓ

શ્રીમાન ઉદ્યોતનસૂરિ, શ્રી વર્ધમાનસૂરિ, શ્રી જિનેશ્વરસૂરિ, શ્રી જિનચંદ્રસૂરિ, નવાંગવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિ ઇત્યાદિ થયા.'' આ પ્રશસ્તિ વિષે ખરતર ગચ્છમાં ઉદ્યોતનસૂરિને બતાવ્યા છે. એવી જ રીતે જેસલમેરના પ્રાસાદમાં શિલામાં કોતરાવીને લખાવી દીધું છે! આવું લખેલું જોઈને કયો સરલ એવો મનુષ્ય તે ભાષાનો અનુવાદ ન બોલે? અર્થાત્ સરલ માણસો તો બોલે જ. આનો ભાવ એ છે કે જેવી રીતે આચારાંગ દીપિકા આદિમાં ઉદ્યોતનસૂરિ આદિઓને ખરતર ગચ્છમાં લખી નાખ્યા છે. અને તેવા પ્રકારનું લખેલું ખરતર વચનની જેમ અમારા કોઈક વડે તેનો અનુવાદ કરાતો હોય તો તે અકિંચિત્કર જ જાણવો. વળી કોઈક ઠેકાણે–

**''बारसवाससएसुं विक्कमकाला जलहि अहिएसुं।**
**जिणवल्लहकोहाओ, कुच्चयरगणाउ खरयरया॥१॥**

વિક્રમ સંવત ૧૨૦૪માં જિનવલ્લભના ક્રોધથી કૂર્ચતર ગચ્છમાંથી ખરતરો થયા.'' એ પ્રમાણે વૃદ્ધ સંપ્રદાયથી આવી રહેલી ગાથા, પટ્ટાવલી આદિમાં લખેલી દેખાય છે. તે તો યુકત જ જણાય છે. કારણ કે ''આ ગાથાના પૂર્વાર્ધમાં ખરતર મતની ઉત્પત્તિ ૧૨૦૪માં જણાવેલી છે અને ગાથાના ઉત્તરાર્ધ વડે કરીને **जिनवल्लभक्रोधात्** એ વચન દ્વારાએ કરીને મૂલ ઉત્સૂત્રનો પ્રરૂપક જિનવલ્લભ દેખાડાયો છે. ક્રોધ શબ્દ વડે કરીને પોતાના ગુરૂ સાથે થયેલા કલહને સૂચવ્યો છે. તેથી પોતાના ચૈત્યવાસી ગુરૂ જિનેશ્વરસૂરિની સાથે કલહ કરીને કૂર્ચપૂરીય શબ્દવડે કરીને ગચ્છમાંથી નીકળ્યાનું જણાવ્યું છે, નહિ કે ચાંદ્રકુલ આદિમાંથી!! અને ક્રોધાવિષ્ટ હોવાને કારણે જ અભયદેવસૂરિજીએ પણ પોતાની નિશ્રામાં કરેલ નથી. આમ ઉભયભ્રષ્ટ થયો છતાં ચિત્તોડ જઈને નવો મત સ્થાપ્યો.'' એ અભિપ્રાય જાણવો. જો આમ ન હોય તો પૂર્વાપરની અસંગતિ જ થાય. કારણ કે ૧૨૦૪નો જે ખરતરોની ઉત્પત્તિનો કાલ કહેલ છે. તે ૧૨૦૪ના સંવત્સરમાં જિનવલ્લભસૂરિના કાલે અસંભવિત હોવાથી અસંગતિ થાય છે એ વિચારી લેવું . વળી કોઈક ઠેકાણે જે **'णाणाओ०** નાણાથી વડગચ્છ થયો, કોરંટગણથી ચિત્રવાલગણ થયો નવાંગી વૃત્તિકાર થયા. અને રાજગુરુ અતુલ્ય પુણ્યથી થયા.' એ ગાથા લખેલી દેખાય છે. તેમાં 'કૂર્ચપૂરથી નવાંગી વૃત્તિકાર એ પ્રમાણે જે કહ્યું છે તે ખરતરોના અનુવાદથી સરલ બુદ્ધિવાળાઓએ લખી નાંખ્યું છે; પરંતુ તે તાત્ત્વિક નથી. અને આ વાત ખરતરોને પણ સંમત છે. કારણ કે કોઈપણ ઠેકાણે ખરતરો વડે પણ નવાંગીવૃત્તિકાર કૂર્ચપૂરીયગચ્છના છે એ પ્રમાણે કહેવાયું નથી. તેવી જ રીતે નવાંગીવૃત્તિની પ્રશસ્તિમાં અભયદેવસૂરિએ પોતે જ પોતાને ચંદ્રગચ્છના છે એ પ્રમાણે જણાવેલું હોવાથી ॥ ગાથાર્થ-૭૯ ॥

હવે અનાભોગે કરીને ગ્રંથમાં કહેવાયેલી વાતને આગળ કરીને બૂમો પાડતાં એવા ખરતરનો તિરસ્કાર કરવાને માટે ત્રણ ગાથાઓ કહેતા પહેલી ગાથા કહે છે.

**जं पुण जेहिं पइट्ठं, आवण्णो खरयरोत्ति सो सूरी।**
**उवएससत्तरीए, भणिओ अभयदेव नामेणं॥८०॥**

''જેનાવડે કરીને ખરતરગચ્છ પ્રતિષ્ઠાને પામેલો છે તે નામે કરીને અભયદેવસૂરિ'' એ પ્રમાણે ઉપદેશ સપ્તતિકામાં કહેલું છે. તે આ પ્રમાણે-

'પૂર્વે પાટણનગરની અંદર ભીમરાજા રાજ્ય કરતે છતે પૃથ્વીતલને વિષે પ્રખ્યાત એવા જિનેશ્વરસૂરિ થયા. તેમની પાટને દીપાવનારા એવા અભયદેવસૂરિ થયા. તે અભયદેવસૂરિથી ખરતર નામનો ગચ્છ પ્રતિષ્ઠા પામ્યો.' એ પ્રમાણે રત્નશેખરસૂરિના રાજ્યમાં સોમસુંદરસૂરિના શિષ્ય ઉપાધ્યાય ચારિત્રરત્નના શિષ્ય પં. શ્રી સોમધર્મ ગણિએ બનાવેલી ઉપદેશ સપ્તતિકા નામના ગ્રંથમાં છે. ॥ ગાથાર્થ-૮૦ ॥

**तक्कारोऽनाभोगी पच्चक्खं जेणऽणंत संसारी।**
**भणिओऽवि तेण थुणिओ, जिणप्पहो धम्म पडिवक्खो॥८१॥**

ઉપદેશ સપ્તતિકાકાર પં.સોમધર્મગણિ પ્રત્યક્ષ અનાભોગવાળા છે. કારણ કે જે કારણ વડે કરીને મુનિસુંદરસૂરિ વડે કરીને આંચલીયા આદિની પંકિતમાં ઔષ્ટ્રિકને બેસાડીને અનંત સંસારી એવા કહેવાયો હોવા છતાં પણ સોમધર્મગણિએ ઔષ્ટ્રિકને સ્તવ્યો છે. મુનિસુંદરસૂરિ કૃત ગુર્વાવલીમાં કહ્યું છે કે :-''આજ્ઞાભંગ--અંતરાય-આદિથી ઉત્પન્ન થયેલા અનંત સંસારમાં નિર્ભય બનેલા એવા પાશ્ચાત્ય-કાલીનોએ પ્રાયઃ કરીને ઉપધાન-પ્રતિક્રમણ-જિનપૂજા આદિનો નિષેધ કરવા વડે કરીને સામાચારીઓને ન્યૂનિત કરવાપૂર્વક પોતાની ઈચ્છા મુજબ પ્રવર્તાવી છે. અને પ્રમાદિ જનતાને પ્રિય થાય એવી રીતે પ્રાસુક-મિષ્ટ એવા પાણીની પ્રવૃત્તિ આદિ સુખ કરનારી સામાચારીઓ પ્રવર્તાવી છે.'' એ પ્રમાણે જણાવેલ છે. તેમાં ઉપધાન અને પ્રતિક્રમણના નિષેધક પૂનમીયા અને આંચલીયાઓ જેમ છે તેવી રીતે આજ્ઞાભંગ અને અંતરાય કરવાથી ઉત્પન્ન થતાં અનંતા સંસારના ભયથી નિર્ભીક એવા અને સ્ત્રીઓને જિનપૂજાનો નિષેધ કરનાર એવા ખરતરને પણ જણાવેલ છે આ ખરતર અંતર્ગત એવો જિનપ્રભ પણ અનંત સંસારી કહેલો છે. ત્યારે સોમધર્મ ગણિએ ''મ્લેચ્છાધિપતિ પ્રતિબોધક, શાસનપ્રભાવક જિનપ્રભસૂરિ'' એ પ્રમાણેના વચનો વડે કરીને ઉન્નતિ પમાડાયો છે!!

હવે તે જિનપ્રભસૂરિ કેવો છે? ધર્મદ્વેષી છે. તેની વાણીનો વિલાસ આ પ્રમાણે છે.''બાહ્ય ક્રિયાના દર્શન વડે કરીને જગતના માણસોને મોહ પમાડતા એવા તપસ્વી થઈને ભમતાં હોવાથી તપોટા--તપા કહેવાયાં છે. ।૧। આ તપોટાનો મત, મુદ્દગલોનો મત અને શાકિનીનો મત આ બધા પ્રાયઃ સરખા જ છે. ।૨। કારણ કે ત્રણેય મતોની અંદર સંકિલષ્ટ પરિણામોનું તુલ્ય પણ હોવાથી ત્રણેય મત સરખાં છે. અને તેથી કરીને ભાવશુદ્ધિને ઈચ્છતા એવા આત્માઓએ તેઓને દૂરથી જ છોડી દેવા જેવા છે. અથવા આ અયુકત બોલાયું હોય તો તેનું અમારું મિથ્યાદુષ્કૃત હો. શાકિની અંને મુદ્દગલોથી પણ આ તપોટા દુરાશયવાળા છે. ॥૪॥ ખરી વાત તો શાકિની અને મુદ્દગલોથી પીડાયેલાનો હજાુપણ પ્રતિકાર થઇ શકે છે; પરંતુ તપોટાથી પીડિતની ચિકિત્સા તે અત્યંત ભયંકર છે. ॥૫॥ શાકિની અને મુદ્દગલોથી પકડાયેલાનો એક જન્મ હણાય છે પરંતુ તપાગચ્છ નામનો કુગ્રહ

તો ભવોભવ હણે છે. ॥૬॥ આ તપેટામતિઓ વિપર્યસ્ત બુદ્ધિવાળા છે, ॥૬॥ પારકાની ઋદ્ધિને સહન નહિ કરવાવાળા, ગુરૂ-લઘુના વિજ્ઞાનથી વાંઝીયા અને શાસનના નિંદકો છે. ॥૭॥'' ઇત્યાદિ તપાગચ્છના નિંદાવાકયો લખ્યા છે.

તેવી જ રીતે ''ઉનું પાણી પીવું તે જ્ઞાન છે. મુખ સીવીને બેસવું તે દર્શન છે. અને કેવલ મલને ધારણ કરીને રાખવો તે ચારિત્ર છે. એમ હું વિચારણા કરું છું. ॥૧॥ તેવી જ રીતે વર્ણાન્તર આદિથી પ્રાપ્ત થતું એવું ઠંડુ પાણી પ્રાસુક છે એ પ્રમાણે શ્રુતમાં સંભળાય છે. તો પણ ગૃહસ્થોને નિષેધે છે. અને અપ્કાય માત્રની હિંસાથી ઉત્પન્ન થયેલું અને છકાયની જીવોની હિંસાવાલું એવું ગરમ કરેલું પાણી પ્રાસુકોદકને નિવારીને ગૃહસ્થોને પીવાની પ્રરુપણા કરે છે.''

ઈત્યાદિ તપાગચ્છનો જે સદાચાર છે તે પણ આ પાપીવડે કરીને નિંદાયો છે. આ જિનપ્રભસૂરિએ કરેલા **તપાગણદૂષણશતક**ની અંદર જણાવેલું છે. આવી રીતના સદાચારને નિંદવાનો સ્વભાવ ફકત જિનપ્રભસૂરિનો જ કહેલો છે એમ નહિ; પરંતુ તેમના બધાયનો આ કુલક્રમ છે.!! તે આ પ્રમાણે

**मुद्धाणाययणगया चुक्का मग्गाउ जायसंदेहा।**
**बहुजणपिट्ठिविलग्गा, दुहिणो हूआ समाहूआ॥** *ગણધરસાર્ધ શતક*

આ ગાથાની ટીકામાં જણાવેલ છે કે 'પૌર્ણમિયક આદિના દૂષણની જેમ તપોગચ્છ પણ દૂષણીય છે. જેમ લખ્યું છે તેમ જણાવે છે :--''અથવા મલીન ગાત્ર, દૂર્ગંધપાત્ર, અવશ્રાવણ, ઓસામણ, તંદુલધોવણ આદિને પીવાવાળા, ગુરૂકુલવાસના ત્યાગીઓ તપાગચ્છીઓનો'' ઇત્યાદિ કહેલ છે. અને ચેતનાવાળા એવા તે શ્રોતાઓને ધર્મપ્રાપ્તિના હેતુરૂપ હોવા છતાં પણ આણે=જિનપ્રભે વિપરીતરૂપે પરિભાવીને લખેલું છે તે અયુકત છે. કારણ કે મલાદિનું ધારણ કરવું તે સાધુઓને ઉચિત જ છે. આગમમાં કહેલું છે કે :-

**सिणाणं अदुवा कक्कं, लुद्धं पउमगाणी अ।**
**गायसुव्वट्टणट्ठाए, नायरिंति कयाइवि॥ दशवै.**

દશવૈકાલીક ૨૭૨મા કહ્યું છે કે **सिणाणं** એટલે સ્નાન કલ્ક એટલે ચૂર્ણ આદિ, લોધર અથવા પદ્મચૂર્ણ આદિથી ગાત્રની ઉદ્વર્તના માટે કયારે પણ આચરતા નથી. તેવી જ ઉત્તરાધ્યયન-૮૪-૮૫માં કહ્યું છે કે

**किलिन्नगाय मेहावी, पंकेण व रएण वा।**
**घिंसु वा परितावेण, सायं नो परिदेवए॥१॥**

**वेइज्ज निज्जरापेही, आरिअं धम्मणुत्तरं।**
**जाव सरीर भेउत्ति, जल्लं काएण धारए॥२॥**

**आयामगं चेव जवोदणं च, सीअं सोवीरं जवोदगं च।**
**नो हीलए पिंडनीरस्स पन्तं, कुलाइं परिव्वए जे अ भिक्खू॥१॥**

બુદ્ધિમાન એવો અને નિર્જરાની અપેક્ષાવાળો અને અનુત્તર એવા ધર્મને આચરતો સાધુ,પંક= કાદવવડે કરીને, રજ-ધૂળવડે કરીને ખરડાયેલા ગાત્રને અથવા તો ગ્રીષ્મકાલના તાપથી તપેલાં શરીરને માટે શાતાને ઈચ્છે નહિ અને શરીરના ભેદ કરનાર મેલને સહન કરે. અને શરીર ઉપર મેલના થરને ધારણ કરે. તેવી જ રીતે ઉત્તરાધ્યયન-૫૦૬માં કહેલું છે કે :–ખાટું જવનું ખાજ-પાન, સૌવીરપાણી એટલે જવનુ ઠંડુ પાણી, જવનો ખોરાક આદિ અંતઃપ્રાંત એવા આહારનો કુલોમાં ફરતાં એવા સાધુઓ સ્વીકાર કરે. તેવી જ રીતે પર્યુષણાકલ્પને વિષે પણ ચઉત્થભત્તિયસ્સ એવો પાઠ પ્રતીત જ છે. આ પ્રમાણે આગમમાં કહેલું છે : માટે ચોખાના ધોવણ આદિનું પાણી સાધુઓ માટે યુકત જ છે.

વળી તેણે જે કહ્યું છે કે **"गुरुकुलवासत्यागिनां"** એ વચન તો પ્રત્યક્ષબાધિત છે. અને બોલનારનું જ અનાપ્તપણું સૂચવે છે. એ પ્રમાણે જિનપ્રભસૂરિ વડે કરીને અને તેના પૂજયો વડે કરીને જિનેશ્વર ભગવંત દ્વારા જે કાર્યો સાધુઓને માટે ભૂષણરૂપ જણાવાયેલા છે તેને દૂષણરૂપે જણાવાયા છે. અને તે જ કારણથી મુનિસુંદરસૂરિ આદિઓએ પૂર્વે કહેલા પ્રકાર વડે કરીને આંચલીયાની જેમ ખરતરને પણ અનંત સંસારી કહેલો છે. અને તે ખરતરની મધ્યમાં રહેલો એવો જિનપ્રભ પણ મુદ્દગલાધિપતિ પ્રતિબોધક હોવા છતાં પણ પ્રવચનનો ઉપઘાતક જ છે. કારણ કે ઉત્સૂત્રભાષીઓનું પ્રવચન ઉપઘાતકપણું નિયત હોવાથી પ્રવચન ઉપઘાતકપણું છે...નહિં કે પ્રવચન પ્રભાવકપણું! જો આમ ન સ્વીકારીએ તો દિગંબર આદિઓનું પણ પ્રવચન પ્રભાવકપણું સ્વીકારવું પડશે. કારણ કે તેઓના પ્રતિબોધેલા રાજા આદિઓ દક્ષિણ ભારતમાં સાંપ્રતકાલે પણ વિદ્યમાન છે. અને તેથી કરીને મ્લેચ્છાધિપતિનું પ્રતિબોધકપણું જાહેર કરવું એ અકિંચિત્કર જ છે.

જે કારણથી તેનો પ્રતિબોધિત કરેલો છતાં પણ સ્ત્રીપૂજા નિષેધ આદિ લક્ષણવાળા ઔષ્ટ્રિક-માર્ગની જ શ્રદ્ધા કરે છે. નહિ કે તીર્થંકરોએ ઉપદેશેલા તીર્થસંમત માર્ગને! ઉપદેશ સપ્તતિકાકારે (સોમધર્મ ગણિ) તો પોતાના પૂર્વાચાર્યોએ બનાવેલા પ્રકરણમાં અનુપયોગે ઔષ્ટ્રિકોએ બનાવેલા પ્રકરણ આદિના વિશ્વાસ વડે કરીને પ્રવચનનો ઉપઘાતક હોવા છતાં પણ જિનપ્રભસૂરિને મ્લેચ્છને પ્રતિબોધ કરવા માત્રથી જ પ્રવચન પ્રભાવક તરીકે વર્ણવેલો છે. અને એથી જ કરીને પં સોમધર્મગણિનો અનાભોગ પ્રગટ જ છે અને તે પ્રત્યક્ષ સિદ્ધ જ છે.

વાદિ પ્રશ્ન કરે છે કે ખરેખર જિનપ્રભસૂરિ વડે કરીને તપાગચ્છ પ્રશંસાયેલો પણ દેખાય છે. તે આ પ્રમાણે "પૂર્વે પ્રતિદિવસ નવીન સ્તવન બનાવવા પૂર્વક નિરવદ્ય આહાર ગ્રહણના અભિગ્રહને ધારણ કરનાર જિનપ્રભસૂરિએ પ્રત્યક્ષ પદ્માવતી દેવીના વચનથી અભ્યુદયને પામતા એવા તપાગચ્છને જાણીને ભગવંત શ્રી સોમતિલકસૂરિને પોતાના શિષ્યોને ભણવા અને જોવા માટે યમક-શ્લેષ-ચિત્ર-છંદ-વિશેષક આદિ નવ નવ ભંગીથી યુકત અને પોતાના નામથી અંકિત એવા સાતસો સ્તવનો ભેટ કર્યા. તેની અંદરનું આ સર્વસિદ્ધાંતસ્તવ ઘણું ઉપયોગી હોવાથી વિવરણ કરાય છે" એ પ્રમાણે

જિનપ્રભસૂરિકૃત **'સિદ્ધાંત સ્તવ'**ની અવચૂરિમાં કહેવાયું છે. તેવી જ રીતે કોઈક ઠેકાણે ''શત્રુંજયની યાત્રાએ જતાં એવા જિનપ્રભસૂરિએ સિદ્ધપુર નગરમાં તપાગચ્છના નાયક એવા શ્રી સોમતિલકસૂરિને ઘણાં આડંબરપૂર્વક વંદન કર્યું.'' એ પ્રમાણે પણ લખેલું દેખાય છે. તો તે વાત કેવી રીતે સંગત થાય?

એ પ્રમાણે જો પુછતો હોય તો જવાબ આપીયે છીએ કે સિદ્ધાંતસ્તવની અવચૂરિમાં જે લખેલું છે તે ખરતરના સંબંધીઓએ જ--તેની પરંપરાવાળાઓએ જ લખેલું છે. નહિ કે પ્રમાણિત થયેલા એવા અને સંમત એવા આપણાં કોઈ પૂર્વજે લખેલું! તો પછી તે વાતનો સમ્યગ્ શ્રદ્ધાપૂર્વક કેવી રીતે નિર્ણય કરી શકાય? વળી સિદ્ધાંતસ્તવની અવચૂરિની અંદર **"પ્રત્યક્ષ પદ્માવતીના વચનથી"** એમ જે લખેલું છે તે વાત અમને સ્વપ્ને પણ શ્રદ્ધાવિષયક બને તેમ નથી. કારણ કે ઉત્સૂત્રભાષી આત્માઓની પાસે સમ્યગ્દૃષ્ટિ દેવો પ્રગટ થતાં નથી; પરંતુ તેનાથી દુર જ નાસતાં હોય છે! તેથી કરીને જેમ ચંદ્રપ્રભાચાર્ય વડે કરીને કહેવાયું હતું કે--મને સ્વપ્નમાં શાસનદેવીએ આવીને કહેલું છે કે--શ્રાવકની પ્રતિષ્ઠા અને પૂનમની પકિખ અનાદિ સિદ્ધ છે. માટે તારે મૂકવી નહિ, એમ સંઘ આગળ કહેવાયું! એવી જ રીતે આંચલિક મતને પ્રગટ કરનાર નરસિંહ ઉપાધ્યાય વડે કરીને પાવકગિરિ (પાવાગઢ) ઉપર મિથ્યાદૃષ્ટિ એવી કાલિકા દેવીના આરાધનથી જ પોતાના મતની અંદર વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે અને પોતાનું પ્રૌઢપણું જણાવવા માટે લોકોની સન્મુખ 'મને ચક્રેશ્વરી પ્રગટ થઈ છે' એમ કહ્યું. તેવી જ રીતે જિનપ્રભસૂરિ પણ કોઈક ક્ષેત્રપાલાદી દેવવિશેષને સાધીને--આરાધીને 'મને પદ્માવતી પ્રત્યક્ષ થઈ છે' એમ કીધેલું જાણવું. વળી જે સિદ્ધપુરમાં શ્રી સોમતિલકને વંદન કર્યું તે વાત તો સંભવીત જ છે.

કારણ કે સાંપ્રતકાલે પણ પ્રાયઃ કરીને લિંગીઓ-સાધુઓ પરસ્પર વંદનાદિ ક્રિયા કરતાં દેખાય પણ છે. તો પછી સંવિગ્ન અને સર્વખ્યાત એવા સોમતિલકસૂરિને કેમ ન વાંદે? પરંતુ આવી વંદનાદિની વાત સાંભળીને કંઈ ઉત્સાહમાં આવી જવાની જરૂર નથી. અથવા તો તેને અનુકૂલ થઈ પ્રવર્તવાની જરૂર નથી. કારણ કે **'वंदिअ वीरं पडिनिअत्तोत्ति'** એ પ્રમાણે સિદ્ધાંતનું વચન હોવાથી શ્રી મહાવીરદેવને વંદન કરીને ગયેલો એવો હોવા છતાં પણ સંગમસૂર, સૌધર્મેન્દ્ર વડે દેવલોકમાંથી હાંકી કઢાયો. નહિ કે મહાવીરસ્વામીને જે વંદન કર્યું છે તે વાતને હૃદયમાં ધારણ કરીને તેને પ્રશંસ્યો.!! એ પ્રમાણે ઉત્સૂત્રભાષીઓ વંદનાદિ ક્રિયા કરતાં હોય તો પણ તેની ઉપેક્ષા કરીને યથાશક્તિએ તિરસ્કાર કરવા યોગ્ય છે.

વળી જો કે કોઈક ઉત્સૂત્રભાષી તેવા પ્રકારે ભદ્રક હોય. અને નિશ્ચયથી કોઈ સમ્યક્ત્વને ભજવાવાળો હોય તો પણ **''तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते'' इति न्यायात्**--તેની અંદર પડેલો હોય તે તેની જેવો જ ગ્રહણ કરાય છે. એવો ન્યાય હોવાથી. જેટલા તેવા નામધારકો હોય તે બધા જ સંકિલષ્ટ પરિણામવાળા જ છે. એમ કહેવાય. અને તેઓનું દર્શન પણ સમ્યગ્દૃષ્ટિ આત્માઓને અશુભ કર્મબંધનો હેતુ છે.

**यदागम :--''उम्मग्गदेसणाए चरणं नासंति जिणवरिंदाणं।**
**वावण्णदंसणा खलु, न हु लब्भा तारिसा दट्ठुं।।**

**इति वंदनकनिर्युक्तौ गाथा–११६९**માં કહેલું છે કે ઉન્માર્ગની દેશના વડે કરીને જિનેશ્વર ભગવંતોનું જે ચારિત્ર છે તે નષ્ટ કરે છે. અને તેવા વ્યાપન્ન દર્શનવાળા દેખવાને પણ યોગ્ય નથી. ''આ ગાથાની ચૂર્ણિમાં લખેલું છે કે ''**खलु सदा जइ केइ निच्छयविहीए अवावण्णदंसणा तहवि वावण्णदंसणा इव दट्ठव्वा, ते अ दट्ठुंपि न लब्भा, किमंग पुण संवासो संभुजणासंथवो वा इत्यादि श्री आवश्यकचूर्णौ** જે કોઈકને નિશ્ચયદષ્ટિએ કરીને અવ્યાપન્ન દર્શન = અવિનષ્ટ સમ્યગ્દર્શનવાળા હોય તો પણ વ્યાપન્નદર્શની જેવા જ જાણવા. તેને જોવા પણ યોગ્ય નથી તો હે શિષ્ય! તેની સાથેનો સંવાસ,સંભોજન, સંસ્તવ તો હોય જ શેનો?'' આ અમારા કહેવાનો ભાવ એ છે કે કોઈ અવસર વિશેષે કરીને જિનપ્રભસૂરિ પણ સુવિહિતનો અનુરાગી થયો સંભવે તો પણ જ્યાં સુધી તે નામ (ખરતરનું નામ) ધારણ કરે ત્યાં સુધી આગમદષ્ટિવાળા આત્માઓને જોવાને પણ અકલ્પ્ય છે. તો પછી પ્રભાવક રૂપે સ્તવનાને યોગ્ય કયાંથી હોય? આમ છતાં પણ ઉપદેશસપ્તતિકાકારે પ્રભાવક તરીકે જે વર્ણવેલ છે તેમાં અનાભોગ જ કારણ જાણવું. ॥ ગાથાર્થ-૮૧ ॥ હવે ઉપદેશ સપ્તતિકાના વિષયમાં શું પ્રાપ્ત થયું? તે જણાવે છે.

**एएणं तुम्हाणं गंथे भणिअंति वयणमवजुत्तं।**
**अणभोगोऽवि पमाणीकओ अ हुज्ञा अभिणिवेसो॥८२॥**

પૂર્વે કહેલા પ્રકારવડે કરીને અનાભોગ સિદ્ધ થયે છતે જે ખરતરોદ્વારા ''તમારા ઉપદેશ સપ્તતિકા નામના ગ્રંથમાં શ્રી અભયદેવસૂરિથી ખરતર ગચ્છ પ્રતિષ્ઠા પામ્યો'' એવું જે વચન છે તે અયુકત જાણવું. તેનો હેતુ કહે છે જે કારણથી અનાભોગ પણ પ્રમાણ કર્યો તે અનાભોગથી 'અમારા પક્ષકારો વડે ગ્રંથમાં જે કાંઈ કહેવાયું હોય તે પણ અમારે પ્રમાણ છે.' એ કહેવું તે અભિનિવેશ છે.

જો એમ ન હોત તો જમાલિ આદિના શિષ્યોનો પણ અભિનિવેશ ન ગણાત. કારણ કે તેઓએ પોતાના ગુરૂએ જ કહેલાનું પ્રમાણીત કરેલું હોવાથી. વળી અનાભોગ, છદ્મસ્થમાત્રને, સંભવે જ છે. આગમમાં કહેલું છે કે

**नहि नामानाभोगच्छद्मस्थस्येह कस्यचिन्न स्यात्।**
**ज्ञानावरणीयं हि ज्ञानावरणप्रकृतिकर्म॥**

કોઈપણ છદ્મસ્થને અનાભોગ પણ ન હોય તેવું બનતું નથી. કારણ કે જ્ઞાનાવરણીય પ્રકૃતિનું જે કર્મ તે બધાને છે. અને એથી કરીને ઉપદેશ સપ્તતિકાગ્રંથનું આલંબન લઈને તેવા પ્રકારનું બીજું કાંઈ પણ હોય તો ખરતરો વડે કરીને પોકાર કરવો નહિ એમ અમે જણાવીયે છીએ.

વળી ઉપદેશસપ્તતિકાકારના વચનનો સ્વીકાર કરીયે તો શ્રી મુનિસુંદરસૂરિ, શ્રી જિનસુંદરસૂરિ, પંડિત હર્ષભૂષણ આદિએ કરેલા ગુર્વાવલી-દિવાલીકલ્પ-શ્રાદ્ધવિધિવિનિશ્ચય પ્રમુખ ગ્રંથો અપ્રમાણ કરવા પડે. કારણ કે તે બધાયની અંદર ઉત્સૂત્રભાષીઓને નિષેધેલા છે. તો પછી તેને

અનુકૂલતાવાળું વર્ણન તો કરાય જ ક્યાંથી? ॥ ગાથાર્થ-૮૨ ॥ હવે ખરતર મતમાં કહેલ વાત માત્રનો ઉપસંહાર કરે છે.

**तम्हा तम्मयलिहिअं, तप्पडिअं अहव लिहिअमण्णेणं।**
**उभयंपि अप्पमाणं, जमभिनिवेसा अणाभोगा॥८३॥**

તે કારણથી એટલેકે પૂર્વે કહેલી યુક્તિોના પ્રકારોથી અને કહેવાતા કારણોથી તેઓનું (ખરતરમતવાળાઓનું) જે બોલેલું હોય અને તેવું કોઈપણ ઠેકાણે લખેલું હોય અથવા ઉભય હોય તો તે બધું અપ્રમાણ છે. તેમાં કારણ કહે છે. જે કારણથી ખરતરોએ જે કાંઈ લખેલું હોય તે અભિનિવેશથી લખેલું હોય અને તેને જોઈને તેના મતના સ્વરૂપથી અજાણ એવા બીજા કોઈએ લખી નાંખ્યું હોય તે બધું અનાભોગથી જ છે એમ જાણવું. ॥ ગાથાર્થ-૮૩ ॥ હવે ખરતરનું લખેલું બધું વિશ્વાસના અભાવવાળું કેવી રીતે? એ પ્રમાણેની પારકાની શંકાને દૂર કરવા માટે બે ગાથાઓ જણાવે છે તેમાંની પહેલી ગાથા કહે છે.

**सव्वेहिं कुवक्खेहि अ, निब्भंतो खरयरो सहावेणं।**
**जिब्भादोसदुगेणं, भासण भक्खणसरूवेणं॥८४॥**
**उस्सुत्तं भासित्ता, दिज्ञा अलिअंपि सम्मइं मूढो।**
**पज्जूसिअविदलाई, भक्खंतो भणइ मुणिमप्पं॥८५॥**

ખરતરો, જાતિ જન્મથી જ ઉત્પન્ન થયેલા સ્વાભાવિક ગુણ વડે કરીને બધા જ કુપાક્ષિકો-થી નિઃશૂક છે. એટલે પરભવના ભયથી રહિત છે. કોના વડે કરીને નિઃશૂક છે? તે જણાવે છે. ભાષણ અને ભક્ષણ એ બે જીભના દોષ વડે કરીને પરલોકના ભયથી રહિત છે. ॥ ગાથાર્થ-૮૪ ॥ હવે આ જે જણાવ્યું તે કેવી રીતે? તે જણાવે છે. ઉત્સૂત્રભાષીપણું હોવાથી તે મૂર્ખ ખરતર, પોતાના મતને સ્થાપવાને માટે બીજા ગ્રંથોની સાક્ષી ન હોવા છતાં પણ ખોટી રીતે આગળ ધરે છે. તે આ પ્રમાણે :-ઉમાસ્વાતિવાચક કૃત 'વિચાર વલ્લભ' ગ્રંથમાં જણાવાયું છે કે

**चउरंगुलप्पमाणं, ठवणायरिअं ठवित्तु मुणिवसभा;**
**विहिणा कुणंति किरिअं, तयभावे दंडगं वावि॥१॥**
**दारुमए आयरिए, मुट्ठिपमाणे सुवट्टयायारे;**
**पणवीसं पडिलेहा, हवंति जुत्तो अ तेणेसो॥२॥**
**पडिलेहणा उ पुण्णा, न तहा अक्खाइएसु सुसिरेसु;**
**लब्भंति भरिअमज्झे, तेण उ कत्थवि विसेसंमि॥३॥**

सुत्तुत्ते वि हु ठवणायरिए, किरिआसु पुव्वसूरीहिं;
पडिलेहणाविसेसं, दट्ठूणं दंसिआ केऽवि॥४॥

ચાર અંગુલ પ્રમાણે સ્થાપના સ્થાપીને મુનિવૃષભો વિધિપૂર્વક ક્રિયા કરે, અને તેના અભાવે દાંડો (સ્થાપીને પણ) (૧) મુષ્ટિ પ્રમાણ લાકડાના ગોળાકાર એવા આચાર્ય, એ આચાર્યને વિષે-૨૫ પડિલેહણા યુકત હોય. (૨) અને તે કારણથી **कत्थवि** કોઈક વિશેષમાં મધ્યમાં ભરેલું હોય. (૩) સૂત્રોકત એવા સ્થાપનાચાર્યને વિષે પણ પૂર્વ સૂરિઓ વડે કરીને ક્રિયાઓ જોઇને પડિલેહણા વિશેષ કેટલાકોએ બતાવેલી છે. (૪) તેવી રીતે હરિભદ્રસૂરિકૃત-

''तिहिपडणे कायव्वा, पुव्वा ज्जुत्त धम्मकज्जेसु;
चाउद्दसी विलोवे, पुण्णमिअं पक्खपडिकमणं॥१॥

तत्थेव पोसहविही, कायव्वा सावगेहिं सुहहेऊ;
नहु तेरसीइ कीरइ, जम्हा णाणाईणो दोसा॥२॥

सूरोदयघडिआवि अ, तेरसि हुंता न पक्खिअं कुज्जा;
चाउम्मासिअकरणे, एस विही देसिआ समए॥३॥

तिही वुड्ढीए पढमा, गहिआ पडिपुण्ण भोगसंजुत्ता;
इअरावि माणणिज्झा, परं न थोवत्ति तत्तुल्ला॥४॥

इति श्री हरिभद्रसूरिकृततत्त्वतरङ्गिणीग्रन्थे''

''તિથિ ક્ષય હોય ત્યારે પૂર્વથી યુક્ત એવી તિથિ ધર્મકાર્યમાં લેવી અને ચતુર્દશીનો લોપ હોય તો પાક્ષિક પ્રતિક્રમણ પૂનમને દિવસે કરવું-૧ અને તે પૂનમને દિવસે જ શ્રાવકોએ શુભ હેતુને માટે પૌષધવિધિ કરવી. પરંતુ ચૌદશના ક્ષયે તેરસને દિવસે નહિ કરવો. કારણ કે જો તેરસના દિવસે કરવામાં આવે તો આજ્ઞા ભંગાદિ દોષો થાય.-૨ સૂર્યોદય વખતે એક ઘડિ પણ જો તેરસ હોય તો તે દિવસે પાક્ષિક કરવું નહિ. અને ચોમાસીને વિષે પણ આ જ વિધિ આગમમાં બતાવેલી છે.-૩ તિથિવૃદ્ધિમાં પહેલી ગ્રહણ કરવી. કારણ કે પ્રતિપૂર્ણ ભોગથી યુકત તિથિ છે. બીજી જો કે માનનીય છે. પણ થોડો ભાગ હોવાથી પહેલાની જેવી તુલ્ય નથી.-૪'' તેવી જ રીતે 'પ્રતિક્રમણ ભાષ્ય'માં 'તે અવિચ્છન્ન (આવશ્યકાદિકૃતિકર્મ) ડાબા ઢીચણ પર મુહપતિ સ્થાપન કરીને રજોહરણના મધ્યભાગમાં પૂજ્યના પાદયુગ્મને સ્થાપન કરે-૧ આવશ્યક કૃતિકર્મ-લાંબી મુહપત્તિએ કર્મક્ષયને માટે ભકિતયુકત થયો છતો જે કોઈ કરે છે તે પરમ નિર્વાણપદને પામે છે. ૨,(હવે આ વાતોનું ખંડન :—)

હવે અહિં જે વિચારવલ્લભા અને તત્ત્વતરંગિણી નામના બે ગ્રંથોના કર્ત્તાના નામનો ઉલ્લેખ થયો છે તે આકાશના પુષ્પની જેમ અસત્ હોવાથી પોતાના મતના સ્થિરીકરણ કરવા માટે અને મુગ્ધજનોને છેતરવા માટે બનાવટી સંમતિ તરીકે લખી નાખ્યા છે. અને પ્રતિક્રમણ ભાષ્યની જે સાક્ષી

આપી છે તે ખોટું આળ ચઢાવવાના કલંકથી કલંકિત છે. કારણ કે તેમાં આ બે ગાથાના ગંધનો પણ અભાવ હોવાથી. તથા તેવી જ રીતે સૂત્રકૃતાંગની વૃત્તિમાં કહેલું છે કે : **"सेणं लेवए गाहावई समणोवासए अहिगयजीवाजीवं इत्यादि द्वितीयाङ्गसूत्रलेशस्य वृत्तिरियं तथा चतुर्दश्यष्टम्यादिषु तिथिषूद्दिष्टासु महाकल्याणकतया पुण्यतिथित्वेन प्रख्यातासु तथा पौर्णमासीषु च तिसृष्वपि चतुर्मासकतिथिष्वित्यर्थः"**

જીવાજીવના જ્ઞાનવાળો એવો તે લેપ ગાથાપતિ, શ્રાવકના ચૌદશ આઠમ આદિ તિથિઓને વિષે તેમજ મહાકલ્યાણક તરીકે અને પુણ્યતિથિ તરીકે પ્રખ્યાત એવી અમાસને વિષે તેમજ ચોમાસી સંબંધી ત્રણ પૂર્ણિમાને વિષે, એવા પ્રકારનો સૂત્રકૃતાંગસૂત્રની વૃત્તિનો પાઠ વિદ્યમાન હોયે છતે પણ 'પર્યુષણાનો પૌષધ' ગ્રહણ કરવાને માટે ખરતરરૂપ એવા પ્રભાચાર્યે પોતે કરેલા ષડાવશ્યક બાલાવબોધમાં **पौर्णमासीषु चतसृष्वपि चतुर्मासकपर्युषणातिथिषु**—એ પ્રમાણેનો પાઠ બનાવી નાંખીને 'સૂત્રકૃતાંગસૂત્રની વૃત્તિમાં આ પ્રમાણે કહ્યું છે.' એ પ્રમાણેના વચનો વડે કરીને (બનાવટી પાઠવાલી) સૂત્રકૃતાંગની વૃત્તિ, સંમતિ તરીકે દર્શાવી દીધી! તેવી જ રીતે **"उद्दिट्ठट्ठमिचउद्दसी"** ઈત્યાદિ ગાથા, સંદેહદોલાવલીમાં-૩૭મી ગાથામાં બતાવી છે. આ સંદેહદોલાવલી સૂત્ર જિનદત્તસૂરિએ કરેલું છે. આ ગાથાના વ્યાખ્યાનમાં ઉદ્દિષ્ટા એટલે વિશેષ પર્વ તરીકે હોવાથી પ્રવચનમાં પ્રસિદ્ધ એવી તિથિઓ, કે-- જે સૂત્રકૃતાંગવૃત્તિમાં કહેલું છે કે :-**चाउद्दसट्ठमुद्दिट्ठ-पुण्णिमासिणीसु"त्ति** એ આલાવાનું વિવરણ કરતાં શીલાંકાચાર્યે 'ઉદ્દિષ્ટાસુ' એટલે મહાકલ્યાણક સંબંધીપણાએ કરીને પુણ્યતિથિરૂપ પ્રખ્યાત તિથિઓ એવી તે કઈ તિથિઓ? ચોમાસી-સાંવત્સરિક મહાકલ્યાણક દિવસો કહેવાય છે. ઈત્યાદિ અસંબદ્ધ જ કહેલું છે.

તેવી જ રીતે—

**साहूणं गोअरओ वुच्छिण्णो, दूसमाणुभावाओ।**
**अन्नाणं पणवीसं, सावयधम्मो अ वुच्छिण्णो॥६॥**

એ પ્રકારની તીર્થોદ્‌ગારની ગાથાની કોઈપણ ઠેકાણે વ્યાખ્યાની પ્રાપ્તિ નહિ હોવા છતાં પણ "શ્રાવકધર્મ અહિ પ્રતિમારૂપ જાણવો. તેથી કરીને સાંપ્રતકાલે પણ શ્રાવકો પાસેથી ભિક્ષા ગ્રહણ કરાવાય છે. તે આગમ બાધિત છે." એ પ્રમાણે પોતાના મતના અનુરાગે કરીને ખોટો અર્થ ઉદ્‌ભવાવીને **ષષ્ઠીશતક**ની વૃત્તિમાં લખી નાંખ્યું છે. કારણ કે વિશેષ કરીને સાંપ્રતકાલે પ્રતિમા વહનની તુલના કરીને દીક્ષા ગ્રહણ કરે." એ પ્રમાણે **પંચાશક**ની વૃત્તિમાં અભયદેવસૂરિ મહારાજે જણાવ્યું છે. જે વાત અમે આગળ દેખાડીશું. આ બધું વિચારીને ખરતરોએ કરેલી વાતોમાં અને ખરતરોએ કરેલી વાતોની સંમતિમાં જરીયે વિશ્વાસ કરવો નહિ જ.

વાદી પ્રશ્ન કરે છે કે ખરેખર પૂનમીયા અને આંચાલીયાઓએ પણ એ પ્રમાણે લખેલું દેખાય છે. તે આ પ્રમાણે :—**कालगज्रेहिं कारणिआ चउत्थि पवत्तिआ, तव्वसेण चउम्मासिआणि चउद्दसीए आयरियाणि"त्ति**

**"तव्वसेण य पक्खीआणि चउद्दसीए आयरिआणि" त्ति**

'કાલકાચાર્યે કારણિક ચતુર્થી પ્રવર્તાવી. અને તે કારણથી ચોમાસીઓ ચૌદશે આચરાણી' એ પ્રમાણે ગ્રંથકારનું વચન વિદ્યમાન હોવા છતાં પણ ''તેના વશથી પાક્ષિક, ચતુર્દશીએ આચર્યું'' એ પ્રમાણેનું પરાવર્તન કરીને લખાયેલું કોઈક ઠેકાણે દેખાય છે. તેવી જ રીતે જ્યોતિષ્ કરંડક સૂત્ર-પ્રાભૃત ત્રીજું ગાથા-૮૯

**''इत्तो अ अहिगस्सय निप्फत्तिं मे निसामेह'' त्ति**

''હવે આનાથી અધિકની નિષ્પત્તિ મારી પાસેથી સાંભળ'' ઈત્યાદિ ત્રણ ગાથામાં 'સોયના અગ્રભાગમાં સાંબેલું પેઠું' એ ન્યાયને અવગણીને

**''छद्दिसहिआ न अट्ठमि, तेरसिसहिअं न पक्खिअं होइ,**
**पडवइसहिअं कइआवि, इअ भणिअं वीअरागेहिं॥१॥**

ઈત્યાદિ દશ ગાથાઓ પૂનમની પકિખ માનવાવાળાઓએ દાખલ કરી દીધી છે!! અને એ જ દશ ગાથાની ગોઠવણી પણ ગોવાલીયાના વાક્યની જેવી જણાય છે. એ પ્રમાણે અસત્ય રીતે ગ્રંથ સંમતિ આપ્યાના દર્શન થતાં હોવા વડે કરીને અને સિદ્ધાંતને કલંક દાન દેવાતું હોવાથી. આ બન્ને પણ (આંચલીયો, પૂનમીયો) ખરતરની જેવા હોવા છતાં પણ તેમાં એ એકલા ખરતરને જ નિઃશૂક-ભવભય રહિત કેમ જણાવ્યો છે?' એમ જો કહેતા હો તો તમારું કહેવું સાચું છે. જો કે જવાબમાં કહેવું કે--'તૂં જણાવે છે તે પ્રમાણે આ બન્ને અને ખરતરમાં કોઈ વિશેષ ફેરફાર નથી. તોપણ વિશેષ એ છે કે જે પૂનમીયા આદિની અંદરના કોઈકે તેવી રીતનો પ્રક્ષેપ કરીને કહેલું જ હોવા છતાં તેના વંશવારસોએ તેને સત્યરૂપે માનીને પ્રવર્તાવેલું જણાય છે.'

ખરતર તો પોતાનો પ્રાચીનોએ કહેલું છે એટલેથી અટકી જતાં નથી; પરંતુ સાંપ્રતકાલે પણ નવીન નવીન દાખલ કરી દેવામાં તૈયાર હોવાનું પ્રત્યક્ષ પ્રમાણ સિદ્ધ જ છે. જેવી રીતે જેસલમેરમાં તપાગચ્છીઓએ કરેલી પ્રતિક્રમણવૃત્તિમાં નવાંગીવૃત્તિકારશ્રી અભયદેવસૂરિ-હેમચંદ્રસૂરિ આદિ સ્વયં સિદ્ધ જ પાઠ હોવા છતાં પણ તે પ્રતની અંદર **'ખરતરધુરીણ'** એ સાત અક્ષરો વચમાં નાંખીને (ગોઠવીને) નવીન પુસ્તક લખી નાંખ્યું. અને એ નવ લખેલ પુસ્તકનો સંવત્સર પણ પુરાતન લખી નાખ્યો ! અને જ્યારે એ બાબત વાદવિવાદ થયો અને એનો સમ્યગ્ નિર્ણય થવા પામ્યો ત્યારે જ ''કોઈક મુગ્ધ માણસે આ દાખલ કરી દીધું હોય તેથી શું થયું?'' એવી રીતનું બોલતો છતો પણ ક્ષીણપ્રાણપ્રાયઃ થઇ ગયો હતો-આવી વાતોમાં કોઈ આશ્ચર્ય કરવાની સંભાવના કરવાની જરૂર નથી.

પ્રાયેઃ કરીને ખરતર આગલ પાછલનો સંબંધ જોયા સિવાય જ જેમ આવે તેમ પોકાર પાડે છે. એથી જ કરીને પોતે ચૌદશનું પક્ખી પ્રતિક્રમણ સ્વીકારનાર હોવા છતાં પણ 'કોઈકે દાખલ કરી દીધેલી છે જે દશ ગાથાઓ છે.' એને કંઠમાં લટકાવીને ફરતાં કોઈ ઠેકાણે 'તેરસિસહિઅં ન પક્ખિઅં હોઈ' તેરસની સાથે પાક્ષિક ન હોય! એ પ્રમાણે બોલતાં છતાં લાજતાં નથી! વળી એટલું પણ વિચારતાં નથી કે તે દશ ગાથાની અંદરની છઠ્ઠી ગાથામાં **''पन्नरसंमि अ दिवसे कायव्वं पक्खिअं तु पाएण''** પ્રાયેઃ કરીને પંદરમે દિવસે પકિખ કરવી એમ કેમ કીધું? અને હું શું બોલું છું? અથવા

તો આ દશ ગાથાઓ કોણે બનાવી? એની કાંઈ પણ વિચારણા કરતા નથી. એ પ્રમાણે પૂનમીયાના રંગે રંગાયેલા આત્માએ કરેલી આ હુંડિકાને જોઈને પણ ભ્રમિત થયેલો એવો ખરતર, 'પૂર્ણિમાએ પણ પાક્ષિક સત્ય જ છે' એ પ્રમાણે પોતાના સમુદાયમાં પ્રચાર કરતો દેખાય છે. એવી રીતે બીજા કોઈ કુપાક્ષિકો કે મતવાદિઓ કરતાં નથી. એમ એથી કરીને ખરતર અતિભ્રાંત છે. અને તેનો જીભથી ઉત્પન્ન થયેલો ભાષણદોષ સમર્થિત કર્યો. હવે જીભથી ઉત્પન્ન થયેલો ભક્ષણ દોષ જણાવે છે. **पज्जुसिअ**– એક રાત વાસી રહેલું દ્વિદલ (વિદલ) મગ. આદિ આદિ શબ્દથી પોલિકા (પુરી) આદિ જે શ્રાવકકુલમાં પણ નિંદ્ય છે તેવો આહાર ખાતો છતાં પણ ખરતર પોતાને મુનિ તરીકે કહેડાવે છે! પર્યુષિત વિદલ આદિનું ગ્રહણ કરવું તે અનુચિત છે એ વાત અમે આગળ જણાવીશું. ॥ ગાથાર્થ-૮૫ ॥

હવે પૂર્વે કહેલા પ્રકારવડે કરીને નવાંગીવૃત્તિકાર શ્રીઅભયદેવસૂરિજી મહારાજા ખરતર નથી જ એ વાત સિદ્ધ થઈ હોવા છતાં પણ બીજી રીતે તે વાતની દૃઢતા કરવા માટે ગાથા કહે છે.

**अह पायं बहु खायं, खरयरवयणाओ खरयरो सूरी।**
**नवअंगिवित्तिकारो, तमसच्चं भिन्नमवि वोच्छं॥८६॥**

અથવા એટલે કે પૂર્વ કહેલી યુકિતની અપેક્ષાએ જુદી રીતે ''નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિ અમારા ખરતર છે,'' એ પ્રકારના ખરતરના વચનથી 'નવાંગવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિ ખરતર છે.' એ પ્રમાણેનું વચન પ્રાયઃ કરીને બહુ પ્રખ્યાત થઈ ગયું છે. પ્રાયઃ શબ્દ એટલા માટે ગ્રહણ કરવો પડે છે કે પ્રવચનના પરમાર્થને જાણવાવાળા અમારા પ્રાચીનાચાર્યોમાં તે પ્રમાણે પ્રખ્યાત નથી. એટલે પ્રાયઃ શબ્દ લીધો છે. એટલે તે બહુ પ્રખ્યાત એવી વાત અસત્ય છે. ભિન્ન પણ છે એ વાત અમે જુદી રીતે જણાવીશું. ॥ ગાથાર્થ--૮૬ ॥

હવે કહેલી વાતના સમર્થન માટે યુકિત બતાવે છે.

**जइ सिरि जिणेसरो, सो खरयरनामेण होइ सुपसिद्धो।**
**ता कहमम्हायरिया, खरयरनामेण धिक्कुज्जा॥८७॥**

જો (તમારા કહેવા પ્રમાણે) શ્રી જિનશેખરસૂરિ ખરતરના નામ વડે કરીને સારી રીતે પ્રસિદ્ધ હોત તો અમારા શ્રી સોમસુંદરસૂરિ વગેરે આચાર્યો ખરતરના નામ વડે કરીને તેઓને--તે ખરતરોને કેવી રીતે ધિક્કારતે? ધિક્કારનો ઉલ્લેખ જણાવે છે કે-

**हुं नन्देन्द्रियरुद्रकाल ११५६ जनितः पक्षोऽस्ति राकाङ्कितो।**
**वेदाभ्रारुण १२०४ काल औष्ट्रिकभवो विश्वार्क १२१३ कालेऽञ्चलः।**
**षट्त्र्यर्केषु १२३६ च सार्द्धपौर्णिम इति व्योमेन्द्रियार्के १२५० पुनः।**
**काले त्रिस्तुतिकः कलौ जिनमते जाताः स्वकीयाग्रहात्॥१॥**

આ ગાથાની અંદર પૂનમીયા અને અંચલીયાની જેમ ખરતર પણ આ કલિકાલની અંદર અભિનિવેશી થયો છે એમ જણાવ્યું છે. તેવી જ રીતે--

"आज्ञाभङ्गान्तरायोत्थानन्तसंसारनिर्भयैः।
सामाचार्योऽपि पाश्चात्यैः प्रायः स्वैरं प्रवर्तिताः॥१॥

उपधानप्रतिक्रान्ति, र्जिनार्चादिनिषेधकाः।
न्यूनिता दुष्षमादोषात्प्रमत्तजनताप्रियाः॥२॥"

એ ગાથાઓની અંદર સ્ત્રીઓ માટે જિનપૂજા નિષેધ કરનાર ખરતર પણ અનંત સંસારી કહેલો છે. ઇત્યાદિ પૂર્વે કહેલું વચન જો જિનેશ્વરસૂરિનું ખરતરપણું હોય તો કેવી રીતે સંભવે? તેથી કરીને જિનેશ્વરસૂરિને ખરતર ચિન્હ ઘટતું નથી. અર્થાત્ જિનેશ્વરસૂરિ ખરતર નથી. ॥ ગાથાર્થ-૮૭ ॥

હવે અમારા આચાર્યો, ખરતર અનંત સંસારી જ છે એમ ફકત નથી કહેતા; પરંતુ અભયદેવસૂરિને પ્રભાવક તરીકે પણ કહે છે. તે માટે કહે છે કે :-

**पभणंतावि पभावय–चरिएऽभयदेवहेमचंदाई।**
**उस्सुत्तमग्गवडिओ, पभावगो होइ न विरोहा॥८८॥**

પ્રભાવકચરિત્રને વિષે અભયદેવસૂરિ, હેમચંદ્રસૂરિ આદિઓને જિન શાસનના પ્રભાવકપણે કહેતાં છતાં જ ખરતરને અમારા આચાર્યોએ આંચલીયાની પંક્તિમાં નાખ્યો છે. અને એથી જ કરીને જ્યારે આ પ્રમાણે છે ત્યારે ઉત્સૂત્રના માર્ગમાં પડેલો હોય તે પ્રભાવક થતો નથી. કારણ કે વિરોધ આવતો હોવાથી અને વિરોધ તો આ પ્રમાણે છે.

જો કે કોઈક વખતે ઉત્સૂત્રમાં પડેલો આત્મા અન્યતીર્થિ સાથે અસંભવિત હોય એવો જય મેળવીને ઉન્નતિને પામે છે. તોપણ તે 'પ્રવચન પ્રભાવક' કહેવાતો નથી. પરંતુ પોતે જે માર્ગનો આશ્રય કરેલો છે તે માર્ગનો જ પ્રભાવક કહેવાય છે. અને તેજસ્વી બનેલો તે માર્ગ, વિશેષ કરીને પ્રવચનનો ઉપઘાતક બને છે. જેવી રીતે દિગંબર પક્ષીયનો જય થયો હોય તો દિગંબર પક્ષનો તે આત્મા શ્વેતાંબર પક્ષને જ ઉચ્છેદી નાંખવા ઇચ્છે છે. તેથી કરીને ઉત્સૂત્રમાર્ગાશ્રીતપણું અને પ્રવચન પ્રભાવકપણું તે બન્નેને વિષે શીત અને ઉષ્ણ સ્પર્શની જેમ સાથે રહેવામાં મોટો વિરોધ આવે છે. અને તેવી રીતે પ્રવચન પ્રભાવક કહેલ હોવાથી તે જિનેશ્વરસૂરિ કે શ્રી અભયદેવસૂરિ, ખરતર નામથી અંકિત કેવી રીતે થાય? અર્થાત્ ન જ થાય. ॥ ગાથાર્થ-૮૮ ॥

આ પ્રમાણે કહેવા છતાં પણ કોઈક અન્યથાભાવને પામેલો પણ આત્મા કેવો થાય? તે દેખાડવાને માટે બે ગાથા કહે છે.

**एएण कोइ मूढो, मच्छरगसिओ हु होइ वायालो।**
**अब्भासवत्तिओ वा, नेहंतो तंमि मुहरि सिआ॥८९॥**
**एसो न दूसिअव्वो, न दूसिओ जेण पूव्वसूरीहिं।**
**सोऽवि मुहमुद्दिओ खलु, आणाभंगाइवयणेहिं॥९०॥**

પૂર્વે કહેલી યુક્તિના પ્રકાર વડે કરીને તે પણ મોઢે ચોકઠું ચઢાવેલો થાય છે. તે કોણ છે? તો કહે છે કે જે કોઈ પણ મૂઢ એટલે કે પ્રવચનના પરમાર્થથી અજાણ અથવા મત્સરગ્રસ્ત એટલે કે જે બીજા કોઈ વડે કરીને તિરસ્કાર કરાયો છતો 'મારે આમને ટેકો આપવો' એ પ્રમાણેના મત્સરભાવથી ગ્રસાયેલો વાચાલ થતો હોય અથવા તો ખરતરોની સાથેના આલાપસંલાપ આદિના અભ્યાસના વશથી તે ખરતરને વિષે સ્નેહને ધારણ કરતો છતો ''ખરતર મને મિત્ર છું એમ જાણે'' એ બુદ્ધિએ કરીને વાચાલતા બતાવતો હોય તેવો મૂઢ આત્મા મુખમુદ્રિત જાણવો'' વાચાલપણાનો ઉલ્લેખ કરતાં કહે છે કે ''આ ખરતર દૂષણ દેવા જેવો નથી'' જે કારણ વડે કરીને કોઈપણ પૂર્વ સૂરિઓએ તેને દૂષિત કરેલ નથી'' એ પ્રમાણે બોલતાં તે આત્માનું મોઢું સિવાઈ ગયું હોય તેમ જાણવું. અર્થાત્ બોલવા માટે તદ્દન અશક્ત જ છે એમ જાણવું. કોના વડે કરીને મોઢું સીવાયું છે? તો કહે છે કે આજ્ઞાભંગાદિ વચનો વડે.

**आज्ञाभंगान्तरायोत्थानन्तसंसारनिर्भयैः॥**

'' એ પ્રમાણે શ્રી મુનિસુંદરસૂરિ આદિના પૂર્વે કહેલાં સંમતિ વચનો વડે કરીને'' આનો ભાવ એ છે કે અમે કોઈક એવા કૃત્રિમ બહાનાઓથી ખરતરોને દૂષિત કરતાં નથી; પરંતુ સુવિહિત શિરોમણી એવા મુનિસુંદરસૂરિ આદિ પૂર્વાચાર્યો વડે દૂષિત કરાયેલો હોવાથી કરીએ છીએ. ॥ ગાથાર્થ-૮૯-૯૦ ॥

હવે પ્રરૂપણાવડે કરીને પણ ભેદ હોવાનું દેખાડતાં કહે છે કે

**जं पुण परूवणाए, भेओऽभयदेववल्लहाणंपि।**
**वल्लहजिणदत्ताणं, तमणंतर वुच्छमुस्सुत्ते॥९१॥**

જેમ શ્રી અભયદેવસૂરિ અને જિનવલ્લભસૂરિમાં પ્રરૂપણાભેદ છે તેમ જિનવલ્લભ અને જિનદત્તની પ્રરૂપણામાં જુદાપણું છે. તે હમણાં જ ઉત્સૂત્રોદ્ઘાટનના અવસરે જણાવીશું ॥ ગાથાર્થ-૯૧ ॥

આ પ્રમાણે અભયદેવસૂરિજી મહારાજા ખરતરના નામ વડે કલંકિત નથી. તેવું પ્રસંગથી જણાવ્યું. હવે ખરતરમતના ઉત્સૂત્રો બતાવવાની ઈચ્છાએ કરીને ઉત્સૂત્રોના ભેદો કહે છે.

**अह उस्सुत्तं दुविहं, किरिआविसयं च वयणविसयं च।**
**किरिआविसयं तिविहं, दुविहं पुण वयणविसयंति॥९२॥**

હવે નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ આદિની સ્થાપના બાદ ઉત્સૂત્ર બે પ્રકારે છે. ૧-ક્રિયા વિષયક અને બીજું વચન વિષયક. ક્રિયા જ જેનો વિષય છે તે ક્રિયા વિષયક જાણવું. જો કે ક્રિયા વિષયક ઉત્સૂત્ર છે તે વચનવિષયક પણ થાય છે. તો પણ અહિં મુખ્યવૃત્તિએ કરીને જાણવું. એ પ્રમાણે આગળ પણ સમજી લેવું.

વચન છે વિષય જેનો તે વચન વિષયક ઉત્સૂત્ર એમ બે પ્રકારનું છે. તેમાં ક્રિયા વિષયક ત્રણ પ્રકારનું છે. અને વચન વિષયક ઉત્સૂત્ર બે પ્રકારનું જાણવું ॥ ગાથાર્થ-૯૨ ॥ હવે તે ત્રિવિધ અને દ્વિવિધ ઉત્સૂત્રને પ્રગટ કરતાં જણાવે છે કે

**अहिअं-१, ऊणं-२, अजहट्ठाणं-३, चुस्सुत्तमेव किरिआहिं।**
**उमग्गदेसणामग्गनासणेहिं दुहा वयणं॥९३॥**

પહેલું અધિક, બીજું ઉન, ત્રીજું અયથાસ્થાન. આમ ક્રિયાવિષયક ઉત્સૂત્ર ૩-પ્રકારનું છે. આનો સ્પષ્ટ ભાવ એ છે કે તીર્થંકરોએ કહેલી ક્રિયામાં પોતાની બુદ્ધિએ કરીને કંઈક અધિક કરવું તે અધિક ઉત્સૂત્ર છે. કંઈક ન્યૂન કરવું તે ન્યૂન ઉત્સૂત્ર છે. અને જે ક્રિયા જે સ્થાને કરવાની કીધેલી હોય તે સ્થાને નહિ કરતા બીજે સ્થાને કરે તે અયથાસ્થાન ઉત્સૂત્ર છે. તેવી જ રીતે ઉન્માર્ગદર્શન અને માર્ગનાશ દ્વારાએ કરીએ વચન વિષયક ઉત્સૂત્ર બે પ્રકારનું જાણવું. આ વચન વિષયક ઉત્સૂત્ર, તીર્થંકરોએ ભાખેલાં વચનથી અધિક બોલવા વડે કે ન્યૂન બોલવા વડે કરીને જ જાણવું ॥ ગાથાર્થ-૯૩ ॥

હવે દ્વાર ગાથાનું જોડલું જણાવે છે.

**गब्भावहारकल्लाणग १-रयणीपोसहम्मि सामइअं-२।**
**तिगुणुच्चारो पोसहसामइएसुं-३ कसेल्लजलं-४॥९४॥**
**पज्जुसिअविदलपोलिअ-५ गहणं विदलंति संगरप्पमुहं-६।**
**इच्चाअहिउस्सुत्तं, किरिआविसयं मुणेअव्वं॥९५॥**

મહાવીરસ્વામીનું ગર્ભાપહારને કલ્યાણક કહેવું ૧, રાત્રિ પોસાતીઓને રાત્રિના છેલ્લા પહોરે સામાયિક કરાવવું-૨, સામાયિક અને પૌષધમાં ત્રણ નવકાર ગણવા પૂર્વક ત્રણ વાર આલાપક ઉચ્ચરાવવો. ૩, કસેલ્લક પાણીનું ગ્રહણ કરવું-૪, વાસી વિદલ રોટલી પૂરી આદિ ગ્રહણ કરવું ૫, સાંગરી આદિનું દ્વિદલપણું છે એ પ્રમાણેની શ્રદ્ધા કરવી ૬. ઇત્યાદિ ક્રીયા વિષયક અધિક ઉત્સૂત્ર છે. વ્યકિતગત આ બધી વાતોને કહેવાની હોવાથી અહિં ઓઘે નામમાત્રથી કહેલી છે. અન્યથા અનેક સંખ્યા પ્રમાણના ઉત્સૂત્રોનો સદ્ભાવ ખરતર મતમાં છે. અને તે બધાની વિચારણા કરવામાં લાખો ગ્રંથો (શ્લોકો) લખીએ તો પણ પુર્ણાહુતિ થાય તેમ નથી. તેથી કરીને સ્થૂલ બુદ્ધિવાળાઓને પણ કહી

શકાય એવા જે જે ઉત્સૂત્રો છે તેને જ અહિં બતાવેલા છે. એ પ્રમાણે દ્વારા ગાથાનું તાત્પર્ય જાણવું. ॥ ગાથાર્થ--૯૪-૯૫ ॥ હવે ક્રમે કરીને એક એક વાતને દૂષિત કરવાપૂર્વક જણાવતાં કહે છે.

**तत्थवि अहिअं गब्भावहार-कल्लाणगंति वीरस्स।**
**जिणवल्लहेण भणिअं, मिच्छाभिनिवेसवसगेण॥९६॥**

ઉપરની ગાથામાં જણાવેલાં ઉત્સૂત્રોને વિષે મહાવીરસ્વામીના જન્મ આદિ પાંચ કલ્યાણકો છે તેમાં જે 'ગર્ભાપહાર' નામનું છઠ્ઠું કલ્યાણક પણ આસોસુદિ તેરસને દિવસે, જન્માદિ કલ્યાણકોના દિવસની જેમ આરાધ્યપણે કહીને તેની આરાધના ક્રિયાસ્વરૂપ અધિક ઉત્સૂત્ર ખરતરના મતમાં જાણવું. અને તે અધિક ઉત્સૂત્ર આ અવસર્પિણમાં પહેલ વહેલું ખરતરને અભિમત એવો જે જિનવલ્લભ તેણે અભિનિવેશના વશે પ્રકાશ્યું છે, અને એથી તે મિથ્યા છે એમ જાણવું ॥ ગાથાર્થ-૯૬ ॥

હવે જિનવલ્લભ વડે કરીને સિદ્ધાંતના વચનને અવલંબીને ભ્રમણાથી આ પ્રરૂપાયું તે વાક્ય જણાવે છે.

**भणइ भणियं च सुत्तेऽवि, पंचहत्थुत्तरेति वयणेहिं।**
**गब्भावहाररूवं, छट्ठं कल्लाणगं वीरे॥९७॥**

જીનવલ્લભસૂરિ પોતાના શ્રાવકોની આગળ પોતાની સિદ્ધાંતની જાણકારી અને ચતુરતા બતાવતાં કહે છે કે 'હે શ્રાવકો! આજે મહાવીરસ્વામીનું છઠ્ઠું ગર્ભાપહાર કલ્યાણક છે. અને તે **पंचहत्थुत्तरे** સિદ્ધાંતના પ્રગટ અક્ષરવડે કરીને પર્યુષણા કલ્પસૂત્રમાં પણ મળે જ છે.' એ પ્રમાણે પોતાના વચનની ચાતુર્યતા બતાવી ॥ ગાથાર્થ--૯૭ ॥ હવે તે જિનવલ્લભને દૂષિત કરવા માટે પ્રતિબંદી વાકયને જણાવે છે :-

**न मुणइ एअं वयणं, उसभेणं पंच उत्तरासाढे।**
**अभिई छट्ठेत्ति समं, हविज्ज रज्जाभिसेओऽवि॥९८॥**

હવે તે જિનવલ્લભસૂરિને અમે જણાવીએ છીએ કે 'આગમવાકયને શું નથી જાણતો?' **उसभेणं अरहा कोसलिए पंचउत्तरासाढे अभिइ छट्ठे होत्थ**=જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ-૨૫-૩૩--તે જેમ મહાવીરસ્વામીમાં **पंचहत्थुत्तरे साइणा परिनिव्वुडे** ઈત્યાદિ વચનની સાથે આનું સાદૃશ્યપણું છે. અને એ પ્રમાણે સરખાપણું સ્વીકારે છતે 'ઇન્દ્રે કરેલા ભગવાનના રાજ્યાભિષેકને પણ કલ્યાણક માનવું પડશે.' આ વાતનો ભાવાર્ધ આ પ્રમાણે છે. **समणे भगवं महावीरे पंचहत्थुत्तरे होत्था तं जहा हत्थुत्तराहिं चुए, चइत्ता गब्भं वक्कंते॥** એ પ્રમાણેનું જે પર્યુષણાકલ્પનું વાક્ય છે, તે વાકયનું આલંબન લઈને કલ્યાણકોના સાથે પ્રતિબદ્ધ એવું અને શક્રના જીતાચાર સ્વરૂપ એવું ગર્ભસંહરણ પણ જિનવલ્લભના વિકલ્પેલા વચન વડે જો કલ્યાણક થાય છે તો તેને આ પ્રમાણે કહેવું કે--''હે જિનવલ્લભ! જો

કલ્યાણકના અધિકારમાં પ્રતિબદ્ધ હોવાથી અને શક્રનું જીતકાર્ય હોવાથી ગર્ભસંહરણનું પણ કલ્યાણકપણું થતું હોય તો અદ્ભૂત પુણ્યપ્રકૃતિજન્ય એવા ઋષભદેવસ્વામીના રાજ્યાભિષેકનું પણ કલ્યાણકપણું કેમ ન થાય?'' કારણ કે એમાં આવા જ પ્રકારના વૃત્તાંતનો સદ્ભાવ હોવાથી. તે આ પ્રમાણે **उसभेणं अरहा कोसलिए पंचुत्तरासाढे अभीई छट्टे होत्थत्ति उत्तरासाढाहिं चुए, चइत्ता गब्भं वक्कंते, उत्तरासाढाहिं जाए, उत्तरासाढाहिं रायाभिसेअं पत्ते, उत्तरासाढाहिं अगाराओ अणगारिअं पव्वइए, उत्तरासाढाहिं अणंते जाव समुप्पण्णे अभिइणा परिणिव्वुए॥**

આ સૂત્રની વ્યાખ્યા આ પ્રમાણે છે કે--ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચવ્યા અને ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચ્યવીને ગર્ભપણે ઉત્પન્ન થયા. અને ઉત્તરાષાઢાનક્ષત્રમાં રાજ્યાભિષેક થયો અને ઉત્તરાષાઢાનક્ષત્રમાં દીક્ષા થઈ. અને ઉત્તરાષાઢાનક્ષત્રમાં કેવલજ્ઞાન થયું. અને અભિજીત નક્ષત્રમાં નિર્વાણ-મોક્ષ થયું. એમ પર્યુષણાકલ્પના પાઠની જેમ જંબુદ્વીપપ્રજ્ઞપ્તિમાં પણ પાઠ છે. તેમાં જેમ 'ગર્ભ સંહરણ' શક્રનો આચાર કહેલો છે. તેવી જ રીતે પ્રથમ તીર્થંકરનો 'રાજ્યાભિષેક' કરવો તે પણ શક્રનો આચાર છે જ. એ પ્રમાણે હારિભદ્રીય વૃત્તિમાં કહેલું છે, તેથી કરીને જન્મ આદિની જેમ આશ્ચર્યભૂત નહિ હોવા વાળા એવાં ઋષભદેવ પ્રભુના રાજ્યાભિષેકને તાત્ત્વિક કલ્યાણકપણું સ્વીકારવું જોઈએ ॥ ગાથાર્થ—૯૮ ॥

હવે ખરતર શંકા કરે છે કે :-

**णणु कप्पे णो भणिओ, रज्जभिसेसो अ उसभसामिस्स।**
**संहरणं पुण सव्वत्थ, वीर चरिए कहं तुल्लं?॥९९॥**

ખરેખર શ્રી ઋષભદેવસ્વામીનો રાજ્યાભિષેક છે તે પર્યુષણાકલ્પમાં કહેલો નથી. તે આ પ્રમાણે :—**तेणं कालेणं तेणं समएणं उसभेणं अरहा कोसलिए चउ उत्तरासाढे अभीई पंचमे होत्था** એ પ્રમાણે. વળી જે ગર્ભસંહરણની વાત છે એ તો જેટલા મહાવીરચરિત્રો છે તેટલા બધા ચરિત્રોમાં ગર્ભસંહરણ કહેલું છે જ. તો પછી શ્રી ઋષભચરિત્રની મહાવીરચરિત્રની સાથે તુલના કેવી રીતે થાય? અને અમોને રાજ્યાભિષેકમાં કલ્યાણકની શંકા પણ નથી. એ પ્રમાણેનો પૂર્વ પક્ષ જાણવો ॥ ગાથાર્થ--૯૯ ॥

હવે બન્નેની=શ્રી ઋષભચરિત્ર અને શ્રી મહાવીરચરિત્રની તુલ્યતા બતાવતાં સિદ્ધાંત કહે છે.

**इअ चे सुणाहि सुंदर! पंचासयसुत्तमुत्तजुत्तीए।**
**हत्थुत्तरजोएणं चउरो तह साइणा चरमो॥१००॥**

જો તું આમ કહેતો હોય તો હે સુંદર! તો પર્યુષણાકલ્પમાં કહેલા ઋષભ ચરિત્રની જેમ જ પૂ. હરિભદ્રસૂરિકૃત 'પંચાશક' સૂત્રમાં કહેલું છે. **'हत्थुत्तरे'** त्यादि તે આ પ્રમાણે---

**पंचमहाकल्लाणा, सव्वेसिं जिणाणि होइ नियमेणं।**
**भुवणच्छेरयभूआ, कल्लाणफला य जीवाणं॥१॥**

गब्भे–१, जम्मे अ तहा–२, निक्खमणे–३, चेव णाण–४, णिव्वाणे–५,
भुवणगुरूण जिणाणं, कल्लाणा हुंति णायव्वा॥२॥

तेसु अ दिणेसु धण्णा, देविंदाई करिंति भत्तिणया।
जिणजत्तादिविहाणा, कल्लाणं अप्पणो चेव॥३॥

इअ ते दिणा पसत्था, ता सेसेहिंपि तेसु कायव्वं।
जिणजत्तादि सहरिसं, ते अ इमे वद्धमाणस्स॥४॥

आसाढ सुद्ध छट्ठी, १–चित्ते तह सुद्धतेरसी२--चेव।
मग्गसिर कण्ह दसमी–३–वेसाहे सुद्ध दसमी य–४॥५॥

कत्तिअकण्हे चरिमा–६, गब्भाइदिणा जहक्कमं एते।
हत्थुत्तर जोएणं, चउरो तह साइणा चरमो॥६॥

अहिगय तित्थविहिया, भगवंति निंदसिआ इमे तस्स।
सेसाणवि एवं चिअ, निअनिअतित्थेसु विण्णेआ॥७॥

**इति यात्रा पञ्चाशके** :–બધા જ તીર્થંકરોના નિશ્ચયે કરીને ત્રણે ભુવનમાં આશ્ચર્યરૂપ અને સર્વ જીવોના કલ્યાણના ફલ સ્વરૂપ એવા તીર્થંકરોના પાંચ કલ્યાણકો હોય છે. (૧) ભુવન ગુરુ જિનેશ્વર ભગવંતોના ગર્ભ-જન્મ-દીક્ષા જ્ઞાન અને નિર્વાણ આ પાંચ કલ્યાણકો નિશ્ચયે હોય છે. (૨) આ દિવસોને વિષે ધન્ય એવા, ભકિતથી નમેલા એવા દેવેન્દ્રો આદિ પોતાના આત્માના કલ્યાણ માટે જિનયાત્રાદિ વિધાની કરે છે. (૩) આ પાંચ કલ્યાણકના દિવસો પ્રશસ્ત છે. અને તેથી કરીને કલ્યાણકના દિવસોમાં બીજા બીજા આત્માઓએ પણ હર્ષપૂર્વક જિનયાત્રા, સ્નપનાદિ કાર્યો કરવા જોઈએ. અને મહાવીરદેવના પાંચે કલ્યાણકો આ પ્રમાણે (૪) એક અષાઢ સુદ-૬, ચૈત્ર સુદ-તેરસ (બે), માગશર વદ-૧૦ (૩), વૈશાખ સુદ-૧૦ (ચોથું) અને પાંચમું કારતક વદ અમાસ. આ ગર્ભ આદિ (ચાર) અનુક્રમે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રના યોગમાં અને પાંચમું સ્વાતિ નક્ષત્રમાં થયેલું છે. ગાથાર્થ-(૬) હવે અધિકૃત તીર્થમાં વિહિત એવા મહાવીર ભગવંતના કલ્યાણકો બતાવ્યા. તેવી રીતે બાકીના તીર્થંકરોના કલ્યાણકો આ પ્રમાણેના પોત પોતાના તીર્થમાં જાણવા-॥૭॥ આ પ્રમાણે પંચાશક પ્રકરણના યાત્રા પંચાશકમાં કહેલું છે. આ ગાથાઓની વૃત્તિ આ પ્રમાણે છે.

પાંચ જ મહાકલ્યાણકો પરમ શ્રેયસ્કર એવા સકલ કાલ નિખિલ નરલોકમાં થનારા જિનેશ્વર ભગવંતોના નિશ્ચયે કરીને હોય છે. એવા પ્રકારની વસ્તુનો સ્વભાવ હોવાથી. કેવા કલ્યાણકો ? ત્રણેય જીવનના પ્રાણીઓને આનંદના કારણભૂત હોવાથી તેમજ કલ્યાણફલ એટલે નિઃશ્રેયસ ફલને સાધી દેનારા હોવાથી. તે પાંચ કલ્યાણકો આ પ્રમાણે :--ગર્ભ=ગર્ભાધાન-જન્મ=ઉત્પત્તિ, નિષ્ક્રમણ એટલે ઘરમાંથી નિકળીને સાધુપણું પામવું, જ્ઞાન એટલે કેવલજ્ઞાન, નિર્વાણ એટલે મોક્ષ. આ પાંચ કલ્યાણકો

જગતને વિષે શ્રેષ્ઠ એવા અરિહંત ભગવંતોના કલ્યાણકો એટલે સ્વશ્રેયને કરનારા જાણવા-૨ તે જે જે દિવસોને વિષે ગર્ભ આદિ કલ્યાણકો થયેલા છે તે દિવસોને વિષે ધન એટલે ધર્મ ધનને મેળવનારા એવા પુણ્યભાગીઓ દેવેન્દ્ર આદિ એટલે સુર અસુરના ઈન્દ્રો આદિ ભકિતનત--બહુમાનથી નમ્ર બનેલા એવા થયા છતાં અરિહંત ભગવંતના ઉત્સવો-પૂજા-સ્નાત્ર આદિના વિધાનો પોતાના કલ્યાણ અને પરના કલ્યાણ માટે વિધિપૂર્વક કરે છે.-૩

આ કારણથી જીવોના કલ્યાણફલ આદિના લક્ષણવાળા જિનેશ્વર ભગવંતના ગર્ભાધાન આદિ જે દિવસો છે તે પ્રશસ્ત છે. તેથી કરીને બાકી રહેલાં મનુષ્યોએ પણ જિનયાત્રાદિ એટલે વીતરાગ ભગવંત સંબંધીના ઉત્સવો, પૂજા આદિ હર્ષપૂર્વક કરવા. સર્વે જિનેશ્વર ભગવંતના પાંચ કલ્યાણકો કહેવાને માટે વર્તમાન શાસનમાં ચરમ તીર્થાધિપતિ તદ્દન નજીકના જ હોવાથી મહાવીરસ્વામીના પાંચ કલ્યાણકો કહે છે. અષાઢ સુદ-૬, ચૈત્ર સુદ-૧૩, માગશર વદ-૧૦, વૈશાખ સુદ-૧૦, કારતક વદ અમાવસ્યા. આ ગર્ભ, જન્મ, દીક્ષા, જ્ઞાન અને નિર્વાણ દિવસો જાણવા. તેમાનાં પહેલા ચાર કલ્યાણકો, ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થયા છે અને છેલ્લું કલ્યાણક સ્વાતિ નક્ષત્રમાં થયેલું છે. હવે મહાવીરસ્વામીના પાંચ કલ્યાણકો કેમ બતાવ્યા? બીજાના કેમ નહિ? તો તેના જવાબમાં કહે છે કે વર્તમાન કાલમાં ભરતક્ષેત્રની અપેક્ષાએ કરીને છેલ્લાં મહાવીરદેવના પાંચ કલ્યાણકો કહેલા છે. એમ બાકીના બધાય ભરતક્ષેત્રોમાં અને પાંચ ઐરવતક્ષેત્રોમાં પોત પોતાના તીર્થોમાં તે તે તીર્થંકરોના (કલ્યાણકો) જાણી લેવા. એ પ્રમાણે ઉત્સર્પિણીમાં પણ જાણી લેવા.

એ પ્રમાણે શ્રી અભયદેવસૂરિ કૃત યાત્રાપંચાશકની વૃત્તિમાં જણાવેલું છે. હવે અહિંયા પાંચ જ કલ્યાણકના મહિનાઓ-પક્ષો-તિથિઓ-નક્ષત્રો કહેલા છે. જો અહિં ગર્ભસંહરણાદિ પણ કલ્યાણક તરીકે આરાધ્ય હોત તો તેના વર્ણનના પણ માસ-પક્ષ-તિથિ-નક્ષત્ર આદિ કહ્યું હોત. અને તે કહેલું નથી. તેથી કરીને ગર્ભાપહાર કલ્યાણક નથી એ સિદ્ધ થાય છે. ૠષભદેવના ચરિત્ર સાથે શ્રી મહાવીરસ્વામીના ચરિત્રનું સામ્યપણું છે. તો તેથી કરીને ઉપલક્ષણથી તીર્થસંમત એવા જિનવલ્લભસૂરિએ કરેલા કલ્યાણક સ્તવનમાં પણ કહેલું છે કે

**सिअनवमि सुविहिमुक्खो, नेमिस्सासो अमावसा;**
**णाणं पुण्णिमि चुइ नमि, जिणवल्लहं पयं देसु पणयाणं॥१॥**

આસો સુદ-નોમ સુવિધિનાથ મોક્ષ, નેમિનાથ ભગવાન આસોવદ અમાસ જ્ઞાન, નેમિનાથ પ્રભુનું આસો સુદ-પૂનમ ચ્યવન, નમસ્કાર કરતા આત્માને જિનવલ્લભનું પદ આપો. આ ગાથામાં આસો માસની તેરસનું કલ્યાણક કહ્યું નથી. અને એથી કરીને જ શ્રી મહાવીરદેવના પાંચ જ કલ્યાણકો છે અને એથી કરીને છઠ્ઠું કલ્યાણક કહેનારો તીર્થબાહ્ય જ છે ॥ ગાથાર્થ-૧૦૦ ॥

હવે પર્યુષણાકલ્પના વ્યાખ્યાન વડે કરીને પણ ગર્ભસંહરણનું કલ્યાણકનો અભાવ બતાવતાં કહે છે.

**वक्खाणं पुण पज्जो–सवणाकप्पस्स चुण्णिवण्णेसु।**
**छण्हं वत्थूणं चिअ, अण्णत्थवि तयणुसरणंति॥१०१॥**

પર્યુષણાકલ્પની ચૂર્ણિના વર્ણનના પાઠમાં **वत्थूणं चिअ** એમ વ્યાખ્યાન શબ્દ છે. એટલે છ વસ્તુઓનું જ વર્ણન છે. તથાહિ તે આ પ્રમાણે–

**''जो भगवया उसभसामिणा सेसतित्थगरेहि अ भगवतो वद्धमाणसामिणो चयणाईणं छण्हं वत्थूणं कालो णाओ दिट्ठो वागरीओ अ तेणं कालेणं'' इत्यादि श्री पर्युषणाचूर्णौ।**

'જે ભગવાન ઋષભદેવ વડે કરીને અને બીજા તીર્થંકરો વડે કરીને ભગવંત મહાવીરદેવના ચ્યવન આદિ છ વસ્તુઓનો કાલ જાણ્યો છે અને જોયો છે તે કહ્યો છે. તે કાલે અને સમયે વિષે.' ઈત્યાદિ પર્યુષણાકલ્પચૂર્ણિએ પ્રમાણે દશાશ્રુત સ્કંધની ચૂર્ણિમાં આ પ્રમાણે પાઠ છે. અને બીજા આચારાંગ આદિમાં પણ ચૂર્ણિને અનુસારે જ જાણવું. તે આ પ્રમાણે **पंच हत्थुत्तरे होत्थ** આચારાંગ સૂત્ર. તેની ટીકા આ પ્રમાણે હસ્ત નક્ષત્ર છે ઉત્તરમાં જેને એવા પાંચ સ્થાનોને વિષે ગર્ભાધાન-સંહરણ-જન્મ-દીક્ષા અને જ્ઞાનોત્પતિ જેમના થયેલા છે એવા 'પંચ હસ્તુત્તર ભગવાન' થયા હતા. અહિંયા **पंचसु स्थानेषु** એ પ્રમાણેનું જ વ્યાખ્યાન કહેલું છે. અને તે ચૂર્ણિને અનુસારે જ છે. નહિ કે **पंचसु कल्याणकेषु**-ઈતિ પાંચ કલ્યાણકોને વિષે. એ પ્રમાણે નહિ.

હવે કોઈક કલ્પઅવચૂરિમાં જિનપ્રભસૂરિકૃત સંદેહવિષૌષધીનાં અનુવાદરૂપે છ કલ્યાણકનું વ્યાખ્યાન કહેલું છે તે અનાભોગથી જ કહેલું છે એમ જાણવું અને મોટાઓને પણ ગ્રંથાન્તરનો અનુપયોગ હોય છે તેથી અનાભોગ થાય તેમાં વિરોધ નથી. આગમમાં કહેલું છે કે કોઈ છદ્મસ્થને અનાભોગ ન થાય તેવું ન બને. કારણ કે જ્ઞાનને આવરણ કરવાની પ્રકૃતિ છે જે કર્મની તેને જ્ઞાનાવરણ કર્મ કહેવાય છે. અને એ કર્મના આવરણથી અનાભોગ થઈ જાય.

એમ નહિ કહેવું કે 'કોઈક વિભાગમાં શ્રુતનો અનુપયોગ થયે છતે લાઘવપણું થઈ જાય છે' એમ ન કહેવું. કારણ કે ગૌતમસ્વામીની જેવાને પણ શ્રુતનો અનુપયોગનું આગમમાં પ્રસિદ્ધ છે. તેથી કરીને અનાભોગને છોડીને તીર્થસંમત એવા મહાપુરુષોની સંમતિ સ્વીકાર્યા સિવાય સૂત્રનું વ્યાખ્યાન કરવામાં અને પ્રરૂપણા કરવામાં તીર્થની આશાતના અને તીર્થબાહ્યતા થાય જ છે.

એમ નહિ કહેવું કે 'જિનપ્રભસૂરિનો અનાભોગ થઈ ગયો હોય' કારણ કે કુપાક્ષિકોના સમુદાયની અંદર રહેલાં જિનપ્રભસૂરિનું પણ અભિનિવેશની વિદ્યમાનતા હોવાથી અનાભોગની સંભાવના ન થઈ શકે. કારણ કે કુપાક્ષિકને વિષે જે આત્મા વર્તતો હોય તે પક્ષના મૂલભૂત આચાર્યની અંદર રહેલાં મિથ્યાત્વવાળો થાય છે.

જેવી રીતે આજ સુધી દિગંબર સમુદાયમાં રહેનારો આત્મા, દિગંબર મત પ્રવર્તક શિવભૂતિમાં રહેલા આભિનિવેશિક મિથ્યાત્વવાળો હોય. કલ્યાણક છની પ્રરૂપણાને આશ્રીને તો મૂળ રૂપ બહુ

વિખ્યાત એવા જિનવલ્લભ છે અને તે સંઘે વાર્યો છતાં પણ છઠ્ઠું કલ્યાણક પ્રરૂપતો છતો શિવભૂતિની જેમ અભિનિવેશવાળો જ છે. અને એથી જ કરીને તે જિનવલ્લભે સ્થાપેલા સમુદાયને અવલંબીને રહેલો ખરતર મતાકર્ષક એવો જિનદત્ત પણ ઘુણાક્ષર ન્યાયે કરીને જિનવલ્લભને અભિનિવેશવાળા જાહેર કરે છે તે આ પ્રમાણે

**असहाएणावि विही पसाहिओ जो न सेससूरीहिं।**
**लोअणपहेऽवि वच्चइ, वुच्चइ जिणमयण्णूहिं॥**
**इति गणधरसार्धशतक गाथा–१२२॥**

તેની વૃત્તિ આ પ્રમાણે :–તેથી કરીને જે અસહાય હોવા છતાં પણ એટલે પારકી સહાયથી નિરપેક્ષ એવા હોવા છતાં ''એકાકીપણે આગમોક્ત છઠ્ઠું કલ્યાણક પ્રરૂપવાની વિધિ પ્રકર્ષે કરીને આ પ્રમાણે જ છે. અને આમાં જેને અસહિષ્ણુતા હોય તે બોલો, એ પ્રમાણે ખંધ-ખંભા ઉછાળવા પૂર્વક સકલ લોક પ્રત્યક્ષ વિધિ પ્રગટ કર્યો! કે જે અજ્ઞાત સિદ્ધાંત રહસ્યવાળા એવા શેષ સૂરિઓને શ્રવણમાં તો દૂર રહો; પરંતુ દૃષ્ટિ માર્ગમાં ન આવે. પરંતુ જિન વચનને જાણનારાઓ એવા આચાર્યોને પણ ન આવ્યું!'' આ પ્રમાણે કહેનારો અનાભોગવાળો ન જ કહેવાય પણ અભિનિવેશવાળો જ કહેવાય. એ પ્રમાણે જિનદત્તે પણ સૂચવ્યું છે. અને જિનવલ્લભે કહેલી વાતને સ્વીકાર કરનારા હોવા છતાં પણ જિનદત્તસૂરિએ પોતે.

**पूएइ मूलपडिमंपि साविआ चिइ निवासिसम्मत्तं।**
**गब्भावहारकल्लाणगंपि, न हु होइ वीरस्स॥१॥**

'**ઉત્સૂત્રપદોદ્ઘાટનકુલક**'ના વચન વડે કરીને 'ચૈત્ય નિવાસી શ્રાવિકા, મૂલ પ્રતિમાની પણ પૂજા કરે. અને મહાવીરદેવનું ગર્ભાપહાર કલ્યાણક જ ન હોય' એમ જણાવ્યું.

વળી બીજી વાત–જિનવલ્લભને જ આ પ્રમાણે પૂછવું જોઈએ કે–'હે જિનવલ્લભ પાંચ કલ્યાણક કહેનારા એવા હરિભદ્રસૂરિ આદિ આચાર્યો તીર્થસંમત હતાં કે નહિ?' નહોતા એ પ્રમાણે કહેવાને શકિતમાન નહિ હોવાથી એ આચાર્યનું તીર્થસંમતપણું સિદ્ધ થયે છતે પાંચ કલ્યાણકવાદી કહેનારું તીર્થ પણ સિદ્ધ થાય છે. અને તેમ સિદ્ધ થયે છતે **असहाऐणावित्ति** આદિ નિષ્ઠુર વચનો વડે કરીને બધાજ પૂર્વાચાર્યોનો તિરસ્કાર કરવાપૂર્વક તીર્થને અસંમત એવું છઠ્ઠું કલ્યાણક પ્રરૂપતો છતો તું 'તીર્થમાં તો નહિ પરંતુ તીર્થસ્પર્શી પણ કેવી રીતે કહેવાય?' એ તારે જ વિચાર કરવાનો છે. અને આ કહેવા વડે કરીને 'સિદ્ધાંતપારગામી જિનવલ્લભસૂરિ'. એ પ્રમાણે જિનદત્તસૂરિના શિષ્યોનું જે વચન છે તે દૂર કર્યું જાણવું. **पंचहत्थुत्तरे** ઇત્યાદિ વચન વડે કરીને છઠ્ઠું કલ્યાણક સ્થાપતો એવો જિનવલ્લભસૂરિ, સિદ્ધાંતની ગંધથી પણ શૂન્ય છે. એ પ્રમાણે પ્રવચનના જાણકારોની પ્રત્યક્ષસિદ્ધ વાત હોવાથી વધુ વિસ્તારથી સર્યું. ॥ ગાથાર્થ–૧૦૧ ॥

હવે મહાવીર ચરિત્રને વિષે બધે ઠેકાણે પણ ગર્ભસંહરણ પાઠના નિયમમાં યુક્તિ દેખાડવા પૂર્વક ઉપસંહાર કરતાં જણાવે છે કે

**तम्हा जं संहरणं, चरिए निअमेण संगईघडणं।**
**देवाणंदुप्पन्नं, वीरं तिसला पसूअत्ति॥१०२॥**

તેથી કરીને પૂર્વે કહેલા મહાવીરચરિત્રને વિષે 'ગર્ભસંહરણ'નું જે જણાવવું છે તે પૂર્વાપર સંબંધને યોગ્ય છે. પૂર્વાપર સંબંધ કયો? તે કહે છે કે દેવાનંદા બ્રાહ્મણની કુક્ષિમાં અવતરેલા એવા શ્રી મહાવીરદેવને ત્રિશલાએ જન્મ આપ્યો. એ અસંગતિ થાય છે. કારણ કે જેની કુક્ષિમાં અવતર્યા હોય તે જન્મ આપે. એ અહિં થયું નથી. એટલે એ વિસંગતિ દૂર કરવા માટે ગર્ભ સંહરણની વાત કહેવી એ યુકત અને આવશ્યક છે. ॥ ગાથા-૧૦૨ ॥

હવે 'રાજ્યાભિષેકમાં પણ એમ હો' તેવી પારકાની શંકાને દૂર કરતાં કહે છે.

**नेवं रज्जभिसेए, भयणा भणिआ य तेण तक्कहणे।**
**तेणोभयंणपि कल्लाणगववएसेण रहिअंति॥१०३॥**

રાજ્યાભિષેકમાં તે પ્રમાણેની અસંગતિ નથી થતી. તેથી કરીને રાજ્યાભિષેકનું વર્ણન કરવામાં ભજના જાણવી. અને તેથી જ કોઈક ઠેકાણે **चउ उत्तरासाढे** અને કોઈક ઠેકાણે **पंच उत्तरा साढे** કહેલું છે. તેથી કરીને ગર્ભસંહરણ અને રાજ્યાભિષેકએ બન્ને કલ્યાણકના વ્યપદેશથી રહિત છે. ॥ ગાથાર્થ-૧૦૩ ॥

હવે ફરી પણ અધિક ઉત્સૂત્રની વાત જણાવે છે.

**रयणीपोसहिआणं, सामइअं सुवणऽणंतरं भणिअं।**
**जिणवल्लहेण विहिणा, सुत्ते सामईअं न हवे॥१०४॥**

રાત્રિ પોસહ લીધેલાને નિદ્રા પૂરી થયા બાદ જિનવલ્લભ વડે કરીને સામાયિક દંડકોચ્ચાર આદિ વિધિ કહેલી છે. તે આ પ્રમાણે :–'**तओ राइअचरमजामे उट्ठिऊण इरियावहिअं पडिक्कमिअ सक्कत्थएण चेइए वंदिअ पुव्वं व पोत्तिं पेहिअ नमुक्कारपुव्वं सामाइअसुत्तं कड्ढिअ संदिसाविअ सज्झायं कुणइ, जाव पडिक्कमण वेलत्ति॥**'

'ત્યાર પછી રાત્રિના છેલ્લા પહોરે ઊઠીને ઈરિયાવહિયં કરીને શક્રસ્તવ વડે ચૈત્યવંદના કરીને પહેલાં મુહપત્તિ પડિલેહીને નવકાર પૂર્વક સામાયિક સૂત્ર ઉચ્ચરે અને 'સંદિસાહુ' આદિ આદેશો માંગીને પ્રતિક્રમણની વેલા થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરે.' એ પ્રમાણે પૌષધવિધિ પ્રકરણમાં જિનવલ્લભે કહેલું છે. આ વાતમાં તેઓ ઉક્તિ જણાવે છે કે જે કારણે સૂઈ ગયેલા આત્માને સામાયિક ન હોય અને જો સામાયિક કરીને સૂએ તો તે સામાયિક રહિતનો થાય. એ પ્રમાણે ॥ ગાથાર્થ-૧૦૪ ॥

હવે જિનવલ્લભે કહેલી યુક્તિને દૂર કરતાં થકાં જણાવે છે કે

**न मुणइ एअं पोसहपज्जवसाणं तहेव उच्चारो।**
**जं पोसहंमि कप्पइ, कप्पइ तं तस्स सामइए॥१०५॥**

તે જિનવલ્લભ એટલું પણ જાણતો નથી કે "આ સામાયિક, પૌષધ સહચરિત છે. અર્થાત્ પૌષધ સમકાલીન છે. એટલે જયાં સુધી પૌષધ હોય ત્યાં સુધી સામાયિક રહે. અને સામાયિક ઉચ્ચરાવતી વખતે પણ **जाव पोसहं पज्जुवासामि** એમ બોલાય છે. આ સામાયિક અલ્પ કાલીન નથી." આમ હોવાથી જે પૌષધમાં કલ્પે તે પૌષધ સંબંધીના સામાયિકમાં પણ કલ્પે છે. ॥ ગાથાર્થ-૧૦૫ ॥

હવે કલ્પ્યપણાને વિષે પ્રવચનની સાક્ષી આપે છે.

**तेणेवागमवयणं, उद्दिट्ठकडंपि भुंजई सड्ढो।**
**कयसामाइओऽवि निसीह–भास–चुण्णिप्पमुहगंथे॥१०६॥**

જે કારણ વડે કરીને પૌષધમાં જે કલ્પે એમ કહ્યું છે તે કારણ વડે કરીને પૌષધિકને ઉદ્દેશીને બનાવેલું અશનાદિક, કૃતસામાયિક એટલે કરેલું છે સામાયિક જેને એવો શ્રાવક પણ ખાઈ શકે. નીશિથ-ભાષ્ય-ચૂર્ણિ વગેરે ગ્રંથોમાં કહેલું છે કે--

**कामी सघरंगणओ, थूल पइण्णा सि होइ दट्ठव्वा।**
**छेअण भेअणकरणे, उद्दिट्ठकडंपि सो भुंजे॥१॥**

*નિશિથ-ભાષ્ય-ચૂર્ણિ-ઉદ્દેશો-૧૫*

આ ગાથાની ચૂર્ણિ પૂનમીયા મતના અધિકારમાં લખેલી છે. ત્યાંથી જાણી લેવી. આ કહેવા વડે કરીને આધુનિકો વડે કરીને પૌષધિકોનું ભોજન નિવારાય છે તે પણ દૂર કર્યું જાણવું કરેલા સામાયિકવાળાને પણ ભોજનનું નીશિથચૂર્ણિ આદિમાં કહેલું હોવાથી ॥ ગાથાર્થ-૧૦૬ ॥ હવે વ્યક્તિરેકમાં દોષ કહે છે.

**अण्णहऽवहिमपुण्णे, लोवे वयभंगपाववयं पयडं।**
**तेणं तम्मय–सावय सामइए पोसहे असुहं॥१०७॥**

જો કલ્પ્ય અને અકલ્પ્ય વસ્તુને આશ્રીને સામાયિકનું પૌષધની સાથે સમાનપણું ન હોય. એટલે કે નિદ્રા બાદ પણ 'પૌષધ ટકે અને સામાયિક ચાલ્યું જતું હોય' તો જે અવધિ નક્કી કરી છે તે અવધિ પૂર્ણ થયા પહેલાં સામાયિકનો વિલોપ થયે છતે સામાયિક વ્રતભંગનું પાપ પ્રગટ જ થાય છે. અને એથી કરીને ખરતર મતના શ્રાવકને પૌષધમાં પણ સામાયિકનો ભંગ થાય છે અને સામાયિકનો ભંગ થતો હોવાથી પાપહેતુરૂપ હોવાથી તેમના મતે લીધેલું સામાયિક પણ અશુભ કરનાર છે. ॥ ગાથાર્થ-૧૦૭ ॥

હવે જિનેશ્વર ભગવંતની આજ્ઞાવડે કરીને નિદ્રા લેવી તે પણ સંયમનો હેતુ થાય છે તો પછી સામાયિકનો વિનાશકારી કેવી રીતે થાય? તે વાત જણાવે છે.

**निद्दावि अ गुरुआणापुव्वं सा चेव धम्मअणुकूला।**
**जह संथारापोरसि–पढणंतर साहुनिद्दत्ति ॥१०८॥**

પૌષધ અને સામાયિકવાળા એવા આત્માને રાત્રિની પહેલી પોરસી બાદ જે નિદ્રા લેવાય છે તે ગુરૂઆજ્ઞાપૂર્વકની હોય છે. અને તે નિદ્રા, ધર્મને અનુકૂલ જ છે. એટલે કે ચાલુ ધર્મને પ્રસાધન કરવાવાળી છે. આ વાતમાં દૃષ્ટાંત આપે છે કે જેમ સંથારાપોરસી ભણાવ્યા પછી સાધુની નિદ્રા, આ જે નિદ્રા છે 'તે સંયમના આધારભૂત એવા શરીરની સ્થિતિ માટે જ છે. શરીર ટકાવવા માટે જ છે.' **આચારાંગ શીતોષ્ણીય અધ્યયનમાં** પહેલાં ઉદ્દેશામાં કહેલું છે કે 'જો કે ક્વચિત આચાર્યની અનુજ્ઞાથી થોડા સાધુઓ બીજી પોરસી આદિને વિષે દીર્ઘ ચારિત્રના આધારભૂત શરીરની સ્થિતિ માટે એટલે શરીરને સમધારણ રાખવા માટે નિદ્રાધીન બનેલા હોય છે. તો પણ તે સાધુઓ સદાય જાગૃત જ છે' એમ જણાવ્યું હોવાથી એવા પ્રકારની (એટલે સંયમ સાધક) નિદ્રા પોષાતીઓને સામાયિકના વિનાશનો હેતુ કેવી રીતે થાય? અર્થાત્ કોઈપણ હિસાબે ન થાય. તેથી કરીને જિનવલ્લભ વડે કરીને રાત્રિપોષાતીઓને છેલ્લે પહોરે સામાયિક કરવાનું બતાવેલું છે તે અધિક ક્રિયારૂપ હોવાથી દુષ્ટ જ છે ॥ ગાથાર્થ-૧૦૮ ॥

હવે સામાયિક અને પૌષધમાં ત્રણ વખત નવકાર ગણવા પૂર્વક ત્રણ વખત પાઠ ઉચ્ચરાવવાનું ખરતરમાં કહેલું છે તે વાત પણ અધિક ઉત્સૂત્રરૂપ જેવી રીતે થાય છે તે બતાવે છે.

**सामाइअपोसहेसुं, उच्चारो सावयाण तिक्खुत्ते।**
**जुत्तोत्ति अ जिणदत्तो, भणइ जहा अणुवउच्चारो ॥१०९॥**

'સામાયિક અને પૌષધનો ત્રણ વખત ઉચ્ચાર કરવો યુક્ત છે.' એમ જિનદત્તસૂરિ કહે છે. અને તેમાં તેઓ દૃષ્ટાંત આપે છે કે 'જેવી રીતે શ્રાવકોને સ્થૂલપ્રાણાતિપાત વિરમણ આદિ અણુવ્રતો ઉચ્ચરાવાય છે ત્યારે ત્રણ ત્રણ વખત ઉચ્ચરાવાય છે તેમ સામાયિક પણ ત્રણ વખત ઉચ્ચરાવવું જોઈએ ॥ ગાથાર્થ-૧૦૯ ॥

હવે જિનદત્તના આવા અભિપ્રાયનો તિરસ્કાર કરતાં થકા જણાવે છે કે :-

**न मुणइ मूढो लोगट्ठिइंपि बहुकालसज्झ मह कज्जं।**
**तत्तुल्लं कहमिअरं, तिहिरिक्खपलोअणाईहिं ॥११०॥**

તે અભિનિવેશી જિનદત્ત, લોકસ્થિતિ પણ જાણતો નથી. કારણ કે તિથિ નક્ષત્રો આદિ જેનાવડે

કરીને બહુકાલ સાધ્ય એવું જે મોટું કાર્ય તેની સાથે અલ્પકાલ સાધ્ય અને નાનું એવું કાર્ય તેની સાથે કેવી રીતે સંગત થાય? અર્થાત્ કોઈપણ રીતે ન થાય! આ વાત કહેવાનો ભાવ એ છે કે--'દૂર ગ્રામાંતર જવું હોય, ઉદ્વાહ-લગ્ન આદિ કરવા હોય' તે મોટું કાર્ય કહેવાય છે .અને તે મોટું કાર્ય, શુભતિથિ-નક્ષત્ર-ચંદ્રબલ આદિનું બલ જોવા પૂર્વક જ કરાય છે. તે પ્રમાણે દૂકાનથી ઘરે જવું કે ભોજન આદિ કરવું વગેરે પણ તેવી રીતનું મોટું કાર્ય નથી. જેથી તેમાં પણ તિથિ-નક્ષત્રાદિ જોવા પડે. તેવી જ રીતે યાવજ્જીવ સુધી વિવક્ષિત વ્રતાદિક અભિગ્રહરૂપી વિરતિ સ્વીકારવાની ઇચ્છાવાળો મુહૂર્ત આદિ જોવાપૂર્વક ત્રણ વખત પણ ઉચ્ચરે, તેવી રીતે અલ્પકાલીન સામાયિક પણ ત્રણ વખત ઉચ્ચરે તેવું નથી. ॥ ગાથાર્થ-૧૧૦ ॥

હવે અતિ પ્રસંગ જણાવે છે.

**अण्णह वासक्खेवप्पमुहं, उववासमाइ उच्चारे।**
**जुज्जइ तम्मइ मग्गे, अण्णंपि महव्वयाइ व्व॥१११॥**

અન્યથા અલ્પકાલીન એવા સામાયિક આદિનું પણ અણુવ્રત ઉચ્ચાર આદિની જેમ ત્રણ વખત ઉચ્ચારવું સ્વીકારાય તો બીજી વાત તો દૂર રહો; પરંતુ ઉપવાસ આદિના પચ્ચક્ખાણ આદિમાં પણ વાસક્ષેપ છે આદિમાં જેને એવી સમગ્ર નંદિની વિધિ કરાવવી પડશે. વળી બીજી વાત--સામાયિક આદિના ઉચ્ચારમાં અણુવ્રત ઉચ્ચારનું દૃષ્ટાંત અપાય છે તેમ અણુવ્રત ઉચ્ચારમાં પણ મહાવ્રત ઉચ્ચારના દૃષ્ટાંતનો સ્વીકાર કરવો પડશે. વળી બીજું પણ જિનદત્ત સ્વીકૃત પ્રરૂપણાવાળા તેના મતના માર્ગમાં શીરોમુંડન આદિ ક્રિયા પણ ત્રણ વાર કરવી યુક્ત ગણાશે. અને તે તેઓને પણ સંમત નથી. તેથી કરીને ત્રણ વખત સામાયિક આદિ ઉચ્ચરાવવું તે પણ અભિમત--સંમત ન ગણાય. ॥ ગાથાર્થ-૧૧૧ ॥

હવે જિનવલ્લભે કહેલી સંમતિવડે કરીને આ વાતને દૂષિત કરવા માટે જણાવે છે કે :-

**पोसहविहिंमि जिणवल्लहेण इगवयण भणणओ इक्को।**
**दंडगमाउच्चारो, परिचत्तो तेण पयडोऽवि॥११२॥**

'વિધિધર્મ'ના નામના મતનું આકર્ષણ કરનાર એવા જિનવલ્લભાચાર્યે પૌષધવિધિ પ્રકરણને વિષે "**नमुक्कारमुच्चरिअ**" એ પ્રમાણે દ્વિતીયાનું એકવચન કહેવા વડે કરીને દંડક-આલાવો ઉચ્ચરાવવાનું એક વાર કહેલું પ્રગટ જ છે. તે આ પ્રમાણે :--**पोसहमुहपत्तिं पडिलेहिमीति भणिअ बीअखमासमणपुव्वं पोत्तिं पडिलेहिअ खमासमणेण पोसहं संदिसाविय बीअखमासमणेण ठाएमित्ति भणित्ता खमासमणं दाउं उद्धटिओ ईसीमोणयकाओ गुरुवयमणुभणंतो नमोक्कारमुच्चरिअ भणइ करेमि भंते! पोसहं इत्यादि॥**

'પોસહ મુહપત્તિ પડિલેહું' એ પ્રમાણે કહીને મુહપતિ પડિલેહિને ખમાસમણ દઇને 'પોસહ સંદિસાહું' પછી બીજું ખમાસમણ દઇને 'પોસહ ઠાઉં' એ પ્રમાણે બોલી ઊભો રહીને કંઈક નમેલી

છે કાયા જેની એવો અને ગુરુવચનની સાથે બોલતો નમસ્કારને ભણીને ''કરેમિ ભંતે! પોસહં યાવત્ વોસિરામિ'' ઇત્યાદિ એ પ્રમાણે સામાયિક પણ નવકાર બોલીને ભણીને 'કરેમિ ભંતે સામાઈઅં' ઇત્યાદિ બોલીને'' આવા પ્રકારનો જે પાઠ છે તે પણ જિનદત્તે છોડી દીધો છે. એટલે કે એકવાર બોલવાનું છોડી દઈને ત્રણ વખત બોલવાનું સ્વીકાર્યું. તેમાં જે બે વખત બોલવાનું અધિક જણાવ્યું છે તે અધિક ઉત્સૂત્ર છે. ॥ ગાથાર્થ-૧૧૨ ॥

હવે ફરી પણ અધિક ઉત્સૂત્ર જણાવે છે.

**साहूणं उवहाणं, गिहिव्व अहिअंति जेण तक्किच्चं।**
**आवस्सय जोएणं, सिद्धं सिद्धंतबुद्धीणं ॥११३॥**

ગૃહસ્થ શ્રાવકની જેમ સાધુઓને પણ આવશ્યક શ્રુત આરાધન માટે ઉપધાન વહન કરવાનું જણાવ્યું છે તે અધિક છે. કારણ કે--જે કારણ વડે કરીને ષટ્ આવશ્યક આરાધન લક્ષણવાળું તે કૃત્ય, સિદ્ધાંતની બુદ્ધિવાળા એટલે તત્ત્વવેત્તાઓને 'આવશ્યક સૂત્રના યોગવડે' જ સિદ્ધ થાય છે; પરંતુ કુપાક્ષિકોને એ જ્ઞાન થતું નથી. અહિં પ્રશ્નકાર શંકા કરે છે કે પોતે ઉપધાન વહન કર્યું ન હોય તો શ્રાવકને ઉપધાન વહન કેવી રીતે કરાવી શકાય? જો એમ કહેતો હોય તો બોલીશ નહિ. કારણ કે સામાયિક-પૌષધ-બારવ્રત ઉચ્ચરાવવા આદિમાં પણ તારી કહેલી રીતિ (યુક્તિ) લાગુ પડશે. તેનો તારે જ વિચાર કરવો. ॥ ગાથાર્થ-૧૧૩ ॥

વળી બીજી વાત પણ કહે છે.

**उस्सग्गेण कसेल्लय–जलगहणं साहुणावि ही मोहा।**
**तंचिअ मट्टिअभायणसंगइअं कह णु तसजयणा ? ॥११४॥**

ખરેખર ખેદની વાત છે કે ચારિત્ર મોહનીયના ઉદય વડે કરીને તેવા પ્રકારની શ્રદ્ધાપૂર્વક સાધુઓને માટે પણ મુખ્યવૃત્તિએ કસેલ્લકનું અને કાથા આદિનું પાણી ગ્રહણ કરવું જણાવેલ છે. તો પણ તે કસેલ્લક જલ ગ્રહણ પણ કેવી રીતનું? માટી આદિના કુંડા-ભાજનમાં નાખેલું એવું જલગ્રહણ કરવાનું છે. એ જલ ગ્રહણ કરવામાં ત્રસજીવની જયણા કેવી રીતે થાય? કારણ કે તેવી રીતનું કસેલ્લક જલ, મૃત્તિકા આદિ ભાજનમાં રહેલું છતું પ્રાયઃ કરીને ત્રસાદિ જંતુયોનિવાલું શીઘ્ર થાય છે. અને તેની યતના સાધુઓને સંભવે નહિ.

વાદી પ્રશ્ન કરે છે કે :-કુલમંડનસૂરિજીએ બનાવેલા પર્યુષણાકલ્પાવચૂર્ણીમાં તેમજ સંદેહ વિષૌષધીમાં કહેલું છે કે :-શુદ્ધવિકટ-ઉષ્ણોદક અથવા વર્ણાંતર પ્રાપ્ત એવું શુદ્ધ જલ (લેવું કલ્પે). તો પછી કસેલ્લક આદિનું પાણી કેમ ન ગ્રહણ કરાય?

તેના ઉત્તરમાં કહે છે કે સિદ્ધાંતમાં તેના દર્શન થતાં ન હોવાથી તેમજ શાસનની અંદર તેવા પ્રકારની પ્રવૃત્તિનો સંભવ નહિ હોવાથી ગ્રહણ કરાતું નથી. વળી કુલમંડનસૂરિજી મહારાજનું જે વચન

છે તે તો સંદેહ વિષૌષધીનું જે લખાણ છે તે લખાણના અનુવાદરૂપે જ છે. નહિ કે તેમનું પોતાનું કરેલું વ્યાખ્યાન છે. અને સંદેહવિષૌષધીકાર જે છે તે જિનપ્રભસૂરિ છે.

તેમણે તો પોતાના મતની પ્રવૃત્તિને અનુસારે વ્યાખ્યા કરી છે, નહિ કે આગમના અનુસારે. કારણ કે પર્યુષણા કલ્પચૂર્ણિની અંદર શુદ્ધવિકટ શબ્દ વડે કરીને ઉષ્ણોદક જ જણાવેલ છે. નહિ કે વર્ણાન્તરપ્રાપ્ત જલ આદિને. તેવી જ રીતે શ્રી અભયદેવસૂરિ મહારાજે સ્થાનાંગસૂત્રની વૃત્તિમાં પણ તેમજ વ્યાખ્યા કરેલી છે. એ પ્રમાણે નિશીથચૂર્ણિ આદિમાં પણ જાણી લેવું. **''अण्णयरं वा तहप्पगारं पाणगजायं''** એ પ્રમાણેના આચારાંગ સૂત્રના વાક્યની વૃત્તિમાં 'અન્યતર' શબ્દ વડે કરીને દ્રાક્ષાપાનીય= દ્રાક્ષનું પાણી આદિની વ્યાખ્યા કરેલી છે; પરંતુ ત્યાં કાથા અને કસેલ્લક આદિનું પાણી પણ ગ્રહણ કરેલ નથી.

તેવી જ રીતે :--**''वण्णंतरयापत्तं फासुअसलिलं च तयभावे''** એ પ્રમાણે દેવસૂરિકૃત યતિ–દિનચર્યામાં છે. પ્રવચનસારોદ્ધારને વિષે તો સામાન્યથી વર્ણાંતરાદિ પ્રાપ્ત જ કહેલું છે. વ્યક્તિગત કહેલું નથી. અને તે વર્ણાંતરપ્રાપ્ત જલ પણ **तदभावे** એ પ્રમાણેનું વચન હોવાથી 'શાસ્ત્રોમાં કહેલાં જે જલ છે. તે બધાય જલના અભાવે જ જલ ગ્રહણ કરવાનું' જણાવેલ છે. મુખ્યવૃત્તિએ તો તેનું ગ્રહણ કરવાનું કહેલું નથી. અપવાદતયા જે કોઈપણ વસ્તુ વડે કરીને જેમ-તેમ વર્ણાંતરપણાને પામેલું પાણી જો ગ્રાહ્ય થતું હોય તો પહેલી વૃષ્ટિ આદિમાં ધૂળ આદિથી ડહોળું થયેલું એવું નદી-તલાવ આદિમાં રહેલું પાણી પણ ગ્રાહ્ય થશે. કારણ કે તેનું પણ વર્ણાંતરાદિપ્રાપ્તપણાની સામ્યતા છે. અથવા તો દેવકુસુમ (લવીંગ), સાકર, કપૂર આદિ દ્રવ્યના યોગથી પણ તેવા પ્રકારનું વર્ણાંતર થયેલું પાણી ગ્રાહ્ય થશે. અને એ અનુચિત છે. એ તો તને પણ સંમત છે.

વાદી શંકા કરે છે કે 'તો પછી વર્ણાંતર આદિથી પ્રાપ્ત થતું પાણી'એ શબ્દથી શું લેવું? ઓઘ–નિર્યુક્તિની અંદર ધોવણ કરવાને માટે જે નેવા આદિનું પાણી કહેલું છે તે તેવી રીતે ગ્રહણ કરેલું જાણવું. વળી જયાં કોઈપણ ઠેકાણે પાણીનો વિચાર છે ત્યાં બધે જ ઠેકાણે પ્રાય:કરીને કાંજી આદિનું પાણી લેવાનું જ વ્યાખ્યાન કરેલું જણાય છે. નહિ કે કાથો અને કસેલ્લક આદિનું પાણી. તેવી જ રીતે વર્ણાન્તર પ્રાપ્ત થયેલું પાણી લેવામાં આવતું નથી. જયારે ખરતરો વડે કરીને તો કાંજીકાદિ નીરની પ્રાપ્તિ હોવા છતાં પણ સ્વાદની લંપટતાએ કરીને જ મુખ્યવૃત્તિએ કરીને કાથા અને કસેલ્લકનું પાણી સ્વીકારાય છે.

વળી મુખ્યવૃત્તિએ કસેલ્લક આદિનું પાણી ગ્રહણ કરવામાં ''આચામામ્લ'' એ શબ્દ છે તેની નિષ્પત્તિ પણ સંભવતી નથી. કારણ કે આવશ્યકવૃત્તિની અંદર આયામ-એટલે ઓસામણ અને અમ્લ એટલે ચોથો રસ.(તિક્ત-કડુ કસાય-અંબિલે) આ બન્નેથી બનેલું જે તે ''આચામામ્લ'', એટલે આચામામ્લ એ પ્રમાણે શબ્દની ઉત્પત્તિ જણાવેલ છે. તેવી રીતે યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશની વૃત્તિમાં કહેલું છે કે :-અવસ્રાવણ એટલે ઓસામણ--ચોખાનું ધોવણ, અમ્લ એટલે ચોથો રસ, એ બન્ને (શબ્દનું) થઈને આચામામ્લ બનતો શબ્દ જે પ્રાય:કરીને જે વ્યંજનને વિષે અને ભોજન કહેતાં

ઓદન-ભાત-અડદ-સાથવો આદિ એવું જે ભોજન તેવું નામ સમય ભાષાએ (આગમ ભાષાએ) આચામામ્લ કહેવાય (એટલે આયંબિલ)

વળી બીજી વાત કાથા અને કસેલ્લક આદિવડે કરીને પોતાની બુદ્ધિએ જલપરિણમન કાલ પણ સમ્યગ્ પ્રકારે કેવી રીતે જાણી શકાય? કારણ કે બૃહત્કલ્પભાષ્યમાં

**वण्णरसगंधफासा, जह दव्वे जम्मि उक्कडा हुंति।**
**तह तह चिरं न चिट्ठइ, असुभेसु सुभेसु कालेसु॥१॥**

આ ગાથાની વૃત્તિમાં કહેલું છે કે ''જે જે દ્રવ્યોને વિષે જેવી જેવી વર્ણ-ગંધ રસ અને સ્પર્શની ઉત્કટ કે ઉત્કટતરતા થાય છે. તેવી તેવી રીતે તે દ્રવ્યની સાથે મિશ્રિત થયેલું પાણી પણ લાંબો કાળ ટકતું નથી. અર્થાત્ જલ્દી જલ્દી પરિણમી જાય છે. એટલે પરિણામને પામે છે. શું આ વાત સર્વથા સામાન્ય રીતે છે? ના. એનું કારણ એ છે કે જે અશુભ એવા રસ-વર્ણ આદિથી જે ઉત્કટ છે તેમાં નાંખેલું પાણી જલ્દી પરિણામ પામે છે. અને જે શુભવર્ણો આદિ ઉત્કટ જેમાં છે તેવું પાણી લાંબેકાળે પરિણામ પામે છે.'' એ પ્રમાણે બૃહકલ્પવૃત્તિના ચોથા ખંડના (હાથે લખેલા) ૧૭૫-માં પાને આ પ્રમાણે લખાણ છે. અને કાથા-કસેલ્લક આદિ જે દ્રવ્યો છે તે શુભ દ્રવ્યો છે. તેના પ્રક્ષેપવાળું પાણી અનુકૂલ દ્રવ્યોવાળું હોવાથી તે પાણીના પરીણમનનો કાલ જણાય નહિ. વળી કાંજિકાદિ જલગ્રહણની અંદર જિનાજ્ઞા જ કારણ જણાય છે; પરંતુ તેમાં સ્વાદની મુખ--લંપટતા આદિ નથી. તે તો સર્વજન પ્રતીત જ છે. વળી કાંજિક જલનું ગ્રહણ કરવાનું આગમમાં કહેલું હોવા છતાં તેને છોડી દઈને કાથા-કસેલ્લક આદિથી વ્યાપ્ત જલનું ગ્રહણ કરવું તે તેને ગ્રહણ કરનારનું સ્વાદસુખપણું જ પ્રગટ કરે છે.

'હવે વાદી શંકા કરે છે કે શુભ દ્રવ્યના પ્રક્ષેપ કરવામાં પરિણમન કાલ જાણી શકાય નહિ એમ હોય છતે સાકરના પાણીના અગ્રહણનો પ્રસંગ આવશે તેનુ કેમ?' તો જો એ પ્રમાણે કહેતો હોય તો બોલીશ નહિ. કારણ કે સાકરના પાણીના ગ્રહણમાં તો સ્વાદને માટે અથવા તો પિત્તની ઉપશાંતિ આદિને માટે જે સાકર નાંખવામાં આવે છે. તે થોડી નથી નંખાતી; પરંતુ ઘણી જ નંખાય છે. અને એ પ્રમાણે જો વધારે ન નાખે તો સ્વાદ કે પિત્તની ઉપશાંતિ સંભવતી નથી. અને કાથા-કસેલ્લક આદિનું જે પાણી છે તેમાં અલ્પપણાં (થોડુંક) ચૂર્ણ નાંખવા વડે બનાવાય છે. અને તેથી અલ્પ સ્વાદવાળા અને અલ્પ ચૂર્ણવાળા પાણીમાં પણ પરિણતિ શુદ્ધ ગ્રહણ કરી શકાતી નથી. અને એથી કરીને એ વાત સાકરના પાણી સાથે સામ્યતા ભજતી નથી. વળી બીજી વાત એ છે કે તેવા પ્રકારનું કોઈક દ્રવ્ય એવું હોય છે કે જે મધુર હોય અને થોડું હોય તોપણ પાણીનો વર્ણ પરાવર્તન કરી નાંખે છે. જેવી રીતે મેશ આદિ. એ પ્રમાણે છાણ આદિના પાણીમાં પણ સમજી લેવું.

વળી સિદ્ધાંતમાં કહેલા આયામનું એટલે અવસ્રાવણ અને કાંજિક આદિ પાણીની હીલના કરતાં એવા ખરતરનું નામવડે પણ ભિક્ષુકત્વનો પથ અસંભવ છે. કારણ કે ઉત્તરાધ્યયનમાં કહેલું છે કે :

**आयामगं चेव जवोदणं च, सीअं सोवीर जवोदगं च।**
**नो हीलए पिंडं नीरसं तु, पंतकुलाइं परिव्वए जे स भिक्खू॥१॥**

--ઓસામણનું પાણી, જવ અને ઓદન, શીત પાણી-સૌવીરનું પાણી-(અથવા ચોખાનો સાથવો) અથવા તો જવનું પાણી કે પંતકુલાદિના નિરસ પિંડની હીલના કરવી ન જોઈએ. એ પરિવ્રજિત થયેલો ભિક્ષુક કહેવાય છે.'' ॥ ગાથાર્થ- ॥

તેવા પ્રકારના પાણીઓને ગ્રહણ કરવું તે ભિક્ષુકનું લક્ષણ જણાવેલું છે તે ખરતરને ગ્રાહ્ય નથી. ગ્રાહ્ય નથી એટલું નહિ; પરંતુ તેવા પાણી આદિને ગ્રહણ કરનારની હીલના, આદિના વચનો બોલાય છે. ગણધર સાર્ધશતકની **"मुद्धाणाययणगया"** આ ૧૦૫મી ગાથાની ટીકામાં તપગચ્છના સાધુનું વર્ણન આ પ્રમાણે કહેલું છે કે ''મલથી મલીન ગાત્રવાલા-દુર્ગંધનું પાત્ર-અવસ્રાવણ એટલે ચોખાના ધોવણ આદિને ગ્રહણ કરનારા-એકાકી વિહાર કરનારા-ગુરુકુલવાસના ત્યાગી એવા તપસ્વીઓ'' એવું વર્ણન કરતાં છતાં ખરતરે પોતાનું સ્નાનાદિ કરવાનું સૂચવ્યું છે. અને અવસ્રાવણ આદિના જલને ગ્રહણ કરનારની હીલના કરવા વડે કરીને સિદ્ધાંતનો અસ્વીકાર પણ સૂચવ્યો છે. કારણ કે સિદ્ધાંતમાં તેવા પ્રકારના પાણીઓ ગ્રહણ કરવાનું કહેલું હોવાથી. આચારાંગસૂત્ર-દ્વિતીય શ્રુતસ્કંધ પ્રથમ અધ્યયનના-૭ માં ઉદ્દેશામાં

**सेज्जं पुण पाणगजायं जाणेज्जा, तं जहा--उस्सेइमं--१, संसेइमं--२, चाउलोदगं वा--३, अण्णयरं वा तहप्पगारं पाणगजायं इत्यादि यावत् फासुअं जाव पडिगाहेज्जा॥**

**से भिक्खू वा--२ समाणे सेज्जं पुण पाणगजायं जाणेज्जा, तं जहा तिलोदगं वा--१, तुसोदगं वा--५, जवोदगं वा--६, आयामं वा--७, सोवीरं वा--८, सुद्धविअडं वा--९ अण्णयरं वा तहप्पगारं पाणगजायं इत्यादि यावत् भिक्खुस्स भिक्खुवणीए--वा सामग्गिअं॥इति॥**

એ સૂત્રની ટીકાનો એકદેશ આ પ્રમાણે છે. પાનકાદિના અધિકારમાં જ વિશેષ અર્થ જણાવતા કહે છે કે ગૃહપતિના કુલમાં પેઠેલો (ગયેલો) એવો જે ભિક્ષુ, તે ભિક્ષુ-પાનકની જાતિઓને આ પ્રમાણે જાણે. **तिलोदकं** કોઈપણ પ્રકારવડે કરીને તલદ્વારા પ્રાસૂક થયેલું પાણી, એ પ્રમાણે તુસોદગં-ફોતરાં વડે કરીને પ્રાસૂક કરેલું પાણી, જવવડે કરીને પ્રાસૂક થયેલું પાણી, ઓસામણનું પાણી-સૌવીરનું પાણી, કાંજી અને શુદ્ધ વિકટ પાણી (પ્રાસૂકપાણી) અથવા તેવા પ્રકારનું દ્રાક્ષા પાનક આદિના પાણીના સમૂહને જોતો. આમાં શુદ્ધ વિકટ એટલે પ્રાસૂક પાણી કહેલું છે તે ચૂર્ણિકાર વડે કરીને ઉષ્ણોદક જ કહેવાયું છે. અને એથી કરીને સામાન્યતયા જ્યાં પ્રાસૂક પાણી જણાવાયું હોય ત્યાં ત્રણ ઉકાળાનું પાણી જાણી લેવું. ગ્રંથાતરોની સંમતિમાં પણ તે પ્રમાણે દેખાતું હોવાથી અને પ્રાસૂકનું પણ તેવી રીતેનું વર્ણન, વિશેષિતપણે કરેલું હોવાથી. દશવૈકાલિક અધ્યયન-૫-ઉદેશો-૧-૭૭ની ચૂર્ણિ--**उसिणोदगं तत्तफासुअं ति॥** એમ કહેલું છે અન્ય શબ્દવડે કરીને વક્ષ્યમાણ જે ઉદેશાઓમાં કહેલાં છે તે પાણીઓને ગ્રહણ કરવાના છે.

**से भिक्खू वा भिक्खूणी वा जाव समाणे से जं पाणगजायं जाणेज्जा, तं जहा अंबपाणगं वा--१०**

**अंबाडगपाणगं वा–११, कविट्ठ पाणगंवा–१२, मातुलुंगपाणगं वा–१३, मुद्दिआपाणगं वा–१४, दालिमपाणगं वा–१५, खज्जूरपाणगं वा–१६, नालिएर पाणगं वा–१७, करीरपाणगं वा–१८, कोहलापाणगं वा–१९, आमलग पाणगं वा–२०, चिंचा पाणगं वा–२१ अण्णयरं वा तहप्पगारं पाणगजायं इत्यादि॥**

જે ભિક્ષુક અથવા ભિકખુણી, ગૃહસ્થના ઘરમાં પેસતા છતાં પાનકની જાતને જાણે. તે આ પ્રમાણે આંબાનું પાણી (૧૦)-આંબોળીયાનું પાણી (૧૧)-કોઠાનું પાણી (૧૨) બીજોરાનું પાણી-૧૩ દ્રાક્ષાનું પાણી-૧૪ દાડમનું પાણી-૧૫ ખજૂરનું પાણી-૧૬ નાળીયેરીનું પાણી-૧૭ કેરનું પાણી-૧૮ કોળાનું પાણી-૧૯ આંબલાનું પાણી-૨૦ આંબલીનું પાણી-૨૧ અથવા તો તેવા પ્રકારના બીજા પાનકની જાતને જુએ''. આ બધા પાણીની અંદર કોઈપણ સ્થળે કસેલ્લક આદિનું પાણી કહેલું નથી.

તેવી જ રીતે 'વાસાવાસ' નિત્ય ભક્તવાળા ભિક્ષુકને સર્વ પાણીઓ ગ્રહણ કરવા કલ્પે છે, ચતુર્થભક્તવાળાને ઉત્સ્વેદિમ, સંસ્વેદિમ અને તંદુલોદક એમ ત્રણ પાણી કલ્પે છે. એમ પર્યુષણા વ્યાખ્યાનમાં કહેલું છે ઈત્યાદિ તેમ જ સિદ્ધાંતમાં અંગીકાર કરેલું નહિ હોવાનું સૂચક છે. વળી જે ચોખાના ધોવણ આદિના પાણી પીવામાં ગૃહસ્થોને જે પ્રત્યાખ્યાન કરાવે છે એ સિદ્ધાંતનો અનભિજ્ઞ જ છે. કારણ કે દરવર્ષે સભાસમક્ષ વંચાતા એવા કલ્પસૂત્રને વિષે તંદુલ ધોવણ-ચોખાના ધોવણ આદિના પાણીની સ્પષ્ટ પ્રાપ્તિ થતી હોવાથી. એમ નહિ કહેવું કે 'એવા પાણીને ગ્રહણ કરવાનું સાધુઓને જ કીધેલું છે'. કારણ કે કોઈપણ આગમને વિષે જુદી રીતે શ્રાવકોને માટે જલવિભાગ જુદો કહ્યો હોય તેવું દેખાતું નથી. અચિત્તભોજી એવા જે શ્રાવકો છે તેઓને પણ આ બધા જ પાણી પીવાને યોગ્ય છે. કારણ કે તેને પણ પાણીના આગારો સાધુની જેમ જ કહેલા છે. જેવી રીતે આવશ્યકની અંદર વંદનને કરનારો કોણ? એ દ્વારની અંદર જણાવેલું છે કે–

**''पंचमहव्वयजुत्तो, अणलस–माणपरिवज्जिअमईओ।**
**संविग्गनिज्जरट्ठी, किइकम्मकरो हवइ साहू॥१॥**

પાંચ મહાવ્રતથી યુક્ત, આળસ રહિતનો, માનવર્જિત મતિવાળો, સંવિગ્ન, નિર્જરાનો અર્થી એવો સાધુ કૃતિકર્મ કરનારો હોય છે. (૧)''

એ વચનથી વંદન કરતો સાધુ જ જણાવેલ છે. પણ શ્રાવક આદિ કોઈ જણાવેલ નથી. તે શ્રાવક આદિ નહિ કહેલ હોવા છતાં આગમના અવિરોધવડે ઉપલક્ષણથી તેને પણ ગ્રહણ કરેલ છે અને તે સૂત્રોક્ત વિધિવડે જેમ શ્રાવક વંદન કરે છે તેમ ચોખાનું ધોવણ આદિનું પાણી પણ નહિ કહેલું હોવા છતાં પણ શ્રાવકોને માટે કલ્પે જ છે. અને એ વાત જો બરાબર ન હોય તો શ્રાવકોને પાણી પીવા માટેના પાણીનો બીજો વિભાગ બતાવ્યો હોત માટે વિસ્તારથી સર્યું.

વાદી પ્રશ્ન કરે છે કે **अदुवा वारधोअण**-એ પ્રમાણે દશવૈકાલિકના વચનથી

**कंजिअआयामासइ संसट्ठसिणोदगस्स वा असति।**
**फासुअजलं तसजढं, तस्सासइ तसेही जं रहिअं॥१॥**

કાંજી ઓસામણ, એના અભાવમાં સંસક્ત અથવા ઉસીણોદગ ન હોય તો ફાસુક=પ્રાસુક જલ. અને તેમાંય ત્રસ રહિતનું પાણી જે હોય તે, આવું મહાનિશીથ ભાષ્યમાં કહેલું છે. તેમાંના સંસક્ત શબ્દવડે તે નિશીથ ભાષ્યની ચૂર્ણિમાં **गवंगरसभायणनिक्केअणं ति**

કહેલું છે. એટલે કે ઝરતું પાણી. એ પ્રમાણેનું આગમ વચન હોવાથી સાધુઓને ઝરતું પાણી જ કલ્પે. નહિ કે ઝરતાં પાણીની જેમ ઉષ્ણોદક પણ : તો પછી તમારાવડે જે ઉષ્ણોદક ગ્રહણ કરાય છે. તે સ્વાદની લંપટતાવડે જ ને?'' એમ કહેતો હોય તો એમ નથી. કારણ કે મુખ્યતાએ ઉષ્ણોદક ગ્રહણ કરવાનું ઘણાં સ્થાનોમાં કહેલું છે. તે આ પ્રમાણે-

**''उसिणोदगतत्तफासुअं, पडिगाहिज्ज संजए''** એ પ્રમાણે દશવૈકાલિકમાં કહેલ છે. તેવી જ રીતે **उसीणोदगतत्तभोइणो, धम्मे ठिअस्स मुणिस्स हीमउ--त्ति** એ પ્રમાણે સૂત્રકૃતાંગના વૈતાલીય નામના બીજા અધ્યયનમાં કહેલું છે. તેવી જ રીતે સાધુઓને માટે ઉષ્ણોદકનું જ વિધાન પ્રવચનમાં કહેલું છે. કસેલ્લક જલનું કહેલ નથી. અને એથી કરીને ઉત્સર્ગ પદોને વિષે કસેલ્લક જલનું નહિ કહેલું હોવા છતાં પણ જે ગ્રહણ કરવું તે અધિક ઉત્સૂત્ર છે.

આ વિવક્ષાએ કરીને જયાં ન્યૂન ઉત્સૂત્ર અમે જણાવીએ ત્યાં પણ અપવાદ પદથી પરિત્યક્તપણું જાણી લેવું. ॥ ગાથાર્થ-૧૪ ॥ હવે કસેલ્લકના પાણીનું ગ્રહણ કરવામાં ત્રસની યતના આદિના અભાવમાં જે પ્રસંગ ઊભો થાય છે તે જણાવે છે.

**तसजयणाइअभावे, संजमलेसोऽवि दूरतरवडिओ।**
**एवंविहोऽपि मग्गो, उम्मग्गो केरिसो हुज्ञा ?॥११५॥**

ત્રસયતના આદિના અભાવમાં સમ્યક્ત્વ પણ સંભવતું નથી. તેના લક્ષણનો પણ અભાવ હોવાથી. સમ્યકત્વનું લક્ષણ આ પ્રમાણે :-

**शमसंवेग निर्वेदा--नुकम्पास्तिक्य लक्षणैः।**
**लक्षणैः पञ्चभिः सम्यक्, सम्यकूत्वमुपलक्ष्यते॥ योगशास्त्रे ॥**

યોગશાસ્ત્રમાં કહેલું છે કે : 'શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિક્ય આ પાંચ લક્ષણો વડે કરીને સમ્યકત્વ સમ્યક્પ્રકારે જાણી શકાય છે.' અને સમ્યકત્વનો અભાવ હોયે છતે સંયમની ગંધ પણ કયાંથી હોય? અરે! સર્વવિરતિ સંયમ તો દૂર રહો. પરંતુ દેશવિરતિનો પરિણામ પણ દૂરતર રહેલો છે. અર્થાત્ તેમાં એક દેશવિરતિના પરિણામની ગંધનો પણ અભાવ છે. આ વાતનો ભાવાર્થ એ છે કે સમ્યગ્દૃષ્ટિ અથવા તો દેશવિરતિવાળો જે હોય તે ત્રસજીવની યતનામાં પરાયણ હોય છે. જયારે આ યતિલિંગનો ધારણ કરવાવાળો હોવા છતાં પણ તેવી રીતની દયાના પરિણામવાળો ન હોવાથી તે સાધુ કેમ કહેવાય? એ પ્રમાણે હોય છતે હે ખરતર! જો પોરા આદિ ત્રસ જંતુઓની વિરાધનાના કારણરૂપ એવું શીતલ કસેલ્લકનું પાણી ગ્રહણ કરવું તે પણ જ્ઞાનાદિરૂપ મોક્ષનો માર્ગ થઈ શકતો હોય

તો ઉન્માર્ગ કેવો હોય? તે જણાવો. અમારે તો 'આ જ ઉન્માર્ગ છે. આ સિવાય બીજો કોઈ (ઉન્માર્ગ) દેખાતો નથી.' ॥ ગાથાર્થ-૧૧૫ ॥

હવે બીજું પણ અધિક ઉત્સૂત્ર જણાવે છે.

**सावयकुलपडिसिद्धं, पज्जुसिअविदलमाइ जं रद्धं।**
**सिद्धंत–वयणमलिअं, भणिऊणं भक्खए मुक्खो॥११६॥**

શ્રાવક તરીકે નામની ખ્યાતિને ભજતો હોય તેવો અર્થાત્ નામે કરીને શ્રાવક કહેવાતો હોય તો તેવા શ્રાવકકુલને વિષે રાત્રિભોજનની જેમ પર્યુષિત અન્ન પણ અકલ્પ્ય છે. એ પ્રમાણેના વચન પ્રવાહ વડે કરીને નિંદિત એવું રાંધ્યા છતાં પણ જે આર્દ્ર (ઢીલું) રહેલું હોય અને રાત્રિ બાદનું હોય તેને પર્યુષિત (વાસી) કહેવાય. તેવી જ રીતે મગ-અડદ આદિ જે દ્વિદલ-વિદલ, આદિ શબ્દથી પૂરણ પોળી (પૂરી) આદિનું ગ્રહણ કરી લેવું. એ બધુંય ગ્રહણ કરવાનું નહિ કહેલું હોવા છતાં 'સિદ્ધાંતમાં કીધું છે' એ પ્રમાણે ખોટું બોલવા વડે કરીને તે મૂર્ખ ખાય છે. ॥ ગાથાર્થ-૧૧૬ ॥

હવે પર્યુષિત, વિદલ આદિ કેવા પ્રકારનું થાય તે જણાવે છે.

**रत्तंतरिअं विदलं, चलिअरसं पोलिआ उ लालजुआ।**
**ओसन्नं तेण तयं, न भुंजई साणुकंपमई॥११७॥**

રાત્રિ બાદ રહેલું અન્ન અને વિદલ ચલિત રસ થઈ જાય છે. વિનાશ પામી જાય છે. અને પોલીકા જે છે તે લાલીયા બેઈન્દ્રિય જીવ વિશેષથી યુક્ત થઈ જાય છે. કલ્પભાષ્યમાં કહેલું છે કે

**मिच्छत्तमसंचइए, विराहणा तत्थ पाणजाईओ;**
**संमुच्छणा य तक्कण दवे अ दोसा इमे हुंति॥१॥**

એની વૃત્તિમાં કહેલું છે કે રાત્રિએ રહેલું વાસી અન્નાદિક ખવાતું જોઈને નવ દીક્ષિત અથવા બીજો મિથ્યાત્વને પામે છે. અથવા તો ઉડ્ડાહના પામે છે. 'નહિ સંચય કરવાવાળા આ અસંચયીયોને જુઓ!' એ પ્રમાણે ઉડ્ડાહણા કરે. અને પરિવાસીતમાં આખી રાત રહેતાં સંયમની તથા આત્મવિરાધના કહે છે આ પ્રમાણે સાથવો આદિને રાત રાખવામાં ઉરણીક આદિ પ્રાણીઓની જાત ઉત્પન્ન થાય છે. પૂપલિકા (પૂરી) આદિમાં લાલાસંમૂર્ચ્છિમ જીવોત્પત્તિ થાય છે. અને રાતવાસી રાખવામાં ખાવાની અભિલાષાએ કરીને ચારેબાજુ ભમતાં ઉંદરને બિલાડા આદિ વડે ખવાઈ જાય છે.

ઈત્યાદિક સંયમ વિરાધના થાય છે. આત્મ વિરાધના કેવી રીતે? તે અશન આદિને વિષે લાલા વિષસર્પ-લાળ મુકતો હોય અને ત્વગ્ વિષ સર્પ જે છે તે અન્ન આદિને સૂંઘતો અથવા શ્વાસ ફેંકવા વડે કરીને રાતવાસી અન્નને ઝેરી બનાવી દે છે. અથવા તો ઉંદર લાળ મુકી દે છે. અને એથી કરીને ઢીલા એ આહારને રાત્રિમાં રાખવાવડે આ જણાવતા દોષો થાય છે'' એમ કલ્પવૃત્તિમાં જણાવ્યું છે

પર્યુષિત, દ્વિદલ, પૂપિકા આદિ ચલિત રસ અને કહોવાયેલું અન્ન અનેક જંતુથી વ્યાપ્ત હોવાથી તેમજ ઉપલક્ષણથી પુષ્પિતોદન એટલેકે વધારેલો ભાત-પકવાન્ન આદિ અને બે દિવસ વ્યતીત થયેલ દહિં પણ 'આદિ' શબ્દથી ગ્રહણ કરી લેવું. એ પ્રમાણે શ્રાવક પ્રતિક્રમણવૃત્તિમાં કહેલું છે. અને એથી કરીને તેવો કુત્સિત થયેલો-ચલિત રસ થયેલો-વાસી-વિદલ આદિને અનુકંપા બુદ્ધિવાળો ન ખાય. ॥ ગાથાર્થ-૧૧૭ ॥

વાદી શંકા કરે છે કે :—

**नणु पज्जुसिअविदलप्पमुहं, पाएण नीरसं भणिअं।**
**तंचिअ मुणीणमुचिअं, तप्पडिसेहो न सिं सेओ ॥११८॥**

ખરેખર પર્યુષિત અને વિદલ આદિને પ્રાયઃ કરીને આગમમાં નિરસ કહેલું છે. અને તે નિરસ, ઇન્દ્રિયજિત એવા સાધુઓને ઉચિત છે તો પછી તેનો વિરોધ કરવો તે મુનિઓને માટે યોગ્ય કેમ કહેવાય? ॥ ગાથાર્થ-૧૧૮ ॥

હવે વાદીને જવાબ આપે છે કે :-

**तन्नो जुत्तं जम्हा, गहिअव्वं तं हविज्ज साहूणं।**
**जं संजमउवगारी, बाहाकारीन कइआवि ॥११९॥**

વાદી કહે છે કે તમારી જે શંકા છે તે યુક્ત નથી. કારણ કે સાધુઓને તે જ ઉચિત છે કે જે ચારિત્રની ક્રિયાને પુષ્ટિ કરનારું હોય તે જ ઉચિત છે, નહિ કે સંયમની ક્રિયાને હણનારું હોય. ॥ ગાથાર્થ-૧૧૯ ॥

હવે વ્યતિરેકે કરીને અતિપ્રસંગ આદિ દોષોને કહે છે.

**अण्णह भूइप्पमुहं, गहिअव्वं न उण घयगुडप्पमुहं।**
**एवं विआणिऊणं, पवयणमेरा न मोत्तव्वा ॥१२०॥**

જો આમ ન હોય તો જેમ નિરસ આહાર ગ્રહણ કરવાનો માત્ર આગ્રહ રાખવામાં આવે તો ભસ્માદિક એટલે આદિશબ્દથી **शटित** સડી ગયેલું-પડી ગયેલું. સૂકાએલ એવા પલાશપત્ર (ખાખરાનાં પાંદડાં) આદિનું ગ્રહણ થશે, એટલે એ પણ ભોજ્ય થશે. કારણ કે રાખ આદિ વસ્તુ જણાવેલ તે દરેક વસ્તુમાં પણ નિરસપણું હોવાથી, અને ઘી-ગોળ-દૂધ-દહિં-પકવાન આદિ ગ્રહણ કરવાનું નહિ થાય. અને ઉષ્ણ કરેલા ભાત આદિને વિષે પણ ઘી આદિનો જે પ્રક્ષેપ એ અત્યંત સરસપણું હોવાથી એને ગ્રહણ કરવાનું થશે તે માટે આ બધા પ્રકારો જાણીને પ્રવચનની મર્યાદા છોડવી ન જોઈએ. અને તે પ્રવચનની મર્યાદાઓ આ પ્રમાણે છે.

શ્રાવકકુલમાં ઉત્પન્ન થયેલા આત્માઓ, નિશ્ચયે કરીને અભક્ષ્યભોજી હોતા નથી. વિદલ આદિ અને વાસી તે તો પ્રાયઃ કરીને વિનષ્ટ સ્વભાવવાળા હોવાથી અનંતકાય આદિની જેમ અભક્ષ્ય જાણીને વર્જન કરવાનું છે. ॥ ગાથાર્થ-૧૨૦ ॥

તેથી કરીને હવે શું કરવું? તે હવે જણાવે છે.

**पज्जुसिअविदलमाई, अल्लं पाएण कुहिअलालजुअं।**
**तेणं तव्वइरित्तं, जुत्तं साहूण कूराई॥१२१॥**

પર્યુષિત=વાસી, વિદલ આદિ જે કહેલા છે તે જે પાણીના ભાગવાળા હોય તે. નહિ કે સૂકું પણ! આવા જે પર્યુષિત વિદલ આદિ છે તે બહુલતાએ કરીને કહોવાઈ ગયેલું છે. કહોવાયેલા અડદ આદિ ચલિતરસ અને વાસી પૂરી આદિમાં લાલા-એટલે સંમૂર્છિમ બેઇન્દ્રિય જીવ વિશેષ. તેનાથી સશક્ત થાય છે. તે કારણે જ કરીને તેવું પર્યુષિત આદિ સિવાયનું જે ભાત વગેરે છે તે સર્વસાવદ્યના ત્યાગી સાધુને ગ્રહણ કરવું કલ્પે છે. ॥ ગાથાર્થ--૧૨૧ ॥

હવે ક્યારેક કૂર-ઓદન આદિ વસ્તુ પણ ચલિતરસ દેખાય છે. ત્યાં શું કરવું?

**कूराई पुण पायं, न उत्तदोसेहिं दूसिअं जम्हा।**
**तेण निरक्खिअ मुणिणो, दूसिअसेसं पभुंजंति॥१२२॥**

કૂર આદિ જે ચોખાની જાત છે તે વાસી હોવા છતાં પણ બહુલતાએ કરીને પૂર્વે કહેલા દોષોથી દૂષિત થતું નથી. જેવી રીતે વિદલ આદિ જે વિનશ્વર સ્વભાવવાળું છે. તેવી રીતે ઓદન આદિ નથી. અને આમ હોવાથી જ અમે જે બહુલતા શબ્દ ગ્રહણ કરેલ છે તેનું કારણ એ છે કે ક્યારેક તેવા પ્રકારની સામગ્રીના સંસર્ગથી કૂરાદિ ચલિતરસ થઈ જાય તો તે સંભવિત દોષના પરિહાર માટે **નિશીથ ચૂર્ણિમાં** કહેલ "બીજી વસ્તુથી અલિપ્ત એવા પાત્રની અંદર તેવી વસ્તુ સ્વલ્પ પ્રમાણમાં ગ્રહણ કરીને આંખથી જોઈ લેવું. અને જોયા પછી નાકથી સૂંઘી લેવું અને પછી ખાત્રી થાય તો તે પછી જેટલાં પ્રમાણમાં ઉપયોગ હોય તેટલાં પ્રમાણમાં વહોરે" એ વિધિવડે કરીને મુનિઓ-સાધુઓ જેટલો ભાગ ચલિતરસ થયેલો હોય તેને છોડી દઈને બાકીનો (ભાગ) ગૃહપતિએ આપેલું છતું ગ્રહણ કરે. ॥ ગાથાર્થ-૧૨૨ ॥

હવે તે પણ કેવા પ્રકારનું? તે કહે છે.

**तंपि जइ केवलेणं, जलेण रद्धं हविज्ज जहजायं।**
**अम्हेहवि णो घिप्पइ, विअलं जह वुड्ढवयणाओ॥१२३॥**

તે કૂર આદિ પણ જો 'ફક્ત પાણીથી જ રાંધેલું હોય તો અને છાસ આદિવડે કરીને સંસ્કારિત

કરેલું ન હોય'તો તે વૃદ્ધ વચનવડે કરીને અમારાથી પણ ગ્રહણ કરાતું નથી. અમારો વૃદ્ધ સંપ્રદાય એટલે વડીલોનો સંપ્રદાય આ પ્રમાણે કહે છે. ''તક્રાદિવડે કરીને રંધાયેલું હોય અથવા તો તેનાથી મિશ્રિત થયેલો હોય તો તે કૂરાદિ ગ્રાહ્ય છે. અને તે સિવાયનું-કૂરાદિ, વિદલની જેમ વિનશ્વર સ્વભાવવાળું હોય.'' તો તેનો ત્યાગ કરવો. ॥ ગાથાર્થ-૧૨૩ ॥

હવે તેવા પ્રકારના વિદલ ભક્ષણનો ઉપસંહાર કરતાં જણાવે છે કે :–

**केवलजलेण रद्धं, तंदुलमाईवि पाय चलिअरसं।**
**विदले सुराणुभावो, किं जाओ जेण णो चलिअं?॥१२४॥**

ચોખા આદિ પણ જો ફક્ત પાણીમાં રાંધેલા હોય તો તે પ્રાયેઃ કરીને ચલિતરસવાળા થઈ જાય છે. અને તે પ્રત્યક્ષ સ્વાનુભવગમ્ય છે. તો પછી રાતના રાંધેલા વિદલની અંદર શું દેવતાનો કોઈ પ્રભાવ છે કે જેથી ચલિતરસ ન થાય? એ પ્રમાણે વાસી પૂરી આદિમાં પણ જાણી લેવું. ॥ ગાથાર્થ-૧૨૪ ॥

હવે પ્રવચનની મર્યાદા સ્વરૂપને કહે છે.

**जं जं बहलसहावं, पवयण मेराइ रक्खयं भणिअं।**
**जह बंभव्वयगुत्ती, भणिया न तहा य अण्णेसिं॥१२५॥**

જે જે નિરૂપાધિક સ્વરૂપવાલી વસ્તુ હોય તે વસ્તુ, પ્રવચન એટલે જિનશાસનની મર્યાદાની રક્ષક જાણવી. આ વાત પર દૃષ્ટાંત આપે છે કે જેવી રીતે બ્રહ્મવ્રતની ગુપ્તિઓ.

**वसहि कह निसिज्जिंदिअ, कुड्ंतर पुव्वकीलिअ पणीए।**
**अइमायाहार विभूसणा य, नव बंभगुत्तीउ॥१॥**

વસતિ, કથા આદિ ગાથા વડે જે નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓ જણાવી છે અને તે બ્રહ્મચર્યનું રક્ષણ કરનારી છે. તેવી રીતે બીજા મહાવ્રતોનું પણ રક્ષણ કરનારી ગુપ્તિઓ જણાવી નથી. તે જાણવું ॥ ગાથાર્થ-૧૨૫ ॥

હવે તેમાં હેતુ જણાવે છે.

**पायं गुत्तिविलोवे, लोवो बंभवयस्स जह दिट्ठो।**
**दिट्ठि पहाणेहिं, तह नन्नेसि महव्वयाणंपि॥१२६॥**

પ્રાયઃ કરીને નવ બ્રહ્મચર્યની ગુપ્તિનો વિલોપ થયે છતે સર્વજ્ઞ ભગવંતોએ બ્રહ્મચર્યવ્રતનો ભંગ જોયેલો છે. તેવી રીતે બીજા પણ મહાવ્રતોનો ભંગ જોયો નથી. આ દૃષ્ટાંત દ્વારાએ દાર્ષ્ટાંતિક યોજના

આ પ્રમાણે-એ પ્રમાણે પર્યુષિત વિદલઆદિમાં પણ જેવી રીતે ચલિતરસપણું રહેલું છે. તેવી રીતનું ચલિતરસપણું કૂરોદન આદિનું પણ નથી તેમ જાણી લેવું. આદ ॥ ગાથાર્થ-૧૨૬ ॥

હવે બન્ને પ્રકારના પર્યુષિતના પણ વિદલ અને અવિદલ, કહોવાયેલાં અને નહિ કહોવાયેલાં તેમાં નિયમ અને અભાવ બતાવ્યા પછી વ્યવહારનયના સમર્થન માટે બે ગાથાઓ જણાવે છે.

**जइवि अ विदलप्पमुहं, पज्जुसिअं किंचि होइ अविणट्ठं।**
**किंचिवि ओअणजायं, विणट्ठमवि होइ पज्जुसिअं॥१२७॥**

**तहवि अ बहलसहावं, अहिगिच्चा होइ चारु ववहारो।**
**सो चेव संजयाणं, पवित्ति--निवित्तिहेउत्ति॥१२८॥**

જો કે વિદલ પ્રમુખ આદિશબ્દથી પૂરી વગેરે લેવી. કાંઈક રાતવાસી રહેલું ચલિતરસ ન પણ થાય; પરંતુ રાતવાસી રહેલી ઓદનની જે જાત છે તે વિનષ્ટ થઈ પણ જાય. તોપણ નિરૂપાધિક સ્વભાવને આશ્રીને શોભનીય વ્યવહાર થાય છે અને તે જ વ્યવહાર, સાધુઓને પ્રવૃત્તિ અને નિવૃત્તિનું કારણ જાણવું. આ વાતનો ભાવ એ છે કે રાતવાસી રહેલું જે કઠોળ છે તે બહુલતાએ કરીને વિનષ્ટસ્વભાવવાળું થાય છે. તેથી કરીને તેનાથી પાછું ફરવું એટલે ગૃહસ્થીવડે એવું કઠોળ દેવાતું હોય તો પણ 'સદોષવાળું છે. માટે અમને ખપે નહિ.' એમ કહીને ત્યાગ કરી દેવું જોઈએ, અને ચોખા આદિની જાત જે છે તે રાતવાસી હોય પણ ગૃહસ્થવડે દેવાતું છતું સારી રીતે પરીક્ષા કરીને જોઈને-'શુદ્ધ છે', એમ જાણ્યા પછી 'અમારે આ ખપે' એમ કહીને સ્વીકારી લે છે. આ પ્રમાણે ૨-ગાથાનો અર્થ જાણવો!

હવે વાદી શંકા કરે છે કે જેમ તમે રાતવાસી ચોખા અવિનશ્વર સ્વભાવવાળા જોઈને ખાત્રી કરીને લ્યો છો તેમ વિદલ પણ સારી રીતે જોઇને અને અચલિતરસવાળા જણાય તો તે ગ્રહણ કરવામાં શું દોષ છે? એવી રીતની પારકાની શંકાનો ઉદાહરણ આપવાપૂર્વક નિરાસ જણાવે છે.

**सुविहिअनेवत्थजुओ, ववहारपरिक्खिओ जहा पुज्जो।**
**न तहा कुतित्थलिंगी, ववहारपरिक्खबाहिरिओ॥१२९॥**

જેવી રીતે સુસાધુના વેશને ધારણ કરનારો, વ્યવહાર પરીક્ષિત એટલેકે છદ્મસ્થોથી જાણી શકાય એવી રીતે તીર્થમાં રહેલો અને બ્રહ્મવ્રત આદિ જે મૂલગુણ તથા ઉત્તરગુણ તેનાથી સહિત એવો સાધુ, વંદન-અભ્યુત્થાન આદિ વ્રત આરાધનવિધિ આદિવડે કરીને આરાધ્ય બને છે. તેવી રીતે કુતીર્થલિંગી એટલે શાક્યાદિના લિંગને ધારણ કરનારો નહિ. શાક્યાદિનું લિંગ એ છે કે :-પિંછી-કમંડલું-ગેરુઆ વસ્ત્ર. લાલવસ્ત્ર આદિ લિંગથી યુક્ત હોય તો અભ્યુત્થાન આદિ માટે યોગ્ય નથી. કેમ યોગ્ય નથી?

તેના માટે વિશેષણ દ્વારા એ હેતુ જણાવે છે કે જેથી કરીને તે અન્યતીર્થી જે છે તે વ્યવહારપરીક્ષાબાહ્ય છે. 'આ જિનેશ્વર ભગવાનના માર્ગકથિત અનુષ્ઠાનમાં પરાયણ છે કે નહિ?' એવી પરીક્ષામાં અયોગ્ય ઠરે છે. કારણ કે તેવા પ્રકારના લિંગને ધારણ કરવાવાળાઓમાં નિશ્ચયથી કાંઈક જ્ઞાનાદિરૂપ માર્ગ હોય તો પણ ઉન્માર્ગ તરીકે જિનેશ્વર ભગવંતે જણાવેલો હોવાથી. ॥ ગાથાર્થ-૧૨૯ ॥

હવે આ વાત ઉપર દૃષ્ટાંત આપે છે કે--

**तेणं मरीई तिदंडी, कविला इहयंपि सुद्धवयणंपि।**
**भासंतो दुब्भासी, भणिओ उसहेण दुहभागी॥१३०॥**

જે કારણવડે કરીને અન્યતીર્થી, વ્યવહારપરિક્ષાબાહ્ય છે તે કારણથી ભરત રાજાના પુત્ર જે મરિચી ત્રિદંડી છે તે પોતાની દેશનાથી પ્રતિબોધ પામેલાને કહેતાં હતા કે 'સાધુ સમીપે જાવ અને મોક્ષમાર્ગના હેતુરૂપ એવા સંપૂર્ણ સાધુ ધર્મને સ્વીકારો' એ પ્રમાણે કહે છતે કપિલ બોલ્યો કે 'તો પછી તે શોભન માર્ગ તમારા વડે કેમ છોડી દેવાયો?' એ પ્રમાણે કહે છતે મરિચી બોલ્યો કે' શ્રમણો, ત્રિદંડથી વિરત છે, હું તેવો નથી' ઇત્યાદિ કહે છતે કપિલ ફરી વખત બોલ્યો. એમ બે વખત સાધુમાર્ગ બોલ્યા છતાં પણ 'સાધુમાર્ગથી અનભિમુખ એવો આ જીવ છે.' એમ વિચારીને **कविला इत्थंपि इहयंपि** 'હે કપિલ! મારી પાસે પણ કંઈક ધર્મ વિદ્યમાન છે', એમ કહે છતે તેવા પ્રકારના (સંન્યાસી) ધર્મને સ્વીકારવા તૈયાર થયેલા કપિલને દીક્ષા આપી. જો કે અહિં--

**''तत्थवि मरीइनामा, आइपरिव्वायगो उसभनत्ता;**
**सज्झायझाणजुत्तो, एगंते झायइ महप्पा॥१॥**

**वज्जंति वज्जभीरू, बहुजीवसमाउलं जलारंभं।**
**होउ मम परिमिएणं जलेण ण्हाणं च पियणं च॥२॥**

તો પણ મારિચી નામનો ઋષભનો પૌત્ર અને આદિપરિવ્રાજક એવો મહાત્મા મરિચી, સ્વાધ્યાય ધ્યાનથી યુક્ત-એકાંતે ધ્યાન ધરે છે. અને સાવદ્ય (પાપ) ભીરુ હોવાથી બહુ જીવથી સમાકુલ એવા જલના આરંભને છોડી દે છે. મારે પરિમિતજલ વડે કરીને સ્નાન અને પીવાનું હો.'' ઇત્યાદિ આગમગમ્ય એવો દેશવિરતિ ધર્મ વિદ્યમાન હોવા છતાં પણ શુદ્ધ વચન બોલતા એવા તેને શ્રી ઋષભદેવપ્રભુવડે કરીને દુર્ભાષી એટલે અનુચિત બોલવાવાળો કહેવાયો. જેથી કરીને આગમમાં કહ્યું છે કે :-

**दुब्भासिएणमिक्केण, मरीई दुक्खसायरं पत्तो;**
**भमिओ कोडाकोडी, सागरसरिनामधिज्जाणं॥३॥**

એક દુર્ભાષિત વચનવડે કરીને મરિચી દુઃખસાગરને પામ્યો અને કોડાકોડિ સાગરોપમ

પ્રમાણવાળો સંસારમાં ભમ્યો.'' તેમાં નિદાન-કારણ એ છે કે અન્યતીર્થિકનો વેશ વિદ્યમાન હોય છતે સમ્યકત્વના વ્યવહારનો પણ અભાવ હોવાથી દેશવિરતિ પરિણામનો વ્યવહાર ક્યાંથી હોય? અને એથી કરીને વ્યવહારપરીક્ષાથી બાહ્ય એવા પરિચિત મરિચીનું પણ તેવા પ્રકારના કુતીર્થ લિંગધારીપણામાં 'મારા માર્ગમાં પણ કંઈક ધર્મ છે' એવું જે બોલવું તે જિનાજ્ઞાના અભાવથી ઉત્સૂત્ર સદૃશ જ છે. કારણ કે તે તેવા લિંગને ધારણ કરવાવાળો હોવા છતાં પણ મરિચી, કંઈક ધર્મવાળો છે. તોપણ તેનો માર્ગ તેવા પ્રકારનો ન હોતો. અને **'મારા માર્ગમાં કંઈક ધર્મ છે'** એ જે વચન છે તે વચન જ તેના માર્ગને ઉદ્દીપન કરનારું છે, નહિં કે શ્રાવકધર્મના માર્ગને પણ ઉદ્દીપન કરનારૂં! વ્યવહાર જે છે તે બહોલા પક્ષને આશ્રીને હોય છે. અને જે અંબડ શ્રાવકમાં જે સમ્યક્ત્વનો વ્યવહાર છે તે મહાવીર પ્રભુના શ્રાવકપણા વડે કરીને જ છે! નહિં કે તેના માર્ગને આશ્રીને! અને તેથી કરીને જો તે અંબડ તાપસ પણ જો મરિચીની જેમ ઉપદેશ આપીને કોઈને દીક્ષા આપત તો તે મરિચીના જેવો જ ગણાત. ॥ ગાથાર્થ-૧૩૦ ॥

હવે આ કહેલા અર્થને ગાથા દ્વારા જ સૂચવે છે.

**साहु समीवे पुण्णो, धम्मो अम्हं तु किंचि न य पुण्णो।**
**इअ भासा तल्लिंगे, नो जुत्तं तेण मोसत्ति॥१३१॥**

'સાધુ સમીપે ધર્મ પૂર્ણ છે. મારી પાસે તો કંઈક છે, પૂર્ણ નથી.' એવા પ્રકારની જે ભાષા તેવા પ્રકારનું પરિવ્રાજક લિંગ વિદ્યમાન હોયે છતે બોલવું તે યુક્ત નથી અને તેથી કરીને તે ભાષા અસત્ય છે. અને એથી જ કરીને ઉત્સૂત્રભાષીમાર્ગમાં જ પડેલો જાણવો. અને નિશ્ચયનયથી સમ્યગ્દૃષ્ટિ હોય તો પણ જોવાને માટે પણ અકલ્પ્ય છે. એવા પ્રકારનું નિર્યુક્તિકારનું વચન અમે પૂર્વે જણાવ્યું છે. ॥ ગાથાર્થ-૧૩૧ ॥

હવે ફરી પણ દૃષ્ટાંત કહે છે.

**जयवऽण्णतित्थिआ वि अ, सिज्झति अ नहु सतित्थिआ केई।**
**तहवि परतित्थिगहिआ, जिण पडिमा कप्पए नेव॥१३२॥**

જો કે અન્યતીર્થકો પણ એટલેકે અન્યતીર્થીકના વેશમાત્રને ધારણ કરનારા પણ ક્યારેક તથા–ભવ્યત્વના પરિપાકના વશથી સમ્યકત્વ અવબોધ (શુદ્ધ જ્ઞાન) આદિની સામગ્રી પ્રાપ્ત થયે છતે એક જ સમયે ઉત્કૃષ્ટપદે ૧૦-આત્મા પણ મોક્ષમાં જાય છે. અને કોઈક સ્વલિંગ હોવા છતાં પણ શુદ્ધ નથી થતાં. તો પણ પરિતીર્થીકોએ ગ્રહણ કરેલ જિનપ્રતિમા પણ જૈનોને કલ્પતી નથી. હવે આ વાતના દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે છે. અન્યતીર્થીકોની જેમ વિદલ અને અચલિત રસ પણ પરીક્ષાબાહ્ય છે. એમ કરીને છોડી દેવા જોઈએ. ॥ ગાથાર્થ-૧૩૨ ॥

હવે આ વાત પર ફરી પણ લૌકિક દૃષ્ટાંત કહે છે.

**लोएवि सुजाइकुलुप्पणो, सुपरिक्खिओ जहा जुग्गो।**
**न तहा विवरीओवि अ, गुणवंपि विवाहमाईसु ॥१३३॥**

લોકને વિષે પણ સુજ્ઞાતિ અને સુકુલમાં ઉત્પન્ન થયેલા એટલેકે શુદ્ધ એવા માતૃપક્ષ અને પિતૃપક્ષમાં ઉત્પન્ન થયેલો અને સારી રીતે પરીક્ષા કરેલો એવો આત્મા, વિવાહ આદિ કાર્યોને વિષે યોગ્ય થાય છે. આથી વિપરીત એટલે કે હીન કુલમાં ઉત્પન્ન થયેલો ક્યારેક ગુણવંત હોય તો પણ યોગ્ય થતો નથી. તેવી જ રીતે વાસી, વિદલ, ઢીંલું હોયે છતે બધું જ છોડી દેવું જોઈએ અને ચોખાની જાત તો સુકુલમાં ઉત્પન્ન થયેલાની જેમ સારી રીતે પરીક્ષા કરીને ગ્રહણ કરી શકાય છે. એ પ્રમાણે ॥ ગાથાર્થ-૧૩૩ ॥

હવે ત્યાગ કરવાને આશ્રીને લૌકીક દૃષ્ટાંત ફરીથી કહે છે.

**उत्तमकुले असुद्धो जो,-जाओ सो णु चेव चइअव्वो।**
**विवरीअकुलं सयलं, सुकुलेहिं चेव चइअव्वं॥१३४॥**

ઉત્તમકુલને વિષે જે અશુદ્ધ ઉત્પન્ન થયેલો છે તેને જ સુકુલમાં ઉત્પન્ન થયેલાએ અને વિપરીત કુલમાં સારૂં હોય તો પણ તે સકલ કુલનો ત્યાગ કરી દેવો જોઈએ. એ રીતે વિદલ, વાસી, ઢીલું (પાણીવાળું) અન્ન, તે હીનકુલોત્પન્નની જેમ બધું જ છોડી દેવું જોઈએ. અને ચોખાની જાતમાં તો જેટલો ભાગ અશુદ્ધ હોય તેટલો ભાગ છોડી દેવો જોઈએ, નહિ કે ચોખાની જાત માત્રને છોડી દેવાય. વિદલ-પૂરી વાસી હોય અને ઢીલું હોય તો હીનકુલમાં ઉત્પન્ન થયેલાની જેમ આખી જાતિ માત્રને છોડી દેવું જોઈએ ॥ ગાથાર્થ-૧૩૪ ॥

હવે ફરી પણ લોકોત્તર દૃષ્ટાંતની બહુલતા જણાવે છે.

**जह वा परपरिगहिआ, जिणपडिमा भद्दओऽवि उस्सुत्ते।**
**मुणिगुणजुत्तोवि कुसीललिंगिवग्गे ऽवि परिचत्तो॥१३५॥**

અથવા તો જેવી રીતે હરિ હર આદિની બુદ્ધિએ કરીને મિથ્યાદૃષ્ટિએ ગ્રહણ કરેલી જિનપ્રતિમાની જેમ છોડી દેવી જોઈએ, તેવી રીતે ઉત્સૂત્રભાષીના માર્ગમાં પડેલો કદાચિત્-કોઈક ભદ્રકજીવ એટલે કે વસ્તુગતે અવિનષ્ટ સમ્યગ્દૃષ્ટિવાળો હોય છતાં પણ વ્યવહારનયને આશ્રીને ચાલવાવાળા આત્માઓએ ઉત્સૂત્રભાષીની જેમ જ છોડી દેવો જોઈએ. કારણ કે તે સમ્યગ્દૃષ્ટિઓને માટે તે જોવાને પણ અકલ્પ્ય છે. કુશીલ વેશધારીના વર્ગમાં-એટલે પાસત્થા આદિના સમુદાયમાં રહેલો સાધુ, ગુણથી યુક્ત હોય છતાં પણ તે મુનિ, પાસત્થી આદિની જેમ ત્યાજય જાણવો. ॥ ગાથાર્થ--૧૩૫ ॥

હવે દાર્ષ્ટાંતિક યોજનાને માટે ગાથા જણાવે છે.

**एवं निअगुणविलयाभावे, विदलाइ रत्तिअंतरिअं।**
**कुहणसहावयवग्गे, पडिअं परिहेअमेवत्ति॥१३६॥**

પૂર્વે કહેલી યુક્તિના પ્રકારવડે કરીને પોતાના ગુણની વિદ્યમાનતા હોવા છતાં પણ અર્થાત્ વિનષ્ટભાવને પામ્યું ન હોય તો પણ રાત્રિએ રહેલું એવું વિદલ આદિ બીજે દિવસે (અવિનષ્ટ સ્વભાવવાળું હોય તો પણ) કુત્સિત સ્વભાવવાળા-કહોવાઈ જવાના સ્વભાવના કારણે તે વિદલ આદિ આર્દ્ર એટલે ઢીલી પૂરી આદિ જે છે તે ત્યાગ કરવા યોગ્યજ છે. ॥ ગાથાર્થ-૧૩૬ ॥

હવે આવું શાથી? તે માટે કહે છે.

**ववहारो बहु बलवं, लोए लोउत्तरे अ मग्गंमि।**
**तस्सुच्छेए तित्थुच्छेओ, छेएहिं निद्दिट्ठो॥१३७॥**

લૌકિક માર્ગને વિષે અને લોકોત્તર એવા જૈન માર્ગને વિષે શ્રુત આદિના અનુસારે વ્યવહારનયની પ્રવૃત્તિ, બહુલતાએ છે. અને તે વ્યવહારનયની પ્રવૃત્તિ, અત્યંત બલવાન છે. કહેલું છે કે :—

**ववहारो बहु (ऽवि हु) बलवं, जं छउमत्थंपि वंदए अरहा।**
**जा होइ अणभिन्नो, जाणंतो धम्मयं एअं॥१॥ (३–१२३–मा)**

વ્યવહાર માર્ગ બહુ જ બળવાન છે, જ્યાં-સુધી છદ્મસ્થ અનિભિજ્ઞ હોય ત્યાં સુધી અરિહંત=કેવલી પણ છદ્મસ્થને વંદન કરે છે! કારણ કે--વ્યવહારનયનો જે ધર્મ છે તે કેવલીઓ જાણે છે અને તે વ્યવહારનયનો ઉચ્છેદ થયે છતે ગણધર આદિ ભગવંતોએ તીર્થનો ઉચ્છેદ જણાવ્યો છે. પંચવસ્તુકની ૧૭૨મી ગાથામાં કહ્યું છે કે—

**जइ जिणमयं पवज्जह, ता मा ववहार--निच्छयं मुअह।**
**ववहारनउच्छेदे, तित्थुच्छेओ जओऽवस्सं॥१–१७२॥**

જો જિનમતનો સ્વીકાર કરતો હો તો વ્યવહાર અને નિશ્ચયને છોડીશ નહિ. વ્યવહારનયનો ઉચ્છેદ થયે છતે અવશ્ય તીર્થનો ઉચ્છેદ થાય છે. ॥ ગાથાર્થ-૧૭૨ ॥

હવે પર્યુષિત શબ્દથી ભ્રાંત થયેલા એવા ખરતરની ભ્રમણાને દૂર કરવાને માટે **'પર્યુષિત'** શબ્દનું સ્વરૂપ જણાવે છે.

**पज्जूसिअसद्दत्थो, अहिगारवसेण होइ णाणत्ति।**
**जो जत्थ जहा वुत्तो, जुत्तो तह चेव णो इहरा॥१३८॥**

'પર્યુષિત' એ શબ્દનો અર્થ, પ્રકરણના અધિકારવશે કરીને અનેક પ્રકારે થાય છે. તેથી કરીને જયાં જેવું પ્રકરણ હોય અને પંડિતોએ જે પ્રકારે તેનું વર્ણન કરેલું હોય તે જ પ્રમાણે 'પર્યુષિત' શબ્દનો અર્થ વિચારાતો છતો વિચારને યોગ્ય થાય છે, અન્યથા થતો નથી. અને એથી કરીને કોઈક ઠેકાણે જે અર્થ કર્યો હોય તે જ અર્થ બીજે બધે ઠેકાણે વિચારવામાં આવે તો યુક્તિસંગત બનતો નથી. ॥ ગાથાર્થ-૧૩૮ ॥

હવે પર્યુષિત શબ્દનાં અનેક પ્રકારના કવિઓએ કરેલા પ્રયોગો બતાવાય છે.

**कत्थवि ठाणब्भंसे, पुराणभावे कहिंचि वावण्णे।**
**कत्थवि सीअलभावे, रत्तंरिए वि पज्जुसिओ ॥१३९॥**

પર્યુષિત શબ્દના અર્થ કોઈક ઠેકાણે 'ઉત્પત્તિ સ્થાનથી ભ્રષ્ટ થયેલો' તેવા અર્થમાં વપરાયો છે. જેવી રીતે

**वृक्षं क्षीणफलं त्यजन्ति विहगाः शुष्कं सरः सारसाः।**
**पुष्पं पर्युषितं त्यजन्ति मधुपा; दग्धं वनान्तं मृगाः।**
**निर्द्रव्यं पुरुषं त्यजन्ति गणिका, भ्रष्टं नृपं सेवकाः।**
**सर्वः स्वार्थवशाज्जनोऽभिरमते, नो कस्य को वल्लभः ॥१॥**

આ ગાથાની અંદર-''ક્ષીણ ફલવાળા વૃક્ષને પંખીઓ છોડી દે છે અને સૂકાયેલા સરોવરને સારસ પક્ષીઓ છોડી દે છે, **પર્યુષિત** એવા સ્થાનથી ભ્રષ્ટ થયેલા પુષ્પને ભમરાઓ છોડી દે છે. બળી ગયેલા વનને હરણાઓ છોડી દે છે, (પૈસાથી) ખાલીખમ થયેલા પુરુષને વેશ્યાઓ છોડી દે છે, પદથી ભ્રષ્ટ થયેલા રાજાને સેવકો છોડી દે છે. આમ આખું જગત સ્વાર્થાધીન છે. કોઈ કોઈને વહાલો નથી.'' આ શ્લોકમાં **'પર્યુષિત'** શબ્દનો અર્થ 'સ્થાનથી ભ્રષ્ટ થયેલામાં' લીધેલો છે. જેવી રીતે વૃક્ષથી પોતાના ઉત્પત્તિ સ્થાનથી ભ્રષ્ટ થયેલા ફુલને ભમરાઓ છોડી દે છે. તેવીજ રીતે ભોગી એવા પુરુષોને પીરસેલ થાલીમાંથી ખાતા વધેલું જે ચોખા આદિ બીજા થાલમાં નાંખેલું હોય તેને પણ પર્યુષિત કહે છે. અને તે એઠવાડ ભોગી લોકો અડતા નથી. અને એથી કરીને સાંપ્રતકાલે 'જેમાંથી ગરમાવો ચાલ્યો ગયો છે તેવા ભાત આદિને ભોગીલોકો ખાતા નથી.' એવી લોકોકિત અત્યારે પણ સંભળાય છે. (૨)

કોઈક ઠેકાણે 'પર્યુષિત' શબ્દનો અર્થ 'પ્રાંત ભાગ' કહેલો છે. ઔપપાતિક સૂત્રની વૃત્તિમાં આ પ્રમાણે કહેલું છે :-**'से किं तं रसपरिच्चाए?–२ अणेगविहे पं। तं। णिव्वीतीए पणीतरसपरिच्चाए आयंबिलए आयामसित्थभोई अरसाहारे,विरसाहारे, लूहाहारे सत्तरस परिच्चाए ति॥ औपपातिक सूत्रं॥**

તે રસપરિત્યાગ કેટલા પ્રકારનો છે? તે રસ પરિત્યાગ અનેક પ્રકારનો કહેલો છે. તે આ પ્રમાણે–નિર્વિકૃતિકપ્રણીત, રસપરિત્યાગ-આયંબિલ અને આચામ્લસિક્તભોગી. અરસાહાર, વિરસાહાર, અંતાહાર-પંતાહાર-લુહાહાર-રૂક્ષાહાર ને સપ્તરસપરિત્યાગ'' આ સૂત્રની વૃત્તિનો એકદેશ જણાવે છે.

અંતાહાર એટલે અંતે- છેડે થયેલું તેનું નામ **અંત** એટલે જઘન્ય ધાન્ય, વાલ આદિ અને પંતાહારે જે પ્રકર્ષે કરીને અંત=વાલ આદિ ધાન્યઆદિ છે તે જન્મ્યા પછીનું-બાકીનું વધેલું તે **'પર્યુષિત'** જાણવું. એ પ્રમાણે ઔપપાતિક સૂત્રમાં છે. આ સૂત્રની વૃત્તિમાં 'પ્રાંત' શબ્દ વડે કરીને **'પર્યુષિત'** જણાવેલું છે. જો કે વાલ આદિનું વિશેષણ પ્રાંત છે તે પણ યુક્ત જ છે.

કારણ કે જે વાલ આદિનો'અંત' ભાગ કહેલો છે. તે જ 'પર્યુષિત' કહો કે'પ્રાંત' કહો. તેમાં પર્યુષિત એટલે વ્યાપન્ન (નષ્ટ થયેલું), પુરાણું (જુનું) એ અર્થ ગ્રહણ કરેલો છે અને એથીજ કરીને ભાષ્યકાર વડે કરીને પ્રાંત શબ્દની વ્યાખ્યા કરતાં પ્રાંત શબ્દના સ્થાને વ્યાપન્ન શબ્દનો પ્રયોગ કરેલો છે. તે આ પ્રમાણે :-**निप्फावचणगमाई अंतं पंतं तु होइ वावण्णं त्ति बृहत्कल्पभाष्य**।। અને આ સૂત્રની ટીકા આ પ્રમાણે કહેલી છે. **निष्पाव**=એટલે વાલ-**चणक** ચણા આદિ શબ્દથી અડદના બાકળા આદિ ''અંત'' કહેવાય છે. અને તે જ વ્યાપન્ન વિનિષ્ટ સ્વભાવવાળું થઈ ગયેલું હોય તેને ''પ્રાંત'' કહેવાય છે. આ ટીકામાં વાલ-ચણા આદિને પણ વિનષ્ટ-પ્રાંત જણાવેલા છે. અહિંયા વિનષ્ટપણું એટલે 'ખરેખર' કહોવાઈ ગયેલા આદિ પર્યાયને પામેલું ન સમજવું. કારણ કે તેવું કહોવાઈ ગયેલા સ્વભાવવાળું અનાજ શ્રાવકોને પણ અકલ્પ્ય અને અભોજય છે. યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશમાં પૂ.આ.મ.શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ ફરમાવે છે કે :-

**''आमगोरससंपृक्तं, द्विदलं पुष्पितौदनम्;**
**दध्यहर्द्वितयातीतं, क्वथितान्नं च वर्जयेत्।।१।।**

કાચા ગોરસથી યુક્ત એવું જે વિદલ, પુષ્પિતૌદન (વધારેલો ભાત), બે દિવસ વ્યતીત થયેલું એવું દહિં, અને કહેવાઈ ગયેલું અનાજ એનો ત્યાગ કરવો.'' તેથી કરીને **વ્યાપન્નપણું વ્યાપન્ન એટલે 'વિનષ્ટપણું એટલે વિધ્વસ્તયોનિપણું'** એ અર્થ જાણવો અને તે વાત ભગવતી સૂત્રમાં કહેલી છે કે 'ત્રણ વર્ષ આદિના પર્યાયને પામેલું એવું અનાજ તે 'વિધ્વસ્તયોનિ' કહેવાય છે. અને તેવું વિધ્વસ્તયોનિવાળું વાલ-ચણા આદિ પદાર્થો તાજા વાલ, ચણા આદિની અપેક્ષાએ નિરસ છે. અને એથીજ કરીને વૈદ્યો મંદાગ્નિવાળા આત્માઓને જૂના મગાદિ ખાવા આપે છે. તેવી જ રીતે **प्रकृष्टं अंतं-प्रांतं** એ પ્રમાણેની શબ્દવ્યુત્પત્તિ સમીચીન છે. (૩)

તેવી જ રીતે કોઈક ઠેકાણે 'ઠંડાભાવ'માં પણ પર્યુષિત શબ્દનો પ્રયોગ કરેલો છે. આચારાંગ સૂત્રના પ્રથમશ્રુતસ્કંધની-૧૦૭મી ગાથામાં

**अवि सुइअं वा सुक्कं वा, सीयपिंडं पुराणकुम्मासं।**
**अदु बुक्कसं पुलागं वा, लद्धे पिंडे अलद्धए दविए।।** (१०७)

આ ગાથાની વૃત્તિ જણાવે છે કે **''सूद्रअं** એટલે દહિં આદિવડે કરીને જે ભક્ત (ભોજન) આર્દ્ર કરાયેલું હોય તેવા પ્રકારનું થયું હોય અને શૂષ્ક કહેતા વાલ-ચણાં આદિ જે શીતપિંડ એટલે પર્યુષિત ભક્ત તથા **पुराणकुल्माष** એટલે ઘણાં દિવસના સિદ્ધ થયેલા (રંધાયેલા) અડદના બાકલા તથા

બુક્કસ એટલે જૂના ધાન્યના જે ભાત અથવા પુરાતન--જૂનો સાથવાનો પિંડ, અથવા તો ઘણાં દિવસથી સારી રીતનું ભરેલું જે ગોરસવાળો ગોધૂમમંડક તથા જવનો બનાવેલો પુલાક અને એવા પ્રકારના પિંડને પામીને રાગ-દ્વેષ રહિત હોવાથી ''દ્રવિકો ભગવાન્'' એ પ્રમાણે આચારાંગની વૃત્તિમાં કહેલું છે. આ ટીકાની અંદર પર્યુષિત ભક્તને શીતપિંડ કહેલો છે. તે ભક્ત શબ્દનો અર્થ અન્ન અને કૂર થતો હોવાથી કૂર આદિ લેવું.

અને તે કૂરાદિ તે દિવસ સંબંધીનું હોય અથવા બીજા દિવસ સંબંધીનું હોય તો તે બન્ને રીતનું પણ સાધુઓને કલ્પ્યજ છે. અને એથી કરીને પર્યુષિત શબ્દનો અર્થ શીતલપિંડ કર્યો તે યુક્ત જ છે.

હવે જો આ ટીકામાં રહેલા **पुराणकुल्माष** એટલે કે 'ઘણાં દિવસના રાંધેલા અને રહેલાં અડદના બાકળા, એ પદનું શરણું સ્વીકારીને અભક્ષ્ય એવા પણ વાલને વિદલ આદિનું ખાવાપણું જે ખરતરનું છે તે મહામોહવિલસિત છે.

કારણ કે ઘણાં દિવસ સંબંધીનો રાંધેલો જે અડદ આદિ છે તે અતિવિનષ્ટ થઈ ગયેલો હોવાથી પામરોને (ભિખારી) ઓને પણ અભક્ષ્ય-ખાવા લાયક નથી. તે પ્રત્યક્ષસિદ્ધ વાત છે. અને આ વાતમાં જો વિશ્વાસ ન બેસતો હોય તો એવા રાંધેલા અળદ-બાકુલાને ત્રણ દિવસ સુધી રાખીને જોઈ લેવું હાથમાં રહેલા કંકણને જોવા માટે આરીસાને શોધવો એ યુક્ત નથી. એ પ્રમાણેની લોકોકિત પણ છે.

વાદી શંકા કરે છે કે જો તમે કહો છો તેમ હોય તો તેવા પ્રકારના અડદને ગ્રહણ કરવાવાળું ભગવાનનું વર્ણન કેમ? એમ જો કહેતો હોય તો તારી વાત સત્ય છે. અમે તે વાક્યને તમે કહો તેવી રીતે સ્વીકારતાં જ નથી; પરંતુ અભક્ષ્યમાત્ર ખાવામાં બધીવાતે બદ્ધકક્ષ થયેલા એવા તારા અભિપ્રાયથી ભિન્ન અભિપ્રાયને જણાવનારું એ પદ છે એમ અમે સ્વીકારીએ છીએ.

તે આ પ્રમાણે **कुल्माष**-અર્ધ સ્વિન્ન--અર્ધ ભિંજાયેલ અડદને કુલ્માષ કહેવાય છે. કહેલું છે કે-**कुल्मासस्तु यावकः कुले न मस्यति परिणमते वा वृषोदरादित्वात्॥**

એ પ્રમાણેની વ્યુત્પત્તિ કરીને પૃષોદરાદિ ગણથી कुल्मास શબ્દની વ્યુત્પત્તિ થાય. **અને તેથી કરીને બહુ દિવસથી રંધાઈને રહેલા એટલે ઘણાં દિવસથી અગ્નિસંસ્કાર પામેલા શેકાયેલા (મગ-મઠની જેમ) બાકુલા-તેવા પ્રકારના થયા છતાં પ્રાયઃ નિરસ જ છે. તે સાધુઓને ઉચિત જ છે. નહિ** કે ખરતરના મ્હોઢાંને યોગ્ય વિદલ આદિ રાંધેલું અને અનેક દિવસ સુધી રહેલું.

હવે વાદી શંકા કરે છે કે હવે તમો કહો છો તે પ્રકારનું વિદલ નથી. એમ માની લઈએ; પરંતુ એ જ ટીકાની અંદર 'ઘણાં દિવસના ગોરસથી ભરેલું ગોધુમ મંડકની વાત' આવે છે તેનું શું? એટલે એવા પ્રકારના ઘઉંના માંડા લીધેલ છે એવું વચન હોવાથી પર્યુષિત એવા વાસી-પૂરી-રોટલી આદિનું ગ્રહણ કરવું એ તો યુક્ત છે. એમ જો કહેતો હોય તો બોલીશ નહિ. તે વાક્યની અંદર વાસી પૂરી-રોટલી આદિના ગ્રહણની વિધિના ગંધનો પણ અભાવ હોવાથી તે આ પ્રમાણે :–

જેવી રીતે પાઠમાં **"बहुदिवस संभृतगोरसमंडक"** એ શબ્દવડે કરીને ઘણાં દિવસથી ભરેલું એવું 'ઘી'નું ગ્રહણ કરવું જોઈએ; નહિ કે દહિં આદિનું. કારણ કે બે દિવસ ઉપર રહેલા દહિં આદિનો નિષેધ કરેલો હોવાથીઃ યોગશાસ્ત્રમાં કહેલું છે કે 'બે દિવસ વ્યતીત થયેલા દહિં અને કહોવાઈ ગયેલા અન્નનું વર્જન કરવું' વળી ગોરસ શબ્દવડે કરીને ઘી પણ આગમમાં પ્રતીત જ છે. સ્થાનાંગ સૂત્ર ૨૭૪-માં કહેલું છે કે :-**चत्तारि गोरसविगईओ पण्णत्ताओ—तं दुद्धं दहिं नवणीयं घयं चेति**॥ એટલે 'ચાર ગોરસવિગઈઓ જણાવી છે. દૂધ-દહિં-માખણ અને ઘી.' અને **"બહુદિવસસંભૃતમંડક"** શબ્દવડે કરીને સૂકા-માંડા=ખાખરા, જનપ્રતીત છે તે જાણવા. તેઓનું જ સંખડી આદિમાં જે વધેલા હોય તેને તડકે સૂકવવા પૂર્વક રાખી મૂકાતાં હોવાથી **ખાખરા** જાણવા. અને એ વાત આજે પણ જનપ્રતીત જ છે. અને એથી જ કરીને અહિંયા પૂપિકા શબ્દનું ગ્રહણ કરેલું નથી. કારણકે સંખડિની અંદર અનુપયોગી હોવાથી=જરૂરી નહિ હોવાથી. અને મંડકોની જરૂરીયાત હોવાથી. અને પૂરણપોળી-પૂરી આદિનું તો જેવી જરુરિયાત હોય તે પ્રમાણે બનાવાતું હોવાથી. તેની વૃદ્ધિનો અસંભવ છે!! પછી અસંભવ હોવાથી એને તડકો આદિ દેવાવડે કરીને તૈયાર કરવાનો સંભવ ક્યાંથી હોય? અને ઘણાં દિવસ સંબંધીની ઢીલી પૂરી આદિ તો પામરોને પણ અસંમત છે.(ભિખારીઓને પણ નથી ગમતી) તો પછી તારી જેવા ખરતરને એ ખાવાનો અભ્યાસ ક્યાંથી ઉત્પન્ન થયો? અથવા તો **ઘણાં દિવસથી ગોરસ ભરેલા ઘી વાળું અને ગોધૂમમંડક-ઘઉંનો ખાખરો તે બહુદિવસસંભૃતગોધૂમમંડક છે.**

એ પ્રમાણે તેના અર્થમાં સમાહાર દ્વંદ્વ કરવો. અથવા તો 'ઘણાં દિવસથી ભરેલા ગોરસ વડે કરીને લાંબાકાળવાળા ઘીથી યુક્ત એવા ગોધૂમંડકને' તે તત્પુરુષ સમાસ પણ થઈ શકે છે. અને એ પ્રમાણે કરે છતે તને અભિપ્રેત એવી વાસી પૂરી આદિના ગ્રહણની વાર્તા પણ ક્યાંથી? એમ વિચારીને અભક્ષ્ય ભક્ષણનો અભ્યાસ નહિ કરવાનો. વાદિ કહે છે 'જેમ હો તેમ હો; પરંતુ એવી ઠંડી પૂરીઓ ગ્રહણ કરવામાં અમારું નિરસભોજીપણું તો ગણાશેને?' એમ જો કહેતા હો તો 'હે ખરતર! જો તારે નિરસ આહાર ગ્રહણ કરવાની બહુ ઇચ્છા હોય તો ઘી-ગોળ આદિનો ત્યાગ કરવાપૂર્વક ઉંનું એવું ચોક્ખું અન્ન ખાતા એવા તારું નિરસ આહાર ભોજીપણું મોટાસ્વરે બોલીશું! તે પ્રમાણે તૂં કેમ આચરતો નથી?' વાદી કહે છે કે 'તો ઠંડી અને વાસી પૂરીઓ ગ્રહણ કરવામાં અમને શું ફાયદો?' એમ જો કહેતા હોય તો મહાન ગુણ છે. તે મહાન્ ગુણ અમે કહી શકવાને માટે અશક્ય છીએ. એમ કેમ કહો છો? એમ પૂછતો હોય તો સાંભળ. તે દિવસની કરેલી પૂરી આદિ પ્રાયેઃ કરીને મધ્યાન્હકાલે મળે. અને ત્યાં સુધી ભૂખ સહન કરવાને અસમર્થ એવા તારે તેવી વાસી પૂરી આદિ વડે કરીને તેટલા કાલ સુધીમાં મહાન્ ઉપકાર થયો (સવારના નાસ્તા પાણી સારી રીતે થાય.) અને જો એમ ન થાય તો પ્રથમાલિકા સવારનું ભોજન આળ ઝાળ જેવું થાય. એ પ્રમાણેનું વિચારીને કસેલ્લકનું પાણી ગ્રહણ કરવું પણ આહારની લંપટતાથીજ છે. માટે વધારે વિસ્તારથી સર્યું.

તેવી જ રીતે રાત્રિ અંતરિત-રાતવાસી રહેલા એવા અન્ન આદિમાં પણ પર્યુષિત શબ્દનો પ્રયોગ થયેલો છે. આવશ્યક બૃહદ્વૃત્તિમાં કહેલું છે તે આ પ્રમાણે--'ઉપનંદના ઘરમાં ગયો અને ત્યાં

પર્યુષિત અન્નદાનથી ખીજાયો' એમ અહિં પણ પર્યુષિતનો અર્થ વાસી લીધો છે. તેમજ કોઈક ઠેકાણે લાંબાકાળ સુધી રહેવામાં પણ પર્યુષિત શબ્દ વાપરેલો છે. જેવી રીતે પર્યુષણા કલ્પમાં **"वासावासं पज्जोसविआणं"** એ પદમાં વર્ષાવાસ સુધી પર્યુષિત રહેલા. એટલે અહિં પર્યુષિત શબ્દ લાંબા કાળ સુધીની સ્થિતિમાં બતાવેલો છે. કોઈક ઠેકાણે પર્યુષિત શબ્દ વ્યવસ્થામાં વપરાયો છે જેવી રીતે આચારાંગ સૂત્ર ધૂતાધ્યયન ૮-૧૮૨માં **जे भिक्खू अचेले परिवुसिएत्ति** કહેલું છે તેની ટીકા આ પ્રમાણે--'અહિં અલ્પ અર્થમાં નઞ્ અવ્યય છે જેમકે આ **'पुमान् अज्ञः'** આ પુરુષ અજ્ઞ છે એટલે સ્વલ્પ જ્ઞાનવાળો. એવી રીતે જે સાધુ **'नास्ति चेलं इति अचेलः** એટલે અલ્પવસ્ત્રવાળો એ પ્રમાણે અર્થ છે. અને અલ્પવસ્ત્રવાળો સાધુ સંયમમાં પર્યુષિત--વ્યવસ્થિત છે. એ પ્રમાણે આચારાંગની ટીકામાં કહેલું છે આ પ્રમાણે જ્યાં જેવો પ્રયોગ હોય ત્યાં અનેકાર્થવાળા પર્યુષિત શબ્દનો પ્રયોગ કરવો ॥ ગાથાર્થ-૧૩૯ ॥

હવે શ્રુતધરોએ કહેલી જે ગાથાઓ તેનો આધાર લઈને પણ **भ्रान्त्या** ભ્રમણાવડે કરીને ખરતરો દ્વારા સાંગરીને વિદલપણે જણાવવામાં પ્રવૃત્તિ થઈ તે અધિક ઉત્સૂત્ર છે. અને તેને દૂર કરવા માટે પહેલાં તો શ્રુતધરોએ ગાથા કહી છે તે અમે જણાવીએ છીએ.

**जंमि उ पीलिज्जंते, नेहो नहु होइ बिंति तं विदलं।**
**विदलेऽवि हु उप्पन्नं, णेहजुअं होइ णो विदलं॥१४०॥**

''યંત્ર આદિમાં જેને પીલાતાં તેલ ન નીકળતું હોય તેને શ્રુતધરોએ વિદલ કહેલું છે. અને વિદલમાં ઉત્પન્ન થયેલું છતાં પણ તેલવાળું હોય તો વિદલ થતું જ નથી.'' ॥ ગાથાર્થ-૧૪૦ ॥ હવે શ્રુતધરોએ કહેલી આ ગાથા પર ખરતરની ભ્રાંતિ--ભ્રમણા કહે છે.

**एवं विदल सरूवं, भणिऊण वि भणइ विदलवग्गगयं।**
**संगरिगाई चउलयफलिउव्व विदलसन्नो त्ति॥१४१॥**

પૂર્વે શ્રુતધરોએ કહેલી ગાથાને ઉદ્ભવાવીને તે વિદલનું સ્વરૂપ બોલવા છતાં પણ સંગરિ આદિને વિદલપણામાં ગણે છે. જે ચોળાની ફળીની જેમ વિદલની જાતમાં ગણે છે. જે ચોળાફળી વિદલ છે તેમ ફળીની સામ્યતાને લઈને સાંગરીને પણ વિદલ છે એ પ્રમાણે બોલતો એવો ખરતર કેવા પ્રકારનો છે? તે જણાવે છે. **द्विदलसंज्ञः—द्विदला—द्विदलीभूता स्फुटिता** —ફાટી ગયેલી છે સંજ્ઞા જેની એવો (સંજ્ઞારહિતનો) ॥ ગાથાર્થ-૧૪૧ ॥

હવે સંજ્ઞારહિતપણું શાથી? તે હવે જણાવે છે.

**जं उक्कालिअ–संगरजलतरिआ दीसई फुडं नेहो।**
**चक्खुप्फासण–विसओ, पच्चक्खं चक्खुमंताणं॥१४२॥**

જે કારણથી ઉકાળેલી સાંગરીનું જે પાણી તેની ઉપર જે તરીકા-તર વળે છે તે આંખવાળાઓને નજરે દેખાય છે, એ તર છે તે ચોક્ખું તેલ દેખાય છે. આ વાતનો ભાવ એ છે કે ખરતરવડે કરીને સંદેહદોલાવલિગ્રંથમાં સાંગરી આદિને વિષે સર્વથા સ્નેહનો અભાવ કહેવાયો છે. તે પ્રત્યક્ષબાધવાળો છે. કારણ કે જ્યારે સાંગરી ઉકાળે છે ત્યારે પાણી ઉપર તેલની તરી પ્રત્યક્ષ જામેલી દેખાય છે. અને આંગળીથી જોઈએ તો ચીકાશ પકડાય છે. આ બધી વાત દેખતી આંખવાળાને અનુભવસિદ્ધ થાય છે. એવી પ્રત્યક્ષસિદ્ધ વાતનો અપલાપ તો ખરતર સિવાય બીજો કોણ કરી શકે? અને એથીજ કરીને પ્રત્યક્ષ અપલાપીપણું હોવાથી ખરતર સંજ્ઞારહિત છે. ॥ ગાથાર્થ-૧૪૨ ॥

હવે ઔષ્ટ્રિકના અભિપ્રાયને અભિમત થયેલી સ્થિતિને જણાવે છે.

**जं दोलावत्तीए भणिअं, भणिअं च संगरं विदलं।**
**पवयणसारोद्धारो, संगरिमाइम्मि अप्पडिए॥१४३॥**

જે સંદેહ દોલાવલીની વૃત્તિમાં એમ કહેવાયું છે કે પ્રવચન સારોદ્ધારને વિષે "**संगरिगाइम्मि अप्पडिए**" એ સંદેહદોલાવલી વૃત્તિના પાઠને જણાવે છે કે "સાંગરી અંગેની ઇચ્છાનો ઉત્તર આપતાં જણાવે છે કે :—

**जह किर चवलयचणया, विदलं तह संगराइ विदलंति।**
**दिणचरिआनवपयपगरणेसु लिहिआ उ फलिवग्गे॥३॥**

"જેવી રીતે ચોળા અને ચણા વિદ્લ છે, તેવી રીતે સાંગરી આદિ પણ વિદલ છે. (યતિ) દિનચર્યા અને નવપદ પ્રકરણને વિષે ફલિકાવર્ગની અંદર સાંગરીને લખેલી છે. કિલ શબ્દ આપ્તવાદમાં છે. તેથી કરીને આપ્તપુરુષ આ પ્રમાણે કહે છે. મહારુક્ષ અને વિદલપણું હોવાથી ચોળા અને ચણાં આદિ વિશેષની જેમ સાંગરી પણ વિદલ છે."

(યતિ) દિનચર્યા અને નવપદ પ્રકરણમાં ફલિકાવર્ગમાં રાખેલ છે. તે દિનચર્યામાં આ પ્રમાણે :- **फलिया वग्गे तह संगर वल्ला चवलाय होलाये"ति॥** કકકસૂરિ કૃત નવપદ પ્રકરણમાં તો દેખાતું નથી. પરંતુ પૂજ્યો વડે કરીને કરાયેલી 'યતિદિનચર્યા'માં હોવાથી કોઈક શ્રુતધરની બનાવેલી વૃત્તિમાં લખ્યું હશે? એમ સ્વયં વિચારવું અને ફલ્લિકાઓ સીંગો પ્રાયઃ વિદલ જ હોય છે. એ પ્રમાણેને ભાવ જાણવો. ૧૩૮ એ પ્રમાણે આપ્તોક્તપણાવડે કરીને સાંગરીનું વિદલપણું સમર્થિત કર્યું." અને આ વાતના સમર્થન માટે લક્ષણનો સદ્ભાવ આ પ્રમાણે ઉત્પન્ન કરે છે.

**नय संगरबीआओ, तिल्लुप्पत्ती कयावि संभवइ।**
**दलिए दुन्नि दलाइं, मुग्गाईणं व दीसंति॥१३६॥**

**એની ટીકાનો અર્થ** :-સાંગરિના બીમાંથી તેલની ઉત્પત્તિ થતી નથી. એટલે કે યંત્ર આદિમાં

પીલવાના કાલમાં પણ તેલ સંભવતું નથી. અને જ્યારે દળે ત્યારે સાંગરિના બીની બે ફાડ મગ આદિની જેમ જ દેખાય છે. તેથી કરીને વિદલના સંપૂર્ણ લક્ષણોનો સદ્ભાવ હોવાથી સાંગરિ વિદલ જ છે. અને એથી કરીને

**दहिए विगयगयाइं धोलवडां धोलसिंहरणि करंबो,**
**लवणकण दहिअमहिअ, संगरीगाईम्मि अप्पडिए॥३॥**

એ પ્રવચન સારોદ્ધારની બીજી ગાથાનાં અર્ધભાગની વ્યાખ્યા કરતાં શ્રી આણંદસૂરિએ પોતાની બનાવેલી વૃત્તિમાં લખ્યું છે કે ''જીરા અને બલમણ=મીઠાના કણીયાઓથી યુક્ત એવું જે દહિં તે પણ હાથે કરીને મથી નાંખેલું હોય. અને વસ્ત્રવડે ગાળી નાંખ્યું હોય અને તે પણ રાતવાસી રહેલું હોય તો નીવિના પચ્ચક્ખાણવાળાને કલ્પે છે. અને કોઈક દેશમાં તે દહિંની અંદર સાંગરિ આદિ પણ નંખાય છે. એ પ્રમાણેની આશંકા કરીને જણાવે છે કે--પરંતુ સાંગરિ આદિ નહિ પડે છતેની વિયાતું છે અને તે સાંગરિ આદિ પડવામાં તો વિદલના દોષનો સંભવ હોવાથી ન કલ્પે એમ અર્થથી જાણવું. એ પ્રમાણે બીજા આચાર્યોએ પણ સાંગરિનું વિદલપણું સ્વીકારેલું છે. ગાથા-૧૩૯'' **સંદેહ દોલાવલી વૃત્તિ.**

હવે તેમા અસંગત એવી સંમતિના દર્શન થતાં હોવાથી આ સંદેહ દોલાવલી વૃત્તિકાર, અસંબદ્ધ-પ્રલાપી જ જાણવો. એના મતના આત્માઓમાં આવો જ સ્વભાવ છે, એવું પહેલા અમે જણાવ્યું છે. વાદી પ્રશ્ન કરે છે કે 'સંદેહદોલાવલીવૃત્તિકારનું અસંબદ્ધપ્રલાપીપણું કેવી રીતે?' જો એમ પૂછતો હોય તો સાંભળ. ''વિદલનો વિચાર કરતી વખતે વિદલને પ્રતિપાદન કરનારી ગાથામાં સંમતિ બતાવી નથી; પરંતુ ફક્ત ફલિકાવર્ગમાં રહેવાપણું પ્રતિપાદન કર્યું છે. અને તે પણ વિદલપણાંની સિદ્ધિ માટે જ જો હોય તો 'જે જે ફલિકામાં રહેલું હોય તે તે બધું વિદલ છે' એ પ્રમાણે નિયમ સમજવો જોઈએ; પરંતુ એવો નિયમ નથી. કારણકે ફલિકાવર્ગની અંદર રહેલી રાઈ આદિની સીંગો પણ વિદલ થાય. અને તે સંદેહદોલાવલીવૃત્તિકારને પણ સંમત નથી. અને એથી કરીને **फलिका प्रायो द्विदलाः भवन्ति** એટલે ફલિયો પ્રાયેઃ વિદલ હોય છે. એમ વૃત્તિકારને તરત જ કહેવું પડયું છે. અહિંયા જે પ્રાયઃ શબ્દ લખ્યો છે તેનાથી ફલિકાની જેમ સાંગરીકાદિ પણ વિદલ થતું નથી. એ પ્રમાણેનો વૃદ્ધવાદ હોવાથી. તેમજ શાસનની અંદર તેવા પ્રકારની પ્રવૃત્તિનું દર્શન થતું હોવાથી અમારાવડે કહેવાયેલું હોયે છતે કેવી રીતે ફલિકાવર્ગગતપણું પ્રતિપાદક એવી ગાથાની સંમતિના રક્ષણ માટે કેવી રીતે થાય?'' ખરેખર આ ખરતરવડે કરીને પોતાના પગની મોજડી પોતાના જ ગળે વળગે છે તે કેમ ન જાણી?. કારણકે પંચેન્દ્રિયપણાની સામ્યતાએ કરીને દેવની જેમ મનુષ્યો પણ ચારિત્રના અનધિકારીપણે પ્રાપ્ત થતાં નથી. વળી આણંદસૂરિકૃત વૃત્તિને સંમતિરૂપે સંદેહદોલાવલી વૃત્તિકારે બતાવી છે. અને તે વૃત્તિ સાંપ્રતકાલે નહિં મલતી હોવા છતાં પણ વર્તમાનમાં જે સર્વ સંમત છે એવા સિદ્ધસેનસૂરિએ કરેલી પ્રવચન સારોદ્ધારની જે વૃત્તિ તેની સાથે વિસંવાદ ઊભો કરનારી એવી વૃત્તિ બીજાઓને પ્રમાણ કેવી રીતે થાય? વળી સંદેહદોલાવલીવૃત્તિ કરવાને કાલે આ વૃત્તિ વિદ્યમાન હોવા છતાં પણ તેને છોડીને આકાશના પુષ્પની જેમ અસત્ એવી અને આ મૂલવૃત્તિથી વિસંવાદ ઊભી કરનારી વૃત્તિ સંમતિ તરીકે બતાવી

છે. તેથી કરીને જેમ. **तिथिवृद्धौ प्रथमैव तिथिः प्रमाणमितिप्रदर्शनार्थं श्री उमास्वातिवाचककृता विचारवल्लभा सम्मतितया प्रदर्शिता तथा ऽसौ वृत्तिरपि बोध्या॥** 'તિથિની વૃદ્ધિમાં પહેલી જ તિથિ પ્રમાણે છે.' એ પ્રમાણેનું વાક્ય દેખાડવા માટે ઉમાસ્વાતિ વાચકની બનાવેલી વિચારવલ્લભા સંમતિરૂપે ખરતરોએ બતાવેલી છે. તેવી આ આણંદસૂરિકૃત વૃત્તિ જાણી લેવી. એટલે વિદ્વાન પુરુષોએ સંદેહદોલાવલી વૃત્તિકાર અસંબદ્ધ પ્રલાપી છે એમ સમજીને દૂરથીજ છોડી દેવા જેવો છે.

અને એથી જ કરીને અમારા વૃદ્ધો એક જ વાત કરે છે કે જેવી આંચલીયાઓની શતપદી, તેવી ખરતરોની સંદેહદોલાવલી ॥ ગાથાર્થ-૧૪૩ ॥

હવે આ પ્રમાણેની અસંગત એવી સંમતિનું પ્રદર્શન કેમ કરવું પડયું? તેમાં હેતુ જણાવે છે.

**जं खलु अज्जप्पभिइ, तव्वयणविसारओ न को होही।**
**इअ मुणिऊणं लिहिअं, मूढमणेणेव तरुणुव्व॥१४४॥**

જે કારણથી નિશ્ચયે કરીને આજના કાલથી આરંભીને આગામીકાલમાં 'પ્રવચન સારોદ્ધારના પરમાર્થને જાણનારો કોઈપણ થશે નહિ.' એમ જાણીને મૂઢમનવાળા એટલેકે અજ્ઞાનથી આવૃત ચિત્તવાળા સંદેહદોલાવલીવૃત્તિકારે લખી નાંખ્યું છે. અસંબદ્ધ સંમતિદાનમાં દૃષ્ટાંત જણાવે છે. કોની જેમ : તરુણની જેમ એટલે ખરતરોમાં પ્રસિદ્ધ થયેલ તરુણપ્રભાચાર્યની જેમ. તે તરુણપ્રભાચાર્યે 'ષડાવશ્યક બાલાવબોધ'માં પર્યુષણના દિવસમાં પૌષધની સ્થાપના કરવા માટે **"पूर्णिमासु च तिसृष्वपि चतुर्मासकतिथिष्वि"** **त्यत्र** એ પ્રમાણેના પાઠને સ્થાને—

**पूर्णिमासु चतसृष्वपि चतुर्मासकपर्युषणातिथिषु इति॥**

એ પ્રમાણેનો પાઠ વિકલ્પીને **उक्तं च सूत्रकृतांगवृतौ।** 'આ પ્રમાણે સૂત્રકૃતાંગવૃત્તિના પાઠમાં કહ્યું છે' એ પ્રમાણે કહીને બીજા અંગની વૃત્તિ પણ સંમતિ તરીકે જણાવી દીધી!! જેમ તે મૂઢ તરુણપ્રભાચાર્યે 'હવે પછી કોઈપણ સૂત્રકૃતાંગની વૃત્તિનો વાંચનારો, જાણનાર કે સાંભળનાર થશે નહિ', એવો નિશ્ચય કરીને ખોટીજ રીતે સૂત્રકૃતાંગવૃત્તિની સંમતિ બતાવી દીધી!! તેવી રીતે આ સંદેહદોલાવલીવૃત્તિકારે પણ આણંદસૂરિનું નામ લખી નાંખ્યું છે! અને **જિનદત્તસૂરિથી માંડીને આજ** સુધીના **ખરતરોમાં આવી સંમતિ દેવાપણું એ તેના ઘરની પરંપરા છે.** જેવી રીતે જિનદત્તવડે કરીને 'નવપદપ્રકરણ'ની વૃત્તિ જણાવાય છે તેવી જ રીતે આ ખરતરના મૂલાચાર્ય એવા જિનદત્તસૂરિની આ પ્રવચન સારોદ્ધારની વૃત્તિના નામે જણાવાયેલી પ્રવૃત્તિને સાચી માનીને સર્વેએ પણ સ્વીકારી લીધી!! ॥ ગાથાર્થ-૧૪૪ ॥

હવે પ્રવચનસારોદ્ધારની વૃત્તિનો અભિપ્રાય જણાવે છે.

**तव्वित्तीए संगर पमुहा–पडिएवि उत्तरूवदहिं।**
**विगइगयं विण्णेअं तप्पडिए पुण भवे नियमा॥१४५॥**

''પ્રવચન સારોદ્ધારની વૃત્તિમાં પૂર્વે કહેલ સ્વરૂપવાલું એવું મીઠું-જીરૂં આદિથી સંયુક્ત દહિં, સાંગરિ આદિ નહિ પડયા છતાં પણ વિકૃતિગત હોવા છતાંપણ નિર્વિકૃતિક (નીવિયાતું) જાણવું અને સાંગરિ આદિ પડે છતે તો નિયમે કરીને નિર્વિકૃતિક(નીવિયાતું) થાય જ છે.'' પ્રવચનસારોદ્ધારની વૃત્તિ આ પ્રમાણે :-દહિંની વિગઈઓ જણાવે છે કે—

**दहिए विगयगयाइं, घोलवडा घोलसिहरिणी करंबो।**
**लवणकणदहिअमहिअं, संगरिगाइम्मि अप्पडिए॥१॥**

દહિં વિગયના પાંચ નીવિયાતાં છે. ઘોલવાડા-દહિંવડા (૧) ઘોલ=વસ્ત્રથી ગાળેલું દહિં (૨) તથા હાથથી મથીને અને ખાંડયુક્ત બનેલ દહિંનો શીખંડ (૩) ચોખા નાંખેલ દહિંયુક્ત કરંબો (૪) તેવીજ રીતે મીઠાના કણીયાથી યુક્ત મથેલું દહિં. અર્થાત્ રાઈયુક્ત દહિં=રાઈનું રાઈતું (૫) અને તે સાંગરિ આદિ નહિ પડયે છતે પણ વિકૃતિગત=નીવિયાતું થાય છે. અને સાંગરી તથા પુંસ્ફલના ટુકડાં આદિ પડયે છતે=નાંખ્યે છતે તો નિશ્ચયે કરીને નીવીયાતું થાય છે. ॥ ગાથાર્થ-૧૪૫ ॥

હવે ખરતરના અભિપ્રાયને દૂષિત કરવા માટે બીજી યુક્તિ જણાવે છે.

**जं जम्मि उ अप्पडिए, विगइगयं तं च तंमि पडिअंमि।**
**तप्पडिवक्खी विगई जह घयपडणे तहाभूअं॥१४६॥**

જે દહિં આદિ સાંગરી આદિ નહિ પડે છતે નિવીયાતું થાય છે. અને તે જ દહિં આદિની અંદર સાંગરી આદિ પડે છતે તો વિપરીત જ થાય એટલે વિગઈ જ થાય. જેવી રીતે જે છાસ આદિ છે તે નિવીયાતું છે. તે ઘી નહિ પડે છતે નિવીયાતું છે. જો ઘી પડે તો નિવીયાતું રહેતું નથી. પણ વિગય જ થાય છે. એ પ્રમાણેની વ્યાખ્યા, ખરતરોને સંમત એવા આણંદસૂરિએ કરવી જોઈએ; છતાં પણ તેઓએ તે પ્રમાણે કેમ ન કરી? તે વિચારણા કરવી જોઈએ. ॥ ગાથાર્થ-૧૪૬ ॥

હવે ઇષ્ટાપત્તિને દૂષિત કરવા માટે જણાવે છે.

**नेवं संगरिपडणे, विगइगयं किंपि हुज्ज विगईवि।**
**तेणं तप्पडिएवि अ, वक्खाणे पवयणे मेरा॥१४७॥**

વિગઈ—ઘીની જેમ દહિં આદિ કોઈપણ સાંગરી આદિ પડે છતે વિગઈ થાય છે. તે કારણવડે કરીને **तदपतितेऽपि** એમાંનાં 'અપિ' શબ્દના વ્યાખ્યાનમાં શ્રી સિદ્ધસેનસૂરિ મ. કરેલા પ્રવચનમાં મર્યાદા રહે છે. આ વાતનો એ ભાવ છે કે ''સાંગરી આદિ નહિ પડે છતે પણ મીઠાયુક્ત એવું જે દહિં છે તે નિવીયાતું થાય છે. અને જો સાંગરી આદિ પડેલું હોય તો એ મીઠાવાળું દહિં નિશ્ચયે નિવીયાતું થાય છે.''

એ પ્રમાણે 'અપિ' શબ્દથી ઘટેલું શ્રી સિદ્ધસેનસૂરિકૃત વ્યાખ્યાન, એ જ પ્રવચનની વ્યાખ્યાનની

મર્યાદાને ઘડનારું છે. શાસ્ત્રની વ્યાખ્યાનની મર્યાદાને ઘડનારું છે; નહિ કે ખરતર સંમત એવી અભક્ષ્યની વિકલ્પનાની વિચારણાવડે શાસ્ત્રમર્યાદા ઘડનારું થતું નથી ॥ ગાથાર્થ-૧૪૭ ॥

હવે 'જે વિકૃતિગત છે એટલે કે નિવીયાતું થઈ ગયેલું છે તે બધું જ નિવીના પચ્ચક્ખાણવાળાને કલ્પ્ય છે. અને સાંગરી આદિના યોગે અભક્ષ્યપણું હોવાથી અકલ્પ્ય છે.' એ પ્રમાણેના ખરતરના વિકલ્પનો તિરસ્કાર કરવાને માટે નિયમના અભાવને જણાવે છે.

**जं जं विगइगयं खलु तं सव्वं निव्विअंमि कप्पंति;**
**णो निअमो जिणसमए, महुमंसाईण तब्भावा ॥१४८॥**

'જે જે નિવીયાતું છે તે તે બધું જ નિવીના પચ્ચક્ખાણવાળાને કલ્પ્ય જ છે.' એવો જૈન શાસનને વિષે નિયમ નથી! શાથી તેવો નિયમ નથી તો કહે છે કે :-મધ-માંસ આદિનું નિર્વિકૃતપણું હોવાથી એ જ પ્રવચનસારોદ્ધારને વિષે કહેલું છે કે :--

**महु पुग्गलरसयाणं, अद्धंगुलयं तु होइ संसट्ठं।**
**गुल पुग्गलनवणीए, अद्दामलवं तु संसट्ठं॥१॥**

ઈત્યાદિ ગાથાવડે કરીને માંસ આદિનું પણ નિવીયાતું જણાવેલું છે; પરંતુ નિવીના પચ્ચક્ખાણવાળાને 'ખાવાના માટે' જણાવ્યું નથી; પરંતુ શ્રીતીર્થંકર ભગવંતોએ જેવી રીતનો પુદ્ગલ-પરિણામ જોયેલો છે તે તેવી રીતે જણાવેલો છે. જેવી રીતે સ્વાદિમ આહારમાં ગોળ. તેમ જણાવવા માટે આગમમાં બતાવેલો છે. અને ભક્ષ્યાભક્ષ્ય વિચારમાં જો 'સાંગરી વિદલ છે.' એ પ્રમાણેની પ્રવૃત્તિ, આગમના મૂલવાલી હોત અથવા તે શ્રાવકના કુલક્રમે આવેલી હોત તો માંસાહારના વિગઈના ત્યાગની જેમ તેનો પણ ત્યાગ કરવાનું સ્વયં જણાઈ આવતે. તેથી કરીને તે ગાથાના ચોથા ચરણ **संगरिगाइं अप्पडिए** નું ખરતરોવડે કરીને કહેવાયું તે વ્યર્થ જ છે એમ જાણીને કોઈક ખરતર સંબંધીનો અથવા તો તે ખરતરોએ વિકલ્પીને ઊભો કરેલો એવો (બનાવટી) કોઈ આનંદસૂરિ છે એમ જાણવું ॥ ગાથાર્થ-૧૪૮ ॥

હવે તેવા પ્રકારની સંમતિદાતાને ઠપકો આપતા જણાવે છે કે :-

**ता कहमभक्खसंकं, भाविअ विदलंति संगरिप्पमुहं।**
**आणंदसूरिवयणा, लिहिअं संदेहदोलाए॥१४९॥**

જો આણંદસૂરિ, ખરતર ન હોત તો 'બધુંજ નિવીયાતું, નીવિના પચ્ચક્ખાણવાળાને નિશ્ચયે કરીને કલ્પે જ.' એવા નિયમનો અભાવ હોવા છતાં પણ અભક્ષ્યની શંકા ઉત્પન્ન--ઉભી કરીને 'સાંગરી પ્રમુખ વિદલ છે' એ પ્રમાણે આણંદસૂરિના વચનથી સંદેહદોલાવલીમાં તેના વૃત્તિકારે કેમ લખી નાંખ્યું? આવી રીતે લખવામાં તો બન્નેની એટલે આણંદસૂરિની અને સંદેહદોલાવલીવૃત્તિકારની

પ્રવચનના પરમાર્થની અનભિજ્ઞતા, સર્વજન પ્રતીત થાય છે. જો કે આ ખંડનમાં અભક્ષ્યવર્ગથી અને વિદલવર્ગથી ત્યાજ્યપણું જણાવવાવડે કરીને વક્ષ્યમાણ એવું છેલ્લું જે ન્યૂન ક્રિયારૂપ ઉત્સૂત્ર, તેમાં આ વાત અંતર્ભાવિત થઈ જાય છે. તો પણ વિવક્ષાવડે કરીને ભક્ષ્યવર્ગમાં અને વિદલવર્ગમાં નાંખવાથી અધિક ક્રિયારૂપ ઉત્સૂત્રમાં અમે જે જણાવ્યું છે તે તો અવિરુદ્ધ છે. તે પ્રમાણેનું તાત્પર્ય જાણવું. ॥ ગાથાર્થ--૧૪૯ ॥ હવે અધિક ઉત્સૂત્રનો ઉપસંહાર જણાવે છે :–

**एवं खरयरकुमए, छव्विहमुस्सुत्तमहिअमिह वुत्तं।**
**तं पायं बहुवायं, अण्णंपि इमाइ जुत्तीए॥१५०॥**

ખરતરના કુમતમાં આ પ્રમાણે **અધિક ઉત્સૂત્ર** છ પ્રકારનું જણાવ્યું છે. તે પ્રાયઃ કરીને= બહુલતાએ કરીને પોતાના બનાવેલા પ્રકરણોને વિષે લખેલ હોઈને તેમાં ઘણો વિવાદ હોવાથી છ પ્રકારપણું જણાવ્યું છે; પરંતુ આ જ યુક્તિવડે કરીને આવી જ રીતનું તેના મતમાં ઉત્સૂત્રથી ઉત્પન્ન થયેલું બીજું પણ ઘણું જ છે. તે સ્વયં જાણી લેવું. ॥ ગાથાર્થ-૧૫૦ ॥

આ પ્રમાણે અધિકઉત્સૂત્રની વિધિ બતાવી. હવે ઊન ઉત્સૂત્ર જણાવે છે.

**अह ऊणं उस्सुत्तं, किरिआरूवंऽपणेगहा तेसिं।**
**तत्थवि जं बहुखायं, किंचि पवक्खामि जह णायं॥१५१॥**

હવે 'યથોદ્દેશં નિર્દેશઃ જેમ જેમ ઉદ્દેશ કરેલ હોય તેમ તેમ તે વાત જણાવવી.' એવો ન્યાય હોવાથી અધિક ઉત્સૂત્ર બતાવ્યા પછી ન્યૂન ક્રિયારૂપ ઉત્સૂત્ર બતાવીએ છીએ, અને ઉણ (ન્યૂન) ક્રિયારૂપ ઉત્સૂત્ર, સર્વ જન પ્રતીત એવું ખરતરમાં છે તે બધું જ અમે બતાવવા માંગતા નથી; પરંતુ ગુરુ મહારાજના મુખથી જે સાંભળ્યું અને જાણ્યું છે તે જ બતાવીએ છીએ. ॥ ગાથાર્થ-૧૫૧ ॥

હવે ઉણ ઉત્સૂત્ર વિષયમાં બે દ્વાર ગાથા જણાવે છે.

**थीजिणपूअनिसेहो–१-पोसहपडिसेहणं अप्पव्वंमि२।**
**पोसहभोअणचाओ–३सावयपडिमाणमुच्छेओ४॥१५२॥**
**समणाणं समणीहिं, समं विहारो जिणाण नाणत्ति५।**
**मासं कप्पविहारो, न संपयं६ ऊणमुस्सुत्तं॥१५३॥**

(૧) સ્ત્રી જિન પૂજા નિષેધ, (૨) ચતુષ્પર્વી સિવાયના દિવસોમાં શ્રાવકોને પૌષધ કરવાનો નિષેધ, (૩) પોષાતીઓને ભોજનનો નિષેધ, (૪) શ્રાવકની પ્રતિમાનો નિષેધ, (૫) સાધ્વીઓને સાધુ સાથે વિહારનો નિષેધ, (૬) સાંપ્રતકાલે માસકલ્પની વિધિ વિચ્છિન્ન થઈ છે તેમ કહેવું. ઉપલક્ષણથી

ગૃહસ્થોના પાણીના આગારો પણ તેણે નિષેધેલા છે. તે પણ **गिहीण पाणागारम्** એ હવે પછી ખરતરોવડે કહેવાતી ગાથાવડે કરીને જાણી લેવું. એ બધા ન્યૂન ઉત્સૂત્રો છે. એ પ્રમાણે-૨ ગાથાનો અર્થ જાણવો. ॥ ૧૫૨-૧૫૩ ॥

હવે ખરતરના મતનું મૂલ ઉત્સૂત્ર જણાવે છે.

**इत्थीणं जिणपूआपडिसेहो खरयराण मूलेण।**
**जिणदत्तेण य भणिओ, पासिअ रुहिरं खु जिणभवणे॥१५४॥**

ખરતરના મૂલ એટલે આદ્ય આચાર્ય જિનદત્તસૂરિ વડે કરીને સ્ત્રીઓને જિનેશ્વર ભગવાનની પૂજાનો નિષેધ કરાયેલ છે. સ્ત્રીઓની જિનપૂજાના નિષેધમાં આ નિદાન-કારણ જણાવાય છે કે જિનભવનની અંદર રુધીર પડેલું જોઈને જ! આનો ભાવ એ છે કે પાટણનગરની અંદર એક વખતે જિનમંદિર ગયેલા જિનદત્તે દેરાસરમાં લોહીનું બિંદુ પડેલું જોઈને તેવા પ્રકારના કલિષ્ટ કર્મના ઉદયવડે કરીને વિચાર્યું કે--ખરેખર 'અપાવિત્ર્યતાને ભજનાર એવી સ્ત્રીઓ જિનપૂજાને યોગ્ય નથી' એ પ્રમાણેનું વિચારીને પોતાના સમુદાયની આગળ સ્ત્રીઓને જિનપૂજા-પ્રભુપૂજાના કર્તવ્યનો નિષેધ કર્યો; પરંતુ 'સ્ત્રીઓને જિનેશ્વર ભગવાનના મંદિરમાં પ્રવેશ કરવો પણ યુક્ત નથી.' એ પ્રમાણેનો ઉપદેશ દેવાના 'અવસરે પૂજા યુકત નથી' એવો ઉપદેશ દેવામાં જિનદત્તનું ઉપદેશકૌશલ્યપણું જાણી લેવું. ॥ ગાથાર્થ-૧૫૪ ॥

હવે એ ઉપદેશને દૂષિત કરવા માટે જણાવે છે.

**एगावराहजणिओ, रमणीवग्गस्स होइ जो दंडो।**
**जिणदत्तमए जुत्तो, मुत्तो नीईसरूवेण॥१५५॥**

કોઈ એક સ્ત્રીનો પ્રમાદવશથી આશાતના રૂપ અપરાધ બન્યો. તેના કારણે સ્ત્રીજાતિમાત્રને જિનેશ્વર ભગવાનની પૂજા નિષેધરૂપ દંડ, જિનદત્તના મતમાં જ છે. બીજે કોઈ ઠેકાણે નથી. કાળા વસ્ત્રની અંદર મશીના બિંદુની જેમ એ યુક્તિસંગત છે. અને આવો નીતિસ્વરૂપથી મુક્ત એવો ન્યાય જિનદત્તના મતને વિષે યોગ્ય જ છે. બીજે નહિ. અન્યાયનું પણ ન્યાયપણે સ્વીકાર કરવાપણું હોવાથી ॥ ગાથાર્થ-૧૫૫ ॥ હવે ખરતરના મતમાં ન્યાય નથી તે જણાવે છે.

**न मुणइ पवयणमेरं, न मुणइ जिणआणखंडणापावं।**
**न मुणइ जण ववहारं, अइप्पसंगाइदोसेहिं॥१५६॥**

આ ખરતર, પ્રવચનની મર્યાદાને જાણતો નથી. તેમજ જિનાજ્ઞાખંડનના પાપને પણ જાણતો નથી. 'જિનાજ્ઞા ખંડનમાં મહાપાપ છે.' તે પ્રમાણે વચનમાત્રથી સર્વે કુપાક્ષિકો પણ બોલતાં દેખાય

છે. તેવી રીતે આ (ખરતર) પણ બોલે છે; પરંતુ કદાગ્રહી એવો તે ઉત્સૂત્રને સૂત્ર જ માને છે! એથી કરીને ઉત્સૂત્રના સમ્યક્પ્રકારના પરિજ્ઞાનનો અભાવ હોવાથી પોપટની જેમ 'જિનાજ્ઞા ખંડનમાં મહાપાપ છે.' એમ બોલે છે તેમ જાણવું. તેવી જ રીતે અતિ પ્રસંગના દોષથી લોકસ્થિતિને પણ જાણતો નથી. ॥ ગાથાર્થ-૧૫૬ ॥

હવે પ્રવચનની મર્યાદાને જણાવે છે.

**केणवि कहिं पमाया, विराहिअं किंचि धम्मिअं ठाणं।**
**तंमि अ पुणो पवित्ती, अपमाया सेत्ति जिणमेरा॥१५७॥**

પુરુષ-સ્ત્રી-નપુંસકમાંથી કોઈએ પણ અનાભોગથી કે અશક્યપરિહારાદિથી કોઈક ધાર્મિક સ્થાન એટલે કે જિનપ્રતિમા આદિ અને ચારિત્ર છે અંતે જેને એવું ધાર્મિક સ્થાન, આશાતના આદિવડે કરીને કોઈક અવસરે અતિચારવાળું બનાવાયું અથવા તો ખંડન કરાયું હોય તો જે અતિચરિત થયું છે કે જે ખંડિત થયું છે તે જ કાર્યને વિષે અપ્રમાદથી પોતાની જાતે અથવા તો ગુરુ આદિની પ્રેરણા દ્વારા આદિએ કરીને જ પ્રવૃત્તિ કરવી જોઈએ. એવી જિનશાસનની મર્યાદા છે.

આ વાતનો ભાવ એ છે કે કોઈકના વડે કરીને કાંઈક પ્રમાદથી અથવા અશક્યપરીહાર દ્વારાએ કરીને જે કોઈ ધર્મસ્થાનક વિરાધાયું હોય તો તે જ ધર્મસ્થાનકને વિષે અપ્રમાદથી એટલેકે સાવચેતી પૂર્વક ફરીથી પ્રવર્તવું તો તે સંબંધીનું જે અશુભકર્મ છે તે નાશ પામે. તેથીજ કરીને બીજી વાત તો દૂર રહો; પરંતુ ખંડિત ચારિત્રવાળા એવા પણ આર્દ્રકુમારાદિએ ફરીથી ચારિત્રનો સ્વીકાર કરવા દ્વારાએ કરીને સ્વર્ગ અને અપવર્ગના ભાગી થયાના અનેક દૃષ્ટાંતો પ્રવચનમાં પ્રસિદ્ધ છે. તેવી રીતે પ્રાયશ્ચિત્તપ્રદાનની વિધિમાં પણ પ્રમાદથી પ્રતિમા કે પુસ્તક આદિના વિનાશમાં નવી પ્રતિમા ભરાવવી કે નવા પુસ્તકો આદિ કરાવી દેવા વડે કરીને શુદ્ધિ થાય છે. ઇત્યાદિ પણ પ્રતીત જ છે. નહિ કે સર્વથા તે તે જાતિથી એટલે કે તે તે વસ્તુઓથી તેને સર્વથા દૂર કરી દેવા!! ॥ ગાથાર્થ-૧૫૭ ॥

હવે અતિ પ્રસંગને જણાવે છે :--

**अण्णह अइप्पसंगो, पुरिसेवि विराहणाइ पच्चक्खं।**
**तस्स व तव्वग्गस्स य, चाए चाओ अ तित्थस्स॥१५८॥**

જે અમે પૂર્વે જણાવ્યું છે તે પ્રમાણેની જો શાસન મર્યાદા ન સ્વીકારાય તો પુરુષમાં પણ અતિપ્રસંગ એટલે અતિવ્યાપ્તિનો દોષ આવશે. પુરુષમાં પણ અનેક પ્રકારની વિરાધના આદિ થતું હોવાનું પ્રત્યક્ષ દેખાય છે. તેથી કરીને તે વિરાધનાદિકને જોઈને તે વિરાધક પુરુષને અથવા તો વિરાધક પુરુષના વર્ગનો વિરાધિત એવા ધર્મસ્થાનને વિષે પરિહાર કરવામાં તીર્થનો પણ ત્યાગ થાય છે. આ વાતનો ભાવ એ છે કે સ્ત્રીઓનું અપવિત્રપણું સાર્વદિક્ તો સંભવતું નથી. કારણકે સર્વજનોને તેવી

પ્રતીતિનો બાધ થતો હોવાથી અને નવકારાદિના પાઠની ગણનાનો પણ અકલ્પ્યત્વની આપત્તિ હોવાથી; પરંતુ કદાચિત્ એટલે ક્યારેક અપવિત્રપણું હોય છે. તેવી રીતે પુરુષમાં પણ ક્યારેક અપવિત્રપણું હોય છે. ક્યારેક પુરુષને ગૂંમડું થયું હોય કે ઘારું થયું હોય તો તે ગૂંમડાં કે ઘારામાંથી જિનેશ્વરભગવાનના મંદિરમાં રુધિર પડવાની સંભાવના છે. વાદી કહે છે કે 'એવા ઘારા કે ગૂંમડાવાળા આત્માને પ્રવેશ કરવો એ યુક્ત નથી.' એમ જો કહેતો હોય તો તારું કહેવું બરોબર છે. ત્યાં (મંદિરમાં) ગયેલા એવા વ્રણ રહિતના પુરુષને ક્યારેક પગ આદિની સ્ખલના થઈ (ઠેસ વાગી) તેના કારણે જિનમંદિરમાં રુધિરનો પાત થવો અનિવાર્ય છે. એવી રીતે વિશૂચિકા વોમીટ આદિથી ઉત્પન્ન થતું અપવિત્રપણું, ઔદારિક શરીરને ધારણ કરનારાને સર્વ સાધારણ છે--સર્વ સામાન્ય છે. તેથી તેવું ક્યારેક થવાનો સંભવ છે. તેથી સર્વકોઈ સ્ત્રી કે સર્વકોઈ પુરુષના પ્રવેશના નિષેધનો પ્રસંગ આવશે. અને એમ થાય તો જિનમંદિર પ્રવેશ નિષેધરૂપ કૂતરી તારા (ખરતરના) ઘરની અંદર નાચતી દેખાય છે. એ પ્રમાણે થાય ॥ ગાથાર્થ-૧૫૮ ॥

હવે અતિ પ્રસંગને વ્યક્તિગતરીતે ગાથા દ્વારા કહે છે.

**जं जं धम्मट्ठाणं नरनारीविराहिअं इहं नियमा।**
**जिणदत्तघरायारा सव्वं उच्छिन्न पुव्वं तं॥१५९॥**

જિનપૂજા-દેશવિરતિ-સર્વવિરતિ આદિ લક્ષણવાલું જે જે ધર્મસ્થાનક છે તે નિયમે કરીને વિરાધાયું છતું તે તે ધર્મસ્થાનક બધું જિનદત્તના ઘરની રીતિ પ્રમાણે તેની જાતિમાત્રને પણ ઉચ્છિન્નપ્રાયઃ થશે. તેની જાતિમાત્રને પણ ફરીથી તેને કરવાનો ઉપદેશનો અસંભવ હોવાથી અને કરનારને પ્રતિષેધ કરવાથી. તીર્થ પ્રવૃત્તિ ક્યાંથી રહે? ॥ ગાથાર્થ-૧૫૯ ॥

હવે ઉત્સૂત્ર પાપના અપરિજ્ઞાનમાં હેતુ કહે છે.

**निअबुद्धिविगप्पेणं, असुहंपि सुहंति मण्णमाणो अ।**
**उस्सुत्तणाणरहिओ, कहं वराओ मुणइ पावं?॥१६०॥**

જિનેશ્વર ભગવંતે નહિ કહેલું હોવા છતાં 'આ સુંદર દેખાય છે.' એવા પ્રકારની પોતાની કુવિકલ્પનાએ કરીને અશુભ પણ એટલેકે જિનાજ્ઞાથી બહિર્ભૂત હોવા વડે કરીને અનંત સંસારના કલેશના હેતુરૂપ પણ 'શોભન' એટલે તેવા પ્રકારની કર્મપરિણતિના બલવડે કરીને જમાલિની જેમ 'પોતે વિકલ્પેલ આ મોક્ષનું અંગ છે.' એ પ્રમાણે માનતો તે આત્મા, ઉત્સૂત્રના જ્ઞાનથી રહિત એટલે કે 'આ ઉત્સૂત્ર છે, આ સૂત્ર સંગત છે' એવા પ્રકારના વિવેક પરિજ્ઞાનથી શૂન્ય તે બાપડો તપસ્વી, ઉત્સૂત્રના કારણભૂત એવા ક્લિષ્ટકર્મના બંધના લક્ષણને કેવી રીતે જાણી શકે? અર્થાત્ કોઈપણ રીતે જાણી શકે નહિ જ. અર્થાત્ જિનેશ્વરની આજ્ઞા વિરુદ્ધનું પોતાની કુવિકલ્પનાએ કરીને જે કાંઈ શુભ

માનીને કાર્ય કરાતું હોય તે અશુભ જ છે. અને એકાંતે ક્લિષ્ટકર્મ બંધનું કારણ છે. ॥ ગાથાર્થ-૧૬૦ ॥

હવે ઉત્સૂત્રજનિત પાપના વિપાકને જણાવે છે.

**उस्सुत्त भासगाणं, बोहिनासो अणंतसंसारो।**
**तद्दंसणंपि पावं, परूविअं पुण्णपण्णेहिं॥१६१॥**

જિનેશ્વરભગવંતની આજ્ઞાથી વિરુદ્ધ પ્રરૂપણા કરનારાઓને બોધિ = એટલે જિનધર્મની પ્રાપ્તિ તેનો નાશ. નાશ = એટલે અનંતકાલે પ્રાપ્તિ થતી હોવાથી: એટલે કે અનંતો સંસાર વધે છે. આવશ્યક–નિર્યુક્તિની ૮૫૩મી ગાથામાં જણાવ્યું છે કે :

**कालमणंतं च सुए, अद्धापरिअट्टओ अ देसूणो।**
**आसायण बहुलाणं, उक्कोसं अंतरं होइ॥१॥**

આશાતનાબહુલ આત્માઓને દેશ ઉણ એવી અર્ધપુદ્ગલ પરાવર્તન કાલ, ઉત્કૃષ્ટ અનંતાકાલનું અંતર શ્રુતમાં જણાવેલ છે. અહિંયા આશાતનાબહુલ ઉત્સૂત્રભાષી જ જાણવો એટલે તે ઉત્સૂત્રભાષીને જ પ્રતિસમય ભાવથી તીર્થના ઉચ્છેદનના પાતકથી લેપાવાપણું હોવાથી. અને આ વાત તીર્થસ્થાપનાના અવસરે અમે બતાવેલી છે. જો કે અનંતનો પણ છેડો આવે છે. તો પણ અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણી જતી હોવાથી એનો છેડો નથી આવતો એમ કહેવાય છે. અને એથીજ કરીને પુણ્યપ્રાજ્ઞ પુરુષો = એટલે તીર્થંકર, ગણધર, પૂર્વીઓ આદિવડે કરીને 'ઉત્સૂત્રભાષીઓનું આંખે નિરખવું તે પણ પાપના કારણભૂત જણાવાયું છે.' ભાષ્યકારનું વચન છે કે :

**''जे जिणवयण मुत्तिण्णं वयणं भासंति जे उ मण्णन्ति।**
**सद्दिट्ठीणं तद्दंसणंपि संसार वुड्ढिकरं॥१॥**

જે જિનેશ્વરભગવાનના વચનથી વિપરીત વચન બોલે છે. અને જેઓ તેને માને છે. તેવા ઉત્સૂત્રભાષીઓનું દર્શન કરવું તે પણ સમ્યગ્દષ્ટિ આત્માઓને સંસારવૃદ્ધિનું કારણ થાય છે.'' ॥ ગાથાર્થ-૧૬૧ ॥ હવે લોક વ્યવહારને કહે છે.

**परमण्णं भुंजंतो, कम्मवस्सा कोऽवि अण्णहाभूओ।**
**नण्णेसिं परमण्णं, जुत्तंति न लोअववहारो॥१६२॥**

દૂધપાક ખાતા એવા કોઈક આત્માને કર્મવશથી=એટલે કે એવા પ્રકારના વેદનીયકર્મના ઉદયથી ઝાડા, ઉલ્ટી આદિ થાય અથવા તો આયુષ્યનો અંત થયે છતે-દીર્ઘનિદ્રા-મૃત્યુને પામે, એવું બનેલું જોઈને મરેલા સિવાયના બાકીના બધાયને 'એ દૂધપાક ન ખાવો' એવો લોકવ્યવહાર ન હોય. બીજા બધાની વાત તો દૂર રહો; પરંતુ જેને આ વિકટ પરિસ્થિતિમાંથી પસાર થવું પડયું છે તેને બીજા કાલમાં એટલેકે

રોગાવસ્થા સિવાયના કાલમાં દૂધપાક યોગ્ય જ છે. ॥ ગાથાર્થ-૧૬૨ ॥ લોકવ્યવહારમાં અતિપ્રસંગને જણાવે છે.

**इक्किक्कमसणमाई, भेए भिण्णा उ माणवाणेगे।**
**ता तुहुवएसरत्ता भुंजंति कहणु कूराई॥१६३॥**

જે દુનિયાની અંદર અશન-પાન-ખાદિમ-સ્વાદિમ આદિના જે જે ચોખા આદિ ભેદો છે તે વિવક્ષિત એક એક ભેદને વિષે અનેક માણસો પૂર્વસ્વભાવથી સ્વભાવાન્તરને પામેલા હોય છે. કાળ અવસ્થા આદિ ભેદે કરીને જે સુંદર પૂર્વાવસ્થા હતી તેનાથી અશનાદિના હેતુમાટે એ અવસ્થા અશુભ થઈ! રોગાદિગ્રસ્ત અવસ્થાને પામ્યા. તે પ્રમાણે હોયે છતે હે જિનદત્ત! તારા ઉપદેશમાં રક્ત જે 'એકનો અપરાધ થયે છતે તેની જાતિને દંડ કરવો' એવી તારી વચનરચનાથી રંજિત થયેલા એવા તારા ભક્તો કૂરાદિકને કેમ ખાય છે? પરંતુ આપણે બન્નેને સંમત એવી ભૂખ જ શ્રેયસ્કરી છે એટલેકે તારા ભક્તોને માટે તો ભૂખ્યા રહેવું એ શ્રેયસ્કર છે. અને તે વાત તો તારા અને તારા ભક્તોવડે સ્વીકારાતી નથી. તો પછી એક સ્ત્રીના અપરાધના કારણે સ્ત્રીવર્ગ માત્રને પૂજા નિષેધ કેમ અંગીકાર કરાયો? તે માટે આંખો મીંચીને વિચાર કર. અને લોકવ્યવહારની બાહ્ય ન થવું જોઈએ. ॥ ગાથાર્થ-૧૬૩ ॥

હવે જિનદત્તવડે કરીને સ્ત્રીઓને જિનેશ્વરભગવાનની પૂજાનો નિષેધ કરાયો છે. અને દિગંબરોવડે કરીને સ્ત્રીના મોક્ષનો નિષેધ કરાયો છે. આ બન્નેમાં ડાહ્યો કોણ? એ બતાવવાને માટે પહેલાં તો બન્નેનો ઉપદેશ કહે છે.

**जिणदत्तो जिणपूआरहिआ रमणीउ जंति निव्वाणं।**
**सिद्धऽणरिहावि रमणी पूएउ जिणं भणइ खमणो॥१६४॥**

ખરતરમતનો પ્રરૂપક એવો જિનદત્ત, જિનપૂજાથી રહિત એવી સ્ત્રીઓ મોક્ષમાં જાય છે એમ કહે છે. જ્યારે દિગંબર તો મુક્તિને અયોગ્ય હોવા છતાં પણ સ્ત્રીઓ જિનપૂજાને કરો. એ પ્રમાણે કહે છે. ॥ ગાથાર્થ-૧૬૪ ॥

હવે આ બન્નેમાં કોણ હોંશિયાર છે? તે કહે છે.

**एवं दुण्हवि दक्खो, खमणो निअमेण जेण जिणपूजा।**
**मुत्तिउवाओ भणिओ, कज्जं पुण कारणायत्तं॥१६५॥**

આ પ્રકારના ઉપદેશમાં પ્રવૃત થયેલા એવા જિનદત્ત અને દિગંબર તે બન્નેમાં દિગંબર હોંશીયાર છે. જે કારણવડે કરીને તે દિગંબરે 'જિનેશ્વરપ્રભુની પૂજા, મોક્ષનો હેતુ છે'. એ પ્રમાણે ચોક્ખું

જણાવ્યું છે. વળી ખરેખર કાર્ય, કારણને આધીન રહેલું છે. અને એથી કરીને કારણ સિદ્ધ થયે છતે ઇચ્છાનો વિષય ન હોય તો પણ કાર્ય સિદ્ધ થાય જ છે.

જેવી રીતે તીર્થંકરો સિદ્ધિ નહિ ઇચ્છતા છતાં પણ મોક્ષને અનુકુલ એવા અનુષ્ઠાનના કરવા પણાથી સ્વતઃ સિદ્ધિની સિદ્ધિ થાય છે. ખરેખર 'સામગ્રી, કાર્યને અવશ્ય જન્મ આપે છે'. એ ન્યાય હોવાથી ક્ષપણક (દિગંબર) જિનદત્તની અપેક્ષાએ હોંશીયાર છે. આમ છતાં પણ ધર્મી આત્માઓને તે દિગંબર પણ પ્રશંસવાયોગ્ય તો નથી જ. ॥ ગાથાર્થ-૧૬૫ ॥

હવે દિગંબરની અપેક્ષાએ જિનદત્તના નિકૃષ્ટપણામાં હેતું જણાવે છે.

**कारणनिसेहणेणं, कज्जंपि निसेहिअं हवइ नियमा।**
**तेणं खमणा दुगुणं, पावं जिणदत्तवयणेणं॥१६६॥**

મુક્તિના કારણરૂપ એવા જિનેશ્વર ભગવંતની પૂજાનો પ્રતિષેધ કરવા દ્વારાએ કરીને જિનપૂજાથી ઉત્પન્ન થતા મુક્તિરૂપી ફલસ્વરૂપ કાર્યનો પણ નિયમે કરીને નિષેધ કર્યો છે. તે કારણથી દિગંબર કરતાં જિનદત્તનું વચન સ્વીકારવામાં કારણરૂપ કાર્યરૂપ મોક્ષએ સ્ત્રીઓ અને ઉભય પદાર્થનો નિષેધ કરવા વડે કરીને બમણું=ડબ્બલ પાપ બંધાય છે. તેથી કરીને સિદ્ધ થાય છે કે દિગંબર કરતાં ખરતર નિકૃષ્ટ કોટિનો છે. ॥ ગાથાર્થ-૧૬૬ ॥

હવે ઔદારિક શરીર હોવાથી અપાવિત્ર્યતાનું સરખાપણું હોવા છતાં પણ સ્ત્રીઓને જિનપૂજા નિષેધી; પરંતુ પુરુષોને નિષેધી નથી. તેમાં હેતુ જણાવે છે.

**पुव्वं विराहिओ सो ऽणंतोदिअपावरासिनारीहिं।**
**पावावणयणकाले, गलग्गहो जेण निम्मविओ॥१६७॥**

પૂર્વ જન્મને વિષે જિનદત્તવડે 'ઉપાર્જન કરાયેલી અનંત એવી અને ઉદિત પાપની રાશીઓ (વાળી સ્ત્રીઓ) વડે કરીને' જિનદત્તને ક્યાંક મોટી આપત્તિમાં પડાયો હતો. તે કારણવડે કરીને એટલે પૂર્વભવ જન્મવૈર વડે કરીને ''મારી વૈરિણી એવી આ સ્ત્રીઓ, 'જિનપૂજા કરવા દ્વારાએ અનંત પાપરાશીને ન ખપાવો.'' એ પ્રમાણેની બુદ્ધિએ કરીને જિનપૂજા કરવા વડે કરીને પાપરાશી ખપાવવાના અવસરે પાપરાશી ખપાવવાના કારણભૂત એવી જિનપૂજાથી ગળું પકડીને તે સ્ત્રીઓને દૂર કરી. હવે વાદી શંકા કરે છે કે સ્ત્રીઓએ જન્માંતરમાં જિનદત્તનું બગાડયું તેની ખાત્રી શું? એમ જો પૂછતો હો તો કહીએ છીએ કે જિનેશ્વર ભગવાનની પૂજાથી જે દૂર કરવા પણું છે. એજ પ્રગટ ચિહ્ન છે. ॥ ગાથાર્થ-૧૬૭ ॥

હવે ખરતર શંકા કરે છે કે.

**णणु तित्थयरेण समो सूरी, भणिओ जिणागमे पयडं।**
**तेण पवट्टिअपूआ–पडिसेहे कह णु उस्सुत्तं?॥१६८॥**

જિનેશ્વર ભગવંતના આગમને વિષે આચાર્યને તીર્થંકર સમાન પ્રકટ કહેલ છે. અને તેથી કરીને આચાર્યે પ્રવર્તાવેલ પૂજા પ્રતિષેધને ઉત્સૂત્ર કેમ કહેવાય? કોઈપણ વાતે કહી ન શકાય ॥ ગાથાર્થ-૧૬૮ ॥

હવે આ વાતનો ઉત્તર આપતાં જણાવે છે કે

**एवं चे दत्तंजलि, उस्सुत्तं तुह मयंमि संपण्णं।**
**पुत्तिनिसेहप्पमुहं, तम्मयसूरीहिं जं वुत्तं॥१६९॥**

તમે કહો છો એમ જો હોય તો તમારા ખરતરમતને વિષે ઉત્સૂત્રને જલાંજલિ આપ્યાનું નક્કી થાય છે. અને એથી કરીને ખરતરના આવા અભિપ્રાયવડે કરીને ક્યારેય પણ કોઈનું પણ ઉત્સૂત્ર નહિ સંભવે. મુહપત્તિ પ્રમુખનો નિષેધ આંચલિકાચાર્યદિ વડે કહેવાયો છે. એવી રીતે દિગંબરથી માંડીને પાર્શ્વચંદ્ર સુધીના કુમતવાદિઓ, ઉત્સૂત્રીઓ નહિ સંભવે. કારણકે તે તે મતના માર્ગનું પ્રદર્શન કરનારા એવા તે તે આચાર્યો દ્વારાએ જ કહેવાયું છે. આ ઈષ્ટ આપત્તિ તને અનુકુલ નથી. કારણકે તારા જ પૂર્વજોવડે ગણધર સાર્ધ શતકની વૃત્તિમાં **"मुद्धाणाययणगये"** એ ગાથાની વૃત્તિમાં આંચલીક, આગમીક આદિ દરેકના નામગ્રહણ કરવાપૂર્વક તેઓને દૂષિત કરેલા છે. ॥ ગાથાર્થ-૧૬૯ ॥

હવે તાત્પર્યને જણાવે છે.

**तम्हा सो जिणसरिसो, सम्मं जो जिणमयं पयासेइ।**
**इहरा उ पावपूंजो, परिवज्जो पुण्णसन्नेहिं॥१७०॥**

તેથી કરીને''તિત્થયરેણ સમો સૂરિ'' એ વાતનું તાત્પર્ય એ છે કે જે આચાર્ય યથાવસ્થિત રીતે જિનમતને પ્રરૂપતો હોય, તે જ આચાર્ય જિન સમાન છે. બીજા તો કેવલ પાપાત્મા, પાપપુંજ છે. એ આચાર્યને મિથ્યાત્વ આદિની કલુષિતાથી અપ્રતિહત સંજ્ઞાવાળા એવા આત્માઓને સમ્યગ્દૃષ્ટિઓએ દૂર દૂરથી છોડી દેવા જેવા છે. એટલેકે જિનવચનથી વિરુદ્ધ પ્રરૂપણા કરનારને દર્શન માત્રથી પણ છોડી દેવા જેવા છે. ॥ ગાથાર્થ-૧૭૦ ॥

હવે આચાર્યનું કહેલું જે પ્રમાણ છે તે જણાવે છે.

**सूरिकयंपि पमाणं, तं चिअ जं असढभावसंजणिअं।**
**निरवज्जं अणिवारिअमण्णेहि, बहुस्सुआणुमयं॥१७१॥**

સૂરિકૃત પણ--આચાર્યે પ્રવર્તાવેલું પણ તે જ પ્રમાણ તરીકે સ્વીકારવા લાયક છે, સત્ય છે. કે જે અશઠભાવે કરીને એટલેકે ઋજુપણાએ કરીને ચારે બાજુનું સમ્યક્ પર્યાલોચન કરવા દ્વારાએ બનાવેલું હોય, અને તે પણ પાપરહિતનું, પ્રવચનને અનુપઘાતી અને 'આ પ્રમાણે ન કરો' એ પ્રમાણે

તે કાલમાં વર્તતા એવા બહુશ્રુતોએ નિષેધ કરેલું ન હોય એવું હોવા છતાં પણ બહુશ્રુતોને સંમત એટલેકે તત્કાળવર્તિ સર્વગીતાર્થોને સંમત હોય. જેવી રીતે પર્યુષણાની ચોથઃ આ પર્યુષણની ચોથ, કાલિકાચાર્યે પ્રવર્તાવી હતી. તે કાલે કોઈએ તેનો પ્રતિષેધ કર્યો ન હતો. તેમજ કોઈએ અપમાની ન હોતી અને એથીજ કરીને આજ સુધી અવિચ્છિન્ન પ્રવૃત્તિવાલી અને તીર્થસંમત એવી ચોથની સંવત્સરી થઈ. આ પ્રમાણેના લક્ષણવાલું આચાર્ય મહારાજે પ્રવર્તાવિલું હોય તો તે પ્રમાણે ગણાય છે. બીજું નહિ. ॥ ગાથાર્થ-૧૭૧ ॥

હવે સ્ત્રીને તીર્થંકરની પૂજાનો નિષેધ કરનારો પણ ચતુર્થી પર્યુષણાના પરાવર્તક જેવો જ થશે. એવી ખરતરની શંકાને દૂર કરવા માટે જણાવે છે કે

**जिणपूआ पडिसेहो, सावज्ञो असढभावणाइण्णो।**
**अण्णनिवारिअ-बहुसुअणणुमओ तेण विवरीओ॥१७२॥**

જિનેશ્વર ભગવાનની પૂજાનો પ્રતિષેધ કરવો તે પાપયુક્ત છે. કારણ કે કહેલું છે કે :- "**जिणपूआ विग्धकरो हिंसाइपरायणो जयइ विग्घं**" એટલે જિનેશ્વર ભગવાનની પૂજામાં વિઘ્ન કરનારો, હિંસાદિ કરવામાં તત્પર એવો આત્મા અંતરાય કર્મ બાંધે છે'' એવું વચન હોવાથી જિનપૂજામાં વિઘ્ન કરનારો આત્મા, મહાપાતકી અને પ્રવચનનો ઉપઘાતી છે. અને એથીજ કરીને શઠભાવથી યુક્ત અને અનાચીર્ણ છે. નહિ કે અશઠભાવવાળા અને આચીર્ણ. આવો હોવા છતાં પણ કોઈએ તેને નિવાર્યો નથી એવું નથી;(એટલે નિવાર્યો છે) પરંતુ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય આદિ અનેક બહુશ્રુતો વડે કરીને અનેક વખત વારવા છતાં પણ પોતાના કદાગ્રહને નહિ છોડતો એવો જિનદત્ત, સંઘની બીકે કરીને ઉંટડી ઉપર બેસીને જાવાલ નગરે જતો રહ્યો હતો. કહેલું છે કે :-

**"जिनदत्त क्रियाकोशच्छेदोऽयं यत्कृतस्ततः।**
**संङ्घोक्तिभीतितस्तेऽभूद्दारुहृयोष्ट्रं पलायनं॥३॥**

જિનદત્તે આ જે ક્રિયાકોશનો ઉચ્છેદ કર્યો તેનાથી કરીને સંઘની ઉક્તિના--ઠપકાના ભયથી ઊંટ પર આરુઢ થઈને પલાયન કર્યું.'' એ પ્રમાણે વૃદ્ધો કહે છે. અને તેથીજ કરીને બહુશ્રુતોને આ સંમત નથી. અર્થાત્ આચરણાના લક્ષણથી વિરુદ્ધ છે. અને એથીજ કરીને આજે પણ બહુશ્રુતોવડે કરીને નિવારણ કરાય જ છે. અને **પર્યુષણાની ચોથ તો જ્યારે તે પ્રવર્તાવી ત્યારે તે કાલે બધાએ જ તેનો સ્વીકાર કરેલો છે. તે વખતે કોઈપણ તેની વિરુદ્ધમાં નહતાં.** સ્ત્રીઓને જ્યારે જિનપૂજાનો નિષેધ કર્યો ત્યારે તે સમયે અવિચ્છિન્ન પરંપરા તીર્થવર્તિ એવા અને સ્ત્રી જિનપૂજાના વ્યવસ્થાપક એવા અમારા તપગચ્છના વાદી શ્રી દેવસૂરિ, શ્રી હેમાચાર્ય આદિ તેના પ્રતિપક્ષી ઘણાં હતા. અને તે બધાયના ભયથી જિનદત્તને સ્ત્રીજિનપૂજાનિષેધહેતુક એવું ઊંટપર બેસીને પલાયન કરવાનું થયું. આ કહેવાથી 'ચોથની સંવત્સરીની જેમ સ્ત્રી જિનપૂજા નિષેધ પણ આચાર્યે પ્રવર્તાવિલો હોવાથી પ્રમાણ છે.' એમ જે કેટલાક મૂર્ખો બોલે છે તેઓ પણ તિરસ્કૃત થયેલા છે એમ જાણવું. આચાર્યનું પ્રવર્તાવિલું જે કાંઈ હોય તેનું

પ્રામાણ્ય સ્વીકારવા જતા પ્રવચનમાત્રની પણ ઉચ્છેદની આપત્તિ આવતી હોવાથી. વિસ્તારથી સર્યું. ॥ ગાથાર્થ-૧૭૨ ॥. હવે સ્ત્રીજિનપૂજા નિષેધમાં નિગમન=ઉપસંહાર જણાવે છે.

**एएण तित्थसम्मय–पयट्टिअं तहविहेण पुरिसेण।**
**तं सव्वं जिणआणा, नण्णंपि अणंतरुत्तुव्व ॥१७३॥**

પૂર્વે કહેલી યુક્તિના પ્રકારવડે કરીને તેવા પ્રકારના આગમવ્યવહારી યુગપ્રધાન આદિ પુરુષોએ પ્રવર્તાવેલું અને અવિચ્છિન્ન પરંપરાગત તીર્થને સંમત જે હોય તે જ જિનાજ્ઞા!! નહિ કે જિનદત્ત સદૃશ એવા જે આચાર્ય તેનું પણ અને તેના સમુદાયને સંમત એવું જે કાંઈ હોય એનું કહેલું પ્રમાણ થતું નથી. કોની જેમ? તો હમણાં કહી ગયેલા સ્ત્રી જિનપૂજા નિષેધ, તીર્થ સંમત નથી તેની જેમ. તેવી જ રીતે ખરતર મતના આકર્ષકે પ્રવર્તાવેલું એવું અત્રે હવે કહેવાશે તે અને બીજા પણ વચનો પ્રમાણ નથી. ॥ ગાથાર્થ-૧૭૩ ॥

હવે આ સ્ત્રીજિનપૂજા નિષેધ વિષયમાં સિદ્ધાંતના અક્ષરો કેમ નથી બતાવ્યા? એમ અમારામાંના પણ કેટલાંકને શંકા થાય છે. તેથી તે દૂર કરવાને માટે જણાવે છે.

**इह सुत्त सम्मईए, पओअणं नत्थि जेण तव्वयणं।**
**मूढमुहमुद्दरूवं, सामायारित्ति अम्हाणं ॥१७४॥**

આ પ્રકરણને વિષે 'અમૂક સિદ્ધાંતમાં સ્ત્રીઓને જિનેશ્વર ભગવાનની પૂજા કહેલી છે'. એવા પ્રકારની સૂત્ર સંમતિનું પ્રયોજન નથી. કારણકે 'સ્ત્રીજિનપૂજા નિષેધરૂપ અમારી સામાચારી છે' એવું સાંપ્રતીન ખરતરોનું વચન જણાય છે. તેથી તે આત્માના મુખને મુદ્રારૂપ-તાળારૂપ સાંપ્રતીન સામાચારી છે. આનો ભાવ એ છે કે 'હે ખરતર! આ સ્ત્રીઓને જિનેશ્વર ભગવાનની પૂજાનો નિષેધ કરાય છે. તે નિષેધ શું સૂત્રોક્ત છે? કે અવિચ્છિન્ન પરંપરાગત છે?' એ પ્રમાણે પૂછાયે છતે ખરતર બોલે છે કે 'અમે સ્ત્રીઓને જિનપૂજા સિદ્ધાંતમાં નિષેધી છે' એ પ્રમાણે બોલતાં નથી અમે તો એમ કહીયે છીએ કે ''અમારા ગચ્છની આવી સામાચારી છે''. આવું વચન જે બોલવું, તે મૂર્ખ એવા ખરતરોના મોઢે સીલ લગાડવા જેવું છે. આવા વચનના શ્રવણ માત્રથી જિનવચનના પરમાર્થને નહિ જાણનારા એવા આત્માઓ સંતોષને ભજતાં થકાં જણાવે છે કે ખરેખર આ ખરતરો સમ્યગ્‌વાદી જણાય છે; પરંતુ જે જિનવચનના પરમાર્થને જાણનારા છે તે તો એ પ્રમાણે વિચારે કે રાજધનને = રાજાના ભંડારને ઉઠાવી જઈને નાશી જતો ચોર, કોટવાળ વડે પકડાયો છતો અને રાજાની પાસે લવાયો છતો તે ચોર ''આ તો અમારો કુલાચાર છે'' એમ પોકાર કરતો હોય તેવે ટાઈમે 'અહો! આ સત્યવાદી છે' એમ કરીને શું રાજા વડે છોડી દેવાય છે? માટે આ વાત પણ એવી જ છે. જો એમ ન હોય તો લોંકા પણ તેવું બોલતાં છતાં ઉપેક્ષણીય થશે. અથવા તો તેઓને સત્યવાદી કહેવા પડશે. ઈત્યાદિ વાત પોતે જ વિચારી લેવી જોઈએ.

'અમારા ગણની આ સામાચારી છે' એ પ્રમાણે બોલનારો ધૂર્ત, વિશ્વસનીય નથી; પરંતુ જેવી રીતે 'હે ચોર! તારું આ કૃત્ય શુભ છે કે અશુભ?' એ પ્રમાણે પૂછાયો છતો જગતની સ્થિતિનો લોપ કરવાને માટે અશક્ત એવો પોતાના કાર્યને 'અશુભ જ છે' એમ બોલે અને તેનો દંડ પણ તેના મુખથી જ બોલાવીને કરવો જોઈએ.

એ પ્રમાણે અહિંયા પૂછવું કે 'હે જિનદત્તના સંતાનીયાઓ! સ્ત્રીજિનપૂજા નિષેધરૂપ તમારે અભિમત એવી તમારા ગચ્છની સામાચારી જે છે તે બરાબર સાચી છે કે ખોટી છે?' એ પ્રમાણે પૂછાતો છતો જો તે સીધા અને સરળ હશે તો 'સાચી છે.' એમ કહેવાને માટે અશક્ત એવો તે 'બરાબર નથી જ એમ બોલે. 'તો પણ ગચ્છ સામાચારી છે અને તે અમારે શરણ છે.' ત્યારે એના વચન દ્વારાએ જ કરીને એને દંડપાત્ર ઠરાવવો જોઈએ. હવે તે પક્ષનો કોઈક ધૂર્ત હોય અને ધીઠ્ઠાઈ ધારીને બોલે કે 'સ્ત્રીજિનપૂજાનિષેધ બરાબર જ છે.' તો એને પૂછવું કે 'હે ખરતર! તારી આ સામાચારી, શ્રી સુધર્માસ્વામીની અવિચ્છિન્ન પરંપરાગત છે? કે તને અભિમત એવા આચાર્યથી પ્રવૃત થયેલી છે? આવા પ્રશ્નમાં પહેલા પ્રશ્નનો જવાબ દેવામાં અશક્ત હોવાથી 'જિનદત્ત આચાર્યથી પ્રવૃત થયેલ છે' એમ બોલે. ત્યારે પણ તેને આ પ્રમાણે પૂછવું કે 'હે ખરતર! તે જિનદત્ત આચાર્ય, આગમ વ્યવહારી હતા કે શ્રુત વ્યવહારી હતા?' પહેલા વિકલ્પના જવાબમાં બોલવા માટે અશક્ત છે. કારણ કે તે ટાઈમે એટલે જિનદત્તના કાલે આગમ વ્યવહાર વિચ્છિન્ન થયેલ હોવાથી. અને બીજા શ્રુત વ્યવહારના વિકલ્પમાં શ્રુતવ્યવહારને ઓળંગીને પ્રવર્તતો એવો આત્મા જોવાને માટે પણ અકલ્પ્ય છે. કારણ કે 'જે કાલે જે જે વ્યવહાર ચાલતા હોય તે તે વ્યવહારવાળો તે તે વ્યવહારને આગળ કરીને' વર્તતો હોય તો તે જિનાજ્ઞા આરાધક કહેવાય. અન્યથા નહિ; આ પ્રમાણે હોયે છતે શ્રુતવ્યવહારવાળો પણ આગમ વ્યવહારથી પણ પોતાના આત્માને અધિક માનતો એવો સ્ત્રીજિનપૂજા નિષેધરૂપ કૃત્યને પ્રશંસતો તે જિનદત્ત કેવો કહેવો? અર્થાત્ તેને કહી શકવાને માટે અમે અશક્ત છીએ. કારણકે આજ સુધી આવા પ્રકારનું પ્રરૂપાયું નથી અને આણે તો ધૃષ્ટતાનું આલંબન લઈને પ્રરુપ્યું છે. તેથી કરીને આ સામાચારી છે એ પ્રમાણેનું વચન સંતોષના કારણભૂત નથી. અને 'અમારી સામાચારી છે' એવું વચન તો વર્તમાન કાલીન ખરતરોનું જ છે. તેના પ્રાચીન ખરતરો તો 'તીર્થંકરો વડે કરીને જ સ્ત્રીઓને જિનપૂજા નિષેધાઈ છે.' એ પ્રમાણે બોલતા હતાં. કહ્યું છે કે--આશાતના ભંગ થવાના ભયથી જ સ્ત્રીઓને પોતાના હાથે જિનબિંબપૂજા પ્રતિષેધેલી છે. કહેલું છે કે :--

संभवइ अकालेऽ वि हु कुसुमं महिलाण तेण देवाणं।
पूआई अहिगारो न ओघओ सुत्तनिद्दिट्ठो॥१॥

न छिवंति जहा देहं, ओसरणे भावजिणवरिंदाणं।
तह तप्पडिमंपि सया, पूअंति न सड्ढनारीओ॥२॥

''સ્ત્રીઓને અકાલે પણ ઋતુમતી થવાનો સંભવ છે. તેથી કરીને દેવોની પૂજાનો અધિકાર

નથી એવું ઓઘથી સૂત્રમાં બતાવેલું છે. જેવી રીતે સમવસરણને વિષે ભાવ જિનેશ્વરભગવાનના દેહને (સ્રીઓ) સ્પર્શી શકતી નથી તેવી રીતે શ્રાવક નારીઓ તેની પ્રતિમાને પણ હંમેશા પૂજી શકતી નથી'' ઈત્યાદિ'' એ પ્રમાણે---

જિનદત્તસૂરિએ કરેલા કુલકની જિનકુશલસૂરિએ કરેલી વૃત્તિમાં કહેલું છે. અહિં સ્રીજંન માત્રને પૂજા નિષેધેલી છે તે પણ 'જિનેશ્વર ભગવંતે કહેલું છે' એમ કહીને તીર્થંકરને કલંકદાન આપ્યું છે. **અને જે આ બે ગાથા-સંમતિ તરીકે બતાવી છે તે બન્ને ગાથાઓ પોતેજ બનાવીને 'શાસ્રમાં આ પ્રમાણે કહ્યું છે' એમ કહીને શાસ્રને પણ કલંકદાન આપ્યું છે.!!** કોઈપણ આગમને વિષે આ બે ગાથાઓ દેખવામાં આવતી નથી. અને એથીજ કરીને ખરતરોનો તેવો જાતિસ્વભાવ હોવાથી તેનું જે સંમતિદાન=શાસ્રને બહાને જે સંમતિદાન આપેલું હોય તે પ્રાયેઃ ખોટું જ જાણવું.

ખરતર શંકા કરે છે કે : ''તેવા પ્રકારની અપાવિત્ર્ય સંબંધીની આશાતનાને જોઈને શ્રી જિનેશ્વર ભગવંત પ્રતિ પરમભક્તિથી ઉલ્લસિત મનવાળા એવા અમારા ગુરુમહારાજે જિનપૂજાનો નિષેધ કર્યો. એમાં શું દોષ છે?''

એમ જો કહેતો હોય તો બોલીશ નહિ. તીર્થંકર-ગણધરો-આદિની અને તીર્થની મહા-આશાતનાકારીપણું હોવાથી. જિનેશ્વર ભગવાનની આજ્ઞા સિવાયનું તીર્થંકરને ઉદ્દેશીને કરેલ કાર્યનું પણ મહાઅનર્થના હેતુરૂપ હોવાથી. પંચાશક સૂત્રની અંદર હરિભદ્રસૂરિ મ. ફરમાવે છે કે

**''समतिपवित्ती सव्वा आणाबज्झत्ति भवफला चेव।**
**तित्थकरुद्देसेणवि ण तत्तओ सा तदुद्देसा॥१॥**

આ ગાથાની વૃત્તિ આ પ્રમાણે છે. 'સ્વમતિપ્રવૃત્તિ=જેમણે પોતાની બુદ્ધિપૂર્વકની સમસ્ત-બધી દ્રવ્યસ્તવ અને ભાવસ્તવવાળી જે ચેષ્ટા, તે ચેષ્ટા આપ્તના ઉપદેશથી શૂન્ય હોવાથી સંસારના કારણભૂત જ છે. કારણકે ભવસમુદ્રને પાર ઉતારવા કારણરૂપ એવી આજ્ઞાનું જ પ્રમાણપણું હોવાથી''. અહિં વાદી પ્રશ્ન કરે છે કે : ''જે જે ક્રિયાઓ તીર્થંકરને ઉદ્દેશીને ન કહેલી હોય તે બધી ભવફલને દેનારી થાય; પરંતુ બીજી નહિ. કારણકે બીજામાં જિનેશ્વર ભગવાનના પક્ષપાતનું વિદ્યમાનપણું હોવાથી મહાફલને દેવાવાળું છે.'' એવી શંકાના ઉત્તરમાં કહે છે કે તીર્થંકરના ઉદ્દેશથી એટલેકે તેની ભક્તિના આલંબનવાળી હોય તો પણ પોતાની બુદ્ધિથી કરેલી પ્રવૃત્તિ ભવફલ માટે જ થાય છે. આમ કેમ? તો કહે છે કે :-

અને પોતાની મતિ પ્રવૃત્તિ જે છે તે પ્રવૃત્તિ પરમાર્થથી તીર્થંકરના ઉદ્દેશવાળી નથી અને તેથી કરીને તેવી પ્રવૃત્તિવાળા આજ્ઞાબાહ્ય કહેવાય છે. બીજો નહિ'' એ પ્રમાણે પંચાશકવૃત્તિમાં કહેલું છે.

વળી બીજી વાત તેવા પ્રકારની આશાતનાના કારણભૂત એવું સ્રીઓનું અપવિત્રપણું આધુનિક કાલવિશેષજન્ય નથી; પરંતુ સ્રીના સ્વભાવજન્ય સર્વકાલીન છે. અને તેથી કરીને તે અપાવિત્ર્યપણું તીર્થંકર આદિના કાલે પણ સમાન હતું. એ પ્રમાણે હોવા છતાં પણ સ્રીઓને જિનેશ્વર ભગવંતો અને

ગણધરો આદિવડે કરીને જિનપૂજા નિષેધાયેલી નથી. અને જિનદત્તવડે નિષેધાયેલી છે તો તીર્થંકરાદિ કરતાં પણ શું જિનદત્ત શ્રેષ્ઠતર છે? કે જે કારણવડે કરીને કોઈના વડે કરીને નિષેધાયેલું નથી, ક્યારેય પણ આવું પ્રરૂપાયું નથી. અને આવા પરમભક્ત (?) જિનદત્તે તીર્થંકર ભગવાનની પૂજા પણ નિષેધી! ઈત્યાદિ યુક્તિઓ વડે કરીને તે ખરતરનો તિરસ્કાર કરવો જોઈએ. અને દૂરથી દર્શન માત્રમાં છોડી દેવો જોઈએ. ॥ ગાથાર્થ-૧૭૪ ॥

હવે કોની જેમ અને ક્યા હેતુ વડે કરીને તિરસ્કાર કરવો જોઈએ? તે કહે છે.

**पागय आगम–सक्कयकरणं भासंतु सिद्धसेणोऽवि।**
**जिणगणहर–आसाई का वत्ता दुमगजिणदत्ते ?॥१७५॥**

'પ્રાકૃત એવા આગમનું સંસ્કૃત કરવું' એટલે કે જે સિદ્ધાંત, પ્રાકૃતભાષામાં છે તેને સંસ્કૃતભાષામાં હું રચું. એ પ્રમાણેનું વચન બોલતા એવા સિદ્ધસેન દિવાકર પણ શ્રી જિનેશ્વર ભગવંત અને ગણધર આદિની આશાતનાકારી થયા. અને એથી તેમના ગુરુએ સિદ્ધસેનને આક્રોશના વિષયી બનાવીને પારાંચિત પ્રાયશ્ચિત્ત વડે શુદ્ધ કર્યા. તો પછી દ્રમક (ભિખારી) એવા જિનદત્તની શી વાત? તેના વિષયમાં વાતો કરવી તે પણ ઉચિત નથી. અત્યંત અનુચિત એવી વાતના પ્રરૂપક હોવા વડે કરીને અગ્રાહ્યનામવાળો જિનદત્ત છે. હવે આ વાતના ઉપનયની યોજના કહે છે.

પ્રવચનના ગૌરવ નિમિત્ત એવી પરમ ભક્તિવડે કરીને પ્રાકૃત એવા સિદ્ધાંતને સંસ્કૃતમાં કરવાની ગુરુ (મોટી) અભિલાષાથી શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ વડે કરીને પણ પોતાના ગુરુને વિનંતિ કરાઈ. ત્યારે ગુરુવડે કરીને પાટુના પ્રહારવડે કરીને હણાયેલો એવો તે સિદ્ધસેનદિવાકર ગુરુના પગમાં પડ્યો. અને 'મારો આ અપરાધ ક્ષમા કરો' અને જે પ્રાયશ્ચિત્ત આવતું હોય તે આપો.' એ પ્રમાણે કહ્યે સતે ગુરુવડે કરીને કહેવાયું કે 'હે વત્સ! જો સંસ્કૃત ભાષાવડે કરીને સિદ્ધાંત રચ્યો હોય અને તે બાલાદિને ઉપકારી થતો હોત તો તારી અપેક્ષાવડે કરીને મહાશક્તિને ધારણ કરવાવાળા એવા ગણધરોએ જ સર્વાક્ષરસંનિપાતની નિપુણતાવડે કરીને સિદ્ધાંતો સંસ્કૃતભાષામાં રચ્યા હોત. સામર્થ્ય-શક્તિ હોવા છતાં પણ 'સંસ્કૃત સિદ્ધાંતરચના પ્રવચનને અનુપકારિણી છે.' એમ વિચારીને તેઓવડે કરીને સિદ્ધાંત, પ્રાકૃત ભાષામાં ગૂંથાયો-બનાવાયો. સિદ્ધાંતની રચના કરી. અને એથીજ કરીને તારો સંસ્કૃત રચવાનો અભિપ્રાય અને વચન એ બન્ને પણ અનુચિત છે. અને ગણધર આદિ મહાપુરુષોની મહાઆશાતનાના હેતુરૂપ (વિચારણા અને વચન) આ બન્ને વાતો છે એ પ્રમાણે કહીને પારાંચિત પ્રાયશ્ચિત્ત આપ્યું.

એ પ્રમાણે જિનદત્તે કલ્પેલું સ્ત્રીસ્વભાવજન્ય અપાવિત્ર્ય હોયે છતે પણ સ્ત્રીઓને જો જિનપૂજા અનુચિત હોત તો જેમ સ્ત્રીઓને જિનકલ્પ સ્વીકારવાનો નિષેધ કર્યો છે, તેમ ગણધર ભગવંત આદિઓ તેનો પણ નિષેધ કરત; પરંતુ તેઓએ તો નિષેધ કરેલ નથી. અને એથી જ કરીને સ્ત્રી જિનપૂજાનો નિષેધ કરવો તે ગણધરાદિઓની કેવલ આશાતના જ જિનદત્તે કલ્પેલી છે. વળી જે ''જિનેશ્વર

ભગવંતના સંબંધીની પરમભક્તિથી ઉલ્લસિત મનવાળા એવા અમારા ગુરુએ' ઈત્યાદિ વાત તારાવડે કહેવાય છે તે તો દેવાયત્ત જાણવી=ભૂતગ્રસિત પુરુષના વચન જેવું જાણી લેવું. શું સિદ્ધસેન પણ ઈન્દ્રિયને પોષવાના નિમિત્તે તેવા વચનવાળા હતા? તે વાત પોતે જ વિચારી લેવી.

વળી બીજી વાત–સિદ્ધાંતનું તેવું વચન, ગુરુ આદિની આજ્ઞા માંગવા નિમિત્તનું હતું. ત્યારે જિનદત્તને તો ગુરુના અભાવથી પોતે જ વિકલ્પેલું અને તે વિકલ્પને ઉચિત એવા ઉપદેશ દ્વારા પોતે જ પ્રવર્તાવેલું હોવા છતાં પણ તેનું પ્રાયશ્ચિત્ત તીર્થથી જુદો બીજો કોણ આપી શકે? એમ પૂછી લેવું. અર્થાત્ તેનું પ્રાયશ્ચિત્ત તો તીર્થવર્ત્તી આત્મા જ આપી શકે. ॥ ગાથાર્થ-૧૭૫ ॥

હવે તીર્થને અસંમત એવી સ્ત્રીજન (વર્ગ) પૂજાની નિષેધના સંભાષણમાં શું ફલ આવ્યું? તે જણાવે છે?

**तित्थासम्मय–भासणरसिओ तित्थस्स होइ आसाई।**
**सो आसायण बहुलो, नियमेण अणंतसंसारी॥१७६॥**

તીર્થને અસંમત એવા ભાષણના રસવાળા જિનદત્તાદિની જેવા આત્માઓ, તીર્થની એટલે સાધુ આદિ જે ચતુવર્ણાત્મક સંઘ છે તેની આશાતના કરવાવાળા છે. તે આશાતનાબહુલ જીવ, નિયમે કરીને અનંત સંસારી થાય છે. આવશ્યક નિર્યુક્તિમાં કહેલું છે કે :-

આશાતનાબહુલ જીવને ઉત્કૃષ્ટ અંતર હોય છે. ॥ ગાથાર્થ-૧૭૬ ॥ હવે કહેલી યુક્તિવડે કરીને મૂઢ આત્માએ કરેલી શંકા પણ દૂર કરાઈ, તે વાતને બતાવે છે.

**एएणं खलु मग्गंतरेहि–मिच्चाइमागमं वयणं।**
**देसंतो दूरीकओ, पवयण–परमत्थममुणंतो॥१७७॥**

પૂર્વે કહેલા પ્રકારવડે કરીને પ્રવચનના પરમાર્થને નહિ જાણતો અને આગમવચનને બતાવતો એવો દૂર કરાયો. આ વાતનો ભાવાર્થ એ છે કે કોઈક આત્માએ પૂર્વજન્મમાં ઉપાર્જન કરેલા તેવા પ્રકારના મોહનીય કર્મના ઉદયથી સમ્યગ્ પ્રકારના જિનવચનના પરિજ્ઞાનથી શૂન્ય એટલેકે માર્ગ અને કુમાર્ગ તેનો વિવેક કરવામાં અશક્ત એવો આત્મા પોકાર કરે છે કે ''હે ભાઈ! પુરુષક્રમની પરિપાટીએ આવેલી સામાચારી માર્ગ કહેવાય છે અને તેને જિનમાર્ગમાં પ્રમાણ તરીકેજ કહેલી છે. ભગવતીસૂત્ર શતક-૧ ઉદ્દેશો-૩-૨૯મા સૂત્રમાં કહેલું છે કે :-**कहण्णं भंते! समणा निग्गंथा कंखामोहणिज्जं कम्मंते वेदेंति? गो० तेहिं तेहिं णाणंतरेहिं दंसणंतरेहिं चरित्तंतरेहिं लिंगंतरेहिं पवयणंतरेहिं पावयणंतरेहिं कप्पंतरेहिं मग्गंतरेहिं इत्यादि यावत् कंखामोहणिज्जं कम्मं वेदेंति**

આ સૂત્રની વૃત્તિના એક દેશનો અર્થ આ પ્રમાણે **मग्गंतरेहिं**=એટલે માર્ગ, માર્ગ એટલે પૂર્વપુરુષના ક્રમે આવેલી સામાચારી. તે સામાચારીને વિષે કોઈકમાં બે વખત ચૈત્યવંદન કરે.

અનેકપ્રકારના કાયોત્સર્ગ કરવા આદિ આવશ્યક સામાચારી છે. ત્યારે બીજામાં તેવી નથી. તો તેમાં શું તત્ત્વ સમજવું? તેના ઉત્તરમાં જણાવવાનું કે અશઠગીતાર્થે પ્રવર્તાવેલી આ બધી જ સામાચારી વિરુદ્ધ નથી. કારણકે આચીર્ણના લક્ષણ સહિત હોવાથી. આચરણ લક્ષણ આ પ્રમાણે છે.

**असढेण समाइण्णं, जं कत्थइ केणई असावज्जं।**
**न निवारिअमण्णेहिं, बहुमणुमयमेअमायरिअं॥१॥**

**पंचा०४७६॥** અશઠ એવા આચાર્યવડે કરીને જે કોઇક આચરેલું અને અસાવદ્ય હોય. અને તેને બીજા કોઈએ પણ નિષેધેલી ન હોય એટલું જ નહિ પણ ઘણાંઓને સંમત હોય તો તે આચરણા કહેવાય. એ પ્રમાણેનું આગમ વચન હોવાથી એમ ભગવતી સૂત્રની વૃત્તિમાં જણાવ્યું છે. તો તેવા આગમના વચનવડે કરીને સ્ત્રીપૂજા નિષેધવાલી એવી સામાચારી પણ કેમ પ્રમાણ નહિ ?'' એ પ્રમાણે જે વચન છે તે વચન, પ્રવચનના પરમાર્થને નહિ જાણનારાનું જ છે. કારણકે સ્ત્રી જિનપૂજા નિષેધવાળી સામાચારી, આચરણાના લક્ષણવાલી નથી. પરંતુ વિપરીત જ છે. એ વાતમાં પૂર્વે જણાવેલ વૃતાંત વિચારવો.

વળી બીજી વાત એ છે કે ઃ-બહુ સંમત અને બીજા મહાપુરુષોએ આચરેલું પ્રાયઃ કરીને તે જ થાય છે કે--જે આગમવ્યવહારી અને યુગપ્રધાન આદિના મૂળવાળી હોય. જેમ કે ચોથની સંવત્સરીઃ જો આ વાત ન સ્વીકારીએ તો **जस्स जं परंपरागयं तस्स तं पमाणं** :—એટલે કે જેનું જે પરંપરાએ આવેલું હોય તેનું તેને પ્રમાણ' ઇત્યાદિ વચનની અસ્વીકૃતિ થતી હોવાથી. જેથી કરીને પરંપરા પણ શું જે તે પુરુષથી શરુ થઈ હોય તે સ્વીકારાય ખરી? સાતિશયી એટલે અતિશયવાળા એવા પુરુષ મૂલક સિવાયની પરંપરાને પરંપરાગત કહેવું એ શક્ય નથી. અને 'જે તે પુરુષના મૂલવાળી હોય તેવી પરંપરાથી આવેલી વાતના સ્વીકાર કરવામાં તો દિગંબરથી માંડીને પાર્શ્વચંદ્ર સુધીના આત્માઓએ પ્રવર્તાવેલું પણ પરંપરાગત કહેવાનું થશે અને તે કોઈને પણ સંમત નથી. કારણ કે શતપદીકારે એવા આંચલીકે ખરતરને દૂષિત કહ્યો છે તેમ ગણધર સાર્ધક શતકની વૃત્તિકાર ખરતરે શતપદી ગ્રંથ કરનાર આંચલીકોને દૂષિત બતાવ્યો છે ! એ પ્રમાણે પૂનમીયા આદિઓએ પણ એક બીજાને દૂષિત બતાવ્યા છે. એથી કરીને તેવા લોકોની પ્રવર્તાવેલી સામાચારી પરંપરાગત કહેવાય નહિ. અને એથીજ કરીને શ્રુતવ્યવહારની અપેક્ષાએ કરીને **पावयणंतरेहिं** એ પદની વ્યાખ્યા કરતાં વ્યાખ્યાકાર કહે છે. પ્રવચન એટલે આગમને જાણતો હોય કે ભણતો હોય તે પ્રાવચનિક એટલે તે તે કાલની અપેક્ષાએ ઘણાં આગમનો જાણકાર આત્મા, પ્રાવચનિક કહેવાય છે. એવા પ્રાવચનિકોમાં 'એક પ્રાવચનિક આ પ્રમાણે કહે છે. બીજો પ્રાવચનિક આ પ્રમાણે કહે છે. એટલે એ બેમાં શું તત્ત્વ સમજવું?' તેના ઉત્તરમાં જણાવે છે કે ''ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમની વિશેષતાએ કરીને અને ઉત્સર્ગ અપવાદાદિથી ભાવિતપણાવડે કરીને તેવા પ્રાવચનિકોની ચિત્રવિચિત્ર પ્રવૃત્તિ હોય છે. તેથી કરીને આવી પ્રવૃત્તિ સર્વથા પ્રમાણ નથી; પરંતુ આગમ અવિરુદ્ધ પ્રવૃત્તિનું જ પ્રમાણપણું હોવાથી'' એ પ્રમાણે તેનું વ્યાખ્યાન ભગવતી સૂત્રની વૃત્તિમાં જણાવેલ છે. તેથી કરીને તેવા પ્રાવચનિકોની બધીજ પ્રવૃત્તિ પ્રમાણભૂત તરીકે ગણી નથી. જેથી કરીને શ્રુતવ્યવહારી આત્માવડે પ્રવર્તાવેલું તે જ પ્રમાણ થાય છે. કે જે આગમને

અવિરુદ્ધ હોય. જો આમ ન સ્વીકારીએ તો પ્રવચનની વ્યવસ્થાનો વિપ્લવ થઈ જાય. એટલે વિસ્તારથી સર્યું ॥ ગાથાર્થ-૧૭૭ ॥

હવે ફરી પણ ન્યૂન ઉત્સૂત્ર જણાવે છે.

**अट्ठमि--चउदसि--पुण्णिम--अमावसासुवि अ पोसहो णऽण्णो।**
**इअ संवरपडिसेहो, जिणदत्तमए महामोहो॥१७८॥**

આઠમ-ચૌદશ--પૂનમ અને અમાવસ્યા આ ચાર તિથિઓને વિષે જ પૌષધ, બીજામાં નહિ. અર્થાત્ બીજી તિથિમાં યુક્ત નથી. એવા પ્રકારનો સંવરનો પ્રતિષેધ જિનદત્તસૂરિના મતમાં છે. અને તેવું જ્ઞાન, અનંત ભવભ્રમણના હેતુરૂપ જાણવું. ॥ ગાથાર્થ-૧૭૮ ॥

હવે જણાવેલા આશયવાળા રોગનો પ્રતીકાર જણાવે છે.

**अट्ठमि पमुहतिहीसुं, निअमेणं पोसहो गिहीण वए।**
**पडिवाइसु पुण नियमा–भावो भणिओ अ तत्तत्थे॥१७९॥**

અષ્ટમી આદિ તિથિઓને વિષે નિશ્ચયે કરીને અને એકમ આદિ તિથિઓને વિષે અનિયમે કરીને શ્રાવકોના વ્રતમાં પૌષધ જણાવેલો છે. ક્યાં જણાવ્યો છે? તો તત્ત્વાર્થભાષ્ય આદિમાં કહ્યું છે કે :-**दिग्देशानर्थदण्डविरतिसामायिकपौषधोपवासोपभोगपरिमाणातिथिसंविभागव्रतसंपन्नश्च''**

'પૌષધોપવાસ' એટલે પૌષધ, પર્વ; તે અષ્ટમી-ચતુર્દશી-પૂનમ અને અમાસની અથવા બીજી તિથિને પામીને ઉપવાસ આદિવડે કરીને અને સ્નાન-વિલેપન-ગંધ-માલા અલંકાર દૂર કર્યા છે જેણે એવા, અને સર્વ સાવદ્યયોગને ખંખેરી નાંખ્યો છે જેણે એવો, ડાભ-સંથારો-પાટીયા આદિમાંનો કોઈપણ સંથારો પાથરીને વીરાસન નિષદ્યા આદિ કોઈપણ આસને બેસીને ધર્મજાગરિકા કરવાપૂર્વક પૌષધ અનુષ્ઠેય છે. એ પ્રમાણે તત્ત્વાર્થભાષ્યમાં કહેલ છે. અને તેની ટીકા આ પ્રમાણે--**पौषधोपवासो नाम** આ સૂત્રવડે પૌષધનું સ્વરૂપ જણાવે છે. રુઢિએ કરીને પૌષધ શબ્દ પર્વદિવસને વિષે વર્તે છે. અને આઠમ આદિ તિથિઓ, પર્વ કહેવાય છે. અથવા જે નિયમ વિશેષ, તેનું નામ પૌષધોપવાસ. તે પૌષધોપવાસ, ઉભયપક્ષની અષ્ટમી આદિ તિથિને ગ્રહણ કરીને નિશ્ચયે, અથવા બુદ્ધિએ કરીને બીજી પ્રતિપદા આદિ તિથિમાં અનિયમે : આ કહેવાવડે કરીને પર્વતિથિ સિવાયની બીજી તિથિઓને વિષે અનિયમ બતાવેલ છે. એટલેકે 'અપર્વતિથિઓને વિષે પૌષધોપવાસ અવશ્ય કરવો જ જોઈએ' એવું નહિ; પરંતુ અષ્ટમી આદિ તિથિઓને વિષે તો નિશ્ચયે કરીને ઉપવાસપૂર્વક પૌષધ કરવો જોઈએ' એ પ્રમાણે તત્ત્વાર્થ સૂત્રના સાતમા અધ્યાયની વૃત્તિમાં કહેલું છે. ॥ ગાથાર્થ--૧૭૯ ॥

હવે તત્ત્વાર્થવૃત્તિમાંનું જ ભ્રાંતિજનક એવું કહેવાતું પદ, પ્રગટ કરીને તેને સમર્થન કરવા માટે કહે છે--

**तत्तत्थवित्तिमाइसु न य पडिदिवसत्ति वयणमभिहाणं।**
**तप्परमत्थो अट्ठमि-माईसु पुणो पुणुच्चारो॥१८०॥**

તત્ત્વાર્થવૃત્તિ આદિને વિષે એટલે કે તત્ત્વાર્થવૃત્તિ-આવશ્યકવૃત્તિ-આવશ્યક ચૂર્ણિ આદિને વિષે "**न प्रतिदिवस**" એ પ્રમાણેનું વચન કહેલું છે. એટલેકે 'પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ આ બન્ને પ્રતિનિયત દિવસે અનુષ્ઠાન કરવા લાયક છે; નહિ કે પ્રતિદિવસ આચરણીય' એ પ્રમાણેનું વચન છે **તેનો પરમાર્થ એટલેકે તેનું તાત્પર્ય એ છે કે**--અષ્ટમી આદિ તિથિઓને વિષે ફરી ફરી ઉચ્ચાર કરવો. આ વાતનો ભાવાર્થ એ છે કે "પૌષધપવાસ અને અતિથિસંવિભાગ એ બન્ને પ્રતિનિયતદિવસે કરવા લાયક છે; પરંતુ **न प्रतिदिवसायचरणीयौ** પ્રતિદિવસ આચરવા લાયક નથી. એ પ્રમાણેનું તત્ત્વાર્થવૃત્તિ આદિના વચનના અનુસારે કરીને નિષેધનું વિદ્યમાનપણું હોવા છતાં પણ 'પ્રતિપદા આદિ અપર્વતિથિમાં તે બન્નેની ભજના.' એ વાત કેવી રીતે સંગત થાય?". એ પ્રમાણેની પારકાની શંકા જે છે તે અયુક્ત છે. કારણકે તે વૃત્તિમાંના પ્રતિનિયત દિવસ શબ્દવડે કરીને પૌષધ આદિની કરવાની ઇચ્છાવાળાએ પોતાને જે સંમત દિવસ છે--તે ગ્રહણ કરવો. અને પૌષધ આદિ નહિ કરવામાં પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિના કારણે કરીને ચતુષ્પર્વી આદિમાં નિશ્ચયથી પૌષધોપવાસ ગ્રહણ કરવો જોઈએ. બાકીની અપર્વતિથિમાં અનિયમે અને તેથી કરીને તે જે અનુષ્ઠિત અનુષ્ઠાન=સ્વીકૃત જે અનુષ્ઠાન છે તેનો અંત=છેડો, 'ચારિત્રના ઉચ્ચારની જેમ અથવા તો જિનેશ્વર ભગવાનની પ્રતિમાની પ્રતિષ્ઠાની જેમ છેડા વગરનો ન હોય. અર્થાત્ પૌષધપવાસનું જે અનુષ્ઠાન ઉચ્ચરેલું છે તે અપર્યવસાયી=છેડા વગરનું ન થાવ એવો અર્થ સમજવાનો છે. અને તેનો યાવજ્જીવિત એવો અર્થ ન થઈ જાય માટે કાલ નિયમન માટે **न प्रतिदिवसाचरणीयौ** એ પદ છે.

અથવા તો પોતાના અભિપ્રાયને સંમત એવા બે ત્રણ દિવસ સુધી અનુગામિત્વ=પહોંચાડવાના પ્રતિષેધ માટે **न प्रतिदिवसा०** એ પદ સમજવાનું છે. આ વાતનો ભાવ એ છે કે એક વખતે ઉચ્ચરેલો પૌષધ, બે ત્રણ દિવસ સુધી ચાલે એમ નથી. અથવા તો જિનેશ્વર ભગવાનની પ્રતિષ્ઠાની જેમ એક વખત ઉચ્ચરેલ પૌષધ કે અતિથિસંવિભાગ વ્રત, પ્રતિદિવસ-દરરોજ ચાલુ રહે છે એવું નથી; પરંતુ અતિથિસંવિભાગ વ્રત કરવાની ઇચ્છાવાળાએ પૌષધ અને અતિથિસંવિભાગ બન્ને યથાશક્તિ પ્રતિનિયત દિવસે કરવા જ જોઈએ.

જો આમ ન હોય તો એટલેકે દરરોજ ઉચ્ચરાવવાના ન હોય તો ઉપધાનવહન આદિની વિધિમાં પહેલે જ દિવસે શ્રાવકોને એકી સાથે ૧૮-પૌષધોનું ગ્રહણ કેમ કરાવાતું નથી? તેથી કરીને પૌષધોપવાસ અને અતિથિ સંવિભાગ આ બન્ને વ્રતો, પ્રતિનિયત દિવસ અનુષ્ઠેય છે. **प्रतिनियतदिवसानुष्ठेयौ** એ પ્રમાણેનું જે **પહેલું વાક્ય છે તે વિવક્ષિત દિવસના અનુષ્ઠાનને જણાવનારું છે. અને प्रतिदिवसाचरणीयौ એ પ્રમાણેનું જે બીજું વાક્ય છે તે કાલના નિયમનને જણાવનારું છે.** અને આ તાત્ત્વિક વાત હોવાથી પૌષધ ઉચ્ચરાવવાના આલાવામાં **जाव दिवसं अहोरत्तं पज्जुवासामि** એ

પ્રમાણે બોલાય છે. નહિ કે **दिवसं अहोरत्तं दुन्नि अहोरत्ते वा** ઈત્યાદિ પાઠ સંપ્રદાયથી--પરંપરાથી બોલતો નથી. અમારી કહેલી આ વાત કાલ્પનિક નથી. તત્ત્વાર્થવૃત્તિકારે પણ તેવીજ રીતે બતાવેલ હોવાથી. તે આ પ્રમાણે :--જેવી રીતે અણુવ્રતો તથા ગુણવ્રતો પણ એક વખત ગ્રહણ કર્યા પછી જાવજ્જીવના જાણવા અને સામાયિક-દેશાવગાશિક-પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ રૂપ ચાર જે શિક્ષાવ્રતો છે તેમાંના સામાયિક અને દેશાવગાશિક આ બે શિક્ષાવ્રતો પ્રતિદિવસ અનુષ્ઠેય છે. એટલે કે વારંવાર ઉચ્ચરણીય છે. અને બાકીના પૌષધ અને અતિથિસંવિભાગવ્રત, આ બે શિક્ષાવ્રત પ્રતિનિયતદિવસ અનુષ્ઠેય છે; પરંતુ પ્રતિદિવસ આચરણીય નથી. એટલે કે ફરી ફરી આઠમ આદિ તિથિઓ આવે ત્યારે તે બન્નેનું અનુષ્ઠાન કરવાનું છે. શિક્ષા--અભ્યાસ, તેના જે પદ--સ્થાનો તેનું નામ શિક્ષાપદ, એટલેકે અભ્યાસ વિષયક જે સ્થાનો છે તે શિક્ષાપદવ્રત કહેવાય અને ગુણવ્રતો જે છે તે પ્રતિદિવસ ગ્રાહ્ય નથી. એક જ દિવસે ગ્રહણ કરી લેવાય છે.'' (તત્ત્વાર્થવૃત્તિ પાના-૧૯૪ કુલ પાના-૨૯૩)

આ બન્ને પણ વાક્યનો ફરી ફરી અષ્ઠમી આદિ તિથિઓને વિષે અનુષ્ઠાન કરવું. એ પ્રમાણેનો પરમાર્થ દર્શાવેલો છે. અને આથી જ કરીને પહેલા પંચાશકની વૃત્તિની અંદર શ્રી અભયદેવસૂરિજી મહારાજે પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ આ બન્ને માટે **प्रतिनियतदिवसानुष्ठेयौ** એ પ્રમાણેનું એકજ વાક્ય જણાવ્યું છે. પરંતુ **न प्रतिदिवसाचरणीयौ** એ બીજું વાક્ય જણાવ્યું નથી. ॥ ગાથાર્થ-૧૮૦ ॥

હવે વિરોધ જણાવે છે.

**सिक्खा पुण अब्भासो, करणिज्जं पइदिणं खु तंपि वयं।**
**अट्ठमिमाइसु कज्जो, नन्नासु विरुद्धवयणमिणं॥१८१॥**

તમે કહો છો કે 'શિક્ષા એટલે અભ્યાસ એનું જે વ્રત, તેનું નામ શિક્ષાવ્રત' આ શિક્ષાવ્રત પ્રતિદિન એટલે દરરોજ કરવા જોઈએ અન્યથા જો પ્રતિદિન અભ્યાસ ન કરે તો અભ્યાસનો અસંભવ થાય. અને એથી કરીને અભ્યાસ જે છે તે હંમેશા કરવા લાયક છે. કહેલું છે કે :-

**''अञ्जनस्य क्षयं दृष्टवा, वल्मीकस्य च वर्द्धनम्।**
**अवन्ध्यं दिवसं कुर्याद्दानाध्ययनकर्मसु॥१॥**

અંજન એટલે આંજવાનો ક્ષય થતો જોઈને અને ઉધઈના રાફડાનું વધવું જોઈને દાન અધ્યયન આદિ કાર્યોને વિષે અવાંઝિયો દિવસ રાખવો.'' એ પ્રમાણેનું વચન હોવાથી અષ્ટમી આદિ પર્વતિથિઓ હોયે છતે પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ કરવો જ અને તે સિવાય બીજામાં નહિ' એ વિરુદ્ધ વચન છે. ॥ ગાથાર્થ-૧૮૧ ॥

હવે આ વાતની અંદર પ્રતિબંદિ--વાંધો જણાવે છે.

**सिक्खावएसु चउसुवि तिण्णि वयाइं तु सम्मयाइं तुहं।**
**पइदिणकरणिज्जाइं किं पोसहपंतभेएण ?॥१८२॥**

ચાર શિક્ષાવ્રતોમાંના ત્રણ શિક્ષાવ્રત = સામાયિક-દેશાવગાસિક અને અતિથિસંવિભાગવ્રત નામના ત્રણ શિક્ષાવ્રતો તો પ્રતિદિવસ કરવાનું તારે પણ-ખરતરને પણ સંમત છે. તો પછી પૌષધોપવાસ નામના ચોથ વ્રતમાટે જે પંક્તિભેદ થાય છે. તેમાં શું કારણ? શું પૌષધે તારો કોઈ અપરાધ કર્યો છે? કે જેથી તેને દૂર કરે છે? ॥ ગાથાર્થ-૧૮૨ ॥

હવે અતિપ્રસંગ જ્ઞાનના અભાવને જણાવે છે.

**न मुणइ अइप्पसंगं, अतिहीणं संविभागकरणंमि।**
**नवमी पमुहतिहीसुं, उवएसंतोवि निलज्जो ॥१८३॥**

પૌષધ કરનારે પણ પારણાના દિવસે નવમી આદિ તિથિને વિષે સાધુઓને આપીને= અતિથિસંવિભાગ કરીને વાપરવું જોઈએ' એ પ્રમાણે ઉપદેશ આપતાં છતાં પણ તું નિર્લજ્જ એવો અતિથિ એવા સાધુના સંવિભાગમાં અતિપ્રસંગને જાણતો નથી! જો 'શિક્ષાવ્રતરૂપી પૌષધ, અષ્ટમી આદિ તિથિમાં કરવો જ યુક્ત છે તો અતિથિસંવિભાગ પણ અષ્ટમી આદિમાં જ યુક્ત છે'. તેમ કરવા જતાં નોમ આદિમાં અતિથિસંવિભાગનોના પ્રતિષેધનો પ્રસંગ આવે છે. એમ નહિં કહેવું કે-- 'અર્થાપત્તિથી અતિથી સંવિભાગ, નવમી આદિમાં જ સંભવે છે'. કારણ કે તમારા જિનવલ્લભે પણ આઠમ આદિમાં કરવાનું કહેલ છે. તે આ પ્રમાણે :-**'પૌષધવિધિ પ્રકરણ'**માં જણાવ્યું છે કે :-**जो पुण आहारपोसही देसओ सो पुण्णे पच्चक्खाणे तीरिअ खमासमणदुगेण मुहपुत्तिं पडिलेहिअ खमासमणेण वंदित्ता भणइ—इच्छाकारेण संदिसह भत्तपाणं पारावेह, पोरसि पुरिमड्ढ चउविहार एक्कासणं निव्विअं आयंबिलं वा क्यं, जा कावि वेला ताए पारावेमि, तओ सक्कत्थेण चेइए वंदिए सज्झायं सोलस वीसं वा सिलोगे काउं जहासंभवमतिहिसंविभागं दाउं मुहहत्थपाए पडिलेहिअ नमोक्कारपुव्वमरत्तदुट्ठो भुंजे इति॥**

**અર્થ** :-જે દેશથી આહાર પૌષધવાળો છે તે પચ્ચક્ખાણ પૂર્ણ થયે છતે બે ખમાસમણ દઈને મુહપત્તિ પડીલેહીને ખમાસમણ દીધા પછી બોલે કે--'ઇચ્છાકારેણ સંદિસહ 'ભત્તપાણં પારાવેહ' પછી- પોરસી-પુરિમુડ્ઢ-ચઉવિહાર-એકાસણું--નિવી-આયંબિલ જે કાંઈ કર્યું હોય-જેવું પચ્ચક્ખાણ કર્યું હોય, તેની વેળા થયે છતે 'તે પચ્ચક્ખાણને પારું છું.' ત્યારપછી શક્રસ્તવપૂર્વક ચૈત્યવંદન કરીને સોલ કે વીસ શ્લોક પ્રમાણે સ્વાધ્યાય કરીને જેવો સંભવ હોય તેવો અતિથિ સંવિભાગ આપીને હાથ-મોઢું અને પગનું પ્રતિલેખન કરીને નવકાર ગણવાપૂર્વક રાગ-દ્વેષ કર્યા સિવાય ખાય'' આ પ્રમાણે જણાવ્યું છે.

વાદી પ્રશ્ન કરે છે ''ભાઈ! અમારા જિનવલ્લભસૂરિએ જે અતિથિસંવિભાગ કહ્યો છે તે અતિથિસંવિભાગ, બારમા શિક્ષાવ્રતરૂપી નહિ. પરંતુ ઉપદેશમાં કહ્યું છે કે--

**''साहूण कप्पणिज्जं, जं नवि दिण्णं कहंचि किंपि तहिं॥**
**धीरा जहुत्तकारी सुसावगा तन्न भुजंति॥१॥ त्ति श्री उप०**

સાધુઓને જે કાંઈ કલ્પનીય હોય તે થોડું ઘણું પણ પાત્રમાં જ્યાં સુધી ન આપે ત્યાં સુધી

યથોક્તકારી અને ધીર એવા સુશ્રાવકોને ખવાય નહિ' એ વિધિ હોવાથી વિધિ સાચવવારૂપ અતિથિ સંવિભાગ કરીને વાપરવાનું જણાવેલું છે.'' જો આમ કહેતો હો તો લાંબો કાળ જીવ 'દુર્જન પણ સંતોષ પામો.' એ ન્યાયથી બારમા વ્રતના સ્વરૂપનો અભાવ છતાં સાધુદાનને જેમ નિર્જરાના હેતુરૂપ માનીને સ્વીકારાય છે તેવી રીતે અગીયારમા વ્રતના સ્વરૂપમાં પણ નિર્જરાના કારણભૂત હોવાવડે કરીને પૌષધ પણ પ્રતિદિન સ્વીકારવો જોઈએ. કારણકે ન્યાયનું સમાનપણું હોવાથી. ।। ગાથાર્થ-૧૮૩ ।।

હવે પ્રતિક્રમણની જેમ પૌષધ પણ નિયતકાલ અનુષ્ઠાન થશે. એ પ્રમાણેની પારકાની શંકાને દૂર કરતાં જણાવે છે.

**पडिक्कमणं पच्छित्तं, रयणी--दिणपमुहपावसंबंधी।**
**तद्दिट्ठंतो संवररूवे, कह पोसहे जुत्तो ?।।१८४।।**

રાઈ-દેવસિ-પક્ખિ-ચોમાસી અને સંવત્સરી, આ પાંચ પ્રતિક્રમણો, રાત્રિ દિવસ આદિમાં લાગેલા પાપોના પ્રાયશ્ચિત્તરૂપે જણાવેલા છે. તે પ્રતિક્રમણનું દૃષ્ટાંત સંવરરૂપ એવા પૌષધમાં કેવી રીતે યુક્ત થાય? કોઈપણ હિસાબે ન થાય. અને પ્રાયશ્ચિત તો જેટલું કહ્યું હોય તેટલું જ હોય છે. અધિક હોતું નથી. ।। ગાથાર્થ-૧૮૪ ।।

હવે પ્રાયશ્ચિત્ત અધિક હોતું નથી તે બતાવે છે.

**असिइसयं उववासा, पच्छित्तं आगमुत्तमुक्कोसं।**
**न तहा सेसतवेसुं, संवररूवेसु निअमोऽवि।।१८५।।**

વધુમાં વધુ પ્રાયશ્ચિત્ત ૧૮૦ ઉપવાસનું આગમમાં કહેલું છે. તેવી રીતે સંવરરૂપ એવા 'ગુણરત્નસંવત્સર' આદિ બીજા તપોને વિષે પણ. 'આટલો જ તપ કરવો. અધિક નહિ' એ પ્રમાણેનો નિયમ નથી, તેમ એવું કોઈએ પણ કીધું નથી. તેમજ કોઈ ઠેકાણે જણાવ્યું પણ નથી. ।। ગાથાર્થ-૧૮૫ ।।

હવે ચાર ગાથાઓ કરીને વૃદ્ધસંપ્રદાયનો અભિપ્રાય જણાવે છે.

**अहवा सिक्खचउक्के, पडिनिअयदिणंमि अंतिमं जुअलं।**
**इअ हरिभद्दप्पमुहाण, वयं सिद्धंत सुपसिद्धं।।१८६।।**

**तत्थ पडिनिअसद्दो, विवक्खिअ अत्थाण वायगो होइ।**
**सावि विवक्खा दुविहा, निअमानिअमेहिं णायव्वा।।१८७।।**

**णिअमेणऽट्ठमिपमुहा, अणिअमेणेहरासु अ तिहीसु।**
**तेणं न प्पडिदिवसा–चरणीआ नियम पडिसेहो॥१८८॥**

અથવા તો એટલેકે--વૃદ્ધ સંપ્રદાયના અભિપ્રાયે જે ચાર શિક્ષાવ્રત છે તેમાં છેલ્લાં બેનું જોડલું એટલે કે--પૌષધ અને અતિથિસંવિભાગ આ બંને 'પ્રતિનિયત દિવસે' એ પ્રમાણેનું હરિભદ્રસૂરિ આદિ પૂજ્યોનું આવશ્યકવૃત્તિ આદિમાં જે વચન છે તે અતિપ્રસિદ્ધ છે. ॥ ગાથાર્થ-૧૮૬ ॥ તેમાં **पौषधोपवासातिथिसंविभागौ प्रतिनियतदिवसानुष्ठैयौ**–એ વાક્યને વિષે જે **प्रतिनियत** શબ્દ છે તે વિવક્ષિત અર્થનો વાચક છે. અને તે વિવક્ષા બે પ્રકારની છે. કયા બે પ્રકાર? નિયમ અને અનિયમઃ એ બે પ્રકારની વિવક્ષા જણાવી. એક વિવક્ષા, નિયમથી એટલે નિશ્ચયથી અને બીજા વિવક્ષા, અનિયમ વડે કરીને ॥ ગાથાર્થ-૧૮૭ ॥

અષ્ટમી આદિ તિથિને વિષે પૌષધ ન કરવામાં પ્રાયશ્ચિત્તનો સંભવ હોવાથી નિશ્ચયે કરીને પૌષધ કરવો જોઈએ અને બાકીની એકમ આદિ તિથિમાં અનિશ્ચયે કરવો. આમ બે પ્રકારની વિવક્ષા હોવાના કારણે કરીને **न प्रतिदिवसाचरणीयौ** એ વાક્યથી નિયમ પ્રતિષેધ જાણવો. ॥ ગાથાર્થ-૧૮૮ ॥

હવે દૃષ્ટાંતવાક્યને જણાવે છે.

**जह साहूणं दाउं–भुञ्जिज्ज सुसावओ न इअराणं।**
**अहव दिवबंभयारी, नय रत्तिमभिग्गहो अह्मं॥१८९॥**

જેવી રીતે સુશ્રાવક સાધુઓને વહોરાવ્યા પછી જ ખાય છે, બીજા શ્રાવકો આદિને નહિ' એ વાતની અંદર 'શ્રાવકોને દઈને જ ખાવું' એ 'નિયમ'નો નિષેધ છે. પરંતુ 'દાન'નો નિષેધ નથી! તેવી રીતે બીજું દૃષ્ટાંત કહે છે. **दिवा ब्रह्मचारी न च रात्रौ** એમાં 'દિવસે બ્રહ્મચર્ય અને રાત્રિને વિષે અમારે નહિ.' એ પ્રમાણે બોલતાં શ્રાવકોને રાત્રિને વિષે 'બ્રહ્મચારીપણાનો નિષેધ'પ્રાપ્ત થયો; પરંતુ 'નિયમનો અભાવ'નહિ. જો આમ નહોય તો અવશ્ય અબ્રહ્મનું સેવન પ્રાપ્ત થશે. અને એ વાત આગમને--વિષે પ્રવચનને વિષે અત્યંત નિંદ્ય છે. એ પ્રમાણે આ બન્ને દૃષ્ટાંતો દ્વારાએ કરીને **અષ્ટમી આદિ પર્વ તિથિઓને વિષે 'નિશ્ચયે' કરીને પૌષધાદિ કરવા જોઈએ. બાકીની અપર્વતિથિઓને વિષે 'અનિયત' રીતે પૌષધ સ્વીકારવો જોઈએ.** અને એમ હોવાથી વિપાકશ્રુતને વિષે સુબાહુકુમાર આદિના ત્રણ દિવસના પૌષધો પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે :–

**"तए णं से सुबाहुकुमारे अण्णया चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णिमासिणीसु जेणेव पोसहसाला तेणेव उवा० २ त्ता पोसहसालं पमज्जति उच्चारपासवणभूमिं पडि०–२ दब्भसंथारयं संथारेति, दब्भसंथारयं दुरूहति–२ त्ता अट्ठमभत्तं पगेण्हत्ति–२–पोसहसालाए पोसहिए अट्ठमभत्तिअं पडिजागरमाणे–२ विहरति त्ति श्री विपाकश्रुतांगे॥**

ત્યાર પછી તે સુબાહુકુમારે એક વખત ચૌદશ અમાવસ્યા અને પૂનમ આદિને વિષે જ્યાં

પોતાની પૌષધશાલા છે ત્યાં આવીને પૌષધશાલાનું પ્રમાર્જન કરે છે. પ્રમાર્જન કરીને ઉચ્ચાર અને પ્રશ્નવણભૂમિનું પડિલેહણ કરે છે. અને પડિલેહણ કરીને ડાભનો સંથારો પાથરે છે. ડાભનો સંથારો પાથરીને તેના પર બેસે છે. બેસીને અઠ્ઠમતપ સ્વીકારે છે. અને અઠ્ઠમતપ સ્વીકારીને તે પૌષધશાલામાં પૌષધિક થઈને અષ્ટમભક્તપૂર્વકનો પૌષધ સ્વીકારીને પ્રતિજાગરણ કરતો છતો વિચરે છે.'' તેવી જ રીતે નવપદપ્રકરણને વિષે અન્યતિથિને વિષે અતિથિસંવિભાગનો અનિયમ જણાવેલો છે. તે આ પ્રમાણે ''જો કે શ્રાવકે અતિથિસંવિભાગ હંમેશા કરવો જોઈએ. (હંમેશા મુનિને દાન દેવું જોઈએ) કહ્યું છે કે :-''**पइदिणं भत्तपाणेण, ओसहेण तहेव य। अणुगहेह मे भयवं! सावए उ निमंतए॥१॥**

હે ભગવંત અનુગ્રહ કરો. એ પ્રમાણે શ્રાવક નિમંત્રણ કરીને પ્રતિદિવસ ભક્તપાન વડે તેમજ ઔષધદાનવડે કરીને સાધુને હંમેશા નિમંત્રણ આપે'' અને એ પ્રમાણે આમંત્રણ આપ્યા બાદ સાધુ ઘરમાં પેઠે છતે આ પ્રમાણે વિધિ કરવાની છે.

**गिहिमागयस्स साहुस्स, आसणं निअमओ य दायव्वं।**
**वंदिअ सयं विअरइ, अहवा अण्णं दवावेइ॥२॥**

ઘરે આવેલા સાધુ મહારાજને નિયમે કરીને આસન આપવું જોઈએ. અને ત્યારપછી વંદન કરીને પોતે પડીલાભે (વહોરાવે) અથવા બીજા દ્વારાએ વહોરાવે ઇત્યાદિ. તો પણ પૌષધઉપવાસના પારણે તો સાધુનો સંભવ હોયે છતે અવશ્ય આ પ્રમાણે કરીને શ્રાવકે વાપરવું જોઈએ. પૌષધોપવાસ સિવાયના દિવસે તો અનિયમ સમજવો.'' ॥ ગાથાર્થ--૧૮૯ ॥ બીજું દૂષણ જણાવે છે કે--

## किंच मुणिसंविभागो, नवमीपडवासु चेव नऽण्णासु।
## चउपव्वी-तवपोसह-गहिआ कह पक्खिअंते सो?॥१९०॥

વળી **किंच** શબ્દ દૂષણ સ્વીકારવામાં છે. ખરતરના મતમાં અતિથિસંવિભાગ, નોમ અને પડવાની તિથિએ જ પ્રાપ્ત થશે, બીજી તિથિમાં નહિ. કારણ કે ચતુષ્પર્વીને વિષે એટલે કે આઠમ-ચૌદશ-પૂનમ અને અમાસને વિષે ઉપવાસપૂર્વક પૌષધ કરવાનો નિયત છે. અનેં તેથી કરીને પાક્ષિકાંતે--પકખીના પારણે પૂનમ અને અમાસ આવે તે દિવસે ખરતરોને અતિથિ સંવિભાગ કેવી રીતે થાય? આ વાતનો ભાવાર્થ એ છે કે ''**प्रतिनियतदिवसानुष्ठेयौ**-એ પ્રમાણેનું આગમ વચનનું બલ હોવાથી 'પૌષધ અને અતિથિસંવિભાગ આ બન્ને શિક્ષાવ્રતો ચતુષ્પર્વીમાં જ કરવા જોઈએ. બીજી તિથિમાં નહિ' એ પ્રમાણે જિનેશ્વર ભગવાનની આજ્ઞા છે.'' એ પ્રમાણે ખરતરનો અભિપ્રાય છે. એથી કરીને તે ખરતરને આ પ્રમાણે પુછવું કે 'હે ખરતર! પ્રતિનિયત શબ્દ વડે કરીને ચતુષ્પર્વી જ ગ્રહણ કરવી કે યથાસંભવ દિવસ ગ્રહણ કરવો?' જો પ્રતિનિયત દિવસ શબ્દવડે ચતુષ્પર્વી જ લેવામાં આવે તો અતિથિસંવિભાગ પણ આઠમ આદિ પર્વતિથિમાં જ કરવાનો થશે. નોમ આદિમાં ચતુષ્પર્વીનો અભાવ છે. અને યથાસંભવ દિનવાળો બીજો વિકલ્પ છે તેમાં 'પૌષધને વિષે ભોજનનો સ્વીકાર નહિ કરેલો હોવાથી ચતુષ્પર્વીમાં

ઉપવાસ આદિ તપથી યુક્ત પૌષધ હોય છે. અને અતિથિસંવિભાગ તો પારણે જ હોય છે, એ પ્રમાણે નિયમ સિદ્ધ થયે છતે એકમ અને નોમ સિવાયની બીજી તિથિને વિષે અતિથિસંવિભાગ કરાશે. ત્યાં જિનેશ્વર ભગવાનની આજ્ઞા નહિ હોવાથી પૂનમ અને અમાવાસ્યામાં શું અતિથિસંવિભાગ કરશો? પૌષધના સ્વીકારવાના હિસાબે જેવી રીતે એકમ બીજ અદિ તિથિઓ તેવીજ રીતે અતિથિસંવિભાગને આશરીને પૂનમ અથવા અમાવસ્યા પણ આવશે. તેથી કરીને જેમ આવશ્યકચૂર્ણિ આદિને વિષે 'પૌષાતીના પારણામાં નિયમે કરીને અતિથિસંવિભાગ જણાવેલો છે. શેષતિથિમાં અનિયમથી જણાવ્યો છે. તેવી રીતે પૌષધ પણ આઠમાદિ તિથિઓમાં નિશ્ચયે કરીને અને શેષ તિથિમાં અનિશ્ચયથી જણાવેલ છે. એમ જાણવું. ॥ ગાથાર્થ-૧૯૦ ॥

હવે ફરી પણ ન્યૂન ઉત્સૂત્ર જણાવે છે :--

**जं भोअणपडिसेहो, पोसहिआणं तमूणमुस्सुत्तं।**
**भुत्तिजुअपोसहाणं, जिणभणिआणं तु पडिसेहो॥१९१॥**

જે પૌષધિકોને ભોજનનોપ્રતિષેધ સદંતર કરાય છે, તે ન્યૂન ઉત્સૂત્ર છે. ન્યૂન ઉત્સૂત્રનું સ્પષ્ટીકરણ વ્યક્ત કરે છે. ભોજન સંયુક્તના પૌષધનું જિનેશ્વર ભગવંતે કહેલું હોવા છતાં પણ નિષેધ કરવો તે ન્યૂન ઉત્સૂત્ર છે. ॥ ગાથાર્થ-૧૯૧ ॥ પૌષધિકોના ભોજનમાં યુક્તિ જણાવે છે.

**चाउद्दसट्ठइच्चाइ आगमुत्ते अ पुण्णिमाइदिणे।**
**केवल पोसहवयणं, तवनिअमो चउदसीइ दिणे॥१९२॥**

**''चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णिमासिणीसु पडिपुण्णं पोसहं सम्मं अणुपालेमाणा विहंरतीति॥**

ચૌદશ-આઠમ અમાસ-પૂનમને વિષે પ્રતિપૂર્ણ એવા પૌષધને સારી રીતે પાલન કરતાં કરતાં વિચરે.'' એ પ્રમાણે આગમ વચન કહેલું હોવાથી પૂનમને દિવસે અને ઉપલક્ષણથી અમાવાસ્યાના દિવસે કેવલ પૌષધનું જ વચન કહેલું છે. (નહિ કે પૌષધોપવાસ) અને ચૌદશને દિવસે ઉપવાસરૂપ તપ નિશ્ચયે કહેલો છે.

અર્થાત્ પૂનમ અને અમાવાસ્યાના દિવસે પૌષધિકોને ભોજન જ પ્રાપ્ત થાય છે. અન્યથા ચોમાસીની જેમ પાક્ષિકમાં પણ છઠતપનું વિધાન કર્યું હોત; પરંતુ તે કહ્યું નથી. અને આ કારણથી પોસાતીને ભોજન સિદ્ધ થતું હોવા છતાં પણ નિષેધ કરતા એવા જિનદત્તનું ન્યૂનઉત્સૂત્ર જાણવું ॥ ગાથાર્થ-૧૯૨ ॥

હવે આ વાત પર ગ્રંથસંમતિ જણાવે છે.

**सावयपडिकमणाई–चुण्णिप्पमुहेसु भोअणं भणिअं।**
**पोसहिआणं पोसहविहि–पगरणमाइसुवि दिट्ठं॥१९३॥**

**શ્રાવક પ્રતિક્રમણચૂર્ણિ** આદિ ગ્રંથોને વિષે પૌષધિકોને ભોજન કહેલું છે. તેવી રીતે **પૌષધવિધિ પ્રકરણ** આદિમાં પણ જોયું છે. આ વાતની પહેલી વાતમાં કહ્યું છે.'ભણ્યું છે'એ શબ્દ વડે ચરિતાર્થ થતો હોવા છતાં પણ અહિં જે 'दृष्टं' જોયું એમ જે ફરી કહ્યું છે તે 'પૌષધવિધિ પ્રકરણ' અને વિધિપ્રપા ગ્રંથમાં (ખરતરના) ઘુણાક્ષરન્યાયે યથાસ્થિત ભોજનવિધિનું પ્રતિપાદન પડી ગયું છે ! એવા અનાદર સૂચવવા માટે જુદું લખ્યું છે. એમ જાણવું. તે ગ્રંથોમાં જેવી રીતે કહેવાયું છે, તેવીરીતે અહિંયા જણાવીએ છીએ.

**''तत्थ जइ देसओ पोसहिओ सो भत्तपाणस्स गुरुसमक्खं पारावित्ता आवस्सिअं करेत्ता, ईरिआसमिओ गंतुं घरे ईरियावहिअं पडिक्कमइ आगमणमालोअणं करेइ, चिइवंदणं, तओ संडासे य पमज्रेत्ता पाउंछणगे नीसिअइ, भायणं पमज्रइ, जहोचिए भोअणे परिवेसिए पंचमंगलमुच्चरेइ तओ वयणं पमज्जित्ता असुरसुरं अचवचवं अदुयमविलंबिअं अप्परिसाडिं मणवयणकायगुत्तो भुंजइ साहुव्व उवउत्तो, जायाए मायाए वा भोच्चा, फासुअजलेण मुहसुद्धिं काउं नवकारसरणेण उट्ठाणं, देवे वंदेइ, वंदणं दाउं संवरणं काउं पुणोऽवि पोसहसालाए गंतूण सज्झायंतो चिट्ठइ'' ति**

''તેમાં જો દેશથી પૌષધિક હોય તો ગુરુ સમક્ષ ભક્તપાનનું પચ્ચક્ખાણ પારીને કાઉસ્સગ્ગ કરીને ઈર્યા સમિતિથી યુક્ત થયો છતો ઘરે જઈને ઈરિયાવહિયં પડિક્કમે અને ગમણાગમણે આલોવે. ચૈત્યવંદન કરે, ત્યાર પછી સંડાસા પૂજીને આસન ઉપર બેસે, ભાજનનું પ્રમાર્જન કરે. યથોચિત ભોજન પીરસાયા બાદ નવકાર ગણે. ત્યાર પછી મુખ પ્રર્માજીને અસૂરસૂર-અચબચબ-અદ્દત-અવિલંબિત-અપરિસાટિત, મન-વચન કાયગુપ્ત સાધુની જેમ ઉપયોગયુક્ત થયો છતો ખાય. સ્ત્રીને અથવા માતાને જમાડયા બાદ પ્રાસૂક જલ વડે કરીને મુખશુદ્ધિ કરીને નવકારના સ્મરણપૂર્વક ઉઠે અને દેવવંદન કરે, દેવવંદન કરીને પચ્ચક્ખાણ કરે અને પછી પૌષધશાલાએ આવીને સ્વાધ્યાય ધ્યાન કરતો રહે.'' એ પ્રમાણે 'શ્રાવકપ્રતિક્રમણ સૂત્રચૂર્ણિ'માં કહેલું છે. તેવીરીતે--'સૂત્રકૃતાંગસૂત્રની ચૂર્ણિ'માં કહ્યું છે કે.

**चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीए पव्वं मासस्स अट्ठमि पक्खस्स उद्दिट्ठा--अमावसा--पुण्णिमा पडिपुण्णं पोसहंति आहारपोसहादि, पोसहिओ पारणे अवस्सं साहूण भिक्खं दाऊण पारंति, तेनोच्यते--समणे निग्गंथे फासुएसणिज्ज्रं असणं--४ पडिलाभेमाणे विहरती'' त्ति**

અર્થ-ચૌદશ-આઠમ-અમાસ અને પૂનમને વિષે મહિનાનું પર્વ (પૂનમ), પખવાડીયાનું પર્વ (આઠમ-ચૌદશ), અને **उद्दिट्ठा** કહેતા અમાવાસ્યા અને પૂર્ણમાસનો ચંદ્રમા એટલે પૂર્ણિમા : (તેને વિષે) પૂર્ણ પૌષધ એટલે આહાર પૌષધ આદિ **पौषधिको पारणे** અવશ્ય સાધુઓને ભિક્ષા આપીને પારણું કરે. તેથી કરીને અહિંયા કહેવાય છે કે શ્રમણ-નિર્ગ્રંથ એવા સાધુઓને પ્રાસૂક અને એષણીય એવા અશનાદિક વહોરાવતો છતો વિચરે.'' અહિં આહારપૌષધિકનું પારણું કહેલ છે. અને તે પારણું, પૂનમ કે અમાવાસ્યાના દિવસે સંભવે છે. કારણ કે આ જ પાઠ ઉપરની દશમી લીટીમાં **अयमाउसो निग्गंथे पावयणे अट्ठे सेसे अणट्ठे जम्हा एवं प्रतिपद्यते तम्हा उसिसहफलिका जाव पवेसा, जम्हा एवं तम्हा चाउद्दसट्ठमीसु० तम्हा पारणए सम्मणे निग्गंथे, तेणं एआरूवेण विहारेणं विहरमाणे बहूणि वासाणि**:--''આ આયુષ્યમાન્, નિર્ગ્રંથ એવું પ્રવચન એ જ સત્ય છે, એ જ અર્થ છે. બાકીનું બધું અનર્થ છે. એ પ્રમાણે

સ્વીકારે છે. તેથી કરીને ઉત્સેધ સ્ફટીકવાલી એવી પૌષધશાલામાં યાવત્ પ્રવેશ કરે. અને તેવી જ રીતે ચઉદસ-આઠમ આદિને વિષે (પૌષધ સ્વીકારે છે.) અને ત્યારબાદ પારણાના દિવસે શ્રમણ નિર્ગ્રંથને પ્રતિલાભે (અશનપાનાદિથી પ્રતિલાભે છે) આ પ્રમાણેની ચર્યાવડે વિચરતા છતાં ઘણાં વર્ષો થયા.'' અહિંયા આ વાતની અંદર ચૌદશ-આઠમનો તપ કહેલો છે. અને તેના ઉત્તર દિવસે પારણું કહેલું છે. અને તે દિવસ પૌષધથી સંયુક્ત એવો પૂનમ કે અમાવસ્યાનો દિવસ આવશે (એટલે) ચતુષ્પર્વીના પૂનમ અને અમાસના દિવસે પૌષધ હોવા છતાં પારણું થયું કે નહિ? એ વાત પોતાની જાતે જ વિચારી લેવી.

તેવી જ રીતે નિશીથ ભાષ્યમાં કહેલું છે કે–

**जे भिक्खू असणादि दिज्ञा गिही अहव अण्णतित्थीणं।**
**सो आणा अणवत्थं मिच्छत्तविराहणं पावे।।१।।**

**जुत्तमदाणमसीले कडसामइओ उ होइ समण इव।**
**तस्समजुत्तमदाणं, चोअग! सुण कारण तत्थं।।२।।**

**कामी सघरंगणओ, थूल पइण्णा सि होइ दट्ठवा।**
**छेअण भेअणकरणे, उद्दिट्ठकडंपि सो भुंजे।।३।।**

જે ભિક્ષુક-સાધુ, ગૃહસ્થીને અથવા અન્યતીર્થિઓને અશનાદિક આપે છે તે આજ્ઞાભંગ, અનવસ્થા-મિથ્યાત્વ-વિરાધનાને પામે છે. ।।૧।। અને કરેલું છે સામાયિક જેણે એવો શ્રાવક, શ્રમણ જેવો થાય છે. અને એથી કરીને કુશીલિયાઓને વિષે દાન ન આપવું તે યુક્ત છે. 'તેને દાન ન આપવું તે યુક્ત છે એમ કેમ?' તો હે શિષ્ય! તેનું કારણ છે તે સાંભળ. ।।૨।। તે ઇચ્છાવાળો છે. તે ઘરના આંગણાવાળો છે. અને છેદન-ભેદન કરવાને વિષે સ્થૂલ પ્રતિજ્ઞાવાળો હોય છે એમ જાણવું અને તેથી કરીને પોતાના નિમિત્તનું બનાવેલું હોય તો પણ તે ખાઈ શકે છે.'' તેવી રીતે નિશીથ ભાષ્યમાં કહ્યું છે. (નિશીથભાષ્ય ચૂર્ણિ-ઉદેશા-૧૫)

**जं च उद्दिट्ठकडं कडसामइओवि भुंजइ, एवं सो सव्वविरओ भवति, एतेण कारणेण तस्स न कप्पइ दाउंति।।**

કરેલી છે સામાયિક જેણે એવો શ્રાવક ઉદ્દિષ્ટકૃત (પોતાના નિમિત્તે બનાવેલું) પણ ખાય છે. અને એ પ્રમાણે ક્રમે કરીને સર્વવિરત થાય છે અને એ કારણે કરીને તેને બીજાને દેવું કલ્પતું નથી. તેવી જ રીતે આવશ્યકચૂર્ણિને વિષે પૌષધાધિકારમાં કહેલું છે કે :-

**तं सत्तिओ करिज्ञा, तवो उ जो वण्णिओ समणधम्मे।**
**देसावगासिएणं, जुत्तो सामाइएणं वा।।१।।**

જે શ્રમણધર્મની અંદર વર્ણવેલ છે તે તપ, યથાશક્તિ દેશાવગાસીકથી યુક્ત થઈને અથવા

સામાયિકથી યુક્ત થઈને કરે. હવે તેમજ **यथादृष्टं** (પૌષધવિધિ તથા ''વિધિપ્રપા''ખરતરના ગ્રંથમાં) જેમ જોયું છે તેમ કહીએ છીએ.

**''जो पुण आहारपोसही देसओ सो पुण्णे पच्चक्खाणे तीरीए अ खमासमणदुगेण मुहपुत्तिं पडिलेहिअ खमासमणेण वंदिअ भणइ--इच्छाकारेण संदिसह भत्तं पारावेह, पोरसि पुरिमड्ढं चउव्विहार एक्कासणं निव्वीअमायंबिलं वाच्चं, जा कावि वेला ताए पारावेमि, तओ सक्कत्थएणवि चेइए वंदिअ सज्झायं सोलस वीसं वा सिलोगे काऊ जहासंभवमतिथिसंविभागं दाउं मुहहत्थपाए पडिलेहिअ नमुक्कारपुव्वमरत्तदुट्ठो भुंजइ॥**

**भणिअंच--''रागद्वेष विरहिआ--वणलेवाइ उवमाए भुंजति।**
**कड्ढित्तु नमुक्कारं, विहीए गुरुणा अणुण्णाया॥१॥''**

''વળી જે દેશથી આહાર પૌષધવાળો છે તે પચ્ચક્ખાણ પૂર્ણ થયે છતે એટલે પચ્ચક્ખાણનો સમય પૂર્ણ થયે છતે બે ખમાસમણ આપીને મુહપત્તિ પડીલેહીને ખમાસમણ દેવા પૂર્વક વંદન કરીને છેલ્લે'ઈચ્છાકારણે સંદિસહ ભત્તં પારાવેહ, કહીને તે પછી પૌરિસી-પરિમુડઢ-ચોવિહાર-એકાસણું-નિવી-આયંબિલ વગેરે જે કાંઈ પચ્ચક્ખાણ કર્યું હોય તે બોલવું અને તે પણ જ્યારે વેળા આવે ત્યારે બોલે. ત્યાર પછી શક્રસ્તવનું ચૈત્યવંદન કરીને સોલ કે વીસ શ્લોક પ્રમાણે સ્વાધ્યાય કરીને યથાસંભવ--જેવો સંભવ હોય તે પ્રમાણે અતિથિસંવિભાગ આપીને મોઢું-હાથ અને પાત્રનું પડિલેહણ કરીને નવકાર ગણવાપૂર્વક રાગદ્વેષ રહિત બનીને જેમ શરીરના ગૂંમડાંને લેપ આદિ કરતાં હોય તેમ ખાય. તે પણ ક્યારે જમે? કે નવકાર ગણવાપૂર્વક અને ગુરુવડે અનુજ્ઞા પામ્યો છતો કહેલી વિધિપૂર્વક જમે'' ઇત્યાદિ જિનવલ્લભકૃત પૌષધવિધિ પ્રકરણમાં જણાવ્યું છે.

અહિં કોઈક વાચાલ એમ કહે છે કે પૌષધવિધિ પ્રકરણમાં 'આ વાત જે જણાવી છે તે ઉપધાન વાહિ પૌષધવાળાને માટે છે, નહિ કે ચાલુ પૌષધવાળા માટે આ વાત છે'. એમ બોલે છે. આવા તે વાચાલના મોઢાના ગૂંમડાને પકવાને માટે તેને યોગ્ય જ એવું 'વિધિપ્રપા'નું ઔષધ બતાવાય છે. જે આ પ્રમાણે

**तओ जइ पारणइत्तओ, तो पच्चक्खाणे पुण्णे खमासमणदुगेण पुव्वं मुहपोत्तिं पडिलेहिअ वंदिअ भणइ-भगवन्। भातपाणी पारावेह, उवहाणवाही भणइ-नमुक्कारसहिअं चउव्विहारं, इअरो भणइ--पोरसिं पुरिमड्ढं वा तिविहाहारं एकासणं निव्वीअं अंबिलं वा जा कावि वेला तीए भत्तपाणं पारावेमि, इति**

''જો ત્યારપછી પારણાવાળો હોય તો પચ્ચક્ખાણ પૂર્ણ થયે છતે બે ખમાસમણ દેવાપૂર્વક મુહપત્તિ પડિલેહીને પછી દેવવંદન કરીને બોલે કે 'હે ભગવન્! ભાત-પાણી પરાવો' એમાં ઉપધાનવાહી બોલે કે 'નમુક્કારસહિઅં ચઉવ્વિહાર'-એ પ્રમાણે બોલીને પચ્ચક્ખાણ પારે. બીજો(ઉપધાન સિવાયનો) બોલે કે પોરિસી-પુરિમુડઢ-અથવા તિવિહાર-ચઉવિહાર-નિવી-આયંબિલ આદિ જે કોઈની વેળા પૂર્ણ થઈ હોય ત્યારે તેનું ભક્તપાન પારું છું' એ પ્રમાણે બોલે, એ પ્રમાણે ખરતરને પીવા લાયક પાણીથી યુક્ત એવી વિધિપ્રપામાં કહ્યું છે. અહિંયા ઉપધાનવાહિક પૌષધિક

જુદોજ કહેલો છે. અને તેથી કરીને પૌષધવિધિ પ્રકરણમાં જે ભોજન કહ્યું છે તે 'સામાન્યથી જ ચાલુ પૌષધવાળા માટે જ કહ્યું છે' એમ જાણવું. ॥ ગાથાર્થ-૧૯૩ ॥

હવે ફરી જણાવે છે. તે આ પ્રમાણે

**सावयपडिमाधम्मो, वुच्छिण्णो दूसमाणुभावाओ।**
**इअ दुज्जणदुव्वयणं, अणंतभवकारणं णेअं॥१९४॥**

પાંચમા-દુષમા આરાના પ્રભાવથી જે શ્રાવકને અગીયાર પ્રતિમારૂપી શ્રાવકપ્રતિમા ધર્મ છે તે વિચ્છિન્ન થઈ ગયો છે. એ પ્રમાણે બોલે છે તે, દૂર્જન માણસના દુર્વચનરૂપ એવું અનંતભવ ભ્રમણનું કારણ જાણવું. ॥ ગાથાર્થ-૧૯૪ ॥ હવે કારણને જણાવે છે.

**जण्णं दूसमसमए, सावयपडिमाण पालगो जोग्गो।**
**उस्सग्गेण चरित्ते, पंचासयवित्तिवयणंति॥१९५॥**

જે કારણથી દૂષમાકાલમાં ઉત્સર્ગથી=મુખ્યવૃત્તિએ કરીને શ્રાવક પ્રતિમાનું પાલન કરનારો આત્મા, શ્રી હરિભદ્રસૂરિજી કૃત 'પંચાશકવૃત્તિ'ની અંદર ચારિત્રને માટે યોગ્ય જણાવ્યો છે. જે આ પ્રમાણે :—

**जुत्तो पुण एस कमो, ओहेणं संपई विसेसेण।**
**जम्हा असुहो कालो, दुरणुचरो संजमो एत्थ॥३॥**

વૃત્તિનો અર્થ આ પ્રમાણે : જો કે બીજા ક્રમવડે કરીને પણ કરીને પ્રવજ્યા થાય છે તો પણ હમણાં તાજેતરમાં કહી ગયેલા એવા પ્રતિમાના અનુષ્ઠાન આદિપૂર્વકનો ક્રમ, પ્રવજ્યા સ્વીકારવામાં સામાન્ય પરિપાટીવાળો છે. સર્વથા તો નહિ જ. કારણકે—શ્રાવકને પ્રતિમાવસ્થા સિવાય પણ ઘણાંઓની દીક્ષા સંભળાય છે. હવે કાલની અપેક્ષાએ કરીને વિશેષતા કહે છે. સાંપ્રત-વર્તમાન કાલને વિષે તો વિશેષ કરીને આ ક્રમ યુક્ત છે. 'આવું શાથી કહો છો?' તે જણાવે છે કે--જે કારણથી અશુભ અનુભવવાળો એવો દુષમકાલ વર્તે છે. તેથી કરીને દુઃખે કરીને સંયમપણું પાલી શકાય છે. એથી કરીને એવા અશુભ કાલમાં દીક્ષા લેવાની ભાવનાવાળાએ પ્રતિમાનો અભ્યાસ કરવો જોઈએ'' એ પ્રમાણે પંચાશકની ગાથાનો અર્થ

હવે તંત્રાન્તર--બીજા શાસ્ત્રની પ્રસિદ્ધિ એ કરીને પ્રતિમાવહનપૂર્વક દીક્ષાનું સમર્થન કરતાં જણાવે છે.

**तंतंतरेसु वि इमो, आसामभेओ पसिद्धओ चेव।**
**ता इह जइअव्वं खलु, भवविरहं इच्छमाणेहिं॥३॥**

આ ગાથાની વૃત્તિ :---જૈન પ્રવચનની વાત તો દૂર રહો; પરંતુ તંત્રાન્તર એટલે બીજા દર્શનના શાસ્ત્રોના વિષે પણ આશ્રમભેદ=ભૂમિકાવિશેષ કહેલો છે---એટલે

બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને તેમાં અશુભકાલ અને દુ:ખે કરીને સંયમનું પાલન આ બે હેતુથી અથવા તો જૈન પ્રવચનથી બીજા એવા અન્યદર્શનને વિષે સાધ્ય કરવાની જરૂર નથી. પણ સિદ્ધ જ છે. કે ઉક્ત ન્યાય વડે કરીને અથવા પ્રતિમાપૂર્વક પ્રવ્રજ્યામાં સંસારના વિયોગને ઈચ્છનાર અને નિખિલ શાસ્ત્રને વિષે શ્રેષ્ઠ એવા પારગત--આગમને વિષે એટલે જૈનાગમોનું અવલંબન કરનારા આત્માઓએ સંયમમાં યત્ન કરવો ॥ ગાથાર્થ-૧૯૫ ॥

અહિંયા આ પંચાશકની અંદર દૂષમાકાલને વિષે 'વિશેષે કરીને પ્રતિમાના પાલનપૂર્વક ચારિત્રને સ્વીકારવા'ની વાત જણાવેલી છે. અને તેથી કરીને જે કોઈ આત્મા

**साहूणं गोअरओ--वुच्छिन्नो दूसमाणुभावाओ।**
**अन्नाणं पणवीसं, सावयधम्मो अ वुच्छिन्नो॥१॥**

એ ગાથાની અંદર શ્રાવકધર્મ જે વિચ્છિન્ન થયેલો છે તે પ્રતિમા પાલનરૂપ જાણવો. એ પ્રમાણે જેઓ કાલ્પનીક અર્થ ઉદ્ભવાવીને ભોળા માણસોને વ્યુદ્ગ્રાહિત કરે છે તેને પણ ચૂપ કર્યો જાણવો. કારણકે આવા પ્રકારના અર્થની કોઈપણ આગમમાં પ્રાપ્તિ નહિ હોવાથી ॥ ગાથાર્થ-૧૯૫ ॥

હવે ફરી પણ ન્યૂન ઉત્સૂત્ર જણાવે છે.

## समणाणं समणीहिं, गामाणुग्गामविहरणं न सुहं।
## इअ उवएसी पवयणमेराओ दूरओ णेए(ओ)॥१९६॥

સાધ્વીઓની સાથે સાધુઓનું ગ્રામાનુગ્રામ વિહાર કરવો તે શુભ નથી. એ પ્રકારવડે કરીને જે ઉપદેશનું વચન છે તે પ્રવચન મર્યાદાથી દૂર જાણવું. હવે સાધ્વીઓની સાથે સાધુઓને વિહાર માટે સંમતિ ગાથા જણાવે છે.

## ठाणायारप्पमुहे निसीहभासाइ छेअंगथे वा।
## साहूण साहुणीहिं, समं विहारो जिणाणाए॥१९७॥

સ્થાનાંગસૂત્ર-આચારાંગસૂત્ર આદિને વિષે નિશીથભાષ્ય આદિ છેદસૂત્રોને વિષે સાધુઓની સાથે સાધ્વીનો વિહાર, જિનેશ્વર ભગવંતે અનુજ્ઞાત કરેલો છે. જેવી રીતે અનુજ્ઞા આપી છે એવી રીતે જણાવે છે.

**पंचहिं ठाणेहिं समणे निग्गंथे निग्गंथिं गेण्हमाणे वा अवलंबमाणे वा णाइक्कमति, तं जहा--निग्गंथिं च णं अण्णयरे पसुजाइए पक्खिजाइए वा ओघाएज्ञा तत्थ निग्गंथे निग्गंथिं गिण्हमाणे वा अवलंबमाणे वा**

**णाइक्कमति–१, निग्गंथे निग्गंथिं दुग्गंसि वा विसमंसि वा पक्खलमाणिं वा पवडमाणिं वा गेण्हमाणे वा अवलंबमाणे वा णाइक्कमति–२, निग्गंथे निग्गंथिं सेतंसि वा पंकंसि वा पणगंसि वा उदगंसि वा उक्कसमाणीं वो उज्झमाणीं वा गेण्ह० अव० णाति० ३, निग्गंथं निग्गंथिं वा आरुहमाणे वा ओरुभमाणे वा णाइक्कमति–४, खित्तइत्तं जक्खाविट्ठं जाव भत्तपाणपडिआतिक्खित्तं निग्गंथे निग्गंथिं गेण्हमाणे वा अवलंबमाणे वा णाइक्कमति–५, श्री स्थानांगे ४३७॥**

એની વૃત્તિનો અર્થ આ પ્રમાણે-- પાંચ સ્થાનોને વિષે સાધુ, પડતી એવી સાધ્વીના બાહુ આદિ અંગને પકડીને--ધારણ કરીને અથવા તો હાથ કે સર્વાંગે ગ્રહણ કરતો એવો ગીતાર્થ સ્થવીર, પોતાના આચાર અને આજ્ઞાને ઓળંગતો નથી.

જેવી રીતે કોઈક પશુજાતિ-ગર્વિષ્ટ આખલો આદિ અથવા પક્ષીજાતિ ગીધ આદિથી હણાતી હોય તો તે વખતે તેને ગ્રહણ કરતો (તે કારણીક વાત થયેલી હોવાથી) આજ્ઞાને ઓળંગતો નથી. અને જો કારણ ન હોય અને સંપર્ક કરે તો તેમાં દોષો જાણવા. દોષો કહ્યાં છે.

**मिच्छत्तं उड्डाहो, विराहणा फासभावसंबंधो।**
**पडिगमणाई दोसा, भुत्ताभुत्ते अ णायव्वा॥१॥**

મિથ્યાત્વ, ઉડ્ડાહના, વિરાધના, સ્પર્શભાવસંબંધ, પ્રતિગમન આદિ દોષો ભુક્ત અને અભુક્તમાં જાણવા, દુર્ગ એટલે દુઃખે કરીને ગમન કરી શકાય તે દુર્ગ. તે દુર્ગ ત્રણ પ્રકારનો, વૃક્ષદુર્ગ, શ્વાપદદુર્ગ, મ્લેચ્છાદિ-મનુષ્યદુર્ગ. તેવા દુર્ગમાં કહ્યું છે કે :–**तिविहं होइ दुग्गं रुक्खे–१–सावय–२–मणुस्सदुग्गं च त्ति** તેવીજ રીતે વિષમ એટલે ખાડા-પથરા આદિથી વ્યાપ્ત એવા સ્થળમાં અથવા પર્વતને વિષે પ્રસ્ખલન પામેલી અથવા પૃથ્વીપર પડતી, અથવા હાથ, જાનુ આદિવડે કરીને જે ભૂમિમાં નહિ પહોંચેલ અથવા પહોંચેલી એવી પરિસ્થિતિના પાત્રને પ્રસ્ખલન જાણવું. અને ભૂમિ કે ખાડામાં પડવું તે પતન જાણવું એવી રીતે સ્ખલના પામતી કે ખાડામાં પડતી સાધ્વીને ગ્રહણ કરતો આજ્ઞાને ઓળંગતો નથી. ॥૨॥

કાદવ અથવા નીલફુગ, સેવાલ, જલસહિતની સેવાલવાળું તેમાં ડૂબે અથવા તો આવી રહેલો છે પતલો કાદવ અને સેવાલવાળા પાણીમાં તણાતા સાધ્વીને ગ્રહણ કરતો અતિક્રમિત થતો નથી. ગાથા આ પ્રમાણે–પંક-૧-એટલે કાદવવાળું જે પાણી તે **પંક** અને ડહોળું પતળા કાદવવાળું પાણી જે આવતું હોય તે **પનક** કહેવાય. અને તે જ ડહોળુ ને ચીકાણું પાણી તે **શેક** એ બે પ્રકારના પાણીમાં લપસતી હોય તે **पंकपणगेसु-१-** પંક અને પનકવાળા પાણીમાં નિશ્ચયે કરીને લપસી જવાનું થાય. અને જલસહિતના એવા ડહોળા પાણીમાં ડૂબવાનું થાય. સરકી જવાનું થાય. તેવા પ્રકારના પાણીમાં ડૂબતી કે ખેંચાતી સાધ્વીને બચાવવા જતો સાધૂ, આજ્ઞાને ઓળંગતો નથી ॥૩॥ નાવડીમાં ચડતી અને ઉતરતી વખતે હાથ ઝાલવામાં આજ્ઞા ઓળંગાતી નથી ॥૪॥ તથા ક્ષિપ્તચિત્ત મોટાવડે અપમાનિત થવાથી ખેંચાઈ ગયેલું છે ચિત્ત જેનું એવી તથા જેમ ઈંધનોથી અગ્નિ પ્રજ્વલિત થાય તેમ સન્માન પામવા વડે અથવા લાભના મદથી કે દુર્જય શત્રુને જીતવાથી ગર્વિષ્ઠ ચિત્તવાલી તે **દપ્ત** કહેવાય. અને

અપમાનિત ચિત્તવાળી તે **ક્ષિપ્તચિત્ત** કહેવાય છે. તેમજ યક્ષાધિષ્ઠિત એવી તેમજ ઉન્માદને પામેલી. ઉન્માદ બે પ્રકારના—એક યક્ષાવિષ્ટ અને બીજો મોહાવિષ્ટ : એમાં પૂર્વભવના વૈરથી અથવા રાગથી યક્ષાદિવડે આક્રમાયેલ હોય તે **યક્ષાવિષ્ટ** અને મોહાવિષ્ટ એટલે સુંદરરૂપ, અંગવાળાને જોઈને અથવા પિત્ત-મૂર્ચ્છાદિના કારણે ઉપદ્રવિત થયેલી તે ઉન્માદ પામેલી : અથવા ઉપસર્ગને પામેલી : ઉપસર્ગ ત્રણ પ્રકારનો--દેવતા, મનુષ્ય કે તિર્યંચના ઉપસર્ગને પામેલી : દૈવી ઉપસર્ગ પૂર્વે જણાવ્યો તે, માનુષ્યોપસર્ગ-અભિયોગિક વિદ્યા વડે-મંત્રવડે-ભૂતવડે અધિષ્ઠિત થયેલી, તેવી જ રીતે યુદ્ધ કરવાને માટે તૈયાર થયેલી, સપ્રાયશ્ચિતવાલી અને જેણે જાવજ્જીવના ભક્તપાનના પચ્ચક્ખણ કર્યા છે એટલે અનશનવાલી એવી સાધ્વીને : અહિંયા ગાથા કહે છે.

**अट्ठं वा हेउं वा, समणीणं विरहिए कहिं तस्स।**
**मुच्छाए वडिआए, कप्पइ गहणं परिण्णाए॥१॥ त्ति**

**અર્થજાત** એટલે દીક્ષા ગ્રહણ કરતાં પોતાના જે પતિ આદિ પરિવારથી જે કાર્ય ઉત્પન્ન થયેલ હોય તે અર્થજાત કહેવાય. પતિ, ચોર આદિવડે કરીને સંયમથી ચલાયમાન કરાતી હોય તેણીને ધારણ કરતાં આજ્ઞાથી અતિક્રાંત થતો નથી.' ॥૫॥ એ પ્રમાણે સ્થાનાંગ સૂત્રની વૃત્તિમાં કહેલ છે. એવી રીતે આચારાંગમાં જે કહેલું છે તે બતાવે છે.

**"से भिक्खू वा भिक्खुणी वा आयरिअउवज्झाएहिं सद्धिं गामाणुगामं० आयरिअउवज्झायस्स हत्थेण हत्थं जाव अणासयमाणी ततो संजयामेव आयरिअउवज्झाय सद्धिं जाव दूतिजेज्ज वा"**

આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના ઈર્યા અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં જણાવેલ છે. એની વૃત્તિનો એક દેશ ભાગ આ પ્રમાણે :-સાંપ્રતકાલે જેવીરીતે આચાર્ય આદિની સાથે ચાલતાં સાધુને વિધિ જણાવે છે કે-તે સાધુ આચાર્યની સાથે ચાલતાં છતાં એક બીજાના હાથનો સ્પર્શ ન થાય. એટલી દૂર ભૂમિમાં રહ્યો સતો ચાલે. એ પ્રમાણે અહિં આ સૂત્રમાં જો કે ભિક્ષુણી શબ્દ કહેલો છે છતાં પણ વ્યાખ્યા કરી નથી. તો પણ પૂર્વે વ્યાખ્યા કર્યા પ્રમાણે અહિં પણ વ્યાખ્યા કરી લેવી. કારણકે એકને એક વાતની પ્રતિસૂત્રમાં વ્યાખ્યા કરતા નિરર્થકતાની આપત્તિની પ્રાપ્તિ થતી હોવાથી : (વ્યાખ્યા નથી કરી.)

હવે પ્રકટરીતે વિહારવિધિ તો નિશીથ આદિથી જેવી રીતે જાણી શકાય છે તેવી રીતે અમે જણાવીએ છીએ. તે આ પ્રમાણે :—

**"जे भिक्खू सगणिच्चिआए वा परगणिच्चिआए वा निग्गंथीए सद्धिं गामाणुगामे दूइज्जमाणे पुरओ गच्छमाणे पिट्ठओ रीयमाणे ओहयमणसंकप्पे चिंतासोगसागरं संपविट्ठे करयलपल्हत्थमुहे अट्टज्झाणोवगए विहारं करेइ जाव करिंतं वा साइज्जति" इति निशीथ सूत्रे उद्दे—८**

જે સાધુ, પોતાના ગણની નિશ્રાવાલી અથવા તો પરગણની નિશ્રાવાલી સાધ્વીની સાથે ગ્રામાનુગ્રામ વિચરતાં આગળ કે પાછળ રહેતાં ઉપહત મનસંકલ્પવાળી, ચિંતા અને શોક સાગરમાં

ડૂબેલી અને હાથ પર જેણે મોઢું ટેકવેલું છે એવા પ્રકારના આર્ત્તધ્યાનમાં ચઢી ગયેલી એવીની સાથે વિહાર કર્યો છે જેને અથવા વિહાર કરતાંને અનુમોદે છે. આ સૂત્રનું ભાષ્ય આ પ્રમાણે છે.

एतद्भाष्यं यथा–णिग्गंथीणं गणधरपइवणा खित्तमग्गणा वसधी। सेज्ञायरवीआरे गच्छस्स य आणणा दारा॥१॥ पिअधम्म दढधम्मे संविग्गे वज्ञतो अ तेअंसी। संगहुवग्गहकुसलो सुत्तत्थविदू गणाधिपती॥२॥ आरोहणपरिणाहो चितमंसो इंदिआइपडिपुण्णो। अह ओओ तेओ तेण होति अणोतप्पता देहे॥३॥ खित्तस्स तु पडिलेहा कायव्वा होति आणुपुव्वीए किं वच्चति अ गणधरो? जो वहती सो तणं चरति॥४॥ संजतिगमणे गुरुगा आणादी सउणि पेसिपेल्लणया। तुच्छेणवि लोभणयाआसिआवणादी भवे दोसा॥५॥ तुच्छेणवि लोहिज्जइ भरुअच्छाहरणि निअडिसड्ढेणं। णंतनिमंतणवहणे चेतितरूढाण अक्खिवणा॥६॥ एमादिकारणेहिं ण कप्पई संजईण पडिलेहा। गंतव्वं गणहरेणं विहिणा जो वण्णितो पुव्विं॥७॥ गुत्ता गुत्तदुवारा कुलपत्ते सत्तमंतगंभीरो! भीतपरीसहदविते अज्ञासिज्ञातरो भणितो॥८॥ धडकुड्डा सकवाडा सागारिअ भगिणिमातपेरंता। निप्पच्चवायजोग्गा विच्छिन्नपुरोहडा वसधी॥९॥ णासन्ननातिदूरे विहिणा परिणतवताण पडिवेसे। मज्झत्थऽविकाराणं अकुउहल-भाविआणं च॥१०॥ भोई मयहरमाई वहुसयणो वित्तको कुलीणो य। परिणवया अभीरू अणभिग्गहिओ अकोहल्लो॥११॥ वीआरे चउगुरुणा अंतोऽविअ तत्तिवज्झिअच्चेवा। ततिएवि जत्थ पुरिसा उविंति वेसित्थिआओ अ॥१२॥ जत्तो दुस्सीला खलु वेसित्थिणपुंसहट्ठतोरिच्छा। सा तु दिसा पडिकुट्ठा पढमा बितिआ चउत्थीआ॥१३॥ चारभडवोडमिंढा सालगतरुणा य जे अ दुस्सीला। उब्भामित्थीवेसिअ अपुमेसु अ पंति तु तदट्ठी॥१४॥ हेट्ठुवासणहेउं णेगागमणंमि गहणउड्डाहो। वाणरमक्कडहंसा छगलगसुणगाति तेरिच्छा॥१५॥ जइ अंतो वाधातो वहिं तासिं ततिअया अणुण्णाया। सेसा णाणुण्णाया अज्ञाण विआरभूमीओ॥१६॥ पडिलेहिअँ च खित्तं संजइवग्गस्स आणणा होइ। णिक्कारण मग्गंतो कारण पुरतो व समगं वा॥१७॥ णिप्पच्चवाय-संबंधिभाविते गणधरप्पवितितत्तिओ। असति भए पुण सत्थेण सद्धिं कय करणसहितो वा॥१८॥ उभयट्ठानिविट्ठं मा पेल्ले समणि तेण पुरतो ता। तं तु ण जुज्ञति अविणयविरुद्धभमयं च जयणाए॥१९॥ इति श्रीनिशीथभाष्येऽष्टमोद्देशके,

एतच्चूर्णिर्यथा–'जे भिक्खू सगणेच्चिआए वे' त्यादि, इआणिं खेत्तसंकमणेत्ति दारं, 'निग्गंथीण' दारगाहा, एरिसो संजतीगणहरो भवति, 'पिअधम्मे णामेगे णो दढधम्मे एवं चउभंगो, ततिअभंगिल्लो गणधरो, संविग्गो दव्वे भावे अ, दव्वे मिगो, भावे साहू संसारभउव्विग्गो, मा कओवि पमाएण छलिज्ञिहामित्ति सततोवउत्तो अच्छति, वज्ञं पावं तस्स भीरू 'उअतेअस्सि'त्ति 'आरोह' गाहा उस्सेहो आरोहो भण्णति, वित्थारो परिणाहो भण्णति, एए जस्स दोऽवि तुल्ला उवचिअमंसो–बलीअसरीरो, इंदिअपडिपुण्णो णो विगलिंदिओ, न चक्खूविगलादीत्यर्थः, 'अहो'ति एस ओओ भण्णति, तेओ जो सरीरे अणोतप्पता 'त्रपौषि लज्ञायाम्' अलज्ञनीय इत्यर्थः, वत्थाईएहिं जो संगहकारो, ओसहभेसज्जेहिं उवग्गहपरो, क्रियापरो कुसलो, सुत्तत्थे जाणंतो विदू भण्णति, एरिसो गणाधिपती भण्णति, गणधरप्ररूपणेति दारं गयं। इआणिं खेत्तपेहणेति दारं 'खित्तस्स उ' गाहा, खेत्तपडिलेहणकमो जो सो चेव आणुपुव्वी संजतीण खेत्तं संजतेहिं पडिलेहिअव्वं, णो संजतीहिं। तत्थवि गणधरेण, चोअग आह–किं वच्चति गणधरो? उच्यते, जो वहति सो तणं चरति, एवं जो गणभोगं भुंजति, ततो

आयरिअस्स चउगुरुं आणाइआ य दोसा, जहा सगुणी वीरल्लसउणस्स गम्मा भवति एवं ताओवि दुट्ठगम्माउ भवंति, सव्वस्स अभिलसणिज्ञा भवंति, मंसपेसिअव्व विसयत्थीहिं पेल्लिज्ञंति, तुच्छं—स्वल्पं तेणवि लोभिज्ञंति आसिआवणं—हरणं एवमादिदोसा भवंति 'तुच्छेणवि' गाहा, भरुअच्छे रूववतीओ संजतीओ दट्ठुं आगंतुगवणियओ निअडिसड्ढत्तणं पडिवण्णो, विसंभिया, गमणकाले पवत्तिणिं विण्णवेति, वहणठाणे मंगलठाणं, ताहं निवत्तेमि, संजईओ पट्ठवेह, पट्ठविआ, वहणे चेइवंदणट्ठा आरूढा, पयट्टिअं वहणं अक्खिवणंति, एवं हरणदोसा भवंति, 'एवमादि' गाहा, पुव्वंति ओहनिज्जुत्तीए दारं, इयाणिं वसहिसिज्ञायरेत्ति दो दारा 'गुत्ता गुत्तदुवारा' गाहा, वतीपरिक्खित्ता गुत्ता, जस्स कवाडं अत्थि सा गुत्तदुवारा, 'धणकुड्डा' गाहा, पक्किट्टिगादी धणकुड्डा, सह कवाडेण सकवाडा, सेज्ञायरमाउभगिणीणं जे थेरेति संजतिवसहीए पेरंतेण ट्ठिआ दुट्ठतेणगादि पच्चवाया णत्थि, महन्तपुरोहडा य 'णासन्न' गाहा, विहवा—डारं

प्रणहंता—परियवया मज्झत्थत्ता ण कंदप्पसीला गीआदिविकाररहिआओ संजईणं भोअणादिकिरिआसु अकोउआ धम्मेण साहुसाहुणीहिं भाविआ, एरिसा पडिवेसवासिणीओ, वसहित्ति गयं, इआणिं सिज्ञायरेत्ति दारं, 'कुलपत्ते' ति तिण्णि दारां पढिअसिद्धा, सो अ इमो 'भोग' गाहा, सत्तमंतो महंतमवि पोओअणं अज्झवसति, उप्पण्णे पुण पओअणे अभीरू अणभिग्गहिअमिच्छत्तो सेसं कंठं, दारं, इआणिं विआरेत्ति, अणावायमसंलोगादी चउण्हं भंगाणं तेसिं कयमो पसत्थो ?, तेसिं किं विआरभूमी अंतो पसत्था बाहिं पसत्था ?, भण्णति—'वीआरे' गाहा, उस्सग्गेणं संजईणं अंतो विआरभूमी, जइ बाहिं विआरभूमिं गच्छति तो आयरिअस्स चउगुरू, अंतो ततिअभंगे अणुण्णायं, तत्थवि त्थीआवायं अंतो, विसेसभंगेसु चउगुरुं, ततिएवि जइ पुरिसा आवायंति वेसित्थिआओ अ तहावि चउगुरुं, 'जत्तो उ' गाहा, परदाराभिगामी दुस्सीला, हेट्ठोवासण हेउं जत्थ लोहकरा थायंति, जत्थ य वानराइ तिरिआ बद्धा चिट्ठंति, जत्थ य इमे उवेन्ति, 'चारभडा' गाहा। पंचालचट्टाइ घोडा सालातुरगपरिअट्टगा उब्भामगवेसित्थिग अपुमेसु अ तदट्ठिणो अण्णे आगच्छंति, 'हेट्ठ' त्ति अस्य व्याख्या—'हेट्ठ उ' गाहा, गुज्झप्पदेसोवासणहेउं ते जइ उदिण्णमोहा संजतिं गेण्हंति तो उड्डाहो, 'तेरिच्छ' त्ति अस्य व्याख्या—वाणरपच्छद्धं, एए किल इत्थिअं अभिलसंति। 'जइ अंतो' गाहा, बहिआवि अ इत्थिआवातो तइयभंगो तो अणुण्णाओ। दारं। इआणिं गच्छस्स आणणंतिदारं, 'पडिलेह' गाहा, जया खेत्तातो खेत्तं संजतीओ संचारेज्ञंति तदा निब्भए निराबाहे साहू पुरओ थिआ ताओ अ मग्गओ थिआ आगच्छंति, मयादिकारणे पुण साहू पुरओ मग्गतो पक्खापक्खिअं वा समंतओ वा ठिआ गच्छंति, 'निप्पच्च' गाहा, संजईणं संबंधिणो जे संजया तेहिं सहितो गणधरो अप्पबितिओ अप्पततिओ वा णिप्पच्चवाए णेति, सप्पच्चवाए सत्थेण सद्धिं णेति। जो वा संजओ सहस्सजोही ईसच्छे वा कयकरणो तेण सहितो णेति, 'उभयट्ठा' गाहा आयरिआ भणंति—पुरोवि अ संजतीतो गच्छंतु, किं कारणमाह—काइअसन्ननिविट्ठं संजइं मा वइणो पेल्लेहिन्ति, सा वा वइणं, तम्हा पुरओ गच्छंतु, तं ण जुज्ञति, कम्हा ?, तासिं अविणओ भवति लोगविरुद्धं च, तम्हा उभयं जयणाए करेज्ञा, का जयणा ?, जत्थ एगो काइअं सण्णं वा वोसिरिति तत्थ सव्वे निसिरंति तत्थ सव्वे चिट्ठंति, ताओवि चिट्ठिए दट्ठुं मग्गओ चेव चिट्ठंति, ताओवि पिट्ठओ सरीरचिंतं करेंति, एवं दोसा ण भवंति। श्री निशीथचूर्णावष्टमोद्देशके। अत्र सामान्येन साध्वीभिः सह साधुविहारविधिरुक्तः॥ अथ मार्गे वस्त्रापगमे गमनविधिमाह—दुहतो वाधाओ पुण

चउत्थभंगंमि होति णातव्वो। एमेवय परपक्खे पुव्वे अवरंमि अ पदंमि॥१॥ दुहतो वाघायं ता पुरतो समणा तु मग्गतो समणी। खुड्डेहिं भणावेंती कज्जे देअं च दावेंति॥२॥ समणाणं जो उ गम्मो अट्ठहि सुत्तेहिं वण्णितो एसो। सो चेव निरवसेसो बोच्चत्थो होइ समणीणं॥३॥ इति श्रीनिशीथभाष्ये उ० ११। एतच्चूर्णिर्यथा 'दुहतो वा' गाहा, पुव्वद्धं कंठं, पक्खे गिहित्थिअण्णतित्थिणीते, तेसु एवं चेव चउभंगो, दोसा य वत्तव्वा, एगतरे उभयपक्खे वा वित्ते वत्थाभावे खंडपत्तदब्भचीवरहत्थपिहाणादि जयणा कायव्वा, सावयभयादिसु अ संजईओ मज्झे छोढुं ठाणादि चेदेज्ज, दुहतोवि अचेलाणं पथे इमो गमणविही–'दुहतो वा'गाहा, अग्गतो साहू गच्छति, पिट्ठतो समणीतो, जदि संजतीतो किंचि वत्तव्वा तो खुड्डगेहिं भणावेति, जं किंचि देअं तंपि खुड्डगेहिं चेव दवावेंती, सभए पुण पिट्ठतो अग्गतो पासतो वा संजया गच्छंति, न दोसो, वितिअचउत्थेसु भंगेसु सव्वपयत्तेण संजईण वत्था दायव्वा, समणाणं गाहा, चउरो संजतिसुत्ता, चउरो गिहत्थन्नतित्थिणो सुत्ता, एए अट्ठ, संजताणवि संजएसु चउरो सुत्ता गिहत्थन्नतित्थिएसु चउरो, एसेव विवच्चासो दोसा य वत्तव्वा निशीथचूर्णिकादशोद्देशके ११, इति मार्गगमने स्तेनादिना वस्त्रापगमने गमनविधिः। आदिशब्दाद् बृहत्कल्पादिर्यथा 'से गामंसि वा जाव रायहाणिंसि वा सपरिक्खेवंसि अबाहिरिअंसि कप्पइ निग्गंथीणं हेमंतगिम्हेसु दो मासा वत्थए'' त्ति श्रीबृहत्कल्पसूत्रम्, एतद्भाष्यं यथा–एसेव कमो निअमा निग्गंथीणंपि होति णायव्वो। जं इत्थं णाणत्तं तमहं वोच्छं समासेणं॥१॥ निग्गंथीणं गणहर परूवणा खित्तमग्गणा चेव। वसही विहार गच्छस्स आणणा वारए चेव॥२॥ भत्तट्ठाए अ विही पडणीए भिक्खणिग्गमे चेव। निग्गंथाणं मासो कम्हा तासिं दुवे मासा?॥३॥ पिअधम्मे दढधम्मे संविग्गे वज्ज उअतेअंसी। संगहुवग्गहकुसलो सुत्तत्थविऊ गणाधिपति॥४॥ आरो०॥५॥ खित्तस्स०॥६॥ संजति०॥७॥ तुच्छेण०॥८॥ एएहिं०॥९॥ जत्थाधिवती सूरी समणाणं सो अ जाणइ विसेसं। एआरिसंमि खित्ते अज्जाणं होई पडिलेहा॥१०॥ गुत्ता गुत्त०॥११॥ धणकु०॥१२॥ नासन्न०॥१३॥ भोईमहत्तरगादी बहुसयणो पिल्लओ कुलीणो अ परिणयवओ अभीरू अणभिग्गहिओ अकुतूहल्ली॥१४॥ कुलपुत्त सत्तमंतो भीअपरिस भद्दओ परिणओ अ। धम्मट्ठीओ (भद्दो) अज्जासेज्जायरो भणिओ॥१५॥ आणावायमसंलोगा आवाया चेव होई संलोगा। आवायमसंलोगा आवाया चेव संलोगा॥१६॥ बीआरे०॥१७॥ जत्तो दु०॥१८॥ चारभ०॥१९॥ हेट्ठा उवा०॥२०॥ जइ अं०॥२१॥ पडिले०॥२२॥ णिप्पच्च०॥२३॥ उभय०॥२४॥ इति श्री बृहत्कल्पभाष्यम्, एतच्चूर्णिर्यथा–'एसेव' गाहा कंठा, निग्गंथीणं दारगाथाद्वयं, तत्थ पढमं दारं निग्गंथीणं केरिसो गणहरो ठवेअव्वो?, तस्स परूवणा–'पिअधम्मे' गाहा, पिअधम्मे नामेगे णो दढधम्मे चउभंगो, ततिअभंगे ठविज्जिति, ण य सेसो, संविग्गो दब्बे मिओ, भावे जो पुव्वत्तावरत्तं० सिलोगो, वज्जं–पावं तस्स भीरु ओअतेअस्सीत्ति, 'आरोह' गाथा, आरोहो णाम नातिदीहो नातिमंडलो, परिणाहो णाम नातिस्थूलो नातितणुओ, अहवा आरोहो उच्चत्तं परिणाहो बाहूणं विक्खंभो, समचउरंससंठाणमित्यर्थः, चितमांसो नाम णो पंसुलिआदीणि दीसंति। अणोतप्पाता–देहेत्ति ओतप्पता निस्तेजत्वात्परिभूतत्वं अणोतप्पता तेजोयुक्तत्वाद-परिभूतत्वं, ''देहीति'' वदतो वाणीं, सैव देहीति याचतः। प्रहर्षोद्वेगजननी, श्राग्वध्यवरयोरिव॥१॥'' संगहो वत्थादीहि उवग्गहो णाणादीहिं, गणहर परूवणत्ति गतं, इआणिं खित्तमग्गणा, पडिलेहणा इत्यर्थः 'खित्तस्स य'गाहा तं पुण खेत्तं पडिलेहिअव्वं, किं संजतीओ गच्छंति उदाहु संजया गच्छंति?, उच्यते, 'संजतीगमणे' गाहा कंठा, जहा सउणीवंदे वीरल्लगो लीणो, अवंताओवि केणइ पुरिसेण सव्वाओऽवि अभिभूयंते, जं वा

रुच्चति तं करिज्जति, से जधा वा अंबपेसिआति वा सूत्रापकाः, पेल्लिज्जति वा पडिणीएणं, अविअ महिलाओ तुच्छाओ आहारादिलोभेणं 'तुच्छेणवि' गाहा कंठा, 'एतेहिं' गाहा कंठा, आह–ता को वच्चति?, उच्यते, गणधरो, जो चरति सो तणं वहति, हत्थिस्स चारी हत्थी चेव समत्थो वहेउं एगसराए, एवं तस्स भरस्स गणधरो चेव समत्थो, अहवा जयहा हत्थिस्स अण्णे चेव महिसादिणो आणेति, एवमिहावि गणहरो दुक्खणो होज्ञा तो अण्णो तग्गुण एव पडिलेहओ जाति, तं पुण केरिसं खेत्तं? 'जत्थाधि' गाथाद्वयं कंठं। 'वसही' ति तत्थ वसही केरिसा? गुत्ता–वतिपरिखित्ता कुड्डपरिखित्ता वा, गुत्तदुवारा सकवाडा, 'धणकुड्डा' गाहा कंठा, सिज्ञायरो कुलपुत्तो सत्तमंतो जो ण केणवि खोभिज्ञति, गंभीरो अचवलो, उच्चारपासवणारयणाए अंतो न किंचिवि भणंति 'ओभासण'त्ति एरिसो अज्ञाण वसहि ओभासिज्ञति, दिण्णाए भण्णति–जइ चिंतेसि मए धूआसुण्हाओ वा जहा सारकुखिअव्वाओ, जइ पडिज्ञिति तो ठविज्ञति, जइ अ अज्ञाओ अब्भुधगच्छंति अण्णपरिवाडीए, 'णासण्ण'गाहा कंठा, 'भोइअ'गाथाद्वयं, सिज्ञायरो एरिसो, अण्णपरिवाडीए <u>'विआरे' त्ति सण्णा--भूमि उस्सग्गेणं पुरोहडे विज्ञमाणे असत्तिए हिंडंति 'बीअसबाहु' गाहा पुरोहडे विज्ञमाणे अ जइ एहिज्ञति,</u> 'अणावात' गाहा चउसुवि ४, अंतो चिअत्ति वइणीओ अब्भंतरे पुरोहडे ततिअथंडिलं आवाते असंलोगं वज्रेत्ता जति पढमे चउत्थे वा वोसरति, जो एम ततिआ अणुण्णाया, एसावि कुलयाणं इत्थिआणं जाऽऽवाता असंलोगा सा ततिए पुव्वद्धं तत्थ विधवा, आह–किं पुण पढमं बीअं चउत्थं थंडिलं अंतो पडिसिद्धं?, उच्यते–'जत्तो'गाहा, एतोवि अप्पसारिअंति काउं पढमबीआणि ओमाणी वच्चंति, दुस्सीला वेसित्थिणपुसंत्ति 'चारभड' पुव्वद्धं एते दुस्सीला, उब्भामइगमहिलाणं वेसित्थीणं नपुंसगाण य अद्धाए पढमबितिएसु थंडिलेसु एति घोडा चट्टा सोवगा परिअट्टागा हेट्ठत्ति हेट्ठण्हावित्ता तेसिं हेट्ठाउवासणं पुव्वद्धं तेंसि अप्पसारिअंति काउं पढमे थंडिलेसु गच्छंति, तेरिच्छंति वाणरपच्छद्धं, एते वि उवसग्गंति, एवं अंतो गयं, 'जइ अंतो वाधाओ' गाथा कंठा। खेत्तमग्गणावसधीविआराणि गयाणि। इआणि संजतीगच्छस्स आणणत्ति दारं। 'पडिलेहिअं च' गाथात्रयं कंठं, संबंधेत्ति आसन्ने भाविते, जतिणीगच्छस्स आणणत्ति गतं। इआणिं दारए चेवत्ति दारं इति <u>श्रीबृहत्कल्पचूर्णौ</u>॥ अथ बृहत्कल्पवृत्तिर्लिख्यते–सूत्रं 'से गामंसि वा' इत्यादिसूत्रं प्राग्वद्, अथ भाष्यविस्तरः एसेव०' व्याख्या एष एव–निर्ग्रन्थसूत्रोक्त एव यः 'सिकुखावय' इत्यादिकः क्रमो नियमो निर्ग्रन्थीनामपि ज्ञातव्यो भवति, यत्पुनरत्र विहारद्वारे नानात्वं तदहं वक्ष्ये समासेन। प्रतिज्ञातमेव निर्वहति–निग्गंथीणं० भत्तट्ठा० व्याख्या–निर्ग्रन्थीनां यो गणधरो–गच्छवर्त्तापकस्तस्य प्ररूपणा कर्त्तव्या, ततः क्षेत्रस्य संयतिप्रायोग्यस्य मार्गणा–प्रत्युपेक्षणा वक्तव्या, ततस्तासां योग्या वसतिर्विचारभूमिश्च, ततो गच्छस्य–संयतिवर्गस्यानयना, ततो वारको–घटवत्स्वरूपं, तदनन्तरं भक्तार्थता–समुद्देशनं तस्य विधिः–व्यवस्था, ततः प्रत्यनीककृतोपद्रवतो निवारणं। ततो भिक्षायां निर्गमः, ततो निर्ग्रन्थानां कस्मादेको मासस्तासां च कस्मात् द्वौ मासौ? एतानि द्वाराणि वक्तव्यानीति द्वारागाथाद्वयसमुदायार्थः, अथावयवार्थं प्रतिद्वारमाह–तद्यथा 'पिअधम्मे०' व्याख्या–प्रियः–इष्टो धर्मः श्रुतचारित्ररूपो यस्य स प्रियधर्मा, यस्तु तस्मिन्नेव धर्मे दृढो––द्रव्यक्षेत्राद्यापदुदयेऽपि निश्चलः स दृढधर्मा, राजदन्तादित्वाद्दृढशब्दस्य पूर्वनिपातः।

(આ છેદસૂત્રની ચૂર્ણિ આદિનો અર્થ ગીતાર્થને જ સ્વબુદ્ધિગમ્ય અને લાભદાયી છે. બાલજીવોને માટે જરૂરી ન હોવાથી અમો તેનો વિસ્તારથી અર્થ જણાવતા નથી. ફક્ત ચૂર્ણિ-વૃત્તિ ભાષ્યાદિના આધારે મૂલમાત્ર અર્થ જણાવીએ છીએ. જે નીચે પ્રમાણે–)

નિશીથભાષ્ય-નિશીથચૂર્ણિ-બૃહત્કલ્પભાષ્ય-બૃહત્કલ્પચૂર્ણિ. બૃહત્કલ્પસૂત્રની વૃત્તિ લખીએ છીએ. **से गामंसि वा**-ઇત્યાદિ સૂત્ર પૂર્વની જેમ જાણી લેવું. હવે એ સૂત્રનો ભાષ્યવિસ્તાર આ પ્રમાણે **अेसेव** નિગ્રંથના સૂત્રમાં કહેલો જે ક્રમ તે જ ક્રમ સાધ્વીઓમાં પણ જાણવો.

હવે અહિં જે વિહારદ્વારની અંદર વિધવિધ પ્રકારપણું જણાવ્યું છે તે ટૂંકાણમાં જણાવ્યું છે. જે પ્રતિજ્ઞા કરે છે તેનો નિર્વાહ કરે છે.

**निग्गंथीणं गच्छस्स, परूवणा खित्तमग्गणा चेव।**
**वसही विहार गच्छस्स, आणणा वारए चेव॥२॥**

**भत्तट्ठाए अ विही, पडणीए भिक्खणिग्गमे चेव।**
**निग्गंथाणं मासो, कम्हा तासिं दुवे मासा?॥३॥**

નિર્ગ્રંથી-એટલે સાધ્વીઓનો જે ગણધર એટલે ગચ્છને ચલાવનાર, તેની પ્રરૂપણા કરનારઃ તેથી કરીને સાધ્વીને યોગ્ય એવા ક્ષેત્રની પ્રત્યુપ્રેક્ષણા કહેવી. અને તેથી કરીને તે સાધ્વીઓને યોગ્ય એવી જે વસતી અને વિહારભૂમિ ત્યારબાદ સંયતિવર્ગને બોલાવવી, ત્યારબાદ વારક એટલે ઘડાંની જેમ સ્વરૂપ, ત્યાર પછી ભક્તને માટેની વ્યવસ્થા. ત્યારપછી શત્રુ એટલે પ્રતિસ્પર્ધીકૃત ઉપદ્રવનું નિવારણ, ત્યારપછી ભિક્ષામાં જવું. તેથી કરીને સાધુને એક મહિનો અને સાધ્વીને બે મહિના કેમ? એ દ્વારોનું વર્ણન કરવું. આ બે દ્વારગાથાનો સમુદાય અર્થ જણાવ્યો. હવે એનો અવયવનો અર્થ પ્રતિદ્વારમાં જણાવશે.

તે આ પ્રમાણે--પ્રિયધર્મા--શ્રુતચારિત્રરૂપ ધર્મ જેને ઇષ્ટ છે તે પ્રિયધર્મા. અને શ્રુતચારિત્રરૂપી ધર્મને વિષે દ્રવ્ય-ક્ષેત્ર આદિની આપત્તિનો ઉદય થયે છતે પણ તેમાં નિશ્ચલ રહેવું તે દૃઢ ધર્મ છે. તેમજ દ્રવ્યથી અને ભાવથી સંવિગ્ન. દ્રવ્યથી સંવિગ્ન મૃગલાની જેમ. મૃગલું હંમેશા ત્રસ્ત માનસવાળું હોય છે તેમ અને ભાવથી સંરંભ-આરંભથી ઉદ્વિગ્ન અને પૂર્વ અપરકાલને વિષે 'મારા વડે શું કરાયું? અથવા તો મારે શું કરવાનું બાકી છે? અથવા શક્ય એવું તપ કર્માદિ હોવા છતાં પણ શું નથી કરતો?' ઇત્યાદિની પ્રેક્ષણા કરતો હોય તથા અવદ્ય=પાપ તેનાથી ભીરુ એટલે અવદ્યભીરુ હોય, ઓજ અને તેજવાળા તે બન્ને વક્ષ્યમાણ લક્ષણવાળા ઓજસ્વી અને તેજસ્વી કહેવાય.

દ્રવ્યથી વસ્ત્રાદિનો અને ભાવથી સૂત્ર અને અર્થનો સંગ્રહકારી, કુશલ હોય; દ્રવ્યથી ઔષધ-ભેષજ આદિવડે કરીને, ભાવથી જ્ઞાન આદિવડે કરીને સંયતિના વિષયમાં સંગ્રહ ઉપગ્રહમાં કુશલ હોય. અને સૂત્રાર્થવિત્ એટલે ગીતાર્થ હોય તેવા પ્રકારનો સાધ્વીઓનો ગણધર સ્થાપવો જોઈએ. હવે ઓજસ્વી અને તેજસ્વી કેવો હોય? તેની ગાથા જણાવે છે.

**आरोहणपरिणाहो, चित्तमंसो इंदिआइपडिपुण्णो।**
**अह ओओ तेओ तेण होति अणोतप्पत्ता देहे॥३॥**

आरोह-એટલે શરીરવડે કરીને બહુ લાંબો નહિ ને બહુ ટુંકો નહિ. परिणाह-બહુ જાડો નહિ અને બહુ દુબલો નહિ અથવા આરોહ--શરીરની ઉંચાઈ અને परिणाह એટલે બાહુનો વિષ્કંભ-હાથની પહોળાઈ એ બન્ને તુલ્ય હોય, હીન કે અધિક પ્રમાણવાલી નહિ. અને ચિત્તમંસ-એટલે જેના શરીરની પાંસળીઓ દેખાતી ન હોય એવો હૃષ્ટ-પુષ્ટ તથા ઇન્દ્રિયોથી પ્રતિપૂર્ણ એટલે આંખ-કાન આદિ કોઈપણ ઇન્દ્રિયોની વિકલતા ન હોય. હવે આ આરોહ આદિ જે વાત કરી છે તે ઓજ કહેવાય ઓજસ છે જેને તે ઓજસ્વી કહેવાય. તેજ અંદરની કાંતિવાલું, અનપત્રપ્યતા--અલજ્જનિયતા અને શરીરની છાયા એવી પડતી હોય કે જેનાથી પરાભવિત ન થાય. એવું અપરાભૂતપણું જેનું હોય તે તેજસ્વી કહેવાય. આવા જે આત્મા હોય તે તેજસ્વીઃ એ પ્રમાણે ગણધર પ્રરૂપણાદ્વાર-

હવે ક્ષેત્ર માર્ગ દ્વાર કહે છે.

**खित्तस्स तु पडिलेहा, कायव्वा होति आणुपूव्वीए।**
**किं वच्चति गणधरो? जो वहती सो तणं चरति॥४॥**

સંયતિ એટલે સાધ્વીઓને અનુકુલ એવા ક્ષેત્રની આનુપૂર્વીએ કરીને 'થૂઈ-મંગલ-મહામંતણ' ઇત્યાદિ પૂર્વે કહેલા પ્રકારવડે કરીને ગણધર પ્રત્યુપેક્ષણા કરવા જાય? પ્રશ્ન કરે છે કે--એવું શું કારણ છે કે--જેથી ગણધર જાતે ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરવા જાય? જવાબ આપી છીએ કે જે 'બળદ ચારો ચરતો હોય તે ઘાસના ભારાને વહન કરે' એવી રીતે જે સાધ્વી સમુદાયનું આધિપત્ય અનુભવે તેને જ તેની બધી ચિંતાનો ભાર વહન કરવો પડે.

પ્રશ્ન કરે છે કે સાધ્વીઓ પ્રત્યુપેક્ષણા કરવા સ્વયં-જાતે કેમ ન જાય?

**संजतिगमणे गुरुगा, आणादि सउणिपेसिपेल्लयणा।**
**तुच्छेणवि लोभणया आसिआवणादि भवे दोसा॥५॥**

જો સાધ્વીઓ ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરવા જાય તો આચાર્યને ચતુર્ગુરુનું પ્રાયશ્ચિત્ત અને આજ્ઞાભંગાદિ દોષો લાગે. જેવી રીતે પંખિણી છે તે બાજપક્ષીનો શિકાર થાય છે. અથવા તો જેમ માંસની પેશી કે આંબાની પેશી (કેરીનો કટકો) સર્વને ઇચ્છનીય હોય તેમ આ સંયતિઓ પણ અભિલષણીય થાય છે, અને તેથી જ કરીને વિષયી જીવો તેની પ્રાર્થના કરે, તેણીને તેમાં પ્રેરણા કરે, તેમજ તુચ્છ આત્માઓ જે છે તે આહારદાન આદિવડે કરીને લોભાવીને તેઓનું અપહરણ કરે. ઇત્યાદિ દોષો થાય છે. આ જ વાતની ભાવના કહે છે.

**तुच्छेणवि लोहिज्जइ, भरुअच्छाहरणि निअडिसड्ढेणं।**
**णंतनिमंतणवहणे, चेतितरूढाण अक्खिवणा॥६॥**

તુચ્છ એવા આહાર-વસ્ત્ર આદિવડે કરીને સ્ત્રી લોભાય છે. અહિંયા ભરુચ્ચ આવેલા નિકૃતિ શ્રાદ્ધનું ઉદાહરણ જાણવું. કેવી રીતે? વસ્ત્રો વડે કરીને નિમંત્રણ કરીને ચાલુ થયેલા વહાણની અંદર

ચૈત્યવંદના કરવાને આરુઢ થયેલી સાધ્વીનું અપહરણ કર્યું. તે આ પ્રમાણે :--

ભરુચ નામના નગરમાં (બૌદ્ધ) શ્રદ્ધાવાળો વેપારી આવેલો હતો. રૂપવતી એવી સાધ્વીઓને જોઈને તેણે કપટી શ્રાવકપણું સ્વીકાર્યું. અને ત્યાર બાદ તેણે સાધ્વીઓને વિશ્વાસમાં લીધી. અને (પાછા) જવાની તૈયારી વખતે પ્રવર્તિનીને વિનંતી કરી કે હવે અમે જવાને તૈયાર થયેલા છીએ. એટલે અમારા જવાને સ્થાને મંગલને માટે પ્રતિલાભના કરીશું. તો આપ સંયતિઓને મોકલશો. અમે પણ અનુગૃહીત થઈશું. ત્યારે પ્રવર્તિનીએ સાધ્વીઓને મોકલી. કપટી શ્રાવકે કહ્યું પહેલાં તમે (વહાણમાં રહેલા) ચૈત્યોને વંદન કરો. ત્યાર પછી હું પ્રતિલાભના કરું છું. ત્યારે તે સાધ્વીઓએ જાણ્યું કે--ઓહો! આનો કેટલો વિવેક છે? ત્યાર પછી તે સાધ્વીઓ ચૈત્યવંદના કરવાને માટે વહાણમાં આરુઢ થઈ અને વહાણ ચાલતાં થયા એમ અપહરણ કર્યું.

**एमादिकारणेहिं ण कप्पई संजईण पडिलेहा।**
**गंतव्वं गणहरेणं, विहिणा जो वण्णतो पुव्विं॥७॥**

આ કારણો વડે કરીને સાધ્વીઓને ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરવી કલ્પતી નથી. તો પછી તે પ્રત્યુપેક્ષણા કરવાને માટે કોને કરવા જવું જોઈએ. તે કહે છે વિધિપૂર્વક ગણધરે પ્રત્યુપેક્ષણા કરવા જવું જોઇએ. કઈ વિધિ? તો કહે છે કે પૂર્વે આ જ ગ્રંથમાં સ્થવિરકલ્પીક વિહારદ્વારમાં માસકલ્પની મર્યાદાની અંદર જે વિધિ વર્ણવેલ છે તે વિધિએ.

હવે પ્રશ્ન કરે છે કે કેવા ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરવી જોઈએ? તો કહે છે કે

**जत्थाधिवती सूरो, समणाणं सो अ जाणइ विसेसं।**
**एआरिसंमि खित्ते, अज्ञाणं होइ पडिलेहा॥१०॥**

જે ગ્રામ નગર માલીક, ભોગીક આદિ જે કોઈ હોય તે શૂરવીર હોય, જે ચોર ડાકૂ આદિથી પરાભવિત ન થાય તેવો હોય, જે સાધુઓના વિશેષને જાણતો હોય. કે 'આના દર્શનને વિષે આવું વ્રત હોય. અને આવો આચાર હોય'. એવા પ્રકારના સાધ્વીને યોગ્ય એવા ક્ષેત્રની વિષે સાધુઓની પ્રત્યુપેક્ષણા હોય છે. તેવી જ રીતે ત્યાં દુઃશીલ માણસોનો તેમજ ચોર અને હિંસક પશુઓનો ન ભય હોય એવા પ્રકારના અપાયરહિતના ક્ષેત્રને વિષે સાધ્વીઓને યોગ્ય પ્રત્યુપેક્ષણા કરવી જોઈએ. હવે ક્ષેત્ર જોયા પછી વસતિનું દ્વાર વર્ણવે છે.

**गुत्ता गुत्त दुवारा, कुलपुत्ते सत्तमंत गंभीरो।**
**भीतपरिसहदविते, अज्ञा सिज्ञातरो भणितो॥८॥**

**ગુપ્તા**– વાડ કે ભીંત આદિવડે કરીને વ્યાપ્ત **ગુપ્તદ્વારા**-બે બારણાવાલી એવી બારસાખસહિતની જે વસતિ, તેનો માલિક જે છે તે. કુલ પુત્રક કેવો હોય? સત્વવાળો એટલે કે કોઈથી પણ ક્ષોભાયમાન ન થાય તેવો હોય, કોઈ મોટું કાર્ય આવી પડતું હોય તો તે કરવા સમર્થ હોય. અને ગંભીર એટલે

કે સંયતિઓનું પુરુષાદિ આચરણ જોવા છતાં પણ વિપરિણામ ન પામતો હોય તેમજ ભીતપર્ષદ હોય. =આજ્ઞાની પ્રધાનતાવાળો હોય. જેની આંખમાં ઈશારાથી જ સર્વપરિવાર ભયથી કંપતો હોય. અને એથી કરીને કોઈપણ અન્યાયમાં પ્રવૃત્તિ ન કરે. વળી અક્કડાઈ વગરનો--સ્તબ્ધતા વગરનો હોય એવા કુલપુત્રકની પાસે સાધ્વીઓને માટે ઉપાશ્રયની (સ્થાનની) વાતચીત ચલાવવી અને કુલપુત્રકને બોલાવ્યે છતે જો તે સ્થાન આપવાને કબૂલ થતો હોય તો તે કુલપુત્રકને કહે કે-

चिंतण०

જેમ તારી પુત્રી, તારી દીકરી, તારી બેનની ચિંતા કરે છે તેમ આ બધા સાધ્વીઓની પણ પ્રત્યનીક આદિ પુરુષોથી રક્ષણ કરવાની ચિંતા કરવા તું સાવધાહિત હો તો એ સાધ્વીઓને અમે અહિંયા રાખીએ. ત્યારે તે કહે છે 'હું ખૂબ ચિંતા રાખીશ; પરંતુ તેનું રક્ષણ કેવી રીતે કરવું?' ત્યારે તેને રક્ષણનો માર્ગ બતાવવો કે જેમ તારી આ આંખ છે તેને તારા હાથવડે કરીને અથવા પારકાના હાથવડે દુઃખાય તો તું તેનું રક્ષણ કરે છે કે નહિ? તેવી જ રીતે આ અમારા સાધ્વીઓ તારા માણસોવડે અથવા પારકા માણસોવડે કરીને ઉપદ્રવિત થતી હોય તો તેનું રક્ષણ કરવું તે રક્ષિત કહેવાય. જો તે આ વાત સ્વીકારે અને પોતાની વસતિનું દાન કરે તો ત્યાં સાધ્વીઓને સ્થિરતા કરાવવી.

હવે જો તે ન સ્વીકારતો હોય અને સાધ્વીઓને રાખે તો ચારગુરુનું પ્રાયશ્ચિત્ત આવે. હવે બીજા આચાર્યના અભિપ્રાયવડે કરીને આ જ વાતના અર્થને સ્પષ્ટ કરે છે.

**धडकुड्डा सकवाडा, सागारिअ भगिणिमातपेरंता।**
**निप्पच्चवायजोग्गा, विच्छिन्न पुरोहडा वसधी॥९॥**

ધનકુટ્ટી-પાકી ઈંટો આદિથી બનાવેલી ભીંતવાળી=કોટવાલી, બારણાવાલી એવી અને જે શય્યાતર છે તેના સંબંધી=મા-બેન આદિના ઘરો ચારે બાજુ હોય એવા પ્રકારની અને ગાથામાં નહિ જણાવેલ છતાં પણ ગૃહશબ્દ અધ્યાહારથી લઈ લેવો. અને દુષ્ટમાણસોના પ્રવેશ આદિના અપાયથી રહિત, વિસ્તારવાળો છે ઘરનો પાછલનો ભાગ જેનો એવા પ્રકારની વસતિ સાધ્વીને માટે યોગ્ય છે.

**णासन्ननातिदूरे, विहिणा परिणतवताण पडिसेवे।**
**मज्झत्थऽविकाराणं, अकुऊहल भाविआणं च॥१०॥**

વિધવા અને તે પણ પરિણત વયવાલી, સ્થવિર સ્ત્રીઓ-ડોશીઓ, તેવી જ રીતે મધ્યસ્થ-કંદર્પ આદિ ભાવથી રહીત અને અવિકારી—ગીત ગાવા આદિના વિકારથી રહીત એવી, અકુતુહલવાલી= સાધ્વીઓ ગોચરી આદિની ક્રિયાઓ કેમ કરે છે? તે કૌતૂકથી નહિ જોવાવાલી, વળી ભાવિત-સાધુ-સાધ્વીની સામાચારીથી વાસિત તેવા સંબંધીઓનો વસવાટ જયાંથી બહુ દૂર નથી અને બહુ નજીક નથી તેવા સ્થાનમાં સાધ્વીનો ઉપાશ્રય કરવો.

હવે બીજા આચાર્યની પરિપાટીએ આવેલું શય્યાતરનું સ્વરૂપ જણાવે છે.

भोई मयहरमाई, बहु सयणो वित्तको कुलिणो य।
परिणयवयो अभीरू, अणभिग्गहो अकोहल्लो॥११॥

कुलपुत्त सत्तमंतो, भीइपरिस भद्दओ परिणओ अ।
धम्मठिओ (भद्दो) अज्ञासेज्ञायरो भणिओ॥१२॥

જે ભોગીક હોય. એટલેકે મહત્તર આદિ હોય, તે કેવો હોય? ઘણાં કુટુંબ-પરિવારવાળો હોય, બહુ પડખાવાળો હોય, પ્રેરક હોય એટલેકે મશ્કરા આદિ લોકોને પોતાના ઘરમાં પ્રવેશ કરતાને નિવારનારો હોય, કુલીન હોય, પરિણત વયવાળો આધેડ ઊંમરવાળો હોય, નીડર હોય એટલે મોટું કાર્ય આવી પડે તો ભય ન પામે તેવો. અથવા તો આનો ઉકેલ કેમ લાવીશું? એવી ચિંતાવાળો હોય. આભિગ્રહિક મિથ્યાંત્વથી રહિત હોય, કુતુહલ વગરનો હોય, એટલે સાધ્વીના ભોજન આદિના દર્શનને વિષે કૌતૂક રહિત હોય.

અને જે કુલપુત્રક કહ્યો છે તે કુલપુત્રક સત્ત્વવાળો હોય, એટલેકે કોઈનાથી પરાભવિત ન થાય તેવો હોય. ભીત પર્ષદ વગેરે વાતો પૂર્વથી જાણી લેવી. વળી ભદ્રક હોય. ભદ્રપરિણામી હોય. અને જિનશાસનને વિષે બહુમાનવાળો હોય. અને વયે કરીને ઉમરથી તથા બુદ્ધિએ કરીને પરિપાક એટલે ઠરેલો હોય, ધર્મની શ્રદ્ધાવાળો હોય, વિનીત હોય એવો કુલપુત્રકને તીર્થકરોએ સાધ્વીઓનો શય્યાતર કહેલો છે. વસતિદ્વારપૂર્ણ થયું. હવે વિચાર દ્વાર કહે છે.

अणावायमसंलोगा, आवाया चेव होइ संलोगा।
आवायमसंलोगा, आवाया चेव संलोगा॥१३॥

વિચારભૂમિ (સ્થંડિલભૂમિ) ચાર પ્રકારની છે. અનાપાતા અસંલોકા-૧, અનાપાતા સંલોકા-૨, આપાતા અસંલોકા-૩, આપાતા સંલોકા-૪. એમ ચાર પ્રકારની સ્થંડિલભૂમિ છે. આ ચાર પ્રકારની વિચારભૂમિમાંથી સાધ્વીઓને માટે વિધિ જણાવે છે. **વીઆરે૦**॥૧૭॥ જો પુરોહડ (ઘરની પાછળનો ભાગ) વિદ્યમાન હોય છતે સાધ્વીઓ ગામની બહાર વિચારભૂમિએ જાય તો ચારે પ્રકારની સ્થંડિલભૂમિ પૈકીની કોઈપણ ભૂમિમાં સ્થંડિલ જાય તો ચતુર્ગુરૂ પ્રાયશ્ચિત્ત આવે અને ગામની અંદર પુરોહડ આદિની વિદ્યમાનતા હોયે છતે આપાત અસંલોકવાળી ત્રીજી સ્થંડિલભૂમિને છોડીને બાકીની ત્રણ સ્થંડિલભૂમિમાં સ્થંડિલ જતી સાધ્વીને તે જ ચારગુરુનું પ્રાયશ્ચિત્ત આવે. હવે જ્યાં 'કુલોત્પન્ન સ્ત્રીઓનો આપાત હોય ત્યાં જવું તો પછી બાકીની ત્રણ સ્થંડિલભૂમિમાં અનુજ્ઞા નહિ આપવામાં શું કારણ છે?' તેનો જવાબ આપે છે.

जत्तो दुस्सीला खलु, वेसित्थिणपुंसहट्ठतेरिच्छा।
सा तु दिसा पडिकुट्ठा, पढमा वितिआ चउत्थिआ॥१४॥

જે ભૂમિને વિષે દુ:શીલ પુરુષ એટલે પરદારાગમન કરનારા પુરુષો તથા વેશ્યાઓ અને

નપુંસકો हेट्ठ એટલે અધોનાપિતો=હજામ; ચાર પ્રકારના તિર્યંચો--વાનર આદિનો પાત થતો હોય આવજાવ થતી હોય એવા પ્રકારની પહેલી બીજી અને ચોથી સ્થંડિલભૂમિનો નિષેધ કરેલ છે. આ જ વાતનો નિર્યુક્તિ ગાથા દ્વારા વર્ણવે છે.

**चारभडवोडमिंढा, सालगतरुणा य जे अ दुस्सीला।**
**उब्भामित्थीवेसिअ, अपुमेसु अ पंति तु तदट्ठी॥१५॥**

ચારભટ=રાજપુરુષો, ઘોટા એટલે ચટ્ટા=ઘોડાના(રખેવાળો), મીંઢ એટલે હાથીના મહાવતો, સોલા એટલે ઘોડાની ચિંતા કરવામાં નિયુક્ત કરેલા માણસો, આ બધા જુવાનિયા હોય એટલે દુ:શીલ હોય અને તેથી પહેલી અને બીજી સ્થંડિલભૂમિ જે છે તે બન્ને અનાપાત હોવાથી 'એકાંત' કહેવાય તેથી કરીને તેવા લોકોનું ત્યાં સ્ત્રીઓમાં તથા વેશ્યાઓમાં અથવા નપુંસકોમાં હરવું ફરવું થાય તેવા ઉદ્ભ્રામક, સ્ત્રી અને નપુંસક આદિના પ્રતિષેધને માટે ચોથા સ્થંડિલમાં સંચાલિતપણું હોવાથી આ દુ:શીલ મનુષ્યો આદિ પ્રાણીઓ સંયતિ વર્ગને જોવે અથવા તો સંયતિવર્ગ વડે તેઓ જોવાય. માટે ચોથો ભાંગો પણ નિષેધ છે.

**हेट्ठ उवासणहेउं, णेगागमणंमि गहणउड्डाहो।**
**वाणरमक्कडहंसा, छगलगसुणगाति तेरिच्छा॥१६॥**

અધો લોચકાર્ય કરવાને માટે પહેલેથી આવેલા અનેક અધોનાપિત=હજામો માણસોના અધોલોચ કરવાને માટે આવ્યે છતે અધોલોચ કર્મ કરાવનારા તે આત્માઓને જો મોહનો ઉદય જાગ્યો હોય તો સંયતિને ગ્રહણ કરે. અને સંયતિને ગ્રહણ કરવામાં શાસનનો ઉડ્ડાહ થાય છે. તેવી જ રીતે વાનર-મોર-હંસ-બકરા અને કૂતરા આદિ તિર્યંચો ત્યાં આવતા હોય તો સાધ્વીઓને ઉપસર્ગ કરે. જો આમ છે તો પછી શું કરવું શોભે? તે જણાવે છે.

**जइ अंतो वाघातो, बहि तासिं ततिअया अणुण्णाया।**
**सेसा णाणुण्णाया, अज्जाण विआरभूमीओ॥१६॥**

જો ગામની અંદર પુરોહડા આદિનો અભાવ હોય તો ગામની બહાર આપાત અસંલોકરૂપ ત્રીજી જે વિચારભૂમિ છે તે સાધ્વીઓને માટે અનુજ્ઞાત કરેલી છે. એ આપાત અને અસંલોકવાળા ત્રીજા ભાંગામાં સ્ત્રીઓનો જ આપાત ગ્રહણ કરવો, પુરુષોનો નહિ. બાકીની અનાપાત અસંલોક આદિ વિચારભૂમિઓ સાધ્વીઓ માટે નિષિદ્ધ છે. **વિચારદ્વાર** પૂર્ણ થયું. હવે સાધ્વી સમુદાયને લાવવાનું દ્વાર કહે છે.

**पडिलेहिअं च खित्तं, संजइवग्गस्स आणणा होइ।**
**णिक्कारण मग्गंतो, कारण पुरतो व समगं वा॥१८॥**

એ પ્રમાણે હોયે છતે વિચારભૂમિ આદિની વિધિવડે કરીને પ્રત્યુપેક્ષિત થયેલું એવું અને

સાધ્વીને યોગ્ય એવા ક્ષેત્રમાં સંયતિવર્ગને લાવવો. કેવીરીતે લાવવો? તે કહે છે. કોઈ કારણ ન હોય, નિર્ભય હોય, કોઈ જાતની પીડા ન હોય, અને નિરાબાધ એટલે પીડારહિત હોય તો સાધુઓ આગળ ચાલે અને સાધ્વીઓ પાછળ ચાલે. તેમાં જો કારણ હોય તો સાથે ચાલે અથવા આગળ-પાછળ ચાલે.

**णिप्पच्चवायसंबंधिभाविते गणधरप्पबितितततिओ।**
**असति भए पुण सत्थेण, सद्धिं कयकरणसहितो वा॥१६॥**

અપાય ન હોયે છતે સાધ્વીઓના સંબંધીઓ, પોતાની જ્ઞાતિના અને સમ્યક્ પરિણત જિનવચનવાળા, નિર્વિકાર એવા જે સાધુઓ તેઓની સાથે સાધ્વીઓને ત્રણ ચાર એટલે પોતે અને બીજો અથવા ત્રીજો એ પ્રમાણે થઈને સંયતિઓને વિવક્ષિત ક્ષેત્રમાં લઈ જાય. હવે ચોર આદિનો ભય હોય તો સાર્થની સાથે જ સાધ્વીઓને લઈ જાય. અથવા તો જે કૃતકરણ એટલેકે તીરકામઠાં આદિનો જેણે અભ્યાસ કરેલ છે એવા સાધુને સાથે રાખીને ગણધર સાધુ, પોતે આગળ રહીને સાધ્વીઓને લઈ જાય. અને તે ગણધર પોતે આગળ ચાલતો હોય. સંયતિઓ માર્ગમાં ચાલતી હોય. હવે આ વાતની જ અંદર મતાંતરને બતાવીને તે મતાંતર દૂષિત કરવાને માટે કહે છે.

**उभयट्ठाइनिविट्ठं, मा पेल्ले समणि तेण पुरतो ता।**
**तं तु ण जुज्जति अविणयविरुद्धमभयं च जयणाए॥२०॥**

કેટલાંક આચાર્યો એમ ફરમાવે છે કે ઉભય--બન્ને પ્રકારની કાયિકી સંજ્ઞા તેને માટે, આદિ શબ્દથી બીજું એવું કોઈ પ્રયોજન ઉત્પન્ન થયે છતે બેઠેલા એવા સાધુને કે સાધ્વીને કોઈ હેરાન ના કરે. એ કારણે કરીને સાધ્વીઓ આગળ જાય. એ વાતની ઉપર આચાર્ય મ. જણાવે છે. કે--આ વાતમાં તમે જે કહ્યું કે 'સાધ્વીઓ આગળ જાય' તે બરાબર નથી. સાધુની આગળ સાધ્વીઓ જાય તો સાધુ પ્રત્યેનો તેઓનો અવિનય ગણાય. અને લોકવિરુદ્ધ એવું આ ચોક્ખું દેખાય છે. અને લોકો બોલે કે ખરેખર 'આ જૈનોનું દર્શન--શાસન સ્ત્રી પ્રધાન છે. અને જેથી કરીને આ સાધ્વીઓ માર્ગમાં રહ્યાં છતાં જ આગળ ચાલે છે' બન્ને પ્રકારની કાયિકી સંજ્ઞા યતનાથી કરવી જોઈએ તે જણાવે છે.

જ્યાં એક સાધુ, કાયિકી સંજ્ઞા કરતો હોય ત્યાં બધાં સાધુઓએ ઉભા રહેવું જોઈએ. એ રીતે બધા સાધુને ઉભા રહેલા જોઈને તે સાધ્વીઓ આગળ આવે નહિ અને તે સાધ્વીઓ પણ પાછળ રહીને પોતાની શરીર ચિંતા કરી લે. આ સાધ્વીઓને વસતિમાં લાવવાનું દ્વાર પૂર્ણ થયું: આ પ્રમાણે **બૃહત્કલ્પભાષ્યવૃત્તિવાળા** પહેલા ખંડના પ્રથમ ઉદ્દેશાને અંતે જણાવ્યું છે.

અને આ પ્રમાણે વ્યવહારવૃત્તિમાં પણ જણાવેલું છે તેમ જાણવું. ઉપદેશ માલાની અંદર કહેલું છે કે

**पहगमण वसहि आहार सुअण थंडिल्लविहि परिट्ठवणं।**
**नायरइ नेव जाणइ, अज्जावट्टावणं चेव॥२॥**

એ ગાથાની અંદર સાધ્વીઓનું વર્તવું અને સાધ્વીઓને વર્તાવવું ન જાણે એને આર્યિકાએ પ્રવર્તાવવું ગામ આદિમાં રહેલા અથવા તો ગામ આદિમાં જવામાં સમ્યક્ આચારના પરિજ્ઞાનથી શૂન્ય એવો સાધુ હોય તો તે પાસત્થો જાણવો અને જે વિધિ જાણતો હોય તે તો પૂર્વોક્ત વિધિએ કરીને ગ્રામગમન કે ગ્રામપ્રવેશ આદિની અંદર સાધ્વીઓને સાથે પણ વિચરતો સાધુ જિનાજ્ઞાનો આરાધક જ જાણવો.

પોતાની નિશ્રામાં રહેલી સાધ્વીઓ એકલી ન ભમે. અને સાધુ પોતે સાધ્વીથી રહીત થયો છતો એકલો ગામ આદિમાં જાય કે આવે ઈત્યાદિ આગમોક્ત વિધિવડે કરીને શરીરની ચિંતા નિમિત્તે પણ સાધ્વીઓનું એકલું બહાર જવું અનુચિત છે. તો પછી પોતાની ઈચ્છા મુજબ તેઓનો ગ્રામાનુગ્રામ વિહાર કરવો ઉચિત કેવી રીતે ગણાય? એ વાત સૂક્ષ્મબુદ્ધિએ વિચારવી જોઈએ.

અહિંયા વાદી પ્રશ્ન કરે છે કે ''સાધ્વીઓનો જ વિહાર કરવાનો વિધિ પણ આગમમાં જે ભણેલો છે તે તેઓનેજ અનાર્ય લોકોના દ્વારા શીલખંડન આદિનો ભય હોવાથીઃ પરંતુ કુપાક્ષિક એટલે વેશધારી સાધ્વીઓને તો સમ્યકત્વનો અભાવ હોવાથી શીલગુણના લેશનો પણ અભાવ હોવાથી તેવી કુપાક્ષિકી અને વેશધારિણી સાધ્વીઓને શીલખંડન અદિનો ભય નથી હોતો અને એથી કરીને તેવી સાધ્વીઓને ગ્રામાનુગ્રામ સ્વેચ્છાએ પણ ભ્રમણમાં કોઈ દોષ નથી. તો પછી સિદ્ધાંતની સંમતિ બતાવવામાં શું પ્રયોજન છે?'' એમ જો કહેતો હો તો સાંભળ :---'તારી કહેવી વાત બરાબર છે. પરંતુ અમો કુપાક્ષિકો-વેશધારી સાધુઓ તેવી વેશધારિણી સાધ્વી સાથે ખુશીથી ફરો એવી બુદ્ધિથી આ સિદ્ધાંત સંમતિ બતાવતાં નથી. પરંતુ તેવા વેશધારીઓના વચનવડે કરીને ભોળા માણસોને જે શંકાપાતક ઊભું થાય છે. તે દૂર કરવાને માટે અમારું આ પ્રયોજન છે. ॥ ગાથાર્થ-૧૯૭ ॥

ફરીથી પણ ન્યૂન ઉત્સૂત્ર જણાવે છે.

**अहुणा मासविहारं, वुच्छिन्नं भणइ छिन्नसन्नो वा।**
**जिणदत्तो जिणदत्तो---वएसपरमत्थममुणंतो ॥१९८॥**

જેની સમ્યગ્દષ્ટિ રૂપી સંજ્ઞા નષ્ટ થઈ ગઈ છે એવા પ્રકારનો છિન્નસંજ્ઞક ખરતરમતનો આકર્ષક જિનદત્ત તીર્થંકરે ઉપદેશ દીધેલો છે તેના પરમાર્થને નહિ જાણતો છતો 'સાંપ્રતકાલે માસકલ્પવડે કરીને સાધુને વિચરવું તે રૂપી માસકલ્પ વિચ્છિન્ન થયો છે' એ પ્રમાણે કહે છે ॥ ગાથાર્થ-૧૯૮ ॥

હવે એવું શાથી કહે છે?

**जम्मोत्तुं मास कप्पं, अण्णो सुत्तंमि नत्थि अ विहारो।**
**इअ सिद्धंतंमि फुडं, दिट्ठं दिट्ठि--पहाणेहिं ॥१९९॥**

જે કારણથી માસકલ્પને છોડીને બીજો કોઈ વિહાર સિદ્ધાંતમાં સુસાધુઓ વડે કરીને જોવાયો નથી. જેવું જોયું છે તેવું કહે છે

**पडिबंधो लहुअत्तण, न जणुवयारो न देसविण्णाणं।**
**णाणाराहणमेए, दोसा अविहार पक्खंमि॥१॥**

શય્યાતર આદિની વસ્તુઓને વિષે રાગ ઊભો થાય અને 'આ લોકો પોતાનું ઘર છોડીને બીજાના ઘરમાં જ આસક્ત છે' એ પ્રમાણે લોકમાં લઘુતા થાય. અને જુદા જુદા દેશમાં રહેલા એવા માણસોને તથા દેશોને વિષે ઉપદેશના અભાવવડે કરીને અનુપકાર થાય. અને વિવિધ પ્રકારના દેશોને વિષે વિચરતા જે જુદા જુદા દેશોનું, તેના લોકોનું અને લોકોત્તરનું જે જ્ઞાન થાય છે તેનો અભાવ થાય અને આજ્ઞાની આરાધના થતી નથી. આજ્ઞા આ પ્રમાણે :-

**मोत्तूण मासकप्पं अण्णो सुत्तंमि नत्थि उ विहारो त्ति।**

માસકલ્પને છોડીને બીજો કોઈ વિહાર શાસ્ત્રમાં કહ્યો નથી, અને એથી કરીને માસકલ્પની મર્યાદા ન સાચવે તો આ બધા દોષો થાય છે. ક્યારેક સંયમને બાધા કરનારા એવા દુષ્કાલ-ગ્લાનાવસ્થા આદિ કારણના વશે કરીને દ્રવ્યથી માસકલ્પ ન થયો હોય તો પણ અર્થાત્ માસકલ્પની મર્યાદા સચવાઈ ન હોય તો પણ વસતિપરાવર્તન, પાટક=પાડાનું પરિવર્તન વડે કરીને અથવા અંદરની સંથારાની ભૂમિનું પરિવર્તનવડે કરીને પણ અવશ્ય માસકલ્પની વિધિ કરવી જોઈએ. કહ્યું છે કે :

**''कालाइदोसओ पुण, ण दव्वओ एस कीरए निअमा।**
**भावेण उ कायव्वो, संथारगवच्चयाईहिं॥१॥**

**પંચાશકવૃત્તિ**માં કહેલું છે કે : ''કાલાદિ દોષ વડે કરીને દ્રવ્યથી માસકલ્પની વિધિ નિશ્ચયે કરીને ન કરે તો પણ ભાવથી સંથારાના પરિવર્તન કરવા અદિ દ્વારાએ કરીને માસકલ્પ નિશ્ચયે કરવો જોઇએ.'' અને તેવીજ રીતે એક મહિનાથી વધારે કાલ રહેવામાં વસતિ પણ ઉપહત થાય છે. આગમમાં જણાવ્યું છે કે : **पंचविहे उवघाए–पं० तं० उग्गमोवघाए–१, उप्पायणोवघाए–२, एसणोवघाए–३, परिकम्मोवघाए–४, परिहणोवघाए–५, इति॥**

સ્થાનાંગ સૂત્રની વૃત્તિનો એક ભાગ આ પ્રમાણે :—પરિહરણા-એટલે આસેવા, તે આસેવા દ્વારાએ કરીને ઉપધિ આદિની અકલ્પ્યતા થાય. તેમાં ઉપધિની અકલ્પ્યતા આ પ્રમાણે—એકાકી વિહારવાળા સાધુએ જે ઉપકરણ આસેવ્યું હોય તે ઉપકરણ, ઉપહત થાય છે. એ પ્રમાણેની સમયવ્યવસ્થા--આગમ વ્યવસ્થા છે.

**जग्गण अप्पडिबज्झसण, जइवि चिरेणं न उवहंमे॥ त्ति** એ પ્રમાણેનું વચન હોવાથી. એનો અર્થ આ પ્રમાણે : ગચ્છભ્રષ્ટ થયેલો એવો એકાકી સાધુ, એવો જો જાગે અને દૂધ આદિમાં પ્રતિબંધિત ન થાય. તો જ્યારે લાંબાકાળે ગચ્છમાં આવે તે પણ તેની ઉપધિ હણાતી નથી અને વસતિ પણ-મહિનો,

ચાર મહિના કાળ ઉપરાંતની થાય તો કાલાતિક્રાંતા થાય.

તેવી રીતે શ્રાવકને આવર્જીને બે મહિના અથવા બે ચોમાસા જો રહે તો 'ઉપસ્થાન' નામનો દોષ લાગે. સ્થાનાંગસૂત્રની વૃત્તિમાં કહેલું છે કે—

**उउवासासुमईता कालातीता उ सा भवे सेज्ञा।**
**सा चेव उवट्ठाणा, दुगुणा दुगुणं अवज्ञित्ता॥१॥**

ઋતુ અથવા વર્ષાકાલ અતિક્રાન્ત થયા પછી શય્યા=વસતિ, 'કાલાતીતા' થઈ જાય છે. તે કાલાતીતા વસતિ થાય પછી તેને આવર્જિત કરીને=ડબ્બલ રહે તો તે વસતિ 'ઉપસ્થાના' થાય છે. તેવી રીતે શ્રી દશવૈકાલિક સૂત્રના ૫૧૦ સૂત્રમાં કહેલું છે કે :-

**संवच्छरं वावि परं पमाणं, बीअं च वासं न तहिं वसिज्ञा।**
**सुत्तस्स मग्गेण चरिज्ञ भिक्खू, सुत्तस्स अत्थो जह आणवेइ॥१॥**

એક સંવત્સર અથવા તો તે પછી માસ પ્રમાણ. બીજું ચોમાસું ત્યાં કરવું નહિ. સાધુએ સૂત્રના માર્ગે ચાલવું એટલે સૂત્રનો અર્થ જે પ્રમાણે આજ્ઞા કરતો હોય તે પ્રમાણે સૂત્રના માર્ગે ચાલવું.

હવે તેની વૃત્તિનો અર્થનો એક દેશ આ પ્રમાણે :-

"**संवच्छरं वावि** તેમાં જે સંવત્સર શબ્દ છે તેનાથી વર્ષાઋતુના ચાર મહિનાનો **'જ્યેષ્ઠાવગ્રહ'** લેવાનો સમજવો. તે સંવત્સરને પણ અને 'અપિ'શબ્દથી મહિનો પણ 'પરંપ્રમાણં' એટલે વર્ષાકાલ અને ઋતુબદ્ધ કાલનો એક મહિનો ઉત્કૃષ્ટ રહેવામાં કાલમાન છે. (એટલે ઋતુબદ્ધકાલનો 'એક મહિનો' અને વર્ષાઋતુમાં 'ચાર મહિના' રહેવું) અને તે પછીનું બીજું વર્ષા એટલે ઉપરાઉપરી બીજું ચોમાસું અને ઋતુબદ્ધ કાલમાં એક મહિનાથી બીજો મહિનો તે ક્ષેત્રમાં રહેવું નહિ. એટલે જ્યાં એક વર્ષાકલ્પ=ચોમાસું હોય કર્યું અથવા જ્યાં એક માસકલ્પ કર્યો હોય ત્યાં સંગના દોષથી કરીને બીજું, ત્રીજું વર્ષાકાલ છોડીને રહેવું. અર્થાત્ જ્યાં માસકલ્પ કે વર્ષાકલ્પ કર્યો હોય ત્યાં બીજો માસકલ્પ કે વર્ષાકલ્પ ન કરવો એટલે ઉપરાઉપરી ન કરવું; પણ એક વર્ષ કે મહિનો જવા દઈને પછી કરવું. વધારે કહેવાથી શું? બધે ઠેકાણે સૂત્રના માર્ગવડે કરીને એટલેકે આગમના આદેશવડે કરીને સાધુએ વર્તવું." તેમાં પણ સામાન્યતયા જેમ શ્રુતગ્રાહી હોય તેવી રીતે નહિજ; પરંતુ સૂત્રના માર્ગવડે કરીને એટલેકે પૂર્વાપર વિરોધી જણાતી એવી આગમની યુક્તિથી ઘડાયેલું પારમાર્થિક ઉત્સર્ગ અને અપવાદના ગર્ભવાળો અર્થ જેવી રીતે જણાવતો હોય એ રીતે વર્તે, એ સિવાય નહિ: જેવી રીતે અહિં અપવાદે કરીને વસતિમાં નિત્યવાસ હોવા છતાં પણ પ્રતિ મહિને સાધુઓને સંથારો, ગોચરી આદિના પરિવર્તનવડે રહેવું જોઈએ અન્યથા નહિ. શુદ્ધ અપવાદયોગથી કરીને વંદન-પ્રતિક્રમણ આદિમાં પણ તેના અર્થની પ્રત્યુપેક્ષણા વડે કરીને અનુષ્ઠાન કરવાપૂર્વક વર્તવું. નહિ કે તેવા પ્રકારની લોકહેરીવડે કરીને! તેનો ત્યાગ કરવો. એથી આશાતનાનો પ્રસંગ ઊભો થાય છે. એ પ્રમાણે દશવૈકાલિકવૃત્તિમાં જણાવ્યું છે.

એ પ્રમાણે માસકલ્પની મર્યાદા અનેક ગ્રંથમાં પ્રસિદ્ધ હોવા છતાં પણ માસકલ્પ વિચ્છેદ થવાનું જે વચન કહેવું તે મહાપાપ છે. ॥ ગાથાર્થ-૧૯૯ ॥

હવે જે વચન છે તે તેને ભ્રાંતિકારક થયું છે તે જણાવે છે.

**ज मासकप्पअविहारुव्व, वयं पंचवत्थुए अत्थि।**
**तं तेणेव कमेणं, नव कप्पा निअमओ नऽहुणा॥२००॥**

'માસકલ્પના અવિહારની જેમ', એવું જે વચન, પંચવસ્તુક ગ્રંથની વૃત્તિમાં જણાય છે તે ક્રમવડે કરીને કોઈક એક ગ્રામને વિષે માસકલ્પ કરીને બીજા તેની સમીપવર્તિ એવા બીજા ગામને વિષે માસકલ્પ. ઈત્યાદિ ક્રમવડે કરીને નવકલ્પી વિહાર નિશ્ચયે કરીને સાંપ્રતકાલે નથી એ પ્રમાણેનો ભાવાર્થ છે. અને એથી જ કરીને અન્નપાનાદિની દુર્લભતા થયે છતે માસકલ્પનો ભંગ જણાવેલો છે. આવશ્યક સૂત્રની પરિષ્ઠાપનિકા નિર્યુક્તિના પ્રાંતભાગમાં કહ્યું છે. કે :---

**''जइ दक्खिणा दिसाए पडिलेहंति तो इमे दोसा—भत्तपाणं न लभंति, अलंभते जं विराहणं पावेंति, एसणं वा पेल्लेति जं वा भिक्खं अलभमाणा मासकप्पं भंजंति'' त्ति॥**

જો દક્ષિણ દિશામાં પડિલેહણા કરે તો આ દોષો છે. ભક્તપાન ન મલે. અને ભક્ત પાન ન મલવાથી વિરાધના પામે, એષણા પણ પીડાય, અનેષણીય મલે અને ભિક્ષા નહિ મલવાથી માસકલ્પ ભાંગે છે. ॥ ગાથાર્થ-૨૦૦ ॥

હવે કારણ જણાવે છે.

**कालपरिहाणि दोसा, खित्ताभावेण ऊणया अहवा।**
**अहिए पाडगवसही, — संथारगवच्चयाईहिं॥२०१॥**

**कालस्स य परिहाणी, संजम जुग्गाइं नत्थि खित्ताइं,**
**जयणाइ वट्टिअव्वं, नहु जयणा भंजए अंगं॥१॥**

એ પ્રમાણેનું આગમ વચન હોવાથી કાલની પરિહાણીના દોષે કરીને સંયમયોગ્ય ક્ષેત્રોનો અભાવ છે, જયણા વડે કરીને વર્તવું, જયણાથી વર્ત્તતા અંગ ભાંગતું નથી'' આ વાતનો ભાવ એ છે કે ''દૂષમકાલના પ્રભાવને લઈને શહેરો ગામડાં જેવાં થશે, ગામડાઓ પ્રેતવન જેવા થશે. તેથી કરીને પ્રાયઃ માસકલ્પને યોગ્ય એવા ક્ષેત્રો અલ્પ જ હોય અને તેમાં પણ ચોમાસાને યોગ્ય એવા ક્ષેત્રો તો તેનાથી પણ ઓછા જ હોય! એ પ્રમાણે સમજીને અધિક અવસ્થાનવડે કરીને રહેવાથી ત્યાનાં જે કુલ આદિઓ હોય તેને વિષે સાધુઓ પ્રતિબંધનવાળા ન થાવ. એ પ્રમાણે વિચારીને માસકલ્પ પણ એક-બે-ત્રણ-દિવસ ઓછા તેવી રીતનો કરવો'' એવી પૂર્વાચાર્યોએ આચરણા કરી છે. નહિ કે

માસકલ્પના વ્યુચ્છેદની બુદ્ધિએ! યાવત્ જીવન પર્યંત-જાવજ્જીવ સુધી એક જ સ્થાને રહેવું તેવું કોઈપણ ઠેકાણે જોયું કે સાંભળ્યું નથી.

અને જો એક જ સ્થાને કાયમ રહેવાનું થાય તો બીજા સ્થાને રહેલા શ્રાવક જનોને સાધુના દર્શન આદિના અભાવ વડે કરીને કેવી રીતે ધર્મની પ્રાપ્તિ થાય? હવે આચરણાવડે કરીને માસકલ્પમાં ન્યૂનતા કરવામાં કારણ કહે છે. 'અથવા' એટલેકે અપવાદપદે એક સ્થાનમાં કે એક પોળમાં કહેલી મર્યાદાથી અધિક રહેવાનું થયે છતે સંથારાના ફેરફાર કરવા આદિ વડે કરીને એક સ્થાનમાં રહેવું. આ વાતનો ભાવ એ છે કે 'ક્યારેક તેવા પ્રકારની માંદગી આદિનો સદ્ભાવ થયે છતે વિહાર આદિ કરવામાં અસમર્થ હોય તો પોળ-પાડા કે શેરી આદિનું પરાવર્તન કરવાદ્વારાએ રહેવું અને તેવી સામગ્રીનો પણ અભાવ હોય તો વસતિના પરાવર્તન વડે કરીને અથવા તો સંથારાના પરિવર્તન વડે કરીને જ રહેવું.'

આ પ્રમાણે પૂર્વે કહેલી પંચાશકવૃત્તિ આદિના અનુસારે જે આચરણા છે તે ન્યૂનતા વિષયક આચરણા જાણવી. નહિતર આવા પ્રકારના વિકલ્પનો અસંભવ હોવાથી. જો માસકલ્પ વિચ્છિન્ન થઈ ગયો હોય તો પોળ, વસતિ, પાડા, શય્યા આદિના પરાવર્તનનું જે કહેવું છે તે નિષ્પ્રયોજન જ થાય.

જો કે કુપાક્ષિકોનું દેશાંતર પરિભ્રમણ, તે તે દેશના નિવાસી માણસોને આગની જેમ અહિતનું જ કારણ હોવાથી નિત્યવાસ જ શ્રેય છે. અને તેથી કરીને તેવા કુપાક્ષિકો માટે તો શાસ્ત્રની સંમતિ બતાવવી એ અનુચિત જ છે. તો પણ, પંચવસ્તુકગ્રંથનું 'માસકલ્પના અવિહારની જેમ' એ વાક્યની ઉદ્ઘોષણા કરતો છતો તે કુપાક્ષિક ખરતર, તીર્થની અંદર રહેલાં કેટલાંક પ્રમાદ રૂચિવાળા ભોળા માણસોના માટે શંકાને કારણરૂપ થતો હોવાથી શાસ્ત્રસંમતિ બતાવવી તે સાર્થક જ છે. ॥ ગાથાર્થ-૨૦૧ ॥

હવે તાત્પર્ય કહે છે.

**एवं करणाणुण्णा, तत्थवि जो भणइ मासवुच्छेअं।**
**सो खित्तमुच्छ--कद्दममंडूओ पंडिअंमण्णो ॥२०२॥**

પૂર્વે કહેલા પ્રકારવડે કરીને માસકલ્પ આદિ કરવાની અનુજ્ઞા જે છે તે જિનેશ્વર ભગવંતની આજ્ઞા છે. તે આજ્ઞામાં પણ જે આત્મા, માસકલ્પના વિચ્છેદને જણાવે છે તે આત્મા, ક્ષેત્રની મૂર્ચ્છાવાળો એટલેકે નિત્યવાસમાં લંપટતાવાળો જે કાદવ તેમાં રહેનારો દેડકો છે. અને તે દેડકો પોતે ઘરમાં જ પોતાને પંડિત માનનારો છે એમ જાણવું. ॥ ગાથાર્થ-૧૦૨ ॥

હવે ઉત્સૂત્રનો ઉપસંહાર કરતાં જણાવે છે કે

**गिहिणो पाणागारा, पंचासयमाइवुत्त अवि लुत्ता।**
**इच्चाइ अणेगविहं, उस्सुत्तं तम्मए ऊणं॥२०३॥**

ગૃહસ્થોને જે પાણીના આગારો-એટલે કે **"पाणस्स लेवेण वा अलेवेण वा अच्छेण वा बहलेण वा ससित्थेण वा असित्थेण वे" त्ति** ઇત્યાદિ પાણસ્સના જે છ આગારો છે તે પંચાશક આદિની અંદર જણાવ્યા હોવા છતાં પણ ખરતરોએ 'ગૃહસ્થીઓને તે પાણીના છ અગારો સંભવતાં નથી' એ પ્રમાણે પોતાની મતિવિકલ્પનાએ કરીને તે આગારો લોપી નાંખ્યા છે. અર્થાત્-શાસ્ત્રોક્ત હોવા છતાં પણ સ્વીકાર કરતા નથી. તેમાં પંચાશક આદિના પાઠો આ પ્રમાણે :-

**"इह पुण अद्धारूवं णवकारादि पइदिणुवओगित्ति।**
**आहारगोअरं जइगिहीण, भणिओ इमं चेव॥२॥**
**गहेण अणगारे सामाइए चेव विहिसमाउत्तं।**
**भेए भोगे सयपालणाए अणुबंधभावे अ॥२॥ त्ति॥**

પંચાશક સૂત્ર-૧૮૭-૧૮૮ અને તેની વૃત્તિમાં જણાવેલ છે કે--"ગૃહસ્થી અને સાધુઓના સામાન્યતયા પચ્ચક્ખાણ અને તેના આગારો કહ્યા છે તેમાં ફેરફાર નથી. બીજી વાત તો દૂર રહો. પરંતુ ગૃહસ્થીઓને પારિષ્ઠાપનિકાનો આગાર અસંભવિત હોવા છતાં પણ 'અસ્ખલિત પાઠના ઉચ્ચારણ' માટે કહેલો છે. તે આવી રીતે :---'વાદી શંકા કરે છે કે પારિષ્ઠાપનિકા આદિ આગારો સાધુઓને જ યોગ્ય છે માટે ગૃહસ્થીઓને તે આગાર અયોગ્ય છે.' જો એમ કહેતો હો તો એ પ્રમાણે નથી. કારણકે જેથી કરીને જેમ ગુરુ આદિ વડિલો પરઠવાના અધિકારી નથી. અથવા તો ભગવતી સૂત્રના યોગને વહન કરનારા સાધુઓ તો 'ગૃહસ્થ સંસૃષ્ટ' આદિના આગારના અનધિકારી હોવા છતા પણ પારિષ્ઠાનિકા આદિના આગારનો ઉચ્ચાર કરવા વડે કરીને પચ્ચક્ખાણ કરાવાય છે. તેમાં સૂત્રપાઠ અખંડ રાખવાના ધ્યેયથી ઉચ્ચરાવાય છે. એ ન્યાયે ગૃહસ્થો પણ તેવા પચ્ચક્ખાણવાળા હોય છે. માટે કોઈ દોષ નથી." એ પ્રમાણે પ્રથમ પંચાશકવૃત્તિમાં કહેલું છે. ઇત્યાદિ અનેક પ્રકારનું ઉનઉત્સૂત્ર ખરતરમાં છે. ॥ ગાથાર્થ-૨૦૩ ॥

હવે ઊભય સ્વભાવવાળું જે અયથાસ્થાન ઉત્સૂત્ર છે તે જણાવે છે :-

**अह जह अजहट्ठाणं, उभयसहावं हविज्ज तह वुच्छं।**
**अभिवड्ढिअंमि सावणि, पज्जोसवणावि ओसवणा॥२०४॥**

હવે અધિક ઉત્સૂત્ર અને ન્યૂન ઉત્સૂત્ર એ બન્નેની પ્રરૂપણા કર્યા બાદ ઊભય સ્વભાવવાળું અને અયથાસ્થાન એવું જે ઉત્સૂત્ર થાય છે તે કહું છું--બતાવીએ છીએ. હવે એવું કયું ઉત્સૂત્ર છે? તે જણાવે છે :--અભિવર્ધિત સંવત્સરને વિષે શ્રાવણ માસ આદિની વૃદ્ધિ હોય તો ક્યારેક શ્રાવણ માસમાં પણ આગમ આદિથી શ્રવણ ગયું છે જેને એવો તે અપશ્રાવણમાં સાંવત્સરિક પ્રતિક્રમણ આદિ પાંચ કૃત્યોથી વિશિષ્ટ એવું પર્યુષણા પર્વ, 'શ્રાવણમાસમાં પણ થાય છે' એ પ્રમાણે શ્રવણના અભાવથી જે પર્યુષણાનું કરવું થાય છે તે અયથાસ્થાન ઉત્સૂત્ર છે. અને તે ઉત્સૂત્ર, ઊભય

સ્વભાવવાળું છે. પર્યુષણાનું સ્થાન ભાદ્રપદ મહિનો : અને તેના ત્યાગમાં ન્યૂન ઉત્સૂત્ર અને અયથાસ્થાનભૂત એવા શ્રાવણમાં તે પર્યુષણાપર્વનું આરોપણ કરવું તે અધિક છે. આમ ઉભય સ્વભાવવાળું ઉત્સૂત્ર જાણવું ॥ ગાથાર્થ-૨૦૪ ॥

હવે જેવી રીતે આગમમાં કહેલું છે તેવી રીતે જણાવે છે.

**जण्णं सवीसराए, मासे सेसेहि सत्तरीए अ।**
**पज्जोसवणा सवणामिअंमि मासंमि भद्दवए॥२०५॥**

જે કારણથી ૨૦-રાત્રિસહિતનો મહિનો વ્યતિક્રાંત થયે છતે એટલે કે ૫૦ દિવસ વ્યતિક્રાંત થયે છતે અને ૭૦ દિવસ શેષ રહે છતે સિદ્ધાંતમાં કહેલ હોવા વડે કરીને બન્ને કાનને વિષે અમૃત સમાન એવો જે ભાદરવો માસ તે ભાદરવા માસમાં પર્યુષણા થાય છે. આગમમાં કહ્યું છે કે :--**'समणे भयवं महावीरे वासाणं सवीसइराए मासे वइक्कंते सत्तरिं राइंदिएहिं सेसेहिं वासावासं पज्जोसवेति'' त्ति** સમવાયાંગ સૂત્રમાં જણાવેલ છે. એ પ્રમાણે આગમની મર્યાદાવડે કરીને પર્યુષણાનો વ્યતિકર 'શ્રાવણની વૃદ્ધિ હોય તો ભાદરવામાં અને ભાદરવાની વૃદ્ધિ હોય તો બીજા ભાદરવામાં જ પર્યુષણ કરવું' તે સિદ્ધ થાય છે. અન્યથા **'सत्तरि राइंदिएहिं सेसेहिं'** એટલે સિત્તેર રાત્રિ દિવસ શેષ રહે છતે' એ વચન નહિ સચવાતું હોવાથી પ્રવચનને બાધા થાય છે.

વાદી પ્રશ્ન કરે છે કે ''જો સિત્તેર રાત્રિ દિવસ શેષ નહિ રહે તો પ્રવચનની બાધા થાય છે એમ જણાવો છો તો **सवीसइराए मासे वइक्कंते**-એટલેકે ૫૦ દિવસ રાત્રિ દિવસ વ્યતિક્રાંત થયે છતે એ પ્રમાણેનું જે આગમ વચન છે તે વચન સચવાતું નહિ હોવાથી જે પ્રવચન બાધા થાય છે તે શું તમારી દૃષ્ટિપથમાં નથી આવતું?'' જો એમ કહેતો હો તો બોલીશ નહિ. કારણ કે તેમાં પ્રવચનની બાધાના ગંધનો પણ અભાવ હોવાથી. કારણ કે અભિવર્ધિત માસ જે છે તે પહેલા કે પછી દિવસ ગણનાની પંક્તિમાં આવતો જ નથી. કારણ કે કાલચૂલા તરીકે હોવાથી.

જો એમ ન હોય તો કાર્તક સુદ ૧૪ના દિવસે ચોમાસી પડિક્કમણામાં **''पंचण्हं मासाण्हणं दसण्हं पक्खाणं पंचासुत्तरसयराइंदिआणं''** ઇત્યાદિ ચોમાસી ખામણાનો આલાવો બોલવો પડે અને તેવી રીતે સંવત્સરી પ્રતિક્રમણમાં **तेरसण्हं मासाणं छव्वीसण्हं पक्खाणं तिन्निसयनउइराईन्दिआणं।** એવો આલાવો બોલવો પડે અને એ વાત તો તને પણ અનિષ્ટ છે. એથી કરીને ભાદરવા મહિનામાં પર્યુષણા છે તે આગમ સિદ્ધ છે તે પ્રમાણે અર્થ જાણવો ॥ ગાથાર્થ-૨૦૫ ॥

હવે કહેલી વાતને દઢ કરવા માટે જણાવે છે.

**जह चउमासीआइं, कत्तिअमासाई मासनिअयाइं।**
**तह भद्दवए मासे, पज्जोसवणावि जिणसमए॥२०६॥**

જેવી રીતે ચાતુર્માસકો=ચોમાસીઓ, કાર્તિક-ફાગણ અને અષાઢ મહિના સંબંધિની નિયમિત છે. એટલે કાર્તિકી ચોમાસી પ્રતિક્રમણ કારતક સુદ-૧૪ના દિવસે જ અને ફાગણ ચોમાસી, ફાગણ મહિનામાં જ અને અષાઢ ચોમાસી, અષાઢ મહિનામાં જ એ પ્રમાણે નિયત માસપ્રતિબદ્ધ ચોમાસીઓ છે. એ પ્રમાણે પર્યુષણા પર્વ પણ જૈન સિદ્ધાંતમાં ભાદરવા માસે જ નિયત છે. ॥ ગાથાર્થ-૨૦૬ ॥

હવે માસનિયત એવા પર્યુષણાપર્વમાં જિનદત્ત કેવા પ્રકારનો થાય છે તે જણાવે છે-

**मासाइअंमि वुड्ढे, पढमोऽवयवो पमाणमिअ वयणे।**
**जंपतो जिणदत्तो, अजहट्ठाणेण उस्सुत्ती॥२०७॥**

માસ આદિની વૃદ્ધિમાં એટલેકે માસવૃદ્ધિમાં પહેલો અવયવ (ભાગ) પ્રમાણ છે. એટલેકે અષાઢ માસ આદિની વૃદ્ધિ હોય છતે પહેલો (માસ) અને તિથિની વૃદ્ધિ હોયે છતે પહેલી તિથિ પ્રમાણ (આરાધના યોગ્ય માનવી) એ પ્રમાણેનું બોલતો જિનદત્ત અયથાસ્થાને કરીને ઉત્સૂત્રી છે. ॥ ગાથાર્થ-૨૦૭ ॥

હવે માસની આદિની વૃદ્ધિમાં તેનું સ્વરૂપ જણાવે છે.

**वुड्ढे पढमोऽवयवो, नपुंसओ निअयनामकज्जेसु।**
**जण्णं तक्कज्जकरो, इअरो सव्वुत्तमे सुमओ॥२०८॥**

માસ આદિની વૃદ્ધિ હોયે છતે તેનો પહેલો ભાગ (માસ) તથા બે સૂર્યોદયને સ્પર્શ કરવા વાળી જે તિથિ હોય તે વૃદ્ધિ તિથિ કહેવાય અને તેમાં પહેલા સૂર્યોદયથી વ્યાપ્ત એવી જે તિથિ તે પહેલો અવયવ કહેવાય. અને બીજા સૂર્યોદયથી વ્યાપ્ત એવી તિથિ બીજો અવયવ કહેવાય.

તેવી જ રીતે જ્યારે એકજ સંક્રાન્તિની અંદર બે મહિનાનો ઉદય થતો હોય ત્યારે માસ વૃદ્ધિ કહેવાય છે. તેમાં પહેલાં માસનો ઉદય અવિચ્છિન્ન સંક્રાંતિવાળો હોવાથી પહેલો મહિનો અને પહેલી તિથિ કહેવાય અને બીજા અંશને બીજી તિથિ અને બીજો માસ કહેવાય.

હવે તેમાં જે પહેલી તિથિ અને મહિનો છે તે પોતાના એટલે અષાઢ આદિ મહિનાઓના નિયત એટલે માસપ્રતિબદ્ધ તેમજ એકમાદિ તિથિઓને વિષે જે તિથિનિયત કાર્યો તેમાં પહેલો મહિનો કે પહેલી તિથિ, નપુંસક જેવો જાણવો. જેવી રીતે નપુંસક આત્મા, પોતાના સંતાનની ઉત્પત્તિ રૂપ કાર્ય તેને વિષે અસમર્થ છે. તેવી રીતે જે જે મહિનાઓમાં કે જે જે તિથિઓમાં પ્રતિનિયત કરેલા જે કાર્યો છે, તેમાં પહેલો મહિનો કે પહેલી તિથિ નપુંસકની જેમ અસમર્થ જાણવી. નહિ કે બીજા કાર્યોને વિષે. જેથી જે નપુંસક છે તે પોતે પુત્રની પ્રાપ્તિમાં અસમર્થ છે; પરંતુ ભોજન આદિ કૃત્યોને વિષે અસમર્થ છે એવું નથી. હવે આ નપુંસકપણામાં હેતુ કહે છે. તે કારણથી બીજો અંશ—બીજો ભાગ એટલે કે બીજી તિથિ કે બીજો મહિનો તે તિથિનિયત કે માસ નિયત કાર્ય માટે સમર્થ છે.

અને પહેલી તિથિ અને પહેલા મહિનાને હિસાબે સર્વોત્તમ છે. એટલે શ્રેષ્ઠ છે. અને વળી સર્વજનસંમત છે. અને અનાદિપરંપરાસિદ્ધ છે એવું આગળ જણાવશે.

આ વાતનો ભાવ એ છે કે જેવી રીતે ખરેખર ચૌદશ તિથિ વિવક્ષિત ઉદાહરણ તરીકે સ્વીકારી છે તો તે ચૌદશ તિથિ આગમને વિષે પાક્ષિકપર્વરૂપે સ્વીકૃત થયેલ છે. તેથી કરીને પાક્ષિકનું કૃત્ય જે ચતુર્થતપ–ઉપવાસ તેમજ પાક્ષિક પ્રતિક્રમણ એ બન્ને નિયતકૃત્ય છે. તે નિયતકૃત્યને કરવાવાળો બીજો અંશ જ, નહિ કે પહેલો અંશ. એટલે બીજી ચૌદશ, નહિ કે પહેલી ચૌદશ પણ : પહેલી જે ચૌદશ છે તે નિયતકાર્યને આશ્રીને નપુંસકની જેમ અસામર્થ્યવાળી હોવાથી પહેલી તિથિ છોડી દેવી જોઈએ. એ પ્રમાણે ભાદરવા માસની વિવક્ષા રાખી હોય તો તે ભાદરવો મહિનો પણ અવિચ્છિન્ન એવા ચતુર્વિધશ્રીસંઘને માટે પર્યુષણાપર્વ તરીકે પ્રવચનને વિષે પ્રતીત છે. અને તે પર્યુષણાપર્વનું કાર્ય ૧–સર્વસાધુઓને અને ચૈત્યોને વંદના કરવી. ૨–આલોચના–પ્રાયશ્ચિત સ્વીકારવું, ૩ અષ્ટમતપ,૪–લોચ,૫–સંવત્સરી પ્રતિક્રમણઃ આ પાંચ કૃત્યો નિયત છે. તે પાંચ કૃત્યોને આશ્રીને પહેલો ભાદરવો મહિનો નપુંસકની જેમ અસમર્થ જાણવો. અને પહેલી તિથિ અને પહેલા માસનું નપુંસકપણું તો જ્યોતિષીઓમાં પ્રસિદ્ધ જ છે. કહેલું છે કે--'યાત્રા–વિવાહ–મંડનાદિ અને બીજા પણ સુંદર કાર્યો, એ બધા જ સુંદર કાર્યો પંડિત પુરુષોએ નપુંસક માસમાં છોડી દેવા જોઈએ. તેથી કરીને સર્વોત્તમ એવો બીજો મહિનો જ સ્વીકારવો જોઈએ. એ પ્રમાણે આઠમ આદિ તિથિઓ અને કાર્તિકમાસ આદિ મહિનાઓ આદિની વૃદ્ધિમાં પણ આ રીતની યોજના કરી લેવી ॥ ગાથાર્થ–૨૦૮ ॥

હવે પારકાવડે કરીને કહેવાતું એવું ઉપહાસ્યવચન ઉદ્ભવાવીને તેને દૂષિત કરવાને માટે બે ગાથાઓ જણાવે છે.

**एएणऽहिए मासे, पुण्णापुण्णायवच्चमच्चुछुहं।**
**तह लब्भलाहु लोए, न होइ किं जेण सो कीवो ?॥२०९॥**
**एवमुवहासवयणं, नगिणस्स वऽलंकिअंपि पइ पुरिसं।**
**जं चउमासपमुहे, निअगलपासंपि न मुणेइ॥२१०॥**

''પૂર્વોક્ત પ્રકાર વડે કરીને અધિક મહિનાને વિષે દાનાદિરૂપ જે પુણ્ય અને હિંસાદિરૂપ જે પાપ આદિ. આદિ શબ્દથી–તેનાથી ઉત્પન્ન થતું જે કાર્ય, સ્વર્ગ--નરક આદિ તેમજ ગર્ભધારણ કરવો, જન્મ થવો, મૃત્યું થવું, ભૂખ, તરસ આદિ લાગવું તેમજ પૂજા આદિઃ તેવી રીતે લેણાં દેણાંના લાભ તે થાય છે કે નથી થતા? જેથી કરીને અભિવર્ધિત માસને નપુંસક કહો છો? અને ઉપલક્ષણથી તે વધેલો મહિનો શું કાગડો ખાઈ ગયો?'' એવા પ્રકારનું જે ઉપહાસ્યવચન છે તે વસ્ત્ર આભરણ આદિથી સર્વાંગે વિભૂષિત એવા પણ માણસની નગ્ન માણસ મશ્કરી કરે તેના જેવું છે. તે આ પ્રમાણે--કોઈક ભૂતથી પીડાતો પ્રાણી, વસ્ત્ર વગરનો થયો છતો ચારે બાજુ ભમતો એવો તે, વસ્ત્રાલંકારથી

ભૂષિત પુરુષની મશ્કરી કરે. તેવી રીતની આ વાત પણ છે. ભૂતથી પીડાતા માણસોમાં હેતુ જણાવે છે. જે કારણથી ચાતુર્માસિક અને સાંવત્સરિક કૃત્યોને વિષે પોતાના ગળામાં જ પડતાં ફાંસલાને પણ તે જાણતો નથી.

**ભાવાર્થ આ પ્રમાણે :**–અહીંયા કોઈક શ્રાવણિક એટલે ખરતર, અતિવાચાલપણા વડે કરીને આ પ્રમાણે બોલ છે ''હે ભાઈ! અધિક મહિનાને શું કાગડો ખાઈ ગયો? અથવા તો અધિક મહિનાને વિષે સાધુને દાન દેવું કે જિનપૂજા આદિ જે કરવું તેનાથી ઉત્પન્ન થતું જે પુણ્ય, તે ઉત્પન્ન થતું શું અટકી ગયું? અથવા તો હિંસા આદિ આશ્રવોનું આચરણ કરવાથી ઉત્પન્ન થતું પાપ અટકી ગયું? અધિક મહિનામાં ગર્ભાધાન આદિ થતું અટકી ગયું? અથવા તો લેણ દેણ આદિનો સંબંધ અટકી ગયો? અથવા તો ભૂખ–તરસ લાગતી બંધ થઈ ગઈ? અથવા તો કોઈકની પાસે લેણું લેવાનું હોય તો તેનો લાભ અટકી ગયો?'' તેવી રીતે ઉપહાસ કરતો તે યક્ષાવેશવાળો અને ઉજ્ઝિત વસ્ત્રવાળો એવો પુરુષ, અલંકૃત કરેલા પુરુષને હસે તેના જેવો જાણવો. નહિતર તે પાંચ મહિનાનું ચોમાસું અને તેર મહિનાનું વર્ષ અભિવર્ધિત્ વર્ષમાં થતું હોવા છતાં પણ 'ચાર મહિનાનું ચોમાસું અને બાર મહિનાનું વર્ષ' એ પ્રમાણે બોલતો એવો તે નિર્લજ્જ કેમ ન કહેવાય? ખરેખર આગમોમાં બધે જ ઠેકાણે–

**चउण्हं मासाणं, अट्ठण्हं पक्खाणं, बारसण्हं मासाणं** એવો જ પાઠ મળે છે; પરંતુ તેના સ્થાને કોઈપણ ઠેકાણે **पंचण्हं मासाणं, दसण्हं पक्खाणं, तेरसण्हं मासाणं, छव्वीसण्हं पक्खाणं** ઈત્યાદિ પાઠ મલતો નથી. તેથી કરીને આગમશાસ્ત્રના બલવડે કરીને 'પાંચ મહિના હોવા છતાં પણ અમે 'ચોમાસી' જ કહીએ છીએ અને તેર મહિના હોય તો પણ અમે 'સંવત્સર' જ સ્વીકારીયે છીએ. તેમાં ખોટું શું?' એમ જો કહેતો હોય તો આશ્ચર્યની વાત છે. સાપનાં મોઢામાં પણ અમૃતના કણીયાનો ઉદ્ભવ થયો ગણાય. કોઈપણ આગમમાં

**''भद्दवयपंचमीए, पज्जोसवइ, त्ति''** પાઠની જેમ **''अभिवड्ढिअवरिसे सावणसुद्धपंचमीए पज्जोसविज्जति।'' त्ति**

ભાદરવા સુદ પાંચમે પર્યુષણા કરવી જોઈએ. એ પાઠની જેમ કોઈપણ આગમની અંદર અભિવર્ધિત વર્ષમાં શ્રાવણ સુદ પંચમીએ પર્યુષણા કરવી એવો પાઠ મલતો નથી. તો પછી 'કાગડા વડે કરીને અધિક માસ શું ખવાઈ ગયો?' એ પ્રમાણેનાં વચનો વિધર્મીઓના વચન જેવા જણાય છે. તેથી કરીને જેવી રીતે ચોમાસી આદિની અપેક્ષાએ અધિકમાસ પ્રમાણ નથી, તેવી રીતે સ્થવિરકલ્પી સાધુઓને જે નવકલ્પી વિહાર છે તે આદિમાં તેમજ **''आसाढे मासे दुपया''** ઈત્યાદિ વિષયમાં સૂર્યની ગતિમાં, તેવી જ રીતે લોકને વિષે પણ શુદ્ધ વર્ષને વિષે થતાં એવાં જે નિયત માસાદિ પ્રતિબદ્ધ અક્ષયતૃતીયા–દીપોત્સવ આદિ પર્વોને વિષે અધિક મહિનો--પહેલો મહિનો પ્રમાણ તરીકે સ્વીકારાતો નથી. તેથી કરીને તાત્પર્ય કહેવાનું એ છે કે પ્રતિમાસે–દરેક મહિને નામગ્રહણ કરવાપૂર્વકનું જે જે

નિત્યકૃત્ય છે તે તે નિત્યકૃત્ય તે જ માસમાં કરવું જોઈએ, બીજામાં નહિ. અને વિવક્ષાએ કરીને તિથિની જેમ જ ન્યૂનમાસ કે અધિક માસ પણ નિયતકાર્યમાં ઉપેક્ષણીય છે. બાકી બધામાં ગણી શકાય. તે આ પ્રમાણે :–

જેવી રીતે વિવક્ષિત એવું પાક્ષિક પ્રતિક્રમણ, જે નિયતકાર્ય છે તે ચૌદશમાં જ થવું જોઇએ હવે તે ચૌદશ જો બે થઇ હોય તો પહેલી ચૌદશને છોડીને બીજીમાં જ કરવું જોઈએ. અને દિન ગણતરીવડે કરીને ચૌદશની વૃદ્ધિ હોયે છતે આ કે બીજી કોઈપણ તિથિની વૃદ્ધિ હોય તો સોલ દિવસ થાય તો પણ પંદર જ દિવસ ગણાય. અને એ પ્રમાણે કોઈપણ તિથિનો ક્ષય હોય અને તેથી દિવસ ચૌદ થતાં હોય તો પણ દિવસ પંદર જ ગણાય. તેની જેમ અહીંયા પણ સંવત્સરી પ્રતિક્રમણ આદિ જે વિવક્ષિત કાર્ય છે, તે માસને આશ્રીને ભાદરવા મહિનામાં જ નિયત છે અને જો ભાદરવો મહિનો વધ્યો હોય તો પહેલા ભાદરવાને છોડીને બીજો ભાદરવો જ લેવો જોઈએ. જો કે દિનગણતરી વડે કરીને ભાદરવા મહિનાની વૃદ્ધિ હોય કે કોઈપણ મહિનાની વૃદ્ધિ હોય તો ૮૦–દિવસ થાય. તો પણ દિવસ ૫૦ જ ગણાય–ગણવાના! જેમ પારકાને (જૈનેતરોને) પાંચ મહિના થયા હોય તો પણ ચોમાસી તરીકે સંમત છે.

વળી જે સાધુદાન આદિ પુણ્ય કૃત્ય આદિની તમે વાત કરી તે માસ નિયત નથી; પણ તે દિનમાત્ર પ્રતિબદ્ધ છે. અને તેથી કરીને તે જે કોઈ પણ દિવસને પામીને કરી શકાય છે. તેમાં પણ ક્ષણ--વિશેષ નિયતપણું હોવાવડે કરીને હોય તો રાત્રિપ્રતિક્રમણનું અને દૈવસીક પ્રતિક્રમણનું પણ નિરાલંબન જિનેશ્વર ભગવંતે કહેલી વેળાને ઓળંગીને અથવા તો તેનું પરાવર્તન કરીને કરવામાં આવે તો અનાજ્ઞા જ છે. પાક્ષિક અને દૈવસિક કૃત્યોની અપેક્ષાએ કરીને પહેલો માસ પણ પ્રમાણ જ છે. મહિનાની કુક્ષિની અંદર પડેલા હોવાથી પાક્ષિક અને દૈવસિક કાર્યો છે તેનું કરવાપણું હોવાથી પહેલો મહિનો પ્રમાણ છે.

હવે પાપ જે છે તે તો દરેક પ્રાણીઓને દરેક સમયે તેવા તેવા અધ્યવસાય આદિ સામગ્રીને અનુરૂપ ઉત્પન્ન થાય છે. સંતાન, મૃત્યુ અને ક્ષુધાદિ માટે તો મહિના આદિ મોટા સમયની અપેક્ષા તો દૂર રહો પરંતુ સમયની પણ અપેક્ષા નથી. અને આમ ન હોય તો મનુષ્યક્ષેત્રની બહાર રહેલાં તિર્યંચ, દેવતા આદિના પ્રાણીઓના જન્મ–મૃત્યુ–ક્ષુધા આદિ બધાયના અભાવની આપત્તિ આવશે. કારણ કે ત્યાં મનુષ્યક્ષેત્રની બહાર સમયાદિરૂપ કાલનો અભાવ છે. ઇત્યાદિ પોતેજ પોતાની બુદ્ધિએ વિચારીને આવું બાલચેષ્ટિતપણું છોડી દેવું જોઈએ. ॥ ગાથાર્થ–૨૦૯, ૨૧૦ ॥

હવે પારકાના અભિપ્રાયે કરીને શંકા ઊભી કરીને તેને દૂષિત કરવા માટે કહે છે.

**णणु बीएवि पमाणं, भद्दवए तस्स कज्जमवि दुगुणं।**
**अपमाणे उवहासो, इहंपि किं कायमुहवडिओ ?॥२११॥**

''ખરેખર જો બીજો ભાદરવો પ્રમાણ કહો છો તો તે ભાદરવા માસ સંબંધીનું નિયતકાર્ય સંવત્સરી પ્રતિક્રમણ આદિ તે પણ ડબ્બલ થશે. કારણ કે બન્ને ભાદરવામાં સાંવત્સરિક પ્રતિક્રમણ આદિ કૃત્ય યુક્ત થવું જોઈએ. અને અપ્રમાણમાં જેમ ઉપહાસ ઊભો કર્યો કે શું અધિકમાસ કાગડો ખાઈ ગયો? ઈત્યાદિ લક્ષણવાળો. અહીંયા બીજાને અપ્રમાણ કહેવામાં શું તે બીજો મહિનો કાગડાના મુખમાં પડ્યો છે?'' એ પ્રમાણે અક્ષરાર્થ જાણવો. ભાવાર્થ આ પ્રમાણે—

ખરતરવડે કરીને ભાદરવા મહિનાની વૃદ્ધિ હોય ત્યારે પહેલો ભાદરવો મહિનો પ્રમાણપણે સ્વીકારાય છે. તેમાં ખરતરને આ પ્રમાણે પૂછવું–'હે શ્રાવણિક! ખરતર! બીજો ભાદરવો મહિનો જે છે તે પ્રમાણ છે કે અપ્રમાણ છે?, માન્ય છે કે અમાન્ય?' જો માન્ય હોય તો પહેલા ભાદરવાની જેમ બીજા ભાદરવામાં પણ પર્યુષણા કૃત્ય બધું કરવું જોઈએ અને જો અપ્રમાણ કરતો હોય તો અમારી જેમ 'પહેલો મહિનો કાગડો ખાઈ ગયો?' ઈત્યાદિ શબ્દદ્વારા મશ્કરીના વચનો તારાજ ગળાના ફાંસલારૂપ છે એમ જાણી લેજે ॥ ગાથાર્થ–૨૧૧ ॥

હવે અભિવર્ધિત મહિના આદિને વિષે જેનું પ્રમાણપણું છે તે જણાવે છે.

**जं रविउदयं लहिउं, समप्पई जा तिही अ जो मासो।**
**सो खलु उदयो तन्नामंकियकज्जेसु पवरतमो ॥२१२॥**

જે સૂર્યોદયને પામીને એકમ આદિ જે તિથિ સમાપ્ત થતી હોય, અથવા જે સૂર્ય સંક્રાન્તિને પામીને શ્રાવણાદિ મહિનો પૂર્ણ થતો હોય, તે તિથિ અને તે મહિના સંબંધીના જે જે નિયતકાર્યો છે, તે તિથિમાં અને માસમાં કરવા અતિપ્રધાન છે. અથવા તો તેના ઉદયથી યુક્ત એવા તિથિ કે મહિના પ્રમાણપણે સ્વીકારવા જોઈએ. ॥ ગાથાર્થ–૨૧૨ ॥ હવે આ કહેલા પ્રકાર વડે કરીને તિથિક્ષયમાં પણ ગતિ બતાવાયેલી જ છે તે જણાવે છે—

**तेणं तिहिपडणे पुण पुव्वा, न य उत्तरा य पवरतिही।**
**किं संबंधाभावे, लब्भं लंभिज्जए किंची ?॥२१३॥**

જે કારણ વડે કરીને તિથિ આદિના સમાપ્તિને સૂચવવાવાળો એવો જે (સૂર્યોદય) ઉદય પ્રધાન છે, તે કારણ વડે કરીને તિથિપાતમાં એટલે તિથિના ક્ષયમાં પૂર્વતિથિ ગ્રહણ કરવી યોગ્ય છે. નહિ કે પુષ્ટ એવી આગળની તિથિ લેવી ! ચૌદશનો ક્ષય થયે છતે તેરસ લેવી, નહિ કે પૂનમ આદિ તિથિ લેવી : અને એથી જ કરીને વૃદ્ધ સંપ્રદાયથી આવેલું એવું શ્રી ઉમાસ્વાતિવાચકનું જ **क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा॥ श्रीमद्वीरस्य निर्वाणं; कार्यं लोकानुसारतः॥** એ પ્રમાણે વચન છે. જેથી કરીને તેરસની અંદર (તેરસ અને ચૌદશ) બન્નેય તિથિની સમાપ્તિ હોવાથી ચૌદશની પણ સમાપ્તિ સૂચક એવો તે તેરસનો સૂર્યોદય પ્રાપ્ત્ થાય જ છે. **એથી કરીને જ્યારે જ્યારે પર્વતિથિનો ક્ષય હોય**

**ત્યારે પૂર્વતિથિનો ક્ષય કરવો. પણ ઉત્તરા તિથિ ન લેવી.** તેને માટે ગાથાના ઉત્તરાર્ધદ્વારા હેતુ જણાવે છે. **किं संबंधाभावे॥** એટલે સંબંધનો અભાવ હોયે છતે શું કોઈની પાસેથી કાંઈ પણ મેળવાય છે? અર્થાત્ ન જ મલે. તેવી રીતે ચૌદશનો સંબંધ તેરસમાં જ જાય છે. નહિ કે પૂનમમાં કારણ કે પૂનમમાં ચૌદશનો સંબંધના ગંધનો પણ અભાવ હોવાથી.

અને એથી જ કરીને ખરતરના વિધિપ્રપાગ્રંથમાં પણ "**जइ पक्खिआए पव्वतिही पडइ तया पुव्वतिही चेव धेत्तव्वा, न उत्तरा, तब्भोगगन्धस्सवि अभावाउ त्ति** એટલે કે જયારે પાક્ષિક આદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પૂર્વ તિથિ જ ગ્રહણ કરવી. પરંતુ ઉત્તર—પછીની તિથિ ગ્રહણ ન કરવી. કારણ કે તે પાછલની તિથિમાં ક્ષીણ તિથિના ભોગના ગંધનો પણ અભાવ હોવાથી.'' એ પ્રમાણેનું વચન ઘુણાક્ષર ન્યાયે કરીને સાક્ષીમાં લખાઈ ગયેલું છે. જો આમ ન હોય તો--ઘુણાક્ષરન્યાયે લખાયું ન હોય તો ચૌમાસી ચૌદશનો ક્ષય હોય ત્યારે પૂનમ જ લેવી એ પ્રમાણેનું કેમ બોલે?

લોકને વિષે પણ 'હે દેવદત્ત! યજ્ઞદત્તનું લેણું તું આપ!' એ પ્રમાણે બોલી શકાતું નથી. અને એ પ્રમાણેનો જો વ્યવહાર ચાલે તો જગતની વ્યવસ્થાનો વિનાશ સર્જાય. અને એથી જ કરીને જિનવલ્લભસૂરિએ પૌષધવિધિ પ્રકરણમાં કહ્યું છે કે :—"**जइ तंमि दिणे चउद्दसी तो पक्खिअं चाउम्मासिअं वा अह न तो देवसिअं च**" ઇત્યાદિ એટલે કે 'જો તે દિવસ ચૌદશ હોય તો પાક્ષિક અથવા ચૌમાસી પ્રતિક્રમણ કરવું, ન હોય તો દૈવસીક પ્રતિક્રમણ કરવું.'

અર્થાત્ જો ચૌદશનો ક્ષય હોય અને તે દિવસે—તેરસના દિવસે પક્ખિની ચૌદશ કે ચોમાસીની ચૌદશ હોય તો પાક્ષિક કે ચોમાસી પડિક્કમણું કરે. અને ન હોય તો દૈવસિક પ્રતિક્રમણ કરે.

વળી વિધિપ્રપા ગ્રંથની અંદર જે 'ચૌમાસી ચૌદશનો ક્ષય હોય ત્યારે પૂનમ ગ્રહણ' કરવાનું જણાવેલ છે ત્યારે આજના ખરતરોતો બારે મહિનાની ચૌદશના ક્ષયે પૂનમ—અમાવાસ્યા ગ્રહણ કરે છે. એ મોટું આશ્ચર્ય છે. તેથી કરીને ક્ષીણતિથિના સંબંધીનું લક્ષ્ય એટલે પર્વકૃત્ય સંબંધીનું લેણું તેની પછીની તિથિથી પ્રાપ્ત થતું નથી. ॥ ગાથાર્થ—૨૧૩ ॥

હવે પારકાના આશયનું કુત્સિતપણું—નીંદનીયપણું ઊભું કરીને તેનો તિરસ્કાર કરે છે.

**वुड्ढीए पुण पढमा, पुण्णा हाणीइं मूलओ गलिआ।**
**इअ वयणं दुव्वयणं, सोअव्वं नेव निउणेहिं॥२१४॥**

જયારે તિથિની વૃદ્ધિ હોય ત્યારે તો પહેલી તિથિ જે પૂર્ણ છે તેને ગ્રહણ કરવી. અને તિથિની હાનિમાં તિથિ મૂળથી પણ ગળી ગયેલી છે.—નષ્ટ થઈ છે. એવું જે દુર્વચન એટલે મૃષાભાષણ તે બુદ્ધિમાનોએ સાંભળવા જેવું નથી. પરંતુ ફેંકી દેવા જેવું છે. ॥ ગાથાર્થ—૨૧૪ ॥

હવે નહિ સાંભળવામાં કારણ જણાવે છે.

**जम्हा तीएऽवयवो, पहाणुदयसंजुओ अ बीअदिणे।**
**हीणा पुण पुव्वदिणे, पुण्णा पण्णेहिं दिट्ठत्ति॥२१५॥**

જે કારણથી તે જ તિથિ એટલે કે વૃદ્ધિતિથિ, તે વૃદ્ધિતિથિનો પ્રધાન ઉદય સહિતનો અવયવ, બીજે દિવસે હોય છે અને ક્ષીણ તિથિ પણ તેની આગલના દિવસે પૂર્ણ હોય છે. ખરેખર હીનપણું એટલે શું ? હીનપણું એટલે 'તિથિનો નાશ' એમ નહિ સમજવું; પરંતુ જ્યારે તેરસ બે ઘડી માત્ર હોય અને ચૌદશ–૫૪ ઘડી માત્ર હોય ત્યારે તે ચૌદશનું હીનપણું--ક્ષય સ્વીકારાય છે. કારણ કે રવીવાર આદિ જે વાર છે એટલે કે ૬૦–ઘડી–૨૪–કલાક પ્રમાણનો છે અને તેથી કરીને તે રવિવારની પૂર્તિનો તે વાર સુધી ૧૪ તિથિનો પહોંચવાનો અભાવ હોવાથી ચૌદશનું હીણપણું સ્વીકારાય છે. અને એ પ્રમાણે તાત્ત્વિક વાત જ્યોતિષ શાસ્ત્રમાં નિપુણ એવા પંડિતોએ જોયેલી છે. ॥ ગાથાર્થ–૨૧૫ ॥

હવે તિથિના ક્ષયમાં ખરતરોનું અર્ધજરતીયપણું જણાવે છે.

**अट्ठमिपडणे सत्तमि, चउद्दसि पडणे अ पुण्णिमा पमुहा।**
**इअ अद्धजरइकुक्कुरि कीडइ जिणदत्तनिलयंमि॥२१६॥**

આઠમનો ક્ષય હોય ત્યારે સાતમ. અને ચૌદશનો ક્ષય હોય ત્યારે પૂનમ અને અમાસ. એટલે અર્ધજરતીય કૂતરી જિનદત્તના ઘરમાં ખેલી રહી છે. આનો સ્પષ્ટ ભાવ એ છે કે જ્યારે આઠમ આદિ તિથિનો ક્ષય હોય ત્યારે આઠમ આદિ સંબંધીનું જે કાર્ય છે તે સાતમ આદિની અંદર 'આઠમ આદિ છે' એ પ્રમાણેની બુદ્ધિથી કરે છે. અને જ્યારે ચૌદશનો ક્ષય હોય એટલે કે ચૌદશ મૂળમાંથી ગયેલી હોય ત્યારે ચૌદશ પર્વતિથિનું આરાધ્યપણું હોવાથી પર્વરૂપ એવી પૂનમમાં ચૌદશનું કૃત્ય કરાય છે. અને અહીં ચોમાસી સિવાયની પૂનમ અને અમાવસ્યા શ્રાવકોને માટે જ પૌષધવ્રતને આશ્રીને આરાધ્યપણે સ્વીકારી છે. કારણ કે—"**चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुण्णं पोसहं सम्मं अणुपालेमाणा विहरंति**" એટલે કે આઠમ–ચૌદશ–પૂનમ–અમાવસ્યા આદિ પર્વતિથિને વિષે સમ્યગ્પ્રકારે પૌષધનું અનુપાલન કરતાં વિચરે છે. એ પ્રમાણેનું પ્રવચનનું વચન હોવાથી.

પરંતુ કોઈપણ ઠેકાણે પૂનમ અને અમાવસ્યા સાધુઓને પણ અમૂક વિધિએ કરીને આરાધન કરવા લાયક છે એવું જણાવેલું નથી. અને તેવી રીતે પાક્ષિકના કૃત્યને અંગીકાર કરીને જેવી રીતે તેરસ સ્વીકારાય છે. તેવી રીતે પૂર્ણિમા આદિ પણ પાક્ષિક કૃત્યને ઉપયોગી કેવી રીતે થાય? અર્થાત્ ન જ થાય. અને ક્ષીણ એવી જે ચૌદશતિથિ, તેરસમાં સંપૂર્ણરીતે રહેલી છે એથી કરીને તેરસ તિથિને વિષે તેરસ અને ચૌદસ બન્ને તિથિનું વિદ્યમાનપણું હોવાથી ચૌદશનું જે કાંઈ કાર્ય છે તે તેરસમાં જ કરવું યુક્ત છે.

આ તિથિક્ષયવૃદ્ધિને વિષે ઘણી યુક્તિઓ છે અને એથી કરીને વિસ્તારના અર્થી એવા આત્માઓએ મારી રચેલા **તત્ત્વતરંગિણી** ગ્રંથથી જાણી લેવી. ॥ ગાથાર્થ–૨૧૬ ॥

હવે સમાપ્તિ એવા ઉદયની પ્રધાનતાનું સમર્થન કરવા માટે દૃષ્ટાંત જણાવે છે.

**आमूला सहगारो, मंजरिपज्ञंतओ महंतोऽवि।**
**न पहाणो किंतंते, फलं पहाणं मणुअजुग्गं॥२१७॥**

મૂલથી માંડીને મંજરી–સુધીનો એવો આંબો મોટો હોય છતાં પણ પ્રધાન નથી; પરંતુ એ માંજરને અંતે મનુષ્યયોગ્ય=ઉપભોગ્ય જે ફલ (કેરી) આવે છે તે જ પ્રધાન છે. એમ જાણવું. મૂળીયાં–ડાળી–પાંદડાં વગેરેથી અખંડ એવા વૃક્ષનો જો કોઈ પ્રધાન અવયવ હોય તો તેનું ફલ છે. તે ફલ સિવાયના વૃક્ષની કોઈ કિંમત નથી. અને ફલને માટે જ એ વૃક્ષના બાકીના અવયવોના રક્ષણ કરવા માટે વાડ આદિનું કરવાપણું હોવાથી. અને એથી કરીને ફૂલેલ ફાલેલો જ આંબો હોય છે તેને વાડ આદિથી રક્ષણ કરવાનો પ્રયત્ન થાય છે, નહિતર થતો નથી. અને ફલની ઉપેક્ષા જેને છે તેઓને વડલા આદિ ઝાડની જેવો જ આંબો છે. ॥ ગાથાર્થ–૨૧૭ ॥

હવે દાર્ષ્ટાંતિક યોજના જણાવવા માટે કહે છે.

**फलसरिसो सो उदओ, जम्मि समप्पइ तिही अ मासो अ।**
**मंजरि 'पज्ञंतसमो, सेसो फलसाहगो समए॥२१८॥**

ફલસદૃશ એવો જે ઉદય, એટલે જે સૂર્યના ઉદયમાં તિથિ સમાપ્તિ થતી હોય તે સૂર્યોદય ફલ સદૃશ છે. અથવા તો જે સૂર્ય સંક્રાન્તિને પામીને મહિનો પૂર્ણ થતો હોય તે સૂર્ય સંક્રાન્તિ ફલ સરખી છે. એવા પ્રકારના ફળદ્રુપ સૂર્યોદયથી યુક્ત એવી તિથિ કે–મહિનો કહેવાને ઇચ્છેલા એવા જે નિયતકાર્ય તેના હેતુભૂત બને છે. અને તે સિવાયનો તિથિ આદિના પૂર્વે જે અવયવ હોય તે મંજરી સુધીનો આંબા જેવો ફલસાધક જાણવો. એટલે વિવક્ષિત ફલસ્વરૂપ એવી ઇષ્ટતિથિ આદિના હેતુ માત્ર જ બાકીનો તિથિ આદિનો અવયવ સ્વસમય અને પરસમયમાં જાણવો. અને આ વાત કહેવાથી તિથિની વૃદ્ધિમાં બીજી તિથિ અને માસવૃદ્ધિમાં બીજો મહિનો વૃક્ષસદૃશ એવા વિવક્ષિત તિથિ આદિનો ફલ સદૃશ માણસોને માટે જાણવો.

બાકી તો વિશિષ્ટ ચેતનાવાળા મનુષ્યો તો એક બાજુએ રહો; પરંતુ આંબો આદિ પ્રશસ્ત વનસ્પતિઓ પણ સૂર્યસંક્રાન્તિ સંબંધીનો પહેલો માસ છોડી દઈને બીજા માસમાં જ પુષ્પ અને ફળ આપે છે!

આવશ્યક નિર્યુક્તિ ૧૨૫૫ ગાથામાં કહ્યું છે કે :–

**जइ फुल्ला कणिआरया, चूअग! अहिमासयंमि घुट्ठंमि।**
**तुह न खमं फुल्लेउं, जइ पच्चंता करिंति डमराइं॥१॥ त्ति**

અધિક મહિનાને વિષે કણેરોને ફૂલ બેઠેલા જોઈને હે આમ્રવૃક્ષ! તારે મહોર લાવવા તે યોગ્ય

નથી. અને જો તું ફૂલ્યો તો જાણી લે જે કે મારી, મરકી, યુદ્ધ, દુકાલ આદિ ઉપદ્રવ થશે, વળી જે વૃદ્ધિને વિષે પહેલા માસને પ્રમાણ કરે છે તે પ્રશસ્ત એવી વનસ્પતિમાં પણ અંતર્ગત થતો નથી. (ગણાતો નથી.) એથી કરીને વનસ્પતિમાંથી નીકળેલો જીવ મનુષ્યપણું પામીને મોક્ષ પણ જાય છે; પરંતુ આ તો પંચેન્દ્રિય મનુષ્ય ખરતર તો નિયમે કરીને અનંત સંસારી જ થાય છે. ।।ગાથાર્થ–૨૧૮।।

હવે લોક વ્યવહારને જણાવે છે.

**जम्हा लब्भा अहिअं, न देइ दित्तोवि दायगो कोऽपि।**
**तत्थवि पुराणरीई, लोअव्ववहारओ णेआ।।२१९।।**

જે કારણથી દેણદાર–દાયક, સમૃદ્ધિવાન હોય તો પણ લેણાથી અધિક નથી આપતો અને કારણીક–ન્યાયાધીશ કે પંચ એ પણ લેણાં કરતાં કાંઈ વધારે અપાવી દે નહિ. તેમાં પણ લોકવ્યવહારથી પુરાણનીતી જાણી લેવી. એટલે કે પૂર્વે જે ક્રમ વડે કરીને દેવા લેવાના વ્યવહારનો ક્રમ હતો તે જ રીતે તે જ ક્રમે–ન્યાયથી અત્યારે પણ વ્યવહાર ચાલે છે. આ સિવાયના જુદી રીતે લોકવ્યવહાર ચાલતો નથી. ।। ગાથાર્થ–૨૧૯ ।। હવે તિથિના વિષયમાં લોકવ્યવહારની પૂર્વરીતિ જણાવે છે.

**पुव्वं रविउदयजुआ, एगा घडिआवि लब्भलाहगरी।**
**अण्णावि तावपेक्खा जुत्ता किं पिहिअ पेडाए?।।२२०।।**

અનાદિ કાલથી માંડીને આજ સુધી સૂર્યોદયથી યુક્ત પર્વની એક ઘડી પણ લભ્ય લાભકારી થાય છે. લભ્યની પ્રાપ્તિકારી થાય છે. તેમાં જે ગ્રહણ કરવા લાયક હોય છે તેને દેનારી થાય છે. અને તે સૂર્યોદય યુક્ત આખી એવી એક ઘડીની તિથિ હોય તેમાં પાક્ષિકનું કાર્ય ઉપવાસ આદિ અને પાક્ષિક તરીકે સંમત એવી જે ચૌદશ એ ગ્રાહ્ય છે. આ ચૌદશ જો એક ઘડીમાત્ર હોય છતાં સમાપ્તિ સૂચક એવા સૂર્યોદયવાલી હોય તો પાક્ષિકકૃત્યરૂપી જે લભ્ય છે તેને દેનારી થાય. અને આ વાત પરદર્શનીઓને પણ અભિમત–સંમત છે.

જેવી રીતે પૂર્વકાલમાં સૂર્યોદય યુક્ત એવી એક ઘડી પ્રમાણની ચૌદશ પાક્ષિકકૃત્યના હેતુરૂપ હતી. તેવી રીતે આજે પણ ચતુર્દશી વૃદ્ધિમાં બીજે દિવસે એકાદ ઘડીવાલી ચૌદશ આજે પણ પાક્ષિકકૃત્યના હેતુરૂપ છે જ. અને એ સિવાયની–૬૦ ઘડી પ્રમાણની પહેલી તિથિ જે છે તે પેક કરેલી પેટી જેવી છે તે શું કામની? અર્થાત્ કાંઈપણ કામની નથી. ।। ગાથાર્થ–૨૨૦ ।। હવે પૂર્વકાલથી જે રીતે પરંપરા ચાલી આવે છે. તેનો લોપ કરવામાં જે ફલ આવે છે તે જણાવે છે.

**लब्भाहियलाहकंखी, अदत्तमवि मुद्दिअंपि मंजूसं।**
**गिण्हंतो सो तेणुव्व, निग्गहं दारुणं लहइ।।२२१।।**

લેણાથી અધિક લાભની આકાંક્ષાવાળો એવો નહિ દીધેલી એવી પેટીને ઉપાડીને જતો છતો ચોરની જેમ દારૂણ નિગ્રહને પામે છે. આનો ભાવ એ છે કે આજે આખો દિવસ ચૌદશ છે (આવતી કાલે તો એકાદ ઘડી છે.) તેથી આ ચૌદશ લેણાં કરતા અધિક ફલ દેનારી થાય. એવા પ્રકારની શિયાળની કદાશાવાળો નિત્યકૃત્યને આશ્રીને અકિંચિત્કર એવી પહેલી ચૌદશને આજ્ઞા આપેલી નહિ હોવા છતાં આશાજ માત્ર ફલ દેનારી એવી સીલ મારેલી પેટીની જેવી પહેલી ચૌદશને ગ્રહણ કરતો છતો ખરતર, ચોરની જેમ દારુણ ફલ ચોરને શૂળીએ ચઢાવવાની જેમ પહેલી તિથિ આરાધન કરનારને અનંત સંસાર પરિભ્રમણનું ફલ મલે છે. ॥ ગાથાર્થ–૨૨૧ ॥ હવે ચાલુ વાત કહે છે.

**तम्हा तिहिव्व मासो, पुव्वो पुव्वुत्तजुत्तिसविओत्ति।**
**सुणिऊण बीअमासो, णेओ णिअणामकज्जकरो॥२२२॥**

જે કારણથી પૂર્વે બધું જણાવાયું છે તે કારણથી વધેલી તિથિમાં જેમ પૂર્વતિથિ તેવી જ રીતે વધેલા મહિનામાં પહેલો મહિનો પોતાના નિયતકાર્ય માટે અયોગ્ય છે. એમ જાણીને બીજી તિથિ અને ભાદરવાદિ માસો, પોતાના પર્યુષણાદિ નિયત કાર્યને માટે યોગ્ય છે. તેવી જ રીતે કાર્તિક મહિના આદિની વૃદ્ધિમાં ચોમાસી પ્રતિક્રમણ આદિ નિયત કાર્યો બીજા માસમાં કરવા યોગ્ય છે એમ સમજવું. ॥ ગાથાર્થ–૨૨૨ ॥ હવે પાછું પણ અયથાસ્થાન ઉત્સૂત્ર જણાવે છે.

**इरिआए पडिक्कमणं, पच्छा सामाइअंमि अजहपयं।**
**भासंतो उम्मत्तो, न मुणइ समयाइपरमत्थं॥२२३॥**

શ્રાવકોને સામાયિકમાં ઇરિયાવહિયાનું પ્રતિક્રમણ ખરતરો પછી કરાવે છે. એટલે કે સામયિક ઉચ્ચર્યા પછી ઇરિયાવાહિયં કરે છે. આ તેમનું દેવતાધિષ્ઠિત આત્માની જેમ સિદ્ધાંત અને પરંપરાને નહિ જાણવાપૂર્વકનું અયથાસ્થાન ઉત્સૂત્ર છે. ॥ ગાથાર્થ–૨૨૩ ॥ હવે સમય આગમ અને પરંપરાનો પરમાર્થ જણાવે છે.

**चित्तविसोहिनिमित्तं, भणिआ इरिआ महानिसीहंमि।**
**न य कत्थवि सामइअं, असुद्धचित्तेण कायव्वं॥२२४॥**

ચિત્તવિશોધીને માટે ઇરિયાવાહિયં પ્રતિક્રમણ કરવાનું કારણ મહાનિશીથમાં કહેલું છે તે આ પ્રમાણે—

**"से भयवं! जहुत्तविणओवहाणेण पंचमंगलमहासुअक्खंधमहिज्जित्ताणं पुव्वाणुपुव्वीए पच्छाणुपुव्वीए अणाणुपुव्वीए सरवंजणमत्तबिंदुपयक्खरविसुद्धं थिरपरिचिअं काऊण महया पबंधेण सुत्तं अत्थं च विण्णाय तओ णं किमहीएज्जा?, गोअमा! इरिआवहिअं, से भयवं! केण अट्ठेणं एवं वुच्चति जहा णं पंचमंगल-**

महासुअक्खंधमहिज्जित्ताणं पुणो इरियावहिअं अहीए?, गोअमा! जे एस आया गमणागमणाइपरिणामपरिणए अणेगजीवपाणभूअसत्ताणं अणोवउत्तपमत्ते संघट्टणअवद्दावणक्लिामणं काऊण अणालोइअअपडिक्कंते चेव असेस कम्मक्खयट्ठयाए किंची चिइवंदणसज्झाणाइएसु अभिरमेज्जा तया से एगग्गचित्ता समाही भवेज्जा न वा, जओ णं गमणागमणाइअणेगअण्णवावारपरिणामासत्तचित्तयाए केइ पाणी तमेव भावंतरमच्छिड्डिअ अट्टदुहट्टज्झवसिए किंचि कालं खणं विरत्तेजा, ताहे तं तस्स फलेण विसंवएज्जा, जया उण कहिंचि अण्णाणमोहमायादोसेण सहसा एगिंदिआणं संघट्टणं परिआवणं वा कयं हवेज्जा तया य पच्छा हा हा हा दुट्ठु कयमम्हेहिंति घणराग-दोसमोहमिच्छत्तण्णाणंधेहिं अदिट्ठपरलोगपच्चवाएहिं कूरकम्मनिग्घिणेहिंति परमसंवेगमावण्णे सुपरिप्फुडं आलोइत्ताणं निंदित्ताणं गरहित्ताणं पायच्छित्तमणुचरित्ताणं निस्सल्ले अणाउलचित्ते असुहकम्मक्खयट्ठा किंचि आयहिअं चिइवंदणाइ अणुट्ठेज्जा तया तयट्ठे चेव उवउत्ते से हवेज्जा, जया तस्स णं परमेगग्गचित्तसमाही हवेज्जा तया चेव सव्वजगजीवपाणभूअसत्ताणं जहिट्ठफलसंपत्ती हवेज्जा, ता गोअमा! अपडिक्कंताए इरिआवहिआए न कप्पइ चेव काउं किंचिवि चिइवंदणसज्झाणाइअं फलासायमभिक्खुगाणं एएणट्ठेणं गोअमा! एवं वुच्चइ–जहा णं गोअमा! ससुत्तोत्थोभयं पंचमंगलं थिरपरिचिअं काऊण तओ इरियाविहिअं अज्झीए, से भयवं कयराए विहीए तमिरि आवहिअमहीए! गोअमा! जहा णं पंचमंगलमहासुअक्खधंति (१६–२०)"

ઉત્તર "હે ભગવન્! યથોક્ત એવા વિનય અને ઉપધાનપૂર્વક પંચમંગલ મહાશ્રુતસ્કંધ ભણ્યા પછી પૂર્વાનુપૂર્વીએ--પશ્ચાનુપૂર્વીએ અને અનાનુપૂર્વીએ સ્વર--વ્યંજન--માત્રા--બિંદુ--પદ અને અક્ષરથી વિશુદ્ધ એવી રીતે મોટા પ્રબંધે કરીને સ્થિર પરિચિત કર્યા બાદ સૂત્ર અને તેના અર્થને જાણ્યા પછી શું ભણવું જોઈએ?"

ઉત્તર :--હે ગૌતમ! ઇરિયાવહિયં ભણવી જોઇએ. પ્રશ્ન--હે ભગવંત! કયા હેતુવડે કરીને આપ આ પ્રમાણે કહો છો કે--'પંચમંગલ મહાશ્રુતસ્કંધ ભણ્યા બાદ ઇરિયાવહિયં ભણવી જોઈએ?"

ઉત્તર :--હે ગૌતમ! જે આત્મા, ગમન–આગમન આદિ પરિણામમાં પરિણત થયો છતો અનુપયોગ અને પ્રમાદના યોગે કરીને અનેક પ્રકારના જીવ--પ્રાણ–ભૂત અને સત્ત્વોનો સંઘટ્ટો કરે અને અપદ્રાવણ કરે, કિલામણા કરે, અને તે કર્યા પછી તેની આલોચના કર્યા સિવાય અથવા તેની શુદ્ધિ કર્યા સિવાય જ જો અશેષ કર્મક્ષયને માટે જે કાંઈ ચૈત્યવંદન–સ્વાધ્યાય આદિ કૃત્યોમાં રમણ કરે. અને એકાગ્ર ચિત્તવાળો થાય. ત્યારે તેને ચિત્તસમાધિ થાય અથવા ન થાય. જેથી કરીને ગમન આગમન આદિ અનેક વ્યાપાર (કાર્યો) પરપરિણામ આસક્ત ચિત્તવડે કરીને કેટલાક પ્રાણીઓ તે જ ભાવાંતરને છોડ્યા સિવાય આર્ત્ત–દુઃખાર્ત્ત અધ્યવસાયવાળા થયા છતા કેટલોક કાળ અથવા ક્ષણ તેથી વિરક્ત થઈ જાય (ચૈત્યવંદનાથી) ત્યારે તેના ફળમાં વિસંવાદી બને.

અને જ્યારે કોઈપણ પ્રકારે કરીને અજ્ઞાન–મોહ–માયા–લોભ કે દ્વેષ આદિ વડે કરીને સહસાત્કારે એકેન્દ્રિય આદિ જીવોનો સંઘટ્ટો કે પરિતાપન આદિ કર્યું હોય–થઈ ગયું હોય. ત્યાર પછી–

'નિબિડ એવા રાગ, દ્વેષ, મોહ, મિથ્યાત્વ, અજ્ઞાનતામાં અંધ એવા અને પરલોકનો

પ્રત્યવાય જેણે જોયો નથી એવા અનેક ક્રૂર કર્મવાળા—નિર્ઘૃણ એવા અમારાવડે કરીને હા હા હા આ દુષ્ટ કાર્ય કરાયું છે.' એ પ્રમાણે પરમ સંવેગને પામે છતે સારી રીતે સ્પષ્ટપણે તે પાપકર્મની આલોચના કરીને, નિંદા કરીને, ગર્હા કરીને, પ્રાયશ્ચિત્ત આચરીને નિઃશલ્ય બનેલો, અનાકુળ ચિત્તવાળો થયો છતો તે આત્મા પોતાના આત્મહિત માટે જે કાંઈ ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનો આચરે અને અનુષ્ઠાનના સૂત્રમાં ઉપયોગવાળો થાય છે. અને જ્યારે એવો થાય છે ત્યારે પરમ ઉત્કૃષ્ટ એવી એકાગ્ર ચિત્તસમાધિને પ્રાપ્ત કરે છે. અને ત્યારે સર્વજગતના જીવ સત્ત્વ—પ્રાણ—ભૂતોના યથેચ્છફલની પ્રાપ્તિને ભજવાવાળો થાય છે. તેથી કરીને ગૌતમ! પહેલા ઇરિયાવહિયં કર્યા સિવાય કોઈપણ ચૈત્યવંદન—સ્વાધ્યાય આદિ કૃત્યના ફલના આસ્વાદની ઇચ્છાવાળા આત્માઓએ કરવું કલ્પતું નથી. એ કારણથી હે ગૌતમ! કહ્યું છે કે સસૂત્ર—સાર્થ અને તદુભય એવું પંચમંગલ મહાશ્રુતસ્કંધ સ્થિર પરિચીત કર્યા બાદ ઇરિયાવહિયં ભણવી જોઈએ.''

''હે ભગવંત! તે ઇરિયાવહિઆસૂત્ર કઈ વિધિએ ભણવું જોઈએ? હે ગૌતમ! જેવી રીતે પંચમંગલ મહાશ્રુતસ્કંધના ઉપધાન જણાવ્યા છે તે રીતે.''

ઉપલક્ષણથી 'ઇર્યાપથ પ્રતિક્રમણ કર્યા સિવાય કાંઈ પણ કરવું ન જોઈએ. કારણ કે 'તેમાં અશુદ્ધતાની આપત્તિ આવતી હોવાથી.' એ પ્રમાણે **दशवैकालिक** હારિભદ્રીયવૃત્તિમાં પણ જણાવ્યું છે. કોઈપણ ઠેકાણે એમ નથી કહેલું કે 'સામાયિક અશુદ્ધ ચિત્તે કરવું.' આ વાતનો ભાવ એ છે કે ઇરિયાવહિયં કરવા પૂર્વકનું બૃહત્ચૈત્યવંદન--મોટા દેવવંદન આદિ ધર્માનુષ્ઠાન મહાનીશિથ સૂત્રમાં કહેલા પ્રયોજન વડે કરીને ઇરિયાવહિયં કરવા દ્વારાએ ચિત્તની વિશુદ્ધિ કર્યા પછી જ કરવું જોઈએ. અને 'સામાયિક અશુદ્ધચિત્તે જ કરવું જોઈએ' એવું કોઈપણ આગમમાં કહ્યું નથી. તેવી રીતની પરંપરાનો પણ અભાવ હોવાથી. અને યુક્તિક્ષમતાનો--પણ અભાવ હોવાથી સામાયિક ઉચ્ચર્યા પછી ઇરિયાવહિયં કેવી રીતે કરાય? ॥ ગાથાર્થ—૨૨૬ ॥ હવે અહીં બીજો શંકા કરે છે કે---

## अहावस्सयचुण्णि--प्पमुहेसु करेमि भंत! इच्चाइ।
## काऊण य सामइअं, पच्छा ईरिअत्ति पयडवयं॥२२५॥

અહિયાં વાદી શંકા કરે છે કે 'હે ભાઈ! આવશ્યકચૂર્ણિમાં એટલે કે આવશ્યકચૂર્ણિ—આવશ્યકવૃત્તિ, પંચાશકવૃત્તિ—યોગશાસ્ત્રવૃત્તિ—નવપદવૃત્તિ, શ્રાવક દિનકૃત્ય વૃત્તિ—શ્રાદ્ધવિધિ આદિ ગ્રંથોને વિષે કરેમિ ભંતે ઇત્યાદિ યાવત્ **''सामाइअं काऊण पच्छा इरियावहिआए पडिक्कमइत्ति''॥**

એટલે કે 'સામાયિક કર્યા પછી ઇરિયાવહિયં પડિક્કમે.' એ પ્રમાણેનું આગમમાં સ્પષ્ટ વચન વિદ્યમાન જ છે. તેમાં આવશ્યકચૂર્ણિમાં પાઠ આ પ્રમાણે છે :—**सामाइअं नाम सावज्जजोगपरिवज्जणं निरवज्जजोगपडिसेवणं च, तं सावएण कयं कायव्वं? सो दुविहो--इड्ढिं पत्तो अणिड्ढिपत्तो अ, जो सो अणिड्ढिंपत्तो सो चेइअघरे साहुसमीवे घरे वा पोसहसालाए वा जत्थ वा वीसमइ अच्छइ वा निव्वावारो**

सव्वत्थ करेइ सव्वं चउठाणेसु निअमा कायव्वं, तं जहा चेइअघरे, साहुमूले, पोसहसालाए, घरे आवस्सयं करेंतोत्ति, तत्थ जइ साहुसगासे करेति तत्थ का विही ?, जइ पारंपरभयं नत्थि, जइवि केणइ समं विवाओ नत्थि, जइ कस्सवी ण धरोति, मा तेण अंछविअंछिअं कड्ढिज्जति, जइ धारणगं दट्ठूण ण गेण्हति मा नासिज्जहित्ति, पढमं जइ अ वावारं ण वावारेति ताहे धरे चेव सामातितं काऊण उवाहणाओ मोत्तूण सचित्तदव्वविरहिओ वच्चति, पंचसमिओ तिगुत्तो इरियाए उवउत्तो जहा साहू, भासाए सावज्जं परिहंतो, एसणाए कट्ठं लेट्ठुं वा पडिलेहित्तु एवं आदाणनिक्खेवणे, खेलसिंधाणे ण विगिंचति, विगिंचतो वा पडिलेहिअ पमज्जिअ थंडिले, जत्थ चिट्ठति तत्थ गुत्तिनिरोहं करोति, एताए विहीए गंता तिविहेण णमिऊण साहूणो पच्छा साहूसक्खिअं सामाइतं करेति 'करेमि भंते!सामाइयं सावज्जं जोगं पच्चक्खामि दुविहं तिविहेण जाव साहू पज्जुवासामि' त्ति काऊण, जइ चेइआइं अत्थि तो पढमं वंदति, साहूणं सगासातो रयहरणं निसिज्जं वा मग्गति, अह घरे तो से उग्गहिअं रयहरणं अत्थि, तस्स असति पोत्तस्स अंतेण, पच्छा इरितावहिआए पडिक्कमइ, पच्छा आलोइत्ता वंदति, आयरि–आदि जहा रायणिआएत्ति, पुण्णोवि गुरुं वंदित्ता पडिलेहित्ता निविट्ठो पुच्छति पढति वा, एवं चेइएवि, असति साहूचेइआणं पोसहसालाए सगिहे वा, एवं सामाइअं आवस्सयं वा करेति, तत्थ नवरि गमणं नत्थि, भणति–जावनिअमं समाणेमि, जो इड्ढिपत्तो सो किर एंतो सव्विड्ढीए एति तो जणस्स अड्ढा होति, आदिता य साहुणो सप्पुरिसपरिग्गहेण, कतसामाइएण य पाएहिं आगंतव्वं, तेण ण करेति, आगतो साहुसगासे करेति, जइ सो सावओ ण कोइ उट्ठेति, अह अहाभद्दुत्ति पूआ कया होहित्ति भणतित्ति ताहे पुव्वरइअं आसणं कीरति, आयरिआ णं उट्ठित्ता अच्छंति, तत्थ उट्ठंतमणुट्ठंते दोसा भाणिअव्वा, पच्छा सो इड्ढिपत्तो सामातितं काऊण पडिक्कंतो वंदित्ता पुच्छति, सो किर सामातितं करेंतो मउडं ण अवणेति, कुंडलाणि णाममुद्दं पुप्फतंबोलपावारगमादि वोसिरति, अण्णे भणंति– मउडंपि अवणेति, एसा विही सामाइयस्सत्ति।।''

આ ચૂર્ણિપાઠનો અર્થ :–''સામાયિક એટલે સાવદ્ય યોગનો પરિહાર અને નિરવદ્યયોગની પ્રતિસેવના. તે શ્રાવકે કેવી રીતના કરવું? સામાયિક કેવી રીતે કરવું? શ્રાવકો બે પ્રકારના છે. એક ઋદ્ધિ પ્રાપ્ત અને બીજો અનઋદ્ધિપ્રાપ્ત (સામાન્ય) છે. જેમા અનઋદ્ધિ પ્રાપ્ત તેમાં જે શ્રાવક છે તે ચૈત્યભુવન–જિનમંદિરમાં–સાધુની પાસે–ઘરમાં અથવા તો પૌષધશાલામાં અથવા તો જયાં ચિત્તની સમાધિ રહે ત્યાં વિશ્રાંતિ પામે અથવા સર્વથા નિર્વ્યાપાર રહિને ચારસ્થાનોને વિષે બધુંજ નિયમે કરવું જોઈએ. (ચૈત્ય–સાધુ પાસે–પૌષધશાલામાં અને ઘરે) આવીને કરે. તેમાં જો સાધુની પાસે કરેતો કઈ વિધિ? જો ''પરંપરાએ ભય ન હોય. અથવા તો કોઈની સાથે વાદ વિવાદ ન હોય અથવા તો કોઈનો દેવાદાર ન હોય કે જેથી કરીને ખેચાખેચ કે ખેંચતાણ કરે અથવા તો દેવાદારના કારણે તેને પકડે. અથવા તો લેણદારને જોઈને નાશવાનું થાય.'' પહેલા તો જો વ્યાપાર આદિ ન હોય તો ઘરે સામાયિક કરીને, લઇને મોજડી આદિનો ત્યાગ કરીને, સચિત્ત દ્રવ્યરહિતનો થયો છતો જાય. પાંચ સમિતિથી સમિત અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત અને ઈરિયાવહિયાથી ઉપયુક્ત. (જેવી રીતે સાધુ) હોય તેવી રીતે. ઈરિયા સમિતિથી યુક્ત થયો છતો. ભાષાએ કરીને સાવદ્ય ભાષાનો પરિત્યાગ કરતો. અને એષણાવડે કરીને-કાષ્ઠ–તણખલું–પથરો–ઢેફું વગેરેની પડિલેહના કરીને લેવા--મૂકવાવાળો હોય. શ્લેષ્મ–બળખાને

જયણાપૂર્વક છોડે. તે પણ ભૂમિપ્રમાર્જન કરીને છોડવાવાળો. અને જ્યાં બેસે ત્યાં ગુપ્તિને નિરોધે. આ વિધિએ જઇને સાધુને ત્રિવિધે નમસ્કાર કરીને પછી સાધુની સાક્ષીએ સામાયિક કરે, અને 'કરેમિ ભંતે! જાવ સાહૂ પજ્જુવાસામિ' એ પ્રમાણે કહીને સામાયિક કરે. પછી જો ચૈત્ય આદિ હોય તો પહેલા વંદન કરે. અને સાધુની પાસેથી રજોહરણ કે નિષદ્યા માંગે. અને જો ઘરે હોય તો ઔપગ્રહીક રજોહરણ અને કદાચ તે ન હોય તો ખેસના છેડાથી પ્રતિલેખના કરે. અને ત્યાર પછી ઇરિયાવહિયં પડિક્કમે અને પછી ગમણાગમણે આલોવીને વંદન કરે. આચાર્યાદિ અને યથારત્નાદિકને પર્યાયક્રમે વંદન કરે. ત્યાર પછી ફરી પણ ગુરુમહારાજને વંદન કરીને પડિલેહણ કરીને બેસે. અને બેઠાં પછી પૂછે. અથવા ભણે. આ પ્રમાણેની વિધિ, ચૈત્યમાં પણ જાણી લેવી. અને જો સાધુ કે ચૈત્ય ન હોય તો પૌષધશાલાએ અથવા પોતાના ઘરમાં સામાયિક અથવા આવશ્યક કરે. પરંતુ તેમાં ગમન નથી. અને બોલે **जाव नियमं समाणेमि।** એ પ્રમાણે.''

''હવે જે ઋદ્ધિ પ્રાપ્ત શ્રાવક છે તે તો આવતો થકો સર્વ ઋદ્ધિસહિત આવે. જેથી કરીને મનુષ્યોને અર્ધ્ય–પૂજ્ય બને, પ્રશંસનીય બને. અને આદિ શબ્દથી સજ્જન માણસોથી પરિવરેલો. એમ સમજી લેવું. અને જો કરેલું છે સામાયિક એવા તેનું આવવું થાય તો પગથી ચાલીને આવવું પડે. માટે (ઋદ્ધિ પ્રાપ્ત શ્રાવક) સામાયિક ઉચ્ચરીને ન આવે. અને આવ્યા પછી સાધુની પાસે સામાયિક કરે. જો કોઈ શ્રાવક ન ઉઠે. અથવા યથાભદ્રક છે એ પ્રમાણે કરીને પૂજા કરેલી હોય તો બોલે. અને ત્યાર પછી પૂર્વરચિત આસને બેસે. આચાર્યો ઉઠેલા હોય. તેમાં ઉઠતા અને નહિ ઉઠતામાં દોષો કહેલા છે. ત્યારપછી તે ઋદ્ધિપ્રાપ્ત શ્રાવક સામાયિક કરીને પ્રતિક્રાંત થયો છતો વંદન કરીને પૂછે. અને તે ઋદ્ધિપ્રાપ્ત શ્રાવક સામાયિક કરતો છતો મુગટને દૂર ન કરે. કુંડલો–નામમુદ્રિકા આદિ અને પુષ્પ, તંબોલ અને પ્રાવારક આદિને વોસિરાવે. ત્યારે બીજા આચાર્યો એમ કહે છે કે મુગટને પણ એક બાજુએ મૂકી દે. આ પ્રમાણે સામાયિકની વિધિ જણાવી છે.'' એ પ્રમાણે આવશ્યકવૃત્તિ આદિમાં પણ જાણી લેવું. ॥ ગાથાર્થ–૨૨૬ ॥ હવે સિદ્ધાંત કહે છે.

**इअ चे धुवंकरूवा, पढमा इरिया विगप्पिअत्ति तुहं।**
**इरिआ जुगंपि जुग्गं, धुवंकचाए पमाणं किं?॥२२६॥**

હવે આ પાઠમાં **'जइ चेइआइं अत्थि तो पढमं वंदति॥'** એટલે જો ચૈત્ય આદિ હોય તો પહેલાં વંદન કરે. એ પદના વાચ્યવડે કરીને જે ઇરિયાવહિયં કહી છે તે ચૈત્યવંદનરૂપ જે ક્રિયાંતર તેની સાથે વ્યવહિત એવી **पच्छा इरियावहिया** પછીથી ઇરિયાવહિયા કહે, તે વાત છે : નહિ કે સામાયિક સંબંધી ઇરિયાવહિયં. પરંતુ 'જ્યાં સુધી જવાનું છે' ત્યાં સુધીનું નહિ કહેલું હોવા વડે કરીને અને ગંતવ્યક્રિયાની નિવૃત્તિમાં કહેલી હોવાથી ગંતવ્યક્રિયાથી પાછા વળવાનું સૂચવનારી એટલે વ્યાવૃત્તિ અર્થની અભિધાયિકા તે ઇરિયાવહિયા છે. નહિ કે મહાનિશીથ સૂત્રમાં કહેલા પ્રયોજનવાલી.

અહીં પ્રશ્ન કરે છે કે 'આવશ્યક સૂત્રવૃત્તિની અંદર **जइ चेआइं अत्थि तो वंदति** ઇત્યાદિ વાક્યથી ત્યાં તમે શું બોલશો?'

એ પ્રમાણે જો પૂછતો હોય તો તારી વાત સત્ય છે કે મુખવસ્ત્રિકા આદિ પડિલેહવાની વિધિ તે સૂત્રમાં કહી નથી. તો પણ પરંપરા આદિથી આવેલી વિધિથી ગ્રહણ કરાય છે, તેવી રીતે ચૂર્ણિ આદિમાં કહેલી ચૈત્યવંદનાદિ જે વિધિ છે તે બાધકનો અભાવ હોવાથી નિશ્ચયે ગ્રહણ કરવા લાયક છે. વળી બીજી વાત–જો સામાયિકને વિષે પછી ઇરિયાવહિયં પડિક્કમવી એ વાત મહાનિશીથમાં કહેલ વાત માન્ય ન હોય તો શ્રી હરિભદ્રસૂરિમહારાજે' 'ઇરિયાવહિયં કર્યા સિવાય સામાયિક સિવાયનું કોઈપણ કાર્ય ન કરવું.' એ પ્રમાણે વિશષે કરીને કહ્યું હોત. નહિતર આવશ્યક સૂત્રની વૃત્તિના કહેલા વચનની સાથે વિરોધ દુર્નિવાર્ય છે. તેવી જ રીતે દેવેન્દ્રસૂરિની સમીપે રહેનારા એવા ધર્મઘોષસૂરિજી સંઘાચારવૃત્તિમાં---

**''श्रुत्वैवमल्पमपि पुष्कलिनोऽनुचीर्ण--**
**मीर्याप्रतिक्रमणतः किल धर्मकृत्यम्;**
**सामायिकादि विदधीत ततः प्रसूतं;**
**तत्पूर्वमत्र च पदावनिमार्जनं त्रिः ॥१॥**

''એ પ્રમાણેનું અલ્પ સાંભલીને પણ પુષ્કલિ શ્રાવકે ઇરિયા પ્રતિક્રમણ પ્રતિક્રમી સામાયિક આદિ ધર્મકૃત્ય આચર્યું અને તેની પૂર્વે અહીંયા પગ મૂકવાની ભૂમિ ત્રણ વખત પૂજી.'' એ પ્રમાણે જે કહ્યું તે કહ્યું ન હોત. કારણ કે એ જ દેવેન્દ્રસૂરિજીએ શ્રાવકદિનકૃત્યની અંદર જે (તમારા કહેવા મુજબ) ''**काऊण य सामइअं ईरिअं पडिक्कमिअ गमणमालोए**'' (અર્થ :--સામાયિક કરીને અને ઇરિયાવહિયં પડિક્કમીને ગમણાગમણે આલોવે.'' ઇત્યાદિ વાતની સાથે વિરોધ થાય. તેવી જ રીતે ચરિતાનુવાદ વડે કરીને ઢઙ્ઢર શ્રાવક વડે કરીને પહેલી ઇરિયાવહિયં પડિક્કમાઈ પણ છે. આવશ્યકચૂર્ણિમાં કહેલું છે કે :–

**जो एतेसिं सावगो भविस्सति तेण उवयारेण अतीहामि, एगपासे अच्छति पलीणो, तत्थ ढड्डरसावओ, सरीरचिन्तं काऊण साहूण पडिस्सयं वच्चति ताहे ढड्डरेण तिन्नी निसीहियाओ कयाओ, एवं सो ईरियादि ढड्डरेण सरेण करेति, सो पुण मेहावी तं उवधारेति, सो तेणेव कमेण अतिगओ, सव्वेसिं साहूणं वंदणं कयं, सो सावओ न वंदिओ, ताहे आयरिएहिं भणिअं नवगसड्ढो सित्ति, पच्छा पुच्छंति'' श्री आवश्यकचूर्णौ ॥**

''જો અહીંયા કોઈ શ્રાવક આવશે તો તેના ઉપચાર વડે કરીને હું જઈશ. એમ વિચારીને એક બાજુએ પ્રલીન થઈને ઊભો. તે વખતે ઢઙ્ઢર શ્રાવક શરીરચિંતાને કરીને સાધુના ઉપાશ્રયે જાય છે. ત્યારે ઢઙ્ઢર શ્રાવકે ત્રણ વખતે નિસીહિ કરી. અને એ પ્રમાણે મોટા સ્વરે ઇરિયાવહિયં પડિક્કમી. તે બુદ્ધિમાન એવા આર્યરક્ષિતે બધી વાત ધ્યાનમાં લઈ લીધી. અને ત્યાર બાદ તે આર્યરક્ષિત તે જ ક્રમે ઉપાશ્રયમાં ગયો. અને બધા સાધુઓને વંદન કર્યું; પરંતુ તે શ્રાવકને ન વાંદ્યા. ત્યારે આચાર્ય

મહારાજે કહ્યું. તમે નવા શ્રાવક છો. પછી પૂછે છે.'' આ પ્રમાણે આર્યરક્ષિત કથાનકમાં કહેલું છે.. તેવી રીતે ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનની અંદર **चउवीसत्थएणं भंते! जीवे किं जणइ? गो० चउवीसत्थएणं दंसणविसोहिं जणइ॥** એ સૂત્રની ટીકાની અંદર સામાયિક લેવાની ઈચ્છાવાળાએ સામાયિક પ્રણેતાઓને સ્તવવા જોઈએ. અને તત્ત્વથી સામાયિકના પ્રણેતાઓ તીર્થંકરો જ છે. તેથી કરીને તે સૂત્રને જણાવે છે.

આ અવસર્પિણીમાં ઉત્પન્ન થયેલા એવા તીર્થંકરોના નામોત્કીર્તન સ્વરૂપ એવા ચતુર્વિંશતિ સ્તવ (લોગસ્સ) વડે કરીને દર્શન કહેતાં સમ્યક્ત્વને ઉપઘાત કરનારા કર્મોનું દૂર થવાવડે કરીને જે નિર્મલપણું થવું તેનું નામ દર્શનવિશુદ્ધિ, તે દર્શન વિશુદ્ધિ થાય છે. અને આ ઉત્તરાધ્યયન સૂત્રની વૃત્તિમાં **सामायिकं च प्रतिपत्तुकामेन** એ પ્રમાણેનું ગ્રંથની સંમતિ કરનારનું જે વચન એ વચનવડે કરીને તીર્થંકર ભગવંતના નામોત્કીર્તનપૂર્વકનું જ સામાયિક કહેલું છે. અને તે સામાયિક, ઈરિયાવહિયં કરવાપૂર્વક જ થાય છે. એ સિવાય થતું નથી. એ પ્રમાણે સૂક્ષ્મબુદ્ધિએ વિચારવું જોઈએ.

વળી બીજી વાત **નવપદ પ્રકરણ** આદિના કર્તાએ પોતે શરુઆતમાં જ ઈરિયાવહિયં પ્રતિક્રમણ કરાવતાં હોવા છતાં પોતાની કૃતિઓને વિષે 'સામાયિકમાં પછી ઈરિયાવહિયં કરવી એમ કેમ બોલે?' શઠ આત્મા પણ પોતાના પગપર કુહાડો મારતો નથી. તેથી કરીને ''પછી ઈરિયાવહિયં''ની વાત મહાનિશીથ સૂત્રમાં કહેલા પ્રયોજનવાલી નથી; પરંતુ ભિન્ન અર્થને જણાવનારી છે. ઈત્યાદિ અનેક યુક્તિઓના વિસ્તારને જાણાવાની ઈચ્છાવાળાઓ મારી કરેલી **'ઈર્યાપથિકી ષટ્ત્રિંશિકા'** જોશે. એ બુદ્ધિથી તે યુક્તિઓ અહીં બતાવતા નથી; પરંતુ કોઈક સ્થૂલ બુદ્ધિવાળાને જાણી શકાય એવું જણાવીએ છીએ. તે આ પ્રમાણે **इति चेत्** એટલે પૂર્વે કહ્યા પ્રમાણે જો છે તો સામયિક પણ શુદ્ધચિત્તથી કરવું જોઈએ. અને તે મનની શુદ્ધિકારી એવી પહેલી ઈરિયાવહિયં કરવી તે ધ્રુવાંકરૂપ છે. અને બીજી **पच्छा इरिया** આદિ લક્ષણવાલી બીજી ઈરિયાવહિયં ભિન્ન અર્થવાલી હોવા છતાં પણ તારાવડે (ખરતરવડે) એક અર્થવાલી તરીકે સ્વીકારાય છે. તે વાસ્તવિક અને આરોપ એવી રીતે તે ઈરિયાવહિયં તારા મતમાં યોગ્ય છે. પણ ધ્રુવાંકરૂપ એવી જે પહેલી ઈરિયાવહિયં પ્રતિક્રાંતિ તેના પરિત્યાગમાં તારી પાસે શું પ્રમાણ છે? અર્થાત્ કોઈપણ પ્રમાણ નથી. અને એથી કરીને ચિત્તવિશુદ્ધિના હેતુરૂપ એવી પહેલી ઈરિયાવહિયંને છોડીને બીજી જે નિષ્પ્રયોજનરૂપ ઈરિયાવહિયા છે તે ઈરિયાવહિયાને પડિક્કમનારા તે ખરતરો મહાઅજ્ઞાનીઓ અને વિપરીત ઉત્સૂત્રભાષીઓ જાણવા. ॥ ગાથાર્થ—૨૨૬ ॥

હવે સ્થૂલયુક્તિએ કરીને તાત્પર્ય જણાવે છે.

**तम्हा पढमा पेढिअकप्पा कप्पद्दुमोवमा इरिया।**
**सा पुण पच्छा इरिया, गमणंनिवित्ती अ पडिक्कमणं॥२२७॥**

જેથી કરીને પૂર્વે કહ્યું છે તે પ્રમાણે પહેલી ઈરિયાવહિયં પૌષધ આદિ અશેષ ધર્માનુષ્ઠાન માટેની સાધારણ પીઠીકારૂપ અને ક્રિયાઓને સાધવા માટે કલ્પવૃક્ષ સમાન છે. 'પચ્છા ઈરીયાવહિયાએ'

પદમાત્રને ગમ્ય એવી જે પછીની ઇરિયાવહિયં છે તે ઇરિયાવહિયંનો અર્થ એ કરવો કે 'જે ગમન થયું છે તેનાથી પાછું ફરવાનું' તે માટેની છે. અર્થાત્ માર્ગ આદિમાં જે ગમનાગમન આદિ ક્રિયા થઈ છે. તેની નિવૃત્તિરૂપ અર્થ જાણવો. તેમાં પણ અધિકારના વશથી ક્યારે ચિત્તવિશુદ્ધિના હેતુરૂપ ઇરિયાવહિયં કરવાપૂર્વક જ માર્ગગંતવ્યની જે ક્રિયા તેની નિવૃત્તિરૂપ સમજી લેવી. અને કોઈક ઠેકાણે ગમનાગમનાદિ પરિણતિ રહિતના તે કરેલા સામાયિકવાળાની ગંતવ્યક્રિયા નિવૃત્તિ માત્ર જ જાણવી. અહીંયા પણ યુક્તિ, 'ઇર્યાપથિકીષટ્ ત્રિંશિકા'થી જાણી લેવી ॥ ગાથાર્થ–૨૨૭ ॥

હવે અપેક્ષાએ કરીને ન્યૂનઅધિકસ્વભાવવાળું છતાં પણ અયથાસ્થાન જે ઉત્સૂત્ર છે તે જણાવે છે..

**जइवि सुपासे तिफणा, नव पासे ऊणमहिअमवि कमसो।**
**तहवि सुपासा पासे, ठवणं अजहापयंपि भवे॥२२८॥**

જો કે 'સુપાર્શ્વનાથ ભગવંતને ત્રણ ફણા જણાવવી' તે ન્યૂન ઉત્સૂત્ર છે. કારણ કે સુપાર્શ્વનાથપ્રભુને પાંચ જ ફણા હોય. અને પાર્શ્વનાથ પ્રભુને 'નવ ફણા' જણાવે છે. તે અધિક ઉત્સૂત્ર છે. કારણ કે પાર્શ્વનાથપ્રભુને સાત જ ફણા કહેલી છે. **વાગ્ભટ્ટાલંકારમાં** કહેલું છે કે 'એક દંડવાળા પર્વતને વિષે એક દંડાવાળા એવા સાત છત્રો થાય છે. તેની ઉપમાએ કરીને પાર્શ્વનાથ પ્રભુના મસ્તક ઉપર સાત ફણાવાળો સર્પ છે.' એ પ્રમાણે કહેલું છે. અને તેથી કરીને સુપાર્શ્વનાથ પ્રભુની ફણામાંથી બે ફણા ઉપાડી લઈને પાર્શ્વનાથના મસ્તકે જોડતાં હોવાથી અયથાસ્થાન થાય છે. અને આ વાત જિનદત્તવડે કરીને જ જેમ દિગંબરોએ પ્રતિમાનું નગ્નત્વ કર્યું તેની જેમ મતભેદ ઊભો કરવા પ્રરૂપેલું છે. અને એથી જ કરીને **સ્વર્ણગિરિને વિષે જૂની પિત્તલમયી એવી પાર્શ્વનાથપ્રભુની પ્રતિમાજી છે. તે મૂર્તિમાં નવી બે ફણા લગાવી દીધેલી છે. સાંપ્રતકાલે પણ દેખાય છે.** આ વાતમાં જેને સંશય હોય તેને ત્યાં જઈને તે પ્રતિમાજી જોઈ લેવી. ॥ ગાથાર્થ–૨૨૮ ॥ હવે ક્રિયા વિષયક ઉત્સૂત્રનો નિગમન–ઉપસંહાર જણાવે છે.

**एवं अजहट्ठाणं, उस्सुत्तं दंसिअं समासेण।**
**एअं सुत्ते किरिआ विसयं तिविहंपि निद्दिट्ठं॥२२९॥**

એ પ્રમાણે ક્રિયા વિષયક અયથાસ્થાન એવું ત્રીજું ઉત્સૂત્ર બતાવ્યું અને આ ક્રિયાવિષયક ઉત્સૂત્ર બતાવે છતે ત્રણે પ્રકારનું એટલે કે અધિક, ન્યૂન, અને અયથાસ્થાનરૂપ ત્રણેય પ્રકારનું પણ ઉત્સૂત્ર બતાવાયું છે. ॥ ગાથાર્થ–૨૨૯ ॥ હવે મૌલિક મૂળભૂત એવો બીજો વિકલ્પ જણાવે છે.

**अह पुण उवएसविसयमुस्सुत्तं बीअमेव दुविगप्पं।**
**उम्मग्ग देसणा मग्गनासणा तंपि दंसेमि॥२३०॥**

હવે ક્રિયા વિષયક ઉત્સૂત્ર જણાવ્યા બાદ જે 'ઉપદેશ વિષયક' બીજું ઉત્સૂત્ર છે તે બે પ્રકારનું છે. ઉન્માર્ગદિશના અને માર્ગનાશઃ તેમાંનું પહેલું ઉપદેશ વિષયક ઉત્સૂત્ર જણાવે છે. ॥ ગાથાર્થ–૨૩૦ ॥ હવે કહેલી વાતને જ પ્રગટ કરે છે.

**अहिअं उवएसंतो, पढमे भंगे अ ऊणमवि बीए।**
**किरिआओऽणंतगुणं, पावयरं वयणविसयं तं॥२३१॥**

પૂર્વે અમે જણાવી ગયા છીએ તે 'છ કલ્યાણક' આદિનું પ્રરૂપણ કરવું તે ઉન્માર્ગ દેશના સ્વરૂપ ઉત્સૂત્રના પહેલાં ભાંગામાં પડે છે. અને સ્ત્રીઓને પૂજા કરવાના નિષેધનું પ્રરૂપણ કરવું આદિ તે બીજા ભાંગમાં પડે છે. અને આ જે ઉપદેશ વિષયક ઉત્સૂત્ર છે. તે ઉત્સૂત્ર ક્રિયા વિષયક ઉત્સૂત્ર કરતાં અનંત ગુણું છે. એટલે કે અનંત પાપના હેતુ રૂપ હોવાથી. બધા જ દોષોને વિષે ભાષા દોષ વ્યાપક છે.

યોગશાસ્ત્રની વૃત્તિમાં કહેલું છે કે 'એક બાજુ (છાબડામાં) બોલવું એ રૂપી જે પાપ છે તે અને બીજી બાજું બધા જ પાપ, બીજા છાબડામાં નાંખો તો પહેલાં છાબડાંનું પાપ વધી જાય.' અને એથી જ કરીને આ વચનવિષયક ઉપદેશઉત્સૂત્ર વચન બોલવું તે અતિપાપરૂપ છે. કારણ કે તેવા આત્માને ઉત્કૃષ્ટ કાલ ગયા બાદ સમ્યક્ત્વની પ્રાપ્તિનો સંભવ થાય છે. આવશ્યક સૂત્રને વિષે કહેલું છે કે—

**कालमणंतं च सुए, अद्धापरिअट्टओ अ देसूणो।**
**आसायणबहुलाणं, उक्कोसं अंतरं होइ॥१॥**

આશાતના બહુલ એવા આત્માઓને આગમને વિષે ઉત્કૃષ્ટથી અનંતો કાલ જણાવેલો છે. એટલે કે દેશે ઉણો એવો અર્ધપુદ્ગલ પરાવર્તનનો કાલ જાણવોઃ-આ ગાથાની અંદર જે આશાતના બહુલ શબ્દ છે તેનાથી ઉન્માર્ગ પ્રરૂપક અને માર્ગનાશક ગ્રહણ કરવાનો છે. કારણ કે તેનું જ તીર્થના ઉચ્છેદનું જે પાપ તેનાથી લેપાયા પણું હોવા વડે કરીને આશાતનાબહુલપણું જાણવું. ॥ ગાથાર્થ–૨૩૧ ॥ હવે પ્રકારાન્તરે કરીને ઉન્માર્ગપ્રરૂપણા આદિ જણાવે છે.

**अथवा थीणं जिणवर--पूआपडिसेहगं अतित्थंपि।**
**तित्थंति अ भासंतो, भासंतो उम्मग्गपरूवगो पावो॥२३२॥**

અથવા તો સ્ત્રીઓને જિનેશ્વરભગવંતની પૂજાનો પ્રતિષેધક અતીર્થ હોવા છતાં પણ 'હું તીર્થ છું' એ પ્રમાણે બોલતો પાપાત્મા, તીર્થબાહ્ય–ઉન્માર્ગપ્રરૂપક જાણવો. ॥ ગાથાર્થ–૨૩૩ ॥ હવે તીર્થ સ્વરૂપને ઉદ્ભવાવીને તે તીર્થસ્વરૂપને લોપનારો માર્ગનાશક થાય છે તે જણાવે છે.

**तित्थं पुण अच्छिन्नं, थीजिणपूआ–परूवगं भरहे।**
**तंपि न तित्थंति वयं, भासंतो मग्गनासयरो॥२३३॥**

સતત પ્રવૃત્તિ વાલું એવું અને દુસ્પ્રસહાચાર્ય સુધી અવિચ્છિન્નપણે રહેવાવાળું એવું તીર્થ, આ ભરત ક્ષેત્રને વિષે વર્તે છે. અને તે તીર્થ, સ્ત્રીજિનપૂજા પ્રરૂપક જ છે. એવા તીર્થને અતીર્થરૂપી બોલતો એવો ખરતર, માર્ગનાશક છે. જો કે બૌદ્ધ આદિ અને લૌકિક મિથ્યાદષ્ટિઓ આદિ પણ ઉન્માર્ગને કહેનારા છે. પરંતુ ઉપચારાદિથી સાધ્ય એવા વચ્છનાગ વિષની જેવા આભિગ્રહીક મિથ્યાત્વને ભજનારા છે; પરંતુ જે ઉત્સૂત્ર ભાષીઓ છે તે તો એવા અભિનિવેશ મિથ્યાત્વને પામેલા છે કે સેંકડો ઉપચારો કરવા છતાં પણ અસાધ્ય એવા તાલપુટ ઝેર જેવા આભિનિવેશિક મિથ્યાત્વી છે. અને તે ઉત્સૂત્ર--ભાષીઓ, પદ—માત્ર આદિની અશ્રદ્ધા રાખવા છતાં બાકીના બધાં જૈન પ્રવચની શ્રદ્ધાવાળા હોય. આગમમાં કહેલું છે કે :—

**"पयमक्खरं च एक्कंपि जो न रोएइ सुत्तनिद्दिट्ठं।**
**सेसं रोअंतो वि हु, मिच्छादिट्ठी जमालि व्व॥१॥**

સૂત્રમાં બતાવેલા એક પદ કે એક અક્ષરની રુચિ ન કરતો હોય તો એટલે કે--એક પદ કે એક અક્ષરમાં અશ્રદ્ધા હોય અને બાકીના બધાની શ્રદ્ધા રાખતો હોય તો પણ તે જમાલિની જેમ મિથ્યાદષ્ટિ જાણવો, અને આ મિથ્યાદષ્ટિપણું નિયમે કરીને અનંત સંસારના હેતુરૂપ થાય છે જ." કહ્યું છે કે :—ઉત્સૂત્ર ભાષક આત્માઓને બોધિનો--સમ્યકત્વનો નાશ થાય છે. અને અનંત સંસાર થાય છે. અને આ ઉત્સૂત્ર ભાષકોને બોધિદુર્લભપણું તો અરિહંત આદિના અવર્ણવાદથી—નિંદાથી સ્પષ્ટ જ છે. **સ્થાનાંગ સૂત્ર** નામના આગમમાં જણાવેલું છે કે :—

**"पंचहिं ठाणेहिं जीवा दुल्लहबोहित्ताए कम्मं पकरेंति तं० अरहंताणं अवण्णं वदमाणे—१, अरहंत पण्णत्तस्स धम्मस्स अ०२, आयरिअ उवज्झायाणं अ०३, चाउव्वण्णस्स संघस्स अ०४ विविक्कतववंभचेराणं देवाणं अ०५"** "પાંચ કારણોવડે કરીને જીવ, દુર્લભબોધિપણાનું ઉપાર્જન કરે ૧.--અરિહંત ભગવંતનો અવર્ણવાદ બોલતા, ૨. અરિહંત ભગવંતોએ પ્રરૂપેલા ધર્મનો અવર્ણવાદ બોલતાં ૩. આચાર્ય ભગવંત અને ઉપાધ્યાયજી મહારાજનો અવર્ણવાદ બોલતાં, ૪. ચતુર્વિધ સંઘનો અવર્ણવાદ બોલતા, અને ૫. ઉત્કૃષ્ટ એવા તપ અને બ્રહ્મચર્યના પ્રતાપે થયેલા દેવોનો અવર્ણવાદ બોલતા." અને ઉત્સૂત્રભાષીઓનું અવર્ણવાદીપણું તો તીર્થ વિદ્યમાન હોવા છતાં પણ તેને 'અતીર્થ' તરીકે બોલતો હોવાથી સ્પષ્ટ જ છે. અને પોતાની મતિથી વિકલ્પિત એવાં અતીર્થસ્વરૂપ માર્ગને પ્રરૂપનાર શ્રી ઋષભદેવ આદિ ભગવંતો જ છે. એ પ્રમાણેનું તીર્થંકરો વિષેનું ખોટું કલંકદાન દેવાથી પણ મોટું પાપ છે એમ જાણવું.

વાદી શંકા કરે છે કે 'આ પ્રમાણે તીર્થંકર આદિઓનો કેવી રીતે અવર્ણવાદ થાય? એ પ્રમાણે પૂછતો હોય તો સાંભળ. શ્રી મહાવીરદેવ વડે કરીને પ્રવર્તાવાયેલું એવું જે દુષ્પ્રસહાચાર્ય સુધી અવિચ્છિન્ન ચાલનારૂં અને ત્રણે જગતને પૂજ્ય તથા તીર્થંકરોને પણ નમસ્કરણીય એવા આ વિદ્યમાન તીર્થને અવહેલીને પ્રતિસમયે અવર્ણવાદી થયો છતો તીર્થંકરોનો પણ અવર્ણવાદી જ થાય છે. કારણ કે જે આરાધ્યપદાર્થ છે તેનો અવર્ણવાદ બોલનારો એ આરાધ્યપદના સ્થાપક કે પ્રરૂપક એવા તીર્થંકરનો અવર્ણવાદી થાય જ છે. અને એવી રીતના તીર્થંકરોનો અને આરાધ્યપદનો અવર્ણવાદી થયો છતો

જીવ, શ્રુત અને ચારિત્રધર્મનો પણ અવર્ણવાદી થાય છે તે સ્પષ્ટ જ છે.

તેમજ તે તીર્થની અંદર રહેલાં આચાર્ય–ઉપાધ્યાય–સાધુ આદિનો પણ તેવી જ રીતે અવર્ણવાદી થાય. વગેરે વાતો પોતાની બુદ્ધિ વડે કરીને જ ધીધનોને–પંડિતોને પ્રતીત જ છે. ॥ ગાથાર્થ–૨૩૩ ॥

હવે લૌકિક મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ કરીને ઉન્માર્ગ આદિનો ઉપદેશક એવો લોકોત્તર મિથ્યાદૃષ્ટિ કેવો હોય? તે જણાવે છે.

**लोइअमिच्छत्ताओ--ऽणंतगुणं मग्गनासणाइवयं।**
**पावं तित्थच्चाए, तुल्लेविअ तावया अहिअं।।२३४।।**

લૌકિક મિથ્યાત્વની ઉન્માર્ગદેશનાદિ વચન એટલે કે ઉન્માર્ગ પ્રરૂપવાથી અને માર્ગનાશન આદિનું જે વચન, તે મિથ્યાત્વબંધને આશ્રીને અનંતગણું પાપનું નિમિત્ત જાણવું. તેમાં હેતુ જણાવે છે. તીર્થના ત્યાગમાં બન્નેનું તુલ્યપણું હોવા છતાં પણ ઉન્માર્ગ દેશના આદિવડે કરીને અધિક છે. આ પ્રમાણે અક્ષરાર્થ જાણવો. ભાવાર્થ આ પ્રમાણે છે :–

વાદી પ્રશ્ન કરે છે કે'લૌકિક મિથ્યાદૃષ્ટિ જે છે તે તો મૂળથી જ જૈન માર્ગને સ્વીકારતો નથી. જ્યારે લોકોત્તર મિથ્યાદૃષ્ટિ જે આત્મા છે તે તો જિનોક્ત એવા માર્ગનો ઘણો સ્વીકાર કરીને થોડાક જ માર્ગનો અપલાપ કરે છે. તો પછી લૌકિક મિથ્યાત્વની અપેક્ષાએ કરીને લોકોત્તર મિથ્યાત્વ અનંત ગણું કેવી રીતે?' એ પ્રમાણે પૂર્વપક્ષ નજર સામે આવે છતે તેનો જવાબ જણાવે છે કે તમોએ જે કહ્યું કે 'જિનેશ્વર ભગવંતે કહેલો ઘણો માર્ગ સ્વીકારે છે.' તે વાત મૃષાભાષણરૂપ જ છે. કારણ કે ''જિનેશ્વર ભગવંતે કહેલો માર્ગ તે તીર્થ છે.'' **અને તે તીર્થ, ઉત્સૂત્રભાષીઓએ મૂળથી જ છોડી દીધેલ છે.** અને તે તીર્થના ત્યાગમાં અંશથી પણ જિનોક્ત માર્ગનો સ્વીકાર નહિ હોવા છતાં 'જિનોક્ત માર્ગનો ઘણો સ્વીકાર છે'' એવું બોલવું તે વચન કેવી રીતે સત્ય થાય? અને એથી કરીને તે વાત જ ખોટી છે. તેમ જ જેવી રીતે બૌદ્ધ આદિ વડે કરીને જૈન પ્રવચન છોડી દેવાયું છે તે પ્રમાણે ઉત્સૂત્ર ભાષી વડે પણ છોડી દેવાયું છે. એ પ્રમાણે જૈન પ્રવચનના ત્યાગમાં બૌદ્ધ અને ઉત્સૂત્રભાષી એ બન્નેનું તુલ્યપણું હોવા છતાં પણ બૌદ્ધ આદિને પૂછવા છતાં તેઓ જૈન માર્ગને 'જૈન માર્ગ' તરીકે જ બોલે છે. જેમ કે ''આ જૈનો અમારાથી જુદા છે'' એ પ્રમાણે સ્પષ્ટ બોલે છે. ત્યારે આ કુપાક્ષિક પાપાત્મા તો તેને પૂછવામાં આવે છે ત્યારે 'આ જૈનો નથી. અમે જ જૈનો છીએ.' એ પ્રમાણે બોલીને જૈનમાર્ગને અજૈનીમાર્ગ તરીકે ખપાવે છે. અને જૈન માર્ગથી પોતે જુદા હોવા છતાં પણ પોતાને જૈન તરીકે ખપાવે છે! તેવા પ્રકારના માર્ગનાશ આદિ અનેક જુઠા વચનો વડે કરીને બૌદ્ધ–સાંખ્ય આદિ કરતાં પણ અનંત ગુણાકારવાળા ખરતરાદિ, ઉત્સૂત્રીઓ જાણવા. બૌદ્ધ આદિ, લૌકિક કરતાં પણ જૈનમાર્ગનો દ્વેષી અધિક હોવા છતાં અને તીર્થ બહિર્ભૂત થયેલા એટલે તીર્થ બાહ્ય થયેલા અને તીર્થ દ્વેષી એવા આત્માઓ પણ જિનોક્ત માર્ગનો ઘણો અંગીકાર કરે છે તો પછી કોનામાં અલ્પ અંગીકારપણું છે? એમ પોતાની

બુદ્ધિએ વિચાર કરીને ફરી વખત જૈનમાર્ગને અંગીકાર કરેલો છે એવું વચન ન બોલવું જોઈએ. ॥ ગાથાર્થ—૨૩૪ ॥ હવે બે ગાથાએ કરીને ઉપસંહાર જણાવે છે.

**जम्हा उ संकिलिट्ठो, ऽभिनिवेसी होइ तित्थपडिकूले।**
**लोओ उ भणइ तित्थं, तित्थं खलु तित्थअणुकूलो॥२३५॥**
**तेणं तब्भवसिद्धी, लब्भइ परतित्थिएसु न वियऽवत्ते।**
**इअ मुणिअ हुंतु भव्वा, भद्दपया तित्थभत्तिवया॥२३६॥**

જેથી કરીને અભિનિવેશી કુપાક્ષિક, સંક્લિષ્ટ પરિણામવાળો અને તીર્થની અહિત પ્રવૃત્તિવાળો પૂર્વે કહેલી યુક્તિઓ વડે થાય છે. અને લૌકિક એટલે કે બૌદ્ધ—સાંખ્ય આદિ તીર્થને જૈન માર્ગને તીર્થ તરીકે જૈન માર્ગ તરીકે સમ્યક્ પ્રકારે બોલતો છતો તીર્થની અનુકૂલ પ્રવૃત્તિવાળો હોય છે. તે કારણ વડે કરીને અન્ય તીર્થકોની વિષે તદ્ભવ સિદ્ધિગામી એટલે કે ચરમશરીરી આત્મા પણ મલી શકે છે. તેથી કરીને એક જ સમયે અન્ય તીર્થિકોને વિષે ઉત્કૃષ્ટથી ૧૦—આત્માઓ સિદ્ધિપદને પામે છે. કહેલું છે કે :—

**'सिज्झइ गिहिअन्नसलिंग चउदसट्ठाहिअसयं च॥'**

એટલે કે ગૃહસ્થલિંગે—૪ સિદ્ધ, અન્યલિંગે—૧૦ સિદ્ધ અને સ્વલિંગે ઉત્કૃષ્ટથી-૧૦૮ સિદ્ધિપદને પામે છે. અને અવ્યક્તમાં—કુપાક્ષિક વર્ગમાં ચરમ શરીરી ન હોય. એનો ભાવ એ છે કે ખરેખર અન્ય—તીર્થિક જૈનમાર્ગની શ્રદ્ધાને ભજતો થકો તદ્ભવે સિદ્ધિ પામવાવાળો થાય છે; પરંતુ તેવા પ્રકારની યોગ્યતાને કારણે કોઈક આત્મા એક—બે ભવે પણ સિદ્ધ થાય. કારણ કે તેને જૈનમાર્ગને 'જૈનમાર્ગ' તરીકે બોલવામાં તેવા પ્રકારનો વચન દોષનો અભાવ હોવાથી. ઉત્સૂત્રમાર્ગમાં પડેલો તો સન્માર્ગનો આશ્રિત હોય તો પણ ચરમ શરીરી થતો નથી. અને તે કુપક્ષની શ્રદ્ધા દ્વારાએ કરીને મર્યો છતો નિશ્ચયે કરીને અનંત સંસારી જ થાય.

કારણ કે તીર્થને 'અતીર્થપણે' અને અતીર્થને 'તીર્થપણે' બોલવાનું તેવા પ્રકારના વચનોનો સદ્ભાવ હોવાથી. આમ તત્ત્વની વાત જાણીને તીર્થને તીર્થ તરીકે બોલવું જોઈએ. અને તે વચન પણ એવી રીતના ભાવવાળું હોવું જોઈએ કે ત્રણે લોકમાં ઉત્તમ તથા સર્વગુણનિધાન એવું આ તીર્થ છે. એવા પ્રકારની ભક્તિયુક્ત વચન જે પ્રાણીનું છે તે પ્રાણીઓ મંગલસ્થાનોવાળા થાય છે.

આ વાતનો ભાવ એ છે કે તીર્થંકર ભગવંતનું સ્થાપિત કરેલું તીર્થ, કાયાએ કરીને એનું આરાધન કરવું તે વાત દૂર રહો. પરંતુ વચન માત્રથી પણ તીર્થના સ્વરૂપને સમ્યક્ પ્રકારે નિરૂપણ કરતો એવો આત્મા, ત્રણે લોકને પૂજ્ય એવી લક્ષ્મીનું સ્થાન થાય છે. અર્થાત્ મોક્ષલક્ષ્મીને પામે છે. ॥ ગાથાર્થ—૨૩૫, ૨૩૬ ॥ હવે ત્રીજા વિશ્રામનો ઉપસંહાર જણાવે છે.

**एवं कुवक्खकोसिअसहस्सकिरणंमि उदयमावण्णे।**
**चक्खुपहावरहिओ, कहिओ तइओ खरयरोऽवि॥२३७॥**

પૂર્વે કહેલા પ્રકારવડે કરીને કુપક્ષરૂપી જે કૌશિકો–ઘૂવડો એના માટે સહસ્રકિરણ એટલે સૂર્ય સમાન અને આ ગ્રંથ ઉદય પામે છતે સ્વકીય લોચન તેનો જે પ્રભાવ એટલે કે નીલ આદિ રંગો ગ્રહણ કરવાની જે શક્તિ તેનાથી રહિત થયેલો એવો આ ખરતર પણ જાણી લેવો.

આનો ભાવ એ છે કે સહસ્રકિરણ કહેતાં સૂર્ય–તે ઉદયને પામે છતે જેમ ઘુવડ પોતાની આંખનાં પ્રભાવથી (જોવાની શક્તિથી) રહિત થાય છે. તેમ આ જગતનો સ્વભાવ છે કે જે તામસકુલવાળા છે તેને સૂર્ય કિરણો અત્યંત શ્યામ તરીકે દેખાય છે. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજીએ જણાવેલું છે કે :–

**"सद्धर્मबीजवपनानघकौशलस्य,**
**यल्लोकबान्धव! तवापि खिलान्यभूवन्;**
**तन्नाद्भुतं खगकुलेष्विह तामसेषु**
**सूर्यांशवो मधुकरीचरणावदाताः॥१॥**

"હે લોક બાંધવ! સદ્ધર્મરૂપી જે બીજ તેને વાવવામાં નિષ્પાપ કૌશલવાળા એવા તમારા બધાય બીજો સ્તંભિત થઈ ગયા છે તેમાં કોઈ આશ્ચર્ય નથી. જે તામસ એવા પક્ષીઓના કુલો છે તેને વિષે સૂર્યના કિરણો ભમરીના પગના સરખા (કાળા ભમ્મર) જણાય છે." તેવી રીતે કુપક્ષકૌશિક સહસ્રકિરણ સંક–નામના ગ્રંથના આ પ્રકરણમાં કુપક્ષોની સામે ઉદ્ભવેલા એવો **ખરતર** નામનો કુપાક્ષિક વિશેષે કરીને કુશ્રદ્ધારૂપી જે કુદૃષ્ટિ તેના પ્રભાવથી રહિત થયો અને તેથી કરીને તેની મતિથી વિકલ્પેલી કુયુક્તિઓ સ્ફુરાયમાન થતી નથી. અથવા તો કુદૃષ્ટિવાળો એવો તે ખરતર આ પ્રકરણને પામીને સુદૃષ્ટિવાળો થયો જાણવો. ॥ ગાથાર્થ–૨૩૭ ॥

હવે આ ખરતર કયા સંવત્સરમાં? અને ક્યાં ગુરુની વિદ્યમાનતામાં જણાવાયો? તે દેખાડવા માટે ગાથા કહે છે.

**नवहत्थरायंकिअसम–महिमंमि चिंत्तसिअपक्खे।**
**गुरुदेवय पुण्णुदए, सिरिहीरविजयसुगुरुवारे॥७४॥**

આ ગાથાને સંવત્સરપક્ષ અને ગુરુપક્ષ આ બન્ને અર્થમાં કહેશે, **સંવત્સર પક્ષમાં કહે છે :**–નવ અને **હસ્ત** શબ્દવડે નવ અને બેની સંખ્યા સમજવી, કાય શબ્દવડે શાસ્ત્રની પરિભાષાએ પૃથ્વીકાયાદિ છકાય સમજવાં. રાય-શબ્દવડે એટલે રાજા, રાજા શબ્દ ચંદ્રને જણાવનારો છે, તે એકની સંખ્યા કહેનાર તરીકે જ્યોતિષીઓ જાણે છે, અને પછી 'અંકોની ગતિ ડાબી બાજુએથી થાય છે' એ વચનો વડે કરીને

જે અંકો થયા તે ૧૬૨૯ સંખ્યાવાલું સંવત્સર તેનો જે મહિમા. એટલે નામગ્રહણ આદિવડે કરીને જેમની પ્રસિદ્ધિ છે એવા પ્રકારના વર્ષમાં એટલે ૧૬૨૯ના ચૈત્ર મહિનાના સુદ પખવાડીયાની અંદર—

કઈ તિથિએ? તો કહે છે કે ગુરુ, સુરગુરુ હોવાથી જે શોભાથી વધી રહેલ છે અને તે ગુરુના સાનિધ્યથી **રવિજયः** = સૂર્યનો જય થાય છે, કારણ કે સૂર્યના શુક્ર અને શનિ **શત્રુ** છે, બુધ **મધ્યસ્થ** છે, અને ચંદ્ર-મંગલ-ગુરુ તેના **મિત્ર** છે, અને તેથી ગુરુના યોગે સૂર્યનો જય થાય છે, અર્થાત્ ગુરુવારે અને ગુરૂદૈવતયોગે એટલે કે પુષ્યનક્ષત્રમાં—

કેવા પ્રકારના યોગમાં? ગુરુપુષ્યના યોગમાં. પૂર્ણાતિથિ એટલે દશમે, ચૈત્રસુદમાં ૫ અને પૂનમે પુષ્યનક્ષત્ર ન આવે; પરંતુ દશમે આવે. તેથી ચૈત્ર સુદ-૧૦ ગુરુવાર પુષ્યનક્ષત્રમાં સુવિહિત અગ્રણી એવા હીરસૂરિ મહારાજનું રાજય પ્રવર્તમાન હોતે છતે, કેવા લક્ષણવાલા?

**હવે ગુરુપક્ષમાં કહે છે,** નવહાથ પ્રમાણ શરીરવાલા એવા પાર્શ્વનાથપ્રભુ, તે પ્રભુવડે અંકિત એવો જે અવિચ્છિન્નકાલ, તે કાલની સરખો મહિમા છે જેમનો અથવા તો નવ હાથની કાયાવાલા પાર્શ્વપ્રભુના રાજયના મહિમા જેવો જેનો મહિમા છે એવા હીરવિજયસૂરિના રાજયમાં =

હવે આ વાતનો ભાવ એ છે કે ઋષભ આદિ ભગવંતોની અપેક્ષાએ હીન = ઊતરતા કાલમાં ઉત્પન્ન થયા હોવા છતાં પણ શ્રીપાર્શ્વનાથપ્રભુ, સર્વજનોને વિષે 'આદેય' નામવાળા હતા, તેવી રીતે ઋષભદેવ આદિ તીર્થંકરો ન્હોતા. એવી રીતે વજ્રસ્વામી આદિની અપેક્ષાએ મહાવીરસ્વામીના જન્મનક્ષત્ર ઉપર સંક્રાન્ત થયેલ ભસ્મરાશિના માહાત્મ્યથી કુનૃપતિ અને કુપાક્ષિકોની બહુલતાવાળા કાળમાં ઉત્પન્ન થયા હોવા છતાં હીરવિજયસૂરિ જેવી રીતે માંહાત્મ્યને ભજવાવાળા હતા, તેવી રીતે વજસ્વામી આદિઓ ન હતા, આ વાત વર્ણનમાત્ર નથી. કિંતુ પારમાર્થિક છે એ બતાવવાને માટે વિશેષણ દ્વારા હેતુ જણાવે છે.

કેવા પ્રકારના હીરવિજય સુગુરુવાર હતા? તો કહે છે કે **चित्रसितपक्षे** ચિત્ર એટલે = આશ્ચર્ય જેમ થાય તેવી રીતના કુપાક્ષિક મુખ્યોએ પણ પોતાના કુપક્ષનો પરિત્યાગ કરવા પૂર્વક **सित** કહેતાં શ્વેત-શુદ્ધ એવો પક્ષ અંગીકાર કર્યો છે જેમના વારામાં-સમયમાં એવા. આનો ભાવ એ છે કે-કુપાક્ષિકોના મુખ્ય અગ્રેસર એવા અને પરિવારથી યુક્ત એવા **લોંકામતી ઋષિ મેઘજી** આદિએ નગરને વિષે શ્રેષ્ઠ એવા અમદાવાદમાં બધા રાજાઓમાં મુખ્ય એવા મુદ્દગલાધિપતિ શ્રી અકબરની સાક્ષીએ મહા-મહોત્સવપૂર્વક પ્રવ્રજયા આદિને સ્વીકારી! તેવી રીતનું કાર્ય પ્રાચીન આચાર્યોના રાજયમાં બન્યું નથી.

જો કે કોઈક કુપાક્ષિક, ક્યારેક પ્રવ્રજયાદિકને સ્વીકારતો જોયો છે અને સાંભળ્યો છે, પરંતુ તેના નાયકો એવી રીતે દીક્ષા લે તે તો હીરસૂરિ મ. ના રાજયમાં જ બન્યું છે, એ આશ્ચર્ય છે. આવું આશ્ચર્ય પણ ક્યાંથી થયું? એના માટે વિશેષણ દ્વારા હેતુ જણાવે છે.

કેવા લક્ષણવાળા શ્રી પૂજયના વારામાં (સમયમાં) તો કહે છે કે **गुरुदैवतपूर्णोदये=गुरु**=મોટું **=दैवत**=ભાગ્ય તે **गुरुदैवत** તે ગુરુદૈવતના=મોટા ભાગ્યના પૂર્ણ ઉદયે. એટલે કે-તીર્થંકરનામકર્મના ઉદયની જેમ પૂર્વજન્મમાં ઉપાર્જિત કરેલી શુભ પ્રકૃતિના વિપાકનો અનુભવ છે જેમાં એવા મોટા ભાગ્યનો પૂર્ણ ઉદય થયે છતે. આ મોટા ભાગ્યનો ઉદય કેવળ ગુરુનો જ નહિં; પરંતુ તેમના

ભક્તજનોને પણ હતો. તે આ પ્રમાણે **गुरुपक्षेः**–ગુરુ મહારાજનો તેવા પ્રકારનો પુણ્યવિપાકનો ઉદય વર્તતો ન હોય તો કુપાક્ષિક અને કુનૃપથી વ્યાકુલ(વ્યાપ્ત) એવા કાલને વિષે પણ શ્રી ખંભાતમાં પ્રભાવના દ્વારાએ કરીને કોટિ સંખ્યાના દ્રવ્યોનો વ્યય સંભવે ખરો? ન જ સંભવે, તેમના ચરણ વિન્યાસે-પગ મૂકવામાં દરેક ડગલે રુપાનાણું અને સોનામહોરો મૂકવાનું અને મોતીના સાથીયા આદિ રચવાવડે કરીને તીર્થંકરની જેમ પૂજાનો ઉદય પણ સંભવે નહિં.

**હવે તેમના ભક્તપક્ષમાં જણાવે છે કે :–**

તેવા પ્રકારના કાલને વિષે પણ વિધાતાએ જ્ઞાન-દર્શન-ચારિત્ર આ ત્રણેનો પિંડ કરીને જાણે એક મૂર્તિ બનાવેલી હોય એવા તે હીરવિજયસૂરિ ગુરુના ભક્ત શ્રાવકોમાં પણ પૂર્વજન્મોપાર્જિત શુભકર્મની પ્રેરણા વડે કરીને તેમજ ભાવિકાલમાં તેવા પ્રકારની ભવિતવ્યતાના વશે કરીને તેવા પ્રકારનો ભક્તિ ઉલ્લાસ સંભવે. **ઉપદેશપદમાં** કહ્યું છે કે :—

**पुण्णेहिं चोइया पुरकडेहिं, सिरिभायणं भविअसत्ता।**
**गुरुमागमेसि भद्दा, देवयमिव पज्जुवासंति॥१॥**

'પૂર્વ પુણ્યોએ કરીને પ્રેરાયેલા ભાગ્યશાળી ભવ્ય સત્ત્વો-ભવ્યજીવો, લક્ષ્મીભાજન થાય છે. અને ભવિષ્યકાલમાં જેમનું કલ્યાણ છે એવા તે પુણ્યવંતો દેવતાની જેમ ગુરુને જેઓ પૂજે છે, તે લક્ષ્મીના ભાજન થાય છે. ॥ ગાથાર્થ-૧૦૦ ॥

હવે આ પ્રકરણના કર્તાના નામથી ગર્ભિત એવી આશીર્વાદ દાયક ગાથા કહે છે.

## इअ सासणउदयगिरिं, जिणभासिअधम्मसायराणुगयं।
## पाविअ पभासयंतो, सहसकिरणो जयउ एसो॥१०१॥

આ પ્રકાર વડે કરીને આ પ્રત્યક્ષ સિદ્ધ એવો સહસ્રકિરણ=સૂર્ય અર્થાત્ **"કુપક્ષ કૌશિક સહસ્રકિરણ"** જય પામો, એ પ્રમાણે આશીર્વાદ જણાવ્યા. આશીર્વાદદાન પણ તેના કૃત્યનું પ્રગટ કરવા પૂર્વક જ હોય છે. એ માટે કહે છે કે શું કરતા જય પામો? પ્રકાશ કરતા જય પામો. અર્થાત્ જીવલોકને પ્રકાશિત કરતા જય પામો! જેવી રીતે સૂર્ય, જીવલોકને પ્રકાશિત કરતો છતો આશીર્વાદનું ભાજન બને છે, તેવી રીતે આ ગ્રંથ પણ પ્રકાશ કરતો છતો આશીર્વાદનું ભાજન બનો. પ્રકાશ પણ શું કરીને કરે છે? એના માટે કહે છે. શાસન = એટલે જૈન તીર્થરૂપ જે ઉદયગિરિ=ઉદયાચલ પર્વત અર્થાત્ નિષેધ પર્વત તેને પામીને એટલે ઉદયગિરિના શિખરને પામીને! જેમ બીજો સૂર્ય પણ નિષધ પર્વતને પામીને પ્રકાશ કરે છે તેમ જૈન તીર્થરૂપ ઉદયગિરિને પામીને આ ગ્રંથ પણ પ્રકાશ કરે છે, બીજી રીતે નહિં

કેવા પ્રકારનો શાસનઉદયગિરિ છે? તો કહે છે કે :—

**જિન ભાષિત ધર્મ સાગરાનુગત**, અર્થાત્ જિનેશ્વર ભગવંત વડે કહેવાયેલો એવો જે દાનાદિ લક્ષણવાળો ધર્મ તે રૂપી જે સમુદ્ર તેને અનુસરીને રહેલો : જેમ નિષધપર્વત, બન્ને બાજુથી સમુદ્રને

અડીને રહેલો છે તેવી રીતે **ધર્મસાગરરૂપી** સમુદ્રને બન્ને બાજુથી સાગર=સમુદ્રને અડીને રહેલો આ શાસન ઉદયગિરિ છે. અથવા તો સમુદ્રની સરખો એવો ''આ કુપક્ષકૌશિક સહસ્રકિરણ'' છે.

જેમ સૂર્ય, સમુદ્રમાં માંડલાં કરે છે તેમજ નિષધપર્વત પર પણ કરે છે. કહેલું છે કે :–'ત્રેસઠ માંડલાં નિષધપર્વત પર અને બે માંડલાં બે જોયણ અંતરીત બાહા ઉપર અને ૧૧૯-માંડલાં લવણ સમુદ્ર ઉપર હોય છે.' (તેમ 'ધર્મ'રૂપ સાગરમાં સહસ્રકિરણ-સૂર્યના માંડલા વધારે છે.) અહિં નિષધની અપેક્ષાએ સૂર્યના માંડલાં સમુદ્રમાં વધારે હોય છે. ''જિનભાષિત ધર્મસાગરાનુગત'' એ વિશેષણ દ્વારાએ આ ગ્રંથની રચના કરનારનું ''**ધર્મસાગર**'' એવું નામ પણ સૂચવ્યું, તેમ જાણી લેવું.

આ પ્રમાણે તપાગચ્છરૂપ આકાશને વિષે સૂર્યસદૃશ શ્રી હીરવિજય સૂરિ શિષ્ય **મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણી વિરચિત-સ્વોપજ્ઞ કુપક્ષકૌશિક સહસ્રકિરણ** નામના અને હીરવિજયસૂરિએ આપેલા **પ્રવચનપરીક્ષા** એ અપર નામવાળા ગ્રંથને વિષે '**ખરતરમત નિરાકરણ**' નામનો ત્રીજો વિશ્રામ પૂર્ણ થયો.

## પ્રવચનપરીક્ષા ગ્રંથાનુવાદ
## પ્રથમ ભાગ સંપૂર્ણ


विजय
प्रशस्ति
काव्यम्